તત્ત્વાર્થદીપનિબન્ધાન્તર્ગત

# શ્રીભાગવતાર્થપ્રકરણ

અનુવાદક : ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી

પ્રકાશક : શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી–કચ્છ

**પ્રકાશક :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર, માંડવી,
જિ. કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫. ફોન : (૦૨૮૩૪) ૨૩૧૪૬૩
Email : gosharad@rediffmail.com
Must Visit : http://www.pushtimarg.net

**અનુવાદક :** ગોલોકવાસી શ્રીનાનુલાલ ગાંધી

**સમ્પાદક :** ગોસ્વામી શરદ્ (માંડવી-કચ્છ)

**ચતુર્થ સંસ્કરણ :** વિ.સં. ૨૦૬૮ પ્રતિ : ૧૦૦૦

**ગ્રન્થપ્રકાશન સહાય : રૂ. ૧૫૦**
રવાનગી-પેકિંગ વગેરે ખર્ચ રૂ. ૧૫ (અનરજિસ્ટર્ડ)

**મુદ્રક :**
પૂર્વીપ્રેસ પ્રા. લી., રાજકોટ.

**પ્રાપ્તિસ્થાન :**
શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, કંસારા બજાર,
માંડવી - કચ્છ, ગુજરાત, ૩૭૦ ૪૬૫.
ફોન : ૦૨૮૩૪ - ૨૩૧૪૬૩
(સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૬)

**(નીચેના સ્થળોપરથી અનુકુળ સમય જાણીને પુસ્તકો જાતે જઈને મેળવવા)**
**રાજકોટ** - પુષ્ટિઅસ્મિતા સંવર્ધન કેંદ્ર, રજપુત પરા, ૯૪૨૭૪૯૫૧૫૯
**જુનાગઢ** - પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, મોટી હવેલી, પંચ હાટડી.
**અમદવાદ** - શ્રીમતી નિકિતાબેન ફોન : ૦૭૯-૨૬૬૨૧૧૧૯.
**હાલોલ** - શ્રીમહેશભાઈ પટેલ, ફોન : ૯૨૨૮૫૫૬૮૬૬
**મુંબઈ**- પુષ્ટિસાહિત્ય વિક્રય કેન્દ્ર, શ્રીવલ્લભસુખધામ, ત્રીજા માળે,
ઠઠાઈ ભાટીયા હોલ, એસ્. વી. રોડ, કાન્દીવલી, વેસ્ટ.

# પ્રકાશકીય

વલ્લભ સમ્પ્રદાયના સંસ્કૃત ગ્રન્થોના ગુજરાતી અનુવાદકોમાં ગો.વા.શ્રીનાનુલાલ ગાંધી અગ્રગણ્ય રહ્યા છે. સંસ્કૃત ભાષાના અપરિચયને કારણે આચાર્યવાણીના અવગાહનથી વિમુખ રહેવા વિવશ બનેલા જિજ્ઞાસુ પુષ્ટિમાર્ગીઓમાટે દુરૂહ બની ગયેલ સમ્પ્રદાયાચાર્યો વિરચિત સંસ્કૃત ગ્રન્થોનો સરળ અને પ્રામાણિક ગુજરાતી અનુવાદ કરી આપીને તેમના પર શ્રીનાનુલાલ ગાંધીએ જે ઉપકાર કર્યો છે તેનાથી પુષ્ટિમાર્ગીઓ કદિ ઉઋણ થઈ નહીં શકે.

ગુજરાતી અનુવાદ ક્ષેત્રે તેમની કૃતિઓમાં શ્રીભાગવત દશમસ્કન્ધ પરના સુબોધિની, ભાગવતાર્થનિબન્ધ, વિદ્વન્મણ્ડન, તત્ત્વાર્થદીપનિબન્ધ ગ્રન્થના સર્વનિર્ણયપ્રકરણાન્તર્ગત ‘સાધનપ્રકરણ’, ષોડશગ્રન્થાન્તર્ગત ‘શ્રીયમુનાષ્ટકમ્’ વગેરે ગ્રન્થોનો અનુવાદ તેમજ શ્રીગોકુલનાથપ્રભુચરણો દ્વારા વિરચિત ષોડશગ્રન્થો પરની ટીકાનો તેમજ સ્વતન્ત્ર સ્તોત્ર ગ્રન્થોનો ગુજરાતી અનુવાદ ‘શ્રીગોકુલેશવાક્સુધા’ મુખ્ય છે.

શ્રીસુબોધિનીના અનુવાદકાર્ય દરમ્યાન તેમાંથી સંકલિત કરેલ સુબોધિનીની સૂક્તિઓને શ્રીનાનુલાલભાઈએ અનુવાદ સહિત ‘સુબોધરત્નાકર’ નામે પ્રકાશિત કરેલ. ગમે તે સમયે, ગમે તે પાનું ખોલી, પૂર્વાપર સન્દર્ભ વિના પણ વાંચતા પરમ આનન્દ આપનારું શ્રીનાનુભાઈનું આ સંકલન છે.

સામ્પ્રદાયિક સંસ્કૃત ટીકાઓના આશયને સમાવીને કરેલ વિવેચન સહિત ભગવદ્ગીતાનુવાદ તેમની એક ઉત્તમ કૃતિ છે.

સામાન્ય વ્યક્તિને સમ્પ્રદાયના પાયાના સિદ્ધાન્તોની સમજ માટે લખેલ ‘પુષ્ટિપાઠાવલી ૧-૨’ તેમજ શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીભાગવતપરની ‘સુબોધિની’ વ્યાખ્યાના નિગૂઢતમ આશયના નિરૂપણ સહિત ભાગવત દશમસ્કન્ધોક્ત ભગવાન્ શ્રીકૃષ્ણના ચરિત્રનું ક્રમબદ્ધ નિરૂપણ કરતું ‘શ્રીકૃષ્ણ ચરિત્ર’ ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રત્યે રુચિ ધરાવનાર સર્વસામાન્ય લોકો માટે અત્યન્ત ઉપકારક ગ્રન્થરત્ન છે.

‘શ્રીભાગવતાર્થપ્રકરણ’નું પ્રથમ સંસ્કરણ ગો.વા.શ્રીનાનુલાલ ગાંધીની હયાતીમાં વિ.સં.૨૦૧૪ માં પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડિઆદ દ્વારા પ્રકાશિત થયેલ

દ્વિતીય સંસ્કરણ શ્રીસોમાલાલ ગાંધી, અમદાવાદ દ્વારા શ્રીવલ્લભપંચશતાબ્દીના ઉપલક્ષ્યમાં વિ.સં. ૨૦૩૪ માં પ્રકાશિત થયેલ.

પ્રસ્તુત ગન્થએ તેનું તૃતીય સંસ્કરણ છે. આ ગ્રન્થના પુનઃપ્રકાશન પ્રસને શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવી-કચ્છ બન્ને પૂર્વપ્રકાશકોનો હૃદયથી આભાર માને છે અને આશા કરે છે કે શ્રીનાનુભાઈ કૃત શ્રીભાગવતાર્થપ્રકરણનો ગુજરાતી અનુવાદ ભાગવતતત્ત્વાર્થના જિજ્ઞાસુઓની તત્ત્વબુભુત્સાને અવશ્ય પરિપૂર્ણ કરશે.

ગ્રન્થોનું પ્રકાશન તેમજ પુનઃપ્રકાશન જેટલુંજ મહત્વનું તેનું શુદ્ધ પ્રકાશિત થવું પણ છે. પ્રસ્તુત ગ્રન્થની મુદ્રણાશુદ્ધિઓને દૂર કરવામાં ગો.ચિ.શ્રીપીયૂષકુમારજી (જુનાગઢ-માંડવી) નું મહત્ત્વપૂર્ણ યોગદાન છે જે આ પ્રસને અવશ્ય સ્મરણીય છે.

પુસ્તકનું મુખપૃષ્ઠ તૈયાર કરી આપનાર શ્રીકિરણ ઠક્કરનો સહયોગ પણ અવિસ્મરણીય છે.

શ્રીવિટ્ઠલેશ જયન્તી
૨૦૬૩

**શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ દ્વારા**
ગોસ્વામી શરદ્ (માંડવી-કચ્છ)

# ઉપોદ્ઘાત ।।

(અનુવાદક ગો.વા. શ્રીનાનુલાલ નારયણદાસ ગાંધી)

**ધર્મઃ પ્રોજ્ઝિતકૈતવોઽત્ર પરમો નિર્મત્સરાણાં સતામ્ ।**
**વેદ્યં વાસ્તવમત્ર વસ્તુ શિવદં તાપત્રયોન્મૂલનમ્ ।।**
**શ્રીમદ્ભાગવતે મહામુનિકૃતે કિં વા પરૈરીશ્વરઃ ।**
**સદ્યો હૃદ્યવરુધ્યતેઽત્ર કૃતિભિઃ શુશ્રૂષુભિસ્ તત્ક્ષણાત્ ।।**
**નિગમકલ્પતરોર્ ગલિતં ફલં શુકમુખાદ્ અમૃતદ્રવસંયુતમ્ ।**
**પિબત ભાગવતં રસમાલયં મુહુરહો રસિકા ભુવિ ભાવુકાઃ ।।**

શ્રીમદ્ભાગવત ભક્તિમાર્ગનો સર્વોત્તમ ગ્રન્થછે. તે 'સાત્ત્વતી શ્રુતિ' એટલે વૈષ્ણવોનો વેદ છે, ભગવાનનું આધિભૌતિક ચરણ છે. બ્રહ્મસમ્મિત એટલે વેદની સમાન અથવા 'બ્રહ્મ' એટલે પરબ્રહ્મ (ભગવાન્)નું સારી રીતે જ્ઞાન જેમાંથી થાય તેવું પુરાણ છે(ભાગ.પુરા.૨।૧।૮). વ્યાસજીએ રચેલી 'સાત્ત્વસંહિતા' એટલે ભગવાને કહેલા સર્વ પદાર્થોનું જ્ઞાન કરાવનાર વેદ છે (ત્યાંજ ૧।૭।૬). વેદ વૃક્ષ છે, ગાયત્રી તેનું બીજ છે અને ભાગવત્ તેનું ફળ છે. તેથી વેદના પૂર્વ અને ઉત્તર કાંડમાં યજ્ઞો અને બ્રહ્મ નું સમ્પૂર્ણ નિરૂપણ હોવા છતાં જેમ ફળ વિનાનું વૃક્ષ વ્યર્થ છે તેમ શ્રીભાગવત્ વિના વેદ વ્યર્થ હોવાથી શ્રીભાગવત્ રચાયેલું છે. સૃષ્ટિ વગેરે ભગવાનની લીલાઓ જાણવાથી ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થાય છે. અને ભગવાન્ સર્વના આત્મા છે એમ જાણવામાં આવે ત્યારે ભગવાન્ ઊપર ઘણો દૃઢ સર્વથી અધિક સ્નેહ ઉત્પન્ન થાય છે. આ બન્ને એટલે ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન અને ભગવાન્ ઊપર ઘણો દૃઢ સર્વથી અધિક સ્નેહ ઉત્પન્ન થાય તેમાટે આ ભાગવત સંહિતા રચેલી છે(ત્યાંજ ૧।૧।૧ સુ.). ભગવાનના માહાત્મ્યનું પ્રતિપાદન કરનાર ભગવાનના ગુણો, કર્મો, શક્તિઓ અને અલૌકિક સામર્થ્ય આ ગ્રન્થમાં દર્શાવેલાં છે(૩।૪।૧૩ સુ.).

વળી શ્રીભાગવત્ સર્વનો ઉદ્ધાર કરનાર પુરાણ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય પુરુષોનો ઉદ્ધાર વેદથી થાય છે અને સ્ત્રીઓ તથા શૂદ્રો નો ઉદ્ધાર ઇતિહાસ (મહાભારત)થી થાય છે. વેદ અને ઇતિહાસ બન્નેનો સાર શ્રીભાગવત્માં હોવાથી તે ચારે વર્ણના પુરુષો તથા સ્ત્રીઓ સર્વનો ઉદ્ધાર કરનારું છે(૧।૩।૪૨ સુ.). વળી તે ભગવદ્રૂપ છે. જેમ ભગવાનનો પોતાના ભક્તોમાં અસાધારણ પ્રભાવ છે, તેવો જ શ્રીભાગવત્નું ચિન્તન કરનારાઓમાં શ્રીભાગવત્નો અસાધારણ પ્રભાવ છે(૧।૨।૩ સુ.). ભગવાનના ચરિત્રરૂપ શ્રીભાગવત્ ચૌદ લોકમાં વ્યાપી રહેલું છે. કારણ કે

ભગવાનનાં ચરિત ભાગવત્નું ગાન કરનાર બ્રહ્મા-સનક વગેરે ઊપરના લોકમાં છે. ધ્રુવ સુધી બૃહસ્પતિ છે. ભૂમિ ઊપર પરાશર છે અને પાતાળમાં સંકર્ષણ જ છે(૩।૮।૮ સુ.). શ્રીભાગવત રચનાર વ્યાસજી વિષ્ણુનો અવતાર છે અને ભાગવતની પ્રવૃત્તિ કરનાર શુકદેવજી વસ્તુતઃ મહાદેવનો અવતાર છે. ભાગવત રચવા વિષ્ણુએ અવતાર લીધો છે અને તેની પ્રવૃત્તિ કરવા મહાદેવે અવતાર લીધો છે(૧।૭।૨૧ સુ.).

વેદો, શ્રીકૃષ્ણના વાક્યો(ભગવદ્ગીતા), વ્યાસના સૂત્રો (બ્રહ્મસૂત્રો, અને તેથી વિરુદ્ધ ન હોય તેવા જૈમિનિના સૂત્રો) અને ૪. વ્યાસની સમાધિભાષા (શ્રીભાગવત્, તેમાં પણ જે પરમત પ્રકારે અથવા લૌકિક પ્રકારે કહેલ હોય તે નહિ, પરન્તુ વ્યાસે સમાધિમાં પોતે અનુભવ કરીને કહેલું હોય તે) એ પ્રમાણચતુષ્ટય છે. અને તેમાં પણ જે કહેલ છે તેમાં સન્દેહ રહે તો તે પાછલા પ્રમાણથી દૂર કરવાનો છે. તેથી શ્રીભાગવત્ સર્વ સન્દેહ દૂર કરાવનારું છે(તત્ત્વદીપનિ. ૧।૭-૮).

બુદ્ધિ વિનાના પુરુષો પણ વેદ સમજે તેવી રીતે વ્યાસે વેદના વિભાગ કર્યા. સ્ત્રીઓ, શૂદ્રો અને સંસ્કાર વિનાના દ્વિજબન્ધુઓથી વેદનું શ્રવણ થઈ શકે નહિ. તેથી તેમનું પણ કલ્યાણ થાય તેમાટે તેમણે કૃપા કરી મહાભારત રચ્યું અને તેમાં વેદમાં જણાવેલ અર્થનું નિરૂપણ કર્યું કે જેથી સ્ત્રીઓ વગેરે પણ વેદમાં કહેલ ધર્મ જાણી શકે. છતાં તેમનું મન પ્રસન્ન થયું નહિં, અને તે શોક કરતા હતા, ત્યારે નારદ આવ્યા અને તેમણે વ્યાસને તેમના મનની અપ્રસન્નતાનું કારણ કહ્યું કે તમે ઘણું કર્યું, પરન્તુ ભગવાનના અમલ યશનું નિરૂપણ કરેલ નથી તેથી સમાધિથી ભગવાનનું ચરિત જાણી તેનું ગાન કરો જેથી સર્વ જીવો બન્ધનથી મુક્ત થાય. પછી વ્યાસજીએ સમાધિ કરી ભગવાનનું ચરિત જાણી આ સાત્ત્વતસંહિતા શ્રીભાગવત રચી અને તેથી આનું શ્રવણ કરવાથી પુરુષને પરમ પુરુષ શ્રીકૃષ્ણમાં શોક, મોહ અને ભય નો નાશ કરનારી ભક્તિ ઉત્પન્ન થાય છે. તેથી આ ઉત્તમ ભક્તિશાસ્ત્ર છે.

શ્રીભાગવત્ ભગવદ્રૂપ છે એમ ઊપર જણાવેલું છે. ભગવાન્ પુરુષ છે અને ''પુરુષ બાર અંગવાળા'' એવી શ્રુતિ છે. જેમ પુરુષ બાર અંગવાળા છે તેમ શ્રીભાગવત્ના પણ બાર સ્કન્ધો છે. ત્રીજા સ્કન્ધથી આરંભી બારમા સ્કન્ધ સુધીના દશ સ્કન્ધોમાં સર્ગ વગેરે ભગવાનની દશ મુખ્ય લીલાઓ અનુક્રમે વર્ણવેલી છે. પહેલા સ્કન્ધમાં અધિકાર અને બીજા સ્કન્ધમાં સાધનો એટલે સર્વ પ્રકારના જ્ઞાન, શ્રવણ વગેરે ભક્તિના અંગો વર્ણવેલા છે. આ અધિકાર અને શ્રવણ વગેરે ભક્તિના અંગો ભગવાનની મુખ્ય લીલા નથી છતાં મુખ્ય લીલામાં ઊપયોગી હોઈ આ શાસ્ત્રમાં તેમનો પણ

સમાવેશ થવો જોઈએ. તેથી શ્રીભાગવત્‌ના બાર સ્કન્ધો છે. દરેક સ્કન્ધ પુરુષનું ક્યું અંગ છે તેમાટે જુઓ ભાગવતાર્થ નિબન્ધની કારિકા ૩ થી ૧૦ નો ભાવાર્થ. તેથી શ્રીભાગવત્ ભગવદ્રૂપ જ છે. તેથી જ બારમા સ્કન્ધમાં પાંચમા પ્રકારના આશ્રય તરીકે તેની ગણના થયેલી છે.

આ કલિકાલમાં ધર્મથી ધરણી ઊપર રહેનારાઓનો ઉદ્ધાર થઈ શકે તેમ નથી. કલિએ ધર્મનો નાશ કરેલ છે. તે કલિને પણ વશ કરનાર પરીક્ષિત મહાપુરુષ હતો, તેનો પણ ઉદ્ધાર ધર્મથી નહિ પણ શ્રીભાગવત્‌થી જ થયો. આ કલિકાલમાં કરવામાં આવતો ધર્મ તથા ભૂમિ ઊપરનાં તીર્થો, દેવો નમાલાં છે. કલિકાલ ઊપર વિજય કરનાર પરીક્ષિતનો ઉદ્ધાર પણ ભગવાનની કથાથી શ્રીભાગવત્‌થી જ થયો, તેથી ભગવાન્ અથવા ભાગવત્ સિવાય બીજું કોઈ તેવાઓને પણ મોક્ષ આપવા આ કાલમાં સમર્થ નથી.

શ્રીભાગવત્‌માં સમાધિભાષા, મતાન્તર અને લૌકિકી ભાષા એવી ત્રણ ભાષાઓ છે. તે ત્રણે ભાષાઓ કેટલે અંશે પ્રમાણ છે અને તે દરેકને કેવી રીતે ઓળખવી તેમાટે જુઓ ભાગવતાર્થ નિબન્ધની કારિકા ૧૦-૧૨. શ્રીભાગવત્‌માં વેદ અને ઈતિહાસ ઉભયનો સાર છે. જે ભાગમાં વેદનો સાર છે તે સમાધિભાષા અને જેમાં ઈતિહાસનો સાર છે તે મતાન્તર છે (૩।૧૪૩ સુ.).

શ્રીભાગવત્‌ની પરમ્પરા એવી છે કે ભગવાને તે બ્રહ્માને કહેલું, બ્રહ્માએ નારદને કહેલું. ભગવાનની ભક્તિ સિવાયના સર્વ સાધનો નિષ્ફલ છે એમ ભગવાને વ્યાસજીને મોહ ઉત્પન્ન કરી જણાવ્યું અને નારદે તેમને ભગવાનના યશનું ગાન કરવા સૂચવ્યું ત્યારે વ્યાસજીએ નારદે કહેલ તે જ વિષય સમાધિથી જાણી શ્રીભાગવત્ રચ્યું અને પોતાના પુત્ર શુકદેવને ભણાવ્યું, શુકદેવે તે પરીક્ષિતને કહ્યું તે સમયે સૂતે ત્યાં રહી તેનું શ્રવણ કરેલું. પછી સૂતે તે શૌનક વગેરેને કહ્યું.

બીજી પરમ્પરા એવી છે કે વાસુદેવના આવેશવાળા સંકર્ષણે સનત્કુમારને ભાગવત્ કહ્યું. સનત્કુમારે સાંખ્યાયનને, સાંખ્યાયને પરાશરને અને પરાશરે મૈત્રેયને કહેલું. ભગવાને ઉદ્ધવને એકાદશ સ્કન્ધમાં જણાવેલ જ્ઞાન આપ્યું ત્યારે મૈત્રેય પણ ત્યાં ભગવાનની ઈચ્છાથી આવેલ (૩।૪।૯) અને તેણે પણ તે શ્રવણ કરેલ. વળી ભગવાને મૈત્રેયને આજ્ઞા કરેલી કે તમારે વિદુરને ઉપદેશ કરવો. આ બીજી પરમ્પરામાં બ્રહ્મા આવતા નથી તેથી આ ભાગવત્ નથી એમ ન માનવું, કારણ કે ભગવાને કહેલું પુરાણ તે ભાગવત્. ગીતા વગેરે ભગવાને કહ્યાં તે ભાગવત્ જ છે, પણ તે પુરાણ નથી. ભગવાન્ સિવાય બીજા કોઈના મુખથી શ્રીભાગવત્‌ની ઉત્પત્તિ થઈ શકે નહિ કારણ કે

બીજા કોઈને ભગવાનની લીલાનું જ્ઞાન હોતું નથી.

વ્યાસજીએ શ્રીભાગવત્ રચી શુકને તે ભણાવ્યું. શુકદેવે તે પરીક્ષિતને સંભળાવ્યું ત્યારે ત્યાં સભામાં રહેલ સૂતે તે સાંભળેલું અને પછી સૂતે તે શૌનક વગેરેને કહ્યું. તેથી શ્રીભાગવત્ રચાયા પછી જ શુકે અને સૂતે તે પરીક્ષિત તથા શૌનક વગેરેને શ્રવણ કરાવેલ હોવું જોઈએ, છતાં શ્રીભાગવત્ના આરંભમાં જ સૂત શૌનકને તે કહેવા માંડે છે અને બીજા સ્કન્ધમાં શુક પરીક્ષિતને કહેવાનો આરંભ કરે છે એ બની કેમ શકે ? તેથી શ્રીભાગવત્ની સંગતિ બરાબર નથી એમ ઊપર–ઊપરથી જણાય. તેથી શ્રીભાગવત્ની સંગતિ કેવી રીતે થાય છે તે આચાર્યશ્રીએ આ ભાગવતાર્થ પ્રકરણમાં દર્શાવેલ છે.

કર્મ અને જ્ઞાન પણ ભગવાનને પ્રસન્ન કરવાનાં સાધન છે પણ તે સાધનોથી ભગવાન્ ઉદાસીન રહી પ્રકટ થતા હોવાથી મુખ્ય ફલ આપતાં નથી. પરન્તુ ભક્તિથી તો ભગવાન્ ઘણા પ્રેમથી પ્રકટ થાય છે અને પોતાના આત્માનું પણ દાન કરે છે. તરસ લાગે ત્યારે કૂવો ખોદી જલ કાઢી તે પીવા જેવું સાધન કર્મ છે. તરસ સહન કરવા જેવું સાધન જ્ઞાન છે અને ગંગાના કાંઠે વાસ કરવા જેવું સાધન ભક્તિ છે. તેમાં પણ ભગવાન્ ઊપર પ્રેમ રાખવો એ ઉત્તમ સાધન છે. પ્રેમ હોય તો ગંગા પોતે ઉદ્યમ કરી ગંગાજલની ઝારી લાવી પાન કરાવે, તેમ ભગવાન્ ઊપર પ્રેમ હોય તો ભગવાન્ પોતે ઉદ્યમ કરી પ્રેમવાળા ભક્ત પાસે પધારી તેને દર્શન આપી તેનો ઉદ્ધાર કરે છે. ભગવાનનાં દર્શન થતાં ન હોવાથી તેમના ઊપર પ્રેમ થઈ શકે નહિ એવી શંકા પણ ન કરવી. કારણ કે નિષ્કામ રહી પોતાની યોગ્યતા પ્રમાણે ભગવાનની એકધારી–ચાલુ સેવા કરવાથી જ સર્વ ભગવાનનાં દર્શન કરી શકે છે. પ્રેમ જેવું ઉત્તમ સાધન લોકમાં કાંઈ પણ નથી. અને ભગવાનની પ્રાપ્તિ કરવાનું મુખ્ય સાધન તેમના ઊપરનો પ્રેમ જ છે અને ભગવાન્ ઊપર પ્રેમ કરાવનારું મુખ્ય સાધન શ્રીભાગવત્ જ છે. સર્વ શાસ્ત્રોનો નિર્ણય શ્રીભાગવત્માં કરવામાં આવેલ છે. ભગવાનનું સર્વ માહાત્મ્ય જણાવનારું અને તેમના ઊપર પ્રેમ કરાવનારું મુખ્ય સાધન તે જ છે.

૧. શ્રીભાગવત્ના તાત્પર્યનું સારું જ્ઞાન, ૨. ભક્તના મુખથી તેનું શ્રવણ અને ૩. શ્રવણ કરનારનું સંસારમાં વૈરાગ્ય એ ત્રણ શ્રીભાગવત્ શ્રવણના અંગો છે. તેથી પોતાનો અધિકાર જોઈ, શ્રીભાગવત્નો અભિપ્રાય સમજી, ભક્તના મુખથી તેનું શ્રવણ કરવામાં આવે તો એક વાર જ શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણમાં નક્કી પ્રેમ ઉત્પન્ન થાય છે. તેથી શ્રીમદાચાર્યચરણે શ્રીભાગવત્ના વાસ્તવિક અર્થનો વિચાર કરીને તે અર્થનો નિર્ણય કરી, તે અર્થ શ્રીભાગવતાર્થ પ્રકરણમાં દર્શાવેલ

છે. તેથી ભક્તિની ઈચ્છા રાખનારે અવશ્ય શ્રીભાગવતાર્થ પ્રકરણનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું. વળી સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય સામાન્ય રીતે કહેવામાં આવે તો પણ શ્રીભાગવત્નું શ્રવણ કર્યા વિના તે સારી રીતે જાણવામાં આવતો નથી પણ જો માત્ર શ્રીભાગવત્નો જ આશ્રય કરવામાં આવે તો તે ગંગાની પેઠે શુદ્ધિ કરાવે છે, હરિની પેઠે સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત કરાવે છે અને શંકરની પેઠે ભક્તિ પ્રાપ્તિ કરાવે છે(૧૨।૧૩।૧૬). વળી શ્રીભાગવત્ પોતે જ મુક્તિરૂપ ફલ પ્રાપ્ત કરાવે છે, કારણ કે મોક્ષના સર્વ સાધનો આ ગ્રન્થમાં કહેલાં છે. ભગવાનનું નામ વેદના અર્થરૂપ છે અને તેથી સર્વને પવિત્ર કરનારું છે.

આ શ્રીભાગવત્માં કહેલ સમ્પૂર્ણ ભગવાનના ચરિતથી એવો નિર્ણય થાય છે કે ૧. ભગવાનના સમયમાં પાંડવોએ દ્વન્દ્વરહિત થઈ આનન્દ પ્રાપ્ત કરી ભગવાનને પ્રાપ્ત કર્યા અને ૨. ભગવાનના સમય પછી ઉત્પન્ન થયેલા પણ જે જીવો ભગવાન્ શ્રીકૃષ્ણના નામથી પ્રકટ થતા ચરિતનું ભક્તિથી કીર્તન કરે તેઓ પણ તેવી રીતે આનન્દ પ્રાપ્ત કરે છે.

શ્રીભાગવત્ આવી રીતે ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવનારું હોવાથી, શ્રીમદાચાર્યચરણે શ્રીભાગવત્નો નિત્યપાઠ કરવો એવો બોધ કરેલ છે : ''નિયમ કરીને આદરપૂર્વક શ્રીભાગવત્નો પાઠ કરવો. આજીવિકા પ્રાપ્ત કરવામાં મશગુલ થયેલ ચિત્તને ફરીથી ભગવાનનો સમ્બન્ધ કરાવવાનો આ ઊપાય છે. જરા પણ બહિર્મુખપણું થાય ત્યારે શ્રીભાગવત્નું અનુસન્ધાન કરી તેનો પાઠ આદરથી કરવો'' (સર્વનિર્ણયનિ. કા.૨૩૦).

વળી તેઓશ્રી આજ્ઞા કરે છે કે ''સદા સમ્પૂર્ણ રીતે ભગવાનના ગુણોનું કીર્તન અને તેમના નામનો ઉચ્ચાર ભયરહિત અને કોઈપણ પ્રકારની ઈચ્છા વિના સભામાં પણ કર્યા કરવાં. કાંઈ પણ હેતુ વિના અને દમ્ભ વિના પ્રયત્નથી આદરપૂર્વક શ્રીભાગવત્નો પાઠ કરવો એ ઉત્તમ સાધન છે''. કારણ કે ''સર્વસ્વરૂપ ભગવાન્ શ્રીકૃષ્ણમાં સદા સમ્પૂર્ણ પ્રકારે દીનતા રાખવી, અહંકાર ન કરવો, માનની ઈચ્છાનો ત્યાગ કરવો એ સર્વ શ્રીભાગવત્ના કીર્તનથી જ સિદ્ધ થાય છે''(ત્યાંજ ૨૩૯-૪૧).

''કોઈ પણ હેતુ વિના પ્રયત્ન કરીને સદા શ્રીભાગવત્ શાસ્ત્રનો આદરથી પાઠ કરવો. પ્રાણો કણ્ઠે આવી રહ્યા હોય તો પણ આજીવિકામાટે તેનો ઉપયોગ ન જ કરવો. આજીવિકામાટે તેનો ઉપયોગ કર્યા વિના જે પ્રકારે જીવનનો નિર્વાહ થાય તે પ્રકારે કરવો''(ત્યાંજ કા. ૨૫૧-૫૨).

''આજીવિકામાટે શ્રીભાગવત્નો ઉપયોગ કરવાથી, ભગવાનનું નામાત્મક સ્વરૂપ

શ્રીભાગવત્ ભક્તિ અને મુક્તિ રૂપ ઉત્તમ ફલ આપનારું હોવા છતાં, પોતાનો વિક્રય કરનારને તે વિક્રયથી પ્રાપ્ત થતા ફલ(ધન) સિવાય બીજું કાંઈ ફલ આપતું નથી'' (કા.૨૬-૨૭).

શ્રીભાગવત્‌ના શ્રવણના ત્રણ અંગોમાં શ્રીભાગવત્‌ના તાત્પર્યનું જ્ઞાન પણ મુખ્ય અંગ છે. તેથી તેના તાત્પર્યનું જ્ઞાન થાય તેમાટે શ્રીમદાચાર્યચરણે શ્રીભાગવત્‌ના સાત પ્રકારે અર્થ કરેલા છે : ૧. શાસ્ત્રાર્થ, ૨. સ્કન્ધાર્થ, ૩. પ્રકરણાર્થ, ૪. અધ્યાયાર્થ, ૫. વાક્યાર્થ, ૬. પદાર્થ અને ૭. અક્ષરાર્થ. એ સાતેના અર્થ બરાબર જાણવામાં આવે, અને તે અર્થો પૈકી કોઈમાં કાંઈ પણ વિરોધ ન આવે ત્યારે શ્રીભાગવત્‌ના તાત્પર્યનું જ્ઞાન થાય. તેથી પહેલા ચાર પ્રકારના અર્થ આ ગ્રન્થમાં અને બાકીના ત્રણ પ્રકારના અર્થ શ્રીસુબોધિનીમાં આચાર્યશ્રીએ કરેલ છે. આ સાતે પ્રકારના અર્થ બરાબર જાણવામાં આવે ત્યારે આખાએ શ્રીભાગવત્‌માં ''દશ પ્રકારની લીલા કરનાર શ્રીભગવાનનું જ નિરૂપણ છે'' એમ એકજ અર્થ જાણવામાં આવે છે.

ઊપર-ઊપરથી શ્રીભાગવત્ વાંચતા એમ ઘણાને જણાય કે શ્રીભાગવત્‌માં જુદી-જુદી કથાઓ અને જુદા-જુદા પ્રસંગો કહેલા છે અને તે બધામાં સમ્બન્ધ નથી, પરન્તુ ઊપર જણાવ્યા પ્રમાણે સાતે પ્રકારના અર્થ બરાબર જાણવામાં આવે ત્યારે જણાય છે કે શ્રીભાગવત્ આરંભથી અન્ત સુધી એક જ શાસ્ત્ર છે અને તેમાં દશ પ્રકારની લીલા કરનાર ભગવાનની જ કથા છે. આવું જ્ઞાન શ્રીભાગવતાર્થ પ્રકરણથી મુખ્ય પ્રકારે થાય છે.

આ સાત અર્થો પૈકી શાસ્ત્રાર્થ તથા સ્કન્ધાર્થ ઊપર જણાવેલા છે. પ્રકરણના અર્થ અને અધ્યાયના અર્થ આ ગ્રન્થવાંચતા જણાશે. તેનું અહીં નિરૂપણ કરવાથી નિરર્થક લંબાણ થાય તેમ હોવાથી તે કરેલ નથી. બાકીના ત્રણ અર્થો શ્રીસુબોધિની વાંચવાથી જણાશે.

શ્રીમદાચાર્યચરણ થોડા જ શબ્દોમાં પોતાનું વક્તવ્ય જણાવે છે, તેથી તેમના ગ્રન્થો સમજવા કઠણ થઈ પડે છે. પરન્તુ આપણા સદ્‌ભાગ્યે આ ગ્રન્થઊપર તેઓશ્રીએ પોતે જ 'પ્રકાશ' નામની ટીકા કરેલી છે. તેથી આ ગ્રન્થસમજવાનું કાર્ય ઘણું સરળ થાય છે. પણ સ્કન્ધ ચોથાની કારિકા ૩૩ સુધીના ગ્રન્થઊપર જ તેઓશ્રીએ કરેલ પ્રકાશ પ્રાપ્ત થાય છે; છતાં ત્યાર પછીની કારિકાથી સ્કન્ધ પાંચમાની કારિકા ૧૩૫ સુધી શ્રીમદ્વિલેશપ્રભુએ પ્રકાશ રચેલ છે, તેથી ત્યાં સુધીનો ગ્રન્થસમજવાનું સરળ થાય છે. ત્યાર પછીના ગ્રન્થઊપર ગોસ્વામી શ્રીપુરુષોત્તમજી મહારાજ વિરચિત 'યોજના' છે અને તે પણ આ ગ્રન્થસમજવામાં ઉપયોગી થઈ પડે છે. આ ગ્રન્થસંસ્કૃતમાં

પ્રકાશ તથા યોજના સાથે સુરતના ગોસ્વામી શ્રીવ્રજરત્નલાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તેઓશ્રીના શાસ્ત્રી શ્રીચિમનલાલ હરિશંકરે છપાવી પ્રસિદ્ધ કરેલ છે. એટલે આ અનુવાદમાં કારિકાઓની સંખ્યા તેમણે પ્રસિદ્ધ કરેલ ગ્રન્થપ્રમાણે જણાવેલી છે.

પાંચમા સ્કન્ધની કારિકા ૧૩૫ ।। સુધી પ્રકાશ છે. એટલે ત્યાં સુધીના પ્રકાશસહિત ગ્રન્થનો અનુવાદ કરેલ છે. ત્યાર પછી આચાર્યશ્રી વિરચિત કારિકાઓનો અનુવાદ કરેલ છે અને યોજનાનો ભાવાર્થ (અગિયારમા સ્કન્ધ સિવાય) કૌંસમાં જણાવેલ છે. અગિયારમા સ્કન્ધ ઊપર યોજના ઘણી વિસ્તૃત હોવાથી તે ઘણે સ્થળે કૌંસમાં જણાવેલી નથી. દશમ સ્કન્ધની તો કારિકાઓ અક્ષરશઃ અર્થ સાથે છપાવેલી છે. બાકીના ગ્રન્થની કારિકાઓ સંસ્કૃત છપાવી નથી, તેમજ તેઓનો અક્ષરશઃ અનુવાદ કરેલ નથી. કારણ કે તેમ કરવાથી ગ્રન્થનું કદ ઘણું જ વધી જાય અને વળી કારિકા તથા પ્રકાશ નો અક્ષરશઃ અનુવાદ કરવામાં આવે તો તે વાચકને સમજવામાં કઠણ થઈ પડે. પરન્તુ કારિકાઓ તથા પ્રકાશ માં જણાવેલ સર્વ અર્થનો બની શક્યું તેટલી સરળ ભાષામાં સમાવેશ કરવામાં આવેલ છે. દશમસ્કન્ધની કારિકાઓ નીચે તેમનો અનુવાદ આપેલ છે. તેની નીચે કારિકાનો અર્થ સમજી શકાય તેમાટે યોજના પ્રમાણે વિવેચન કરેલું છે. અને ઘણાં સ્થળે યોજના ન હોય ત્યાં પણ મારી પોતાની અલ્પ સમજશક્તિ પ્રમાણે અર્થ દર્શાવેલ છે, તેથી તેમાં દોષ હોવાનો સમ્ભવ પણ છે. છતાં આ વિવેચન તથા આ અનુવાદ વૈષ્ણવોને કંઈક પણ અંશે આ ગ્રન્થસમજવામાં તથા આ ગ્રન્થમાં આચાર્યશ્રીએ દર્શાવેલ સિદ્ધાન્તો જાણવામાં ઉપયોગી થશે તો મારો પ્રયાસ સફલ થયાનું હું માનીશ.

આ ગ્રન્થછપાવવાની સગવડ આપણા સમ્પ્રદાયના વિદ્વદ્વર્ય પરમભગવદીય પ્રોફેસર શ્રીગોવિન્દલાલ ભટ્ટ તથા નડિયાદ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલયના મન્ત્રી પરમ ભગવદીય શ્રીરતિલાલ મોહનલાલ દોશીએ કરી આપી તથા ગ્રન્થછપાવવામાં કેટલાક પ્રુફ સુધારવા વગેરેમાં પરમ ભગવદીય વે.શા.સં. શાસ્ત્રી શ્રીકેશવરામભાઈએ સાહાય્ય કરેલ છે, તેથી તે સર્વનો ઉપકાર માનું છું.

જન્માષ્ટમી, વિ.સંવત્ ૨૦૧૩ **નાનુલાલ નારાયણદાસ ગાંધી**

# અનુક્રમણિકા


| વિષય | પાનું |
|---|---|
| શ્રીભાગવતાર્થ પ્રકરણ રચવાનું પ્રયોજન | ૧ |
| **પ્રથમસ્કન્ધ : અધિકાર** | **૫** |
| મંગલાચરણ, શ્રીભાગવતના સાત પ્રકારના અર્થો | ૫ |
| શાસ્ત્રાર્થ અને સ્કન્ધોના અર્થ | ૬ |
| ત્રણ પ્રકારની ભાષાઓ અને તેઓનું પ્રામાણ્ય | ૮ |
| કથાની સંગતિ, શ્રીભાગવતની પરંપરા | ૧૦ |
| વક્તા તથા શ્રોતા ના અધિકાર | ૧૩ |
| પ્રકરણાર્થ | ૧૫ |
| **પ્રકરણ.૧ હીન અધિકાર અ.૧-૩** | |
| અ.૧ પ્રશ્નાધ્યાય, શૌનકના છ પ્રશ્નો | ૧૮ |
| અ.૨ પહેલા ચાર પ્રશ્નોના સૂતે આપેલ ઉત્તર | ૨૧ |
| અ.૩ બાકીના બે પ્રશ્નોના સૂતે આપેલ ઉત્તર અને હીન અધિકારવાળા શ્રોતા વક્તાના ગુણો | ૨૩ |
| **પ્રકરણ.૨ મધ્યમ અધિકાર અ.૪।૬** | |
| અ.૪ શૌનકના ત્રણ મુખ્ય પ્રશ્નો | ૨૫ |
| આ પ્રકરણના ૩ અધ્યાયોના અર્થ | ૨૯ |
| નારદ તથા વ્યાસ ના વક્તા તથા શ્રોતા તરીકેના અધિકારની સિદ્ધિ | ૩૦ |
| **પ્રકરણ.૩ ઉત્તમ અધિકાર અ.૭-૧૯** | |
| શ્રીભાગવતની રચના અને તેના શ્રવણનું ફલ | ૩૩ |
| ૭-૧૧ સુધીના અધ્યાયોના વિષય અને બધા અધ્યાયોની સંગતિ | ૩૫ |
| પરીક્ષિત જ શ્રોતા હોવાનું કારણ | ૩૮ |
| ૭-૯ અધ્યાયોના અર્થ | ૩૯ |
| બ્રહ્માસ્ત્રોથી પાંડવો તથા પરીક્ષિતનું રક્ષણ | ૪૧ |
| પાંડવોને બ્રહ્મસ્વરૂપ અને જીવસ્વરૂપનું જ્ઞાન | ૪૪ |
| ૧૦-૧૨ અને ૧૩-૧૫ અધ્યાયોના અર્થ | ૪૫ |
| ૧૬-૧૯ અધ્યાયોના અર્થ | ૪૭ |
| પરીક્ષિતનો કલિ ઉપરનો વિજય | ૪૯ |
| શ્રીભાગવતના શ્રવણમાટે ઋષિઓનું આગમન | ૫૧ |
| શુક શંકરનો અવતાર | ૫૧ |
| **સ્કન્ધ બીજો : અંગો સહિત શ્રવણ** | **૫૩** |
| સ્કન્ધ તથા પ્રકરણોના અર્થ | ૫૪ |
| **પ્રકરણ.૧ તત્ત્વધ્યાન** | |
| અ.૧।૨ ના અર્થ | ૫૮ |
| **પ્રકરણ.૨ હૃદયની પ્રસન્નતા અ.૩।૪** | |

અ.૩ શ્રદ્ધામાં બાધક, શૌનકનો ઉત્સાહ ૬૩
અ.૪ પરીક્ષિતનો ઉત્સાહ ૬૬
**પ્રકરણ.૩ મનન અ.૫-૧૦** ૬૭
અ.૫-૭ ઉત્પત્તિનાપ્રકારો ૬૭
અ.૮-।૧૦ ઉપપત્તિથી વિચાર ૬૯

**સ્કન્ધ ત્રીજો : સર્ગ** **૭૩**
સર્ગની વ્યાખ્યા ૭૫
સૃષ્ટિના પ્રકારો, ભૂમિના ઉદ્ધારની સર્ગમાં ઉપયોગિતા ૭૭
મુક્ત જીવોની ઉત્પત્તિ ૭૮
મુક્ત જીવોને પ્રાપ્ત થતું ફલ ૭૮
સૃષ્ટિનું પ્રયોજન ૭૯
સ્કન્ધનાં સ્થૂલ ૪ અને સૂક્ષ્મ ૧૦ પ્રકરણો ૮૦
**અધિકાર પ્રકરણ અ.૧-૪** ૮૧
અ.૧ નો અર્થ ૮૩
અ.૨, ૩ અને ૪ના અર્થ અને મૈત્રેય તથા વિદુરના અધિકાર ૮૫
**પ્રકરણ.૧ ગુણાતીત સૃષ્ટિ અ.૫-૬** ૮૭
અ.૫ વિદુરના પ્રશ્નસમ્બન્ધી વિચાર ૮૭
અ.૬ પુરુષસૃષ્ટિ ૯૨
**પ્રકરણ.૨ સગુણ સૃષ્ટિ** ૯૨
અ.૭-૯ પુરુષનું સ્વરૂપ ૯૨
ભાગવતમાં જણાવેલ વિસર્ગનો પ્રકાર શ્રીભાગવતસ્વરૂપ, ૯૩
શ્રીભાગવતની પરમ્પરા
વિદુરના બે સંદેહ :૧.ગુણાતીતથી સૃષ્ટિનો અસમ્ભવ અને
૨.ગુણાતીતને સૃષ્ટિ રચવાનાં પ્રયોજનોનો અભાવ.
આ શંકાઓનું સમાધાન ૯૫
માયા દૂર કરવાનો ઉપાય ૯૯
પદ્મકલ્પનું વર્ણન કરવાનું પ્રયોજન, જુદા-જુદા કલ્પોની
જુદી-જુદી વ્યવસ્થા ૧૦૨
નારાયણના શયનનો પ્રકાર ૧૦૪
પદ્મકલ્પમાં તત્ત્વોનો નિયમ નથી ૧૦૫
બ્રહ્માજીએ કરેલી ભગવાનની સ્તુતિ ૧૦૭
બ્રહ્માની પ્રાર્થનાનો ભગવાનનો ઉત્તર ૧૦૭
જુદા-જુદા કલ્પોના સમ્બન્ધ ૧૦૯
**પ્રકરણ.૩ કાલસૃષ્ટિ અ.૧૦-૧૧** ૧૧૦
અ.૧૦-૧૧ કાલનું સામાન્ય તથા વિશેષ પ્રકારે વર્ણન ૧૧૧
ધર્મનિરૂપણ ૧૧૩
ત્રણ બ્રહ્માઓ ૧૧૪

ઈશ્વર ઉપર કાલનું પ્રભુત્વ નથી ૧૧૬
**પ્રકરણ.૪ જીવસૃષ્ટિ (નામસૃષ્ટિનો સમાવેશ થાય છે)**
અ.૧૨ ચાર પ્રકારની મુક્ત જીવોની સૃષ્ટિ, તેના કારણ ૧૧૬
પરાર્થસૃષ્ટિનો ઉપોદ્ઘાત અ.૧૩ ૧૨૧
અ.૧૩ વરાહકલ્પ. મનુની સ્થાનમાટે વિજ્ઞપ્તિ, વરાહનો પ્રાદુર્ભાવ,
ભૂમિનો વિસ્તાર, વરાહે કરેલ ઉદ્ધાર
મતાન્તર ભાષા અ.૧૪।૧૯ જય-વિજયનું સંસારમાં પડવું.
છ અધ્યાયોના અર્થ. ભગવાનની ઈચ્છાથી જ આ વૃત્તાન્ત થયેલ
હોવાનાં કારણો ૧૨૬
**પ્રકરણ.૫ સાંખ્યસૃષ્ટિ અ.૨૦** ૧૩૧
મુક્તિ પ્રકરણ-અ.૨૧-૩૩
પુરુષમુક્તિ અ.૨૧-૨૪ સ્રીમુક્તિ અ.૨૫-૩૩
અ.૨૧ કર્દમને ધર્મની પ્રાપ્તિ ૧૩૮
અ.૨૨।૨૩ કર્દમને અર્થ તથા કામની પ્રાપ્તિ ૧૩૯
અ.૨૪ કર્દમને મોક્ષની પ્રપ્તિ ૧૪૩
સ્રીમુક્તિ અ.૨૫-૩૩ ૧૪૪
કપિલે દેવહૂતિને સાંખ્યજ્ઞાન આપવાનું કારણ
અ.૨૫ દેવહૂતિને ભક્તિનો ઉપદેશ
અ.૨૬-૨૭ સાંખ્યજ્ઞાનનો ઉપદેશ ૧૫૧
અ.૨૮ યોગનો ઉપદેશ ૧૫૨
અ.૨૯ ભક્તિ અને વૈરાગ્યનો (યોગનાં સાધન તરીકે ઉપદેશ) ૧૫૩
અ.૩૦-૩૧ વૈરાગ્યનો મૃત્યુ તથા જન્મવડે ઉપદેશ ૧૫૩
અ.૩૨ સર્વ જીવોના સમ્બન્ધમાં નિર્ણય ૧૫૪
અ.૩૩ દેવહૂતિને યોગથી મુક્તિની પ્રાપ્તિ ૧૫૫

**સ્કન્ધ ચોથો : વિસર્ગ** **૧૫૬**
અર્થ અને લક્ષણ, પ્રકરણવિભાગ ૧૫૭
**પ્રકરણ.૧ ધર્મ અ.૧-૭** ૧૫૮
અધ્યાયોના ભાવાર્થ ૧૫૯
અ.૧ ધર્મનિરૂપણ ૧૬૦
ભગવાનના ત્રણ અવતારો ૧૬૨
દક્ષ અને તેની પુત્રીઓ ૧૬૪
અ.૨ દક્ષનો શંકર પ્રતિ દ્વેષ. શાપ ૧૬૭
અ.૩ અનર્થની ઉત્પત્તિ. દક્ષના દોષ ૧૭૦
અ.૪ દ્વેષનું કાર્ય. સતીના દેહનો નાશ ૧૭૬
અ.૫ દક્ષના યજ્ઞનો નાશ ૧૭૭
અ.૬ યજ્ઞસિદ્ધિનો પહેલો વિભાગ ૧૮૧
અ.૭ વિષ્ણુની યજ્ઞની સિદ્ધિ ૧૮૨

| | |
|---|---|
| પ્રકરણનો ઉપસંહાર | ૧૮૫ |
| **પ્રકરણ. ૨ અર્થ અ. ૮-૧૨** | ૧૮૬ |
| અધ્યાયોના અર્થ | ૧૮૮ |
| અ. ૮ સાધન અને સાધનનું સાધન. | |
| અધર્મની કથાનું પ્રયોજન | ૧૮૯ |
| ભગવાન્‌થી પ્રાપ્ત થયેલ રાજ્યનું ઉત્તમપણું | ૧૯૦ |
| અર્થ અને કામમાં ભેદ ધ્રુવની કથા | ૧૯૧ |
| અ. ૯ ધ્રુવને અર્થની પ્રાપ્તિ | ૧૯૧ |
| અ. ૧૦ રાજ્યપ્રાપ્તિથી થયેલ દોષ | ૧૯૫ |
| અ. ૧૧ મનુએ આવી અભિમાન અને દોષ તજાવ્યા | ૨૦૦ |
| અ. ૧૨ ધ્રુવને પ્રાપ્ત થયેલ ફલ | ૨૦૧ |
| **પ્રકરણ. ૩ કામ અ. ૧૩-૨૩.** | ૨૦૩ |
| અધ્યાયોના વિભાગ અને અર્થ | ૨૦૪ |
| અ. ૧૩ રક્ષણ કરનારની કામનાનું કારણ અને અંગનો વૃત્તાન્ત | ૨૦૬ |
| અ. ૧૪ અધર્મનું સ્થાપન. વેનનો વૃત્તાન્ત | ૨૧૦ |
| અ. ૧૫ પૃથુને રાજ્યની પ્રાપ્તિ | ૨૧૩ |
| અ. ૧૬ પૃથુમાં ભગવાનના આવેશના ગુણો | ૨૧૪ |
| અ. ૧૭ પૃથુએ કરેલ પૃથ્વીનો નિગ્રહ | ૨૧૫ |
| અ. ૧૮ પૃથ્વીનું દોહન અને ફલપ્રાપ્તિ | ૨૧૫ |
| અ. ૧૯ પૃથુના યજ્ઞો અને શુદ્ધિ | ૨૧૬ |
| અ. ૨૦ પૃથુ ઉપર થયેલ ભગવાનની કૃપા | ૨૧૯ |
| અ. ૨૧ પૃથુએ આચરેલ ધર્મ | ૨૨૧ |
| અ. ૨૨ પૃથુને જ્ઞાનની પ્રાપ્તિ | ૨૨૨ |
| અ. ૨૩ પૃથુને મોક્ષની પ્રાપ્તિ | ૨૨૪ |
| **પ્રકરણ. ૪ મોક્ષ. અ. ૨૪-૩૧** | ૨૨૬ |
| અ. બ્રહ્મભાવ મુક્તિ અ. ૨૫।૨૯ અને | |
| બ. સાયુજ્ય અ. ૨૩, ૩૦, ૩૧ સાયુજ્ય મુક્તિના અધ્યાયોના અર્થ | ૨૨૯ |
| બ-અ. ૨૪ પ્રચેતસોની શુદ્ધિ અને મહાદેવે કરેલ સ્તોત્રનો ઉપદેશ | ૨૩૧ |
| અ. બ્રહ્મભાવ મુક્તિના અધ્યાયો ૨૫-૨૯ના અર્થ | ૨૩૩ |
| અ. ૨૫ જાગ્રત અવસ્થાનું નિરૂપણ | ૨૩૫ |
| અ. ૨૬ સ્વપ્ન અવસ્થાનું નિરૂપણ | ૨૪૬ |
| અ. ૨૭ વિનાશક સાધનોનું સાન્નિધ્ય | ૨૪૭ |
| અ. ૨૮ વિનાશ | ૨૫૨ |
| અ. ૨૯ સન્દેહનિવૃત્તિ અને ફલપ્રાપ્તિ | ૨૬૨ |
| બ. સાયુજ્ય | |
| અ. ૩૦ પ્રચેતસોને આ લોકના ફલની પ્રાપ્તિ | ૨૬૮ |
| અ. ૩૧ પ્રચેતસોને પરલોકના ફલની પ્રાપ્તિ | ૨૬૯ |

**સ્કન્ધ પાંચમો : સ્થાન** ૨૭૧
સ્કન્ધનો અર્થ, પ્રકરણો, સ્થાનનું લક્ષણ તથા અધ્યાયો
**પ્રકરણ.૧ સ્વરૂપમાં સ્થિતિ અ.૧।૧૫;**
પેટાપ્રકરણ ૧ અ.૧-૬ ૨૮૦
અ.૧ પ્રિયવ્રતનો વૃત્તાન્ત. તેનામાં ઐશ્વર્ય અને વીર્ય
અ.૨ આગ્નીધ્રને શ્રીનું દાન ૨૯૧
અ.૩ નાભિને યશનું દાન ૨૯૩
અ.૪ ધર્મીઋષભદેવ ૨૯૭
અ.૫ ઋષભદેવે કરેલ જ્ઞાનનું નિરૂપણ ૩૦૧
અ.૬ ઋષભદેવના સુયાસનું નિરૂપણ ૩૦૨
પેટાપ્રકરણ ૨ યોગથી સ્વરૂપમાં સ્થિતિ અ.૭-૧૪ ૩૦૪
અ.૭ સ્વરૂપમાં સ્થિતિ થાય તેવાં યોગ સિવાયનાં ભરતનાં સાધનો ૩૦૪
અ.૮ ભરતના મનનું ચઞ્ચલપણું અને તેનું પરિણામ ૩૦૪
અ.૯ ભરતના બ્રાહ્મણજન્મનો વૃત્તાન્ત ભક્તિથી તરત મુક્તિ
ન થવાનાં કારણ ૩૦૫
અ.૧૦ રહૂગણે ભરતને કરેલ નમન અને પ્રશ્ન ૩૦૮
અ.૧૧ રહૂગણને ભરતે કરેલ યોગનો ઉપદેશ ૩૧૦
અ.૧૨-૧૩ રહૂગણને ભરતે કરેલ વૈરાગ્યનો બોધ ૩૧૦
અ.૧૪ ગૂઢ અર્થવાળા વાક્યોનું વ્યાખ્યાન ૩૧૧
પેટાપ્રકરણ ૩ જ્ઞાન.
અ.૧૫ જ્ઞાની રાજા ગદ અને વિરજ ૩૧૫
**પ્રકરણ.૨ દેશમાં સ્થિતિ અ.૧૬-૨૬**
ક.ભૂમિ અ.૧૬।૨૦ ૩૧૫
અ.૧૬ જમ્બૂદ્વીપનું વર્ણન ૩૧૬
અ.૧૭ જમ્બૂદ્વીપનું ગંગાના જલથી ઉત્તમપણું ૩૧૭
અ.૧૮-૧૯ ભદ્રાશ્વ વગેરે ખંડોમાં જુદા-જુદા દેવોની સ્થિતિ
અને તેમનું પૂજન ૩૨૧
અ.૨૦ ભૂમિના બીજા છ ખંડો, દ્વીપો, સમુદ્રો તેમનાં પરિમાણો,
પર્વતો, બ્રહ્માણ્ડના ૧૪ લોકો ૩૨૭
ખ.ઉપરના લોકો અ.૨૧-૨૩ ૩૩૪
અ.૨૧ સૂર્ય. તેની ગતિ વગેરે રાત્રિ-દિવસ વગેરે નાના-મોટા થવાનું કારણ ૩૩૪
અ.૨૨ ચન્દ્ર વગેરે. તેમની ગતિ અને જ્યોતિષચક્રમાં સ્થિતિ ૩૪૫
અ.૨૩ શિશુમાર ૩૪૯
ગ.નીચેના લોક અ.૨૪-૨૬ ૩૫૦
અ.૨૪ સાત પાતલો ૩૫૦
અ.૨૫ સંકર્ષણ તેમની સ્થિતિ અને ત્યાં રહેવાનું પ્રયોજન ૩૫૨
અ.૨૬ નરકો ૩૫૩

**સ્કન્ધ છઠ્ઠો : પુષ્ટિ** ૩૫૫
સ્કન્ધનો અર્થ, પુષ્ટિનું લક્ષણ
પ્રકરણવિભાગ તથા પ્રકરણના અધ્યાયો
**પ્રકરણ.૧ નામ પ્રકરણ અ.૧-૩** ૩૫૮
પ્રકરણનો અર્થ, અધ્યાયોના અર્થ ૩૫૮
અ.૧ ભગવાનનાં નામનું માહાત્મ્ય અજામિલનો વૃત્તાન્ત ૩૫૯
અ.૨ ભગવાનના નામની પ્રશંસા અને તેનું ફલ ૩૬૪
અ.૩ નામસમ્બન્ધી યમે કહેલ સિદ્ધાન્ત ૩૬૭
**પ્રકરણ.૨ રૂપ પ્રકરણ અ.૪-૧૭** ૩૬૭
અ.૪-૬ ભગવત્કૃપાના અધિકારી દેવો ૩૬૭
અ.૭-૮ વિશ્વરૂપ અને ઈન્દ્ર ઉપર કૃપા ૩૬૮
અ.૯ વિશ્વરૂપનો ઈન્દ્રે કરેલ વધ. તેથી તેને થયેલ પાપની વહેંચણી, વૃત્રની ઉત્પત્તિ ૩૬૯
અ.૧૦-૧૩ દધીચિનાં અસ્થિની દેવોએ કરેલી યાચના. તેથી બનેલ વજ્રથી વૃત્રનો વધ. ઈન્દ્રને તેથી થયેલ પાપનો નાશ ૩૭૨
અ.૧૪-૧૭ વૃત્રના પૂર્વજન્મની કથા. મતાન્તર હોવાનાં કારણો. ભગવાનના રૂપના ૧૪ ગુણોના ચિન્તનનું ફલ ૩૭૩
**પ્રકરણ.૩ દૈત્યો ઉપર પુષ્ટિ અ.૧૮-૧૯** ૩૮૨
અ.૧૮ ઓગણપચાસ મરુતોની ઉત્પત્તિ ૩૮૩
અ.૧૯ પુંસવનવ્રત. સર્વલીલાઓનો પુષ્ટિમાં પ્રવેશ. ૩૮૪

**સ્કન્ધ સાતમો : ઊતિ** ૩૮૫
સ્કન્ધનો અર્થ. પ્રકરણો અને અધ્યાયો
**પ્રકરણ.૧**
અ.૧-૫ જય અને વિજયે સનક વગેરેની કરેલી અવગણના વગેરે રૂપ હિરણ્યકશિપુની પાંચ પ્રકારની દુષ્ટ વાસનાઓ ૩૮૭
**પ્રકરણ.૨**
અ.૬-૧૦ પ્રહ્લાદની શુભ વાસનાઓ અને તેઓના પાંચ વિભાગો ૩૯૨
**પ્રકરણ.૩ અ.૧૧-૧૫** ૩૯૪
દુષ્ટ વાસનાઓનો નાશ થાય તે માટે વર્ણાશ્રમ ધર્મોનું નિરૂપણ
અ.૧૧ વર્ણાશ્રમ ધર્મ સમ્બન્ધી પ્રશ્ન કરવાનું પ્રયોજન
અ.૧૨-૧૩ બ્રહ્મચારી અને વાનપ્રસ્થોના ધર્મો તથા સુયાસના ધર્મોનું નિરૂપણ ૩૯૭
અ.૧૪-૧૫ કાલનો નિર્ણય સ્કન્ધનું તાત્પર્ય ૩૯૭

**સ્કન્ધ આઠમો : મન્વન્તર** ૪૦૧
સ્કન્ધનો અર્થ અને પ્રકરણો. જુદા-જુદા મન્વન્તરમાં આચરવાના જુદા-જુદા ધર્મો

**પ્રકરણ.૧ અ.૧।૪ આપત્તિમાં હરિનું સ્મરણ** ૪૦૪
અ.૧ હરિના સ્મરણરૂપ ભગવદ્ધર્મ અટકી જાય તો ફલ ન મળે.
અ.૨।૪ ગજેન્દ્રની કથા. હરિના સ્મરણથી મોક્ષપ્રાપ્તિ,
**પ્રકરણ.૨ સમ્પત્તિમાં સર્વને દાન** ૪૦૬
અ.૫ દેવોને દુઃખ તેમણે કરેલ ભગવાનની સ્તુતિ. ભગવાને દર્શાવેલ
સાત્ત્વિક ઉપાય
અ.૬ કપટથી દેવો અને દૈત્યો નું મિલન, મન્દર પર્વતને સમુદ્રે લાવવાનું
દુઃખરૂપ રાજસ કર્મ
અ.૭ મન્દરનું ડૂબવું, કૂર્મ, કાલકૂટની ઉત્પત્તિ, તેનું સામર્થ્ય અને
શંકરે કરેલ પાન
અ.૮ દાનમાં આપવાના પદાર્થોની ઉત્પત્તિ ૪૧૦
અ.૯ દાન. ભગવાન્ જ દાતા ૪૧૨
અ.૧૦ દાનનું ફલ. અમૃતે કરેલ દેવો ઉપર ઉપકાર ૪૧૩
અ.૧૧ બલિ ઉપર વજ્રનો પ્રહાર, અમૃત ભક્ષણનું ફલ ૪૧૪
અ.૧૨ મહાદેવને થયેલ મોહ. મોહિની સ્વરૂપની કથા ૪૧૪
અ.૧૩ બાકીનાં મન્વન્તરોનું નિરૂપણ ૪૧૪
અ.૧૪ ગુણાતીત દાન. ભગવાન્‌થી જ સર્વ કાર્યની સિદ્ધિ ૪૧૪
**પ્રકરણ.૩ વચનપાલન** ૪૧૫
અ.૧૫-૨૩ અધ્યાયોના અર્થ અને ત્રણ-ત્રણ અધ્યાયોનાં ૩
પેટાપ્રકરણો
ક.પેટાપ્રકરણ
અ.૧૫-૧૭. સાધન-વિપ્ર શુક્રની કૃપા દિતિના વ્રતનું પરિણામ,
ભગવાનની કૃપા ૪૧૭
ખ.પેટાપ્રકરણ
અ.૧૮।૨૦ અજ્ઞાનથી ઓળખ્યા વિના દાન, બલિની દાન કરવાની
તૈયારી, ગુરુએ શાપ આપ્યા છતાં કરેલ દાન
ગ.પેટાપ્રકરણ ૪૧૫
અ.૨૧।૨૩ બલિનું બન્ધન, આત્મનિવેદનરૂપ મુખ્ય દાન, નિર્ભયતાનું દાન,
ત્રણ પ્રકરણોના દાનમાં ભેદ અને પ્રકરણોનો સાર ૪૧૮
**પ્રકરણ.૪ અ.૨૪ મત્સ્ય ભગવાનનું ચરિત-વેદનો ઉદ્ધાર** ૪૧૯

**સ્કન્ધ નવમો : ઈશાનુચરિત** **૪૨૦**
સ્કન્ધની સંગતિ, 'ઈશાનુચરિત'નો અર્થ. પ્રકરણનો અર્થ ૪૨૧
**પ્રકરણ.૧ સૂર્યવંશ અ.૧।।-૧૩. સૂર્યવંશના ભગવાનના સેવકોનો પ્રકાર** ૪૨૨
ક.પ્રથમ કક્ષાના સેવકો.
અ.૧ ઉભય વંશીય સુદ્યુમ્નની કથા ૪૨૩
અ.૨ પૃષધ્ર વગેરે છ મનુના પુત્રો અને મરુત તથા ૪૨૩
અ.૩ શર્યાતિની કથા ૪૨૪

ખ.મધ્યમ કક્ષાના સેવકો.
અ.૪ નાભાગ અને અમ્બરીષની કથા ૪૨૫
અ.૫ અમ્બરીષ દુવાર્સાને સુદર્શનના ભયથી છોડાવે તે. ૪૨૭
અ.૬ શશાદની કથા ૪૨૯
ગ.ઉત્તમ ત્રણ પ્રકારના સેવકો
અ.૭ હરિશ્ચન્દ્રની કથા ૪૨૯
અ.૮ સગરની કથા ૪૩૧
અ.૯ ભગીરથની કથા ૪૩૧
ગંગા અને ગોદાવરી નું તારતમ્ય, સૌદાસની કથા
અ.૧૦-૧૧ ઈશ્વર રામચન્દ્રની કથા ૪૩૪
અ.૧૨ રામચન્દ્રના વંશના ૩૦ રાજાઓ ૪૩૮
અ.૧૩ જનકનો વંશ. નિમિની કથા ૪૩૯
**પ્રકરણ.૨ ચન્દ્રવંશ અ.૧ તથા ૧૪-૨૪** ૪૪૦
(અધ્યાય.૧ માટે જુઓ પાના નં.૪૨૩)
પુષ્ટિભક્તોનાં ત્રણ પેટાપ્રકરણો
પુષ્ટિની રીત મર્યાદાથી ઊલટી
પેટાપ્રકરણ.૧ અ.૧૪-૧૭
અ.૧૪ ચન્દ્ર તથા પુરૂરવાની કથા
અ.૧૫-૧૬ ઈશ્વર પરશુરામની કથા ૪૪૩
અ.૧૬ ભક્ત વિશ્વામિત્રની કથા
અ.૧૭ અલર્ક, રજી અને ધન્વન્તરિની કથા ૪૪૭
પેટાપ્રકરણ ૨. અ.૧૮-૧૯ ૪૪૭
નહુષ અને યયાતિની કથા
પેટાપ્રકરણ ૩. અ.૨૦-૨૩
અ.૨૦।૨૩ ભરત રંતિદેવ અને યદુની કથા ૪૪૯
અ.૨૪ શ્રીકૃષ્ણનું સંક્ષિપ્ત ચરિત

**સ્કન્ધ દશમો : નિરોધ** **૪૫૧**
સ્કન્ધાર્થ નિરોધ છે, આશ્રય નહિ.
કા.૨૦ સુધી પાંચ પ્રકરણો કા. ૨૧।૨૪ ૪૫૭
**<u>પ્રકરણ.૧ જન્મ પ્રકરણ</u> અ.૧-૪** ૪૫૮
અનુક્રમે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ -ચતુર્મૂર્તિનું પ્રાકટ્ય,
પ્રાકટ્યનું કારણ
અ.૧ ૪૬૦
અ.૨ પ્રાકટ્યમાટે ઉદ્યમ ૪૬૧
અ.૩ બીજા રૂપનો સ્વીકાર ૪૬૨
અ.૪ નટની ચેષ્ટા ૪૬૨
**<u>પ્રકરણ.૨ તામસ ભક્ત નિરોધ</u> અ.૫-૨૮** ૪૬૪

| | |
|---|---|
| ચાર પેટાપ્રકરણો, દરેક ૭-૭ અધ્યાયનાં | |
| ક.તામસ પ્રમાણ પ્રકરણ અ.૫-૧૧ | |
| પુરુષોની ભગવાન્‌માં નિષ્ઠા-સ્નેહ | ૪૭૦ |
| ખ.તામસ પ્રમેય પ્રકરણ અ.૧૨-૧૮ | ૪૭૧ |
| ભગવાન્‌માં સ્ત્રીઓની નિષ્ઠા આસક્તિ. | |
| ગ.તામસ સાધન પ્રકરણ અ.૧૯-૨૫ | ૪૭૫ |
| ભગવાન્‌માં વ્રજજનોની આસક્તિ | |
| ઘ.તામસ ફલ પ્રકરણ અ.૨૬-૩૨ | ૪૮૩ |
| સ્ત્રીઓને ફલપ્રાપ્તિ | |
| **<u>પ્રકરણ.૩ રાજસ ભક્તનિરોધ</u> અ.૩૩-૬૦** | ૪૮૯ |
| ચાર પેટા-પ્રકરણો દરેક ૭।૭ અધ્યાયનાં | |
| ક.રાજસ પ્રમાણ પ્રકરણ અ.૩૩-૩૯ | ૪૯૦ |
| રાજસ યાદવોનો ભગવાન્ ઉપર સ્નેહ | |
| અ.૩૩ | ૪૯૪ |
| અ.૩૪ | ૪૯૭ |
| અ.૩૫ | ૪૯૮ |
| અ.૩૬ | ૫૦૦ |
| અ.૩૭ | ૫૦૧ |
| અ.૩૮ | ૫૦૨ |
| અ.૩૯ | ૫૦૪ |
| ખ.રાજસ પ્રમેય પ્રકરણ અ.૪૦-૪૬ | ૫૦૪ |
| યાદવોની ભગવાન્‌માં આસક્તિ | |
| અ.૪૦-૪૨ | ૫૦૬ |
| અ.૪૩-૪૪ | ૫૦૮ |
| અ.૪૫-૪૬ | ૫૧૨ |
| ગ.રાજસ સાધન પ્રકરણ અ.૪૭-૫૩ | ૫૧૪ |
| યાદવોને ભગવાનના વ્યસનની સિદ્ધિ | |
| અ.૪૭ | ૫૧૫ |
| અ.૪૮ | ૫૧૬ |
| અ.૪૯ | ૫૧૯ |
| અ.૫૦ | ૫૨૧ |
| અ.૫૧ | ૫૨૨ |
| અ.૫૨ | ૫૨૫ |
| અ.૫૩ | ૫૨૭ |
| ઘ.રાજસ ફલ પ્રકરણ અ.૫૪-૬૦ | ૫૩૧ |
| રાજસોને ફલની પ્રાપ્તિ | |
| અ.૫૫ | ૫૩૮ |
| અ.૫૬ | ૫૪૨ |
| અ.૫૭ | ૫૪૩ |

| | |
|---|---|
| અ.૫૮ | ૫૪૪ |
| અ.૫૯-૬૦ | ૫૪૫ |
| **<u>પ્રકરણ.૪ સાત્ત્વિક ભક્તોનો નિરોધ</u> અ.૬૧-૮૧** | ૫૪૮ |
| ત્રણ પેટાપ્રકરણો, દરેક ૭-૭ અધ્યાયનાં | |
| ક.સાત્ત્વિક પ્રમેય પ્રકરણ અ.૬૧।૬૬ અને ૭૯ | ૫૪૯ |
| ભક્તોના દોષ દૂર કરાવ્યા | |
| અ.૬૨ | ૫૫૩ |
| અ.૬૩ | ૫૫૪ |
| અ.૬૪ | ૫૫૫ |
| અ.૬૫-૬૭ | ૫૫૬ |
| ખ.સાત્ત્વિક સાધન પ્રકરણ અ.૬૭।૭૨ અને ૮૦ | ૫૫૮ |
| વાસ્તવિક સાધન પણ ભગવાન્ જ છે. | |
| અ.૬૮-૬૯ | ૫૫૯ |
| અ.૭૦-૭૧ | ૫૬૦ |
| અ.૭૨ | ૫૬૧ |
| ગ.સાત્ત્વિક ફલ પ્રકરણ અ.૭૩।૭૮ અને ૮૧ | ૫૬૩ |
| સર્વ ફલોમાં હરિ જ ફલરૂપ છે | |
| અ.૭૩ | ૫૬૨ |
| અ.૭૪ | ૫૬૫ |
| અ.૫૭ | ૫૬૮ |
| અ.૭૬ | ૫૭૦ |
| અ.૭૭-૭ ૮ | ૫૭૧ |
| અ.૭૯ | ૫૭૫ |
| અ.૮૦ | ૫૭૮ |
| અ.૮૧ | ૫૮૧ |
| **<u>પ્રકરણ.૫ ગુણ પ્રકરણ</u> અ.૮૨।૮૭** | ૫૮૪ |
| અ.૮૨ ઐશ્વર્ય | ૫૮૫ |
| અ.૮૩ વીર્ય | ૫૮૯ |
| અ.૮૪ યશ | ૫૯૪ |
| અ.૮૫ શ્રી | ૫૯૫ |
| અ.૮૬ જ્ઞાન | ૫૯૭ |
| અ.૮૭ વૈરાગ્ય | ૫૯૮ |
| **સ્કન્ધ અગિયારમો : મુક્તિ** | **૬૦૧** |
| સંગતિ, લક્ષણ, પ્રકરણો | |
| **પ્રકરણ.૧-અ. જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ અ.૧-૫** | ૬૦૪ |
| **પ્રકરણ.૧-આ. જીવની સાયુજ્ય મુક્તિ અ.૬-૨૯** | ૬૦૮ |
| અ.૬ મૂળ પ્રકૃતિનો ત્યાગ કરવા સમ્બન્ધી | |

અ.૭-૯ અવધૂતે યદુને પોતાના ૨૪ ગુરુઓ પાસેથી મળેલ બોધ
જણાવ્યો તે ભગવાન્ ઉદ્ધવને કહે છે ૬૧૧
અ.૧૦-૧૧ ઉપરના બોધને દઢ કરનારી મુક્તિઓ ૬૧૪
અ.૧૨ એ મુક્તિમાં પુષ્ટિમાર્ગનો ઉપદેશ ૬૧૬
અ.૧૩ અધ્યાસ દૂર કરવાના ઉપાય
અ.૧૪-૧૫ મનુષ્યકલ્યાણ ક્યાં-ક્યાં ૬૧૯
અ.૧૬ ભગવાનના સ્વરૂપનો વિચાર ૬૨૧
અ.૧૭-૧૮ વર્ણાશ્રમ ધર્મોનું નિરૂપણ ૬૨૨
અ.૧૯ ભક્તિના અંગ તરીકે જ્ઞાન ૬૨૩
અ.૨૦ વર્ણાશ્રમમાં પૂર્વકાંડની અવિરોધિતા ૬૨૫
અ.૨૧ શુદ્ધિઓનો વિચાર ૬૨૫
અ.૨૨ તત્ત્વોનો વિચાર ૬૨૬
અ.૨૩ મનને દંડ કરવાનો પ્રકાર ૬૨૭
અ.૨૪-૨૫ અભેદ બુદ્ધિ દઢ કરવાના ઉપાય ૬૨૮
અ.૨૬ પુરૂરવાની કથા ૬૨૯
અ.૨૭ દૈવસમ્પત્તિની જાગૃતિ ક્યારે? ૬૨૯
અ.૨૮ માયાવાદ અને બ્રહ્મવાદ નો ઉપદેશ ૬૩૦
અ.૨૯ સરળ સાધનોનું નિરૂપણ ૬૩૧
**પ્રકરણ.૩ બ્રહ્માની મુક્તિ અ.૩૦-૩૧** ૬૩૪
અ.૩૦ ૬૩૬
અ.૩૧ ૬૩૯

**સ્કન્ધ બારમો : આશ્રય** **૬૪૩**
**પ્રકરણ.૧ પહેલા પ્રકારનો આશ્રય અ.૧-૩** ૬૪૫
લોકનો તથા ધર્મનો નાશ
**પ્રકરણ.૨ બીજા પ્રકારનો આશ્રય અ.૪-૫।।** ૬૪૭
અ.૪ પ્રલયોનું નિરૂપણ ભગવાનની ક્રિયાશક્તિ
અ.૫।। ભગવાનની જ્ઞાનશક્તિનું વર્ણન
**પ્રકરણ.૩ ત્રીજા પ્રકારનો આશ્રય અ.૫।।-૭** ૬૪૯
ત્રીજા પ્રકારના આશ્રયનું નિરૂપણ
**પ્રકરણ.૪ ચોથા પ્રકારનો આશ્રય અ.૮-૧૦** ૬૫૦
ભક્તિમાર્ગના પ્રકાર
**પ્રકરણ.૫. પાંચ પ્રકારનો આશ્રય અ.૧૧-૧૩** ૬૫૨
અ.૧૧ ભગવાનના પુરુષસ્વરૂપનું આરાધન
અ.૧૨ આશ્રયનું આધિભૌતિક સ્વરૂપ
અ.૧૩ આશ્રયનું આધ્યાત્મિક સ્વરૂપ

**નિબન્ધાનુસારી પ્રકરણવિભાગ તાલિકા** ૬૫૪

મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યચરણ વિરચિત
તત્ત્વાર્થદીપનિબન્ધમાંનું

# શ્રીભાગવતાર્થપ્રકરણ

**શ્રીભાગવતાર્થ પ્રકરણ રચવાનું પ્રયોજન-સાધનસમૂહ :**

કર્મ જ્ઞાન અને ભક્તિ યોગ એ ત્રણ ફલપ્રાપ્તિના મુખ્ય સાધનો જુદા-જુદા ઋષિ-મુનિઓએ કહેલા છે. તે પૈકી પાંચ પ્રકારનાં કર્મ અને જ્ઞાન ને લોકને રુચે તે માટે સાધન તરીકે કહેલા છે, છતાં તે સાધન નથી એમ પણ નથી. કર્મથી તથા જ્ઞાનથી પણ ભગવત્પ્રાપ્તિરૂપ ફલ પ્રાપ્ત થાય છે, પરન્તુ ભગવાનની કૃપા જેના ઉપર હોય તેને જ તે સાધનથી ફલ પ્રાપ્ત થાય છે. તેથી ફલપ્રાપ્તિનું મુખ્ય સાધન તો ભગવાનની કૃપા જ છે, કારણ કે ઉદ્ધવને ઉપદેશ આપતાં ભગવાન્ શ્રીકૃષ્ણે કહેલ છે કે : ‘‘યોગ, સાંખ્ય, દાન, વ્રત, તપ, યજ્ઞો, વ્યાખ્યાન, વેદનો અભ્યાસ અને સુયાસ થી પ્રયત્ન કરવા છતાં પણ જેમની પ્રાપ્તિ થતી નથી તેવા મને(શ્રીકૃષ્ણને) ગોપીઓ, ગાયો, વૃક્ષો, હરણો, નાગો, સિદ્ધો અને જે બીજા મૂઢ બુદ્ધિવાળાઓ એ માત્ર ભાવથી સહેલાઈથી પ્રાપ્ત કરેલ છે... તેથી હે ઉદ્ધવ! કાર્ય કરવાની અને કાર્ય ન કરવાની વેદની આજ્ઞાઓનો, પ્રવૃત્તિ અને નિવૃત્તિ માર્ગનો, શ્રવણ કરવાનું છે તેનો અને શ્રવણ કરેલાનો ત્યાગ કરી, પ્રાણિમાત્રના આત્માને મને એકલાને જ સમ્પૂર્ણ રીતે શરણ આવ, કારણ કે મારાથી તું સર્વ તરફથી ભયરહિત થઈશ’’ (ભાગ.પુરા.૧૧।૧૨।૮,૯-૧૪,૧૫).

કર્મ જ્ઞાન વગેરે ફલપ્રાપ્તિનાં વાસ્તવિક સાધન હોત તો ભગવાન્ તેને આવો ઉપદેશ ન કરત. કર્મ, જ્ઞાન વગેરેથી ભગવાન્ પ્રકટ થાય છે, ભગવાનનું પ્રાકટ્ય કરાવનારાં તે સાધનો થાય છે, પરન્તુ જેમ લૌકિક મોટો પુરુષ ઘણી આજીજી કરવાથી ધ્યાન આપે તેમ આ સાધનોથી ભગવાન્ ઉદાસીન રહી પ્રકટ થતાં હોવાથી મુખ્ય ફલ આપતા નથી. પરન્તુ ભક્તિથી તો ભગવાન્ ઘણા પ્રેમથી પ્રકટ થાય છે અને તેથી પછી પોતાના આત્માનું પણ દાન કરે છે તો પછી ભક્તને સુખ આપે તેમાં કહેવું જ શું ?(તત્ત્વા.દી.નિ.સર્વનિ.૩૦૭-૩૧૧).

તરસ લાગે તો તે દૂર કરનારાં ત્રણ સાધન છે : ૧. તરસ સહન કરવી; આ જ્ઞાન જેવું સાધન છે. ૨. કૂવો ખોદવો અને પાણી કાઢી પીવું; આ યોગ(કર્મ) જેવું સાધન છે. ૩. ગંગાના (જલાશયના) કાંઠે વાસ કરવો; આ ભક્તિ જેવું સાધન છે. તેમાં પણ ભગવાન્ ઉપર પ્રેમ રાખવો એ ઉત્તમ સાધન છે. પ્રેમ હોય તો ગંગા પોતે ઉદ્યોગ કરી ગંગાજલની ઝારી લાવી જેમ પાન કરાવે તેમ ભગવાન્ ઉપર પ્રેમ હોય તો ભગવાન્ પોતે ઉદ્યમ કરી પ્રેમવાળા ભક્ત પાસે પધારી તેને દર્શન આપી તેનો ઉદ્ધાર કરે છે. જેવી રીતે પિતા બાલકને સુખ થાય તેવું આચરણ કરે છે તેમ ભગવાન્ ભક્તને સુખ થાય તેમ કરે છે. કારણ કે ગોપીઓએ ભગવાનની પ્રેમથી સેવા કરી તેથી ભગવાને

તેમને ન દાન કરવા યોગ્ય કામનું પણ દાન કર્યું. ''સર્વથી ઉત્તમ ફલરૂપ ભગવાન્ પોતાની આવી હલકી સ્થિતિ શા માટે કરે ?'' એવી પણ શંકા ન કરવી, કારણ કે સ્નેહમાર્ગમાં હલકી સ્થિતિ ધારણ કરવામાં કોઈ દોષ નથી. ભગવાને ગોપીઓને લૌકિક રીતે કામનું દાન કર્યું એમ પણ ન માનવું. કારણ કે ભગવાન્ તો પૂર્ણકામ (જેમની કામના સદા પૂર્ણ થયેલી હોવાથી જેમને કામના કરવા યોગ્ય કાંઈ જ નથી તેવા) છે, અને જેને કાંઈ ઈચ્છા ન હોય તેવો કોઈ પણ લોકમાં એવી રીતે કામનું દાન કરતો નથી (પૂર્વવત્.૩૧૨-૩૧૫).

જેમનાં દર્શન થાય તેમના ઉપર પ્રેમ થાય, પરન્તુ જેમનાં કોઈ પ્રકારે દર્શન થતાં નથી તેમના ઉપર પ્રેમ કેમ થઈ શકે ? એવી શંકા પણ યોગ્ય નથી. કારણ કે નિષ્કામ રહી પોતાની યોગ્યતા પ્રમાણે ભગવાનની એકધારી સેવા કરવાથી જ સર્વ ભગવાનનાં દર્શન કરી શકે છે, બીજી કોઈ રીતે ભગવાનનાં દર્શન થઈ શકતાં નથી. પોતાની યોગ્યતા પ્રમાણે સહુએ સેવા કરવી જોઈએ, સેવા વધારે કરી છે કે ઓછી તેનું કાંઈ પ્રયોજન નથી. ભગવાનનાં દર્શન કરવાનું આ આન્તર સાધન છે.(પૂર્વવત્ ૩૧૬)

પ્રાણીમાત્ર ઉપર દયા રાખવી, જે કાંઈ પ્રાપ્ત થાય તેમાં સન્તોષ રાખવો અને સર્વ ઈન્દ્રિયોને શાન્ત રાખવી. આમ કરવાથી ભગવાન્ તરત પ્રસન્ન થાય છે. આ તેમનાં દર્શન કરવાનું બહારનું સાધન છે.(પૂર્વવત્ ૩૧૭).

''જે મનુષ્યો આપનાં ચરિત્રનું શ્રવણ કરે છે, ગાન કરે છે, વારંવાર પ્રશંસા કરે છે, સ્મરણ કરે છે અને તેનાથી આનન્દ પામે છે, તેઓને સંસારના પ્રવાહનો નાશ કરનારાં આપનાં ચરણારવિન્દનાં અલ્પ સમયમાં જ દર્શન થાય છે'' (ભાગ.પુરા.૧।૮।૩૬) એમ ભગવાનની સ્તુતિ કરતાં કુન્તીએ ભગવાનનાં દર્શન થવાનું ઉત્તમ સાધન કહેલું છે. પદાર્થમાત્રની ઈચ્છા અથવા જરૂરિયાત નો ત્યાગ કરી, ભગવાનના ભક્તો સાથે ભગવાનનાં પરાક્રમોમાં આસક્તિ રાખી આદર કરવો એ ભગવાનના દર્શન કરવાનું ઉત્તમ સાધન છે એમ ૩।૨૫।૩૪ માં દર્શાવેલું છે (પૂર્વવત્ ૩૧૮-૧૯).

તેથી ભગવાનના અવતાર કપિલે મુક્તિ પ્રાપ્ત કરવાનું સાધન જ્ઞાન જણાવેલ છે તે મુખ્ય સાધન નથી. રાજાની પેઠે શ્રીકૃષ્ણ કોઈક જીવને કોઈક સાધનથી ફલ આપે તો તે ઉપરથી એમ ન માનવું કે સદા તે સાધન કરવાથી ભગવાન્ સર્વને તે ફલ આપશે. રાજા કોઈ સમયે પોતાની રાણીને પણ સેવક પાસે માર મરાવે, તેથી કોઈ મોટા અધિકારીને પણ રાણીનો તિરસ્કાર કરવાનો અધિકા પ્રાપ્ત થઈ જતો નથી. શુક્રાચાર્યે કણાદ વગેરે ઉત્તમ મુનિઓની બુદ્ધિમાં મોહ ઉત્પન્ન કરેલો હોવાથી તેઓએ છ પદાર્થના અથવા સોળ પદાર્થના જ્ઞાનથી મોક્ષ પ્રાપ્ત થાય છે એવો બોધ કરેલો છે. આ શાસ્ત્રો મોહવાળી સ્થિતિમાં તેઓએ રચેલાં છે. તે વેદથી વિરુદ્ધ હોવાથી અને ભ્રમથી

રચાયેલાં હોવાથી પ્રમાણ નથી (પૂર્વવત્ ૩૨૦-૨૫).

**ઉત્તમસાધન :**

પ્રેમ જેવું બીજું કોઈ પણ ઉત્તમ-મુખ્ય સાધન લોકમાં નથી. ભગવાનની પ્રાપ્તિ કરવાનું ઉત્તમ-મુખ્ય સાધન પ્રેમ જ છે. ભગવાન્ ઉપર પ્રેમ ઉત્પન્ન કરનારું ઉત્તમ મુખ્ય સાધન શ્રીમદ્ભાગવત જ છે. રુચિ(ગમવા) વગેરે કારણોથી પ્રેમ ઉત્પન્ન થયેલ હોય તો દોષ જોવામાં આવે ત્યારે તે જતો રહે છે. વળી શાસ્ત્રનું જ્ઞાન ન હોય તો લૌકિક દૃષ્ટિથી અલૌકિકમાં પણ દોષો જણાઈ શકે. તેથી સર્વ શાસ્ત્રોનો જેમાં નિર્ણય કરવામાં આવેલ છે તેવું, ભગવાનનું સર્વ માહાત્મ્ય જણાવનારું, શ્રીમદ્ભાગવત જ ભગવાન્ ઉપર પ્રેમ કરાવનારું છે. ''ભગવાનની ભક્તિ અનર્થનો સાક્ષાત્ નાશ કરનારી છે એમ જાણનાર વ્યાસે શ્રીમદ્ભાગવતરૂપ શાસ્ત્રોનો સાર રચ્યો, જેનું શ્રવણ કરવાથી પુરુષને શોક મોહ અને ઘડપણ નો નાશ કરનારી પરમ પુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે જ''(૧।૭।૬।૭) ''લોકમાં શ્રીમદ્ભાગવતનું શ્રવણ કરનારાઓને ભગવાન્ ઉપર પ્રેમ હોવાનું જોવામાં આવતું નથી. તેથી તેનું શ્રવણ પ્રેમ પ્રકટ થવાનું સાધન નથી'' એવી શંકા ન કરવી. કારણ કે ૧. શ્રીભાગવતના તાત્પર્યનું સરખી રીતે જ્ઞાન, ૨. ભક્તના મુખથી તેનું શ્રવણ અને ૩. શ્રવણ કરનારને સંસારમાં વૈરાગ્ય એ ત્રણ શ્રીભાગવતના શ્રવણના અંગો છે. તેથી પોતાનો અધિકાર જોઈ, શ્રીભાગવતનો અભિપ્રાય સમજી ભક્તના મુખથી તેનું શ્રવણ કરવામાં આવે તો માત્ર એકવાર જ શ્રવણ કરવાથી શ્રીકૃષ્ણમાં નક્કી પ્રેમ ઉત્પન્ન થાય છે. જેને લોક (સંસાર) માં સમ્પૂર્ણ વૈરાગ્ય હોય અને શ્રીમદ્ભાગવતમાં જે કહેલ છે તેમાં કાંઈ અસમ્ભવિત અથવા ખોટું છે એવો જેને વિચાર થતો નથી, અને જેનું અન્તઃકરણ તીર્થ વગેરેથી શુદ્ધ થયેલ હોય તેવો વિદુર જેવો અથવા તેથી પણ અધિક ઉદ્ધવ જેવો જે હોય તેને તે શ્રીભાગવતમાં કહેલી ભગવાનની એક જ લીલાનું શ્રવણ કરવાથી ભગવાન્માં પ્રેમ ઉત્પન્ન થાય છે, તો પછી આખા ભાગવતનું શ્રવણ કરે તો તેને પ્રેમ થાય તેમાં શંકા જ શી ? તેથી મુખ્ય અધિકાર પ્રાપ્ત થવામાં કાંઈ પણ સન્દેહ જ નથી. તેથી શ્રીમદાચાર્યચરણે શ્રીમદ્ભાગવતના વાસ્તવિક અર્થનો વિચાર કરી, તે અર્થનો નિર્ણય કરી તત્ત્વાર્થદીપનિબન્ધના શ્રીભાગવતાર્થ પ્રકરણમાં તે અર્થ દર્શાવેલ છે. તે અર્થનું જ્ઞાન થતાં ભગવાન્માં સમ્પૂર્ણ પ્રકારે ભક્તિ થાય છે જ. વળી ઉત્પન્ન થયા બાદ ભક્તિ શાન્ત બની જતી નથી, પરન્તુ લતાની પેઠે દિવસે-દિવસે વધતી જઈ, શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરાવે તેવી ઉત્પન્ન થાય છે. તેથી ભક્તિની ઈચ્છા રાખનારે અવશ્ય શ્રીભાગવતાર્થપ્રકરણનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું (પૂર્વવત્ ૩૨૬।૩૨૯)

----------

# પ્રથમ સ્કન્ધ–અધિકાર

**મંગલાચરણ :**

**શ્રીકૃષ્ણ પરમાનન્દં દશલીલાયુતં સદા ।**
**સર્વભક્તસમુદ્ધારે વિસ્ફુરન્તં પરં નુમઃ ।।**

શ્રીમદ્‌ભાગવતમાં પર વસ્તુ(પરબ્રહ્મ)ને 'શ્રીકૃષ્ણ' કહેલ છે. તેથી આરંભમાં પ્રથમ શ્લોકથી શ્રીમદાચાર્યચરણ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે. પરબ્રહ્મ પોતાની અંદર રહેલ ''પરમ સૌન્દર્ય હું પ્રકટ કરું'' એવી ઇચ્છાથી સાકાર થઈ પ્રકટ થાય છે. તે સાકાર સ્વરૂપ તે જ 'શ્રીકૃષ્ણ' છે. તેથી શ્રીકૃષ્ણ એ કોઈ વિભૂતિ નથી, પરન્તુ પરબ્રહ્મ જ છે. વળી તે પરમાનન્દ હોઈ ફલરૂપ પણ છે. તે સદા દશ પ્રકારની લીલા કર્યા કરે છે. તે દશ લીલાઓવાળા ભગવાન્ શ્રીકૃષ્ણનું શ્રવણ કરવાથી તે પ્રાપ્ત થાય છે. પોતાના સર્વ ભક્તોનો ઉદ્ધાર કરવો એ સાકાર સ્વરૂપ ધારણ કરી પ્રકટ થવાનું એટલે અવતાર લેવાનું તેમનું પ્રયોજન છે. તેમનાથી અધિક કોઈ છે જ નહિ. તે સર્વથી ઉત્તમ છે. અવતાર લે ત્યારે તેમને સ્તુતિ કરવામાં આવે તે પ્રિય હોવાથી આરંભમાં શ્રીમદાચાર્યચરણ તેમને નમન કરે છે [૧]

શ્રીમદ્‌ભાગવતનો અર્થ તથા અભિપ્રાય સારી રીતે જાણવામાં આવે તે માટે જ શ્રીમદાચાર્યચરણે ભાગવતાર્થ પ્રકરણ રચેલું છે. તે સારી રીતે જાણવામાટે [૧]શાસ્ત્ર [૨]સ્કન્ધ [૩]પ્રકરણ [૪]અધ્યાય [૫]વાક્ય(શ્લોક) [૬]પદ(શબ્દ) તથા [૭]અક્ષર એ સાતેના અર્થ બરાબર જાણવા જોઈએ. આ સાતેના અર્થમાં કોઈ પણ વિરોધ ન આવે તેવી રીતે, સમ્પૂર્ણ ભાગવતમાં ગૂંથાયેલો એક જ અર્થ જાણવામાં આવે ત્યારે શ્રીભાગવતનો અર્થ તથા અભિપ્રાય બરાબર જણાય. આ સાતેનો અર્થ છે. પ્રત્યયરૂપ અક્ષરોનો પણ અર્થ છે. જો કટકે–કટકે અર્થ કરવામાં આવે તો તે અર્થ કલ્પિત થાય. જેમ ભગવાન્ ઐશ્વર્ય વીર્ય યશ શ્રી જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણોવાળા છે તેમ શ્રીભાગવતનો અર્થ પણ બાર સ્કન્ધો વગેરેના અર્થવાળો છે. એવી રીતે શાસ્ત્ર વગેરે સાતનો વિરોધ વિનાનો એક અર્થ જે જાણે તે સંસારથી મુક્ત થાય છે. આવી મુક્તિ; ભક્તિ થવામાટે જરૂરી છે. આ સાત પૈકી શાસ્ત્ર, સ્કન્ધ, પ્રકરણ અને અધ્યાય ના અર્થ શ્રીભાગવતાર્થપ્રકરણમાં શ્રીમદાચાર્યચરણે દર્શાવેલ છે અને બાકીના ત્રણના અર્થ શ્રીસુબોધિનીમાં જણાવેલા છે [૨]

**૧. શાસ્ત્રનો અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા એ શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે. આનન્દરૂપ ભગવાનની લીલા પણ આનન્દરૂપ જ છે, અને સર્વનાં દુઃખોને હરનારી છે. તેથી દુઃખનો નાશ કરનારી અને સુખ (આનન્દ)રૂપ ભગવાનની લીલા પોતે જ પુરુષાર્થરૂપા છે એવો શ્રીભાગવતશાસ્ત્રનો અર્થ છે.

શ્રીમદ્‌ભાગવત ભગવદ્રૂપ છે તેથી પાઠ કરી તેનું ધારણ કરવાથી, ભાગવતના સ્વરૂપથી

ભગવાન્ જ ધારણ કરેલા જાણવા. હૃદયમાં રહેલા ભગવાન્ જે કાર્ય કરે છે તે આ પ્રમાણે ભાગવતના સ્વરૂપથી ધારણ કરેલા ભગવાન્ પણ કરે છે. જો તેનો અર્થ પણ સમ્પૂર્ણ જાણેલો હોય તો આ આવું (ભગવદ્રૂપ) છે એવું જ્ઞાન ભક્તિના અંગરૂપ હોવાથી, તેનાથી ભગવાનનું જ્ઞાન થાય છે અને તેથી ભગવાન્ ભક્તિ આપે છે.

**૨. સ્કન્ધના અર્થ :**

આનન્દરૂપ હરિની લીલા શ્રીમદ્ભાગવતનો અર્થ છે એમ ઉપર કહેલું છે. આ હરિની લીલા દશ પ્રકારની હોવાનું શ્રીભાગવતમાં જ કહેલું છે : ‘‘અહીં [૧]સર્ગ [૨]વિસર્ગ [૩]સ્થાન [૪]પોષણ [૫]ઊતિઓ [૬]મન્વન્તરો [૭]ઈશાનુકથા [૮]નિરોધ [૯]મુક્તિ અને [૧૦]આશ્રય કહેલાં છે’’(ભાગ.પુરા.૨।૧૦।૧) આ દશ લીલાઓનું ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધોમાં અનુક્રમે નિરૂપણ કરેલું છે.

આ દશ ઉપરાન્ત ‘અધિકાર’ પણ ભગવાનની લીલા છે. પરન્તુ તે મુખ્ય લીલા નથી, પણ મુખ્ય લીલામાં ઉપયોગી લીલા છે. અધિકારની પેઠે જ સાધનો એટલે સર્વ પ્રકારનાં જ્ઞાન પણ ભગવાનની લીલા છે. કારણ કે સર્વ પ્રકારનાં જ્ઞાન, શ્રવણ વગેરે ભક્તિના અંગો છે. આ પણ મુખ્ય લીલાઓના અંગરૂપ હોવાથી મુખ્ય લીલા ગણાય નહિ, છતાં શાસ્ત્રના અર્થમાં આનો પણ સમાવેશ થવો જોઈએ. તેથી દશ મુખ્ય લીલા અને બે મુખ્ય લીલાઓના અંગરૂપ લીલા એ સર્વનું નિરૂપણ શ્રીમદ્ભાગવતમાં કરેલું છે. તેથી તેના બાર સ્કન્ધ છે. પહેલા સ્કન્ધમાં અધિકારીનું અને બીજા સ્કન્ધમાં સાધનોનું નિરૂપણ કરેલું છે. મુખ્ય લીલાઓ તો દશ જ રહે છે, નથી વધતી કે નથી ઘટતી. આ પ્રમાણે શ્રીભાગવતના બાર સ્કન્ધો હોવા છતાં તે એક જ શાસ્ત્ર અથવા પુરાણ છે અને તે હરિરૂપ જ છે. આ પુરાણ શબ્દથી અને અર્થથી પણ ભગવદ્રૂપ છે.

શ્રીભાગવત ભગવદ્રૂપ છે અને ભગવાન્ પુરુષ છે. ‘‘પુરુષ ખરેખર બાર અંગવાળા છે’’ એ શ્રુતિ પ્રમાણે પુરુષના બાર અંગો છે, તેથી પણ શ્રીભાગવતના બાર સ્કન્ધો છે. શ્રુતિ પ્રમાણે વિચારતાં બે સાથળો, બે બાહુઓ, શિર, હૃદય, બે હસ્તો, બે ચરણો અને બે સ્તનો એ પુરુષના બાર અવયવો છે.

[૧-૨] પહેલો અને બીજો સ્કન્ધ બે ચરણ રૂપ છે. તે પ્રમાણે અધિકાર અને જ્ઞાન એ બે ભાગવતરૂપ પુરુષના બે ચરણો છે.

[૩-૪] સર્ગ અને વિસર્ગ (ત્રીજો અને ચોથો સ્કન્ધ) બે બાહુ (ખભાથી કોણી સુધીના ભાગને બાહુ અને કોણીથી આંગળીઓ સુધીના ભાગને હસ્ત કહેલા હોવાનું અને ઢીંચણથી નીચેના ભાગને ચરણ કહેલા હોવાનું જણાય છે) અથવા કર છે.

[૫-૬] સ્થાન અને પોષણ (પાંચમો અને છઠ્ઠો સ્કન્ધ) બે સાથળો છે.

[૭,૧૨] સાતમો સ્કન્ધ અને બારમો સ્કન્ધ બે હસ્ત છે. સાતમો અને બારમો સ્કન્ધ બે હસ્ત હોય તો શ્રીભાગવત કદરૂપું લાગશે એવી શંકા થાય તો જાણવું કે સાતમું સ્કન્ધ વામહસ્તરૂપ છે અને તે ઊંચો રાખી ભગવાન્ ભક્તને પોતાની પાસે બોલાવે છે.

[૮-૯] આઠમો અને નવમો(મન્વન્તરો અને ઈશાનુચરિત) બે સ્તનો છે.

[૧૦] દશમો સ્કન્ધ (નિરોધ) 'મધ્ય' અથવા હૃદય છે.

[૧૧] અગિયારમો સ્કન્ધ (મુક્તિ) શિર છે.

[૧૨] બારમો સ્કન્ધ (આશ્રય) દક્ષિણ હસ્ત છે.

ભગવાન્ જેવા ભાગવતરૂપ થયા, તેવાનું અહીં વર્ણન કરેલું છે. આ (શ્રીભાગવત્) બાર અંગવાળા હરિ પોતે જ છે.

કેટલાક ઉપાસના કરનારાઓ એમ માને છે કે ક્રમ પ્રમાણે ઉપાસના કરવાથી જ ફલ પ્રાપ્ત થાય. તેથી તેઓ પુરુષના અવયવોના ક્રમ પ્રમાણે જ સ્કન્ધો હોવાનું કહે છે. બે ચરણો પહેલા બે સ્કન્ધો, બે સાથળો ત્રીજો અને ચોથો સ્કન્ધ, કટિ પાંચમો, ગુહ્ય અવયવ છઠ્ઠો, ઉદર સાતમો, હૃદય આઠમો, બે કરો નવમો, મુખ દસમો, લલાટ અગિયારમો અને શિર બારમો સ્કન્ધ છે. તેમાં કટિમાં એટલે પાંચમા સ્કન્ધમાં મલનાં દ્વાર જેવાં નરકો છે. ઉપાસના કરનાર આવી રીતે ઉપાસના કરે તે પણ યોગ્ય છે [૩-૧૦।।]

**ત્રણ ભાષાઓ :**

વ્યાસજી ભગવાનના અવતાર હોવાથી તેમનું તેજ અમાપ છે. સ્વરૂપથી અને ગુણથી તે ઘણા મોટા છે. શ્રીમદ્ભાગવત એ તેમની સમાધિભાષા છે.

શ્રીમદ્ભાગવતમાં કોઈક સ્થળે જ્ઞાન વગેરેની પ્રશંસા કરેલી છે, ક્યાંક કથામાં આગળ-પાછળનો વિરોધ જોવામાં આવે છે અને ક્યાંક તેનો તે જ વૃત્તાન્ત ફરી કહેવારૂપ (પુનરુક્તિ) વગેરે દોષો જોવામાં આવે છે. તેનું કારણ એવું છે કે શ્રીમદ્ભાગવતમાં ત્રણ ભાષાઓ છે :

૧. સમાધિભાષા
૨. મતાન્તરભાષા અને
૩. લૌકિક ભાષા.

૧. વ્યાસજીએ જેટલો વિષય સમાધિથી જાણીને કહ્યો તે 'સમાધિભાષા'.
૨. તેનાથી વિરુદ્ધ વિષય જ્યાં કહેલ છે તે 'મતાન્તરભાષા' છે.
૩. અને લોકમાં પ્રસિદ્ધ વિષય જ્યાં કહેલ હોય તે 'લૌકિકી ભાષા' છે.

તે પૈકી મતાન્તર ભાષા અને લૌકિકી ભાષા બોલનારના અભિપ્રાય પૂરતી પ્રમાણ છે, પરન્તુ તેમાં જે વિષય જણાવેલ હોય તે સમ્બન્ધમાં સમાધિભાષાની પેઠે સમ્પૂર્ણ રીતે પ્રમાણ નથી. તેથી જ આ બે ભાષાઓ સાથે સમાધિ-ભાષાનો વિરોધ રહેતો નથી. આ બે ભાષાઓ શ્રીમદ્ભાગવતમાં જ્યાં કહેલી છે તે ત્યાં દર્શાવવામાં આવશે.

આ ત્રણ ભાષાઓ જણાય કેવી રીતે ? એવો પ્રશ્ન ઊઠે, તો જાણવું કે સામાન્ય નિયમ તરીકે શ્રીમદ્ભાગવતમાં સર્વત્ર સમાધિભાષા છે, પરન્તુ જ્યાં ''હું બીજાનું કહેલું કહું છું'' એમ શ્રીશુકે કહેલ હોય ત્યાં તેણે પરમતભાષા કહેવા માંડી છે એમ જાણવું.

અને ૧૦।૭૯।૧૬ વગેરેની પેઠે જ્યાં લૌકિક રીતથી વર્ણન કરેલું હોય ત્યાં લૌકિકી ભાષા કહેલી જાણવી. આ બે ભાષાઓમાં સમાધિભાષાથી વિરુદ્ધ જે કાંઈ કહેલ છે તે વિચારપૂર્વક જાણી જોઈને કહેલ હોવાથી, આ વિરોધ દોષરૂપ નથી.

ત્રણ ભાષાઓથી સ્વતન્ત્ર પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણની લીલા એ જ ભાગવતનો વિષય છે. એના શ્રવણથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર અવશ્ય પ્રેમ થતો હોવાથી અને પ્રેમ જ તેમને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન હોવાથી શ્રીમદ્ભાગવતનો અર્થ સારી રીતે સમજી તેનું શ્રવણ વગેરે કરવાં જોઈએ [॥૧૦-૧૨॥]

અધિકાર, સાધનો અથવા સર્વ પ્રકારનાં જ્ઞાન અને સર્ગ વગેરે ભગવાનની દશ લીલા એવો અનુક્રમે શ્રીભાગવતના બાર સ્કન્ધોનો અર્થ થયો. દરેક સ્કન્ધમાં કેટલાક પ્રકરણો અને અધ્યાયો હોય છે, તેથી હવે દરેક સ્કન્ધ લઈ તેના પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ જણાવવામાં આવે છે.

**૨-૩ પ્રકરણોના તથા અધ્યાયોના અર્થ :**

પ્રથમ સ્કન્ધમાં અધિકારનું નિરૂપણ કરેલું છે. તેથી શ્રોતા = શ્રવણ કરનાર અને વક્તા = શ્રવણ કરાવનાર ના અધિકારનું આ સ્કન્ધમાં નિરૂપણ છે. સ્વરૂપને જણાવનારો અધિકાર છે. અધિકાર ન હોય તેને ભાગવતના સ્વરૂપ, અર્થ તથા અભિપ્રાય નું જ્ઞાન થઈ શકતું નથી.

શ્રવણ કરનાર (શ્રોતા) અને વક્તા નો અધિકાર એ પહેલા સ્કન્ધનો અર્થ છે. આના પ્રકરણો બે પ્રકારે પાડી શકાય છે :

૧. અધ્યાયના અર્થ પ્રમાણે અને

૨. પ્રદેશ અને કાલ ને ધ્યાનમાં લઈને.

**૧.** અધ્યાયોના અર્થ પ્રમાણે પ્રકરણ પાડતાં, સ્થૂલ રીતે અધિકાર ત્રણ પ્રકારનો છે :

૧. સાધારણ

૨. અસાધારણ અને

૩. ગુણથી પર અથવા નિર્ગુણ.

સૂક્ષ્મ રીતે આ અધિકાર ઓગણીસ પ્રકારનો છે. સાધારણ અધિકાર નવ પ્રકારનો, અસાધારણ અધિકાર નવ પ્રકારનો અને ગુણથી પર અધિકાર એક પ્રકારનો --એ પ્રમાણે ઓગણીસ પ્રકારનો અધિકાર થવાથી ઓગણીસ અધ્યાયમાં તેનું નિરૂપણ કરેલું છે. પહેલા નવ અધ્યાયોમાં સાધારણ, દશમાંથી અઢારમા સુધીના નવ અધ્યાયોમાં અસાધારણ, અને ઓગણીસમા અધ્યાયમાં નિર્ગુણ અધિકારનું નિરૂપણ કરેલું છે. હર કોઈ જીવ ગમે તે જાતિનો કે ગમે તેવો ગુણ વિનાનો હોય તો પણ શ્રીભાગવતનું શ્રવણ કરવાની ઈચ્છાવાળો હોય તો તે અધિકારી છે, એવો આ સ્કન્ધનો અર્થ છે.

**૨.** દેશ અને કાલ ને ધ્યાનમાં લઈને પ્રકરણ પાડતાં પણ આ સ્કન્ધનાં ત્રણ પ્રકરણો થાય છેઃ

૧. હીન અધિકારનું પ્રકરણ.

૨. મધ્યમ અધિકારનું પ્રકરણ અને

૩. ઉત્તમ અધિકારનું પ્રકરણ.

આ પ્રમાણે પ્રકરણ પાડતાં, પહેલા ત્રણ અધ્યાયોનું પહેલું, ચોથાથી છઠ્ઠા સુધીના ત્રણ અધ્યાયોનું બીજું અને સાતમાથી ઓગણીસમા સુધીના તેર અધ્યાયોનું ત્રીજું પ્રકરણ થાય છે. આ પ્રકરણોમાં શ્રોતા અને વક્તા બન્નેના અધિકાર જણાવેલા છે [૧૨।।-૧૪।।]

**કથાની સંગતિ :**

શંકા : શ્રીમદ્‌ભાગવતની કથાનો સમ્બન્ધ બરાબર નથી, કારણ કે તે વ્યાસજીએ રચ્યું અને તે શુકદેવને જણાવ્યું (૧૨।૧૩।૧૯). શુકે પરીક્ષિતને કહ્યું ત્યારે સૂતે ત્યાં-ત્યાં તે શ્રવણ કર્યું અને સૂતે શૌનકના પ્રશ્નથી શૌનક વગેરે ઋષિઓને તે કહ્યું એમ શ્રીમદ્‌ભાગવતના આરંભમાં જ કહેલું છે. તેથી જ્યારે વ્યાસજીએ શ્રીભાગવત રચ્યું ત્યારે તો શુકે તે પરીક્ષિતને કહેલ ન હતું અને સૂત-શૌનકનો સંવાદ થયો જ ન હતો છતાં આ સંવાદનો ઉલ્લેખ શ્રીભાગવતના આરંભમાં જ કેવી રીતે થયો ?''

સમાધાન : એવી શંકા ન કરવી, કારણ કે શ્રીહરિએ પોતે વ્યાસનો અવતાર લઈ મંગલ વગેરે પહેલા કહી, પછી જે વૃત્તાન્ત તે સમયે થયેલ ન હતો પરન્તુ ભવિષ્યમાં થવાનો હતો તે સમાધિથી જાણી (જુઓ ૧।૭।૩-૭) પ્રસંગ સાથે શ્લોકથી જણાવેલ છે. તેથી શુકદેવ જે કથા પરીક્ષિતને ભવિષ્યમાં કહેવાના હતા, તેમાં જે પ્રશ્ન રાજા કરવાનો હતો અને શ્રીશુક તેના જે ઉત્તર આપવાના હતા તે, અને તે કથા સાંભળીને શૌનક વગેરેના પ્રશ્નથી સૂત જે કથા તેમને કહેવાનો હતો તે સર્વ પોતાના હૃદયમાં આવ્યું તે શ્લોકરૂપે શ્રીભાગવતમાં કહેલ છે [૧૪।।૧૭]

**શ્રીભાગવતની પરમ્પરા :**

"શુદ્ધ બ્રહ્મ સાકાર છે, માયા તેની ઉત્તમ શક્તિ છે, તેનાથી સર્વ સ્થલે મોહ (ઉત્પન્ન) થાય છે અને ભક્તિ (સંસારમાંથી) સાક્ષાત્ મુક્ત કરાવનારી છે". આવી કથા ભગવાને પોતે બ્રહ્માને કહેલી અને બ્રહ્માએ તે નારદને કહેલી. વળી વ્યાસજી, જેમનું વાક્ય સર્વત્ર પ્રમાણ ગણાય છે, તે ધર્મ જાણનારને શ્રીકૃષ્ણે મોહ ઉત્પન્ન કરીને (ભક્તિ સિવાયનાં), સર્વ સાધનો નિરર્થક છે એમ જણાવ્યું. નારદે વ્યાસજીને તેમ કહ્યું, છતાં વ્યાસજીને પોતે ભગવાનનો અવતાર હોવાનું અભિમાન હોવાથી તેમને તે બરાબર જણાયું નહિ (જુઓ ૧।૪।૧૪-૩૩). તેથી નારદે જે કહેલ તે જ વિષય તેમણે સમાધિથી જાણ્યો (૧।૭।૩-૭) અને પછી સર્વ સાધનો કરતાં ભક્તિ ઉત્તમ છે એમ ભાગવતમાં તેમણે જણાવ્યું. શ્રીભાગવત વ્યાસજીની સમાધિભાષા હોવાથી પ્રમાણ છે. વળી ભગવાને તેનો બ્રહ્માને બોધ કર્યો, બ્રહ્માએ નારદને અને નારદે વ્યાસજીને બોધ કર્યો, એવી પરમ્પરાને લીધે પણ તે પ્રમાણ છે, પરન્તુ અભિમાનને લીધે પરમ્પરા દુર્બલ છે [૧૭॥-૨૧॥]

ઉપર શ્રીભાગવતની પરમ્પરા કહેલી છે. ભગવાને બ્રહ્માને અને બ્રહ્માએ નારદને જેવું શ્રીભાગવત કહ્યું, તેવું નારદે વ્યાસને અથવા સૂતે શૌનકને કહેલ નથી પરન્તુ તેઓ પોતે જેવો તેનો અર્થ સમજેલા તેવું પોતાના વચનોથી કહેલ. તેથી શ્રીભાગવતનો અર્થ તેમણે પોત-પોતાના અધિકાર પ્રમાણે ઓછો અથવા વધારે જણાવેલ. તેથી સૂતને અથવા નારદને પણ શ્રીભાગવતનો સમ્પૂર્ણ અર્થ જણાયેલ નહિ હોવાથી, તેના સમ્પૂર્ણ અર્થનું જ્ઞાન થવામાટે મુખ્ય અધિકારની જરૂર છે, એવો પહેલા સ્કન્ધનો અર્થ ઘટાવવાનો છે. તેથી આમાં ત્રણ પ્રકરણો કહેલાં છે. વળી શ્રીભાગવતનો પ્રસંગ, (તેનું જ્ઞાન થવાના) સાધનો અને તેનું ફલ જણાવવું એ પણ આ ત્રણ પ્રકરણોનું પ્રયોજન છે.

પહેલા પ્રકરણમાં અન્તે પ્રસંગ જણાવેલ છે (૧।૩।૩૯-૪૫). બીજા પ્રકરણની મધ્યમાં શ્રીભાગવતનું શ્રવણ વગેરે ભગવાનની પ્રાપ્તિનું મુખ્ય સાધન હોવાનું અને બીજા સાધનો નકામા હોવાનું જણાવેલ છે (૧।૫।૮-૨૨). અને ત્રીજા પ્રકરણના આરંભમાં જ શ્રીભાગવતની ઉત્પત્તિ, પ્રવૃત્તિ અને તેનાથી ભક્તિ ઉત્પન્ન થવાનું કહેલ છે (૧।૭।૩-૮).

**શ્રીભાગવતનો પ્રસંગ જ્યાં-ત્યાં જેમ-તેમ કરવાનો નથી, પરન્તુ શુદ્ધ, તીર્થનો આશ્રય કરનારા, ઘણા મોટા પુરુષો જો તે માટે પ્રાર્થના કરે તો જ કરવો યોગ્ય છે. પોતાનું જ્ઞાન તેમને જણાવી, તેઓનો શ્રીભાગવત માટેનો આદર દૃઢ કરી, પછી શ્રીભાગવતનો પ્રસંગ કરવો. તેમ કરવામાં ન આવે તો પ્રસંગ (કરવા)થી ફલ પ્રાપ્ત થતું નથી.** વળી વ્યાસ અને નારદના સંવાદથી સાધન જણાવેલ છે (૧।૫।૮-૨૨). તે સંવાદથી એમ જણાવેલું છે કે જ્ઞાનના અભિમાનવાળો હોય, સિદ્ધાન્ત ન જાણવા છતાં પણ પોતે જ્ઞાની છે એમ માનતો હોય, તેને શ્રીભાગવત કહેવું ન જોઈએ. તેથી જ "ભગવાનના ગુણોનું ગાન કર્યું નથી તેથી તમારા

આત્માને સન્તોષ થયો નથી'' એમ નારદે વ્યાસને જણાવ્યું, પરન્તુ બ્રહ્માએ જે ભાગવત પોતાને કહેલ તે વ્યાસને કહેલ નથી. પાછળથી ખોટું જ્ઞાન પ્રાપ્ત કરી, તે મોટા (પોતાને ઉપદેશ કરનાર)ના જ્ઞાનનો પણ પોતાના જ્ઞાનમાં સંવાદથી થતા સન્તોષને લીધે સમાવેશ કરવા ઈચ્છે છે તેને પણ શ્રીભાગવત કહેવું ન જોઈએ. તેમજ શ્રીભાગવતના શ્રવણથી, શ્રવણ કરનારમાં સાક્ષાત્ ભગવાનનો પ્રવેશ થાય છે, તેના સર્વ સન્દેહો દૂર થાય છે, તે સર્વત્ર નિર્ભય થાય છે અને ભગવાન્ ઉપર તેને ઘણો જ પ્રેમ થાય છે-- એવું શ્રીભાગવતનું ફલ પરીક્ષિત અને શુક ના સમાગમથી થયાનું પણ આ સમાગમના અન્તે જણાવેલું છે (૧૨।૬।૨-૭) [૨૧॥-૨૨॥]

**પ્રથમ અધિકારવાળો શ્રોતા :**

ભગવાનની કૃપાથી જેને સત્સંગ થયેલો છે તેવા તીર્થો અને યજ્ઞો થી પવિત્ર થયેલો ઉત્તમ પુરુષ પ્રયત્નપૂર્વક શ્રીકૃષ્ણસમ્બન્ધી પ્રશ્ન કરે (૧।૧।૪-૫) ત્યારે શ્રીભાગવત કહેવાની પ્રવૃત્તિ થઈ શકે. આવા શ્રોતાને પણ એકાએક શ્રીભાગવતનો ઉપદેશ કરવો યોગ્ય નથી, પરન્તુ તેના હૃદયની પરીક્ષા કરીને જ, તે યોગ્ય જણાય તો જ ઉપદેશ કરવો, એવો પ્રકાર વ્યાસજીએ શ્રીભાગવતમાં દર્શાવેલ છે. જો શ્રીભાગવતનું જ્ઞાન સામાન્ય રીતે પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય તો વક્તાએ પોતે તેને અટકાવી દેવી જોઈએ. તેથી શૌનકની આવી ઈચ્છા પહેલા અધ્યાયમાં જોવામાં આવતાં સૂતે બીજા અને ત્રીજા અધ્યાયોમાં સામાન્ય વૃત્તાન્ત જણાવી તેને અટકાવી. અટકાવવા છતાં પણ જો પછી વિશેષ ઈચ્છા થાય તો કથાનો પ્રવેશ કરાવવો. શૌનકે ૧।૪।૨-૧૩ શ્લોકોથી વિશેષ જાણવાની ઈચ્છા દર્શાવતાં, સૂતે ભાગવતની ઉત્પત્તિ કેવી રીતે થઈ તે કહી કથાનો પ્રવેશ કરાવ્યો. પછી પણ અધિક પ્રશ્ન પૂછવામાં આવે તો શ્રીભાગવતની કથા કહેવી. સાતમા અધ્યાયમાં ભાગવતની ઉત્પત્તિ કહ્યા પછી પણ શૌનકે અધિક પ્રશ્ન કર્યા ત્યારે સૂતે કથા કહેવા માંડી. શ્રીભાગવતની કથા આવી રીતે જ કહેવી જોઈએ. હર કોઈને જ્યાં-ત્યાં કહેવી યોગ્ય નથી [૨૨॥૨૫]

**વક્તાનો અધિકાર :**

વક્તા [૧]શ્રીભાગવતનો ઉપદેશ કરવાના અધિકારવાળો, [૨]સર્વ જાણનાર, [૩]સમ્પ્રદાય પ્રમાણે ઉત્તમ વક્તાથી જેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલું હોય તેવો અને [૪]ભગવાનનો ભક્ત હોવો જોઈએ.

શ્રીભાગવતમાં જણાવેલ પ્રથમ વક્તા(સૂત) વૈરાગ્યરહિત હતો. તેણે શ્રીશુક પાસેથી ભાગવતનું શ્રવણ કરેલું (૧।૩।૪૫), છતાં તે **સૂત 'પુરાણી' હોવાથી શ્રીભાગવતની કથા સંભળાવવી તે તેનો ધંધો હતો. તેથી તેને શ્રવણનું ફલ પરીક્ષિત જેવું ન મળ્યું. જો કે સૂતે શૌનક વગેરેને શ્રવણ કરાવ્યું ત્યારે તેમની પાસેથી કાંઈ લીધેલ નહિ, છતાં શ્રીભાગવત્ પુરાણ એ નામરૂપ ભગવાનનું સ્વરૂપ જ છે. તેથી જે તેનો વિક્રય કરે** (ગુજરાનમાટે ઉપયોગ

**કરે), તેમને તે વિક્રયથી જે (ધન વગેરે) ફલ પ્રાપ્ત થાય તે સિવાય બીજું ફલ આપતું નથી.** તેથી સૂત હીન(હલકા) અધિકારવાળો વક્તા છે [૨૬-૨૭]

નારદે બ્રહ્મા પાસેથી ભાગવતનું શ્રવણ કરેલ છતાં તે ઉત્તમ અધિકારવાળા વક્તા નથી, કારણ કે નારદ બ્રહ્મર્ષિ હોઈ સર્વ સ્થલે કામ-કાજમાં ગૂંથાયેલ રહેતા હોવાથી તેમને દૃઢ વૈરાગ્ય થયો ન હતો. નારદને પૂર્ણ જ્ઞાન હતું છતાં વૈરાગ્ય પૂર્ણ ન હોવાથી તે મધ્યમ અધિકારવાળા છે. સૂતને ભાગવતનું માત્ર શાબ્દિક--શબ્દનું જ્ઞાન હતું. નારદને શાબ્દિકની સાથે અર્થનું જ્ઞાન પણ હતું, પરન્તુ વૈરાગ્ય સહિત તેવું જ્ઞાન તો માત્ર શુકને જ હતું. ભગવાનનો પોતામાં આવેશ થાય તે માટે વક્તાને વૈરાગ્યની જરૂર છે. વૈરાગ્ય ન હોય તો જ્ઞાનથી વિમૂઢ થઈ જવાય. પ્રમાણ(શાસ્ત્ર) કરતાં પ્રમેય(ભગવાન્)નું બલ અધિક છે. તેથી શાસ્ત્રનું સમ્પૂર્ણ જ્ઞાન હોવા છતાં ભગવાનની ઈચ્છાથી નારદને વૈરાગ્ય થયું નહિ.

ભાગવત તો ''જેનું શ્રવણ કરવાથી શોક મોહ અને ઘડપણ ને દૂર કરનારી પરમ પુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે'' (૧।૭।૭) એમ તેની ઉત્પત્તિના પ્રસંગમાં કહેલ ફલ કરતાં અધિક ફલ આપતું નથી. તેથી જ અધિકારના વિષયમાં વૈરાગ્ય જુદું કહેલું છે, અને તેથી જ પરીક્ષિતને વૈરાગ્ય થયું એમ જણાવવા સાતમાથી અઢારમા સુધીના બાર અધ્યાયો કહેલા છે. વૈરાગ્ય પ્રાપ્ત થયું ત્યારે જ પરીક્ષિતને શ્રવણ કરવાનો અધિકાર પ્રાપ્ત થયો અને તેથી જ શુક પાસેથી પરિક્ષીત શ્રવણ કરતો હતો ત્યારે નારદ વ્યાસ વગેરે પણ શ્રવણ કરનારાઓમાં ભળેલા (૧।૧૯।૧૭). તેથી સંસારમાં વૈરાગ્ય પ્રાપ્ત કરીને શ્રીભાગવતનું શ્રવણ કરવું. એમ (વૈરાગ્ય પ્રાપ્ત) કરવાથી (શ્રવણ કરવાનો) અધિકાર ફલે છે. વિષયોમાં દોષનો અનુભવ થવાથી (સંસારમાં) વૈરાગ્ય થાય છે. વૈરાગ્ય થવાનું આ સાધન હોવા છતાં સૂતને ભગવાનના નામરૂપ ભાગવતનો વિક્રય કરવાથી અને નારદને દેવર્ષિપણાનો અધિકાર હોવાથી, ઉત્તમ વક્તાપણું પ્રાપ્ત થયેલ નથી. શુકદેવ નામસ્વરૂપ ભગવાન્(=શ્રીભાગવત)નો વિક્રય કરતા ન હતા અને વળી તેમને સંસારમાં વૈરાગ્ય પણ હતો; તેથી તેમનામાં સૂત તથા નારદ માં જે દોષ હતા તે ન હોવાથી તે ઉત્તમ વક્તા છે.

શુક ઉત્તમ અધિકારી હતા તો વ્યાસજી પાસેથી ભાગવતનું શ્રવણ કર્યા પછી ઉત્તમ ભક્તિ પ્રાપ્ત થતાં તેમને તરત ભગવાન્‌માં પ્રવેશ(મોક્ષ) પ્રાપ્ત કેમ ન થયો ? એવી શંકા ન કરવી. કારણ કે દૃઢ ભક્તિ પ્રાપ્ત થાય ત્યારે ભગવાન્‌માં તરત પ્રવેશ થવાનું અટકાવનારી પણ ભગવાનની કથા જ છે. કથા જ ભક્તોનું મૃત્યુ અટકાવનારી છે [૨૮-૨૯]

**શ્રોતાનો અધિકાર :**

શ્રોતાઓમાં હીન અધિકારવાળો શ્રોતા શૌનક છે. તે યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિવાળો હતો

(૧।૧।૪), ૨શિષ્યો ઘણા રાખતો અને ૩વક્તા સૂત (જાતીથી શૂદ્ર હોવાથી તેના)થી પોતે ઉત્તમ છે એવું માનતો, તેથી તેને શ્રવણનું સમ્પૂર્ણ ફળ પ્રાપ્ત થયું નહિ. શ્રીભાગવત શ્રવણ કર્યા પછી પણ તેને સંસારમાં વૈરાગ્ય વગેરે પ્રાપ્ત ન થયાં; છતાં તેનું શ્રીભાગવતનું શ્રવણ વ્યર્થ ગયું એમ ન માનવું, કારણ કે તેને તેથી શાસ્ત્રનું દઢ જ્ઞાન થવાથી ભગવાન્‌માં, ભગવત્પ્રાપ્તિના સાધનરૂપ ઘણી ભક્તિ થઈ અને તેથી ભગવાનની કૃપાથી (ભક્તિ સાધનરૂપ હોવાથી) કર્મદ્વારા જ તેને મોક્ષ પ્રાપ્ત થવાનો.

વ્યાસને સંસારમાં વૈરાગ્ય ન હતો, તેમજ (તેમના વક્તા) નારદને પણ ન હતો, છતાં વ્યાસ હીન અધિકારવાળા શ્રોતા નથી, પરન્તુ મધ્યમ અધિકારવાળા શ્રોતા છે. (જો કે યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિ, શિષ્યો રાખવા અને વક્તા કરતાં હું અધિક છું એવી માન્યતા એ દોષો વ્યાસમાં પણ હતાં, છતાં) બે ગુણોને લીધે તે શૌનક કરતાં અધિક (અધિકારવાળા) છે. ૧. તે તર્કથી પોતાની મેળે જ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા અને ૨. તેઓ ભગવાનના જ્ઞાનાવતાર હતા. આટલું હોવા છતાં તેઓ ઉત્તમ શ્રોતા નથી, કારણ કે તેઓ ભગવત્પ્રાપ્તિના જુદાં-જુદાં ઘણાં સાધનો હોવાનું માનતા. સાધનો જુદાં-જુદાં ઘણાં છે એવું તેમનું જ્ઞાન દઢ હતું અને નારદનો ઉપદેશ તેથી દુર્બલ હતો. તે ઉપદેશથી સાધનો ઘણાં હોવાની માન્યતા દૂર ન થઈ તેથી તે મધ્યમ શ્રોતા છે, ઉત્તમ શ્રોતા નથી [૩૦-૩૧।।]

પરીક્ષિતને યજ્ઞ વગેરે કર્મમાં આસક્તિ ન હતી. શિષ્યો તો હતા જ નહિ. વક્તા શુક કરતાં હું વધારે જ્ઞાનવાળો છું એવું અભિમાન પણ ન હતું. બ્રાહ્મણનો શાપ થવાથી રાજ્ય તજી ગંગાતટે ગયેલ, તેથી તેને સંસારમાં વૈરાગ્ય પણ થયેલ. તેથી શ્રીશુકે તેને ભાગવત કહ્યું તેટલાથી જ તેને તેમાં સન્દેહ ન રહેવાથી શ્રવણનું ફલ પ્રાપ્ત થયું, તેથી પરીક્ષિત ઉત્તમ અધિકારવાળા શ્રોતા છે. તે ઉત્તમ શ્રોતા છે એ વાત ઉત્તમ પ્રકરણમાં કહેવામાં આવશે [૩૧।।-૩૨।।]

**પ્રથમ પ્રકરણ :**

સૂતે આખુંએ ભાગવત શૌનક વગેરેને કહેલું છે. છતાં આ પહેલું પ્રકરણ પ્રારંભના ત્રણ અધ્યાયોનું જ છે, કારણ કે શૌનક જે પ્રશ્ન પૂછે છે તેના સૂત સામાન્ય રીતે પોતાનો વક્તા તરીકેનો અધિકાર જણાવવામાટે ઉત્તર આપે છે. કથાનો આરંભ કરવો એ જ આ ઉત્તરનો મુખ્ય અર્થ છે.

સૂત બે પ્રકારના ઉત્તર કહે છે : ૧. આ સ્કન્ધના બીજા અને ત્રીજા એ બે અધ્યાયો તેણે સ્વતન્ત્ર રીતે કહેલા છે. આ બે અધ્યાયોથી તે પોતાનો શ્રીભાગવતની કથા કહેવાનો અધિકાર જણાવે છે (જુઓ ૧।૩।૪૦-૪૫). ૨. બીજા ઉત્તરો જે તે આપે છે તે શ્રીભાગવત તરીકે આપે છે. તેથી તે ઉત્તરોનો આ પ્રકરણમાં સમાવેશ થતો નથી. આ પહેલા પ્રકરણથી માત્ર સૂતનો કથા

કહેવાનો અધિકાર જણાવેલ છે. તેથી આ પ્રકરણ આ સ્કન્ધના ત્રીજા અધ્યાય સુધીનું જ છે, પરન્તુ આખું ભાગવત સૂતે શૌનક વગેરેને કહેલ હોવા છતાં કથા પૂરી થાય ત્યાં સુધીનું આ પ્રકરણ નથી. આ પ્રકરણથી કથા કહેવાનો સૂતનો અધિકાર સિદ્ધ થયો ત્યાર પછી તે કથા કહેશે. સૂત આ સ્કન્ધના બીજા પ્રકરણમાં ભાગવત રચાયાનું કારણ કહેશે અને ત્રીજા પ્રકરણમાં ભાગવતની ઉત્પત્તિ અને પ્રવૃત્તિ થયાનું કહેશે, પરન્તુ તે-તે વિષયો પોતાનો અધિકાર જણાવવા કહેતો નથી, પરન્તુ શ્રીભાગવતનાં અંગ તરીકે જ કહે છે. (તેથી તેનો અધિકાર દર્શાવવા કહેલાં નથી).

શંકા : ભાગવતના અંગ તરીકે કહેવામાં આવે તેથી વક્તાનો અધિકાર સિદ્ધ થતો ન હોય, તો મધ્યમ પ્રકરણ (અધ્યાય ૪-૬) અને ઉત્તમ પ્રકરણ (અધ્યાય ૭-૧૯) થી નારદનો અને શ્રીશુકનો અધિકાર પણ સિદ્ધ ન થાય, કારણ કે તે પ્રકરણો શ્રીભાગવતના અંગ તરીકે કહેલાં છે.

સમાધાન : એવી શંકા થાય તો જાણવું કે બીજાના વચનો કહેવામાં આવે ત્યારે તે કહેનાર પોતે તે કહેવાના અધિકારવાળો નથી એમ સિદ્ધ થાય છે. પણ જો પોતે જ વચનો કહેતો હોય તો તે કહેવાનો તેને અધિકાર છે જ એમ જણાય. હીન પ્રકરણમાં સૂત પોતાનાં વચનો કહે છે, તેથી તેનો તે કહેવાનો અધિકાર સિદ્ધ થાય છે, મધ્યમ પ્રકરણમાં નારદ પોતાનાં વચનો કહે છે, તે સૂત શૌનક વગેરેને જણાવે છે, તેથી તે કહેવાનો અધિકાર નારદનો છે. ઉત્તમ પ્રકરણમાં તો શ્રોતા(પરીક્ષિત) નો જ અધિકાર દર્શાવેલ છે અને માત્ર પરીક્ષિતે કરેલ પ્રશ્નો જ કહેલા છે. તેનો ઉત્તર બીજા સ્કન્ધના અઢી અધ્યાયોથી શુક આપી પોતાનો અધિકાર સિદ્ધ કરે છે. શ્રોતાનો અધિકાર મુખ્ય હોવાથી ઉત્તમ પ્રકરણમાં તે જ જણાવેલ છે. વક્તા (શુક)નો અધિકાર સ્પષ્ટ હોવાથી તે આ સ્કન્ધમાં જણાવેલ નથી. ઉત્તમ વક્તા (શુક)નો અધિકાર ભગવાનના ચરિત્રરૂપ હોવાથી, ભાગવતની સમાન હોઈ પહેલા સ્કન્ધમાં જણાવેલ નથી, પરન્તુ બીજા સ્કન્ધના પહેલા અઢી અધ્યાયોથી જણાવેલ છે. તેથી જ મંગલાચરણ પણ તે સ્કન્ધના ચોથા અધ્યાયમાં કરેલું છે (જુઓ ૨।૪।૧૨-૨૪). તેથી મધ્યમ અને ઉત્તમ પ્રકરણમાં કહેલા ઉત્તરો નારદે કહેલા અને સૂતે કહેલા એમ બે પ્રકારના છે [૩૩।।-૩૫]

**મધ્યમ પ્રકરણ :**

મધ્યમ પ્રકરણના પણ ચોથાથી છઠ્ઠા સુધીના ત્રણ અધ્યાય છે. તેના વક્તાનો અધિકાર નારદનો છે. કારણ કે શ્રીભાગવત રચવાના પ્રયોજન અથવા કારણ તે વ્યાસને કહે છે. નારદ વ્યાસને ભાગવતનો બોધ કરવા આવેલ નથી, કારણ કે વ્યાસ (ભગવાનના જ્ઞાનાવતાર હોઈ) નારદથી ઉત્તમ છે. વ્યાસે શ્રીભાગવત રચવું એનું કારણ અથવા પ્રયોજન વ્યાસને જણાવવા જ તે આવેલ છતાં વક્તા તરીકેના તે અધિકારી છે.

**ઉત્તમ અધિકારનું પ્રકરણ**

ઉત્તમ અધિકારના પ્રકરણમાં આ સ્કન્ધના સાતમાથી ઓગણીસમા સુધીના તેર

અધ્યાયોથી શ્રોતા પરીક્ષિતનો અધિકાર દર્શાવેલ છે. વક્તા શુકનો અધિકાર તો સ્પષ્ટ હોવાથી અહીં ખાસ કહેલ નથી. તેથી આ સ્કન્ધમાં શ્રોતાનો અધિકાર જણાવતાં માત્ર પ્રશ્ન જ કહેલ છે (૧।૧૯।૩૮-૩૯).

આ પ્રશ્નનો ઉત્તર બીજા સ્કન્ધમાં પહેલા અઢી અધ્યાયોથી શુક આપશે અને તેટલાથી તેનો વક્તા તરીકેનો અધિકાર સિદ્ધ થશે (એમ પાછળ કહેલું છે). શુકનો વ્યાવહારિક અધિકાર તો સ્પષ્ટ હોવાથી કહેવાની જરૂર નથી. એક (બીજા સ્કન્ધ) થી જ સામાન્ય રીતે શ્રીભાગવતનાં અંગો શુકે કહેલાં છે અને પહેલા સ્કન્ધના પહેલા અધ્યાયમાં સામાન્ય (પ્રશ્ન ૧-૨) અને ભગવાન્ સમ્બન્ધી ખાસ એવા બે પ્રકારના પ્રશ્નો હોવાથી શુકે બે (સ્કન્ધ બીજાના બીજા તથા ત્રીજા) અધ્યાયોથી ઉત્તર આપેલો છે, પરન્તુ આ અધ્યાયોથી ટૂંકાણથી માત્ર ઉત્તર સૂચવેલો જ છે. વાસ્તવિક સમ્પૂર્ણ ભાગવતથી સર્વ પ્રશ્નોના ઉત્તર થાય છે. શ્રીભાગવતનો બોધ કરતા, આરંભમાં બીજા સ્કન્ધથી શ્રીશુકે તેના અંગો કહેલાં છે અને તેનો વક્તા તરીકેનો અધિકાર પણ શ્રીભાગવતનું અંગ હોવાથી પહેલા બે (અઢી) અધ્યાયોથી તે પણ કહેલ છે. બધું ભાગવત પહેલા સ્કન્ધના પહેલા અધ્યાયમાં જણાવેલ પ્રશ્નોના ઉત્તરરૂપ જ છે, તેથી તે અધ્યાય આખા ભાગવતનો પ્રશ્ન અધ્યાય કહેવાય છે [૩૭-૩૯]

**અધ્યાય પહેલો**

આ પહેલો અધ્યાય પ્રશ્ન અધ્યાય છે એમ ઉપર જણાવ્યું. શ્રીભાગવતમાં બધે ભગવાનનો બોધ કરવાનો છે. ભગવાન્ એટલે ભગવાળા. ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ગુણો 'ભગ' કહેવાય છે. તેથી શૌનક વગેરે મુનિઓ ભગવાન્ સમ્બન્ધી છ પ્રશ્નો કરે છે. શ્રીભાગવતના અર્થને લીધે એવી કલ્પના કરવામાં આવે છે કે બધાંએ ભાગવતમાં ભગવાન્ સમ્બન્ધી બોધ કરવાનો છે અને 'ભગ' શબ્દનો અર્થ ઉપર જણાવેલ છ ગુણો હોવાથી, તે ગુણોનું જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું હોવાથી, છ પ્રશ્નો કરેલા છે. 'ભગ' શબ્દથી જાણીતા છ ગુણોનું જ્ઞાન ભાગવતથી થતું ન હોય તો ભાગવતની પ્રવૃત્તિ નિરર્થક છે, તેથી જ અધ્યાયનાં છ પ્રશ્નો કરેલા છે. અને તેથી સૂત ૧।૨।૫ માં આ શ્રીકૃષ્ણ સમ્બન્ધી પ્રશ્ન કરવામાટે શૌનક વગેરેનું અભિનન્દન કરે છે. આ છ પ્રશ્નો અનુક્રમે આ અધ્યાયના શ્લોક ૮-૧૦, ૧૧-૧૬, ૧૭-૨૨ અને ૨૩ શ્લોકથી કરેલા છે. આખુંયે ભાગવત આ પ્રશ્નોના ઉત્તરરૂપ હોવાથી, તેમાં સર્વ સ્થળે લીલારૂપ શ્રીકૃષ્ણનું જ નિરૂપણ કરેલું છે અને તેથી જ આખા ગ્રન્થની સંગતિ થાય છે. આ છ પૈકી દરેક ગુણનું બે-બે સ્કન્ધોથી નિરૂપણ કરેલું છે.

પહેલા બે સ્કન્ધોમાં જ્ઞાનનું, ત્રીજા અને ચોથા માં વૈરાગ્યનું, પાંચમા અને છઠ્ઠામાં સ્થાન અને પોષણરૂપ બે પ્રકારના વીર્યનું સાતમા અને આઠમામાં પ્રહ્લાદ મનુ વગેરેના વૃત્તાન્તથી ઐશ્વર્યનું, નવમા અને દશમા માં યશનું અને છેલ્લા બે સ્કન્ધોમાં ભગવાન્ સ્વરૂપમાં રમણ કરે છે એમ સિદ્ધ

થતું હોવાથી તેમનાથી શ્રીનું નિરૂપણ કરે છે; અથવા ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય એ છ પૈકી દરેક ધર્મનું પહેલા સ્કન્ધથી આરંભી બારમા સુધીના બે-બે સ્કન્ધોથી અનુક્રમે નિરૂપણ કરેલું છે એમ ઘટાવવું.

આ પ્રશ્નોના સૂત પોતાનો અધિકાર ઘટાવવા બે (બીજા અને ત્રીજા) અધ્યાયોથી ઉત્તર આપે છે. બીજા અધ્યાયમાં ચાર પ્રશ્નોનો અને ત્રીજા અધ્યાયમાં બે પ્રશ્નોનો ઉત્તર આપે છે. અથવા શ્રીસુબોધિનીમાં દર્શાવ્યું છે તેમ એ બન્ને અધ્યાયોમાં સરખા એટલે ત્રણ-ત્રણ પ્રશ્નોના ઉત્તર આપે છે. શ્રીસુબોધિનીમાં એમ જણાવેલ છે કે પહેલો ફળ સમ્બન્ધી અને બીજો સાધન સમ્બન્ધી પ્રશ્નો ભેગા કરી તેમના ઉત્તર બીજા અધ્યાયના ૬-૨૨ શ્લોકોથી આપેલ છે અને ૨૩-૨૯ સુધીના શ્લોકથી કોની ભક્તિ કરવી તે જણાવેલ છે. ભગવાનનાં કર્મોસમ્બન્ધી ચોથા પ્રશ્નનો ઉત્તર ૩૦-૩૪ સુધીના શ્લોકોથી આપેલ છે. ત્રીજા અધ્યાયમાં અવતારો સમ્બન્ધી પાંચમા પ્રશ્નનો ઉત્તર પહેલા છવ્વીસ શ્લોકોથી આપેલ છે અને ૨૭ તથા ૨૮ મા શ્લોકમાં સામાન્ય રીતે તેમનાં સ્વરૂપ તથા ફળ કહેલાં છે. છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર ૪૩ મા શ્લોકથી આપેલ છે. ત્રીજા શ્રીકૃષ્ણાવતારના પ્રયોજનસમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલ ન હોવાથી, તે સમ્બન્ધી પોતાના અજ્ઞાનનો બચાવ કરવા અવતારો જાણી શકાય તેવા હોતા નથી એમ ૨૯ મા શ્લોકથી આરંભી કહે છે. તેથી શ્રીસુબોધિની પ્રમાણે પહેલા બીજા અને ચોથા પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં અને પાંચમા-ત્રીજા-છઠ્ઠા પ્રશ્નોના ઉત્તર ત્રીજા અધ્યાયમાં સૂતે આપેલ છે. ચાર પ્રશ્નોના ઉત્તર બીજા અધ્યાયમાં આપેલ છે એમ ગણીએ ત્યારે તે અધ્યાયના ૨૩-૨૯ સુધીના શ્લોકોથી ત્રીજા શ્રીકૃષ્ણાવતાર સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલો જાણવો અને ત્રીજા અધ્યાયના ૧-૪૨ સુધીના શ્લોકોથી ઐશ્વર્ય જણાવનારા અવતારો સમ્બન્ધી પ્રશ્નોનો ઉત્તર આપેલ જાણવો. આ પ્રમાણે ઉત્તર આપેલ હોવાથી એમ જણાવેલ છે કે દરેક પ્રશ્નના જુદા તથા બધાના ભેગા ઉત્તર આપવા જોઈએ [૪૦-૪૨।।]

**વાક્યાર્થ :**

વાક્યનો (શ્લોકનો) અર્થ શ્રીસુબોધિનીમાં આપેલ છે, છતાં વાક્યોના અર્થનો સરવાળો એ જ અધ્યાયનો અર્થ છે એમ જણાવવા નીચે આ અધ્યાયનાં વાક્યોનો અર્થ આપવામાં આવે છે.

**શ્લોક :**

| | |
|---|---|
| ૧ | મંગલાચરણ |
| ૨-૩ | શ્રીભાગવતની શ્રેષ્ઠતા |
| ૪-૫ | શ્રીભાગવતનો પ્રસંગ (પ્રસ્તાવના-રૂપ) |
| ૬-૮ | સૂતની સ્તુતિ |
| ૯ | પ્રશ્નો પૈકી પહેલો સાધારણ (ધર્મ સમ્બન્ધી) પ્રશ્ન |

૧૦-૧૧।। બીજો જ્ઞાનસમ્બન્ધી પ્રશ્ન
૧૨-૨૩ શ્રીકૃષ્ણસમ્બન્ધી ચાર પ્રશ્નો

(૧) શ્રીકૃષ્ણાવતારના પ્રયોજનસમ્બન્ધી પ્રશ્ન ૧૨ તથા શ્રીકૃષ્ણાવતારનું માહાત્મ્ય ૧૩-૧૬.
(૨) શ્રીકૃષ્ણનાં ચરિતસમ્બન્ધી પ્રશ્ન ૧૭.
(૩) શ્રીકૃષ્ણના જુદા-જુદા અવતારોની કથા સમ્બન્ધી પ્રશ્ન ૧૮.

આ ત્રણ પ્રશ્નો એક સાથે કરેલા છે, કારણ કે આ પ્રશ્નોથી એમ સૂચવેલું છે કે ભગવાન્ શ્રીકૃષ્ણ ભૂતલ ઉપર વિરાજતા હતા ત્યારે જે લોકો હતા તેમને મુક્તિનું દાન કરતા. તેમણે અવતાર ધારણ કરી ભક્તોને, યોગીઓને અને જ્ઞાનીઓને મુક્તિ આપી. ૧. ભક્તોને મુક્તિ આપવા તો તેમણે અવતાર જ ધારણ કરેલ. ૨. સૃષ્ટિ રચવી વગેરે પોતાનાં ચરિત્રોથી (તે જાણનાર) જ્ઞાનીઓને મુક્તિ આપતા અને ૩. પોતાના સ્વરૂપથી (તેનું ધ્યાન કરનાર) યોગીઓને મુક્તિ આપતા. અવિહિત (સ્વતન્ત્ર) ભક્તિ કરનારાઓનો પણ તેમાં-આમાં સમાવેશ થાય છે, એટલે સ્વતન્ત્ર ભક્તોને પણ ભગવાને સ્વરૂપથી સંસારમાંથી મુક્ત કરાવેલ. હવે શ્રીકૃષ્ણસમ્બન્ધી ચોથો એક જ પ્રશ્ન રહ્યો. તે પ્રશ્ન એકલો જ આ ત્રણેની સમાન બલવાળો હોવાથી જુદો જ કહેલ છે, કારણ કે ભવિષ્યમાં પોતે અવતારરૂપે ભૂતલ ઉપર વિરાજતા નહિ હોય ત્યારે ક્યા સાધનથી સર્વને મુક્તિ આપશે તે સમ્બન્ધી એ પ્રશ્ન છે. એ સાધન કરવાની પોતાની યોગ્યતા પણ જણાવવી જોઈએ, તેથી તે પ્રશ્ન પૂછ્યા। પહેલાં ઋષિઓ (શૌનક વગેરે) ૧૯-૨૨ શ્લોકથી તે સાધન (શ્રીભાગવતનું શ્રવણ) કરવાની પોતાની યોગ્યતા જણાવે છે અને ૨૩ મા શ્લોકથી છઠ્ઠો પ્રશ્ન પૂછે છે.

ભગવાન્ શ્રીકૃષ્ણ ચાર મૂર્તિવાળા હોવાથી, તેમના સમ્બન્ધી ચાર પ્રશ્નો પૂછેલ છે. વેદના કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા બે કાંડ હોવાથી અને શ્રીકૃષ્ણ તે બન્ને કાંડોના અર્થરૂપ હોવાથી ધર્મસમ્બન્ધી (પ્રશ્ન પહેલો) અને જ્ઞાનસમ્બન્ધી (પ્રશ્ન બીજો) એવા બે પ્રશ્નો પૂછેલા છે. તેથી પહેલા બે પ્રશ્નોને શ્રીકૃષ્ણ સાથે સમ્બન્ધ જ નથી એમ ન માનવું, પરન્તુ માર્ગના ભેદથી જ એ-એ પ્રશ્નો કરેલા છે. આ પ્રશ્નોથી એટલે પહેલા અધ્યાયથી એમ જણાવેલ છે કે જે શ્રીભાગવત જાણવાની ઈચ્છાવાળો હોય તે આરંભમાં તેનું શ્રવણ કરવાનો, અને જેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલું છે તે, તે કહેવાનો અધિકારી છે [૪૨-૪૬]

**અધ્યાય બીજો :**

હવે એવી જ રીતે બીજા અધ્યાયના શ્લોકોનો અર્થ કહીએ છીએ.

૧. માં સૂતનો ઉત્સાહ અને કથા કહેવાનું કારણ,

૨-૩.થી સૂત શ્રીશુકને નમસ્કાર કરે છે.

૪. થી સૂત શાસ્ત્રનો આરંભ કરવાનું જણાવે છે.

૫. થી સૂત શૌનક વગેરેએ પૂછેલા પ્રશ્નોનો અભિપ્રાય જણાવી તે પ્રશ્નોનું અભિનન્દન કરે છે.

૬-૧૦. એ પાંચ શ્લોકથી પહેલા ધર્મ (કર્મ) સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપે છે, કારણ કે કર્મ (અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ,નિરૂઢ પશુયાગ, ચાતુર્માસ અને સોમ) પાંચ પ્રકારનું છે.

૧૧-૨૨. એ બાર શ્લોકોથી બીજા જ્ઞાનસમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપે છે, કારણ કે પુરુષ બાર પ્રકારના અંગવાળો હોવાથી સત્યજ્ઞાન સમ્બન્ધી વિચાર બાર શ્લોકથી આપે છે. ''પ્રજાપતિ સત્તર રૂપવાળા છે'' એ શ્રુતિ પ્રમાણે વેદનો આટલો જ (પાંચ પ્રકારનું કર્મ અને પુરુષ નું જ્ઞાન) અર્થ છે. તેથી વેદના અર્થનો નિર્ણય જણાવવામાં સત્તર શ્લોકો કહેલા છે. આથી એમ સૂચવેલું છે કે વેદમાં એથી અધિક ગતિ નથી (એટલે આથી અધિક ફલ વેદથી પ્રાપ્ત થતું નથી). આ પ્રથમ કહેલ છે, કારણ કે કર્મ અને પુરુષના જ્ઞાનનો નિર્ણય થાય ત્યારે જ ભગવાનના ગુણોનું શ્રવણ વગેરે થાય છે. તેથી શ્રવણ વગેરે થઈ શકે તે માટે જ આ બે પ્રશ્નોના ઉત્તર આપ્યા. પછી આદરપૂર્વક ભગવાનના ગુણોનું શ્રવણ વગેરે કરતા, ભગવાન્‌માં પ્રેમ ઉત્પન્ન થાય છે. પછી ભગવાનની શ્રવણ વગેરે કરનાર ઉપર પ્રીતિ થાય છે. પછી તેનો ઉદ્ધાર કરવા ભગવાનના અવતાર વગેરે થાય છે, એવો ક્રમ છે [૪૭-૪૯]

૨૩-૨૯. એ સાત શ્લોકોથી ભગવાનના જન્મ (અવતારો) થવાનું કારણ કહેલું છે. (આને ત્રીજા પ્રશ્નનો ઉત્તર ગણી શકાય. તેમ કરવાથી આ અધ્યાયમાં ચાર પ્રશ્નોના ઉત્તર આપેલા ગણાય). ભગવાનના અવતારો ભક્તોનો ઉદ્ધાર કરવા થાય છે. આ અવતારોમાં બે પ્રકાર છે. પહેલા પાંચ(૨૩-૨૭) શ્લોકોથી સત્ત્વગુણ હોવાનો જેઓમાં નિશ્ચય થાય છે તેવા અવતારોનું ભજન કરવાનું કહેલું છે, કારણ કે વિચાર કરનારા પાંચ છે. (ભગવદ્ગીતા ૧૮।૧૪માં જણાવેલા અધિષ્ઠાન, કર્તા, પૃથગ્વિધ કરણ, વિવિધ ચેષ્ટા અને દૈવ એ પાંચ મનુષ્ય જે કાંઈ કર્મ કરે છે, તેનાં કારણ હોવાનું કહેલું છે) ઉત્તમ ભક્તિ થાય એ વિચારનું પ્રયોજન છે. વળી સામાન્ય રીતે બધા અવતારોનું મૂળ તો ગુણોથી પર ભગવાન્ વાસુદેવ છે એવું જાણવું એ પણ આ વિચારનું બીજું પ્રયોજન છે. બાકીના બે (૨૮-૨૯) શ્લોકોથી ગુણોથી પર વાસુદેવનો અવતાર કહેલો છે.

શૌનક વગેરેએ શ્રીકૃષ્ણને અવતાર લેવાનું પ્રયોજન પૂછેલું, છતાં સૂતે સામાન્ય રીતે અવતાર લેવાનું પ્રયોજન ઉત્તરમાં કહ્યું. કારણ શૌનક વગેરેને શ્રીકૃષ્ણના સ્વરૂપનું જ્ઞાન ન હતું. જેને સ્વરૂપનું જ્ઞાન હોય તેને જ તેમના જન્મ (અવતાર)નું પ્રયોજન કહેવાય. જેને સ્વરૂપનું જ્ઞાન ન હોય તેને પણ જો પ્રયોજન કહેવામાં આવે તો જેમ ફળનું પ્રયોજન ન હોય ત્યારે ફળ નકામું થાય છે તેમ સ્વરૂપના અજ્ઞાનવાળાને તે (અવતાર)થી થતું ફળ કહેવામાં આવે તો તે વચન નકામું થાય છે. આથી એમ સૂચવ્યું છે કે સર્વ સ્થલે આ પ્રમાણે સ્વરૂપનું જ્ઞાન છે એમ જાણીને જ જન્મનું પ્રયોજન જણાવવું જોઈએ. તેથી જ આ સ્કન્ધના આઠમા અધ્યાયમાં

કુન્તીએ કરેલી સ્તુતિમાં પ્રથમ ''નમસ્યે પુરુષં'' એ શ્લોકથી આરંભી સૂત ત્રણ શ્લોકથી શૌનક વગેરેને શ્રીકૃષ્ણનું સ્વરૂપ જણાવશે, પછી તેમની ઘણી શ્રદ્ધા જોવાથી, તેમણે તે જાણ્યું છે એવો નિશ્ચય કરી, પછી ''કેચિદાહુરજં જાતં'' એ શ્લોકથી આરંભી શ્રીકૃષ્ણના અવતારનું પ્રયોજન તેઓને કહેશે [૫૦-૫૨।।]

૩૦-૩૪. એ પાંચ શ્લોકથી ભગવાનની લીલા અથવા ચરિત કહે છે, એટલે ચોથા પ્રશ્નનો ઉત્તર આપે છે. આ શ્લોકમાં અનુક્રમે ૧. જગત્ ઉત્પન્ન કરવાની ૨. તેમાં પ્રવેશ કરવાની ૩. બધાં ભૂતોમાં પોતે એક હોવા છતાં જુદા-જુદા હોય તેવા દેખાવાની ૪. ભોગ કરવાની અને ૫. રક્ષણ કરવાની એવી પાંચ લીલાઓ કહેલી છે. અવતાર લીધા પહેલાં; પોતાના સ્વરૂપમાં રહેલા ભગવાનની આ પાંચ પ્રકારની લીલાઓ કહેલી છે. અહીં આ અધ્યાય પૂરો થાય છે.

અવતાર લીધા પછી ભગવાન્ અનેક પ્રકારની જે લીલાઓ કરે છે તે ત્રીજા અધ્યાયમાં કહેશે. આ ત્રીજા અધ્યાયનો અર્થ એવો છે કે (શ્રીભાગવત) શ્રવણ કરનાર ઈર્ષ્યા વિનાનો હોવો જોઈએ. આ હીન અધિકારવાળાના બીજા ગુણો જણાવ્યા [૫૨।।-૫૩।।]

**અધ્યાય ત્રીજો :**

હવે ત્રીજા અધ્યાયના આરંભથી અવતારો સમ્બન્ધી પાંચમા પ્રશ્નનો ઉત્તર આપે છે. સમાન સત્ત્વવાળા શરીરોમાં ભગવાનનો આવિર્ભાવ અને અવતારો શુદ્ધ અને અશુદ્ધ ભેદથી થાય છે. અશુદ્ધ એટલે બીજા રજસ્ વગેરે ગુણો સાથે ભળેલા સત્ત્વવાળા. જેમના દેહમાં કોઈ સમયે જ્યારે સત્ત્વગુણ જ હોય ત્યારે ભગવાનનો આવિર્ભાવ થાય છે તેઓ 'આવેશ'વાળા કહેવાય છે. અને શુદ્ધ એટલે સદા સત્ત્વવાળા જ જેમના દેહમાં ભગવાનનો આવિર્ભાવ થયેલ હોય તેઓ 'અવતાર' કહેવાય છે. જેમ મહારાજા પોતાના દેશમાં ફરતાં-ફરતાં પોતાને રહેવામાટે રચેલાં મકાનોમાં રહે છે અને કોઈ સમયે રાજધાનીમાં પોતાના મહેલમાં પણ રહે છે અને આ બન્ને પ્રકારનાં ઘરો જ્યાં સુધી તેઓમાં મહારાજા રહે ત્યાં સુધી મહારાજાનાં જ ઘરો કહેવાય છે, તેમ જ્યારે આવેશવાળાઓમાં આ આવેશ હોય ત્યારે અવતારમાં અને તેમનામાં કાંઈ ભેદ ન હોવાથી તેમની ગણના અવતારની સમાન થાય છે. આવેશવાળા નારદ વગેરે અવતારો સત્ત્વગુણવાળા દેહમાં રહેતા હોઈ ગુણવાળા છે. માત્ર શ્રીકૃષ્ણ જ નિર્ગુણ અથવા ગુણથી પર છે.

બહારનું અને અંદરનું એવા ભેદથી દુઃખ બે પ્રકારનું હોવાથી ભગવાન્ બે પ્રકારના અવતારો ધારણ કરે છે. બહારનું દુઃખ દૂર કરવા ક્રિયાશક્તિવાળા અવતાર ધારણ કરે છે અને અંદરનું દુઃખ દૂર કરવા જ્ઞાનશક્તિવાળા અવતાર ધારણ કરે છે. વરાહ, કૂર્મ, નૃસિંહ વગેરે અવતારો છે. તે અવતારો લઈ ભગવાન્ બલનું કાર્ય કરે. તેવી જ રીતે દત્તાત્રેય, વ્યાસ, કપિલ વગેરે જ્ઞાનશક્તિવાળા અવતારો છે. તે અવતારો લઈ ભગવાન્ તેમનાથી જ્ઞાનનું કાર્ય કરે છે [૫૩।।-૫૬]

**ભગવાનના અવતારો નીચે પ્રમાણે છે :**

મત્સ્ય, કૂર્મ, વરાહ, વામન, પરશુરામ, મન્વન્તરોમાંના અવતારો (જુઓ શ્લોક ૨૭ સુબોધિની સાથે), વ્યાસ, બુદ્ધ, રામચન્દ્ર, કપિલ, દત્તાત્રેય, ઋષભ, શિશુમાર, રુચિના પુત્ર (યજ્ઞ)નારાયણ, હરિ, શ્રીકૃષ્ણ, તાપસ અને મનુ, મહિદાસ, હંસ, સ્ત્રીરૂપ મોહિની, હયશીર્ષ, વડવામુખ, કલ્કિ, ધન્વન્તરિ, પ્રભુ વગેરે.

'અવતાર' એટલે અવતરવું, વ્યાપિવૈકુંઠમાંથી ભગવાનનું જગતમાં પધારવું. જેમ અક્ષય જલમાંથી ઘણી નહેરો નીકળે છે તેમ ભગવાનના આવા અસંખ્ય અવતારો થાય છે(શ્લોક ૨૬). તેથી શ્રીભાગવતમાં નહિ જણાવેલા પરન્તુ નારદ પંચરાત્ર વગેરે શાસ્ત્રોમાં જણાવેલા કેટલાક અવતારો ચાલુ વિષયમાં ઉપયોગી હોવાથી ઉપર જણાવેલ છે [૫૭-૫૯।।]

જ્યારે કાર્ય કરવું હોય ત્યારે તે કાર્ય કરવા ભગવાન્ જેના દેહમાં પ્રવેશ કરે તે ભગવાનના આવેશવાળા કહેવાય છે. તેઓ નીચે પ્રમાણે છે :

> લક્ષ્મી, બ્રહ્મા, શંકર, શેષ, ગરુડ, ઈન્દ્ર, કામ, કામનો પુત્ર અનિરુદ્ધ, સૂર્ય, ચન્દ્ર, બૃહસ્પતિ, ધર્મ, એમની પત્નીઓ, દક્ષ વગેરે મનુઓ, મનુના પુત્રો, ઋષિઓ, નારદ, પર્વત(ઋષિ), કશ્યપ, સનક સનન્દન સનાતન અને સનત્કુમાર એ ચાર ભાઈઓ, અગ્નિ વગેરે દેવતાઓ, ભરત અને સહસ્રાર્જુન, પૃથુ વગેરે ચક્રવર્તીરાજાઓ, ગય, લક્ષ્મણ-ભરત-શત્રુઘ્ન એ ત્રણ ભાઈઓ, રોહિણીપુત્ર બલભદ્ર, રુક્મિણીનો પુત્ર પ્રદ્યુમ્ન, તેમનો પુત્ર અનિરુદ્ધ, નર-અર્જુન વગેરે.

ભાગવતમાં નહિ જણાવેલા પણ પંચરાત્ર વગેરે શાસ્ત્રમાં જણાવેલા આવેશવાળાઓનો પણ આમાં અવતારો પેઠે સમાવેશ કરેલ છે [૫૯।।-૬૪]

શ્રીકૃષ્ણને ઉપર, સામાન્ય રીતે, અવતાર તરીકે ગણાવેલા છે પરન્તુ તેઓશ્રી પૂર્ણ ભગવાન્ (પુરુષોત્તમ) છે. તે પૂર્ણ પુરુષોત્તમ શુદ્ધ સત્ત્વથી પોતાની ઈચ્છાથી અવતરણ કરે છે, તેથી અવતારમાં તેમને ગણેલા છે. ખરેખર તો તેઓશ્રી પોતે જ સમ્પૂર્ણ જ્ઞાનશક્તિ અને સમ્પૂર્ણ ક્રિયાશક્તિવાળા ભગવાન્ જ છે. એ પ્રમાણે આ અધ્યાયના ૧-૨૭।। શ્લોકથી ભગવાનના અવતારો કહ્યા. આ પાંચમા પ્રશ્નનો ઉત્તર થયો [૬૫-૬૫।।]

૨૮-૨૯. થી અવતારો ધારણ કરવાનું સામાન્ય પ્રયોજન કહ્યું. અને આ પ્રયોજન તથા શ્રીભાગવત જણાવ્યું (શ્લોક ૪૦-૪૨) તેની વચ્ચે નીચેના ચાર વિષયો કહેલા છે :

૩૦-૩૨. થી ભગવાનનું માહાત્મ્ય જણાવવામાં આવે ત્યારે જીવની મુક્તિ થાય છે, તેથી

મુક્તિ થાય તે માટે આ શ્લોકોથી જીવનો બન્ધ અને ભગવાનનું માહાત્મ્ય જાણાવેલાં છે,

૩૩-૩૪. થી જીવની મુક્તિનો પ્રકાર અને મુક્તિ જણાવેલ છે.

૩૫-૩૬. થી ભગવાન્ નિત્યમુક્ત હોવાનું જણાવેલ છે.

૩૭. થી ભગવાનની લીલાનું તથા ભગવાનનું જ્ઞાન થવું ઘણું દુર્લભ હોવાનું જણાવેલ છે [૬૫।।-૬૬]

૩૮-૪૩. થી પહેલાના પુરુષોએ આ વિષયનું વિવરણ (શ્રીભાગવત) કરેલ હોવાનું, (૪૦-૪૩) તથા તે વિવરણથી હીન અધિકારવાળા તથા મધ્યમ અધિકારવાળાઓને પણ ભક્તિ પ્રાપ્ત થતી હોવાનું (૩૮-૩૯) જણાવેલ છે. ઉત્તમ અધિકારવાળાને તો સંક્ષેપથી તે કહેવામાં આવે તેથી પણ ભક્તિ પ્રાપ્ત થાય છે, પરન્તુ હીન અને મધ્યમ અધિકારવાળાને તેવી રીતે ભક્તિ પ્રાપ્ત થતી ન હોવાથી, ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ઉપર જણાવેલ વિવરણ (શ્રીભાગવત) રચેલું છે.

૪૪. આ શ્લોકથી છઠ્ઠા પ્રશ્નનો ઉત્તર આપેલ છે.

૪૫. શ્રીભાગવત કહેવાની આ શ્લોકથી પતિજ્ઞા કરે છે.

આ અધ્યાયથી રહસ્યનું જ્ઞાન હોવું એ વક્તાનો અને તે રહસ્યના શ્રવણમાં આદર હોવો એ શ્રોતાનો ત્રીજો ગુણ હોવાનું જણાવેલું છે. અહીં અધ્યાય તથા હીન અધિકારનું પહેલું પ્રકરણ પૂર્ણ થાય છે.

આ પ્રકરણના ત્રણ અધ્યાયોથી અનુક્રમે :

ક. શ્રીભાગવતનું શ્રવણ કરેલ હોવું.

ખ. ચાતુર્ય અને

ગ. રહસ્યનું જ્ઞાન

— એ ત્રણ હીન અધિકારવાળા વક્તાના અને

ક. શ્રવણ કરવાની ઈચ્છા

ખ. ઈર્ષ્યા ન હોવી અને

ગ. રહસ્યના શ્રવણમાં આદર હોવો

— એ ત્રણ હીન અધિકારવાળા શ્રોતાના ગુણો હોવાનું જણાવેલ છે [૬૫।।-૬૬।।]

**શૌનકના પ્રશ્ન :**

પહેલા અધ્યાયના ત્રેવીસમા શ્લોકમાં શૌનક વગેરેએ ભગવાન્ શ્રીકૃષ્ણ વૈકુંઠમાં પધાર્યા ત્યારે ધર્મ કોને શરણે ગયો એવો માત્ર વિચાર થવાથી જ પ્રશ્ન કરેલો. તેનો ઉત્તર આપતાં સૂતે ત્રીજા અધ્યાયના તેતાલીસમા શ્લોકમાં જણાવ્યું કે ''હમણાં (શ્રીકૃષ્ણ વૈકુંઠ પધાર્યા પછી) શ્રીભાગવત નામના પુરાણરૂપ સૂર્યનું પ્રાકટ્ય થયું છે'' વગેરે. આ સાંભળી શૌનકને ઘણો હર્ષ થયો, કારણ કે

લોક પોતાની રુચિ પ્રમાણે હર કોઈ વિષયમાં પ્રવૃત્તિ કરે છે, પણ જ્યારે તેમને ભાન થાય કે પોતે જે વિષયમાં પ્રવૃત્તિ કરે છે તે જ શાસ્ત્રમાં પ્રમાણ ગણાયેલ છે ત્યારે તેમને હર્ષ થાય જ. તેથી શૌનક સૂતને શ્રીભાગવત સમ્બન્ધી વધારે પ્રશ્નો કરે છે.

૧. ‘‘ભગવાન્ શુકે કહેલી શ્રીભાગવતની પવિત્ર કથા અમને કહો’’ (અધ્યાય ૪।૨) એમ શ્રીભાગવતના સ્વરૂપસમ્બન્ધી પ્રશ્ન કર્યો.
૨. ‘‘ક્યા યુગમાં શ્રીભાગવતની પ્રવૃત્તિ થઈ ?’’ એમ તેની ઉત્પત્તિ સમ્બન્ધી પ્રશ્ન કર્યો અને
૩. ‘‘કોની પ્રેરણાથી વ્યાસે તે રચ્યું ?’’ તેની ઉત્પત્તિનાં કારણ સમ્બન્ધી પ્રશ્ન કર્યો. — આમ આ ત્રણ મુખ્ય પ્રશ્નો કર્યા.

**આગળ બીજા ત્રણ પ્રશ્નો કરે છે :**

૧. ‘‘શુક વ્યાસ પાસેથી શ્રીભાગવત શા માટે ભણે ?’’ આ પ્રશ્ન ૧।૪।૪ માં શુકનો સ્વભાવ જણાવી સૂચવેલ છે.
૨. ‘‘વ્યાસ શુકને શ્રીભાગવત કેવી રીતે ભણાવે !’’ આ પ્રશ્ન પણ ૧।૪।૬ માં શુકની ક્રિયાનું વર્ણન કરી સૂચવેલો છે.
૩. ‘‘પરીક્ષિત સાર્વભૌમ રાજલક્ષ્મીનો અનાદર કરી શા માટે ગંગા તીરે મરણ પર્યન્ત ઉપવાસ કરવા બેસે ?’’ (૧।૪।૧૦). ૧।૩।૪૨ માં સૂતે કહેલ કે ‘‘મરણ પર્યન્ત ઉપવાસ કરવા ગંગાના તીરે બેઠેલા પરીક્ષિતને શુકે શ્રીભાગવતનું શ્રવણ કરાવેલ’’ તેથી આ ત્રીજો પ્રશ્ન ઉદ્ભવ્યો.

પરીક્ષિતનું માહાત્મ્ય પહેલાં શૌનક વગેરેના જાણવામાં આવેલું. તેણે મરણ પર્યન્ત ઉપવાસ આદર્યા તેથી તેનું માહાત્મ્ય જેવું સાંભળેલું તેવું છે કે નહિ તેવો સન્દેહ થવાથી ૪. તેનાં જન્મ અને કર્મ સમ્બન્ધી પણ એક પ્રશ્ન કર્યો (૧।૪।૯). આ ચોથો પ્રશ્ન થયો. આ પ્રશ્ન કરવાનું કારણ એવું છે કે શ્રીભાગવતની ઉત્પત્તિ તથા પ્રવૃત્તિ ના વિષયમાં જે તર્કથી વિરુદ્ધ હોય તેવું સાંભળવામાં આવે તો પોતાને પણ ઉત્તમ ફલ પ્રાપ્ત ન થાય. વળી આ વિષય અલૌકિક હોવાથી તેમાં પોતાની કલ્પના ન કરાય. લૌકિક વિષયમાં પોતાની ઈચ્છા પ્રમાણે કલ્પના કરી શકાય. પરન્તુ અલૌકિક વિષયમાં તેવી કલ્પના કરાતી ન હોવાથી, જેવી કલ્પના કરવાથી તર્કનો વિરોધ ન રહે તેવી કલ્પના આ વિષયમાં કરી શકાય તેમ ન હોવાથી, તર્કનો વિરોધ કેવી રીતે રહેતો નથી એ જાણવા શૌનકે આ પ્રશ્નો કરેલ છે. આ વિષયમાં શૌનકને તર્કનો વિરોધ જણાય છે, કારણ કે તે એમ જણાવે છે કે ‘‘આત્મા જ ફલ છે, અને તે પ્રાપ્ત કરવામાં વિષયો (ધન, રાજ્ય વગેરે) જ વિઘ્ન કરનારાં છે અને તેથી બધા શાસ્ત્રો; વિષયોનો જ ત્યાગ કરાવવામાટે રચાયેલાં છે. શુક તો પોતાની મેળે જન્મથી જ વિષયોથી દૂર રહેલા, તેથી તેમને શ્રીભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન ? તેને શ્રીભાગવતનું વર્ણન કરવાનું (પરીક્ષિતને કહેવાનું) તો જરીએ પ્રયોજન ન હોય. પોતાનું ઉત્તમપણું જણાવવા

પણ તેમ કરવાનું શુકને કાંઈ પ્રયોજન ન હતું, કારણ કે તે આ પહેલાંના જન્મમાં જ સર્વથી ઉત્તમ પૂર્ણ જ્ઞાનવાળો હતો અને તેથી આ જન્મમાં તેને જનોઈ લેવાની પણ જરૂર ન હતી. એવા ઉત્તમ જ્ઞાનીને શ્રીભાગવતનું શ્રવણ અથવા ઉપદેશ કરવાથી શો લાભ ? વળી શ્રીકૃષ્ણની કૃપા પણ એના ઉપર એની મેળે જ થયેલી. પરીક્ષિત પણ આવો જ હતો. સાર્વભૌમ રાજલક્ષ્મી વગેરે વિષયોનો ત્યાગ કરી ગંગાના તીરે મરણ સુધી ઉપવાસ કરવા બેઠેલો અને ભગવાનની પણ એના ઉપર કૃપા હતી તેથી તેને પણ શ્રીભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન ? આવા તર્કના વિરોધ જણાવાથી શૌનકે ઉપર જણાવેલ ત્રણ પ્રશ્નો કર્યા અને પરીક્ષિત ઉપર ભગવાનની કૃપા હતી તે સ્પષ્ટ કરવા તેના જન્મ સમ્બન્ધી પ્રશ્ન કર્યો.

બીજાઓ (બોપદેવ) નો અભિપ્રાય એવો છે કે પાછળથી કરેલ ત્રણ પ્રશ્નો તથા પરીક્ષિતના જન્મસમ્બન્ધી પ્રશ્ન શ્રીકૃષ્ણ પ્રતિ ભક્તિ હોવાને લીધે શૌનકે પ્રસંગવશ કરેલ છે, કારણ કે ભક્તો ઉપર ભગવાનની કૃપા હોય છે એમ તે સારી રીતે જાણતો હતો. આ અભિપ્રાય યોગ્ય નથી. વાસ્તવિક રીતે પહેલા જે ત્રણ પ્રશ્ન શ્રીભાગવતનાં સ્વરૂપ, ઉત્પત્તિ અને (ઉત્પત્તિનાં) કારણ સમ્બન્ધી કરેલ તેજ મુખ્ય પ્રશ્નો છે. તે પ્રશ્નોના ઉત્તર જાણવામાં આવતાં, બીજા પ્રશ્નોના ઉત્તરનો તેમાં જ સમાવેશ થઈ જશે, તેથી મુખ્ય પ્રશ્નો ત્રણ જ છે [।।૬૬-૭૦]

આ ત્રણ મુખ્ય પ્રશ્નો પૈકી પહેલા શ્રીભાગવતના સ્વરૂપ સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર બીજા સ્કન્ધમાં અપાશે. બીજા અને ત્રીજા પ્રશ્નોના ઉત્તરો આ સ્કન્ધમાં આપેલ છે. તેમાં પણ ત્રીજા પ્રશ્નનો ઉત્તર આ મધ્યમ પ્રકરણ (અધ્યાય ૪-૬) માં આપેલ છે. બીજા પ્રવૃત્તિ સમ્બન્ધી પ્રશ્નોનો ઉત્તર ઉત્તમ પ્રકરણ (અધ્યાય ૭-૧૯) માં અપાશે. આથી એમ સૂચવેલું છે કે એક-એક પ્રશ્નનો ઉત્તર એક-એક પ્રકરણથી આપેલ છે. કોની પ્રેરણાથી વ્યાસે શ્રીભાગવત રચ્યું ? એ ત્રીજા પ્રશ્નનો ઉત્તર : નારદની પ્રેરણાથી રચ્યું, એવો છે. તે ઉત્તર આ સ્કન્ધના અધ્યાય ૪-૬ થી આપેલ છે. ચોથા અધ્યાયમાં તે રચવાનું કારણ કહેલ છે. પાંચમા અધ્યાયમાં તે રચવાની યોગ્યતા જણાવેલી છે. અને છઠ્ઠા અધ્યાયમાં નારદ વ્યાસને તે રચવાની પ્રેરણા કરે છે તે પછી વ્યાસે તે રચ્યું એ તો અનુવાદ (તે જ વાત ફરી કહેવી તે) થયો. તેથી આ પ્રકરણ શ્રીભાગવતની ઉત્પતિનું કારણ જણાવવામાં જ સમાપ્ત થાય છે. તેથી આ ઉપોદ્‌ઘાત શ્રીભાગવતની ઉત્પતિના કારણ રૂપ છે.

શ્રીભાગવત રચવાનું કારણ અહિં ઉપોદ્‌ઘાત તરીકે જણાવેલું હોવાથી, આ પ્રકરણમાં કારણનો પણ વિચાર કરવો જોઈએ. તેથી [1]નારદે વ્યાસને શ્રીભાગવત સમ્બન્ધી બોધ કરવાનો ક્યો પ્રસંગ હતો [2]તેણે તેમને એ બોધ કરવાનું શું પ્રયોજન હતું અને [3]નારદ કોણ (કેવો પુરુષ) હતો, એ ત્રણનું સ્વરૂપ પણ જણાવવું જોઈએ(તે ૪-૬ સુધીના ત્રણ અધ્યાયોથી અનુક્રમે જણાવેલું છે).

શંકા : પહેલા અધ્યાયમાં શૌનકે જેવા પ્રશ્ન કરેલ તેવા જ આ પ્રશ્નો છે. તેથી પહેલા અધ્યાયમાં કરેલ પ્રશ્નો અને તેના ઉત્તરોનો જેમ હીન પ્રકરણમાં સમાવેશ કર્યો તેમ આ પ્રશ્નો તેના ઉત્તરોની ગણના પણ હીન પ્રકરણમાં કરવી જોઈએ, કારણ કે સમાધિદ્વારા જણાયેલ સમ્પૂર્ણ શ્રીભાગવતમાં શ્રીભાગવતની ઉત્પત્તિનું કારણ જણાવનાર તરીકે આ પ્રશ્નો તથા ઉત્તરોનો સમાવેશ થાય છે — એવી શંકા ન કરવી. સમાધાન : કારણ કે આ પ્રશ્ન તથા ઉત્તરોથી શ્રોતા વ્યાસ અને વક્તા નારદ એ બન્નેને ફલ પ્રાપ્ત થયાનું જણાવેલું છે. ભગવાનના ભક્ત થવું એ ફલ શ્રોતા તથા વક્તા બન્નેને પ્રાપ્ત થયેલ હોવાનું અહીં જણાવેલ છે. આવું શૌનક અને સૂતના સમ્બન્ધમાં આ સ્કન્ધના પહેલા ત્રણ અધ્યાયોમાં જણાવેલ નથી. તેથી આ પહેલાથી જુદું મધ્યમ અધિકાર દર્શાવનારું પ્રકરણ ગણેલું છે [૭૧-૭૧।।]

**પ્રકરણના અધ્યાયોના અર્થ :**

નારદે વ્યાસને શ્રીભાગવત રચવાની જે પ્રસંગને લીધે પ્રેરણા કરી તે પ્રસંગ ચોથા અધ્યાયમાં કહેલો છે. ચોથા અધ્યાયમાં શૌનકે કરેલ પ્રશ્ન આ પ્રસંગના અંગરૂપ છે. પ્રકરણના આરંભમાં કરેલ આ પ્રશ્ન અધ્યાયના અર્થને ખોટા ઠરાવી શકતા નથી. વ્યાસે વેદના ચાર ભાગ કર્યા, ઈતિહાસ અને પુરાણરૂપ પાંચમો વેદ રચ્યો, સ્ત્રીઓ-શૂદ્રો અને નામમાત્રનાં દ્વિજોને વેદના અધ્યયન વગેરેનો અધિકાર ન હોવાથી તેમનું કલ્યાણ સધાય તે માટે ભારત રચ્યું, છતાં તેમના મનમાં સન્તોષ ન થયો, તેમને પ્રસન્નતા પ્રાપ્ત ન થઈ, તેથી તેનું કારણ વિચારતાં સરસ્વતીના તીરે તે ખેદ કરતા હતા ત્યારે નારદ ત્યાં તેમના આશ્રમે આવ્યા એ પ્રસંગ છે.

જે વ્યાસનું વચન હોવાને લીધે સર્વને જેમાં વિશ્વાસ રહે છે તે વ્યાસજીને જ વેદ વગેરેનું ફલ ઉલટું જણાયું. વેદના વિભાગ કરવા છતાં, તેમજ ઈતિહાસ અને (શ્રીભાગવત સિવાયનાં) બીજા પુરાણો લખવા છતાં તેમને જ પ્રસન્નતા પ્રાપ્ત ન થઈ, તો પછી તેમણે કહેલા આ ઈતિહાસ અને પુરાણો થી અન્ય લોકોને ફલ કેવી રીતે પ્રાપ્ત થશે, એમ જણાવવા તેમની ચિન્તાનું આ ચોથા અધ્યાયમાં વર્ણન કરેલું છે.

પાંચમા અધ્યાયમાં વ્યાસે નારદને પોતાની આ ચિન્તાનું કારણ પૂછતાં(શ્લો.૫) નારદ તેમને ઉત્તર આપે છે. નારદ કહે છે કે "તમે (વ્યાસે) ભગવાનના ગુણોનું ગાન કરેલું નથી, તેથી તમને આ ચિન્તા થઈ છે. તેથી સમાધિથી ભગવાનનું ભક્તિ ઉત્પન્ન કરનારું ચરિત્ર જાણી, તેનું સ્મરણ કરો(શ્લો.૧૩), તમારા અવતારનું પ્રયોજન જાણો અને ભગવાનના ચરિત્રનું ટૂંકાણમાં નિરૂપણ કરો. કારણ કે ભગવાનનું ચરિત્ર વાણી અને મનથી પણ જાણી શકાય તેવું ન હોવાથી તેનું સમ્પૂર્ણ નિરૂપણ થઈ શકે તેમ નથી(શ્લો.૨૧)" એ પ્રમાણે સામાન્ય રીતે વ્યાસજીના પ્રશ્નનો ઉત્તર આપી, આરંભમાં કરવાના સાધનથી માંડી ફલ પ્રાપ્ત થાય ત્યાં સુધીના સાધનો અનુક્રમે કહેવામાટે દૃષ્ટાન્ત તરીકે નારદ પોતાનું ચરિત્ર પણ વ્યાસને આ અધ્યાયમાં કહે છે.

છઠ્ઠા અધ્યાયમાં નારદે કરેલ સાધનો સાથે તેને પ્રાપ્ત થયેલ ફલ કહે છે [૭૧-૭૩।।]

**વ્યાસ અને નારદ ને શ્રોતા તથા વક્તા તરીકેના અધિકારની સિદ્ધિ :**

આ મધ્યમ પ્રકરણમાં વ્યાસને અને નારદને શ્રોતા અને વક્તા ના અધિકાર અનુક્રમે પ્રાપ્ત થયાનું જણાવેલ છે. વ્યાસને પોતાના વેદના વિભાગ કરવા વગેરે કાર્યથી પ્રસન્નતા પ્રાપ્ત ન થતાં ખેદ થયો એ વૃત્તાન્ત તેમનું ભગવદીય હોવાનું દર્શાવે છે. કારણ કે જે ભગવદીય ન હોય અને ભગવાન્‌થી ઉદાસીન હોય તેને ભગવાન્ એવી રીતે ખેદ ન કરાવે. તેથી વ્યાસ ભગવદીય છે એમ પાંચમા અધ્યાય(શ્લો.૨૦-૨૧) માં જણાવેલું છે. ભગવદીય હોવું એ મધ્યમ અધિકારવાળાનું ફલ છે જ્યારે ભગવત્પણું પ્રાપ્ત થવું એ ઉત્તમ અધિકારવાળાનું ફલ છે. શુકે ભગવત્પણું પ્રાપ્ત કરેલ અને રાજા પરીક્ષિત પણ તેમના જેવો જ થયેલો, નારદ પણ ભગવદીય થયેલ એમ પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં જણાવેલું છે.

ભગવદીયપણું બે પ્રકારનું છે : ૧. ભગવાન્ પોતાના કાર્યમાટે આરંભથી જ કાંઈક (કોઈકને ભગવદીય) કરે છે ત્યારે તેને સાધન કરવાની જરૂર રહેતી નથી. જ્યારે ૨. બીજાં સાધનો કરી ભગવદીયપણું પ્રાપ્ત કરે છે. સાધનો કરી ભગવદીય કેવી રીતે થવાય તે જણાવવા નારદ પોતાનો વૃત્તાન્ત અનુક્રમે કહે છે. આ સાધનોમાં પ્રથમ સાધન [1]સત્સંગ છે(અ.૫ શ્લો.૨૩-૨૮). પછીનું સાધન [2]જીવના સ્વરૂપનું જ્ઞાન અને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન છે(શ્લો.૩૦-૩૧). પછી [3]ભગવાનનો અનુભવ થાય છે કે ભગવાન્ સર્વત્ર હોવા છતાં પ્રકાશતા હોવા છતાં પ્રકટ થતા નથી, એવો તેમની માયાનો પ્રભાવ છે(શ્લો.૩૧). તેથી ભગવાન્ સર્વત્ર પ્રકાશતા હોવાને લીધે તેમની પ્રાપ્તિ કરવાના વિષયમાં કાંઈ કરવાપણું નથી એવો ભગવાનનો અનુભવ થાય છે. એ પ્રમાણે પોતાને ભગવાનનો અનુભવ થયો ત્યાર પછી માત્ર ચિહ્નોથી ભગવાનનો અનુભવ થાય તે નિરર્થક હોવાથી, પોતાને ભગદીયપણું પ્રાપ્ત થયા પછી પણ ''હું નારદ છું'' એમ તે માનતા હતા. તે દૂર થાય એટલે ''હું ભગવાનનો દાસ છું'' એવી માન્યતા થાય તે માટે [4]કર્મો ભગવાનને સમર્પણ કરવાનું ચોથું સાધન કર્યું(શ્લો.૩૨-૩૯) ત્યારે તેમને ભગવાનનો સમાધિમાં અનુભવ થયો(અ.૬ શ્લો.૧૭). પછી ભગવાનનાં વચનથી(શ્લો.૨૨-૨૫) તેમને ભગવદીયપણું પ્રાપ્ત થયું. આવું જ નારદે વર્ણન કરેલું છે(શ્લોક ૨૭, ૩૨-૩૪)

શંકા : સાધુઓએ નારદને જીવના અને ભગવાનના સ્વરૂપના જ્ઞાનનો ઉપદેશ કર્યો તેથી ફલ (ભગવદીયપણું) એની મેળે જ પ્રાપ્ત થવાનું. તેથી છઠ્ઠા અધ્યાયમાં ભગવાનનો તેને સમાધિમાં અનુભવ થયો વગેરે કહેવાનું કાંઈ પ્રયોજન ન હતું-- એમ ન માનવું. સમાધાન : કારણ કે શબ્દબ્રહ્મમાં એટલે વેદમાં જે પ્રવીણ હોય તેને પણ જ્યાં સુધી પરબ્રહ્મનો સાક્ષાત્કાર ન થાય ત્યાં સુધી ફલની પ્રાપ્તિ થતી નથી. તેથી નારદે પોતાને ફલ (ભગવદીયપણું) પ્રાપ્ત થયાનું આ છઠ્ઠા અધ્યાયમાં કહેલું છે [૭૪-૭૫।।]

વ્યાસ પણ ભગવાનની જ્ઞાનકલાનો અવતાર હતા. તે અવતાર હોવાથી જ ભગવદીય હતા, છતાં તેમને ભગદીયપણાની પ્રાપ્તિ નારદના ઉપદેશનું શ્રવણ કર્યા પછી જ થઈ, તેથી તે અવતાર હોવાનું ફલ પણ તેમને એ ઉપદેશનું શ્રવણ કર્યા પછી જ પ્રાપ્ત થયું. ભગવદીયપણું વ્યાસને પ્રાપ્ત થયું એમ જણાવવા તેમણે શ્રીભાગવત રચ્યું એમ આ પ્રકરણમાં કહેવાની જરૂર નથી, કારણ કે શ્રીભાગવત તો તેમણે ઉત્તમ અધિકારીમાટે રચેલું, તેથી તે ઉત્તમ અધિકારના પ્રકરણમાં કહેવાશે. ભગવદીયપણું તો વ્યાસને શ્રીભાગવત રચવાના પ્રસંગને લીધે તેના સમ્બન્ધથી પોતાની મેળે પ્રાપ્ત થનારું ફલ છે, તેથી તે આ મધ્યમ પ્રકરણમાં કહેલ નથી [૭૫।।-૭૬।।]

આ પ્રમાણે શ્રીભાગવત રચવાના પ્રસંગને લીધે તેના સમ્બન્ધથી પોતાની મેળે પ્રાપ્ત થનારું ફળ આ પ્રકરણમાં કહેલ ન હોવા છતાં આ પ્રકરણમાં વ્યાસનો તથા નારદનો મધ્યમ અધિકાર હોવાનું સિદ્ધ થાય છે.

૧. વ્યાસને ભગવાનના ગુણગાન સિવાયના બીજાં સાધનોમાં આસક્તિ હતી તે ભગવદીયપણામાં નડતરરૂપ હતી; તે નારદના ઉપદેશથી દૂર થઈ. નારદને તેની મા ભગવદીયપણું પ્રાપ્ત કરવામાં નડતરરૂપ હતી; તેને સર્પદંશ થતાં તેની અડચણ પણ દૂર થઈ.
૨. વ્યાસે નારદની પૂજા વગેરે સાધન કર્યા(અ.૪।૩૩). નારદે સાધુઓની સેવા વગેરે સાધનો કર્યા.
૩. વ્યાસને બીજાં સાધનોનો આગ્રહ ન રહ્યો અને પોતાની ખામીઓ હોય તે જણાવવા તેમણે નારદે કહ્યું(અ.૫।૭). નારદની સંસારમાંથી પ્રીતિ દૂર થઈ.

— આ ત્રણ કારણોને લીધે તેઓ ભગવદીય ગણાય.

નારદ તો અધિકારી(દેવર્ષિ) હતા, તે ભગવદીય કેવી રીતે હોઈ શકે ? એવી શંકા થાય તો જાણવું કે ભગવાનના વચનથી તે ભગવદીય થયા. આકાશવાણીથી ભગવાને તેને કહેલ કે ''તું મારો સેવક થઈશ''(અ.૬।૨૧) તેથી ભગવદીયપણારૂપ મધ્યમ ફલ પ્રાપ્ત થયું. ત્યાર પછી નારદને પુનર્જન્મ થયો (અ.૬।૨૯, ૩૧), છતાં તેથી તે અધમ અધિકારવાળા થતા નથી, કારણ કે તેને પુનર્જન્મ થવાથી એટલે સંસારમાં આવવાથી દુઃખ થયું ન હતું, તેમજ તે પરતન્ત્ર થયા ન હતા પરન્તુ સ્વતન્ત્ર જ રહ્યા હતા(અ.૫।૩૨). વળી તેમને સંસારનો અથવા વિષયોનો ભય થતો ન હતો. તેથી તેમને પ્રાપ્ત થયેલ નારદપણું (ભગવદીય તરીકે રહેવાથી) ફલરૂપ જ હતું(અ.૬।૩૩). વળી તેમને સદા ભગવાનના દર્શન પણ થતા હતા(અ.૬।૩૪) તેથી તેઓ ભગવદીય હોવાથી, ભગવાન્ ઉપર તેમને પ્રેમ હોવાથી, તેમને નારદ સ્વરૂપે પુનર્જન્મ પ્રાપ્ત થયો તે મધ્યમ ફલરૂપ હતો [૭૫।।-૭૮।।]

વ્યાસજીને પણ મધ્યમ અધિકાર પ્રાપ્ત થયો, પરન્તુ તેમને નારદની પેઠે આવો અધિકાર પ્રાપ્ત કરવાની જરૂર ન હતી. જેમ નારદને સુયાસી સાધુઓએ જ્ઞાનનો બોધ કરેલો તેમ વ્યાસજીને

બોધ કરવાની જરૂર ન હતી. કારણ કે તેઓ ભગવાનની જ્ઞાનકલાના અવતાર હતા. વળી લજ્જા તજી જેમ ભગવાનનાં નામોનો ઉચ્ચાર કરતાં નારદ ફરતા તેમ ફરવાની પણ વ્યાસજીને જરૂર ન હતી. કારણ કે ભગવાનની તેમના ઉપર પ્રીતિ એની મેળે જ થયેલી.

આરંભમાં વ્યાસજીને નારદ ઉપર વિશ્વાસ ન હતો, તેથી જેમ સૂતે પરમ્પરાથી પ્રાપ્ત થયેલ શ્રીભાગવત શૌનક વગેરેને સંભળાવ્યું તેમ ''બ્રહ્માના ધામમાં હું જે શ્રીભાગવત ભણેલ તે તમને કહું છું'' એમ નારદે વ્યાસજીને તે કહેલ નથી. કારણ કે શ્રીભાગવતની પરમ્પરા તે સમયે લોકમાં પ્રસિદ્ધ ન હોવાથી તે વિષયમાં સર્વની સમ્મતિ ન હતી. છતાં પણ ''સમાધિવડે ભગવાનના ચરિત્રોનું સ્મરણ કરો'' એમ તો સામાન્ય રીતે કહેલ ન હોય તો પણ, જો વ્યાસજી નારદે કહેલું સાચું છે એમ માને તો જ સમાધિ કરવાની પ્રવૃત્તિ કરે. તેમ ન હોય તો શ્રીભાગવતની પરમ્પરા ન થાય. નારદે કહેલું સાચું છે એમ વ્યાસજીએ જાણ્યું ત્યારે તેમણે તેની ''અહો ! દેવર્ષિ ધન્ય છે''(અ.૬।૩૮) એમ સ્તુતિ કરી. આ સ્તુતિથી એમ જણાય છે કે નારદે જે કહેલ તે વ્યાસજીના હૃદયમાં ઊતર્યું. વ્યાસજીને તે સત્ય જણાયું તેથી આ સ્તુતિથી જ પ્રકરણ પૂર્ણ થાય છે [૭૯-૮૦]

**શ્રીભાગવતની રચના અને તેના શ્રવણનું ફલ :**

આ પ્રમાણે આખા ગ્રન્થનો ઉપોદ્ઘાત કર્યો. મધ્યમ પ્રકરણ આ ગ્રન્થની ઉત્પત્તિનું કારણ દર્શાવનારું થયું. નારદના વ્યાસજી પાસેથી ગયા પછી તરત જ જો વ્યાસજી શ્રીભાગવત રચે તો જ નારદે કરેલ ઉપદેશ આ ગ્રન્થની ઉત્પત્તિનું કારણ ગણાય. જો તેમ ન થતાં ત્યાર પછી લાંબા સમયે ગ્રન્થરચવામાં આવે તો નારદનો ઉપદેશ તેનું કારણ ન ગણાય. તેથી નારદ અને વ્યાસ નો આ સંવાદ શ્રીભાગવતના અર્થના વિચારરૂપ હોઈ ગ્રન્થનો ઉપોદ્ઘાત છે.

શ્રીભાગવતના બધાએ સ્વરૂપની પૂર્ણતા થાય તે માટે શૌનક એક પ્રશ્ન (૧।૭।૧) કરે છે. પ્રશ્નના ઉત્તરમાં વ્યાસજીએ સમાધિ કરી ભાગવત રચ્યાનું સૂત તેને કહે છે(અ.૭।૩, ૬). પછી શુક શ્રીભાગવતના વક્તા થવાનું ઘટે, માટે શૌનક બીજો પ્રશ્ન કરે છે(અ.૭।૯). આ બીજો પ્રશ્ન પહેલાં કહેલ(અ.૪।૫, ૭) તેનો તે જ છે. આ કહેવું ઘણું આવશ્યક છે એમ જણાવવા ફરીથી આ પ્રશ્ન કરેલ છે. શુકને ફલ (મોક્ષ) પ્રાપ્ત થયેલ, એ તો પહેલાં જ (શુકે ભગવત્પણું પ્રાપ્ત કરેલ એમ) કહેલું છે. ફલ પ્રાપ્ત થયેલ હોવાથી શુક ઉત્તમ વક્તા છે, એવો આ પ્રશ્નનો અભિપ્રાય છે.

શ્રીભાગવતનું શ્રવણ કરવાથી થતું ફલ શ્લો.૭ માં સૂતે કહેલું. ''શ્રીભાગવતનું શ્રવણ કરતાં જ મનુષ્યને શોક, મોહ અને ભય નો નાશ કરનારી પરમપુરુષ શ્રીકૃષ્ણમાં ભક્તિ ઉત્પન્ન થાય છે'' એવું તેનું ફલ કહેલ. આ વિષય તર્કથી ખોટો ઠરાવી શકાય તેમ નથી. કારણ કે શ્રીભાગવતમાં ભગવાનનું માહાત્મ્ય વર્ણવેલું છે અને તેમાં સન્દેહ ન રહે તે માટે સર્વ વસ્તુઓનો નિર્ણય કરેલો છે.

તેથી શ્રીભાગવતનું શ્રવણ કરતાં જ તે શ્રવણથી ભક્તિ ઉત્પન્ન થાય છે.

આધુનિક જીવોને શ્રીભાગવતના માત્ર શ્રવણથી ભગવાન્‌માં ભક્તિ ઉત્પન્ન થતી નથી. કારણ કે શ્રીભાગવતમાં કહેલા વિષયોમાં તેઓને વિશ્વાસ નથી. તેથી તેમાં કહેલ વિષયમાં વિશ્વાસ હોવો એ ભક્તિ થવામાટે વધારાનું જરૂરી કારણ છે. વ્યાસના વચનમાં વિશ્વાસ હોવાથી શ્રીભાગવતમાં કહેલ વિષયમાં વિશ્વાસ થાય, છતાં પણ વિશ્વાસ થતો અટકાવનાર સંસારના સ્ત્રી-પુત્ર-ધન વગેરે વિષયો ઉપર પ્રેમ હોવાથી તેઓને વિશ્વાસ થતો નથી, એમ સૂચવવા (સંસારમાં પ્રેમ રહિત વૈરાગ્યવાળા) શુકને વ્યાસે શ્રીભાગવત ભણાવ્યું એમ શ્લો.૮ માં કહેલ છે.

શ્રીભાગવતનું ફલ મુક્તિ છે. તે ફલ પ્રાપ્ત થાય તો પણ આ ગ્રન્થનું શ્રવણ વગેરે કરવાં જોઈએ. કારણ કે આ ગ્રન્થભક્તિના સમ્બન્ધવાળો છે અને તેથી ફલ (મુક્તિ) કરતાં સાધન (ગ્રન્થના શ્રવણ વગેરે જ) ઉત્તમ છે. સંસારમાં પ્રીતિ ન હોય તેમને જ આવો અનુભવ થાય છે, બીજાને થતો નથી એમ સૂતે કહેલ શ્લો.૧૦-૧૧ ઉપરથી નિશ્ચય થાય છે. તેથી એમ સિદ્ધ થાય છે કે સંસારની ધમાલમાં મચ્યા રહેલાઓને પણ ભક્તિ પ્રાપ્ત થાય તે માટે આ ગ્રન્થરચાયેલો છે. આવા વિષયી પુરુષો ઉત્તમ વિષયો પ્રાપ્ત કરવા જ પ્રવૃત્તિ કરે છે અને ઉત્તમ વિષય પ્રાપ્ત થાય તે માટે હલકા વિષયનો ત્યાગ કરે છે, તેથી (વિષયી લોકો પણ આનું શ્રવણ વગેરે કરે તે માટે) આ મોક્ષનું સાધન છે એમ કહેલ નથી અને તેવી કલ્પના પણ ન થાય તે માટે મુક્ત જીવો પણ આનું શ્રવણ કરવાની પ્રવૃત્તિ કરે છે એમ ૧૦-૧૧ મા શ્લોકોમાં કહેલું છે. તેથી વ્યાસજીએ આ ગ્રન્થએવો રચેલો છે કે તેના વિષયના સૌન્દર્યને લીધે જ લોકની તેનું શ્રવણ વગેરે કરવામાં પ્રવૃત્તિ થાય. આવા પ્રકારનો ગ્રન્થરચવાનું નારદે સૂચવેલું એમ અ.૫ શ્લો.૧૬ ઉપરથી જણાય છે. આ શ્લોકમાં નારદે વ્યાસજીને કહેલું છે કે જેઓ દેહ વગેરેના વિષયોમાં મચ્યા રહે છે, તેઓને માટે એટલે તેઓને ઉદ્ધાર થાય તે માટે તમે ભગવાનના ગુણોનું નિરૂપણ કરો.

શંકા : મુર્ખાઓ ઉત્તમ વિષયમાં પણ પ્રવૃત્તિ કરતા નથી, તેથી લોક આ ગ્રન્થના વિષયના સૌન્દર્યને લીધે તેનું શ્રવણ વગેરે કરશે એવી શી ખાતરી ? એવી શંકા ન કરવી. સમાધાન : કારણ કે નારદને ભવિષ્યનું જ્ઞાન હતું. વ્યાસજી એવો ગ્રન્થરચે તે માટે જ નારદે પોતાના ભવિષ્યના જ્ઞાનને અ.૫।૧૬ માં સૂચવેલું છે. વ્યાસજી એવો સુન્દર ગ્રન્થરચે ત્યારે જ તેમણે નારદના કહ્યા પ્રમાણે કરેલું ગણાય. આથી એમ જણાવેલું છે કે જે શ્રીભાગવતના શ્રવણ વગેરે માટે પ્રવૃત્તિ કરે છે તેને તેમાં દૃઢ વિશ્વાસ થાય છે. આથી એમ સિદ્ધ થાય છે કે નારદના ઉપદેશથી વ્યાસજીએ ફલ પ્રાપ્ત કરાવે તેવું શ્રીભાગવત રચેલું છે [૮૧-૮૩]

**૭ થી ૧૧ સુધીના પાંચ અધ્યાયોનો વિષય :**

શુકે શ્રીભાગવત પરીક્ષિતને શ્રવણ કરાવેલ હોવાથી શ્રીભાગવતની પ્રવૃત્તિ જણાવવામાટે

પરીક્ષિતનો જન્મ વગેરે કહેવાં જોઈએ તેથી તે બારમા અધ્યાયમાં કહેલ છે. તે પહેલાં

- સાતમા અધ્યાયમાં અશ્વત્થામા ઉપર અર્જુને પ્રાપ્ત કરેલ વિજય,
- આઠમામાં કુન્તીની સ્તુતિ,
- નવમામાં ભીષ્મની મુક્તિ,
- દશમામાં ભગવાનનું દ્વારકા જવા પ્રયાણ અને
- અગિયારમામાં દ્વારકામાં પ્રવેશ

— એવા પાંચ વિષયો કહેલા છે. આ વિષયો પણ પરીક્ષિતના જન્મના અંગ તરીકે જ કહેલા હોવા જોઈએ.

કેટલાક ટીકાકારો એમ કહે છે કે યુધિષ્ઠિર વગેરે પોતાનાં સગાઓના અને ભીષ્મ વગેરે પાંડવોના શત્રુઓના અન્તરાય વિનાના ઘણી સમૃદ્ધિવાળા રાજ્યનો ત્યાગ કર્યો, એમ પરીક્ષિતનો દઢ વૈરાગ્ય જણાવવા પાંચ અધ્યાયોમાં આ પાંચ વિષયો કહેલા છે, કારણ કે પરીક્ષિતે મરણપર્યન્ત ઉપવાસ આદર્યા ત્યાં સુધી જો સગાંઓ અને શત્રુઓ હયાત હોત તો તેને વિષયો (રાજ્ય) પ્રાપ્ત થયેલ ન હોવાથી જ તેનો વૈરાગ્ય ઉત્તમ ન ગણાત, તેથી તેનો વૈરાગ્ય ઉત્તમ જણાય તેવા પ્રકારની કૃપાને લીધે તેને ઘણું સમૃદ્ધ રાજ્ય પ્રાપ્ત થયેલું અને તેમાં અન્તરાયરૂપ સગાં તથા શત્રુ ઓ રહ્યા ન હતા.

આ તેઓનું કહેવું યોગ્ય નથી, કારણ કે અશ્વત્થામા ઉપર વિજય અર્જુને મેળવ્યો (અ.૭ શ્લો.૧૭-૫૬) ત્યારે પરીક્ષિતનો જન્મ પણ થયો ન હતો, તો પછી તેને રાજ્ય મળ્યાનું અને તે રાજ્યનો અન્તરાય તેથી દૂર થયાનું કેમ જ સમ્ભવે ? તેથી આ વિજય પરીક્ષિતના રાજ્યનો અન્તરાય દૂર કરનારો નથી જ. વળી યુધિષ્ઠિરે તો પરીક્ષિતને રાજ્ય આપેલું. (અ.૧૫।૩૮) તેથી તે તેના રાજ્યના અન્તરાયરૂપ ન હતો જ. કુન્તીની સ્તુતિ, ભીષ્મની મુક્તિ, ભગવાનનું દ્વારકા પધારવા પ્રયાણ અને તેમનો દ્વારકામાં પ્રવેશ એ વિષયોને પરીક્ષિતના રાજ્ય સાથે કાંઈ સમ્બન્ધ જ નથી. તેથી તે વિષયોથી તેના રાજ્યના અન્તરાયનો નાશ થયાનું કેમ કહેવાય ? વળી આ કાર્યમાટે ભગવાનની કથા ઉપયોગી નથી. ભગવાનની કૃપા તો ત્યાગ કરતાં અટકાવનારી છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મની કથા કહેલી છે. તેરમા અધ્યાયમાં(શ્લો.૩૯-૪૯) શ્રીકૃષ્ણની કથા કહેલી છે(જુઓ શ્રીસુબો.શ્લો.૪૯ નો આભાસ). ચૌદમા અધ્યાયમાં (શ્લો.૩૪-૩૮માં) શ્રીકૃષ્ણનું કુશલ પૂછતાં યુધિષ્ઠિરે તેમની સ્તુતિ કરેલી છે. અને પન્દરમા અધ્યાયમાં ભગવાન્ સ્વધામ પધાર્યાની મોહકથા કહેલી છે. જો ૭-૧૧ સુધીના પાંચ અધ્યાયો પરીક્ષિતનો ત્યાગ ઉત્તમ હોવાનું જણાવવા જ કહેલા હોવાનું માનો તો તે અધ્યાયોથી તેમ થતું નહિ હોવાથી એ પાંચ અધ્યાયો તેમજ ૧૩-૧૫ સુધીના ત્રણ અધ્યાયો એ આઠે અધ્યાયો નકામા કહેલા ગણાય. તેથી એ પાંચ અધ્યાયો સમ્બન્ધી તેઓનો મત યોગ્ય નથી [૮૪-૮૬]

વસ્તુતઃ જેમ પાંચ અગ્નિઓ શુદ્ધ કરનારા છે તેમ આ પાંચ અધ્યાયો પરીક્ષિત જન્મથી શુદ્ધ

હતો એમ દર્શાવનારા છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતનો જન્મ કહેલો છે. જન્મ થયા પછી પણ તેને મુક્તિ પ્રાપ્ત થવામાં કાંઈ અન્તરાય થવાનો નથી, એમ જણાવવા તેરથી પંદર સુધીના ત્રણ અધ્યાયોથી યુધિષ્ઠિર વગેરેની મુક્તિ કહેલી છે. કારણ કે પિતાની મુક્તિ થઈ ન હોય તો તે પુત્રની મુક્તિ થવામાં અન્તરાયરૂપ છે. ત્યાર પછી કાલથી પરીક્ષિતને મુક્તિમાં અન્તરાય થવાનો નથી એમ દર્શાવવા સોળમો તથા સત્તરમો અધ્યાય કહેલા છે. પછી અઢારમા અધ્યાયમાં અદ્‌ભુત કર્મ કરનાર ભગવાનની પરીક્ષિત ઉપર શાપરૂપ કૃપા જણાવેલી છે અને ઓગણીસમા અધ્યાયમાં તે શ્રોતા બને છે. તેથી જેના ત્રણ વડવાઓ શુદ્ધ હોય અને જેના ઉપર જન્મ સમયે પણ ભગવાનની કૃપા થયેલી હોય, તે સર્વનો ત્યાગ કરી સત્પુરુષોનો સંગ કરે ત્યારે તેને શ્રીભાગવતની કથામાં સમ્પૂર્ણ વિશ્વાસ થાય છે, એવો પરીક્ષિતનો અધિકાર સિદ્ધ કરવા આ ગ્રન્થમાં પાંડવોનું વર્ણન કરેલું છે.

આ પ્રકરણના તેરે અધ્યાયની સંગતિ નીચે પ્રમાણે છે : શુદ્ધિના છ વિભાગ છે. તે પૈકી શરીરના કારણરૂપ જે બીજ તે દુષ્ટ પરમ્પરાને લીધે પાંચ પ્રકારે અશુદ્ધ હોય છે. તેવી અશુદ્ધિ ન હોય તે પાંચ પ્રકારની શુદ્ધિ ગણાય. તે બીજ કુટુમ્બના વડા પુરુષને લીધે અથવા સ્ત્રીને લીધે એમ બે પ્રકારે અશુદ્ધ હોય.

૧. પરીક્ષિતના સમ્બન્ધમાં તે પુરુષને લીધે અશુદ્ધ ન હતું એમ જણાવવા સાતમા અધ્યાયમાં અર્જુન ઉપર શ્રીકૃષ્ણની કૃપા હોવાનું કહેલું છે.
૨. સ્ત્રીથી અશુદ્ધ ન હતું એમ જણાવતા કુન્તી ઉપર ભગવાનની ઘણી કૃપા હોવાનું આઠમા અધ્યાયમાં જણાવેલું છે. (આ અધ્યાયના શ્લો.૪૦-૪૧ માં કુન્તી; પુત્રો વગેરે ઉપરના સ્નેહનો ત્યાગ અને ભગવાન્ ઉપરના સ્નેહમાટે અનુક્રમે પ્રાર્થના કરે છે અને શ્લો.૪૪ માં તેણે માગેલું ભગવાન્ તેને આપે છે).
૩. નવમા અધ્યાયમાં પોષણ કરનારાં અન્નની શુદ્ધિ જણાવવા ભીષ્મના ઉપદેશનું નિરૂપણ કરેલું છે, કારણ કે જીવ રહે ત્યાં સુધી અન્નનો દોષ અવશ્ય થાય (દોષવાળું અન્ન લેવામાં આવે). તેથી જ્ઞાનીઓને જ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. કૌરવોના અન્નથી પોષાયેલ હોવા છતાં ભીષ્મને મુક્તિ પ્રાપ્ત થઈ તેથી એમ સમજાય છે કે જ્ઞાનથી થતી શુદ્ધિ ત્રીજા પ્રકારની શુદ્ધિ છે.
૪. બીજ (પરીક્ષિત) ના સાધારણ સમ્બન્ધીઓ પણ ભગવાન્ ઉપર પ્રેમવાળા હોવાનું દશમા અધ્યાયમાં કહેલું છે. આ ચોથા પ્રકારની શુદ્ધિ છે. ભગવાન્ દ્વારકા પધારવા પ્રયાણ કરે છે ત્યારે વિરહના તાપથી આ જાણવામાં આવે છે.
૫. પછી દોષ આવી ન પડે તે માટે ભગવાનના કાર્યની સમાપ્તિ (દ્વારકા પહોંચી જવાનું) અગિયારમા અધ્યાયમાં કહેલ છે. આ પાંચમા પ્રકારની શુદ્ધિ થઈ.
૬. ભગવાનની કૃપા એ મુખ્ય શુદ્ધિ છે. બારમા અધ્યાયમાં પરીક્ષિતના જન્મ સમયે ભગવાને પોતે પરીક્ષિત ઉપર કૃપા કર્યાનું(શ્લો.૭-૧૧) તેમજ કાલસ્વરૂપે પણ કૃપા કર્યાનું(શ્લો.૧૨) કહેલું છે. આ બારમા અધ્યાયનો અર્થ જ ભગવાને જન્મ સમયે પરીક્ષિત ઉપર કરેલી કૃપા છે.

— એ પ્રમાણે છએ પ્રકારની શુદ્ધિ પરીક્ષિતમાં હતી. તેરમાથી સત્તરમા સુધીના પાંચ

અધ્યાયોમાં પરીક્ષિતથી સર્વનો ત્યાગ થાય છે અને છેવટના બે અઢાર તથા ઓગણીસમા અધ્યાયોમાં તેને સત્સંગ પ્રાપ્ત થાય છે, ત્યારે તેને શ્રીભાગવતમાં વિશ્વાસ થાય છે. શ્રીભાગવતના શ્રવણમાં વિશ્વાસ જ (મુખ્ય) અંગ છે. તેનાં ત્રણ મુખ્ય સાધનો છે :

૧. સત્પુરુષોનો સંગ (અ.૧૮-૧૯)
૨. સર્વનો ત્યાગ અને (અ. ૧૩-૧૭) અને
૩. ઉત્તમ પ્રકારની શુદ્ધિ (અ. ૭-૧૧).

તેથી શ્રીમદાચાર્યચરણના આ મત પ્રમાણે તેર અધ્યાયોથી પરીક્ષિતને શ્રોતાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બીજા કોઈના મત પ્રમાણે તેમ થતું નથી. અધિકાર સમ્પૂર્ણ રીતે સિદ્ધ થાય તે માટે જ, શૌનકે પાંડુના પુત્રોના મૃત્યુ સમ્બન્ધી પ્રશ્ન પૂછેલ ન હોવા છતાં, રાજર્ષિ પરીક્ષિતનાં જન્મ કર્મ તથા મોક્ષ અને જે શ્રીકૃષ્ણની કથામાં પરિણમે છે તે પાંડુપુત્રોનું મૃત્યુ (તેને) હું કહીશ એવી સૂતની પ્રતિજ્ઞા ઘટે છે. આ પ્રતિજ્ઞામાં 'અને' શબ્દ છે તેથી ભગવાનની પાંડવો ઉપરની કૃપા કહેલી છે અને શુદ્ધિ જ અધિકારનું મૂલ છે એમ જણાવવા ''જે શ્રીકૃષ્ણની કથામાં પરિણમે છે તે'' એમ કહેલું છે. તેથી આ અર્થ શ્રીભાગવતમાં જ સૂચવેલો હોવાથી આમાં જરાયે દોષ હોવાનું સમ્ભવતું નથી [૮૭-૮૮]

**પરીક્ષિત જ શ્રોતા શા માટે ?**

સનક વગેરે સ્વતઃશુદ્ધ જ્ઞાનીઓ હોવા છતાં, પરીક્ષિત જ અહીં શ્રોતા થયેલ છે, કારણ કે માત્ર અધિકાર દર્શાવવો એ જ પ્રયોજન અહીં નથી, પરન્તુ શ્રીભાગવતથી જ સર્વનો ઉદ્ધાર થાય છે એમ પણ સિદ્ધ કરવાનું છે. ભગવાન્ શ્રીકૃષ્ણ અવતાર ધારણ કરી જ્યાં સુધી ભૂતલ ઉપર વિરાજ્યા ત્યાં સુધી તેઓશ્રીએ પોતાના સ્વરૂપથી જ સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવી. તેઓશ્રી ભૂતલ ઉપરથી પધારી ગયા પછી શ્રીભાગવત જ મુક્તિ પ્રાપ્ત કરાવનારું છે, કોઈને પણ માટે કોઈ પણ સઞ્જોગમાં મુક્તિ પ્રાપ્ત કરવાનો બીજો કોઈ ઉપાય નથી, એમ જણાવવા ભગવાન્ પધારી ગયા પછી તરત જ પરીક્ષિતનો જન્મ થયો અને શ્રીભાગવતથી જ તેને મુક્તિ પ્રાપ્ત થઈ એમ કહેલું છે. વળી જે પાંડવોના આ લોકના પણ સર્વ કાર્યમાં શ્રીકૃષ્ણનો પ્રભાવ જોવામાં આવતો હતો, તેઓના વંશમાં કાંઈ પણ વિચ્છેદ વિના સીધો પરીક્ષિત જન્મેલ હતો તેથી જ તેને શ્રીભાગવતમાં સમ્પૂર્ણ શ્રદ્ધા હતી. સનક વગેરે સ્વતઃશુદ્ધ જ્ઞાનીઓને પડતા મૂકી પરીક્ષિતને જ શ્રોતા તરીકે વર્ણવેલ છે. વળી જ્યાં પાંડવોનું સામર્થ્ય કાંઈક છે એવો નિર્ણય થઈ શકે, તેવી પણ ભારતની કથા પડતી મૂકી જ્યાં માત્ર શ્રીકૃષ્ણનું જ સામર્થ્ય જણાય તેવી જ ભારતની કથા શ્રીભાગવતમાં કહેલી છે. વાસ્તવિક રીતે સર્વત્ર પ્રભુનું જ સામર્થ્ય છે, છતાં પણ અશ્વત્થામા ઉપરનો અર્જુનનો વિજય વગેરે જે શ્રીભાગવતમાં કહેલ છે તે તો શ્રીકૃષ્ણના પ્રભાવથી જ થયેલ હોવાનો નિશ્ચય થાય છે. તેથી સૌપ્તિક (અશ્વત્થામાએ સૂતેલા દ્રૌપદીના પુત્રોને હણ્યા તે) કથાથી આરંભી પાંડવો સ્વર્ગમાં ગયા ત્યાં સુધીની મહાભારતની કથા, પાંડવો આસક્તિવાળા છે એમ દર્શાવવા અહીં કહેલી

છે. પાંડવોમાં પોતાના મેળે પોતાનું રક્ષણ કરવાની શક્તિ ન હતી અને ભગવાને તેઓનું રક્ષણ કર્યું, કારણ કે ભગવાન્ સિવાય તેમને બીજા કોઈનું શરણ ન હતું એવું આ કહેવાનું પ્રયોજન છે. તેઓને ભગવાન્ સિવાય બીજા કોઈનું શરણ ન હતું એમ જણાવવા દ્રૌપદીના પુત્રોને અશ્વત્થામાએ હણ્યા ત્યાંથી આરંભી પાંડવો સ્વર્ગે ગયા ત્યાં સુધીની કથા કહેલી છે. પાંડવોની મુક્તિ પણ પરીક્ષિતનો અધિકાર દર્શાવવા જ કહેલી છે, કારણ કે જેઓને મુક્તિ પ્રાપ્ત થઈ ન હોય તેઓને ભોગ આવશ્યક છે અને પોતાના ભોગમાટે તેઓ પુત્રની મુક્તિમાં કોઈ પ્રસંગે અન્તરાય કરે. પરીક્ષિતનો પિતા અભિમન્યુ પણ અન્તરાય કરે તેમ ન હતું, કારણ કે [1]તે સામા મુખે યુદ્ધ કરતાં મૃત્યુ પામેલો. સ્મૃતિમાં કહેલું છે કે ''લોકમાં આ બે પુરુષો સૂર્યના મંડલને ભેદનારા (ઉત્તમ ગતિ પ્રાપ્ત કરનારા) છે : યોગ આચરનાર સુયાસી અને યુદ્ધમાં સામા મુખે હણાયેલ (વીર)'' તેથી તેનો પણ મોક્ષ થયેલો. [2]તેનો એક અંશ ચન્દ્ર હોઈ તેણે વળી દેવની સ્થિતિ પ્રાપ્ત કરેલી તે આધ્યાત્મિક અંશ હતો. [3]વળી તે ભગવાનનો સમ્બન્ધી હતો, આ અધિદૈવિક અંશ હતો. આવાને મુક્તિ કેમ પ્રાપ્ત ન થાય ? તેથી અભિમન્યુના આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક એ ત્રણે અંશથી પરીક્ષિતને અન્તરાય થાય તેમ ન હતું [૮૯-૯૩।।]

**સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :**

પાંડવોને દુઃખ બે પ્રકારનું થયેલું [1]પોતાના દેહથી જુદાં હોય તે (પુત્ર) દ્વારા થયેલું અને [2]પોતાના દેહથી થયેલું. પુત્ર વગેરે પોતાના દેહથી જુદા છે, તેઓના સમ્બન્ધમાં એક પ્રકારનું દુઃખ થયેલું. પોતાના દેહથી પાછું બે પ્રકારનું દુઃખ થયેલ : [અ]અજ્ઞાનથી થયેલું અને [આ]શત્રુથી થયેલું. અજ્ઞાન પાછું બે પ્રકારનું હતું : [ક]જીવના સમ્બન્ધી અને [ખ]બ્રહ્મના સમ્બન્ધી. આમ હોવાથી પોતાના દેહથી ત્રણ પ્રકારનું દુઃખ થયું : [1]શત્રુથી [2]જીવસમ્બન્ધી અજ્ઞાનથી અને [3]બ્રહ્મસમ્બન્ધી અજ્ઞાનથી. જેનાથી પોતાના દેહથી થયેલ દુઃખ દૂર થાય, તેનાથી જ પુત્રો વગેરેની દ્વારા થયેલું દુઃખ પણ દૂર થાય. તેથી ત્રણ પ્રકારનું જ દુઃખ રહે છે. તેથી તે દુઃખ દૂર કરવા આ ત્રણ અધ્યાયો કહેલા છે. તેમાં સાતમા અધ્યાયમાં પુત્રોના વધથી થયેલ દુઃખ કહેલું છે(શ્લો.૨૦-૨૧). તે સમયે અર્જુનની ઈચ્છા પૂર્ણ કરી(શ્લો.૨૭-૨૮) ભગવાન્ જ તે દુઃખ દૂર કરે છે. શત્રુ ઉપર વિજય પ્રાપ્ત થતાં(શ્લો.૨૯-૫૬) તેનાથી થયેલ દુઃખ દૂર થાય છે. અર્જુને ભગવાનની સ્તુતિ કરેલી(શ્લો.૨૨-૨૬), તેથી ભગવાને તેની ઈચ્છા પૂર્ણ કરેલી. સર્વ સ્થળે દુઃખ દૂર થવાનું કારણ ભગવાનની સ્તુતિ અને તેમની પ્રસન્નતા છે. તેથી આ ત્રણ અધ્યાયોમાં ભગવાનની સ્તુતિ કરેલી છે. સાતમા અધ્યાયમાં અર્જુને દુઃખના પ્રસંગે સ્તુતિ કરી. આઠમા અધ્યાયમાં અર્જુને દુઃખના પ્રસંગે સ્તુતિ કરી. આઠમા અધ્યાયમાં જ પાંડવોનો નાશ કરવા અશ્વત્થામાએ બીજી વાર બ્રહ્માસ્ત્ર યોજેલ ત્યારે, તેનાથી ઉત્તરાના ગર્ભનું અને પાંડવોનું ભગવાને રક્ષણ કર્યુ, ત્યારે પોતાનું ઈચ્છેલું (રક્ષણ) પ્રાપ્ત થતાં કુન્તીએ સુખના પ્રસંગે સ્તુતિ કરી(૧૭-૪૨). આથી બ્રહ્મના સમ્બન્ધી

અજ્ઞાન દૂર થયાનું જણાવેલ છે. નવમા અધ્યાયમાં ભીષ્મે પોતાને મોક્ષ પ્રાપ્ત થાય તે માટે સ્તુતિ કરી(શ્લો.૩૨-૪૨). આથી જીવન સમ્બન્ધી અજ્ઞાન દૂર થયાનું જણાવેલું છે. તેથી જ તે સ્તુતિના અન્તે ભીષ્મને મોક્ષ થયાનું કહેલું છે. આ સ્તુતિ કરનારાઓ ભગવદીય હોવાથી જ તેમનાં દુઃખ તો દૂર થાય. દુઃખ દૂર કરવામાટે સ્તુતિ કરવાનું પ્રયોજન નથી, પરન્તુ (ભક્તિ કરવાનો) અધિકાર પ્રાપ્ત થાય તે માટે સ્તુતિ કરવાની જરૂર હતી. આ સ્તુતિ (સંસારના જુદા પદાર્થોમાંથી) આસક્તિ દૂર કરવાના સાધનરૂપ છે, કારણ કે તે જુદા-જુદા પદાર્થો પ્રાપ્ત કરવા પ્રેરણા કરતા આધિદૈવિકને ભગવાન્ આ સ્તુતિને લીધે તેમ કરતાં અટકાવે છે [૯૩-૯૭]

સર્વથી મોટા ભાઈ યુધિષ્ઠિર હતા, છતાં અર્જુને પહેલાં સ્તુતિ કરી. કારણ કે અર્જુન નરનો અંશ હોઈ સર્વમાં મુખ્ય હતો. કુન્તી શ્રીકૃષ્ણની ફોઈ હોવાથી ભગવાનના સમ્બન્ધને લીધે ઉત્તમ હતી. ભીષ્મ સર્વથી શ્રેષ્ઠ (વડીલ) હતા પણ તેમની શ્રેષ્ઠતા લૌકિક જ હતી. આ ત્રણમાં અર્જુન ઉત્તમ હતો, તેનાથી ઉતરતા કુન્તી અને તેમનાથી ઉતરતા ભીષ્મ. ઐચ્છિક સ્તુતિ કરેલી એમ માનવું, પરન્તુ સદા સ્તુતિ કરવી જોઈએ તેથી કરેલી. મુખ્ય પુરુષે અવશ્ય સ્તુતિ કરવી જોઈએ. તેથી સ્તુતિ સદા સફલ થાય છે. ભગવાન્ સર્વ સ્થલે સામાન્ય રીતે પોતાનાની રક્ષા કરે છે, પરન્તુ સ્તુતિ કરવામાં આવે ત્યારે ઘણા પ્રેમથી રક્ષા કરે છે અને તેવી પ્રેમથી કરેલી રક્ષા ભક્તનો ભજનનો ઉત્સાહ વધારનારી છે. તેમને જોઈને જે પ્રકારે બીજાઓ પણ ભજન કરવા લાગે તેવો તેમનો ભજનમાં ઉત્સાહ થાય છે [૯૮-૯૯||]

**બ્રહ્માસ્ત્રોથી ભગવાને કરેલું રક્ષણ :**

દ્રૌપદીના પાંચ પુત્રોને ઉંઘતા હતા ત્યારે અશ્વત્થામાએ હણ્યા. દ્રૌપદી ભગવાનની ભક્ત હતી, પુત્રોના મૃત્યુમાટે રડવું ન જોઈએ, છતાં પણ પુત્રો બ્રાહ્મણ અશ્વત્થામાથી મર્યા અને તે પણ યુદ્ધ કરતાં મરેલ નહિ, તેથી રડવું આવ્યું. કારણ કે બ્રાહ્મણથી મૃત્યુ પ્રાપ્ત કરનાર ખરેખર નરકમાં પડે છે. કર્મનાં ફળ(નરકમાં પડવા)નું ઉલ્લંઘન તો ભગવાનની ઘણી કૃપા હોય તો જ થાય છે, તેથી ભગવાનની તેઓ ઉપર કૃપા થાય તે માટે દ્રૌપદી રડી(અ.૭|૧૬). અર્જુને તેને દિલાસાનાં વચનો કહ્યાં(શ્લો.૧૬). આ વચનો સત્ય ન હતાં. કારણ કે ''સ્ત્રીઓ પાસે, મશ્કરીમાં, વિવાહમાં, વૃત્તિમાટે, પ્રાણ સંકટમાં હોય ત્યારે ...અસત્ય નિંદ્ય નથી''(ભાગ.પુરા.૮|૧૯|૪૩). શ્રીકૃષ્ણ તો ભક્તની ઈચ્છાને પૂર્ણ કરનારા છે, તેથી બ્રાહ્મણને હણવામાં દોષ છે એમ જાણવા છતાં, અર્જુનને એવી પ્રતિજ્ઞા કરતાં અટકાવતા નથી. આથી એમ સૂચવેલું છે કે ભગવાનના ભક્તોએ પણ શું કરવું યોગ્ય છે તે શાસ્ત્રથી જાણીને જ કરવું જોઈએ. કારણ કે ભગવાન્ અમુક કાર્યમાં દોષ છે એમ જાણવા છતાં તે કાર્ય કરતાં અટકાવતા નથી. જો ભગવાન્ ભક્તોને તેમ કરતાં અટકાવે, તો બધાયે ભજન કરવા યોગ્ય ન ગણાય, કારણ કે સંસાર અનર્થરૂપ છે.

શંકા : અનર્થ થતો હોય તો ભગવાને અટકાવવો જોઈએ. તે તેમણે કેમ ન અટકાવ્યો ? એવી શંકા પણ ન કરવી.

સમાધાન : કારણ કે અનર્થ થાય ત્યારે પણ તેમાંથી (ભક્તનું) રક્ષણ કરવા ભગવાન્ શક્તિવાળા છે. અને આવી પ્રતિજ્ઞારૂપ અર્જુનનો અનર્થ તેના ઉપર દ્રૌપદીનો પ્રેમ કરાવનારો છે. વળી અશ્વત્થામા દૈત્યનો અંશ હોવાથી અર્જુને તેવી પ્રતિજ્ઞા કરેલી અને ભગવાને પણ તેને હણવા અર્જુનને કહેલું(અ.૭।૩૫-૩૯). અશ્વત્થામાને હણવામાં વેદનો વિરોધ ન રહે તે માટે ભીમે પણ તેનો વધ કરવામાં આવે તેવો ઉદ્યમ કર્યો(અ.૭।૫૧). કારણ કે પ્રાણવાયુરૂપ ભીમ વેદરૂપ છે. તેને દૈત્યો પ્રતિ કુદરતી દ્વેષ હોય છે. તેથી પ્રમાણ (પ્રાણવાયુ-વેદરૂપ ભીમ) અને પ્રમેય (ભગવાન્ શ્રીકૃષ્ણ) બન્નેનો અભિપ્રાય અશ્વત્થામાને હણવાનો થયો છતાં તેમના અભિપ્રાય પ્રમાણે અર્જુને આચરણ ન કર્યુ. અર્જુન તેમજ દ્રૌપદી બન્ને લૌકિક હતાં, તેથી લોક એટલે કુલના વિચારને લીધે અને ''બ્રાહ્મણને હણવો નહિ'' એવા વેદના વાક્યને લીધે અશ્વત્થામાનો વધ ન કર્યો. અશ્વત્થામા દૈત્યનો અંશ હતો અને દ્રૌપદી સંહારશક્તિ હોઈ દૈત્યોને અનુકૂળ હોય, તેથી તેણે તેને છોડી મૂકવા કહ્યું(અ.૭।૪૩-૪૮). ભગવાન્ તો તે સર્વરૂપ હોવાથી બન્ને પક્ષને સમાન છે, તેથી તેમણે અર્જુનને પોતાની પ્રતિજ્ઞા પાળવા અને ભીમસેનને પોતાનો પ્રિય લાગે તેમ કરવા કહ્યું(અ.૭।૫૩-૫૪). કારણ કે વિપત્તિ આવી પડે તો પણ ભક્તનું રક્ષણ ભગવાન્ બીજે પ્રકારે પણ કરવાના જ. પ્રમાણે(ભીમે) અને પ્રમેયે(ભગવાને), શ્લો.૩૫-૩૯ માં જણાવ્યું તે પ્રમાણે, અશ્વત્થામાને અર્જુને ન હણતાં જવા દીધો, તેથી પાંડવોને વિપત્તિ આવી પડી, કારણ કે બીજી વાર વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજી તેણે જગતમાંથી પાડવોનું મૂલ કાઢી નાખવા પ્રયાસ કર્યો.

અર્જુને અશ્વત્થામાનો વધ ન કરતાં તેના માથામાંથી મણિ કાઢી લઈ તેને મૂંડ્યો(અ.૭।૫૫). તેનું માથું મૂંડવાનું જ્ઞાન અર્જુનને તે સમયે થયું કારણ કે તે સમય ભગવાનનો તેનામાં આવેશ થયેલો. ભગવાને અર્જુનમાં આવેશ કરી તે પ્રમાણે કરેલું, તેથી તેણે તેનું માથું લાવી આપવાની પહેલા પ્રતિજ્ઞા કરેલી(શ્લો.૧૬) તેનો વિરોધ રહેતો નથી(શ્લો.૫૭). જો ભગવાને અર્જુનમાં આવેશ કરી તે પ્રમાણે કર્યું ન હોત તો સંહાર શક્તિ-દ્રૌપદી ભીમ વગેરેનો પણ વધ કરત. આવું ઉપાખ્યાન પણ કોઈ કોઈ સ્થલે પ્રસિદ્ધ છે. પછી ક્રોધનો આવેશ જતો રહ્યો ત્યારે પહેલાંની પેઠે (બ્રાહ્મણથી મૃત્યું અને યુદ્ધ કરતાં ન થયું તે માટે) દ્રૌપદી અને પાંડવોએ પુત્રોના મૃત્યુમાટે વિલાપ કર્યો. પછી અશ્વત્થામાએ વાળી ન શકાય તેવા બ્રહ્માસ્ત્રને યોજ્યું. અર્જુનને પોતે પહેલું બ્રહ્માસ્ત્ર વાળેલું તેનો ગર્વ ન રહે તે માટે ભગવાને આ પ્રયોગ કરાવેલો [૧૦૦-૧૦૪।।]

બ્રહ્માસ્ત્ર બે પ્રકારનાં છે : ૧.વાળી ન શકાય તેવાં અને ૨.વાળી શકાય તેવાં. પહેલાં વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામાએ યોજેલું, તેથી ભગવાને તેને વાળવા અર્જુનને કહેલું (અ.૭।૨૮) અને અર્જુને તે વાળેલું (અ.૭।૩૨). તેથી અર્જુનને ગર્વ થયો. તે ગર્વ ન રહે તે માટે વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજવા ભગવાને અશ્વત્થામાને પ્રેરણા કરેલી. પોતાનું મૃત્યુ થાય તેમ હોય તેવા પ્રસંગે પણ વાળી ન શકાય તેવું બ્રહ્માસ્ત્ર યોજવું ન જોઈએ. તેનું સામર્થ્ય શાસ્ત્રથી અને દેવથી પ્રાપ્ત થયેલું હોય છે, તેથી તેનું તેજ અધિક હોય છે. જ્યારે અશ્વત્થામાને કાંઈ ઉપાય ન

રહ્યો અને મણિ જવાથી તે મરેલા જેવો થઈ ગયો, ત્યારે તેણે પિતા પાસેથી ઘણા-ઘણા પૂજનથી પ્રાપ્ત કરેલ આ બ્રહ્માસ્ત્રને યોજ્યું. તેથી ભગવાને તેને સુદર્શનથી પાંડવોનું રક્ષણ કર્યું (અ.૮।૧૨), તેથી અર્જુન સહિત પાંડવોનો ગર્વ જતો રહ્યો [૧૦૫-૧૦૭]

ભગવાને એ પ્રમાણે પાંડવોના ગર્વનો નાશ કર્યો, છતાં ગર્વના કારણરૂપ તેમના વંશને, પરીક્ષિતનું ઉત્તરાના ગર્ભમાં રક્ષણ કરી, બન્ધ પડવા ન દીધો. કારણ કે [૧]ઉત્તરા ભગવાનની પરમ ભક્ત હોઈ, આધિભૌતિક સરસાઈવાળી સર્વથી શ્રેષ્ઠ હતી. તેથી જ તે ભગવાનને શરણ આવેલી(અ.૮।૮). [૨]વળી તે રોહિણીનો અંશ હોવાથી તેણે ભગવાનની સ્તુતિ કરેલી. આ તેની આધ્યાત્મિક સરસાઈ થઈ(અ.૮।૮-૯). વળી [૩]ભગવાનના સમ્બન્ધવાળી એટલે ભગવદીય હોવાથી તેણે પહેલેથી જ બ્રહ્માસ્ત્ર જોયું. આ તેની આધિદૈવિક સરસાઈ થઈ. એવી રીતે તે ત્રણ પ્રકારની સરસાઈવાળી હોવાથી, તેનું પ્રિય થાય તે માટે ભગવાને તેના ગર્ભનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું. તે ભક્ત હતી એમ જણાવવા ભગવાને તેના ગર્ભમાં પધારી ગર્ભનું રક્ષણ કર્યું. તે ભગવાનની ભક્ત હોવા છતાં, અશ્વત્થામાએ બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કર્યો ત્યારે શ્રીકૃષ્ણ તેનાથી દૂર હોવાથી, તે અસ્ત્રે તેના ગર્ભમાં પહેલાં પ્રવેશ કરેલો તેથી ભગવાને પોતાની માયાથી તે ગર્ભને વીંટી લઈ, તેનું બ્રહ્માસ્ત્રથી રક્ષણ કર્યું(અ.૮।૧૩-૧૪). ગર્ભમાં પ્રવેશેલા બ્રહ્માસ્ત્રને તેનું કાર્ય કરતાં અટકાવવાનો તે જ ઉપાય હતો. ભગવાને આ પ્રમાણે પરીક્ષિતનું રક્ષણ કરેલું એવું તેને જ્ઞાન થાય તે માટે ભગવાન્(ગર્ભમાં) ઘણો સમય રહેલા [૧૦૮-૧૦૯।।]

શંકા : ભગવાને પાંડવોનું સુદર્શનથી અને ઉત્તરાના ગર્ભનું પોતાની માયાથી રક્ષણ કર્યાનું કહેલ છે(અ.૮।૧૨-૧૩), પરન્તુ બ્રહ્માસ્ત્ર, જેનો નાશ કદાપિ થતો નથી, નો કોઈમાં લય થયાનું કહેલું નથી. ''વૈષ્ણવ તેજ પ્રાપ્ત કરીને તે શાન્ત થયું'' એમ (અ.૮।૧૪ માં) કહી, માત્ર તેનું ક્રૂરપણું અટકી ગયાનું જણાવેલ છે, પરન્તુ બ્રહ્માસ્ત્રનો પોતાનો લય થયાનું કહેલું નથી. પરીક્ષિતના જન્મ સમયે પણ તેણે પોતાની ગદાથી અસ્ત્રના તેજનો નાશ કરતા ભગવાનનાં જ દર્શન કરેલાં(અ.૧૨।૧૦), તેથી અહીં પણ અ.૮।૧૪ પેઠે તેના તેજનો નાશ કર્યો એટલે તેને શાંત કર્યું એવો નિર્ણય થાય છે. ત્યારે તે બ્રહ્માસ્ત્રનું શું થયું ? એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે ભગવાને બ્રહ્માસ્ત્રનો પોતાની અંદર જ લય કરેલો. બ્રહ્માસ્ત્ર ભગવાન્થી દુર્બલ હોવાથી અને ભગવાન્માંથી જ ઉત્પન્ન થયેલ હોવાથી, તેનો તેના કારણ ભગવાન્માં જ લય થાય એવો નિશ્ચય થાય છે. બ્રહ્માસ્ત્રનો લય ભગવાન્માં કેવી રીતે થયો તે પ્રકાર શ્રીભાગવતમાં કહેલ નથી. જ્યાં-જ્યાં આવી રીતે હર કોઈ પદાર્થના લયનો પ્રકાર કહેલ ન હોય ત્યાં-ત્યાં તેનો લય તેના કારણમાં જ થયેલ હોવાનું જાણવું એમ આ વૃત્તાન્તથી સૂચવેલું છે [૧૦૯।।-૧૧૦]

**બ્રહ્મસ્વરૂપનું અને જીવસ્વરૂપનું જ્ઞાન :**

પહેલાં પાંડવોને ગર્વ હતો. પાછું ન વાળી શકાય તેવું બ્રહ્માસ્ત્ર અશ્વત્થામાએ યોજ્યા પછી તે

ગર્વ જતો રહ્યો. ગર્વને લીધે પહેલાં ભક્તિ ન હતી. ગર્વ જતો રહેતાં ભગવાન્‌માં ભક્તિ થઈ. ભક્તિવાળા હોય તે ભજન કરે તેથી ભજન કરવામાટે (ભગવાનના માહાત્મ્ય સમ્બન્ધી) સર્વ સન્દેહોનો નાશ કરે તેવી સ્તુતિ કુન્તીએ કરી(અ.૮।૧૭-૪૨). તેને જ્ઞાન અથવા જ્ઞાન કરાવનાર સાધન ન હતાં, છતાં ભગવાન્‌માં ભક્તિ થતાં, તેમનાં સ્વરૂપનો સ્પષ્ટ ખ્યાલ તેને પોતાની કલ્પનાથી આવવા લાગ્યો અને તેથી તે તેવી સ્તુતિ કરી શક્યાં. વળી ભગવાને પાંડવોનું તથા ગર્ભનું રક્ષણ કર્યું તેથી પણ તેમનાં સ્વરૂપનું તેને ભાન થયું. કારણ કે પહેલાં ભગવાને આવી પ્રત્યક્ષ રીતે તેમનું રક્ષણ કરેલું ન હતું તેથી અનન્ત ગુણોથી ભરપૂર ભગવાન્ તેમના અન્તઃકરણમાં પ્રકાશતા હોવા છતાં, ‘‘તમારા વચ્ચે કાંઈક વ્યવધાન(આડખીલી) છે’’ એ નિયમ પ્રમાણે આડખીલી હોવાથી તેમને ભગવાનનું જ્ઞાન ન હતું. હમણાં ભગવાને પ્રત્યક્ષ પ્રકારે રક્ષણ કર્યું તેને લીધે આડખીલી લગભગ નીકળી ગઈ, એટલે ભગવાનનાં આ કાર્યને લીધે તેમને ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું સારી રીતે જ્ઞાન થયું [૧૧૧]

પાંડવોને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન સારી રીતે થયું, છતાં પણ પાછળથી યુધિષ્ઠિરને મોહ થયો(અ.૮।૪૫-૫૧), કારણ કે મનની કલ્પનાથી અથવા ભગવાનનાં દર્શનથી થયેલું જ્ઞાન મોહને દૂર કરતું નથી. કારણ કે દોષનું શ્રવણ થતાં શબ્દથી મોહ ઉત્પન્ન થાય છે. શાસ્ત્રથી ભ્રમને લીધે ઉત્પન્ન થયેલા જ્ઞાનને લીધે યુધિષ્ઠિરને મોહ થયેલો, તે શાસ્ત્રના પ્રકારે જ દૂર થાય. તેથી જ્યાં સુધી સર્વનો નિર્ણય જણાવી ગુરુ બોધ ન કરે ત્યાં સુધી જીવને મોહ રહે જ, તેથી યુધિષ્ઠિરને થયેલ મોહનું વર્ણન કરેલું છે. તેથી જ્યાં સુધી ભીષ્મ યુધિષ્ઠિરને તેવી રીતે બોધ ન કરે ત્યાં સુધી તેનો મોહ ન જાય. નવમા અધ્યાયમાં ભીષ્મ યુધિષ્ઠિરને બોધ કરે છે(શ્લો.૧૨।૩૮) તેથી આ અધ્યાય જીવના સ્વરૂપનું જ્ઞાન કરાવનારો છે [૧૧૨]

અહીં ભીષ્મે યુધિષ્ઠિરને એવો બોધ કરેલો કે જીવ ભગવાનનું ભજન કરવાથી જ કૃતાર્થ થાય છે(શ્લો.૨૨-૨૩). તે બોધ પોતાના આચરણથી દઢ કરવા ભીષ્મ ત્યાર પછી ભગવાનની સ્તુતિ કરે છે(શ્લો.૩૨-૪૨) તેથી આ સ્તુતિ સંગતિ રહિત નથી. કારણ કે તેથી ભીષ્મ સાધન અને ફલ પ્રત્યક્ષ દેખાડે છે. સ્તુતિથી સાધન(ભગવાનના ભજન) સમ્બન્ધી સન્દેહ દૂર કરે છે અને તેને મુક્તિ પ્રાપ્ત થાય છે(શ્લો.૪૪-૪૫). તેથી તે સાધનથી થતા ફલ સમ્બન્ધી સન્દેહ દૂર કરે છે. એ પ્રમાણે સાતથી નવ સુધીના ત્રણ અધ્યાયોથી યુધિષ્ઠિરના સર્વ સન્દેહ દૂર કરેલા છે. એ રીતે પાંડવોનું દુઃખ દૂર થયાનું કહેલું છે.

**દશમાથી બારમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :**

દશમાથી બારમા સુધીના ત્રણ અધ્યાયોમાં પાંડવોને સુખ પ્રાપ્ત થયું તેનું વર્ણન કરેલું છે. દશમા અધ્યાયમાં પહેલાં યુધિષ્ઠિરનું શ્રીકૃષ્ણ ઉપરના પ્રેમ સહિત રાજ્ય સમ્બન્ધી સુખ સામાન્ય રીતે કહેલું છે(શ્લો.૨-૬). શ્રીકૃષ્ણનો વિયોગ થાય ત્યારે તેની પરના પ્રેમનું સુખ ઘણું વધી જાય,

તેથી ભગવાન્ હસ્તિનાપુરમાંથી દ્વારકા જવા નીકળવાની કથા આગળ કહેલી છે(શ્લો.૭-૩૨). શ્રીકૃષ્ણના સુખમાં જ યુધિષ્ઠિરનું સુખ હતું એમ જણાવવા યુધિષ્ઠિરના સુખનું વર્ણન કરતાં શ્રીકૃષ્ણની આ કથા કહેલી છે. દશમા અને અગિયારમા એ બે અધ્યાયોમાં ભગવાનને સુખ થયું તે કહેલું છે, કારણ કે શ્રીકૃષ્ણ જે કાર્યમાટે હસ્તિનાપુર પધારેલા તે કાર્ય કરીને સુખી થાય છે. તે ભક્તોનો ઉદ્ધાર કરવા પધારેલા. અને તેમણે ભક્તનો પ્રપંચમાંથી ઉદ્ધાર કર્યો. સ્વકીય (પોતાના સમ્બન્ધવાળા) ભક્તો અને પરકીય (તેવા સમ્બન્ધ વગરના) ભક્તોનો ઉદ્ધાર ભગવાને કર્યો, તેથી તેનું વર્ણન દશમા અને અગીયારમા એ બે અધ્યાયોથી કરેલું છે. બારમા અધ્યાયમાં પુત્ર (પરીક્ષિત) ની પ્રાપ્તિ થતાં યુધિષ્ઠિરને સુખ થાય છે તેનું ખાસ પ્રકારે વર્ણન કરેલું છે. આ ત્રણ અધ્યાયોમાં પાંડવોના સુખનું નિરૂપણ કર્યું તેથી એમ સિદ્ધ થાય છે કે પાંડવોનું સર્વ સુખ શ્રીકૃષ્ણને અધીન હતું. આ ત્રણ અધ્યાયોના એ અર્થનું જ્ઞાન દરેક વાક્યનો અર્થ વિચારવાથી થાય તેવી રીતે તેનું નિરૂપણ કરેલું છે [૧૧૩-૧૧૫।।]

**તેરમાંથી પન્દરમા સુધીના ત્રણ અધ્યાયોનો અર્થ :**

તેરમાંથી પન્દરમા સુધીના ત્રણ અધ્યાયોમાં પાંડવોને મુક્તિ પ્રાપ્ત થઈ તેનું નિરૂપણ કરેલું છે. તે પૈકી તેરમા અધ્યાયમાં ધૃતરાષ્ટ્રની મુક્તિ કહેલી છે. ધૃતરાષ્ટ્ર ઘરમાંથી નીકળી ગયા એ બીજ છે. જ્યારે ધૃતરાષ્ટ્રને પણ ઘરમાંથી નીકળી જવાથી મુક્તિ પ્રાપ્ત થઈ ત્યારે આપણને પણ તેમ કરવાથી મુક્તિ પ્રાપ્ત થશે, એવો તેનાથી બીજાઓને પણ વિશ્વાસ થાય, તેથી ધૃતરાષ્ટ્રની બીજરૂપ મુક્તિ આ તેરમા અધ્યાયનો અર્થ છે. પાંડવોની મુક્તિનું આ બીજ છે એમ જણાવવા જ નારદ યુધિષ્ઠિરને ધૃતરાષ્ટ્રનું ચરિત્ર કહે છે(શ્લો.૫૦-૫૭). યુધિષ્ઠિરને ઘર તજી નીકળી જવાનું કારણ વૈરાગ્ય, એ આ બીજમુક્તિનું પરિણામ છે. આ ચૌદમા અધ્યાયનો અર્થ છે. પન્દરમા અધ્યાયમાં પાંડવોને મુક્તિ પ્રાપ્ત થાય છે તેમાં મુક્તિરૂપ ફલનું નિરૂપણ કરેલું છે.

વડવાઓની મુક્તિ થઈ ન હોય તો પોતાની મુક્તિ થવામાં તે અન્તરાયરૂપ થાય છે એમ ઉપર કહેલું છે, તેથી પરીક્ષિતની મુક્તિમાં આવો અન્તરાય રહ્યો ન હતો એમ જણાવવા અહીં પાંડવોની મુક્તિ થયાનું કહેલ છે. વળી વડીલો ઘર તજી વનમાં જઈ મુક્તિ મેળવે, તેવી તેમની મુક્તિ પોતાને પણ ત્યાગ કરવાના સાધનરૂપ થાય છે. પાંડવોએ ત્યાગ કર્યો, તેમનું દૃષ્ટાન્ત લઈ પરીક્ષિત પણ ત્યાગ કરે અને ત્યાગ કરે ત્યારે શ્રીકૃષ્ણમાં લય એટલે મુક્તિ થાય એમ સર્વના સમ્બન્ધમાં સ્પષ્ટ કહેલું છે. તેથી દૃષ્ટાન્તના પ્રકારથી પણ પાંડવોની મુક્તિ પરીક્ષિતની મુક્તિ થવામાં ઉપયોગી છે. તેથી અહીં તેઓની મુક્તિનું નિરૂપણ કરેલું છે. અહીં પન્દરમા અધ્યાયમાં અર્જુને શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ કરેલું છે(શ્લો.૭-૨૧). પાંડવો બધા શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા હતા એમ દર્શાવવા તે કરેલ, એવી તેની સંગતિ તત્ત્વાર્થદીપ નિબન્ધ રચ્યા પહેલાં શ્રીમદાચાર્યચરણે જે સૂક્ષ્મ ટીકા કરેલી તેમાં દર્શાવેલી(જુઓ શ્રીસુબોધિની અ.૧૫।૭ ના આભાસમાંની કારિકાઓ). આ

અધ્યાયનો અર્થ તો પાંડવોની મુક્તિ જ છે. તેથી શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ અર્જુને કરેલ તેનો શો ઉપયોગ છે તે અહીં નિબન્ધમાં તેઓશ્રીએ દર્શાવેલ નથી. પરીક્ષિતની મુક્તિ થવામાં અન્તરાય નથી એમ જણાવવા સાતમાથી પન્દરમા સુધીના નવ ગુણરૂપ અધ્યાયોનો અર્થ જણાવ્યો અને બીજ વગેરેની શુદ્ધિદ્વારા તે પરીક્ષિતની મુક્તિ થવામાં ઉપયોગી છે એવો તેમનો ઉપયોગ પણ કહ્યો [૧૧૫-૧૧૭।।]

**સોળમાથી ઓગણીસ સુધીના ચાર અધ્યાયોનો અર્થ :**

ફલ મુક્તિ પ્રાપ્ત કરાવે તેવું સાધન પરીક્ષિતે કરેલું એમ સોળમાંથી ઓગણીસમા સુધીના ચાર અધ્યાયો પરીક્ષિતનો અધિકાર દર્શાવનારા છે. રાજ્ય અને તેનો ત્યાગ એવા બે આ અધ્યાયોના વિભાગ છે. સોળમા અને સત્તરમા અધ્યાયમાં તેના રાજ્યનું અને અઢારમા તથા ઓગણીસમા અધ્યાયમાં તેના ત્યાગનું નિરૂપણ કરેલું છે. લૌકિક અને અલૌકિક એવા બે પ્રકારનું તેનું સામર્થ્ય અનુક્રમે દર્શાવવા રાજ્યનું બે અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. સોળમા અધ્યાયમાં સર્વભૂમિના જયરૂપ લૌકિક સામર્થ્યનું અને સત્તરમા અધ્યાયમાં કાલ(કલિ) ઉપરના વિજયરૂપ અલૌકિક સામર્થ્યનું નિરૂપણ કરેલું છે. સોળમા અધ્યાયમાં ધરણી અને ધર્મ નો સંવાદ (શ્લો.૧૮-૩૫) કહ્યો, તે સત્તરમા અધ્યાયમાં કલિ ઉપરનો વિજય કહેલ છે તેના અંગરૂપ છે. કારણ કે ધરણી અને ધર્મ બંનેને કલિથી ભય પામેલા કહેલા છે અને તેમને ભય પમાડનાર કલિને રાજા સત્તરમા અધ્યાયમાં વશ કરે છે.

અથવા પરીક્ષિતે સર્વત્ર આધિભૌતિક અને આધ્યાત્મિક ધર્મનું સ્થાપન કર્યું એમ ધરણી અને ધર્મ ના સંવાદથી જણાવેલું છે. અને સત્તરમા અધ્યાયમાં આધિદૈવિક ધર્મના વિરોધી કલિનો નિગ્રહ કરી તે ધર્મનો ભય પણ દૂર કર્યો એવી રાજાની સરસાઈ જણાવેલી છે [૧૧૮-૧૨૦]

આ પ્રકરણ બીજા પ્રકારે પણ શ્રીભાગવતનું મહાત્મ્ય દર્શાવે છે. ધરણી અને ધર્મ નો આ પ્રકરણમાં પ્રસંગ છે. ધરણી ઉપર રહેનારાઓ ધર્મથી જ કૃતાર્થ થાય. તેવાને પણ કલિએ નિરાશ કર્યા. ભગવાન્ ભૂતલ ઉપરથી પધારી ગયા પછી જેણે કલિને પણ વશ કરી તે ધરણી ઉપર રહેનારાઓનું રક્ષણ કર્યું તે પરીક્ષિત ઉત્તમ પુરુષ જ હતો એવો સોળમા તથા સત્તરમા અધ્યાયનો અર્થ થયો. આથી એમ સૂચવેલું છે કે ભૂમિ ઉપરનાં તીર્થો, દેવો અને ચાલુ સમય(કલિકાલ)માં કરવામાં આવતો ધર્મ નમાલા છે. કાલ ઉપર વિજય પ્રાપ્ત કરનારાઓ અને મૃત્યુ ઉપર વિજય પ્રાપ્ત કરનારાઓ પણ ભગવાન્થી એટલે ભગવાનની કથાથી અથવા શ્રીભાગવતથી જ મોક્ષ પ્રાપ્ત કરે છે, બીજું કોઈ તેઓને પણ મોક્ષ આપવા સમર્થ નથી તો પછી બીજાને તો શ્રીભાગવત વિના મોક્ષ ન મળે એમાં કહેવું જ શું ? [૧૨૧-૧૨૧।।]

શંકા : પાંડવો ઉપર ભગવાનની કૃપાદષ્ટિ હોવા છતાં તેઓએ કલિને તાબે કરેલો નહિ. તેથી

કલિને વશ કરનાર પરીક્ષિત પોતે જ ઉત્તમ પુરુષ હોવો જોઈએ, તેથી શ્રીભાગવતની પ્રતિષ્ઠા થાય તે માટે જ શુકે ઉત્તમ પુરુષને ભાગવતનું શ્રવણ કરાવેલું છે એવી શંકા ન કરવી.

સમાધાન : કારણ કે પાંડવો ભગવાન્ ઉપર પ્રેમવાળા હોવાથી, ભગવાન્ પધારી જતાં તેઓ શક્તિવાળા હોવા છતાં ચાલ્યા જ ગયા. તેથી પરીક્ષિતનું જે સામાર્થ્ય હતું તે તેનું પોતાનું ન હતું પરંતુ પાંડવો પાસેથી તેને મળેલું હતું.

શંકા : શ્રીભાગવત જો મોક્ષ આપવાની ઘણી શક્તિવાળું હોય તો તેનું ગમે તેને શ્રવણ કરતાં મોક્ષ આપે, પરીક્ષિતનું જ શું પ્રયોજન ?

સમાધાન : જેઓ કલિના દોષથી ઘેરાઈ ગયેલા છે તેઓને ભગવાનનું ગુણગાન કરવામાં શ્રદ્ધા હોતી નથી. પરીક્ષિતને શ્રીભાગવતમાં શ્રદ્ધા હતી એમ જણાવવા જ તેના અધિકારનું નિરૂપણ કરેલું છે. પરન્તુ શ્રવણ કરનારને અધિકાર હોવાની ભાગવતને જરૂર નથી. જો શ્રીભાગવતને તેનું શ્રવણ કરનારને મોક્ષ આપવામાટે તેનામાં શ્રવણ કરવાનો અધિકાર હોવાની જરૂર હોય તો ''દેહ વગેરે જડ પદાર્થોના ગુણોમાં પ્રવૃત્તિ કરનારનો ઉદ્ધાર થાય તે માટે ભગવાનના ગુણો કહો'' એમ ૧।૫।૧૬ માં કહેલું છે તેનો વિરોધ થાય. તેથી જેને શ્રીભાગવતમાં ઘણી શ્રદ્ધા હોય તે જ તેનું શ્રવણ કરવાનો અધિકારી છે. કલિને પરીક્ષિતે ભય પમાડેલો હોવાથી ભગવાનના ભક્તોને નડતો નથી [૧૧૨-૧૨૨।।]

**કલિ :**

શંકા : પરીક્ષિતને પણ કલિએ દુર્બુદ્ધિ ઉત્પન્ન કરી. તેની પાસે ઋષિના ગળામાં મરેલો સર્પ નખાવ્યો અને તેથી તેનું સર્પદંશથી મૃત્યુ કરાવ્યું. તો પછી બીજાઓની મુક્તિ શ્રીભાગવતનાં શ્રવણથી પણ તે કેમ થવા દે ?

સમાધાન : એવી શંકા પણ ન રાખવી. કારણ કે પરીક્ષિતને એ દુર્બુદ્ધિ કલિએ ઉત્પન્ન કરી ન હતી, પરન્તુ ભગવાને જ ઉત્પન્ન કરેલી એવો નિર્ણય થાય છે. પરીક્ષિતે કલિને રહેવાનાં સ્થાન આપ્યાં(૧૭।૩૭।૩૯) તેથી બ્રાહ્મણનું અપમાન કરવાની તેની બુદ્ધિ થઈ. દુષ્ટ કલિને સ્થાન આપ્યું તેથી ઋષિના ગળામાં મરેલો સર્પ નાખવારૂપ તામસ કર્મ કરવાની તેની બુદ્ધિ થઈ. તેથી તેવી બુદ્ધિ અધર્મને લીધે જ થયેલી. જ્ઞાનરૂપ અગ્નિથી બળેલા તેના દેહનો લૌકિક દાહ થાય તે યોગ્ય નહિ તેથી ભગવાને બ્રાહ્મણના શાપના બહાનાથી તક્ષકના વિષરૂપ અગ્નિને તેને બાળવા પ્રેરણા કરી અને તે રાજર્ષિનો દેહ સ્વર્ગલોકના દેખતાં તક્ષકના વિષરૂપ અગ્નિથી તરત જ બળી ગયો(૧૨।૬।૧૩).

શંકા : કલિ કાલરૂપ હોઈ આકૃતિરહિત અને સદા રહેનારો છે. તેને વશ શી રીતે કરાય અને રહેવાનું સ્થાન પણ કેવી રીતે અપાય ? એવો પ્રશ્ન ઉદ્‌ભવે

સમાધાન : કલિ કલિયુગના અભિમાનવાળો દેવ છે. પરીક્ષિતના સમયમાં તે કાલના ધર્મોની પ્રવૃત્તિ ન થવી, એટલે કલિનો અધિકાર પરીક્ષિતના સમયમાં ન રહે એ જ કલિને વશ કરવાનું થયું અને તેનાં સ્વરૂપનું પરીક્ષિતે રક્ષણ કર્યું (તેને હણ્યો નહિ) તે જ તેને રહેવાનું સ્થાન આપ્યું [૧૨૩-૧૨૫]

અધર્મરૂપ કલિને સ્થાન આપ્યું અને તેથી તેનાથી ઋષિનું અપમાન થયું. તેવા કાર્યથી પણ પરીક્ષિતને મોક્ષ થયો, કારણ કે કલિ અત્યન્ત દુષ્ટ નથી. યજ્ઞ વગેરે ધર્મ કરવામાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મ એ છયે શુદ્ધ હોવા જોઈએ, પણ તેઓની શુદ્ધિ દેશ અને કાલ પ્રમાણે કરવાની હોય છે. કલિમાં એ શુદ્ધ હોવાની જરૂર નથી. મરણ સમયે જેમ રોગ થાય છે તેમ જો કલિમાં ભગવાનનું સ્મરણ થાય તો મનુષ્ય ઉપર જણાવેલાં છયે સાધનો વિના પોતાની મેળે જ શુદ્ધ થાય છે. તેથી ધર્મ પ્રાપ્ત કરવામાં કોઈ સહાય કરનાર ન હોવા છતાં, કલિ શૂરો હોવાથી, તેના સ્વરૂપનું રક્ષણ પરીક્ષિતે કરવાથી ધર્મની વૃદ્ધિ થઈ. તેથી પરીક્ષિતના તામસ કર્મથી પણ તેને મોક્ષની પ્રાપ્તિ થઈ.

શંકા : એમ હોય તો એવા ઉત્તમ કલિનું રક્ષણ સાત્ત્વિક કર્મ જ ગણાય. તેવા કર્મથી ઋષિનું અપમાન કરવાની પરીક્ષિતની બુદ્ધિ કેમ થઈ અને સર્પથી તેનું મૃત્યુ કેમ થયું ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : કલિમાં ધર્મ થતો ન હોવાથી રાજાની તેવી બુદ્ધિ અને તે પ્રકારે મૃત્યુ થયાં. જો કલિમાં ધર્મ થતો હોય તો ધર્મ પ્રાપ્ત કરાવવામાં કોઈની સહાય વિના પણ કલિ શૂરો હોવાથી તેનું રક્ષણ સાત્ત્વિક કર્મ ગણાય; પરન્તુ તે કાલમાં ધર્મ થઈ શકતો ન હોવાથી, કલિના રક્ષણથી રાજાને એવું ફળ મળ્યું. વળી કલિ તામસ છે. ચાર યુગોમાં કૃતયુગ સાત્ત્વિક છે, ત્રેતા રાજસ અને સાત્ત્વિક છે, દ્વાપર રાજસ અને તામસ છે, અને કલિ પૂરો તામસ છે. તામસનું રક્ષણ પણ તામસ કાર્ય હોવાથી રાજાને તેવું ફળ મળ્યું. વળી કલિમાં કરેલા ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી પરન્તુ માત્ર સ્વર્ગ વગેરે ફલ મળે છે. તેવા ધર્મથી અનુમોદન ન થઈ શકે તેવું જ ફળ મળે છે, આદર કરી શકાય તેવું ફળ મળતું નથી. જેમ કચરાવાળા જલના પૂરથી ધોવામાં આવેલ કોઈ પદાર્થ શુદ્ધ થતો નથી તેમ કલિમાં કરેલા ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી. પાપ કરેલ ન હોય છતાં કલિમાં કરેલ ધર્મથી ચિત્તની શુદ્ધિ થતી નથી કારણ કે મલિન લોકમાં મલિનતા જ હોય, પ્રિય લાગે તેવું કંઈ ન હોય. આ મલિનતા દુર્ભાગ્ય છે. તે નરકમાં નાખતી નથી પરન્તુ પાપને લીધે આ લોકમાં જ દુઃખ પ્રાપ્ત કરાવે છે. તે દુઃખ તામસ છે. તીવ્ર વેદનારૂપ નથી, પરન્તુ મૂઢ (બીજાને ન જણાય તેમ આકુલતા કરાવનારું) હોવાથી સહન કરવું પડે છે. વળી તે અલૌકિક એટલે જેથી લોકમાં નિન્દા વગેરે ન થાય

તેવું હોય છે. એ પ્રકારે કલિમાં સારા ગુણ હોવાનું કહ્યું. કલિનો ઉત્તમ ગુણ તો એ છે કે તેમાં ''શ્રીકૃષ્ણનું કીર્તન કરવાથી જ મનુષ્ય બન્ધનથી મુક્ત થઈ ભગવાનને પ્રાપ્ત કરે છે''(૧૨।૩।૫૧). પરન્તુ શ્રીભાગવતશાસ્ત્રની પ્રવૃત્તિ થાય તો શ્રીકૃષ્ણનાં કીર્તન વગેરે થાય. તેવી પ્રવૃત્તિ થાય નહિ ત્યાં સુધી કીર્તન વગેરેમાં આદર હોતો નથી. અને કીર્તનનો આદર ન હોય તો એ પ્રમાણે ભગવાનની પ્રાપ્તિ થતી નથી. તેથી અહીં પહેલા સ્કન્ધમાં ભાગવતની પ્રવૃત્તિ થયા પહેલાંનો વૃત્તાન્ત હોવાથી કલિનો ઉત્તમ ગુણ કહેલો નથી. આગળ બારમા સ્કન્ધમાં તેની કથા કહેવાની છે ત્યાં તેના તે ઉત્તમ ગુણ કહેશે. આ જ કલિનો ઉત્તમ ગુણ છે એવો સિદ્ધાન્તનો સાર જાણવો [૧૨૬-૧૨૯]

શંકા : મહાભારતમાં પરીક્ષિત ઉત્તમ હોવાનું કહેલું નથી. તેવા માટે થયેલી ભાગવતની પ્રવૃત્તિ ઉત્તમ કેમ ગણાય ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : તો જાણવું કે મહાભારતમાં અને ભાગવતમાં જુદા-જુદા કલ્પની કથા કહેલી હોવાથી શ્રીભાગવતની કથા મહાભારતની કથાથી વિરુદ્ધ નથી [૧૨૯।।]

**શ્રીભાગવતના શ્રવણમાટે ઋષિઓનું આગમન :**

ઋષિઓ સર્વજ્ઞ હતા, તેથી તેઓ જાણતા હતા કે ક્યાં અને ક્યારે શ્રીભાગવતનું શ્રવણ શુક પરીક્ષિતને કરાવશે. તેથી તેઓ યોગ્ય સમયે જ્યાં કથા થવાની હતી ત્યાં પોતાની મેળે આવ્યા, રાજાની દયાથી આવ્યા ન હતા. વ્યાસ અને નારદ મધ્યમ અધિકારવાળા હોવા છતાં શ્રીભાગવતની ઉત્પત્તિના કારણરૂપ હોવાથી આવ્યા નહિ હોય એમ લાગે, પરન્તુ શ્રીભાગવતની પ્રવૃત્તિ થતી જોવાની ઇચ્છાથી તે બે પણ આવ્યા(અ.૧૯।૧૦). તેમને વૈરાગ્ય નહિ હોવાથી તેઓ મધ્યમ અધિકારવાળા હતા અને તેથી તે પ્રવૃત્તિ જોવાની તેમની ઇચ્છા થઈ. પરશુરામ તો ભગવાનની ક્રિયાશક્તિના અવતાર હોવાથી ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ બન્ને શક્તિવાળા શ્રીકૃષ્ણનું નિરૂપણ કરનાર શ્રીભાગવતનું શ્રવણ કરવા આવે તે યોગ્ય જ છે(અ.૧૯।૯) [૧૩૦-૧૩૧]

**શુક શંકરનો અવતાર :**

શંકા : સર્વ કરતાં ભગવાન્ ઉત્તમ છે, તેથી અમુક પુરુષમાં અલૌકિક ધર્મો વધારે અથવા ઓછા છે એવો વિચાર શા માટે કરવો ? ભગવાન્ સર્વથી ઉત્તમ હોવાથી ભગવાનના અંશો અવતરેલા હોય તે બધા શુકથી ઉત્તમ જ છે. તેથી શુક વક્તા થાય અને વ્યાસ કેમ ન થાય ?

સમાધાન : એવી શંકા થાય તો જાણવું કે શુક એ શિવ છે. તે પણ ભગવાનના ગુણાવતાર હોવાથી ઉત્તમ છે. વળી તે બ્રહ્મવિદ્(બ્રહ્મના જ્ઞાનવાળા) હોવાથી તેમનામાં લૌકિક સરસાઈ પણ છે. વળી તેમના વક્તા થવાનું બીજું એ પણ પ્રયોજન છે કે ઈશ્વર પાસેથી પ્રાપ્ત કરેલું જ્ઞાન સારી

રીતે ટકે છે, બીજું (ઈશ્વર ન હોય તેમની પાસેથી પ્રાપ્ત કરેલું) જ્ઞાન માયા વગેરેથી જતું રહે છે. આથી એમ સૂચવેલું છે કે ''સૂર્ય પાસેથી આરોગ્યની ઈચ્છા કરવી'' એ શ્લોકમાં જણાવેલ ચારે પદાર્થોની આ જ મુખ્ય વ્યવસ્થા છે.

શિવે શુક તરીકે શ્રીભાગવતની પ્રવૃત્તિ કરાવવા જ અવતાર લીધો છે. ભગવાન્ શ્રીકૃષ્ણે સર્વને મુક્તિ આપવા અવતાર લીધેલો. તે જ્યારે ભૂતલ ઉપરથી પધારી ગયા ત્યારે પોતાના સ્થાને શિવને મૂકતા ગયા. તેથી શ્રીભાગવતની પ્રવૃત્તિ કરાવવા જ શિવનો શુક તરીકે અવતાર થયો છે. કાશીમાં રહીને શિવ જ્ઞાનનો ઉપદેશ કરે છે જ, છતાં પોતે 'વૃષધ્વજ' થવા શુક તરીકે અવતાર લીધો છે. 'વૃષ' એટલે ધર્મ. ધર્મ છે ધજા જેમની તે 'વૃષધ્વજ'. તેથી ધર્મના પ્રકારે સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવવા આ અવતાર તેમણે લીધેલ છે. કૂર્મપુરાણમાં ''શુક શિવનો અવતાર છે'' એવું વાક્ય પણ છે, છતાં લક્ષણોથી પણ શુક મહાપુરુષ હોવાનું જણાય છે. તે બત્રીસ લક્ષણવાળા અને ભક્તોના કલ્પવૃક્ષ છે. આવા શુક જ્યારે રાજાએ મરણ સુધીના ઉપવાસ આદર્યા ત્યારે તેની પાસે ગંગાના તીરે પધાર્યા. તે સમયે રાજાએ તેમને બે પ્રશ્ન પૂછ્યા. ૧. મનુષ્યે સદા શું કરવું જોઈએ અને ૨. મરણ સમયે મનુષ્યે શું કરવું જોઈએ ? (અ.૧૯।૩૭) [૧૩૨-૧૩૩]

**... શ્રીભાગવતમાદરાત્। પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
કોઈ પણ લૌકિક(પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક પ્રયત્ન પૂર્વક જાતેજ, શ્રીભાગવતનો પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

# સ્કન્ધ બીજો-અંગોસહિત શ્રવણ

**સ્કન્ધનો અર્થ :**

ઉત્તમ વક્તા શુકને ઉત્તમ શ્રોતા પરીક્ષિતે જે પ્રશ્ન કર્યો તે ૧।૧૯।૩૭ માં કહ્યો. શુક તે પ્રશ્નના ઉત્તરમાં શ્રીભાગવતનું અંગોસહિત શ્રવણ કરવું એમ કહે છે. જીવે શું કરવું જોઈએ એ જાણવાની પરીક્ષિતની ઈચ્છા થતાં, શ્રીભાગવતનું અંગોસહિત શ્રવણ કરવું જોઈએ એમ કહે છે. શ્રીભાગવતનાં દશ અંગો હોવાથી આ દશ અધ્યાયોથી કહે છે. તેથી શ્રીભાગવતનાં અંગોનું નિરૂપણ એ આ સ્કન્ધનો અર્થ છે [૧]

**પ્રકરણાર્થ :**

સમ્પૂર્ણ ભાગવતનું શ્રવણ કરવાનું છે. તે પૈકી જેનું શ્રવણ કરવાનું છે તે ત્રીજાથી આરંભી બારમા સુધીના દશ સ્કન્ધો છે. પહેલો સ્કન્ધ અધિકાર દર્શાવે છે અને બીજો સ્કન્ધ શ્રીભાગવતનાં અંગો જણાવે છે. (શ્રીભાગવતનો બે પ્રકારનો શાસ્ત્રાર્થ છે : ૧. જાણવા યોગ્ય અને ૨. કરવા યોગ્ય. તે પૈકી દશ લીલાવાળા ભગવાન્ (અધ્યાય ૩-૧૨) જાણવા યોગ્ય છે અને અંગો સાથે શ્રીભાગવતનું શ્રવણ કરવું એ કરવા યોગ્ય છે. એવો વિચાર કરતાં પહેલા સ્કન્ધનો અર્થ (શ્રવણ)કરનારનો ગુણ(અધિકાર) દર્શાવે છે. બીજા સ્કન્ધનો અર્થ સહકારીપણાંથી ફલ દર્શાવે છે અને ત્રીજાથી બારમા સુધીના સ્કન્ધોનો અર્થ શ્રવણનું (જેમના ગુણોનું શ્રવણ કરવાનું છે તે ભગવાનનું સ્વરૂપ જણાવે છે — આવરણ ભંગ) એવો વિચાર કરવાથી ''શ્રવણ કરવું જોઈએ'' એવો શ્રીભાગવતના મહાવાક્ય (આખા ગ્રન્થ)નો અર્થ છે. ત્યારે તે શ્રવણ એટલે શું ? એવો પ્રશ્ન થાય.

પદ(શબ્દો) અને વાક્યો ના *શક્તિ અને તાત્પર્ય નો નિશ્ચય તે 'શ્રવણ'. શબ્દની શક્તિનો કુદરતી, સંકોચ વિના નિશ્ચય કરવો, અથવા શબ્દ અને વાક્ય બન્નેના શક્તિ અને તાત્પર્ય એ બન્નેનો નિશ્ચય કરવો તે.

(*શક્તિ એટલે શબ્દની પોતાનો અર્થ જણાવવાની સત્તા. આ શક્તિઓ ત્રણ છે :

૧. અભિધા-શબ્દનો જે અર્થ સમજાતો હોય તે જણાવવાની સત્તા.

૨. લક્ષણા-કુદરતી અર્થ બંધ બેસતો ન હોય ત્યારે રૂઢિને લીધે અથવા કાંઈ પ્રયોજનને લીધે તેના સમ્બન્ધવાળો બીજો અર્થ જણાવવાની સત્તા. અને

૩. વ્યંજના-આગળ-પાછળના સંબંધથી ઘણા અર્થવાળા શબ્દની અમુક અર્થ સૂચવવાની શક્તિ.)

શ્રવણના ત્રણ અંગ છે :

૧. તત્ત્વધ્યાન

૨. હૃદયની પ્રસન્નતા અને ૩. મનન.

તત્ત્વ-સ્વરૂપનું ચિન્તન એટલે તત્ત્વોનું ચિન્તન અને સ્વરૂપનું ચિન્તન. આ ચિન્તન તે તત્ત્વધ્યાન. આ સ્કન્ધના પહેલા બે અધ્યાયોમાં અનુક્રમે એ કહેલ છે.

હૃદયની પ્રસન્નતા એટલે ચિત્તની શુદ્ધિ. આ ત્રીજા અને ચોથા અધ્યાયમાં કહેલ છે.

ત્રીજું અંગ મનન છે તે પાંચમાથી દશમા સુધીના છ અધ્યાયોમાં કહેલ છે. આથી આ સ્કન્ધનાં ત્રણ પ્રકરણોનો વિભાગ દર્શાવ્યો [૨]

ક્યા શબ્દોની શક્તિ તથા તાત્પર્ય નો નિશ્ચય કરવો ? એ જાણવાની ઈચ્છા થાય તો જાણવું કે શ્રીભગવાન્ વાસુદેવની દશ પ્રકારની લીલા શ્રીભાગવતમાં કહેવાની છે તેનું શ્રવણ કરવું. ભગવાનની દશ પ્રકારની લીલા સ્કન્ધ ૩ થી ૧૨ સુધીમાં કહેલી છે તેનું શ્રવણ કરવું. આમ (બીજા) પછીના દશ સ્કન્ધોના અર્થ ટૂંકાણમાં કહેલ છે.

ધર્મી(લીલા કરનાર) ભગવાનનું તેમના હર કોઈ ધર્મ (ગુણ) સહિત શ્રવણ ભલે થાય, દશ પ્રકારની લીલા કરનારા ભગવાનનું જ શ્રવણ કરવું એવો આગ્રહ શા માટે રાખવો ? એવી શંકા થાય તો જાણવું કે દશ પ્રકારની લીલા કરનાર ભગવાનનું જ શ્રવણ થાય તે માટે જ પાછળનો ગ્રન્થ(અધ્યાય ૩-૧૨) રચેલ છે. જો લીલા કરનાર ભગવાનનું શ્રવણ કરવાનું ન હોય તો ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધો નકામા થાય. વળી શ્રવણ કરાતા શબ્દો અને વાક્યો પણ ન આવવાથી શ્રવણના અંગોનો વિચાર કરવો પણ વ્યર્થ થાય. તેથી ગમે તે ધર્મ સાથેના ભગવાનનું શ્રવણ કરવાથી પાછળનો ગ્રન્થનકામો થતો હોવાથી દશ પ્રકારની લીલાવાળા ભગવાનનું જ શ્રવણ કરવું.

**પહેલા પ્રકરણનો અર્થ :**

શંકા : શબ્દો અને વાક્યો ના શક્તિ અને તાત્પર્ય નો નિશ્ચય સામાન્ય રીતે કેવી રીતે કરવો અને કોણે કરવો ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : તો જાણવું કે શ્રવણના અંગો જણાવવાથી જ અંગી(શ્રવણ) પણ જણાવેલ થાય છે, કારણ કે બધાયે અંગો જણાવવામાં આવે ત્યારે અંગી જણાવવાનું બાકી રહેતું નથી. આ અંગો જણાવવા બીજો સ્કન્ધ કહેલો છે. અથવા શ્રવણના અંગો(દશ લીલાઓ) જણાવવામાં આવે ત્યારે અંગી(ભગવાન્) જણાવવાનું બાકી રહેતું નથી. અંગો જણાવનાર સ્કન્ધમાં અંગી જણાવવામાં આવે તે પણ યોગ્ય જ છે.

શબ્દો અને વાક્યો ના શક્તિ અને તાત્પર્યનો નિર્ણય આ બીજા સ્કન્ધમાં સ્પષ્ટ દેખાતો નથી પરન્તુ તેના શબ્દો અને વાક્યો ઉપરથી એવો નિશ્ચય થઈ શકે છે કે શ્રીકૃષ્ણ સર્વરૂપ છે. (શ્રીકૃષ્ણ પદાર્થમાત્ર અથવા બધુંયે જગત થયેલા છે. ભગવાનના સ્થૂલ સ્વરૂપમાં મન પરોવવાથી તેમાં ભૂત, વર્તમાન અને ભવિષ્ય સર્વ વિશ્વ, સર્વે પદાર્થો જોવામાં આવે છે (૨।૧।૨૩-૩૭).) શક્તિનો

સંકોચ કરવાથી એવો અર્થ સ્ફુરતો નથી પરન્તુ શક્તિનો સંકોચ ન કરતાં, અને સૂતે શૌનકને કહ્યું છે કે "તમે શ્રીકૃષ્ણ સમ્બન્ધી ઉત્તમ પ્રશ્ન કર્યો છે"(૧।૨।૫) એ વાક્યના શૌનકના સર્વ પ્રશ્નોનો વિષય ભગવાન્ જ છે એવા તાત્પર્યનો વિચાર કરતાં અહીં જે શબ્દો અને વાક્યો કહેલાં છે તે ભગવાનનો જ બોધ કરનારાં છે અને તે જ તાત્પર્યવાળાં છે એમ સિદ્ધ થાય છે. આમ હોવાથી જે વિષયનું શ્રવણ કરવાનું છે તે દશ લીલાવાળા ભગવાન્ જ છે. તેમ ન હોય તો શબ્દો અનન્ત હોવાથી શ્રવણ કરવાની શક્તિ ન રહેતા શ્રવણ કરવાનું કાર્ય અપૂર્ણ જ રહે. હર કોઈ સ્થળે જે કાંઈ શબ્દો અને વાક્યો હોય તેઓના અર્થનો નિર્ણય કરવો તે શ્રવણ નથી. તેથી પાછળના(સ્કન્ધ ૩-૧૨ સુધીના) બધાય ગ્રન્થનું પ્રયોજન છે.

શંકા : વ્યાસસૂત્રોમાં જ આ નિર્ણય કરેલો છે કે "આત્માનું શ્રવણ કરવું જોઈએ". તેવીજ રીતે બધા ગ્રન્થોમાં શ્રવણ કરવાની આજ્ઞા કરેલી છે !

સમાધાન : એવી શંકા થાય તો જાણવું કે નિર્ગુણ શ્રુતિઓ ભગવાનના ગુણાતીત (ગુણોથી પર, ગુણરહિત) સ્વરૂપનો નિર્ણય કરે છે. ભગવાનનાં બે સ્વરૂપો છે : ૧. ગુણાતીત સ્વરૂપ અને ૨. સગુણ સ્વરૂપ. તે પૈકી વેદમાં ગુણાતીત સ્વરૂપનું જ નિરૂપણ છે તેથી વેદના નિર્ણય પ્રમાણે નિર્ણય કરવામાં આવે તો ગુણાતીત સ્વરૂપનું જ શ્રવણ કરવાનું પ્રાપ્ત થાય તેથી અહીં જુદું નિરૂપણ કરવું યોગ્ય છે. કારણ કે શ્રુતિઓ (વેદનાં વાક્યો) નિર્ગુણ છે. આથી એમ જણાવેલ છે કે તત્ત્વોનું ધ્યાન (ભગવાનના ધ્યાનનું) અંગ છે, અને અન્દરનું અંગ છે, તેથી આરંભમાં તે (તત્ત્વોના ધ્યાન)નું નિરૂપણ કરવું યોગ્ય છે [૩-૫]

**બીજા પ્રકરણનો અર્થ :**

તે જ પ્રકારે શ્રવણ કરનારની અને કથા કહેનારની શ્રદ્ધા શ્રવણનું બીજું અંગ છે, કારણ કે ભગવત્કથા કહેનારને અને તેનું શ્રવણ કરનારને તેમાં શ્રદ્ધા ન હોય તો પણ શ્રવણ બરાબર થતું નથી. પ્રથમ પ્રકરણમાં શક્તિ અને તાત્પર્યનો નિશ્ચય શ્રવણનું અંગ હોવાનું જણાવ્યું, તેની જ પેઠે શ્રદ્ધા પણ શ્રવણનું અન્દરનું અંગ છે.

શંકા : પહેલા પ્રકરણમાં તો ભગવાન્ સર્વ પદાર્થમાત્ર બનેલા હોવાથી બધાં પદ વગેરેના અર્થનો(સર્વનો અર્થ ભગવાન્ છે એવો) નિર્ણય થાય. અહીં બીજા પ્રકરણમાં શ્રદ્ધા કેવી રીતે (શ્રવણમાં) ઉપયોગી થાય ? કારણ કે સર્વ સ્થળે (પદાર્થમાત્રમાં) શુદ્ધ શ્રદ્ધા હોઈ શકે નહિ. વળી દશ પ્રકારની લીલાવાળાને જુદા પાડી તેમના (શ્રવણમાં જ) શ્રદ્ધા રાખી ન શકાય, કારણ કે તેમ કરવાથી ગુણાતીત સ્વરૂપનું શ્રવણ કરવામાં શ્રદ્ધા ન રહે, તેથી શ્રદ્ધા શ્રવણના સ્વરૂપમાં ઉપયોગી હોવા છતાં કયા સ્વરૂપમાં શ્રદ્ધા રાખવી તેનો નિર્ણય થતો ન હોવાથી, શ્રદ્ધા શ્રવણનું અંગ થઈ શકતી નથી, એવી શંકા થાય.

સમાધાન : શ્રવણ કરનાર દશ લીલા કરનાર ભગવાન્ સિવાય બીજાની સેવા કરવાથી બહિર્મુખ થતો હોવાથી, તેમનામાં શ્રદ્ધા હોવી એ શ્રવણનું અંગ છે. જેમ દશ પ્રકારની લીલા કરનારથી જુદા (દેવ વગેરે)નું શ્રવણ કરવાનું નથી, તેમ તે (લીલાઓના વર્ણન)માં દર્શાવેલ સ્વરૂપ સિવાય બીજા સ્વરૂપમાં શ્રદ્ધા ન હોવી જોઈએ. તેથી ક્યા સ્વરૂપમાં શ્રદ્ધા રાખવી એનો નિર્ણય પણ છે જ. તે સ્વરૂપથી જુદા બ્રહ્મા વગેરે દેવોનું તે માટે જ આ શ્રદ્ધાના પ્રકરણમાં નિરૂપણ કરેલું છે(૨।૩।૨-૯).

તત્ત્વો અઠ્ઠાવીસ હોવાથી અહીં તત્ત્વરૂપ અઠ્ઠાવીસ દેવો કહેલા છે. વેદમાં જણાવેલા તેત્રીસ દેવોનો પણ આમાં સમાવેશ થાય છે. આ દેવોના ગુણોનું પણ શ્રવણ કરે તો તેને દશ લીલાવાળા ભગવાન્ સિવાય બીજામાં શ્રદ્ધા હોવાથી, તે આ દશ લીલાવાળા ભગવાનનું શ્રવણ કરે તે વ્યર્થ થાય. તેથી શ્રવણ કરનારને દશ લીલાવાળા ભગવાનના જ શ્રવણમાં શ્રદ્ધા હોવી જોઈએ. વક્તાની શ્રદ્ધા તો અ.૪।૧૨-૨૩ સુધીમાં તે ભગવાનને નમન કરે છે અને તેમના પ્રતિ આદર દર્શાવી પોતાનો કથા કહેવાનો ઉત્સાહ પ્રકટ કરે છે તે ઉપરથી સ્પષ્ટ સમજાય જ છે [૬]

**ત્રીજા પ્રકરણનો અર્થ :**

ત્રીજું પ્રકરણ પાંચમાથી દશમા સુધીના છ અધ્યાયોનું છે. તેના બે વિભાગો છે : ૧. ઉત્પત્તિથી કરેલું ચિન્તન(મનન) અને ૨. ઉપપત્તિથી(તર્કથી) કરેલું ચિન્તન. દરેક વિભાગના ત્રણ-ત્રણ અધ્યાયો છે. બન્ને પ્રકારના ચિન્તનથી ભગવાન્ સર્વરૂપ છે (ભગવાન્ જ પદાર્થમાત્ર બનેલા છે) અને સર્વથી જુદા પણ છે એવો વિચાર કરેલો છે. વળી ઉત્પત્તિમાં ઉપપત્તિનો અને તેવીજ રીતે ઉપપત્તિમાં ઉત્પત્તિનો પણ વિચાર કરેલો છે. કારણ કે સર્વ (પદાર્થમાત્રનો) ઉત્પત્તિથી જ નિર્ણય કરવામાં આવે તો ભગવાન્ પદાર્થમાત્રનું *ઉપાદાન કારણ હોઈ સર્વ પદાર્થરૂપ છે એવો નિર્ણય થતાં, વૃક્ષમાંથી બીજ થાય છે અને બીજમાંથી વૃક્ષ થાય છે એ નિયમ સર્વને લાગુ પડતાં, કોઈ ઉત્પત્તિ કરનાર રહેશે નહિ. એટલે ભગવાનનું જુદુ કર્તૃરૂપ સ્વરૂપ ન રહેવાથી ઉત્પત્તિ જ સમ્ભવશે નહિ.

(* જે વસ્તુનો જે પદાર્થ બનેલો હોય તે વસ્તુ તે પદાર્થનું ઉપાદાન કારણ કહેવાય છે; જેમકે ઘડો માટીનો બનેલો હોવાથી માટી ઘડાનું ઉપાદાન કારણ છે.)

શંકા : ભગવાનનું કર્તૃરૂપ માત્ર જુદું સ્વરૂપ જ હોય તો પણ તે આખું જગત રચનાર હોઈ, તેમનું માહાત્મ્ય જણાશે અને તેથી સ્નેહરૂપ ભક્તિ પણ થશે. તેથી ભગવાન્ સર્વરૂપ પણ છે એવું વર્ણન કરવાનું શું પ્રયોજન ? એવી શંકા થાય.

સમાધાન : સર્વ જગતની ભગવાન્‌માંથી ઉત્પત્તિ થયેલી છે એમ કહેવામાં ન આવે તો જેમ સગર અને તેના શક્તિહીન પુત્રોથી ગંગાને ભૂમિ ઉપર લાવવાની શક્તિવાળા ભગીરથની ઉત્પત્તિ

થઈ તેમ લૌકિક કર્તાના ધોરણે તેમની ગણતરી થતાં, તેમનું માહાત્મ્ય અતિશય અથવા ઉત્તમ નહિ જણાય. ભગવાન્‌માંથી સર્વની ઉત્પત્તિ થાય છે એવા વિચારથી ભગવાનનું જુદું સ્વરૂપ ઉત્પત્તિરહિત હોવાથી તેમનું ઘણું માહાત્મ્ય જણાશે.

શંકા : ત્યારે ભગવાનના તે જુદા સ્વરૂપની ઉત્પત્તિ ન હોવાથી અને તે સિદ્ધ કરનાર તર્ક ન હોવાથી, તેનું સ્વરૂપ હોવાનો નિર્ણય કેવી રીતે થાય ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : તેનો નિર્ણય ફલથી થાય છે. ઉત્પત્તિ અને તર્ક બન્ને પ્રકારના વિચારથી નિર્ણય કરેલું તે ફલ (ફલરૂપ સ્વરૂપ) છે અને વસ્તુતઃ ફલ પ્રાપ્ત કરાવનારું છે, તેથી તેનો નિર્ણય કરવા સમ્બન્ધમાં કાંઈ કહેવાનું રહેતું નથી. અંગો(ભગવાનની દશ લીલાઓ) કહેવાથી જ અંગી(તે લીલાઓ કરનાર ભગવાન્)નું સ્વરૂપ પણ જણાવાયેલું જાણવું [૭]

તેથી ભગવાનની દશ લીલાઓ સદા કહેવી. ભગવાનનો નિર્ણય કરીને ભગવાનની લીલાઓનું કીર્તન કરવું, કારણ કે તેમ ભગવાનનો નિર્ણય કરવામાં ન આવે તો તે લીલાઓ જ ન થાય(ગણાય). તેવી જ રીતે ભગવાનનો નિર્ણય કરીને શ્રવણ કરનારે પણ લીલાઓનું શ્રવણ કરવું અને તેવી જ રીતે તેમનું સ્મરણ પણ કરવું. એ રીતે મનુષ્યે જે સદા કરવાનું છે તે સિદ્ધ થશે.

આ પ્રમાણે રાજા પરીક્ષિતે કરેલ પહેલા પ્રશ્ન(૧।૧૯।૩૭)ના ઉત્તરમાં મનુષ્યે સદા કરવા યોગ્ય (દશ લીલા કરનાર ભગવાનના)શ્રવણમાં બધું શ્રીભાગવત ઉપયોગી છે એમ કહી, બીજા પ્રશ્ન (મરવા પડેલા મનુષ્યે શું કરવું ? જુઓ ૨।૧।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ) ના ઉત્તરમાં કહે છે કે મરવા પડેલાં મનુષ્યે ખાસ કરી આઠ અંગવાળા યોગનું આચરણ કરવું, કારણ કે મરણ સમયે મનુષ્યની જેવી મતિ હોય છે તેવી ગતિ થાય છે. મરણ સમયે તે જે વિચારતો હોય, જેમાં તેનું મન હોય, તે ફળ તેને મળે છે. મન ઘણું ચઞ્ચળ અને અસ્થિર છે, તેથી તેનો (અસ્થિરપણાનો સમ્ભવતો પણ) દોષ દૂર કરવા ઘણા સાત્ત્વિક હોય તેઓએ યોગનો ઉપયોગ કરવો [૮-૯]

**અધ્યાયોના અર્થ : અધ્યાય ૧ તથા ૨ :**

મનુષ્યે સદા શું કરવું ? એ પરીક્ષિતના પહેલા પ્રશ્નના ઉત્તરમાં સર્વના આત્મા ભગવાન્ હરિનું સદા શ્રવણ કીર્તન અને સ્મરણ કરવું(૨।૧।૫) એમ શુકે કહેલું છે. કારણ કે અન્તે (મરણસમયે) નારાયણનું સ્મરણ થાય એ જ જન્મનો ઉત્તમ લાભ છે(૨।૧।૬). કર્મનાં બન્ધન જેમને નથી તેવા નિર્ગુણ અવસ્થાવાળા મુનિઓ પણ ભગવાનના ગુણોનું કીર્તન કરવામાં આનન્દ માને છે(શ્લો.૭) આ વેદની સમાન શ્રીભાગવત પુરાણનો ઉપદેશ છે. તે પુરાણ, શુક પરીક્ષિતને કહેવાની પ્રતિજ્ઞા કરે છે.

પરીક્ષિતના બીજા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે મરવા પડેલા મનુષ્યે યોગનું આચરણ કરવું. યોગનાં ત્રણ અંગો છે :

૧. ઘરનો ત્યાગ

૨. તીર્થમાં વાસ અને

૩. યોગનો અભ્યાસ.

મરણસમયે તો જે પ્રકારે ચિત્ત ભગવાન્‌થી બીજે ક્યાંય ન જાય તેવી રીતે અવશ્ય આચરણ કરવું.

કેટલાક કહે છે કે અહીં એવો નિર્ણય કરેલો છે કે ભગવાનની લીલાઓનું શ્રવણ અથવા યોગ, એ બેમાંથી પોતાને ગમે તે કરવું. કેટલાક એમ કહે છે કે તે બન્ને કરવાં. વળી બીજાઓ કહે છે કે પોત-પોતાના અધિકાર પ્રમાણે શ્રવણ અથવા યોગ જે યોગ્ય હોય તે કરવું. શું કરવું તેનો નિર્ણય કરાવનાર પોતાના મનનો સંસ્કાર છે. વળી બીજાઓ કહે છે કે બહારથી ભગવાનને જાણવાની ઈચ્છા હોય તો યોગ આચરવો.

આચાર્યશ્રીનો મત એવો છે કે શુકે પહેલાંના જન્મમાં શિવરૂપથી યોગનું આચરણ કરેલું. તે જે યોગ આચરવાનું કહે છે તે તો પોતે જે અજમાવેલ તે કહે છે અને શ્રવણ કરવાનું તો તેણે વ્યાસજીથી જાણેલું, તેથી જ મરણસમયે જે પ્રકારે ચિત્ત ભગવાન્‌થી બીજે ક્યાંય ન જાય તે પ્રમાણે અવશ્ય આચરણ કરવાનું કહેલું છે [૧૦]

જ્ઞાનમાર્ગનો ત્યાગ કરીને શુકે એ પ્રમાણે ભક્તિયોગનો બોધ કેમ કર્યો(શ્લો.૨૧) ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેણે પોતાનો આત્મા બ્રહ્મ છે એમ સાંભળેલું છે તેને સદા આનન્દનો અનુભવ થતો નથી. ''આ આત્મા બ્રહ્મ છે'' ''તું તે છે'' વગેરે વાક્યોથી પોતાનો આત્મા બ્રહ્મ છે, એમ જેણે સાંભળેલું છે તેને બીજું કાંઈ કરવા યોગ્ય ન રહેવાથી આનન્દનો અનુભવ અવશ્ય થવો જોઈએ. પરન્તુ તેવો અનુભવ તેને થતો નથી, તેથી તેણે આનન્દનો અનુભવ કરવા બીજું કાંઈક સાધન શોધવું જોઈએ. પછી જેમનાં ફલ નિશ્ચિત છે તેવાં સાધનોમાં શ્રવણ છે, તે સાધનો કર્યા પહેલાં ઉપયોગી થતું ન હોવાથી તેને સાધનનો જ ઉપદેશ કરવો જોઈએ. તર્કથી ''આત્મા જ બ્રહ્મ છે'' એવો સિદ્ધ થયેલો મત અનુભવથી વિરુદ્ધ છે, (કારણ કે એવું શ્રવણ કરવાથી આનન્દ થતો નથી). ''આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે'' એમ શાસ્ત્રમાં જ આત્મા બ્રહ્મ હોવાનું કહેલ છે તે અનુભવથી વિરુદ્ધ હોઈ જેમ મૂર્તિ વિષ્ણુ હોવાની બુદ્ધિ થાય છે તેમ આત્મામાં બ્રહ્મ હોવાની બુદ્ધિ કરાવનાર છે (તેથી બ્રહ્મસૂત્ર ૨।૩।૨૯ માં જણાવેલ) વ્યપદેશ (નામ આપવાનો) મત ગ્રહણ કરેલો છે. (આત્મા બ્રહ્મનો અંશ હોવાથી અને તેમાં બ્રહ્મના ગુણો હોવાથી, તેને બ્રહ્મ કહેલ છે. ''આ વિજ્ઞાનમય આત્મા બ્રહ્મ છે'' એ શ્રુતિ જ આ મતના આધારરૂપ છે, કારણ કે 'વિજ્ઞાનમય' હોવું એ ગુણ આત્મા અને બ્રહ્મ બન્નેમાં હોવાથી આત્માને શાસ્ત્રમાં બ્રહ્મ કહેલ છે).

તેથી આત્મા પોતે જ બ્રહ્મ છે એ મત તો, મનના માનેલા રાજ્ય જેવો હોઈ, ઉપયોગી ન હોવાથી જ્ઞાનમાર્ગનો શુકે ઉપદેશ કરેલ નથી.

બીજા સાધનમાં યોગ આચરવો જરૂરી છે એવો ઉપદેશ કરેલો છે. મન ચઞ્ચલ હોવાથી, યોગ આચરી, તેને સ્થિર કરી, ભગવાનની ગુણવાળી મનથી કલ્પેલી બ્રહ્માણ્ડરૂપ મૂર્તિનું, અથવા અન્તર્યામી સ્વરૂપનું સત્ત્વથી ભરપૂર હૃદયમાં ધ્યાન ધરવું. એ પ્રમાણે યોગથી ચિત્ત સ્થિર થતાં, તેમાં મનથી કલ્પેલી ભગવાનની મૂર્તિનું ધ્યાન કરીને, તેવા ધ્યાનથી ચિત્ત સત્ત્વથી ભરપૂર થાય ત્યારે પરમાનન્દ પ્રકટ થાય છે, એટલે તેવી સ્થિતિમાં સદા રહેવાથી સુખી થાય છે. તેમ કરવાથી જ્ઞાનનું ફલ (આનન્દ) પણ પ્રાપ્ત થાય છે. પરન્તુ જ્યારે ગુણો પ્રવૃત્તિ કરાવે, જ્યારે રજોગુણ અને તમોગુણ બલવાન થઈ ચિત્તની સ્થિરતા રહેવા ન દે, ત્યારે તેણે ચિત્તને સ્થિર કરવાનાં યોગનાં સાધન જ કરવાં જોઈએ [૧૧-૧૩]

જે મરવા પડેલા હોય તેણે ઉપર જણાવ્યા પ્રમાણે યોગનું આચરણ કરવું. જે મરવા પડેલો ન હોય પણ મૃત્યુને ઈચ્છતો હોય તેણે મૃત્યુ થાય ત્યાં સુધી એવી રીતે યોગનું આચરણ કરવું. પણ જો યોગથી આયુષ્યની વૃદ્ધિ થાય તો પોતાની ઈચ્છા પ્રમાણે દેહનો ત્યાગ કરવો. તેમાં પણ બે પક્ષ છે : ૧. સર્વ પ્રકારની કોઈ પણ કામના ન હોય તો દેહનો ત્યાગ કરવાના સમયે જ લિંગદેહનો પણ ત્યાગ કરવો. તેમ કરવાથી તરત જ મુક્તિ પ્રાપ્ત થાય છે. ૨. પરન્તુ કામનાઓ હોય તો ધીરે-ધીરે વિભાગથી (પ્રથમ સ્થૂલ દેહનો જ) ત્યાગ કરવો અને લિંગ દેહ રાખી તેનો ભવિષ્યમાં, કામના ન રહે ત્યારે, ત્યાગ કરવો. એમ કરવાથી ક્રમમુક્તિ પ્રાપ્ત થાય છે. જો સ્વર્ગ વગેરે પ્રાપ્ત કરાવનાર ધર્મો પહેલાં કરેલા હોય તો તે ધર્મો યોગ સાધ્યા પછી ધીરે-ધીરે દૂર થવા છતાં ફલના સમ્બન્ધમાં વાસનાથી રહી ગયા હોય (ફલ પ્રાપ્ત કરવાની વાસના મૂકી દૂર થયા હોય) તો પરલોક (સ્વર્ગ વગેરે) પ્રાપ્ત કરવાની ઈચ્છા રહે છે. તેવા પ્રસંગે આ ક્રમમુક્તિનો માર્ગ ગ્રહણ કરવામાં આવે છે [૧૪-૧૪॥]

ભગવાનના જુદાં-જુદાં સ્વરૂપનું ધ્યાન કરવાથી પણ જુદાં-જુદાં ફલ પ્રાપ્ત થાય છે. સ્થૂલ બ્રહ્માણ્ડરૂપ સ્વરૂપનું ધ્યાન કરતાં હોઈએ ત્યારે જો મૃત્યુ થાય તો ''મૃત્યુ સમયે જેવી મતિ હોય તેવું ફલ પ્રાપ્ત થાય છે'' એ નિયમ પ્રમાણે ધ્યાન ધરનાર પણ વિરાટ થાય છે. વિરાટનું લોકમાં વ્યવહારિક રૂપ બ્રહ્મા છે (તેથી તે બ્રહ્મા થાય છે); પરન્તુ જો ભગવાનનાં સૂક્ષ્મ(અન્તર્યામી) સ્વરૂપનું ધ્યાન કરતાં મૃત્યુ થાય તો મુખ્ય ફલ તરત જ મુક્તિ પ્રાપ્ત થાય. અથવા ક્રમમુક્તિ પ્રાપ્ત થાય.

એમ હોય તો યોગથી જ મુક્તિ પ્રાપ્ત થતી હોવાથી અને ભક્તિથી તે પ્રાપ્ત થતી ન હોવાથી શ્રવણ વગેરે ભક્તિમાર્ગ નકામા જ છે એવી શંકા ન કરવી. કારણ કે આઠ અંગવાળા યોગમાં પણ

ભગવાનનું ધ્યાન જ ફલ પ્રાપ્ત કરાવનારું છે. તેમાં યોગનું પ્રાબલ્ય નથી પણ ધ્યાનના વિષય (એટલે જેમનું ધ્યાન ધરવામાં આવે છે તે ભગવાનની મૂર્તિ) નું પ્રાબલ્ય છે. તેથી મનથી કલ્પેલી ભગવાનની મૂર્તિ પણ મુક્તિ આપનારી કહેલી છે તો પછી ભક્તિમાર્ગમાં સાક્ષાત્ ભગવાનનાં શ્રવણ વગેરે કરવામાં આવે તેથી મુક્તિ પ્રાપ્ત થાય તેમાં કહેવું જ શું ? શ્રવણ વગેરે કરવાથી તો ભગવાન્ પોતે સાક્ષાત્ પ્રકટ થાય છે. તેથી ભક્તિ અને યોગ માં તો ઘણો જ ભેદ છે. (યોગ કરતાં ભક્તિ ઘણી જ શ્રેષ્ઠ છે) [૧૫-૧૬]

ઉપર કહ્યું તેમ માનવામાં પ્રમાણ શું છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાનની સ્થૂલ બ્રહ્માણ્ડરૂપ મૂર્તિનું ચિત્તમાં ચિન્તન કરવાથી ભગવાન્‌માં ભક્તિ થાય છે અને ભક્તિ થવાથી ભગવાનના સૂક્ષ્મ અન્તર્યામી સ્વરૂપમાં પ્રવેશ કરે છે. તેથી તો શુકે ધ્યાન ધરવાની બે મૂર્તિઓ કહેલી છે. તે પૈકી સ્થૂલ મૂર્તિનું ધ્યાન ભક્તિનું અંગ છે એમ ૨।૨।૧૪ માં જણાવેલ છે. ભક્તિ થઈ ન હોય અને સંસારમાં આસક્તિ હોય ત્યાં સુધી ભગવાનના સૂક્ષ્મ સ્વરૂપમાં મન પ્રવેશ કરતું નથી. સ્વરૂપનું જ્ઞાન ભક્તિથી પ્રાપ્ત થતું હોવાથી જ ફલ પ્રાપ્ત કરાવનારું છે [૧૭]

વળી શ્રવણ વગેરે કરવાં જોઈએ એવો નિર્ણય એથી પણ થાય છે કે યોગ વગેરે સર્વ સાધનો ભક્તિના અંગરૂપ છે અને શ્રવણ વગેરે ભક્તિ કરાવનારાં છે. તેથી જ આ પ્રકરણનો ઉપસંહાર કરતાં ૨।૨।૩૩ માં શુકે કહેલું છે કે ''આ સંસારમાં પ્રવેશ કરનારને આ માર્ગ કે જેથી ભગવાન્ વાસુદેવમાં ભક્તિયોગ અથવા પરમ પ્રેમ ઉત્પન્ન થાય છે તેથી બીજો કલ્યાણકારક કોઈ માર્ગ નથી''. એવી રીતે ઉપસંહારમાં સાધનો માત્ર ભક્તિનાં અંગ હોવાનું કહેલું છે અને ભક્તિ કરાવનાર શ્રવણ વગેરે છે. જો કે યોગ વગેરે દરેકે-દરેક ભક્તિ કરાવનાર છે, છતાં પણ તેઓ એક-બીજાનું પોષણ કરાવનારાં છે, તેથી (શ્રવણ, સ્થૂલ સ્વરૂપનું ધ્યાન અને સૂક્ષ્મસ્વરૂપનું ધ્યાન) ત્રણ કહેલાં છે. તેઓ એક-બીજાનું કેવી રીતે પોષણ કરનારાં થાય છે એ ૨।૨।૩૩ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે [૧૮]

શંકા : શ્રવણ અને યોગ બન્ને ભક્તિ કરાવનારાં હોઈ એ બેમાંથી ગમે તે કરવાનું હોઈ, સદા શ્રવણ કરવાથી શો લાભ ? મૃત્યુ સમયે યોગ જ આચરવો, કારણ કે તે થોડા સમયમાં જ થઈ શકે ? એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે મૃત્યુ ક્યારે થશે તેનો સન્દેહ રહેતો હોય ત્યારે યોગ આચરનાર દુઃખી થાય છે. મૃત્યુ થવામાં ઘણા સમયનો વિલમ્બ હોય ત્યારે તો આ શ્રવણ જ સહેલાઈથી થઈ શકે તેવું છે. યોગ દુઃખથી થઈ શકે, જ્યારે શ્રવણ-કીર્તન-સ્મરણ કરવામાં તો સુખ થાય છે. તેથી શ્રવણ સુખથી થઈ શકે તેવું હોવાથી અને ઉપર જણાવ્યું તેમ સ્થૂલ સ્વરૂપના ધ્યાનથી ભક્તિ પ્રાપ્ત થયા વિના સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન થતું ન હોવાથી શ્રવણ કરવું જરૂરી હોવાથી શ્રવણ કરવું જોઈએ.

યોગ જ આચરવો એવો વિચાર રાખો તો પણ શ્રવણ કરવું જરૂરી છે. કારણ કે શ્રવણ ન કરો તો સદા વધતા જતા પાપને લીધે, ત્યાગ કે જે યોગનું અંગ છે તે થઈ શકશે નહિ અને શ્રવણ હશે તો ૨।૮।૫ પ્રમાણે તે પાપને વધવા નહિ દે. શ્રવણ નહિ થાય તો યોગ પણ થઈ શકશે નહિ. પરન્તુ એકલું શ્રવણ કરશો તો યોગ આચરવાની પણ જરૂર નહિ રહે, કારણ કે ત્યાગ ન હોય (યોગ આચરેલ ન હોય) તો પણ શ્રવણથી પ્રસન્ન થયેલા ભગવાન્ પોતે જ ફલ પ્રાપ્ત કરાવે છે. તેથી યોગ ગૌણ સાધન હોવાથી શુકે ઉપસંહારમાં ભક્તિમાર્ગનો જ ઉપદેશ કરેલો છે.

આ પહેલા બે અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણનું ભજન કરવાનો જ ઉપદેશ કરેલો છે, કારણ કે ભજન જ નિત્ય કરવાનું છે. શ્રવણ વગેરે (ભજન) જ મુખ્ય સાધન છે, યોગ મુખ્ય સાધન નથી. શ્રવણ (કીર્તન અને સ્મરણ) જ નિશ્ચય ફલ પ્રાપ્ત કરાવે છે. વળી શ્રવણ વગેરે ન કરવામાં દોષ પણ છે, કારણ કે (૨।૧।૫ તથા ૨।૨।૩૬) એમ આ પ્રકરણના આરંભ તથા અન્ત માં ''શ્રોતવ્યઃ કીર્તિતવ્યશ્ચ સ્મર્તવ્યઃ'' ભગવાનનું શ્રવણ કરવું જોઈએ, કીર્તન કરવું જોઈએ અને સ્મરણ કરવું જોઈએ એમ વિધ્યર્થ જે 'તવ્ય' પ્રત્યયનો પ્રયોગ કરેલો છે તે શાસ્ત્રની આજ્ઞા જણાવનાર છે એમ લોકમાં સ્વીકારાયેલ છે. તેથી પહેલા બે અધ્યાયના આ પ્રકરણમાં શ્રીકૃષ્ણનું ભજન કરવાનો જ ઉપદેશ છે. આ જ નિત્ય કરવા યોગ્ય છે, બીજું કાંઈ નિત્ય કરવા યોગ્ય નથી [॥૧૯-૨૦॥]

**અધ્યાય ત્રીજો : શ્રદ્ધામાં બાધક :**

ત્રીજા અધ્યાયમાં જુદા-જુદા પદાર્થોની કામનાવાળાઓ શ્રીકૃષ્ણ સિવાય બીજા જુદા-જુદા દેવોનું ભજન કરે છે તે કહેલું છે. જુદી કામના સિદ્ધ કરવા જુદા દેવોનું ભજન કરે છે(૨।૩।૧-૧૨). બીજા દેવોનું ભજન કરવું જરૂરી નથી, તેમજ તે ન કરવામાં આવે તો તેથી ભગવાનનું ભજન કરવામાં કાંઈ અડચણ થતી નથી, તેથી તે ન કરવું જોઈએ. પરન્તુ જુદી-જુદી કામનાઓ હોય ત્યારે તે જુદી-જુદી કામના પૂરી પાડનાર જુદા-જુદા દેવોનું ભજન થાય છે. આ કામનાઓ પ્રાપ્ત કરવાનું કાર્ય મહાપ્રભુ શ્રીકૃષ્ણનું ભજન કરવાથી પણ થાય છે. અને **જો શ્રીકૃષ્ણની સેવા ન કરવામાં આવે તો સર્વ ઈન્દ્રિયો વિફલ પણ થાય છે.** તેથી બે કાર્ય ન કરવાનાં છે :

૧. બીજા દેવોનું ભજન અને
૨. ઈન્દ્રિયોથી શ્રીકૃષ્ણની સેવા ન કરવી તે.

ન કરવા યોગ્ય હોવાપણું આ બન્નેમાં સમાન હોવાથી આ બન્ને એક સાથે ત્રીજા અધ્યાયમાં કહેલાં છે. તેથી શ્રીકૃષ્ણનું ભજન હિતકારક છે એમ જણાવવા ત્રીજો અધ્યાય યોજેલો છે. આથી એમ કહેલું છે કે ભગવાનનું ભજન ન કરાય તો જ્ઞાનીના દેહ અને ઈન્દ્રિયો પણ ફલરહિત છે(શ્લો.૧૭). તેથી જ્ઞાનીએ, કામના ન હોવા છતાં, ઈન્દ્રિયો હિતકારક થાય તે માટે ભગવાનનું

ભજન કરવું જોઈએ. તે ભજન ન કરે તો જુદી-જુદી ઈન્દ્રિયોના અભિમાનવાળા દેવતાઓ ભગવાનનો સમ્બન્ધ ન થવાથી દુઃખી થતાં મોક્ષ પ્રાપ્ત કરવામાં અથવા જ્ઞાનમાં વિઘ્ન કરે. તે આત્મા થયો હોય (એટલે તેને સ્થૂલ દેહનો અથવા સૂક્ષ્મ દેહનો પણ અધ્યાસ ન રહ્યો હોય) છતાં પણ શ્રીકૃષ્ણનું ભજન ન કરેલ હોવાથી જેમ કર્મ કરવાને અશક્ત હોય તે અગ્નિમાં પ્રવેશ કરે છે, સાથે તેના દેહ તથા ઈન્દ્રિયો ફલરહિત રહે છે તેમ તેની બધી ઈન્દ્રિયો ફલરહિત જ રહે છે. તેથી બધી ઈન્દ્રિયોથી ભગવાનનું ભજન કરવું જોઈએ એમ જણાવી શ્રીભાગવતના શ્રવણ વગેરેમાં શ્રદ્ધાનું વર્ણન કર્યું.

આ ત્રીજા અધ્યાયમાં ૧. બીજા દેવનું ભજન ન કરવાનું અને ૨. (દુષ્ટ ઈન્દ્રિયોથી) ભગવાનનું ભજન થતું નથી એ બે વિષયો કેમ કહેલા છે ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે બીજા દેવોનું ભજન ન કરવું અને ભગવાનનાં ભજન વિનાની ઈન્દ્રિયોને ન રાખવી એમ ન કરવાનું બન્નેમાં સમાન હોવાથી એ બે વિષયો આ અધ્યાયમાં કહેલા છે.

**શૌનકનો ઉત્સાહ :**

આ ત્રીજા અધ્યાયમાં શ્રીભાગવતનું શ્રવણ કરનારનું તેમાં શ્રદ્ધા હોવાનું કહેવાનું છે. રાજા પરીક્ષિતને તો શ્રવણમાં શ્રદ્ધા છે એવો નિશ્ચય થઈ ગયો છે, કારણ કે પહેલા સ્કન્ધમાં તેને શ્રવણનો ઉત્તમ અધિકારી જણાવેલો છે. શૌનકને શ્રવણમાં શ્રદ્ધા છે કે નહિ તેનો સન્દેહ છે. અહીં શ્રવણ કરનારને શ્રવણ કરવાનો ઉત્સાહ છે એમ કહેવાનું છે (કારણ કે શ્રદ્ધા ન હોય તો ઉત્સાહ હોય જ નહિં). અહીં શૌનકને ઉત્સાહ છે કે નહિ તે વિષયમાં સન્દેહ હોવાથી તેણે જ ભગવાનના ભજન વિના આયુષ્ય દેહ અને ઈન્દ્રિયો નિષ્ફળ છે એમ અહીં(શ્લો.૧૭-૨૪) કહી, શ્રવણ કરવાનો પોતાનો ઉત્સાહ હોવાનું જણાવેલું છે.

શ્રીકૃષ્ણનું ભજન કરવામાં બીજા દેવોનું ભજન નડતરરૂપ છે એ નિશ્ચય તો શ્રવણ કરનાર સર્વને સમાન છે. દુષ્ટ ઈન્દ્રિયો પણ નડતરરૂપ છે. આ બન્ને અડચણો દૂર કરવાનું એક જ પ્રકારથી અર્થાત્ ભગવાનનું શ્રવણ વગેરે કરવાથી સિદ્ધ થતું હોવાથી આજ્ઞારૂપે ત્રીજા અધ્યાયનો અર્થ કહેલો છે. (શુકે આ અર્થ ૨।૧।૫ માં કહેલ, તેનો શૌનકે અહીં શ્લો.૩૬ થી અનુવાદ કરેલો છે)*. બીજા દેવનું ભજન અને ઈન્દ્રિયોનો દોષ શ્રવણ વગેરેમાં નડતરરૂપ છે એવો અધ્યાયનો અર્થ છે. ઈન્દ્રિયો દોષવાળી હોય તો બીજા દેવનું ભજન થાય છે. તેમજ બીજા દેવનું ભજન કરવામાં આવે તો ઈન્દ્રિયો દોષવાળી થાય છે. શ્રીકૃષ્ણનું ભજન (શ્રવણ વગેરે) કરવાથી આ બન્ને અટકી જાય છે તેથી ભગવાનનું શ્રવણ, કીર્તન અને સ્મરણ કરવું એવી આજ્ઞા કરી એક જ પ્રકારથી બન્ને દોષ દૂર કરવાનું કહ્યું [૨૧-૨૩]

(* આ અધ્યાયના શ્લોક ૧૦ માં શુકે આ અધ્યાયનો અર્થ આજ્ઞારૂપે કરેલો છે(આવરણભંગ). ૨।૧।૫ તથા ૨।૨।૩૬ માં 'તવ્ય' પ્રત્યય જે વિધિ(શાસ્ત્રની આજ્ઞા) દર્શાવનાર છે તે યોજેલો હોવાથી તે શ્લોકનો સમ્બન્ધ લીધો છે. ૨।૩।૧૦ માં 'યજેત્' શબ્દ શાસ્ત્રની આજ્ઞા દર્શાવનાર નથી. વળી અધ્યાયનો અર્થ તેના અન્તમાં કહેવાય તેથી

શ્લોક ૧૦, અધ્યાયના અન્તમાં ન ગણાય).

(૨।૨।૩૬ શ્લોક શૌનકે કહેલ હોવાથી) ભગવાનનું ભજન અવશ્ય કરવું જોઈએ એવું જ્ઞાન તેને હોવાનું સિદ્ધ થાય છે, તો પછી તેણે શ્લો.૧૩ તથા ૨૫ માં પ્રશ્ન પૂછ્યો તે પૂછવાની શી જરૂર હતી ?'' એવી શંકા થાય, તો જાણવું કે જ્યાં સુધી પ્રભુનાં સ્વરૂપ ગુણો કર્મ વગેરે સારી રીતે જાણવામાં ન આવે ત્યાં સુધી ભજન થવામાં સંશય રહે છે. ભગવાનનાં સ્વરૂપ વગેરેનું જ્ઞાન ન હોય ત્યાં સુધી ભજન થઈ શકતું નથી, તેથી ભગવાનનાં સ્વરૂપ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કરવા શૌનકે પ્રશ્ન કરેલ [૨૪]

**અધ્યાય ચોથો–પરીક્ષિતનો ઉત્સાહ :**

ત્રીજા અધ્યાયમાં શૌનકના ઉત્સાહનું નિરૂપણ કરીને, ચોથા અધ્યાયમાં આરંભમાં પરીક્ષિતના ઉત્સાહનું નિરૂપણ કરેલું છે. પરીક્ષિતની મમતાનો નાશ થયો છે એમ પહેલાં જણાવી ભગવાનનું ભજન (શ્રવણ વગેરે) કરવામાં તેનો ઉત્સાહ જણાવેલો છે. પરીક્ષિત શુકને પ્રશ્ન કરે છે તે પહેલા આ અધ્યાયના પ્રથમ ચાર શ્લોકોથી શુક પરીક્ષિતના ઉત્સાહનું નિરૂપણ કરે છે. તેમાં શ્લોક ૨ થી તેની મમતાનો નાશ થયાનું કહેલું છે. આ મમતાનો નાશ સામાન્ય રીતે શ્રવણમાં શ્રદ્ધા જણાવનારો છે.

શંકા : પરીક્ષિતે તો પહેલાં જ મરતાં સુધીના ઉપવાસ આદરેલા એટલે રાજ્ય વગેરેમાંથી મમતાનો ત્યાગ કરેલ, હવે ફરીથી તેનો ત્યાગ કરવાનો કેવી રીતે હોય ? એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે વિષયનો ત્યાગ કરેલ હોવા છતાં તે મનની અન્દર રહેલો હોય છે અને જ્ઞાન પ્રાપ્ત થવાથી જ તે દૂર થાય છે. હરિ ભગવાન્ સર્વ થયેલા છે અથવા ભગવાન્ હરિ જ ભજન કરવા યોગ્ય છે, એવું જ્ઞાન હવે તેને થયું તેથી મનમાં સદા વધી જતી મમતાનો તેણે ત્યાગ કર્યો. પરીક્ષિત શુકને જે પ્રશ્ન કરે છે, ઉત્તમ શ્રોતા તથા વક્તા એ બે ઉત્તમોમાં જે પ્રશ્ન કરાય છે, તે શ્રીકૃષ્ણ જ ભજન કરવા યોગ્ય છે એવું જ્ઞાન થયા પછી થાય છે, એટલે પરીક્ષિતે રાજ્ય વગેરે વિષયમાં મમતાનો ત્યાગ કરીને પ્રશ્ન કરેલો હોવાથી(શ્લો.૬-૧૦) તે તેનો શ્રવણ કરવાનો ઉત્સાહ જણાવનારો છે. *પહેલા વક્તા સૂત ને માત્ર શ્રીભાગવતનું શ્રવણ કરેલ હોવાથી માત્ર જ્ઞાન હતું બીજા વક્તા શુકને ત્યાગ સાથે જ્ઞાન હતું તેથી શુક પોતાના અધિકાર પ્રમાણે નમન તથા આદર અને પ્રાર્થના ના વચનોથી ઉત્તર આપે છે. (શ્લો.૧૨-૧૭ નમન; શ્લો.૧૮-૨૪ પ્રાર્થના). આ નમન અને પ્રાર્થના થી શુકનો કીર્તન કરવાનો ઉત્સાહ પણ સિદ્ધ થાય છે.

(* અહીં સમયને અનુસરી પહેલા તથા બીજા કહેલા નથી, પણ શ્રીભાગવતમાં પહેલા સૂત વક્તા તરીકે આવે છે અને પછી શુક આવે છે, તેથી તેમને અનુક્રમે પહેલા અને બીજા કહેલા જણાય છે.)

એ પ્રમાણે શ્રવણ-કીર્તનમાં સર્વનો ઉત્સાહ થયો પછી પરીક્ષિતને વિશ્વાસ રહે તે માટે શુક પોતે જ ભગવાનનું સ્વરૂપ વગેરે કહેવાનું પડતું મૂકી, પહેલાં બ્રહ્મા અને નારદ નો આ વિષયમાં સંવાદ થયેલો, તે સંવાદથી જ તે કહેવામાટે શ્લો.૨૫ માં તે સંવાદનો વૃત્તાન્ત કહે છે [૨૫-૨૬।।]

**અધ્યાય પાંચમો ; ભગવાન્‌માંથી મૂર્ત-જડ પદાર્થોની ઉત્પત્તિ :**

ભગવાન્ જ પદાર્થ માત્ર થાય છે અને તે જ ભજન કરવા યોગ્ય છે એવું જ્ઞાન શ્રીભાગવતથી જ થાય છે, બીજા કોઈ પ્રકારે થતું નથી. પાંચમા અધ્યાયના આરંભમાં (શ્લો.૧-૨) નારદે બ્રહ્માને જે પ્રશ્ન કરેલ છે તે ઉપરથી જ આ જણાય છે. **સર્વ શાસ્ત્રોના અર્થનો નિર્ણય સામાન્ય રીતે કહેવામાં આવે તો પણ શ્રીભાગવતનું શ્રવણ કર્યા વિના સારી રીતે જાણવામાં આવતો નથી** તેથી જ નારદ સર્વ જાણનાર હોવા છતાં તેણે બ્રહ્માને આ પ્રશ્ન કરેલ છે. નારદ સર્વ જાણનાર હોવા છતાં તેણે શ્રીભાગવતનું શ્રવણ કરેલ ન હોવાથી જ તેને સન્દેહ રહેતો હતો અને તેથી તેણે બ્રહ્માને આ પ્રશ્ન કર્યો(૨।૫।૧-૮). તેને સન્દેહ રહેતો હોવાથી પ્રશ્ન કરેલ, તેથી જ બ્રહ્માએ પણ તેને ઉત્તર આપ્યો(અ.૫ શ્લો.૯ થી અ.૭ શ્લો.૫૩). જો સન્દેહ વિના પ્રશ્ન કર્યો હોત તો જાણે કે બ્રહ્માની પરીક્ષા કરવા પ્રશ્ન પૂછે છે એવું તેનું વચન જણાવાથી બ્રહ્મા તેની અવગણના જ કરત અને ઉત્તર ન આપત. નારદ અને બ્રહ્મા ના આ પ્રશ્ન અને ઉત્તર થી જ ભગવાન્ સર્વ જગત્--સર્વ પદાર્થ બનેલા છે અને તેથી જુદા પણ છે એવો નિર્ણય થઈ જશે. એવી રીતે પાંચમાથી સાતમા સુધીના ત્રણ અધ્યાયોથી સર્વ જગત્ ઉત્પત્તિથી બ્રહ્મરૂપ છે એવો નિર્ણય કરેલો છે [૨૭-૨૮]

**ઉત્પત્તિના પ્રકાર : અધ્યાય ૫-૭ :**

ઉત્પત્તિ ત્રણ પ્રકારની છે :

૧. અનિત્ય(મૂર્ત-જડ) પદાર્થની ઉત્પત્તિને 'જનન' ઉત્પન્ન થવું કહે છે

૨. નિત્ય અને હદવાળા પદાર્થો(જીવો)નો 'સમાગમ' થાય છે અને

૩. નિત્ય અને હદવિનાના દેહમાં ભગવાનનું 'પ્રાકટ્ય' થાય છે.

પ્રાકટ્ય પણ બે પ્રકારે થાય છે :

અ. સત્ત્વથી એટલે આવેશથી અને

આ. પોતાની મેળે

ભગવાન્ પ્રકટ થાય તેને અવતાર કહે છે. આ ત્રણ પ્રકાર અનુક્રમે પાંચમા, છઠ્ઠા તથા સાતમા અધ્યાયમાં જણાવેલા છે. આથી એમ સૂચવેલું છે કે લોકમાં પણ વસ્તુની ઉત્પત્તિનો નિશ્ચય કરવાથી, ભજન કરવાનો નિશ્ચય થાય છે. બીજાએ બનાવેલી જે કોઈ મૂર્તિ હોય તે પહેલા (પ્રકારની ઉત્પત્તિવાળી), પોતે(જીવે) આવાહન કરીને ભજન કરવું તે બીજા પ્રકારની, અને

પોતાની મેળે પ્રકટ થયેલી મૂર્તિ ત્રીજા પ્રકારની ઉત્પત્તિવાળી. ત્રીજા પ્રકારની મૂર્તિમાં પણ ભગવાન્ સદા રહે તો તે અવતાર ગણાય. વધારે વિગત શ્રીસુબોધિનીથી પણ જાણવી. છઠ્ઠા અધ્યાયની મધ્યમાં પુરુષસૂક્તનો અર્થ કહેલો છે(જુઓ શ્લોક.૧૫). તે આ જ અર્થ સૂચવે છે. પહેલું (બીજાએ કરેલ મૂર્તિનું) ભજન લૌકિક છે, બીજું (પોતાનું આવાહન કરીને કરેલું) ભજન વૈદિક છે, ત્રીજું (પોતાની મેળે પ્રકટ થયેલી ભગવાનની મૂર્તિનું) ભજન અંદરના અનુભવથી સિદ્ધ થયેલું છે. તેમાં મધ્યમ(વૈદિક) ભજન બે પ્રકારનું છે [૨૯-૨૯।।]

૧. ''હું બ્રહ્મ છું'' એવા અનુભવરૂપ ભજન છઠ્ઠા અધ્યાયના પહેલા ૨૧ શ્લોકોથી જણાવેલું છે. ૨. યજ્ઞનાં સાધન બનેલા સર્વ પદાર્થો પણ ભગવદ્રૂપ હોવાથી યજ્ઞરૂપનું ભજન તે જ અધ્યાયના ૨૨-૨૯ સુધીના શ્લોકોથી કહેલું છે.

મૂળસ્વરૂપની ભક્તિ કરવાથી જ ભક્તિમાર્ગ પ્રમાણે ભજન થાય છે, તેથી પુરુષોત્તમની ભક્તિ થઈ શકે તે માટે બધા અવતારોનાં પ્રાકટ્યની જ કથા (૭।૧-૨૫ માં) કહેલી છે. સર્વ અવતારોનું મૂળ પણ શ્રીકૃષ્ણ જ છે એવો બોધ કરવા તર્કથી શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એમ સિદ્ધ કરેલું છે. તેમ સિદ્ધ ન કરે તો શ્રવણ વગેરે સાધન અયોગ્ય થાય અને બીજા અવતારોની પેઠે શ્રીકૃષ્ણનું પણ ચરિત જ કહેવા યોગ્ય(કહેલું) ગણાય. તેથી ૨૭ મા શ્લોકમાં યમલાર્જુનના પ્રસંગથી શ્રીકૃષ્ણનું માહાત્મ્ય જણાવેલું છે. ૨૬ મા શ્લોકમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ કહેલું છે. બીજા અવતારોની પેઠે શ્રીકૃષ્ણની પણ કથા જ અહીં કહેલી છે એમ ન માનવું.

શંકા : ૩૪ મા શ્લોકમાં પ્રલમ્બ-ખર વગેરેને હણ્યા એમ જણાવી, શ્રીકૃષ્ણની કથામાં આવતા રાક્ષસોનું શ્રીકૃષ્ણની કથા કહેવામાટે જ નિરૂપણ કરેલું છે એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે શ્રીકૃષ્ણથી ઘણા રાક્ષસોને પણ ફલ(મુક્તિ) પ્રાપ્ત થયેલ છે એમ આ શ્લોકથી કહેલું છે. શ્રીકૃષ્ણથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ આથી જણાવેલું છે. તે શ્લોકમાં કેટલાક (રાક્ષસો) જ ગણાવેલા છે, બીજા કેટલાક ગણાવેલા નથી. જેટલા ગણાવ્યા તેટલાને જ મોક્ષ પ્રાપ્ત થયો છે બીજાઓને થયેલ નથી એમ જણાવવા જેમને મોક્ષ પ્રાપ્ત થયો છે તેમને જ ગણાવેલા છે. એવી રીતે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તથા માહાત્મ્ય જણાવી શ્રીકૃષ્ણ જ પુરુષોત્તમ છે એમ અહીં સિદ્ધ કરેલું છે [૩૦।।-૩૨।।]

### અધ્યાય ૮-૧૦ : ઉપપત્તિ(તર્ક)થી વિચાર :

એ પ્રમાણે પાંચમાથી સાતમા સુધીના ત્રણ અધ્યાયોવડે ઉત્પત્તિથી વિચાર કરી, આઠમાથી દશમા સુધીના ત્રણ અધ્યાયોવડે ઉપપત્તિ(તર્ક)થી વિચાર કરે છે. આ પણ ત્રણ પ્રકારનો છે :

૧. શંકા
૨. (શંકાનું) સમાધાન અને
૩. ફળ.

ભગવાને પદાર્થ માત્ર--સર્વ જગત્ બનાવેલ છે એ વિષયનો તર્ક આ પ્રકરણમાં કહેવામાં આવતો હોવાથી આ ઉપપત્તિમાં વિચારનું પ્રકરણ છે. (નવમા અધ્યાયમાં કાંઈ તર્ક દર્શાવેલ નથી, છતાં સર્વ જગત્ બ્રહ્મામાંથી ઉત્પન્ન થયેલ છે એમ નારદે અધ્યા.૫।૫ માં કરોળિયાનાં દૃષ્ટાન્તથી જણાવેલું છે.) તે બ્રહ્માનું પણ મૂળ હરિ છે એમ આ પ્રકરણમાં જણાવેલું હોવાથી, જો કે કરોળિયાનું દૃષ્ટાન્ત અહીં કહેલું ન હોવાથી સ્પષ્ટ નથી, છતાં કથા ચાલુ રહેતી હોવાથી, તે દૃષ્ટાન્ત અહીં પણ લાગુ પડે છે. જેમ વસ્ત્રનું ઉપાદાનકારણ કપાસ છે, તેમ બ્રહ્માની ઉત્પત્તિ પણ ભગવાન્માંથી થતી હોવાથી ભગવાન્ સર્વનું મૂળ છે, સર્વનું ઉપાદાનકારણ છે. સર્વ જગત્ ભગવાન્માંથી જ થયેલું છે, એમ ભગવાન્ જ આગળ ૯।૩૨ મા શ્લોકમાં કહેશે.

શંકા : ભગવાનનું પણ મૂળ શોધવું જોઈએ, તેથી ભગવાન્ જ સર્વનું મૂળ છે એમ તર્કથી સિદ્ધ થયેલું કેમ કહેવાય ? એવી શંકા થાય.

સમાધાન : તો જાણવું કે બ્રહ્માએ તપ કર્યું ત્યારે ભગવાન્ તેમને પોતાના સ્વરૂપનાં દર્શન કરાવી(૯।૧૪-૧૬)ને પછી પોતે સર્વનું મૂળ હોવાનું (શ્લો.૩૨માં) કહે છે અને પોતાનું સ્વરૂપ જણાવે છે (શ્લો.૩૧-૩૫). તેથી ભગવાન્ સર્વનું મૂળ હોવામાં કાંઈ પણ સન્દેહ રહેતો નથી અને તેથી તેમનું મૂળ શોધવાપણું રહેતું નથી [૩૩।।-૩૪]

આ ઉપપત્તિથી વિચારનું પ્રકરણ છે એમ કહેવાનું બીજું કારણ એ છે કે જે વિષય ઉત્પત્તિના પ્રકરણમાં કહ્યો, તેને અહીં પરીક્ષિત આઠમા અધ્યાયમાં પૂર્વપક્ષ કરે છે અને તે વિષય સિદ્ધ થાય તે માટે તે સમ્બન્ધમાં બીજા પ્રશ્નો પણ કરે છે. (રાજા ઉત્પત્તિ પ્રકરણમાં કહેલા વિષયમાં જે સન્દેહો દર્શાવે છે અને જે બીજા પ્રશ્નો કરે છે તે ૨।૮।૨૬ ઉપરનાં શ્રીસુબોધિનીના આભાસમાં વિસ્તારથી દર્શાવેલ હોવાથી ત્યાંથી જોઈ લેવું). રાજાએ ઉત્પત્તિ પ્રકરણના સમ્બન્ધમાં જે સન્દેહો દર્શાવ્યા તેનો ઉત્તર વક્તા શુક નવમા અધ્યાયમાં આપે છે અને તેમનું સમાધાન કરે છે. અને જે બીજા પ્રશ્નો રાજાએ પૂછેલ તેના ઉત્તર તેમાં આપતા નથી. તેના પણ ઉત્તર જો શુકે નવમા અધ્યાયમાં આપ્યા હોત તો આ કથા છે એમ જ ગણાત. તેના ઉત્તર નવમા અથવા દશમા અધ્યાયમાં આપ્યા નથી, પરન્તુ જે સન્દેહ રાજાને ઉત્પત્તિ પ્રકરણમાં થયેલ તેના જ ઉત્તર આપેલ છે, તેથી પણ આ ઉપપત્તિ પ્રકરણ હોવાનું સિદ્ધ થાય છે). બીજા પ્રશ્નો રાજાએ પૂછેલ તેનો પણ પરમ્પરાથી ભગવાનનું માહાત્મ્ય જાણવામાં ઉપયોગ હોવાથી તેનો ઉત્તર પણ સ્થૂલ ભાગવત(સ્કન્ધ ૩-૧૨) માં આપેલ છે. આથી એમ જણાય છે કે આ પ્રકરણમાં જે ઉપપત્તિથી સિદ્ધ થાય છે તે જ કહેલું છે [૩૫]

બીજા પ્રશ્નોના ઉત્તર સ્થૂલ ભાગવતમાં આપેલ હોવાથી સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવું જોઈએ એમ સિદ્ધ થાય છે. તે ભાગવતનું સ્વરૂપ સર્ગ વગેરે દશ ભગવાનની લીલાઓ છે, તેથી તે લીલાઓ ફલરૂપ છે. તેથી તે દશવિધ ભગવાનની લીલાઓ વાળા શ્રીભાગવતનું શ્રવણ કરવું જોઈએ એમ સિદ્ધ થયું. તેથી ફલના(દશમા) અધ્યાયમાં શ્રીભાગવતના સ્વરૂપનું જ નિરૂપણ કરેલું છે. તેથી મરવા પડેલાઓએ સદા શ્રીભાગવતનું શ્રવણ કરવું જોઈએ, એમ શ્રીભાગવત ફળ હોવાનું સિદ્ધ થયું. તેથી તેના ફલના(દશમા) અધ્યાયમાં શ્રીભાગવતનું સ્વરૂપથી અને અર્થથી વર્ણન કરી, તેનું સ્વરૂપ જણાવેલું છે.

ભગવાનની દશ લીલાઓની વ્યાખ્યાઓ કહી શ્રીભાગવતનું સ્વરૂપ કહેલું છે(શ્લો.૩-૭) અને અર્થ(પદાર્થો) આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારના હોવાનું જણાવી (શ્લો.૧૪-૩૨), અધ્યાયમાં પણ ભાગવતનું સ્વરૂપ જણાવ્યું છે.

શંકા : દશમા અધ્યાયમાં સ્વરૂપથી અને અર્થથી શ્રીભાગવતનું નિરૂપણ કર્યું તો પછી સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય.

સમાધાન : તો જાણવું કે આધિદૈવિક વગેરે ત્રણ પ્રકારના જુદા-જુદા પદાર્થો અનન્ત છે, તેથી તે અહીં કહેલા નથી. સ્થૂલ ભાગવતમાં તે કહેલા છે. તેથી આ દશમા અધ્યાયમાં તો લક્ષણથી જ તે જણાવેલા છે. તેઓનું વિશેષ પ્રકારે જ્ઞાન સ્થૂલ ભાગવતમાંથી જ થશે. તેથી સ્થૂલ ભાગવતનું શ્રવણ કરવું જોઈએ [૩૬-૩૭]

દશમા અધ્યાયમાં પદાર્થો અને સ્વરૂપ સાથે શ્રીભાગવતનું નિરૂપણ કરેલું હોવાથી; તેમજ ભાગવતમાં ફલરૂપ પદાર્થ ભગવાનની કૃપાનો પણ સમાવેશ કરેલો હોવાથી; અને શબ્દોથી પણ તે ઉત્તમ ગ્રન્થહોવાથી તેનું શ્રવણ અવશ્ય કરવું જોઈએ. શ્રીભાગવતના અમુક ભાગ, ત્રીજા અને ચોથા સ્કન્ધો, નું શ્રવણ કરવાથી પણ વિદુરને સન્દેહ વિના ઉત્તમ ફલ પ્રાપ્ત થયેલું. જ્યારે આ પ્રમાણે સર્ગ અને વિસર્ગ એ બે લીલાઓનાં જ શ્રવણથી પણ વિદુરને સમ્પૂર્ણ ફલ પ્રાપ્ત થયું, તો પછી સમ્પૂર્ણ શ્રીભાગવતનું શ્રવણ કરે તેને ઉત્તમ ફલ પ્રાપ્ત થાય એમાં શી શંકા હોઈ શકે ? શૌનકે સૂત પાસેથી જાણેલું કે વિદુરને મૈત્રેય પાસેથી શ્રવણ કરવાથી સમ્પૂર્ણ ફલ પ્રાપ્ત થયેલું(૧।૧૩।૧-૨), તેથી શૌનકે સૂતને વિદુરની જ કથા કહેવા જણાવ્યું(૨।૧૦।૪૮-૫૦).

શ્રીભાગવતની પ્રવૃત્તિ ઘણા પ્રકારે થયેલી હોવાથી, ''કાલનું પરિણામ અને કલ્પનું લક્ષણ તથા વિગ્રહ પહેલાના કલ્પમાં જેવા હતા તેવા હું તને કહીશ. હવે પાદ્મકલ્પનું શ્રવણ કર'' એમ(શ્લો.૪૭માં) શુકે રાજાને સ્થૂળ ભાગવત કહેવાની પ્રતિજ્ઞા કરી, તે સાંભળી ''જે શ્રવણ કરવાથી તરત જ ફલ પ્રાપ્ત થાય તે જ પ્રથમ કહો'' એવા અભિપ્રાયથી વિદુરની કથાનો પ્રારંભ

થાય તે માટે શૌનકે શ્લો.૪૮-૫૦ કહી, તે કથા સમ્બન્ધી પ્રશ્ન કર્યો, ત્યારે સૂતે તેને તરત જ કહ્યું કે રાજા પરીક્ષિતે પણ શુકને આ જ પ્રશ્ન કરેલ. કારણ કે સૂત તરત જ તેને તેમ ન કહે તો શૌનક કોઈક બીજો પ્રશ્ન તેને કરે તો પોતાનું ઈચ્છેલું તેનાથી થઈ શકે નહિ. શૌનકે આ પ્રશ્ન પોતે કૃતાર્થ થાય તેવા અભિપ્રાયથી સૂતને કરેલો. કારણ કે ભગવાનની સર્વ લીલાઓનું શ્રવણ થઈ શકશે કે નહિ તે કહી ન શકાય. શુકે પણ આ જ અભિપ્રાયથી વિદુરની કથાનો સ્કન્ધ ત્રીજાના આરંભમાં આરંભ કરેલો, કારણ કે બધી લીલાઓનું શ્રવણ કરાવતાં વચ્ચે રાજા પરીક્ષિતને અથવા શુકને પોતાને ઉદ્વેગ થાય, અથવા બીજું કાંઈ કારણ આવી પડે તો શ્રવણ કરવાનું કાર્ય થઈ ન શકે (અધૂરું રહે), તેથી સર્વથી ઉત્તમ ભાગ (જે બે લીલાના શ્રવણથી જ વિદુરને ફલ પ્રાપ્ત થયું તે) નો આરંભ કરવાની ઈચ્છાથી જ કહેવા માડ્યું. તેથી આ જે કહેવામાં આવશે તે ભાગવત સર્વથી ઉત્તમ છે [૩૮-૪૦]

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીનો અનુગામી થઈને શ્રીમહાપ્રભુજીની જ આજ્ઞાથી વિપરીત જઈ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર ગુરુદ્રોહી શિષ્ય, તેમાટે આજ્ઞા આપનાર ગોસ્વામી ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર આ ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(!) શ્રીવલ્લભના દ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી. ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય ભગવત્સેવાનો બીજો કોઈ **(જાહેરમન્દિર-હવેલીમાં)** સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી. તેથી ભગવત્સેવા કરવામાટે અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી

**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

# સ્કન્ધ ત્રીજો : સર્ગ

**સ્કન્ધનો અર્થ :**

પહેલા સ્કન્ધમાં અધિકાર જણાવ્યો. બીજા સ્કન્ધમાં શ્રીભાગવતના શ્રવણમાં અંગો સાથે શ્રવણ કરવાનો પ્રકાર કહ્યો. હવે આ ત્રીજાથી આરંભી બારમા સુધીના બાકીના સ્કન્ધોમાં જેનું શ્રવણ કરવાનું છે તે વિષય કહેવામાં આવે છે. ભગવાનની સર્ગ વગેરે દશ લીલાઓનું શ્રવણ કરવાનું છે તે લીલાઓ અનુક્રમે આ ત્રીજાથી બારમા સુધીના દશ સ્કન્ધોમાં કહેવામાં આવે છે. એ પ્રમાણે આ દશ સ્કન્ધોનો સાધારણ અર્થ કહ્યો [૧]

હવે ત્રીજા સ્કન્ધનો અર્થ આ કારિકામાં કહે છે. આ સ્કન્ધના તેત્રીસ અધ્યાયો છે. તે તેત્રીસ અધ્યાયોમાં સર્ગ(સૃષ્ટિ)નું નિરૂપણ કરેલું છે. આ સ્કન્ધના અમુક જ અધ્યાયમાં સર્ગનું વર્ણન કરેલ છે એમ નથી. '' 'સર્ગ' એટલે કારણોની ઉત્પત્તિ'' એ વાક્ય પ્રમાણે તેત્રીસે અધ્યાયોનો અર્થ સર્ગ છે.

સર્ગ વળી ૧. લૌકિક અને ૨. અલૌકિક એવા બે પ્રકારનો છે. અલૌકિક સર્ગમાં તેત્રીસ દેવોને ઉત્પન્ન કરવામાં આવતાં, તેઓ યજ્ઞ કરાવે છે, એ નિર્વિવાદ છે. (આઠ વસુઓ, અગીયાર રુદ્રો, બાર આદિત્યો, ઈન્દ્ર અને પ્રજાપતિ એ તેત્રીસ દેવો છે). લૌકિક સર્ગમાં પણ અઠ્ઠાવીસ તત્ત્વો, ચાર પ્રકારનાં પ્રાણીઓનાં બીજ (મૂલ, ઉત્પત્તિનાં કારણ) અને કાલ એવા તેત્રીસ પ્રકારની સૃષ્ટિ છે. તેથી જ આ સર્ગ '' [૧]પોતાનો ઈચ્છેલો, [૨]અસાધારણ ગુણવાળો અને [૩]પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો છે''. હર કોઈ પ્રકારની સૃષ્ટિમાં થાય તેવા પ્રકારનો આ સર્ગ નથી પરન્તુ ઉપર જણાવેલ ત્રણ ગુણોવાળો છે.

૧. તે પૈકી પહેલાં કહેલા(ગુણ) ''પોતાનો ઈચ્છેલો'' છે એટલે લૌકિક અને અલૌકિક એવા પ્રકારના ભેદવાળો છે(૧૨।૭।૧૧માં સર્વ પુરાણોમાંનો સામાન્ય સર્ગ કહેલ છે તેવો આ સર્ગ નથી) અને ૨. તેનો પણ અસાધારણ ગુણ એ છે કે આ સર્ગમાં સર્જેલા સર્વ પદાર્થ ભગવદ્રૂપ છે. વળી ૩. આ સર્ગ પોતાને ઉપયોગી થાય તેવા મોક્ષ વગેરે ફલવાળો છે. કારણ કે જીવની સૃષ્ટિ બે પ્રકારની છે : ૧. બહારથી(દેહ વગેરેથી) જણાતી અને ૨. સ્વરૂપથી સૃષ્ટિ. તે પૈકી બહારથી જણાતી સૃષ્ટિ લોકમાં પ્રસિદ્ધ છે, તેથી જીવને મોક્ષ પ્રાપ્ત થાય તે જ તેની મુખ્ય(સ્વરૂપથી) સૃષ્ટિ છે. પરન્તુ મોક્ષના અધિકારવાળો દેહ પ્રાપ્ત થયા વિના મોક્ષ પ્રાપ્ત થવાનું સમ્ભવતું નથી, તેથી મોક્ષ થયાનું જણાવવામાટે ઉત્પત્તિ થયાનું પણ કહેલું છે. તેમાં પણ ગૃહસ્થને જ મોક્ષ પ્રાપ્ત થવાનું ઘણા સન્દેહવાળું છે, તેથી દમ્પતી (પતિ કર્દમ અને પત્ની દેવહૂતિ) ને મુક્તિ પ્રાપ્ત થયાનું આ સ્કન્ધમાં જણાવેલું છે. આ ગૃહસ્થની મુક્તિ કરાવનાર ભગવાનની પ્રસન્નતા છે અને તેમની

પ્રસન્નતા પ્રાપ્ત કરાવનાર ભક્તિ, જ્ઞાન, યોગ અને ભગવાનની આજ્ઞા પ્રમાણેનું વર્તન છે. તેથી આ સર્ગનું વર્ણન કરતાં આ સર્વ કહેલાં છે. એટલે આ સર્ગ ''પોતાને ઉપયોગી થાય તેવા ફલવાળો'' હોવાનું કહેલું છે [૨]

(શંકા : બીજા પુરાણોમાં સર્ગ અને વિસર્ગ–પોતાનું સામર્થ્ય પ્રગટ કરી મુક્તિ પ્રાપ્ત કરનાર સામર્થ્યવાળા પુરુષોની સૃષ્ટિ–ને એક સાથે જ કહેલા છે અને શ્રીભાગવત સર્વ વેદ અને પુરાણો ના સારરૂપ હોવાથી અહીં પણ તે બન્ને એક સાથે જ હોવા જોઈએ, કારણ કે બન્નેમાં જીવની ઉત્પત્તિ દેહ પ્રાપ્ત કરવાથી થાય છે. છતાં શ્રીભાગવતમાં તે જુદા–જુદા ત્રીજા અને ચોથા સ્કન્ધમાં કહેલ છે, એ લોકમાંની પ્રસિદ્ધિથી વિરુદ્ધ છે એવી શંકા થાય તો જાણવું કે)

સમાધાન : જેવા સર્ગ અને વિસર્ગ લોકમાં પ્રસિદ્ધ છે તેવાં કહેવાનું અહીં ઇચ્છેલું નથી, તેવાનો અહીં વિચાર કરેલો નથી. અહીં તો પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા સર્ગ અને વિસર્ગ કહેલા છે. તે દરેક, ભગવાનની લીલા સ્વતન્ત્ર છે. અને તેથી તે દરેક એક–એક સ્કન્ધમાં કહેલી હોવાથી અહીં તે લીલાઓ બે સ્કન્ધમાં કહેલી છે. વળી આ બન્ને લીલાઓ મૈત્રેય અને વિદુર નો સંવાદ જણાવી તે સંવાદથી કહેલી છે. કારણ કે વિદુર અધિકારી હોવાથી આ બે જ લીલાઓના શ્રવણથી તેને મોક્ષ પ્રાપ્ત થયો તો પછી જે આખા શ્રીભાગવતનું દશે લીલાઓનું–શ્રવણ કરે તેને મોક્ષ પ્રાપ્ત થાય એમાં સન્દેહ જ શો! [૩–૪]

**સર્ગની વ્યાખ્યા :**

૧. **''બ્રહ્મમાં ગુણોમાં વૈષમ્ય પ્રકટ થવાને લીધે મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો તથા બુદ્ધિનો જન્મ થાય છે તેને 'સર્ગ' કહેલ છે''** એવી સર્ગની વ્યાખ્યા ૨।૧૦।૩ માં આપેલી છે. ગુણોનું વૈષમ્ય રજોગુણને લીધે જ થાય છે, કારણ કે રજોગુણ જ સૃષ્ટિના કારણરૂપ–સૃષ્ટિ કરાવનારો છે. ભગવાન્‌માંથી સૃષ્ટિ થાય છે એ વિષયમાં સન્દેહ ન રહે તે માટે 'બહ્મમાં' એવો શબ્દ સર્ગની વ્યાખ્યામાં યોજેલ છે. 'બ્રહ્મમાંથી' એટલે ભગવાન્‌માંથી. મહાભૂતો, તન્માત્રાઓ, ઇન્દ્રિયો અને બુદ્ધિ નો જન્મ થાય છે. તે કારણરૂપ અને કાર્યરૂપ એમ બે પ્રકારનાં હોય છે. જુદા–જુદા પ્રાણીઓના દેહમાં જે મહાભૂતો વગેરે રહેલાં છે તે કાર્યરૂપ છે, તેમનો જન્મ તે આ સર્ગ નથી; પરન્તુ કારણરૂપ મહાભૂત વગેરેનો જન્મ તે આ સર્ગ છે. તેથી ૨. **''રજોગુણવાળા ભગવાનની જગતના કારણોનો જન્મ કરનારી લીલા તે 'સર્ગ' ''** એવી સર્ગની વ્યાખ્યા થઈ.

ઉપર બીજા શ્લોકના વ્યાખ્યાનમાં ૩. **''સર્ગ એટલે કારણોની ઉત્પત્તિ.''** એવી બીજા પુરાણમાં કહેલી સર્ગની વ્યાખ્યા પણ જણાવેલી છે. આ સર્ગની વ્યાખ્યાઓ કહેવાનું પ્રયોજન જુદા–જુદા સર્ગોનો સર્ગમાં સમાવેશ કરવાનું છે.

૧. રજોગુણવાળા ભગવાને પણ લીલાથી સૃષ્ટિ રચેલી છે.

૨. સર્ગ મુખ્ય (ગુણાતીત)બ્રહ્મની લીલા પણ છે.

૩. ભગવાન્ કાલરૂપ હોવાથી કાલે રચેલી સૃષ્ટિ પણ ભગવાનની લીલા છે.

૪. જીવ પણ સૃષ્ટિ રચવામાં કારણરૂપ હોવાથી તે પણ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરે–મોક્ષ પ્રાપ્ત કરે તે પણ સૃષ્ટિ રચવાનું પ્રયોજન હોવાથી, જીવની સ્વરૂપમાં સ્થિતિ એટલે મુક્તિનો પણ સર્ગમાં સમાવેશ થાય છે.

૨।૧૦।૩ માં ''ભૂતમાત્રેન્દ્રિયધિયાં જન્મ સર્ગ ઉદાહૃતઃ, બ્રહ્મણો ગુણવૈષમ્યાત્'' એવી સર્ગની આપેલી વ્યાખ્યા ઉપર જણાવેલી છે તેમાં ''બ્રહ્મણો અગુણવૈષમ્યાત્'' એમ અવગ્રહ લેવાથી એવો અર્થ થાય છે કે બ્રહ્મમાં ગુણો પ્રકટ ન થવાથી બ્રહ્મનો પણ જન્મ–પ્રાકટ્ય થાય છે. આવો અર્થ થાય ત્યારે બીજી વ્યાખ્યા ઉપર કહી તેમાં ''કારણજન્મદા'' એટલે કે કારણોનો જન્મ કરનારી, એવું વિશેષણ કહેલ, તેનો અર્થ 'કારણો' એટલે જીવોના જન્મનો 'દ્યતિ' નાશ કરનારી, એટલે જીવોને મોક્ષ આપનારી એવો કરવો. એવી રીતે જુદા–જુદા પ્રકારના સર્ગ થતા હોવાથી તેના જુદા પ્રકરણો ગણી, સર્ગના પ્રકારો કહેવામાં આવે છે [૪।।]

**સર્ગના પ્રકારો :**

દેવ બે પ્રકારના હોવાથી અને કારણો ત્રણ પ્રકારનાં હોવાથી સૃષ્ટિ પાંચ પ્રકારની છે. અને બન્ધન તથા મોક્ષ એવા ભેદથી દરેક સૃષ્ટિ પોતે જ બે પ્રકારની થાય છે, એટલે તેના કુલ દશ પ્રકાર થયા.

દેવ (ભગવાન્) ૧. ગુણાતીત (ગુણથી પર) અને ૨. સગુણ (ગુણવાળા) એવા બે પ્રકારના થાય છે. તત્ત્વોના તથા જીવોના ત્રણ ભેદો છે. ૧. અહંકાર વગેરે તત્ત્વોની સૃષ્ટિ. ૨. અમુક્ત જીવોની અથવા કાલની સૃષ્ટિ, કારણ કે અમુક્ત અથવા બદ્ધ જીવો કાલમાં જુમ્યા કરે છે અને મૃત્યુ પામ્યા કરે છે. ૩. મુક્ત જીવોની સૃષ્ટિ. તેથી દેવના તથા કારણોના મળી પાંચ પ્રકારો થતા હોવાથી પાંચ પ્રકારની સૃષ્ટિ થાય છે. તે પ્રકારો નીચે જણાવવામાં આવશે. આ પાંચ પ્રકારની સૃષ્ટિમાં એકનું પ્રાધાન્ય (મુખ્યપણું) હોય ત્યારે બીજી તેની વિભૂતિરૂપ (તેના અંગરૂપ) હોય છે. જેમકે

૧. તત્ત્વોની સૃષ્ટિ ગુણાતીત(દેવ)ની સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

૨. બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ થાય છે તે વિસર્ગરૂપ છે અને સગુણ સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

૩. દશમા અધ્યાયમાં જણાવેલ દશ પ્રકારની સૃષ્ટિ કાલની વિભૂતિ છે.

૪. સાંખ્ય પ્રકરણમાં વીસમા અધ્યાયમાં જણાવેલી મહત્તત્વ વગેરેની સૃષ્ટિ તત્ત્વોની સૃષ્ટિની વિભૂતિ છે. અને

૫. ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયોમાં મતાન્તરથી જણાવેલી મુક્ત જીવોની સૃષ્ટિ બારમા અધ્યાયમાં જણાવેલ સૃષ્ટિની વિભૂતિરૂપ છે.

— એ પ્રમાણે પાંચ પ્રકારની સર્ગરૂપ લીલા થઈ. તે પાંચે બન્ધન અને મોક્ષ એવા ભેદથી બે પ્રકારની થતાં દશ પ્રકારની થાય છે (પાંચે સૃષ્ટિમાં જુદા-જુદા પ્રકારથી મુક્તિ થાય).

૧. સગુણ સૃષ્ટિની મુક્તિ મોક્ષ લીલાનો સમ્બન્ધ થવાથી થાય છે. (કારણ કે જુદા-જુદા ભાવથી સૃષ્ટિ રચતાં તેમને ભય વગેરે થાય છે અને તે ભાવોનો ત્યાગ કરતાં તેમની સ્વરૂપમાં સ્થિતિ અથવા મુક્તિ થાય છે. ચિત્તની વૃત્તિઓને રોકવાથી જ તેવી રીતે મુક્તિ થાય છે, તેથી મોક્ષલીલાનો યોગ જ તે મુક્તિ કરાવનારો છે).
૨. તેવી રીતે ગુણાતીત સૃષ્ટિની મુક્તિ જ્ઞાનથી થાય છે (કારણ કે આ સૃષ્ટિ ૩।૫।૨૪ માં જણાવ્યા પ્રમાણે અજ્ઞાનથી થાય છે અને અજ્ઞાનનો નાશ જ્ઞાનથી થાય છે).
૩. કાલસૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાનો મોક્ષ ભક્તિથી થાય છે.
૪. તત્ત્વોનો મોક્ષ જે તત્ત્વમાંથી તે નીકળેલ હોય તેમાં તેનો ફરી પ્રવેશ થવાથી થાય છે.
૫. જીવોની મુક્તિ વૈરાગ્યથી થાય છે.

તેથી પાંચ પ્રકારની સૃષ્ટિ અને તેના પાંચ પ્રકારના મોક્ષ એવો આ સ્કન્ધના અધ્યાયોનો અર્થ લેતા, તેનાં દશ પ્રકરણ થાય [૫।।-૫।।]

**સૃષ્ટિના પ્રકારો :**

૧. એક સૃષ્ટિ ગુણાતીત દેવમાંથી થાય છે. આ સૃષ્ટિ પાંચમા તથા છઠ્ઠા અધ્યાયોમાં કહેલી છે.
૨. બીજી સૃષ્ટિ સગુણ બ્રહ્મમાંથી થાય છે. આ સૃષ્ટિ સાત, આઠ તથા નવ મા અધ્યાયોમાં કહેલી છે.
૩. ત્રીજી સૃષ્ટિ કાલની અધ્યાય ૧૦-૧૧ માં કહેલી.
૪. ચોથી જીવોની સૃષ્ટિ અધ્યાય ૧૨ માં કહેલી મુક્ત જીવોની, કારણ કે અમુક્ત જીવોની સૃષ્ટિનો કાલસૃષ્ટિમાં સમાવેશ થયેલ છે.
૫. નામસૃષ્ટિ અધ્યાય ૧૨ માં જ કહેલી છે.

વાસ્તવિક રીતે તત્ત્વોની સૃષ્ટિ (સાંખ્ય પ્રકરણમાં અધ્યાય ૨૦માં કહેલી) ને જ પાંચમી સૃષ્ટિ કહેવી જોઈએ, પરન્તુ તેમાં નામસૃષ્ટિનો પણ સમાવેશ કરવાનો હોવાથી નામસૃષ્ટિને પાંચમી કહેલી છે. સૃષ્ટિ રચવામાં-પહેલી બે સૃષ્ટિ રચવામાં દેવ સ્વતન્ત્ર છે. ત્રીજી ચોથી અને પાંચમી સૃષ્ટિ રચવામાં-કાલ, જીવો અથવા તત્ત્વો સ્વતન્ત્ર નથી. તેમની સૃષ્ટિ ભગવાનની ઈચ્છાથી જ થાય છે; માત્ર કાલ, જીવો અથવા તત્ત્વો થી થતી નથી [૬।।-૬।।]

**ભૂમિના ઉદ્ધારની સર્ગમાં ઉપયોગિતા :**

આ સ્કન્ધના અઢારમા તથા ઓગણીસમા અધ્યાયમાં ભગવાને વારાહનો અવતાર લઈ હિરણ્યાક્ષને હણી ભૂમિનો ઉદ્ધાર કર્યાની કથા કહેલી છે, તે પણ સર્ગ સમ્બન્ધી જ કથા છે. કારણ

કે ભૂમિનો ઉદ્ધાર સર્વ પ્રકારની સૃષ્ટિમાં ઉપયોગી છે. તે સર્વ સૃષ્ટિઓના આધારરૂપ હોવાથી, સર્વ સૃષ્ટિઓને સમાન છે અને તેથી બન્ધ લીલાના અન્તે કહેલ છે [૭।।]

**મુક્ત જીવોની ઉત્પત્તિ :**

મુક્ત જીવોની ઉત્પત્તિ થયાનું બારમા અધ્યાયમાં (શ્લોક ૪ વગેરેમાં) કહેલું છે, તે પણ નકામું કહેલ નથી. કારણ કે મુક્ત જીવનો પણ જન્મ થાય છે એમ દર્શાવવા અધ્યા.૧૫।૩૪ માં જય તથા વિજય ને સનક વગેરેએ શાપ આપ્યાની કથા કહેલી છે.

કેટલાક કહે છે કે બ્રહ્મસૂત્ર ૪।૪।૨૨ માં જણાવેલ ''ફરી તે (સંસારમાં) આવતો નથી'' એ શ્રુતિ પ્રમાણે મુક્ત જીવોનો ફરી જન્મ થતો ન હોવાથી, અહીં સનક વગેરે જે મુક્ત જીવોની ઉત્પત્તિ કહેલી છે, તેમની મુક્તિ થયેલ તે મુખ્ય નહિ હોય, ઉપચારથી મનાયેલી હશે. પણ આ માન્યતા યોગ્ય નથી. વાસ્તવિક રીતે સનક વગેરેની ઉત્પત્તિ થઈ તે પહેલાં તેઓને જ્ઞાન પ્રાપ્ત થયેલું જ હતું, કારણ કે ઉત્પત્તિ થયા પછી તેમને કોઈએ જ્ઞાનનો ઉપદેશ કરેલો નથી. ઉત્પત્તિ થઈ તે પહેલાં તેઓની વાસ્તવિક મુક્તિ જ થયેલી. તેવી જ રીતે વૈકુંઠમાં વસનારા ભગવાનના ભક્તો જય અને વિજય પણ વાસ્તવિક રીતે મુક્ત જ હતા, પરન્તુ ભગવાનની ઈચ્છાથી તેમની સંસારમાં ઉત્પત્તિ થઈ. આ દર્શાવવા જ ઉપર જણાવેલ શાપની કથા કહેલી છે. તેમાં સનક વગેરે શાપ આપનાર છે અને જય તથા વિજય ને તેમણે શાપ આપેલ છે. એ પ્રમાણે આ શાપની કથાથી મુક્ત જીવોની પણ ઉત્પત્તિ થાય, તેની યોગ્યતા કહી (તેથી તેઓને ઉત્પત્તિ પહેલાં મુક્તિ થયેલી તે મુખ્ય મુક્તિ જ હતી, ઉપચારથી મનાએલી નહોતી) [૭।।।]

**મુક્ત જીવને પ્રાપ્ત થતું ફલ :**

આ મુક્ત જીવોની ઉત્પત્તિ થાય તે ભગવાનને પ્રિય નથી, તેથી મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય જીવોને પ્રાપ્ત થવાનું ફલ મોક્ષના સમ્બન્ધમાં જુદું સાંખ્ય પ્રકરણ કહેલું છે.

(શંકા : જય અને વિજય ની ઉત્પત્તિ થઈ તે ભગવાનને ઈષ્ટ હતું. જો તે ભગવાનને ઈષ્ટ ન હોય તો કેટલાક જન્મો પછી તેઓને ''આ મારું સ્થાન પ્રાપ્ત થશે'' એમ ભગવાન્ કહેત નહિ, એવી શંકા થાય. સમાધાન :તો જાણવું કે અહીં જે આ કથા કહેલી છે તે મતાન્તર છે. કારણ કે અધ્યાય ૧૪।૬ માં મૈત્રેયે સ્પષ્ટ કહેલું છે કે ''આ વિષયમાં જે આ ઈતિહાસ મેં પૂર્વ શ્રવણ કરેલો છે''. તેથી મૈત્રેયે સાંભળેલ વૃત્તાન્ત અહીં કહેલો હોવાથી તે મતાન્તર છે).

જય અને વિજય નો શાપને લીધે આસુરભાવ થયા પછી તેઓ ક્રોધથી ભગવાનને પ્રાપ્ત કરવાના હતા, એ તેમના રાજસભાવને લીધે મતાન્તરથી તેમને પ્રાપ્ત થવાનું ફલ કહેલું છે.

શંકા : ત્યારે મુક્ત જીવોને પ્રાપ્ત થવાના ફલ અને બીજા મુક્તિ પ્રાપ્ત કરવા યોગ્ય જીવોને

પ્રાપ્ત થવાનાં ફલમાં ભેદ છે, તે બન્ને સરખાં નથી એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે તે બેમાં ભેદ નથી એમ જણાવવા ભગવાનનું પ્રાકટ્ય થવાનું મતાન્તરમાં તેમજ સાંખ્ય પ્રકરણમાં બન્ને સ્થળે કહેલું છે. ભગવાન્ પોતે જ પ્રકટ થઈ (અવતાર લઈ) બન્નેને ફળ આપે છે એમ જણાવવા આ સર્ગ લીલામાં બે ભગવાનના અવતારો થયાનું કહેલ છે. વરાહનો અવતાર થયો તે ભગવાનની ક્રિયાશક્તિવાળો અવતાર છે અને કપિલનો અવતાર થયો તે ભગવાનની જ્ઞાનશક્તિવાળો અવતાર છે. જો સૃષ્ટિના પ્રકરણમાં ભગવાનનો અવતાર ન થાય, તો જીવોનાં કર્મને લીધે જ તેમનાં જન્મમરણ થાય છે અને સૃષ્ટિ કર્મને જ અધીન છે એમ માનવામાં આવે. વાસ્તવિક રીતે ભગવાનની ઈચ્છાથી જ સૃષ્ટિ થાય છે. જો મુક્ત જીવોની ઉત્પત્તિ થતી ન હોય, અથવા ઉત્પન્ન થયેલ જીવોને મુક્તિ પ્રાપ્ત થતી ન હોય, તો સૃષ્ટિ (બન્ધ અને મોક્ષ) ઈશ્વરની ઈચ્છાથી થાય છે એ ખોટું ઠરે અને ઈશ્વરપણું રહે નહિ. તેથી સૃષ્ટિ ઈશ્વરની ઈચ્છાને જ અધીન છે એમ જણાવવા મુક્ત જીવોની ઉત્પત્તિ થવાનું અને ઉત્પન્ન થયેલ જીવોને મોક્ષ પ્રાપ્ત થતો હોવાનું આ લીલામાં કહેલ છે [૭॥-૧૧]

**સૃષ્ટિનું પ્રયોજન :**

આ સર્ગમાં સ્ત્રી(દેવહૂતિ) અને પુરુષ(કર્દમ) ને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલ છે. સ્ત્રીઓ અને પુરુષો ને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને સૃષ્ટિ રચેલી છે. અને ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે તેમને આ લોકનાં ફળ(ધન-પુત્ર વગેરે) પરલોકનાં ફળ(સ્વર્ગ વગેરે) અને મોક્ષ પણ આપે છે, એવું આ સ્કન્ધનું તાત્પર્ય છે. તેથી ભગવાને રચેલી સૃષ્ટિમાં જે ઉત્પન્ન થયેલા છે તેમણે ભગવાનનું પ્રેમથી ભજન કરવું જોઈએ [૧૨॥]

સૃષ્ટિનું વર્ણન વીસમા અધ્યાયમાં કરેલું છે તે સમ્પૂર્ણ રીતે કરેલું નથી, પણ સામાન્ય રીતે સૃષ્ટિ ગણાય તેવી હર કોઈ સૃષ્ટિનું વર્ણન કરવું જોઈએ, તેથી તે પ્રમાણે વર્ણન કરેલું છે. સાંખ્ય મત પ્રમાણે જ સૃષ્ટિનું વર્ણન કરેલું નથી. કારણ કે તે મત પ્રમાણે પ્રાપ્ત થતી મુક્તિનું નિરૂપણ કરવા તે પ્રકરણ કહેલું છે. છતાં એ અધ્યાયમાં એક પછી એક તામસી, રાજસી અને સાત્ત્વિકી એમ ત્રણ પ્રકારની સૃષ્ટિ કહેલી છે, કારણ કે સાંખ્ય મત પ્રમાણે ગુણોથી સૃષ્ટિ થાય છે. તેથી એ અધ્યાયમાં ગુણથી થયેલી સૃષ્ટિ કહેલી હોવાથી, સાંખ્યમતથી તે વિરુદ્ધ નથી [૧૨॥-૧૪]

કર્દમે મુક્તિ પ્રાપ્ત કરવા કાંઈ પણ સાધન કરેલ હોવાનું સાંખ્ય પ્રકરણમાં કહેલું નથી, છતાં તેને જ્ઞાન તો પહેલાં જ પ્રાપ્ત થયેલું હોવાનું જણાવેલ છે. તેથી ભોગ વગેરે સાથે તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલું છે. દેવહૂતિને કપિલના ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત થતાં મુક્તિ પ્રાપ્ત થયાનું ૨૫ થી ૩૩ મા સુધીના નવ અધ્યાયોથી કહેલું છે [૧૫]

**પ્રકરણો :**

પ્રકરણો ગણતાં સર્ગના આ સ્કન્ધનાં ચાર પ્રકરણો થાય છે :

૧. અધિકાર
૨. સૃષ્ટિ
૩. ઉપપત્તિ અને
૪. ફળ (અથવા મુક્તિ).

અનુક્રમે આ ચાર સ્થૂલ પ્રકરણ કહેલાં છે. સૂક્ષ્મ પ્રકરણો ગણતાં આ સ્કન્ધનાં દશ પ્રકરણો થાય છે, તે પાછળ કા. ૫ માં જણાવેલાં છે. ચાર સ્થૂલ પ્રકરણો કહ્યાં તે જ આ દશ સૂક્ષ્મ પ્રકરણો થાય છે. બીજાં સ્થૂલ પ્રકરણો સૃષ્ટિના પાંચ પ્રકાર પાછળ કહેલા છે. પાંચમાથી બારમા સુધીના અધ્યાયોમાં આ પાંચ પ્રકારની સૃષ્ટિ કહેલી છે. ઉપપત્તિ, એટલે મુક્ત જીવોની ઉત્પત્તિ તથા મુક્તિ થવાની યોગ્યતા બે પ્રકારની છે. (તે તેરમાથી વીસમા સુધીના આઠ અધ્યાયોમાં કહેલી છે). મુક્ત જીવો ઉત્પન્ન થયેલ હોય તેઓની, સ્ત્રીની અને પુરુષની એમ મુક્તિ ત્રણ પ્રકારની છે. તેથી સૃષ્ટિ, ઉપપત્તિ અને મુક્તિના (૫ + ૨ + ૩) દશ પ્રકાર થયા. અધિકાર (પહેલા ચાર અધ્યાયોમાં જણાવેલ છે, તે) આ દશ સૂક્ષ્મ પ્રકરણોથી જુદા છે, કારણ કે તે ત્રીજા અને ચોથા બન્ને સ્કન્ધોમાં ઉપયોગી છે. આ બન્ને સ્કન્ધ એક પ્રકરણના જેવા છે. બે સ્કન્ધના (૩૩ + ૩૧ = ૬૪) ચોસઠ અધ્યાયો છે. તેમાંના ત્રીજા સ્કન્ધના પહેલા ચાર અધ્યાયો અધિકાર જણાવનારા છે. આ બે સ્કન્ધમાં ભગવાનની ચોસઠ કલાઓનું નિરૂપણ કરેલ છે [૧૬-૧૭]

**અધિકાર પ્રકરણ : અધ્યાય ૧-૪ :**

આ સ્કન્ધના પહેલા ચાર અધ્યાયોથી અધિકાર જણાવેલો છે :

ક. મોક્ષ પ્રાપ્ત થવામાં ૧. ઘરમાં આસક્તિ હોય તે વિઘ્ન કરનારી છે, તેથી ઘરમાંથી આસક્તિ નીકળી જવી જોઈએ. પહેલા અધ્યાયના ૬-૧૬ સુધીના શ્લોકથી વિદુરની ઘરમાં આસક્તિ દૂર થયાનું કહેલ છે. ૨. વ્રત વગેરેથી વિદુરનો દેહ શુધ્ધ પણ થયો (શ્લો.૧૭-૧૯) અને ૩. વિદુર તીર્થોમાં ફર્યા(શ્લો.૨૨-૨૪). પરીક્ષિત કરતાં વિદુરમાં આ ત્રણ ગુણો વધારે થયા, તેથી પરીક્ષિત કરતાં પણ ઉત્તમ આ શ્રેષ્ઠ અધિકારવાળા થયા. તીર્થોમાં ફરવું એ બહારની(દેહની) શુદ્ધિ મનાયેલી છે.

ખ. આવી બહારની શુદ્ધિ પ્રાપ્ત કરેલ વિદુર જો ભગવાનની કથાનું શ્રવણ કરે તો તેથી પણ ઉત્તમ અધિકારી થાય.

ગ. હરિની કથાના શ્રવણથી અન્દરની-ઈન્દ્રિયોની શુદ્ધિ થાય છે, તેથી તે કથાના શ્રવણથી જો ભગવાનનો ગુણ તેનામાં પ્રવેશ કરે તેની ઈન્દ્રિયો પણ શુધ્ધ થાય તો તેથી પણ અધિક અધિકાર પ્રાપ્ત થાય.

ઘ. જો તેના ઉપર ભગવાનની કૃપા થાય તો તેથી પણ અધિક અધિકારી થાય. (આ ક થી ઘ સુધીનાં

ચાર વિદુરને પ્રાપ્ત થયેલ, એમ આ પહેલા ચાર અધ્યાયોમાં અનુક્રમે દર્શાવેલ છે).
ભગવદીય હોવા છતાં પણ જો આ ચાર ગુણોવાળો હોય તો તે સર્વથી ઉત્તમ અધિકારી છે.

બહારની શુદ્ધિ બે પ્રકારની છે : ૧. દોષ દૂર થવાથી થતી અને ૨. ગુણો પ્રાપ્ત થવાથી થતી. આ બહારની શુદ્ધિ પહેલા અધ્યાયમાં કહેલી છે. ઘરમાં આસક્તિ જ ફળ પ્રાપ્ત થવામાં વિઘ્ન કરનારી છે, તેથી તે કાઢી નાખવી જ જોઈએ [૧૮-૧૯]

શંકા : વિદુર શૂદ્ર હતો (કારણ કે વ્યાસે દાસીમાં ઉત્પન્ન કરેલો હતો ૩।૫।૨૦) શૂદ્રને અધિકાર કેમ પ્રાપ્ત થાય ? વળી, પરીક્ષિત ક્ષત્રિય હતો અને ભગવદીય હતો, તેના કરતાં પણ વિદુરનો અધિકાર ઉત્તમ કેમ હોઈ શકે ? એવી શંકા ન કરવી,

સમાધાન : કારણ કે વિદુર એની જિન્દગીનાં પહેલાં એકસો વર્ષ જ શૂદ્ર હતો. ''શાપને લીધે યમ એકસો વર્ષ સુધી શૂદ્ર થયેલો'' એ વાક્ય પ્રમાણે તે પહેલાં એકસો વર્ષ સુધી જ શૂદ્ર હતો, ત્યાર પછી તે ક્ષત્રિય થયેલો. બ્રાહ્મણ(વ્યાસ) થી ઉત્પન્ન થયેલ પુત્રમાં શૂદ્રપણું મુખ્ય હોવાનું ઘટતું નથી. વિચિત્રવીર્ય પછી રાજગાદીમાટે વારસ કોઈ ન હોવાથી રાજા થવામાટે જ સન્તાન ઉત્પન્ન કરવા વ્યાસને પ્રાર્થના કરવાથી વિદુરની ઉત્પત્તિ થયેલી હોવાથી, એકસો વર્ષ પછી તે ક્ષત્રિય જ હતો. તેથી જ ધૃતરાષ્ટ્રે તેને મન્ત્રણા કરવા બોલાવેલો(અ.૧।૧૦). તેથી જ ભગવાને તેના ઘેર તેની સાથે ભોજન પણ કરેલું(ભારત-ઉદ્યોગપર્વ અ.૯૩). વિદુર આ સમયે એકસોથી વધારે વયનો હોઈ ક્ષત્રિય હોવાથી, તે શ્રીભાગવતનું શ્રવણ કરવાનો અધિકારી હતો. વળી તે બ્રાહ્મણ-વ્યાસથી ઉત્પન્ન થયેલો હતો તે પણ તેને અધિકાર હોવાનું અધિક કારણ છે.

શંકા : તે એકસો વર્ષ જ જીવશે એમ માનીને ''એકસો વર્ષ શૂદ્ર રહેશે'', એવો શાપ કેમ આપેલ નહિ હોય ? એવી શંકા પણ યોગ્ય નથી,

સમાધાન : કારણ કે તર્કથી જાણી શકાય છે કે તે ઘણો લાંબો સમય જીવેલો. તે ધૃતરાષ્ટ્રની સમાન વયવાળો હતો (કારણ કે તે બેને એક સાથે જ વ્યાસે ઉત્પન્ન કરેલા). ધૃતરાષ્ટ્રનો પુત્ર દુર્યોધન ભીમની સમાન વયવાળો હતો. ભીમથી નાનો અર્જુન, અને શ્રીકૃષ્ણ તો અર્જુનની સમાન વયના હતા. શ્રીકૃષ્ણ પણ એકસો પચીસ વર્ષ સુધી ભૂતલ ઉપર વિરાજેલા એમ ૧૧।૬।૨૫ થી સિદ્ધ થાય છે અને તેઓ સ્વધામ પધારી ગયા પછી વિદુર હસ્તિનાપુર આવેલા(૧।૧૩।૧-૧૧) તેથી વિદુર દોઢસો વર્ષ (અથવા તેથી અધિક) જીવેલા [૨૦-૨૦ા।]

**અધ્યાયાર્થ અધ્યાય પહેલો :**

વિદુરને ધૃતરાષ્ટ્રે મન્ત્રણા કરવા બોલાવેલ(શ્લો.૧૦) ત્યાં દુર્યોધને તેનું અપમાન

કર્યું(શ્લો.૧૪-૧૫) અને તેથી તેને વૈરાગ્ય થયો. જો પોતાનીમેળે વૈરાગ્યવાળો થયો હોય તો કોઈક સમયે તે પાછો પણ આવે. તેથી પાછો આવે તેમ ન હતું એમ જણાવવા દુર્યોધને કરેલા અપમાનથી વૈરાગ્ય થયાનું જણાવેલ છે. વૈરાગ્યવાળો પણ જો બીજા કોઈ સ્થળે જઈ રહે તો તેને ફરી સંસારમાં આસક્તિ થાય, તેથી તેણે પછી તીર્થો જ કર્યાં એમ કહેલું છે. તે તીર્થોમાં પણ જો દેવતા હોવાની બુદ્ધિ હોય તો જ તીર્થોનું સેવન લાભકારી થાય. તેવી બુદ્ધિ પણ તીર્થોમાં વિદુરને હતી(શ્લો.૨૩). તીર્થો સેવવાથી તે વિશુદ્ધ એટલે કામનારહિત થયેલો. વળી તેણે ઈન્દ્રિયો ઉપર વિજય તો પહેલાં જ પ્રાપ્ત કરેલો હતો. પછી તેને ઉદ્ધવનો સત્સંગ થયો અને તેથી તેને ઘણો આનન્દ થયો(શ્લો.૨૪-૨૫). તેને તો ઉદ્ધવના સત્સંગથી જ ઘણો આનન્દ થયેલો, ઉદ્ધવને ભગવાન્ સમ્બન્ધી પ્રશ્ન કરાશે, એવા વિચારથી આનન્દ થયો ન હતો. પછી તેણે ઉદ્ધવને ત્રણ પ્રશ્નો કર્યા :

૧. ભગવાનના કુશલ સમ્બન્ધી ખાસ પ્રશ્ન(શ્લો.૨૬)
૨. સર્વના કુશલના બહાનાથી ભગવાનના કુશલ સમ્બન્ધી સામાન્ય પ્રશ્ન (શ્લો.૨૭-૪૧) અને
૩. ભગવાનના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન(શ્લો.૪૫) [૨૦।।-૨૨]

આ પ્રશ્નના ઉત્તર ઉદ્ધવે અનુક્રમે આપેલા નથી, પરન્તુ ત્રીજો ભગવાનના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો છે, તે ચરિત્રને બીજા બન્ને પ્રશ્નો સાથે સમ્બન્ધ હોવાથી, તેનો ઉત્તર વચ્ચે આપ્યો છે. આરંભમાં અધ્યાય ૨।૭-૧૧ વડે ભગવાનનાં ખાસ કુશલ સમ્બન્ધી પૂછેલ પ્રશ્નનો ઉત્તર આપેલ છે. ત્યાર પછી ભગવાનનું બન્ને પ્રકારનું (બન્ધ અને મોક્ષ ના ભેદવાળું --આવણભંગ)) ચરિત્ર કહેલું છે અને ત્યાર પછી (અ.૪।૧-૨થી) સામાન્ય રીતે યાદવોના કુશલ સમ્બન્ધી પ્રશ્નનો ઉત્તર આપેલો છે. ભગવાનનું ચરિત્ર વચ્ચે કહ્યું, કારણ કે બીજા બન્ને પ્રશ્નોને તેની સાથે સમ્બન્ધ છે, અને ચરિત્ર કહ્યા વિના તેના ઉત્તર આપી શકાય તેમ નથી.

શંકા : અહીં કહેલ ભગવાનનું ચરિત્ર સારું નથી, કારણ કે તેમાં તો તેમણે પોતાના ભક્ત અને બન્ધુ યાદવોનો વધ કરાવેલ છે. તેથી વિદુરને ભગવાનની લીલાના શ્રવણનો અધિકાર પ્રાપ્ત થાય તે માટે આવું ચરિત્ર તેને કેમ કહેલું ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે શ્રીકૃષ્ણ ઈશ્વર હોવાથી બન્ધુ અને ભક્ત યાદવોનો વધ કરાવવાથી પણ તેમને દોષ લાગતો નથી. છતાં ભગવાનને પણ દોષ લાગે એમ માનો તો પણ ભગવાને તેમનો વધ કરાવી તે સર્વ ભક્તોનો સંસારમાંથી ઉદ્ધાર કરેલો છે, તેથી દોષ રહેતો નથી [૨૩]

શંકા : વિદુરે ઘરમાંથી આસક્તિ કાઢી નાખી શુદ્ધિ પ્રાપ્ત કરી, છતાં ભગવદીય તો પરીક્ષિત અને તે બન્ને સરખા હતા, તેથી પરીક્ષિત કરતાં વિદુર ઉત્તમ અધિકારી કેમ ગણાય ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે વિદુરે પહેલાં જ ભગવાનની સેવા ઘણી કરેલી, વળી તેણે ભગવાનની આજ્ઞા પ્રમાણે વર્તીપાંડવોનું રક્ષણ કરેલું. અને તેમનું માહાત્મ્ય પણ ઘણું જ શ્રવણ કરેલું. આ ત્રણ ગુણો પરીક્ષિતમાં ન હતા, તેથી વિદુર પરીક્ષિત કરતાં પણ ઉત્તમ હતા. તેથી કૃષ્ણમાં વિશ્વાસ જણાવનારી વિદુરની કથા અહીં કહેલી છે. શ્રીકૃષ્ણમાં વિશ્વાસ રાખી તેણે ભય વિના (તીર્થો કરવાં વગેરે) પ્રવૃત્તિ કરેલી છે [૨૪-૨૪।।]

**અધ્યાય બીજો :**

બીજા અધ્યાયમાં સામાન્ય પ્રશ્નનો ઉત્તર કહેલો છે. ભગવાનનું પોતાનું જ માહાત્મ્ય કહેલું છે. પણ જો આ જીવ સમ્બન્ધી પ્રશ્ન હતો એમ ગણીએ તો ભગવાનનું માહાત્મ્ય સામાન્ય જીવનું જ માહાત્મ્ય ગણાય. એ પ્રશ્નને જીવસમ્બન્ધી પ્રશ્ન ગણવાથી એવો અર્થ થાય છે કે ભગવાન્ સમ્બન્ધી પ્રશ્ન પૂછ્યો તે સર્વ જીવો સમ્બન્ધી સામાન્ય પ્રશ્ન પૂછ્યો અને દરેક જીવ સમ્બન્ધી જુદા-જુદા પ્રશ્ન તો તે દરેકનું નામ લઈ પૂછેલો. એમ ગણીએ ત્યારે ભગવાનને બીજાને અધીન માનેલા ગણાય. (એવો પ્રશ્ન પૂછનારને ભગવાન્‌માં વિશ્વાસ ન હોય) તેથી વિદુરને ભગવાન્‌માં વિશ્વાસ થાય તે માટે ઉદ્ધવ આરંભમાં ભગવાનનું વાસ્તવિક માહાત્મ્ય તેને જણાવે છે(શ્લો.૭-૧૧) અને પછી તેને ભગવાનનું ચરિત્ર કહે છે [૨૪।।-૨૫।।]

જો કે ભગવાનનું ચરિત્ર (બીજા પ્રશ્નના) ઉત્તરના અંગરૂપ છે અને તે ત્રીજા અધ્યાયમાં કહેલું છે છતાં પણ આ અધ્યાયમાં કહેલું ચરિત્ર પણ તેના જેવું હોવાથી અને આ અધ્યાયમાં જે પ્રશ્નનો ઉત્તર આપે છે તેની સાથે સમ્બન્ધવાળું હોવાથી અહીં કહેલું છે. વળી અહીં ચરિત્ર કહેવાથી કથા સાથે કથાનો સમ્બન્ધ પણ ચાલુ રહે, તેથી પણ તે અહીં કહેલું છે. બીજા અધ્યાયમાં વિદુરને ભગવાન્‌માં વિશ્વાસ થાય તે માટે ભગવાને પૂતના વગેરેને પ્રાપ્ત કરાવેલ ફળ કહેલ છે. તેવું ફળ ભગવાનનું ચરિત્ર સાંભળવાથી પણ થાય તેવી રીતે તેના સમ્બન્ધવાળું ચરિત્ર પણ કહેલું છે. ભગવાનની વાર્તા(કથા) કહેવી તે આ અધ્યાયનો અર્થ છે. તેના પાછળના બે અંગો છે : ૧. ભગવાન્‌માં વિશ્વાસ થાય તે માટે તેમનું માહાત્મ્ય (જણાવવું) અને ૨. ભગવાનની કથા કહી તેમનામાં વિશ્વાસ ઉત્પન્ન કરવો. વાર્તા કહેવા માંડ્યા પહેલાંનું એક અંગ (કહેનાર ઉદ્ધવની) ઉત્તમ ભક્તિ છે. ભક્ત ન હોય તે કથા કહે તેમાં સમ્પૂર્ણ વિશ્વાસ ન થાય, તેથી ઉદ્ધવનો ભગવાન્ ઉપરનો પ્રેમ પણ આ અધ્યાયમાં કહેલો છે [૨૫।।-૨૬।।]

તેથી આ અધ્યાયમાં ચાર વિષયો નીચે પ્રમાણે કહેલા છે :

શ્લો.૧-૬ ઉદ્ધવનો ભગવાન્ ઉપરનો પ્રેમ.

શ્લો.૭ કુશલ સમ્બન્ધી સામાન્ય (ભગવાનને સામાન્ય જીવ જાણીને કરેલ)પ્રશ્નનો ઉત્તર.

શ્લો.૮-૨૪ ભગવાનનું માહાત્મ્ય.

શ્લો.૨૫-૩૪ ભગવાનનું ચરિત્ર [૨૬।।-૨૭।।]

**અધ્યાય ત્રીજો :**

ત્રીજા અધ્યાયમાં અઠ્ઠાવીસ શ્લોકોથી ભગવાનના ચરિત્ર (માત્ર ભગવાને કરેલ કાર્ય) નું જ નિરૂપણ કરેલું છે [૨૭।।-૨૮।।]

**અધ્યાય ચોથો :**

૧. ચોથા અધ્યાયના પહેલા બે શ્લોકોથી વિદુરે યાદવોના ખાસ નામ દઈ પૂછેલ કુશલનો ઉત્તર સામાન્ય રીતે આપેલો છે.
૨. પછી ભગવાને ભક્ત અને બન્ધુયાદવો નો વધ કરાવ્યો એવો દોષ ભાસે તે દૂર કરવા ભગવાને તેમનો વધ કરાવી તે ભક્તોનો ઉદ્ધાર જ કરેલો છે એમ ત્યાર પછીના વીસ(૩-૨૨) શ્લોકોથી કહેલું છે.
૩. તે સમયે જે ભક્ત નહોતો તે વિદુરનો ઉદ્ધાર કરવા સમ્બન્ધમાં ત્યાર પછીના ચાર(૨૩-૧૬) શ્લોકો કહેલા છે.
૪. પછીનો(૨૭ મો શ્લોક) ભગવાનની આજ્ઞા(શ્લો.૨૬ માં જણાવેલી) પ્રસિદ્ધ થાય તે માટે ઉદ્ધવ અને વિદુર એ બે છૂટા પડ્યાનું કહે છે.
૫. પછી પરીક્ષિતને સન્દેહ થાય છે કે બ્રાહ્મણના શાપથી આખા યાદવકુલનો નાશ થવાનો હતો તો ઉદ્ધવ કેમ બચી ગયા ? તે રાજાનો સન્દેહ શુક દૂર કરે છે. આ સન્દેહ અને તેનું નિવારણ પાંચ(૨૮-૩૨) શ્લોકોથી કરેલ છે.
૬. ત્યાર પછીના ચાર(૩૩-૩૬) શ્લોકોથી વિદુરને મૈત્રેય મળ્યાનું જણાવેલ છે.

એ પ્રમાણે આ ચોથા અધ્યાયમાં છ વિષયો અનુક્રમે કહેલા છે. ભગવાને જ્ઞાન આપ્યું ત્યારે હાજર રહેનાર ભક્ત ઉદ્ધવ હતા, વિદુર હાજર ન હતા. ભગવાને જો ઉદ્ધવને આ બન્નેનો તથા બીજાઓનો મોક્ષ થાય તેવું (૧૧ મા સ્કન્ધમાં કહેલું) જ્ઞાન આપ્યું ન હોત તો ભગવાને યાદવોનો સંહાર કરાવેલ હોવાથી તે ક્રૂર ગણાવાથી ભજન કરવા યોગ્ય ગણાત નહિ [।।૨૯-૩૦]

એ પ્રમાણે શ્રવણ કરનાર વિદુરનો અધિકાર જણાવ્યો. હવે મૈત્રેયને આ લીલાઓ વિદુરને કહેવાનો અધિકાર કેવી રીતે પ્રાપ્ત થયો તે આ કારિકામાં દર્શાવેલ છે. ભગવાને ઉદ્ધવને જે ઉપદેશ કરેલો તે મૈત્રેયે પણ શ્રવણ કરેલો, કારણ કે તે શ્રવણ કરનાર ઉદ્ધવની સાથે તે પણ ભગવાન્ પાસે હતો(શ્લો.૯-૧૦) અને ભગવાને આ ઉપદેશ વિદુરને કહેવાની મૈત્રેયને આજ્ઞા કરેલી(શ્લો.૨૬). મૈત્રેય વિદુરને આ ઉપદેશ જણાવે અને તેથી ભક્ત વિદુરના જાણવામાં આ આવે એ પોતાનું કાર્ય સિદ્ધ થાય તે માટે જ ભગવાને મૈત્રેયને તે સમયે પોતાની પાસે રાખી તેનો સંગ કરેલો.

શંકા : મૈત્રેય વિદુરને આ ઉપદેશ જણાવે તે માટે ભગવાને તેને તે કહેલ હોય તો ભગવાને તેને મુખ્ય શ્રવણ કરનાર ઠરાવી જુદા પ્રકારે ઉપદેશ કરવો જોઈએ, ઉદ્ધવને મુખ્ય શ્રવણ કરનાર ગણી તેને ગૌણ ગણી ઉપદેશ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે ભગવાને ઉપદેશ કરતી વખતે મૈત્રેયને પાસે રાખ્યો, તે મૈત્રેય ઉપર કૃપા હોવાથી પાસે રાખેલ ન હતો, પરન્તુ વિદુર ઉપરની કૃપાને લીધે તેને પાસે રાખેલો. આનો અર્થ એવો છે કે ભગવાનના માર્ગમાં ભક્ત જ શ્રેષ્ઠ છે બીજો કોઈ શ્રેષ્ઠ નથી [૩૧]

**ગુણાતીત સૃષ્ટિ પ્રકરણ તથા અધ્યાય ૫-૬ નો અર્થ :**

એ પ્રમાણે ચાર અધ્યાયોથી અધિકાર દર્શાવી, શ્રોતા વિદુર પ્રાપ્ત થતાં, હવે મુખ્ય ગુણાતીત સૃષ્ટિનું પાંચમા તથા છઠ્ઠા એ બે અધ્યાયોથી નિરૂપણ કરે છે.

પાંચમા અધ્યાયમાં તત્ત્વોની ઉત્પત્તિ કહે છે અને છઠ્ઠા અધ્યાયમાં કાર્યની એટલે પુરુષના શરીરની ઉત્પત્તિ કહે છે. આ તત્ત્વો અને પુરુષના શરીરમાંથી પછી જગતની ઉત્પત્તિ થતી હોવાથી આ બે જગતનાં કારણ તરીકે જ જણાવેલાં છે. તે પૈકી તત્ત્વો જગતનાં કારણ છે, તત્ત્વોથી જગત્ ઉત્પન્ન થાય છે તેમાં કાંઈ સન્દેહ નથી. સમષ્ટિ (જીવમાત્રનાં સ્થાનરૂપ પુરુષનું શરીર) પણ જગતનું કારણ છે, કારણ કે વર્ણોનાં કર્મો તેમાંથી ઉત્પન્ન થાય છે(અ.૬।૩૦-૩૪) [૩૨-૩૨।।]

**અધ્યાય પાંચમો ; વિદુરના પ્રશ્ન સમ્બન્ધી વિચાર :**

આ પાંચમા અધ્યાયમાં બીજાથી સોળમા સુધીના પન્દર શ્લોકોથી વિદુર મૈત્રેયને પ્રશ્ન કરે છે. આ શ્લોકોમાં વિદુર શા પ્રશ્નો કરે છે તે વિચારવા યોગ્ય છે. આ પ્રશ્નોના મૈત્રેય ઉત્તર આપે છે, તેમાં જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ ભગવાનની લીલા જ કહે છે. તેથી ઉત્તર લક્ષમાં લેતાં, એક જ પ્રશ્ન તેણે કરેલ હોવો જોઈએ એમ જણાય છે ; પરન્તુ એક જ પ્રશ્ન કરેલ નથી, તેથી પ્રશ્ન સમ્બન્ધી વિચાર કરવો યોગ્ય છે.

તે વિષયમાં કર્મનાં ફળના સમ્બન્ધમાં વિદુરને પ્રથમ સન્દેહ થાય છે. ફળ પ્રાપ્ત કરવામાટે શાસ્ત્રમાં કહેલાં કર્મો કરવામાં આવે, છતાં ઈચ્છેલ ફળથી વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે, એવો એક પ્રશ્ન(શ્લો.૨ માં) થાય છે. આ પ્રશ્નના ત્રણ ભાગ છે, કારણ કે વૈદિક કર્મ કરનાર ત્રણ વર્ણવાળાઓ(બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યો)ને એવી રીતે વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે. તેઓએ કરેલાં આ કર્મો લૌકિક નહિ, પરન્તુ વૈદિક હોવા છતાં, વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય છે. તેમ ન હોય અને લૌકિક કર્મ કરવાથી વિરુદ્ધ ફળ પ્રાપ્ત થતાં હોય તો એવા મૂર્ખોને વિરુદ્ધ ફળ પ્રાપ્ત થાય તેમાં કોઈ દોષ ન

ગણાય. તેથી ત્રણ વર્ણવાળાઓનાં કર્મના સમ્બન્ધમાં જ એવા ત્રણ પ્રશ્નો ઉદ્‌ભવે છે કે [૧]જે સુખને પ્રાપ્ત કરવાનું અથવા [૨]જે દુઃખને ફિટાડવાનું લક્ષ્યમાં રાખીને કર્મો કરેલાં હોય તેથી વિરુદ્ધ ફળ કેમ પ્રાપ્ત થાય છે ? અને [૩]સુખ વિનાનું માત્ર દુઃખ જ કેમ થાય છે ? જો કર્મ માર્ગ જ એવો હોય તો પહેલો પ્રશ્ન એ થાય છે કે [૧]પ્રાણીએ શું કાર્ય કરવું(શ્લો.૨) ? જો આનો એવો ઉત્તર આપતા હો કે પ્રાણીએ ભગવાનનું ભજન કરવું, તો ભજન પણ કર્મ જ હોવાથી [૨]કેવા પ્રકારથી કરેલું ભજન ભગવાનનો પ્રેમ કરાવે તે પ્રકાર જણાવો એવો બીજો પ્રશ્ન થાય છે(શ્લો.૪).

૩/અ. ત્રીજો પ્રશ્ન ભગવાનના અવતારોના ચરિત્ર સમ્બન્ધી છે(શ્લો.૫) ૩/આ. ભગવાન્ અવતાર લીધા વિના જે ચરિત્ર કરે છે તે સમ્બન્ધમાં જગતની ૧.ઉત્પત્તિ ૨.સ્થિતિ ૩.પ્રલય અને ૪.વિચિત્રપણું(ભેદ) એવા ચાર પ્રશ્નો છે(શ્લો.૫-૬). ૫. પાંચમો પ્રશ્ન જુદા-જુદા તત્ત્વોથી બનાવેલ જુદા-જુદા કાર્યો સમ્બન્ધી છે(શ્લો.૮). ૬.સર્વ કાર્યોમાં જુદા-જુદા પ્રકાર કરવાના કારણ સમ્બન્ધી છઠ્ઠો પ્રશ્ન છે(શ્લો.૯). અવતારના ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન(૩.અ) કર્યો તે સાથે આ છ ગણતાં સાત પ્રશ્નો ભગવાનનાં કર્મો સમ્બન્ધી થયા.

આમ હોવાથી ત્રણ મુખ્ય પ્રશ્ન થાય છે : જીવના બે પ્રકારનાં કર્મ સમ્બન્ધી પહેલા બે પ્રશ્નો :

૧. જીવે પોતાને માટે કરવાનાં કર્મો સમ્બન્ધી અને

૨. તેણે ભગવાનના પ્રયોજનથી ભગવાનને પ્રસન્ન કરવા કરવાનાં કર્મો સમ્બન્ધી.

૩. ત્રીજો પ્રશ્ન ભગવાનનાં કર્મો સમ્બન્ધી થયો. તેથી સામાન્ય રીતે ત્રણ પ્રશ્નો થયાનું કહેલું છે.

ત્રણ વર્ણવાળાઓને વૈદિક કર્મો તેમણે કરેલાં હોય તેનું ફળ પણ ઇચ્છેલું કેમ મળતું નથી, એમ બીજા શ્લોકથી પણ ત્રણ પ્રશ્નો હોવાનું સૂચવેલું છે.

ત્રીજો પ્રશ્ન ભગવાને અવતાર લીધા વિના તથા અવતાર લઈને કરેલાં કર્મો સમ્બન્ધી છે. તેમાં અવતાર લીધા વિના કરેલાં કર્મોના છ પ્રકારો સમ્બન્ધી પ્રશ્ન છે. પછી ભગવાન્ અવતારો લે છે તે અવતારોનાં કર્મોને આ પ્રકારો લાગુ પડતા નથી, તેથી પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યા વિના ભગવાને જે કર્મો કરેલાં તેના સમ્બન્ધમાં છ પ્રશ્નો કરેલા છે અને તે પ્રશ્નો ઉપસંહારમાં પણ (શ્લો.૧૫ થી) જણાવેલા છે. અને અવતાર ધારણ કરેલા ભગવાનનાં કર્મો સમ્બન્ધી પ્રશ્ન ઉપસંહારમાં (શ્લો.૧૬ થી) જણાવેલો છે. તેથી આ પ્રશ્નોનો ઉપસંહાર ભગવાને બન્ને પ્રકારે કરેલા કર્મોથી જ કરેલો છે. (જીવના કર્મ સમ્બન્ધી પહેલો અને બીજો પ્રશ્ન કરેલ, તેઓનો ઉપસંહારમાં સમાવેશ કરેલો નથી). તેથી મૈત્રેયે ભગવાને બન્ને પ્રકારે કરેલ કર્મો સમ્બન્ધી ત્રીજા પ્રશ્નનો જ ઉત્તર આપેલો છે, તેમાં કોઈ દોષ નથી, કારણ કે જીવે કરેલ (ફળના) સાધનરૂપ કર્મ સમ્બન્ધી પ્રશ્નનો ઉપસંહારમાં સમાવેશ કરેલો નથી, જ્યારે ભગવાને બન્ને પ્રકારે કરેલાં કર્મનો ઉપસંહારમાં શ્લો.૧૫

તથા ૧૬ થી જુદો-જુદો સમાવેશ કરેલો છે.

પ્રકટ સ્વરૂપથી અવતાર લઈને ભગવાને કરેલ કર્મો સમ્બન્ધી એક જ પ્રશ્ન છે. અપ્રકટ સ્વરૂપથી તેમણે કરેલ કર્મો સમ્બન્ધી છ પ્રકારના પ્રશ્ન છે : જગતનાં ૧.જન્મ ૨.સ્થિતિ ૩.લય(શ્લો.૫) ૪.પ્રવેશ કરવો અને જુદાં-જુદાં પદાર્થોમાં પ્રવેશ કરી જુદા-જુદા જણાવું તે. આ બેનો એકમાં સમાવેશ કરેલો છે(૫-૬). ત્યાર પછી જુદા-જુદા કાર્યોનો પ્રકાર અને સર્વ કાર્યોના જુદા-જુદા પ્રકાર સમ્બન્ધી બે પ્રશ્નો શ્લો.૮ તથા ૯ માં કરેલા બે પ્રશ્નો [૩૨।।-૩૪।।]

એ પ્રમાણે જ્યારે વિદુરે ભગવાનનાં કર્મો સમ્બન્ધી પ્રશ્ન કર્યા ત્યારે જીવનાં કર્મો સમ્બન્ધી કરેલા પહેલા બે પ્રશ્નોનો ઉત્તર આપવાનો રહ્યો નહિ (તે બે પ્રશ્નોના ઉત્તર આપવાની જરૂર ન રહી). કારણ કે આ પ્રશ્નો કરવાનું અને તેઓના ઉત્તરો જાણવાનું પ્રયોજન ૧૧ થી ૧૪ શ્લોકોથી કહેલું છે. (તેમાં ભગવાનની કથાનું જ શ્રવણ કરવાની પોતાની ઈચ્છા વિદુરે જણાવેલી છે). આ પ્રયોજન કહ્યું તેથી જ શાસ્ત્રથી થતો નિર્ણય પણ જણાવેલ છે, કારણ કે ઘરમાં આસક્તિ રાખવાથી દુઃખદાયક સંસાર(જન્મ-મરણ) થયા કરે છે અને જીવનાં કર્મો તો ઘરમાં આસક્તિ રાખવાના પરિણામરૂપ છે; તેથી કર્મોથી દુઃખ થાય તે યોગ્ય જ છે.

ત્યારે જીવનાં કર્મો સમ્બન્ધી વિદુરે પોતે પ્રશ્ન કરી તેનો ઉત્તર પણ પોતે જ(૧૧-૧૪ શ્લોકોથી) કેમ આપ્યો ? એવી શંકા થાય, તો જાણવું કે ''હું ભગવાનનો ભક્ત છું'' એમ મૈત્રેયને જણાવવા તેણે એ પ્રમાણે કર્યું. કારણ કે કર્મો કરવાં નિરર્થક છે એમ જાણી ભક્ત ભગવાનના ગુણોના શ્રવણ તથા કીર્તન માં આનન્દ કરે છે અને તેથી તે જીવનાં કર્મ સમ્બન્ધી પ્રશ્ન કરે તે અયોગ્ય છે. વિદુરે (૧૧-૧૪ શ્લોકથી) એ પ્રમાણે જણાવી પોતે ભક્ત હોવાનું જણાવ્યું. વળી શ્લોક ૧૦ માં તેણે ચારે વર્ણોનાં અલ્પ સુખ આપનારાં કર્મો વ્યાસજીથી સાંભળી પોતે તેથી ધરાઈ ગયેલ હોવાનું જણાવી, પોતાની રુચિ પણ જણાવી છે. અને શ્લો.૧૬ માં પણ 'મહ્યમ્'— 'મને' / 'મારામાટે' ભગવાનનાં કર્મો કહો, એમ કહી પોતાની ભગવાનનાં કર્મોનું જ શ્રવણ કરવાની રુચિ જણાવેલી છે.

ત્યારે અવતાર લીધેલ ભગવાનનાં કર્મો મૈત્રેયના ઉત્તરમાં કેમ કહેલાં નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અપ્રકટ સ્વરૂપનાં કર્મો સમ્બન્ધી છ પ્રકારના પ્રશ્ન કર્યા તેના ઉત્તરમાં અવતારોનાં કર્મ સમ્બન્ધી પ્રશ્નના ઉત્તરનો સમાવેશ થઈ જાય છે. કારણ કે જે ભગવાનના અવતારો હતા તેઓનો પુરુષમાં પ્રવેશ થયેલ હોવાનું, અથવા અવતારો થયા પછી તેઓનો પુરુષમાં પ્રવેશ થયેલ હોવાનું મૈત્રેય માને છે [૩૪।।-૩૫।।]

ત્યારે ચોથા શ્લોકમાં ભગવાન્ જે પ્રકારે ભજન કરવાથી પ્રસન્ન થાય તે સમ્બન્ધી વિદુરે પ્રશ્ન કર્યો તે યોગ્ય નથી, કારણ કે પ્રશ્નમાં તેમજ ઉત્તરમાં તેના જેવું કાંઈ નથી એવી શંકા થાય, તો

જાણવું કે સુખ અને દુઃખ ન હોવું એ જે લોકે ઇચ્છેલા છે તે પ્રાપ્ત કરવાનું અને ભગવાનને પ્રસન્ન કરવાનું કાંઈ પ્રસિદ્ધ પ્રયોજન વિદુરે જણાવેલ ન હોવાથી, આપણે તેનું બીજું પ્રયોજન કહેવું-શોધવું જોઈએ. તેથી આવો પ્રશ્ન લોકો ઉપર ઉપકાર થાય તે માટે વિદુર કરે તે યોગ્ય છે એમ જણાય છે. તેથી જ આ ચોથા શ્લોકથી તેમજ બીજા શ્લોકથી જે પહેલા બે પ્રશ્નો વિદુરે કર્યા છે, તેનો ભાવાર્થ અનુક્રમે એવો છે કે લોક ઉપર ઉપકાર કરવા અને પોતાના સ્વાર્થમાટે મનુષ્યે પ્રયાસ કરવો જોઈએ. આ પહેલાં બન્ને પ્રશ્નો મનુષ્ય માત્રને સામાન્ય છે(સર્વ મનુષ્યો કરે તેવા છે) અને ઉત્તમ માર્ગમાં કરાય તેવા છે.

છતાં આ પ્રશ્નોનો ઉત્તર મૈત્રેયે આપ્યો નથી, ત્યારે પ્રશ્ન કરવાનું શું કારણ ? એવી શંકા ન કરવી, કારણ કે મૈત્રેયે તેના પણ યોગ્ય પ્રકારે ઉત્તર આપેલ છે. મૈત્રેય ઉત્તર આપવાનો આરંભ કરે છે ત્યાં જ શ્લોક ૧૮ માં કહે છે કે ''લોકો ઉપર સારી રીતે કૃપા કરતાં તે સારા પ્રશ્ન કરેલા છે'' (ઉત્તર જાણવા છતાં લોક ઉપર સારી રીતે કૃપા કરવામાટે જ આ તેં સારા પ્રશ્ન કરેલા છે). મૈત્રેયે એવી રીતે વિદુરની પ્રશંસા કરી છે તેથી તેના ઉત્તર તેણે આપેલ હોવા જોઈએ. ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં જ આ બે પ્રશ્નના ઉત્તર આવી જાય છે. તેમાં આ પ્રશ્નના ઉત્તરમાં મૈત્રેયે ભગવાનનું ચરિત્ર વિદુરને કહેલું છે, તેમાં આ બન્ને પ્રશ્નોના ઉત્તર પણ આવી જાય છે, (કારણ કે ભગવાનની કથાનું શ્રવણ કરવાથી જ સુખ પ્રાપ્ત થાય છે અને દુઃખ મટે છે. અને ભગવાન્ પણ તેથી જ પ્રસન્ન થાય છે. તેથી જ મૈત્રેયે વિદુરની, ઉપર જણાવ્યું તેમ પ્રશંસા પણ કરેલી છે [૩૫ાા-૩૭ાા]

ત્યારે (૩૮-૫૦ સુધીના શ્લોકમાં) તત્ત્વોએ ભગવાનની સ્તુતિ કરેલી છે તેનો સર્ગમાં શો ઉપયોગ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેમ પૌત્ર ઉત્પન્ન કરવામાં પુત્ર સ્વતન્ત્ર હોય છે, તેમ તત્ત્વોથી થતાં કાર્યો એટલે સૃષ્ટિ રચવામાં તત્ત્વો સ્વતન્ત્ર નથી, એમ તત્ત્વોએ કરેલી સ્તુતિથી તેઓએ જણાવેલ છે. (તત્ત્વો સૃષ્ટિ રચવામાં સ્વતન્ત્ર નથી એમ જણાવવા તેઓએ કરેલી સ્તુતિ કહેલી છે. તત્ત્વો પોતાની મેળે જગત્ રચવા શક્તિવાળાં ન હોવાથી, ભગવાન્ તેઓને તેવી શક્તિ આપે તે માટે તેઓ આ ભગવાનની સ્તુતિ કરે છે(શ્લોક ૫૦).

સામાન્ય રીતે તત્ત્વો જગત્ રચે છે એમ કહેવું એ ચાલુ પ્રસંગમાં ઉપયોગી છે, કારણ કે મહાભારત વગેરેમાં પણ તેટલું જ કહેલું છે. વધારે વિગતવાર કહેવાનું તો બ્રહ્મા વગેરેથી પણ થઈ શકે તેવું નથી. ત્યારે (સામાન્ય રીતે આટલું) કહેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે (ભગવાનના ગુણનું) શ્રવણ અને કીર્તન કરવામાં આ ઉપયોગી છે એમ જણાવવા આ કહેલ છે [૩૭ાા-૩૯]

**અધ્યાય છઠ્ઠો :**

પુરુષમાંથી સર્વ અવતારો થયેલા છે, સર્વ અવતારોનું મૂલ પુરુષ છે, તેથી પુરુષનું છઠ્ઠા

અધ્યાયમાં નિરૂપણ કર્યું. તેથી જ ભગવાનના સર્વ અવતારોએ કરેલાં કર્મોની કથા કહેવાઈ. એવી રીતે પાંચમા અને છઠ્ઠા બે અધ્યાયોથી ગુણાતીત ભગવાને કરેલી સૃષ્ટિલીલા કહી [૪૦]

**સગુણસૃષ્ટિ–અધ્યાય ૭–૯ :**

સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી સગુણ(દેવ) માંથી થયેલી સૃષ્ટિનું નિરૂપણ કરેલું છે. (વસ્તુતઃ સગુણસૃષ્ટિનો આ ત્રણ અધ્યાયોથી ઉપોદ્‌ઘાત જ કરેલો છે) અને દશમા અધ્યાયથી સગુણ સૃષ્ટિનું નિરૂપણ કરવાનો પ્રારંભ કરશે. ઉપોદ્‌ઘાતમાં આઠમા અધ્યાયના થોડા જ ૧૩–૧૫ શ્લોકોમાં સગુણ સૃષ્ટિ કહેલી છે. જુઓ નીચે કારિકા ૬૨. ગુણાતીત સૃષ્ટિ પાંચમા અને છઠ્ઠા એ બે જ અધ્યાયોથી કહી અને આ ત્રણ અધ્યાયોમાં સગુણ સૃષ્ટિ કહે છે. કારણ કે આ સગુણ સૃષ્ટિમાં સૃષ્ટિ અને ભગવાન્ ની વચ્ચે ગુણોની (સૃષ્ટિ રચવાની) સત્તા કહેવાની છે. આ પ્રસિદ્ધ ગુણોનું નિરૂપણ પૂર્વપક્ષ તરીકે મતાન્તર ભાષાથી સાતમા અધ્યાયમાં કરેલું છે. ત્યાર પછી કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પતિ આઠમા અને નવમા એ બે અધ્યાયોમાં કહેલી છે. તે પૈકી કારણ બ્રહ્મા છે અને સર્વ જગત્ કાર્ય છે. આ કાર્યનું વર્ણન કાલના અંગ તરીકે (દશમા અધ્યાયથી આરંભી) કરવાનું હોવાથી નવમા અધ્યાયમાં બ્રહ્માએ (બ્રહ્મની)ભગવાનની કરેલી સ્તુતિ જ કહેલી છે. આ સ્તુતિ સફલ થઈ એટલે એ સ્તુતિથી બ્રહ્માને જગત્ રચવાનો ઉપાય જણાયો અને તે જગત્ રચી શક્યા. આ સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોનો સામાન્ય અર્થ (પૂર્વપક્ષ, કારણની ઉત્પત્તિ અને કાર્યની ઉત્પત્તિ) છે.

**આ લીલા સર્ગ છે, વિસર્ગ નથી :**

આઠમા અધ્યાયમાં પ્રથમ સૃષ્ટિનું સ્વરૂપ જેમાંથી થયું તે પુરુષનું સ્વરૂપ વર્ણવ્યું. આ સગુણબ્રહ્મનું સ્વરૂપ કહેલું છે. ત્યાર પછી બ્રહ્મા વગેરે જેમની ઉત્પત્તિ કહી તે આ સ્વરૂપની વિભૂતિરૂપ છે. વળી બ્રહ્મા વગેરેની વિસર્ગમાં પણ બીજા પુરાણોમાં ગણના કરી છે. બીજા પુરાણોમાં સામાન્ય રીતે વિસર્ગ કહેલ છે. તેવો શ્રીભાગવતમાં કહેલો નથી. શ્રીભાગવતમાં તો બધાંએ પુરાણોનો સાર કાઢી કહેલો છે અને ઉત્તમ અધિકારવાળામાટે તે છે, તેથી બીજા પુરાણો જેવું વિસર્ગનું કથન શ્રીભાગવતમાં નથી. અહીં વિસર્ગ કહેવાનો છે, પણ અહીં જે વિસર્ગ કહેવાનો છે, તે ચોથા સ્કન્ધમાં કહેશે. તે વિભૂતિરૂપ હોવાનું સમ્ભવતું નથી [૪૧–૪૩]

**શ્રીભાગવતસ્વરૂપ :**

ગુણાતીત (દેવે) સૃષ્ટિની લીલા કરી, તે ભગવાનની આજ્ઞા હોવાને લીધે મૈત્રેયે પોતે જ વિદુરને કહી. તેટલાથી વિદુરની જિજ્ઞાસા પૂરી થઈ નહિ અને તેમાં તેને સન્દેહ થયા(અ.૭). શ્રીભાગવત જ સર્વ સન્દેહો દૂર કરનારું હોવાથી જેમ સૂતે શૌનક વગેરેને (જુઓ ૧।૩।૪૦–૪૪) અને શુકે પરીક્ષિતને (૨।૯।૪૩–૪૫) શ્રીભાગવત કહેવાનું કહેલ હતું તેમ મૈત્રેય વિદુરને

શ્રીભાગવત કહેવાનો પ્રારંભ કરે છે(અ.૮।૨). મૈત્રેય વિદુરને જે ભાગવત કહે છે તે સંકર્ષણે સનત્કુમારને કહેલું, સનત્કુમારે સાંખ્યાયનને, સાંખ્યાયને પરાશરને અને પરાશરે મૈત્રેયને કહેલું (અ.૮।૩-૯). આ પરમ્પરામાં બ્રહ્મા આવતા નથી તેથી આ શ્રીભાગવત નથી એમ ન માનવું, કારણ કે શ્રીકૃષ્ણે જે પુરાણ કહેલ હોય તે શ્રીભાગવત. ભગવાને કહેલું પુરાણ શ્રીભાગવત. ગીતા વગેરે ભગવાને કહેલાં તે પણ ભાગવત જ છે, પણ તે પુરાણ નથી. ભગવાન્ સિવાય બીજા કોઈના મુખથી કોઈ પણ સમયે શ્રીભાગવતની ઉત્પત્તિ થઈ શકે નહિ, કારણ કે બીજા કોઈને ભગવાનની લીલાનું જ્ઞાન હોતું નથી.

મૈત્રેય આ લીલાઓ વિદુરને કહે છે તે તો પરાશરે મૈત્રેયને ભણાવેલું અને પરાશરે તો વિષ્ણુપુરાણ કહેલ હોવાનું પ્રસિદ્ધ છે, તેથી આ શ્રીભાગવત નથી એવી શંકા થાય તો જાણવું કે વિષ્ણુ પુરાણ વગેરે બીજાં પુરાણો શ્રીભાગવતના અંગરૂપ છે એવો નિશ્ચય છે. ''ત્રેવીસ હજાર શ્લોકોનું વિષ્ણુપુરાણ છે'' એવું વાક્ય હોવાથી ત્રેવીસ હજાર શ્લોકોવાળું વિષ્ણુપુરાણ અહીં મૈત્રેય કહે છે તેથી જુદું જ છે. ''અઢાર પુરાણો'' વાક્ય પ્રમાણે આ (વિષ્ણુપુરાણરૂપ) પરાશરે મૈત્રેયને ભણાવેલ 'પરાશરસંહિતા' તો જુદો જ ગ્રન્થછે, કારણ કે પરાશરે શ્રીભાગવતનું શ્રવણ કરીને પછી મૈત્રેયને તેનો બોધ કરેલો, તેથી મૈત્રેય અહીં જેનો બોધ વિદુરને કરે છે તે પણ શ્રીભાગવત જ છે.

છતાં પણ અહીં પરમ્પરા શ્રીભાગવતની પરમ્પરાથી જુદી જ કહેલી હોવાથી, આ શ્રીભાગવત કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે શ્રીભાગવત હદરહિત છે. ભગવાનનું સ્વરૂપ ભગવાને જ ભાગવતમાં કહેવા યોગ્ય છે. તે સ્વરૂપ કોઈ વાર ભગવાન્ પોતે જ કહે છે અને કોઈ વાર (અ.૮।૩ પ્રમાણે) સંકર્ષણ વાસુદેવસ્વરૂપ જ કહે છે.

ભગવાને બ્રહ્માને કહેલ ભાગવતમાં અને અહીં મૈત્રેય વિદુરને કહે છે તેમાં વાક્યોનો અનુક્રમ જુદો હોવાથી, એ બે એક (ભાગવત) હોવાનું કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે આ વિષયમાં અર્થ જ મુખ્ય છે વાક્યો મુખ્ય નથી. સર્ગ વગેરે વિષયો જેવા ભગવાને કહેવા ઈચ્છેલા તે જ પરાશરે કહેલા ભાગવતમાં છે, તેવા વ્યાસે કહેલા ભાગવતમાં પણ છે, તેથી આને શ્રીભાગવત કહેવામાં કાંઈ અયોગ્યતા નથી.

બોપદેવ વગેરે કેટલાક તો એમ કહે છે કે ''ભગવાન્ અને બ્રહ્મા ના સંવાદની પરમ્પરાથી પ્રાપ્ત થયેલું સૂક્ષ્મ ભાગવત માત્ર બીજો સ્કન્ધ જ છે અને ત્રીજાથી બારમા સુધી દશ સ્કન્ધવાળું સ્થૂલ ભાગવત તો શેષ(સંકર્ષણ) થી પ્રાપ્ત થયેલું છે''. આ તદ્દન ખોટું છે. કારણ કે પાંચમાથી બારમા સ્કન્ધ સુધીનું ભાગવત પરાશરે કહેલું નથી, તેમજ વ્યાસે તે ભાગ પરાશર પાસેથી શ્રવણ કરીને કહેલો નથી. જો વ્યાસે તે ભાગ પરાશર પાસેથી શ્રવણ કરી કહેલો હોય તો ૧૨।૧૩।૧૯ માં કહેલી પરમ્પરા ખોટી ઠરે અને આ પરમ્પરામાં વચ્ચે મૈત્રેય આવે છે તે પણ નકામો આવેલો થાય.

તેથી શ્રીભાગવત હદરહિત છે એમ કહેવામાટે, અને ભાગવતમાં અર્થ જ મુખ્ય છે એમ કહેવાની ઇચ્છાથી, આ શેષની (શેષથી ભાગવત પ્રાપ્ત થયેલ હોવાથી) કથા કહેલી છે એવો નિશ્ચય થાય છે. એ પ્રમાણે આ મૈત્રેયે વિદુરને કહેલ લીલાઓ શ્રીભાગવત નથી એવા દોષનું સમાધાન કરેલું છે [૪૪-૪૬।।]

હવે આ સગુણ સૃષ્ટિનો ચાલુ પ્રસંગ સાથે સમ્બન્ધ જણાવવામાં આવે છે. ભગવાન્ શ્રીકૃષ્ણે ઉદ્ધવ તથા મૈત્રેય ને જે ઉપદેશ કરેલ તે વિદુરને કહેવાની મૈત્રેયને આજ્ઞા કરેલી. તે આજ્ઞા પ્રમાણે ગુણથી પર(દેવથી) સૃષ્ટિ ઉત્પન્ન થયાની કથા ઘણી છૂપી રાખવા યોગ્ય હોવાથી મૈત્રેયે પોતે વિદુરને કહી. આ કથા મૈત્રેયે પરાશર પાસેથી શ્રવણ કરેલી ન હતી, કારણ કે શ્રીકૃષ્ણના મુખથી જ તેણે શ્રવણ કરેલી(૩।૪।૯,૧૦) અને તે વિદુરને કહેવા ભગવાને તેને આજ્ઞા કરેલી(૩।૪।૨૬). તેથી મૈત્રેયે શ્રીકૃષ્ણના મુખથી જ શ્રીભાગવતનું શ્રવણ કરેલું. ભગવાને પોતાના આદિ(મૂલ) સ્વરૂપથી બ્રહ્માને શ્રીભાગવત કહેલું અને અવતાર લઈને મૈત્રેયને તથા ઉદ્ધવને કહેલું. ઉદ્ધવથી આગળ પરમ્પરા ચાલ્યાનું સ્પષ્ટ નથી. મૈત્રેયે તે વિદુરને શ્રીકૃષ્ણના મુખથી સાંભળેલ તે જ કહેલું છે, સ્વતન્ત્ર પ્રકારે કહેલું નથી.

આ શ્રીભાગવત જેનું ચિત્ત અત્યન્ત શુદ્ધ હોય તેને ફલ આપે. વિદુર તો તેવા ન હતા. અત્યન્ત શુદ્ધ ચિત્તવાળાને આ શ્રીભાગવતમાં કોઈ સંશય થતો નથી અને તેનું જ્ઞાન દૃઢ થવામાટે કાંઈ તર્કની તેને જરૂર પડતી નથી. તેથી મૈત્રેયને આમાં કાંઈ સન્દેહ થયેલ નહિ, પરન્તુ વિદુર અત્યન્ત શુદ્ધ ચિત્તવાળા ન હોવાથી તેને સન્દેહ થયો, આથી એમ જણાવેલું છે કે શ્રીભાગવત ઘણા છે. તેની સામાન્ય વ્યાખ્યા એવી છે કે ''હર કોઈ ભગવદીય ભગવાને કહેલું કહે તે શ્રીભાગવત'' કારણ કે તર્કથી પદાર્થનો નિર્ણય કરવામાં આવે તે લૌકિક છે અને શ્રીભાગવતનો અર્થ તો અલૌકિક છે [૪૬।।-૪૮।।]

### વિદુરને થયેલ સન્દેહો :

છતાં પણ શ્રીભાગવતનો અર્થ જાણવાનો અધિકાર ન હોય તો તેવા અર્થનું ભાન થતું ન હોવાથી તેમાં સન્દેહ થાય, ત્યારે તે સન્દેહનો ઉત્તર અવશ્ય આપવો જોઈએ. ઉત્તર આપવાનું એવું ધોરણ છે કે જેટલું કહેવાથી જે અર્થ સમજે તેટલું તેને કહેવું જોઈએ. તેથી મૈત્રેય પણ વિદુરની બુદ્ધિનું અવલમ્બન કરીને તેવા સન્દેહનું સમાધાન કરે છે. જેમ પુરુષ સ્ત્રીમાં વીર્યનું આધાન કરે ત્યારે બાળકનો જન્મ થાય છે, એ ન જાણનાર બાળક, પુરુષને ભોજન અને પેશાબ કરતાં જ જોઈ, તે કાર્યોથી પણ બાળકનો જન્મ થતો હશે એવી કલ્પના કરે અને તે પણ અસમ્ભવિત હોવાનું જાણી બાળકનો જન્મ કેવી રીતે જન્મ થાય છે તે વિષયમાં સંશય કરે છે, ત્યારે બોધ આપનાર પુરુષ હરકોઈ પ્રકારે તેને તે વિષય જણાવે છે, પરન્તુ વાસ્તવિક રીતે તે સિદ્ધાન્ત નથી, તેમ અહીં પણ મૈત્રેય વિદુરને જે પ્રકારે બોધ કરે છે તે સિદ્ધાન્ત નથી, પરન્તુ ૩।૫।૨૩ માં કહ્યો તે

જ સિદ્ધાન્ત છે.

**વિદુરને આ વિષયમાં એવા સન્દેહ થાય છે કે**

૧. ગુણથી પર(દેવ) થી સૃષ્ટિ ઉત્પન્ન થતી હોવાની કથા જરાયે ઘટતી નથી, કારણ કે કાર્ય(જગત્) અને કારણ(ગુણાતીત બ્રહ્મ) જુદા-જુદા પ્રકારના છે. ગુણાતીત બ્રહ્મ ગુણરહિત છે, જ્યારે કાર્ય(જગત્) ગુણવાળું છે.

૨. વળી લોકમાં કાર્ય કરવાનું પ્રયોજન કામ છે. કામ તો ગુણાતીત બ્રહ્મમાં નથી તેથી ગુણાતીત બ્રહ્મથી સૃષ્ટિ થાય નહિ.

— એવા બે સન્દેહો વિદુરને ગુણાતીત બ્રહ્મના એટલે ઉપાધિ વિનાના(ભગવાનના) સ્વરૂપના સમ્બન્ધમાં થયા [૪૮।।-૫૦]

આ બે સન્દેહો દૂર થાય તે માટે જો એમ કહેવામાં આવે કે સૃષ્ટિ રચનાર ભગવાન્ ગુણોની ઉપાધિવાળા છે, તો ઉપર જણાવેલા બન્નેના સન્દેહો જતા રહે. પરન્તુ બ્રહ્મમાં ગુણો હોય નહિ, બ્રહ્મમાં ગુણોની ઉપાધિ હોવાનું સમ્ભવતું નથી, એવો બ્રહ્મના સમ્બન્ધમાં ત્રીજો સન્દેહ થાય છે. બ્રહ્મમાં ગુણોની ઉપાધિ છે એમ માનવાથી બ્રહ્મમાં દોષ હોવાનું જણાય છે. આ દોષનું સમાધાન પણ થઈ શકતું નથી. જીવ પણ બ્રહ્મથી જુદા ન હોવાથી તેને પણ માયાનો સમ્બન્ધ થવાનું સમ્ભવતું નથી. બ્રહ્મ જીવની સ્થિતિ પ્રાપ્ત કરે છે એમ માનવામાં પણ આ જ દોષ રહેલો છે. કારણ કે માયાનો સમ્બન્ધ હોવાનું કહી શકાય ત્યારે જ જીવમાં દુર્ભાગી હોવાપણું વગેરે સમ્ભવે છે. તેથી ૧. બ્રહ્મને માયાનો સમ્બન્ધ થતો નથી, અને ૨. માયાના સમ્બન્ધનું પરિણામ (દુર્ભાગી થવું વગેરે) થતાં નથી એમ સિદ્ધ કરવામાં આવે તો આ શંકાઓનું સમાધાન થાય. આ બે પૈકી એક (બ્રહ્મને માયાનો સમ્બન્ધ થવાની) શંકા બ્રહ્મના સમ્બન્ધમાં થયેલી છે અને બીજી (માયાના સમ્બન્ધનું પરિણામ દુર્ભાગી થવું વગેરે) જીવના સમ્બન્ધમાં થયેલી છે. તેથી બ્રહ્મને માયાનો સમ્બન્ધ થવાનું અને જીવમાં તેનાં પરિણામ (દુર્ભાગી હોવાપણું વગેરે) થવાનું સમાધાન કરવું જોઈએ [૫૧]

**પહેલી શંકાનું સમાધાન :**

અનુક્રમ પ્રમાણે આ શંકાઓ વિચારતાં ''આ તે ભગવાનની માયા છે કે જે તર્કના વિરોધવાળી છે'' (ભાગ.પુરા. ૩।૭।૮) એ શ્લોકમાં ''ભગવાનની માયા'' એમ છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કર્યો તેથી જ દૂર થાય છે. આ છઠ્ઠી વિભક્તિથી એમ જણાવેલું છે કે ભગવાનનો અને માયાનો સમ્બન્ધ નિત્ય(સદાનો) જ છે.

ભગવાનનો માયા સાથેનો સમ્બન્ધ નિત્ય હોય, તો ભગવાન્‌પણું જ રહે નહિ એવી શંકાએ

શ્લોકમાંના 'ભગવાન્' શબ્દથી જ દૂર થાય છે. માયાનો નિત્ય સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાની વિરુદ્ધ નથી, એમ આ 'ભગવાન્' શબ્દથી સૂચવેલું છે. ''માયા સર્વત્ર ગૂંચવાડો (ગેરવ્યવસ્થા) કરાવનારી ભગવાનની શક્તિ છે'' એવા મત પ્રમાણે પણ તેનો સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાની વિરુદ્ધ નથી, કારણ કે એ શ્લોકમાં ''ભગવાનની માયા'' એમ કહેલું છે, એટલે ભગવાનનું મુખ્યપણું છે. જો 'ભગવન્માયા' એમ સમાસ કર્યો હોત, તો ભગવાનનું મુખ્યપણું ન રહેતાં માયાનું મુખ્યપણુ થાત, એટલે તેનો સમ્બન્ધ હોવો એ ભગવાન્‌પણાથી વિરુદ્ધ થાત; પરન્તુ સમાસ ન કરતા ''ભગવાનની માયા'' શબ્દો યોજી, ભગવાન્ અને માયા એ બન્ને એક અર્થવાળા નથી એમ જણાવી ભગવાન્ મુખ્ય હોવાનું કહેલ છે તેથી માયાના ગુણો ભગવાન્‌માં આવતા નથી, પરન્તુ તે દાસીની પેઠે ભગવાન્‌થી જુદી જ રહે છે એમ જણાવેલું છે. તેથી માયા ભગવાનની ઉપાધિ થતી નથી. એ પ્રમાણે ભગવાન્ સમ્બન્ધી પહેલી શંકાનું મૈત્રેયે સમાધાન કર્યું [૫૨-૫૩]

**બીજી શંકાનું સમાધાન :**

બીજી શંકાનો વિચાર કરતાં, પ્રથમ વિચારો કે [1]બ્રહ્મ અને માયા પરસ્પર વિરુદ્ધ હોવાથી, તે બેના સમ્બન્ધથી કાંઈ કાર્ય (જગત્, જીવનું દુર્ભાગી હોવાપણું વગેરે) ઉત્પન્ન થતું નથી એવી તમારી શંકા છે કે [2]તે બે માં વિરોધ હોવાની જ શંકા છે ?

જો આ પૈકી પહેલી [1]કાંઈ કાર્ય ઉત્પન્ન થતું નથી એવી શંકા હોય તો તે ખોટી જ છે, કારણ કે કાર્ય (જગત્, જીવનું દુર્ભાગી હોવાપણું વગેરે) જોવામાં આવે છે જ. જો કાર્ય ઉત્પન્ન થતું ન હોય તો સંસાર જ ન હોય. પણ સંસાર તો જોવામાં આવે છે. સંસાર જોવામાં આવે છે, પણ બ્રહ્મ અને માયામાં વિરોધ હોવાથી તે બેના સમ્બન્ધથી સંસાર ઉત્પન્ન થવો ન જ જોઈએ. જો એમ કહેતા હો તો જાણવું કે ભગવાનની માયાથી સંસારની ઉત્પત્તિ થાય છે.

[2]ભગવાનની માયાથી સંસાર ઉત્પન્ન થવામાં તર્કનો વિરોધ છે, (તેથી તેનાથી સંસાર ઉત્પન્ન ન થાય) એમ વિરોધ હોવાની તમારી શંકા હોય, તો જાણો કે તર્કનો વિરોધ હોવો એ તો માયાનું ભૂષણ છે, દોષ નથી. માયા જ પરસ્પર વિરુદ્ધ કાર્યોનો સમ્બન્ધ કરાવે છે. માયાથી જ વિરુદ્ધ કાર્ય થતાં હોવાનું જોવામાં આવે છે. (જીવ બ્રહ્મથી જુદો ન હોવાથી ઈશ્વર અને મુક્ત હોવા છતાં, તેનામાં લાચારી અને બન્ધન જોવામાં આવે છે. બન્ધન કરનાર કોઈ ન હોવા છતાં પણ તેમ દેખાય છે તે માયાથી દેખાય છે). જીવતો પુરુષ સ્વપ્નમાં પોતાનું માથું કપાતું જુએ છે; આંતરડાં બહાર કાઢી નાખવામાં આવતાં હોવા છતાં જાદૂગર સ્વસ્થ દેખાય છે.

એમ જોવામાં આવે છે, પણ તેમ કેવી રીતે થઈ શકે ? એવો પ્રશ્ન ઊઠે, તો જાણો કે તે વિરોધ માત્ર દેખાય જ છે, સાચો નથી. વસ્તુમાં વિરોધ નથી. બ્રહ્મમાં સર્વ થવાની શક્તિ છે અને માયા

તેવા બ્રહ્મની શક્તિ છે, તેથી જીવરૂપ ઈશ્વરમાં લાચારી વગેરે વિરુદ્ધ કાર્યો જોવામાં આવે છે.

ઈશ્વરમાં લાચારી વગેરે, આત્મામાં ન હોય તેવા જે ગુણો આત્મામાં જોવામાં આવે છે તે આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય ત્યારે જોવામાં નહિ આવે એમ પણ ન માનવું, કારણ કે જ્ઞાનીઓને પણ તેમ જણાય છે. જીવમાં જે જ્ઞાની હોય, તે જીવના સ્વરૂપને જાણનાર હોય છે. જીવનું સ્વરૂપ તો તેની સર્વ અવસ્થાઓમાં જાણી શકાય છે જ, પરન્તુ ઈશ્વરનું સ્વરૂપ જાણી શકાતું નથી. સ્વપ્ન જોનાર ભગવાન્ જ છે (૨।૧।૩૯ ઉપરનાં શ્રીસુબોધિનીમાં સિદ્ધ કરેલું છે) અને જ્ઞાની જીવ પોતે ઈશ્વરથી જુદો નથી એમ જાણે છે, તેથી તેને પણ સ્વપ્નમાં માથું કપાતું હોય તેમ જણાય છે. વાસ્તવિક રીતે તો તેનું માથું કપાતું નથી, પરન્તુ જીવને સ્વપ્નમાં પ્રાપ્ત થયેલ શરીરનું જ માથું કપાય છે એમ ઈશ્વર જુએ છે, અને આ જ્ઞાની જીવ ઈશ્વરથી જુદો ન હોવાથી તે જુએ છે. તેથી જીવનું સ્વરૂપ ન જાણનાર અજ્ઞાનીને સ્વપ્નમાં પોતે ઈશ્વરથી જુદો નથી, એવું ભાન ન હોવાથી, પોતાનું માથું કપાતું જુએ છે. જ્યારે જીવના સ્વરૂપને જાણનાર જ્ઞાની, પોતે ઈશ્વરથી જુદો ન હોવાથી, (ઈશ્વર માથું કપાતું જુએ છે તે) પોતે જુએ છે. એ રીતે જ્ઞાની તથા અજ્ઞાની બન્ને સ્વપ્નમાં માથું કપાતું હોય તેમ જુએ છે. સ્વપ્નમાં જ્ઞાની જીવ પોતે ભગવાન્‌થી જુદો નથી એમ જાણે છે. માત્ર ગાઢ નિદ્રામાં અને દેહમાંથી નીકળી જવાના સમયે જ પોતે ભગવાન્‌થી જુદો છે એમ તે જાણે છે એમ ''પ્રાજ્ઞ આત્માથી સારી રીતે ભેટાયેલો શરીરમાં રહેલો આત્મા તેની પાછળ ઉપર ચઢે છે'' શ્રુતિ કહે છે. બ્રહ્મ જાણનાર જ્ઞાની ગાઢ નિદ્રામાં અને શરીરમાંથી નીકળી જવાના સમયે પોતે ભગવાન્‌થી જુદો હોવાનું જાણે છે, બીજાઓને તો તે સમયે ભાન હોતું નથી. તે રીતે ૩।૫।૧૯ માં સ્વપ્નના દૃષ્ટાન્તથી એમ જણાવેલું છે કે સત્ય ભગવાનનું સ્વરૂપ (સ્વપ્નમાં દેખાતા) દેહથી જુદું છે, કારણ કે તે સમયે (સ્વપ્નમાં) ભગવાન્ જ જોનાર છે.

ત્યારે જે શિર કપાતું તે જુએ છે તે જીવના શરીરનું માનવાનો શો આધાર ? એવો પ્રશ્ન થાય, તે માટે શ્લોક.૧૦ માં જલમાં પડેલ ચન્દ્ર ના પ્રતિબિમ્બનું બીજું દૃષ્ટાન્ત આપેલું છે. જે જલ જેવા દેહ વગેરેરૂપ સંસારમાં ''આ હું છું'' એમ માને છે, તેને જ ધ્રુજવું વગેરે થાય છે(જલ હાલે ત્યારે જલમાં પડેલ ચન્દ્રનું પ્રતિબિમ્બ ધ્રુજતું દેખાય છે), પરન્તુ આકાશમાં રહેલ ચન્દ્રને ધ્રુજારો વગેરે થતાં નથી. તેથી ચન્દ્ર અને તેનું પ્રતિબિમ્બ એક હોવા છતાં જલમાં પડેલા પ્રતિબિમ્બને જ ધ્રુજારો વગેરે થાય છે, ચન્દ્રને થતાં નથી તેમ ઈશ્વર અને માયા થી સંસારમાં સપડાયેલ જીવ (દેહને ''આ હું છું'' એમ માનનાર જીવ) જુદા ન હોવા છતાં તે જીવના દેહનું શિર છે. આ (માયામાં ફસાયેલ હોવારૂપ) સંકટ પોતાથી દૂર થઈ શકે તેવું ન હોવાથી શ્લો.૧૧ થી તે દૂર કરવાનો ઉપાય દર્શાવેલો છે [૫૪-૫૭]

**માયા દૂર કરવાનો ઉપાય :**

આ સંકટ ભક્તિમાર્ગથી અને જ્ઞાનમાર્ગથી એમ બે માર્ગથી દૂર થાય તેવું છે. તે પૈકી ભક્તિમાર્ગથી તે ધીરે-ધીરે નાશ પામે તેવું છે એવો મૈત્રેયનો અભિપ્રાય છે. સમ્પૂર્ણ સંકટનો નાશ

તો ભગવાનનો સાક્ષાત્કાર થાય ત્યારે થાય છે. ત્યાર પછી સ્વપ્ન થતું નથી. જાગતાં હોઈએ ત્યારે પણ દેહમાં ''આ આત્મા છે'' એવી બુદ્ધિ થતી નથી, પરન્તુ ગાઢ નિદ્રામાં થાય છે તેમ સદા બ્રહ્મના આનન્દનો અનુભવ થાય છે.

ભક્તિમાર્ગ પ્રમાણે મુક્તિ થાય છે એમ પણ કહેવું જોઈએ. તેથી શ્લો.૧૩માં ''જ્યારે મુરારિનાં કીર્તન કરવામાં આવતાં ગુણોનું શ્રવણ જ સર્વ દુઃખોનો નાશ કરે છે, તો પછી તેમનાં ચરણકમલની રજની સેવામાં પ્રીતિ તેમ કરે તેમાં કહેવું જ શું ?'' એમ કૈમુતિકન્યાયથી મૈત્રેય તેમ જણાવે છે. આ વિષયનું દૃષ્ટાન્ત સહેલાઈથી મળે છે, કારણ કે ભગવાનના ગુણોનું કીર્તન કરવાથી સર્વને પરમાનન્દનો અનુભવ થાય છે. આ ગુણો શ્રવણ કરવાનું સાધન સહેલાઈથી પ્રાપ્ત થાય છે, કારણ કે સર્વ સ્થળે સત્પુરુષો સદા ભગવાનના ગુણોનું કીર્તન કરતા હોય છે. વળી આ ગુણોના કીર્તનનું શ્રવણ અમુક દેશમાં તથા અમુક સમયે જ કરવું જોઈએ એવો કાંઈ નિયમ ન હોવાથી તેમાં દેશ-કાલ વગેરેની દરકાર રાખવાની નથી.

એમ છે ત્યારે સર્વનું (માયાના પરિણામનું) સંકટ કેમ નાશ પામતું નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે યોગ્ય રીતે ભગવાનના ચરિત્રનું કીર્તન છૂપું થાય છે અને તેવી રીતે થતા ચરિત્રનાં કીર્તનનાં શ્રવણથી જ ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. (તેથી) સાક્ષઅં ાર થવો દુર્લભ હોવાથી જ સર્વની મુક્તિ થતી નથી. તેથી જ ભક્તિમાર્ગ દુર્લભ છે.

ભક્તિમાર્ગ દુર્લભ હોવાથી જ જ્ઞાનમાર્ગ કહેલો છે. જ્ઞાનમાર્ગથી પણ તે જ પ્રકારનું જ્ઞાન થાય છે કે જેનાથી ભગવાન્ આત્માથી જુદા હોવાનું સ્ફુરતું નથી. એવી રીતે બન્ને માર્ગોનું સાધન ભગવાનની સેવા છે, કારણ કે ભગવાનની સેવા કરવાથી બન્ને પ્રાપ્ત થાય છે. તે સેવા પણ શાસ્ત્રના મૂલવાળી પંચરાત્ર વગેરેમાં જણાવેલા પ્રકારે કરેલી હોવી જોઈએ. પોતાની ઈચ્છાથી હર કોઈ પ્રકારે કરેલી હોવી ન જોઈએ. આ પ્રથમ આરંભ કરેલી સેવા આરંભમાં એવી રીતે કરવી જોઈએ. પાછળથી ભગવાન્ કૃપા કરે ત્યારે ભગવાન્ કહે તે પ્રકારે અથવા પોતાની ઈચ્છા પ્રમાણે પણ તેમની સેવા થઈ શકે છે.

ઉપર કહેલો સર્વ સિદ્ધાન્ત જાણવામાટે જ વિદુરને દુર્લભ (મૈત્રેયનો) સત્સંગ પ્રાપ્ત થયેલ હોવાથી તેણે (૧૪-૧૯ મા શ્લોકમાં પોતાની શંકા તથા મૈત્રેયે કહેલ સિદ્ધાન્તનું સૂક્ષ્મ નિરૂપણ કરી) શ્લો.૨૦ થી આ અધ્યાયના અન્ત સુધી મૈત્રેયને પ્રશ્નો કર્યા. બ્રહ્મા વગેરે જેમના સમ્બન્ધી અહીં પ્રશ્ન કરેલ છે તે વિરાટસ્વરૂપ પછી ઉત્પન્ન થયેલા હોઈ, સૃષ્ટિ રચનાર ભગવાનની વિભૂતિમાં તેઓનો સમાવેશ થાય છે. આ પ્રશ્નો વિદુરે ભગવાનની વિભૂતિઓ સમ્બન્ધી કર્યા અને ભગવાનની વિભૂતિઓનું જ્ઞાન શ્રીભાગવતથી જ થાય છે, તેથી આ પ્રશ્નોના ઉત્તર જાણવામાં આવે તે માટે શ્રીભાગવતનું જ શ્રવણ કરવું જોઈએ. બીજું કોઈ શાસ્ત્ર આ વિભૂતિઓનું જ્ઞાન કરાવે

તેવું નથી. મૈત્રેયને શ્રીભાગવતનું જ્ઞાન હતું એમ જણાવવા તેણે આઠમા અધ્યાયમાં આ પ્રશ્નના ઉત્તર આપતાં ૨-૯ સુધીના શ્લોકમાં શ્રીભાગવતનું ઉપાખ્યાન કહેતાં, તેનું જ્ઞાન પોતાને કેવી રીતે પ્રાપ્ત થયું તે જણાવવા તેની પરમ્પરા કહી, જેથી વિદુર તે બીજા પાસેથી શ્રવણ કરવાનો ઉદ્યમ ન કરે.

અહીં બ્રહ્માને ભગવાનની વિભૂતિ કહેલ છે, કારણ જે સાત પ્રકારે ભગવાનના સમ્બન્ધી થાય તે ભગવાનની વિભૂતિ છે.

૧. બ્રહ્માની ઉત્પત્તિ ભગવાન્માંથી થઈ(અ.૮।૧૦-૧૫)
૨. ભગવાને તેમને સૃષ્ટિ રચવાનો ઉદ્યમ કરવાની અને તે માટે તપ કરવાની આજ્ઞા કરેલી.
૩. બ્રહ્માએ તપ કરી ભગવાનને પ્રસન્ન કર્યા(અ.૮।૨૧).
૪. તેમની સ્તુતિ કરી(અ.૯।૧-૨૧).
૫. અને તેમની પ્રાર્થના કરી વર માગ્યા(શ્લો.૨૨-૨૫).
૬. પછી ભગવાને તેમને સૃષ્ટિ કેવી રીતે રચવી તે સર્વ જણાવ્યું(શ્લો.૨૯,૩૦)
૭. બ્રહ્માએ ભગવાનની આજ્ઞા પ્રમાણે પહેલાંની પેઠે સૃષ્ટિ રચી.

— આ સાત પ્રકારે બ્રહ્મા ભગવાનના સમ્બન્ધમાં આવ્યા, તેથી તે ભગવાનની વિભૂતિ છે. આ સર્વ જણાવવામાટે વિદુરે પ્રશ્ન કર્યા ત્યારે મૈત્રેયે ઉત્તર આપ્યા, એમ સાતથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી સૃષ્ટિનો ઉપોદ્‌ઘાત કહેલો છે. કેટલાક કહે છે કે બ્રહ્મામાં ભગવાનનો આવેશ થયેલો.

પાંચમા અને છઠ્ઠા અધ્યાયોમાં ગુણાતીત દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ કહી. પછી સગુણ દેવથી થયેલી સૃષ્ટિ કહેવી જોઈએ. તે કહેવાનો આરંભ તો ''બ્રહ્માએ પણ ભગવાને આજ્ઞા કરેલી તે પ્રમાણે એકસો દિવ્ય વર્ષો સુધી તપ કર્યું'' એમ અ.૧૦।૪ થી કરેલો છે. ત્યારે વચલા સાતમાથી નવમા સુધીના અધ્યાયોમાં સગુણ દેવથી થયેલી સૃષ્ટિ કહ્યાનું કેમ ગણાય ? એવી શંકા થાય, તો જાણવું કે એ ત્રણ અધ્યાયોથી સગુણ દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિનો ઉપોદ્‌ઘાત કહેલો છે. તેથી બ્રહ્મા ભગવાનની વિભૂતિ છે તેમ જણાવવું એ જ આ ત્રણ અધ્યાયોનું તાત્પર્ય છે, કારણ કે તેમાં સૃષ્ટિનું નિરૂપણ તો માત્ર થોડા ભાગ (અ.૮।૧૩-૧૫)માં જ કરેલું છે [૫૮-૬૨]

**પદ્મકલ્પનું વર્ણન કરવાનું પ્રયોજન :**

આ સૃષ્ટિમાં ખાસ કરીને પદ્મકલ્પનું વર્ણન કરેલું છે (અ.૧૦।૮ થી). સાત્ત્વિક કલ્પોમાં પદ્મકલ્પ સર્વથી ઉત્તમ હોવાથી તેનું વર્ણન કરેલું છે. તે કલ્પ પહેલાનો કલ્પ તામસ હોવો જોઈએ. તેથી તે પહેલાનાં કલ્પમાં થયેલા પ્રલયનું વર્ણન કરેલું છે(અ.૮।૧૦). તે પહેલાંના કલ્પમાંના પ્રલયમાં જે બાકી રહેલ તે શેષશાયી ભગવાનનું નિરૂપણ કરેલું છે(અ.૮।૧૦-૧૨). ત્યાર પછીના, એટલે પદ્મકલ્પમાં સૃષ્ટિ તેમનામાંથી ઉત્પન્ન થઈ એમ જણાવવા તેમનું નિરૂપણ કરેલું છે

(અ.૮।૧૩-૧૫) તેથી પદ્મકલ્પ ઘણો જ શુદ્ધ છે [૬૩]

**જુદા-જુદા કલ્પોમાં જુદી-જુદી વ્યવસ્થા :**

સૃષ્ટિના નિરૂપણમાં પદાર્થોનું જુદા-જુદા પ્રકારે વર્ણન કરેલું જોવામાં આવે છે. જુદા-જુદા કલ્પોમાં જુદા-જુદા પ્રકારે પદાર્થો ઉત્પન્ન થતા હોવાથી તેઓના વર્ણનમાં ભેદ આવે તે દોષરૂપ નથી. પૃથ્વીને વિરાટસ્વરૂપના જઘનરૂપ કહેલી છે(૨।૧।૨૭). બ્રહ્મકલ્પમાં પૃથ્વી વિરાટના જઘનરૂપ હોય છે. વળી તેને કમલરૂપ કહેલી છે, કારણ કે પદ્મકલ્પમાં તે વિરાટસ્વરૂપની નાભિમાંથી નીકળેલા કમલરૂપ હોય છે(૩।૯।૨૧). વળી આદિવરાહ કલ્પમાં અતલ વગેરે પાંચ નીચેના લોક નીચેથી વરાહે પોતાના હસ્તથી તેને ઉપર લાવી કમલના પત્ર ઉપર મૂકેલી. વળી તે જલમાં ડૂબી ગઈ ત્યારે ભગવાને વરાહકલ્પમાં તેનો ઉદ્ધાર કર્યો. પહેલાં પાંચ નીચેના લોક નીચેથી ઉપર લાવેલ તે શ્વેતવારાહ અથવા આદિવરાહકલ્પ; વરાહકલ્પથી જુદો જ છે. તેથી જુદા-જુદા પૃથ્વીના સ્વરૂપ જાણવામાં અથવા શ્રવણ કરવામાં આવે તેમાં વિરોધ હોવાનો માનવું નહિ(આ જુદા-જુદા કલ્પોમાટે જુઓ અ.૧૧।૩૪-૩૬).

કલ્પો તો ઘણા થઈ ગયાં છે, છતાં પૃથ્વીના જુદા-જુદા સ્વરૂપ ત્રણ કલ્પોનાં જ ઉપર દર્શાવેલાં છે, કારણ કે બીજા કલ્પો આ ત્રણ કલ્પોના જ વિકારો છે. તેથી તે બીજા દરેક કલ્પોમાં પૃથ્વી વગેરેનાં સ્વરૂપ આ ત્રણ કલ્પોનાં જે હોય તે પૈકીનું જ એક હોય છે. તેથી શ્રીભાગવતમાં પૃથ્વીનું સ્વરૂપ ત્રણ જ પ્રકારનું દૃષ્ટાન્ત તરીકે જણાવેલું છે.

આ કલ્પોમાં બીજા પણ કેટલાક જુદા-જુદા પ્રકારો જોવામાં આવે છે. બ્રહ્મકલ્પમાં એવી વ્યવસ્થા હોય છે કે ભગવાનના પુરુષસ્વરૂપના અવયવોમાંથી જ સર્વ ઉત્પન્ન થાય છે. તે સમયે પૃથ્વી અથવા સમુદ્રો વગેરેની ભગવાન્થી જુદી સ્થિતિ હોતી નથી. જેમ ખાઈની મધ્યે નગર હોય તેની પેઠે વિરાટનું સ્વરૂપ એકલું જ તેને વીંટી રહેલ જલની અન્દર રહેલું હોય છે. તે કલ્પમાં બધું હરિના શરીરરૂપ હોવાથી હરિ જ હોય છે, કારણ કે હરિ (સર્વને પોતાનું શરીર) જાણે છે.

બીજાઓ એમ કહે છે કે ભગવાન્ નારાયણે વિરાટ સ્વરૂપ પોતાની લીલાઓ કરવામાટે સાધન તરીકે ગ્રહણ કરેલું હોય છે. તેમના મત પ્રમાણે વિશ્વ ભગવાનનું ક્રીડા કરવાનું સ્થાન છે, ભગવત્સ્વરૂપ નથી. (વસ્તુતઃ ભગવાન્ વિશ્વને પોતાનું શરીર જાણે છે તે ભગવાન્માંથી જ ઉત્પન્ન થયેલું હોવાથી) ભગવાન્ તેનું સમવાયી કારણ હોવા છતાં, જેમ કામધેનુ વગેરેમાંથી ઉત્પન્ન થયેલા પદાર્થોને કામધેનું ''આ પદાર્થ હું છું'' એમ માનતી નથી તે દૃષ્ટાન્ત પ્રમાણે ''આ વિશ્વ હું છું'' એમ ભગવાન્ માનતા નથી, પરન્તુ ''આ મારું છે'' એમ જ માને છે (તેથી વિશ્વ પોતાનું શરીર છે એમ તે જાણે છે એમ કહેલું છે) [૬૪-૬૬।।]

પછી પદ્મકલ્પમાં જ્યારે કમલમાંથી સર્વ જગત્ ઉત્પન્ન થાય છે, ત્યારે તે વિરાટના

અવયવરૂપ હોતું નથી. પદ્મકલ્પમાં પ્રલયનું જલ પણ હોતું નથી, પરન્તુ નારાયણ અદશ્ય રહે છે. માત્ર તેમની નાભિમાંથી નીકળેલું કમળ જ ભૂમિ ઉપર રહેલા કમળની પેઠે રહેલું હોય છે અને જલ તે કમળની અન્દર ફરી ઉત્પન્ન કરેલું હોય છે, અથવા બ્રહ્માણ્ડની અન્દર રહેલું હોય છે. વિરાટ અદશ્ય રહેતાં માત્ર કમળ પ્રગટ જોવામાં આવે છે. આ કલ્પમાં કમળમાંથી સર્વ જગત્, ભગવાનના સર્વ અંશો(જીવો) ભગવાનની માયા સાથે ભળેલા ઉત્પન્ન થાય છે.

જેમ પદ્મકલ્પમાં જલની ઉત્પત્તિ કરવામાં આવે છે, તેમ વરાહકલ્પમાં કોઈ વાર ભૂમિ જુદી જ ઉત્પન્ન કરવામાં આવે છે. તે સમયે તે બ્રહ્માણ્ડની છાલ પાસે નીચે રસાતલમાં જતી હોવાનું કહેલું છે. તે સમયે સાત સમુદ્રો (જુઓ સ્કન્ધ ૫ અધ્યાય ૨૦) હોવા સમ્બન્ધી કાંઈ પ્રમાણ મળતું ન હોવાથી એ કલ્પમાં સાત સમુદ્રો હોતા નથી, તેથી અને ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી (જુઓ. ૩।૧૧।૩૮) હોવાનું જ્યોતિષ શાસ્ત્રથી વિરુદ્ધ હોવાથી, તે કલ્પમાં ભૂમિ પણ તેટલા વિસ્તારવાળી હોતી નથી.

આ કલ્પમાં બીજા પણ ભેદો હોય છે. બ્રહ્મકલ્પમાં નારાયણે શયન કરેલું હોતું નથી, પરન્તુ તે અદશ્ય જ રહે છે. બીજા પદ્મકલ્પમાં તે પોઢેલા હોય છે. ત્રીજા વરાહકલ્પમાં પણ કોઈ વાર પોઢેલા હોય છે (અને કોઈ વાર પોઢેલા હોતા નથી).

બ્રહ્મકલ્પ સિવાયના કલ્પોમાં પણ જગતનું મૂલ ભગવાન્ જ છે, કારણ કે વરાહકલ્પમાં પૃથ્વીનો ઉદ્ધાર ભગવાન્ જ કરે છે. પદ્મકલ્પમાં પણ કમળ ભગવાનના આધારે જ રહેલું હોય છે. તેથી જુદા-જુદા કલ્પોમાં જગત્ જુદા-જુદા પ્રકારે રહેલ હોવા છતાં, સર્વ કલ્પોમાં જગતનું મૂલ તો ભગવાન્ જ છે [૬૬॥-૭૦॥]

**નારાયણના શયનનો પ્રકાર :**

અ.૮।૧૦ માં જેમના શયનનું વર્ણન કરેલું છે તે ભગવાન્ નારાયણ છે. વિરાટ સ્વરૂપનું શયન સમ્ભવતું ન હોવાથી એવી શંકા થાય કે આ શયન કરનાર કોણ હશે, પરન્તુ બ્રહ્માણ્ડનો ગોળ આડો પડેલ હોય ત્યારે તેમાં વિરાટ શયન કરે તે સમ્ભવે છે. આ કલ્પની પહેલાં પણ પદ્મકલ્પ જ હતો, કારણ કે અ.૧૦।૭ માં બ્રહ્મા કહે છે કે ''જે લોકનો પહેલાં લય થયેલો તેઓને હું આ કમળથી રચીશ''. (આથી એમ જણાય છે કે બ્રહ્માના એક વર્ષ જેટલો એક કલ્પ હોય છે, તેમનાં ૧૦૦ વર્ષમાં ૧૦૦ કલ્પો થાય છે. બ્રહ્માના દરેક દિવસે, દિવસ તથા રાત્રિ પૂરાં થાય ત્યારે, પ્રલય થાય છે અને પાછી તે બીજે દિવસે સૃષ્ટિ ઉત્પન્ન કરે છે. પણ તેમાં ભેદ ઘણો ઓછો હોવાથી તેને જુદા કલ્પનાં નામ આપેલાં નથી. તેથી પદ્મકલ્પ પણ ૩૬૦ થાય છે. શ્રીસુબોધિની). આ બ્રહ્માના દરેક દિવસે થતા પ્રલયમાં પોતાની અન્દર જ જલ રચી નારાયણ તે જલમાં શયન કરે છે. દરેક દિવસે થતો પ્રલય આવો પણ હોય છે. તેવો ન હોય તો નારાયણનું શયન સમ્ભવે નહિ. અથવા

બ્રહ્માણ્ડની છાલમાં જલ હોય છે તે જલમાં નારાયણ પોઢે છે, એવો શાસ્ત્રમાં જણાવેલ તે પ્રકારનો બીજો મત છે. તે સમયે ત્રણે લોકનો પ્રલય વિરાટની નિદ્રાના કારણે થયેલ હોય છે. તે સમયે ઉપર જણાવેલ વિરાટ પુરુષથી નારાયણ જુદા અથવા તેના અન્તર્યામી હોય છે અને સર્વના અધ્યક્ષ હોય છે. બન્ને મત પ્રમાણે નારાયણ જલની અન્દર જ રહેલા હોય છે.

જેટલા પદાર્થો સૃષ્ટિ સમયે ઉત્પન્ન થાય છે, તેટલાનો પ્રલય સમયે નાશ અને સૃષ્ટિ સમયે ઉત્પત્તિ થાય છે એમ જણાવવું જોઈએ. આ વિષયમાં વિરોધ થવાની શંકા થાય તો રજો રૂપથી સર્વ જગત્ પ્રલય દરમ્યાન તેમના ઉદરમાં રહે છે, એમ જાણવાથી તે શંકા દૂર થાય છે.

''આ વિશ્વ પહેલાં જલમાં ડૂબેલું હતું'' એમ અ.૮।૧૦ માં પહેલાં કહી નારાયણ ''પોતાના દેહની અન્દર સૂક્ષ્મ મહાભૂતોને રાખીને'' પોઢેલા હોય છે એમ અ.૮।૧૧ માં વિશ્વ, નારાયણના દેહની અન્દર હોવાનું કહેલું છે. આ સમ્બન્ધમાં એવી વ્યવસ્થા હોવાનું જાણવું કે આધિભૌતિક પદાર્થોનો પ્રલયમાં નાશ થાય છે અને આધ્યાત્મિક પદાર્થો નારાયણે પોતાના દેહની અન્દર રાખેલા હોય છે. તેથી તે સમયે સર્વ જગત્ રજો રૂપથી નારાયણના ઉદરમાં રહેલું હોય છે. તે મૂઢ (તમોગુણવાળું) અથવા પ્રકાશ (સત્ત્વગુણવાળું) હોતું નથી. શ્રીકૃષ્ણની દૃષ્ટિ તેના ઉપર પડતાં તેની ઉત્પત્તિ થાય છે. જો તે તમોગુણ અથવા સત્ત્વગુણવાળું (મૂઢ અથવા પ્રકાશતું) હોય તો તેનો સંકોચ(સૂક્ષ્મસ્થિતિ) તથા વિકાસ(વિસ્તાર અથવા ઉત્પત્તિ) થવાનું સમ્ભવે નહિ. તેથી તે રજો રૂપથી જ પ્રલય દરમ્યાન નારાયણના ઉદરમાં રહેલું હોય છે [૭૦।।-૭૩]

**આ કલ્પમાં તત્ત્વોનો નિયમ નથી :**

પહેલા ગુણથી પર દેવથી થયેલ સર્ગમાં જેવું મહત્તત્ત્વ હતું તેવું ત્યાર પછીના આ પદ્મકલ્પમાં કમળ છે. (પહેલા સર્ગમાં જેમ તત્ત્વમાંથી જગતની ઉત્પત્તિ થયેલી તેમ આ કલ્પમાં કમળમાંથી સર્વ જગતની ઉત્પત્તિ થાય છે) તેથી મહત્તત્ત્વને બદલે આ કલ્પમાં કમળ છે અને તે કમળ જ જગતના આધારરૂપ છે.

કમળમાંથી બ્રહ્માની ઉત્પત્તિ કેવી રીતે થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને જ પાલન કરનાર સ્વરૂપથી કમળમાં પ્રવેશ કર્યો અને તેમાં તે બ્રહ્માના રૂપથી પ્રકટ થયા. તેમણે કમળમાં શબ્દબ્રહ્મના સ્વરૂપથી પ્રવેશ કરેલો, તેથી પહેલા સર્ગના પુરુષને બદલે પણ આ સર્ગમાં બ્રહ્મા છે અને પુરુષથી નાનાસ્વરૂપથી જણાયેલા રહે છે. પદ્મકલ્પમાં વિરાટને બદલે પણ આ બ્રહ્મા જ છે.

આ શબ્દબ્રહ્મરૂપ બ્રહ્મા બે કાર્યો કરી શકે તે માટે તેમનાં બે રૂપો થયાં : ૧. તે પૈકી ચાર

મુખવાળા બ્રહ્મા પોતે જ વેદના અર્થરૂપ થયા અને તેમનાથી રૂપપ્રપંચ (જગતના જુદા-જુદા પદાર્થો)ની ઉત્પત્તિ થઈ. ૨. બ્રહ્મા અન્દરથી શબ્દબ્રહ્મરૂપ પણ થયા અને તેમનાથી વેદો ઉત્પન્ન થયા. જો કે આ બન્ને સ્વરૂપો એક હોય તેમ કહેવામાં આવે છે, છતાં અર્થથી શબ્દનું રૂપ જુદું છે.

કમલમાં ઉત્પન્ન થયેલા એવા મોટા બ્રહ્માને પોતાનું કારણ શોધવામાં બુદ્ધિનો ભ્રમ કેમ થયો ? (અ.૮।૧૯) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અન્દરની દૃષ્ટિ ન રાખવાથી તેમને ભ્રમ થયો. જ્યારે ફરી તેમની દૃષ્ટિ અન્દરની થઈ ત્યારે તેમને પોતાનું કારણ જાણવામાં આવ્યું(અ.૮।૨૨). આ પોતાના કારણરૂપ જે ભગવાનને તેમણે જોયા તે જ બ્રહ્મનું સ્વરૂપ (જગત્ તે બ્રહ્મના સ્વરૂપથી જ ઉત્પન્ન થયેલું). તે બ્રહ્મ સાકાર જ હતું એમ ૨૩।૩૧ સુધીના શ્લોકમાં કહેલા વર્ણનથી જણાય છે. અને તેથી જગતનું કારણ પણ સાકાર બ્રહ્મ જ છે. આ કલ્પમાં કમળ અને બ્રહ્મા બે જ હતાં, તે બે સિવાય બીજું કોઈ ન હતું. આ બેનું જે કારણ હતું તે જો સાકાર હોય તો જગતનું કારણ-બ્રહ્મ તેવું જ ગણાય. કારણ કે પોતાનું કારણ શોધનાર બ્રહ્માને કારણ જ જોવામાં આવે. તેથી તે સાકાર બ્રહ્મ જ કારણ છે એમ જાણી તે બ્રહ્મનું વર્ણન (અ.૮।૨૩-૩૧ વડે) કરેલું છે અને બ્રહ્માએ નવમા અધ્યાયમાં સ્તુતિ કરેલા છે. તે બ્રહ્મ છે એમ જણાવવા આ વર્ણન તથા સ્તુતિ કરેલાં છે [૭૪-૭૬]

**બ્રહ્માએ કરેલી સ્તુતિ :**

બ્રહ્માએ નવમા અધ્યાયમાં જે સ્તુતિ કરી છે તે ભગવાનના સ્વરૂપનો નિર્ણય કરાવનારી છે. બ્રહ્માએ આ અધ્યાયના પહેલા એકવીસ શ્લોકોથી આ સ્તુતિ કરેલી છે. આ શ્લોકોની સંખ્યા પણ તે સાકાર બ્રહ્મ છે એમ જણાવે છે : "દશ હાથની આંગળીઓ, દશ પગની આંગળીઓ અને એકવીસમો આત્મા, એમ પુરુષ એકવીસ અંગવાળો છે". આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનનું સદા ભજન કરવું અને તેવું ભજન જ ફલરૂપ છે. બ્રહ્મા આવા ભજનની પ્રાર્થના ૨૨-૨૫ સુધીના ચાર શ્લોકોથી કરે છે. વાસ્તવિક રીતે ભગવાનની કૃપામાટે જ પ્રાર્થના કરવી જોઈએ, અને અહીં બ્રહ્મા જેની પ્રાર્થના કરે છે તે-તે કૃપા પણ કરાવનારું છે, તેથી બ્રહ્મા આ જ પ્રાર્થના કરી માગે છે, કારણ કે સંસારમાં આ દુર્લભ છે. ભજન થઈ શકે તે માટે બ્રહ્મા ચાર પદાર્થોની પ્રાર્થના કરે છે. અને તે ચાર પદાર્થોની પ્રાર્થનાથી જ વાસ્તવિક રીતે તેમણે ભજનની પ્રાર્થના કરેલી છે. ૧. સાત્ત્વિકપણું અથવા જ્ઞાન ૨. ભગવાનના ગુણોમાં આસક્તિ અથવા ભગવાનના ચરિત્રના કીર્તનમાં રચ્યા-પચ્યા રહેવાપણું ૩. વાચક એટલે બ્રહ્મ જણાવનાર વેદ પોતે ભૂલી ન જાય તે અને ૪. સર્વ પ્રસંગોમાં પોતાને ઉદ્વેગ ન થવો અથવા પોતાના શોકનો નાશ --એ ચારની બ્રહ્માએ ૨૨-૨૫ સુધીના ચાર શ્લોકોથી અનુક્રમે પ્રાર્થના કરી.

એ ચાર તો પ્રમાણ (શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે વર્તન કરવા) થી જ પ્રાપ્ત કરવાં જોઈએ એવી શંકા ન કરવી, કારણ કે આ ચાર ભગવાન્ જ આપી શકે, બીજા કોઈ પ્રકારે પ્રાપ્ત થઈ શકે તેવાં નથી [૭૭-૭૮]

**પ્રાર્થનાનો ઉત્તર :**

બ્રહ્માએ એવી પ્રાર્થના કરી ત્યારે ભગવાને તેમને ફરીથી તપ વગેરે સાધનો કરવાનો જ ઉપદેશ કર્યો(શ્લો.૩૦). પણ તેમણે માગેલ પદાર્થો તૈયાર તેમને આપ્યા નહિ, કારણ કે બ્રહ્માએ ભગવાનની પ્રેમથી સેવા કરી ન હતી. તેથી બ્રહ્માએ શું કરવું જોઈએ એ વિષયનો ભગવાને તેમને ઉપદેશ જ કર્યો. ભગવાને બ્રહ્માની પ્રાર્થનાનો પ્રાર્થના પ્રમાણે ઉત્તર આપેલો નથી, પરન્તુ સાધનો કરવાં એવો જુદો જ ઉપદેશ કરેલો છે. પહેલાં તપ કરવાનો ઉપદેશ કર્યો(શ્લો.૩૦), કારણ કે તપથી સાત્ત્વિકપણું પ્રાપ્ત થાય છે. પછી જ્ઞાન પ્રાપ્ત કરવાનું કહ્યું. (અને જ્ઞાન તપથી જ પ્રાપ્ત થાય છે શ્લો.૩૨) કારણ કે જ્ઞાનથી ભગવાનના ગુણોમાં આસક્તિ થાય છે. બ્રહ્મ જણાવનાર વેદ ન ભૂલવાનું પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થાય છે. આ ત્રણ પ્રાપ્ત થતાં, શોક ન થવો એ તે ત્રણના ફળરૂપ હોવાથી એની મેળે જ પ્રાપ્ત થાય છે. બીજું ભગવાનની લીલાના જ્ઞાનરૂપ ફળ પણ પ્રાપ્ત થાય છે. જ્યારે ભગવાનની લીલાનું જ્ઞાન થાય ત્યારે હૃદયમાં ઉત્સાહ અને વેદ ન ભૂલવાનું ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણમાં આસક્તિ હોવી એ ઉદ્વેગ ન થવાનું બીજું કારણ છે. શ્રીકૃષ્ણમાં આસક્તિ હોય તો ઉદ્વેગ થતો નથી, કારણ કે હરિ સદા ભક્ત ઉપર પ્રસન્ન રહે છે. ‘‘શ્રીકૃષ્ણ પ્રાપ્ત થાય નહિ ત્યાં સુધી તો ભક્તને ઘણોજ ઉદ્વેગ રહે’’ એમ ન માનવું કારણ કે શ્રીકૃષ્ણ ઉપર નિત્ય પ્રેમ રાખનાર ભક્ત ઉપર તે સદા પ્રસન્ન રહે છે અને તેને ઉદ્વેગ થવા દેતા નથી. આ અર્થ જણાવવા જ ૩૫-૪૨ સુધીના આઠ શ્લોકો ભગવાને બ્રહ્માને કહેલા છે. પછી ભગવાને જે સ્વરૂપે બ્રહ્માને દર્શન દીધેલાં તે સ્વરૂપથી જ તે તિરોહિત થયા, એટલે તે સ્વરૂપ નિત્ય પણ છે. એ રીતે નવમા અધ્યાયમાં એમ સિદ્ધ કર્યું છે કે બ્રહ્માના પિતા બ્રહ્મ (ભગવાન્) છે [૭૯-૮૦]

**સગુણસૃષ્ટિ સમ્બન્ધી પ્રશ્ન તથા ઉત્તર નું સ્થાન :**

સગુણ દેવથી ઉત્પન્ન થયેલી સૃષ્ટિ નવમા અધ્યાયમાં જ કહેવી જોઈએ અને તે સમ્બન્ધી પ્રશ્ન પણ તે જ અધ્યાયમાં કરવો જોઈએ, તે નવમા અધ્યાયમાં ન કહેતાં દશમા અધ્યાયમાં કાલપ્રકરણમાં કેમ કહેલાં છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વિદુરે સાતમા અધ્યાયમાં પ્રશ્ન કરેલા. પછી વચ્ચે ઉપોદ્ઘાત તરીકે મૈત્રેયે ભગવાનનું ચરિત્ર કહ્યું, ત્યારે વિદુરનું ચિત્ત ભગવાન્માં લાગ્યું. તે ભગવાનના ચરિત્રનું શ્રવણ કરતાં તે પૂર્ણ થયું ત્યાં સુધી તેણે કાંઈ પ્રશ્ન ન કર્યા. પ્રશ્ન ન કર્યા એટલે મૈત્રેયે ઉત્તર પણ ન આપ્યો. તે ચરિત્રનું શ્રવણ પુરું થયા પછી વિદુરે દશમા અધ્યાયના આરંભમાં પ્રશ્ન કર્યો ત્યારે મૈત્રેયે ઉત્તર આપ્યો. તેથી એ સૃષ્ટિનું નિરૂપણ પાછળથી કરેલું હોવા છતાં પહેલાની કથાના અંગ તરીકે જ છે એમ જાણવું. આથી એમ પણ સૂચવેલું છે કે જ્યારે પ્રસંગને લીધે પણ ભગવાનની કથાનું શ્રવણ પ્રાપ્ત થાય ત્યારે ભગવાનના ભક્તોએ ચાલતા પ્રસંગમાં ઉદાસીનતા રાખવી. એમ કરે ત્યારે જ ભક્ત ગણાય. વિદુર ભક્ત છે કે નહિ તેની પરીક્ષા

કરવામાટે જ મૈત્રેયે તેની રીતે વચ્ચે ભગવાનની કથા કહી. તે પૂરી થાય પછી જ વિદુરે પ્રશ્ન કર્યો. તેથી જ ગુરૂ મૈત્રેય તેનાપર પ્રસન્ન થયા એમ અ.૧૦।૩ થી જણાવેલ છે. મૈત્રેય તેથી પ્રસન્ન થયા એમ જણાવનારું ચિહ્ન એ છે કે વિદુરે જે-જે ક્રમથી પ્રશ્નો કરેલા તે જ ક્રમથી મૈત્રેયે પાછળથી તેના ઉત્તર આપ્યા. પહેલાં વિદુરે જે પ્રશ્નો કરેલા તેના સમ્બન્ધવાળા જ ઉત્તર આપ્યા. જો તે પ્રસન્ન થયા ન હોત તો પહેલાંના પ્રશ્નોના સમ્બન્ધ વિના જ તે ઉત્તર આપત [૮૧-૮૧।।]

**કલ્પના સમ્બન્ધ :**

પદ્મકલ્પો પણ ઘણા થઈ ગયા. જો પદ્મકલ્પ એક જ હોય તો ''પહેલાં લય પામેલા લોકોને હું આનાથી રચીશ'' (અ.૧૦।૭) એ બ્રહ્માનું વચન ઘટે નહિ. પદ્મકલ્પો ઘણા થયેલા હોવાથી જ બ્રહ્માને એવું જ્ઞાન થયાનું કહેલું છે. આથી એમ સિદ્ધ થાય છે કે પદ્મકલ્પો પદ્મ (કમળ)ને લીધે બીજા બધા કલ્પોથી જુદા પડે છે.

ત્યારે ''તેના જ અન્તે કલ્પ થયો તે 'પદ્મકલ્પ' કહેવાય છે'' (અ.૧૧।૩૫) એ વાક્ય ખોટું ઠરશે, એમ ન માનવું. એ વાક્ય તો બ્રહ્મકલ્પથી પદ્મકલ્પ જુદો હોવાનું જણાવે છે. વળી બીજા બ્રહ્માણ્ડમાં જે બ્રહ્મા હોય તે જુદા બ્રહ્માના આયુષ્યનું પહેલું અર્ધ(૫૦ વર્ષ) પૂરું થતાં પદ્મકલ્પ થયો એમ માનવાથી પણ કાંઈ દોષ રહેતો નથી. આથી એમ પણ સૂચવેલું છે કે બ્રહ્મા પણ જુદા-જુદા હોય છે.

અથવા અ.૧૧।૩૫ માં 'અન્ત' શબ્દ વર્ષના અર્થમાં યોજેલો જાણવો. એવો અર્થ કરતાં એમ જણાય છે કે બ્રહ્મકલ્પો પણ ૩૬૦ હોય છે. બધા કલ્પોનો આ સામાન્ય વિભાગ છે. માત્ર વર્ષોના છેલ્લા દિવસના આ વિભાગો નથી, પરન્તુ આખા વર્ષના છે. આથી બીજા કલ્પોના પણ (૩૬૦) વિભાગો હોવાનું સૂચવેલું છે.

સગુણ બ્રહ્મથી થયેલી સૃષ્ટિ જુદી કેમ વર્ણવી નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અ.૧૦।૯ થી સામાન્ય રીતે સર્વ પ્રકારની સૃષ્ટિના વિભાગ કહેલા છે. એ પ્રમાણે ગુણાતીત દેવથી અને સગુણ દેવથી થયેલી એમ બે પ્રકારની સૃષ્ટિ અ.૫ થી આરંભી અ.૧૦।૯ સુધીથી સમ્પૂર્ણ રીતે કહી [૮૧।।-૮૩।।]

**કાલસૃષ્ટિ – અધ્યાય ૧૦-૧૧ :**

હવે કાલસૃષ્ટિ કહેવામાં આવે છે. (કાલદ્વારા તત્ત્વોની અને મુક્ત થયા ન હોય તેવા જીવોની સૃષ્ટિ કહેવાની છે). આ સૃષ્ટિમાં વિભૂતિ મુખ્ય હોવાથી હવે કારણોની કથા કહેવામાં આવે છે. રૂપ (પદાર્થો)ની સૃષ્ટિમાં કાલ અને જીવ એ બે કારણો છે અને નામસૃષ્ટિમાં વેદ કારણ કહેવાય છે. તે પૈકી કાલસૃષ્ટિ જ દશમા અને અગિયારમા એ બે અધ્યાયમાં કહે છે.

કાલનો જન્મ કાર્યથી (કાલમાં ઉત્પન્ન થતા પદાર્થોથી) થાય છે, કારણ કે કાર્ય કાલની ઉપાધિને વશ હોય છે. સ્વભાવથી કાલની ઉત્પત્તિ ત્રણ(જનન-સમાગમ-પ્રાકટ્ય)માંથી કોઈ પણ પ્રકારની થતી નથી. 'જન્' ધાતુનો અર્થ પ્રકટ થવું; 'દેખાવું' છે. જ્યારે કે કાલ દેખાતો નથી તેથી, અને વળી તે ભગવાનનો અવતાર હોવાથી તેની કોઈ પ્રકારની ઉત્પત્તિ થતી નથી. (તે 'અવ્યક્ત' દેખાય નહિ તેવો હોવાથી સર્વ સ્થળે હોવાથી તેની સમાગમરૂપ ઉત્પત્તિ થતી નથી અને ભગવાનનો અવતાર હોવાથી તેની જીવોની પેઠે ઉત્પત્તિ થતી નથી). તેથી ત્રણ પ્રકારની ઉત્પત્તિ પૈકી કોઈ પણ પ્રકારની કાલની ઉત્પતિ થતી નથી.

ત્યારે કાલની કથા સૃષ્ટિના પ્રકરણમાં કેમ કહી ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે તે સૃષ્ટિનું કારણ છે. કાલ સૃષ્ટિનું કારણ હોવાનું અનુભવથી જણાયેલ છે, તેમજ ''જેના ભયથી આ પવન થાય છે'' વગેરે શાસ્ત્રનાં વાક્યોથી પણ સિદ્ધ થયેલું છે. તેથી કાલ સંબંધી વિદુરે પ્રશ્ન કર્યો(અ.૧૦।૧૦) અને શ્લો.૧૧ થી આરંભી મૈત્રેયે તેનો ઉત્તર આપેલ છે તે યોગ્ય જ છે [૮૩।-૮૫।।]

મૈત્રેયે કાલનું લક્ષણ(શ્લો.૧૧), સ્વરૂપ(શ્લો.૧૩) અને તે જગત્નું ઉપાદાન કારણ હોવાનું(શ્લો.૧૩માં) કહેલ છે. સર્વ(જગત્) બ્રહ્મરૂપ છે, પણ કાલ સર્વ પદાર્થોની હદ બાંધનારો છે, તેથી તે સર્વ જગત્નું કારણ છે. જગત્ના સર્વ પદાર્થોની હદ કાલથી જ બંધાય છે, તેથી કાલ જ સર્વ પદાર્થો રચનારો છે.

કાલને આવું સામર્થ્ય ક્યાંથી પ્રાપ્ત થયું ? એવી શંકા થાય, તો જાણવું કે સર્વ પદાર્થોની હદ બાંધવામાટે જ કાલ; કાલરૂપ છે. રસ વગેરે પ્રકટ કરવા નાટ્ય કરવામાં આવે, તેમાં હાથથી જ અમુક પ્રકારની ચેષ્ટા કરીને સર્વ પદાર્થો દેખાડવામાં આવે છે, તેવી રીતે બ્રહ્મ સર્વ પદાર્થ તરીકે પ્રકટ થાય તે માટે તે પદાર્થોની હદ ભગવાનની ચેષ્ટારૂપ કાલ જ બાંધે છે.

કેટલાક બ્રહ્મનો આવિર્ભાવ કરાવનાર કાલ છે એમ કહે છે, પરન્તુ તે સત્ય નથી. બ્રહ્મનો આવિર્ભાવ તો બ્રહ્મ પોતે જ કરે છે. બ્રહ્મના આવિર્ભાવ અને તિરોભાવ બન્ને બ્રહ્મ પોતે પોતાની મેળે જ કરે છે. કાલ તો માત્ર પદાર્થોની હદ બાંધવાનું કાર્ય જ કરે છે [૮૫।।-૮૭]

**અધ્યાય ૧૦; કાલનું સામાન્ય વર્ણન :**

હવે કાલનું વર્ણન કરવાનું છે. સામાન્ય રીતે અને વિશેષ (ખાસ) પ્રકારથી તેનું વર્ણન અનુક્રમે દશમા તથા અગિયારમા અધ્યાયોમાં કરેલું છે. દશમા અધ્યાયમાં કાલના જુદા-જુદા કાર્યોનું નિરૂપણ કરેલું છે, કારણ કે કાર્યોનું નિરૂપણ એ જ કાલનું સામાન્ય રીતે વર્ણન છે. કાર્યોથી કાલનું વર્ણન કરવામાં આવે તે જ સામાન્ય રીતે કાલનું વર્ણન કરેલું ગણાય.

ત્યારે અહીં દશ પ્રકારની સૃષ્ટિ કેમ કહી ? ''સામાન્ય રીતે આખુંયે જગત્ કાલનું કાર્ય છે'' એમ કહેવું જોઈતું હતું ! એવી શંકા થાય, તો જાણવું કે એમ કહેવાથી બધા કાર્યોનું જ્ઞાન થાત નહિ. તેથી બધા કાર્યો બુદ્ધિથી સહેલાઈથી જણાય તે માટે કોઈક પ્રકારનો આધાર લઈ કાર્યોની ગણના કરવી જોઈએ. તેથી દશ પ્રકારની સૃષ્ટિ કહેલી છે.

આ સૃષ્ટિમાં પક્ષીઓની ગણતરી કરતાં 'ભલ્લૂક' ગણેલ છે (શ્લો.૨૪) તે જામ્બવાનની જાતનું એક પ્રકારનું પશુ(રીંછ) હોવાનું લોકમાં પ્રસિદ્ધ છે, તેથી પક્ષીમાં તેની ગણતરી કરી તે યોગ્ય નથી; એવી શંકા થાય, તો જાણવું કે તેને રૂંવાડાંરૂપ પાંખ હોવાથી તેને પક્ષીમાં ગણેલું છે, અથવા અહીં રીંછને ભલ્લૂક કહેલ નથી. પરન્તુ 'ભલ્લૂક' પણ અમુક જાતનું પક્ષી છે (કે જે હાલે જોવા મળતું નથી) તેને અહીં 'ભલ્લૂક' શબ્દથી કહેલું છે [૮૮-૮૯]

''જેઓના ખોરાકની ગતિ નીચી હોય છે એવા મનુષ્યોની નવમી સૃષ્ટિ એક પ્રકારની છે'' (અ.૧૦।૨૫) એમ મનુષ્યોની સૃષ્ટિ એક પ્રકારની કેમ કહી છે ? જ્યારે કે ''જે મધ્યમ મનુષ્યો છે તેઓ તો...'' વગેરે સ્થળે મનુષ્યોના જુદા પ્રકારો ગણેલા છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અહીં જે મનુષ્યો કહેલા છે તે તો કાલના કાર્યરૂપ કૃત્રિમ મનુષ્યો છે. અકૃત્રિમ સ્વાભાવિક મનુષ્યો તો ત્રણ પ્રકારના છે. ગુણોને લીધે તેઓ ત્રણ પ્રકારના છે. સાત્ત્વિક મનુષ્યો ઉત્તમ છે. તેઓની જ્ઞાનમાં અથવા ભક્તિમાં શ્રદ્ધા છે. બીજાઓને પણ તેઓના ગુણ પ્રમાણે જાણવા. તેઓ મધ્યમ અને કનિષ્ઠ, અથવા રાજસ અને તામસ મનુષ્યો ''તું જન્મ લે અને મરણ પામ'' એ માર્ગમાં કહેલા હોવાનું કહેલ છે, કારણ કે તેઓ કર્મને આધીન છે [૯૦]

ભગવાન્ અનેક પ્રકારની સૃષ્ટિ રચે છે. તેમાં કેટલાક ઘણા સુખી અને કેટલાક દુઃખી હોવાથી તે પક્ષપાતી અને ક્રૂર હોવારૂપ દોષ થાય છે; આવી શંકા પણ ન કરવી, કારણ કે ભગવાન્ પોતે જ સર્વરૂપ થતા હોવાથી એવો દોષ તેમનામાં નથી. (કોઈ પોતાનો જ પક્ષપાત કરે અથવા પોતાની ઉપર જ ક્રૂરતા કરે એમ કહેવાય નહિ) [૯૧]

આ સૃષ્ટિના દશ પ્રકારો સદા કાલમાંથી ઉત્પન્ન થયા જ કરે છે કે એક વાર જ ઉત્પન્ન થયા છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કાલમાંથી તે એક વાર જ ઉત્પન્ન થયેલા છે અને પાછળથી જુદા-જુદા પ્રકારની સૃષ્ટિમાંથી તે-તે પ્રકારની સૃષ્ટિ થયા કરે છે. તેથી કાલની કથા તે બધી સૃષ્ટિઓનું મૂલ કારણ હોવાથી વિસ્તારથી કહેલી છે [૯૧।।]

**અધ્યાય ૧૧ ; કાલનું વિશેષ વર્ણન :**

કાર્ય (પદાર્થ)નો નાશ થાય છે. (પદાર્થના કટકા કરતાં તેનો નાશ થાય છે. કટકા કર્યે જઈએ તો છેવટે સર્વથી નાનો કટકો એવો થાય કે જેના કટકા થઈ શકે નહિ, આવો સર્વથી નાનામાં નાનો

ભાગ, જેનો વિભાગ અથવા કટકો થઈ ન શકે તે 'પરમાણુ' કહેવાય છે). પરમાણુ સુધી જ કાર્યનો નાશ થાય છે, કારણ કે સ્થૂલપણું ન રહે ત્યારે સૂક્ષ્મપણું થયેલું ગણાય. અને જ્યાં સૂક્ષ્મપણાની હદ આવી રહે (એટલે જેથી વધારે સૂક્ષ્મપણું થઈ ન શકે) તે પરમાણુ કહેવાય છે. કાલનું પરમાણુ ગણવામાં એવો તર્ક છે કે માનસ પર્વતની ઉપરની ભૂમિનો પરમાણુ જેટલો ભાગ સૂર્યનો રથજેટલા સમયમાં જાય, તેટલો કાલ 'પરમાણુ' કહેવાય છે. (સૂર્યનો રથતેના માર્ગમાં જેટલા સમયમાં પરમાણુ ભૂમિ ઓળંગે, તેટલો સમય 'પરમાણુ' કાલ છે(શ્લો.૪) [૯૧।।-૯૩]

સૂર્યનો રથજેટલા સમયમાં આખું આકાશ મણ્ડલ ફરી રહે તેટલો મોટો(લામ્બો) સમય 'સંવત્સર' કહેવાય છે. સંવત્સર પૂરો થયા પછી તે ફરી થાય છે, એમ વારંવાર તે થયા કરે છે. પ્રભવ વગેરે સાઠ સંવત્સરો બૃહસ્પતિની ગતિથી સંવત્સરનું માપ ગણવામાં પ્રસિદ્ધ છે. આકાશમાં બૃહસ્પતિ બાર આરા(રાશિ) વાળું કાલચક્ર બાર વર્ષે પુરું ફરી વળે છે. સાઠ વર્ષમાં પાંચ વાર નક્ષત્રમણ્ડલ ફરી વળતો હોવાથી સંવત્સર વગેરે વર્ષના પાંચ ભેદ થયેલા છે(શ્લો.૧૪) બાર વર્ષે નક્ષત્રમણ્ડળ ફરતા બૃહસ્પતિના એવી રીતે સાઠ વર્ષમાં પાંચ સંવત્સર થાય છે.

સંખ્યા 'પર' સુધીની જ હોય છે, પરથી વધારે હોતી (ગણી શકાતી) નથી. તેથી પરાર્ધ (પરનું અર્ધ) થી અધિક સઙ્ખ્યા ફરી આવી શકતી નથી જ. સંવત્સરની (આટલી સઙ્ખ્યા સુધીની) ગણતરી કરવાથી બ્રહ્માના દિવસની ગણતરી થઈ શકે નહિ. તેથી સંવત્સરથી આગળ વધી યુગની કલ્પના કરી છે અને બ્રહ્માના દિવસની ગણતરી યુગોની ગણતરીથી કરવામાં આવે છે [૯૪-૯૫।।]

**ધર્મનિરૂપણ :**

કૃતયુગ વગેરે યુગોનું વર્ણન કરતાં ''જ્યાં ધર્મ રચવામાં આવે છે'' (શ્લો.૨૦) એમ ધર્મનું વર્ણન કરેલું છે તે નકામું કરેલ છે એવી શંકા થાય, તો જાણવું કે ''જાતિથી પ્રજાઓ કૃતકૃત્ય હોય છે'' વગેરે વાક્ય પ્રમાણે ધર્મને લીધે જ 'કૃતયુગ' વગેરે શબ્દો યોજાયેલા છે. તેથી યુગનું નિરૂપણ કરતાં, તે યુગમાં ઉત્પન્ન થનાર મનુષ્યો વિશે સન્દેહ થતાં, તેઓનું પણ નિરૂપણ કરવું જોઈએ. અને મનુષ્યોના જુદા-જુદા ધર્મો(ફરજો)નો વિભાગ કરનાર ધર્મ જ હોવાથી જુદા-જુદા યુગના જુદા ધર્મનું વર્ણન કરેલું છે.

એમ હોય તો કૃત વગેરે યુગોમાં દિવસે અને રાત્રે પણ ધર્મમાટે (સર્વે) ઉદ્યમ કરવો જોઈએ ! એવી શંકા થાય, તો જાણવું કે સર્વ યુગોમાં દિવસે જ ધર્મ કરવો અને રાત્રે ન કરવો એવી સામાન્ય વ્યવસ્થા કરેલી છે. વળી દરેક કલ્પમાં રાત્રે અને દિવસે કરવાનાં કાર્યો જુદાં-જુદાં હોય છે. તે જણાવવા માટે પણ ધર્મ વગેરેનું વર્ણન કરવું જોઈએ. ધર્મ થઈ શકે તે માટે જ મન્વન્તરોનું વર્ણન કરેલું છે(શ્લો.૨૩-૨૪).

ધર્મના છ અંગો (જુઓ સર્વનિર્ણય પ્રકરણ. શ્લો.૩૯-૪૦.) જણાવવામાટે જ મન્વન્તર છ પ્રકારનો (છ અંગવાળો) હોવાનું કહેલ છે(શ્લો.૨૪). કારણ કે તે મનુ, મનુના પુત્રો વગેરે છયે જુદા-જુદા છે, કેમકે દેશ વગેરે ધર્મના છ સાધનો પણ જુદા-જુદા છે. તેથી મનુ વગેરે છ ભેગા થાય ત્યારે જ ધર્મ થાય છે એમ નક્કી થયેલ છે.

મનુ વગેરે છ હર કોઈ પ્રકારે ઉત્પન્ન થાય છતાં જો પરસ્પર વિરુદ્ધ ગુણોવાળા હોય તો તેઓનો નાશ થાય, તેથી સર્વની પ્રતિષ્ઠા રહે, માટે ભગવાનનાં કાર્ય, તેઓનાં પાલન, નું નિરૂપણ કરેલું છે(શ્લો.૨૬).

ભગવાન્ તેઓનું પાલન કરતા હોય તો કોઈ પ્રલય થાય નહિ ! એવી શંકા થાય, તો જાણવું કે પ્રલયનું મૂળ પણ ભગવાન્ જ છે. પ્રલય પણ ભગવાન્ જ કરે છે(શ્લો.૨૭-૩૧).

પરમ દયાળુ ભગવાન્ પ્રલય શા માટે કરે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રલયમાં ભગવાન્ શયન કરે ત્યારે સર્વ સુખી થાય છે. સદા જન્મ અને મરણ થયા કરતાં હોવાથી તેનાથી દુઃખી થયેલા જીવો ભગવાન્ શયન કરે ત્યારે જ સુખ પ્રાપ્ત કરે છે [૯૫।।-૯૮।।]

**ત્રણ બ્રહ્માઓ :**

પદ્મકલ્પના અન્તે જ બ્રહ્મા શયન કરે છે. બ્રહ્માણ્ડ તે બ્રહ્માનો દેહ છે. એમ બ્રહ્મા શયન કરતા હોય, તો ત્રણ લોકોનો નાશ જ થાય. ત્યારે ''જનલોકમાં રહેનારાઓથી સ્તુતિ કરાતા'' એમ શ્લો.૩૧ માં જે કહ્યું છે તે ઘટતું નથી. (કારણ કે મહર્લોકથી નીચે રહેલ જલમાં બ્રહ્મા શયન કરે છે અને સ્તુતિ કરનારાઓ તેની ઉપર જનલોકમાં હોવાથી તેઓ વિનયહીન ગણાય). એવી શંકા ન કરવી, કારણ કે આખું બ્રહ્માણ્ડ આ બ્રહ્માનો દેહ છે, એવી રીતે ત્રણે લોકમાં કલ્પ વગેરેથી વ્યવસ્થા કરવી. તેમ ન કરીએ તો ''તેના જ અન્તે કલ્પ થયો તેને પદ્મકલ્પ કહે છે''(શ્લો.૩૫) એ વાક્ય ન ઘટે. (કારણ કે બ્રહ્મા બ્રહ્મકલ્પમાં ઉત્પન્ન થયેલા અને તેમનું પહેલું અર્ધ આયુષ્ય પુરું થયું(શ્લો.૩૩) તેમાં છેલ્લો પદ્મકલ્પ હતો(શ્લો.૩૪) તેમાં કમલમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થઈ, તે ક્યા બ્રહ્મા ?) ભગવાનની નાભિમાંથી નીકળેલ કમલમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા ક્યા અને સત્યલોકમાં રહેલા બ્રહ્મા ક્યા ? તેથી શયન કરનાર, (ત્રણ લોકનો)ભોગ કરનાર અને (ત્રણ લોક)રચનાર બ્રહ્મા જુદા-જુદા છે. આખું બ્રહ્માણ્ડ-બ્રહ્માણ્ડના અભિમાનવાળા બ્રહ્માનો દેહ છે. દૈનન્દિન પ્રલય થાય ત્યારે બ્રહ્માણ્ડ રચનાર બ્રહ્મા કમલદ્વારા નારાયણના ઉદરમાં જઈ સુખી થાય છે. ભોગ કરનાર બ્રહ્મા સત્યલોકમાં રહે છે. તેથી બ્રહ્મા એક જ છે એમ ન જાણવું. ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ બ્રહ્મા થયા. જ્યારે એક પદ્મકલ્પના અન્તે બીજો પદ્મકલ્પ થાય છે ત્યારે બ્રહ્મા પહેલાના પદ્મકલ્પની પેઠે ફરી સૃષ્ટિ રચે છે. વારાહકલ્પમાં તો જુદા પ્રકારે સૃષ્ટિ થાય છે. તે સૃષ્ટિનું વર્ણન આગળ કરવામાં આવશે.

ભગવાનની એક સૃષ્ટિનું નિરૂપણ કરવાથી જ ભગવાનની લીલા સિદ્ધ થતી હોવાથી, અનેક સૃષ્ટિઓનું નિરૂપણ શા માટે કરેલું છે ? એ જાણવાની ઇચ્છા થાય, તો વિચારવું કે આ બ્રહ્માણ્ડમાં બ્રાહ્મ, પદ્મ અને વરાહ ત્રણે કલ્પો થઈ ગયા છે. પુરુષાતનવાળા બ્રહ્મા તેમાં વિભૂતિરૂપ છે. તે આ બ્રહ્માણ્ડમાં જેવા છે તેવા વર્ણવવા જોઈએ. તેથી સર્વ બ્રહ્માઓની કથા આવી જાય તે માટે ત્રણે કલ્પો કહેલા છે.

પહેલા બ્રહ્મકલ્પમાં સૃષ્ટિ રચનાર બ્રહ્મા વેદરૂપ હોવાનું કહેલું છે તે ઘટતું નથી એમ ન માનવું, કારણ કે નામસૃષ્ટિનું જુદું વર્ણન કરેલું છે. તે પણ રૂપસૃષ્ટિ ઉપર આધાર રાખનારી છે તેથી નામસૃષ્ટિથી રૂપસૃષ્ટિનું પણ વર્ણન થઈ જાય છે, તેથી કાંઈ દોષ રહેતો નથી. વળી અ.૧૨।૪૬ માં શબ્દબ્રહ્મ કોઈ સમયે સ્પષ્ટ હૃદયવાળું અને કોઈ સમયે અસ્પષ્ટ હૃદયવાળું હોવાનું કહેલ છે. તેથી તે વાક્ય પ્રમાણે તેનાથી ભગવાનનું આધિદૈવિક સ્વરૂપ જણાવાય છે. જુદા પ્રકારે નામસૃષ્ટિથી પણ ભગવાનનું જ વર્ણન કરેલું છે. આધિદૈવિક સ્વરૂપને પણ શરીર પ્રાપ્ત કરાવવાનું કાર્ય ભગવાન્ જ કરે છે, બીજો કોઈ તેમ કરી શક્તો નથી. તેથી પહેલા કલ્પનું નામ 'બ્રાહ્મકલ્પ' છે. 'બ્રહ્મ' શબ્દનો અર્થ ભગવાન્ જ છે, તેથી તે શબ્દની પ્રસિદ્ધિથી પણ ઉપર કહેલો અર્થ દૃઢ થાય છે [૯૮ા-૧૦૨]

**ઈશ્વર ઉપર કાલનું પ્રભુત્વ નથી :**

કાલના વર્ણનના આરંભમાં સર્વ ઉપર કાલનું પ્રભુત્વ હોવાનું કહેલ છે (અ.૧૦।૧૦-૧૧) તેથી કોઈને એમ જણાય કે અક્ષરબ્રહ્મ ઉપર પણ કાલનું પ્રભુત્વ ચાલતું હશે ! પણ અક્ષર ઉપર કાલનું પ્રભુત્વ નથી, કારણ કે ભેદ હોય ત્યાં કોણ અધિક છે તેનો નિર્ણય કરાવનારી સઙ્ખ્યા છે. બે પરાર્ધથી અધિક સઙ્ખ્યા છે જ નહિ. તેથી આધ્યાત્મિક(વૈકૃત) અને આધિભૌતિક(પ્રાકૃત) વગેરે જે પ્રકારની સૃષ્ટિઓ કાલથી થાય છે (અ.૧૦।૧૪.) તેવા ભેદ અક્ષરમાં નથી. પુરુષ (ભગવાન્)માં કાલની પ્રવૃત્તિ થતી જ નથી. બ્રહ્માનું બે પરાર્ધ જેટલું જે આયુષ્ય કહ્યું તે અક્ષરનું (ભગવાનનું) માત્ર નિમેષ(આંખનો પલકારો થાય તેટલો સમય) જ કહેવાય છે. બ્રહ્માનું એટલું બધું આયુષ્ય પણ ભગવાનનું નિમેષ જ કહેવાય છે. વાસ્તવિક રીતે તો તે નિમેષ પણ થતું નથી(અ.૧૧।૩૭). આથી એમ જણાવ્યું કે ભગવાન્ વિશે કાલની પ્રવૃત્તિ થતી નથી, તેમના ઉપર કાલનું પ્રભુત્વ નથી. એ પ્રમાણે અગિયારમો અને બારમો એ બે અધ્યાયોથી કાલનું નિરૂપણ કર્યું [૧૦૩]

**અધ્યાય ૧૨ ; જીવસૃષ્ટિ :**

હવે બારમા અધ્યાયમાં જીવની સૃષ્ટિનું વર્ણન કરવામાં આવે છે. જીવો મુક્ત અને અમુક્ત એવા બે પ્રકારના છે. તે પૈકી અમુક્ત જીવોનું નિરૂપણ મુક્તિપ્રકરણમાં કરવામાં આવશે, કારણ કે તેઓ સૃષ્ટિનું કારણ નથી. મુક્ત જીવો તો સૃષ્ટિનું કારણ થતા હોવાથી તેઓનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલું છે.

મુક્ત જીવો સૃષ્ટિનું કારણ કેવી રીતે થાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મુક્ત જીવો ભગવાનની સમીપ રહે છે, તેથી જ્યારે ભગવાન્ સૃષ્ટિ રચવા ઈચ્છે છે ત્યારે પોતાની લીલા થઈ શકે તે માટે તેઓને પ્રેરણા કરે છે. તેથી ભગવાનની ઈચ્છાને વશ રહી તેઓ જગત્‌નું કારણ થાય છે [૧૦૪]

મુક્ત જીવો પણ બે પ્રકારના છે : ૧. લોકથી પર અને ૨. લૌકિક. તે પૈકી લોકથી પર મુક્ત જીવો મુક્તિના કારણરૂપ છે. કારણ કે જીવો પોતાના સ્વરૂપથી જ પ્રકટ થાય તે મુક્તિ, આ મુક્તિની વ્યાખ્યા પહેલાં કહેલી છે. લોકથી પર(મુક્ત જીવો) વૈકુંઠમાં પણ વૈરાગ્યવાળા થઈ રહે છે, તેથી તેઓ સૃષ્ટિ રચવાના અધિકારી નથી અને તેઓની સંસારમાં ઉત્પત્તિ થવી કઠણ છે. પરન્તુ મુક્તિમાટે તેઓને ઉત્પન્ન કરવાના (સંસારમાં જન્મ લેવાનો) હોય છે. તેઓ જ્ઞાનના અંશને ગ્રહણ કરીને જ સંસારમાં અવતરે છે, તેથી તેઓને મોહ કરાવવા અવિદ્યા ઉત્પન્ન કરવામાં આવે છે [૧૦૫]

આ અવિદ્યા, અભિમાન કરાવનારી દેવતા છે. તે આધિદૈવિક હોવાથી તે બધાને (લોકથી પર મુક્ત જીવોને પણ) મોહ કરાવવાની, એટલે તેનાથી જ બધાં કાર્ય થવાનાં. આ અવિદ્યા સમ્બન્ધી બે મત છે : એક મત પ્રમાણે મૂલ અવિદ્યા એક છે, બીજા મત પ્રમાણે કાર્યરૂપ તેના વિભાગ(શ્લો.૨) પાંચ છે. અવિદ્યા દેવતા તો એક જ છે એવો સિદ્ધાન્ત છે. લોકથી પર મુક્તો જીવોની ઉત્પત્તિ કરાવવા ભગવાને તેને ઉત્પન્ન કરેલી છે [૧૦૬]

અવિદ્યાને ઉત્પન્ન કરી ત્યારે બહારના–બ્રહ્મા સિવાયના કોઈ જીવ ન હોવાથી તેણે બ્રહ્માને જ પહેલા મોહ કર્યો. તેનાથી મોહ પામેલા ચાર મુખવાળા બ્રહ્માએ શ્રીકૃષ્ણનું ધ્યાન ધર્યું. અવિદ્યા દેવતારૂપ હોવાથી તેણે ધ્યાનમાં વિઘ્ન ન કર્યું. ભગવાનનું બ્રહ્માએ ધ્યાન ધર્યું, તેથી લોકથી પર મુક્ત જીવો સનક વગેરે ઉત્પન્ન થયા(શ્લો.૪). તેઓ ઉત્પન્ન થયા પછી બ્રહ્માનું ધ્યાન સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં લાગ્યું એટલે બ્રહ્માના શરીરમાં ચોટ્યું તેનું (શ્લો.૨૧ થી આરંભી કહેલું) પરિણામ પછીથી થશે. વચમાં તે પહેલાં અને સનક વગેરેની ઉત્પત્તિ પછી બ્રહ્માને ક્રોધ થયો(શ્લો.૬). ૧. બ્રહ્માના હૃદયમાં સૃષ્ટિ ઉત્પન્ન કરવાની ઈચ્છા થઈ. સનક વગેરેએ તેની ના પાડી તેમાં વિઘ્ન કર્યું, તેથી બ્રહ્માને ક્રોધ થાય તે યોગ્ય જ છે ૨. વળી અવિદ્યા પણ (તેમણે ઉત્પન્ન કરેલી તે) તેમની પાસે જ હતી તેથી પણ તેમને ક્રોધ થયો.

ક્રોધ કરવાની બ્રહ્માની ઈચ્છા ન હોવા છતાં તેમને ક્રોધ કેમ થયો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ક્રોધ તો અવિદ્યાનું જ કાર્ય છે અને અવિદ્યામાંથી જ તે ઉત્પન્ન થયો છે. વળી તે ક્રોધ આધિદૈવિક છે, ભૂલથી તેને આધ્યાત્મિક જાણી બ્રહ્માએ તેને રોકવા પ્રયાસ કર્યો. સનક વગેરે મોટા મુનિઓ જગતને જ્ઞાન આપવા માટે જ ઉત્પન્ન કરેલા, એવો તેમના સમ્બન્ધી વિચાર કરી,

બ્રહ્માએ પોતાને થયેલ ક્રોધ રોકવા માંડ્યો. ક્રોધ આધિદૈવિક હોવાથી રોકાય તેવો ન હતો, તેથી તેને રોકવાનો પ્રયાસ કરનારા બ્રહ્માના શરીરને બાળવા તે તત્પર થયો, પરન્તુ તે પહેલા બ્રહ્માએ પાછળ(શ્લો.૧૦૭ માં) કહ્યું તેમ શ્રીકૃષ્ણનું ધ્યાન કર્યું, એટલે ક્રોધનો ધ્યાન સાથે સમ્બન્ધ થયો. તેથી ધ્યાન સાથેના ક્રોધમાં શ્રીકૃષ્ણના અવતારે પ્રવેશ કર્યો, તેથી બ્રહ્માનો દેહ અને સનક વગેરે મુનિઓ બન્ને ક્રોધથી બળતાં બચી ગયા. તેમ પ્રવેશ કર્યો ન હોત તો બેમાંથી એકનો નાશ થાત [૧૦૭-૧૦૯]

ત્યારે તે ક્રોધરૂપ કુમારે રડવા માંડ્યું તે યોગ્ય ન હતું !(શ્લો.૭।૮) એવી શંકા થાય, તો જાણવું કે આ કુમાર(શંકર) ભગવાનની કૃપારૂપ અંશ હતા. તેમનાથી જે પ્રાણીઓ ઉત્પન્ન થવાના તેમનું(સ્વરૂપ) જાણવાથી તેમને રડવું આવ્યું. તેમણે બ્રહ્માને ‘‘મારાં નામ પાડો અને સ્થાન રચો’’(શ્લો.૮) એમ કહ્યું, તેથી એમ ન માનવું કે પોતાનાં નામ પડાય અને સ્થાન રચાય તે માટે તે રડેલા. તે રુદન સાથેનું વચન તો તેમણે બ્રહ્મા પ્રસન્ન થાય તે માટે કહેલું. તે પોતે તો ‘‘મારાથી તો સંસારમાટે ઉપયોગી ન હોય તેવી જ સર્વ પ્રજા રચાશે’’ એવું સ્મરણ કરતાં રડેલાં. તેથી ઉપર જણાવેલ તેમના વચનનું બીજું પ્રયોજન એ પણ હતું કે (બ્રહ્મા તેમને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા ન કરે) પ્રજા ઉત્પન્ન કરવાનો અધિકાર બ્રહ્માનો જ હોવાથી તેમની આજ્ઞા વિના ઉત્પન્ન કરવાનું અશક્ય હતું; પરન્તુ આ ભેદ ન જાણનાર બ્રહ્માએ તો પહેલાંની પેઠે (સનક વગેરેને પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપેલી તેવી રીતે) આમને પણ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી(શ્લો.૧૪) ત્યારે એમણે ઝડપથી અનેક પ્રતિકૂલ (સૃષ્ટિના કારણોનો નાશ કરે તેવાં) પ્રાણીઓ રચ્યા. [૧૧૦-૧૧૧]

આ પ્રાણીઓથી સૃષ્ટિનાં કારણોનો નાશ થતાં સૃષ્ટિ થશે નહિ, એવા ભયથી બ્રહ્માએ તેમને તેવી સૃષ્ટિ રચતાં અટકાવ્યા(શ્લો.૧૭). માત્ર અટકાવવાથી તે (બીજી સૃષ્ટિ રચવામાં) વિઘ્ન કરશે, એવા વિચારથી તેમનાથી વિઘ્ન ન થાય તે માટે તેમને તપ કરવાનો ઉપદેશ કર્યો(શ્લો.૧૮). બ્રહ્માએ તેમને તપ કરવા જે ઉપદેશ કર્યો, તે એવું વિચારી કરેલો કે તપ કરવાથી ક્રોધના કારણરૂપ અવિદ્યાનો નાશ થશે અને તેથી શુદ્ધ ક્રોધ યોગ્ય હશે તેવું જ (પ્રજા ઉત્પન્ન કરવાનું) કાર્ય કરશે.

એમ હતું ત્યારે મહાદેવના ક્રોધનું કારણ બનેલી અવિદ્યાનો તપથી નાશ કેમ ન થયો ? જો તેનો નાશ થયો હોય તો કારણરૂપ અવિદ્યાનો નાશ થવાથી તેનાથી થયેલી સૃષ્ટિનો લય કેમ ન થાય ? માત્ર તે બીજી સૃષ્ટિ રચવામાં વિઘ્ન કરતાં જ કેમ અટકી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અવિદ્યા મહાદેવની ઉત્પત્તિનું કારણ થયેલી અને તપ તો મહાદેવનું કાર્ય હતું. તે કાર્યથી કારણનો નાશ ન થયો, પરન્તુ તેનાથી સૃષ્ટિ રચવામાં વિઘ્ન થતું તે અટકી ગયું [૧૧૨]

તેથી બ્રહ્માની આજ્ઞાનો સ્વીકાર કરી મહાદેવ તપ કરવા વનમાં ગયા. એ પ્રમાણે લોકથી પર

(મુક્ત જીવો)ની ઉત્પત્તિ કહી. પછી બ્રહ્માએ સૃષ્ટિ રચવા શ્રીકૃષ્ણનું જ ધ્યાન ધર્યું. જો લૌકિક જીવોને પણ બ્રહ્મા પોતે જ ઉત્પન્ન કરે તો તેમનું ઈચ્છેલું કાર્ય સિદ્ધ થાય નહિ. તેથી તેઓને ઉત્પન્ન કરવાનો પ્રકાર વિચારી, તેમણે સૃષ્ટિ રચવા ભગવાનનું ધ્યાન ધર્યું. (તે ધ્યાન તેમના શરીરમાં ચોંટ્યું, જુઓ પાછળ શ્લો.૧૦૭) તેથી (તેમના શરીરના જુદા-જુદા અવયવોમાંથી) મરીચિ વગેરે જુદા -જુદા ઋષિઓ ઉત્પન્ન થયા(શ્લો.૨૧-૨૭). ધર્મ પ્રમાણે મૈથુન થઈ શકે તે આવી ઉત્પત્તિ કરવાનું પ્રયોજન હતું.

એ પ્રમાણે સાત્ત્વિક અને રાજસ જીવોની ઉત્પત્તિ કહી. પછી તામસ જીવોની ઉત્પત્તિ બ્રહ્માએ કરવા માંડી, ત્યારે તેમના પુત્રો (મરીચિ વગેરે)એ તેમને તેમ કરતાં રોક્યા.

બ્રહ્માથી તામસ જીવોની ઉત્પત્તિ કેમ થાય ? એવો વિચાર આવે તો જાણવું કે તેમણે છેલ્લા જે જીવો ઉત્પન્ન કર્યા તેઓમાં ધર્મથી મૈથુન થઈ શકે તે માટે એક સ્ત્રી ઉત્પન્ન કરેલી અને બીજા બધા પુરુષો ઉત્પન્ન કરેલા. મુખમાંથી વાણી સ્ત્રી ઉત્પન્ન કરેલી(શ્લો.૨૬) અને બીજા બધા પુરુષ ઉત્પન્ન કરેલા.

અવિદ્યા તો બ્રહ્મા પાસે જ હતી, વળી સૃષ્ટિ ઉત્પન્ન કરવામાં તેમનું મન પણ ચોટેલું, તેથી (સ્ત્રી વાણી ઉત્પન્ન થતાં) તેમના હૃદયમાં કામ થયો. તેથી વધારે સૃષ્ટિ ઉત્પન્ન થાય તે માટે તેમને તે સ્ત્રી સાથે મૈથુન કરવાની બુદ્ધિ થઈ. આવા મૈથુનથી તામસી સૃષ્ટિ થાય. તે પણ જો ધર્મનો નાશ કરનારી ન હોય તો ભગવાન્ મંજૂર રાખે, પણ જો તે ધર્મનો નાશ કરનારી હોય તો પહેલાં રચેલી બન્ને પ્રકારની સૃષ્ટિનો નાશ થાય, તેથી અધર્મવાળી સૃષ્ટિ ઉત્પન્ન કરવાથી ધર્મનો નાશ થાય તેમ હોવાથી બ્રહ્માને તેમ કરતાં અટકાવવા એ યોગ્ય હતું. તેથી શ્રીકૃષ્ણે (જૂઓ શ્લો.૩૨ ઉપરનાં શ્રીસુબોધિની) બ્રહ્માના પુત્રોદ્ધારા તેમને તેમ કરતાં અટકાવ્યા [૧૧૩-૧૧૫]

શ્લો.૩૩ માં ''બ્રહ્માએ તે દેહનો ત્યાગ કર્યો'' એમ કહેલું છે. ત્યાં રમણ કરવાની ઈચ્છાને 'દેહ' કહેલો છે. બ્રહ્માએ પોતાની એ મનોવૃત્તિનો ત્યાગ કર્યો. તેથી ત્રીજી તામસ જીવોની સૃષ્ટિ ઉત્પન્ન ન થઈ. ત્યારે બ્રહ્માએ ફરી સૃષ્ટિ ઉત્પન્ન કરવા ભગવાનનું ધ્યાન ધર્યું એટલે વેદોની ઉત્પત્તિ થઈ. બ્રહ્માએ પૂર્વ-દક્ષિણ-પશ્ચિમ તથા ઉત્તર તરફ મુખ કર્યાં(શ્લો.૩૭) તેથી શબ્દોના લૌકિક અને અલૌકિક પ્રકારોની ઉત્પત્તિ થઈ. આ લૌકિક અને અલૌકિક ભેદથી ત્રીજી નામસૃષ્ટિ ઉત્પન્ન થઈ. જીવના રૂપ-નામની સૃષ્ટિ થતાં, નામોની અખંડ પ્રવૃત્તિ રહે તે માટે આ સૃષ્ટિનું મૂલ શબ્દબ્રહ્મ હોવાનું જણાવી તેનું સ્વરૂપ કહેલું છે(શ્લો.૪૫-૪૬) [૧૧૬-૧૧૬।।]

એ પ્રમાણે ગુણસૃષ્ટિનું નિરૂપણ કરી, એકલા ગુણોથી રચેલી સૃષ્ટિથી પ્રપંચ બ્રહ્મરૂપ થશે એવી શંકા થવાથી, મિશ્રણવાળી સૃષ્ટિ રચવાનો બ્રહ્માએ ઉદ્યમ કર્યો. પહેલાં તેમણે નામસૃષ્ટિ રચવાની

મનોવૃત્તિનો ત્યાગ કર્યો. અને પછી પહેલાંની પેઠે રૂપસૃષ્ટિ રચવાની મનોવૃત્તિ કરી(શ્લો.૪૭). બ્રહ્માનું અન્તઃકરણ મિશ્રણરૂપ ન હતું, તેથી મિશ્રણવાળી સૃષ્ટિ રચવા તેમને ભગવાનની જરૂર પડી. તેથી ભગવાનનું તેમણે ધ્યાન ધર્યું(શ્લો.૪૮) ત્યારે ભગવાનની ઈચ્છાથી બ્રહ્માના શરીરના; ધ્યાન અને ઈચ્છા એમ બે વિભાગ થયા(શ્લો.૪૯). આ બે ભાગનું મિથુન(જોડકું) થયું. તેમાં પુરુષ મનુ અને સ્ત્રી શતરૂપા હતાં. ત્યાર પછી મૈથુનની સૃષ્ટિ પોતાની મેળે વધવા લાગી. બ્રહ્માની કે બીજા કોઈની આજ્ઞાની જરૂર રહી નહિ(શ્લો.૫૦-૫૧ સુબોધિની). એવી રીતે ચાર પ્રકારની સૃષ્ટિ કહી :

૧. સનક વગેરે
૨. મરીચિ વગેરે
૩. નામસૃષ્ટિ અને
૪. મનુ તથા શતરૂપા.

આ ચાર પ્રકારની મુક્ત જીવોની સૃષ્ટિ કહી. નામસૃષ્ટિ તેના અંગ તરીકે કહેલી છે [૧૧૬।।-૧૧૮।।]

**અધ્યાય ૧૩; પરાર્થ સૃષ્ટિનો ઉપોદ્‌ઘાત :**

હવે તેરમા અધ્યાયમાં ત્રીજા વરાહકલ્પની કથા કહેવામાં આવે છે. કાલ અને જીવ ની સૃષ્ટિનું નિરૂપણ કર્યું અને તેનું નિરૂપણ કરવા બ્રહ્મકલ્પ તથા પદ્મકલ્પ નું પણ નિરૂપણ કર્યુ. ભૂમિ પણ સૃષ્ટિનું કારણ હોવાથી આ અધ્યાયમાં તેનું નિરૂપણ કરવામાં આવે છે અને ભૂમિનું નિરૂપણ કરાય તે માટે વરાહકલ્પનું પણ નિરૂપણ કરવામાં આવે છે.

અહીં પહેલેથી આરંભી બધા તત્ત્વોનું નિરૂપણ કરેલું નથી, કારણ કે સૃષ્ટિના પદાર્થોની પહેલા ઉત્પત્તિ કહી તે જ અહીં પણ હોય છે. પહેલા કલ્પના પદાર્થોના સાધારણ ગુણો સર્વ કલ્પોમાં ચાલુ રહે છે. જે વધારાના ગુણો થયા હોય તે જ કહેવાના રહે છે. તે વધારાના ગુણો જો કોઈ પદાર્થના સ્થળે થાય તો તે પદાર્થના સ્થાનોનો લોપ થાય. વરાહકલ્પમાં ભૂમિની સ્થિતિ પહેલાંના જેવી ન હતી. તેથી ભૂમિ કમલમાંથી અથવા ભગવાનના જઘનમાંથી ઉત્પન્ન થયેલી હોવાનું પદ્મકલ્પ અને બ્રહ્મકલ્પમાં કહેલું છે તેનો અહીં લોપ થયેલ છે. ભૂમિની સ્થિતિ એ કલ્પો કરતાં વરાહકલ્પમાં જુદા પ્રકારની હોવાથી તે જ આ અધ્યાયમાં કહેલી છે. ગયા કલ્પના બીજા પદાર્થોના પ્રકારો આ કલ્પમાં ચાલુ રહેલા છે એમ જણાવવા મનુનું ઉપયોગીપણું અહીં કહેલું છે. બ્રહ્માના ધ્યાન અને ઈચ્છા એવા બે વિભાગ થયાનું પહેલાં કહેલું છે, તે પૈકી ઈચ્છા શતરૂપા થયેલ અને ધ્યાન મનુ થયેલ, તેથી બ્રહ્મા સૃષ્ટિ રચવાનું ભૂલી ગયેલ હોવા છતાં ધ્યાનરૂપ મનુએ જ તેમને પ્રેરણા કરી(શ્લો.૧૫).

મનુની ઉત્પત્તિ ભગવાનની વિભૂતિઓનો વિસ્તાર થાય તે માટે કરેલી અને વિભૂતિઓ વિસ્તારવી એ ભગવાનની લીલા છે, તેથી (લીલામાં ઉપયોગી થનાર) મનુ ભગવાનનો ભક્ત છે

એમ જણાવવા વિદુરે પહેલાંની પેઠે આ અધ્યાયના આરંભમાં(શ્લોક.૨-૪) મનુ સમ્બન્ધી પ્રશ્ન કરેલ છે. સર્વ પ્રસંગે કામનાથી અથવા બીજાની પ્રેરણાથી કાર્ય કરવાની પ્રવૃત્તિ થાય છે. તે પૈકી જો અહીં કામનાથી પ્રવૃત્તિ થતી હોય, તો વરાહકલ્પ મોક્ષ કરાવનારો ન થાય, એવી શંકાથી અહીં મનુની પ્રવૃત્તિ તેના પિતા બ્રહ્માની પ્રેરણાથી થઈ હતી એમ શ્લો.૧૧ થી જણાવેલ છે. એ શ્લોકમાં બ્રહ્માએ મનુને [1]સન્તાન ઉત્પન્ન કરવાની, [2]પ્રજાનું અથવા પૃથ્વીનું ધર્મ પ્રમાણે પાલન કરવાની અને [3]ભગવાનના યજ્ઞો કરવાની — એવી ત્રણ પ્રકારનાં કાર્ય કરવાની આજ્ઞા કરેલી. બ્રહ્માની એ આજ્ઞાથી જ મનુએ એ ત્રણ કાર્યો કર્યા એમ જણાવવા મનુ અને બ્રહ્મા નો સંવાદ(શ્લો.૭-૧૫) કહેલો છે [૧૧૮।-૧૨૦।।]

શંકા : આ વરાહ કલ્પમાં સૃષ્ટિ રચવાની વ્યવસ્થા કેવી છે ? આ પહેલાંના પદ્મકલ્પમાં ભગવાનની નાભિમાંથી નીકળેલા કમલમાં રહી બ્રહ્માએ સૃષ્ટિ રચેલી, આ કલ્પમાં કમલ ન હોવાથી બ્રહ્માએ સૃષ્ટિ રચી કે નહિ ? તેવો સન્દેહ થાય છે. જો આ કલ્પમાં બ્રહ્માએ સૃષ્ટિ રચી હોય તો તેમાં મનુનું શું પ્રયોજન ? અને બ્રહ્માએ ક્યાં રહી તે રચી ? એવા પ્રશ્ન ઉઠે,

સમાધાન : તો જાણવું કે બ્રહ્માએ સૃષ્ટિ તો આ કલ્પમાં રચી છે, કારણ કે નથી રચી એમ માનવું શ્લો.૧૭ થી વિરુદ્ધ છે. એ શ્લોકમાં બ્રહ્મા કહે છે કે ''હું સૃષ્ટિ રચતો હતો તેટલામાં તે જલમાં ડૂબી ગઈ''. જો બ્રહ્માએ રચી જ ન હોત તો આ વાક્ય ઘટે નહિ. આ જ વાક્યથી એમ જણાય છે કે બ્રહ્માએ પોતે પહેલાં જલમાંથી પૃથ્વીને બહાર કાઢેલી અને તેનું જ પાલન કરવાની શ્લો.૧૧ માં મનુને આજ્ઞા કરેલી. આમ હોવાથી પહેલાં (૧૨ મા અધ્યાયના અન્તમાં) જે પ્રિયવ્રત વગેરેની સૃષ્ટિ કહી તે આદિવરાહ કલ્પમાં થયેલી એમ જાણવું. અને મનુએ જે વિજ્ઞપ્તિ બ્રહ્માને કરી (અ.૧૩।૧૪-૧૫) તે બીજા દિવસે સવારમાં કરેલી. બ્રહ્મા સત્યલોકમાં રહીને સૃષ્ટિ રચતા હતા. મનુ પોતાને રહેવાનું સ્થાન શોધવા ગયેલો (ત્યારે પૃથ્વીને જલમાં ડૂબી ગયેલી જોઈ). ત્યાંથી પાછા આવી તેણે બ્રહ્માને આ વિજ્ઞપ્તિ કરેલી [૧૨૦।।-૧૨૨]

બ્રહ્માને મનુની આવી વિજ્ઞપ્તિની શી જરૂર ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આદિવરાહ કલ્પ બ્રહ્માના તે દિવસના અન્તે જ્યારે ભૂમિ જલમાં ડૂબી દેખાતી બન્ધ થઈ, તે સમયે જ(તેથી સહેજ પહેલાં) બ્રહ્મા સત્યલોકમાં ગયેલા અને ત્યાં બીજા દિવસની સૃષ્ટિ કરતા હતા તે સમયે સવારે મનુએ તેમને આ(શ્લો.૧૪-૧૫ ની) વિજ્ઞપ્તિ કરેલી.

એમ હોય તો શ્લો.૧૭માં બ્રહ્માએ ''હમણાં જ પૃથ્વી ડૂબતી રસાતલમાં ગઈ'' એમ કેમ કહેલ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મનુએ એવી વિજ્ઞપ્તિ કરી ત્યારે ઘણા નિકટના સમયમાં જ પૃથ્વી ડૂબી ગયેલી હોવાથી બ્રહ્માએ ''હમણાં જ ડૂબતી'' એમ કહેલું. બ્રહ્માએ વિચાર્યુ કે ''જો હું ફરીથી પૃથ્વીને જલમાંથી બહાર કાઢીશ, તો પણ પહેલાંની પેઠે તે ફરી ડૂબશે'' તેથી તેમણે પોતાની

સર્વ ઇન્દ્રિયોને વશ કરી આદરપૂર્વક પરમાત્માનું ધ્યાન ધર્યું. જેવું તેમણે પરમાત્માનું ધ્યાન ધર્યું, તેવા જ તેમને જણાવ્યા વિના જ, તેમના નીકળતા પહેલા શ્વાસ સાથે જ, શ્રીકૃષ્ણ તેમના નાકમાંથી બહાર નીકળ્યા(શ્લો.૧૮). આથી એમ જણાવેલું છે કે ભક્ત દુઃખનો નિશ્વાસ (નિસાસો) મૂકે તે પહેલાં જ ભગવાન્ પ્રગટ થાય છે. શ્રીકૃષ્ણ બ્રહ્માના નાકમાંથી વરાહસ્વરૂપથી બહાર નીકળેલા [૧૨૩-૧૨૩।।]

ભગવાન્ વરાહસ્વરૂપથી બ્રહ્માના નાકમાં નીકળ્યા કારણ કે વરાહ યજ્ઞની સમાન છે 'મન્યુ'(ક્રોધ) શબ્દનો અર્થ યજ્ઞ છે. તેથી જ પશુઓને હણે છે (યજ્ઞમાં પશુઓનો વધ થાય છે). ''પશુઓનો આ(વરાહ) મન્યુ છે'' એ શ્રુતિ પ્રમાણે વરાહ પણ તેવો (મન્યુ) જ છે. તેથી ભગવાન્ વરાહ સ્વરૂપથી પ્રકટ થયા. તેવા સ્વરૂપથી પ્રકટ થવાનું બીજું પણ કારણ એ છે કે હાથી અને વરાહ એ બે જ જલમાંથી પદાર્થ બહાર કાઢવાની શક્તિવાળા છે. તેથી ડૂબેલી પૃથ્વીને બહાર કાઢવા પોતાનું આ બેમાંથી એક સ્વરૂપ ભગવાને અવશ્ય કરવું જોઈએ. બે પૈકી યજ્ઞ(મન્યુ) થી જ ગુણોથી પર કાર્ય થઈ શકે તેવું હોવાથી, ભગવાને હાથીનું રૂપ લીધું નહિ અને વરાહરૂપથી પ્રકટ થયા. વળી યજ્ઞ સ્પષ્ટ રીતે કર્મરૂપ છે, તેથી તે સૃષ્ટિનાં કારણરૂપ પણ છે. તે કર્મરૂપ હોવાથી તે સૃષ્ટિનાં કારણરૂપ છે એમ કહેવાની જરૂર રહેતી નથી કારણ કે કર્મથી જ સૃષ્ટિ અથવા જન્મમરણ થયા કરે છે [૧૨૩।।-૧૨૫]

ભગવાનનું પોતાનું આ સ્વરૂપ બ્રહ્માથી પણ ચિન્તન થઈ ન શકે તેવું છે(શ્લો.૧૯-૨૩). તેથી આ સ્વરૂપ ભગવાનની ક્રિયાશક્તિનો માત્ર અંશ નથી, પરન્તુ ભગવાનનો અવતાર છે. આવું બ્રહ્માથી પણ ચિન્તન થઈ ન શકે તેવું રૂપ ભગવાનનું પોતાનું જ હોઈ શકે. આ ભગવાનનું આનન્દ સ્વરૂપ જ છે. તે ભગવાનની ક્રિયાશક્તિનો અવતાર છે એમ જણાવવા તેમણે યજ્ઞને મળતા આવતા વરાહનું રૂપ લીધેલું [૧૨૬]

''પોતાની ખરીઓથી દબાયેલા જલમાં પૃથ્વીને સ્થાપી'' એમ શ્લો.૪૬ માં કહેલ હોવાથી, તે સમયે આ ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી ન હતી, પરન્તુ માત્ર એક લાખ યોજનવાળી હતી એવો આચાર્યશ્રીનો મત છે. કારણ કે જમ્બુદ્વીપ જ કર્મ કરવાની ભૂમિ છે અને આ (વરાહે ઉદ્ધાર કરેલી) ભૂમિનો કર્મ કરાય તે માટે જ ઉદ્ધાર કરેલો.

આ વિષયમાં બીજાઓની સમ્મતિ નથી. ભૂમિ પચાસ કરોડ યોજન વિસ્તારવાળી છે (૩।૧૧।૩૯) એ વાક્ય બીજા કલ્પની ભૂમિમાટે યોજેલું છે. જ્યોતિષ જાણનારાઓ તો ભૂમિ પાંચ હજાર યોજન વિસ્તારવાળી હોવાનું જ કહે છે. એક લાખનો વીસમો ભાગ ગણવામાં આવે તો પણ પાંચ હજાર થાય અને તેઓ ફલ જણાવવા ભૂમિ તેટલા વિસ્તારની હોવાનું કહે છે. આ ભૂમિ જ્યોતિશ્ચક્રમાં રહેલી છે.

[જ્યોતિઃશાસ્ત્રનું કામ શુભ અથવા અશુભ ફલ જણાવવાનું છે અને તે વીસમો ભાગ લેવાથી પણ જાણી શકાય તેવું હોવાથી અને તેમ કરવાથી નાના આકડાઓનું સહેલાઈથી જ્ઞાન થઈ શકે તેવું હોવાથી જ્યોતિઃશાસ્ત્ર જાણનારાઓએ વીસમો ભાગ લઈ પાંચ હજાર યોજન વિસ્તારવાળી ભૂમિ હોવાનું કહેલ જણાય છે. તેથી એક લાખ યોજન વિસ્તારવાળી માનવી યોગ્ય છે, કારણ કે જમ્બુદ્વીપ જ કર્મ કરવાની ભૂમિ છે અને તેનો વિસ્તાર એક લાખ યોજનનો છે. (જુઓ ૫।૧૬।૫).]

વરાહે ભૂમિનો ઉદ્ધાર કર્યો(શ્લો.૩૨) અને હિરણ્યાક્ષને હણ્યો(શ્લો.૩૩) ત્યારે અમારી ''આ વરાહસ્વરૂપમાં શ્રદ્ધા નથી એવું નથી'' એમ જણાવવા ઋષિઓએ તેમની સ્તુતિ કરી(શ્લો.૩૪-૪૬) અને પછી વરાહે ભૂમિનું સ્થાપન કર્યું(શ્લો.૪૭).

આ પ્રકરણ વરાહે ભૂમિનો ઉદ્ધાર કર્યો ત્યાં જ પુરું થાય છે. વરાહે હિરણ્યાક્ષને હણ્યો. તે તો હરકોઈ પ્રકારે હણ્યો. આ પ્રકરણમાં તેનું પ્રયોજન નથી. જો હિરણ્યાક્ષને હણવાનું પ્રયોજનવાળું હોય તો (ઋષિઓની સ્તુતિમાં તે કહેલ ન હોવાથી) વચનની ખામી રહે. તેથી મુખ્ય પ્રસંગને અનુસરી બીજા પ્રસંગોના સમય વગેરેની યોજના કરવી જોઈએ. વળી હિરણ્યાક્ષ દૈત્ય આ કલ્પમાં નમાલો હતો અને યજ્ઞ(વરાહ) તેને ભસ્મ કરનાર (સહેલાઈથી હણનાર) જ હતા. તેથી તે જેવો આવ્યો કે તરત જ (ભૂમિ પોતાની દાઢ ઉપર રાખેલી હોવા છતાં) તેને હણેલ(શ્લો.૩૩). ઋષિઓએ કરેલી સ્તુતિ (વરાહ) યજ્ઞરૂપ છે એમ જણાવનારી છે [૧૨૭]

જે કલ્પમાં હિરણ્યાક્ષને હણવાનું કાર્ય મુખ્ય હતું, તેમાં વરાહે પ્રથમ ભૂમિનો ઉદ્ધાર કર્યો(અ.૧૮।૨), પછી તેનું સ્થાપન કર્યું(શ્લો.૮) પછી બ્રહ્માએ વરાહની સ્તુતિ કરી(શ્લો.૨૨-૨૮) અને પછી વરાહે હિરણ્યાક્ષને હણ્યો(અ.૧૯।૨૬). એ કલ્પમાં એ ચાર વૃત્તાન્તો આ ક્રમથી થયેલા. હણ્યા પહેલાં સ્તુતિ કરવામાં આવે તે જો કે સન્દેહવાળી જણાય, છતાં પણ વરાહની સરસાઈનું બ્રહ્મા વર્ણન કરે તેથી હિરણ્યાક્ષને દુઃખ થાય, તે માટે તે હણ્યા પહેલાં કરેલી છે [૧૨૭]

કલ્પના આરંભમાં ભૂમિનો ઉદ્ધાર વરાહે કર્યો ત્યારે હિરણ્યાક્ષ તેમની સાથે યુદ્ધ કરવા આવ્યો તે ક્યા સમયનો ઉત્પન્ન થયેલો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેનો જન્મ આ કલ્પની પહેલાંના કલ્પમાં થયેલો. પહેલાંની સૃષ્ટિનો નાશ તો મહાકલ્પ(બ્રહ્મનું વર્ષ પૂર્ણ થવા) ના સમયે જ થાય છે. વચલા કલ્પોમાં ત્રણ લોકમાં જે જીવો હોય તે પૈકી અસુરો નીચેના લોકમાં જાય છે (અને) મનુષ્યોનો તો નાશ થાય છે. મનુ વગેરેને દેવો જાણવા. ઋષિઓ પણ ઉપરના લોકમાં જાય છે અને સત્યલોકમાં રહે છે એવી તેમની સરસાઈ પણ છે. તેથી આ કલ્પ પહેલાનાં કલ્પના અન્તે કશ્યપ ઉપરના લોકમાં ગયેલ અને દિતિ નીચેના લોકમાં ગયેલ એવો નિર્ણય થાય છે. પ્રલય દરમ્યાન

હિરણ્યાક્ષ નીચેના લોકમાં રહેલો. દેવો ઉપરના લોકમાં ગયેલ. મનુષ્યો વગેરે બીજાઓનો તો નાશ જ થયેલ. ઋષિઓ અને તેઓના પુત્રો બ્રહ્માની સમાન છે, કારણ કે તેથી વિરુદ્ધ માનવાનું કાંઈ કારણ નથી. તેથી તેઓ સત્યલોકમાં જઈ રહેલા [૧૨૭।।-૧૨૯]

**અધ્યાય ૧૪-૧૯; મતાન્તર ભાષા :**

ચૌદમાથી ઓગણીસમા સુધીના છ અધ્યાયો મતાન્તરભાષાથી પ્રાપ્ત થયેલા હિરણ્યાક્ષના વધના પ્રસંગમાં કહેલા છે, તેથી તેમાં શ્રીભાગવતના અર્થથી વિરુદ્ધ હોય તેની ગણના ન કરવી.

આ વિષયમાં એવી વ્યવસ્થા છે કે ચાલતી કથામાં પ્રસંગથી પ્રાપ્ત થયેલી કથાના ખાસ પ્રકારથી પ્રશ્નો પૂછવામાં આવે, તો જે પૂછેલું હોય તેટલું જ માત્ર ન કહેવું, પરન્તુ જે કલ્પમાં પૂછેલ પ્રમેય(વિષય) ઉત્તમ પ્રકારે સિદ્ધ થયેલ હોય તે જ કહેવું જોઈએ. કારણ કે પ્રશ્ન કરનારમાં ભક્તિ ઉત્પન્ન કરવી તે જ તેનો ઉત્સાહ વધારનારું છે. તેથી જે કલ્પમાં હિરણ્યાક્ષ વગેરેની સરસાઈ થયેલી તે જ કલ્પની કથા આ અધ્યાયોમાં કહેલી છે.

આ કથામાં એવો પ્રશ્ન થાય છે કે વૈકુંઠમાં ગયેલા જય અને વિજય ફરી સંસારમાં કેમ આવ્યા ? કૃત્રિમ વૈકુંઠમાં ગયેલા હોવાથી તેઓ ફરી સંસારમાં આવ્યા એમ પણ કહેવાય નહિ, કારણ કે કૃત્રિમ વૈકુંઠમાં ગયેલાઓને પણ મુક્તિ જ પ્રાપ્ત થાય છે. ''જેમણે નિષ્કામ ધર્મથી હરિને પ્રસન્ન કરેલા હોય તેઓ જ ત્યાં પણ જાય છે'' (અ.૧૫।૧૪) તેથી ફરી સંસારમાં આવવું ન પડે તેવું જ સ્થાન તેઓને પ્રાપ્ત થાય છે. જય અને વિજય વૈકુંઠમાં ગયેલા, છતાં પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેમનો સંસારમાં જન્મ થયો. ભગવાનની એવી ઈચ્છા હોવાનું પ્રયોજન લોકને એવું જણાવવાનું હતું કે વૈકુંઠથી ભ્રષ્ટ થયેલા સેવકોને પણ કેવું ફલ પ્રાપ્ત થાય છે. ત્રણ લોકમાં હિરણ્યાક્ષ વગેરેને જે સુખ મળેલ તે ઈન્દ્ર વગેરેને પણ દુર્લભ છે. આવું સુખ વૈકુંઠથી ભ્રષ્ટ થયેલા જય તથા વિજય ને પ્રાપ્ત થયું, છતાં તે પણ તેઓની તો મોટામાં મોટી આપત્તિ હતી. આ ઉપરથી વૈકુંઠમાં તેઓને કેવું સુખ થતું હશે તેનું અનુમાન કરવું [૧૩૦]

આ મતાન્તર પ્રમાણે વરાહ અને હિરણ્યાક્ષ નું યુદ્ધ ભૂમિ ઉપર જ થયેલું અને ભગવાનના હાથથી મૃત્યુ થવા છતાં, ભગવાનની ઈચ્છાથી જ હિરણ્યાક્ષને મુક્તિ પણ પ્રાપ્ત ન થઈ, અથવા ભગવાનની ક્રિયાશક્તિએ તેનો વધ કરેલ હોવાથી તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ, અથવા મુક્તિ આપવામાટે ભગવાને અવતાર લીધો હોય ત્યારે જ તેમનાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. વળી વરાહે હિરણ્યાક્ષનું ઉદર ચીરીને તેને હણ્યો ન હતો, પરન્તુ હણ્યા પછી તેનું ઉદર ચીરેલું. જો હણ્યા પહેલાં તેનું ઉદર ચીરે તો તેના પ્રાણો ભગવાનનાં મુખમાં પ્રવેશ કરે (એટલે તેની મુક્તિ થાય, તેથી ભગવાને તેમ ન કરતાં) તે ફરી દૈત્ય ન જન્મે તે માટે તેના સંસ્કારવાળા અંશો પોતાની અન્દર પ્રવેશ કરે એવા અભિપ્રાયથી તેને હણ્યા પછી તેનું ઉદર ચીરેલું [૧૩૧]

વરાહનું અને હિરણ્યાક્ષનું યુદ્ધ બ્રહ્માના એક દિવસ સુધી થયેલું એમ જણાય છે, આથી હિરણ્યાક્ષના બલનો ખ્યાલ આવે છે. આ યુદ્ધમાં જ વરાહકલ્પ વીત્યો. ત્યાર પછી શ્વેતવારાહકલ્પ થયો તેમાં સૃષ્ટિ અને હિરણ્યકશિપુ નું રાજ્ય થયાં. અથવા બીજા મત પ્રમાણે જે દિવસ યુદ્ધ ચાલ્યું તે દેવનો દિવસ હતો, એટલે મનુષ્યોના છ માસ સુધી એ યુદ્ધ ચાલેલું. છ માસ યુદ્ધ ચાલ્યું એ મત પ્રમાણે બ્રહ્માની સ્તુતિનાં વચનો ઘટે તે માટે એમ માનવું જોઈએ કે ભૂમિનું વરાહે સ્થાપન કર્યા પછી બ્રહ્મા પહેલાંની પેઠે મેરુ પર્વત ઉપર જ જઈ રહેલા [૧૩૨]

આથી એમ સિદ્ધ થાય છે કે મુક્ત જીવો ભગવાનની ઈચ્છાથી સંસારમાં આવે છે. ભગવાનની ઈચ્છા પણ ભગવદ્રૂપ હોવાથી તેમના સંસારનું આ છ અધ્યાયોથી વર્ણન કરેલું છે. 'સંસાર' એટલે ઉત્પત્તિ અને મરણ. છ પૈકી પહેલા ત્રણ અધ્યાયોથી જય અને વિજય ની હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ તરીકે ઉત્પત્તિ અને પાછળના ત્રણ અધ્યાયોથી હિરણ્યાક્ષનું મઅંવર્ણવેલું છે.

અનિત્ય પદાર્થોનો 'જન્મ', નિત્ય અને હદવાળાનો 'સમાગમ' અને હદ વગરના નિત્યનું 'પ્રાકટ્ય', એવી રીતે ઉત્પત્તિ ત્રણ પ્રકારની કહેલી છે. મૃત્યુ પણ ''કાલ, દ્રવ્ય અને ગુણો થી આ જગત્‌નો ત્રણ પ્રકારે લય થાય છે''(૩।૧૦।૧૪) એ વાક્ય પ્રમાણે ત્રણ પ્રકારનું છે.

ચૌદમા અધ્યાયનો અર્થ બીજની ઉત્પત્તિ(કશ્યપે દિતિમાં કરેલ ગર્ભાધાન) છે. આ અધ્યાયમાં પહેલાં ઉપાધિની–રાક્ષસરૂપ ગર્ભ રહે તેમાં કારણની–ઉત્પત્તિ કહેલી છે.

પંદરમા અધ્યાયમાં જય અને વિજય તેઓના સ્થાન વૈકુંઠમાંથી ભ્રષ્ટ થયાનું કહેલ છે. તેથી તેઓને જીવનો સમ્બન્ધ થવો એ તેનો અર્થ છે.

સોળમા અધ્યાયમાં તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યાનું એટલે તેઓનો જન્મ(ગર્ભમાં પ્રવેશ) થયાનું કહેલ છે. ભગવાનની વિભૂતિરૂપ તેઓએ દિતિના ગર્ભમાં પ્રવેશ કર્યો. જો ભગવાનની વિભૂતિનો પ્રવેશ ગર્ભમાં થયો ન હોય તો અ.૧૭।૩-૧૭ સુધીમાં તેઓનું માહાત્મ્ય વર્ણવેલ છે તેવું ઘટે નહિ.

સત્તરમા અધ્યાયમાં તેઓનું જન્મ થયાનું અને તેઓનું પુરુષાતન પ્રકટ થયાનું કહેલ છે. આ તેઓની સરસાઈ નાશરૂપ હતી એમ જણાવવા નાશનું નિરૂપણ કરનારા અધ્યાયોમાં જણાવેલી છે.

અઢારમા અધ્યાયમાં વરુણનાં વચનોથી હિરણ્યાક્ષના નાશનું બીજ જણાવેલું હોવાથી 'નાશ પામતા હોવાપણું' એ તેનો અર્થ છે.

(અને ઓગણીસમા અધ્યાયમાં) તેનો નાશ થયાનું કહેલ છે. તેથી ૧. નાશનું બીજ, ૨. નાશ પામતા હોવાપણું અને ૩. નાશ-- એવા ભેદથી (મરણના ત્રણ અધ્યાયો કહેલા છે).

વૈકુંઠમાં રહેનાર ભક્ત ઉત્તમ-જીવની એવી સ્થિતિ કેમ થઈ ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે આ છયે અધ્યાયોમાં કહેલી કથાનું કારણ ઈશ્વર ઇચ્છા જ છે. ઈશ્વરની ઇચ્છા વિના એમ થઈ શકે નહિ. [૧૩૩-૧૩૪]

આ છયે અધ્યાયોની કથા ઈશ્વરની ઇચ્છાથી થઈ ન હતી એમ માનીએ તો તેમાં એવી અસંગતિ જણાય છે કે ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી દક્ષની પુત્રી અને ઇન્દ્રિયોથી જાણવામાં ન આવે તેવા પદાર્થો જાણનાર ઋષિ કશ્યપની પત્ની, કામ ઉત્પન્ન થતાં, માત્ર એક ક્ષણ(થોડો સમય) રોકાવામાટે ઋષિએ પ્રાર્થના કરવા છતાં રોકાઈ નહિ અને તેણે નિર્લજ્જ થઈ સુધ્યાના સમયમાં અગ્નિહોત્ર કરતાં ઋષિનું વસ્ત્ર પકડી સમજાવવા છતાં તેમને છૂટા ન કર્યા. આવું ભગવાનની ઈચ્છા વિના મર્યાદા પ્રમાણે થાય નહિ [૧૩૫]

સ્ત્રીએ તો ગમે તેમ કર્યું પરન્તુ મુનિએ પણ જે કર્યું તે અઘટિત હતું.

તેમણે [૧]મૌનનો ત્યાગ કર્યો(શ્લો.૧૫)

[૨]તેની સાથે વાતચીત કરી તે બન્નેની ભાષા અઘટિત હતી

[૩]મુનિએ સ્ત્રીની સ્તુતિ કરી(શ્લો.૧૬-૨૦)

[૪]તેને વશ થયા

[૫]શાસ્ત્રમાં જણાવેલથી જુદા પ્રકારે સ્ત્રી સાથે સમ્બન્ધ કર્યો(શ્લો.૩૦)

[૬]તેનો વિરોધ ન કર્યો.

— આ છ કાર્ય કશ્યપ મુનિએ કર્યા તે અયોગ્ય છે. પછી જે ધર્મરૂપ સંવાદ તે બેને થયો(શ્લો.૩૩-૪૯) તે એમ જણાવે છે કે આવાં અયોગ્ય કાર્ય કરવાં એ તેઓનો સ્વભાવ ન હતો. એટલે ભગવાનની ઇચ્છાથી જ તેઓથી આ કાર્ય થયું એ પ્રમાણે પહેલા(ચૌદમા) અધ્યાયનો અર્થ અઘટિત હોવાનું એમ દર્શાવવા કહ્યું છે કે ભગવાનની ઇચ્છા વિના એમ બને નહિ [૧૩૬-૧૩૬।।]

બીજા(પન્દરમા) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઇચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે, કારણ કે સનન્દન વગેરે મુનિઓ જેમને કોઈ પણ દેશમાં અને કોઈ પણ સમયે ક્રોધ ન થાય અને જેઓ કોઈ પણ વિષયમાં અયોગ્ય કાર્ય ન કરે, તેઓ વૈકુંઠમાં જ્યારે શ્રીકૃષ્ણનું ચિન્તન કરવાની ઉત્તમ અવસ્થામાં હતા ત્યારે શ્રીકૃષ્ણના સેવક જય અને વિજય ઉપર ક્રોધ કરી તેઓને સહન ન થઈ શકે તેવો શાપ આપ્યો. મુનિઓએ પણ આવું અયોગ્ય કામ કર્યું [૧૩૬।।-૧૩૮]

જય અને વિજયે પણ તેવું જ આયોગ્ય કામ કર્યું. વૈકુંઠના લતાઓ, પક્ષીઓ અને સ્ત્રીઓ પણ ભગવદ્‌ભાવવાળાં, ભગવાનના ગુણોનું ગાન કરવામાં રચ્યાં-પચ્યાં રહેનારા, અહંકારરહિત, ઈર્ષ્યારહિત અને ઉત્તમ હોય છે. તેવા વૈકુંઠમાં જેમણે સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય અને સારૂપ્ય એ

ચાર પ્રકારનો મોક્ષ સમ્પૂર્ણ રીતે પ્રાપ્ત કરેલ, તેવા જય અને વિજયે ગર્વ કરી ભક્તો, વૈકુંઠમાં ભગવાનનાં દર્શન કરવા આવેલા, તેઓને પ્રતિબન્ધ કર્યો. આ તેઓનું કાર્ય પણ અયોગ્ય હતું. તે કાર્ય કર્યા પછી તે બન્નેએ મુનિઓના ચરણ પકડ્યા(શ્લો.૩૫) તથા તેમની કૃપા માગી(શ્લો.૩૬) તે એમ દર્શાવે છે કે તેમણે જે અયોગ્ય કાર્ય કર્યું તેવું કરવાનો તેઓનો સ્વભાવ ન હતો [૧૩૮-૧૪૦।।]

ત્રીજા(સોળમા) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છાથી બનેલ ન હોય તો અયોગ્ય છે. આ અધ્યાયમાં ભગવાન્ મોહ કરે તેવાં વચનોથી સનક વગેરેને મોહ ઉત્પન્ન કરે છે(શ્લો.૪-૧૧). ભક્ત જય અને વિજય પ્રતિ બેદરકારી જણાવે છે. વળી વૈકુંઠમાં ગયેલ સંસારમાં પાછા આવે તે અશક્ય હોવા છતાં તે બે વૈકુંઠમાંથી પડે છે. ભગવાન્ પ્રતિ આ બે ભક્તોને દ્વેષ થાય છે, કારણ કે દ્વેષ થયો ન હોય તો ભવિષ્યમાં તેઓને ભગવાન્ ઉપર દ્વેષ રાખવાની બુદ્ધિ ન થાય. તેથી આ ત્રણે અધ્યાયોનો વિષય જો ભગવાનની ઈચ્છાથી થયેલ ન હોય તો થવો અશક્ય છે [૧૪૦।।-૧૪૧।।]

પછી સત્તરમાથી ઓગણીસમા સુધીના ત્રણ અધ્યાયોનો વિષય પણ ભગવાનની ઈચ્છાથી બનેલ ન હોય તો બનવો અશક્ય જ છે. આ અધ્યાયોમાં હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુની અલૌકિક ઉત્પત્તિ વર્ણવેલી છે, કારણ કે મોટા પુરુષની સામાન્ય રીતે ઉત્પત્તિ થતી હોય ત્યારે ખરાબ શકુનો(અ.૧૭।૩-૧૫) થતાં નથી. વળી તેઓની વૃદ્ધિ(શ્લો.૧૬-૧૭) તથા દિગ્વિજય(શ્લો.૧૯-૨૩) પણ અલૌકિક છે. પાંચમા(અઢારમા) અધ્યાયમાં હિરણ્યાક્ષ સ્વામી ભગવાન્ વરાહને દુષ્ટ વચનો(શ્લો.૩-૫) કહે છે અને તેમની સાથે યુદ્ધ પણ કરે છે. આ સર્વ અયોગ્ય છે. વળી બ્રહ્માને વરાહ ભગવાન્, હિરણ્યાક્ષને કદાચ હણી નહિ શકે એવો ભ્રમ થાય છે. અને તે તેમને તેને તરત હણવાને પ્રાર્થના કરે છે(શ્લો.૨૨-૨૮). બ્રહ્માને આવો ભ્રમ થાય તે બહુ જ અયોગ્ય છે.

છઠ્ઠા(ઓગણીસમા) અધ્યાયમાં જણાવેલ વિષય પણ શ્રીકૃષ્ણની ઈચ્છા વિના બનેલ હોય તો ઘણો જ અયોગ્ય છે, કારણ કે આ અધ્યાયમાં હિરણ્યાક્ષ ભગવાનની સન્મુખ તેમના મુખનું દર્શન કરતાં તેમનાથી હણાયો છતાં પણ તેને મુક્તિ પ્રાપ્ત ન થઈ. આથી વધારે બીજું આશ્ચર્યકારક શું હોય ? [૧૪૧।।-૧૪૩]

તેથી આ છયે અધ્યાયોના વિષય શ્રીકૃષ્ણની ઈચ્છાથી જ બનેલા, એવું તર્ક સાથેનું આખ્યાન આ અધ્યાયોમાં કહેલું છે. મુક્ત જીવોનો જન્મ થાય છે અને ભગવાન જ તેઓને આ લોકના અને પરલોકના ફળનું દાન કરવા સંસારમાં તેઓનો જન્મ કરાવે છે, બીજા કોઈ કારણથી કરાવતા નથી. તેથી સર્ગ(સૃષ્ટિ) ભગવાનની લીલા છે એમ સિદ્ધ થાય છે. [૧૪૪]

**અધ્યાય ૨૦; સાંખ્યસૃષ્ટિ :**

એવી રીતે મતાન્તર ભાષાથી ભગવાનની ઈચ્છા જ સર્વથી બલવાન છે એમ જણાવી, સમાધિભાષામાં પણ આ જ વિષય જણાવેલ છે એમ કહેવા સાંખ્યમત પ્રમાણે સૃષ્ટિ વગેરેનું વર્ણન કરેલું છે. (મહત્તત્ત્વથી બ્રહ્મા સુધીનાં શ્લો.૧૨-૧૬) સાંખ્ય પુરુષો જીવન્મુક્ત છે, તેથી એમ સિદ્ધ થાય છે કે તે મત પ્રમાણે ઉત્પન્ન થયેલા મુક્તિ પ્રાપ્ત કરવા જ ઉત્પન્ન થયેલા છે. તે મત પ્રમાણે સૃષ્ટિ જુદા-જુદા અગિયાર પ્રકારની છે(શ્લો.૧૮-૫૨). (છાયા શ્લો.૧૮ થી આરંભી યોગ શ્લો.૫૨ સુધીનાં સાધનોથી તે બ્રહ્માએ ઉત્પન્ન કરેલી છે). તે સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલાઓમાં સત્ત્વ વગેરે ગુણો મુખ્ય છે. (કારણ કે રાત્રિ શ્લો.૧૯ વગેરેરૂપ થયેલ બ્રહ્માનું શરીર તેઓએ ગ્રહણ કરેલ હોવાથી તેઓમાં બ્રહ્માનું તેવું જુદા-જુદા રૂપવાળું શરીર પ્રધાન છે) તેથી જ આરંભમાં ગુણવાળી નવ પ્રકારની સૃષ્ટિ કહેલી છે(શ્લો.૧૮-૪૮) [૧૪૫]

અહીં ભગવાનની કથાના આરંભમાં મનુની કથા સમ્બન્ધી પ્રશ્ન શૌનક કરે છે(શ્લો.૧-૪) તે યોગ્ય નથી એવી શંકા થાય, તો જાણવું કે અહીં શૌનકે પોતે પ્રશ્ન કરેલ છે તે પણ, જુદા પ્રકારથી, ભગવાનની કથા સમ્બન્ધી જ પ્રશ્ન છે. અને તેણે બીજાએ(વિદુરે શ્લો.૪માં) કરેલ પ્રશ્ન પૂછ્યો તે પણ તેવી રીતે ભગવાનની કથા સમ્બન્ધી જ પ્રશ્ન છે, કારણ કે મનુ ભગવાનનો ભક્ત હતો અને તેણે જે કાંઈ કરેલું તે ભગવાન્ પ્રસન્ન થાય તેવું જ કરેલું હોવાથી, તે લીલાના પ્રયોજનથી કરેલ હોવાથી, ભગવાનની લીલા જ છે [૧૪૬]

ત્યારે ''એ પ્રમાણે પુછાયેલા સૂતે સાંભળો એમ તેમને કહ્યું''(શ્લો.૭) એ વ્યાસનું વાક્ય ઘટતું નથી એવો સન્દેહ થાય, તો જાણવું કે આ જુદા પ્રકરણનો આરંભ થાય છે એમ જણાવવા વ્યાસે એ વાક્ય કહેલું છે. તેવી જ રીતે શુક અને સૂતે પણ જે વચનો ઉત્તરમાં કહેલાં તે સૂતના વચનથી જ જણાવેલાં છે. વિદુરે જે પ્રશ્ન કર્યા(શ્લો.૯-૧૧) તે સૂતે કહેલા છે(શ્લો.૮). આ વચનો શુકે પરીક્ષિતને અને સૂતે શૌનક વગેરેને કહેલા. વિદુરના તથા મૈત્રેયના સંવાદનો શુકે આરંભ કરેલો(અ.૫।૧) તેથી આ પ્રશ્નો શુકે કહેવા જોઈએ, છતાં શુકે કહેલાં નથી અને સૂતે કહેલા છે, કારણ કે સૂતે અને શુકે બન્નેએ શબ્દ તથા અર્થથી આ એક જ પ્રકારનાં સરખાં વચનો કહેલાં. તેથી બીજા પક્ષના શુક અને પરીક્ષિત વચ્ચે પણ આ જ સંવાદ થયેલ હોવાનું જાણવું. જેવા પ્રશ્ન શૌનકે કર્યા છે તેવા જ રાજા પરીક્ષિતે કરેલા; અને જેવા ઉત્તર સૂતે આપ્યા છે તેવા જ શુકે આપેલા; તેથી બન્નેના સંવાદ ન વર્ણવતાં હર કોઈ એકનો સંવાદ કહેલો છે [૧૪૭]

સાંખ્યમતની સૃષ્ટિ ક્યા કલ્પમાં થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ત્રણ લોકને ડુબાડનાર પ્રલયના જળમાં જે કમળ થયેલું(અ.૮।૯) તે કેવલ પદ્મકલ્પથી જુદો (તેની પછીનો) જે પદ્મકલ્પ બ્રહ્માણ્ડમાં થયેલો, તેમાં જ સાંખ્યમતની પ્રસિદ્ધિ થયેલી, કારણ કે તે જ કલ્પમાં સાંખ્યાચાર્ય કપિલ થયેલા.

કપિલના જ્ઞાનની તત્ત્વસૂત્રમાં વ્યાસજીએ નિન્દા કરેલી છે છતાં તેથી મુક્તિ કેમ પ્રાપ્ત થાય ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે ભગવાનની ઈચ્છાથી એક પ્રકારે મુક્તિ જેનાથી પ્રાપ્ત થાય તેવું જ્ઞાન હૃદયમાં પ્રાપ્ત કરી, કપિલે ભગવાનને પ્રાપ્ત કરેલા છે, એમ દર્શાવવા સાંખ્યમતમાં આ કલ્પનું વર્ણન કરેલું છે. તેથી આ અધ્યાયમાં આ પદ્મકલ્પનું ઉત્તમ પ્રકારે વર્ણન કરેલું છે અને આ વરાહકલ્પનું પણ વર્ણન કરેલું છે. જો વરાહકલ્પનું વર્ણન અહીં કરેલ ન હોય તો જેની કથા ચાલે છે તે શ્વેતવારાહ કલ્પમાં સાંખ્યમતથી મુક્તિ પ્રાપ્ત ન થાય [૧૪૮-૧૪૯]

સાંખ્ય સૃષ્ટિ પહેલાં જે સૃષ્ટિ(અ.૫।૨૩ થી આરંભી) કહી તે સૃષ્ટિ કરતાં આ સૃષ્ટિ જુદા પ્રકારની છે, કારણ કે આ સૃષ્ટિમાં પાંચ-પાંચના સમૂહથી પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ થાય છે, એમ અધ્યાય ૨૬।૧૧ થી આરંભી જણાવશે. એવી રીતે પ્રાકૃત પદાર્થોની ઉત્પત્તિ સંખ્યા સહિત કહેલી હોવાથી આ સાંખ્યમત કહેવાય છે. આ મતમાં પદાર્થો તત્ત્વો થયેલાં છે, આ મતની સૃષ્ટિનું અહીં વિસ્તારથી વર્ણન કરેલું નથી, કારણ કે પહેલાં સૃષ્ટિનું વર્ણન કરેલું છે તે જ સૃષ્ટિ અહીં જુદા પ્રકારથી ઉત્પન્ન થતી હોવાનું જણાવેલ છે. તેથી તેનું વર્ણન કરનાર વાક્ય માત્ર ચિહ્ન તરીકે કહેલું છે. તેથી આ એકવીસમા અધ્યાયમાં અગિયાર પ્રકારની સૃષ્ટિ વર્ણવેલી છે. સ્વભાવ અને ગુણો ના જુદા-જુદા પ્રકારને લીધે તેમનાં કાર્ય તરીકે તે જુદા-જુદા પ્રકારની સૃષ્ટિ વર્ણવેલી છે તેમાં સ્વભાવના બે પ્રકાર છે અને ગુણોના નવ પ્રકાર છે.

ગુણો ત્રણ છે (તે દરેક ત્રણ-ત્રણ પ્રકારના થતા નવ ગુણો થાય છે). દશમી નિર્ગુણ હોવાની સ્થિતિ જ્ઞાનરૂપ છે અને અગિયારમું ભગવાનનું ચિન્તન. એવી રીતે ગુણો અને સ્વભાવ ના ૧૧ ભેદો કહેલા છે. તે પૈકી ગુણોથી થતી સૃષ્ટિ આ અધ્યાયમાં ટૂંકાણથી કહેલી છે. સ્વભાવ -સૃષ્ટિ જ્ઞાન-ભક્તિના ભેદથી ચાર(૨૧-૨૪) અને નવ(૨૫-૩૩) અધ્યાયોથી વિસ્તારથી કહેલી છે, તે આગળ પોતાની મેળે સ્પષ્ટ થશે [૧૫૦-૧૫૧।।]

ગુણોની સૃષ્ટિ પૈકી પહેલાં તામસસૃષ્ટિ ત્રણ પ્રકારની ઉત્પન્ન થઈ; [૧]પક્ષો અને રાક્ષસો [૨]દેવો અને [૩]દૈત્યો. આ અનુક્રમે તામસ-તામસ, તામસ-સાત્ત્વિક અને તામસ-રાજસ સૃષ્ટિ થઈ. અવિદ્યા અહીં પહેલાંના (બારમા અધ્યાયમાં જણાવેલ છે તે) પ્રકારે જ ઉત્પન્ન થયેલી. ભેદ એટલો છે કે આ સૃષ્ટિમાં પક્ષો અને રાક્ષસો પણ અવિદ્યા ઉપાધિ (તેઓને ઉત્પન્ન કરનાર બ્રહ્માના શરીર) સાથે જ ઉત્પન્ન થયેલા એમ શ્લો.૧૮-૧૯ માં કહેલું છે (જ્યારે બારમા અધ્યાયમાં પાંચ પ્રકારની અવિદ્યા જુદી ઉત્પન્ન થયેલી અ.૧૨।૨) તેવી જ રીતે બીજા ગુણથી દેવો પણ ઉત્પન્ન થયા (અને બીજા ગુણથી દૈત્યો પણ ઉત્પન્ન થયા. શ્લો.૧૯,૨૨,૨૩) [૧૫૧।।-૧૫૨।।]

જુદા પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન થાય તે માટે બ્રહ્માએ શરીરનો ત્યાગ કર્યાનું કહેલ છે, તેથી મનનું વલણ બદલાય તે માટે બ્રહ્મા શરીરનો ત્યાગ કરતા એમ જાણવું. બ્રહ્માનાં જુદા-જુદા

શરીરો એટલે જુદા-જુદા કાલના અભિમાનવાળા દેવો. તેઓ બ્રહ્માના દેહથી જુદા રહેતા [૧૫૨।।-૧૫૩।।]

પાંચ વિભાગવાળી અવિદ્યા ઉત્પન્ન થયા પછી બ્રહ્માએ કેમ પોતાના શરીરનો એ પ્રમાણે ત્યાગ કર્યો ? (કારણ કે પહેલાં બારમા અધ્યાયમાં અવિદ્યા ઉત્પન્ન થઈ ત્યારે તેમણે દેહનો ત્યાગ કર્યો ન હતો) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પાંચ વિભાગવાળી અવિદ્યા દેવતારૂપ છે. તે જ્યારે બ્રહ્માની ઉપાધિ (તેને ઉત્પન્ન કરનાર બ્રહ્માના શરીર) રૂપ થઈ તે જ સમયે યક્ષો અને રાક્ષસો ની ઉત્પત્તિ થઈ. પછી બ્રહ્માએ જોયું કે આ રાક્ષસો અવિદ્યાની સાથે જ ઉત્પન્ન થયેલા, તે બ્રહ્માને ગમ્યું નહિ. તેથી ભગવાનની પ્રેરણાથી યક્ષો અને રાક્ષસો એ તેમને ખાઈ જવાનો ઉદ્યમ કર્યો.

ત્યારે બ્રહ્માને ખાઈ જતાં કેમ અટક્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેઓ તામસ-તામસ હોઈ ઘણા મૂઢ હતા, તેથી તેઓ માત્ર બ્રહ્માનાં વચન(શ્લો.૨૧)થી જ તેમને ખાઈ જતાં અટકી ગયા [૧૫૩।।-૧૫૪।।]

દેવોની ઉત્પત્તિનો વિષય તો સહેલાઈથી સમજાય તેવો છે. તેમના વિષયમાં (તેઓ બ્રહ્માને અગવડ કરે તેવી) શંકા જ નથી. રાજસોના વિષયમાં બ્રહ્માને ઘણો જ શ્રમ થયો, કારણ કે બ્રહ્માથી જુદી રહેલી દેવતાનું તે દુષ્ટ બુદ્ધિવાળાઓ વર્ણન કરવા લાગ્યા, તેથી તે દુષ્ટોએ મૈથુન કરવા પ્રયાસ કર્યો ત્યાંથી(શ્લો.૨૩) આરંભી બ્રહ્માએ તે શરીરનો ત્યાગ કર્યો(શ્લો.૨૮) ત્યાં સુધીની કથા કહી, બ્રહ્માનાં બીજા શરીરો તરત જ કાલરૂપ થતાં, જુદા-જુદા કાલના નામથી કહેલાં છે. પરન્તુ રજોગુણને લીધે રાજસ થયેલું આ શરીર તો સુધ્યા સાથે ભળી ન ગયું, પરન્તુ કેટલાક સમય સુધી જુદું રહ્યું, તેથી દૈત્યોએ તેનું વર્ણન કર્યું(શ્લો.૩૨-૩૮). પછી કાલ(સુધ્યા) સાથે તે ભળી ગયું ત્યારે દૈત્યોએ પોતાનો ઉદ્યમ કરવાનું બંધ રાખ્યું [૧૫૪।।-૧૫૫।।]

ત્યાર પછી સાત્ત્વિક ત્રણ પ્રકારની સૃષ્ટિ ઉત્પન્ન કરી, તેમાં ગન્ધર્વો પિશાચો અને પિતૃઓ (સાત્ત્વિક-સાત્ત્વિક, સાત્ત્વિક-તામસ અને સાત્ત્વિક-રાજસ) એ ત્રણ પ્રકારના ગુણોથી અનુક્રમે ઉત્પન્ન થયા(શ્લો.૩૯,૪૦,૪૨). તેઓના દોષનું વર્ણન કરેલું નથી, કારણ કે ગુણવાળા હોવા છતાં, તેઓમાં દોષ કરવાનો સ્વભાવ ન હતો. બીજા કોઈએ દોષરૂપથી તેઓમાં પ્રવેશ કરેલ ન હોવાથી તેઓમાં દોષ કરવાનો સ્વભાવ ન હતો [૧૫૫।।-૧૫૬]

ત્યાર પછી રાજસ ત્રણ પ્રકારની સૃષ્ટિમાં સિદ્ધો, કિન્નરો અને સર્પો ઉત્પન્ન થયાનું કહે છે(શ્લો.૪૫,૪૬,૪૮). આ અનુક્રમે રાજસ-સાત્ત્વિક, રાજસ-રાજસ અને રાજસ-તામસ સૃષ્ટિ થઈ [૧૫૬-૧૫૭]

કૃતકૃત્ય હોવું એ નિર્ગુણ અવસ્થા છે. કૃતકૃત્ય હોવું એટલે પોતે જ પરમ પુરુષાર્થરૂપ થવું. તપ

વગેરે સાધનોથી કૃષ્ણપણું પ્રાપ્ત થાય છે. અહીં 'કૃષ્ણપણું' શબ્દથી ઋષિની સ્થિતિ કહેલી છે. તેથી બ્રહ્માએ પણ તે સ્થિતિ ધારણ કરવા યોગ્ય છે.

બ્રહ્માએ ઋષિની સ્થિતિ ધારણ કરવા યોગ્ય હોય તેથી શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેમ હોવાથી તે સૃષ્ટિ રચતા અટક્યા. તેમ ન હોત તો બુદ્ધિમાન બ્રહ્મા સૃષ્ટિ રચ્યા જ કરત, સૃષ્ટિ રચતા અટકત નહિ. એ રીતે એકવીસમા અધ્યાયનો અર્થ કહ્યો [૧૫૮]

**અધ્યાય ૨૧-૨૩; મુક્તિ પ્રકરણ:**

હવે જ્ઞાન અને ભક્તિ નું વિસ્તારથી નિરૂપણ કરવાનું છે, તે ૨૧-૩૩ સુધીના તેર અધ્યાયોમાં કહેલું છે. તેના બે વિભાગ છે. પહેલા ચાર(૨૧-૨૪) અધ્યાયોથી પુરુષની સુખપૂર્વક થતી મુક્તિનું નિરૂપણ કરેલું છે. અને પાછળના નવ(૨૫-૩૩) અધ્યાયોથી સ્ત્રીની મુક્તિનું નિરૂપણ કરેલું છે.

એ રીતે એકની મુક્તિનું થોડું અને બીજીની મુક્તિનું ઘણું નિરૂપણ કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે પુરુષને તો શ્રીકૃષ્ણની કૃપાથી જ્ઞાન એની મેળે જ પ્રાપ્ત થયેલું. પુરુષને તો ચાર પુરુષાર્થો પ્રાપ્ત થાય છે, એમ જણાવવા ચાર અધ્યાયો કહેલા છે. અને તેમાં પણ પુરુષાર્થો પ્રાપ્ત કરવાના સાધનરૂપ જ્ઞાન તેને એની મેળે જ પ્રાપ્ત થયેલું, કારણ કે ભગવાનની કૃપાથી જ સાધનો સાથે તેને પુરુષાર્થો પ્રાપ્ત થયેલા [૧૫૯]

પુરુષને પુરુષાર્થ પ્રાપ્ત થયા તેથી જ, સ્ત્રી તેની સાથે હોવાથી, તેને પણ ધર્મ, અર્થ અને કામ પુરુષાર્થો પ્રાપ્ત થયા. છતાં તેને પ્રાપ્ત થયેલ મોક્ષનું જુદું નિરૂપણ કરવાનું રહ્યું. મોક્ષ તો જુદું રહે તેને જ પ્રાપ્ત થાય. સ્ત્રી-પુરુષ ભેગા રહે તેમને પ્રાપ્ત ન થાય. તેથી પુરુષની મુક્તિના વિષયમાં ઘણું કહેવાનું ન હોવાથી, તેની મુક્તિ ચોવીસમા અધ્યાયથી કહી છે. સ્ત્રીની મુક્તિ તો અન્તઃકરણના નવ ગુણરૂપ દોષોનો ત્યાગ કરાવવા નવ(૨૫-૩૩) અધ્યાયોથી કહેલી છે. તે સ્ત્રી હોવાથી તેને ઉપદેશ કરવામાં આવે ત્યારે જ સર્વ તેના જાણવામાં આવે છે, એટલે ઘણાંએ સાધનોનો સઙ્ગ્રહ જણાવેલ છે.

આ સ્ત્રીમુક્તિમાં તેને નવ કન્યાઓ થયાનું કહેવું યોગ્ય નથી એમ લાગે, તો જાણવું કે સૃષ્ટિના કારણ તરીકે તેને નવ કન્યાઓ ઉત્પન્ન થયાનું કહેલું છે. અહીં (આથી) એમ જણાવેલું છે કે સ્ત્રીજીવો પ્રકૃતિને અધીન છે [૧૬૦]

જીવો સૃષ્ટિનું કારણ હોવાનું પહેલાં (શ્લો.૫ ઉપરના પ્રકાશમાં) જ કહેલું છે, ફરીથી તે શા માટે કહેવામાં આવે છે ? (મુક્તિ પ્રકરણમાં આ કહેલ છે) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રકૃતિ

કારણ છે એમ જણાવવા તે કહેવામાં આવે છે, તેથી સાત્ત્વિક જ્ઞાનદ્વારા પ્રકૃતિ, મુક્તિનું પણ કારણ થાય છે એમ જણાવવા આ કહેલ છે (અ.૨૬।૧૦ ઉપરના શ્રીસુબોધિનીમાં આ દર્શાવેલ છે).

સ્ત્રીજીવ પ્રકૃતિને અધીન હોય છે, તેથી જો સ્ત્રીજીવ કારણ થતા હોય તો પ્રકૃતિ કારણ હોવાનું સિદ્ધ થાય (તેથી સ્ત્રીજીવો કારણ છે એમ કહેલું છે). છતાં નવ કન્યાઓ હોવાનો શો ઉપયોગ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાનની માયાશક્તિ તેવી નવ સ્વરૂપવાળી છે, કારણ કે તે ત્રણ ગુણવાળી છે અને તે દરેક ગુણ ત્રણ પ્રકારનો હોવાથી તે નવ સ્વરૂપવાળી છે.

સ્ત્રીપણું એટલે શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શુદ્ધસત્ત્વ વગેરે ગુણોના ભેદને લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ્ય સ્વરૂપવાળી થાય તે સ્ત્રી.

''પ્રકૃતિ ત્રણ ગુણોવાળી છે. ગુણના મુખ્યપણાને લીધે ક્રોધ વગેરેને વશ થયેલા પુરુષો પણ સ્ત્રી થાય છે. ગુણો વિનાની તો પ્રકૃતિ હોતી જ નથી'' એવો મત ખોટો હોવાનું અહીં જણાવેલ છે. ગુણોની સ્થિતિનો ત્યાગ કરીને જે પુરુષને રમણ કરાવતાં પોતાના સ્વરૂપ (શક્તિસ્વરૂપ)થી રહે તે પ્રકૃતિ સ્ત્રીરૂપ કહેવાય છે.

સર્વ તત્ત્વોમાં પુરુષના અને પ્રકૃતિના અંશો જુદા-જુદા રહેલ હોય છે. તેમાં જણાય તેવાં, નર અથવા નારી જાતિનાં ચિહ્ન, તથા ન જણાય તેવાં ધર્મ-અધર્મ વગેરે કારણોને લીધે ભોગ થવા યોગ્ય સ્થિતિ પ્રાપ્ત કરેલા પ્રકૃતિના અંશો જેમાં રહીને બીજની સ્થિતિ પ્રાપ્ત કરે અને પછી તેઓ વધે ત્યારે તે સ્ત્રી થાય છે આવા અભિપ્રાયથી ''શુદ્ધ સત્ત્વ વગેરે ગુણોના ભેદને લીધે પ્રકૃતિ રમણ કરવા યોગ્ય સ્વરૂપવાળી થાય તે સ્ત્રી'' એમ ઉપર કહેલું છે. એક-બીજા સાથે ભળેલા હોય તે જ ગુણો કહેવાય છે. તેમાં સત્ત્વગુણ મુખ્ય હોય ત્યારે દેવની સ્ત્રી થાય છે, રજોગુણ મુખ્ય હોય ત્યારે મનુષ્યની સ્ત્રી થાય છે અને તમોગુણ મુખ્ય હોય ત્યારે પશુસ્ત્રી થાય છે [૧૬૧]

તેનું સ્વરૂપ આનન્દના અંશવાળું હોય છે, કારણ કે આનન્દના અંશનો તેમાં પ્રવેશ થયેલો હોવાથી તે ભોગ કરવા યોગ્ય થાય છે. તેમ છતાં શુદ્ધસત્ત્વ વગેરે ગુણોના સ્વરૂપને લીધે શક્તિ તેમાં મુખ્ય હોવાથી તે સ્ત્રી થાય છે. જો કે પુરુષમાં પણ આનન્દના અંશનો પ્રવેશ થાય છે, કારણ કે પુરુષ પણ સ્ત્રીથી ભોગ કરવા યોગ્ય થાય છે, છતાં પણ સ્ત્રીમાં ગુણો ઘણા બલવાન્ હોવાથી શક્તિના મુખ્યપણાને લીધે તે સ્ત્રી થાય છે. પુરુષનો દેહ તો તત્ત્વોથી બનેલો હોય છે. યથાર્થ પુરુષના અંશો ભેગાં થતાં, પુરુષ થાય છે.

આ વિષયનો નિર્ણય કરાવનાર શું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રીઓ પુરુષને મોહ કરાવે છે (તે આનો નિર્ણય કરાવનાર છે) સ્ત્રીઓ મોહ કરાવનારી હોય છે, તેથી તેઓમાં પ્રકૃતિનું

રૂપ વધારે છે, (પ્રકૃતિનું રૂપ વધારે ન હોય તો તેમનાથી પુરુષને મોહ ન થાય) [૧૬૨-૧૬૨।।]

સર્ગલીલામાં મનુના વંશથી જેનો આરંભ કરેલ તે રુચિ વગેરેના વંશોનું નિરૂપણ કરવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મનુની પુત્રીઓ આકૂતિ તથા પ્રસૂતિ અનુક્રમે રુચિ તથા દક્ષ ને પરણાવેલી(અ.૨૧।૫) તેઓના વંશનો પ્રશ્ન વિસર્ગ લીલામાં ઉપયોગી છે (અહીં તો માત્ર પ્રસંગથી કહેલ છે અને વિસર્ગલીલામાં વિસ્તારથી કહેશે. જુઓ. ૪।૧।૨-૮ અને ૪।૧।૧૧).

ત્યારે વચ્ચે કર્દમનું ચરિત્ર આ સ્કન્ધમાં શા માટે કહેલું છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રકૃતિ અને પુરુષ નો સમ્બન્ધ સદાનો છે એમ જણાવવા અહીં કર્દમનું ચરિત્ર કહેલું છે. પ્રકૃતિ તથા પુરુષ નો સમ્બન્ધ સર્ગમાં ઉપયોગી છે. પ્રકૃતિ અને પુરુષ જુદા-જુદા હોવાનું પ્રસિદ્ધ હોવા છતાં સ્વભાવથી જ તેઓને મુક્તિ થઈ ન હોય ત્યાં સુધી એક બીજાની ઇચ્છા રહે છે. તેથી આ વિષય સર્ગમાં જણાવવા યોગ્ય હોવાથી કર્દમનું સર્ગમાં નિરૂપણ કરેલ છે. વળી ''સાથે ઉત્પન્ન થયેલાં (કુદરતી સમ્બન્ધવાળાં) પણ છૂટાં પડે ત્યારે મુક્તિ પ્રાપ્ત કરે છે'' એ નિયમ પ્રમાણે સંસારનો ત્યાગ કરવાથી બન્નેની મુક્તિ થઈ એમ સર્ગમાં કહેવું યોગ્ય જ છે. એ પ્રમાણે પ્રકરણનો અર્થ કહ્યો [૧૬૨।।-૧૬૩।।]

**અધ્યાય ૨૧ ; ધર્મ :**

એકવીસમા અધ્યાયમાં કર્દમે ભગવાનને પ્રસન્ન કરવા તપ કર્યાનું કહેલ છે તેનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે શ્રીકૃષ્ણની પ્રસન્નતા સર્વનું કારણ છે. શ્રીકૃષ્ણની પ્રસન્નતાથી જ સર્વ પુરુષાર્થો પ્રાપ્ત થાય છે એમ જણાવવા તે કથા કહેલી છે.

ત્યારે ભગવાન્ શાથી કર્દમ ઉપર પ્રસન્ન થયા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કર્દમે ભગવાનની સ્તુતિ કરી(શ્લો.૧૩-૨૧) તેથી તે ભગવાનનો ભક્ત છે એવો નિર્ણય થવાથી ભગવાન્ તેના ઉપર પ્રસન્ન થયા. ભગવાન્ તેના તપથી પ્રસન્ન થયા ન હતા, તેમજ તેની સ્તુતિથી પ્રસન્ન થયા ન હતા; પરન્તુ તેણે સ્તુતિમાં જે સત્ય વૃત્તાન્ત કહ્યો અને તેમાં પણ પોતાનું ઘરનું છિદ્ર(પોતાની ખામી શ્લો.૧૫) કહ્યું તેથી ભગવાન્ તેના ઉપર પ્રસન્ન થયા. પોતાનાં છિદ્ર જેઓ જ્યારે જણાવે ત્યારે તેઓ ભક્ત છે એવો નિર્ણય થાય છે. તેવું વચન પોતાના સ્વાર્થમાટે કર્દમે કહેલું અને ઉત્તમ પુરુષ કપટ રહિત ભજન કરવામાં આવે ત્યારે પ્રસન્ન થાય છે. કર્દમ ભગવાનનો ભક્ત હતો એ નિર્ણય સર્ગલીલા(સૃષ્ટિ) માં ઉપયોગી છે [૧૬૩।।-૧૬૪।।]

કર્દમ ઉપર ભગવાને કૃપા કરી (તેની કામના પૂર્ણ કરી) તે કૃપા સદાની નહિ હોય એવી શંકા થાય, તો જાણવું કે કર્દમે કામના પૂર્ણ કરવા પ્રાર્થના કરી તે પહેલાં જ ભગવાને તે તેને આપેલ હોવાથી(શ્લો.૨૩) તે કામના તેણે કરેલ સાધન(તપ-પ્રાર્થના) વગેરેથી તેને ફળેલી ન હતી. તે તેને

પ્રાપ્ત થવાનું કારણ પણ ભગવાનની કૃપા જ હતી. ભગવદીય પદાર્થનો ભોગ કરી શકાય તે માટે જરૂરી શરીર તથા ઇન્દ્રિય ના સંસ્કાર અને તપ વગેરે (તો ભગવાનની કૃપાનાં) ફળ છે, તેથી ભગવાનને તેણે જે કામના પૂર્ણ કરવા પ્રાર્થનાનાં વચન કહ્યાં તે નકામાં જ હતાં. ભગવાનનાં વચન(શ્લો.૨૩)થી જ આ જણાય છે. ભગવાને તેની કામના કૃપા કરી પહેલાંથી જ સિદ્ધ કરી ન હોત તો તેને વૃત્તાન્ત કહ્યો(શ્લો.૨૫-૩૨) તે કહેત નહિ. તેથી તેની પ્રાર્થનાનાં વચન નકામાં છે એમ ભગવાને તેને ઉત્તર આપ્યો તેથી જ જણાવેલ છે [૧૬૪।।-૧૬૫।।]

**અધ્યાય ૨૨; અર્થ:**

ભગવાને મનુને પ્રેરણા કરી ન હોત તો કર્દમને દેવહૂતિ કેવી રીતે પ્રાપ્ત થાત ? ભગવાને તેને પ્રેરણાકરી તેનું કારણ શું ? જો ભગવાન્ કારણ વિના એવી પ્રેરણા કરતા હોય તો બધાને તેમના ઇચ્છેલા પદાર્થો પ્રાપ્ત થાય ! એવી શંકા થાય, તો જાણવું કે ભગવાનને જે પ્રિય હોય તેને સર્વ પુરુષાર્થો પોતાની મેળે જ આવી મળે છે એમ જણાવવા મનુએ પોતે જ ઉદ્યમ કરી દેવહૂતિનો સ્વીકાર કરવા કર્દમને પ્રાર્થના કરી છે(શ્લો.૨-૧૪). તેથી ભગવાનને પ્રિય થવું તે જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. બીજું કાંઈ પ્રાપ્ત કરવા યોગ્ય નથી ભગવાનને પ્રિય થવાથી જ સર્વ પદાર્થો અને પુરુષાર્થો પ્રાપ્ત થાય છે.

મનુ અને કર્દમના સંવાદમાં દેવહૂતિનું વર્ણન કરવામાં આવેલ છે તે અયોગ્ય છે એવો વિચાર આવે, તો જાણવું કે, કર્દમે દેવહૂતિનું વર્ણન કરેલું છે(શ્લો.૧૬-૧૮) તે તેના ઉપર પોતાનો પ્રેમ જણાવવા કરેલું છે. મનુએ દેવહૂતિનું વર્ણન કરેલ(શ્લો.૯-૧૧) તે કર્દમનો તેના ઉપર પ્રેમ થાય તે માટે કરેલ. તેથી તેમાં કાંઈ અયોગ્ય નથી.

કર્દમે માત્ર એકવાર જ દેવહૂતિ સાથે સમ્બન્ધ કરવાની પ્રતિજ્ઞા કરી(શ્લો.૧૯) છતાં મનુએ તેને તેની સાથે કેમ પરણાવી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે રાજા મનુ ભગવાનનો ભક્ત હોવાથી તે સર્વને સમાન જોતો. ''બધાને પુરુષાર્થોની પ્રાપ્તિ થાઓ'' એવો વિચાર રાખવો તે સર્વને સમાન જોવાનું છે. તેથી કર્દમ પણ તેનો પુરૂષાર્થ ભલે પ્રાપ્ત કરે એવા વિચારથી કર્દમે એવી પ્રતિજ્ઞા કરેલી હોવા છતાં તેણે દેવહૂતિ તેને પરણાવી [૧૬૫।।-૧૬૭]

**અધ્યાય ૨૩; કામ:**

વિવાહ થયા પછી દેવહૂતિએ ભક્તિથી કર્દમની સેવા કર્યાનું શા માટે કહેલ છે ? કર્દમે વિવાહ પછી પણ તપ શા માટે કર્યું ? એવા પ્રશ્ન થાય, તો જાણવું કે તેઓના કાર્ય-પુત્રીઓ શુદ્ધ થાય તે માટે દેવહૂતિએ વિવાહ પછી ભક્તિથી કર્દમની સેવા કરેલી(શ્લો.૧-૩). જો તેણે તેમ કરેલ ન હોય તો જેમ પુત્રના દોષથી પિતા નરકમાં જાય છે તેમ કાર્ય(પુત્રીઓ)ના દોષથી કારણ(દેવહૂતિ અને કર્દમ)ને પણ દોષ લાગે. વળી દેવહૂતિએ ભક્તિથી છૂટા ન પડે તેવા પતિના અભિપ્રાય

જાણવા(શ્લો.૧) ગુણો પણ સાચવેલા. કર્દમે જે તપ કરેલું તે તો પોતાને અને દેવહૂતિને પણ મુક્તિ પ્રાપ્ત થાય એવા જુદા પ્રયોજનથી કરેલું. અથવા કર્દમના તપનો પણ ભક્તિમાં સમાવેશ કરવો, જ્યારે દેવહૂતિએ તપ કરેલ તે પહેલાંની પેઠે (શુદ્ધ પુત્રીઓ થાય તે માટે) પવિત્રપણું સાચવવા કરેલું. વિષયભોગમાં આસક્તિ ન થાય તે માટે વિમાન વગેરે ભોગનાં સાધનો(શ્લો.૧૨-૨૧) કર્દમે અલૌકિક પ્રાપ્ત કરેલાં [૧૬૮]

શ્લો.૧૨ માં કર્દમે યોગનો આશ્રય કર્યાનું કહેલ છે. 'યોગ' એટલે ભગવાનનું ધ્યાન. જો તેણે ભગવાનનું ધ્યાન કર્યું ન હોત તો ભગવાનની કૃપાથી ઉત્પન્ન થયેલાં(વિમાન વગેરે તેને) પ્રાપ્ત ન થાત અને વિષયભોગથી તેનું બન્ધન થાત.

ત્યારે વિમાન કેવી રીતે ઉત્પન્ન થયું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને તે મોકલેલું. તામસ વિમાન(શ્લો.૧૨-૨૧), રાજસી કન્યાઓ(શ્લો.૨૫-૨૮) અને બ્રહ્માણ્ડના પ્રદેશોનું જ્ઞાન(શ્લો.૪૦-૪૩) કર્દમને ભગવાનની કૃપાથી જ પ્રાપ્ત થયેલ [૧૬૯]

ત્યારે એમ સ્પષ્ટ ન કહેતા, કર્દમે તે ઉત્પન્ન કર્યાનું કેમ કહ્યું છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રી દેવહૂતિને કર્દમનું માહાત્મ્ય જણાય તે માટે તે કર્દમે ઉત્પન્ન કર્યાનું કહેલું છે.

છતાં પણ તે ભગવાને આપેલ એ વિષય ચોક્કસ સિદ્ધ કરે તેવો તર્ક કહેવો જોઈએ એવો વિચાર આવે, તો જાણવું કે ભગવાને તે આપેલ હોવાથી જ કર્દમ સુયાસ લઈ વનમાં ગયા પછી પણ તે વિમાન દેવહૂતિ પાસે રહેલું. ભગવાને તે વિમાન વગેરે મોકલેલ અને કર્દમે યોગથી ઉત્પન્ન કરેલ ન હતાં તેથી જ તે રહેલાં, જો કર્દમે યોગથી ભોગમાટે ઉત્પન્ન કરેલ હોત તો ભોગ કરવાનું બંધ રહ્યું ત્યારે તે જતાં જ રહેત [૧૭૦]

કર્દમે પોતાના સ્વરૂપના નવ વિભાગો કરીને દેવહૂતિમાં ગર્ભાધાન કેમ કર્યું ? (શ્લો.૪૭) એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પોતાની કાયાના નવ વિભાગો કરી પોતાનાં નવ સ્વરૂપો કરી, જુદા-જુદા સ્વરૂપથી ગર્ભાધાન કર્યું. ભવિષ્યમાં સન્તાનોમાં પરસ્પર વિવાહ થઈ શકે તે માટે જુદી-જુદી પરમ્પરા(ગોત્ર) થયેલ, એમ જણાવવા તેણે તે પ્રમાણે ગર્ભાધાન કરેલ. આ સૃષ્ટિ ગુણવાળી જ છે તેથી નવ વિભાગો કરેલા. ગુણથી પર સૃષ્ટિ તો ભગવદ્રૂપ છે તેથી ગુણવાળી સૃષ્ટિ હોવાથી કાયાના વિભાગ કરી જુદા-જુદા નવ પ્રકારે ગર્ભાધાન કર્યું.

'એમ કરવામાં દેવહૂતિ સહમત કેમ થઈ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તેનાં તે સ્વરૂપો એક સરખાં હોવાથી દેવહૂતિને તે જાણવામાં ન આવવાથી કાંઈ વિઘ્ન થયું નહિ. તેથી જ સન્તાનો દોષ વિનાનાં પણ થયા અને વીર્યના સેચનરૂપ ફળ તો જુદું-જુદું જ થયું.

વીર્યનું સેચન જુદું-જુદું થવા છતાં દેવહૂતિને તેની ખબર કેમ ન પડી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વીર્યનું સેચન એક પછી એક તરત જ થયું અને તેમની વચ્ચેનો કાલ ઘણો સૂક્ષ્મ(અલ્પ) હોવાથી દેવહૂતિ તે જુદું-જુદું થયાનું જાણી શકી નહિ [૧૭૧-૧૭૨।।]

મૈથુન ધર્મથી જ સૃષ્ટિ ઉત્પન્ન થાઓ એવી ભગવાનની ઈચ્છા હતી, તેથી મરીચિ વગેરેને પત્નીઓની જરૂર હોવાથી વિવાહ કરવાની ઈચ્છા હતી; તેમજ સ્ત્રી દેવહૂતિને પણ ઘણાં સન્તાનો પોતાને થાય એવી ઈચ્છા હતી. વળી કર્દમે પણ એવો કરાર કરેલ કે મારું પોતાનું (આત્મનઃ) તેજ તે ધારણ કરે ત્યાં સુધી હું તેની સાથે વ્યવહાર કરી પછી સુયાસ લઈશ(અ.૨૨।૧૯) અને તે પ્રતિજ્ઞા પણ તેણે પાળવી જોઈએ, (મરીચિ વગેરેને પત્નીઓ પ્રાપ્ત થાય, દેવહૂતિની ઘણાં સન્તાનોની ઈચ્છા પૂર્ણ થાય અને પોતાની પ્રતિજ્ઞા પણ સચવાય) એ પ્રયોજનોથી કર્દમે પોતાની કાયાના નવ વિભાગો કરી જુદા-જુદા નવ પ્રકારે ગર્ભાધાન કર્યું.

એમ હોય તો પણ કર્દમની પોતાની પ્રતિજ્ઞા સચવાઈ નહિ, કારણ કે તેણે દેવહૂતિમાં મૂકેલ તેજ(વીર્ય) એક ન હતું. ઉલટું, ઘણા પુરુષનો સમ્બન્ધ થવાથી, તેમ કરવાથી, તેને પોતાને અને તેની સ્ત્રી દેવહૂતિને દોષ જ લાગે ! એવો વિચાર ન કરવો. કારણ કે ''આત્મનઃ મે'' ''મારા આત્મા (અહપાર)નું તેજ ધારણ કર''(અ.૨૨।૧૯) એવી તેની પ્રતિજ્ઞા હોવાથી, અહીં અહપારનું સ્વરૂપ જણાવવું જોઈએ અને તે ત્રણ ગુણોવાળો હોવાથી, તેનાં નવ સ્વરૂપો થાય છે. વળી આ સાંખ્ય પ્રકરણ છે. 'આત્મનઃ' શબ્દમાં જાતિ ધ્યાનમાં લઈ એકવચનનો પ્રયોગ કરેલો છે. અને તે વચન(પ્રતિજ્ઞા) પણ મનુ વગેરેના ચિત્તની પરીક્ષા કરવા જ કહેલું હોવાથી, તે પણ યોગ્ય જ હતું.

આવી શક્તિવાળા કર્દમ યોગથી દેહ તજે તો પણ મુક્ત થવાનો સમ્ભવ હોવાથી, તે વનમાં શા માટે ગયા ? (અ.૨૪।૪૧) એવો પ્રશ્ન થાય તો જાણવું કે સ્ત્રી દેવહૂતિને સંસારમાં વૈરાગ્ય થાય તે માટે તે વનમાં ગયા. વાસ્તવિક રીતે યોગમાં પણ ઘરનો ત્યાગ કરવાની જરૂર છે. ઘરનો ત્યાગ કરવાથી (અ.૨૪।૪૫) અર્ધ મુક્તિ થાય છે. પછી અર્ધ મોક્ષ (બાકી રહે તે માટે) દેહના(અ.૨૪।૪૨) અને અન્તઃકરણના(અ.૨૪।૪૩) ભેદથી બે પ્રકારે પ્રપંચનો ત્યાગ કરે ત્યારે જ મુક્તિ પ્રાપ્ત થાય છે એવું સાંખ્યનું અને યોગનું તાત્પર્ય છે. ભગવન્માર્ગમાં તો આથી જૂદો જ પ્રકાર છે. કારણ કે તેમાં ભગવાનનો આધાર હોય છે. ભગવન્માર્ગમાં જે પ્રકારે ભગવાન્ પોતે જ ફળરૂપ થાય છે તે ટીકા(શ્રીસુબોધિની)માં જણાવેલ છે [૧૭૧।।-૧૭૨।।]

**અધ્યાય ૨૪; મોક્ષ:**

ભગવાનને કપિલનો અવતાર લેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વૈરાગ્યવાળો પુરુષ પોતાને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે જો ભગવાન્ શ્રીકૃષ્ણનું ચિન્તન કરે તો ભગવાનનો જ્ઞાન અંશ પ્રકટ થાય છે, અને તેથી તેની સર્વ કામના ફળે છે. વૈરાગ્યવાળા કર્દમે જ્ઞાન

પ્રાપ્ત થાય તે માટે ભગવાનનું ચિન્તન કર્યું. તેથી ભગવાનના જ્ઞાન અંશરૂપ કપિલનો અવતાર થયો. આથી એમ જણાય છે કે ''જ્યાં સુધી મારા તેજને ગ્રહણ કરે'' એવો જે ઠરાવ કર્દમે અ.૨૨।૧૯ માં કરેલ તે ઠરાવ કપિલના પ્રાકટ્યથી પૂર્ણ થયો. જે નવ પુત્રીઓ અવતરેલી તે તો જુદાં જ સ્વરૂપ હતાં. (અહપારના સ્વરૂપથી ઉત્પન્ન થયેલ હતાં) [૧૭૨।।-૧૭૩।।]

જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે કર્દમ ભગવાનનું ચિન્તન કરે અને ભગવાનના જ્ઞાન અંશનું પ્રાકટ્ય થાય આ સર્વ બ્રહ્માને પસન્દ હોવાથી બ્રહ્મા કર્દમના આશ્રમે ગયા(શ્લો.૯) કપિલ ભગવાનનો અવતાર હોવાની લોકને ખાતરી થાય તે માટે બ્રહ્માએ ત્યાં જવાનું બીજું પણ એ પ્રયોજન કહેલું છે કે જ્યારે-જ્યારે ભગવાનનો અવતાર થાય છે ત્યારે બ્રહ્મા પોતાની મેળે ત્યાં જાય છે.

એમ હોય તો ભગવાનના સર્વ અવતાર સમયે બ્રહ્માએ ત્યાં જવું જોઈએ ! કેટલાક અવતાર થયા ત્યારે બ્રહ્મા ત્યાં ગયાનું કહેલું નથી ! એવી શંકા થાય, તો જાણવું કે બ્રહ્માએ ભગવાનની એવી સ્તુતિ કરેલી કે ભગવાન્ અવતાર ધારણ કરી જે-જે કર્મો કરે તેમાં મારા મનની પ્રવૃત્તિ કરાવે(અ.૯।૨૩) અને ભગવાને તેમને એવું વરદાન કરેલ કે બ્રહ્મા પ્રજા ઉત્પન્ન કરે છતાં રજોગુણનું તેમને બન્ધન ન થાય અને તેમનું મન ભગવાન્‌માં જ સદા આસક્ત રહે (અ.૯।૩૫) તેથી ભગવાનના અવતાર સમયે બ્રહ્મા ગયેલ હોવાનું કહેલ ન હોય તે સ્થળે પણ તે ગયેલા હતા એમ આ વરદાનને લીધે જાણવું. પરન્તુ મુખ્ય રીતે સમ્પૂર્ણ સ્તુતિ તો તે પૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણનો અવતાર થાય ત્યારે જ કરે છે. બ્રહ્માએ કર્દમના આશ્રમે જઈ તેને મરીચિ વગેરેને તેની કન્યાઓ પરણાવવા કહ્યું(શ્લો.૧૫) અને આ કપિલ ભગવાન્ છે એમ કહ્યું(શ્લો.૧૮-૧૯). તે સર્વે લોકના જાણવામાં આવે તે માટે કહેલું. કર્દમ અને દેવહૂતિ એ તો પહેલાં જ આ જાણેલ(અ.૨૨।૩૨ અને અ.૨૪।૨).

ત્યારે મરીચિ વગેરે ઋષિઓ વિવાહ પછી પોત-પોતાના આશ્રમે ગયાનું કહેલ છે(શ્લો.૨૫) તેનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કર્દમે તેમને પોતાની પુત્રીઓ પરણાવેલી છે એ સર્વના જાણવામાં આવે તે માટે એમ કહેલ છે. કારણ કે તેમ કહેલ ન હોય તો આ કલ્પમાં સ્ત્રીઓ પોતાની ઈચ્છાથી પતિનો સમ્બન્ધ કરે છે એમ જણાવેલ થાય(ગણાય).

જ્ઞાનરૂપ હરિ કપિલનો ત્યાગ કરી કર્દમ વનમાં ગયા તે અયોગ્ય હતું, એવી શંકા થાય, તો જાણવું કે હરિ પુત્ર થયા હોય તો પણ સર્વનો ત્યાગ કરી તેમનું ભજન કરવું આવશ્યક છે. તેથી ભગવાનનું ભજન કરવા તે વનમાં ગયેલ. એ પ્રમાણે ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી, ભોગથી આરંભી મુક્તિ સુધીના પુરુષાર્થો પુરુષને કેવી રીતે પ્રાપ્ત થયા તે કહ્યું [૧૭૩।।-૧૭૬]

**અધ્યાય ૨૫-૩૩; સ્ત્રી મુક્તિ :**

પુરુષની મુક્તિ ચાર અધ્યાયોથી કહી, હવે સ્ત્રીની મુક્તિ પચીસમાથી આરંભી તેત્રીસમા

સુધીના નવ અધ્યાયોથી કહે છે.

ધર્મ અર્થ અને કામ પુરુષના પ્રસંગમાં કહેલ હોવાથી તે કહેવાના રહેતા ન હોવાથી, માત્ર સ્ત્રીની મુક્તિ જ કહેવાની હોવાથી તે એક અધ્યાયમાં હવે કહેશે એવી શંકા ન રાખવી, કારણ કે સ્ત્રીની મુક્તિમાં વૈરાગ્ય વગેરે સાધનો વધારામાં કહેવાનાં હોવાથી તે એક અધ્યાયથી કહી શકાય તેવી નથી.

ત્યારે પુરુષની મુક્તિથી સ્ત્રીની મુક્તિ (તેનો અધિકાર હલકો હોવાથી) હલકી હશે એવી પણ શંકા ન કરવી, કારણ કે સાધનોના પ્રકારને લીધે સ્ત્રીની ઉત્તમ મુક્તિ થાય છે [૧૭૬।।]

કપિલે ઉપનિષદોમાં દર્શાવેલ જ્ઞાનને પડતું મૂકી સાંખ્યશાસ્ત્રમાં જણાવેલ જ્ઞાનનો દેવહૂતિને ઉપદેશ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ઉપનિષદોમાં દર્શાવેલું જ્ઞાન તેમજ શ્રીભાગવતમાં કહેલું જ્ઞાન પણ બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એ ત્રણ વર્ણના પુરુષોને જ પ્રાપ્ત થાય, સ્ત્રીઓને અને શૂદ્રોને તે પ્રાપ્ત ન થાય. ગાર્ગી, મૈત્રેયી વગેરે સ્ત્રીઓને તેઓના પતિ સાથે યજ્ઞનો અથવા વેદનો સમ્બન્ધ હોવાથી તે સ્ત્રીઓને એ જ્ઞાન પ્રાપ્ત થયેલું, પરન્તુ કર્દમના સમ્બન્ધમાં તેમ ન હતું; (તેની સાથે દેવહૂતિને યજ્ઞનો અથવા વેદનો સમ્બન્ધ થયો ન હતો). જો તેવી રીતે યજ્ઞ અથવા વેદનો સંબંધ થયા વિના સ્ત્રીઓને તે જ્ઞાન પ્રાપ્ત થતું હોય તો ''સ્ત્રીઓ, શૂદ્રો અને અધમ (માત્ર કહેવાતા) ત્રણ વર્ણવાળાઓને વેદ સાંભળવાનો અધિકાર નથી'' (ભાગ.પુરા.૧।૪।૨૫) એમ કહેલું છે તેમાં સ્ત્રીઓનો સમાવેશ ખોટો કરેલો ગણાય. શ્રીભાગવતનું જ્ઞાન પણ ત્રણ વર્ણના પુરુષોને જ પ્રાપ્ત થાય, કારણ કે તેમાં ઉપાસના (ભગવાનનું ચિન્તન) મુખ્ય છે. તેથી જે કંઈ જ્ઞાન ભગવાને બ્રહ્માને કહેલ તે જ ત્રણ વર્ણના પુરુષોને જ અપાય એમ જાણવું [૧૭૬-૧૭૮]

આ પ્રકરણમાં વિદુર મુખ્ય શ્રોતા છે. તેને પણ સાંખ્યનું જ્ઞાન જ અનુકૂલ હતું. (તેને ૩।૫।૩૩ થી આરંભી શ્રીભાગવતમાં જણાવેલ જ્ઞાનનો ઉપદેશ મૈત્રેયે કરવા માંડેલ, છતાં પણ તે તેની હૃદયમાં ઊતર્યું નહિ, એટલે તે; તે જ્ઞાનનો અધિકારી નથી એમ જાણી મૈત્રેયે તેને સાંખ્ય જ્ઞાનનો જ ઉપદેશ ૩।૮।૧૦ થી આરંભી કરવા માંડેલ).

વિદુર શૂદ્ર હોવાથી સાંખ્યજ્ઞાનનો પણ તે અધિકારી ન હતો એવી શંકા થાય, તો જાણવું કે બ્રાહ્મણ(વ્યાસ)ના બીજથી ઉત્પન્ન થયેલો અને (ક્ષત્રિયના વંશમાં જન્મેલ હોઈ) ક્ષત્રિય દેહવાળો હતો તેથી બ્રાહ્મણ અને ક્ષત્રિયનું પ્રધાનપણું તેનામાં હોવાથી તે અધિકારવાળો હતો. તેથી સાંખ્યના પ્રકારથી કપિલે દેવહૂતિને જ્ઞાનનો બોધ કરેલ છે [૧૭૯]

વિદુર બ્રાહ્મણના બીજથી ક્ષત્રિય દેહવાળો હતો ત્યારે ભગવાને આપેલ જ્ઞાનનો જ મૈત્રેયે તેને ઉપદેશ કરવો જોઈતો હતો, સાંખ્યજ્ઞાન તેને અનુકૂલ કેવી રીતે ગણાય ? એવો પ્રશ્ન થાય, તો સિદ્ધાન્તના બલને અનુસરી તેનું સમાધાન તેવી રીતે કરવું કે હરકોઈ પ્રકારે આત્માનું જ્ઞાન પ્રાપ્ત

કરવાનું છે. (અને તે) ફળ દઢ સાધન(યોગ) આચરવાથી, જ્ઞાન પ્રાપ્ત કરવાથી અથવા ભક્તિથી સમ્પૂર્ણ રીતે પ્રાપ્ત થાય તેવું છે. તેથી આ પ્રકરણમાં સાંખ્ય, યોગ અને ભક્તિમાર્ગ એ ત્રણનો ઉપદેશ કરેલો છે. તે પૈકી યોગ આચરવાથી આ દેવહૂતિને ભગવાનની પ્રાપ્તિ થઈ. તેણે યોગમાર્ગે ભગવાન્ પ્રાપ્ત કરેલ હોવાથી ભગવાન્ કપિલ તેની સમ્મતિથી તેની પાસેથી પધારી ગયેલ(અ.૩૩।૧૨) અને તેણે ભગવાન્ કપિલ ઉપર પુત્ર તરીકેનો સ્નેહ તજેલ ન હતો(અ.૩૩।૨૦-૨૧) છતાં પણ તેને દોષ લાગ્યો નહિ (અને તેને ભગવાનની પ્રાપ્તિ થઈ. અ.૩૩।૩૦) [૧૮૦-૧૮૦।।]

દેવહૂતિ ''દુષ્ટ ઇન્દ્રિયોનું પોષણ કરવાથી હું ઘણી કંટાળી ગયેલી છું''(અ.૨૫।૭) વગેરે વાક્યો શા માટે કહે છે ? તેવા વાક્યો કહેવાનું તેને શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સંસારથી કંટાળેલાએ ગુરુ પાસે જઈ શ્રદ્ધા અને ભક્તિ થી પોતે જે તજવાનો વિષય હોય તે ગુરુને જણાવવો જોઈએ. તેમ કરે તેને જ ગુરુએ તત્ત્વનો ઉપદેશ કરવો જોઈએ. તેમ ન કરે તો ઉપદેશ કરવો ન જોઈએ. પોતાના પતિ કર્દમના કહેવાથી(અ.૨૪।૪) અને બ્રહ્માના વચનથી (અ.૨૪।૧૮-૧૯) દેવહૂતિ જાણતી હતી કે કપિલ ભગવાન્ છે અને સાંખ્યશાસ્ત્ર રચનાર છે, તેથી તેમને ગુરુ જાણી તેણે તે વચનો(શ્લો.૭-૧૦) કહેલાં છે. તે પૈકી પ્રથમ શ્લોકમાં પોતે સંસારથી કંટાળી તેનો પ્રકાર કહેલ છે. પતિના કહેવાથી અને બ્રહ્માનાં વચનથી કપિલ ભગવાન્ છે એવો તેને નિશ્ચય થયેલ હોવાથી અને ગુરુ કરવાના પ્રયોજનથી એ વચન તેણે કહેલ છે, તેથી ભગવાનને તેણે એ વચન કહ્યું તેમાં કાંઈ આશ્ચર્યકારક નથી.(માતા પુત્રને એવું વચન કહે તે અયોગ્ય હોવાથી, આચાર્યશ્રીએ એ વચન કહેવાનું પ્રયોજન અહીં જણાવેલ છે.) [૧૮૦।।-૧૮૨।।]

સામાન્ય રીતે કર્દમે દેવહૂતિને સાંખ્યનો પ્રકાર (અ.૨૪।૩-૪ માં) જણાવેલો, તેથી દેવહૂતિ જાણતી હતી કે દેહ વગેરે આત્મા છે એમ જાણવાથી તેઓમાં મોહ થાય છે, અને એવા મોહથી આ લોકમાં વારંવાર જન્મ-મરણ થયા કરે છે(શ્લો.૧૦). મોહ થવાથી જ સંસાર થયા કરે છે. સાંખ્ય(જ્ઞાન) પ્રાપ્ત થતાં તેના સમ્બન્ધથી મોહ દૂર થાય છે, અને તે સાંખ્ય રચનાર કપિલ જ છે, તેથી પ્રકૃતિ અને પુરુષ નું જ્ઞાન જણાવવા તેણે કપિલને પ્રાર્થના કરી(શ્લો.૧૧) [૧૮૨।।-૧૮૩।।]

દેવહૂતિએ પ્રકૃતિ અને પુરુષ નો ભેદ જાણવા પ્રશ્ન કર્યો. ત્યારે કપિલે તેને યોગનો ઉપદેશ કર્યો(શ્લો.૧૩-૧૪) તે અયોગ્ય હતું એવી શંકા થાય, તો જાણવું કે શબ્દ માત્રથી પ્રાપ્ત થતું સાંખ્યનું જ્ઞાન મોહ દૂર કરવામાં ઉપયોગી નથી, પરન્તુ તે ચિત્તને(પ્રકૃતિ અને પુરુષ નો ભેદ જાણવામાં) સહાય કરનારું છે(શ્લો.૧૫) અને તે જ્ઞાનમાં જે શંકાઓ થાય તે દૂર કરવા મનને સહાય કરનારું છે(શ્લો.૧૬-૧૮). તેથી જે પ્રકારનું ચિત્ત આત્માનો સાક્ષાત્કાર કરાવે, તેવું ચિત્ત

સાધનો કરીને પ્રાપ્ત કરવું જોઈએ, એમ ગુરુ કપિલે દેવહૂતિને પ્રેમથી કહેલું છે(શ્લો.૧૯,૨૪,૨૭). યોગ દોષો દૂર કરનારો હોવાથી આરંભમાં તે મુખ્ય છે તેથી દોષો દૂર કરવા પહેલાં યોગનું આચરણ કરવા કપિલે દેવહૂતિને ઉપદેશ કરેલો છે. દોષો દૂર થાય ત્યાં સુધી યોગ આચરવો જોઈએ, કારણ કે દોષરહિત(ચિત્ત) જ આત્મામાં રમણ કરે છે. જ્યારે ચિત્ત સર્વત્ર સમદૃષ્ટિવાળું થાય ત્યારે તે દોષરહિત થયેલું જાણવું(સર્વત્ર સમદૃષ્ટિ થાય એ દોષરહિતપણું જણાવનારું ચિહ્ન છે) [૧૮૩।।-૧૮૬।।]

માત્ર યોગથી પણ પ્રયોજન સરતું નથી, તેથી પ્રયોજન સિદ્ધ થાય તે માટે કપિલે દેવહૂતિને ભક્તિનો પણ ઉપદેશ કરેલો છે(શ્લો.૧૯). ભક્તિ વિનાનો કોરો યોગ ચિત્તને શુદ્ધ કરી શકતો નથી, તેનાથી ચિત્તની શુદ્ધિ થઈ શકતી નથી. તેવો યોગ પોતાનો પણ નિભાવ કરી શક્તો નથી. યોગ પણ એમ (ભક્તિ વિના) આચરી શકાતો નથી તેથી ભગવાનની ભક્તિ જ સર્વ પ્રયોજન સિદ્ધ કરાવનારી છે. તેથી કપિલે દેવહૂતિને ભગવાનની ભક્તિ કરવાનો ઉપદેશ કરેલો છે(શ્લો.૧૯-૨૩). સત્પુરુષોના સંગ વિના ભક્તિ પણ કોઈ સમયે થતી નથી. પોતાની મેળે ઉત્પન્ન થયેલી ભક્તિથી તેમજ બીજાની ભક્તિને જોઈને ઉત્પન્ન થયેલી ભક્તિથી પણ પુરુષાર્થની પ્રાપ્તિ થતી નથી તેથી ભક્તિ પ્રાપ્ત કરવા સત્સંગ કરવાનો ઉપદેશ પણ કપિલે દેવહૂતિને કરેલ છે. શ્લો.૨૫-૨૬. કારણ કે નવા-નવા સન્દેહો ઉત્પન્ન થાય, તે સત્પુરુષોથી જ દૂર થઈ શકે છે [૧૮૬।।-૧૮૭।।]

સત્પુરુષોને પણ તેઓનાં ચિહ્નોથી જ ઓળખવા. લોકમાં સત્પુરુષ તરીકે પ્રસિદ્ધ હોય, અથવા પોતાની જેમના ઉપર સત્પુરુષ તરીકે પ્રીતિ હોય, તેઓને સત્પુરુષ ન માનવા, પરન્તુ સત્પુરુષનાં ખાસ ચિહ્નોથી જ તેમને ઓળખવા. વળી તેઓનો સંગ પણ ભગવાનની કથામાટે જ કરવો. ભગવાનની કથામાં જ અથવા કથા કરવાનાં સાધન કરવામાં જ તેઓનો સંગ કરવો. એવી રીતે સાંકળના પ્રકારથી (એક-બીજા સાથેનો સમ્બન્ધ જણાવી) કપિલે દેવહૂતિ પાસે પદાર્થોનું વર્ણન કર્યું. આ પ્રમાણે કરવાથી ઉલટા પ્રકારે આત્માનો સાક્ષાત્કાર (થવાનું) સિદ્ધ થાય છે. આ ઉલટો પ્રકાર એવો છે કે સત્પુરુષોનો સંગ થતાં સર્વ પ્રથમ તો ભગવાનની કથાનું શ્રવણ થાય અને તેઓએ કહેલા પ્રકારે યોગ આચરવાથી ચિત્ત નિર્મળ થાય, પછી ભગવાનના ગુણોના શ્રવણમાં પ્રીતિ થતાં તેમના ઉપર ઉત્તમ પ્રેમ થતાં ભગવાનનો સાક્ષાત્કાર થાય. તેથી સર્વ જાણવામાં આવે પછી ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય [૧૮૭।।-૧૮૮।।]

સાંખ્ય (જ્ઞાન પ્રાપ્ત કરવા)માં ભક્તિ તેનું અંગ છે એમ કહીને કપિલ, પોતાના માર્ગ (ભગવન્માર્ગ)માં ભક્તિ મુખ્ય હોવાનું (શ્લો.૨૫-૨૭થી) કહે છે. દેવહૂતિએ જાણ્યું કે સત્પુરુષોની ભક્તિથી જ સર્વ પુરુષાર્થો સિદ્ધ થાય છે એમ કપિલે કહ્યું, અને મને તો પ્રસંગને લીધે જ તેમણે ભક્તિ કરવાનું કહ્યું, તેથી દેવહૂતિએ સત્પુરુષોનો સંગ કરવાનો પ્રયાસ ન કર્યો, અને

વિશેષ પ્રશ્ન (શ્લો.૨૮-૩૦) એવા પ્રયોજનથી કર્યા કે મને ભક્તિ અથવા યોગ જે કરવાનું કહેશે તે હું કરીશ. માત્ર વેદ સર્વ પદાર્થોનું સામાન્ય રીતે નિરૂપણ કરે છે. બીજાઓ તો પ્રશ્ન કરનારના અધિકાર પ્રમાણે તે કહે છે, તેથી તેણે ૨૮-૨૯ શ્લોકોથી ફરીથી યોગ અને ભક્તિ એ બે સમ્બન્ધી પ્રશ્ન કર્યા. આ પ્રશ્નો તેણે શ્રદ્ધાથી અને ભક્તિથી કર્યા, તેથી કપિલ તેના ઉપર પ્રસન્ન થયા, કારણ કે તેણે ભક્તિથી પ્રશ્ન કર્યા એટલે પોતે પુત્ર હોવાની સ્થિતિ ન રહી. તેથી પ્રસન્ન થઈ તેમણે ભક્તિનો અને જ્ઞાનનો ઉપદેશ કરવાનો નિશ્ચય કર્યો. અને [૧]ભક્તિ [૨]આત્મા અને અનાત્મા (જડ પદાર્થ)નો ભેદ [૩] જ્ઞાન અને [૪]યોગ એ ચાર પદાર્થોનો બોધ કર્યો. તે પૈકી આત્મા અને અનાત્મા નો ભેદ જ્ઞાનનું અંગ હોવાથી, તેમણે ત્રણ પદાર્થો દેવહૂતિને કહેવાની શ્લો.૩૧ માં પ્રતિજ્ઞા કરી. એ શ્લોકમાં 'તત્ત્વામ્નાય' કહેલ છે તેનો અર્થ 'સાંખ્ય(જ્ઞાન)' છે. (તે) અને ભક્તિનાં વિસ્તાર સાથે યોગ કહેવાની પ્રતિજ્ઞા કરી એવી રીતે ત્રણ કહેવાની પ્રતિજ્ઞા થઈ.

એમ હોય તો પ્રથમ જણાવેલ સાંખ્યનું નિરૂપણ કર્યા પહેલાં કપિલે ભક્તિનું નિરૂપણ કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સાંખ્યશાસ્ત્રથી જ્ઞાનરૂપ ફળ પ્રાપ્ત થાય છે. જ્ઞાન મુખ્ય છે અને તે કહેવાની પ્રતિજ્ઞા કપિલે એ શબ્દથી કરેલી જાણવી. તેમ ન હોય તો માત્ર સાંખ્ય કહેવાની પ્રતિજ્ઞા નિરર્થક થાય. તેથી જ્ઞાન તેનાં સાધનો સાથે કહેવાનું હોવાથી અને તેમાં ઘણું કહેવાનું હોવાથી, કપિલે પહેલાં (૩૨-૪૪ સુધીના શ્લોકોથી) ભક્તિનું નિરૂપણ કર્યું [૧૯૧।।-૧૯૨]

પ્રતિજ્ઞા સન્દેહવાળી જણાય તો ઉપર જણાવેલ અર્થ એથી સ્પષ્ટ થાય છે કે ઉપર જણાવેલ ચાર-ચાર પદાર્થો(૨૫-૨૯ સુધીના) ચાર અધ્યાયોથી કહેલ છે. તેમાં પહેલા(પચીસમા) અધ્યાયમાં ભક્તિ કહેલી છે. ત્યાર પછીના અધ્યાયોમાં અનુક્રમે સાંખ્ય, જ્ઞાન અને યોગ કહેલા છે.

બીજું કાંઈ સહાય કરનાર ન હોય ત્યારે પણ ભક્તિ (ભક્તોને પુરુષાર્થનું દાન કરવાની) શક્તિવાળી હોવાથી ચાર પદાર્થો શા માટે કહ્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આ દેવહૂતિને ભક્તિ કરવાનો અધિકાર નથી એમ વાસ્તવિક રીતે જણાવેલું છે. ભક્તિનું જે નિરૂપણ કરેલું છે તે દેવહૂતિમાટે કરેલું નથી, કારણ કે તે સ્ત્રી હોવાથી તેને સત્પુરુષોનો સંગ થાય તેમ ન હતું અને ''હવે હું તને સાંખ્ય કહીશ''(અ.૨૬।૧) એમ જુદા આરંભથી જ સાંખ્ય વગેરે દેવહૂતિમાટે જ કહેલા છે. તેથી જ (કપિલે તેને બીજા) ત્રણ પદાર્થો કહ્યા. તે પૈકી સાંખ્ય અને યોગ ના પ્રકારો જુદા-જુદા હોવાથી દેવહૂતિને શા માટે અને ક્યા માર્ગથી ફળ પ્રાપ્ત થયું ? એ જાણવાની ઈચ્છા થાય, તો જાણો કે તેણે યોગનું આચરણ કર્યું અને તે માર્ગથી તેને ફલની પ્રાપ્તિ થઈ એવો નિશ્ચય થાય છે. સાંખ્યનું નિરૂપણ કપિલે કર્યું તેથી જ જણાય છે કે ભક્તિમાર્ગની પેઠે સાંખ્ય પણ તેને ઉપયોગી ન હતું [૧૯૦।।-૧૯૨]

આ પચીસમા અધ્યાયમાં ભક્તિનું સ્વરૂપ કહેલું નથી, પરન્તુ બધોયે ભક્તિમાર્ગ કહેલો છે.

(૩૨ થી ૪૪ સુધીના) તેર શ્લોકોથી ભક્તિમાર્ગનો નિર્ધાર કરેલો છે. આ તેર શ્લોકોનો અંદરનો પ્રયોગ એવો છે કે આ શ્લોકોમાં સાત વિષયો કહેલા છે :

૧. ભક્તિનું સ્વરૂપ

૨. ભક્તિથી અવશ્ય પ્રાપ્ત થનારું ફળ

૩. મોક્ષ

૪. લોકમાં ભયરહિત થવાનો નિશ્ચય.

અહીં 'લોકમાં' શબ્દથી ''આ લોકમાં અને પરલોકના પદાર્થોના સમ્બન્ધમાં'' એમ જાણવું. જેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તેમના (ભગવાનના) સમ્બન્ધમાં તો, તેમ (ભયરહિત) થવાતું નથી એવો ભાવ છે.

૫. ભયરહિત થવાનું કારણ

૬. આ વિષયમાં ઉત્તમ પુરુષોની સમ્મતિ અને

૭. કર્તવ્ય સમ્બન્ધી સમ્પૂર્ણ નિશ્ચય.

આ વિષયો અનુક્રમે બે, ત્રણ, પછી પણ બે-બે શ્લોકોથી ત્રણ અને (બાકીના) ત્રણ એક-એક શ્લોકથી કહેલા છે.

૧. (૩૨ અને ૩૩ એ) બે શ્લોકોથી ભક્તિનું સ્વરૂપ કહેલું છે.

૨. ૩૪-૩૬ સુધીના ત્રણ શ્લોકોથી ભક્તિ સાથે અવશ્ય પ્રાપ્ત થનારું ફળ કહેલું છે.

૩. ૩૭ અને ૩૮ એ બે શ્લોકોથી સાલોક્યરૂપ મોક્ષ જણાવેલ છે.

૪. ૩૯ અને ૪૦ એ બે શ્લોકોથી મોક્ષનો નિર્ણય કરેલો છે. એ રીતે બે પ્રકારના મોક્ષ કહ્યા. પહેલો સમ્પૂર્ણ રીતે ભગવાનનું ભજન કરવાથી થતો અને બીજો સંસારના વૈરાગ્યથી થતો.

૫. પછીના ૪૧ અને ૪૨ શ્લોકોથી ભય ન રહેવારૂપ મોક્ષ કહેલો છે. તેથી દરેક બે-બે શ્લોકોથી એમ ત્રણ પ્રકારના (મોક્ષ) થયા.

૬-૮. આગળના (ભય ન રહેવાનું કારણ) વગેરે ત્રણ વિષયો(૬-૭-૮) એક-એક શ્લોકથી કહેલા છે (શ્લો.૪૨ થી આરંભી આ ત્રણ વિષયો કહેલા છે).

—એવી રીતે અહીં સાત અથવા આઠ વિષયો કહેલા છે. એ પ્રમાણે તર્ક સહિત ભક્તિમાર્ગનું નિરૂપણ કર્યું [૧૯૩-૧૯૪]

આ ભક્તિમાર્ગનો દેવહૂતિને અધિકાર ન હતો, કારણ કે ૧. તેને સત્પુરુષોનો સંગ ન હતો. ૨. વળી તે મોક્ષ પ્રાપ્ત કરવા ઇચ્છતી હતી. મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા પણ ભક્તિમાર્ગમાં અડચણરૂપ છે. ૩. વળી ભગવાનની પ્રાપ્તિમાં નડતરરૂપ સ્ત્રીઓનો પણ ત્યાગ કરવો જોઈએ (દેવહૂતિની સેવામાં રત્નાલંકારોથી શોભતી સ્ત્રીઓ રહેતી-જુઓ અ.૩૩।૧૭). વળી ૪. દેવહૂતિ; સ્ત્રી હોવાથી તેનાથી સંસારનો રાગ તજી શકાય તેમ ન હતો તેથી તે મુખ્ય ભક્તિ કરવામાટે અયોગ્ય હતી. તેથી તેને કપિલે સાંખ્ય વગેરે બીજા વિષયોનો ઉપદેશ કર્યો [૧૯૫]

**અધ્યાય ૨૬ ; સાંખ્ય : તત્ત્વામ્નાય અથવા આત્મા-અનાત્મા નો ભેદ :**

સાંખ્ય નિરૂપણ કરતાં આરંભમાં જ્ઞાનનો પણ ઉપદેશ કરવાની કપિલ પ્રતિજ્ઞા કરે છે. આરંભમાં બે વિષયો કહેવાની પ્રતિજ્ઞા કરે છે, પહેલા શ્લોકમાં સાંખ્યનું નિરૂપણ કરવાની અને બીજા શ્લોકમાં જ્ઞાનનું નિરૂપણ કરવાની. ત્યારપછીના છ(૩-૮) શ્લોકોથી જ્ઞાનનું નિરૂપણ થઈ શકે તે માટે અધ્યાસ(એક પદાર્થને તે ન હોય તેવો જુદો પદાર્થ જાણવો તે)નું વર્ણન કરેલું છે. તેથી શ્લો.૩-૮ પણ સંગતિ (યોગ્ય સમ્બન્ધ) વિનાના નથી.

સર્વ જગત્ બ્રહ્મ છે એવા જ્ઞાનનો ઉપદેશ કરવો જોઈએ; આત્મા દેહથી જુદો છે એવા જ્ઞાનનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સ્ત્રીને મુખ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર ન હોવાથી આ અપૂર્ણ જ્ઞાન તેને કહેલ છે તે યોગ્ય છે. જેઓને વેદનો અધિકાર નથી, તેઓને મુખ્ય જ્ઞાનનો પણ અધિકાર નથી. સ્ત્રીઓને વેદનો અધિકાર ન હોવાથી મુખ્ય જ્ઞાનનો પણ અધિકાર નથી. આત્મા સર્વ જડ પદાર્થોથી જુદો છે એવું જ્ઞાન અપૂર્ણ જ્ઞાન છે અને સ્ત્રીઓને અને જેઓને વેદનો અધિકાર નથી તેઓને તે જ્ઞાન જ અપાય, તેથી અધ્યાસ દૃઢ હોવાનું જાણવામાં આવે તે માટે સાંખ્યજ્ઞાન કહેલું છે, કારણ કે વાસ્તવિક ભેદ હોય તો જ અધ્યાસ થાય [૧૯૬-૧૯૬।।]

સાંખ્યજ્ઞાનમાં ઉત્પત્તિથી(શ્લો.૧૧-૫૨) અને તર્કથી(શ્લો.૫૩-૭૨) આત્મા સર્વ પદાર્થોથી જુદો હોવાનું દર્શાવેલું છે. દેવહૂતિને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે સાંખ્યશાસ્ત્ર કહેલું છે, કારણ કે જ્ઞાનપ્રાપ્તિ માટે જ તેણે(શ્લો.૧૦ માં) પ્રશ્ન કરેલ. આત્મા બીજા પદાર્થોથી જુદો છે એવા જ્ઞાનથી પોતે સંસારથી જુદી છે એવું જ્ઞાન દેવહૂતિને થાય તે માટે આ કહેલ છે. જેઓને મુખ્ય જ્ઞાનનો અધિકાર નથી તેઓને પોતે અનર્થરૂપ સંસારથી જુદા છે એવું જ્ઞાન નડતરરૂપ નથી [૧૯૬।।-૧૯૭।।]

**અધ્યાય ૨૭ ; જ્ઞાન :**

સત્તાવીસમા અધ્યાયમાં જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. આ અધ્યાયમાં પહેલાં પાંચ શ્લોકોથી આત્મા પ્રકૃતિથી જુદો હોવા છતાં તેને પ્રકૃતિનો સમ્બન્ધ થતાં સંસાર પ્રાપ્ત થાય છે એ વિષયની યોગ્યતા દર્શાવી છે. છ થી દશ સુધીના શ્લોકોથી આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધનો કહેલાં છે. ૧૧-૧૬ શ્લોકોથી આત્માનો સાક્ષાત્કાર થવા સમ્બન્ધી વિચાર કરેલ છે; તે પણ સાધન છે. વિચાર સાધન હોવાથી જ પુરુષને પ્રકૃતિથી છૂટો કેવી રીતે કરાય એ સમ્બન્ધી વિચાર (શ્લો.૧૭-૩૦ સુધીમાં કરેલ છે તે) પણ ઘટે છે. આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે આ કહેલ છે.

**અધ્યાય ૨૮ ; યોગ :**

અઠ્ઠાવીસમા અધ્યાયમાં યોગનું નિરૂપણ કરેલું છે. યોગનાં આઠ અંગો છે :

(૧-૨. યમ અને નિયમો, આ બે ભેગા કરી બીજાથી સાત સુધીના શ્લોકથી કહેલા છે.

૩. આસન આઠમા શ્લોકમાં

૪. પ્રાણાયામ શ્લો.૯ તથા ૧૦ માં,

૫-૬. ધારણા અને પ્રત્યાહાર શ્લો.૧૧ માં

૭. ધ્યાન ૧૨-૩૪ સુધીના શ્લોકોમાં અને

૮. સમાધિ શ્લો.૩૫ માં કહેલ છે.)

વળી યોગ દેવહૂતિએ આચરવાનો છે, તેથી આ અધ્યાયમાં યોગ વિસ્તારથી કહેલો છે [૧૯૭।।-૧૯૮।।]

**અધ્યાય ૨૯; ભક્તિ:**

ઓગણત્રીસમા અધ્યાયના આરંભમાં(શ્લો.૨-૪) દેવહૂતિ ભક્તિ અને વૈરાગ્ય સમ્બન્ધી પ્રશ્ન કરે છે તે અયોગ્ય છે એમ ન માનવું; કારણ કે ભક્તિ અને વૈરાગ્ય (યોગનાં) ઉત્તમ સાધનો છે. ભક્તિ અને વૈરાગ્ય બન્ને ન હોય તો યોગ આચરી શકાય નહિ, તેથી આ ભક્તિના અધ્યાયમાં ભગવાનના માહાત્મ્યનું ભાન કરાવવા ભયના કારણરૂપ કાલનું નિરૂપણ કરેલું છે, તે એમ જણાવવા કરેલું છે કે ભગવાનનું માહાત્મ્ય ભક્તિનું પણ અંગ છે. આ અધ્યાયના ૭ થી ૩૪ મા સુધીના સાડા અઠ્ઠાવીસ શ્લોકોથી ભક્તિના સ્વરૂપનું વર્ણન કરેલું છે અને ૩૬ માથી ૪૫ મા સુધીના દશ શ્લોકોથી વૈરાગ્ય થવાનાં કારણરૂપ ભગવાન્ (કાલ)નું માહાત્મ્ય જણાવેલું છે [૧૯૮।।-૧૯૯।।]

**અધ્યાય ૩૦-૩૧; વૈરાગ્ય:**

ત્રીસમા અને એકત્રીસમા, એ બે અધ્યાયોથી વૈરાગ્યનું નિરૂપણ કરેલું છે. દોષ મૃત્યુ અને જન્મ કરાવનાર હોઈ તે બેના ભેદથી વૈરાગ્યનો ઉપદેશ કરાવે છે તેથી વૈરાગ્ય આ બે અધ્યાયોથી જણાવેલો છે. વૈરાગ્ય ભયને લીધે થાય છે. આ બે પૈકી ત્રીસમા અધ્યાયમાં મૃત્યુનું નિરૂપણ કરેલું છે. ફરી જન્મ થાય ત્યાં સુધી મૃત્યુ ગણાય છે, તેથી આ અધ્યાયના અન્તે ''ફરી અહીં આવે છે'' એમ કહેલું છે [૧૯૯।।-૨૦૦।।]

એકત્રીસમા અધ્યાયમાં જન્મના ભયનું, વૈરાગ્ય થાય તે માટે, નિરૂપણ કરેલું છે. સંગનો ત્યાગ કર્યા વિના જ્ઞાન ઉપયોગી થતું નથી એમ દર્શાવવા આ અધ્યાયમાં ગર્ભસ્તુતિ (શ્લો.૧૨-૨૧) કહેલી છે. ગર્ભમાં બધાને જ્ઞાન થાય છે, કારણ કે ગર્ભમાં સર્વ તેવા(જ્ઞાનવાળા) હોય છે. જો સંગ થવા છતાં જ્ઞાન ઉપયોગી થતું હોય તો તેવા જ્ઞાનવાળાને સંસાર થવાનું કહેવું ઘટે નહિ. તેથી આ સ્તુતિથી એમ જણાવેલું છે કે વૈરાગ્ય પ્રકરણમાં જ્ઞાન ઉપયોગી નથી (જ્ઞાન વૈરાગ્ય કરાવતું નથી) [૨૦૦।।-૨૦૧।।]

વૈરાગ્યનો બોધ કરનાર (૩૦ અને ૩૧ એ) બે અધ્યાયોથી એમ સિદ્ધ કરેલું છે કે જ્ઞાન

વૈરાગ્ય કરાવતું ન હોવાથી સર્વનો ત્યાગ કરીને ભૂમિ ઉપર ભમવું એ ઉત્તમ સાધન છે. એવી રીતે ૨૯-૩૧ સુધીના ત્રણ અધ્યાયોથી ભક્તિ અને વૈરાગ્ય એ બે સાધન કહ્યાં. (જન્મ મૃત્યુ અને ગર્ભસ્તુતિ, એ ત્રણથી વૈરાગ્ય અને ભ્રમણ એ બે સાધન કહ્યા— આવરણભંગ)

**અધ્યાય ૩૨ ; સર્વનિર્ણય :**

બત્રીસમો અધ્યાય સર્વ ગુણવાળા જીવોએ કરવાના સાધન અને ફળનો નિર્ણય કરાવનારો છે. તેમાં રાજસ, સાત્ત્વિક અને તામસ, તથા ગુણથી પર જીવોના સમ્બન્ધમાં નિર્ણય કરેલો છે.

**શ્લો.૧ થી** આરંભી રાજસ (શ્રીસુબોધિનીમાં શ્લો. ૧ ના આભાસમાં 'તામસ' લખેલ છે, પરન્તુ શ્લો. ૨ નાં શ્રીસુબોધિની જોતાં ત્યાં 'રાજસ' જોઈને એમ જણાય છે.) જીવોના સમ્બન્ધમા નિર્ણય કરેલો છે.

**શ્લો.૫ થી** આરંભી સાત્ત્વિક જીવોના સમ્બન્ધમાં નિર્ણય કરેલો છે. તેમાં બ્રહ્મા વગેરે સમ્બન્ધી નિર્ણય શ્લો.૧૨ માં જણાવેલ છે.

**શ્લો.૧૬ થી** આરંભી તામસ જીવોના સમ્બન્ધનો નિર્ણય કહેલો છે

**શ્લો.૨૨ થી** આરંભી ગુણોથી પર અવસ્થાવાળા જીવોના સમ્બન્ધમાં નિર્ણય કહેલો છે.

એ પ્રમાણે સર્વ (ગુણવાળા) જીવોના સમ્બન્ધમાં આ એક અધ્યાયમાં વિસ્તારથી નિર્ણય કરેલો છે. સંક્ષેપથી સર્વનો નિર્ણય જણાવવા છેલ્લો તેત્રીસમો અધ્યાય કહેલો છે [૨૦૧।।-૨૦૨।।]

આ બત્રીસમા અધ્યાયના ૩૯ માં ખલ(અધમ પુરુષ) વગેરેને આ ઉપદેશ ન કરવા દેવહૂતિને કપિલ કહે છે. તે એટલા માટે કહેલું છે કે આ સંવાદ વ્યાસ વગેરે શ્રીભાગવત વગેરેમાં અવશ્ય કહેવાના. તેથી (આ ઉપદેશ કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય પુરુષના) ગુણો અને દોષો ૩૯-૪૨ સુધીના શ્લોકોમાં અનેક પ્રકારે કહેલા છે. ચાલુ પ્રસંગમાં તો એ શ્લોકોનો ઉપયોગ નથી. એવી રીતે ૨૫ માથી ૩૨ મા સુધીના આઠ અધ્યાયોથી સર્વ સાધનોનો નિર્ણય થાય તે માટે વિભાગ પાડી વિસ્તારથી તત્ત્વ કહેલું છે [૨૦૨।।-૨૦૪]

**અધ્યાય ૩૩ :**

તે જ તત્ત્વ સહેલાઈથી સમજી શકાય તે માટે તેત્રીસમા અધ્યાયથી સંક્ષેપથી કહેલું છે. આ અધ્યાય ફલરહિત છે એમ ન માનવું, કારણ કે તેમાં પહેલાંના સર્વ અધ્યાયોનો સાર ખેંચીને કહેલો છે અને તેથી તે તરત જ ફળ પ્રાપ્ત કરાવનારો અને સર્ગને પૂર્ણ કરનારો છે. અધ્યાયની અંદરના શ્લોકોનો અર્થ એવો છે કે દેવહૂતિ; ગુરુ કપિલની કૃપા પ્રાપ્ત કરવામાટે તેમની બીજાથી આઠમા સુધીના સાત શ્લોકોથી સ્તુતિ કરે છે. કપિલ માત્ર સ્તુતિથી જ પ્રસન્ન થયા, કારણ કે તે વાણીરૂપ

જ મનાયેલા છે. તે ભગવાનની જ્ઞાનકલાના અવતાર હોવાથી સરસ્વતી(વાણી)રૂપ હતા [૨૦૫]

દેવહૂતિએ પોતાના દેહનો સંસ્કાર (આ અધ્યાયના શ્લોક ૧૪-૨૯ માં) જણાવ્યા પ્રમાણે શા માટે કર્યો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કાંઈ પણ કાર્ય કર્યા વિના જો તે બ્રહ્મમાં લીન થાય તો તેનું શું થયું એ કોણ જાણે ? તેથી ઘણી બુદ્ધિવાળી દેવહૂતિએ જલ ધારણ કરી પોતાના દેહને જલરૂપ બનાવ્યો(શ્લો.૩૨). દેવહૂતિ પોતે સ્ત્રી હતી અને ગુરુ કપિલ સરસ્વતીરૂપ હતા (સમુદ્રમાં તેમણે વાસ કરેલો, શ્લો.૩૪). તેથી પોતાની ભૂમિ ઉપર આડી ગતિ થાય અને પોતે સમુદ્રમાં પહોંચે તે માટે પણ દેવહૂતિએ જલ જ ધારણ કરી દેહને જલરૂપ જ કર્યો. જો દેહ અગ્નિરૂપ(જુઓ શ્લો.૨૮) કર્યો હોત તો પણ (સરસ્વતી = વાણી અગ્નિરૂપ હોવાથી) ગુરુ સાથે સાયુજ્ય થવાથી ઊંચી ગતિ થશે એમ જાણીને જ તેણે દેહને જલરૂપ કર્યો, તેથી તે ઘણી બુદ્ધિવાળી હતી. (જલરૂપથી તેમજ અગ્નિરૂપથી પણ ગુરુ સાથે સાયુજ્ય થવાનું હતું. અગ્નિરૂપથી સાયુજ્ય થતાં પ્રસિદ્ધિ ન થતાં, જલરૂપથી સાયુજ્ય થતાં 'સિદ્ધપદ' તીર્થ થાય તેમ હતું(શ્લો.૩૧) તેથી તેણે દેહને જલરૂપ કર્યો, એ તેની ઘણી બુદ્ધિ દર્શાવે છે, એવો ભાવાર્થ જણાય છે.) [૨૦૬]

આ કથામાં ભગવાનના અવતાર કપિલનું ચરિત્ર હોવાથી, આ ચરિત્રનું શ્રવણ પણ ફળ પ્રાપ્ત કરાવનારું છે એમ શ્લો.૩૭ માં કહેલું છે [ ૨૦૬।।]

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીનો અનુગામી થઈને શ્રીમહાપ્રભુજીની જ આજ્ઞાથી વિપરીત જઈ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર ગુરુદ્રોહી શિષ્ય, તેમાટે આજ્ઞા આપનાર ગોસ્વામી ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર આ ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(!) શ્રીવલ્લભના દ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

# સ્કન્ધ ચોથો – વિસર્ગ

**વિસર્ગનો અર્થ અને લક્ષણ :**

તૃતીય સ્કન્ધમાં તેત્રીસ અધ્યાયોથી ફળ સહિત સર્ગનું વર્ણન કર્યું. આ ચોથા સ્કન્ધમાં એકત્રીસ અધ્યાયોથી ‘વિસર્ગ’નું નિરૂપણ કરવામાં આવે છે, તેથી કાંઈ અયોગ્યતા નથી. આથી એમ જણાવેલું છે કે ભગવાનની બધી લીલાઓ એક સાંકળરૂપ (એક બીજી સાથે સમ્બન્ધવાળી) હોવા છતાં દરેક જુદી-જુદી ફળ આપનારી છે, તેથી હરકોઈ લીલા અથવા બધીનો સમૂહ ફળ પ્રાપ્ત કરાવનારાં છે.

‘વિસર્ગ’ એટલે ‘વિવિધઃ’ = જુદા-જુદા પ્રકારનો ‘સર્ગ’, લૌકિક સર્ગ નહિં, પરન્તુ ‘વિશિષ્ટઃ’ = ઉત્તમ પ્રકારનો ‘સર્ગ’. આ ઉત્તમ પ્રકારનો સર્ગ(વિસર્ગ) દેવતારૂપ છે. ૮ વસુઓ, ૧૧ રુદ્રો અને ૧૨ આદિત્યો દેવો છે. ભગવાનની લીલા વિપરીત હોવાથી, વસુઓનું અન્તે, રુદ્રોનું મધ્યે અને આદિત્યોનું આરંભમાં નિરૂપણ કરેલું છે. ૧૨ + ૧૧ + ૮ = ૩૧ એમ એકત્રીસ દેવોનું નિરૂપણ કરવાનું હોવાથી, આ સ્કન્ધના એકત્રીસ અધ્યાયો છે [૧]

સર્વ જીવોના સમ્બન્ધવાળી ક્રિયાશક્તિ (રજસ્)વાળા ભગવાનની મુક્તજીવ (કાર્ય)ની ઉત્પત્તિ કરાવનારી લીલા તે ‘વિસર્ગ’.

વિસર્ગલીલા સર્વ જીવોના સમ્બન્ધવાળી ક્રિયાશક્તિવાળા (ભગવાન્)ની લીલા હોવાથી, આ લીલામાં ઉત્પન્ન થનારા (જીવો) સર્વશક્તિવાળા થવાના, એ આ સૃષ્ટિનું ઉત્તમપણું. આ લીલામાં ઉત્પન્ન થયેલા સર્વ જીવો સામર્થ્ય પ્રકટ કરીને મુક્ત થશે. તેથી વિસર્ગ અલૌકિક છે. આ વિસર્ગ જ આ સ્કન્ધનો અર્થ છે.

શ્રીભાગવતમાં **‘‘વિસર્ગઃ પૌરુષઃ સ્મૃતઃ’’**માં વિસર્ગ વીર્યવાળો કહેલો છે, એવું વિસર્ગનું લક્ષણ આપેલું છે(૨।૧૦।૩). આ લક્ષણમાં જે ‘પૌરુષઃ’ શબ્દ છે તેનો અર્થ, પુરુષમાંથી બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ કરાવનારો, એવો નથી, પરન્તુ જેમાંથી માહાત્મ્ય સમ્પૂર્ણ પ્રકારે જાણવામાં આવે તેવો, એવો અર્થ છે. તેથી વિસર્ગ પુરુષના આકારવાળો અથવા પુરુષાતન જણાવનારો છે.

‘પૌરુષઃ’ શબ્દનો અર્થ, પુરુષમાંથી બ્રહ્મા વગેરેની ઉત્પત્તિ કરાવનારો, એવો ન હોય તો મનુના વંશના નિરૂપણથી આ સ્કન્ધનો પ્રારંભ કેમ કરેલો છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પ્રસંગ જણાવવા વંશના નિરૂપણથી પ્રારંભ કરેલો છે. કારણ કે સમ્બન્ધ વિનાનો વૃત્તાન્ત કહેવાથી લીલાના અર્થનું જ્ઞાન થાય નહિ. તેથી સમ્બન્ધ દર્શાવવા પ્રસંગ કહેવો જોઈએ. લૌકિક પુરુષો કથાનું

શ્રવણ કરનારા હોય તેમના ઉપર પણ ઉપકાર કરવો જોઈએ. પ્રસંગ જણાવ્યા વિના કથા કહેવામાં આવે તો તેઓ તે ન સમજે તેથી પ્રસંગ કહેવો જોઈએ. પ્રસંગ કહેવામાટે સ્કન્ધનો વંશના વર્ણથી પ્રારંભ કરેલો છે. તેથી આ પુરુષાતનવાળા પુરુષોની સૃષ્ટિ છે, સાધારણની સૃષ્ટિ નથી. શ્રીભાગવતથી સર્વનો ઉદ્ધાર થાય તે માટે સર્વ વેદો તથા ઈતિહાસનો સાર કાઢી તે રચેલું છે (૧।૩।૪૨) (પુરુષાતનવાળા પુરુષોની સૃષ્ટિના નિરૂપણના શ્રવણથી ઉદ્ધાર થાય, સાધારણ પુરુષોની સૃષ્ટિના નિરૂપણના શ્રવણથી ઉદ્ધાર ન થાય. તેથી પુરુષાતનવાળા પુરુષોનો સર્ગ આ સ્કન્ધનો અર્થ છે [૨-૩।।]

**પ્રકરણ વિભાગ :**

ભગવાનનું સામર્થ્ય અનન્ત પ્રકારનું છે, છતાં પણ સદ્બુદ્ધિથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવાના હોવાથી આ સ્કન્ધના ચાર પ્રકરણો છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થો પ્રાપ્ત કરવાનું કાર્ય બધા જીવો શ્રીકૃષ્ણના ચરણ કમલની સેવાથી જ સિદ્ધ કરી શકે, બીજા કોઈ પ્રકારે તે થઈ શકે નહિ એમ જણાવવા આ સ્કન્ધ કહેલો છે [૩।।-૪।।]

આ ચાર પુરુષાર્થો જુદા-જુદા પુરુષોએ સિદ્ધ કર્યા છે. દક્ષે ધર્મ, ધ્રુવે અર્થ, પૃથુએ કામ અને પ્રચેતસોએ મોક્ષ પ્રાપ્ત કરેલો. શ્રીકૃષ્ણના ચરણકમલની સેવાથી જ આ પુરુષાર્થો તેમણે પ્રાપ્ત કરેલા. તે પહેલાં આ તેમને પ્રાપ્ત થયેલા ન હતા. શ્રીકૃષ્ણના ચરણકમલની સેવા કર્યા પહેલાં દક્ષે ધર્મ પ્રાપ્ત કરેલ ન હતો. ધ્રુવ અને તેની માતા સુરુચિએ અર્થ પ્રાપ્ત કરેલ ન હતો. ઈન્દ્રરૂપ (અ.૧૯।૩૩) પૃથુએ કામ પ્રાપ્ત કર્યો ન હતો. અને જીવરૂપ પુરંજને (પ્રચેતસોએ) મોક્ષ પણ પ્રાપ્ત કર્યો ન હતો. તેથી શ્રીકૃષ્ણના ચરણકમલની સેવાથી જ પુરુષાર્થ પ્રાપ્ત થાય છે, બીજા કોઈ સાધનથી પ્રાપ્ત થતા નથી એમ સિદ્ધ થયું. તેથી વીર્યવાળો વિસર્ગ તે પુરુષાર્થ પ્રાપ્ત કરનારો જ છે, અથવા પુરુષાર્થ કરનારાઓની સૃષ્ટિ છે, બીજો તેનો અર્થ નથી, કારણ કે પુરુષાર્થ પ્રાપ્ત કરવા એ જ તેનું ઉત્તમપણું છે [૪।।-૬।।]

**સ્ત્રી પુરુષાર્થની વિરોધી :**

કેટલાકનો મત એવો છે કે આ વિસર્ગ; સ્ત્રી(સતી), બાલક(ધ્રુવ), જુવાન(પૃથુ) અને વૃદ્ધ(પ્રાચીનબર્હી) નું પ્રકરણ છે, એટલે 'વિસર્ગ'નો અર્થ સ્ત્રી અને પુરુષ નો ભેદ અને અવસ્થાનો ભેદ થાય છે. આ મત ખોટો છે. કારણ કે સંપૂર્ણ રીતે સાક્ષાત્ ભગવાને કરેલું કાર્ય પુરુષાર્થ વિનાનું કેમ હોય ? અને વેદમાં તેવું કાર્ય દુઃખમાં પરિણામ આવે તેવું કેમ હોય ? તેથી આ સ્ત્રીનું પ્રકરણ નથી. સ્ત્રીથી કાંઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. સ્વરૂપથી તો સ્ત્રીપણું પ્રોત્સાહન કરાવનારું નથી, કારણ કે સારું અને નરસું ઓળખનારા પુરુષો પ્રમાણે, ઈન્દ્રિયવાળા હોવું એ જ ભજનમાટે જરૂરી છે. મનુષ્યોનો જ ભજન કરવાનો અધિકાર હોવાનું તો મૂર્ખોએ કલ્પેલું છે, કારણ કે વાંદરાઓ વગેરેને પણ ભજન કરવાનો અધિકાર છે.

ત્યારે પહેલા પ્રકરણમાં સ્ત્રી સતીનો પ્રસંગ કેમ આવે છે? એમ પૂછો, તો તે પ્રસંગ સ્ત્રી અનર્થ કરાવનારી છે એમ જણાવવા મૂકેલો છે. માત્ર પત્ની જ નહિ, પરન્તુ પુત્રી, માતા અને બીજી દેવતાની સ્ત્રીઓ પણ અનર્થ કરાવનારી હોવાનું સ્પષ્ટ જ છે. તેઓ પુરુષાર્થની વિરોધી (પુરુષાર્થ પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનારી) છે એમ કહેવા આ પ્રસંગ કહેલો છે [૬।।-૯।।]

**પ્રકરણ ૧ ; ધર્મ અ. ૧-૭ ; સાત અધ્યાયો હોવાનું કારણ :**

પહેલા ધર્મના પ્રકરણમાં સાત અને બીજા અર્થના પ્રકરણમાં પાંચ મળીને બાર અધ્યાયો થાય છે. આ બન્ને મળી આદિત્ય થાય છે. ધર્મ એટલે યજ્ઞ સાત તન્તુઓવાળો છે, તેથી સાત અધ્યાયો છે. 'તન્તુ' નો અર્થ સૂત્ર અથવા સન્તતિ થાય છે. યજ્ઞ સૂત્રરૂપ હોવાથી તન્તુ છે અને સન્તતિરૂપ છે, તેથી જ્યોતિષ્ટોમ યજ્ઞ સાત પ્રકારનો હોવાથી સાત તન્તુવાળો છે. (અગ્નિષ્ટોમ, અત્યગ્નિષ્ટોમ, ઉકથ્ય, ષોડશી, અતિરાત્ર, આપ્તોર્યામ અને વાજસ્પેય એવા તેના પ્રકાર છે. બૃહસ્પતિસવ વાજસ્પેયની પહેલાં અને તેની પછી કરવામાં આવતો હોવાથી તે વાજસ્પેયનું અંગ જ છે. તેથી) વાજસ્પેયને સાતમો ગણેલો છે. તેની પછી કરવામાં આવતા, તેના પાછળના અંગરૂપ, બૃહસ્પતિસવમાં અહીં વિઘ્ન થવાનું કહેલું છે. તે એવા અભિપ્રાયથી કહેલું છે કે ધર્મ પણ ભગવાનની સાહાય્યથી જ થઈ શકે છે તે સિવાય થઈ શકતો નથી. વસિષ્ઠ વગેરે ત્યાં હોવા છતાં ધર્મ આચરવામાં દક્ષ મુખ્ય હોવાથી દક્ષને જ ધર્મ સિદ્ધ થયાનું કહેલ છે. 'દક્ષ' નામ તે શબ્દના અર્થ પ્રમાણે જ કહેલું છે. તે કર્મમાર્ગમાં ઘણો 'દક્ષ' એટલે ચતુર હતો [૯।।-૧૧]

**સાત અધ્યાયોના ભાવાર્થ :**

આ પ્રકરણની કથા ધર્મમાટે ઉપયોગી છે, એમ તેના સાત અધ્યાયોના ભાવાર્થથી જણાય છે.

પહેલા અધ્યાયમાં પીઠિકા સાથે અનર્થનો પ્રસંગ, અનર્થનું પોષણ કરનાર સહિત કહેલો છે. સતીનો સમ્બન્ધ (શ્લો.૪૯) અનર્થનો પ્રસંગ છે, તેનું નિરૂપણ કરેલ છે.

બીજા અધ્યાયમાં તે પ્રસંગનું પરિણામ એટલે અનર્થનું કારણ, તેના અંકુરના જેવી પરસ્પર શાપ આપવાની કથા (શ્લો.૧૦-૩૨) કહેલી છે. આ ભવિષ્યમાં થનાર વૃત્તાન્ત જણાવવા કહેલ છે. કારણ કે અંકુર ઉત્પન્ન થયા વિના બીજમાંથી ફળ થતું નથી.

ત્રીજો અધ્યાય અંકુરમાંથી બે પાંદડાં નીકળવારૂપ છે, તેમાં અનર્થની ઉત્પત્તિ થાય છે(શ્લો.૮-૧૪) અને શિવ પોતાની શક્તિ પ્રમાણે તે અનર્થ થતો અટકાવવા પ્રયાસ કરે છે(શ્લો.૧૬-૨૫). આ અધ્યાયમાં દ્વેષ સારી રીતે સ્થિર થાય તે માટે અનર્થરૂપ વૃક્ષની સારી રીતે ઉત્પત્તિ થાય છે. દ્વેષ અનર્થનું કારણ છે એમ જણાવવા દ્વેષ કરવો નહિ એવો શિવજીના વાક્ય(શ્લો.૨૫)નો ભાવાર્થ છે. તેથી પોતાની શક્તિ પ્રમાણે પોતાની બુદ્ધિથી કલ્પના કરી તેમણે

અનર્થ અટકાવવાનો પ્રયાસ કર્યાનું કહેલ છે.

ચોથા અધ્યાયમાં સતીના દેહનો નાશ થાય છે (શ્લો.૨૪-૨૭), પરન્તુ તે એ અધ્યાયનો અર્થ નથી. અધ્યાયનો અર્થ તો અનર્થના કારણરૂપ દ્વેષની મધ્યમાં થયેલી ક્રિયા છે.

પાંચમા અધ્યાયમાં યજ્ઞનો નાશ થાય છે, કારણ કે અગ્નિહોત્ર વગેરે પાંચ તેના ભાગ છે.

છઠ્ઠા અધ્યાયમાં યજ્ઞ સિદ્ધ થવાનો પહેલો વિભાગ કહેલ છે. યજ્ઞની સિદ્ધિ તેનું પાછળનું રૂપ છે.

સાત તન્તુવાળો યજ્ઞ સાતમા અધ્યાયમાં સિદ્ધ થાય છે. તેમાં ભગવાન્ વિષ્ણુની સ્તુતિ થતાં તે ભગવાન્ વિષ્ણુથી જ સિદ્ધ થાય છે એવો અંશ આ પ્રકરણથી દઢ થાય છે.

(ભગવાન્થી જ ચારે પુરુષાર્થ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાન્તનો)આવો આ સાત અધ્યાયોનો અર્થ છે [૧૨-૧૩।।]

**અધ્યાય પહેલો ધર્મનિરૂપણ :**

આ અધ્યાયમાં ઘણા પ્રાસંગિક વિષયો કહેલા છે. તે બધા ધર્મમાટે ઉપયોગી છે, આ અધ્યાયમાં ધર્મની ઉત્પત્તિ કહેલી છે. ''મન્વન્તરો ઉત્તમ ધર્મ છે''(૨।૧૦।૪) એ વાક્ય પ્રમાણે મન્વન્તર ધર્મ છે. (દરેક મન્વન્તરમાં મનુ, મનુના પુત્રો, ઋત્વિજો, દેવો, ઇન્દ્ર અને ભગવાન્ નો અવતાર એ છ ધર્મ કરાવનારા હોય છે). આ અધ્યાયમાં પ્રથમ મન્વન્તરના આ છયેનું નિરૂપણ કરેલું હોવાથી, ધર્મનું નિરૂપણ કરવાનું આ અધ્યાયનું પ્રયોજન હોવાનું સ્પષ્ટ જણાય છે.

(૧. મનુનું નિરૂપણ શ્લો.૧ માં છે. ૨. મનુના પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદનું નિરૂપણ શ્લો.૯ માં છે). ૩. ધર્મ કરનાર અગ્નિ ધારણ કરનારા ઘણા પુષ્ટ કર્દમના મરીચિ વગેરે સાત જમાઈઓ ઋત્વિજો હોવાનું શ્લો.૮ માં કહેલું છે. આ સાત (મરીચિ, અગ્નિ, અંગિરા, પુલસ્ત્ય, વસિષ્ઠ, અથર્વા અને ભૃગુ) ઋત્વિજો મનાયેલા હોવાથી તેઓના એક પછી એકના જુદા-જુદા વંશ પણ આ અધ્યાયમાં કહેલા છે(શ્લો.૧૨-૪૫).

એમ વંશનું નિરૂપણ કરી ધર્મના અભિમાનવાળી દેવતા પણ કહી. (૪. યજ્ઞના ભોક્તા લક્ષ્મીનારાયણ યજ્ઞસ્વરૂપે અવતર્યા તે આ મન્વન્તરમાં ભગવાનનો અવતાર થયેલ છે). બ્રહ્માનો દરેક દિવસ 'કલ્પ' કહેવાય છે. આ જે કલ્પની કથા કહેવાય છે તે પહેલાના કલ્પમાં 'રુચિ' ઋષિની ઉત્પત્તિ થયેલી, પછી તે કલ્પનો પ્રલય થયો(પૃથ્વી જલમાં ડૂબી ગઈ), ત્યારે રુચિ સત્ય લોકમાં

રહેલા. આ વૃત્તાન્ત ત્રીજા સ્કન્ધમાં કહેવાનું કાંઈ પ્રયોજન ન હોવાથી ત્યાં કહેલ ન હતો. આ ઋષિ બ્રહ્માના પુત્રોની સમાન એટલે તેમનાથી કંઈક હલકા હતા. તેથી મનુની પુત્રી આકૂતિને તે 'પુત્રિકા' તરીકે પરણેલા, જે પુત્રી પુત્રિકા તરીકે પરણેલી હોય, તેને જે પુત્ર થાય તે; તે પુત્રીના પિતાનો પુત્ર ગણાય, તેના પતિનો પુત્ર ન ગણાય. તેથી સર્વથી ઉત્તમપુરુષો પુત્રિકાના પતિ થવા ઈચ્છતા નથી. રુચિ બ્રહ્માના પુત્રોથી હલકા હોવાથી તેમણે આકૂતિને એવી રીતે પત્ની તરીકે સ્વીકારી અને પુત્રિકાના પતિ થયા(શ્લો.૨). [૧૩।।-૧૬।।]

રુચિએ આકૂતિમાં સ્ત્રી-પુરુષનું જોડકું ઉત્પન્ન કર્યું. પુરુષ તરીકે યજ્ઞના ભોક્તા સાક્ષાત્ વિષ્ણુ યજ્ઞસ્વરૂપથી અવતર્યા અને સ્ત્રી તરીકે ભગવાન્થી છૂટી ન પડનારી લક્ષ્મીના અંશરૂપ 'દક્ષિણા' અવતરી. યજ્ઞ પછી દક્ષિણાને પરણ્યા(શ્લો.૫) આમાં કાંઈ અયોગ્યતા નથી, કારણ કે શાસ્ત્ર જીવોના અધિકાર દર્શાવે છે, ભગવાનને તે લાગુ પડતું નથી. ભગવાન્ અને લક્ષ્મી નો સમ્બન્ધ સદાનો હોવાથી યજ્ઞ ભગવાન્ દક્ષિણાને પરણ્યા. આ લક્ષ્મીનારાયણ યજ્ઞના ભોક્તા છે એમ પણ આથી જણાવ્યું છે, (તે આ મન્વન્તરના ભગવાનના અવતાર છે).

૫. તે જ પોતાના અંશથી જુદા સ્વરૂપે આ મન્વન્તરના ઈન્દ્ર પણ થયા, કારણ કે તે સમયે ઈન્દ્રનો અધિકાર સાચવે તેવા કોઈ જીવો ન હતા. તેથી જ આ મન્વન્તરમાં સ્વરૂપના ભેદથી છ જુદા અંગ ન હતાં, પરન્તુ પાંચ જ હતાં, છતાં ભોગનાં ભેદથી છ અંગો હતાં, કારણ કે યજ્ઞનારાયણ; ભગવાનના અંશના અવતાર તરીકે સર્વનો ભોગ કરનાર હતા અને ઈન્દ્ર તરીકે હવિષનો ભોગ કરતા હતા, એમ તે બે પ્રકારનો ભોગ કરતા. તેથી તેમના બે સ્વરૂપ ગણતાં મન્વન્તરનાં છ અંગો થાય છે.

૬. આ મન્વન્તરમાં તે સમયે દેવો પણ ન હોવાથી યજ્ઞ ભગવાને દક્ષિણામાં પોતાના અંશરૂપ બાર પુત્રો ઉત્પન્ન કર્યા, તે આ મન્વન્તરમાં દેવો થયા(શ્લો.૬-૮). એ પ્રમાણે મન્વન્તરમાં છયે અંગો સિદ્ધ થયાનું આ અધ્યાયમાં કહ્યું, તેથી ધર્મનું નિરૂપણ કરવું એ આ અધ્યાયનું પ્રયોજન સ્પષ્ટ જણાય છે. આથી એમ જણાવ્યું છે કે ધર્મના કારણરૂપ કાલ (મનુનો સમય) છે, (કારણ કે બ્રહ્માના દરેક દિવસ એટલે કલ્પમાં ચૌદ મનુઓ થાય છે) [૧૬।।-૧૮।।]

**ભગવાનના અવતારો :**

આ પહેલા અધ્યાયમાં ભગવાનના ત્રણ અવતારો કહેલા છે :

૧. ક્રિયાવતાર યજ્ઞ (શ્લો.૪)

૨. જ્ઞાનાવતાર દત્ત (શ્લો.૧૫) અને

૩. જ્ઞાન અને ક્રિયા ઉભયના અવતાર નારાયણ (શ્લો.૫૨).

ધર્મ સિદ્ધ થાય તે માટે ભગવાનના આ ત્રણ અવતારો આ પહેલા મન્વન્તરમાં થયેલા છે. આ

ત્રણ પૈકી દત્ત અને નારાયણ આ એક જ મન્વન્તરમાં ઉપયોગી નથી, પરન્તુ સર્વ મન્વન્તરોમાં પણ ઉપયોગી છે, તેથી બીજા મન્વન્તરોમાં જ્ઞાનાવતાર તથા જ્ઞાન અને ક્રિયા ઉભયના અવતાર કહેલા નથી. ક્રિયાવતાર દરેક મન્વન્તરમાં જુદા-જુદા કહેશે [૧૮।।-૨૦]

વિસર્ગમાં મુક્તિ પામનાર જીવોની સૃષ્ટિ કહેવાની છે, તેથી જે પ્રકારે બન્ધ ન જ થાય તે પ્રકારની મુક્તિ પામનાર જીવોની આ સૃષ્ટિ છે, તેથી આ સૃષ્ટિમાં સર્વ સ્થળે ભગવાનનાં ભજનનું નિરૂપણ છે.

અત્રિએ કરેલ ભગવાનનું ભજન શ્લો.૨૭-૨૮ માં જણાવેલું છે. આ સામાન્ય રીતે કરેલું દેવનું ભજન છે, પરબ્રહ્મનું ભજન નથી. તેનું કારણ એવું છે કે આ ધર્મનું પ્રકરણ છે અને પરમેશ્વર ક્યા, તેનો નિશ્ચય પહેલાં અત્રિને થયો નહિ, તેથી તેણે સામાન્ય રીતે ભજન કરેલું છે. કર્મમાર્ગમાં બધા દેવો સરખા છે, પરબ્રહ્મ (પુરૂષોત્તમ) પણ માત્ર દેવ જ છે. અત્રિએ સામાન્ય રીતે ભજન કર્યું તેથી, કર્મ ત્રણ પ્રકારનું હોવાથી, તેની પાસે ત્રણ દેવો પ્રકટ થયા. ધર્મ કરવાનું કર્મ ત્રણ પ્રકારનું હોવાથી તેના અધિદેવ પણ (બ્રહ્મા-વિષ્ણુ-શિવ એ) ત્રણ છે. તેમાંથી કોઈનો પણ દ્વેષ થતો હોય તો અટકે, દ્વેષ ન થાય તે માટે હરિએ પણ ''જે એકનું તમે સત્યસંકલ્પવાળાએ ધ્યાન ધર્યું તે અમે ત્રણ જ છીએ'' એવો ઉત્તર આપેલ અથવા ભગવાને પછી દ્વેષ ન થાય તે માટે દક્ષને એવો બોધ કરેલ કે ''હું, બ્રહ્મા તથા શંકર જગતના પરમ કારણ છીએ... હું જે અદ્વિતીય બ્રહ્મ કેવલ પરમાત્મા છું તેમાં બ્રહ્મા, રુદ્ર તથા પ્રાણીઓને અજ્ઞાની ભેદથી જુએ છે''(અ.૭।૫૦-૫૨). તેથી કોઈનો પણ દ્વેષ કરવાથી હલકું કાર્ય પણ સિદ્ધ થતું નથી [૨૧-૨૪]

અહીં શ્રીભાગવતમાં જણાવેલ ઋષિઓ તો સર્વજ્ઞ છે. તેઓ કેમ જુદા-જુદા એક-બીજાથી વિરુદ્ધ વૃત્તાન્ત કહે છે ? કર્દમ માત્ર વિષ્ણુની જ સેવા કેમ કરે છે ? (જુઓ સ્કન્ધ ૩ અધ્યાય ૨૧). અત્રિ ત્રણેને સાધારણ કેમ રહેલ છે ? એવો પ્રશ્ન થાય. તો જાણવું કે બધા ઋષિઓ બ્રહ્મ જાણનાર હોવા છતાં જે ઋષિની જે સ્વરૂપમાં શ્રદ્ધા હોય તે ઋષિ તે પ્રમાણે બોધ કરે છે. તેઓ બધા સર્વ જાણનાર હોવા છતાં તેઓના સ્વભાવો જુદા-જુદા હોવાથી તેઓની રુચિ જુદી-જુદી હોય છે. તેથી પોત-પોતાની રુચિ પ્રમાણે તેઓ બોધ કરે છે.

એમ પણ ન માનવું કે ઋષિની રુચિ પ્રમાણે ભગવાનના સ્વરૂપમાં ફેરફાર થતા ન હોવાથી કેટલાક ઋષિઓનાં વચન ખોટાં જ હોવા જોઈએ, કારણ કે ભગવાન્ જ તેઓ પાસે ક્રિયાના જુદા-જુદા અંશો વગેરેથી પ્રકટ થઈ પોતાના તેવા જુદા સ્વરૂપનો બોધ કરે તેમાં કાંઈ દોષ નથી [૨૫]

''યોગથી આત્માનું દર્શન કરવું આ ઉત્તમ ધર્મ છે'' એ વાક્ય પ્રમાણે ધર્મમાર્ગમાં ઘણું તપ કરવું યોગ્ય છે. દત્ત જ્ઞાનાવતાર હોવાથી તેમણે તપ કરેલું. એમ માનવું ઉચિત નથી કે દત્તાત્રેય

ગુણના અભિમાનવાળા દેવ હોવાથી ચન્દ્રની પેઠે તે ભગવાનના અવતાર નથી. કારણ કે ખંડસિદ્ધાન્ત પ્રમાણે જ વિષ્ણુ ગુણના અભિમાનવાળાં છે. મુખ્ય સિદ્ધાન્ત પ્રમાણે તો સત્ત્વગુણમાં પણ જેમ નર વગેરેના અવતાર થયા છે તેમ દત્ત વિષ્ણુનો અવતાર જ થયેલ છે. કારણ કે જેમ વિષ્ણુએ પોતાનાં માછલું વગેરેનાં સ્વરૂપ પ્રકટ કરેલાં, તેમ આ અભિમાનવાળું સ્વરૂપ પ્રકટ કરેલું. જીવો મધ્યે તે અવતરેલા છતાં તે ભગવાનનો જ અવતાર છે, કારણ કે ખંડવૈષ્ણવ મત પ્રમાણે દત્ત ઈશ્વર જ છે, તેથી જીવો મધ્યે અવતરેલ હોવાથી તે ભગવાનનો અવતાર નથી એવો સન્દેહ રહેતો નથી [૨૬]

મુખ્ય સિદ્ધાન્ત પ્રમાણે ભગવાન્‌થી (અમુક)અંશે વિષ્ણુ જુદાં નથી, તે ભગવાન્ જ છે, કારણ કે તે સર્વ કાર્ય કરે છે. (બ્રહ્મા, વિષ્ણુ અને શિવ અનુક્રમે ઉત્પત્તિ, સ્થિતિ અને વિનાશ કરનારા છે) તે પૈકી ઉત્પત્તિ અને વિનાશ તો કોઈ પણ પ્રકારે થાય, સ્થિતિ કરવામાં તો સર્વ (ઘણુયે) કરવાનું હોય છે. તેથી પરમેશ્વરની પોતાની જ પાસેથી (સ્થિતિ સમ્બન્ધી) સર્વ ફળ પ્રાપ્ત થાય છે, અંશ પાસેથી પ્રાપ્ત થતું નથી. કારણ કે તેમનામાં અભિમાન હોય છે. વિષ્ણુ અંશ હોય અને તેવા (અભિમાનરહિત) ન હોય, તો તામસ જીવોનું પાલન ન કરે, પુષ્ટિમાર્ગ પ્રમાણે કાર્ય ન કરે અને વિભાગ પ્રમાણે (જુદા-જુદા) સર્વ માર્ગની પ્રવૃત્તિ તેમનાથી ન થાય. (વિષ્ણુમાં અભિમાન હોતું નથી. જુઓ ૧૦।૮૬।૧-૮). તેથી બ્રહ્મા વગેરેને સામાન્ય રીતે (વિષ્ણુપદ પ્રાપ્ત કરવાની) ઈચ્છા રહે છે. વિષ્ણુ પોતે જ ઉત્તમ હોવાથી બ્રહ્મા તથા શિવની સમાન હોવું વગેરે દોષ તેમનામાં નથી. તેથી દત્તાત્રેય વિષ્ણુનો અવતાર હોવાથી ભગવાન્ છે એ બરાબર છે [૨૭-૨૭।।]

બ્રહ્મા અત્રિના પુત્ર સોમ તરીકે, વિષ્ણુ દત્તાત્રેય તરીકે; અને શંકર દુર્વાસા તરીકે જન્મેલા. પરન્તુ તે-તે દેવના ગુણો તેમનામાં જોવામાં આવતા નથી. તેનું કારણ એ છે કે તેઓની ઉત્પત્તિ જુદા પ્રકારે થયેલી. તેથી સોમ તરીકે બ્રહ્મા જ, અને દુર્વાસા તરીકે શંકર જ જન્મેલા. તેઓ પોતાના જ સ્વરૂપથી અવતરે તો તેમણે ઈચ્છેલું કાર્ય થઈ શકે નહિ, તેથી તેઓ જુદા પ્રકારે જ ઉત્પન્ન થયેલા. (બ્રહ્મા સોમ થયેલ હોવાથી) સોમે વંશ ચલાવવાનું, દત્તે યોગથી રક્ષણ કરવાનું અને દુર્વાસાએ તપ કરી અનુગ્રહ કરવાનું તથા શિક્ષા કરવાનું (શાપ આપવાનું) કાર્ય કરવાના હતાં. પોતે કરવાનાં કાર્યો થઈ શકે તે માટે તેઓ (ગુણના) અધિક અભિમાનનો ત્યાગ કરીને અંશથી જન્મેલા. તેથી તેમનામાં ગુણનું અત્યન્ત અભિમાન ન હતું. છતાં તે ત્રણ ગુણના અભિમાનવાળા દેવો જ સોમ, દત્ત અને દુર્વાસા તરીકે જન્મેલા [૨૭।।-૨૮।।]

**દક્ષ :**

એ પ્રમાણે ધર્મમાં પરમ્પરાથી ઉપયોગી દેવો સમ્બન્ધી વિચાર કરી, ધર્મમાં દક્ષના સાક્ષાત્ ઉપયોગ સમ્બન્ધી વિચાર કરવામાં આવે છે. પિતૃઓ અને દેવો નાં વ્રત આચરનાર પુરુષ દક્ષ,

ઘણો ધાર્મિક અને અભિમાની હતો. તે અભિમાની હોવાથી તામસ હતો. તેથી આ સોળ કલાવાળા મનોમય (ધાર્મિક)દક્ષને સોળ કન્યાઓ થયેલી(શ્લો.૪૭-૪૮). તેમાંથી પંદર સગુણ હતી, અને એક તેમનાથી જુદા સ્વભાવની હતી. તેમાંથી તેર તો તેણે ધર્મને પરણાવી(શ્લો.૪૮). બધા મહિનાઓમાં ધર્મ થાય છે અને તેનાથી શુદ્ધિ જ થાય છે, કારણ કે આ કાલ જ ધર્મ કરાવનારો છે. તેથી બાર મહિનાના અભિમાનવાળી બાર અને શુદ્ધિના અભિમાનવાળી એક એવી તેર કન્યાઓ દક્ષે ધર્મ(ઋષિ)ને પરણાવી [૨૮।।-૩૦।।]

ઉત્તમ પ્રકારની શુદ્ધિ સત્ત્વ ગુણથી થાય છે, તેથી ભગવાન્ અવતરે તે માટે પ્રાર્થના કરેલી ન હોવા છતાં પણ શુદ્ધ સત્ત્વમાં, એટલે શુદ્ધ સત્ત્વવાળી શુદ્ધિના અભિમાનવાળી કન્યા મૂર્તિમાં કલ્પના અન્ત સુધી જગત્નું રક્ષણ કરવામાટે હરિનો અવતાર થયો. 'મૂર્તિ' એ દક્ષની તેરમી પત્નીનું નામ છે. કલ્પના અન્ત સુધી જગત્નું રક્ષણ કરવું એ આ અવતારનું પ્રયોજન છે.

આ 'વિસર્ગ' ઉત્તમ સૃષ્ટિ હોવાથી પુષ્ટિ વિનાનો એકલો ધર્મ આ સૃષ્ટિમાં ઘણો ઉપયોગી થાય નહિ એમ દર્શાવવા હરિ મૂર્તિમાં નર અને નારાયણ એવા બે સ્વરૂપથી પ્રગટ થયા. પુષ્ટિમાર્ગ અને મર્યાદામાર્ગ એ બન્ને માર્ગ સમ્બન્ધી ક્રિયા જ્ઞાન વગેરે જણાવવા ૧. સર્વ બ્રહ્માણ્ડરૂપ પ્રથમ પુરુષનાં સ્વરૂપથી અને ૨. બીજા અન્તર્યામીનાં સ્વરૂપથી એમ બે સ્વરૂપથી નારાયણે અવતાર લીધો. નારાયણ તપ કરનારું સ્વરૂપ છે; તપ જ કરે છે, પરન્તુ મુક્તિ અથવા ભક્તિ આપતું નથી. તપ સિવાયનું ભક્તિ-મુક્તિ વગેરે આપવાનું કાર્ય તો ''જેમનાથી આ જગત્ મુક્ત થાય છે''(૧૦।૨૬।૧૬) વગેરે વાક્યો પ્રમાણે પૂર્ણ શ્રીકૃષ્ણ જ કરે છે. નારાયણ સર્વ કાર્ય કરતા હોવાથી સર્વરૂપ છે. પુષ્ટિનું કાર્ય કરવા તેમનો જુદો (શ્રીકૃષ્ણનો) અવતાર થયેલો છે. નરમાં તો નારાયણનો આવેશ જ થાય છે. તે ભગવાનનો અવતાર નથી. નારાયણ ભગવાનના અવતાર છે અને નર આવેશવાળા છે એમ પાછલા પહેલા સ્કન્ધના ત્રીજા અધ્યાયમાં પણ જણાવેલું છે. શ્રીકૃષ્ણ તો પોતે ભગવાન્ જ છે. નારાયણ પુષ્ટિ અને મર્યાદા બન્ને માર્ગનું સ્થાપન કરવા અવતરેલ હોવા છતાં પૂર્ણ ભગવાનનું પ્રાકટ્ય થયા વિના તે કાર્ય સિદ્ધ થાય તેમ ન હોવાથી, નારાયણ અને નર એ બે ભગવાનના અંશોએ 'ઇહ'(અહીં) પૂર્ણ શ્રીકૃષ્ણમાં જ પ્રવેશ કર્યો અને ભૂમિનો ભાર ઉતારવા યાદવોનાં અને કુરુઓના નાયકો(શ્રીકૃષ્ણ અને અર્જુન) થયા(શ્લો.૫૯). બન્ને સ્વરૂપવાળો નારાયણ અંશ તો ભગવાન્માં જ રહ્યો. નર અંશે તો ભગવાન્માં પ્રવેશ કરી પછી અર્જુનમાં પ્રવેશ કર્યો [૩૦।।-૩૩।।]

દક્ષ પિતૃઓનું વ્રત આચરનાર હોવાથી 'સ્વધા' અને દેવોનું વ્રત આચરનાર હોવાથી 'સ્વાહા' એ બે પુત્રીઓ પણ તેને થયેલી. તેમાં 'સ્વાહા' સર્વ દેવતારૂપ હતી. ''અગ્નિ સર્વદેવતાઓ છે'' એ શ્રુતિ પ્રમાણે અગ્નિ પણ સર્વ દેવતારૂપ છે, તેથી દક્ષે સ્વાહાને અગ્નિ સાથે પરણાવી. સ્વધા સર્વપિતૃરૂપ હતી. પિતૃઓનું એક સ્વરૂપ નહિ હોવાથી અને તેઓ છૂટા પડતા ન હોવાથી તેણે સ્વધાને સર્વ પિતૃઓ સાથે પરણાવી [૩૪]

દક્ષની સોળમી સર્વથી–ની પુત્રી 'સતી' હતી. જેમ દીવામાંથી કાજળ થાય છે તેમ દક્ષના અભિમાનના અંશને ગ્રહણ કરી આ સોળમી કન્યા તેનાથી જુદી ઉત્પન્ન થયેલી. તેથી આ અભિમાનરૂપ હતી. ધર્મીદક્ષને રહેવા દઈ, દીવાના કાજળની પેઠે તેનો અભિમાનનો અંશ જ તેનાથી છૂટો પડી આ કન્યારૂપ થયેલ. જેમ તેજ સ્વતઃ શુદ્ધ હોવા છતાં તે તેલમાંથી ઉત્પન્ન થાય છે ત્યારે તેલના મેલરૂપ કાજળ તેલથી જુદું પડે છે, તેવી રીતે સર્વ વસ્તુઓના યથાર્થ સ્વરૂપને પ્રકાશનારું વૈદિક કર્મ પણ અહીં દોષવાળા કર્તાએ(દક્ષે) કરેલું હોવાથી તેના દોષરૂપ અભિમાન તેનાથી 'સતી' કન્યારૂપે છૂટું પડ્યું. તેથી તે પોતાના પિતાના ઘરના નાશનું અને પતિને મલિન કરનાર શાપનું કારણ બની. વળી તે સોળમી(છેલ્લી) ઉત્પન્ન થયેલી, કારણ કે છેવટે જ અભિમાનની ઉત્પત્તિ થાય છે. બ્રહ્માએ તેનું સ્વરૂપ જાણ્યું ''તે તામસ હોવાથી પોતાના મૂળ કારણ (તમોગુણના અધિષ્ઠાતા શિવ)ને પરણાવવામાં આવે તો પોતાના મૂળ કારણ તેલમાં નાખેલા કાજળ પેઠે પોતાનું કાર્ય કરવા શક્તિવાળા નહિ થાય, પરન્તુ જો બીજાને આપવામાં આવશે તો સમય જતાં વાયુએ ઉડાડેલાં કાજળની પેઠે સર્વ સ્થળે પોતાના પ્રચાર કરશે'' એમ વિચાર્યું અને તે (અભિમાનરૂપ તમોગુણ) ના અધિષ્ઠાતા દેવ શિવને પરણાવરાવી. કારણ કે તેમ કરવાથી જ તેનું સ્વરૂપ નભે તેવું હતું. જો સાત્ત્વિક વગેરે (પુરુષ)ને પરણાવવામાં આવે, તો તે તામસ હોવાથી તેના સ્વરૂપનો નાશ થવાનું બને. તેથી તેને શિવને પરણાવરાવી અથવા તેનો તેના પોતાના મૂળ સ્વરૂપમાં લય થાય તે માટે બ્રહ્માએ તેને શિવને પરણાવરાવી (અ.૨।૧૬)[૩૫-૩૬]

**અધ્યાય ૨ ; દ્વેષ અને શાપ :**

સતીરૂપે અભિમાન દક્ષથી છુટું પડેલું હોવાથી તેણે શિવના ઘેર પણ પોતાનું કાર્ય કર્યું. શિવને પણ અભિમાન થયું અને પ્રજાપતિઓના યજ્ઞમાં દક્ષ આવ્યો ત્યારે શિવ બેસી રહ્યા, ઊભા થઈ સત્કાર ન કર્યો. સતીના સમ્બન્ધથી શિવને એ પ્રમાણે દ્વેષ થયો. અભિમાન સતીરૂપે પોતાથી છૂટું પડેલ હોવાથી દક્ષને દ્વેષ થવો ન જોઈએ, છતાં પુત્રી સતીનું સદા સ્મરણ થવાથી દક્ષનું અભિમાન અને તેથી દ્વેષ પણ વધતાં જ હતાં. વળી શિવ ધર્મ આચરતા નહિ અને દક્ષ ધર્મ આચરતો તેનો દ્વેષ કરતા, તેથી શિવને તેણે શાપ આપ્યો. દ્વેષ પોતાના દેહની અન્દર જ રહે છે અને શિવને યજ્ઞમાં ભાગ મળતો હોવાથી યજ્ઞ કરતાં તેમનાં દર્શન થાય ત્યારે દ્વેષ થવાનું સમ્ભવે અને તેથી બહાર પણ દ્વેષ કાર્ય કરવાની પ્રવૃત્તિ કરે. તેવું ન થાય તે માટે ધર્મ(યજ્ઞ) રૂપ કાર્યમાં શિવના દર્શન ન થાય તે માટે તેણે શિવને એવો શાપ આપ્યો કે દેવના સમૂહોમાં અધમ શિવને દેવો સાથે યજ્ઞમાં ભાગ ન મળે(શ્લો.૧૮). યજ્ઞરૂપ કર્મ સાથે શિવને સમ્બન્ધ ન રહે તે માટે દક્ષે તેમને એવો શાપ આપ્યો [૩૭-૩૮]

શિવ તો શાપ સાંભળીને પણ શાન્ત જ રહ્યા પણ તેમનો મુખ્ય સેવક ધર્મરૂપ નન્દી પોતાના અધિદેવ (શિવ)નું આ અપમાન સહન કરી શક્યો નહિ, તેથી તેણે દક્ષને અને દક્ષના એ નિન્દ્ય

કાર્યનું અનુમોદન કરનારા બ્રાહ્મણોને શાપ આપ્યો. પહેલાં તો તે તત્ત્વથી વિમુખ થાય એવો તત્ત્વની હાનિ કરાવનારો શાપ આપ્યો(શ્લો.૨૧). કારણ કે બધાયે ધર્મથી પ્રાપ્ત થવાનું ફળ તત્ત્વજ્ઞાન છે. ધર્મથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત ન થાય તો પણ કોઈક સમયે સત્સંગ વગેરેથી અથવા વૈરાગ્ય વગેરે સાધનો થતાં તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થાય, તેથી તેવી રીતે પણ તે પ્રાપ્ત ન થાય તે માટે સાધનો પણ તેમનાથી થઈ ન શકે તેવો જુદો શાપ આપ્યો(શ્લો.૨૩-૨૬). આ બીજો શાપ આપવાનો હેતુ એ જ હતો કે સત્સંગ, વૈરાગ્ય વગેરે સાધનો કરીને પણ તેઓ તત્ત્વજ્ઞાન પ્રાપ્ત ન કરે. જો એવો હેતુ ન હોય તો સાધનો પોતે પુરુષાર્થરૂપ ન હોવાથી ફળ (તત્ત્વજ્ઞાન) પ્રાપ્ત ન થવાનો પહેલો શાપ આપ્યો તેથી જ કાર્ય સિદ્ધ થતું હોવાથી સાધનો થઈ ન શકે એવો શાપ આપવો નિરર્થક ગણાય [૩૯-૩૯।।]

નન્દીએ આવો શાપ આપી બ્રાહ્મણોનાં સર્વ કર્મનો નાશ કર્યો એમ ન માનવું, કારણ કે ધર્મને દક્ષના શાપથી તેના અધિદેવ શિવનો સમ્બન્ધ ન રહેતાં, તે પોતે જ નમાલા થઈ જવાથી, તેનું ફળ કોઈને પ્રાપ્ત ન જ થાય. આ કહેલ ન હોવા છતાં એની મેળે જણાય છે, તેથી નન્દીએ કાંઈ અધિક કહ્યું નથી પરન્તુ દક્ષના શાપનું પરિણામ જ સ્પષ્ટ રીતે કહેલું છે [૪૦]

ધર્મનો નાશ થાય તેવો નન્દીનો શાપ ભૃગુ સહન કરી શક્યા નહિ, કારણ કે ભૃગુ ધર્મરૂપ બ્રહ્માના દેહની ત્વચારૂપ હતા અને આરંભમાં બહારનું દુઃખ તો ત્વચાને જ થાય, તેથી યજ્ઞમાં શિવનાં દર્શન ન થાય તે માટે ધર્મમાં તેમનો સમ્બન્ધ અટકાવનાર થઈ તેણે શાપ આપ્યો, કારણ કે શિવને યજ્ઞમાં ભાગ આપવો એવો ધર્મ રહે તો, યજ્ઞમાં તેમના દર્શન થવાથી ક્રોધ ઉત્પન્ન થવાનું સમ્ભવે [૩૯।।-૪૦]

ભૃગુએ એવો શાપ આપ્યો કે

૧. વૈદિક મુખ્ય ધર્મમાં શિવે કહેલ પાષણ્ડ ધર્મનો પ્રવેશ ન થાય, તેવો પાષણ્ડ ધર્મ કરનારાઓનો પણ પ્રવેશ ન થાય.
૨. તે શિવે કહેલ ધર્મ અધર્મ જ રહે, ધર્મ ન જ થાય અને તે આચરનારાઓ પણ અધર્મીજ હોય અને નરક પણ પ્રાપ્ત કરે.
૩. તેમના અધર્મની હદ ''જેમાં મદિરા અને દારૂ દેવ છે''(શ્લો.૨૯) એ શબ્દો પ્રમાણે કાપાલિક (શિવના -કોનો એક સમૂહ. તેઓ માણસના માથાંની ખોપરીઓની માળા પહેરે છે અને ખોપરીમાં ખોરાક વગેરે રાખી તેમાંથી ઉપયોગમાં લે છે.) સુધીની છે, કારણ કે શિવના વ્રતને અનુસારનારા તેવા છે.
૪. તેઓની ઉપાધિ એટલે પાષંડપણાની ઉપાધિ અથવા પાષંડપણું કરાવનાર વેદની નિન્દા તે તેઓના પોતાના આ ધર્મમાં અધિદેવ જ ગણાય. અથવા તે પાષંડીઓ વેદમાર્ગમાં નિન્દવાયોગ્ય હોવાથી, તેમની ઉપાધિ એટલે અધર્મતાનો નાશ કરનાર વેદ, તે પોતાના

(વેદ)માર્ગમાં અધિદેવ રહેશે. અથવા તદ્ એટલે બ્રહ્મ(વેદ) અને ઉપાધિ એટલે પાષણ્ડપણાનો નાશ કરનારા ધર્મની નિન્દા, તે બેનો સમૂહ એટલે વેદ અને વૈદિક ધર્મની નિન્દા એ બે અનુક્રમે વૈદિક ધર્મના અને પાષંડધર્મના અધિદેવ રહેશે. ભૃગુના પોતાના વૈદિક ધર્મમાં વેદ અધિદેવ રહેશે અને આ શિવે કહેલા પાષંડધર્મમાં વેદની નિન્દા મુખ્ય રહેશે. અથવા શિવ પોતે; પોતે કહેલ ધર્મ આચરતા ન હોવાથી અને તેવા ધર્મની પ્રવૃત્તિ કરાવનાર તેવા દેહવાળા રહેતા હોવાથી શિવ જ પાષંડધર્મની ઉપાધિ છે અને ''જેમાં ભૂતોના રાજા તમારા દેવ છે'' એ વાક્ય પ્રમાણે પોતાના આ પાષંડ ધર્મમાં અધિદેવ છે. શિવ સિવાય બીજો કોઈ તે ધર્મમાં અધિદેવ નથી અને શિવ તે ધર્મના વક્તા પણ છે.

૨૮-૩૨ સુધીના પાંચ શ્લોકથી ભૃગુએ એવા ભાવાર્થનો શાપ આપ્યો [૪૦૫-૪૨]

નન્દીએ આપેલા શાપ કરતાં આ શાપ ઉલ્લંઘન થઈ ન શકે તેવા બ્રહ્મદંડરૂપ(શ્લો.૨૭) હોઈ ઘણો ભારે હતો. આથી એમ સૂચવેલું છે કે **વેદ પ્રમાણે ભગવાનનું ભજન કરવાનું પડતું મૂકી, બીજા માર્ગે ભજન કરવાનો પ્રયાસ ન કરવો.** નન્દીએ પણ શાપ આપી બ્રાહ્મણોનો ધર્મ સાથેનો સમ્બન્ધ બન્ધ કરેલો, છતાં તેણે ''શિવનો દ્વેષ કરનારાઓને મોહ થાઓ''(શ્લો.૨૫) એમ કહેલું હોવાથી, તેનો શાપ શિવનો દ્વેષ કરનારાઓને જ લાગે તેવો હોવાથી જ્યારે શિવનો દ્વેષ કરવો બન્ધ કરે ત્યારે ધર્મ થઈ શકે તેવો હતો, પરન્તુ આ ભૃગુનો શાપ તો કોઈ સમયે અટકે તેવો નથી. નન્દીના શાપ પ્રમાણે શિવનો દ્વેષ કરવો બન્ધ ન કરે તો ધર્મ થવાનું સમ્ભવતું પણ નથી, પરન્તુ શિવનો દ્વેષ ન કરે અને કોઈ પ્રસંગે જો કર્મ ભગવાનને સમર્પણ કરવામાં આવે, તો તેનાથી ધર્મ થાય પણ ખરો [૪૩]

શિવ તો પહેલેથી બધું જાણતા હતા, છતાં આમ પરસ્પર શાપ થતાં તે ખેદ પામ્યા. પાષણ્ડધર્મની ઉત્પત્તિ થવાથી તેમને મનદુઃખ થયું, છતાં તેમને પોતાને કાંઈ હાનિ થઈ નહિ, કારણ કે સહેજ જ મનદુઃખ થયેલું. શિવનો દ્વેષ ન કરે તેમનાથી ધર્મ તો થવાનો જ હતો. છતાં જેમ પહેલાં ધર્મનો પ્રચાર થતો હતો તેવા પાષણ્ડો ઘણા વધવાથી ભવિષ્યમાં થશે નહિ એવા વિચારથી તેમને મનદુઃખ થયું. જો કાલની મર્યાદાને લીધે (કાલ ખરાબ આવવાથી) ધર્મનો પહેલાંના જેવો પ્રચાર થતો અટકયો હોત તો શિવને મનદુઃખ ન થાત. પરન્તુ પોતાના જ કારણથી તેમ થયું તેથી તેમને મનદુઃખ થાય એ યોગ્ય છે. મનદુઃખ થવાથી શિવ ત્યાંથી ચાલ્યા ગયા(શ્લો.૩૩).

યજ્ઞની મધ્યમાં જ યજ્ઞનો નાશ કરે તેવું વિઘ્ન ઉત્પન્ન થવાથી ઋષિઓ પણ ભય પામ્યા, પરન્તુ ઋષિઓ હોવાથી તેમણે જાણ્યું કે ભગવાન્ જ દોષ ન રહે તે પ્રકારે યજ્ઞ પૂર્ણ કરાવશે. તેથી તેમણે તે કર્મ ભગવાનને અધીન કરી તેમને સમર્પણ કરી તેમનું એકલાનું જ તેમાં પૂજન કર્યું(શ્લો.૩૪). એમ કરી યજ્ઞ સમ્પૂર્ણ થાય તેવું સાધન કર્યું, અને પછી ત્યાં ભગવાનના તીર્થ પ્રયાગમાં સર્વ દોષને દૂર કરનાર ભગવાનની ચરણની રજવાળી ગનાથી અલૌકિક શરીર પ્રાપ્ત થશે

અને પહેલાના દોષોનો નાશ થશે, અને કાલિન્દી પુષ્ટિમાર્ગીય હોવાથી મર્યાદામાર્ગથી એ પ્રમાણે અલૌકિક શરીરની પ્રાપ્તિ અને દોષો દૂર કરવાનું નહિ થાય તો પણ ભગવાન્ પુષ્ટિમાર્ગથી તે સર્વ કરશે એમ વિચારીને, તે બે નદીઓના સંગમમાં સ્નાન કરી નિર્મલ થયા(શ્લો.૩૫ અને અ.૭।૫૬). એ પ્રમાણે ભવિષ્યમાં ધર્મ પ્રાપ્ત થવાનું કારણ કહ્યું [૪૪-૪૪॥]

**અધ્યાય ૩ ; અનર્થની ઉત્પત્તિ અને શિવે કરેલ નિવારણનો પ્રયાસ :**

કર્મ કરવાથી ઉત્પન્ન થયેલ અભિમાનરૂપ સતીના સમ્બન્ધને લીધે શિવને દ્વેષ થયેલ અને તેમને થયેલ શાપથી તેમને કર્મ(યજ્ઞ) સાથે સમ્બન્ધ રહ્યો નહિ તેથી કર્મના સમ્બન્ધને લીધે થયેલ દ્વેષ રહેવાનું પણ સમ્ભવતું નથી. તે જ કારણે દક્ષને પણ દ્વેષ રહેવાનું સમ્ભવતું નથી. છતાં અહીં દ્વેષ થયાનું જણાવેલ છે કારણ કે શાપથી ધર્મ સાથેનો સમ્બન્ધ અટકાવ્યો, છતાં દ્વેષના કારણરૂપ સતી સાથે દેહથી સમ્બન્ધ રહ્યો. તેથી દ્વેષના કારણરૂપ ધર્મ સાથે સમ્બન્ધ ન રહેવા છતાં, પહેલાનાં તેના ધર્મના કાર્ય અભિમાનરૂપ સતીનો દેહ દક્ષથી ઉત્પન્ન થયેલ હોવાથી અને તે દેહ રહેલ હોવાથી તેનાથી ઉત્પન્ન થયેલ સમ્બન્ધ પણ રહ્યો તેથી દ્વેષ પણ તેનું કારણ બનેલ સતીનો દેહ હતો ત્યાં સુધી વધારે વધતો હતો. સતીના દેહનો સમ્બન્ધ (દક્ષ સાથે પુત્રી તરીકેનો અને શિવ સાથે પત્ની તરીકેનો) એવા બે પ્રકારનો હોવાથી બન્નેના દ્વેષની કથા કહેલી છે [૪૪॥-૪૬]

દક્ષ શિવનો ઘણો દ્વેષ કરતો હોવા છતાં, બ્રહ્માએ તેનો પ્રજાપતિઓના અધિપતિના પદે અભિષેક કર્યો. આ પદ અભિમાન ઘણું વધારે તેવું હતું અને બ્રહ્માએ આ પદે તેનો એવા વિચારથી અભિષેક કર્યો કે શિવનો દ્વેષ કરતો હોવાથી તે પડવાનો તો છે જ. તો જો તેનું અભિમાન ઘણું જ વધી જાય તો તે વહેલો પડે અને પડતાં, શિવના દ્વેષને લીધે પતન થાય છે એમ તે જાણશે ત્યારે તેમનો દ્વેષ કરવાનું મૂકી દેશે. આ પ્રજાપતિઓના અધિપતિના અધિકારનું ક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી તે અધિકાર ધર્મનો નાશ કરનારો હતો. તે પદમાં દક્ષનો તિરસ્કાર થવાનો સમ્ભવ હતો અને તેથી શિવનું અપમાન કરવામાટે તે અધિકાર યોગ્ય જ હતો, તેથી બ્રહ્મા તો એ અધિકાર તેને આપી શિવના દ્વેષને લીધે તેનું જે પતન થવાનું હતું, તેમાં સાહાય્ય કરનાર જ થયા. દક્ષ માનતો હતો કે બ્રહ્મા મને માન આપે છે, પરન્તુ બ્રહ્માનો અભિપ્રાય તો ઉપર જણાવ્યું તેવો જ હતો, તેથી ચારે બાજુએ દૃષ્ટિ જેમાં રાખેલ તેવું આ કાર્ય ચાર મુખવાળા બ્રહ્માએ કર્યું. આ અધિકાર મળવાથી દક્ષને અભિમાન થયું [૪૭]

વળી દક્ષે વાજપેય યજ્ઞ કર્યો તેથી અને બ્રહ્મનિષ્ઠ પુરુષોનું અપમાન કર્યું (શ્લો.૩) તેથી પણ તેને અભિમાન થયું. વાજપેય યજ્ઞ સર્વ યજ્ઞોથી અધિક છે તેથી તે કરવાથી અભિમાન થયું. બ્રાહ્મણોમાટે બૃહસ્પતિસવ મુખ્ય યજ્ઞ છે, તેથી તે યજ્ઞ કરવામાટે જ દક્ષે વાજપેય યજ્ઞ કર્યો, કારણ કે ''વાજપેય યજ્ઞ કરીને બૃહસ્પતિસવ કરવો'' એવી વેદની આજ્ઞા છે. આ વેદની આજ્ઞામાં માત્ર ક્રમ કહેલો છે. એવો ક્રમ રાખવાનું કારણ એ છે કે બૃહસ્પતિસવ કરવો એ

પ્રતિષ્ઠાની અવધિ છે. તે યજ્ઞ પ્રતિષ્ઠાની અવધિરૂપ હોવાથી, તે કરીને પછી વાજપેય વગેરે બીજા યજ્ઞો કરવાનું સમ્ભવતું નથી. અને વાજપેય સર્વથી અધિક હોવાથી તે પડ્યો ન મુકાય, તે માટે તે બૃહસ્પતિસવ પહેલાં કરવાની વેદની આજ્ઞા છે. વાજપેય યજ્ઞમાં અગ્નિ સાચવવાનું છાન્દોગ્ય ઉપનિષદમાં કહેલું છે, છતાં દક્ષે તેમ કરેલ નહિ, કારણ કે વારંવાર યજ્ઞ કરતા હોય તેમણે તેમ કરવાની જરૂર નથી [૪૮–૪૮ાા]

દક્ષે ઉત્તમ વૈદિક યજ્ઞ કર્યો, તે પણ પ્રતિષ્ઠાની અવધિરૂપ યજ્ઞ કર્યો. તે પોતે બ્રહ્મનિષ્ઠ હતો. વળી ''વેદ પાપનો નાશ કરનાર છે'' એવી શ્રુતિ પણ છે. છતાં આવા વૈદિક યજ્ઞનો પણ નાશ થયો(અધ્યાય પાંચમો), કારણ કે આ યજ્ઞ કાલગ્રસ્ત ભૂમિમાં થયેલો. ''આના યજ્ઞને કાલથી ગ્રહણ કરાવું એવી જેના વિષે ઇચ્છા કરે તેની પાસે કાલગ્રસ્ત યજ્ઞભૂમિમાં યજ્ઞ કરાવે. દેવનું પૂજન કરવાની કાલગ્રસ્ત ભૂમિ છે. તેના જેવી થાય તે માટે સતી આવો પ્રથમ યજ્ઞ કાલથી જ ગ્રહણ કરાવે છે'' એ શ્રુતિ પ્રમાણે દેવનું પૂજન કરવાની તેવી કાલગ્રસ્ત ભૂમિમાં દક્ષનો યજ્ઞ થયેલ હોવાથી તેનો નાશ અવશ્ય થવાનો જ હતો. તેનો નાશ થયો એ વૈદિક માર્ગમાં દોષરૂપ નથી, પરન્તુ શ્રુતિમાં તેમ કહેલ હોવાથી તે ઉલટો વૈદિક માર્ગમાં ભૂષણરૂપ છે.

ભૃગુ વગેરે યજ્ઞ કરાવનાર ઋષિઓ સર્વજ્ઞ હતા, છતાં દૈવને લીધે એટલે ભગવાનની ઇચ્છાને લીધે અથવા દક્ષ વગેરેના દુર્ભાગ્યને લીધે તેમણે તેવી કાલગ્રસ્ત ભૂમિમાં યજ્ઞ કરાવ્યો, તેથી દક્ષના ત્રણ દોષ થયા : ૧. પ્રજાપતિના અધિપતિનો અધિકાર. ૨. જેમાં બ્રહ્મનિષ્ઠોનું અપમાન કર્યું તેવો વાજપેય યજ્ઞ કર્યો તે. આ બે દોષોથી તેનું અભિમાન ઘણું વધ્યું. ૩. કાલગ્રસ્ત યજ્ઞભૂમિમાં યજ્ઞ કર્યો તે [૪૮ાા–૪૯ાા]

જ્યારે આવા ત્રણ દોષ હતા, તો ચોથા શ્લોકથી આરંભી દક્ષના આ યજ્ઞના ઉત્સવનું વર્ણન કરવાનું શું પ્રયોજન ? અને પતિભક્ત સતી ત્યાં ગયાં ન હતાં ત્યારે તેમને ત્યાં જવાની ઇચ્છા કેમ થઈ ? એ પ્રશ્નો થાય, તો જાણવું કે જે શિવનો દ્વેષ કરતો હોય તેવા કોઈની પણ આવી ઉન્નતિ થાય નહિ. ''ઉત્તમ પુરુષનો તિરસ્કાર પુરુષનાં સર્વ કલ્યાણોનો નાશ કરે છે'' (૧૦।૪।૪૬) એ વાક્ય પ્રમાણે શિવનો દ્વેષ કરનાર દક્ષની આવી ઉન્નતિ સમ્ભવતી નથી એમ જાણનારી સતીએ તે ઉન્નતિ જોઈને યજ્ઞમાં વિઘ્ન કરવામાટે જ પ્રવૃત્તિ કરી, એમ જણાવવા તે યજ્ઞના ઉત્સવનું વર્ણન કરેલું છે. જો સતીએ એ ઉત્સવમાં વર્ણન કરેલી દક્ષની ઉન્નતિ જોઈ ન હોત તો વિઘ્ન કરત જ નહિ, તે પતિભક્ત હોવાથી પતિનો દ્વેષ કરનારની આવી ઉન્નતિ જુએ ત્યારે તે વિઘ્ન કરે તે યોગ્ય જ છે. દક્ષની આ ઉન્નતિ તેના પ્રારબ્ધ કર્મને લીધે થયેલી, ભગવાને આપેલી(કરેલી) ન હતી. જો ભગવાને કરેલી હોય તો તેમાં વિઘ્ન કરવાનું અશક્ય જ થાય. સતી વિઘ્ન કરનારી થઈ તેથી ઉન્નતિ દક્ષના પ્રારબ્ધે જ કરેલી, ભગવાને કરેલી નહિ.

શંકા : પ્રારબ્ધ (જે કર્મનાં ફળ ભોગવવાનો આરંભ થયેલો છે તે પ્રારબ્ધ કર્મ અને જેનાં ફળ ભોગવવાનો આરંભ હજી થયેલ નથી તે અપ્રારબ્ધ કર્મ.) તો માત્ર ભોગ કરવાથી જ નાશ થઈ શકે તેવું હોવાથી દક્ષના પ્રારબ્ધે કરેલ ઉન્નતિનો સતીથી નાશ કેમ થાય ? એમ પણ ન કહી શકાય કે તેનું પ્રારબ્ધ એટલું જ હતું, કારણ કે તે (પ્રારબ્ધ) કરનારું કારણ ન રહે ત્યારે જ ઉન્નતિ ન રહે, એટલે સતી ઉન્નતિનો નાશ થવામાં કારણ ન થઈ શકે. સતીએ ઉન્નતિ કરનાર કારણનો જ નાશ કર્યો એમ પણ ન કહેવાય. કારણ કે એમ માનીએ તો ''જેમના કર્મના ભોગનો આરંભ થયેલ નથી તેવાં જ પુણ્ય-પાપ જ્ઞાનથી નાશ પામે છે, જેના કર્મના ભોગનો આરંભ થયેલ છે તેવા પુણ્ય-પાપનો જ્ઞાનથી નાશ થતો નથી. કારણ કે સર્વ કારણોની પહેલાંની હદરૂપ ભગવાનની ઈચ્છા તેવી છે'' (બ્રહ્મસૂત્ર ૪।૧।૧૫) તથા ''પ્રારબ્ધનો ભોગ કરીને બીજા બે સ્થૂલ અને લિન શરીરનો ક્ષય કરાવીને પછી અલૌકિક ભોગ પ્રાપ્ત કરે છે'' (બ્રહ્મસૂત્ર ૪।૧।૧૯) એ તત્ત્વસૂત્રોનો વિરોધ થાય. સતી દક્ષની ઉન્નતિનો નાશ કરવામાં સાધન થઈ એમ પણ ન કહેવાય, કારણ કે તેણે તે ઉન્નતિનો સ્વતન્ત્ર રીતે નાશ કર્યાનું કહેલ છે તેનો વિરોધ થાય, અને વળી ભવિષ્યમાં દક્ષને ભોગ પ્રાપ્ત થવાનું કહેલું છે(અધ્યાય ૭।૫૭)-- એવી શંકા કરવામાં આવે તો!

સમાધાન : એ બરાબર છે કે અહીં પ્રારબ્ધનો નાશ થયાનું કહેલું નથી, પરન્તુ સર્વ કર્મોને બાળી નાખનાર તત્ત્વજ્ઞાનથી પણ જે બંધ થઈ શક્તો નથી તેવા પ્રારબ્ધથી ઉત્પન્ન થયેલા ભોગનો આરંભ (ભોગવવાનું શરૂ થયેલ ભોગ) પણ મોટા પુરુષના દ્વેષથી બન્ધ થઈ ગયો. એમ મોટા પુરુષનો દ્વેષ તત્ત્વજ્ઞાનથી પણ અધિક બલવાળો હોવાનું કહેલું છે, એમ સમ્પ્રદાય જાણનારાઓ કહે છે. વાસ્તવિક રીતે તો મોટા પુરુષ શિવના દ્વેષને લીધે દક્ષના શુભ પ્રારબ્ધનો પણ નાશ થયો. સતી તે શુભ પ્રારબ્ધનો નાશ કરાવનારી ન હતી એમ પણ ન માનવું, કારણ કે દ્વેષ તેના લીધે ઉત્પન્ન થયેલ હોવાથી તે તેનું ફળ પ્રાપ્ત કરાવનારી થઈ. બ્રહ્મસૂત્ર ૪।૧।૧૫ તથા ૪।૧।૧૯ નો વિરોધ પણ થતો નથી, કારણ કે તેમનો વિષય આથી જુદા પ્રકારનો છે. જેમાં મોટા પુરુષનો દ્વેષ ન હોય તેવા પ્રસંગે તે સૂત્ર લાગુ પડે છે. તેથી જ શિવનો દક્ષ દ્વેષ કરતો હોવાથી જ જેમાં ફળના ભોગનો આરંભ થયેલ તેવા શુભ પ્રારબ્ધવાળા દક્ષના શરીરનો પણ નાશ થયો. ભવિષ્યમાં તેને પ્રાપ્ત થયેલી સમ્પત્તિ તો ભગવાને જ તેને આપેલી. તેમજ તેનું જીવન પણ ભગવાને આપેલું, તેથી જ ભગવાન્ વ્યાસ તત્ત્વજ્ઞાનીઓનાં પુણ્ય અને પાપ બન્ને પ્રકારનાં કર્મનો નાશ થવાનું સિદ્ધ કરીને ''અતોऽન્યાપિ હ્યેકેષામુભયોઃ''(બ્રહ્મસૂ.૪।૧।૧૭) કહે છે. ઉપર કહેલી શ્રુતિથી જુદા પ્રકારની બીજી પણ શ્રુતિ છે 'અતઃ' તે કારણથી કેટલાક પુરુષોનાં પ્રારબ્ધ અને અપ્રારબ્ધ બન્ને પ્રકારનાં કર્મોનો નાશ થાય છે, એવો તેનો અર્થ છે. ''તેના પુત્રો વારસો લે છે, મિત્રો સુકૃત લે છે અને શત્રુઓ પાપ લે છે'' એ તે બીજી શ્રુતિ સ્પષ્ટ અર્થવાળી છે. આ શ્રુતિ કામ્ય કર્મના સમ્બન્ધમાં કહેલી છે એમ પણ કહેવાય તેમ નથી, કારણ કે ''તે (જ્ઞાન) પ્રાપ્ત થાય ત્યારે પછીનાં પાપ લાગતાં નથી અને પહેલાંના પાપનો નાશ થાય છે, કારણ કે તે કહેલ છે'' (બ્રહ્મસૂત્ર ૪।૧।૧૩) સૂત્રથી જ્ઞાનની પ્રાપ્તિ થયા પછી તે પહેલાંના અને પછીનાં પાપોનો સમ્બન્ધ હોતો નથી એમ

કહીને ''પતન થાય તો પણ બીજાનો પણ એ રીતે સમ્બન્ધ હોતો નથી'' (બ્રહ્મસૂત્ર ૪।૧।૨૪) સૂત્રથી પુણ્યનો પણ એ જ પ્રકારે સમ્બન્ધ ન હોવાનું કહેલ હોવાથી, કામ્ય કર્મો કહેવાઈ ગયેલાં હોવાથી, ફરીથી કામ્ય કર્મ સમ્બન્ધી કાંઈ કહે તે અયોગ્ય જ ગણાય. વળી ''શત્રુઓ પાપ લે છે'' એ શબ્દો અર્થરહિત થાય, કારણ કે પાપ કામ્ય હોવાનું સમ્ભવતું નથી. બ્રહ્મસૂત્ર ૪।૧।૧૭ માં 'ઉભયોઃ' શબ્દ છે, તેથી જૈમિનિ અને વ્યાસ એ બે જણાવેલ હોવાનું સમ્ભવતું નથી, કારણ કે જૈમિનિનું એ સૂત્રની નજીકમાં ક્યાંય નામ આવેલ નથી અને સામાન્ય ('બન્ને' એ સામાન્ય શબ્દ છે. ક્યા બે લેવા એ પ્રશ્ન થાય. નજીકમાં કહેલા બે લેવા જોઈએ, પાપ અને પુણ્ય નજીકમાં કહેલ હોવાથી એ શબ્દથી તે બે જણાવેલ છે.) શબ્દનો અર્થ નજીકમાં કહેલ વિષય હોવો જોઈએ.

પાપ અને પુણ્ય કોઈ સ્થૂલ પદાર્થ નથી અને તેથી તે કોઈથી લેવાય તેવા પદાર્થ નહિ હોવાથી શ્રુતિમાં અર્થ કહેલ છે તે પ્રમાણે થવાનું સમ્ભવતું ન હોવાથી, શ્રુતિનું તાત્પર્ય બ્રહ્મ જાણનાર ઉપર સ્નેહ રાખવો અને તેનો દ્વેષ ન કરવો એવું જ છે --એમ પણ કહી શકાય તેમ નથી, કારણ કે એકાદશીનો ઉપવાસ કરવાને જે અશક્ત હોય તેને તેની પત્ની પોતે કરેલો ઉપવાસ આપે તો તે ઉપવાસનું પુણ્ય તેને મળે છે. વળી પુરુએ પણ યયાતિનું ઘડપણ લીધાનું જણાવેલ હોવાથી અહીં પણ પાપ અને પુણ્ય શત્રુઓ અને મિત્રો લે તે સમ્ભવે છે.

એકાદશીના ઉપવાસના સમ્બન્ધમાં તો પત્ની પતિને લક્ષ્યમાં રાખીને ઉપવાસ કરે, તેથી તેનું પુણ્ય પતિને જ મળે છે એમ ન મનાય, કારણ કે એમ હોય તો પુણ્યનું દાન કર્યાનું અર્થહીન(ખોટું) થાય. અને વળી યયાતિના ઘડપણના સમ્બન્ધમાં તો એમ કહેવાય તેવું પણ નથી. વળી પ્રેતને લક્ષ્યમાં રાખ્યા વિના જ કરેલ એકાદશી, રાત્રિનું જાગરણ વગેરેનું થોડું પણ પુણ્ય આપવાથી પ્રેતની મુક્તિ થયાનું ઉપાખ્યાનોમાં જણાવેલું છે. ઉપાખ્યાનો ખોટાં છે એમ પણ મનાય નહિ, કારણ કે તેઓને ખોટાં ઠરાવનારું કાંઈ નથી. સ્થૂલ પદાર્થ ન હોય તે લઈ કે આપી શકાય નહિ, એ કારણથી પુણ્યનું દાન જણાવનારાં ઉપાખ્યાનો ખોટાં છે એમ કહેતા હો તો તમે વિચારો કે અલૌકિક પદાર્થ જણાવવામાં આવતો હોય તે લૌકિક યુક્તિથી ખોટો ઠરાવી શકાય ? ન ઠરાવી શકાય. કારણ કે તે બન્નેના વિષયો જુદા છે. જો લૌકિક તર્કથી અલૌકિક પદાર્થ ખોટા ઠરાવી શકાતા હોય તો એક માણસ કર્મ કરે તેનું ફળ બીજાને મળે તે તર્કથી વિરુદ્ધ હોવાથી, તમે પણ બીજાને લક્ષ્યમાં રાખીને કર્મ કરવાની, મરેલ પિતા માટે ગયામાં શ્રાદ્ધ કરવાની વગેરે, પ્રવૃત્તિઓ ન કરો. શાસ્ત્રનાં વચન જ પિતામાટે પુત્રે કરેલ શ્રાદ્ધનું ફળ પિતાને અપાવે છે એમ કહો, તો અહીં પણ એમ જ છે. ''મિત્રો પુણ્ય લે છે અને શત્રુઓ પાપ લે છે'' એમ શ્રુતિ જ કહે છે.

''મિત્રો પુણ્ય લે છે'' વગેરે વાક્યમાં, જો આરંભમાં વાક્યનો અર્થ સમજાતો હોય તો એ શ્રુતિના વચનને લીધે પુણ્ય અને પાપ લેવા-દેવાનું બની શકે છે એમ મનાત. પરન્તુ એ વાક્યનો અર્થ જ સમજાતો નથી, કારણ કે પુણ્ય અને પાપ સ્થૂલ પદાર્થ ન હોવાથી, તે લઈ દઈ શકાતાં નથી

એવું જ્ઞાન તેનો અર્થ કરવામાં નડે છે. જો એનો અર્થ થતો હોય તો ''અગ્નિ શીતળ છે'' એવા વાક્યનો પણ અર્થ સમજાય. અર્થ સમજાતો ન હોવાથી અને તે 'શ્રુતિ' હોઈ પ્રમાણ વચન હોવાથી તેનો બીજો અર્થ કલ્પવામાં આવે છે, (કે બ્રહ્મ જાણનાર ઉપર સ્નેહ રાખવો અને તેનો દ્વેષ ન કરવો, એવું એ શ્રુતિનું તાત્પર્ય છે)'' એમ કહો, તો તે પણ બરાબર નથી. અજ્ઞાનને લીધે તમે એમ કહો છો. કારણ કે જેની જીભ પિત્તને લીધે બગડેલી હોય તે પહેલી વાર સાકર ખાય ત્યારે ''સાકર ગળી છે'' એ વાક્ય ખોટા અર્થવાળું (ખોટું) છે એવું તેને જ્ઞાન થાય છે, તે કારણથી તે વાક્ય ખોટું થતું નથી, કારણ કે અવિદ્યાથી ખરડાયેલી બુદ્ધિવાળાઓના અનુભવ વગેરે, વેદનો વિષય જેનો બ્રહ્મ જાણનારાઓને અનુભવ થાય છે, તેને ખોટો ઠરાવી શકતાં નથી. તેથી ''પુત્રો વારસો લે છે'' એમ આ પણ તેની (વારસો લેવાની) સમાન છે એમ સૂચવવા કહેલું છે, તેથી મોટા પુરુષની કૃપાથી પુણ્ય વિના પણ, બીજાથી રોકાઈ ન શકે તેવું શુભ ફળ પ્રાપ્ત થાય છે અને તેમનો દ્વેષ કરવાથી પાપ વિના પણ બીજાથી રોકાઈ ન શકે તેવું દુઃખ પ્રાપ્ત થાય છે એમ સિદ્ધ થાય છે. દક્ષના સમ્બન્ધમાં પણ એમ જ થયું. ભગવાન્ જ ધર્મની સિદ્ધિ કરાવી શકે છે, એવો પ્રકરણનો અર્થ પણ તેથી જ ઘટે છે. તેથી મોટા પુરુષનો દ્વેષ અથવા કૃપા ન હોય ત્યારે જ શુભ અથવા અશુભ પ્રારબ્ધ માત્ર ભોગ કરવાથી નાશ થઈ શકે તેવાં હોય છે.

અથવા દક્ષે ભવિષ્યમાં વિઘ્ન ઉત્પન્ન કરે તેવું જ પ્રારબ્ધ તેણે સતીને ઉત્પન્ન કરેલી, એમ સતીએ વિઘ્ન કરવાનું જરૂરી હોવાનું કારણ કહેલું છે.

સતીએ પતિમાટે જ એવી પ્રવૃત્તિ કરી ત્યારે શિવે તેને તેમ કરતાં અટકાવી શા માટે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શિવ સતીના તેમજ યજ્ઞના પણ અધિદેવ હતા. તેથી સતી જો દક્ષના યજ્ઞમાં જશે તો સતીનો અને યજ્ઞનો બન્નેનો નાશ થશે, એવા વિચારથી તે બન્નેનું રક્ષણ થાય તે માટે શિવે સતીને ત્યાં જતાં અટકાવનારાં વચન કહેલાં, પરન્તુ તેમણે તેમને ત્યાં જતાં અટકાવેલાં ન હતાં, કારણ કે શિવને ઘેર જ રહે અને યજ્ઞમાં ન જાય તો પણ ત્યાં ન જવા દીધાના ઘણા દુઃખને લીધે સતી મરવાનાં તો હતાં જ. વળી યજ્ઞમાં જઈને મૃત્યુ પામે તો કદાચ દ્વેષ કરતાં દક્ષ અટકે, પરન્તુ જો પોતાના ઘેર મૃત્યુ પામે તો ''મારી પુત્રી મારા ઘેર આવવા ઈચ્છતી હતી, તેથી શિવે મારા દ્વેષને લીધે તેને મારી નાખી'' એવું સમજી દક્ષ વધારે જ દ્વેષ કરે. તેથી શિવે સતીને યજ્ઞમાં જતાં અટકાવવાનાં વચન જ કહ્યાં, પણ અટકાવ્યાં નહિ. ત્યાં યજ્ઞમાં જાય તો પણ સતીનું મૃત્યુ તો થવાનું જ હતું, તેથી ત્યાં જવાની રજા પણ ન આપી, પરન્તુ જવા દીધાં [૪૯।।-૫૧।।]

**અધ્યાય ૪ ; દ્વેષનું મધ્યનું કાર્ય–સતીદેહનો નાશ :**

એ પ્રમાણે સતીને યજ્ઞમાં જતાં અટકાવવાનાં વચનો કહી શિવ શાન્ત રહ્યા, પરન્તુ સતીને શાન્તિ થઈ નહિ, તેમણે તો પોતાનું જ અસાધારણ કાર્ય સમ્પૂર્ણ રીતે કર્યું. પિતાને ત્યાં સમ્માન ન થવાથી તેમણે પોતાના દેહને બાળી તેનો નાશ કર્યો કારણ કે તેમના દેહનો નાશ બીજા કોઈથી,

શિવથી દક્ષથી અથવા બીજા કોઈથી પણ, થઈ શકે તેમ ન હતું. અને તેનો નાશ થયા વિના તેઓના દ્વેષનો પણ કોઈ પ્રકારે નાશ થાય તેમ ન હતું. પોતાના પાતિવ્રત્યનું રક્ષણ થાય, પતિની ભક્તિ થાય, નન્દીએ બ્રાહ્મણોને આપેલો શાપ સત્ય થાય, બીજા જન્મમાં પણ શિવનું જ ભજન થાય, તેમનો દ્વેષ કરનાર દક્ષથી ઉત્પન્ન થયેલ દેહ પણ ન રહે અને દક્ષ બોકડાના મુખવાળો બને તે માટે તેનું શિર છેદવામાં આ પોતાનું કાર્ય ઉપયોગી થાય. એમ સમ્પૂર્ણ રીતે પોતાનું અસાધારણ કાર્ય થાય તે માટે તેમણે પોતાના દેહનો નાશ કર્યો [૫૧।।-૫૨]

**અધ્યાય ૫; દક્ષના યજ્ઞનો નાશ:**

સતી અભિમાનરૂપ હોવાથી તેમણે પોતાના દેહને બાળી નાખ્યો અને પછી તેમણે શિવના દેહમાં પ્રવેશ કર્યો. નારદે સતી મૃત્યુ પામ્યાના સમાચાર શિવને આપવાથી દક્ષના યજ્ઞનો નાશ થવાનો સમ્ભવ હતો, છતાં પણ અભિમાનરૂપ સતીએ શિવના દેહમાં પ્રવેશ કરેલ હોવાથી, સતી શિવમાં પણ અભિમાન ઉત્પન્ન કરે તો દેહને ઘણી જ હાનિ થાય, તેથી તેમ ન થાય તે માટે, યજ્ઞનો નાશ કરાવે તેવા સમાચાર શિવને આપી, દેખીતી રીતે દેવોનું અહિત કરનાર પરન્તુ છૂપી રીતે (શિવને અભિમાનરહિત રાખી) તેઓનું હિત કરનાર નારદે તે સમાચાર શિવને આપ્યા. કારણ કે શિવના સેવકો સતી સાથે ગયેલા તેઓએ, પોતાનો પરાભવ થવા છતાં, જીવતા પાછા આવ્યા તેથી અને ભયને લીધે શિવને તે સમાચાર આપેલ નહિ. શિવને સમાચાર મળતાં, પોતાની અન્દર પ્રવેશેલા અભિમાનને કાઢી નાખવા તેમણે પોતાની જટા કાઢી નાખી. અભિમાન કોઈની પણ નીચે રહેતું નથી, તે શિવના મસ્તક ઉપર તેમની જટામાં ઘૂસી ગયેલું. તેથી શિવે જટાને તેના કાર્ય અભિમાન સાથે કાઢી, જમીન ઉપર નાખી, તેમાંથી દ્વેષ સાથેના અભિમાનરૂપ વીરભદ્રને ઉત્પન્ન કર્યો. અધિકાર, વાજસ્પેય યજ્ઞરૂપ કર્મ વગેરેમાં ઉત્પન્ન થયેલું દક્ષનું અભિમાન પણ આ અભિમાનરૂપ વીરભદ્રનો પરાભવ કરી શકે તેમ ન હતું, કારણ કે આ ઘણો જ દુર્જય હતો. આ વીરભદ્રદ્વારા શિવે દક્ષના યજ્ઞનો નાશ કરાવ્યો. દક્ષના યજ્ઞનો નાશ થયો તેમાં શિવનો દોષ ન હતો, કારણ કે તે યજ્ઞ તેના અધિદેવ વિનાનો હતો. જેમ માથા વિનાનો દેહ પોતામાંથી ઉત્પન્ન થયેલા કીડાઓથી ખવાઈ જઈ નાશ પામે છે, તેમ મુખ્ય અંગરૂપ અધિદેવ વિનાના યજ્ઞનો, તે અધિદેવે (શિવે) ઉત્પન્ન કરેલા અભિમાનરૂપ વીરભદ્રે નાશ કર્યો(શ્લો.૧૪-૨૬). તેથી દક્ષના દોષને લીધે જ તેના યજ્ઞનો નાશ થયો, પણ શિવે તેનો નાશ કરેલ નહિ. તેવો-અધિદેવ વિનાનો યજ્ઞ પ્રકટ કરનારાં યજ્ઞશાલા, યજ્ઞપાત્રો વગેરેનો પણ વીરભદ્રે નાશ કર્યો(શ્લો.૧૪-૧૫) કે જેથી તેવો યજ્ઞ ત્યાર પછી પ્રકટ ન થાય [૫૩-૫૫]

''યજ્ઞ ખરેખર યજમાન છે'' એ શ્રુતિ અને ''જેની જેમાં શ્રદ્ધા હોય છે તે તેજ છે''(ભગવદ્ગીતા ૧૭।૩) એ વાક્ય પ્રમાણે દક્ષને યજ્ઞ ઉપર ઘણો જ પ્રેમ હોવાથી યજ્ઞ દક્ષરૂપ થયેલો, તેથી દક્ષને હણવામાં ન આવે ત્યાં સુધી યજ્ઞનો સમ્પૂર્ણ રીતે નાશ થાય તેમ ન હતું, તેથી દક્ષને વીરભદ્રે હણ્યો. તેને હણવાથી યજ્ઞનો પણ નાશ થયો, કારણ કે યજ્ઞ દક્ષરૂપ થયેલા. સર્વ

અવયવોમાં મુખ્ય અવયવ માથું છે. વળી માથામાં જ આંખ, નાક, કાન વગેરે બધી જ્ઞાનેન્દ્રિયો જુદા-જુદા ભાગમાં રહે છે અને દક્ષની જ્ઞાનેન્દ્રિયો જ દોષવાળી હતી તેથી દક્ષનું માથું જ કાયા ઉપરથી હરી લીધું(શ્લો.૧૬). યજ્ઞ ભગવાનનું સ્વરૂપ છે તેથી સાક્ષાત્ યજ્ઞના શિરનો છેદ કરાય નહિ, તેથી યજ્ઞરૂપ દક્ષના શિરને હરી લીધું અને પછી તેનો દક્ષિણ અગ્નિમાં હોમ કરી તેને બાળી નાખ્યું. તેના માથામાં દોષવાળી ઈન્દ્રિયો હોવાથી, તે તામસ હોઈ રાક્ષસોનો ભાગ હતું અને ''શત્રુનું જ વરુણના પાશથી બન્ધન કરાવે છે, તેથી તેનો દક્ષિણ અગ્નિમાં હોમ કરે છે'' ''રુદ્રવાળા અગ્નિને બાર કપાલવાળું બલિ આપવું'' વગેરે શ્રુતિઓ પ્રમાણે ક્રૂર હોમ દક્ષિણ અગ્નિમાં જ કરવાનો હોવાથી, અને દક્ષ ક્રૂર હોવાથી તેના માથાનો દક્ષિણ અગ્નિમાં જ હોમ કર્યો. તેના માથાને બાળવામાં ન આવે અને તે જ માથું પાછળથી તેના ધડ સાથે જોડવામાં આવે તો તે ફરી પાછો શિવનો દ્વેષ કરે, કારણ કે દુષ્ટ જ્ઞાનેન્દ્રિયોવાળું હોઈ તે તેવા સંસ્કારવાળું હતું; તેથી ફરીથી શિવનો દ્વેષ ન કરે તે માટે તેને બાળી નાખ્યું [૫૬, ૫૮-૫૯।।]

પછી બ્રહ્માએ જ્યારે દક્ષને જીવતો કરવા શંકરને પ્રાર્થના કરી અને તેને જીવતો કરવો હતો ત્યારે તેના ધડને બોકડાનું માથું જોડી દઈ જીવતો કર્યો. બોકડાનું માથું જોડવાનું કારણ એ હતું કે જેમ યજ્ઞમાં હોમવાના પશુનું માથું સંજ્ઞપનવિધિથી(શ્વાસ અન્દર રાખીને) ઉતારવામાં આવે છે, તે પ્રમાણે દક્ષનું માથું ઉતારવામાં આવેલું. તે પ્રમાણે તેનું માથું ઉતારવાનું કારણ એ હતું કે જેમ બ્રહ્મજ્ઞાનીને મોક્ષ પ્રાપ્ત થાય છે ત્યારે તેના પ્રાણો બ્રહ્મમાં જ લીન થાય છે. અને તે ભગવાનના ભોગમાટે યોગ્ય છે, તેમ અહીં કર્મમાર્ગમાં સંજ્ઞપનવિધિથી માથું ઉતારેલ હોય તો તેના પ્રાણનો યજ્ઞમાં જ લય થાય છે એવી કર્મમાર્ગવાળાઓની માન્યતા છે. ''આના પ્રાણો બહાર જતા રહેતા નથી, પ્રાણોનો આમાં જ લય થાય છે'', ''બ્રહ્મ જ હોઈ બ્રહ્મને પ્રાપ્ત કરે છે'' એ શ્રુતિઓ પ્રમાણે બ્રહ્મ જાણનારના પ્રાણો તેને જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જો બ્રહ્મમાં જ લીન થાય તો તે 'ઓદન' ખોરાકરૂપ થાય છે, એટલે ભગવાનના ભોગ માટે યોગ્ય થાય છે. ''જેનું બ્રહ્મ અને ક્ષત્ર (બન્ને ખોરાક થાય છે)'' એ શ્રુતિ પણ આ સમ્બન્ધમાં ધ્યાનમાં લેવી. તેવી રીતે યજ્ઞની ભાવનાથી યજ્ઞરૂપ બનેલ દક્ષના પ્રાણો પણ તેના આત્મામાં જ જો લય પામે તો ''યજ્ઞ ખરેખર વિષ્ણુ છે'' એ શ્રુતિ પ્રમાણે તે યજ્ઞ જ થઈ, પોતાના અધિદેવ સ્વરૂપ વિષ્ણુમાં જ લીન થઈ, ફરી તેમાંથી બહાર નીકળવાની શંકા ન રહે તેવો થાય. આવા પ્રયોજનથી તેનું માથું સંજ્ઞપનવિધિથી ઉતારેલું.

''આના પ્રાણો બહાર જતા રહેતા નથી'' વગેરે શ્રુતિઓ પ્રમાણે બ્રહ્મ જાણનારનો તે પ્રમાણે બ્રહ્મમાં લય થાય. કર્મમાર્ગના સમ્બન્ધમાં એવી શ્રુતિ ન હોવાથી તેમ કેવી રીતે બને ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે કર્મમાર્ગના સમ્બન્ધમાં તેવી શ્રુતિ ન હોવા છતાં પણ પશુનો વધ કરવાના બીજા પ્રકારો સમ્ભવતા હોવા છતાં જે સંજ્ઞપનવિધિથી જ તેનો વધ કરવાનું કહ્યું, તેથી તે વિધિ જણાવવાનો કાંઈ ખાસ ગુણ હોવો જોઈએ એમ અવશ્ય કહેવું જોઈએ. તેથી અન્દર શ્વાસ રાખીને

મરણ પામનાર જ્ઞાનમાર્ગવાળાનો જેમ પોતાના જ્ઞાનરૂપ આત્મામાં લય થાય છે એ પ્રસિદ્ધ દૃષ્ટાન્ત લાગુ પાડી, વિશ્વમાં બધા એક સરખા ધારા હોય છે એ નિયમ પ્રમાણે સંજ્ઞપનવિધિથી(શ્વાસ અન્દર રાખીને) મરણ પામનાર કર્મમાર્ગવાળા હોવાથી તેમનો યજ્ઞરૂપ પોતાના આત્મામાં જ લય થાય છે એવો કર્મમાર્ગવાળાઓનો મત છે; તેથી દક્ષનો તેના યજ્ઞરૂપ આત્મામાં લય થાય તે માટે તેનું માથું સંજ્ઞપનવિધિથી ઉતારેલું [૫૭।।]

''મરણ પામ્યા પછી કર્મનું જે ફળ રહે છે તે તેના કર્તાને, તેની આજ્ઞા કરનારને અને તેમાં સમ્મતિ આપનારને સમાન છે'' એવું શાસ્ત્રનું વાક્ય હોવાથી, સભામાં દક્ષ શિવને શાપ આપતો હતો ત્યારે દાઢી-મૂછ દેખાડીને હસનાર ભૃગુની દાઢી-મૂછ ખેંચી કાઢ્યાં, આંખથી સૂચના કરનાર ભગની આંખો ખેંચી કાઢી અને દાંત દેખાડી હસનાર પૂષાના દાંત પાડી નાખ્યા. આ તેણે પોતાના સામર્થ્યથી અને તેની સાથેના સોબતીઓનાં શસ્ત્રો વગેરેથી કરેલ. પરન્તુ દક્ષને હણવામાં તેનું સામર્થ્ય તથા તેના સોબતીઓના શસ્ત્રો નિષ્ફળ થયેલાં. તીક્ષ્ણ ધારવાળી તલવાર પણ તેને કાંઈ ઈજા કરી શકી નહિ. તેથી ઘણું આશ્ચર્ય પામી લાંબા સમય સુધી વિચાર કરી તેણે સંજ્ઞપનવિધિથી તેનું માથું ધડથી છૂટું પાડેલું, તેથી જેમ સંજ્ઞપનવિધિથી હણાયેલા પશુઓને બીજો દેહ પ્રાપ્ત થાય છે, તેમ દક્ષને પણ જીવતો કરી શકાયો, પરન્તુ ભૃગુ, પૂષા તથા ભગ ને બીજાની ઈન્દ્રિયો આપવામાં ન આવી. જો તેને પણ શસ્ત્રોથી હણ્યો હોત તો તેને પણ બોકડાનું માથું સાંધી જીવતો કરાત; પરન્તુ તેને પણ શસ્ત્રો વગેરે નિષ્ફળ જતાં વીરભદ્રને વિસ્મય થયો. તેણે કરેલ ધ્યાન વગેરેથી તેના ક્રોધનો ક્ષય થયો, છતાં સ્વામી શિવની આજ્ઞાથી દક્ષનો વધ કરવાનું જરૂરી હતું, તેથી તેનો વધ કરવાનું સાધન પશુઓના વધનાં સાધન જેવું જ હોય એમ જાણી, તેણે સંજ્ઞપનવિધિથી તેને હણ્યો. એટલે નન્દીએ આપેલ શાપ સત્ય થાય તે માટે ઈશ્વરની ઈચ્છાથી જ શસ્ત્રો વગેરે નિષ્ફળ થયેલાં. જેવું દક્ષનું પાપ તેવું જ પાપ સૂચના કરીને તથા હસીને પૂષા, ભગ તથા ભૃગુએ કરેલ હોવાથી તેમનાં પણ દાંત, નેત્ર તથા દાઢી વગેરેનો નાશ કરેલો.

સંજ્ઞપનવિધિથી વધ કરવામાં આવે તે તો ધર્મ છે. તેથી તેવા પ્રકારના આ દક્ષના વધનું કારણ પાપ કેમ હોય ? એવી શંકા થાય, તો જાણવું કે તે કરતો હતો તે યજ્ઞમાં અધિદેવ નહિ હોવાથી તે યજ્ઞ વૈદિક ન હતો. તેથી લૌકિક પશુની હિંસાના કારણરૂપ જે પાપ હોય તેની સમાન દક્ષનું પાપ હતું, તેથી તેને પાપ કહેલ છે. યજ્ઞ તો લૌકિક હોવા છતાં યજ્ઞના જેવો હોવાથી તેને યજ્ઞ કહેલો છે [૫૮।।-૬૦।।]

એ પ્રમાણે યજ્ઞનો નાશ કરી વીરભદ્રે કોઈ યજ્ઞના મણ્ડપમાં રહે નહિ તે માટે તેને બાળી નાખ્યો. તે મણ્ડપમાં કોઈ છાયામાટે બેસે તો પણ તેના ઉપર મંડપથી થયેલ ઉપકારથી ધર્મ થાય, તેથી તેવો ધર્મ પણ ન થાય તે માટે મણ્ડપને બાળી મૂક્યો. હવે વીરભદ્રે કરવાનું બધું પુરું થયું, કાંઈ બાકી રહ્યું નહિ, તેથી તે ત્યાંથી તેના સોબતીઓ સાથે ચાલ્યો ગયો [૬૦।।-૬૧।।]

**અધ્યાય ૬ ; યજ્ઞસિદ્ધિનો પહેલો વિભાગ :**

ઉપર જણાવ્યું તેમ પૂષા, ભગ વગેરે દેવોએ શિવના અપરાધ તો કરેલા, તેથી પોતાને દુઃખ થયું તે કહેવા બીજા કોઈ પાસે તેઓ જાય તો તે ઊલટું તેમના ઉપર જ કોપ કરે, પરન્તુ જો પોતાના પિતા પાસે જાય તો પિતા કોપ ન કરે અને સ્વભાવને લીધે તેઓના ઉપર પ્રસન્ન જ થાય. તેથી ૧. તેઓ બધા પોતાના પિતા બ્રહ્મા પાસે ગયા. ૨. બ્રહ્માએ તેમને ઉપદેશ કર્યો. આ બે વૃત્તાન્ત આ અધ્યાયના પહેલા ત્રણ અને ચાર શ્લોકોથી કહેલા છે. ૩. ત્યાર પછી તેઓ કુબેર અને શિવ ના ધામ કૈલાસમાં બ્રહ્મા સાથે જાય છે અને તેત્રીસ શ્લોકોથી તે ધામનું વર્ણન કરેલું છે. પછી ૪. આઠ શ્લોકોથી બ્રહ્માએ શિવની સ્તુતિ કરી છે અને ૫. પછી ચાર શ્લોકોથી પ્રાર્થના કરેલી છે.

૧. આ પૈકી દેવોએ બ્રહ્મા પાસે જવાનું કારણ ઉપર જણાવ્યું. તેઓ તો બ્રહ્મા પાસે એવા વિચારથી ગયેલા કે બ્રહ્મા આપણા પિતા હોવાથી આપણો પક્ષપાત કરી શિવને આપણા પક્ષપાતથી કાંઈક કરશે. આવી રીતે શિવમાં દોષની બુદ્ધિ રાખીને તેઓ બ્રહ્મા પાસે આવેલા હોવાથી અનર્થ દૂર થશે નહિ એમ વિચારી ૨. બ્રહ્માએ તેઓને બોધ આપ્યો. શિવ અને બ્રહ્મા બન્ને એક જ છે, તે બેમાં ભેદ નથી એવું દેવોને જ્ઞાન થાય તે માટે બ્રહ્માએ તેમને બોધ આપ્યો [૬૧।।-૬૨।।]

૩. ત્યાર પછી કૈલાસના વન વગેરેનું સુન્દર વર્ણન એટલામાટે કરેલું છે કે ત્યાં ગયા પછી દેવો જો શિવને દરિદ્ર જુએ તો ‘‘અમે આમને હવિષનો ભાગ આપવો બન્ધ કર્યો તેથી આ આવા દરિદ્ર થયા છે’’ એવા વિચારથી દેવોને ગર્વ થાય, તો તેનું પરિણામ સારું ન આવે. તેથી દેવોને શિવના ઐશ્વર્યનું જ્ઞાન થાય તે માટે શિવનાં અને તેમના સખા કુબેરનાં વન, નગરી, નદી, વાવ વગેરેનું સુન્દર વર્ણન કરેલું છે. અને પુષ્પ, ફલ, સુગન્ધ, પક્ષી, મૃગ, અપ્સરા, તેઓના વિલાસ, મુનિઓ વગેરે ચારે પુરુષાર્થ માટે ઉપયોગી પદાર્થોનું નિરૂપણ કરેલું છે [૬૨।।-૬૩।।]

૪. પછી બ્રહ્મા શિવની સ્તુતિ એવા હેતુથી કરે છે કે તે (શિવ) બ્રહ્મ છે એમ સમજાવી દેવોને તેમનું માહાત્મ્ય જણાવવું. આ તો એક(શ્લો.૪૨) શ્લોકથી જ જણાવ્યું. ત્યાર પછીના શ્લોકમાં શિવ બ્રહ્મ છે અને તેમને ક્રોધ થતો નથી(શ્લો.૪૬) એમ જણાવનારી યુક્તિઓ કહેલી છે. ત્યાર પછી ૫. જેમ સર્વના કર્તા શિવ બ્રહ્મ હોવાનું કહ્યું, તેમ તે જ ગુણવડે આ દેવો વગેરેના જે-જે અવયવોનો નાશ થયેલો છે તે પણ રચો એવી પ્રાર્થના કરેલી છે. દેવોના અવયવોનો ભગવાનની સૃષ્ટિમાં સમાવેશ થતો હોવાથી તે અલૌકિક હોવાથી તેમ કરવું (તેમને ફરી રચવા) એ યોગ્ય જ છે એવો આ પ્રાર્થનાનો ભાવ છે [૬૩।।-૬૪]

**અધ્યાય ૭ ; વિષ્ણુથી યજ્ઞથી સિદ્ધિ :**

બ્રહ્માએ જેવી પ્રાર્થના કરી તે પ્રમાણે શિવે તે-તે દેવો વગેરેના અવયવો રચ્યા નહિ, કારણ કે શિવ પૂર્ણ ભગવાન્ નથી, તે માત્ર ભગવાનની સંહારશક્તિ હોવાથી માત્ર તમોગુણના અધિદેવ છે

અને તેથી બ્રહ્માએ પ્રાર્થના કરી તેવા દેવોના અવયવો રચવાની તેમનામાં શક્તિ ન હતી. પ્રાર્થનાને લીધે ભગવાનને વિનંતિ કરી તેમના દ્વારા પણ તે દેવોના અવયવોની સૃષ્ટિ શિવે રચાવી નહિ, કારણ કે જો પ્રાર્થના પ્રમાણે અવયવો રચવામાં આવે તો શિવે પોતે (વીરભદ્રદ્વારા) તેઓને જે શિક્ષા કરેલી તે ન કરેલી થઈ જાય. જો બીજા કોઈએ શિક્ષા કરેલી હોત તો શિવ એ પ્રમાણે અવયવો રચાવી પહેલાંના જેવા તેમને બનાવે તે યોગ્ય ગણાય, પરન્તુ પોતે જ શિક્ષા કરેલ હોવાથી તે તેમ કરાવે તે યોગ્ય ન હતું. વળી દક્ષનું માથું કાપવું વગેરે જે શિક્ષાઓ શિવે કરેલી તેનું કારણ એ હતું કે બીજા દેવો સાથે શિવને જે હવિષનો ભાગ મળતો તે તેણે બંધ કરાવેલ. તેથી દક્ષ વગેરેએ જે ભાગ આપવાનું બંધ કરાવેલ, તે પહેલું તેમણે જ ફેરવી નાખી, પહેલાં શિવને ભાગ મળતો તેવો આપવો જોઈએ. તેણે પહેલાંની પેઠે શિવને ભાગ મળે તેમ કર્યું ન હતું, તેથી શિવે પણ તેઓના અવયવોને પહેલાંના જેવા કરાવ્યા નહિ. જેમ શિવને પહેલાં યજ્ઞનો ભાગ મળતો તેવો ન આપતાં યજ્ઞમાં જે ઉચ્છિષ્ટ રહે તે ભાગ આપવા માંડયો(અ.૬।૫૩) તેમ શિવે પણ બીજાઓની ઉચ્છિષ્ટ ઈન્દ્રિયોથી જ ભગ, પૂષા વગેરે કાર્ય કરે તેવું જ કર્યું (અ.૭।૨-૫).

શિવના વચનથી જ તેઓનું સર્વ કાર્ય સિદ્ધ થાય તેમ હતું, છતાં શિવ વગેરે બધા યજ્ઞમાં હાજર હોય તો યજ્ઞ પૂરો થતાં ફળપ્રાપ્તિરૂપ સુન્દર સિદ્ધિ પ્રાપ્ત થાય, તે માટે શિવ, બ્રહ્મા વગેરે સાથે ઋત્વિજો દેવો વગેરે તે યજ્ઞભૂમિએ ગયા(શ્લો.૭) [૬૫-૬૫।।]

શિવે દક્ષના ધડ સાથે બોકડાનું માથું જોડાવી તેને બોકડાના મુખવાળો કર્યો તે પણ યોગ્ય જ હતું, કારણ કે ''યજમાન પશુ છે'', ''જેમ પશુ બીજાનું (દેવોનું) પોષણ કરનાર છે, તેમ યજમાન પણ પશુ વગેરે દ્વારા દેવોનું પોષણ કરનારો છે'' એવા ઉપનિષદનાં વચનો હોવાથી, યજમાન અને પશુ બન્ને પશુરૂપ છે, કારણ કે દેવોનું પોષણ કરવાનું બન્નેનું પ્રયોજન એક જ છે. પણ યજમાન લૌકિક પશુ નથી. હોમ કરવામાં આવે છે તે યજ્ઞનું પશુ છે. દક્ષનું માથું તો બાળી નાખેલું. તેથી બીજાનું માથું તેના ધડ સાથે જોડવાનું રહ્યું, ત્યારે ક્યા પશુનું માથું જોડવું ? યજ્ઞ થાય અને તેમાં દેવોનું પોષણ થાય તેવું માથું જોડવાનું પ્રયોજન હોવાથી હોમવાના પશુનું જ માથું તે કાર્યમાં મુખ્ય હોવાથી યજમાનના માથાને યોગ્ય ગણાય. તે પશુના બીજા અવયવો તો યજ્ઞનો નાશ કર્યો તે પહેલાં જ હોમાઈ ગયેલા અને માત્ર માથું બાકી રહેલ અને અહીં તે માથાની જ જરૂર હતી તેથી તેને જ જોડી દીધું(શ્લો.૮) [૬૫।।-૬૭]

પછી દક્ષે વૈષ્ણવ યજ્ઞ કર્યો, પહેલાં તેણે યજ્ઞ કરવા માંડેલ તેનાં આધિભૌતિક, આધ્યાત્મિક તથા અધિદૈવિક ત્રણે સ્વરૂપનો નાશ થયેલ. અગ્નિઓને ઓલવી નાખવા વગેરેરૂપ વિઘ્નોને લીધે તેના આધિભૌતિક સ્વરૂપનો, રુદ્રના ગણોના સમૂહના સ્પર્શરૂપ દોષને લીધે તેના આધ્યાત્મિક સ્વરૂપનો અને યજમાન દક્ષના મૃત્યુથી તેના આધિદૈવિક સ્વરૂપનો નાશ થયેલ, તેથી તે યજ્ઞનો સમ્પૂર્ણ રીતે નાશ થયેલો. ફરીથી તે જ યજ્ઞ કરવાનું અશક્ય હતું. ફરી તેવી જ ક્રિયા કરવાથી પણ તે

યજ્ઞ પ્રકટ થાય તેમ ન હતું, કારણ કે પ્રાતઃસવન કરવાનો સમય વહી ગયો હતો અને પૂર્વમુખી યજ્ઞશાલા વગેરે સ્થાનમાં પવિત્ર કરેલાં યજ્ઞ કરવાનાં દ્રવ્યોનો નાશ થયો હતો. યજ્ઞનાં સાધનોનો નાશ થયેલ હોવાથી તે પૂરો કરવાનું અશક્ય હતું. પાલન કરનાર વિષ્ણુ જ હોવાથી તે યજ્ઞનું પાલન કરે તે માટે વિષ્ણુનું ભજન અવશ્ય કરવું પડે તેમ હતું. સ્તુતિ વગેરેથી તેમનું ભજન કરે તો તે વૈદિક ન હોવાથી તે યજ્ઞ મધ્યેનું ગણાય નહિ, તેથી પોતાનું કરેલું કાર્ય વૈદિક થાય તે માટે તેઓએ વિષ્ણુનો યજ્ઞ કર્યો(શ્લો.૧૭).

આ યજ્ઞ તેઓએ મુખ્ય યજ્ઞ તરીકે જ કર્યો. પહેલાં કરવા માંડેલ યજ્ઞ જરાયે રહેલ ન હતો તેથી આ યજ્ઞ તેના અંગ તરીકે કેમ ગણાય (આ યજ્ઞથી પહેલાં કરવા માંડેલ યજ્ઞ પૂરો થયાનું કેમ ગણાય)? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પહેલાંનાં યજ્ઞનાં આધિભૌતિક વગેરે ત્રણે રૂપ રહ્યા ન હતાં, છતાં પણ જે યજ્ઞરૂપ ભગવાન્ આ ત્રણે રૂપ હતાં તે યજ્ઞસ્વરૂપ ધર્મીએકલા તો હતા જ. તેથી ધર્મીયજ્ઞસ્વરૂપ હતા તે કારણથી જ આ યજ્ઞ કર્યો, તેથી આ યજ્ઞ વ્યર્થ ન હતો [૬૮-૬૯]

દેશ કાલ વગેરે સાથેનું તે યજ્ઞનું સ્વરૂપ તિરોહિત થયેલું. તેવા જ યજ્ઞસ્વરૂપથી કાર્ય થઈ શકે, તેથી તે જ સ્વરૂપ પ્રકટ થાય તે માટે આ વિષ્ણુનો યજ્ઞ કર્યો અને સર્વ કાર્ય સિદ્ધ થાય તે માટે દક્ષે વિષ્ણુનું ધ્યાન ધર્યું. ભગવાન્ પ્રકટ થયા(શ્લો.૧૮). યજ્ઞનું સ્વરૂપ પ્રાપ્ત(પ્રકટ) થાય, દોષો ન રહે અને પાલન થાય વગેરે સર્વ કાર્ય સિદ્ધ થાય તે માટે વિષ્ણુનું દક્ષે ધ્યાન ધર્યું. વિષ્ણુ સતનું એટલે યજ્ઞ વગેરેનું પાલન કરનારા છે. આ પ્રસંગે યજ્ઞસ્વરૂપ પ્રકટ કરવું અને તે યજ્ઞનું પાલન કરવું એવા બે કાર્ય કરવાનાં હોવાથી બમણી ક્રિયાશક્તિ(આઠ હસ્તો)વાળા ભગવાન્ પ્રકટ થયા(શ્લો.૨૦). તેથી કર્મથી જ ફળ પ્રાપ્ત થાય છે એ સિદ્ધાન્ત ખોટો ઠરે છે, કારણ કે ભગવાન્ પોતે પણ ફળ આપે છે. શુદ્ધ સત્ત્વને પડદારૂપ કરી તેનો આશ્રય કરી ભગવાન્ ત્યાં યજ્ઞમાં પ્રકટ થયા [૭૦]

આ સ્વરૂપને શાસ્ત્રમાં 'પ્રભુ' અવતાર કહેલ છે. પાછલા પહેલા સ્કન્ધના ત્રીજા અધ્યાયનાં નિબન્ધ તથા સુબોધિનીમાં અવતારોનું નિરૂપણ કરતાં કલ્કિ, ધન્વન્તરિ અને પ્રભુ આમ અવતાર ગણાવેલા છે. વૈષ્ણવ તન્ત્રોમાં આ અવતાર ગણાવેલા છે. ઉપર જણાવ્યું તે સર્વ કાર્ય આ અવતારથી સિદ્ધ થયું.

માત્ર યજ્ઞ જ પૂર્ણ કરવો હતો, અને પ્રભુ સ્વરૂપ પ્રકટ થવાથી જ તે પૂર્ણ થયો, તો તે પછી તે સ્વરૂપનું અધિક વર્ણન તથા સ્તુતિ કરવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આ સ્વરૂપ સર્વથી ઉત્તમ છે એવું જ્ઞાન કરાવવા એ વર્ણન તથા સ્તુતિ કરેલાં છે. સ્તુતિ પ્રણામ વગેરે કરવાની તે માટે જરૂર છે, તે બધાં યજ્ઞ પૂર્ણ કરવા કરેલાં નથી [૭૧]

મુખ્ય અને ઉત્તમ હોય તે જ સર્વની વતી એક જ સ્તુતિ કરે, એમ અહીં બનેલ નથી, પરન્તુ દરેકે જુદી-જુદી સ્તુતિ કરેલી છે. કારણ કે પોત-પોતાના અપરાધ દૂર થાય તે માટે સ્તુતિ કરવાની જરૂર છે. અપરાધ દરેકનો જુદો-જુદો હતો. તેથી દરેકે તે દૂર કરાવવા સ્તુતિ કરી. દક્ષથી બ્રાહ્મણો સુધીના ઓગણીસ તરફથી ઓગણીસ જુદી-જુદી સ્તુતિઓ થયેલી છે(શ્લો.૨૬-૪૭).

શંકા : જેમ યજ્ઞના દોષો દૂર કરવા વૈદિક કર્મ જ કર્યું તેમ પોત-પોતાના દોષો દૂર કરવા પણ આ બધાએ વૈદિક કર્મ જ કરવું જોઈતું હતું, કારણ કે બધા યજ્ઞના સમ્બન્ધવાળા જ હતા ! છતાં તેમણે તેમ ન કરતાં ભગવાનની સ્તુતિ જ કેમ કરી ?

સમાધાન : એવી શંકા ન કરવી, કારણ કે ભગવાનની પ્રાપ્તિ થઈ ન હોય ત્યાં સુધી જ બીજાં સાધનો કરાય, પણ ભગવાન્ પ્રાપ્ત થયા પછી તો ન કરાય, કારણ કે ભગવાન્ શ્રીકૃષ્ણ સદાનન્દ છે. કોઈ પણ પ્રકારે તેમનો સમ્બન્ધ થતાં જ, 'સત્' થી તે દોષો દૂર કરે છે અને 'આનન્દ'થી ધર્મ વગેરે ગુણો પ્રાપ્ત કરાવે છે. આવા (સત્ + આન્નદ)થી સદાનન્દનો અવતાર થાય ત્યારે બધાએ સેવક તરીકે પોત-પોતાનું દૈન્ય દર્શાવીને જ દોષ દૂર કરાવવા તે વૈદિક કર્મ કરવા કરતાં ઉત્તમ છે. તેથી સર્વેએ તેમની સ્તુતિ કરી તે યોગ્ય જ છે. વૈદિક કર્મ કર્યા હોત તો તે વિઘ્નકારક થાત. જેમ મુખ્ય યજ્ઞનો નાશ થયો ત્યારે ''ત્રણ કલ્પવાળો વૈષ્ણવ હોમ કરવો'' એમ તેને સ્થાને વિષ્ણુયાગ કહેલ છે, તેવી રીતે આમના દોષ દૂર કરનારું કાંઈ કર્મ કરવાનું કહેલ નહિ હોવાથી, તેઓ દોષ દૂર કરવા કર્મ કરે તો તે ધર્મમાર્ગથી વિરુદ્ધ થાય. વળી ભગવાન્ પ્રકટ થયા પછી તેમ કર્મ કરે તો તે ભગવન્માર્ગથી પણ વિરુદ્ધ થાય [૭૨-૭૨।।]

**પ્રકરણનો ઉપસંહાર :**

ભગવાન્ શ્રીકૃષ્ણે પ્રભુસ્વરૂપ અવતાર લઈ દક્ષનો યજ્ઞ પૂરો કરાવ્યો તેથી દક્ષને ધર્મ ઘણા ઉત્તમ પ્રકારે સિદ્ધ થયો. ભગવાને સિદ્ધ કરાવ્યો એ તેનું ઉત્તમપણું હતું. કાલ વીતી ગયેલ હોવા છતાં તે જ કાલ સાથે યજ્ઞ સિદ્ધ થયો અને દક્ષના પ્રયાસ વિના સિદ્ધ થયો, તેથી તે ઘણા ઉત્તમ પ્રકારે સિદ્ધ થયાનું કહેલ છે. વળી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ ને એક જ જાણવા એવો બોધ બ્રહ્માએ પહેલાં દેવોને કરેલ, તે ઉપદેશ ભગવાને દૃઢ કર્યો(શ્લો.૫૦-૫૨), તેથી એ ઉપદેશ ખોટો ન હતો એમ સિદ્ધ થયું. ''જેમ વિષ્ણુ શિવમય છે તેમ શિવ વિષ્ણુમય છે'' વગેરે ભાવાર્થના વાક્યોથી તે ઉપદેશ ધર્મના અંગ તરીકે દૃઢ કરેલો હોવાથી તેનાથી ધર્મ જ દૃઢ થયો અને ધર્મનું સર્વ કાર્ય સિદ્ધ થયું. ભગવાને જ આ સર્વ કર્યું, છતાં દેવોએ દક્ષને વરદાન આપ્યું કે તારી સદા ધર્મમાં જ બુદ્ધિ રહો(શ્લો.૫૭). આ વરદાન એટલા માટે કરેલ કે નન્દીના શાપને લીધે ભવિષ્યમાં કુદરતી ધર્મ થાય તેમ ન હોવાથી, દેવોના વરદાનથી શાપ દૂર થાય અને તેથી અંગો સહિત ધર્મની વૃદ્ધિ થાય.

એ પ્રમાણે દક્ષના યજ્ઞની કથા પૂરી થતાં પ્રસૂતિ કન્યાનો વંશ કહેતાં, સતીને પુત્રની પ્રાપ્તિ કેમ

થઈ ન હતી તે કથા ચાલતી હતી. તેમાં આ દક્ષના યજ્ઞની કથા વચ્ચે કહેવાયેલી(જુઓ ૪।૧।૪૭-૬૬) તેથી પહેલાંની કથા ચાલુ થાય તે માટે ફરી સતીની કથા કહેવા માંડી(શ્લો.૫૮-૫૯). સતી ફરીથી શિવમાટે જ જન્મેલા હોવાથી, ફરી તે શિવને પરણ્યાં. ''જે-જે ભક્ત જે-જે સ્વરૂપને શ્રદ્ધાથી ભજવા ઇચ્છે છે...''(ભ.ગી.૭।૨૧) એ વાક્ય પ્રમાણે શિવમાટે જ ફરી હિમાલયની પત્ની મેનાથી તેમણે જન્મ લીધો. વળી પોતે પણ તામસ હોવાથી તે શિવને જ પરણ્યાં. તે તામસ હોવાથી જ જડ પર્વત હિમાલયને ત્યાં જન્મેલાં એમ જાણવું. આ પ્રકરણ પૂરું થયું એમ જણાવવા અન્તે આ શ્રવણ કરવાનું ફલ કહેલું છે(શ્લો.૬૧) [૭૨।।-૭૪।।]

**પ્રકરણ ૨ ; અર્થ (અધ્યાય ૮-૧૨) :**

આઠથી બાર સુધીના પાંચ અધ્યાયોથી અર્થ પ્રકરણનું નિરૂપણ કરેલું છે. કેટલાક એવો અભિપ્રાય ધરાવે છે કે આઠમાથી અગિયારમા સુધીના ચાર અધ્યાયોથી બાલપ્રકરણ કહેલું છે; પરન્તુ તે અભિપ્રાય બરાબર નથી એમ પહેલાં ધર્મપ્રકરણના આરંભમાં અહીં જણાવેલું છે.(જુઓ કા.૭ બાલકની કથા)

ભગવાને જેઓને પુરુષાર્થ પ્રાપ્ત કરાવેલ છે તેવા મોટા પુરુષો હોવા છતાં અહીં બાલક ધ્રુવની કથા કેમ કહી છે ? એવી શંકા થાય, તો જાણવું કે મોટા પુરુષો કદાચ અર્થ પુરુષાર્થ પ્રાપ્ત કરી શકે, પરન્તુ પાંચ વર્ષના બાલકથી, ધ્રુવે પ્રાપ્ત કર્યા તેવા પુરુષાર્થ પ્રાપ્ત કરવા અસમ્ભવિત છે; તેથી જ્યારે હરિ પ્રસન્ન થાય ત્યારે બાલક પણ ઉત્તમ પ્રકારના અર્થ પ્રાપ્ત કરી શકે છે એમ જણાવવા ધ્રુવની કથા કહેલી છે. ધ્રુવ ઉપર હરિ પ્રસન્ન થવાથી જ તેને અર્થ પુરુષાર્થ પ્રાપ્ત થયેલ હોવાથી, અર્થ પ્રાપ્ત કરાવનારાં તપ વગેરે સાધનો તેનાથી થઈ શક્યાં તેનું કારણ પણ હરિની તેના ઉપર કૃપા જ હતી એમ સૂચવેલું છે [૭૪।।-૭૫।।]

અર્થ બે પ્રકારનો છે : ૧. આ લોકનો અને ૨. પરલોકનો. ધ્રુવની માતા સુનીતિએ તેને બન્ને પ્રકારના અર્થ સમ્બન્ધી ભાન કરાવેલું. ''જો તું ઉત્તમની પેઠે રાજ્યાસન ઇચ્છતો હો તો ભગવાનનાં ચરણકમલનું આરાધન કર''(અ.૮।૧૯) થી આ લોકના અર્થનું અને ''તારા દાદા મનુએ યજ્ઞો કરી આ લોકનું તથા દિવ્ય(પરલોકનું) સુખ પ્રાપ્ત કરેલ'' એમ બન્ને પ્રકારના અર્થનું ભાન કરાવેલું. તેથી ધ્રુવને તે બન્ને પ્રકારના અર્થ પ્રાપ્ત કરવાની કામના થઈ. પરન્તુ તેનાથી આ એકે અર્થ પ્રાપ્ત કરી શકાય તેવી તેની સ્થિતિ ન હતી. તે ઉત્તાનપાદનો પાટવી કુંવર હોવાથી લૌકિક અર્થ (રાજ્ય)ઉપર તેનો જ હક હતો એ ખરું, પરન્તુ તેના પિતા અને પિતાની માનીતી રાણી સુરુચિ બન્ને તેનાથી વિરુદ્ધ હતાં. તેથી રાજ્ય તેને આપે તેવો સમ્ભવ ન હતો. પરલોકનો અર્થ જેવું કે ઇન્દ્રનું સ્થાન વગેરે અશ્વમેધ-ચિત્રાયજ્ઞ વગેરેથી પ્રાપ્ત થાય, તેની પેઠે તપથી પણ પ્રાપ્ત થાય; પરન્તુ તેને ઉપનયન સંસ્કાર પણ થયેલ ન હોવાથી તપ કરવાનો તેનો અધિકાર પણ નહોતો. વળી તેનું અપમાન કરનાર સાવકી માતા સુરુચિ અને અપમાન કરાવનાર તેના ભાઈ

ઉત્તમનાં મૃત્યુ થાય, એવી પણ કામના, માતાને તજી તે શહેર બહાર નીકળ્યો ત્યારે, તેની હોવી જોઈએ. કારણ કે તેની એવી કામના ન હોત તો ભગવાન્ તેમનાં મરણ થવાનું કહેત નહિ(જુઓ અ.૯।૨૩). વળી આ લોકના અને પરલોક ના અર્થ એક સાથે એક માણસને પ્રાપ્ત થવા પરસ્પર વિરુદ્ધ છે, તેથી તપથી પણ તે પ્રાપ્ત થઈ શકે નહિ. છતાં ધ્રુવની આ બધી કામનાઓ ફળી. માતા-પિતા પાસેથી રાજ્ય મળ્યું અને પરલોકના અર્થરૂપ નિશ્ચલ સ્થાન (ધ્રુવપદ) મળ્યું. તેથી ભગવાને જ આ તેને પ્રાપ્ત કરાવ્યાં. ભગવાનની કૃપાથી જ તેને બન્ને પ્રકારના અર્થ પ્રાપ્ત થયા એવો નિશ્ચય થાય છે.

ધ્રુવે નારદને માર્ગ દર્શાવવા પ્રાર્થના કરી તેમાં ''વડવાઓએ ન પ્રાપ્ત કરેલ, ત્રિભુવનમાં ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવાની'' પોતાની કામના જ કહેલ (અ.૮।૩૭), રાજ્યની કામના જણાવેલ નથી, તેથી એમ ન માનવું કે આ લોકના અર્થ (રાજ્ય)ની તેને કામના ન હતી અને માત્ર એક પરલોકનો પુરુષાર્થ જ પ્રાપ્ત કરવાની તેની કામના હતી. રાજ્યની કામના તેણે જણાવેલ નહિ તેનું કારણ એવું હતું કે પોતે પાટવી કુંવર હોવાથી રાજ્ય તો તેને ન્યાયથી જ પ્રાપ્ત થાય તેવું હોવાથી, ભગવાને તેને માટે ખાસ સાધન કરાવ્યા વિના જ, માત્ર તે પ્રાપ્ત થવામાં વિઘ્ન હતાં તે દૂર કરીને જ તેને તે આપવાનું હતું, પરન્તુ બીજો, ધ્રુવના સ્થાનરૂપ, પરલોકનો પુરુષાર્થ બીજા કોઈ નિયમ પ્રમાણે તેને મળે તેમ નહિ હોવાથી તે મેળવવાનો માર્ગ દર્શાવવા જ નારદને તેણે પ્રાર્થના કરેલી. પ્રચેતાના યજ્ઞમાં નારદે ધ્રુવની પ્રશંસા કરી(અ.૧૨।૪૦-૪૪) તેમાં પરલોકની કામના જ તેની સિદ્ધ થવાનું કહેલ છે. તેનું કારણ એ છે કે રાજ્ય તો તેને ન્યાયથી જ પ્રાપ્ત થયું હતું; તેથી ધ્રુવને રાજ્યની કામના ન હતી એમ ન માનવું [૭૫।।-૭૭]

**અધ્યાયોના અર્થ :**

આઠમા અધ્યાયમાં અર્થપ્રાપ્તિનું સાધન નારદે ધ્રુવને કહેલું છે. ભક્તિસહિત ભગવાનની સેવા કરવાથી ભગવાન્ ધર્મ વગેરે જે પુરુષાર્થ ઈષ્ટ હોય તે આપે છે(શ્લો.૬૦). વળી આ ઉપદેશ પ્રાપ્ત થવાનું સાધન સુરુચિએ કરેલો તિરસ્કાર તથા સુનીતિએ આપેલ બોધ પણ આ અધ્યાયમાં કહેલ છે.

નવમા અધ્યાયમાં જે પ્રાપ્ત કરવાનું છે તે, ભગવાનનાં દર્શન, રાજ્યની પ્રાપ્તિ વગેરે કહેલાં છે.

દશમા અધ્યાયમાં રાજ્ય પ્રાપ્ત થતાં ક્રોધ વગેરે દોષ તેને થયા એ કહેલું છે. આગળ ઉપર તેને મનુના ઉપદેશરૂપ ફલ પ્રાપ્ત થવાનું છે તે જણાવવા આ કહેલ છે.

અગિયારમા અધ્યાયમાં મનુ આવી ધ્રુવને ઉપદેશ કરે છે અને તેથી તેનો ક્રોધ દૂર થાય છે. તેથી દોષ દૂર થવો એ આ અધ્યાયનો અર્થ છે.

બારમા અધ્યાયમાં ધ્રુવને ફલ પ્રાપ્ત થાય છે તે અને નારદ વગેરેએ કરેલી સ્તુતિરૂપ ધ્રુવની કીર્તિનું નિરૂપણ છે.

—એ પ્રમાણે આ બીજા અર્થ પ્રકરણનાં પાંચ અધ્યાયો છે [૭૮]

### અધ્યાય ૮ ; સાધન અને સાધનનું સાધન :

આ અધ્યાયમાં પહેલા શ્લોકમાં સનક વગેરે બ્રહ્માના પુત્રોએ ગૃહસ્થાશ્રમ માંડ્યો ન હતો એમ કહેલ છે. આ સનક વગેરેનું નિરૂપણ મુક્તજીવોની સૃષ્ટિ કહી તેમાં કરેલું છે(જુઓ ૩।૧૨।૪). આમ છતાં ગૃહસ્થાશ્રમરૂપ ધર્મ આચરવો એ બહુ યોગ્ય ન હોવાથી વિવેકવાળો પુરુષ તેનો નક્કી ત્યાગ કરે છે એમ જણાવવા અહીં તે ફરી કહેલ છે. મર્યાદામાર્ગમાં ગૃહસ્થાશ્રમ આચરવાની આજ્ઞા હોવાથી તે આચરવો યોગ્ય છે, છતાં પણ પુષ્ટિરૂપ પુરુષાર્થલીલામાં તે ઉપયોગી ન હોવાથી, તે આચરવાનું બહુ યોગ્ય નથી. તેથી આ ભેદ જાણનાર પુરુષે અવશ્ય તેનો ત્યાગ કરવો જોઈએ, એમ જણાવવા અહીં સનક વગેરેની કથા ફરી કહેલી હોવાથી તે નકામી નથી [૭૯]

### અધર્મની કથાનું પ્રયોજન :

ગૃહસ્થાશ્રમ આચરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવા છતાં, તે ન આચરવો એ અધર્મ નથી. અધર્મ તો ધર્મનો વિરોધી છે. ધર્મનો વિરોધી અધર્મ કેવો હોય તે જણાવવા અહીં અધર્મની કથા કહેલી છે(શ્લો.૨-૪). આ અધર્મની કથા ધર્મના પ્રકરણમાં કહી શકાય પરન્તુ અધર્મની પેઠે અનર્થનું મૂલ અર્થ હોવાથી, અનર્થ ઉત્પન્ન કરાવનાર તરીકે અર્થનો અધર્મ સાથે સમ્બન્ધ હોવાથી, તે આ અર્થના પ્રકરણમાં કહેલી છે. અર્થ (ધન રાજ્ય વગેરે અર્થ) પુરુષાર્થ રૂપ થાય છે. ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અર્થ અર્થ(પુરુષાર્થ) છે, બીજો અનર્થરૂપ છે એવો ભેદ છે. ભગવાનની કૃપા હોય તો અધર્મ થવા છતાં ફળ પ્રાપ્ત થાય છે. ભગવાનની કૃપા વિના બીજા કોઈથી અનર્થના કારણરૂપ અધર્મ હોય તો ફળ પ્રાપ્ત કરાવાતું નથી. મોટા હોવા છતાં નાનો રાજ્ય કરે તે અધર્મ છે. ઉત્તાનપાદની હયાતીમાં ધ્રુવે રાજ્ય કર્યું અ.૯।૬૬-૬૭ છતાં તેને ભગવાનની કૃપાથી ઉત્તમ ફલ પ્રાપ્ત થયું. અર્થ પોતે જ અનર્થરૂપ નથી, પરન્તુ અનર્થરૂપ સંસારની પ્રવૃત્તિ કરાવનારો હોવાથી તે અનર્થરૂપ છે. ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અર્થ સંસારની પ્રવૃત્તિ કરાવતો નથી. પરન્તુ તેથી ઉલટું સંસારમાં વૈરાગ્ય કરાવે છે, તેથી તે અર્થરૂપ છે, અનર્થ કરાવતો નથી [।।૮૦-૮૧]

### અધિકાર પ્રમાણે અનુક્રમ ન હોવાનું કારણ :

મનુને બે પુત્રો હતા : પ્રિયવ્રત અને ઉત્તાનપાદ. બેમાં પ્રિયવ્રત મોટો હતો, છતાં પ્રિયવ્રતની કથા ન કહેતાં, અહીં ઉત્તાનપાદના વંશજો ધ્રુવ વગેરેની કથા પહેલી કહેવામાં આવે છે. તેનું કારણ એવું છે કે અહીં મનુ વગેરે કોઈનું પણ તેમના ઊંચા-નીચા અધિકાર પ્રમાણે મુખ્ય રીતે નિરૂપણ કરવામાં આવતું નથી. પરન્તુ ભગવાનની લીલાઓનું નિરૂપણ મુખ્ય રીતે કરવામાં આવે છે. તેથી ભગવાનની લીલાઓનું નિરૂપણ કરતાં જેનાં નિરૂપણની જે લીલામાં જ્યારે જરૂર પડે ત્યારે તેનું

નિરૂપણ કરેલું છે. મનુના વંશમાં આગળ સ્થાન-લીલામાં પ્રિયવ્રતનું પ્રયોજન હોવાથી તેનું ત્યાં જ નિરૂપણ થશે(જુઓ સ્કન્ધ ૫ અધ્યાય ૧).

મનુ, દેવો, મનુના પુત્રો, ઈન્દ્ર, ઋષિઓ અને ભગવાનનો અંશાવતાર એવા છ પ્રકારનો મન્વન્તર હોવાથી, મનુના પુત્રો વગેરે મન્વન્તરરૂપ હોવાથી, મનુ વગેરેની ઉત્પત્તિ આઠમા સ્કન્ધમાં કહેવામાં આવશે, પરન્તુ બીજા સ્કન્ધમાં પ્રયોજન પ્રમાણે તેમની કથા કહેવામાં કાંઈ દોષ નથી. અહીં ઉત્તાનપાદના વંશની કથા કહેલી છે, કારણ કે ચાર પુરુષાર્થની સૃષ્ટિરૂપ ભગવાનની લીલા(વિસર્ગ)માં જેને જે પુરુષાર્થ પ્રાપ્ત થયો તેનું પણ નિરૂપણ કરવું જરૂરી છે. અને અર્થ, કામ અને મોક્ષ અનુક્રમે ધ્રુવ, પૃથુ અને પ્રચેતસોને પ્રાપ્ત થયેલ હોવાથી અને તે બધા ઉત્તાનપાદના વંશમાં ઉત્પન્ન થયેલા હોવાથી, અહીં તેના વંશનું નિરૂપણ કરેલું છે [૮૨।।]

**ભગવાન્‌થી પ્રાપ્ત થયેલ રાજ્ય વગેરેનું ઉત્તમપણું :**

રાજ્ય તો ઘણાને પ્રાપ્ત થયેલ. ધ્રુવે પણ રાજ્ય પ્રાપ્ત કર્યું. પણ તેને ભગવાને તે પ્રાપ્ત કરાવેલ હોવાથી તેની પ્રાપ્તિ બીજાની રાજ્યોની પ્રાપ્તિ કરતાં ઘણાં ઉત્તમ પ્રકારની હતી. ધ્રુવે અર્થ પ્રાપ્ત કર્યો તેની પહેલાંની તેની સ્થિતિ, એટલે તે પ્રાપ્ત કરવાનાં સાધન કરતી વખતની તેની સ્થિતિ પણ ઘણી સુખ આપનારી હતી, કારણ કે તેવી સ્થિતિમાં ભગવાને પ્રકટ થઈ તેને દર્શન આપેલાં. વળી આ રાજ્ય વગેરે અર્થ તેને પ્રાપ્ત થયો, તે પણ અનર્થરૂપ સાધનથી પ્રાપ્ત થયો. કારણ કે તેની સાવકી મા સુરુચિનો તિરસ્કાર તે અભિમાનને લીધે સહન કરી શક્યો નહિં અને તે અભિમાનને લીધે તેને અર્થ પ્રાપ્ત થયો. ભગવાનની કૃતિ વિના આવી રીતે અભિમાનથી અર્થ પ્રાપ્ત થવાનું સમ્ભવતું નથી, તેથી ધ્રુવને અર્થની પ્રાપ્તિ થઈ તે ઉત્તમ પ્રકારે થયેલી [૮૨।।-૮૩]

**અર્થ અને કામ માં ભેદ :**

પૃથુએ પોતે ઈચ્છેલા પદાર્થોની પ્રાપ્તિ પણ એવી જ રીતે કરેલી, છતાં પૃથુને કામ (ઈચ્છેલા પદાર્થ)ની પ્રાપ્તિ થયેલી અને ધ્રુવને અર્થની પ્રાપ્તિ થયેલી. ''ન વિદ્યમાનઃ પૂર્વઃ સ્વસજાતીયો યસ્ય સો અર્થઃ'' નથી પોતાની જાતનો પદાર્થ પહેલા કોઈનો જેનો તેવા પદાર્થ 'અર્થ' કહેવાય છે. ધ્રુવનું સ્થાન પહેલાં કોઈને પણ પ્રાપ્ત થયેલું નહિ, ધ્રુવને પણ તેનું જ્ઞાન ન હતું, તેથી તેની જાતનો પદાર્થ પહેલાં ન હોવાથી, તે 'અર્થ' છે.

જે પદાર્થ હોય તેવા પદાર્થની પ્રાપ્તિ 'કામ' છે. પૃથુએ કામ પ્રાપ્ત કર્યા. કારણ કે ભૂમિ ઉપર જે પદાર્થો પહેલાં હતા તે જ વસુધાને દોહી પ્રાપ્ત કર્યા. અર્થ અને કામ એ બે પદાર્થોમાં આ જ ભેદ છે. પૃથુએ કામ કેવી રીતે પ્રાપ્ત કર્યા તે આગળના કામ પ્રકરણમાં જ કહેવામાં આવશે. અર્થનું આ પ્રકરણમાં જ નિરૂપણ કરવામાં આવે છે [૮૪]

**ધ્રુવની કથા :**

ધ્રુવના પિતા ઉત્તાનપાદ મનુના પુત્ર હતા અને ''મનુ, મનુના પુત્રો'' વગેરે મન્વન્તરરૂપ હોઈ ''મન્વન્તરો ઉત્તમ ધર્મ છે'' ૨।૧૦।૪ એ વાક્ય પ્રમાણે ધર્મનું રક્ષણ કરવા જ અવતરેલા. છતાં તેમણે ધ્રુવનો અનાદર કર્યો(શ્લો.૯-૧૪). આ તેનો અધર્મ હતો, કારણ કે ''અનાદર કરેલા બાલકો અને કુલ ના વૃદ્ધ પુરુષો બાળે છે'' એવું શાસ્ત્રનું વચન છે. આમ થવાનું કારણ એ છે કે ધર્મ કરવા અવતરેલ હોય તે પણ સ્ત્રીમાં આસક્તિ થવાથી જડ બને છે, તેથી તેની સ્ત્રી સુરુચિમાં ઘણી આસક્તિ હોવાથી તે જડ બનેલો, અને તેથી પોતાનો પુત્ર તેના ખોળામાં ચડવા ઈચ્છતો હતો ત્યારે તેનો અનાદર કર્યો. આ પ્રકરણના આરંભમાં જ આ વૃત્તાન્ત કહેલ હોવાથી, ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલ અર્થ સંસારમાં વૈરાગ્ય કરાવે છે એમ ઉપર જે કહેલું છે તે આથી દઢ થાય છે [૮૫]

પિતાએ ધ્રુવનો અનાદર કર્યો અને તેની સાવકી માતા સુરુચિએ તેને કહ્યું કે : ''જો તારે નૃપાસનની ઈચ્છા હોય તો તપથી ભગવાનને પ્રસન્ન કરી તેમની જ કૃપાથી તું મારા ગર્ભમાં તારો દેહ ઉત્પન્ન કર''(શ્લો.૧૩). આનો ભાવાર્થ એવો થાય છે કે ભગવાન્ પણ જો ધ્રુવને નૃપાસન આપવા ઈચ્છતા હોય તો તેમણે ધ્રુવની સુરુચિના ગર્ભમાંથી ઉત્પત્તિ કરવી પડે. જો કે તેણે ભગવાનનું ભજન કરવાનો ધ્રુવને ઉપદેશ કર્યો, છતાં ભગવાનને પણ તે કાર્યમાટે પોતાના ગર્ભથી ધ્રુવને જન્મ લેવરાવવાની જરૂર પડે એમ કહેલ હોવાથી ભવિષ્યમાં તેનું મૃત્યુ થાય છે (અ.૧૦।૩). બીજું તેનામાં દૂષણ ન હતું. વળી તેની મૃત્યુથી ધ્રુવને ઈચ્છેલો કોઈ પદાર્થ પ્રાપ્ત થવાનો ન હતો. ઊલટું તેનું (તેના પુત્રનું) મૃત્યુ સાંભળી તે રડ્યો અને તેને અપાર દુઃખ થયું(અ.૧૦।૪) [૮૬-૮૬।।]

સુરુચિનું એ (અ.૮।૧૩) વચન જ ધ્રુવને સાધન થયું. મરણની તો તેને દરકાર જ ન હતી, કારણ કે બ્રહ્મા વગેરેને પણ તેમનાથી પ્રાપ્ત ન થઈ શકે તેવું ભગવાને તેને પ્રાપ્ત કરાવેલું છે. છતાં નારદે ધ્રુવને તપ કરવા જતાં અટકાવવાનો પ્રયાસ કર્યો(શ્લો.૨૭-૩૪). આ નારદનું કાર્ય અયોગ્ય ન હતું, કારણ કે ધ્રુવ સકામ ભજન કરવાનો હતો. નિષ્કામ ભજન કરવું હોય તો તે માટે શાસ્ત્રની આજ્ઞા વગેરેની જરૂર નથી, પણ સકામ ભજન કરવું હોય તો જે ફલ જોઈતું હોય તેવા ફલની કામનાવાળાએ કરવાની વિધિ જાણી તે પ્રમાણે ભજન કરવું જોઈએ. ધ્રુવે તો આવી વિધિ સાંભળી પણ ન હતી અને તે; તે જાણતો ન હોવાથી ખોટી રીતે કરે અને વળી બાલક હતો તેથી તેનું મૃત્યુ જ થાય. આમ જાણી નારદે આવી તેને કામના કરતો અટકાવવા પ્રયાસ કર્યો.

કેટલાક સમય સુધી ભજન કરી, ફલ પ્રાપ્ત ન થતાં દુઃખી થઈ ધ્રુવ પોતે જ તે કરવું પડતું મુકત, તેથી નારદે નકામો જ પ્રયાસ કર્યો એમ ન માનવું, કારણ કે ભજન કરવાથી અવશ્ય ફલ પ્રાપ્ત થશે એમ તેની માતાએ એને કહેલ, તેમાં તેને વિશ્વાસ હોવાથી તે; તે કરવું પડતું ન મુકત, તેથી નારદે તેને બીજા કોઈ સાધનનો ઉપદેશ ન કર્યો. કારણ કે ''બધીએ સિદ્ધિઓનું મૂળ

ભગવાનના ચરણનું પૂજન છે'' એ વાક્ય પ્રમાણે સાધન તો ભગવાનનું ભજન જ છે, બીજું સાધન નથી. તેમણે તેને ભગવાનનાં સ્વરૂપનું ધ્યાન કરવાનું કહ્યું(શ્લો.૫૨) તે માત્ર તેને કામના કરતો અટકાવવા જ. કારણ કે ત્યાં જણાવેલ ધ્યાન અને શ્લો.૬૧ માં જણાવેલ વૈરાગ્ય વગેરે સાધનોનો ઉપયોગ ભજન કરવામાં જ છે એમ ૬૧ મા શ્લોકમાં કહેલ છે [૮૬।।-૮૯]

ધ્રુવને કામના હતી તેથી જ ભજનની સામગ્રી હોવા છતાં પણ વિઘ્ન થયું. નારદે તેની કામનાઓ બંધ કરાવવા આગ્રહ રાખેલ. ધ્રુવ કામના રાખતો હોવાથી જ તરત ભગવાનની પ્રાપ્તિ થવાનાં સાધન છતાં, ભગવાન્ પ્રાપ્ત થવામાં નારદના આગમનરૂપ વિઘ્ન નારદે કર્યુ. જો નારદ ન આવ્યા હોત તો જેવી દીનતાની સ્થિતિમાં તે ભજન કરવા નીકળેલ, તેવી સ્થિતિને લીધે તે બાલક હોવાથી અને તેનો ભાવ શુદ્ધ હોવાથી તે કેટલાક દૂર જતા ભગવાન્, પ્રસન્ન થઈ, પોતે જ તેની પાસે પ્રકટ થાત, અને ભગવાન્ મળતાં તેને ભજન કરવાનો પ્રકાર જણાવામાં આવતાં ભજનનાં સાધન દૃઢ થતાં, તેની તેવી દીનતા જતી રહેત. તેથી નારદે આવી વિઘ્ન કર્યું. નારદે ધ્રુવનો દૃઢ નિશ્ચય જોયો(શ્લો.૩૬-૩૭) તેથી ધ્રુવ કામનાવાળો હોવાથી હમણાં તેને વિઘ્ન થયું, પણ ભવિષ્યમાં વિઘ્ન ન થાય એવા હેતુથી તેને ભજન કેવી રીતે કરવું તે ઉપદેશ દીધો. તેનો દૃઢ નિશ્ચય જોઈને જેમાં દૈત્યો હોતા નથી અને જેમાં ભગવાન્ સદા રહે છે તેવા મધુવનમાં જઈ ભજન કરવાનો નારદે તેને બોધ કર્યો(શ્લો.૪૨).

નારદના ઉપદેશથી ધ્રુવે કામનાનો ત્યાગ ન કર્યો, ત્યારે નારદ તેને સમજાવવા કેમ ગયેલ ? એવો પ્રશ્ન ઉદ્ભવે, તો જાણવું કે નારદ ભગવાનની પ્રેરણાથી જ તેને સમજાવવા ગયેલ. ભગવાને નારદને એવી પ્રેરણા કરેલી. કારણ કે જો નારદ ધ્રુવ પાસે ન જાય તો, ઉપર જણાવ્યું તેમ, ભગવાન્ પ્રાપ્ત કરવામાટે તપ કરતા ધ્રુવનું મૃત્યુ થાત અને તેનો ભગવાન્માં લય થાત. એમ થાય તો અર્થ પુરુષાર્થની સિદ્ધિ ન થવાથી, ત્રણ જ પુરુષાર્થની સિદ્ધિ થાત. તેથી અર્થ પુરુષાર્થ પણ સિદ્ધ થાય, અને ચાર પુરુષાર્થ થાય તે માટે ભગવાને નારદને એવી પ્રેરણા કરેલી. કારણ કે વિસર્ગલીલામાં અર્થ પુરુષાર્થ સિદ્ધ કરવા ભગવાને ધ્રુવનો જ અંગીકાર કરેલો. ધ્રુવે ભગવાનનું ધ્યાન વગેરે સાધનો કર્યાં, છતાં તેની કામના દૂર ન થઈ, કારણ કે તેનો ઉત્તમ સ્થાન પ્રાપ્ત કરવાનો દૃઢ નિશ્ચય હોવાથી નારદનો ઉપદેશ તેને ફળ્યો નહિ [૯૦-૯૦।।]

ધ્રુવ તપ કરવા વનમાં ગયો એ તેના પિતા ઉત્તાનપાદે જાણ્યું ત્યારે તેને ચિન્તા થવા લાગી. તેણે વિચાર્યું કે ધ્રુવ પુરુષાર્થ સાધવા તપ કરવા ગયો છે, પણ વનમાં વરુ વગેરેથી કદાચ તેનું વૃથા મરણ થશે. અથવા જે દુર્લભ અર્થ છે તેવા માટે પ્રયાસ કરતાં તે કદાચ મર પામશે. આવી ચિન્તા થવા છતાં તેણે પોતાથી પ્રિય પત્ની સુરુચિના ભયથી કેટલાક સમય સુધી તેને ખોળી વનમાંથી પાછો લઈ આવવા માણસ મોકલ્યા નહિ, કારણ કે જ્યાં સુધી સુરુચિ પાસે હતી ત્યાં સુધી તે તેને વશ જ હતો. છતાં કદાચ તે ધ્રુવને ખોળી લાવવા માણસ મોકલે તો તેથી ધ્રુવને ભજનમાં વિઘ્ન

થાય. ધ્રુવ ભગવાનની ઈચ્છાથી જ ભજન કરવા ગયો છે, તેમ જાણી તે નિર્વિઘ્ને ભજન કરી શકે તે માટે, રાજા તેને શોધી લાવવા માણસો મોકલી વિઘ્ન કરે નહિ તેવા વિચારથી નારદ રાજા પાસે ગયા અને ધ્રુવ સમ્બન્ધી તારે ચિન્તા કરવા જેવું નથી, એમ સમજાવી તેનું સાંત્વન કર્યું(શ્લો.૬૮-૬૯). નારદ મુનિ હોઈ મનન કરવાના અભ્યાસવાળા હતા, તેથી ધ્રુવ ઉત્તમ પદ પ્રાપ્ત કરી પાછો આવશે એ વિષયમાં તેમને જરાયે સંશય ન હતો.

ધ્રુવ તેના પહેલાંના જન્મમાં ઋષિ હતો. તેથી પાંચ વર્ષનો હતો ત્યારે પણ તે ઉગ્ર તપ કરી શક્યો. તે પહેલાનાં જન્મમાં ઋષિ હોઈ તપ કરતો હતો ત્યારે તેણે કોઈ રાજાના કુંવરને જોયો અને તેવા થવાની તેને ઈચ્છા થઈ. પછી એવી વાસના સાથે જ એનું મૃત્યુ થયું, તેથી બીજા જન્મમાં ધ્રુવ થયો એમ બીજા પુરાણમાં કહેલું છે. રાજકુંવર થવાની વાસના સાથે મરણ પામેલ હોવાથી તે પછીના જન્મમાં ધ્રુવ થયો, ત્યારે પણ કામનાવાળો જ રહ્યો [૯૦।।-૯૨।।]

ધ્રુવે મધુવનમાં જઈ નારદે માર્ગ દેખાડેલ તે પ્રમાણે ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે વિશ્વના આધારરૂપ ભગવાનનું સ્વરૂપ તેના હૃદયમાં પ્રકટ થયું(શ્લો.૭૫-૭૭). ત્યારે લોકોના શ્વાસ બન્ધ થવાથી સર્વ પ્રાણીઓને દુઃખ થવા લાગ્યું, તેથી દેવોએ ભગવાન્ પાસે જઈ પોતાને એ દુઃખમાંથી મુક્ત કરવાની પ્રાર્થના કરી.

જે સ્વરૂપ ધ્રુવના હૃદયમાં પ્રકટ થયેલું અને જે સ્વરૂપની દેવોએ પ્રાર્થના કરી તે બે એક જ હતાં કે જુદાં-જુદાં ? એવો પ્રશ્ન ઉદ્ભવે, તો જાણવું કે ધ્રુવના હૃદયમાં પ્રકટ થયું તે ભગવાનનું અક્ષર સ્વરૂપ હતું. અક્ષરમાંથી પ્રકૃતિ અને પુરૂષ બન્ને થાય છે. અને તે જગત્નું કારણ છે. ધ્રુવના હૃદયમાં ભગવાનનો આવિર્ભાવ થયો તે પહેલાં, સર્વ પ્રાણીઓના પ્રાણરૂપ મુખ્ય પ્રાણ સાથે અક્ષર સ્વરૂપ તેમાં પ્રકટ થયું. ભગવાન્ ધ્રુવના ભક્તિભાવથી પ્રસન્ન થઈ, તેના ઉપર કૃપા કરી, આ ધ્રુવને સર્વ કામ પ્રાપ્ત થાય તે માટે પોતાનાં સર્વરૂપથી તેના હૃદયમાં પ્રકટ થાય તે માટે પ્રથમ અક્ષરે મુખ્ય પ્રાણ સાથે તેમાં પ્રવેશ કર્યો. તેથી ધ્રુવને સર્વની ઉપરના ભાગના લોકોની પ્રાપ્તિ થયેલી(અ.૯।૨૦). મુખ્ય પ્રાણ ત્યાં રોકાઈ જતાં સર્વ લોકોના પ્રાણનું બન્ધન થયું અને ધ્રુવ શ્વાસ લેતો ન હોવાથી પ્રાણિમાત્રને પીડા થવા લાગી (શ્લો.૮૦). મુખ્ય પ્રાણ સાથે અક્ષર ધ્રુવના હૃદયમાં પ્રકટ થવા છતાં, ભગવાન્ સર્વરૂપથી તેમાં પ્રકટ ન થયા. અને પ્રાણ રોકાવાથી પ્રાણી માત્રને પીડા થવા લાગી તેથી દેવોએ તે દુઃખથી મુક્ત કરવા ભગવાનને પ્રાર્થના કરી (શ્લો.૮૧). ભગવાન્ સર્વરૂપથી ધ્રુવના હૃદયમાં પ્રકટ થાય, તો સર્વની હરવા ફરવાની અને બીજી બધી શક્તિઓનો પણ નાશ થાય, તેથી ભગવાને પહેલાં દેવોને પોત-પોતાનાં સ્થાને જતા રહેવા કહ્યું (શ્લો.૮૨) [૯૨।।-૯૬]

**અધ્યાય ૯; અર્થની પ્રાપ્તિ :**

હવે ભગવાનને સર્વરૂપથી પ્રકટ થવાનું રહ્યું. જો તે ધ્રુવના હૃદયમાં પ્રકટ થાય તો ઉપર જણાવ્યા પ્રમાણે સર્વની બધી શક્તિઓનો નાશ થાય તો પહેલાંની પેઠે મુખ્ય પ્રાણ સાથે જગતના

કારણરૂપ અક્ષર તેમાં (રોકાઈ) રહેલ હોવાથી વિશ્વનો નાશ થાય. જો બહાર પ્રકટ થાય તો ધ્રુવ શ્વાસ લે એમ સમ્ભવતું હોવાથી પ્રાણીમાત્રના પ્રાણને થતી પીડા જતી રહે.

પણ ભગવાન્ બહાર પ્રકટ થાય તો ધ્રુવના હૃદયમાં મુખ્ય પ્રાણ સાથે અક્ષરનું પ્રકટ થવું નિરર્થક થાય ! એવી શંકા પણ યોગ્ય નથી, કારણ કે જે આવે તે પ્રથમ પોતાનું ચરણ મૂકીને આવે છે, તેથી ભગવાનના ચરણરૂપ અક્ષરે પ્રથમ પ્રકટ થવું જોઈએ. વળી માત્ર અક્ષર પ્રકટ થવાનું હોય તો તે હૃદયની અંદર જ પ્રકટ થાય એવો નિયમ હોવાથી તેનું હૃદયની અંદર પ્રકટ થવું નિરર્થક ન હતું. તેથી બહાર રહેલા ભગવાનના ચરણ તરીકે જ અક્ષર અને બહાર રહેલ જગતના પ્રાણ તરીકે મુખ્ય પ્રાણ ધ્રુવના હૃદયમાં પ્રકટ થયેલા.

ભગવાન્ બહાર (ધ્રુવ પાસે) પ્રકટ થઈને જ અક્ષરની પોતાના ચરણ સાથે અને મુખ્ય પ્રાણની જગત્ના પ્રાણ સાથે એકતા સિદ્ધ કરશે; પરન્તુ ધ્રુવના હૃદયમાં જે સ્વરૂપ તેને દેખાતું હતું, તે દેખાતું બંધ ન થાય, ત્યાં સુધી તેને બહારનું ભાન ન થાય. અને તે માટે જો અંદર દેખાતા સ્વરૂપનો તિરોભાવ થાય અને મુખ્ય પ્રાણનો તેના કારણમાં લય થાય, તો વિશ્વને જેમ શ્વાસ રુંધાવાથી પીડા થયેલ તેમ તેનો નાશ જ થાય. તેથી જે સ્વરૂપ માત્ર દૃષ્ટિથી જ પાલન કરે છે તે સ્વરૂપ ધારણ કરી ભગવાને સત્તા પ્રાપ્ત કરાવી કે જેથી નાશ ન થાય. પછી માત્ર રક્ષણ જ કરવાનું હોવાથી અને તે માત્ર ભગવાન્ પ્રકટ થવાથી જ થતું હોવાથી, લાંબા સમય સુધી ત્યાં (ધ્રુવના હૃદયમાં) રહેવાનું પ્રયોજન ન હોવાથી, આનન્દ પ્રાપ્ત કરાવનાર ભગવાન્ તેના હૃદયમાં વીજળીની પેઠે ઝબક્યા. ભગવાનનું પાલન કરનારું સ્વરૂપ સાથે હોવાથી, ધ્રુવનો અથવા વિશ્વનો નાશ થયો નહિ. ભગવાન્ એવી રીતે વીજળીની પેઠે ધ્રુવના હૃદયમાં ઝબક્યા તેમાં ધ્રુવના કાંઈ પ્રયાસ વિના ભગવાને પોતે જ તેમ કરેલું. તેના હૃદયમાં ઝબક્યા પછી તરત ત્યાં તિરોહિત થઈ ભગવાન્ બહાર ધ્રુવ પાસે તે જ અવસ્થામાં પ્રકટ થયા(અ.૯।૨). ભગવાન્ આ સમયે ગરુડ ઉપર વિરાજીને પધારેલા, કારણ કે ગરુડ કાલરૂપ છે અને જો તે ભગવાનની ધ્રુવ ઉપર આવી કૃપા હોવાનું પોતે જુએ તો તે ધ્રુવનો ગ્રાસ ન કરે. તેથી ધ્રુવ ઉપર કૃપા કરવા ભગવાન્ પધાર્યા ત્યારે ગરુડને પોતાની સાથે રાખેલા [૯૭-૯૮]

પછી ધ્રુવની બધી કામનાઓ પૂર્ણ થાય તે માટે ભગવાને પોતાના શંખથી ધ્રુવના ગાલનો સ્પર્શ કર્યો(શ્લો.૪). ભગવાને એ રીતે તેને શંખથી સ્પર્શ કર્યો તેથી ધ્રુવને વાણી થઈ અને તેણે ભગવાનની સ્તુતિ કરવા માંડી(શ્લો.૫) એમ જે કહેલું છે, તે તો માત્ર ચિહ્ન તરીકે જ કહેલું છે. વસ્તુતઃ તેનાથી ધ્રુવને બધા પ્રકારની શક્તિઓ પ્રાપ્ત થઈ. આને લીધે જ તેનામાં શસ્ત્રો તથા અસ્ત્રો નો ઉપયોગ કરવાની શક્તિ આવી અને તેણે શત્રુઓ ઉપર વિજય વગેરે પ્રાપ્ત કર્યાં, કારણ કે જેનો અવાજ દાનવોના મદને હરનારો છે તેવા ભગવાનના શંખથી ભગવાને તેનો સ્પર્શ કર્યો.

''ઉત્તમ શંખ જલનું તત્ત્વ છે'' એ વાક્ય પ્રમાણે શંખ જલનું તત્ત્વ હોવાથી તેનો સ્પર્શ

થવાથી ધ્રુવને શબ્દબ્રહ્મનું ભાન (ભગવાનની સ્તુતિ કરવાની શક્તિ) થયું, કારણ કે આવા શંખમાં તે ફુંકવામાટે ભગવાન્ પોતાનો પ્રાણવાયુ પૂરે છે, અને તે ભગવાનનો પ્રાણવાયુ વેદની ઉત્પત્તિનું કારણ હોઈ શબ્દબ્રહ્મમય છે. પોતાને તૃપ્તિ થાય તે માટે ભગવાનનો પ્રાણવાયુ સદા શંખમાં રહે છે, કારણ કે જલથી પ્રાણને તૃપ્તિ થાય છે એ પ્રસિદ્ધ છે, તેથી ભગવાનના શંખમાં તેમનો પ્રાણવાયુ સદા રહેતો હોવાથી, તે શંખ બ્રહ્મમય છે. શ્રીભાગવતમાં પણ તે શંખને 'બ્રહ્મમય' કહેલો છે(શ્લો.૪) [૯૯-૯૯।।]

બીજું ચક્ષુઓથી દર્શન કરવાનું, ભુજાઓથી ભેટવાનું વગેરે(શ્લો.૩) કહેલ છે, તે ધ્રુવનો ભગવાન્ ઉપર પ્રેમ જણાવે છે. શંખથી સ્પર્શ થયો તેથી તો તેને માત્ર વેદના શબ્દનું જ નહિ પણ અર્થનું પણ જ્ઞાન થયું, કારણ કે સર્વ વેદોનું મૂલ ભગવાનના પ્રાણ છે અને શંખ તેથી પુરાયેલો હોય છે.

ક્ષત્રિય અને તે પણ સંસ્કાર થયા વિનાનો (ઉપવીત નહિ આપેલો), તેવાને વેદના અર્થોનું જ્ઞાન ક્યાંથી થાય ? તેથી જેમ મન્ત્રો વગેરેથી શબ્દજ્ઞાન થાય છે તેમ શંખના સ્પર્શથી તેને માત્ર શબ્દજ્ઞાન થયું હશે ! એમ ન માનવું, કારણ કે આ પૂર્વજન્મમાં ઋષિ હોવાથી વેદના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય હતો; પરન્તુ આનું સર્વ કાર્ય પુષ્ટિથી જ સિદ્ધ થયેલું. તેથી મર્યાદામાર્ગની ખામીઓથી આમાં દોષ થતો નથી. ઋષિ હતો એમ તો તે અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવા યોગ્ય હતો એમ જણાવવા જ કહેલું છે. તે જ્ઞાન તો તેને શંખના સ્પર્શથી જ થયેલું. તેથી વેદના અર્થના જ્ઞાનવાળાની જેવી બુદ્ધિ હોય તેવી જ તેની બુદ્ધિ થઈ [૯૯-૧૦૦।।]

છતાં ભગવાનની સ્તુતિ ધ્રુવે પોતાના અધિકાર પ્રમાણે જ કરી. તેણે સર્વના ઈશ્વર તરીકે જ ભગવાનને ભજ્યા, પોતાના આત્મા તરીકે અથવા પોતાનામાટે જ પ્રકટ થયેલા તરીકે ભજ્યા નહિ, કારણ કે સર્વના ઈશ્વર તરીકે ભજન કરવાથી જ અર્થની પ્રાપ્તિ થાય. તેને માટે આવું ભજન જ ઉત્તમ હતું, કારણ કે સર્વના ઈશ્વર, સર્વ અર્થ પ્રાપ્ત કરાવનારા હોવાથી ધ્રુવના માટે એ પ્રકારનું ભજન જ ઉપયોગી હતું. આ વિસર્ગની લીલા હોવાથી ભજન કરવાનું કહેલ છે. કારણ કે આ લીલામાં રહેલ હોય તેઓ અન્તે મુક્તિ પ્રાપ્ત કરે છે. અને આ તે પહેલાના પુરુષાર્થ-અર્થનું પ્રકરણ છે અને સર્વના ઈશ્વર જ અર્થ પ્રાપ્ત કરાવનારા છે.

ધ્રુવે ભગવાનની સ્તુતિ કરી તેમાં ભગવાનના ભક્તોનો પોતાને સંગ થાય અને ભગવાનના ગુણોની કથારૂપ અમૃતનું પોતાને પાન થાય તેવી પ્રાર્થના કરેલી(શ્લો.૧૧) તેનું ભગવાને અભિનન્દન ન કર્યું, અને સ્તુતિના અન્તે પોતે ઇચ્છેલા અર્થ પૂરા પાડવા સમ્બન્ધી પ્રાર્થના કરી(શ્લો.૧૭) તેનું જ ભગવાને અભિનન્દન કર્યું, તે ભગવાને પોતાનું ઇચ્છેલું કાર્ય થાય તે માટે કરેલ. ભગવાને તેને ઉત્તમ ધ્રુવસ્થાન આપવા ઇચ્છેલું તેથી તે છેલ્લી પ્રાર્થનાનું જ અભિનન્દન કર્યું,

કારણ કે આ વિસર્ગલીલાનું અર્થ પ્રકરણ છે. જો અગિયારમા શ્લોકમાં તેણે ભક્તિની પ્રાર્થના કરી તે તેને આપવામાં આવે તો તેને તરત મોક્ષ પ્રાપ્ત થવાથી અર્થની પ્રાપ્તિ ન થાય અને તેથી ભગવાને કરવા ઈચ્છેલી લીલા જ થાય નહિ. પુષ્ટિમાર્ગમાં ભગવાનની ઈચ્છા જ સર્વથી બલવાન છે. તેથી અમુક પદાર્થની પ્રાર્થના કરવામાં આવે તો પણ ભગવાન્ પોતે વિચારેલા પદાર્થની પ્રાર્થનાનું જ અભિનન્દન કરે છે અને બીજી પ્રાર્થનાનું અભિનન્દન કરતાં નથી. પ્રકરણના ભેદને લીધે એ પ્રમાણે થયું અને બીજા પ્રસંગોમાં પણ એ પ્રમાણે થાય [૧૦૦।।-૧૦૨]

આથી કાંઈ ન્યૂનતા થતી નથી, કારણ કે જોઈ શકાય તેવા પદાર્થોથી ધ્રુવ સિવાય બીજા કોઈની સરસાઈ થતી નથી. ન જાણી શકાય તેવા પદાર્થોથી તેની સરસાઈ થઈ નથી, કારણ કે આ અર્થનું પ્રકરણ છે, અને અર્થ જાણી શકાય તેવો પદાર્થ છે. આથી ''બીજાએ હજુ સુધી ન મેળવેલું સ્થાન'' (શ્લો.૨૦) એમ ભગવાને કહેલું તેનું પ્રયોજન જણાવેલું છે.

ધ્રુવનો ભાઈ ઉત્તમ અને તેની માતા સુરુચિ ધ્રુવને અનુકૂલ થઈ રહી શકત, છતાં ધ્રુવે પોતાના હૃદયમાં તેઓનું મરણ ઘણા દુઃખ સાથે વિચારેલું, તેથી તેઓ મરણ પામશે એમ ભગવાને કહેલું(શ્લો.૨૩). તેથી ધ્રુવે વિચારેલું તેવું ઈચ્છેલું ઉત્તમ સ્થાન રાજ્ય વગેરે ભગવાને પ્રાપ્ત કરાવ્યું અને તેણે ન ઈચ્છવા યોગ્ય વિચારેલાં ભાઈ તથા સાવકી માતાનો નાશ કર્યો. અર્થનો ભોગ ભગવાનનું વિસ્મરણ કરાવનારો છે, તેથી ધ્રુવને ભગવાનનું વિસ્મરણ ન થાય તે માટે ભગવાનનું સ્મરણ કરાવનાર તેના ધર્મ પ્રજાનું પાલન તથા યજ્ઞ કરવાનું ભગવાને તેને કહ્યું(શ્લો.૨૨-૨૪). આ પણ જાણી શકાય તેવા ફલવાળાં હોવાથી આ જન્મમાં જ તેમ કરવાનું કહેલ છે.

શ્રીમદ્ભાગવત ૧।૨।૯ થી જણાય છે કે ધર્મ જ જેનું પ્રયોજન છે તેવો અર્થ હોય છે અને મોક્ષ જ જેનાથી થાય તેવો ધર્મ પણ હોય છે. તેથી ધ્રુવના અર્થથી તેને ધર્મ પ્રાપ્ત થવાનો અને તે ધર્મથી મોક્ષ પ્રાપ્ત થવાનો. તેથી તેને મોક્ષ પ્રાપ્ત થવાનો હોવાથી ભગવાનનું સ્મરણ રહેવાનું જ. આ સ્મરણ ઘણું સારું રહેવાનું એટલે બીજાનું સ્મરણ ન થતાં માત્ર ભગવાનનું જ સ્મરણ થવાનું [૧૦૩]

પછી ભગવાન્ પાસે માત્ર અર્થ જ માગ્યો તેથી ધ્રુવને પશ્ચાત્તાપ થયો(શ્લો.૩૦-૩૫). પશ્ચાત્તાપથી વૈરાગ્ય થાય છતાં તે પોતાને ઘેર જ ગયો, કારણ કે ગુરુના ઉપદેશથી અને ભગવાનનાં દર્શનથી તેનું અન્તઃકરણ શુદ્ધ થવાથી પોતાને ઘેર જવું એવી ભગવાનની ઈચ્છા હોવાનું તેને જ્ઞાન થયું. તેના ગુરુ, તેની માતા સુનીતિએ તેને ભગવાનની આરાધના કરવાનો ઉપદેશ કરેલો(અ.૮।૧૯). વળી તેના ગુરુ નારદે ભગવાન્ વાસુદેવનું ભજન કરવાનો અને તેની માતાએ કહેલ તે જ માર્ગ તેને માટે ઉત્તમ હોવાનું કહેલ(અ.૮।૪૦). આ ગુરુઓના ઉપદેશથી અને તેને થયેલ ભગવાનનાં દર્શનથી તેનો અર્થ સિદ્ધ થયો અને તે કારણોથી તેનું અન્તઃકરણ પણ શુદ્ધ થયું.

અથવા અર્થ સિદ્ધ થયો એ પહેલાં તેને ભગવાનનાં દર્શનથી થયેલી શુદ્ધિને લીધે, તેના અન્તઃકરણમાં નારદે ''ભગવાનને પ્રસન્ન કરવા દુર્લભ છે એમ હું માનું છું'' અ.૮।૩૦) એમ જે કહેલ તે ઉપદેશ સ્ફુર્યો અને ભગવાનનાં દર્શન થતાં તેનું અન્તઃકરણ શુદ્ધ થયું, અને તેથી તેને વૈરાગ્ય થયો. વૈરાગ્ય થવાથી પશ્ચાત્તાપ થયેલો. તેથી જ તેને ભગવાનની ઈચ્છાનું જ્ઞાન થયું, અને ભગવાનની એવી ઈચ્છા હોવાનું જાણી તે પોતાને ઘેર ગયો [૧૦૪]

અથવા ભગવાનના ભયને લીધે તે પોતાને ઘેર ગયો. પિતા રાજ્ય સોંપી જાય ત્યારે ભૂમિનું રક્ષણ કરવાની(શ્લો.૨૨) અને યજ્ઞોથી પોતાનું પૂજન કરવાની(શ્લો.૨૪) ભગવાને તેને આજ્ઞા કરેલી. આ ભગવાનની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરવામાં આવે તો કોણ જાણે ભગવાન્ શું કરે એવા ભયથી ધ્રુવ વૈરાગ્ય થવા છતાં પોતાને ઘેર ગયો. વળી ભગવાને પોતાને પ્રાપ્ત કરવાનો જે ઉપાય કહેલો, તે પડતો મૂકી તે સમયે તેને થયેલ વૈરાગ્યને લીધે તે રાજ્ય-ઘર વગેરેનો ત્યાગ કરે, તો તેથી તેને ભગવાનની પ્રાપ્તિ ન થાય તેથી પણ તે પોતાને ઘેર ગયો. ત્યાં તેના પ્રત્યે પહેલાં દ્વેષ કરનાર તેની સાવકીમા સુરુચિએ પણ તેનો આદર કર્યો(શ્લો.૪૬). પિતાએ પણ આદર કરાવ્યો(શ્લો.૫૩-૫૯). પોતાનો પહેલાં દ્વેષ કરનારા પણ આવી રીતે પોતાનો આદર કરે છે એ જાણી ધ્રુવના મનમાં ભગવાને કહેલ અર્થ જરૂર પ્રાપ્ત થશે એવો દઢ વિશ્વાસ થાય તે માટે આ આદરનું વર્ણન કરેલું છે. જ્યારે પોતાને ઘેર જતાં પણ આવો આદર થાય છે તો પછી ભગવાને કહેલ ઉત્તમ સ્થિતિ પ્રાપ્ત થવામાં કાંઈ સન્દેહ રહેતો નથી, ધ્રુવને મળનારું ફલ ઉત્તમ હોવાનું આ આદરથી સૂચવેલું છે [૧૦૫]

**અધ્યાય ૧૦; રાજ્યપ્રાપ્તિથી થયેલ દોષ :**

ધ્રુવને તેના ભાઈ ઉત્તમનું મરણ થશે એમ ભગવાને જ કહેલું(અ.૯।૨૩). વળી ધ્રુવ વૈષ્ણવ હતો તેથી મૃગયા કરતાં ઉત્તમનું મૃત્યુ યક્ષથી થયું તે જાણી તેણે ક્રોધ કરવો યોગ્ય ન હતો છતાં તેને ઘણો ક્રોધ થયો(અ.૧૦।૩-૪), કારણ કે રાજ્ય અનર્થરૂપ છે. અનર્થમાં મુખ્ય વિચાર અથવા લાગણી હોય છે. પંદર અનર્થોમાં રાજ્યનો પણ સમાવેશ થયેલો છે. છતાં વૈષ્ણવ હોવાથી ધ્રુવે ક્રોધ કરવો ન જોઈએ છતાં [1]લૌકિકમાં આવા પ્રસંગે ક્રોધ થાય છે. ભાઈના મૃત્યુની દરકાર ન કરવામાં આવે તો લોકમાં અપકીર્તિ થાય છે. ભાઈના મૃત્યુથી ધ્રુવને ક્રોધ થયો. ''લૌકિક જન'' એટલે બધા લૌકિક મનુષ્યો.તે બધા એક પ્રકારના જ હોય છે. [2]વળી તેને ભાઈ ઉપર પ્રેમ હતો એમ સિદ્ધ થાય તે માટે ક્રોધ થયેલો. છતાં યક્ષોને હણવા તે યોગ્ય ન હતું છતાં [3]રાજાને સાત વ્યસનો હોય છે અને શત્રુને મારવા એ તેમાંનું એક છે. તેથી તેણે યક્ષોને હણ્યા. એ પ્રમાણે રાજ્ય પ્રાપ્ત થવાથી ધ્રુવના ત્રણ દોષો થયા. તે ક્રોધથી થયેલ મહારોગરૂપ તેના આવેશને લીધે તેને ભગવાનનું પણ વિસ્મરણ થયું. છતાં ધ્રુવ ભગવદીય હોવાથી તેને ભગવાનનું સ્મરણ થતાં જ તેના બધા અનર્થ દૂર થશે એવા વિચારથી મુનિઓએ આવી તેને ભગવાનનું સ્મરણ કરાવ્યું(શ્લો.૩૦) [૧૦૬-૧૦૬।।]

વળી તેના દાદા મનુએ આવી તેના દોષ અને અભિમાન દૂર કરાવ્યા. ક્રોધના આવેશરૂપ દોષ મનુએ દૂર કરાવ્યો. મુનિઓએ તો મૃત્યુને ફીટાડનાર તરીકે જ તેને ભગવાનનું સ્મરણ કરાવેલું, પરન્તુ ભગવાન્ સર્વના આત્મા છે, આપણા પોતાના પ્રભુ છે અને સર્વ કરનારા છે એમ જણાવેલું નહિ. તેથી તેમણે જે પ્રકારે ભગવાનનું સ્મરણ કરાવ્યું તેવાં સ્મરણથી ''જેઓ મને જે પ્રકારે ભજે છે...''(ભગ.ગીતા ૮।૧૧) એ વાક્ય પ્રમાણે ધ્રુવનું તે સમયનું દુઃખ જ દૂર થાય, પરન્તુ બીજો કાંઈ લાભ ન થાય. ઉલટું દુઃખ દૂર થવાથી દોષ રહ્યો અને તેથી ધ્રુવને પોતાનું સામર્થ્ય જણાવાથી ગર્વ થયો. તે દોષ અને ગર્વ મનુના ઉપદેશથી દૂર થયા(અ.૧૧।૭-૩૪). મનુએ ધ્રુવને કુબેરને પ્રસન્ન કરવાનો ઉપદેશ કરેલો(શ્લો.૩૪) છતાં ધ્રુવ સંસારી હોવાથી અને તેનામાં મનુષ્યનો ભાવ હોવાથી તે કુબેર પાસે ગયો નહિ. છતાં ધ્રુવ બાલક હતો તેથી ''બાલકોમાં ગુણ તથા દોષ ને સ્થાન નથી'' એ વાક્ય પ્રમાણે કુબેરે તેના અપરાધને ગણ્યો નહિ [૧૦૬।।-૧૦૭।।]

**અધ્યાય ૧૨ ; ધ્રુવને પ્રાપ્ત થયેલ ફળ :**

કુબેરે ધ્રુવના અપરાધને ગણ્યો નથી એમ જણાવવા કુબેર ધ્રુવ તથા મનુ પાસે આવ્યો અને પોતે ધ્રુવ ઉપર પ્રસન્ન થયો છે એમ જણાવવા તેણે ધ્રુવને વર આપ્યો. ધ્રુવે ભગવાન્‌માં પોતાની અચલ ભક્તિ રહે તેવો વર માગ્યો(શ્લો.૮). તે કુબેરે તેને આપ્યો(શ્લો. ૯).

શંકા : ભક્તિ તો ધ્રુવમાં પહેલાં પણ હતી, પણ રાજ્ય મળતાં દોષ થયેલા અને તેથી ભગવાનનું વિસ્મરણ થયેલું, મુનિઓએ ભગવાનનું સ્મરણ કરાવ્યું અને મનુએ આવી દોષ દૂર કરાવ્યા. તેથી ભક્તિ પાછી તેને પ્રાપ્ત થાય જ, તે પછી કુબેરે તેને ભગવાન્‌માં અવિચલ ભક્તિ રહે તેવો વર આપ્યો તેથી શું લાભ થયો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે યક્ષોનો વધ કરવાથી અને તેઓની સાથે યુદ્ધ કરવાથી ધ્રુવના અન્તઃકરણના સમ્બન્ધવાળા અને તેની ક્રિયાના સમ્બન્ધવાળા પદાર્થોને રાક્ષસોનો સમ્બન્ધ થયેલો. જેને શ્રીકૃષ્ણનો સમ્બન્ધ ન હતો તેવાં જે ઉત્તમને યક્ષોએ મારી નાખેલો તેઓનો ધ્રુવે વધ કર્યો. ભગવદીયે કોઈ પણ પ્રાણીનો વધ કરવો યોગ્ય નથી અને તેમાં પણ ભગવાનનાં પ્રયોજન વિના તો ન જ કરવો જોઈએ. ભગવાનનાં પ્રયોજનમાટે પણ પ્રાણીઓ વધ કરવાનો હોય ત્યારે પણ ભગવાનની ભ્રમર તરફ દષ્ટિ કરવી (ભગવાનની ઈચ્છા જાણવી) જ યોગ્ય છે, પરન્તુ પોતાની મેળે જ યુદ્ધ કરવું યોગ્ય નથી. અને યક્ષો સાથે ધ્રુવ યુદ્ધ કરે તેવી ભગવાનની ઈચ્છા ન હોવાનું મનુના વાક્યો(અ.૧૧।૭-૧૦) થી જણાય છે. ધ્રુવે યક્ષોનો વધ કર્યો અને યુદ્ધ કર્યું તેથી તેના અન્તઃકરણના સમ્બન્ધવાળા અને તેની ક્રિયાના સમ્બન્ધવાળા પદાર્થોને રાક્ષસોનો સમ્બન્ધ થવાથી તે રાક્ષસો થયા. તેથી પહેલાંની ઉપર જણાવેલી ભક્તિ વગેરે ધ્રુવમાં બીજભાવથી રહેલ હોવા છતાં તેનાથી તેને ફળ પ્રાપ્ત ન થાય. તેથી કુબેરે તેને ઉપર જણાવેલ દોષનો નાશ કરે તેવી ભક્તિ આપી. આ દોષ દૂર થાય તે માટે જ ધ્રુવે યજ્ઞ વગેરે કર્યાં(શ્લો.૧૦). યજ્ઞ કરવાથી તેની

ક્રિયાના દોષ દૂર થયા, ભગવાનનું સ્મરણ કરવાથી તેણે કરેલ વધના દોષ દૂર થયા અને ભગવાનનાં ધ્યાનથી ભગવાનનો સમ્બન્ધ ન રહેવાથી (રાક્ષસોનો સમ્બન્ધ થવાથી) થયેલ દોષ દૂર થયા. એવી રીતે મનુના ઉપદેશથી, યજ્ઞોથી, ભગવાનનું સ્મરણ તથા ભગવાનનાં ધ્યાનથી તેના આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક દોષો દૂર થવાથી તે શુદ્ધ થયો, અને પછી તેને ફળની પ્રાપ્તિ થઈ [૧૦૭।।-૧૦૯]

જો કે ધ્રુવ દોષરહિત થયો અને ભક્તિને લીધે તેને પ્રપંચનું પણ વિસ્મરણ થયેલું, તેથી તેને પરમ મુક્તિ જ ફળ મળ્યાનું કહેવું જોઈએ, છતાં પણ અર્થના પ્રકરણમાં તેમ કહેવું ઉપયોગી ન હોવાથી ધ્રુવનાં સાધનોથી તેને ઉત્તમ ફળ મળ્યું એમ જ જણાવેલું છે. ભગવાને આપેલા લોકની તેને પ્રાપ્તિ થઈ, બીજાના પ્રસંગમાં જૂનો દેહ તજીને જ તે પ્રાપ્ત થવાનું પ્રસિદ્ધ છે, છતાં ધ્રુવે તે તજ્યા વિના જ, પોતાના દેહથી જ તે લોક પ્રાપ્ત કર્યા તે બીજાઓ કરતાં તેની સરસાઈ છે. તેને દેહનો ત્યાગ કર્યા વિના તે લોક પ્રાપ્ત થયા, કારણ કે ઉપર જણાવ્યું તે પ્રમાણે તેનો દેહ દોષરહિત હતો. તેથી ભગવાને આપેલ લોક પ્રાપ્ત કરવામાટે તેને બીજા દેહની જરૂર ન હતી. કારણ કે તે માટે દેહ દોષરહિત હોવાનું જ જરૂરી છે, અને તેનો દેહ તેવો હતો તે જણાવેલું છે. બીજા લોક પ્રાપ્ત કરવાનો આ જ ઉત્તમ પ્રકાર છે. ઉપનયન સંસ્કાર, વેદનો અભ્યાસ, તેના અર્થનો વિચાર અને તે વિચાર કર્યા પછી કરવાના યજ્ઞ-તપ એ બધું કરવાં કરતાં, વિષયોમાં આસક્તિ ન હોય તેવી દશામાં જ, ગુરુના ઉપદેશથી કોઈક ભગવાનની સન્નિધિવાળા પ્રદેશમાં ભગવાનનું ભજન કરવું એ ઉત્તમ છે એમ આ પ્રકરણમાં જણાવેલું છે. એમ કરવાથી ભગવાનની કૃપા તરત થાય છે. તેથી જ વેદવાદીઓનાં બધાં સાધનો ધ્રુવે પ્રાપ્ત કર્યું તેવું ફળ પ્રાપ્ત કરાવવા સમર્થ નથી(શ્લો.૪૧) એમ કહી, નારદે પ્રચેતસોના સત્રમાં ધ્રુવની પ્રશંસા કરેલી(શ્લો.૪૦). બીજા સર્વ સાધનો આવું ફળ પ્રાપ્ત કરાવી શકતાં નથી આવી પ્રશંસા નારદે એમ જણાવવા કરેલી કે ભગવાનનો સાક્ષાત્કાર થવા છતાં પણ ભગવાનની સેવા દુર્લભ છે જે નારદે ''ભગવાન્ પ્રસન્ન કરવા દુર્લભ હોવાનું હું માનું છું''(અ.૮।૩૦) એમ ધ્રુવને કહેલું તે જ નારદે પ્રચેતસોના સત્રમાં ધ્રુવની એવી રીતે સ્તુતિ કરી [૧૧૦।-૧૧૧]

**પ્રકરણ ૩; કામ (અધ્યાય ૧૩-૨૩):**

તેરમાથી ત્રેવીસમા સુધીના અગિયાર અધ્યાયોનું આ ત્રીજું કામ પ્રકરણ છે. કામ પૃથુએ પ્રાપ્ત કર્યો. આ પ્રકરણના અન્તે પૃથુને મોક્ષ પ્રાપ્ત થયાનું કહેલું છે(અ.૨૩।૧૮). છતાં આ મોક્ષ પ્રકરણ નથી, કામ પ્રકરણ જ છે. કારણ કે —

તેરમાથી સોળમા સુધીના ચાર અધ્યાયોમાં સર્વની કામનાથી પૃથુની ઉત્પત્તિ થયાનું કહેલું છે.

સત્તરમા અને અઢારમા એ બે અધ્યાયોમાં પૃથુ સર્વની કામનાઓ પૂર્ણ કરે છે તે જણાવ્યું છે. અને

ઓગણીસમાથી ત્રેવીસમા સુધીના પાંચ અધ્યાયોમાં પૃથુને પોતાની કામનાઓ પ્રાપ્ત થયાનું કહેલું છે.

તેથી આ પ્રકરણના આરંભમાં, મધ્યમાં અને અન્તે કામનું જ નિરૂપણ કરેલું હોવાથી આ કામપ્રકરણ જ છે. વળી આ પ્રકરણના અગિયાર અધ્યાયો છે, તેથી પણ કામનું પ્રકરણ હોવાનું સિદ્ધ થાય છે, કારણ કે અગિયાર ઈન્દ્રિયોથી કામ પૂર્ણ થાય છે [૧૧૨-૧૧૨ાા]

**અધ્યાયના વિભાગ તથા અર્થ :**

ઉપર જણાવ્યું તેમ તેરમાથી સોળમા સુધીના અધ્યાયોથી પૃથુનું પ્રાકટ્ય તેનાં કારણ સહિત છે. આ ચાર અધ્યાયોના પણ બે વિભાગ છે : પહેલા બે એટલે તેરમા અને ચૌદમા અધ્યાયોમાં કામનું સ્વરૂપ જણાવેલું છે અને પન્દરમા તથા સોળમા અધ્યાયોમાં ગુણો કહેલા છે. આ દરેક વિભાગના પાછા બે-બે વિભાગ છે :

તેરમા અધ્યાયમાં કોઈ રક્ષણ કરનાર ન હતું એવું (રક્ષણ કરનારની ઉત્પત્તિરૂપ) કામ થવાનું કારણ કહેલું છે.

ચૌદમા અધ્યાયમાં વેને અધર્મનું સ્થાપન કર્યું એ તેનું કાર્ય જણાવેલું છે. (આથી પૃથુની ઉત્પત્તિનું કારણ કહેવાયું).

બીજા વિભાગના પહેલા એટલે પન્દરમા અધ્યાયમાં પૃથુની ઉત્પત્તિ અને તેને થયેલ રાજ્યની પ્રાપ્તિ કહેલાં છે. અને

સોળમા અધ્યાયમાં પૃથુમાં ભગવાનના આવેશના ગુણો હોવાનું કહેલું છે.(પૃથુની ઉત્પત્તિ થઈ અને તેનામાં આવા ગુણો હતા).

તેથી સર્વની કામના (રક્ષણ કરનારની પ્રાપ્તિ) સિદ્ધ થઈ. એ રીતે આ ચાર અધ્યાયોનું પહેલું પેટા-પ્રકરણ થયું [૧૧૨ાા-૧૧૪]

બીજા પેટા-પ્રકરણમાં પૃથુ સર્વની કામનાઓ પૂર્ણ કરે છે. આ સત્તરમા અને અઢારમા એ બે અધ્યાયોનું છે. તેના બે વિભાગ છે :

સત્તરમા અધ્યાયમાં પૃથ્વીનો નિગ્રહ કરવારૂપ પૃથુની ક્રિયા કહેલી છે, અને

અઢારમા અધ્યાયમાં તેથી સર્વને પ્રાપ્ત થયેલ ફળ (સર્વની કામનાની પ્રાપ્તિ) કહેલ છે[૧૧૪ાા]

ત્રીજા પેટા-પ્રકરણમાં પાંચ અધ્યાયો છે :

૧. પૃથુની શુદ્ધિ

૨. તેના ઉપર થયેલી ભગવાનની કૃપા

૩. તેણે આચરેલ પોતાનો ધર્મ

૪. તેણે પ્રાપ્ત કરેલ જ્ઞાન અને

૫. તેનો મોક્ષ.

એ પાંચ વિષયો અનુક્રમે આ પાંચ એટલે ઓગણીસથી ત્રેવીસ સુધીના અધ્યાયોમાં કહેલા છે. આ પેટાપ્રકરણમાં પૃથુને પોતાની કામનાઓ પ્રાપ્ત થયાનું જણાવેલું છે [૧૧૪।।-૧૧૫।।]

શંકા : કામ તો સ્ત્રીસમ્ભોગ વગેરેથી થતા સુખરૂપ ત્રીજો પુરુષાર્થ છે અને મોક્ષમાં સ્ત્રી વગેરે બીજા કોઈની જરૂર નથી હોતી. તેથી તે સ્વતન્ત્ર છે. તેણે મોક્ષ પ્રાપ્ત કર્યો, તેણે કામ પૂર્ણ કર્યો એમ જણાવી, મોક્ષને કામ કેમ કહેલ છે ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે ભગવચ્છાસ્ત્ર પ્રમાણે મોક્ષની કામનાવાળો તેમ જ પદાર્થમાત્રની કામનાવાળો ભગવાનનું સકામ ભજન કરી શકે છે, પરન્તુ સ્ત્રીની કામનાવાળો તેવું ભજન કરી શક્તો નથી, કારણ કે સ્ત્રીની કામના તુચ્છ છે. શુકે ‘‘સ્ત્રીની કામનાવાળાએ ઉવર્શીઅપ્સરાનું પૂજન કરવું’’(૨।૩।૬) એમ કહીને ‘‘સર્વ (હર કોઈ પદાર્થ)ની કામનાવાળાએ પણ ઉત્તમ પુરુષનું પૂજન કરવું’’(૨।૩।૧૦) એમ કહેલું છે ખરું, પરન્તુ ત્યાં તેનો ભાવાર્થ એવો છે કે જો ભગવાનનું ભજન કરવામાટે જ સ્ત્રીની કામના હોય તો તે માટે ભગવાનનું ભજન કરવું. આ તે વાક્યો ઉપરની ટીકા (શ્રીસુબોધિની) માં જ કહેલું છે. આ પૃથુ સકામ (ભક્ત) હોવાથી, તે મોક્ષની કામના કરે તે પણ યોગ્ય જ છે. ‘‘કામનારહિતે અથવા સર્વ (હરકોઈ પદાર્થ)ની કામનાવાળાએ ઉત્તમ પુરુષનું ભજન કરવું’’(૨।૩।૧૦) એ વાક્ય પ્રમાણે મોક્ષની કામનાવાળો પણ ભગવાનનું ભજન કરે તે યોગ્ય છે. નારદે પ્રચેતસોના સત્રમાં ધ્રુવની સ્તુતિ કરેલી(અ.૧૨।૪૦) એમ મૈત્રેયે વિદુરને કહ્યું ત્યારે વિદુરે ‘‘પ્રચેતસો કોણ હતા ?’’ વગેરે તેમના સમ્બન્ધી પ્રશ્નો પૂછ્યા।(અ.૧૩।૨) ત્યારે મૈત્રેયે પ્રચેતસોનું નિરૂપણ કરવા આ કથાનો આરંભ કર્યો. પ્રચેતસોએ ભક્તિમાર્ગીય મુક્તિ પ્રાપ્ત કરેલી એમ કહેવાનું હોવાથી મોક્ષ પ્રકરણ કહેવામાટે જ આ પૃથુની શુદ્ધિ વગેરે પ્રકરણની કથા કહેલી છે. છતાં આ પૃથુની કથા મોક્ષપ્રકરણ નથી, કારણ કે પૃથુની ભક્તિ, તેણે પ્રાપ્ત કરવાનાં જ્ઞાનનાં સાધનરૂપ જ હતી અને તે જ્ઞાનથી પૃથુને મુક્તિ પ્રાપ્ત થયાનું જણાવેલ છે. વળી પૃથુની ભક્તિ સકામ હોવાથી, ભક્તિમાર્ગીય મુક્તિથી તેણે પ્રાપ્ત કરેલ મુક્તિ જુદા પ્રકારની હતી. પૃથુ સર્વ પદાર્થની કામનાવાળો હતો, તેથી મોક્ષનું પ્રકરણ કહેવામાટે જ આ પ્રકરણનો પ્રારંભ કરેલો છે, પણ આ મોક્ષનું પ્રકરણ નથી [૧૧૫।।-૧૧૬।।]

**અધ્યાય ૧૩ ; રક્ષણ કરનારની કામનાનું કારણ :**

કોના વંશમાં પ્રચેતસો થયેલા ?(અ.૧૩।૨) એવો પ્રશ્ન વિદુરે પૂછેલ. ‘‘ધ્રુવના વંશમાં

થયેલ'' એટલો જ તેનો ઉત્તર આપવો યોગ્ય હતો. છતાં અહીં ધ્રુવના વંશનું નિરૂપણ શા માટે કર્યુ ? કામ પુરુષાર્થની લીલા કહેવાની હોવાથી કામનું નિરૂપણ કરેલું છે; એમ કહેવામાં આવે તો તે પણ નિરર્થક છે, કારણ કે માત્ર પૃથુનું ચરિત્ર કહેવાથી કામનું નિરૂપણ થઈ જાત ! એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જો શ્રીકૃષ્ણની ભક્તિ કરેલી હોય તો તે પુત્રને અથવા વંશને ફળ આપે છે, માત્ર ગૌણ(હલકું) ફલ આપીને અટકતી નથી એમ જણાવવા ધ્રુવના વંશનું વર્ણન કરેલું છે. શ્રીકૃષ્ણની ભક્તિ એટલે ભક્તિમાર્ગીય ભક્તિ. તેનું મુખ્ય ફલ પુરુષોત્તમનાં સ્વરૂપની પ્રાપ્તિ જ, અથવા તેમની ભક્તિ ચાલુ રહેવી તે છે. તેથી બ્રહ્માનન્દ સુધીનું ફળ પણ તેનું ગૌણ જ ફળ છે. ગૌણ ફળ પ્રાપ્ત કરાવીને પણ મુખ્ય ફળ પ્રાપ્ત કરાવવાની તેની શક્તિ અટકતી નથી, એમ જણાવવા ધ્રુવના વંશનું વર્ણન કરેલું છે. આથી એમ સૂચવેલું છે કે ધ્રુવની ભક્તિથી પ્રસન્ન થયેલા ભગવાને પ્રચેતસોને મુખ્ય ફળ આપ્યું અને પૃથુ વગેરેને ગૌણ ફળ આપ્યું. પ્રચેતસોને મુખ્ય ફળ આપવાનું ન હોત તો અધ્યાય ૪૨।૩૩-૭૯ માં શિવે પ્રચેતસોને ઉપદેશ કરેલો છે તેવો ઉપદેશ તે અકસ્માત તેઓને શા માટે કરે ? [૧૧૬।।-૧૧૭।।]

**અંગનો વૃત્તાન્ત :**

ધ્રુવનો મોટો પુત્ર કલ્પ, ભગવાન્ પાસેથી ધ્રુવ વર પ્રાપ્ત કરી આવ્યા પછી જન્મેલો. તેના જન્મ પહેલાનાં પોતાનાં દુઃખને લીધે ધ્રુવ વિરક્ત હતો ત્યારે તે જન્મેલો હોવાથી તે પણ વિરક્ત હતો. તેને રાજ્યની ઈચ્છા ન હતી(શ્લો.૯). ધ્રુવે રાજ્ય ભોગવ્યા પછી તેને વૈરાગ્ય થયો ત્યારે તેના નાના પુત્ર ઉત્કલનો જન્મ થયેલ હોવાથી તે પણ તેવો વૈરાગ્યવાળો હતો. તેથી તે બન્નેએ મુક્તિ પ્રાપ્ત કરેલી. વચ્ચે જ્યારે ધ્રુવને સંસારમાં રાગ હતો ત્યારે વત્સરનો જન્મ થયેલો. તેથી તે રાજા થયો(શ્લો.૧૧). વત્સરનો પુષ્પાર્ણ, તેનો વ્યુષ્ટ, તેનો સર્વતેજસ, તેનો મનુ, તેનો ઉલ્મુક અને તેનો અંગ થયેલ. વત્સરથી ઉલ્મુક સુધીના છમાં ભગવાનના ઐશ્વર્ય વગેરે છ ગુણો(દરેકમાં એક-એક) અનુક્રમે હતા, તેથી તે ગુણ તેઓનું રક્ષણ કરતા હોવાથી, તેઓ દોષરહિત હતા. અંગ સાતમી પેઢીએ (સાતમો) થયો, તેથી તેનું રક્ષણ કરનાર ભગવાનનો ગુણ ન હોવાથી તે દોષવાળો હતો. તેથી જ ભવિષ્યમાં દોષ દૂર કરી ભગવાન્ રક્ષણ કરશે. વત્સરના બીજા પુત્ર તિગ્મકેતુ(શ્લો.૧૨) વગેરેના વંશ અહીં કહેલા નથી, કારણ કે તેમના વંશમાં કેટલાક દેવ તરીકે અને કેટલાક મુક્તિમાર્ગમાં અવતરેલા અને આ કામનું પ્રકરણ હોવાથી તેઓનો આ પ્રકરણમાં કાંઈ ઉપયોગ ન હોવાથી તેઓના વંશ કહેલા નથી. છતાં અહીં વત્સરના પુત્રોના નામ આપેલાં છે(શ્લો.૧૨) તે નકામાં આપ્યાં હોવાનું ન માનવું, કારણ કે કાલચક્રના અધિષ્ઠાતા ધ્રુવનો પુત્ર વત્સર; વત્સર (વર્ષ)રૂપ જ હતો, અને દક્ષિણાયણ અને ઉત્તરાયણ એવા તેના બે અવયવો હોવાથી કોઈક કાલ મુક્તિમાટે ઉપયોગી અને કોઈક કાલ કર્મ કરવા માટે ઉપયોગી હોવાથી, તે(બે પ્રકારના કાલ)ના અવયવોરૂપ જે દેવો, તે દેવરૂપ જ આ બધા હતા એમ જણાવવા તેમનાં નામ કહેલાં છે, આથી વત્સર; વત્સરરૂપ (વર્ષરૂપ) હોવાનું દૃઢ થાય છે [૧૧૭।।-૧૧૯]

અંગ ઉપર જણાવ્યું તેમ દોષવાળો હતો. તેણે કરેલ અધર્મ કાલ પ્રમાણે ધર્મ ન આચરવારૂપ હતો. તેમ થવાનું કારણ તેનો પ્રમાદ(ગફલત) હતો. તેથી એમ સૂચવેલું છે કે સ્વભાવથી તો તે ધર્મવાળો હતો. વડવાઓએ કરેલ અધર્મ તેનામાં આવ્યો ન હતો, પરન્તુ તેણે પોતે જ એવો અધર્મ કરેલો. તેથી જ તેના દોષરૂપ તેના પુત્ર વેને ''કોઈએ હોમ કરવો નહિ''(અ.૧૪।૬) એવો ઢંઢેરો પીટાવેલો.

આ અંગના અધર્મને લીધે તે મૃત્યુની પુત્રી સુનીથાને પરણેલો. અધર્મને લીધે જ મૃત્યુ સાથે તેને સમ્બન્ધ થયો. તે મૃત્યુનો જમાઈ થયો. મૃત્યુની અધર્મરૂપ પુત્રી સુનીથામાં તેને પ્રેમ થયો અને તેનો સમ્બન્ધ થયો. તેની સાથે સમ્બન્ધ કરવાનું જ તેને ગમ્યું અને વંશનું મૂલ ધર્મ હોવાથી તેને સ્વભાવિક રીતે પુત્ર ન થયો. અથવા અધર્મ(મૃત્યુ) સાથે તેને સમ્બન્ધ થયો તે દેવોને ગમ્યુ નહિ અને તેના વંશનું મૂલ ધર્મ હોવાથી, મૃત્યુની પુત્રી સુનીથા સાથે; તેનો દોષ તે જાણતો હોવાથી, સમ્બન્ધ કરવાનું તેને ગમતું જ ન હતું અને તેથી તેને પુત્ર ન થયો, કારણ કે પુત્ર ઉત્પન્ન કરવા સ્ત્રી સાથે સમ્બન્ધ થવો આવશ્યક છે. તેને સ્વાભાવિક રીતે એટલે ઋતુકાલમાં ગર્ભાધાન કરવાથી પુત્ર થાય છે તેવી રીતે પુત્ર થયો નહિ, કારણ કે તેવી રીતે પુત્ર થવાનું કારણ ધર્મ છે અને તેનાં કારણરૂપ ધર્મ તેનામાં ન હતો જ, તેથી જ તેને સર્વને હણનાર (મૃત્યુ) સાથે સમ્બન્ધ થયો હતો [૧૨૦-૧૨૦॥]

શંકા : પોતાના દોષ દૂર થાય તે માટે અંગે અશ્વમેધ યજ્ઞ કર્યો. ''અશ્વમેધ યજ્ઞથી દોષ દૂર થતા હોય તો તેના યજ્ઞમાં દેવો બોલાવવા છતાં કેમ ન આવ્યા અને તેણે વૈષ્ણવયાગ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે, જો કે ''જે અશ્વમેધથી ભગવાનનું પૂજન કરે છે તે સર્વ પાપ તરે છે, બ્રહ્મહત્યા તરે છે'' એ શ્રુતિ પ્રમાણે કેવલ અશ્વમેધ યજ્ઞ પાપ વગેરે દૂર કરે છે, તો પણ ''પુત્રરહિતને પર લોક પ્રાપ્ત થતો નથી'' એ શ્રુતિ પ્રમાણે પુત્ર ન હોય તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. તેથી ભગવાનના કાર્યમાટે યજ્ઞ કરવાથી જ દોષ દૂર થઈને વંશ અને મુક્તિ પ્રાપ્ત થતા હોવાથી અને અંગને બન્નેનું પ્રયોજન હોવાથી તેણે શ્રીકૃષ્ણમાટે વૈષ્ણવયાગ કર્યો(શ્લો.૩૫). પહેલાં જે અશ્વમેધ યજ્ઞ કરેલો તે માત્ર દોષ દૂર કરવા જ કરેલો ભગવાન્‌માટે કરેલો નહિ અને તેનો દોષ ઘણો બલવાન હતો, તેથી તે યજ્ઞમાં દેવો આવેલા ન હતા. શ્રુતિમાં જે કેવલ અશ્વમેધ યજ્ઞથી પાપ તરવાનું કહેલું છે, તે આધિભૌતિક તથા આધ્યાત્મિક પાપ દૂર થવાનું કહેલ છે. આધિદૈવિક પાપ તો ભગવાન્‌માટે કરેલા યજ્ઞથી જ તરાય. તેમ ન હોય (અને આધિદૈવિક પાપ પણ કેવલ યજ્ઞથી દૂર થતાં હોય) તો, અશ્વમેધથી દોષ દૂર થાય અને દોષ દૂર થવાથી (દેવો યજ્ઞમાં આવે એટલે) દેવો વગેરે અંગો સાથે યજ્ઞ થાય, એમ એકબીજાના આશ્રયરૂપ (અન્યોન્યાશ્રયરૂપ) દોષથી શ્રુતિના અર્થમાં વિરોધ થાય.

ત્યારે વૈષ્ણવયાગ કરવાથી વેન જેવો પાપી પુત્ર કેમ ઉત્પન્ન થયો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અંગ દોષરહિત થાય તે માટે અંગના દોષ લઈ વેન ઉત્પન્ન થયો, તેથી તે દુષ્ટ હતો. અંગ દોષરહિત થાય અને વંશ ચાલુ રહે તે બન્ને પ્રયોજનથી વૈષ્ણવયાગ કરેલો. તે પૈકી વંશ ચાલુ રહે તે માટે વેન ઉત્પન્ન થયો. જો વૈષ્ણવયાગ આ બન્ને પ્રયોજનથી કરેલો ન હોત તો આ અંગના જ સાથલનું મથન કરવાથી તેવો કોઈક દુષ્ટ પુત્ર ઉત્પન્ન થાત, પરન્તુ તેમ થવાથી મુક્તિ પ્રાપ્ત કરે તેવો વંશ ચાલત નહિ [૧૨૦।।-૧૨૨]

વૈષ્ણવ ચરુના ભક્ષણથી ઉત્પન્ન થયેલો પુત્ર(શ્લો.૩૮) દુષ્ટ કેમ થયો ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે અંગનો દોષ પુત્રમાં ઉતર્યો અને ચરુ ભક્ષણ કરવાનું ફળ પૌત્રને પ્રાપ્ત થયું. દોષ અને ચરુ નાં ભક્ષણનું ફળ પરસ્પર વિરુદ્ધ હોવાથી એકમાં રહેવાનું સમ્ભવતું જ નથી અને તે સમયે અંગના દોષ દૂર થવાનું જરૂરી હતું, તેથી દોષ અંગના પુત્ર વેનમાં ઉતર્યો અને ચરુ ભક્ષણ કરવાનું ફળ તેના પૌત્ર પૃથુને મળ્યું. આમ થવાથી પુત્ર વેન દુષ્ટ હોવાથી અંગને સંસારમાં વૈરાગ્ય થયો(શ્લો.૪૭) અને તેથી તેની તરત મુક્તિ થઈ. વળી વંશ પણ ચાલ્યો અને અંગ દોષરહિત થયો [૧૨૩]

પુત્રનાં ક્રૂર કૃત્યોથી કંટાળી અંગ રાજ્ય વગેરે તજી જતો રહ્યો(શ્લો.૪૭) ત્યારે પ્રજા-પુરોહિત વગેરે તેને શોધવા ગયા(શ્લો.૪૮). તેનો દુષ્ટ પુત્ર વેન હતો, તેને રાજ્ય ન આપતાં અંગને શોધવા ગયા, કારણ કે સામાન્ય રીતે રાજા જ્યારે રાજ્યનો ત્યાગ કરે ત્યારે 'શાસ્ત્રં' એટલે શાસન અથવા પ્રજાને આજ્ઞા કરવારૂપ રાજાનો ધર્મ પોતાના પુત્રને સોંપીને જાય છે, અને તેથી તેનો તે પુત્ર રાજા થાય છે. અંગ તો તે ધર્મ; પુત્રને સોંપ્યા વિના પોતાની સાથે રાખીને જ જતો રહ્યો હતો, તેથી પુરોહિત વગેરે તેને શોધવા ગયા. યુદ્ધમાં રાજાનું મૃત્યુ થાય તો તેના પુત્રને રાજ્ય આપવાનું જરૂરી બને છે, તેવી રીતે અંગ જતો રહેતાં તેના પુત્ર વેનને રાજ્ય આપવું જરૂરી બનેલ, છતાં તેને રાજ્ય ન આપતાં અંગને શોધવા જ ગયા, કારણ કે વેન રક્ષણ કરવાનો નથી એમ તેઓ જાણતા હતા. તેઓને અંગનો પત્તો ન મળ્યો. ઋષિઓ અલૌકિક જ્ઞાનવાળા હોવાથી તેઓ અંગ ક્યાં છે તે જણાવી શકત; પરન્તુ તેઓ તે સમ્બન્ધમાં બેદરકાર રહ્યાં, કારણ કે તેઓ અંગ ક્યાં છે તે જણાવે અને પ્રજા અંગને પાછો લાવે, તો અંગ આવીને તેવા દુષ્ટ પુત્રને રાજ્ય આપે તો તે પ્રજાદ્રોહ વગેરે જે દોષ કરે તેથી અંગને દોષ લાગવાનો સમ્ભવ હોવાથી, અંગને મુક્તિ પ્રાપ્ત ન થાય. અને જો અંગ પોતે રાજ્ય કરે તો પણ તેમજ થાય. તેથી તેઓએ અંગ ક્યાં છે તે જણાવ્યું નહિ, આથી રક્ષણ કરનાર કોઈ પૃથુ જેઓ ઉત્પન્ન થાય તેવી સર્વને કામના થવાનું કારણ કહેવાયું [૧૨૪-૧૨૪।।]

**અધ્યાય ૧૪; અધર્મનું સ્થાપન-વેનનો વૃત્તાન્ત:**

ભૃગુ વગેરે મુનિઓ સર્વજ્ઞ હોવાથી, વેન ભવિષ્યમાં પ્રજાને દુઃખી કરવાનો છે તે જાણતા હતા, તેથી તેમણે તેને રાજ્ય ન આપતાં તેના સાથળનું તે જ સમયે મથન કરી પુત્ર ઉત્પન્ન કરવો

જોઈતો હતો, પણ તેને રાજ્ય આપવું જોઈતું ન હતું, એમ જણાય. પરન્તુ વેનનો અભિષેક કરી તેને રાજા બનાવવામાં ન આવે તો તે પ્રજાનો નાશ કરત એમ પ્રજા જાણે નહિ અને તેરમા અધ્યાયમાં જણાવ્યું તેમ રક્ષણ કરનાર હોવો એ સર્વની કામનાનું કારણ હતું, તે ન હોવાથી સર્વનું રક્ષણ કરવામાટે વેનનાં સાથળ મથી પુત્ર ઉત્પન્ન કરવામાં આવે તો લોકોને શંકા થાય કે સાથળ મથવાનું કાર્ય જરૂરી ન હતું, (કારણ કે વેનને રાજા કર્યો હોત તો તે રક્ષણ કરત. તેવી શંકા લોકોને ન થાય તે માટે ભૃગુ વગેરેએ વેનનો રાજ્યાસને અભિષેક કર્યો–અ.૧૪।૧-૨) વળી તેનો અભિષેક કરવાનું બીજું મુખ્ય કારણ એ હતું કે તે વીર હોવાથી ભાનમાં હોય ત્યાં સુધી તેનાં સાથળનું મથન કરવાનું સમ્ભવતું ન હતું. વળી જ્યાં સુધી તેણે પ્રજાનો દ્રોહ કર્યો ન હોય ત્યાં સુધી તેમ કરવું અયોગ્ય હોવાથી, તેમ કરવાથી લોકમાં અપકીર્તિ થવાનો સમ્ભવ હતો અને બધું અયોગ્ય થાત. તેથી કાંઈ અયોગ્યતા ન થાય અને ભવિષ્યમાં સર્વ કાર્ય બરાબર થાય તે માટે ઋષિઓ સર્વજ્ઞ હોવાથી ભગવાનનો (પૃથુનો) અવતાર વેનના મૃત્યુ પછી તેનાં સાથળ મથવાથી જ થશે એમ જાણીને તેમણે વેનને રાજા બનાવ્યો. છતાં પણ તેમ કરવાથી તે સમયે થનારો ધર્મનો નાશ તેઓ સહન કરી ન શકવાથી વેનને રાજા બનાવવાનું તેમને ગમતું તો ન હતું જ. તેને રાજા બનાવવામાં માત્ર તેની મા સુનીથાની સમ્મતિ હતી અને તે પણ પૂરી નહિ, છતાં ઋષિઓએ એમ વિચાર્યું કે વેન પ્રજાને પીડવારૂપ તેનું કાર્ય કરશે તો તેનાં પાપ પૂરાં થઈ જશે, પણ તેમ નહિ થાય, તો તે પાપ વંશમાં ચાલુ રહેશે; તેમણે એમ વિચારી તેને રાજા કર્યો.

વેનમાં બે અંશો હતા ૧. રાજાનો અંશ અને ૨. દોષનો અંશ. દોષના અંશને બાદ કરી, તેના રાજાના અંશનો વિચાર કરી તેને રાજા બનાવવો એ યોગ્ય જ હતું. છતાં તેના દોષ ઉગ્ર હોવાથી અભિષેક કરેલ રાજાના અંશથી પણ ધર્મનો નાશ થયો. અહીં સર્વની કામનાનાં સ્વરૂપનું નિરૂપણ કરતાં, લોકોને ઉપદ્રવ થયાનું કહેલું છે(શ્લો.૪-૬). તેથી એમ પણ સૂચવેલું છે કે કામ અનર્થરૂપ છે. ''આ પંદર અનર્થો છે'' એમ અનર્થોનું નિરૂપણ કરેલું છે તેમાં કામનો પણ સમાવેશ થયેલો છે. વેને અધર્મનું જ સ્થાપન કર્યું. આ તેના દોષનું અસાધારણ કાર્ય હતું. ''કોઈએ યજ્ઞ દાન અથવા હોમ કરવા નહિ'' એવા તેણે ઢંઢેરા પીટાવ્યા. આમ તેણે ધર્મ કરવાની મના કરી અને ધર્મ ન કરવો તે જ અધર્મ; કારણ કે ધર્મ જ ધર્મનું રક્ષણ કરે છે. તે રક્ષણ કરનાર ધર્મ ન રહે એટલે અધર્મ જ થાય [૧૨૪॥-૧૨૭]

વેન પ્રજાને પીડવા લાગ્યો. ધર્મનો નાશ થવા લાગ્યો. એ રીતે લૌકિક અને અલૌકિક બન્નેનો નાશ થવા લાગ્યો. એવા અધર્મનાં સ્થાપનથી ઘણો ભય ઉત્પન્ન થયો. રાજા ન હતો ત્યારે ભય થતો તેથી પણ ઘણો વધારે ભય થવા લાગ્યો. હજી આ અધર્મ વધે તો લોકોના અન્તઃકરણમાં રહેલા ધર્મનો પણ નાશ થાય, તેથી અધર્મ અને દોષ ન વધે તે માટે ઋષિઓએ વેનને અધર્મ કરતાં અટકાવવા પ્રયાસ કર્યો.

તેઓ સર્વજ્ઞ હતા અને તેથી જાણતા હતા કે વેન અધર્મ કરવાનો આગ્રહ રાખશે અને આપણું

માનશે નહિ; છતાં વેનને પોતે જ રાજા બનાવેલો હોવાથી, ''દોષ કરનારને, તે કરવાની આજ્ઞા કરનારને અને તેમાં સમ્મતિ આપનારને પણ દોષો લાગે છે'' એ નિયમ પ્રમાણે તેના દોષ પોતાને પણ લાગે અને જો તેઓ તેને અધર્મ કરતાં અટકાવે, તો તે દોષ પોતાને લાગે નહિ. એવા વિચારથી તેઓએ તેને અધર્મ ન કરવા બોધ આપ્યો(શ્લો.૧૪-૨૨) [૧૨૮]

વેને તેઓને એવા ભાવાર્થનો ઉત્તર આપ્યો કે રાજા જ ઈશ્વર છે અને સર્વ દેવો તેના દેહમાં રહેલા છે તેથી તમે મને જ બલિ આપો(શ્લો.૨૩-૨૮).

''મનુષ્યોમાં નરેન્દ્ર છું'' ''રાજા પોતાના તેજથી લોકપાલોનાં પુરુષાતનને ધારણ કરે છે'' એ શાસ્ત્રોનાં વચન પ્રમાણે વેને કહ્યો તે જ ધર્મ છે એવી શંકા થાય, તો તે યોગ્ય નથી. ઋષિઓએ તો ધર્મનું રક્ષણ કરવા અને વેનમાં દેવો રહે તે માટે તેઓનો તિરસ્કાર ન કરવાનો જ તેને ઉપદેશ કરેલો, જ્યારે વેને તો તેમનાં વાક્યોનો એવો અર્થ કર્યો કે બધા દેવો મારામાં(વેનમાં) જ રહેલા હોવાથી, મારું પૂજન કરવાથી જ તે બધાનું સન્માન થશે. અધર્મની શાખારૂપ છલથી અધર્મ કરવામાટે જ તેણે તેમનાં વાક્યોનો એવો અર્થ કર્યો. ઉપર જે શાસ્ત્રનાં વચન કહ્યાં, તે તો ભગવાનની વિભૂતિ ગણાવતાં કહેલાં છે અને પૂજા વગેરે ધર્મ કરવાથી ભગવાનનો જે અંશ રાજામાં પ્રવેશે છે તે જણાવે છે. તેથી જ 'નરેન્દ્ર' એમ 'ઇન્દ્ર' શબ્દ યોજેલો છે. તેથી એ વચનો વેનના ઉત્તર સાથે બંધ બેસતા નથી. અથવા રાજા તરીકે માત્ર અભિષેક થવાથી દેવો ભલે રાજાના દેહમાં આવતા હોય, છતાં વેને શ્લો.૨૩-૨૮ સુધીમાં જે કહ્યું તે તો અધર્મ જ છે, કારણ કે ''અયમેવ હિ પાષણ્ડો લેશેનાખિલબાધનમ્''(૧૨૯). ''અંશથી આખાનો નિરાસ કરવો'' આ જ પાષણ્ડ છે. જેમ ''કોઈ પણ પ્રાણીને હણવો નહિ'' એ શ્રુતિના અંશથી બૌદ્ધો વગેરે બધીએ શ્રુતિઓમાં કહેલા કર્મકાંડનો નિરાસ કરી, જે યજ્ઞમાં ધર્મ કરવામાં આવે છે તેનો પણ નિરાસ કરે છે તે પાષણ્ડ જ છે, તેમ પોતાની અન્દર રહેલા દેવોના તેજના અંશથી વેને બધાએ દેવોનો નિરાસ કર્યો. તેથી તે પણ પાષણ્ડ હોવાથી અધર્મ જ છે [૧૨૯]

વેને એવો અધર્મવાળો ઉત્તર આપ્યો તેથી ઋષિઓએ ભગવાનની નિન્દાથી હણાયેલા તેને હુંકાર કરી મારી નાખ્યો(શ્લો.૩૪). તે રાજા હતો અને રાજાને હણવો એ મોટું પાપ છે છતાં તેને હણવાથી તેઓને દોષ ન લાગ્યો, કારણ કે ''જે ઘણી ક્રૂરતાથી વર્તન કરે તે જીવતો હોવા છતાં ખરેખર મરેલો છે''(૧૦।૨।૨૨) એ વાક્ય પ્રમાણે તેઓએ તેને હણ્યો તે પહેલાં પણ તે જીવતો હોવા છતાં મરેલો હતો. તેથી ઋષિઓએ તેને હણવાથી તેઓને કાંઈ દોષ ન લાગ્યો.

શંકા : મડદું અમંગલ છે અને રાજાનો વંશ ચાલુ રહે તે માટે તેવા અમંગલ મડદાંનું મથન કરવું યોગ્ય નથી, કારણ કે તેમ કરવાથી બુદ્ધિ (બુદ્ધિવાળા) ની ઉત્પત્તિ થવાનું સમ્ભવતું નથી, કેમકે જલનું મથન કરવાથી અગ્નિ ઉત્પન્ન થવાનો સમ્ભવ નથી ! એવી શંકા થાય

સમાધાન : તો જાણવું કે ઋષિઓએ જ્ઞાનપૂર્વક મથન કરેલું. વેનના મડદામાં રાજાનો અંશ હતો એવો તેમનો નિશ્ચય થવાથી બહારથી ન જણાતું ચૈતન્ય તેના દેહમાં છે એમ તેઓ જાણતા હતા. અને ભવિષ્યમાં જે વૃત્તાન્ત બનવાનો હતો તે પણ તેઓ જાણતા હતા. તેથી તેઓએ મથન કર્યું તે યોગ્ય જ હતું. મથન કરવાનું કારણ શ્લો.૩૬-૪૩ સુધીમાં કહેલું છે, તેનો આ ભાવાર્થ જણાવ્યો.

ઋષિઓએ પહેલાં વેનના સાથળનું મથન કર્યું કે જેથી તેનો દોષ નીકળી જાય. દોષવાળાનું મથન કરવાથી તે જ દોષ થાય અને ભગવાનના અંશની ઉત્પત્તિ ન થાય એમ જાણી તેઓએ પહેલાં તેના અધમ દોષવાળા અંગ સાથળનું મથન કર્યું. ''પુરુષની નાભિની ઉપરનો ભાગ પવિત્ર છે, તેની નીચેનો ભાગ અપવિત્ર છે'' એ શ્રુતિ પ્રમાણે સાથળ દોષવાળો ભાગ હોવાથી પહેલાં તેનું મથન કરી દોષ કાઢી નાખ્યા. મથનથી ઉત્પન્ન થયેલ નૈષાદ (ભીલો)માં તે દોષ ગયા [૧૩૦]

**અધ્યાય ૧૫; પૃથુને રાજ્ય પ્રાપ્તિ :**

પછી ઋષિઓએ વેનના બે બાહુઓનું મથન કર્યું(અ.૧૫।૧), કારણ કે જો તેઓ તેના હૃદયનું મથન કરે તો નારાયણની પેઠે ભગવાનનો સ્વતન્ત્ર અવતાર થતાં તે અવતારથી ધર્મનું રક્ષણ થવાનું સમ્ભવે; છતાં તે ક્ષત્રિય ન હોવાથી તેના વંશનું રક્ષણ ન થાય. તેથી વંશ ચાલુ રહે તે માટે ક્ષત્રિયોના ધર્મના આધારરૂપ બાહુઓનું મથન કર્યું. વળી આ કામ પ્રકરણ છે અને રાજાઓના બાહુઓથી જ પ્રજાના કામ પૂર્ણ થાય છે. તેથી કામ પૂર્ણ થાય તે માટે બાહુઓનું જ મથન કર્યું. દોષ તો હવે રહ્યો ન હતો અને કામ મિથુન (સ્ત્રી-પુરુષનાં જોડકાં)થી જ સિદ્ધ થાય તેવો હોવાથી, તેમાંથી દોષરહિત મિથુન ઉત્પન્ન થયું.

જો કે લોકનું રક્ષણ કરવામાટે તો એક પુત્ર ઉત્પન્ન થવાની જ જરૂર હતી, કારણ કે એક પુત્ર ઉત્પન્ન થવાથી જ લોકનું રક્ષણ થઈ શક્ત, છતાં આ ઉત્પન્ન થયેલ પુરુષ(પૃથુ) ભગવાનનો અવતાર હતો, કારણ કે જો પ્રાકૃત પુરુષ ઉત્પન્ન થાય તો પ્રાકૃત રાજાના ગુણવાળો હોવાથી ''આ ઋષિઓએ મારા પિતાને હણેલ'' એમ જાણી તે પ્રજાનો દ્વેષ જ કરે અને તેથી કામની સિદ્ધિ ન થાય. તેવું ન થાય અને સર્વના કામ સિદ્ધિ થાય તે માટે પૃથુના દેહમાં હરિનો આવિર્ભાવ થયો. તેમ થવાથી તેનામાં અપ્રાકૃત ગુણો આવતાં સર્વની કામનાઓ તેનાથી સિદ્ધ થઈ [૧૩૧]

મિથુન ઉત્પન્ન થયા પછી ઋષિઓએ તે 'પૃથુ' અને 'અર્ચિ' નામથી પ્રસિદ્ધ થનાર વિષ્ણુ અને લક્ષ્મી ના અંશ છે એમ કહ્યું(શ્લો.૩-૬) અને વિપ્રોએ તેમની પ્રશંસા કરી પૃથુનો રાજા તરીકે અભિષેક કર્યો(શ્લો.૧૧). પૃથુમાં જે રાજાના કુદરતી ગુણો હતા તેમની આ અભિષેક અને ઋષિઓના વચનથી વૃદ્ધિ થઈ. પછી સૂત, માગધ અને બન્દીજનોએ પૃથુની સ્તુતિ કરવા માંડી(શ્લો.૨૦) ત્યારે પૃથુએ તેઓને સ્તુતિ કરતાં અટકાવ્યા (શ્લો.૨૨-૨૬). આ પૃથુનો મોટો

ગુણ દર્શાવે છે. કારણ કે હલકો પુરુષ પોતાની સમક્ષ પોતાની સ્તુતિ કરાવે છે. મોટા પુરુષને તો કોઈ તેની સમક્ષ સ્તુતિ કરે તો લજ્જા થાય છે. તેથી પૃથુમાં ભગવાનનો આવેશ હોવાથી તે પોતાની સમક્ષ પોતાની સ્તુતિ થતી અટકાવે તે યોગ્ય જ છે [૧૩૧।।]

**અધ્યાય ૧૬ ; પૃથુમાં ભગવાનના આવેશના ગુણો :**

પૃથુએ અટકાવવા છતાં મુનિઓની પ્રેરણાથી સૂત માગધ અને બન્દીજનોએ તેની સ્તુતિ કરી. આ સ્તુતિમાં મુનિઓએ અથવા સૂત વગેરેએ એમ નથી કહ્યું કે પૃથુ પોતાના ઉપર કૃપા કરી પોતાનું રક્ષણ કરવા પ્રકટ થયો હતો, પરન્તુ લોકોનું રક્ષણ કરવા પ્રકટ થયેલ હોવાનું કહેલ છે, કારણ કે લોકો સાથે જ પૃથુને તેમની કામનાઓ પૂર્ણ કરવાનો સમ્બન્ધ હતો અને તેથી, તેઓના ઉપર જ તેઓને આનન્દ આપવારૂપ તેની કૃપા થવાનું તેઓએ કહેલ છે. મુનિઓએ સૂત વગેરેને પૃથુની સ્તુતિ કરવાની પ્રેરણા કરી, પણ પોતે જ સ્તુતિ ન કરી, તેનું કારણ પણ આજ છે. પૃથુમાં ભગવાનના ગુણો આવે તે માટે આ સ્તુતિમાં ભવિષ્ય કહેલું છે. કારણ કે ભવિષ્યમાં પૃથુ પૃથ્વીનું દોહન વગેરે જે કરવાનો તે ભગવાનના આવેશનાં જ કાર્ય છે.

સૂત પુરાણોનાં જ્ઞાનવાળો હોવાથી તેને ભવિષ્યનું જ્ઞાન હોવાનું યોગ્ય છે, પરન્તુ માગધ અને બન્દીજનોને ભવિષ્યનું જ્ઞાન હોય નહિ છતાં તેઓએ ભવિષ્ય કેવી રીતે કહ્યું ? એવી શંકા થાય તો જાણવું કે સૂત પહેલાં ભવિષ્યનો વૃત્તાન્ત કહેતો, અને માગધ અને બન્દીજન તેના પછી તેના ઉપર આધાર રાખી તે વૃત્તાન્ત કહેતા. એ પ્રમાણે પૃથુમાં ભગવાનના આવેશના ગુણો હોવાનું તેમણે કહેલ છે [૧૩૧।।-૧૩૨।।]

**અધ્યાય ૧૭; પૃથ્વીના નિગ્રહરૂપ પૃથુની ક્રિયા :**

પૃથુનાં ચરિત્રનો પહેલાં તેરમા અધ્યાયથી જ પ્રારંભ કરેલો અને તેનો વૃત્તાન્ત કહેતા મૈત્રેય અટક્યો ન હોતો, છતાં વચ્ચે વિદુરે પૃથુનાં ચરિત્ર સમ્બન્ધી પ્રશ્ન કર્યો(અ.૧૭।૩-૭), કારણ કે પૃથુનું ચરિત્ર કહેવાનો મૈત્રેયે પ્રારંભ કરેલ હોવા છતાં વિદુર વૈષ્ણવ હોવાથી; પૃથુમાં અલૌકિક આવેશવાળા ભગવાનનાં જ ચરિત્રનું મુખ્ય રીતે તેને શ્રવણ કરવું હતું, અને મૈત્રેય માત્ર પૃથુનું સામાન્ય ચરિત્ર જ કદાચ કહે, એવી શંકા વિદુરને થવાથી તેણે આ પૃથુમાં આવેશવાળા ભગવાન્ શ્રીકૃષ્ણનાં ચરિત્ર વિષે ખાસ પ્રશ્ન કર્યો(શ્લો.૬-૭). તેથી ભગવાનનાં અલૌકિક ચરિત્ર સમ્બન્ધી જ આ પ્રશ્ન હતા.

પૃથ્વી દેવી છે, સ્ત્રી છે અને સર્વનો તેના ઉપર આધાર રહે છે. તેથી ભૂમિને હણવાનો પૃથુએ ઉદ્યોગ કર્યો તે યોગ્ય ન હતો, એવી શંકા થાય તો જાણવું કે પૃથ્વીને હણવામાટે ધનુષ્ય ઉપર બાણ ચઢાવી તેની પાછળ પડવાથી, પૃથ્વી ભયથી ગાયનું સ્વરૂપ ધારણ કરશે અને બધું કાર્ય પાર પાડશે. એમ ભવિષ્યમાં જે કાંઈ થવાનું હતું તે જાણીને, પ્રજાઓની કામનાઓ પૂરી કરવા પૃથુ ધનુષ્ય ઉપર

બાણ ચઢાવી પૃથ્વી પાછળ પડેલો. પૃથુમાં ભગવાનનો આવેશ થયેલ હોવાથી આ કાર્ય કરવાની તેનામાં શક્તિ હતી [૧૩૨।।-૧૩૩।]

**અધ્યાય ૧૮ ; પૃથ્વીનું દોહન અને ફળ પ્રાપ્તિ :**

ઋષિઓ, દેવો, દૈત્યો વગેરેએ પણ પૃથ્વીનું દોહન કરી, પોત-પોતાને ઈષ્ટ પદાર્થ તેની પાસેથી પ્રાપ્ત કર્યા(અ.૧૮।૧૪-૨૫). તેઓમાં ભગવાનનો આવેશ ન હતો છતાં પૃથુમાં ભગવાનનો આવેશ હોવાથી તેઓ પણ પૃથ્વીનું દોહન કરી શક્યા. ઋષિઓ વગેરેમાં ભગવાનનો આવેશ ન હોવાથી તેઓમાં પૃથ્વીનું આવી રીતે દોહન કરી ફળ પ્રાપ્ત કરવાની શક્તિ ન હતી છતાં પૃથુમાં ભગવાનનો આવેશ હોવાથી અને પૃથુથી પૃથ્વી, 'ભાવિતા'(શ્લો.૧૩), પાલન કરાયેલી હોવાથી તેઓ પણ તેનું દોહન કરી ફળ પ્રાપ્ત કરી શક્યા. [૧૩૩।-૧૩૩।।]

**અધ્યાય ૧૯ ; પૃથુની શુદ્ધિ :**

એ પ્રમાણે સર્વની કામના પૂરી કરવાનું પ્રકરણ કહ્યું. હવે પૃથુની પોતાની કામનાઓ પૂરી કરવાનાં પ્રકરણનો વિચાર કરતાં પ્રથમ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે પૃથુને અશ્વમેધ યજ્ઞ કરવાની અને તે પણ એકસો યજ્ઞો કરવાની શી જરૂર હતી કે જેથી તેણે એકસો અશ્વમેધ યજ્ઞ કરવાની દીક્ષા લીધી ? (અ.૧૯।૧). પૃથુને એકસો અશ્વમેધ યજ્ઞ કરવાની એટલામાટે જરૂર પડી કે જે પદાર્થોની તેને કામના હતી તે બધામાટે આરંભમાં પોતે કામનાઓ સિદ્ધ કરી શકે તે માટે પોતાની શુદ્ધિની જરૂર હતી, કારણ કે શુદ્ધ પુરુષ જે કાર્ય કરે છે તે સિદ્ધ થાય છે, ત્યારે પોતે શુદ્ધ થાય. પોતાને શુદ્ધિની પ્રાપ્તિ થાય તે માટે શું કરવું તેનો વિચાર કરતાં ''આ સર્વને પવિત્ર કરનાર છે'' ''સર્વ પાપોનું ઔષધ છે'' એ શ્રુતિઓ પ્રમાણે કામનાના સાધનરૂપ શુદ્ધિની ઉત્પત્તિમાટે અશ્વમેધ સિવાય બીજું કર્મ તે પ્રાપ્ત કરાવે તેવું હોવાનું સમ્ભવતું નથી, તેથી તેણે અશ્વમેધ કર્યા. શુદ્ધિ પ્રાપ્ત કરવા એકસોથી વધારે અશ્વમેધ કરવાની જરૂર નથી તેથી તેણે તેટલા અશ્વમેધ કરવાની દીક્ષા લીધી.

શંકા : ''પછી સાતમો, રુચિથી આકૂતિમાં યજ્ઞનો અવતાર થયો''(૧।૩।૧૨) એ વાક્ય (જુઓ -૪।૧।૨-૫. પૃથુમાં ભગવાનનો આવેશ જ હતો જુઓ -૧।૩।૧૪) પ્રમાણે આ યજ્ઞ મન્વન્તરમાં ઈન્દ્ર થયેલ, તે ભગવાનની કલાનો અવતાર હોવાથી, તેણે આના યજ્ઞમાં વિઘ્ન કરવું યોગ્ય ન હતું'' એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે ઈન્દ્ર થવામાટે બે વસ્તુઓની જરૂર છે. ૧. એકસો અશ્વમેધ કરવા જોઈએ અને ૨. ઈન્દ્ર થવાની કામના હોવી જોઈએ. પૃથુને ઈન્દ્ર થવાની કામના થાય તો તેને ઈન્દ્રનું સ્થાન તરત પ્રાપ્ત થાય. તે પરન્તુ ભગવાનની આ કામ લીલાથી વિરુદ્ધ હતું. તેથી એકસો અશ્વમેધ પૂરા થતાં, કદાચ ઈન્દ્રપદની કામના થાય તો એ દોષ થાય. તેવો પાક્ષિક દોષ પણ દૂર કરવો જોઈએ એ નિયમ પ્રમાણે 'યજ્ઞ' નામના ઈન્દ્રે(જુઓ ૪।૧।૮) અશ્વનું હરણ કરી છેલ્લા

યજ્ઞમાં વિઘ્ન કર્યું. પૃથુને ઈન્દ્રના સ્થાનની કામના હતી જ નહિ અને વળી તે ભગવાનનો ભક્ત હતા. તેને કામના ન હોવાથી તેના યજ્ઞમાં ભગવાન્ પધારેલા અને તે ભક્ત હોવાથી ભગવાન્ પોતાના ભક્તો સાથે પધારેલા(શ્લો.૩-૬). ભક્તો સાથે ભગવાન્ તેના યજ્ઞમાં પધારેલા. ઐશ્વર્ય વગેરે ભગવાનના બધા ગુણો અને બ્રહ્મા વગેરે સર્વ દેવોના અને રાજસ, તામસ અને સાત્ત્વિક તથા મિશ્ર ગુણવાળા ભક્તોના સર્વ ગુણો ત્યાં પ્રકટ થયેલા. તેથી આ પૃથુના યજ્ઞ સર્વથી ઉત્તમ હતા.

ઈન્દ્રપણું કર્મનું ફળ છે. અને કર્મ (એકસો અશ્વમેધ ઈન્દ્રના અને પૃથુના) સરખાં હોવાથી અને ઈન્દ્રને તો તે કર્મનું ફળ(ઈન્દ્રપણું) પ્રાપ્ત થઈ ગયેલું હોવાથી, ''પૃથુ મને હટાવી મારું ઈન્દ્રપદ હરી લેશે'' એવો ભય તેને કેમ થયો ? એવી શંકા દૂર થાય છે. કારણ કે પૃથુના યજ્ઞ, ઉપર જણાવ્યા પ્રમાણે, સર્વથી ઉત્તમ હતા અને ઈન્દ્રે કરેલા યજ્ઞ તેના યજ્ઞની સમાન ન હતા [૧૩૩।।-૧૩૬]

શંકા : 'યજ્ઞ' નામના ઈન્દ્રનો અવતાર ધર્મનું રક્ષણ કરવા થયેલો. તેથી તેને પૃથુ ઈન્દ્રપણું લઈ લેશે એવો ભય થયો હોય, તેમ છતાં પણ તેણે જુદા-જુદા વેષ ધારણ કરી ધર્મનો નાશ કરનાર પાષણ્ડોનો પ્રચાર કેમ કર્યો ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે તેણે પાષણ્ડોનો પ્રચાર એવા વિચારથી કર્યો કે બ્રહ્માનાં વાક્યોથી હરકોઈ પ્રકારે તે સમયે છેલ્લો અશ્વમેધ પૂરો ન થયો, છતાં પણ જ્યારે તે પૂરો કરે ત્યારે જો તે ઈન્દ્રનાં સ્થાનની કામના કરે તો પોતાનું સ્થાન જતું રહે. પૃથુને તો ઈન્દ્રના સ્થાનની કામના ન હતી અને તેનાં ઘણાં શુદ્ધ અન્તઃકરણમાં તે સ્થાનની ઈચ્છા થાય પણ નહિ, છતાં પણ રાજ્ય દોષરૂપ છે અને પૃથુ રાજા હોવાથી ભવિષ્યમાં તેનામાં દોષો ઉત્પન્ન થાય અને તે ઈન્દ્રનાં સ્થાનની ઈચ્છા કરે એવો ભય હતો. તેથી તેણે પાષણ્ડો એટલામાટે ઉત્પન્ન કર્યા કે તે પાષણ્ડોથી યજ્ઞનો નાશ થાય અને સ્વર્ગ પ્રાપ્ત થવાનું કારણ જ ન રહેવાથી રાજા(પૃથુ) સ્વર્ગમાં જાય નહિ. વળી તે પાષણ્ડોનો પાછળથી લોકમાં પ્રચાર થતાં લોકનાં પાપ વધે અને તે પાપો રાજામાં આવતાં તેને સ્વર્ગ પ્રાપ્ત ન થાય. દ્વેષને લીધે તેણે વારંવાર પાષણ્ડોનો પ્રચાર કર્યો. બેવાર પાષણ્ડો કરવા છતાં પૃથુએ યજ્ઞ બન્ધ ન રાખ્યો, તેથી ''પૃથુ મારું સ્થાન જ લેવાની ઈચ્છા રાખે છે'' એવું જણાવાથી તેને દ્વેષ થયો અને તેથી તેણે પાષણ્ડની પ્રવૃત્તિ ઘણી વધારે કરી. તેથી જ તેને હણવા સુધીની તેના ઉપરના દ્વેષરૂપ પૃથુનાં ચિત્તની અશુદ્ધિ થઈ. તે અશુદ્ધિ એટલી બધી દઢ થઈ કે બ્રહ્માએ સન્ધિ કરવા માંડી, છતાં તે દૂર ન થઈ. ચિત્તની શુદ્ધિમાટે પૃથુ યજ્ઞ કરતો હતો, ત્યારે ઉપર કહ્યા પ્રમાણે તેનાથી સમય જતાં ચિત્ત અશુદ્ધ જ થતું ગયું. તેથી બ્રહ્માએ તે યજ્ઞ બન્ધ કરાવ્યો [૧૩૭-૧૩૮।।]

બ્રાહ્મણો પણ સર્વજ્ઞ હતા. તેથી બ્રહ્માની પેઠે તેમણે પોતે જ યજ્ઞને બન્ધ કેમ ન કરાવ્યો ? ઈન્દ્રનો વધ કરવા ઉદ્યોગ કરવા કેમ કહ્યું(શ્લો.૧૩,૧૫,૨૧) ? એવી શંકા થાય, તો જાણવું કે

યજ્ઞનો નાશ કરનારાં મૂલ વિનાનાં જે પાષણ્ડો, તેમની ઉત્પત્તિ ઈન્દ્રમાંથી થતી હોવાથી, જો ઈન્દ્રનો વધ કરવામાં આવે તો, પાષણ્ડોનો તેમનાં મૂલ(ઈન્દ્ર) સાથે નાશ થવાથી યજ્ઞનું રક્ષણ થશે, એવા વિચારથી યજ્ઞનું રક્ષણ થાય તે માટે જ બ્રાહ્મણોએ ઈન્દ્રનો વધ કરવાનો ઉદ્યોગ કરાવેલો; પણ પૃથુની પેઠે બ્રાહ્મણોનું ચિત્ત પણ દ્વેષથી અશુદ્ધ થયું ન હતું અને તેથી ઈન્દ્ર ઉપરના દ્વેષથી તેમણે તેના વધનો ઉદ્યોગ કરાવ્યો ન હતો.

ઈન્દ્રને હણ્યો નહિ તેથી પાષણ્ડોની ઉત્પત્તિ થઈ અને તે પાષણ્ડોથી પહેલાં કરેલા યજ્ઞોનો પણ નાશ થયો હશે, એવી શંકા બરાબર નથી, કારણ કે છેલ્લો યજ્ઞ બન્ધ રાખ્યા પછી(શ્લો.૩૯), અથવા બ્રહ્માનાં વાક્યનો પૃથુએ સ્વીકાર કર્યા પછી બ્રહ્માનાં વચનથી, પહેલાં કરેલા યજ્ઞોનો નાશ ન થતાં તે બધા રહ્યા. બ્રહ્માએ કહ્યું કે ''ત્યારે ઘણી કીર્તિવાળા પૃથુના ભલે નવાણું યજ્ઞો રહો''(શ્લો.૩૨). આ બ્રહ્માનાં વચનને લીધે એક યજ્ઞ ઓછો રહેવા છતાં, નવાણું યજ્ઞોથી જ પૃથુની શુદ્ધિ થઈ. એકસો યજ્ઞો શુદ્ધિમાટે કરવાના હતા, તે નવાણુ યજ્ઞોથી જ બ્રહ્માના એ વાક્યને લીધે થઈ.

નવ્વાણુ યજ્ઞોથી શુદ્ધિ કરાવી ત્યારે એકસો યજ્ઞો બ્રહ્માએ પૂરા કેમ ન કરાવ્યા ? એવી શંકા થાય તો જાણવું કે બ્રહ્માને એવી શંકા થઈ કે એકસો યજ્ઞો પૂરા થશે તો પૃથુને ઈન્દ્ર ઉપર દ્વેષ થયેલો હોવાથી, તે પોતે જ કદાચ ઈન્દ્ર થવાની કામના કરી ઈન્દ્ર થશે, તેથી તેમણે તેના એકસો યજ્ઞો પૂરા ન કરાવ્યા. છતાં નવ્વાણુ યજ્ઞો કરી પૃથુ પવિત્ર થયો. તેની શુદ્ધિ થઈ. [૧૩૮।।-૧૪૦]

**અધ્યાય ૨૦; પૃથુ ઉપર થયેલી ભગવાનની કૃપા :**

બ્રહ્માએ પૃથુની ઈન્દ્ર સાથે સન્ધિ કરાવી, છતાં પણ પૃથુનો ઈન્દ્ર ઉપરનો દ્વેષ દૂર ન થયો. તેનું કારણ પૃથુની કર્મ(યજ્ઞ)માં આસક્તિ હતું. કર્મ પોતે અને પોતાના કાર્ય(કર્મનાં ફળ) દ્વારા ખળભળાટ કરાવનારું હોવાથી, કર્મમાં આસક્તિ હોવાને લીધે પૃથુને શાન્તિ પ્રાપ્ત ન થાય અને તેથી ભવિષ્યમાં જે જ્ઞાન પ્રાપ્ત કરાવાનું છે તે પ્રાપ્ત કરવાનો અધિકાર ન રહે તેથી તેની કર્મમાં રહેલી આસક્તિને દૂર કરવા શ્રીકૃષ્ણે પોતે યુક્તિપૂર્વક તેને બોધ કર્યો(અ.૨૦।૨-૧૬). ફલરૂપ (સદાનન્દ શ્રીકૃષ્ણ) જ સાધનોમાંથી આસક્તિને દૂર કરી શકે, તેથી તેમણે જ પૃથુને બોધ કર્યો. તેથી જ જેમ બ્રહ્માદ્વારા છેલ્લો યજ્ઞ પૂરો કરતાં પૃથુને રોકાવ્યો અને ભવિષ્યમાં સનત્કુમારદ્વારા જ્ઞાનનો ઉપદેશ કરાવશે, તેમ આ બોધ પણ બીજા કોઈ દ્વારા ન કરાવ્યો. જો ભગવાન્ પૃથુને સમ્પૂર્ણ બોધ કરે તો ભવિષ્યમાં કરાવવાનો જ્ઞાનનો ઉપદેશ નકામો થાય અને આ બોધ કરવાના જ સમયે પૃથુની મુક્તિ થાય અને તેથી તેની પાસે કરાવવાનાં બીજાં કાર્યો સિદ્ધ ન થાય. તેથી ભગવાને તેને થોડો; જેટલો તેની કર્મમાંની આસક્તિ દૂર કરવામાટે ઉપયોગી હતો તેટલો જ, તેનું હિત કરનારો બોધ આપ્યો. યજ્ઞ કરવાની શાસ્ત્રમાં આજ્ઞા હોવાથી તેમાંથી પૃથુની આસક્તિ દૂર કરવાથી તેનું અહિત થાય, એમ ન માનવું. કારણ કે ભગવાને તેનું હિત થાય તેવો જ બોધ આપેલો. આથી

એમ સૂચવેલું છે કે પૃથુનો ભગવાને પુષ્ટિમાર્ગમાં પ્રવેશ કરાવેલો. તેથી જ તેના યજ્ઞમાં પણ ઈન્દ્રદ્વારા વિઘ્ન પણ કરાવેલું [૧૪૧]

ભગવાનના બોધનાં વાક્યોથી જ દ્વેષનું કારણ જતું રહ્યું હતું. છતાં ભગવાને સન્ધિ કરાવી(શ્લો.૧૮) તે નકામી ન હતી, કારણ કે દ્વેષ ન હોય છતાં મન મળેલાં ન હોવાથી એક-બીજા ઉપર પ્રીતિ ન હોવાથી, સમય જતાં દ્વેષ ફરીથી ઉત્પન્ન થાય. તેથી તેવું ન થાય તે માટે પૃથુ અને ઈન્દ્ર બન્નેની ભગવાને સન્ધિ કરાવી. ભગવાન્ તો પૃથુનું હૃદય જાણતા હતા, છતાં તેમણે પૃથુને કાંઈક વર માગવા કહ્યું(શ્લો.૧૬), કારણ કે અન્તઃકરણની શુદ્ધિ પૃથુની કેટલી થઈ હતી, ક્યાં સુધી તેનું અન્તઃકરણ શુદ્ધ થયું હતું, તે સમ્પૂર્ણ શુદ્ધ થયું છે કે નહિ, તે સર્વને જણાય તે માટે ભગવાને પોતે લહેરથી તેને વર માગવા કહેલું. તેથી જ શુદ્ધિ કેવી કેટલી થઈ તે જણાય તેવી ત્યાર પછી પૃથુએ ભગવાનની સ્તુતિ કરી(શ્લો.૨૩-૪૧).

આ સ્તુતિ ઉપરથી જણાય છે કે પૃથુના અન્તઃકરણમાં જરાયે અશુદ્ધિ રહી ન હતી. તેના અન્તઃકરણમાં ભક્તિ કરવા યોગ્ય શુદ્ધિ થઈ તેથી જ ભગવાને તેને ‘‘તારી મારામાં ભક્તિ હો’’(શ્લો.૩૨) એમ ભક્તિનું વરદાન આપ્યું, અને બીજું પણ જે પૃથુએ અને પોતે ઈચ્છેલ તે પણ આપ્યું. ‘‘મારી આજ્ઞાનું પાલન કરો’’(શ્લો.૩૨) એમ કહ્યું તેથી પ્રજાપાલન(શ્લો.૧૩) ભૂમિરક્ષણ(શ્લો.૧૫) વગેરે આપ્યાં. જેનું અન્તઃકરણ શુદ્ધ હોય અને જેને ભક્તિ પ્રાપ્ત થયેલી હોય, તેને બીજું કાંઈ આપવું યોગ્ય નથી. છતાં પૃથુને જો ભક્તિ એકલી આપવામાં આવે તો તે રાજ્યનો ભોગ ન કરે, અને ભક્તિ સ્વતન્ત્ર હોવાથી મર્યાદાનું પણ પાલન ન કરે, અને તેમ થવાથી તેનો અવતાર જ વ્યર્થ થાય. [૧૪૨-૧૪૩]

શંકા : પૃથુમાં ભગવાનનો આવેશ હોવાથી તે મર્યાદાનું પાલન કરી શક્ત અને આવેશવાળાથી ભક્તિ પણ થઈ શક્ત. તેથી તેનાથી બન્ને થવાનું સમ્ભવતું હોવાથી માત્ર ભક્તિ જ કેમ ન આપી, બીજું કાંઈ શા માટે આપ્યું ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે ભક્તિ થવી દુર્લભ છે. પહેલાં સત્સંગ થાય અને સત્પુરુષોના ઉપદેશથી સર્વ તત્ત્વોનું ઉત્તમ જ્ઞાન થાય, પછી વેદમાં કહેલી વિધિ પ્રમાણે ફળનું અનુસન્ધાન રાખ્યા વિના જે કર્મો કરેલાં હોય તે બધાં બ્રહ્મને અર્પણ કરવાં, વિષયોના દોષ જાણીને તેઓમાં આસક્તિ ન રાખવી વગેરે ત્યાગનાં સાધનો નિરન્તર આચરવાથી સંસારમાં વૈરાગ્ય થવા છતાં પણ, ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તેમને અધીન રહીને સર્વ કરવાથી ઉત્તમ સ્થિતિ જેણે પ્રાપ્ત કરી હોય, તેનાથી જ ભક્તિ થઈ શકે છે. ‘‘હે રાજા ! મારામાં તારી ભક્તિ હો!’’(શ્લો.૩૨) એ ભગવાનનાં વાક્યનું તાત્પર્ય પણ આજ છે એમ જાણવું.

આમ હોવાથી ભગવાને ‘‘ભક્તિ થાઓ’’ એવું વરદાન આપ્યું તે નિરર્થક છે એમ પણ ન માનવું, કારણ કે સાધનો કરવા છતાં પણ ભગવાનની કૃપા વિના ભક્તિ પ્રાપ્ત થતી નથી.

ભક્તિ પ્રાપ્ત થવામાટે ભગવાનની કૃપા હોવાનું જરૂરી છે અને ભગવાનની કૃપાથી જ ભક્તિ પ્રાપ્ત થાય છે એમ માનવામાં (બેના કરતાં એકથી જ પતતું હોવાથી નિરર્થક લંબાણ થતું ન હોઈ) લાઘવ છે, તેથી ભગવાનની કૃપાથી જ ભક્તિ થાય છે અને સાધનોની જરૂર નથી, એમ પણ ન માનવું, કારણ કે સાધનો ભક્તિમાટે સ્વરૂપની (આપણી) યોગ્યતા પ્રાપ્ત કરાવે છે. પથ્થરના કકડાઓમાં સ્વરૂપની યોગ્યતા ન હોવાથી સહકારી(પથ્થર ઉપર ચિત્ર કરનારા વગેરે)ની યોગ્યતા હોવા છતાં પણ કાર્ય(ચિત્ર) ઉત્પન્ન થતું નથી. અને ભંડારમાં રાખેલા ચોખામાં ખોરાક થવામાટેની સ્વરૂપયોગ્યતા હોવા છતાં સહકારી (રાંધનાર વગેરે) ન હોવાથી કાર્ય થતું નથી, એમ જોવામાં આવે છે.

ભગવાનની કૃપાને બીજા કોઈ સાધનની જરૂર નથી એ સાચું છે. જ્યારે ભક્તિનું દાન કરવું હોય ત્યારે ભગવાન્ જ ભક્તિ થઈ શકે તેવી સ્વરૂપની યોગ્યતા પ્રાપ્ત કરાવી તેવી કૃપા કરે છે. તેથી જ ''જેને ઉપર ચઢાવવા ઈચ્છા કરે છે તેની પાસે સત્કર્મ કરાવે છે'' એવી શ્રુતિ છે. (પરન્તુ ભગવાન્ એવી કૃપા ન કરતાં, ''સાધન કરે તો જ ભક્તિ પ્રાપ્ત થાય'' એવી કૃપા કરે, ત્યારે સાધનો કરવાની પણ જરૂર રહે છે) [૧૪૪]

**અધ્યાય ૨૧ ; પૃથુએ આચરેલ ધર્મ :**

વળી જો ભગવાનની ઈચ્છા એવી હોય કે મારા વરદાનથી જ સર્વ પ્રાપ્ત થાય, તો તેમ પણ થાય છે. અહીં પૃથુરાજાને તેમ જ થયેલું. ભગવાનના વરદાનથી જ તેને ભોગ પણ પ્રાપ્ત થયો. તેથી જ તે ભક્તિવાળો હોવા છતાં તેનાં સૌભાગ્યનું વર્ણન કરેલું છે (અ.૨૧।૧-૬). ભગવાને તેને ભોગ આપેલ હોવાથી ભોગ પણ તેને પ્રાપ્ત થયો (શ્લો.૧૧-૧૨). તેણે પોતાના ધર્મોનું પણ આચરણ કર્યું.

રાજાના ધર્મ પણ ત્રણ પ્રકારના છે, ૧. યજ્ઞ કરવા ૨. રક્ષણ કરવું અને ૩. ઉપદેશ કરવો. પ્રજાનું રક્ષણ તો તેણે કર્યાનું પ્રસિદ્ધ જ છે, એટલે આ અધ્યાયમાં તે ખાસ કહેલ નથી. યજ્ઞો તેણે કરેલા તે પણ પહેલા કહેલું જ છે. છતાં. પહેલાં જે યજ્ઞો કરેલા તે યજ્ઞો ન ગણાય, કારણ કે છેવટના યજ્ઞમાં પાષણ્ડોનો પ્રચાર થવાથી તે યજ્ઞો પણ રહ્યા નહિ, એવી શંકા ન રહે અને તેના યજ્ઞો તેણે કરેલાં જ ગણાય અને તેના યજ્ઞો રહેલા છે એમ જણાય, તે માટે આ અધ્યાયમાં ફરીથી તેણે યજ્ઞ કર્યાનું કહેલું છે(શ્લો.૧૩). વળી તેણે પ્રજાને ઉપદેશ પણ આપ્યો(શ્લો.૨૧-૪૪) ''હે પ્રજાજનો ! ઈર્ષ્યારહિત થઈ ભગવાન્માં બુદ્ધિ રાખી તમે કર્મ કરો''(શ્લો.૨૫) એ વાક્યથી જ પ્રજાને ઉપદેશ થઈ જાય છે, છતાં જેઓની પાષણ્ડ કરવાની બુદ્ધિ હતી, તેઓની તેવી બુદ્ધિ ન રહે તે માટે પૃથુએ લંબાણથી ઘણા પ્રકારે ઉપદેશ કર્યો, કારણ કે તેમ કરવાથી તેના ઉપદેશમાં સર્વની સમ્મતિ થાય અને સર્વની સમ્મતિ થવાથી પાષણ્ડમાં બુદ્ધિવાળાઓનો પણ મોહ દૂર થાય. વળી સાધારણ લોકો ઋષિઓનાં વચનને જ પ્રમાણ માને અને તેથી તેઓની સમ્મતિ ન હોય તો

પૃથુનાં વચનમાં પણ તેઓ વિશ્વાસ ન રાખે. તેથી સર્વ લોકોની પૃથુના વચનમાં સમ્મતિ થાય તે માટે ઋષિઓએ પોતાની સમ્મતિ દર્શાવનાર ઉત્તર પૃથુને આપ્યો(શ્લો.૪૬-૫૨). આ ઉત્તરથી પૃથુના ઉપદેશમાં સર્વ લોકોની સમ્મતિ થઈ. એ પ્રમાણે પૃથુએ રાજાના ત્રણે ધર્મોનું આચરણ કર્યું [૧૪૫-૧૪૬।।]

**અધ્યાય ૨૨ ; પૃથુને જ્ઞાનની પ્રાપ્તિ :**

પ્રચેતસોની પેઠે મોક્ષનાં સાધન તરીકે ભક્તિનો ઉપદેશ કરનાર નારદ વગેરેનો સંગ પૃથુ રાજાને ન થયો, કારણ કે આ કામનું પ્રકરણ હોવાથી, 'માર્ગભક્તિ' એટલે માર્ગરૂપ ઈચ્છેલા પદાર્થો પ્રાપ્ત કરાવે તેવી અથવા સાધનરૂપ ભક્તિ પ્રસિદ્ધ થાય તે માટે પૃથુને જ્ઞાન આપનાર તરીકે પ્રસિદ્ધ એવા સનક વગેરે કુમારોનાં જ દર્શન થયાં. પૃથુને જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે, સાધનરૂપ ભક્તિ એટલે કે જ્ઞાન જેનાથી પ્રાપ્ત થાય તેવી ભક્તિ પ્રસિદ્ધ થાય તે માટે તેને સનક વગેરેનાં જ દર્શન થયાં. આ સનક વગેરેએ જ્ઞાન પ્રાપ્ત કરાવે તેવી સાધન ભક્તિનો જ પૃથુને ઉપદેશ કર્યો, કારણ કે તેઓ માત્ર જ્ઞાનથી જ પ્રસિદ્ધ થયેલા, પરન્તુ ભક્તિથી પ્રસિદ્ધ થયેલ નહિ હોવાથી ઘણા ઉત્તમ ન હતા. જો ભક્તિમાં પણ તેઓ પ્રસિદ્ધ હોત તો જેમ ભરતના ઉપદેશથી રહૂગણને જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત થયાં તેમ તેઓના ઉપદેશથી પૃથુને જ્ઞાન અને ભક્તિ બન્ને પ્રાપ્ત થાત [૧૪૬।।-૧૪૭।।]

આત્મામાં જ રમણ કરનારા સનક વગેરે કુમારોની પૃથુએ પૂજા કરી(અ.૨૨।૪), પરન્તુ તેઓના કુશલ સમ્બન્ધી પ્રશ્ન ન કર્યો(શ્લો.૧૪) કારણ કે જ્ઞાનમાર્ગમાં એવો પ્રશ્ન ન કરવાની જ રીત છે. વળી ''હે બ્રહ્મન્ ! પ્રાણો, સ્ત્રી, પુત્રો, ઘરવખરી સાથેના ઘરો, રાજ્ય, સૈન્ય, ભૂમિ, ખજાનો એ સર્વ આપને નિવેદન કરું છું''(શ્લો.૪૪) એમ જે પૃથુએ પોતાનું સર્વસ્વ નિવેદન કરેલું છે તે નિવેદન પણ જ્ઞાનમાર્ગીય છે, ભક્તિમાર્ગનું નથી. જ્ઞાનમાર્ગીય નિવેદન હોવાથી જ એ નિવેદન કર્યા પછી પણ તેણે પહેલાંની પેઠે એ સર્વનો ઉપભોગ કર્યાનું કહેલું છે(શ્લો.૫૨-૫૩). જો ભક્તિમાર્ગ પ્રમાણે (એટલે શાસ્ત્રીય અથવા મર્યાદા ભક્તિમાર્ગ પ્રમાણે) નિવેદન કર્યું હોત તો ત્યાર પછી તેનો તે ઉપભોગ કરી ન શકત અને નિવેદન કરતી વખતે જ તે સર્વનો ત્યાગ પણ કરત. પૃથુએ તો તેને સનત્કુમારે જ્ઞાનનો ઉપદેશ કર્યો(શ્લો.૧૮-૪૦) ત્યાર પછી પણ વિષયોનો ભોગ કર્યો(શ્લો.૫૨-૫૩). અને તે ભોગથી તેને મુક્તિ પ્રાપ્ત કરવામાં કાંઈ પ્રતિબન્ધ ન જ થયો, આ બન્ને (ભોગ અને મોક્ષ) ભગવાનની કૃપા વિના પ્રાપ્ત થવાનું સમ્ભવતું ન હોવાથી, તેમનું વર્ણન કરી પૃથુ ઉપર ભગવાનની કૃપા હોવાનું જ જણાવેલું છે. કારણ કે તેમ ન હોય, તો ઉપદેશ વગેરેથી જ તેવી જ્ઞાનની કામના પૂર્ણ થતાં, ભગવાને જ તેનાં કામ પૂર્ણ કર્યા ન ગણાય.

કર્મો બ્રહ્મને અર્પણ કરવા કરતાં ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરવા કર્મ કરવાં એ વધારે સારું છે, કારણ કે કર્મો બ્રહ્મને અર્પણ કરવાથી આત્મામાં સ્થિતિ રૂપ મુક્તિ પ્રાપ્ત થાય તે કરતાં ભક્તિ પ્રાપ્ત કરી ભગવાનનાં કીર્તન વગેરે કરવાં તે વધારે સારુ છે, કારણ કે તેમાં અધિક રસ છે. તેજ પ્રમાણે

આસક્તિ વિના કર્મો કરવા કરતાં ભગવાનને કર્મ નિવેદન કરવાં એ સારું છે; છતાં પૃથુએ ભક્તિમાટે કર્મ ન કરતાં બ્રહ્મને અર્પણ કર્યા અને ભગવાનને કર્મ નિવેદન ન કરતાં આસક્તિ વિના કર્મ કર્યા, કારણ કે પૃથુ જ્ઞાનમાર્ગીય હોવાથી તેણે તે માર્ગની રીત પ્રમાણે આત્મામાં સ્થિતિરૂપ મોક્ષ થાય તે માટે તે પ્રમાણે કર્યું. આમ હોવાથી જ આ પ્રકરણનો કર્મરૂપ અર્થ પણ ઘટે છે. ભોગ ભોગવતાં જ પૃથુ મોટા પુરુષોમાં અગ્રેસર થયો અને આત્મામાં જ સ્થિતિ કરતાં પોતાને પૂર્ણકામ માનતો હતો(શ્લો.૪૯). એ પ્રમાણે ભોગ ભોગવતાં જ જ્ઞાનમાર્ગ પ્રમાણે જ્ઞાનના સાધનો એક પછી એક તેને પ્રાપ્ત થયાં એ ભગવાનની કૃપા જ જણાવે છે [૧૪૭।।-૧૪૯]

**અધ્યાય ૨૩; પૃથુને મોક્ષ પ્રાપ્તિ :**

ભગવાનની જેના ઉપર કૃપા હતી તેવા પૃથુએ એક પછી એક સાધનો કર્યા ત્યારે તેને પ્રેમરૂપ ભક્તિ પ્રાપ્ત કેમ ન થઈ ? એવી શંકા થાય તો જાણવું કે પૃથુ મોક્ષ પ્રાપ્ત કરવા ઈચ્છતો હતો તેથી તેને પ્રેમભક્તિ પ્રાપ્ત ન થઈ. તે ભગવાનની કલાનો અવતાર હતા, છતાં ભૂમિનું દોહન કરવું, ધર્મનું અને પ્રજાનું પાલન કરવું વગેરે કાર્યો કરવા ભગવાનના અંશરૂપ પૃથુનો અવતાર થયેલો. તેવી જ રીતે તેને સહાય કરવા લક્ષ મી તેની પત્ની અર્ચિમાં પ્રકટ થયેલાં. પછી જ્યારે તેણે પોતાનું કાર્ય પુરું કર્યુ ત્યારે ભગવાનનો અંશ તેનામાંથી તિરોહિત થયો, તેથી જ ''જેને માટે તેણે અવતાર લીધેલ તે ઈશ્વરની આજ્ઞા પૂરી કરી''(અ.૨૩।૨) એમ કહેલું છે.

પૃથુના અવતારનું કાર્ય પૂરું થતાં તેનામાંથી ભગવાનનો અંશ તિરોહિત થયો એટલે તે કેવલ જીવ જ રહ્યો, તેથી તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે યોગ્ય જ છે. પહેલા ભગવાન્ પ્રકટ થયેલા ત્યારે તેમની સ્તુતિ કરતાં ''જેમાં આપના ચરણકમલનો રસ નથી તેવા મોક્ષની પણ મને ઈચ્છા નથી''(અ.૨૦।૨૪) એમ તેણે કહેલું, કારણ કે તે સમયે તેનામાં ભગવાનનો આવેશ હતો અને ભગવાન્ તેની પાસે પ્રકટ થયા હતા. તેથી તે સમયે તેનામાં ભક્તિરસ પ્રકટ થયેલ હોવાથી તેણે તેમ કહેલું. પણ ઉપર કહેલાં કાર્યો તે કરી શકે તે માટે જ તેનામાં ભગવાનનો આવેશ થયેલો. હવે કાર્ય પુરું થયું ત્યારે આવેશ ન રહેવાથી તેને મોક્ષની ઈચ્છા થઈ. વળી ધર્મ વગેરેનું પાલન કરવા જ પૃથુમાં ભગવાનનો આવેશ થયેલો, ભક્તિમાર્ગનો પ્રચાર કરાવવા તેનામાં ભગવાનનો આવેશ થયો ન હતો, તેથી તેનામાં ભગવાનનો આવેશ હોવા છતાં તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે યોગ્ય જ છે. કારણ કે ભગવાનની ઈચ્છા સર્વથી બલવાન છે.

અથવા, કાર્યમાટે એટલે જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે પૃથુ અને તેની પત્ની ઘરમાંથી બહાર નીકળી ગયેલાં(શ્લો.૨-૧૧). કારણ કે ત્યાગ જ્ઞાનનું અંગ છે.

પુરુષોત્તમની ભક્તિ જ્ઞાન વગેરે કરતાં અધિક છે, અને પૃથુને જ્ઞાનની ઈચ્છા હોવાનું કહ્યું, તેથી તેણે પુરુષોત્તમનું નહિ પરન્તુ અન્તર્યામીનું અથવા બીજા કોઈ સ્વરૂપનું ભજન કર્યું હશે !

એમ ન માનવું. ભજન તો તેણે પુરુષોત્તમનું જ કરેલું, તેથી જ ''શ્રીકૃષ્ણનું આરાધન કરવા તેણે ઉત્તમ તપ કરવા માંડ્યું''(શ્લો.૭) એમ કહેલું છે. છતાં તેને જ્ઞાનની ઈચ્છા થઈ, કારણ કે તેણે વધારે સમય સુધી પુરુષોત્તમની સેવા કરી નહિ અને તેવા ભજન વિના રસ પ્રકટ ન થવાથી, મુખ્ય ભક્તિરસનો અનુભવ કર્યો નહિ. તેથી ભક્તિને જ્ઞાનના સાધન તરીકે જ પૃથુએ જાણેલ હોવાથી તેને ફલરૂપ; જ્ઞાન વગેરેની દરકાર વિના ફલ આપવા શક્તિવાળી, સ્વતન્ત્ર-ભક્તિ પ્રાપ્ત ન થઈ. ભક્તિ વિના મોક્ષ પ્રાપ્ત થતો ન હોવાથી, મોક્ષના કારણરૂપ સાધનભક્તિ જ પ્રાપ્ત થઈ. (આવી ભક્તિએ પણ તેને મોક્ષ પ્રાપ્ત કરાવ્યો એટલે) સાધનરૂપ હોવા છતાં ભક્તિનાં ફલ આપવાનાં સ્વરૂપની હાનિ ન થઈ [૧૫૦-૧૫૦।।]

શંકા : મોક્ષ પ્રાપ્ત કરવા ભક્તિ જરૂરી છે અને ભક્તિથી મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહેવામાં લાઘવ (નિરર્થક લંબાણ ન થવું તે) છે, તો પછી ભક્તિથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે એમ કહો; અને તેમ હોય તો પૃથુએ ભક્તિથી જ્ઞાન પ્રાપ્ત કર્યું(શ્લો.૧૧) એમ કહ્યું છે તે વ્યર્થ થાય, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે ભક્તિનો સ્વભાવ કલ્પતરુના જેવો હોવાથી, જે જ્ઞાનથી જ મોક્ષ થાય એમ જાણતો હોય તેને જ્ઞાન પ્રાપ્ત કરાવીને પણ ભક્તિ મોક્ષ આપે છે. તેથી ભક્તિએ પૃથુને વૈરાગ્ય અને જ્ઞાન પ્રાપ્ત કરાવ્યાં(શ્લો.૧૧), તેની અવિદ્યા અને વિદ્યાનો પણ નાશ કર્યો(શ્લો.૧૨), યોગથી તેના લિંગશરીરનો પણ નાશ કર્યો અને સદ્ એટલે બ્રહ્મરૂપ વૈકુંઠ અથવા વ્યાપિ વૈકુંઠ તેને પ્રાપ્ત થાય તે માટે તે વૈકુંઠને ઢાંકી રાખનારી માયાને યોગથી હટાવી તેને વ્યાપિ વૈકુંઠની પ્રાપ્તિ કરાવી. તેની પત્ની અર્ચિઃ પોતાના પાતિવ્રત્ય ગુણમાં શ્રદ્ધાવાળી હોઈ પહેલાં પતિલોકમાં ગઈ અને ત્યાં સદા પોતાના પતિનું ચિન્તન કરતી હોવાથી અને તેનો પતિ વૈકુંઠમાં ગયેલ હોવાથી તે પણ ક્રમે-ક્રમે વૈકુંઠમાં ગઈ [૧૫૦।।-૧૫૨]

આ ભાગવત શાસ્ત્ર ભક્તિરૂપ ફલ આપનારું હોવાથી, આમાં બીજા ફલ પ્રાપ્ત થયાનું કહેવું યોગ્ય નથી, એમ જણાય તો જાણવું કે આ પ્રકરણમાં ભક્તિ સ્વતન્ત્ર ફલ તરીકે કહેલી નથી તેથી આ પ્રકરણ ઈચ્છેલા સ્વરૂપવાળું નથી, અને તેથી ''જો ડૂબે તો પાતાલમાં પ્રવેશ કરે'' એ ધોરણ પ્રમાણે બધાં (ફલ) ફલ તરીકે કહેવાં યોગ્ય છે, એવા અભિપ્રાયથી આ ફલ કહેલ છે. ત્યારે, આ ફલ કહેલ હોવાથી આ પ્રકરણ આ શાસ્ત્રમાં બંધબેસતુ નથી-- એવી શંકા થાય, તેથી તે દૂર કરવા ભક્તિ પણ ફલ તરીકે કહેલી છે, તેથી ભક્તિને પણ અહીં ફલ કહેલ હોવાથી પ્રકરણનો શાસ્ત્ર સાથે સમ્બન્ધ ઘટે છે, કારણ કે આ પ્રકરણનું અને શાસ્ત્રનું એક જ (ભક્તિરૂપ) ફલ થયું. અને આ પ્રકરણનાં ઉપર કહેલ બીજાં પણ ફલ થયાં. છતાં આ પ્રકરણમાં ભક્તિને સ્વતન્ત્ર પુરુષાર્થ તરીકે ફલ કહેલી નથી, કારણ કે ''જેમના ચરણ સંસારરૂપ સમુદ્રના વહાણરૂપ છે તેવા ભગવાનને પ્રાપ્ત કરે છે''(શ્લો.૩૯) એમ કહેલું છે. (તેથી સંસાર ફિટાડનારી અથવા મોક્ષ અપાવનારી

સાધનભક્તિ આ પ્રકરણનું ફલ છે). અહીં ફલ કહ્યું તે આ પ્રકરણની સમાપ્તિ થયાનું સૂચવે છે [૧૫૩]

**પ્રકરણ ચોથું : મોક્ષ, અધ્યાય ૨૪-૩૧ :**

હવે ચોથા પ્રકરણનો વિચાર કરવામાં આવે છે. મોક્ષ પ્રકરણ કહેવામાટે જ કામ પ્રકરણ કહેલું, એમ કામ પ્રકરણના આરંભમાં કહેલું છે. મોક્ષ પ્રકરણ સંબંધી પ્રશ્ન પણ વિદુરે પહેલાં કામ પ્રકરણના આરંભમાં(અ.૧૩।૨-૫) કરેલો, તેથી અહીં ફરીથી પ્રશ્ન કરેલો નથી. વળી વિદુરે તો માત્ર ભક્તિ પ્રાપ્ત કરવાની ઈચ્છાથી પ્રશ્ન કરેલો અને કામ પ્રકરણમાં તો તે સિવાયનાં ઘણાં ફલ કહ્યાં તેથી વિદુરે જાણ્યું કે આ પ્રકરણ મારા માટે કહેલું નથી, પરન્તુ જુદાં-જુદાં ફલ કહ્યાં તે ફલની કામનાવાળાઓ માટે આ કામ પ્રકરણ કહેલું હોવાથી મારા પ્રશ્નનો ઉત્તર હજી આવેલ નથી. તેથી મૈત્રેય પોતાની મેળે જ તેનો ઉત્તર કહેશે. આવા વિચારથી તેણે ફરી પ્રશ્ન કર્યો નથી.

આ પ્રકરણના ૨૪-૩૧ સુધીનાં આઠ અધ્યાયો છે. શાસ્ત્રાર્થ પ્રકરણમાં કહેલું છે કે ''વિદ્યાથી અવિદ્યાનો નાશ થતાં બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે અને શ્રીકૃષ્ણની સેવાથી સાયુજ્ય પ્રાપ્ત થાય છે''. મોક્ષ બે પ્રકારનો છે એમ ત્યાં જણાવેલું છે. બ્રહ્મભાવ અને શ્રીકૃષ્ણનું સાયુજ્ય. એ બન્ને પ્રકારનાં મોક્ષનું અનુક્રમે આ પ્રકરણમાં નિરૂપણ કરવામાં આવે છે.

અહંકાર વગેરેનો ત્યાગ કરી મમતારહિત શાન્ત પુરુષ બ્રહ્મભાવ પ્રાપ્ત કરે છે. ''બ્રહ્મભાવ પ્રાપ્ત કરેલો, પ્રસન્ન અન્તઃકરણવાળો, સર્વ પ્રાણીઓ પ્રતિ સમાનભાવ રાખનાર પુરુષ ભગવાનની ભક્તિ પ્રાપ્ત કરે છે અને પછી ભક્તિથી ભગવાનનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરી ભગવાન્‌માં પ્રવેશ કરે છે''(ભગ.ગીતા ૧૮।૫૩-૫૫). તેથી બ્રહ્મભાવ જેને પ્રાપ્ત થયેલો છે તેને ભક્તિના લાભથી પુરુષોત્તમનું જ્ઞાન થાય ત્યારે તેને પુરુષોત્તમમાં પ્રવેશ રૂપ સાયુજ્ય પ્રાપ્ત થવાનું કહેલું છે. પ્રવેશ જુદા રહેવાથી જ થઈ શકે, અને જુદા રહીએ તો જ રસનો અનુભવ થવાનો સમ્ભવ હોવાથી સાયુજ્યમાં અધિક રસની પ્રાપ્તિ થાય છે. બ્રહ્મભાવમાં તો બ્રહ્મ સાથે ભળી જવાનું હોવાથી બ્રહ્મ સાથે ઐક્ય થવાથી સાયુજ્યમાં થાય છે તેવો રસનો અનુભવ થતો નથી. તેથી બ્રહ્મભાવ ગૌણ છે અને સાયુજ્ય જ મુખ્ય (પ્રકારનો મોક્ષ) હોવાનું કહેલું હોવાથી, આ બે પ્રકારના મોક્ષનું નિરૂપણ કરતાં બ્રહ્મભાવરૂપ મોક્ષ આ પ્રકરણની વચ્ચે કહેલો છે અને તેના આરંભમાં અને અન્તમાં સાયુજ્યના અધિકારી પ્રચેતસો ભક્તો હોવાથી તેમની જ કથા કહેલી છે. આવી રીતે સાયુજ્યની કથા ચીપિયારૂપ (આરંભમાં અને અન્તમાં અથવા બન્ને છેડે રહેલી) કથાથી કહેલી છે અને પ્રથમ બ્રહ્મભાવના અધિકારી પ્રચેતસોના પિતાએ પ્રાપ્ત કરેલ બ્રહ્મભાવની કથા વચ્ચે કહેલી છે. તેથી એમ સૂચવેલું છે કે બ્રહ્મભાવ પણ સાયુજ્યનું સાધન છે. અને પાછળથી પ્રચેતસોના મોક્ષનું નિરૂપણ કરવાનું છે છતાં પણ પહેલાં તેમની ભક્તિ કહીને વચ્ચે તેમના પિતા બર્હિષદની કથા કહી, તેથી એમ પણ સૂચવેલું કે ભગવાન્ ભક્તોને મુખ્ય ફલનું દાન કરે છે અને તેઓ ભક્તિમાર્ગમાં સારી

રીતે સ્થિર થયેલાં હોવાથી, તેમના સમ્બન્ધીઓને તેમનો સમ્બન્ધ જ ફલ પ્રાપ્ત કરાવનારો હોવાથી ગૌણ ફલ આપે છે.

પ્રથમ બ્રહ્મભાવના અધિકારીના સમ્બન્ધમાં ૨૫-૨૯ સુધીના પાંચ અધ્યાયો કહેલા છે, કારણ કે બ્રહ્મભાવ પ્રાપ્ત કરવાનું કાર્ય ભારે છે. ભક્તોને થોડા જ પ્રયાસ થી ભગવાનની કૃપા અને ફલ પ્રાપ્ત થાય છે, તેથી પ્રચેતસોના સમ્બન્ધમાં ત્રણ(૨૪,૩૦,૩૧) જ અધ્યાયો કહેલા છે. પ્રચેતસોના પિતા બર્હિષદ પહેલાં કર્મમાર્ગમાં હતો, તેથી તેને તો ઘણા પ્રયાસે ફલ પ્રાપ્ત થાય, તેથી તેને ઘણું કાર્ય કરવાનું હોવાથી તેની કથા પાંચ અધ્યાયોથી કહી છે [૧૫૪-૧૫૬]

શંકા : ચોવીસમો અધ્યાય પણ બર્હિષદના સમ્બન્ધી જ કહેલો છે. પ્રચેતસોએ તપ કર્યાનું આ અધ્યાયમાં કહેલું છે(શ્લો.૧૪) તે તો તેમના પિતાની આજ્ઞા પાળી(શ્લો.૧૯) એમ જણાવવા કહેલું છે. તેમને શંકરે જે ઉપદેશ કર્યાનું કહ્યું(શ્લો.૨૭-૩૧, ૩૩-૭૯), તે તો વિદુરને મૈત્રેયે કહેલું કે માર્ગમાં મળેલા મહાદેવે તેમના ઉપર પ્રસન્ન થઈ તેમને ઉપદેશ કરેલો(શ્લો.૧૫). તે ઉપરથી વિદુરે જે પ્રશ્ન કરેલ કે તેમને મહાદેવનો સમાગમ કેવી રીતે થયેલો અને મહાદેવે તેઓને શું ઉપદેશ કરેલો(શ્લો.૧૬) તેના ઉત્તર તરીકે કહેલ છે. જો પ્રચેતસોના સમ્બન્ધનો આ અધ્યાય હોત તો મૈત્રેય પોતે જ પ્રશ્ન વિના જ આ કથા કહેત. તેથી અહીં જે પ્રચેતસો સમ્બન્ધી કથા કહી છે તે તો પ્રસંગને લીધે કહેલી હોવાથી, આ અધ્યાય તેમના સમ્બન્ધવાળો નથી. તેથી બહિર્ષદના સમ્બન્ધવાળા ૨૪-૨૯ સુધીના છ અધ્યાયો છે, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે આ અધ્યાયમાં મુખ્ય રીતે પ્રચેતસોનું જ નિરૂપણ કરેલું છે. ''પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલી''(શ્લો.૧૪) એમ જે કહેલું છે તે તો એમ જણાવવા કહેલું છે કે ''કરનારને, આજ્ઞા કરનારને અને સમ્મતિ આપનારને સરખું ફળ મળે છે'' એ નિયમ પ્રમાણે પિતાની આજ્ઞાથી ભગવાનનાં કાર્યમાટે પ્રચેતસોએ તપ કર્યું, તેથી બર્હિષદના અન્તઃકરણની શુદ્ધિરૂપ તેને પણ લાભ થયો. અને તેવી રીતે પિતાની પ્રેરણાથી પ્રચેતસોએ તપ કરતાં તેમને ભગવાનની પ્રાપ્તિ થઈ એ તેઓના ઉપર તેમના પિતાનો ઉપકાર થયો. વળી તેમના તપથી બર્હિષદના અન્તઃકરણની શુદ્ધિ થઈ એ પ્રચેતસોનો તેમના પિતા ઉપર ઉપકાર થયો, કારણ કે જો તેનું અન્તઃકરણ પ્રેચતસોના તપથી શુદ્ધ થયું ન હોત તો ''મને નિર્મલ જ્ઞાન આપો'' ''માણસ કપટ ધર્મવાળા ઘરોમાં રહેતાં મોક્ષ પ્રાપ્ત કરી શકતો નથી''(અ.૨૫।૫-૬)

એમ તે અકસ્માત્ કેવી રીતે કહે ? તેથી એ વાક્યો તો પિતા પુત્રોનો પરસ્પર ઉપકાર થયો હતો એમ જણાવવા કહેલાં છે. ઉપદેશ ઘણો દુર્લભ હોવાથી તે પ્રાપ્ત કરવા પ્રશ્નની જરૂર રહે છે તેથી વિદુરે પ્રશ્ન કરેલો. આ પહેલા સ્કન્ધના નિબન્ધમાં કહેલ છે કે ''સામાન્ય રીતે જાણવાની ઈચ્છા હોય તો વક્તા પોતે જ તે અટકાવે છે, તેથી પણ વધારે ઈચ્છા હોય તો

કથાનો આરંભ કરે છે અને પછી ખાસ પ્રશ્ન કરવામાં આવે તો તે કહે છે. આવી સદાની રીત છે''(સ્કન્ધ ૧।૨૪।।-૨૫). અહીં વિદુરે પ્રેચતસો સમ્બન્ધી જ પ્રશ્ન કરેલ છે તેથી આ અધ્યાય બર્હિષદના સમ્બન્ધવાળો નથી; તેના સમ્બન્ધવાળા ૨૫-૨૯ સુધીના પાંચ અધ્યાયો જ છે [૧૫૭-૧૫૭।]

**સાયુજ્ય પ્રકરણના અધ્યાયોના અર્થ :**

સાયુજ્ય પ્રકરણના ૨૪, ૩૦ અને ૩૧ મો એમ ત્રણ અધ્યાયો છે.

— ચોવીસમા અધ્યાયમાં સાયુજ્યનું સાધન, મહાદેવે પ્રચેતસોને કહેલો ઉપદેશ અને એ સાધનના સાધનરૂપ પિતા બર્હિષદની આજ્ઞા, મહાદેવનું દર્શન વગેરે કહેલાં છે.
— ત્રીસમા અધ્યાયનો અર્થ ભગવાનની પ્રચેતસો ઉપર કૃપા અને રાજ્યભોગ(શ્લો.૧૭) વગેરે ગૌણ પ્રસન્નતા છે.
— એકત્રીસમા અધ્યાયોનો અર્થ પ્રચેતસોને પ્રાપ્ત થયેલ ફલ સાયુજ્ય મુક્તિ(શ્લો.૧૪) અને આ કથા શ્રવણ કરનાર વિદુરને પણ ભક્તિરૂપ ફલ પ્રાપ્ત થતાં તેનું હસ્તિનાપુર જવા પ્રયાણ છે [૧૫૭।।]

બર્હિષદ અથવા પ્રાચીનબર્હિષની મુક્તિ પચીસમાથી ઓગણત્રીસમા સુધીના પાંચ અધ્યાયોથી કહેલી છે.

કેટલાક આ આઠે અધ્યાયોથી તેની મુક્તિ કહેલ હોવાનું માને છે તે ખોટું છે, કારણ કે તેને બ્રહ્મભાવરૂપ મુક્તિ જ પ્રાપ્ત થવાનું કહેવાનું છે, અને તેવી મુક્તિ માત્ર અવિદ્યા દૂર થવાથી જ થાય. અવિદ્યા વિદ્યાથી દૂર થાય. અને વિદ્યાના પાંચ અવયવો હોવાથી બ્રહ્મભાવરૂપ મુક્તિ પાંચ અધ્યાયોથી જ કહેલી છે, કારણ કે તેમાં મુખ્ય રીતે જ્ઞાનનું જ નિરૂપણ કરેલું છે. વળી આત્માની સાથે રહેલા જણાતા દેહમાં રહેલા સર્વ પદાર્થોના સ્વરૂપનો નિર્ણય થાય ત્યારે સન્દેહ વિના બ્રહ્મનું અને આત્માનું જ્ઞાન થાય, અને તે અહીં પાંચ જ અધ્યાયોથી કહેલું હોવાથી આ બ્રહ્મભાવના પ્રકરણના તેટલા જ અધ્યાયો છે [૧૫૮]

સાયુજ્ય પ્રકરણ આ ત્રણ અધ્યાયોથી જ કહેલું હોવાથી તે બ્રહ્મભાવ કરતાં હલકું હશે એમ ન માનવું. બ્રહ્મભાવમાં સર્વ વસ્તુઓના યથાર્થ જ્ઞાનથી બ્રહ્મનું અને આત્માનું જ્ઞાન થવાથી આત્મામાં જ સુખ થાય છે, ઈન્દ્રિયો વગેરેમાં સુખ થતું નથી, જ્યારે સાયુજ્યમાં તો બધીએ ઈન્દ્રિયોને અને આત્માને પણ (બીજું)સર્વ ભુલાવે તેવા અમુક પ્રકારના આનન્દરૂપ ઉત્સવ થયેલો હોય છે, તે પ્રાપ્ત કરવાનો રહેતો નથી. તેથી સાયુજ્યમાં પૂર્ણ આનન્દ હોવાથી અને બ્રહ્મભાવમાં હદવાળો આનન્દ હોવાથી સાયુજ્ય બ્રહ્મભાવ કરતાં ઉત્તમ છે. પ્રાચીનબર્હિષને બ્રહ્મભાવ; નારદના

ઉપદેશથી જ પ્રાપ્ત થયો અને તેનાથી જ તેને ફલની પ્રાપ્તિ થઈ.

પ્રશ્ન : માત્ર નારદના ઉપદેશથી, ભગવાનની કૃપા વિના પ્રાચીનબર્હિષને મોક્ષ કેવી રીતે પ્રાપ્ત થયો ? કારણ કે એવી રીતે ફલ પ્રાપ્ત થવામાં ''ફલ ભગવાન્‌થી પ્રાપ્ત થાય છે'' (બ્રહ્મસૂત્ર ૩।૨।૩૮) એ સૂત્રનો વિરોધ થાય છે. તેથી જેમ પ્રચેતસો પાસે ભગવાન્ પ્રકટ થયેલા તેમ પ્રાચીનબર્હિષ પાસે પણ તે પ્રકટ થયાનું કહેવું જોઈએ ! એવી શંકા ખોટી છે.

સમાધાન : 'નારં'(મનુષ્યના સમૂહપણાનું) 'દ્યતિ' ખંડન કરે તે 'નારદ' એવી વ્યુત્પત્તિ પ્રમાણે નારદ જીવની સ્થિતિનો અન્ત લાવનાર છે. અને તેવું કાર્ય તો ભગવાન્‌થી જ થઈ શકે તેવું હોવાથી નારદમાં જેમનો આવેશ થયેલ છે તેવા ભગવાનના સ્વરૂપનું જ તે 'નારદ' એવું નામ છે. અને તેમનાથી જ બ્રહ્મભાવરૂપ મોક્ષ પ્રાચીનબર્હિષને પ્રાપ્ત થયો. વળી ભગવાન્ બહાર પ્રકટ થયા વિના પણ આત્મા બ્રહ્મનું સ્વરૂપ હોવાનું ભાન થવાથી પણ ઉપર કહેલું ફલ (બ્રહ્મભાવ) પ્રાપ્ત થાય છે.

નારદે કરેલ ઉપદેશ માત્ર જ્ઞાનનો ઉપદેશ હોવાથી બ્રહ્મભાવ પ્રાપ્ત થવાનું તે મુખ્ય કારણ નહિ હોય, એમ પણ ન માનવું, કારણ કે ભગવાન્ સાથેના ગુરુએ કરેલા જ્ઞાનના ઉપદેશથી પણ ફલ પ્રાપ્ત થાય છે [૧૫૯]

**અધ્યાય ૨૪ ; પ્રચેતસોને પ્રાપ્ત થયેલ સાયુજ્યનું સાધન :**

પૃથુની વંશાવલિ આ પ્રમાણે છે :

પૃથુનો વિજિતાશ્વ ઉર્ફે અન્તર્ધાન તેનો હવિર્ધાન,

હવિર્ધાનનો બર્હિષદ ઉર્ફે પ્રાચીનબર્હિષ અને તેના પ્રચેતસો.

આ પ્રકરણમાં પૃથુના પૌત્રનો પુત્ર બર્હિષદ અને તેના પુત્રો પ્રચેતસોની મુક્તિ કહેવાની છે. તેઓના વડવાઓમાંથી જો કોઈની મુક્તિ થઈ ન હોય તો પિતાનો દોષ પુત્ર વગેરેમાં પણ આવતો હોવાથી આમની મુક્તિ થવામાં પણ નડતર થાય. તેથી બર્હિષદની મુક્તિ કહેવામાટે પ્રથમ અન્તર્ધાનની મુક્તિ કહેલી છે(શ્લો.૭).

પિતાની મુક્તિ થયા વિના પુત્રની મુક્તિ થતી નથી. પિતાની મુક્તિ થયા પછી જ પુત્રને મુક્તિનો અધિકાર પ્રાપ્ત થાય છે, તેથી પૃથુની અને બર્હિષદની મુક્તિઓની વચ્ચે અન્તર્ધાનની મુક્તિ કહી.

ત્યારે પૃથુના પૌત્ર હવિર્ધાનની મુક્તિ કહી નથી, તેથી બર્હિષદની મુક્તિમાં વિઘ્ન થશે ! એવી શંકા ન કરવી, કારણ કે તેની મુક્તિ કહેલી ન હોવા છતાં સંદંશ (ચીપિયા)ના ન્યાયથી થઈ જાય છે.

હવિર્ધાનના પિતાની અને તેના પુત્રની મુક્તિઓ કહી, તેથી તેની મુક્તિ કહેલી ન હોવા છતાં તે થઈ જ ગયાનું જણાય તેથી તે જુદી કહી નથી. આથી પ્રચેતસોની આધ્યાત્મિક શુદ્ધિ કહેવાઈ. આવી તેમની શુદ્ધિ જણાવવી એ આ અધ્યાયના પહેલા સાત શ્લોકોનું તાત્પર્ય છે [૧૬૦-૧૬૦।।]

૮ થી ૧૨ સુધીના પાંચ શ્લોકોથી તેઓની આધિભૌતિક શુદ્ધિ જણાવેલી છે. માતા અને પિતા શુદ્ધ હોય તો આધિભૌતિક શુદ્ધિ થાય. તે પૈકી પિતાની શુદ્ધિ યોગ અને કર્મથી થયેલી(શ્લો.૮-૧૦). સત્કુલમાં ઉત્પન્ન થયેલ હોવાની શુદ્ધિ કરતાં આ યોગ અને કર્મ થી થયેલી શુદ્ધિ ઉત્તમ છે. તેઓની માતા સત્કુલમાં ઉત્પન્ન થયેલી અને ઘણી સુન્દર હોવાથી(શ્લો.૧૧-૧૨) શુદ્ધ હતી, વ્યભિચાર વગેરે દોષ તેનામાં ન હતા. માતા અને પિતા બન્ને શુદ્ધ હોવાથી, તેમના પુત્રો પણ શુદ્ધ હોય જ, છતાં પણ વિષયમાં પ્રેમ રાખી પ્રવૃત્તિ કરવાથી ઉત્પન્ન થયેલાં સન્તાનો બીજના સંસ્કારને લીધે વિષયમાં રાગરહિત ન હોય. તેવી રીતે પ્રચેતસોની ઉત્પત્તિ થઈ હોવાની શંકા ન રહે તે માટે, તેઓનાં માતા તથા પિતા વિષયથી વિરક્ત હતાં એમ કહેવા, તેઓનો વિવાહ બ્રહ્માના વાક્યથી જ થયેલો એમ કહેલું છે(શ્લો.૧૧). આવાં માતા-પિતાથી પ્રચેતસોનો જન્મ થયેલો. વળી તેઓ સનક વગેરે પેઠે પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા ન હતા, પરન્તુ તેમની આજ્ઞા પ્રમાણે વર્તનાર હતા. ગુરુ(પિતા)ની આજ્ઞાનું પાલન કરવાનો ગુણ પણ તેઓમાં હતો.

વળી પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની જે આજ્ઞા કરેલી, તે પ્રવૃત્તિમાર્ગની આજ્ઞા હોવાથી, તે પ્રમાણે કરવાથી સૃષ્ટિ ઉત્પન્ન કરવાથી થતું બન્ધન પોતાને પ્રાપ્ત થાય, પણ તપથી તેમ કરે તો તેવું બન્ધન પોતાને થાય નહિ, એવા વિચારથી તેઓ તપ કરવા લાગ્યા(શ્લો.૧૪). અને તે પણ તપ એકલું જ નહિ, પરન્તુ તપમાં પણ પુરુષોત્તમનું ભજન કરીશું અને તેથી કૃતાર્થ થઈશું, એવો નિશ્ચય કરી, તેઓ તે પ્રમાણે તપ અને શ્રીકૃષ્ણની સેવા કરવા લાગ્યા(શ્લો.૧૪). આમ થવાથી તેમની આધિદૈવિક શુદ્ધિ પણ થઈ, તેથી સર્વ પ્રકારે તેઓ શુદ્ધ થયા.

તેઓને તેવા શુદ્ધ જોઈ, મહાદેવે તેઓને બોધ કર્યો. આ મહાદેવ અન્દરના જ્ઞાનવાળા ઈશ્વર છે, એમ જણાવવા ૨૦-૨૫ સુધીના છ શ્લોકોથી તેમનું ઐશ્વર્ય જણાવેલું છે. વળી હરિ તેમને પ્રિય હોવાથી, તેમને હરિભક્તિનું જ્ઞાન હતું. હરિ તેમને પ્રિય હતા એમ ૨૭-૩૦ સુધીના ચાર શ્લોકોથી જણાવેલું છે. જો હરિ તેમને પ્રિય ન હોય તો અકસ્માત્ તે બહાર પ્રચેતસો પાસે શા માટે પધારે ? તેમણે સર્વ સન્દેહોનો નાશ કરે અને સર્વનું જ્ઞાન કરાવે તેવા સ્તોત્રનો પ્રચેતસોને બોધ કર્યો. ભગવાન્ તેઓની પાસે પ્રકટ થાય તે માટે જ તે સ્તોત્રનો બોધ કર્યો. ભગવાન્ પ્રેમથી જ પ્રકટ થાય અને ઘણા સુન્દર ભગવાનના સ્વરૂપનું ચિન્તન અને કીર્તન કરવાથી ભગવાન્ ઉપર પ્રેમ જેથી થાય તેવા સ્તોત્રનો તેઓને બોધ કર્યો. હરિ જેનાથી તેઓના ઉપર તરત (અલ્પ સમયમાં) પ્રસન્ન થાય તેવા સ્તોત્રનો બોધ કર્યો એમ ''તમે ભક્ત છો''(શ્લો. ૩૦) એમ કહી સ્તોત્ર કહેવાનો આરંભ કર્યો તેથી જણાય છે. જપ કરવાનો મન્ત્ર આ સ્તોત્રથી જુદો ન હતો, એમ ''તમે આ

સ્તોત્રનો જપ કરો''(શ્લો.૬૯) ઉપદેશથી જણાવેલું છે. પ્રચેતસોને વિશ્વાસ રહે તે માટે મહાદેવે તેમને કહ્યું કે : ''સૃષ્ટિ કરવાની ઈચ્છાવાળા બ્રહ્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર અમો ભૃગુ વગેરેને પહેલાં આ સ્તોત્રનો બોધ કરેલો''(શ્લો.૭૨). જો કે મહાદેવના વચનમાં પણ પ્રચેતસોને વિશ્વાસ હતો જ, કારણ કે તેમના વચનમાં વિશ્વાસ ન હોય તો તે પરમ્પરા જણાવે તેમાં પણ વિશ્વાસ ન થવાથી સર્વનાશ જ થાય, છતાં પણ આમ કહેવાથી બીજાઓને પણ આથી ફલ પ્રાપ્ત થશે, એવું શ્રવણ થતાં ઘણી શ્રદ્ધા થાય તે માટે મહાદેવે એ પરમ્પરા કહેલ [૧૬૦।।-૧૬૬]

ભગવાન્ તરત પ્રસન્ન થાય તેવાં સ્તોત્રનો મહાદેવે પ્રચેતસોને ઉપદેશ કર્યો, ત્યારે તેઓને ફલ પ્રાપ્ત થવામાં વિલમ્બ કેમ થયો ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે જો તેઓ ભક્તિરસને લીધે બીજું સર્વ ભૂલી જાય, તો ઘણા સમય સુધી તપ કરવા છતાં તપના ક્લેશને લીધે તેઓને દુઃખ ન થાય. એટલે તેમને તપ કરતાં ઉદ્વેગ થાય છે કે નહિ એવી તેઓની પરીક્ષા કરવા ભગવાને જ તેઓને ફલ આપવામાં વિલમ્બ કર્યો. તેઓને તો ભક્તિમાં ઘણો જ રસ હતો, તેથી આરંભથી જ તેઓએ ઘણાં ઊંડા જલમાં તપ કરવાનો નિશ્ચય એવા વિચારથી કરેલો કે ત્યાં બીજું કોઈ જઈ શકે નહિ અને જલચરો પણ હોય નહિ અને તેથી તેઓ વિઘ્ન વિના ત્યાં ભગવાનનું ભજન કરી શકે. તેઓએ ભજનને સ્વતન્ત્ર પુરુષાર્થ તરીકે જાણેલું અને તેથી ભૂમિ ઉપર પ્રલય થાય તો પણ ભૂમિના નાશથી ભજનમાં વિઘ્ન ન થાય, એવા વિચારથી પણ તેઓએ જલમાં તપ કરવા માંડેલું [૧૬૭]

આ અધ્યાયમાં પ્રચેતસોએ કરેલાં સાધન કહેવાનાં છે અને સ્તોત્ર તથા તપ એ સાધનો તેમણે કરેલાં. છતાં આ અધ્યાયમાં તપ કહ્યા વિના, માત્ર સ્તોત્ર કહીને જ અધ્યાય પૂરો કેમ કર્યો ? એવી શંકા થાય, તો તેમ અધ્યાય પૂરો કરવાનું તાત્પર્ય એ છે કે આમણે સ્તોત્રને જ મુખ્ય સાધન જાણેલું, તપને મુખ્ય સાધન માનેલ નહિ એમ જણાવવા તપ કહ્યા વિના જ અધ્યાય પૂરો કરેલો છે [૧૬૭।।]

**બ્રહ્મભાવ પ્રકરણના ૨૫-૨૯ અધ્યાયોનો અર્થ :**

સર્વ વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં એમ બે પ્રકારે થાય છે. પચીસમા અધ્યાયમાં જાગ્રત અવસ્થાનું અને છવીસમા અધ્યાયમાં સ્વપ્ન અવસ્થાનું નિરૂપણ કરેલું છે.

સત્તાવીસમા અધ્યાયનો અર્થ વિનાશ કરનારાં સર્વ સાધનોનું નજીકમાં આવી પહોંચવું છે.

અઠ્ઠાવીસમા અધ્યાયનો અર્થ વિનાશ છે. સત્સંગ, ભક્તિ તથા જ્ઞાન પણ આ અધ્યાયમાં કહેલાં હોવાથી, સંસારનો વિનાશ પણ આ અધ્યાયનો અર્થ છે. જો ભવિષ્યમાં સત્સંગ થાય, તો પહેલાંના દુષ્ટ દેહનો પણ નાશ ઉપયોગી થાય, પણ સત્સંગ ન થાય, તો તેવા દેહનો પણ નાશ ન થવા જેવો એટલે નિરર્થક જ છે. તેથી ઉપયોગી થાય તેવો દેહનો નાશ ભક્તિ સાથે આ અધ્યાયમાં કહેલો છે.

ઓગણત્રીસમા અધ્યાયમાં સર્વ સન્દેહો અનુક્રમે દૂર કરી ફલ પ્રાપ્ત થયાનું કહેલું છે.

આ બ્રહ્મભાવ પ્રકરણના ૧. સંસાર અને ૨. મોક્ષનો માર્ગ; એવા બે વિભાગો છે. આ બેનાં સ્વરૂપ આ પ્રકરણમાં કહેવાનાં છે. તે એકી સાથે પણ કહી શકાય, છતાં અહીં જુદાં-જુદાં કહેલાં છે. તેનું કારણ એવું છે કે સંસારમાં જે પ્રકારે જીવની ગતિ થાય છે, તે પ્રકારે મોક્ષના માર્ગમાં થતી નથી. તેથી બન્નેની ગતિનો ભેદ જણાવવા સંસારનાં અને મુક્તિમાર્ગનાં સાધનોની કથા જુદી-જુદી કહેલી છે. વળી જીવની પુરુષરૂપથી તેમજ સ્ત્રીરૂપથી આ બન્ને માર્ગમાં ગતિ થાય છે, તેથી તેમ જણાવવામાટે સ્ત્રીની અને પુરુષની બન્નેની બન્ને માર્ગમાં થતી ગતિ જણાવેલી છે. આથી, સ્ત્રીનો દેહ પ્રાપ્ત કરેલ જીવને જ મુક્તિ પ્રાપ્ત થયાનું આ પ્રકરણમાં કહેલું હોવાથી સ્ત્રીદેહવાળા જીવને જ મુક્તિ પ્રાપ્ત થાય છે, એવી શંકા ખોટી હોવાનું સિદ્ધ થાય છે, કારણ કે પહેલાંની વાસના પ્રમાણે જીવને સ્ત્રી અથવા પુરુષ નો દેહ પ્રાપ્ત થાય છે, એવું જ સ્ત્રીના દેહની પ્રાપ્તિ કહેવાનું તાત્પર્ય છે. તેથી સત્સંગ વગેરે મોક્ષના સાધનો પ્રાપ્ત થતાં સ્ત્રીને પણ મુક્તિ પ્રાપ્ત થાય છે એમ સૂચવેલું છે. ''હે પાર્થ ! મારો આશ્રય કરનાર સ્ત્રીઓને પણ ઉત્તમ ગતિ પ્રાપ્ત થાય છે''(ભગ.ગીતા ૯।૩૨) એ ભગવાનનાં વાક્ય પ્રમાણે એ સૂચવેલું છે [૧૭૧]

ત્યારે સત્સંગ વગેરે સાધનો પ્રાપ્ત થતાં સ્ત્રીને તથા પુરુષને બન્નેને મુક્તિ પ્રાપ્ત થાય છે એમ સ્પષ્ટ પ્રકારે કેમ કહ્યું નથી ? એવી શંકા થાય, તો જાણવું કે સ્ત્રી અથવા પુરુષ તરીકે જન્મ થવો વગેરે પ્રકારથી એમ કહેવામાં આવે તો તેમાં ચમત્કાર ન હોવાથી, માત્ર મનુષ્યદેહની કથા કહી એવી બુદ્ધિથી, ઉપદેશની અવગણના થાય અને જ્ઞાનમાર્ગમાં બુદ્ધિનો પ્રવેશ ન થાય. પરન્તુ સ્પષ્ટ સમજાય નહિ તેવી રીતે કહેવાથી ઉપદેશમાં અનાદર ન થાય અને જ્ઞાનમાર્ગમાં બુદ્ધિનો પ્રવેશ થાય. તેથી પુરંજનની કથા તેવી રીતે કહેલી છે.

**અધ્યાય ૨૫; જાગ્રત અવસ્થાનું નિરૂપણ :**

આ પચીસમા અધ્યાયના આરંભમાં પ્રચેતસોએ કરેલ તપની કથા કહેલ છે તે યોગ્ય નથી, એમ ન માનવું કારણ કે કરનારને અને આજ્ઞા કરનારને અને સમ્મતિ આપનારને સરખું ફલ પ્રાપ્ત થાય છે; એ નિયમ પ્રમાણે, તેઓના તપને બર્હિષદ સાથે પણ તેના ચિત્તને શુદ્ધ કરવારૂપ સમ્બન્ધ છે એમ જણાવવા, બ્રહ્મભાવના પ્રકરણના આરંભમાં જ એ તપની કથા કહેલી છે(અ.૨૫।૨).

પ્રચેતસો તપ કરવા નીકળ્યા ત્યાર પછી નારદ બર્હિષદ પાસે આવેલ હોવાથી, નારદ ત્યાં આવ્યા ત્યાર પછી પ્રચેતસોનું તપ થયેલું. તેથી એ તપથી નારદ આવ્યા ત્યારે બર્હિષદનું ચિત્ત શુદ્ધ કેવી રીતે થયેલ હોય ? એવી શંકા થાય તો જાણવું કે પ્રચેતસોનું તપ પુરું થયા પછી નારદે બર્હિષદ પાસે આવી તેને કથા કહેલી. આ વિષયનું પ્રમાણ નથી એમ પણ ન માનવું, કારણ કે નારદ આવ્યા

ત્યારે બર્હિષદને વૈરાગ્ય થયેલો એમ તેણે ઉચ્ચારેલ શ્લોક ૯ વગેરેથી જણાય છે. અને ચિત્ત શુદ્ધ થયા વિના વૈરાગ્ય થવાનું સમ્ભવતું નથી. પ્રચેતસોના તપ સિવાય તેનું ચિત્ત શુદ્ધ થવાનું કાંઈ કારણ નથી. તેથી બર્હિષદે જે વૈરાગ્યનાં વચનો કહ્યાં તે બીજી રીતે ઘટતાં ન હોવાથી પ્રચેતસોનું તપ થયા પછી જ નારદ બર્હિષદ પાસે આવેલ એમ માનવું રહ્યું. બર્હિષદનાં કર્મથી જ તેનું ચિત્ત શુદ્ધ થયું હતું એમ પણ માની શકાય તેવું નથી. કારણ કે તેણે સકામ કર્મ કરેલાં, એમ નારદે તેને ''તારી પેઠે જુદી-જુદી કામનાઓ રાખી...'' (અ.૨૭।૧૧) કહેલું તેથી જણાય છે. તપ થયા પછી નારદે પુરંજનની કથા કહેલી અને તે બર્હિષદને કહેલી [૧૬૭।।-૧૭૨]

બર્હિષદને ફલ પ્રાપ્ત થયું નથી એમ જાણવા છતાં નારદે તેને ''કર્મ કરીને તું તારું શું કલ્યાણ પ્રાપ્ત કરવા ઇચ્છે છે ?'' એવો પ્રશ્ન કર્યો(શ્લો.૪), તે બર્હિષદના ચિત્તની શુદ્ધિ થઈ છે કે નહિ તેની પરીક્ષા કરવા પૂછેલ. કારણ કે જો ચિત્તની શુદ્ધિ થઈ ન હોય તો તેને ઉપદેશ કરવો નકામો છે. નારદના પ્રશ્નનો તે શ્લો.૫-૬ થી ઉત્તર આપે છે. તેથી તેના ચિત્તની શુદ્ધિ થયાનું જાણી નારદ તેને પુરંજનનું ચરિત કહી બોધ આપે છે.

પુરંજન (જીવ)ને નવદ્વાર(દેહનાં નવ છિદ્રો : બે કાન, બે નસ્કોરાં, બે આંખ, મુખ, લિંગ અને ગુદા) અને કિલ્લા(વાડ, દેહને ઢાંકનારી ત્વચા) વાળું પુર(દેહ) જોઈને તેમાં રુચિ થાય છે. બીજા પ્રાણીઓના દેહમાં પણ આવાં નવદ્વાર અને પ્રકાર હોય છે, છતાં મનુષ્યના દેહ ઉપર જ તેને રુચિ થાય છે, કારણ કે જીવને સર્વ પ્રકારના ભોગ ભોગવવાની ઇચ્છા હોય છે. બીજા પ્રાણીઓને ઘર વગેરે ન હોવાથી તેઓને બધા ભોગ પ્રાપ્ત થતા નથી. જ્યારે મનુષ્યને ઘર વગેરે હોવાથી તેની બધી કામનાઓ પૂર્ણ થાય છે. તેથી મનુષ્યના દેહમાં જ જીવની રુચિ થાય છે, બીજા પ્રાણીઓના દેહમાં રુચિ હોતી નથી. અહીં તે કહેલ હોવાથી 'પુર' શબ્દથી ઘર, ધન વગેરે સાથેનો જ દેહ કહેલો છે. તેથી જ ''કામની કામનાવાળા તેણે જુદા-જુદા કામ સિદ્ધ થાય તે માટે ભૂતલ ઉપર જેટલાં પુર જોયાં તે બધાંને સારાં ન માન્યાં''(શ્લો.૧૨) એમ કહેલું છે અને વ્યાખ્યાનમાં કહેલું છે કે : ''જ્યારે પ્રકૃતિના ગુણોને સમ્પૂર્ણ રીતે ગ્રહણ કરવાની ઇચ્છા કરી ત્યારે પુરુષે નવદ્વારવાળું અને બે હાથતથા બે પગવાળું (પુર = મનુષ્યનું શરીર) સારું માન્યું''(અ.૨૯।૪).

શંકા : ત્યારે વિષયમાં સ્થિર થયેલી બુદ્ધિનો જીવને સમ્બન્ધ થાય, ત્યારે જ દેહનો સમ્બન્ધ થાય છે એમ કહેવાની ઇચ્છાથી, ''દિવ્ય વૃક્ષો અને લતાઓથી ભરપૂર પુરની બહારની વાડીમાં...'' શ્લો.૧૭), વગેરેમાં વિષયો પુરની બહાર હોવાનું કહ્યું તે ઘટતું નથી, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે વિષયોનું શ્લો.૧૭ વગેરેમાં જે નિરૂપણ કરેલું છે તે પુરના વર્ણન(શ્લો.૧૨-૧૬) અને જીવના વર્ણન (પુરપ્રવેશ શ્લો.૪૩) ની વચ્ચે કરેલું હોવાથી, તે પણ પુરની અન્દર જ આવેલું ગણેલું છે. અથવા જીવ અને પુર(દેહ), તે બેનું મધ્ય એટલે તે બેની

વચ્ચે રહેલ અહન્તા-મમતારૂપ સમ્બન્ધ જ(શ્લો.૧૭ વગેરેથી) કહેલો હોવાથી તેનો પણ પુરમાં જ સમાવેશ થાય છે. કારણ કે અહીં જીવને સંસાર પ્રાપ્ત થયાનું કહેવાનું છે અને તે સંસાર અહન્તા-મમતાથીજ થયેલો હોય છે, કારણકે અહંતા મમતા જ અવિદ્યાથી થયેલાં હોય છે. દેહ વગેરેનો તો પ્રપંચમાં સમાવેશ થતો હોવાથી, તે તો ભગવાને બનાવેલાં હોય છે અને જીવને દેહ વગેરે સાથે બીજો કોઈ સમ્બન્ધ હોવાનું કહી શકાય તેમ ન હોવાથી, અહન્તા અને મમતા જ તે સમ્બન્ધરૂપ છે. તેથી જ ''હું-મારું'' એવી બુદ્ધિ (અહન્તા-મમતા) અવિદ્યાથી થયેલી હોવાથી, દેહ વગેરેથી ઉપર કહ્યું તેમ જુદા પ્રકારની છે એમ જણાવવા, તે પુરની બહાર હોવાનું કહેલું છે. તેથી તે બે (અહન્તા-મમતા) જ જ્ઞાનથી નાશ પામે તેવાં છે.

પુરને જોયા પછી આ(શ્લો.૧૭) કહેલ હોવાથી આનો પુરમાં સમાવેશ થતો નથી, એમ પણ કહી શકાય તેમ નથી, કારણ કે પુરની અંદર તે રહેલ છે એવો જ તે કહેવાનો અભિપ્રાય છે. તેથી જ આનું વ્યાખ્યાન કરતાં ''નવ દ્વારવાળું અને બે હાથતથા બે પગવાળું...'' એટલું જ કહીને ''તેને સારું માન્યું''(અ.૨૯।૪) એમ કહેલું છે. તેમ (આનો પુરમાં સમાવેશ) ન હોય તો ''સારું માન્યુ'' એમ કહ્યું તે ઘટે નહિ, કારણ કે વિષયોના ભોગમાં ઉપયોગી હોવાથી આને સારું માનવાનું છે અને તે (વિષયોના ભોગમાં ઉપયોગી હોવાનું) જોવામાં ન આવે, તો આને સારું કેમ માને ? અથવા બેની એટલે જીવ અને અન્તર્યામી એ બેની મધ્યે અન્તરાયરૂપ વિષયોમાં સ્થિર થયેલી બુદ્ધિવાળું પુર(શરીર) છે, કારણ કે ''આસુરી સમ્પત બન્ધન કરાવનારી મનાયેલી છે'' (ભ.ગી. ૧૬।૫) એવું ભગવાનનું વાક્ય છે, અને (શ્લો.૧૭માં) કહેલી સામગ્રી બન્ધન કરાવનારી છે [।।૧૭૩।।]

પુર (દેહ)માં પ્રવેશ કરવો એ જન્મરૂપ છે અને જન્મ બે પ્રકારના છે, તો અહીં ક્યા પ્રકારનો જન્મ કહ્યો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જન્મ બે પ્રકારના છે :

૧. વેદાન્તોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાટે પાંચ અગ્નિની વિદ્યાથી (ઉપવીત લેવાથી) પ્રાપ્ત કરેલો એક અને

૨. ''જન્મ લે, મરણ પામ'' એવા ત્રીજા (કર્મ) માર્ગથી થતો બીજો.

તે પૈકી પહેલા પ્રકારનો જન્મ તો અહીં નથી કહ્યો, કારણ કે અહીં કહેલ જન્મ થતાં પહેલાં દોષ હોવાનું સમ્ભવે છે અને પહેલા પ્રકારનો જન્મ દોષરહિત છે. બીજા પ્રકારનો જન્મ અહીં કહેલો છે. તે કહેવાનું પણ આજ પ્રયોજન છે, કારણ કે તે દોષથી પ્રાપ્ત થાય છે. ''કામોની કામના કરતો''(શ્લો.૧૨) એ શબ્દોથી અહીં વિષયના ભોગની ઈચ્છા હોવાનું કહેલું છે, અને ''આ કામથી જ્ઞાન ઢંકાયેલું છે''(ભગ.ગીતા ૩।૩૯) એ વાક્ય પ્રમાણે કામ જ્ઞાનથી વિરુદ્ધ હોઈ દોષરૂપ છે. તેવા કામવાળાનો જ જન્મ અહીં કહેલો છે.

જીવ અને અન્તર્યામી સાથે જ દેહમાં પ્રવેશ કરે છે અને રહે છે. અન્તર્યામીની પ્રેરણા વિના જીવ કાંઈ પણ કાર્ય કરવા સમર્થ ન હોવાથી અન્તર્યામી જ સર્વ કાર્યનો કર્તા છે, છતાં પણ જીવને જન્માદિરૂપ સંસાર થાય છે, તેવો અન્તર્યામીને થતો નથી, કારણ કે અન્તર્યામી ઈશ્વર છે.

અન્તર્યામી જીવની સાથે દેહમાં રહે છે, પરન્તુ સ્વતન્ત્ર છે અને કાલ તથા કર્મને અધીન હોય તેને જ જન્મ વગેરે થાય છે. તેથી અન્તર્યામીને જન્મ વગેરે સંસાર થતો નથી. અન્તર્યામી જીવને કર્મ કરવા પ્રેરે છે, તેથી મહારાજા સેવકને પ્રેરે છે તેની પેઠે તેને બન્ધન કરાવનાર કર્મ પ્રાપ્ત થાય, પણ જો તે આસક્તિ રાખી પ્રેરણા કરતો હોય તો થાય, અન્તર્યામીને આસક્તિ હોતી નથી, તેથી તેને કર્મ બન્ધન કરનારું થતું નથી. તેથી જ ''બીજો ખાધા વિના જોયા કરે છે'' એમ શ્રુતિ કહે છે. વળી જીવ તો દુઃખી છે અને આ અન્તર્યામી તો જ્ઞાનદ્વારા (જ્ઞાન પ્રાપ્ત કરાવી) તેનું પણ દુઃખ હરે છે. ''હું બહુ થાઉં, ઉત્પન્ન થાઉં'' એવી તેમણે (ભગવાને) કામના કરી'' એવી ભગવાનની જ ઊંચી અને હલકી સ્થિતિમાં પ્રકટ થવાની કામનાને લીધે અન્તર્યામી જુદા-જુદા દેહોમાં પ્રવેશ કરે છે, તેથી તે સંસારી નથી. અથવા તે જીવની 'કામતઃ' કામના થયા પછી હરિ (અન્તર્યામી) કાર્ય (પ્રેરણા) કરે છે. તે પ્રેરણા કરનાર હોવાથી પ્રેરણા સિવાય બીજું કાર્ય કરતા નથી.

આનું એવું તાત્પર્ય છે કે દેહ પ્રાપ્ત થયા પછી કર્મ કરવાથી બંધ થાય છે. અહીં દેહ પ્રાપ્ત થયા પહેલા જ જીવને કામ હોવાનું કહેલ છે, અને અન્તર્યામીની પ્રેરણા વિના તેને કામ (કામના) થવાનું સમ્ભવતું નથી. તેથી જેમ જીવે દેહ પ્રાપ્ત કર્યા પહેલાં પણ તેને પ્રેરણા કરવાથી અન્તર્યામી સંસારી થતો નથી, તેમ દેહ પ્રાપ્ત કર્યા પછી પણ પ્રેરણા કરવાથી તે સંસારી થતો નથી. અન્તર્યામીને કોઈ પદાર્થમાં આસક્તિ ન હોવાથી તેને કોઈ પદાર્થની કામના થતી નથી, કારણ કે આસક્તિવાળો કામના કરે. તે ઈશ્વર હોવાથી તેને કોઈ પદાર્થમાં આસક્તિ હોતી નથી. જો તેને કોઈ પદાર્થમાં આસક્તિ હોય તો તે પ્રાપ્ત કરવા કહેલાં કર્મથી બન્ધન થવાનું સમ્ભવતું હોવાથી, તેને તે અધીન થતાં તેનું ઈશ્વરપણું ન રહે [૧૭૪-૧૭૫]

દેહની પ્રાપ્તિ(પુરપ્રવેશ શ્લો.૪૩) થયાં પહેલાં બુદ્ધિનું વર્ણન કર્યું (શ્લો.૨૦) તેનું તાત્પર્ય એવું છે કે લિંગદેહ સાથેનો જીવ સ્થૂલદેહમાં સુખી થાય છે, તેથી ગર્ભમાં પ્રવેશ કર્યા પહેલાં તેને લિંગદેહની પ્રાપ્તિ થાય છે.

અધ્યાસ અવિદ્યાથી થતો હોવાથી, બુદ્ધિ, પ્રાણ અને ઈન્દ્રિયો પણ અવિદ્યાથી ઉત્પન્ન થતાં હશે, એવી માન્યતા ખોટી છે, કારણ કે બુદ્ધિ પ્રાણ અને ઈન્દ્રિયો ભગવાને બનાવેલાં છે, અવિદ્યાથી થતાં નથી. અને જીવને જેમ દેહનો અધ્યાસ થાય છે ''હું દેહ છું'' એવી જેમ તેની માન્યતા થાય છે, તેમ તેને બુદ્ધિ પ્રાણ અને ઈન્દ્રિયોના સમૂહ(લિંગદેહ)નો પણ અધ્યાસ થાય છે. ૪૩ મા શ્લોક સુધીનું આવું તાત્પર્ય છે [૧૭૬-૧૭૬।।]

પુરંજને (જીવે) તે પ્રમદા (બુદ્ધિ) સાથે તે પુર (દેહ)માં પ્રવેશ કર્યો એટલે તેને ''દેહ જ આત્મા છે'' એવી દેહાત્મબુદ્ધિ થઈ. આવી બુદ્ધિ અવિદ્યાના પાંચ ભાગ પૈકીનો એક ભાગ છે. કામવાળા જીવને અવિદ્યાનો સમ્બન્ધ થાય તે યોગ્ય જ છે. પુરને સાત દરવાજા ઉપરના ભાગમાં હોવાનું કહ્યું(શ્લો.૪૫) તે (બે નસ્કોરાં, બે આંખો, બે કાન અને એક મુખ) સ્થૂલ ઇન્દ્રિયો કહેલી છે તેઓનો પણ અધ્યાસ જીવને થાય છે જ.

પુરુષપણું-સ્ત્રીપણું એ દેહના ગુણો છે, જીવના નથી. અહીં જીવને દેહની પ્રાપ્તિ થયા પહેલાં તે પુરુષ અથવા સ્ત્રી હોવાનું કેમ કહેલ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જીવ સ્વતન્ત્ર હોઈ તેને પુરુષ કહેલ છે. શ્રુતિ-ભાગવત વગેરે શાસ્ત્રને અધીન રહ્યા વિના દેહ વગેરેમાં જીવ રમણ કરતો હોવાથી તેને 'પુરુષ' કહેલો છે. જે શ્રુતિ વગેરેને અધીન રહે તેને 'સ્ત્રી' કહેલ છે. તેથી પાછળ સ્ત્રી જીવને ભક્તિ પ્રાપ્ત થયાનું કહેશે [૧૭૬।।-૧૭૭।।]

બુદ્ધિને પ્રમદા(સ્ત્રી) કહી છે, તે તો તે માયા હોવાથી કહેલી છે; શાસ્ત્રને અધીન રહેનારી હોવાથી કહેલી નથી. આ બુદ્ધિને અધીન જીવ રહે છે. બુદ્ધિ ''દેહ જ આત્મા છે'' એવી માન્યતારૂપ હોવાથી એક પ્રકારની અવિદ્યા છે. અવિદ્યા મોહ ઉત્પન્ન કરાવનારી હોઈ સ્ત્રીરૂપ છે, તેથી બુદ્ધિને સ્ત્રી કહેલી છે. આવું સ્ત્રીપણું જુદા પ્રકારનું છે. બુદ્ધિ તો દેહની અંદર રહેલી હોય છે, તેથી તેના ગુણો બહાર પણ અનુભવાય તે માટે તેને સ્ત્રી કહેલી છે. તે માયા હોવાથી મોહ કરાવનારી છે અને બહારથી પણ મોહ કરાવે છે અને તેનાથી મોહ પામેલો તેને અનુસરે છે એમ જણાવવા તેને સ્ત્રી કહેલી છે. તેથી જ પુરંજન; આ પ્રમદાની ઈચ્છા પ્રમાણે વર્તતો અને તે જેમ કરતી તેમ કરતો એમ કહેલું છે(શ્લો.૫૬-૬૨) [૧૭૭।।-૧૭૮]

જીવે પ્રમદા (બુદ્ધિ)ને જે વચનો(શ્લો.૨૬-૩૧) કહ્યા, તે એવા વિચારથી કહેલાં કે જે તે પોતે કરવા ઈચ્છે છે તે જ કરવાની જો તે પ્રમદાની પણ ઈચ્છા હોય તો પુરની અંદર તે તેની સાથે ભોગ પોતાની ઈચ્છા પ્રમાણે સ્વતન્ત્રતાથી ભોગવી શકે. પણ જો તે પ્રમાણે કરવાની તેની ઈચ્છા ન હોય તો નિર્ભયતાથી પોતે ભોગ કરી શકે નહિ. તેથી સ્વતન્ત્ર રીતે ભોગ થઈ શકે તે માટે એ વચનો કહેલાં છે.

જીવે હજી સુધી પુરમાં પ્રવેશ કરેલ ન હોવાથી તાળવું, મુખ વગેરેની ક્રિયા તેનાથી થઈ ન શકે, છતાં તે તાળવું વગેરે ઇન્દ્રિયો દેવરૂપ હોવાથી ઉચ્ચાર થઈ શકે, કારણ કે કારણના સ્વરૂપમાં તાળવું વગેરે તેમાં હોય છે. તેથી જ ''ચક્ષુ બહાર નીકળ્યું'' વગેરે શ્રુતિઓ એમ કહે છે. વળી ત્રીજા સ્કન્ધમાં તત્ત્વોએ સ્તુતિ પણ કરેલી (૩।૫।૩૮-૫૦).

ત્યારે જો ઇન્દ્રિયોના દેવ જીવમાં હોય તો તે પ્રમદાનું સ્વરૂપ પણ જાણતો જ હોવો જોઈએ,

છતાં ''તું કોણ છે ?''(શ્લો.૨૬) એવા પ્રશ્ન તેણે કેમ કર્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે લોકમાં થાય છે તેવી રીતે તેણે પ્રશ્ન કર્યો. જેમ કોઈ કામી ઉત્તમ સ્ત્રીને જુએ અને તેની સાથે બીજી સ્ત્રીઓને જુએ, ત્યારે ઉત્તમ સ્ત્રીને ઓળખતો હોવા છતાં રસ ઉત્પન્ન થાય તે માટે તેને પ્રશ્ન કરે છે, તેવી રીતે આણે પ્રશ્ન કર્યા. દેવોની પત્ની લક્ષ્મી, પાર્વતી, સરસ્વતી વગેરેમાંની કોઈક આ સ્ત્રી હોવાની કલ્પના કરી(શ્લો.૨૮), તેઓમાંની કોઈ તે નથી એમ પછી કહે છે(શ્લો.૨૯), કારણ કે દેવોને તો લીલામાટે જ દેહનો સમ્બન્ધ થતો હોવાથી, તેમને ''દેહ જ આત્મા છે'' એવી બુદ્ધિ હોતી નથી. અને આ પ્રમદા તો ''દેહ એ આત્મા છે'' એવી બુદ્ધિવાળી છે, તેથી આ તેઓમાંની કોઈ નથી એમ કહે છે. વળી આ તેઓમાંની કોઈ નથી એમ કહેવાનું બીજું એ પ્રયોજન છે કે ગુરુની પત્ની વગેરે સમ્બન્ધ થઈ ન શકે તેવી સ્ત્રી સાથે સમ્બન્ધ કરવાની અયોગ્ય ઈચ્છા કરનારનું પતન જ થાય છે તેમાં કાંઈ જ સંશય નથી. આત્મામાં ''આ પૃથ્વીનો વિકાર છે'' એવી બુદ્ધિ રાખવી તે દેહાત્મમતિ છે. આ પ્રમદા ભૂમિના સ્પર્શ (સમ્બન્ધ)વાળી હોવાથી(શ્લો.૨૯), તેવી દેહાત્મમતિવાળી હોવાથી તે લક્ષ્મી વગેરેમાંની કોઈ નથી એમ કહેલું છે [૧૭૯-૧૮૦]

શંકા : અહીં લિંગદેહનો અધ્યાસ કહેલો છે, કારણ કે તે અધ્યાસ સ્થૂલદેહ પ્રાપ્ત કરાવનારો છે. વળી બ્રહ્મા વગેરે દેવોને પણ સ્થૂલદેહ હોય છે, તેથી તે સ્થૂલદેહનાં કારણરૂપ બુદ્ધિ પ્રાણ અને ઈન્દ્રિયો ના સમૂહ લિંગદેહનો અધ્યાસ અવશ્ય હોવો જોઈએ અને તે બુદ્ધિ વગેરે જે અહીં કહેવામાં આવે છે તે જ હોવાં જોઈએ, તેથી બ્રહ્મા વગેરેને દેહાત્મબુદ્ધિ નથી હોતી એમ કેમ કહેવાય ? એવી શંકા થાય,

સમાધાન : બ્રહ્મા વગેરેનાં દેહ પ્રાણ અને ઈન્દ્રિયોના સ્વરૂપ જાણવા જોઈએ. બ્રહ્મા વગેરે દેવો યોગીઓ છે અને જ્ઞાનથી ભરપૂર હોય છે. તેથી જ્ઞાન જેમાં મુખ્ય છે તેવી તેઓની બુદ્ધિ અને ચક્ષુ વગેરે જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનમય છે. અને જેમાં ક્રિયા મુખ્ય હોય છે તેવાં પ્રાણ, વાણી વગેરે કર્મેન્દ્રિયો યોગમય હોય છે. આ જ્ઞાનમય અને યોગમય હોવાનું કારણ એવું છે કે ''આ જીવોથી હું આ કાર્ય કરીશ'' એવી જ્યારે ભગવાનની ઈચ્છા થાય છે અથવા જ્યારે તેઓની પોતાની એવી ઈચ્છા થાય છે ત્યારે તેઓમાં તે જ્ઞાનમય અને યોગમય બન્ને પ્રકારનાં બુદ્ધિ ઈન્દ્રિયો વગેરે હોવાથી, તેનાથી જ પહેલાં જ પ્રાપ્ત કરેલાં દેહ-ઈન્દ્રિયો વગેરે પ્રકાશવાળા થાય છે, તેથી તેમની બુદ્ધિ ઈન્દ્રિયો વગેરે જ્ઞાનરૂપ અને યોગરૂપ હોવાથી અહંકારથી ઉત્પન્ન થયેલાં નથી. વળી માત્ર (ભગવાનની અથવા પોતાની) ઈચ્છાને અધીન હોવાથી માયાને અધીન નથી. આ કારણે માયાના કાર્યરૂપ અવિદ્યાના દેહ વગેરેના અધ્યાસરૂપ વિભાગ તેઓનામાં હોતા નથી.

પુરંજન (જીવ)ની પ્રમદા(બુદ્ધિ) તો તેવી નથી. ''તું લક્ષ્મી પાર્વતી કે સરસ્વતી છો ?'' વગેરે તેના સમ્બન્ધમાં જે શંકા થઈ, તે તો તે માયા હોવાનું જ સિદ્ધ કરે છે. તેમ ન હોત તો પુરંજન તે(પ્રમદા) તેમાની કોઈ એક હોવાનું જ સિદ્ધ કરત, કારણ કે રૂપમાં તે તેઓની સમાન હતી અને

''તેઓમાંની કોઈ તું નથી'' (શ્લો.૨૯) એમ ન કહેત. વળી મોહ કરનારી હોવાથી તે પ્રમદાએ પોતામાં ન હતાં તેવાં ઉત્તમ સ્વરૂપ પહેલાં પોતામાં જણાવ્યાં, તેથી જ તે માયારૂપ જ હતી. તેથી જ ''આ પ્રમદા બીજા કોઈને મોહ પમાડી મને રમણ ન કરાવે'' એવી શંકાથી ''આ પુરમાં પ્રવેશ કરવા યોગ્ય છે'' (શ્લો.૨૯) વગેરે પ્રાર્થના તેને તે લક્ષ્મી વગેરેથી જુદી હોવાનું સમ્ભવવાથી પુરંજને કરેલી છે. વળી આ સમયે તે પ્રમદા કાંઈ કાર્ય કરતી ન હતી, છતાં પણ તે માત્ર પોતાની પાસે હોવાથી જ પુરંજન તેના વિના એક ક્ષણ પણ રહેવા અશક્ત થવાથી ''તેં ઉત્પન્ન કરેલ ભગવાન્ કામદેવ મને પીડા કરે છે''(શ્લો.૩૦) એમ તેને કહે છે. અથવા દેહાત્મમતિની સન્નિધિ(હાજરી) પ્રાપ્ત થતાં, દેહ વિના રહેવા અશક્ત થઈ તેણે તેમ કહ્યું. તેથી જીવનાં આ વચનો પ્રમાણે તે મોહ કરનારી હોવાથી માયા જ હોવાનું સિદ્ધ થાય છે.

હવે તે પ્રમદા(બુદ્ધિ) તેને ઉત્તર આપે છે તે વચનોનો વિચાર કરીએ. તે પણ દેવતા હોવાથી તેને વાણી થાય છે. ''જીવ ચેતન હોવાથી દેવ હોય તે યોગ્ય છે, પરન્તુ આ બુદ્ધિ જડ હોવાથી દેવતા ન હોઈ શકે. છતાં આધિદૈવિક બુદ્ધિ દેવતા ભલે હોય, પરન્તુ અહીં તો આ આધિભૌતિક બુદ્ધિનાં જ વચનો છે એમ કહેવું જોઈએ. તેથી તેને વાણી કેવી રીતે થાય ? એવી શંકા થાય, તો જાણવું કે જીવની સમીપ હોવાથી તેને વાણી થઈ. વળી ઉપર કહ્યું તેમ આધિદૈવિક બુદ્ધિ કારણના સ્વરૂપમાં આધિભૌતિક બુદ્ધિમાં રહેલી હોવાથી તે દેવતારૂપ છે. વળી તે પ્રાણ ઈન્દ્રિયો વગેરેની પણ સમીપ હોવાથી તેને વાણી થઈ [૧૮૧-૧૮૨।।]

''તું કોણ છે ? કોની છે ?''(શ્લો.૨૬) એ પ્રશ્નનો ઉત્તર આપે છે કે ''હું મને અથવા બીજાને પણ રચનારને જાણતી નથી, અને મારું કે બીજાનું ગોત્ર તથા નામ કોણે કર્યું તે જાણતી નથી''(શ્લો.૩૩). અહીં તે પોતાના તથા જીવના રચનાર(કર્તા)ને પણ જાણતી નથી એમ કહે છે.

(કાર્ય એવી બુદ્ધિ અને જીવ નાં દર્શન થતાં હોવાં છતાં, જાણવામાં ન આવેલ. તેથી તેઓનું કારણ ભગવાન્ જ હોવા જોઈએ) તેથી પણ બુદ્ધિ વગેરેના કર્તા ભગવાન્ જ છે, તે માયિક નથી એમ જ સિદ્ધ થાય છે. આથી જ ''માયા અજ્ઞાનનું કાર્ય છે'' એવા વિરુદ્ધ મતવાળા માયાવાદ વગેરે બધા વાદો ખોટા હોવાનું સિદ્ધ થાય છે.

વળી ''હું જાણતી નથી'' એમ શ્લો.૩૩ માં તે પ્રમદાએ કહ્યું, એટલે પોતાને ઉત્પન્ન કરનાર પદાર્થ અજ્ઞાન છે એમ તેણે કહેલ હોવાનું ન માનવું, કારણ કે અજ્ઞાન તો જીવમાં રહેતું હોવાથી તેનાથી આ પહેલા પુરુષનું વચન ન યોજાય.

''અમે જાણતા નથી'' એમ પહેલા પુરુષનું બહુવચન તેણે યોજેલું હોવાથી પોતાની સાથે

જીવને ભેળવીને તેણે ''અમે જાણતા નથી'' એમ કહેલું હોવાથી, તેણે પહેલા પુરુષનો પ્રયોગ બરાબર કર્યો છે, એમ પણ કહી શકાય તેમ નથી, કારણ કે જો તત્ત્વના જ્ઞાનવાળી હોય તો જ તેમ કહી શકે. (કર્તાપણા વગેરે રહિત પ્રત્યક્ષ બ્રહ્મજ્ઞાન તેને હોય તો જ પોતાને રચનાર અજ્ઞાન છે એમ જાણી તે જીવને પોતાની સાથે ભેળવી એમ કહી શકે). અને જો તેવું બ્રહ્મનું જ્ઞાન તેને હોય તો તે અવિદ્યાનો તેના કાર્યો સાથે નાશ કરનારું હોવાથી અવિદ્યાનો નાશ થતાં આ દેહાત્મરૂપમતિ (માયા)ના સ્વરૂપનો જ નાશ થઈ જાય અને તે પોતે જ ન હોય. વળી જ્ઞાન જીવને જ હોવાનું સમ્ભવતું હોવાથી તેને તેવું જ્ઞાન હોય જ નહિ.

માયાવાદી : બુદ્ધિ માયાનું સ્વરૂપ પણ જાણતી નથી, તેથી પોતાના કર્તાને જાણતી નથી એમ તેણે તે જ શ્લોક ૩૩ માં કહેલું છે.

સિદ્ધાન્તીની શંકા : ''જીવના કર્તાને પણ હું જાણતી નથી'' એમ પણ તેણે કહેલુ છે. (તેનું પોતાનું સ્વરૂપ કાર્ય છે એમ જાણવામાં હોવાથી તેનો કર્તા કોણ તે જાણવાની ઈચ્છા થતાં) તેની પોતાની જ અવિદ્યા તેનું કારણ ન હોઈ શકે, કેમકે તે કારણ થતી હોય તો (પોતામાં રહેલી અવિદ્યા જ પોતાનું કારણ હોવાથી સ્વાશ્રય દોષ થાય, અને બુદ્ધિનું કારણ તેની અવિદ્યા અને તેનો આશ્રય બુદ્ધિ એમ અન્યોન્ય-આશ્રય દોષ પણ થાય) અને જીવની અવિદ્યા જ તેનું કારણ છે એમ તમે (માયાવાદી) પણ સ્વીકારો છો, તેથી માયાના સ્વરૂપનું તેને જ્ઞાન નથી એમ તમારાથી કહી ન શકાય.

માયાવાદી : જીવ તો અનાદિ અવિદ્યાથી કલ્પાયેલો છે. બુદ્ધિને તે અનાદિ અવિદ્યાના સ્વરૂપનું જ્ઞાન નથી, એ જ એણે ''જીવના રચનારને હું જાણતી નથી'' એ શબ્દોથી કહેલ છે.

સિદ્ધાન્તી : જ્યારે જીવનું જીવપણું અનાદિ જ છે ત્યારે તે અવિદ્યાથી કલ્પેલો હોવાનું શું પ્રમાણ છે ? વિદ્યાથી તેનો નાશ થાય છે તે જ તેના અવિદ્યાથી કલ્પેલો હોવામાં પ્રમાણ છે એમ જો કહો તો, તે ખોટું છે, કારણ કે વિદ્યાથી નાશ તો અવિદ્યાથી ઉત્પન્ન થયેલા સંસારનો જ થાય છે, ભગવાને રચેલા પ્રપંચનો નાશ થતો નથી. પ્રપંચનો નાશ થવાનું તો ખોટું હોવાનું પહેલાં જ અમે સિદ્ધ કરેલું છે.

વળી એ પ્રમાણે મોક્ષ એ સ્વરૂપના નાશરૂપ હોય છે અને તે પુરુષાર્થ હોવાથી પસંદ કરવા યોગ્ય હોય છે એવું તમે જે કહો છો એ નિર્લજ્જતા છે.

મોક્ષ પામેલામાં પણ જીવની સ્થિતિ હોય તો ફરી તેને સંસાર પ્રાપ્ત થાય, એમ ન માનવું, કારણ કે સંસારના કારણરૂપ તેની અવિદ્યાનો નાશ થયેલો છે, અને તે સદા ભગવાનની સંગતમાં

રહે છે. વળી ''કોન્તૈય ! મને પ્રાપ્ત કર્યા પછી તો પુનર્જન્મ થતો નથી''(ભગ.ગીતા ૮।૧૬) એવું ભગવાનનું વચન પણ છે.

માયાને પોતાના સ્વરૂપનું જ્ઞાન છે, કારણ કે તે પોતાના સ્વરૂપને જુએ છે(શ્લો.૩૪). પરન્તુ તેનું પણ તેને યથાર્થ જ્ઞાન નથી, કારણ કે, ''અહીં અમે છીએ એમ જાણીએ છીએ''(શ્લો.૩૪) એટલું જ તે કહે છે [૧૮૩]

જેની પ્રાર્થના કરેલી હોય તેનું જ અભિનન્દન કરવું યોગ્ય છે, તે સિવાયનાનું અભિનન્દન કરવું યોગ્ય નથી. પુરંજને તે પ્રમદાને પુરમાં પ્રવેશ કરવા જ વિનન્તિ કરેલી(શ્લો.૨૯) છતાં તેણે એકસો વર્ષ સુધી તેમાં ભોગ ભોગવવાનું કેમ કહ્યું ?(શ્લો.૩૦)

સમાધાન : એવી શંકા ન કરવી, કારણ કે એકસો વર્ષ સુધી ભોગ ભોગવતાં કોઈ પણ સમયે વૈરાગ્ય થતો નથી. વળી પુરંજને પ્રાર્થના કરી, તેમાં પણ '''પુષ્કળ કર્મવાળા મારી સાથે આ પુર શોભાવ''(શ્લો.૨૯), એમ 'પુષ્કળ કર્મવાળા' વિશેષણથી એકસો વર્ષ સુધી ભોગ ભોગવવાની પ્રાર્થના સૂચવેલી છે. કારણ કે જ્યાં સુધી પુર(દેહ)માં રહે તેટલા સમયની અંદર જો વિષયમાં વૈરાગ્ય થાય તો ધીરે-ધીરે દેહાત્મમતિનો ત્યાગ થતાં, આ (પ્રમદા=બુદ્ધિ)ની સાથે પુરમાં પ્રવેશ કરવામાં કપટ જ કર્યું ગણાય. જો તે સમયની અંદર તેનો ત્યાગ ન કરે, વિષયો ભોગવ્યા કરે, તો ઘણા કર્મવાળો ગણાય.

વળી પુરમાં એકસો વર્ષ સુધી જ રહેવાનું હોય છે, તેથી ''તમે ભલે આવ્યા''(શ્લો.૩૬) વગેરે શબ્દોથી પ્રમદાએ અભિનન્દન કરેલું છે. વળી પ્રમદાને બીજા કોઈ સાથે સમ્બન્ધ થયો હશે (જુઓ શ્લો.૨૬) એવી શંકાથી પુરંજને પુરમાં પ્રવેશ કરવાની પ્રાર્થના (શ્લો.૨૯) કરેલી હોવાથી તે ''તારા સિવાય બીજા કોને હું રમણ કરાવીશ ?'' (શ્લો.૩૮) એમ કહી બીજા કોઈ સાથે સમ્બન્ધ ન થયેલ હોવાનું જણાવે છે. જ્ઞાન દેહાત્મમતિનો નાશ કરનારું હોવાથી જો પુરંજન જ્ઞાનવાળો થાય તો પોતે જ રહી શકે નહિ, તેથી તે ક્રિયાવાળો થાય તે માટે આ પ્રમદા તેના બાહુઓનું વર્ણન કરે છે (શ્લો.૪૨). કારણ કે જો તે ક્રિયાવાળો થાય તો તે (પ્રમદા)નું કાર્ય સિદ્ધ થાય. અહીં બાળપણની જાગ્રત અવસ્થાનું તથા નિદ્રાનું નિરૂપણ કરેલ છે. પરોક્ષ (સ્પષ્ટ ન જાણી શકાય તેવા) વાદમાં રૂદનના વિષયમાં ગાન કરવાનું જ કહેલું હોય છે, તેથી (જ્યારે તે પુરીમાં પુરંજન અને પ્રમદા આનન્દ કરતાં ત્યારે) ગવૈયાઓ ગાન કરતાં એમ કહેલું છે (શ્લો.૪૩-૪૪). અથવા લોકમાં જ્યારે જન્મેલ જીવ રડે છે ત્યારે જ બધાને ગાન(આનન્દ) થાય છે, તેથી રૂદન જ ગાન હોય તેવું વર્ણન કરેલું છે.

**પુરંજને ''સ્ત્રીઓ સાથે ક્રીડા કરતાં સરોવરમાં પ્રવેશ કર્યો''**

(શ્લો.૪૪) શબ્દોથી નિદ્રાનું વર્ણન કરેલું છે. સર્વ કાર્યોમાં બુદ્ધિ મુખ્ય છે. ૪૫-૫૫ સુધીનાં

શ્લોકમાં ભોગનાં સાધનોનું વર્ણન કરેલું છે અને ભોગ બુદ્ધિને અધીન હોવાથી, આ શ્લોકોથી બુદ્ધિને વશ થયેલા જીવની જ કથા ઉત્તમ પ્રકારે કહેલી છે. જીવ બુદ્ધિને આધીન રહીને જ સર્વ કાર્યો કરે છે એમ ૫૬-૬૨ સુધીના શ્લોકોથી દર્શાવેલું છે. બાલકની સ્થિતિમાં જાગ્રત અવસ્થા અને નિદ્રા જ હોય છે, સ્વપ્ન હોતું નથી, તેથી આ બે અવસ્થાઓનું જ નિરૂપણ કરી આ અધ્યાય પૂરો કરેલો છે.

બાલકની અવસ્થામાં પહેલાંની વાસનાને લીધે સ્વપ્ન થવાનું સમ્ભવે, તો પણ તે વિષયનો નિશ્ચય કરાવનારું કાંઈ પ્રમાણ ન હોવાથી આ અધ્યાયમાં સ્વપ્નનું નિરૂપણ કરેલું નથી, અને સ્વપ્ન હોતું નથી એમ જણાવેલ છે.

આ અધ્યાયના ૪૫-૫૫ સુધીના શ્લોકોમાં પુરનું વર્ણન કરેલું છે અને તેમાં પુરંજન જે કાર્ય કરતો તે જણાવેલું છે. ''મહારાણી જે ઇચ્છા કરતી તે પ્રમાણે જ તે વર્તન કરતો''(શ્લો.૫૬) એમ સામાન્ય રીતે કહેવાથી જ સર્વ પતે તેમ હોવા છતાં, ''તે પાન કરતી ત્યારે પાન કરતો'' (શ્લો.૫૭-૬૨) વર્ણન એમ જણાવવા કરેલું છે કે બાલકની અવસ્થામાં સ્થિરપણું હોતું નથી [૧૮૪-૧૮૬]

**અધ્યાય ૨૬ ; સ્વપ્નાવસ્થા :**

કાંઈક પ્રૌઢ વયનો થાય ત્યારે સ્વપ્ન પણ થાય છે, એમ જણાવવા છવીસમા અધ્યાયમાં સ્વપ્નનું નિરૂપણ કરેલું છે. પ્રૌઢ અવસ્થા થતાં સ્વપ્નનો અનુભવ થતો હોવાથી આ અધ્યાયમાં સ્વપ્નનું નિરૂપણ કરેલું છે. પ્રૌઢ અવસ્થાવાળા જીવના સ્વરૂપનું તેના સાધનો સાથે વર્ણન કરેલું છે(શ્લો.૧-૩), ત્યાર પછીના સાત (૪-૧૦) શ્લોકોથી સ્વપ્નનું સ્વરૂપ કહેલું છે.

શંકા : સંસારના સમ્બન્ધમાં કર્યું તેમ ગન્ધર્વનગર તરીકે સ્વપ્નનું નિરૂપણ કેમ નથી કર્યું, અને તેમાં પ્રવેશ કરવાથી થયેલા સુખના આદરથી સુખી થયેલા તરીકે જીવનું નિરૂપણ કેમ નથી કર્યું ? મૃગયા કરવા જેવા દુઃખનું કેમ નિરૂપણ કર્યું છે ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જેમ પાછલા અધ્યાયમાં બાલકની અવસ્થા કહી તેમ અહીં કાંઈક પ્રૌઢ થયેલાની અવસ્થા કહેવામાં આવે છે. અને તે (પ્રૌઢ થયેલો) અસ્થિર હોય છે, મૃગયામાં પણ તેવું અસ્થિરપણું હોય છે તેથી એવી કથા કહેલી છે. એ પ્રમાણે પહેલા દશ શ્લોકોથી સ્વપ્નનું નિરૂપણ કરીને પછી આગળનાં પ્રકરણોનો વિભાગ આ અધ્યાયમાં જ દર્શાવેલો છે. ૧૧-૧૬ સુધીના શ્લોકોથી તેણે બૂમરાણ કરી મૂક્યું તે કહેલું છે, અને સત્તરમા શ્લોકથી સ્ત્રીઓ તેને ઉત્તર આપે છે. ૧૮-૨૦ સુધીના શ્લોકોમાં મહારાણીનો કોપ થવાનું કારણ તેણે શોધવા માંડયું તે કહેલું અને છેવટના છ (૨૧-૨૬) શ્લોકોથી તે તેનું ચિન્તન (મનાવવાનો પ્રયાસ) કરે છે. પુરંજન

સંસારી હોવાથી બહિર્મુખ હતો, છતાં ચિન્તન કરતાં ભગવાન્ પ્રતિ ચિત્ત જવાથી, ભગવાનના ભક્ત અથવા બ્રાહ્મણ સિવાય જેણે તેનો અપરાધ કરેલ હોય તેને શિક્ષા કરવાનું કહે છે (શ્લો.૨૪). એ પ્રમાણે પ્રૌઢ અવસ્થાવાળા જીવની કથા કહી [૧૮૭-૧૮૮]

**અધ્યાય ૨૭; વિનાશ કરનારાં સાધનોનું સાન્નિધ્ય :**

વિનાશ કરનારાં સાધનોનું આવી પહોંચવું એ સત્તાવીસમા અધ્યાયનો અર્થ છે.

આ અધ્યાયમાં પુત્રો વગેરેની પ્રાપ્તિ પણ કહેલી છે (શ્લો.૬-૯) છતાં તેનો એવો અર્થ કેમ હોય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સંસારમાં દઢ આસક્તિ થયા પછી દેહને આત્મા માનવાની બુદ્ધિથી જે પરિણામ આવે છે તે આ અધ્યાયમાં કહેલું છે. વિનાશ કરનારાં સાધનોનું સાન્નિધ્ય એટલે જીવને ઘડપણ, જ્વર વગેરેનો સમ્બન્ધ થવો તે જ છે, અને તેવો સમ્બન્ધ દેહ વગેરે પદાર્થોમાં દઢ આસક્તિ થયા પછી થનારાં, દેહને આત્મા માનવાની બુદ્ધિએ ઉત્પન્ન કરેલાં, તેવી દુષ્ટ ઈન્દ્રિયોનાં પરિણામો(કાર્યો), બુદ્ધિની ક્રિયાઓ અને વિષયોના ભોગોથી થાય છે. જો એવા ભોગો વગેરે ન કરે અને યોગનું આચરણ કરે તો જીવને ઘડપણ વગેરેનો સમ્બન્ધ જ ન થાય. આ અધ્યાયમાં આવો સમ્બન્ધ કહેલો છે તે વિનાશ કરનારાં સાધનો સમીપમાં આવવાનું જ કહેલું છે. દેહને આત્મા માનવાની બુદ્ધિથી જીવની જે સ્થિતિ થાય છે તેનું આ અધ્યાયમાં વર્ણન કરેલું છે. આમાં દેહને આત્મા માનવાની બુદ્ધિ જ મુખ્ય છે, તેથી આ અધ્યાયના પહેલા જ શ્લોકમાં તેવી બુદ્ધિરૂપ પુરંજનીનું સ્વતન્ત્રપણું જણાવેલું છે. દેહ આત્મા છે એવી બુદ્ધિ વિના, જે ભોગ વગેરે આ અધ્યાયમાં કહેવાના છે તે થવાનું સમ્ભવતું ન હોવાથી એવી બુદ્ધિનું નિરૂપણ અહીં કરવું જ જોઈએ. આવી બુદ્ધિ તામસી છે છતાં પણ અહીં પ્રૌઢ અવસ્થાવાળાની કથા કહેલી છે, અને તે રાજસ હોવાથી તેની પત્નીએ પણ તેને અનુકૂલ રહેવું જોઈએ, તેથી તેને પણ રાજસી જણાવેલી છે. તેથી તે તામસી હોવા છતાં તેને રાજસી કહેલી છે. વિષયોનો ભોગ રજોગુણથી જ થાય છે, અને તેથી તે વિષયોનો ભોગ કરવામાં અનુકૂલ જ થશે એમ જણાવેલું છે [૧૮૯]

આ અધ્યાયના ૬-૯ સુધીના શ્લોકોમાં ઈન્દ્રિયોનાં પરિણામોને પુત્રો, અને બુદ્ધિની ક્રિયાઓને પુત્રીઓ જણાવીને પુરંજનના વંશની વૃદ્ધિનું નિરૂપણ કરેલું છે, કારણ કે જે પુરુષનો જેટલો સંસાર બહાર હોય છે તેટલો અંદર તેના અન્તઃકરણમાં પણ હોવો જોઈએ. કારણ કે અંદર અન્તઃકરણમાં સંસાર ન હોય તો બહાર પણ સંસાર થવાનું સમ્ભવતું નથી. તેથી તેના અન્તઃકરણમાં પણ સંસાર છે એમ જણાવવા બહાર પુત્ર વગેરે સમ્પતિની પેઠે અન્તઃકરણમાં પણ તેવી જ પુત્ર વગેરે સમ્પતિ હોવાનું કહેલું છે.

શંકા : બધાએ જીવોને તેટલા (૧૧૦૦) ઈન્દ્રિયોના પરિણામો અને તેટલી (૧૧૦) બુદ્ધિની ક્રિયાઓ હોય તેવો નિયમ નથી, કારણ કે કેડલાક તો તેટલાં પરિણામો અને ક્રિયાઓ થયા

પહેલાં વચ્ચે જ મરણ પામે છે. વળી આ એકસો વર્ષ જીવનારના સમ્બન્ધમાં જ કહેલું છે એમ પણ કહી શકાય નહિ, કારણ કે એમ કહેવાથી આ સર્વ જીવોના સમ્બન્ધી સાધારણ કથા હોવાનું ખોટું ઠરે છે. છતાં ૧૧૦૦ ઇન્દ્રિયોના પરિણામો અને ૧૧૦ બુદ્ધિની ક્રિયાઓ હોવાનું કેમ કહેલું છે ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે અન્તઃકરણમાં સંસાર થયા પછી જ બહારનો સંસાર થાય છે એવું આ કથાનું તાત્પર્ય છે. અને અંદરનો સંસાર સર્વમાં રહેલો છે. તેથી આ સર્વ જીવોના સમ્બન્ધની સાધારણ કથા કહેલી છે [૧૯૦]

બહારથી સર્વ જીવો યજ્ઞ કરે તે સરખા હોવાનું સમ્ભવતું નથી. તેથી અગિયારમાં શ્લોકથી એમ જણાવેલું છે કે નજીવા પદાર્થો પ્રાપ્ત કરવાના પણ મનોરથજીવ રાખે છે. અલ્પ ફલ આપનારા દેવો પિતૃઓ વગેરેનું તે પૂજન કરે છે તેથી એમ જણાય છે કે આનો મનોરથનજીવા પદાર્થ પ્રાપ્ત કરવાનો છે. અલ્પ ફલ આપનાર દેવો વગેરેનું પૂજન જેમાં થતું હોય તે સિવાયના યજ્ઞો તે કરતો નથી. આવા યજ્ઞોમાં પણ જે પ્રકારે બીજાઓને પીડા થાય તેવા પ્રકારથી જ તે કરે છે એમ આ શ્લોકમાં કહેલું છે. પ્રાચીનબર્હિષ પણ જુદા-જુદા પદાર્થોની કામના કરી તેવા જ યજ્ઞો કરતો હતો, તેથી શ્લોકમાં તેનું દષ્ટાન્ત આપેલું છે.

ભગવદ્રૂપ; અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમ એ પાંચ (જુઓ સર્વનિર્ણય શ્લો.૧-૩) નિત્ય કર્મ સિવાય બીજા કર્મોમાં પશુ વગેરેનો વધ કરવાથી દોષ થાય છે. નિત્ય કર્મમાં ઉપયોગી હોવાના કારણથી પશુ વગેરેની કામનાથી જે કર્મ કરવામાં આવે, તેવા કર્મમાં પણ પશુ વગેરેનો વધ કરવાથી દોષ થતો નથી. એ પ્રમાણે ન માનીએ તો વેદવાક્યનો વિરોધ થાય, આનો નિર્ણય સર્વનિર્ણય પ્રકરણમાં કરેલો છે.

આ શ્લોકમાં તો ''તારી પેઠે જુદા જુદા પદાર્થોની કામના રાખીને'' એમ કહેલું હોવાથી, આ કર્મ તો દોષ ઉત્પન્ન કરનારું જ છે. તેથી પ્રાચીનબર્હિષનું દષ્ટાન્ત આપ્યું તે યોગ્ય જ છે. તેથી જ ''હે પ્રજાપતિ ! હે રાજા ! તે નિર્દયે યજ્ઞમાં જે હજારો પશુઓની હત્યા કરેલી છે, તે જીવોના સમૂહને તું જો'' (અ.૨૫।૭) એમ પ્રાચીનબર્હિષને તેણે હણેલા પશુઓ નારદ દેખાડે છે તે પણ ઘટે છે. ઉપર જણાવેલ પાંચ પ્રકારના નિત્ય કર્મમાં હણાયેલા પશુઓની ઉત્તમ ગતિ થાય છે એવું શાસ્ત્રમાં કહેલું છે. પ્રાચીનબર્હિષે હણેલા પશુઓની તેવી ગતિ થઈ નથી(જુઓ અ.૨૫।૮) તેથી તેણે પાંચ પ્રકારના નિત્ય કર્મમાં આ પશુઓને હણેલા એમ માનવામાં એ શાસ્ત્રનાં વચનનો વિરોધ થાય [૧૯૧]

બારમાથી ચૌદમા સુધીના શ્લોકોમાં કાલ સમ્પૂર્ણ પ્રકારે સદા નાશ કરનારો છે તે જણાવેલ છે.

અહીં દિવસ તથા રાત્રિ ને ગન્ધર્વ તરીકે વર્ણવેલા છે અને સોળમા શ્લોકમાં તેઓની સાથે પ્રાણ યુદ્ધ કરે છે એમ કહેલું છે. તેનો એવો અભિપ્રાય છે કે કાલ સમ્પૂર્ણ પ્રકારે, સદા નાશ કરનારો છે. બાળપણમાં પણ તે નાશ કરે છે. છતાં પણ પ્રાણ મરણ થતાં અટકાવે છે, પરન્તુ ચાર પ્રકારના પ્રલયો પૈકી સદા મૃત્યુ કરનાર સ્વરૂપથી કાલની જે સદાની સ્થિતિ છે તેને અટકાવી શકતો નથી [૧૯૨]

ચૌદમા શ્લોક સુધીમાં એ પ્રમાણે કહી ૧૫-૧૭ સુધીના શ્લોકમાં એમ જણાવેલું છે કે સમ્પૂર્ણ પ્રકારે જે નાશ (કાલથી) થાય, તેને અટકાવનાર કારણ પ્રાણ જ છે, કારણ કે પ્રાણ રહે ત્યાં સુધી જ દેહ નભે છે, ઈન્દ્રિયોને પણ પ્રાણથી જ બલ પ્રાપ્ત થાય છે. ઈન્દ્રિયો અશક્ત થાય ત્યારે ચિન્તા કરાવનાર પ્રાણના ક્ષયનું જ્ઞાન જીવને થાય છે, ત્યારે સ્થૂલ પ્રાણનો ક્ષય થયો એમ તે જાણે છે. જેનાથી ઈન્દ્રિયો ઘણું કાર્ય કરવાની શક્તિવાળી રહે તે સ્થૂલ પ્રાણ છે અથવા ઈન્દ્રિયોમાં એવી શક્તિ હોવી એ જ પ્રાણનું સ્થૂલપણું જાણવું. માત્ર જિન્દગી નભાવે તે સૂક્ષ્મ પ્રાણ. તેથી ઈન્દ્રિયોમાં શક્તિ ન રહે, સ્થૂલપ્રાણના કાર્યરૂપ ઈન્દ્રિયોની શક્તિ જતી રહે ત્યારે તેનાં કારણરૂપ સ્થૂલ પ્રાણ રહ્યો નથી એવું અનુમાન થાય છે [૧૯૩]

એવી રીતે જીવને ચિન્તા કરાવનાર પ્રાણના ક્ષયનું જ્ઞાન થાય છે. તે સમયે પણ પ્રાણ અને ઈન્દ્રિયો સ્વરૂપથી હોય છે, અને તેમનાથી ભોગ થવાનું પણ સમ્ભવે, છતાં ઈન્દ્રિયોના પરિણામો, બુદ્ધિની ક્રિયાઓ તથા સ્ત્રી વગેરે કાળે કાં તો નાશ કરેલાં હોય છે અથવા તેમને નિરુપયોગી કરેલાં હોય છે. કેટલાકનો નાશ કરેલો હોય છે અને કેટલાકને નિરુપયોગી કરેલાં હોય છે. જો કે કાલ તો સદા ઉત્તમ છે, કારણ કે આનો વિનાશ થવામાં ઉપયોગી થાય તેવી કાંઈ પણ ક્રિયા તે સમયે કાલ કરતો નથી, અને તે જ સમયે બીજાની ઈન્દ્રિયોનાં બલ વગેરેની વૃદ્ધિ થયેલી જોવામાં આવે છે, છતાં પણ તેટલો (એકસો વર્ષનો) કાલ વ્યતીત થાય ત્યારે સર્વનાં ઈન્દ્રિયોનાં બલ વગેરે સર્વનો ક્ષય થાય છે, તેથી તે કાલે કરેલાં એમ કહેવાય છે, પરન્તુ ઈન્દ્રિયો વગેરે પોતે જ તેટલો કાલ વ્યતીત થતાં બલહીન થાય તેવાં છે.

ત્યારે તેટલો સમય વીત્યા પહેલાં જ તેવાં બલહીન કેમ થતાં નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પોતાના સમ્બન્ધવાળો તેટલો કાલ બલહીન થવામાં નિમિત્ત હોવાથી તેટલા સમય પહેલાં બલહીન થતાં નથી. છતાં ઈન્દ્રિયો વગેરે પોતે જ તેવાં છે, કારણ કે તેનો તે જ કાલ કોઈને એકસો વર્ષ સુધી અને કોઈને સોળ વગેરે વર્ષ સુધી બલવાળા રાખે છે એમ જોવામાં આવે છે. તેથી તેઓની ભિન્નતા કરાવનારું કંઈક અવશ્ય હોવું જોઈએ; અને તે કંઈક જુદા-જુદા દેહ સાથે સમ્બન્ધ કરનારો જુદો-જુદો પદાર્થ જ હોવો જોઈએ. કાલ સમાન હોવા છતાં કોઈકની ઈન્દ્રિયોની શક્તિનો ક્ષય થતો નથી, તેવા પ્રસંગો ઈશ્વરની ઈચ્છાથી અથવા પ્રારબ્ધથી થાય છે એમ જાણવું. અથવા અઢારમા શ્લોકમાં જે ક્ષુદ્ર ભોગ અને કાલના ભયનું અજ્ઞાન કહેલાં છે તે બે પોતાની મેળે જ એટલે

પ્રારબ્ધને લીધે જ થાય છે, પરન્તુ ઇન્દ્રિયોની શક્તિથી થતાં નથી [૧૯૪]

(૧. એકસો વર્ષ જીવાડનાર દેહ છે. દેહ ઉત્પન્ન થયા પછી તેની સાથે સમ્બન્ધમાં આવનાર જુદા-જુદા પદાર્થો ઇન્દ્રિયોની શક્તિ વગેરે કરાવનારા છે. આમ હોવાથી કાલ ઇન્દ્રિયોની શક્તિને ઉત્તેજિત કરનારો હો કે તેમાં માત્ર સહકારી હો, પરન્તુ તેને ઉત્પન્ન કરનાર તો ભોગ અથવા ભોગ કરવાનો પદાર્થ જ છે. તેથી 'પોતે જ'નો અર્થ ''ભોગને લીધે અથવા ભોગ કરવાના પદાર્થને લીધે'' એવો થાય છે.

૨. જીવને દેહનો સમ્બન્ધ થયા પછી થતા ભોગ કરવાના પદાર્થના અદૃષ્ટથી પ્રાપ્ત થયેલો ભોગ કરવાનો પદાર્થ : જેવા કે ભોજન ઘણું કરવાથી આળસ, વિરુદ્ધ ભોજન કરવાથી રોગ, થોડું ભોજન કરવાથી બલહીનપણું, જોઈએ તેટલું યોગ્ય ભોજન કરવાથી શક્તિ. —આવરણભંગ)

એ પ્રમાણે ઇન્દ્રિયોની શક્તિનો નાશ થવાનું જણાવી, ઓગણીસમા શ્લોકથી આરંભી દેહની શક્તિના નાશના કારણરૂપ ઘડપણનું નિરૂપણ કરે છે.

પહેલાં ચાર(૧૯-૨૨) શ્લોકોનું તાત્પર્ય એવું છે કે કાલની કન્યા જરા(ઘડપણ) દેવતા છે. તેણે પૂરૂ ઉપર અનુગ્રહ કરેલો, અને નારદને શાપ આપેલો(શ્લો.૨૨). આ દેવતા જરા; મૃત્યુ થવાનું છે એમ જણાવનારી છે. જ્યારે જરા દેહમાં પ્રવેશ કરે ત્યારે જ મૃત્યુ આવ્યું છે એવું ભાન થાય છે. જરા જ દેહની પણ અશક્તિ કરાવનારી છે. જરા આવે ત્યારે દેહની પણ અશક્તિ થાય છે. તેને દૂર કરવાનો કોઈ ઉપાય જ નથી એમ જણાવવા ત્રેવીસમા શ્લોકથી આરંભી અધ્યાયના અન્ત સુધી તેની કથા કહેલી છે. આવી રીતે આજ વિનાશકારી સામગ્રીનું સાન્નિધ્ય કરાવનારી છે. તેથી કાલને લીધે જીવની શક્તિનો નિગ્રહ થવો એ જ આ અધ્યાયનો અર્થ છે.

કેટલાક એમ માને છે કે આ જીવની શક્તિનો નિગ્રહ અ.૨૮।૨૨ સુધી કહેલો છે, પરન્તુ તે બરાબર નથી. આ અધ્યાયના અન્ત સુધી જ તે કહેલ છે. કારણ કે અહીં જીવની શક્તિનો જે નિગ્રહ વર્ણવેલો છે તે મુખ્ય પ્રયોજન હોવાથી વર્ણવેલો નથી પરન્તુ નાશ થવાનો છે તેના કારણ તરીકે વર્ણવેલો છે એમ તો તેઓએ પણ માનવું પડશે. અને તેથી અધ્યાયનો અર્થ નાશ છે એમ કહેવા કરતાં ઇન્દ્રિયો વગેરેની શક્તિઓના ઘટવાથી થતું નાશ કરનારાં સાધનોનું સાન્નિધ્ય જ આ અધ્યાયનો અર્થ છે એમ કહેવું વધારે યોગ્ય છે.

એમ હોય તો પણ અ.૨૮।૨૨ સુધી આ અધ્યાય ચાલુ છે એમ માનવું જોઈએ, પરન્તુ એમ કહેવું યોગ્ય નથી, કારણ કે આ અધ્યાયમાં નાશ કરનારા સાધનોનું સાન્નિધ્ય જ વર્ણવવાનું છે. તેવું સાન્નિધ્ય આ અધ્યાયના શ્લો.૩૦ માં કહેલા અર્થવાળું જ છે. તેથી ત્રીસ શ્લોકનો જ આ અધ્યાય છે. ત્યાર પછી ૨૮ મા અધ્યાયમાં નાશનું વર્ણન કરેલું છે [૧૯૫-૧૯૬]

**અધ્યાય ૨૮ ; વિનાશ :**

અઠ્ઠાવીસમા અધ્યાયનો અર્થ વિનાશ છે. તેના પહેલા પાંચ શ્લોકોમાં જે વિનાશ કરનાર 'ભય' નામના યવનરાજાના ભાઈ પ્રજ્વાર તથા યવનસૈનિકો કહેલા છે તે સ્વતન્ત્રતાથી નાશ કરનારા નથી, પરન્તુ પ્રજ્વાર એટલે જ્વર વગેરે રોગો સાથે મળી જરા જ સર્વ વિનાશ કરનારી છે, કારણ કે ગયા અધ્યાયના ઓગણત્રીસમા શ્લોકમાં ''મારા સૈન્ય સાથે તું જા'' એમ ભયે જરાને કહેલ. તેથી ભયના કહેવા પ્રમાણે પ્રજ્વાર(જ્વર) અને તેના સૈનિકો(રોગો) વિનાશ કરવામાં માત્ર જરા સાથે કાર્ય કરનારા જ છે, અને સર્વ વિનાશ કરનારી તો જરા જ છે. દેહની શક્તિ, બુદ્ધિ વગેરેનો નાશ કરનારી હોવા છતાં જરા પોતે એકલી સર્વવિનાશ કરી શકતી નથી. પરન્તુ પ્રજ્વાર અને સૈનિકો ની સહાયથી જ સર્વવિનાશ કરે છે. છતાં હરિના ભક્તના દેહનો વિનાશ કરી શકતી નથી.

જરા પ્રાપ્ત થાય કે તરત જ દેહનો નાશ થતો નથી, તેથી જરા તેનો નાશ કરનારી નથી, પરન્તુ 'જે જેના પછી તરત જ કહેલો છે તે તે છે' એ નિયમ પ્રમાણે ભય(મૃત્યુ) જ નાશ કરનારો છે, એવી શંકા થાય તો તે ખોટું છે. કારણ કે ચોથા શ્લોકમાં ''બધી પુરીને પીડા કરવા લાગી'' એમ સામાન્ય રીતે સૈનિકો દુઃખ દેવા લાગ્યા એમ કહીને પછી છઠ્ઠા શ્લોકમાં ''કન્યાથી ઘેરાયેલો અને તેથી કાન્તિરહિત થયેલો'' એમ કુયા(જરા)નું ખાસ નિરૂપણ કરેલું છે. તેનું તાત્પર્ય એવું છે કે કર્મ કરવાના અધિકારવાળા એટલે કર્મ કરવાની શક્તિવાળા શરીરમાં કાન્તિરહિતપણું વગેરે દોષો ઉત્પન્ન કરી જરા તેનો નાશ કરે જ છે [૧૯૭]

શંકા : શ્લોક ૧૮-૨૧ સુધીમાં પુરંજનને ચિન્તા થયાનું કહેલ છે. તે સમયે તેની પહેલાંની બુદ્ધિની ક્રિયાઓ હોવાનું સમ્ભવતું નથી, છતાં ''દીકરીઓ, પુત્રો, પૌત્રો, જમાઈઓ વગેરેમાં મમતા રાખી રહેલો''(શ્લો.૧૬) એમ કેમ કહેલું છે ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે પુત્રો વગેરે જે ચિન્તાના વિષયો અન્તઃકરણમાં વાસનારૂપે રહેલા તે સર્વનો નાશ થશે એમ માની તે ચિન્તા કરવા લાગ્યો. દેહ જ આત્મા છે એમ તે માનતો હતો. એવી માન્યતા જ બુદ્ધિની ક્રિયાઓ વગેરે સર્વનો નાશ કરાવનારી છે. દેહ જ આત્મા છે એવી તેની માન્યતા હોવાથી દેહનો નાશ થતાં સર્વનો નાશ થશે એવા વિચારથી તે ચિન્તા કરવા લાગ્યો. આ પહેલાં કહેલું ન હતું અને હવે કહે છે, કારણ કે દેહનો નાશ કરાવનાર ગળાનું રૂંધાવું અને (ખોરાક ન ઉતરવો વગેરે) તેનાં કાર્યો હવે થવા લાગ્યા અને તેથી તે દુઃખી થવા લાગ્યો. આવા સમયે પણ શ્લો.૧૮-૨૧ માં જણાવ્યા પ્રમાણે તે ચિન્તા કરવા લાગ્યો, તે કથા એમ જણાવવા કહેલી છે કે મરણના સમયે પણ તેને ભગવાન્ શ્રીકૃષ્ણનું સ્મરણ થતું નથી. જીવ જ્યારે દેહમાંથી નીકળી જાય છે ત્યારે તેની પાછળ પ્રાણ, ઈન્દ્રિયો, બુદ્ધિ પણ નીકળી જાય છે. જીવ બ્રહ્મનો અંશ હોવાથી તેને નીકળી જવું પડે તે યોગ્ય નથી, છતાં પણ યમ પોતાના અધિકારને લીધે તેને બલપૂર્વક શરીરમાંથી

બહાર કાઢે છે, એટલે જીવનું દેહમાંથી નીકળવું યમને અધીન છે [૧૯૮-૧૯૯ા।]

શંકા : 'પશુ' યજ્ઞ નિત્ય કર્મ છે. શાસ્ત્રમાં તેવા યજ્ઞ કરવાની આજ્ઞા છે. છતાં ''આ દયાહીને જે યજ્ઞના પશુઓનો વધ કરેલો તેઓ આનાં તે પાપનું સ્મરણ કરતાં, ક્રોધ કરી તેને કુહાડાથી કાપે છે''(શ્લો.૨૬) એ વાક્ય કેમ ઘટે ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે નિત્ય યજ્ઞ પણ જો વિધિ વિના એટલે શાસ્ત્રમાં કહેલ હોય તેથી જુદા પ્રકારે કરવામાં આવે, તો તે નરક જ પ્રાપ્ત કરાવે છે, પણ વિધિ પ્રમાણે કરવામાં આવે તો તેમ થતું નથી [૧૯૯ા।-૨૦૦]

સત્તાવીસમા શ્લોકથી એમ જણાવેલું છે કે જીવ કુટુમ્બનું પોષણ કરવાના ફલનો લાંબા સમય સુધી અનુભવ કરીને, ''દેહ જ આત્મા છે'' એવી બુદ્ધિ દઢ હોવાને લીધે, ''અન્ત સમયે જે-જે પદાર્થનું સ્મરણ કરતાં દેહ તજે છે તે -તે પદાર્થ જ પ્રાપ્ત કરે છે'' (ભગ.ગીતા ૮।૬) એ ભગવદ્વાક્ય પ્રમાણે ફરીથી પ્રાકૃત દેહ ધારણ કરી જન્મે છે. એ પ્રમાણે વારંવાર જન્મ મરણ પ્રાપ્ત કર્યા કરે છે એ પ્રમાણે સંસારના માર્ગનું વર્ણન પુરુ કરેલું છે.

બીજા જન્મોમાંની તેની અંદરની અને બહારની સ્થિતિનું નિરૂપણ કરેલું નથી કારણ કે પુરંજનની અંદરની અને બહારની સ્થિતિ ઉપર કહેલી જ છે. તેથી હવે જે માર્ગે તે મુક્તિ પ્રાપ્ત કરે છે તે માર્ગનું શ્લો.૨૮ થી આરંભી વર્ણન કરે છે [૨૦૧-૨૦૨।।]

શંકા : સંસારમાર્ગ અને મુક્તિમાર્ગ માં એવો જ ભેદ છે કે સંસારમાર્ગ બહારનો છે, જ્યારે મુક્તિમાર્ગ અંદરનો છે, બીજો કોઈ ભેદ નથી. તેથી સંસારમાર્ગના જેવો જ મુક્તિમાર્ગ છે, પરન્તુ મુક્તિમાર્ગ અંદરના વિચારથી ગ્રહણ થતો હોવાથી અંદરનો છે, જ્યારે સંસારમાર્ગ બહારના વિચારથી ગ્રહણ થતો હોવાથી બહારનો છે, એવો ભેદ છે. તેથી સંસારમાર્ગના નિયમો જ લાગુ પાડવાથી મુક્તિમાર્ગ પણ જાણી શકાય તેવો હોવાથી તેનું વર્ણન કરવું નકામું છે.

કારણ કે સંસારમાર્ગમાં દેહ જ આત્મા છે એવી બુદ્ધિના સંગથી અને ઈન્દ્રિયો વગેરેને આત્મા માનવાને લીધે જેમ તેઓનાં પરિણામો અને ક્રિયાઓ ને પુત્ર અને પુત્રીઓ કહેલાં છે, તેમ મુક્તિમાર્ગમાં ભગવાન્ આત્મા છે એવી બુદ્ધિ હોવાથી તેમનામાં સ્નેહ થતાં, તેમનો ઉપદેશ કરનાર ગુરુના સંગથી હરિની સેવામાં રુચિ-શ્રવણ વગેરે રૂપ સન્તાનો છે.

જેમ સંસારમાર્ગમાં પ્રજ્વાર વગેરે અંદરથી અને બહારથી દુઃખ કરનારા છે, તેવો મુક્તિમાર્ગમાં તે દુઃખને દૂર કરનારો અંદરનો અને બહારનો વૈરાગ્ય છે.

જેમ સંસારમાર્ગમાં ગન્ધર્વો આયુષ્યનો ક્ષય કરનારા છે તેમ મુક્તિમાર્ગમાં ભગવાનની ભક્તિ તેનો ક્ષય અટકાવનારી છે એવું ''તેના વિના જે ક્ષણ વ્યતીત થાય છે...'' (૨।૩।૧૭) એ વાક્યથી કહેલું છે.

સંસારમાર્ગમાં જેમ જરા ઈન્દ્રિયોને નબળી કરે છે, તેમ મુક્તિમાર્ગમાં યોગથી તેઓના ઉપર વિજય પ્રાપ્ત થાય છે. સંસારમાર્ગમાં જેમ પ્રાકૃત બુદ્ધિથી પ્રાકૃત થવાય છે, તેમ મુક્તિમાર્ગમાં આત્મા બ્રહ્મ છે એવી બુદ્ધિથી બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

જો મુક્તિમાર્ગનું વિશેષ પ્રકારે વર્ણન જ કરવું ઈચ્છેલું હોય, તો જેમ ઈન્દ્રિયોના પરિણામો વગેરે અંદરના વિષયોનું; પુત્રો વગેરે બહારના વિષયો તરીકે વર્ણન કર્યું, તેવી રીતે બહારના જ વિષયોનું અંદરના વિષયો તરીકે વર્ણન કરવું યોગ્ય ગણાય. આમ હોવાથી પુરંજન જે સ્ત્રી તરીકે જુમ્યો, તેના સમ્બન્ધી પણ સર્વ સ્પષ્ટ સમજાય તેમ હોવાથી વર્ણન કરવું નકામું છે.

વળી પહેલાં સંસારમાર્ગનું વર્ણન કરતાં અંદરના વિષયોનું બહારના વિષયો તરીકે વર્ણન કર્યું, અને મુક્તિમાર્ગમાં સત્સંગ વગેરે બહારના પદાર્થોનું જો બહારના તરીકે જ વર્ણન કરવામાં આવે, તો અર્થમાં ગૂઢપણું ન રહે પરન્તુ માત્ર શબ્દમાં જ ગૂઢપણું રહે, એટલે જે ગૂઢ અર્થ કહેવાનો આરંભ કરેલ તેનો વિરોધ થાય

—એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જો કે એમ બન્ને માર્ગમાં સમાનતા જ છે, છતાં પ્રાચીનબર્હિષમાં તે બેનો ભેદ જાણવાની શક્તિ ન હોવાથી, હરકોઈ પ્રકારે ગૂઢ અર્થ કહેવાનું સ્વીકારીને જ મુક્તિમાર્ગનું વર્ણન કરેલું છે. પ્રાચીનબર્હિષ કર્મમાં આસક્તિવાળો હોવાથી બે માર્ગ સમાન હોવા છતાં (એક માર્ગના વર્ણનથી) તે બેનો ભેદ જાણવાની શક્તિરહિત હોય તે યોગ્ય જ છે.

શંકા : અંદરના બુદ્ધિ વગેરે પદાર્થોનું બહારના સ્ત્રી વગેરે પદાર્થો તરીકે વર્ણન કરીને ગૂઢ અર્થ કહ્યો. આ મુક્તિમાર્ગમાં તો સત્સંગ-શ્રવણ વગેરે બહારના પદાર્થોનું બહારના પદાર્થો તરીકે જ વર્ણન કરવામાં આવશે, તો પછી કથાનું ગૂઢ અર્થવાળું હોવાપણું ક્યાં રહ્યું ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે અહીં ભગવાનના ધર્મોના સમ્બન્ધને લીધે મુક્તિ થવાનું કહેવાનું છે, અને તે સમ્બન્ધ બહારનો અને અંદરનો એવા ભેદથી બે પ્રકારનો છે. તે પૈકી બહારનો સમ્બન્ધ પણ અંદરનો જ છે એમ જાણવું, કારણ કે ''આના સંગથી હું કૃતાર્થ થાઉં'' એવી બુદ્ધિ થયા પછી જ થયેલો સત્પુરુષનો સમ્બન્ધ મુક્તિ પ્રાપ્ત કરાવનારો થાય છે. જો તેમ ન હોય તો ભક્તનો દ્રોહ કરવા માટે કરેલો સત્પુરુષનો સંગ પણ મુક્તિ પ્રાપ્ત કરાવે, પરન્તુ તેમ થતું નથી, કારણ કે તે

નરકમાં નખાવે છે. તેથી મુક્તિમાર્ગમાં બહારના તરીકે જણાતા પણ સત્સંગ વગેરે અંદરના જ હોવાથી, તેઓનું બહારના તરીકે વર્ણન કરવામાં આવે તેમાં પહેલાં કરતાં કોઈ ભેદ થતો નથી. આથી, સ્ત્રી તરીકે જન્મેલ હોય તેને મુક્તિ પ્રાપ્ત થવાનું કહેવું એ બીજા શાસ્ત્રથી વિરુદ્ધ છે -- એવી શંકા પણ ખોટી ઠરે છે, કારણ કે અહીં દેહના ધર્મનું સ્ત્રી તરીકે વર્ણન કરેલું નથી, પરન્તુ આત્માના ધર્મનું તેવું વર્ણન કરેલું છે; અને આત્માના સમ્બન્ધમાં તેની સ્વતન્ત્રતા એ પુરુષપણું અને પરતન્ત્રતા એ સ્ત્રીપણું છે, એમ ઉપર(કારિ.૧૭૮ માં) કહેલું છે. આનું તેની સાથે અનુસન્ધાન કરવું. તેથી પુરુષ વગેરે તરીકે જેનું વર્ણન કરેલું છે તે બહારના પદાર્થો જ્યારે અંદરના થઈ સ્ત્રી તરીકે ઉત્પન્ન થાય, ત્યારે તેમાં કાંઈ ભેદ થતો નથી.

ત્યારે સ્ત્રીનું પરતન્ત્રપણું જુદું કેમ વર્ણવેલું નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તે ભગવાનને અથવા ભગવદીયને અધીન છે એવું સ્ત્રીનું વર્ણન કરેલું છે તે જ તેના પરતન્ત્રપણાનું વર્ણન હોવાથી, પરતન્ત્રપણાનું જુદું વર્ણન કરવાનું જરૂરી નથી. આ પ્રમાણે આ પ્રકરણ સમ્પૂર્ણ રીતે ગૂઢ અર્થવાળું છે.

'સત્સંગ વગેરે બહારના પદાર્થો બહારના તરીકે જ વર્ણવેલા છે' એવા મત પ્રમાણે તે બહારના હોવાથી સંગ વગેરેનો અર્થ ગૂઢ નથી, છતાં પણ ''મલયધ્વજ પરણ્યો''(શ્લો.૨૯) વગેરે શબ્દોથી તે કહેલ હોવાથી, માત્ર શબ્દના સમ્બન્ધમાં ગૂઢપણું રહે છે [૨૦૩-૨૦૩।।]

આ પ્રમાણે આ પ્રકરણ ગૂઢ અર્થવાળું હોવાનું જણાવ્યું. હવે પુરંજનના સ્ત્રી તરીકેના જન્મનો વિચાર કરીએ.

ઉપર જણાવ્યું તે પ્રકારે પુરુષપણું વગેરેમાં કાંઈ ભેદ નથી, છતાં ''ઉત્તમ સ્ત્રી થઈ''(શ્લો.૨૯) એમ તેની પ્રાકૃત સ્થિતિ કહીને, વચ્ચે બીજા જન્મોનું વર્ણન ન કરતાં, સ્ત્રી થયા પછીનો વૃતાન્ત કહ્યો, તેથી એવો નિર્ણય થાય છે કે તે સ્ત્રીનો જન્મ પ્રાપ્ત કરેલ પુરંજનની જ કથા છે. પુરંજન જેવા સંસારી જીવને મોક્ષ પ્રાપ્ત થાય તે સમ્ભવતું ન હોવાથી, તેનાં સ્ત્રી તરીકેના જન્મનું વર્ણન જુદા આરંભથી કરવામાં આવે છે.

ભગવાનની ઈચ્છાથી તેનો જન્મ દેવાલય વગેરે સ્થાનમાં ભગવાનના સેવકોમાં થયો, અને તેથી શ્રીકૃષ્ણના કાર્યો કરવામાં તેને ભક્તોનો સંગ થયો. જો કે સંસારી જીવને પ્રાકૃત સ્થિતિમાં આવો જન્મ થવાનું સમ્ભવતું નથી, છતાં પણ ભગવાનની ઈચ્છાથી તેનો આવો જન્મ થયો જ. જો પ્રાકૃત સ્થિતિમાં જ ભગવાનની કૃપા ન થાય, અને અપ્રાકૃત સ્થિતિમાં જ થાય, તો જીવ ઉપર કોઈ પણ સમયે ભગવાનની કૃપા થાય જ નહિ; કારણ કે અપ્રાકૃત સ્થિતિ થાય ત્યારે જ ભગવાનની કૃપા થાય અને ભગવાનની કૃપા થાય ત્યારે જ પ્રાકૃત સ્થિતિ ટળી અપ્રાકૃત સ્થિતિ

થાય એટલે ભગવાનની કૃપા થવી અને અપ્રાકૃત સ્થિતિ થવી એ બન્નેનો એક–બીજા ઉપર આધાર રહે. તેથી પહેલાં ભગવાનની કૃપા થાય એ જ યોગ્ય છે.

ભગવાનની કૃપા થતાં સંસારી જીવ અવિવેકથી એટલે ભગવાનનું કાર્ય અલૌકિક છે એવાં ભાન વિના શ્રીકૃષ્ણની સેવાના કાર્યોમાં ભગવાનના ભક્તો સાથે જોડાય છે. આવા અવિવેકથી જ સંસારી જીવ તરીકે ઓળખાતાનો તેનો જન્મ ભક્તોમાં થાય છે. દક્ષિણમાં વિદર્ભ દેશમાં (શ્લો.૨૯) તેનો જન્મ થયાનું કહેલું છે તે પણ આ પ્રયોજનથી કહેલું છે. કારણ કે દક્ષિણ દેશ સિવાય બીજે ભગવાનની પૂજાનો પ્રવાહ હોતો નથી. દક્ષિણમાં ભક્તોમાં તે સ્ત્રી તરીકે જન્મ્યો એટલે તે શ્રીકૃષ્ણના કાર્યો કરવામાં ભક્તો સાથે જોડાયો [૨૦૩।।–૨૦૪।।]

પછીના ત્રીસમા શ્લોકનો એવો અર્થ થાય છે કે શ્રીકૃષ્ણ ની સેવાનાં કાર્યોમાં લાગેલાને તેને શ્રીકૃષ્ણમાં પ્રેમ થયો, એટલે શ્રવણ કીર્તન સ્મરણ પાદસેવન અર્ચન વન્દન અને દાસ્ય એ સાત પ્રકારની ભક્તિ થઈ. એ પ્રમાણે સદા એ સાત પ્રકારની ભક્તિ કરવામાં આવતાં તે દરેકના કરોડો પ્રકારો થયા. આથી એમ જણાવેલું છે કે શ્રવણ વગેરે એકવાર કરવાથી તેના ઘણા પ્રકારો થતાં નથી, પરન્તુ વારંવાર કરવાથી તેના ઘણા પ્રકારો થાય છે. એટલે કરોડો વાર શ્રવણ વગેરે કરવામાં આવે ત્યારે જ પુરુષાર્થ પ્રાપ્ત કરાવે છે, એકવાર કરવાથી પ્રાપ્ત કરાવતા નથી(શ્લો.૩૧).

બત્રીસમા શ્લોકનો એવો અર્થ થાય છે કે ભગવાનના કાર્યનું ચિન્તન કરતાં તેના મનમાં ભગવાન્ ઉપર દઢ પ્રેમ થયો. પહેલાં તો પોતાના અધિકારને લીધે ભગવાનનું કાર્ય હરકોઈ પ્રકારે કરવું એવી બુદ્ધિથી તે એ કાર્ય કરતો, અને પુત્રો વગેરે બીજા પાસે તે કાર્ય કરાવવામાં મૌન રાખતો (બીજા પાસે કરાવતો નહિ). ત્યાર પછી સદા ભગવાનનાં કાર્યનું ચિન્તન કરવાથી તેના મનમાં ભગવાન્ ઉપર પ્રેમ થયો, અને તે પણ દૂર ન થાય તેવો દઢ થયો. આ પ્રેમને લીધે સેવા કરનાર બીજું કોઈ હોય તો પણ પોતે સેવા કર્યા વિના રહી શકતો ન હતો. તેવો દઢ ભગવાન્‌માં પ્રેમ થયો ત્યારે બીજાઓ સેવામાં વિઘ્ન કરશે એવા જ્ઞાનને લીધે સ્વભાવથી જ બીજાઓમાં વૈરાગ્ય થયો. પછી ભક્તો સાથે જ સંગ કરતો; અને તેમની પાસેથી સદા ભગવાનની કથાનું શ્રવણ કરવાથી ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થઈને પછી ભગવાન્ ઉપર ઘણો જ દઢ સર્વથી અધિક સ્નેહ થયો. તેવા સ્નેહથી ભગવાનની ભક્તિ કરવા લાગ્યો. આથી એમ જણાવ્યું કે તેના પ્રાણ ઈન્દ્રિય અને અન્તઃકરણ ના અધ્યાસો દૂર થયા, કારણ કે ભગવાન્ પ્રાણથી પણ અધિક પ્રિય થયા અને ઈન્દ્રિયોનો ભગવાન્ માટે જ ઉપયોગ કરવા લાગ્યો [૨૦૪।।–૨૦૬।।]

પછી મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર પ્રકારના અન્તઃકરણ પૈકી અહંકાર જ બાકી રહ્યો. ''હું મારા પ્રયાસથી જ સર્વ પ્રાપ્ત કરીશ'' એવા પ્રકારનો અહંકાર બાકી રહ્યો. તેત્રીસમા શ્લોકથી આરંભી તે દૂર કરવાનો પ્રકાર કહેલો છે.

અહંકારને લીધે જે પ્રવૃત્તિ કરે છે તેને જે ક્લેશ થાય છે તેનું આ શ્લોકથી આરંભી વર્ણન કરેલું છે. જો ભગવાનને અધીન થઈ રહે, તો તેમ રહેવાથી જ સર્વ પુરુષાર્થ સિદ્ધ થાય. ''હું; મેં પોતે પ્રાપ્ત કરેલાં સાધનોથી પુરુષાર્થ પ્રાપ્ત કરીશ'' એવા વિચારથી પ્રમાણ ઉપર આધાર રાખી પ્રવૃત્તિ કરનારને આધિભૌતિક વગેરે જે ક્લેશ થાય છે તે અહીંથી કહેલાં છે. આ શ્લોકમાં અહંકારના કાર્યરૂપ શ્રીકૃષ્ણનું જે કાર્ય, તેને 'મલયધ્વજ' કહેલ છે, અને તેથી જ 'કુલાચલ'(શ્લો.૩૩) 'મદિરેક્ષણા'(શ્લો.૩૪) એ શબ્દો યોજેલા છે. કાર્ય (શ્રીકૃષ્ણનું કાર્ય = મલયધ્વજ) અને તેનું કારણ(અહંકાર) બે એક હોવાથી, તે (મલયધ્વજ)ને જ અહંકાર પણ કહેલ છે. પુત્રનો પણ ત્યાગ કરેલ હોવાનું (શ્લો.૩૪) કહેલ હોવાથી, પહેલાંની પેઠે શ્રવણ વગેરે પણ કરતો નથી એમ જણાવ્યું. ''શ્રીકૃષ્ણને પ્રસન્ન કરવાની ઈચ્છાથી''(શ્લો.૩૩) એમ કહેલું હોવાથી શ્રવણ વગેરેનો સમ્પૂર્ણ ત્યાગ કરેલ નથી, અને તેથી જ અહંકારને લીધે તે કરવાની પ્રવૃત્તિ કરનાર કહેલ છે.

કેટલાક સમય પછી સાત્ત્વિક અન્તઃકરણમાં ''ક્યાં ઘણો નીચ હું અને ક્યાં બ્રહ્મા વગેરેને પ્રાપ્ત થવા દુર્લભ ભગવાન્ !'' એવા પ્રકારના ભગવાનના માહાત્મ્યનો અનુભવ થતાં, દીનતા પ્રકટ થવાથી ''હું મારા પ્રયાસથી પ્રાપ્ત કરીશ'' એવા પ્રકારના અહંકારનો નાશ થાય છે, અને ''મારા જેવા નીચથી ભગવાનની સેવા કેમ થશે ?'' એવી ચિન્તા થાય છે. પહેલાં જે ચિન્તા થતી તે તો પોતે જ ભજન કરવા યોગ્ય ન હોવાથી થતી. ત્યાર પછી હવે ઉપર જણાવ્યા પ્રમાણે, ભગવાન્ પ્રાપ્ત થવા બહુ કઠણ છે, એવા જ્ઞાનને લીધે ભજન છોડી દે, તો ભક્તિમાર્ગનો નાશ થતાં સર્વ પુરુષાર્થોનો નાશ થશે, એવા વિચારથી ઘણી ભારે ચિન્તા થવા લાગી. એ ચિન્તાને લીધે જ ઘણું દુઃખ થવા લાગ્યું. ૪૬ મા શ્લોકથી આ અર્થ કહેલો છે [૨૦૬।।-૨૦૮]

૪૨ મા શ્લોકમાં અહંકારનો નાશ (મલયધ્વજનું મૃત્યુ) થયાનું કહ્યું. ત્યાર પછી પણ તે શ્રીકૃષ્ણનું કાર્ય અહંકારથી કરતો હોવાનું કહ્યું તે અયોગ્ય છે, એવી શંકા થાય, તો જાણવું કે અહંકારનો અંશ રહેવાથી તેણે ફરી તે જ પ્રમાણે શ્રીકૃષ્ણનું કાર્ય કર્યું. અહીં મલયધ્વજનું મૃત શરીર જ અહંકારનો અંશ છે. તેને લીધે ''મારી દીનતાથી જ ભગવાન્ પ્રસન્ન થશે'' એવા વિચારથી શ્રીકૃષ્ણનું કાર્ય કરવા લાગ્યો, છતાં પણ ભગવાનની પ્રાપ્તિ થઈ નહિ. ત્યારે તે અહંકારના અંશનો પણ નાશ થયો. મલયધ્વજના શરીરને ચિતામાં બાળ્યું એ અહંકારનો પણ નાશ. એ પ્રમાણે અહંકારના અંશનો નાશ થતાં ''બધું ભગવાનને અધીન છે, અને ભગવાનને પ્રસન્ન કરવા બહુ જ કઠણ હોવાથી મારાથી કાંઈ પણ થઈ શકે તેમ નથી'' એવા વિચારથી, પોતાનાં સ્વરૂપનું જ્ઞાન ન હોવાથી પોતાના નાશનો જ વિચાર કરતો હતો, ત્યારે અન્તર્યામી હરિ પોતે જ તેની પાસે પ્રકટ થયા. અવિદ્યાના પહેલા અવયવરૂપ સ્વરૂપાજ્ઞાનનો હરિએ પોતે જ નાશ કર્યો, એટલે પોતાનાં સ્વરૂપનું જ્ઞાન થયું, અને બીજા કોઈથી નાશ ન થાય તેવા અહંકારનો નાશ હરિએ કર્યો [૨૦૯-૨૦૯।।]

''પાંચ બગીચા પાંચ ઈન્દ્રિયોનાં વિષયો છે...''(શ્લો.૫૭) વગેરેથી વ્યાખ્યાન કરેલું છે

તેનું કાંઈ પ્રયોજન નથી, કારણ કે અન્તર્યામીનો સાક્ષાત્કાર થતાં, અધિકારવાળા જીવને પોતાની મેળે જ તેનું જ્ઞાન થાય છે, એવી શંકા થાય, તો જાણવું કે વ્યાખ્યાન કર્યું ત્યારે જ તેને જ્ઞાન થયું. વ્યાખ્યાન વિના જ્ઞાન ન થાત કારણ કે વાક્યનો અર્થ છૂપો હોય તેવાં વાક્યથી સમ્પૂર્ણ સૂક્ષ્મ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેને સર્વ પદાર્થોનું યથાર્થ જ્ઞાન ન હોવાથી, તેવી રીતે વ્યાખ્યાન કરવું યોગ્ય જ છે. અન્તર્યામીનું પ્રાકટ્ય તો માત્ર જ્ઞાન કરાવવા જ થયેલું તેથી તેના માત્ર પ્રકટ થવાથી જ સર્વ જ્ઞાન થાય નહિ. માત્ર પ્રાકટ્યથી જ જ્ઞાન કરાવે તેવું પ્રમેય બલ તો પુરુષોત્તમમાં જ છે, અને તે પણ પુરુષોત્તમે પ્રકટ કરેલું હોય ત્યારે જ કાર્ય સિદ્ધ કરે છે. તેથી, પુરુષોત્તમે પ્રમેયબલ પ્રકટ કરેલ ન હોવાથી જ, મુચુકુન્દને શ્રીકૃષ્ણના દર્શન થવા છતાં મુક્તિમાં વિલમ્બ થએલ, એમ તેની કથામાં (જુઓ ૧૦।૪૯।૬૪) કહેલું છે. આ તો અન્તર્યામી પ્રકટ થએલ તેથી વ્યાખ્યાન કરવું યોગ્ય જ છે.

શંકા : ત્યારે જેમ અન્તર્યામીએ કરેલાં વ્યાખ્યાનથી વૈદર્ભીથયેલ પુરંજનને જ્ઞાન થયું, તેમ બર્હિષદને તે વ્યાખ્યાન સાંભળવાથી જ્ઞાન કેમ ન થયું ?(જુઓ અ.૨૯।૧) એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે પુરંજન શું કરવા યોગ્ય છે એ સર્વ વિષયમાં તદ્દન મૂઢ હતો(શું કરવું યોગ્ય અને શું નહિ તે કાંઈ જાણતો જ ન હતો), અને તેથી વ્યાખ્યાન કરી ગૂઢ અર્થ કહ્યો તે ઉપરથી જ તેને જ્ઞાન થયું. જ્યારે આ બર્હિષદે તો એવો નિશ્ચય કરેલો કે કર્મ જ કરવું જોઈએ, અને બીજું કાંઈ કરવું યોગ્ય નથી. આવા નિશ્ચયને લીધે તે જડ જેવો થયેલો, તેથી વિરુદ્ધ જ્ઞાનવાળો હોવાથી એ વ્યાખ્યાનથી તેને જ્ઞાન ન થયું. જડને જ્ઞાન ન થાય તે યોગ્ય જ છે. એવી રીતે શ્રીકૃષ્ણની કૃપાથી આ પુરંજનને જીવન્મુક્તિ પ્રાપ્ત થઈ(શ્લો.૬૪). જો ભગવાન્ ઘણી કૃપા કરે તો ભક્તિનું પણ તે જ સમયે દાન કરી પોતે પ્રકટ થઈ પરમ મુક્તિનું પણ દાન કરે, પરન્તુ પુરંજન ઉપર ઓછી જ કૃપા કરેલી હોવાથી તેને જીવન્મુક્તિ જ પ્રાપ્ત થઈ [૨૦૯।।-૨૧૧]

પછી આ માત્ર પુરંજનની કથા જ કહી છે એમ બર્હિષદ ન માને તે માટે નારદ તેને કહે છે કે (આ કથા કહી) તેણે વસ્તુતઃ તેને અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ જ કરેલો છે(શ્લો.૬૫); કારણ કે બર્હિષદ તેને માત્ર કથા જ જાણે તો તેને અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા જ ન થાય અને તેથી નારદે કહેલ બધી કથા વ્યર્થ થાય. તેથી હું આ સમજ્યો નથી એમ બર્હિષદ જાણે, અને તેથી તેને જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય તે માટે મેં તને આ કથા કહી અધ્યાત્મજ્ઞાનનો જ ઉપદેશ કરેલો છે એમ નારદે તેને કહેલું છે.

**અધ્યાય ૨૯; સન્દેહ નિવૃત્તિ અને ફલ પ્રાપ્તિ :**

અઠ્ઠાવીસમા અધ્યાયના શ્લો.૫૭ થી આરંભી ગૂઢ અર્થવાળી કથાના થોડા ભાગનું વ્યાખ્યાન કરી તેનો અર્થ સ્પષ્ટ કરેલ છે, બાકીની કથાનો અર્થ સ્પષ્ટ કરેલ નથી, તેથી તે ગૂઢ અર્થવાળી નથી

એમ ન માનવું. બર્હિષદના મનની પરીક્ષા કરવામાટે પ્રાણ અને ઇન્દ્રિયો સુધી બ્રાહ્મણનાં વચનદ્વારા નારદે વ્યાખ્યાન કર્યું. એ વ્યાખ્યાન એવા હેતુથી કરેલું કે જો બર્હિષદને તેટલા વ્યાખ્યાનથી જ્ઞાન પ્રાપ્ત થાય તો પછી તેને પરમ મુક્તિ પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય તેવો ઉપદેશ કરવો, પરન્તુ જો તેટલાંથી તેને જ્ઞાન ન થાય તો વિસ્તારથી બાકીની કથાનું પણ વ્યાખ્યાન કરવું. ઓગણત્રીસમા અધ્યાયનો પહેલો શ્લોક બર્હિષદે કહ્યો તેથી તેને જ્ઞાન થયું નથી એમ જણાતાં, નારદે પાછી ગૂઢ અર્થવાળી કથા કહેવી પડતી મૂકી, કહેલી બધી કથાનું સ્પષ્ટ વ્યાખ્યાન કર્યું. કારણ કે હરકોઈ પ્રકારે બર્હિષદને જ્ઞાન કરાવવું હતું. વ્યાખ્યાન પોતે ફલરૂપ નથી, પણ જ્ઞાન કરાવનારું છે અને તે થોડું જ કરેલું. તેટલાથી જ્ઞાન ન પણ થાય. નારદે પછી વિસ્તારથી છૂપા અર્થને સ્પષ્ટ કહ્યો (શ્લો.૨-૨૮) તેમાં ૨૪ મા શ્લોક સુધી પહેલાના જન્મનો વૃત્તાન્ત કહ્યો. ૨૫ મા શ્લોકમાં દોષનું વર્ણન કરેલું છે. ૨૬ મા શ્લોકમાં પ્રાણ વગેરેના ગુણોને પોતાના ગુણો માનવામાં કારણરૂપ થયેલ સ્વરૂપના અજ્ઞાનનું વર્ણન કર્યું છે. ૨૭ મા શ્લોકમાં ગુણોના અભિમાનને લીધે તે જે કર્મો કરે છે તે કહેલ છે. ૨૮ તથા ૨૯ મા શ્લોકમાં તેને એવા કર્મોથી પ્રાપ્ત થતાં બે પ્રકારનાં ફલનું વર્ણન કરેલું છે. બર્હિષદ કર્મમાં આસક્તિને લીધે જડ થએલો હોવાથી થોડાં વ્યાખ્યાનથી તેને જ્ઞાન ન જ થયું. તેથી ૨૯ મા શ્લોકથી આરંભી છૂપા અર્થવાળી કથામાં કહેલ અર્થથી, અધિક અર્થ તેને નારદે કહેલ છે. ૩૦ મા શ્લોકમાં તેને ઘેર-ઘેર ભટકતા કૂતરા જેવો કહેલો છે, અને ૩૧મા શ્લોકમાં તેવા કૂતરાની પેઠે જીવ પણ કર્મ પ્રમાણે સારાં અથવા ખરાબ ફલ પ્રાપ્ત કરે છે એમ કહેલું છે. પછી મુક્તિ પ્રાપ્ત થાય ત્યાં સુધી દુઃખની પરમ્પરા જ ચાલુ રહે છે એમ ૩૨ મા શ્લોકમાં કહી, ૩૩ મા શ્લોકમાં એમ કહે છે કે ભગવાનની ભક્તિ સિવાય દુઃખ દૂર કરવાના બીજા ઉપાયોથી દુઃખ દૂર થતું નથી. એ બીજા ઉપાયો તો માથા ઉપરનો ભાર ખભા ઉપર મૂકવા જેવા જ છે એવાં દૃષ્ટાન્તથી એ વિષય ઉત્તમ પ્રકારે સમજાવ્યો છે. પછી ૩૪ તથા ૩૫ મા શ્લોકથી દુઃખનાં કારણોનો નિશ્ચય કરી, ૩૬મા શ્લોકમાં ભગવાનની ભક્તિ જ દુઃખ દૂર કરવાનો ઉપાય છે એમ જણાવેલું છે. પછી ૩૭-૪૧ સુધીના પાંચ શ્લોકથી દુઃખ દૂર કરવાના ઉપાયરૂપ ભક્તિ પ્રાપ્ત કરવાનું સાધન ભગવાનની કથાનું શ્રવણ છે, એમ કહી ૪૨-૪૫ સુધીના શ્લોકોથી ભક્તિ સિવાયના બધા સાધનો ભગવાનની પ્રાપ્તિ કરાવી શકતા નથી અને નડતરરૂપ છે એમ જણાવેલું છે. પછી ભક્તિમાર્ગમાં ભગવાનની કૃપા જ ભગવાનને પ્રાપ્ત કરવાનું મુખ્ય સાધન છે એમ ૪૬ મા શ્લોકમાં જણાવી, ૪૭ મા શ્લોકમાં વૈદિક કર્મો બર્હિષદ કરતો હતો, તેનો ત્યાગ કરવાનો ઉપદેશ કરેલો છે. પછી ૪૮ તથા ૪૯ એ બે શ્લોકોથી એમ જણાવેલ છે કે પુરુષાર્થ પ્રાપ્ત કરવાનું સાધન કર્મ છે એવું આ કથા શ્રવણ કરનાર બર્હિષદને જે જ્ઞાન હતું તે માત્ર ભ્રમ હતો, અને પછીના અઢી(૪૮।।-૫૧) શ્લોકોથી સત્ય કર્મનો નિર્ણય તથા અભય પ્રાપ્ત કરાવનાર શ્રીહરિના ચરણારવિન્દ જ છે એવો નિર્ણય કરેલો છે. પછી પુત્રો તપ કરી પાછા આવે ત્યાં સુધી બર્હિષદ રાજ્ય ચલાવવા રોકાઈ ન રહે તે માટે શ્લોક ૫૩ માં નારદ તેને હરણનું દૃષ્ટાન્ત આપે છે અને શ્લોક ૫૪ માં તે બર્હિષદને જ લાગુ પાડી તે અને ત્યાર પછીના ૫૫ મા શ્લોકથી રાજ્ય વગેરેનો ત્યાગ કરી ઘરમાંથી તરત જ નીકળી જવાનો ઉપદેશ કરે છે [૨૧૨-૨૧૭।।]

**બર્હિષદ ''આત્મા કર્મનો કર્તા નથી'' એમ માનતો હોવાથી તેને શંકા થાય છે. તે એવી શંકા કરે છે કે :**

૧. કર્મના કર્તાને તેનાં ફલ ભોગવાના હોય છે તેથી કર્તાપણું અને ભોગ બન્ને એક પદાર્થમાં જ હોવા જોઈએ(શ્લો.૫૮) વળી

૨. જ્યારે કર્મ કરે ત્યારે જ તેનાં ફલ ભોગવવાં જોઈએ(શ્લો.૫૯) પરન્તુ તેમ થતું નથી. જો ભોગ સમયે જ આત્મા કર્મ કરતો હોય તો ભોગ કરવામાટે તેણે કર્મ કર્યું કહેવાય. આ તો એમ થતું નથી. બીજા જન્મમાં ફલનો ભોગ થવાનો હોય તે માટે આ જન્મમાં કર્મ કરવાનું કેમ સમ્ભવે ? સૂક્ષ્મ દેહ તો કર્મ કરી શક્તો નથી. તેથી સ્થૂલ દેહ જ કર્મ કરે છે. કર્મ કરે તેને જ ફલ ભોગવવાનું હોય. તેથી એમ માનવું જોઈએ કે ભોગ કરતી વખતે જે લિંગ(સૂક્ષ્મ) દેહ હોય તેણે જ કર્મ કરેલું હોવું જોઈએ (કારણ કે પછીના જન્મમાં ભોગ પ્રાપ્ત થાય છે, ત્યારે કર્મ કરતી વખતના સ્થૂલ દેહનો તો નાશ થયેલ હોય છે). પરન્તુ લિંગ દેહે તો કર્મ કરેલ હોય એવું સમ્ભવતું નથી, કારણ કે તેનામાં કર્મ કરવાની શક્તિ નથી. તેથી સ્થૂલ દેહે જ કર્મ કરેલું હોવું જોઈએ. પાછળના જન્મમાં જે ભોગ પ્રાપ્ત થાય છે તે જે કર્મનું ફલ છે તે કર્મ કરનાર પહેલાના જન્મનો દેહ તો તે સમયે હોતો નથી. ત્યારે ફલ કોણ ભોગવે ? વળી કર્તા હોય તે કર્મ કરે (પાછળના જન્મમાં પહેલાના જન્મનો કર્મ કરે) તેવો દેહ પણ ન હોવાથી કર્મ પણ ક્યાં રહે (કોનાથી થાય) ? ન જ થાય. તેથી એક જન્મમાં કરેલ કર્મનાં ફલ બીજા જન્મમાં ભોગવવાનું સમ્ભવતું નથી. બીજા જન્મમાં કર્મ કરનાર પહેલા જન્મનો દેહ તથા તેણે કરેલું કર્મ પણ ન હોવાથી, કર્મ કરનારને ફલ મળવાનું કેવી રીતે ઘટે ? [૨૧૭।।-૨૧૮।।]

આનું સમાધાન નારદ એમ કરે છે કે : લિંગ દેહ જ કર્તા છે એવો નિશ્ચય છે. સ્થૂલ દેહમાં જે કર્મ કરવાની શક્તિ જોવામાં આવે છે, તે લિંગ(સૂક્ષ્મ) દેહની જ છે. જો તેમ ન હોય તો મરેલા સ્થૂલ દેહમાં પણ તેવી શક્તિ હોવી જોઈએ; પણ સૂક્ષ્મ દેહ હોય ત્યારે સ્થૂલ દેહમાં કર્મ કરવાની શક્તિ હોય છે, પરન્તુ તે દેહ તેમાંથી જતો રહે ત્યારે પછી એવી શક્તિ હોતી નથી, તેથી એમ સિદ્ધ થાય છે કે સૂક્ષ્મ દેહની જ તે શક્તિ છે. સૂક્ષ્મ દેહ જ કર્મનો કર્તા છે.

પણ સ્થૂલ દેહ ન હોય ત્યારે તે સૂક્ષ્મ દેહથી પણ ભોગ થઈ શક્તો નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેમ અવાજ કરવાની શક્તિ નગારાંની છે અને ડંકો તો તે શક્તિનું પોષણ કરનારો છે, તેમ કર્મ કરવાની શક્તિ સૂક્ષ્મ શરીરની છે અને સ્થૂલ શરીર તેનું પોષણ કરનારું છે.

પહેલાના જન્મના સ્થૂલ દેહે કરેલા પોષણથી જે સૂક્ષ્મ દેહે કર્મ કર્યું, તેના ફલનો ભોગ કરવામાં આ જન્મનો સ્થૂલ દેહ કેવી રીતે પોષણ કરે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પોષણ કરવામાટે સ્થૂલ દેહની જરૂર નથી, પરન્તુ કોઈ પણ દેહ હોવો જોઈએ. તેથી કોઈ પણ દેહથી તેનું પોષણ થઈ શકે. તેથી લિંગ દેહ કર્મનો કર્તા હોવાથી અને બીજા જન્મમાં પણ તેનો તે જ લિંગદેહ

હોવાથી કર્મનો કરનાર કોઈ નથી; એવો જે દોષ જણાવ્યો તે રહેતો નથી.

આ સમાધાન તો સાંખ્યમત પ્રમાણે કર્યું.

વાસ્તવિક રીતે તો આત્મા જ કર્મનો કર્તા છે, કારણ કે તે ચેતન છે. લિંગદેહ તો જડ હોવાથી તે કર્તા છે એમ કહી ન શકાય. આત્મા જેમાં રહેલ છે તેવો લિંગદેહ જ કર્તા છે અને આત્મા(જીવ) તો માત્ર કર્મ કરાવનારો છે, એમ પણ કહી ન શકાય, કારણ કે એમ હોય તો સુતાર જે વાંસલાનો ઉપયોગ કરે છે તે વાંસલો જ કર્મ કરનાર ગણાય, સુતાર કર્તા ન ગણાય.

કર્મ કરાવનાર તો તે ગણાય કે જેની આજ્ઞા વિના કર્મ થાય જ નહિ. લિંગદેહ હોય ત્યાં રહે અને તે ન હોય ત્યાં ન રહે, એમ લિંગદેહને વશ રહેનાર આત્મા તો લિંગદેહના રહેઠાણવડે કર્મ કરવા સિવાય બીજું કાંઈ કાર્ય કરતો નથી, તેથી તે કર્મ કરાવનારો નથી. તેથી આત્મા જ કર્મ કરનાર છે, સંસારને તરી ગએલા આત્માઓ અને તેઓમાં પણ ભગવાન્ ઉપરના પ્રેમને લીધે ગુણાતીત થએલા શુક વિગેરે જે ભગવાનના ગુણોનું શ્રવણ વગેરે કરે છે તે કરનાર આત્મા જ છે એમ માનવું પડશે, કારણ કે લિંગદેહ તો ગુણોથી ભરપૂર છે. વળી લિંગદેહ કર્તા છે એમ માનનારે પણ આત્માના સમ્બન્ધવાળો જ લિંગદેહ કર્તા છે એમ માનવું પડશે, અને આ સમ્બન્ધ ''હું લિંગદેહ છું'' એવી આત્માની માન્યતારૂપ અધ્યાસ જ છે, અને અધ્યાસ અવિદ્યારૂપ છે. સંસારને તરી ગયેલા જીવોની અવિદ્યા તો દૂર થયેલી છે, તેથી તેઓ ઉપર જણાવ્યા પ્રમાણે શ્રવણ કરે છે તે કરનાર લિંગદેહ છે એમ કહી શકાય તેમ નથી. સંસારી જીવોને તો લિંગ શરીરવાળો આત્મા જ કરે છે એવો અનુભવ થતો હોવાથી, તેમના સમ્બન્ધમાં લિંગદેહવાળો આત્મા જ કર્તા છે. એટલે લિંગદેહ પણ કર્તા છે. એટલે પૂર્ણજ્ઞાન હોય ત્યાં સુધી લિંગદેહવાળો આત્મા જ કર્તા છે. તેમાં લિંગદેહ આત્માનું સાધન છે(શ્લો.૬૦). જેમ સુતારનું સાધન વાંસલો છે, તેમ લિંગદેહ આત્માનું સાધન છે. શ્લો.૬૦ માં લિંગદેહ સાધન છે એમ સ્પષ્ટ કહેલું છે.

લિંગદેહ ભોગ ભોગવવામાં આત્માનું કયા પ્રકારે સાધન છે એ સ્વપ્નનાં દૃષ્ટાન્તથી શ્લો.૬૧ માં સિદ્ધ કરેલું છે, અને શ્લો.૬૨ માં કર્મને લીધે પુનર્ભવ કેવી રીતે થાય છે તે સમ્બન્ધી સિદ્ધાન્ત કહેલો છે [૨૧૮।।-૨૨૧।।]

એ પ્રમાણે બર્હિષદની શંકાનું સમાધાન કરીને, કર્મ જોવામાં આવતું ન હોવાથી ફલ ભોગવવું પડે છે તે અયોગ્ય છે, એવી શંકા દૂર કરવા, કર્મ જોવામાં આવતું ન હોય તો પણ હોય છે; અને કર્મ આત્માના આધારે રહેતું હોવાથી તેનો આધાર આત્મા તેનો કર્તા છે એમ સિદ્ધ કરે છે. અને અધ્યાસ વિના કર્મ થતું ન હોવાથી અધ્યાસનું વર્ણન કરે છે. તે પૈકી પ્રથમ સાત શ્લોકોથી એમ જણાવે છે કે કર્મ જોવામાં આવતું નથી, તેથી તે નથી એમ કહી શકાય નહિ (શ્લો.૬૩-૬૯) અને પછી દશ (૭૦-૭૯) શ્લોકોથી અધ્યાસનું વર્ણન કરે છે.

કર્મ જોવામાં આવતું નથી તેથી નથી એમ કહી ન શકાય, કારણ કે દિશાઓ, કાલ વિગેરે ઘણા પદાર્થો છે, છતાં જોવામાં આવતા નથી.

ત્યારે કર્મ છે એ વિષયનું પ્રમાણ શું ? એવો પ્રશ્ન થાય, તેથી નારદ કહે છે કે, ચિત્તની જાત-જાતની વૃત્તિઓરૂપ; કાર્યરૂપ હેતુથી પહેલાંના જન્મમાં કરેલ કર્મ હોવાનું અનુમાન થાય છે(શ્લો.૬૩).

શંકા : આ જન્મમાં કરેલ હોય તેવું કર્મ દેખાતું નથી, તેથી ફલ ભોગવવું પડે તે અયોગ્ય છે, એવી શંકા છે, ત્યારે ઉત્તરમાં તમે કહો છો કે પહેલાના જન્મમાં કર્મ કરેલ તેનું ફલ ભોગવવું પડે છે. પરન્તુ આ અમારી શંકાનું સમાધાન નથી.

સમાધાન : એમ કહો તો તે યોગ્ય નથી; કારણ કે તમે તો કર્મ માત્ર એટલે કોઈ પણ કર્મ, જોવામાં આવતું નથી તેથી, નથી એમ કહો છો. તે પ્રમાણે નિર્ણય થતો હોય તો આ જન્મના સમ્બન્ધવાળું પણ કાંઈ પણ કર્મ હોવાનું સિદ્ધ નહિ થાય, કારણ કે તેનું કાંઈ પણ કાર્ય એટલે શાસ્ત્રોક્ત કર્મ કરવાથી પરલોકમાં પ્રાપ્ત થવાનું કાંઈ પણ ફલ જોવામાં આવતું નથી. તેથી હાલમાં જે ફલનો અનુભવ થાય છે, તે ફલને હેતુ (ચિહ્ન) લેતાં, પહેલાંના જન્મમાં કરેલ કર્મ હોવાનું સિદ્ધ થાય છે. તે દષ્ટાન્ત પ્રમાણે આ જન્મમાં પણ જે કર્મ કરવામાં આવે છે, તે પણ ત્યાર પછીના જન્મનો દેહ હોય ત્યાં સુધી રહે છે એમ જણાવવા માટે ૬૩-૭૯ સુધીના સત્તર શ્લોકોથી કર્મનું અને અધ્યાસનું નિરૂપણ કરેલું છે.

તે પૈકી પહેલા સાત(૬૩-૬૯) શ્લોકોથી કર્મનું નિરૂપણ કરે છે. ૬૩ મા શ્લોકમાં ચિત્તમાં થતા જુદા-જુદા વિચારો ઉપરથી થતા અનુમાનથી કર્મ હોવાનું સિદ્ધ કરે છે. લૌકિક કારણ ન હોવા છતાં ચિત્તમાં જે જુદા-જુદા વિચારો અથવા જુદી-જુદી લાગણીઓ થાય છે તે વિચિત્ર કારણથી થાય છે; કારણ કે તે વિચિત્ર કાર્ય છે. તેથી જેમ જુદા-જુદા રનવાળું વસ્ત્ર જુદા-જુદા રનના તાંતણાઓથી થાય, તેમ તે વિચિત્ર(જુદા-જુદા) કારણથી થએલ છે. આ અનુમાનથી જુદા-જુદા પૂર્વનાં જન્મનાં કર્મ સિદ્ધ થાય છે.

પછી ૬૪ તથા ૬૫ મા શ્લોકોમાં તર્કથી પૂર્વ જન્મનાં કર્મ હોવાનું સિદ્ધ કરે છે. મનથી જેનો અનુભવ થઈ શકે તેવા અને હાલ આપણી પાસે ન હોય અને હાલ જે જોવામાં આવતા નથી તેવા પદાર્થોનો કોઈ વાર સ્વપ્નમાં અથવા મનોરથમાં અનુભવ થાય છે. જો આ પદાર્થો પહેલાં કોઈ વાર અનુભવેલા હોય તો જ તેઓનો આવી રીતે અનુભવ થાય. જો પહેલાં કોઈ વાર તેમનો અનુભવ થયો ન હોય તો હાલ પણ મનમાં તેમનો અનુભવ ન થાય. તેથી પૂર્વ જન્મમાં અનુભવેલા પદાર્થોને હાલ મનમાં લાવનાર બીજું કાંઈ હોવાનો સમ્ભવ ન હોવાથી, તેમને મનમાં લાવનાર પૂર્વ જન્મનાં કર્મો જ છે એમ સિદ્ધ થાય છે.

૬૬ મા શ્લોકમાં મન જ પૂર્વ જન્મના કર્મો જણાવનારું છે એમ કહે છે. ૬૭, ૬૮ અને ૬૯ મા શ્લોકોમાં આ જન્મમાં કોઈ વાર જોયા–સાંભળ્યા અથવા અનુભવેલા ન હોય તેવા, અથવા વસ્તુતઃ હોય તેથી જુદા જ પ્રકારના પદાર્થોનો જે અનુભવ થાય છે તે ઉપરથી પણ પૂર્વ જન્મનાં કર્મો હોવાનું સિદ્ધ થાય છે એમ કહેલું છે. એ પ્રમાણે પૂર્વ જન્મનાં કર્મો હોવાનો નિશ્ચય થાય છે [૨૨૧।।-૨૨૪]

બર્હિષદે જે શંકા કરેલ તેનું આટલાથી સમાધાન થઈ જાય છે. છતાં આગળ ૭૦-૭૯ સુધીના દશ શ્લોકોથી અધ્યાસનું નિરૂપણ કરેલું છે, કારણ કે અધ્યાસનું નિરૂપણ કર્યા વિના આત્મા કર્તા હોવાનું અને લિંગ દેહ કર્મ કરવાનું સાધન હોવાનું જણાવી શકાય તેમ નથી, કારણ કે જેમ સુતારને હાથન હોય તો તે વાંસલો પકડી શકતો નથી, તેમ અધ્યાસ ન હોય તો આત્મા લિંગદેહથી કર્મ કરી શકતો નથી. વળી ચેતન (સુતાર)ના માત્ર સંયોગથી જડ (વાંસલા)થી ક્રિયા થઈ શકતી નથી, તેવી જ રીતે લિંગ દેહ અને આત્માને સમ્બન્ધ ન હોય તો, લિંગ દેહે કરેલા પુણ્ય અથવા પાપ નાં કર્મો સાથે આત્માને કાંઈ સમ્બન્ધ ન હોવાથી પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગ બન્ને વ્યર્થ થાય. તેથી અધ્યાસનું નિરૂપણ કરીને આત્મા તથા લિંગદેહ નો સમ્બન્ધ દર્શાવવાથી આત્મા કર્તા અને લિંગદેહ કર્મ કરવાનું સાધન છે એમ જણાતાં સર્વ ઘટે. તેથી અધ્યાસનું નિરૂપણ કરેલું છે. તે ન કર્યું હોત, તો બર્હિષદની શંકાનું સમાધાન કર્યું તે ન કર્યા જેવું જ રહે, કારણ કે અધ્યાસ વિના કર્મ જ થઈ શકતાં નથી. તેથી જ છેવટે શ્લોક ૭૯ માં અધ્યાસ અવિદ્યારૂપ છે અને તે દૂર કરનાર ભગવાનનું ભજન કરવાનો ઉપદેશ કરેલો છે, કારણ કે ભગવાને કહેલું છે કે ''જેઓ મારો જ આશ્રય કરે છે તેઓ આ માયા(અવિદ્યા)ને તરે છે''(ભગ.ગીતા ૭।૧૪) [૨૨૫]

ત્યાર પછીના ત્રણ(૮૦-૮૨) શ્લોકોથી બર્હિષદે નારદના ઉપદેશ પ્રમાણે વર્તીમુક્તિ પ્રાપ્ત કરી એમ કહેલું છે. પિતાની મુક્તિ થાય તો, પુત્રોને, પિતાની મુક્તિ ન થવાને લીધે, પિતાથી થતું બન્ધન રહેતું નથી. તેથી પ્રચેતસોને મુક્તિ પ્રાપ્ત કરવામાં અડચણ ન રહે તે માટે બર્હિષદને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલું છે. ત્યાર પછીના ત્રણ(૮૩-૮૫) શ્લોકોમાં આ નારદે કહેલા આખ્યાનનાં શ્રવણ વગેરેનું ફલ કહેલું છે.

**અધ્યાય ૩૦; પ્રચેતસોને આ લોકમાં ફલની પ્રાપ્તિ :**

ઓગણત્રીસમા અધ્યાયમાં બર્હિષદની કથા પૂરી થઈ ત્રીસમા તથા એકત્રીસમા અધ્યાયોમાં માત્ર પ્રચેતસોની કથા કહેલી છે. ત્રીસમા અધ્યાયમાં તેમને આ લોકનું ફલ પ્રાપ્ત થવાનું, અને એકત્રીસમા અધ્યાયમાં તેમને પરલોકનું ફલ પ્રાપ્ત થયાનું કહેલું છે [૨૨૬]

શંકા : 'ભગવાનનાં દર્શન પ્રચેતસોને થયાં(શ્લો.૪) ત્યાર પહેલાં તેઓ તેમની સ્તુતિ કરે તે યોગ્ય છે; પણ અહીં તો પ્રથમ સ્તુતિ ન કહેતાં ભગવાનનાં વચનો(શ્લો.૮-૨૦) જ પ્રથમ કેમ

કહેલાં છે? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે પ્રચેતસોને આ લોકનું અને પરલોકનું સર્વ ફલ ભગવાને જ આપેલું છે. પુરુષાતન સાથે યશ, સુખ અને પરમાનન્દની પ્રાપ્તિ પણ શ્રીકૃષ્ણે જ આમને કરાવેલ છે એમ ''મારી કૃપાથી તમે આ લોકના અને પરલોકના ભોગો ભોગવશો''(શ્લો.૧૭) એ ભગવાનનાં વચનથી સિદ્ધ થાય છે. આ સર્વ તેમણે પોતાનાં તપથી પ્રાપ્ત કરેલું નથી, પરન્તુ ભગવાને જ તેમને આપેલ છે એમ જણાવવા, પ્રથમ ભગવાનનાં વચનોથી ભગવાને તે આપેલ હોવાનું કહેલ છે.

ભગવાનનાં દર્શન અને શ્રીકૃષ્ણ સાથે સાયુજ્ય એ પરમાનન્દની પ્રાપ્તિ છે. તેમના પિતા કરતાં તેમને આ અધિક મળેલું. બર્હિષદને ભગવાનનાં દર્શન થયાં ન હતાં તેને માત્ર આનન્દ પ્રાપ્ત થયો હતો, પરન્તુ પૂર્ણાનન્દ પ્રાપ્ત થયો ન હતો, પ્રચેતસોએ વૃક્ષોને બાળ્યાં(શ્લો.૪૫-૪૬) એ તેઓને પુરુષાતન પ્રાપ્ત થયેલ હોવાનું દર્શાવે છે

ત્યારે તેમણે સ્તુતિ કરી(શ્લો.૨૨-૪૨) તેનો શું ઉપયોગ ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે ભગવાનનાં સ્વરૂપરૂપ ફલ જેનાથી પ્રાપ્ત થાય તેવો અધિકાર પ્રાપ્ત કરવા તેઓએ સ્તુતિ કરેલી. અથવા બીજા માર્ગોમાં સ્તુતિ કરવાથી પ્રસન્ન થએલા ભગવાન્ પાસેથી ભક્ત ફલ પ્રાપ્ત કરે છે, પરન્તુ ભક્તિમાર્ગમાં ભગવાન્ પોતે જ જ્યારે ભક્તોને પોતાના તરીકે સર્વ ફલ પ્રાપ્ત કરાવે છે, ત્યારે ભક્ત પોતાનો સમ્પૂર્ણ અંગીકાર ભગવાને કર્યો છે એમ જાણીને, સ્તુતિ વિગેરે કરવાનો પોતાને અધિકાર પ્રાપ્ત થયો છે એમ જાણીને પછી ભગવાનની સ્તુતિ કરે છે. અથવા પોતાનો સમ્પૂર્ણ અંગીકાર ભગવાને કર્યો છે એવા જ્ઞાનથી ભક્તનો દેહ અંદરના આનન્દથી ભરપૂર થઈ, જ્યારે બહાર પણ બધી ઈન્દ્રિયોમાં આનન્દ પ્રકટ થાય છે, ત્યારે વાણીદ્વારા દેહની બહાર નીકળતાં તે સ્તુતિરૂપ થતો હોવાથી આનન્દ જ અધિકારરૂપ છે. તેથી જ ભક્તિમાર્ગમાં પહેલા ભગવાનના વચનોથી આનન્દ પ્રાપ્ત થાય ત્યાર પછી ભક્ત સ્તુતિ કરે છે. તેથી ભગવાનનાં વચનો(શ્લો.૮-૨૦) પછી સ્તુતિ(શ્લો.૨૨-૪૪) કરેલી છે [૨૨૭]

**અધ્યાય ૩૧ ; પ્રચેતસોને પરલોકનાં ફલની પ્રાપ્તિ :**

ત્યારે ૩૧ મા અધ્યાયમાં નારદે પ્રચેતસોને ઉપદેશ કર્યો, તે વ્યર્થ કર્યો ! એવી શંકા થાય તો જાણવું કે ''આચાર્યવાળો પુરુષ ભગવાનને જાણે છે'' એ શાસ્ત્રનું વચન સત્ય થાય તે માટે નારદે પ્રચેતસોને એ ઉપદેશ કરેલો છે.

જો કે પ્રચેતસોને શિવે પણ ઉપદેશ કરેલો છતાં તે ઉપદેશ ભગવાનને પ્રકટ કરવાનું સાધન થઈ, બીજા કાર્યમાટે નકામો થયો. વળી સૃષ્ટિ કરવામાં (વંશ ચલાવવામાં) ઉપયોગી થાય તે માટે શિવે તે ઉપદેશ તેમને કરેલો હોવાથી, મોક્ષ પ્રાપ્ત કરવામાટે ઉપયોગી ન હતો. વળી ''શિવે અને

ભગવાને જે ઉપદેશ કરેલો તે અમે વિસરી ગયા છીએ, તેથી આપ અમને અધ્યાત્મ જ્ઞાનનો ઉપદેશ કરો'' (શ્લો.૬-૭) એવી પ્રચેતસોની પ્રાર્થનાને લીધે નારદે શિવે અને ભગવાને કરેલા ઉપદેશનું સ્મરણ કરાવવા આ ઉપદેશ તેમને કરેલો તેથી તે ઉપદેશનું સ્મરણ કરાવવું એ જ ઉપદેશનું પ્રયોજન છે. શિવે અને ભગવાને કરેલા ઉપદેશને વિસરી જવાનું કારણ ભગવાનનું ભજન ન કરવું તે જ છે; કારણ કે સંસારમાં ઘર કરી રહેતાં તેમનાથી ભજન થઈ શકે નહિ. તેથી ભજનથી જ સર્વ ફલ પ્રાપ્ત થશે એવા હેતુથી નારદે ઉપદેશમાં તેઓને ભગવાનનું ભજન કરવાનું કહેલું છે [૨૨૮]

ભગવાનનું માહાત્મ્ય જાણીને આદરથી ભગવાનની સમ્પૂર્ણ રીતે સેવા કરવી. આ જ અર્થનો આખા સ્કન્ધમાં તથા તેના ચારે પ્રકરણોમાં અને તેના પેટા પ્રકરણોમાં પણ નિશ્ચય કરેલો છે. તેથી આ સમ્પૂર્ણ પ્રકરણોનું શ્રવણ કરીને વિદુર ઘણો પ્રસન્ન થયો અને ત્યાર પછી જ મૈત્રેય પાસેથી ગયો. ભગવાનનું ભજન કરવાથી જ સર્વફલ પ્રાપ્ત થાય છે, બીજા કોઈ પ્રકારે થતું નથી એવો સર્વશાસ્ત્રનો અર્થ જાણીને ભજન કરવામાટે જ ત્યાંથી નીકળી ગયો. તે સમયે તેણે ભગવાનના ચરણારવિન્દને હૃદયમાં અને પોતાના ગુરુ મૈત્રેયના ચરણારવિન્દને મસ્તક ઉપર ધારણ કરેલા(શ્લો.૨૮). કારણ કે ગુરુએ આ શાસ્ત્રનો અર્થ કહ્યો તેથી તે ઘણો પ્રસન્ન થયેલો. ભગવાનના ભજનમાં વિઘ્ન કરનાર દોષ જ છે, અને આ વિદુરને ભજનની પ્રાપ્તિ થઈ હતી એટલે તેના સર્વ દોષો દૂર થયેલા. આથી સ્પષ્ટ જણાય છે કે તેને રાજ્યમાંથી અને ઘરમાંથી કાઢી મૂકનાર એટલે તેના પ્રતિ અપકાર કરનાર ધૃતરાષ્ટ્ર ઉપર પણ તેણે આ મૈત્રેયે કરેલ ઉપદેશનું શ્રવણ કર્યા પછી ઉપકાર કરેલો(જુઓ ૧।૧૩।૧ તથા ૧૭-૨૭). એટલે તે સર્વથા દોષરહિત થયેલો [૨૨૯-૨૩૦।।]

**... શ્રીભાગવતમાદરાત્। પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
કોઈ પણ લૌકિક(પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક પ્રયત્ન પૂર્વક જાતેજ, શ્રીભાગવતનો પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

# સ્કન્ધ પાંચમો : સ્થાન

**બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મં પ્રસીદતુ ।**
**ધ્યાનાસમર્થજીવાનામ્ અસ્માકં સર્વદા સ્વતઃ ।।**

ધ્યાન કરવાની અશક્તિવાળા અમ જીવો ઉપર; બુદ્ધિને પ્રેરણા કરનાર શ્રીકૃષ્ણનું ચરણકમલ પોતાની મેળે સદા પ્રસન્ન રહો ।।૧।।

**સ્કન્ધનો અર્થ :**

હવે ભગવાનની અલૌકિક સ્થાનલીલાનું નિરૂપણ કરવામાં આવે છે. ચોથા સ્કન્ધમાં વિસર્ગલીલાનું નિરૂપણ કર્યું. તે લીલામાં બીજા સાધનોની મર્યાદાથી પ્રાપ્ત થઈ શકે તેવા ધર્મ વગેરે પુરુષાર્થો ભગવાને પોતાના પૌરુષથી એટલે પોતાની શક્તિથી દક્ષ વગેરેને પ્રાપ્ત કરાવ્યા. આ સ્કન્ધમાં તો ભગવાનની મર્યાદારૂપ લીલાનું જ નિરૂપણ કરવામાં આવે છે, એવો ચોથા અને આ પાંચમા સ્કન્ધમાં ભેદ છે.

''વૈકુંઠનો વિજય તે સ્થિતિ'' એવી સ્થાનની વ્યાખ્યા ૨।૧૦।૪ માં આપેલી છે. પોતાને અધીન કરવું તે વિજય. પ્રાકૃત પદાર્થો (તત્ત્વો ચોવીસ હોવાથી તેમ)ને ચોવીસ પ્રકારે, જીવ અને બ્રહ્મ એવા આત્માના બે ભેદ હોવાથી આત્માને બે પ્રકારે; એમ કુલ છવ્વીસ પ્રકારે સર્વને પોતાના અધીન કરાય, તેથી તેટલા છવીસ અધ્યાયોથી આ પાંચમા સ્કન્ધમાં સ્થાન લીલાનું નિરૂપણ કરેલું છે.

શ્રીભાગવતમાં 'સ્થાન'શબ્દ બે અર્થમાં યોજેલો છે :

૧. 'સ્થીયતે' રહેવાય છે 'અસ્મિન્' આમાં(જેમાં) તે સ્થાન(૨।૧૦।૧). અને
૨. સ્થિતિ એ જ સ્થાન (૨।૧૦।૪).

તેથી જ લીલાઓના નામ કહેતાં ૨।૧૦।૧ માં 'સ્થાન'શબ્દ યોજ્યો અને લક્ષણ (વ્યાખ્યા) આપતા ૨।૧૦।૪ માં 'સ્થિતિ' શબ્દ યોજેલ છે. તેથી અમુક પુરુષને અમુક કર્મ કરવાથી અમુક સ્થાન પ્રાપ્ત થાય, એવો એક બીજાના સમ્બન્ધનો નિયમ ભગવાને જ કરેલો છે, તે નિયમનું આ સ્કન્ધમાં નિરૂપણ કરવામાં આવે છે. તેથી જ આને ભગવાનનો 'વિજય' એટલે ઉત્તમ પ્રકારનો જય કહેલ છે [૨]

સ્થાન પણ ત્રણ પ્રકારનું છે :

૧. દેશમાં
૨. કાલમાં અને
૩. આત્માના સ્વરૂપમાં.

૧. સ્વર્ગ, ભૂમિ અને પાતાલ એવા ત્રણ લોક (અહીં લોક શબ્દથી લોકમાં રહેનારાઓ કહેલાં છે. તેથી વિરોધ નથી — આવરણભંગ) લોક જુદા-જુદા હોવાથી દેશના ત્રણ પ્રકાર છે.

૨. ''બાર મહિનાઓ, પાંચ ઋતુઓ, આ ત્રણ લોક અને તે સૂર્ય એકવીસમો'' એ શ્રુતિ પ્રમાણે કાલ એકવીસ પ્રકારનો છે અને

૩. આત્મા, બ્રહ્મ અને જીવ એવા, બે પ્રકારનો છે.

આ ત્રણ કુલ છવ્વીસ પ્રકારના થયા, તેથી સ્થાનનું છવીસ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે [૩]

શંકા : ''વૈકુંઠનો વિજય તે સ્થિતિ'' એવું જે સ્થાનનું શ્રીભાગવતમાં લક્ષણ આપેલું છે તે યોગ્ય નથી, કારણ કે દેશ વગેરે ઉપર ભગવાનનો જય થતો નથી, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે 'સ્થીયતે' રહેવાય છે 'અસ્મિન્' આમાં(જેમાં) તે સ્થાન — એ વ્યુત્પત્તિ પ્રમાણે સ્થાનનો અર્થ ઉત્તમ પ્રકારની સ્થિતિ થાય છે. અને દેશ કાલ તથા આત્મા નું સ્વરૂપ ત્રણેમાં એક સાથે સ્થિતિ ભગવાન્થી જ થઈ શકે છે તેથી તેવી સ્થિતિનું નિરૂપણ એ ભગવાનના જયનું જ નિરૂપણ છે. તેથી ભગવાનની એ ત્રણેમાં એકસાથે સ્થિતિ છે એમ સિદ્ધ કરવા તેવી સ્થિતિના પરસ્પર વિરુદ્ધ સાધનો કહેવામાં આવે છે.

આ પૈકી કાલ ઈશ્વરરૂપ હોવાથી આત્માનું સ્વરૂપ અને કાલ એ બેનો એક વર્ગ થયો અને દેશ બીજો વર્ગ થયો. તેથી સ્વરૂપમાં સ્થિતિનું વર્ણન કરવામાં આવે તેથી જ કાલમાંની સ્થિતિનું વર્ણન થઈ જાય. કાલ ઉપર ભગવાન્ વિજય મેળવે, કાલ ભગવાનને અધીન થાય, ત્યારે જ કાલમાં સ્થિતિ થઈ ગણાય. કાલ પોતાનો એટલે પોતાને અધીન થાય, અથવા પોતાની અંદર સ્થિતિ થાય ત્યારે કાલમાં સ્થિતિ થઈ કહેવાય. આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરવામાં કાલ નડતરરૂપ છે, તેથી તે નડતરરૂપ ન રહે તેમ કરવાથી તેના ઉપર વિજય પ્રાપ્ત કરેલ ગણાય. બીજા પ્રકારે કાલમાં સ્થિતિ થાય નહિ. વેદમાર્ગ તો પોતાના સ્વરૂપથી જ આત્મામાં સ્થિતિ કરાવનારો છે. તેથી વેદમાર્ગનું જુદું પ્રકરણ કરેલું નથી [૩]

કર્મની મર્યાદાથી દેશમાં સ્થિતિ થાય એવો નિશ્ચય છે. આ કર્મ કરવાથી અહીં(આ દેશમાં) જ સ્થિતિ થાય એવા નિયમરૂપ દેશમાં સ્થિતિ છે. કર્મ પણ સાત્ત્વિક વગેરે ત્રણ પ્રકારનું હોવાથી, જેવું કર્મ કરેલ હોય તેવા દેશમાં જ તેનાથી સ્થિતિ થાય છે. આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર તો વેદમાર્ગ જ છે. બીજો માર્ગ આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરાવતો નથી ૧. ચિત્તને શુદ્ધ કરે તેવું કર્મ કરવાથી પોતાના આત્માના સ્વરૂપમાં સ્થિતિ થાય છે. અને ૨. જ્ઞાન થાય ત્યારે 'ભગવાન્ આત્મા છે' એવું જ્ઞાન થવાથી ભગવાનનાં સ્વરૂપમાં સ્થિતિ થાય છે. આ બન્ને કરાવનાર વેદ હોવાથી, વેદ જ આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરાવનારો છે.

દેશમાં સ્થિતિ કરાવનારાં સાધનરૂપ જે કર્મો છે, તે તો વેદમાં જણાવેલાં હોવા છતાં પણ વેદમાર્ગીય નથી, કારણ કે વેદનું તાત્પર્ય એવાં કર્મો કરવાનું નથી. ''સર્વ વેદો જેમનાં સ્થાનનું ધ્યાન ધરે છે'' એ શ્રુતિ અને ''સર્વ વેદોથી જાણવા યોગ્ય હું જ છું'' (ભગ.ગીતા ૧૫। ૧૫) એ સ્મૃતિ પ્રમાણે વેદોનું તાત્પર્ય બ્રહ્મ જ છે. જેનું મુખ્ય રીતે જેમાં તાત્પર્ય હોય તે; તે માર્ગનું છે. વળી ઈચ્છેલાં સ્થાને પહોંચાડે તે માર્ગ, અને વેદમાર્ગ બ્રહ્મરૂપ ઈષ્ટ સ્થાને પહોંચાડનારો છે, કારણ કે વેદોનું તાત્પર્ય બ્રહ્મમાં જ છે. તેથી ત્રણ લોકરૂપ દેશમાં પહોંચાડનારાં કર્મો બ્રહ્મની પ્રાપ્તિ કરાવનારાં ન હોવાથી તે બ્રહ્મ અથવા વેદ માર્ગનાં ન ગણાય તે યોગ્ય જ છે. ''સંસારી જીવોને પસંદ પડે તે માટે કર્મો કહેલાં છે'' એ વાક્ય પ્રમાણે કર્મો તો ઘણા બહિર્મુખ, સંસારમાં આસક્તિવાળા પુરુષો કોઈ પણ પ્રકારે વૈદિક કર્મો કરવા માંડે તે માટે કહેલાં છે.

જ્યોતિશ્ચક્રમાં ગ્રહો છે તે જુદા-જુદા કાલસ્વરૂપ જણાવનારા અને તે-તે સમયની હદ બાંધનાર હોવાનું કહેલું છે. જો તેઓ કાલના અસાધારણ ગુણરૂપ હોય તો જ તેઓ કાલનું સ્વરૂપ જણાવનારા અને હદ બાંધનાર હોવાનું ઘટે, અને તેઓ કાલમાં રહેનાર હોય તો જ તેના અસાધારણ ગુણરૂપ હોઈ શકે. ગ્રહોની ઉત્પત્તિ સ્થિતિ અને નાશ હોવાનું શાસ્ત્રમાં કહેલું હોવાથી, તેઓ કાલના સ્વાભાવિક ગુણ છે એમ કહી શકાય નહિ અને ગ્રહોમાં પોતાની મેળે કાલના ગુણ તરીકે જ્યોતિશ્ચક્રમાં રહેવાની શક્તિ પણ નથી. તેથી જ્યારે આધિદૈવિક કાલ ઉપર વિજય થાય ત્યારે તે પોતાને અધીન થતાં આધ્યાત્મિક તથા આધિભૌતિક કાલ પણ પોતાને અધીન થતાં હોવાથી જુદા-જુદા ગ્રહોને જુદા-જુદા કાલના ગુણ હોય તેવા પ્રકારથી જ્યોતિશ્ચક્રમાં મૂકવા અને તેમનાથી તે-તે કાલની હદ બંધાય તેમ કરવું એ કાર્ય ભગવાન્‌થી જ થઈ શકે તેવું છે. બીજા કોઈથી કાલ ઉપર વિજય પ્રાપ્ત કરાતો ન હોવાથી ગ્રહ વગેરે તેમને અધીન હોતા નથી. તેથી જ્યોતિશ્ચક્ર વર્ણન કરવાથી હરિના ઉત્તમ વિજયનું જ વર્ણન થાય છે.

કર્મોનો અથવા દેશો (લોક)નો એ સ્વાભાવિક ગુણ નથી કે કર્મનું શું ફલ આપવું તેનો નિર્ણય કરે, અથવા જુદા-જુદા કર્મના ફલ તરીકે જુદા-જુદા દેશમાં સ્થિતિ થવાનો નિર્ણય કરે. જો આ કર્મોનો અથવા દેશોનો સ્વાભાવિક ગુણ હોય તો તે વિષયમાં ભગવાન્ કર્તા (ફલ આપનાર) હોય નહિ, અને ''પ્રાણીઓના જુદા-જુદા પ્રકારના ભાવો મારાથી જ થાય છે'' (ભગ.ગીતા ૧૦।૫) તથા ''ફલ આમનાથી (ઈશ્વરથી) મળે છે કારણ કે તેવો નિર્ણય છે'' (બ્રહ્મસૂત્ર ૩।૨।૩૮) એ બ્રહ્મસૂત્રથી વિરુદ્ધ હોવાથી ભગવાન્ તે વિષયમાં (ફલદાન કરવામાં) કર્તા નથી એમ કહી શકાય તેમ નથી. આમ હોવાથી કર્મો ઉપર વિજય થયેલ ન હોય તો એવા પ્રકારની મર્યાદા કરનાર હોવાપણું ઘટે નહિ. વળી કર્મ ભગવદ્રૂપ જ છે એમ પહેલાં (સર્વનિર્ણયપ્રકરણ શ્લો.૧-૨ જણાવેલું છે તેથી પણ ભગવાન્ સિવાય બીજા કોઈથી કર્મ ઉપર વિજય થઈ શકે તેમ સમ્ભવતું નથી. તેથી ઉપર જણાવેલ કર્મની મર્યાદાનું વર્ણન કરવાથી ભગવાનનો કર્મ ઉપરનો ઉત્તમ વિજય જ જણાવાય છે.

તેવી જ રીતે ''જીવનું કર્તા હોવાપણું તો ઈશ્વરથી જ પ્રાપ્ત થયેલું છે કારણ કે તેવી શ્રુતિ છે'' (બ્ર.સૂ.૨।૩।૪૧) એ બ્રહ્મસૂત્ર પ્રમાણે કર્મના કર્તાઓ પણ ભગવાનને અધીન હોવાથી, વેદમાર્ગ સ્વરૂપમાં સ્થિતિ કરાવનારો છે તે પણ પોતાની શક્તિથી કરાવતો નથી કારણ કે ''જે ભગવાનના વિષયમાં વેદો જ્ઞાન કરાવનારા નથી'' ''જ્યાંથી વાણી પાછી ફરે છે'' એ શ્રુતિઓ અને ''વેદોથી મારું દર્શન થઈ શકતું નથી'' (ભગ.ગીતા ૧૧।૫૩) એ સ્મૃતિ પ્રમાણે ભગવાનનું સ્વરૂપ બ્રહ્મ હોવાથી વેદને અધીન નહિ હોવાથી, વેદ પોતાની શક્તિથી આત્માના સ્વરૂપમાં સ્થિતિ કરાવનારા છે એમ કહી શકાય તેમ નથી. વળી ''આ પુરુષ સંગરહિત છે'' એ શ્રુતિ પ્રમાણે ભગવાન્‌માં બીજા કોઈની સ્થિતિ હોવાનું સમ્ભવતું નથી, અને તેમ ભગવાન્‌માં બીજાની સ્થિતિ હોય તો વેદ નકામા થાય, અને મોક્ષનો વિનાશ થાય. ''સર્વ વેદો જેમના સ્થાનનું ધ્યાન ધરે છે'' ''બ્રહ્મ જાણનાર પર-ભગવાનને પ્રાપ્ત કરે છે'' વગેરે શ્રુતિઓ વેદની ઉપયોગિતા અને મોક્ષનું નિરૂપણ કરે છે. આમ હોવાથી જેમને જીવનું સ્વરૂપ અને બ્રહ્મનું સ્વરૂપ પોતાને અધીન છે અને જે વેદ વગેરે સર્વ પ્રમાણોને વશ રાખનાર છે તેમનાથી જ આ કાર્ય થઈ શકે, બીજાથી થઈ શકે નહિ. આમ હોવાથી અહીં સ્વરૂપમાં સ્થિતિ હોવાનું કહ્યું, તેથી આત્માના સ્વરૂપ ઉપરનો ઉત્તમ વિજય જ કહેવાયો. ભગવાન્ સંગરહિત હોવા છતાં મુક્ત જીવોના આધાર થાય છે તે ભગવાનનો પોતાના સ્વરૂપ ઉપરનો વિજય છે. તેથી (કાલ ઉપર વિજય, દેશ ઉપર વિજય અને આત્માના સ્વરૂપ ઉપરનો વિજય) આ ત્રણ ભગવાન્ જ કરી શકે, બીજા કોઈથી થઈ શકે નહિ.

જો ભગવાનની એવી ઈચ્છા થાય કે અમુક જીવ પાસે હું આવું અમુક કાર્ય કરાવું તો ભગવાન્ તેને પોતાની શક્તિ આપી તેની પાસે તેવું કાર્ય કરાવે છે. તેથી જ પ્રિયવ્રત રાતને પણ દિવસ કરવા શક્તિમાન થયેલો(૫।૧।૩૦).

એમ હોય તો આત્માના સ્વરૂપમાં જેની સ્થિતિ હતી તેવા ભરતને હરણની યોનિમાં જન્મ લઈ રહેવું પડ્યું તે ઘટતું નથી, એવી શંકા પણ ખોટી છે, કારણ કે તે વૃતાન્ત પણ ભગવાનનો ઉત્તમ પ્રકારનો વિજય જ દર્શાવનારો છે, કારણ કે ભગવાનની એવી ઈચ્છા થાય તો પોતાની ઈચ્છાથી એ ત્રણે પ્રકારની સ્થિતિને ફેરવી અથવા બદલાવી નાખવાનું (પ્રાપ્ત કરેલ વિજયને ન પ્રાપ્ત કરેલ કરવાનું —આવરણભંગ) કાર્ય પણ ભગવાન્‌થી જ થઈ શકે તેવું છે. તેથી ભરતને હરણ થઈ રહેવું પડ્યું એ વૃતાન્ત પણ ભગવાનનો ઉત્તમ પ્રકારનો વિજય દર્શાવે છે. એવી રીતે આ સ્કન્ધમાં સર્વ પ્રકારથી ભગવાનના વિજયનું જ નિરૂપણ કરેલું છે. તેથી જ ''વૈકુંઠનો વિજય'' એવું સ્થાનનું લક્ષણ કહેલું છે. જેમ કલ્પિત વૈકુંઠમાંથી જય અને વિજય પાર્ષદોના પુનર્જન્મ થયા, તેમ આ ભરતના પણ ભગવાન્ પુનર્જન્મ કરાવશે એમ જણાવવા માટે જ સ્થાનના લક્ષણમાં 'વૈકુંઠ' શબ્દ પણ યોજેલો છે. બન્ને એ (જય-વિજય તથા ભરતે) કર્મમાર્ગથી ભજન કરેલ હોવાથી, ''જેઓ કારણ વિનાના કારણથી..'' (૩।૧૫।૧૪) એ વાક્ય પ્રમાણે તેમના પુનર્જન્મ થયેલા. જો કે બીજા પુરાણોમાં પણ દેશમાં અને સ્વરૂપમાં સ્થિતિ હોવાનું વર્ણન કરેલું છે, પરન્તુ

તેનો સ્થાનલીલામાં સમાવેશ થતો નથી કારણ કે આ પાંચમા સ્કન્ધમાં જેવી સ્થાનલીલાનું વર્ણન કરેલું છે તેવા સ્વરૂપની તે નથી [૪-૫]

આ સ્થાનલીલાનું છવીસ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. તેનું તાત્પર્ય એવું છે કે-- પાંચ તન્માત્રાઓ, પાંચ મહાભૂતો, પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો, મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર એ ચાર અન્તઃકરણ અને પુરુષ મળી પચ્ચીસ તત્ત્વો થાય છે. કાલ સાથે આ છવીસ થાય છે. તેથી તેટલી જ સંખ્યાના એટલે છવીસ અધ્યાયોથી આ સ્થાનલીલાનું નિરૂપણ સર્વની (કોઈની) તત્ત્વોમાં આસક્તિ ન રહે તે માટે કરેલું છે.

કાલે તત્ત્વોમાં પ્રવેશ કરેલ હોવાથી તત્ત્વોને કાલનો ભય છે એમ જણાવવા કાલ તત્ત્વોથી પર હોવા છતાં આચાર્યશ્રીએ તેની તત્ત્વો સાથે ગણના કરેલી છે, અને તેથી કાલના ભય સાથેના તત્ત્વોની સમાન સંખ્યાના અધ્યાયો કહીને એમ જણાવેલું છે કે આ સ્થાનલીલામાં રહેલા જીવોને પણ કાલનો ભય છે, કારણ કે મર્યાદામાર્ગમાં કાલ સાથેના તત્ત્વો સર્વથી બલવાન છે. માત્ર પુષ્ટિમાર્ગમાં ભક્તિથી તેમનો લોપ થાય છે. તેથી જ ભરતને તેમનાથી ભય થયાનું કહેશે. જેમ બધાએ સંઘમાં રહેલા તત્ત્વોને કાલનો ભય રહે છે અને કોઈ સમયે કોઈનો નાશ થયો ન હોય તો પણ તેનો ભય દૂર થતો નથી કારણ કે તેઓ સ્વરૂપથી જ ભયવાળાં છે, તેવી જ રીતે સ્થાનમાર્ગમાં રહેલાં જે જીવોની કથા આ સ્કન્ધમાં કહેવામાં આવશે તે બધાઓને એકત્ર જ; કાલનો ભય હોવાનું કહેશે. જેમ એક વૃક્ષને કાપવામાં આવે ત્યારે પણ 'વનને કાપ્યું' એમ કહેવામાં આવે છે, તેમ આ સ્કન્ધમાં એક ભરતને કાલનો ભય હોવાનું કહેશે એટલે મર્યાદામાર્ગમાં રહેલા બધાંઓને તેનો ભય હોય છે એમ કહેલું થશે (ગણાશે) અને તેથી મર્યાદામાર્ગ જ ભયવાળો છે એવો ભાવાર્થ જણાશે [૬]

**પ્રકરણોના અર્થ. પ્રકરણ ૧ :**

આ સ્કન્ધના મુખ્ય ત્રણ પ્રકરણો ઉપર જણાવ્યા

૧. દેશમાં સ્થિતિ

૨. કાલમાં સ્થિતિ અને

૩. આત્માના સ્વરૂપમાં સ્થિતિ.

આ પૈકી કાલમાં સ્થિતિ અને આત્માના સ્વરૂપમાં સ્થિતિ બન્નેનો એકમાં સમાવેશ થાય છે એમ પણ ઉપર જણાવેલું છે. તેથી આ બેનું એક સ્વરૂપમાં સ્થિતિનું પ્રકરણ છે. આ સ્વરૂપમાં સ્થિતિરૂપ મર્યાદાનું પહેલા પંદર અધ્યાયોથી નિરૂપણ કરેલું છે, કારણ કે સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત કરવામાં મન સાધન છે. મન ચન્દ્રરૂપ છે અને પંદર કલાઓના સમ્બન્ધવાળો (પૂર્ણિમાનો) ચન્દ્ર જ પૂર્ણ થાય છે. સર્વ સાધનો પ્રાપ્ત કરેલું મન પણ તે જ પ્રકારે પૂર્ણ થાય છે. તેથી ચન્દ્રની કલારૂપ

સાધનરૂપ (પંદર) અધ્યાયોથી જ આ પ્રકરણ કહેલું છે. દેવોનો અને અસુરોનો પક્ષપાત કરનાર માસરૂપ કાલનો અર્ધ ભાગ દૈવ કાલ છે, અને તે પણ સ્વરૂપમાં સ્થિતિ કરાવનારો છે એમ ભગવાને ''અગ્નિ તેજ દિવસ શુકલપક્ષ..'' (ભગ.ગીતા ૮।૨૪) માં કહેલું છે. તેથી અધ્યાયોની સંખ્યા પંદરથી એમ જણાવેલું છે કે અર્ધ માસના અધિષ્ઠાતા દૈવ કાલની કલારૂપ આ પહેલા પંદર અધ્યાયો છે. છવીસની સંખ્યામાં કાલનો પણ સમાવેશ કરેલો હોવાથી, તેની કલાઓનું પણ અહીં નિરૂપણ કરેલું છે [૭]

આ પહેલા પ્રકરણના ત્રણ પેટા પ્રકરણો છે. વેદમાં જણાવેલા કર્મમાર્ગ વગેરે સર્વમાર્ગો પૈકી સ્થિરતા પ્રાપ્ત કરાવનાર મુખ્ય માર્ગ બે છે ૧. શ્રીકૃષ્ણનો માર્ગ અને ૨. યોગમાર્ગ વળી ૩. કોઈ-કોઈ વાર જ્ઞાનથી સ્થિરતા પ્રાપ્ત થાય છે.

શ્રીકૃષ્ણનો માર્ગ પહેલા છ અધ્યાયોથી જણાવેલો છે, તે પહેલું પેટા-પ્રકરણ છે. યોગનો માર્ગ સાતમાથી ચૌદમા સુધીના આઠ અધ્યાયોથી જણાવેલો છે, તે બીજું પેટા-પ્રકરણ છે. જ્ઞાનમાર્ગ પંદરમા એક અધ્યાયથી જણાવેલ છે, તે ત્રીજું પેટા-પ્રકરણ છે.

ભગવાન છ ગુણોવાળા છે, યોગના આઠ અંગો છે અને જ્ઞાન એક પ્રકારનું છે, તેથી આ પેટા-પ્રકરણો અનુક્રમે છ, આઠ અને એક અધ્યાયથી કહેલાં છે [૮-૮।।]

સ્વરૂપમાં સ્થિતિ એક જ પ્રકરણથી પ્રાપ્ત થવાનું સમ્ભવતું હોવાથી ત્રણ પ્રકરણો નકામા કહ્યા, એવી શંકા ન કરવી. કારણ કે ભગવાન્‌થી તેવી સ્થિતિ પ્રાપ્ત થાય તે ઉત્તમ છે. તે થઈ શકે તેમ ન હોય તો યોગથી પ્રાપ્ત થાય તે મધ્યમ છે અને તે પણ થઈ શકે તેમ ન હોય, તો જ્ઞાનથી પ્રાપ્ત થાય તે અધમ છે. તેથી ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ભેદને લીધે ત્રણ પ્રકરણો કહેલાં છે. જ્ઞાનથી એટલે બીજાએ આપેલા, અસ્પષ્ટ પ્રકારે કહેલ કથાનાં વ્યાખ્યાનરૂપ જ્ઞાનથી સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત થાય તે અધમ છે.

આ ત્રણ પેટાપ્રકરણ કહેવાનું બીજું એ પણ પ્રયોજન છે કે આ ત્રણ સિવાયના સોળ પદાર્થનાં તત્ત્વજ્ઞાનથી અથવા છ પદાર્થોનાં તત્ત્વજ્ઞાનથી મોક્ષ મળે છે એવા પ્રકારના મોક્ષ જણાવનાર માર્ગો (ન્યાય વૈશેષિક વગેરે માર્ગો) વૈદિક ન હોવાથી સ્વરૂપમાં સ્થિતિ(મોક્ષ) પ્રાપ્ત કરાવનારા નથી એમ પણ જણાવવું, કારણ કે અહીં વેદમાર્ગોમાં ઉપર જણાવેલ ઉત્તમ વગેરે ત્રણ પ્રકારો સિવાય બીજો કોઈ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર પ્રકાર નથી. અને અહીં એ ત્રણને જ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર કહેલા છે [૮।।-૯।।]

**બીજા પ્રકરણનો અર્થ :**

બીજું; દેશમાં સ્થિતિનું પ્રકરણ, ૧૬ થી ૨૬ મા સુધીના અગિયાર અધ્યાયોથી કહેલું છે.

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણો એક-બીજા સાથે મળી નવ પ્રકારના થાય છે અને આ નવ પ્રકારના ગુણો ભૂમિ સાથે ભળતાં, ભૂમિ ઉપર નવ પ્રકારનાં સ્થાન થાય છે. તેથી સોળમા અધ્યાયમાં આ નવ પ્રકારનાં સ્થાન અથવા નવ ખંડોનું વર્ણન કરેલું છે. સત્ત્વ ગુણથી ઉપર જવાય છે અને તમોગુણથી નીચે જવાય છે એવો નિશ્ચય છે. ભૂમિ ઉપરના નવ ખંડો કહી, મધ્ય પ્રદેશ (ભૂમિ) ઉપરની નવ પ્રકારની સ્થિતિ જણાવી અને સત્ત્વ તથા તમો ગુણથી જ ઉપરના લોકની અને નીચેના લોકની સ્થિતિ પ્રાપ્ત થાય છે, એમ જણાવવા દેશમાં સ્થિતિનું વર્ણન કરવામાં અગિયાર અધ્યાય કહેલા છે [૯।।-૧૧।।]

સત્ત્વ ગુણ ત્રણે ગુણોમાં ઉત્તમ છે અને ઉપરના લોકમાં સ્થિતિ પ્રાપ્ત થવી એ તેનું ફલ છે, છતાં ઉત્તમ લોકમાંની સ્થિતિનું અહીં પહેલાં વર્ણન ન કરતાં મધ્ય પ્રદેશ (ભૂમિ)નું પહેલાં વર્ણન કરેલું છે, અને ભૂમિ ઉપરના નવ ખંડો પૈકી જમ્બુદ્વીપનું પ્રથમ વર્ણન કરેલું છે, કારણ કે ત્રણે ગુણોનો સમાન ભાવ ભૂમિ ઉપર છે અને ખાસ કરીને જમ્બુદ્વીપમાં છે. ભૂમિ ઉપર ત્રણે ગુણોનું નિરૂપણ કરવામાં આવશે, જ્યારે ઉપરના લોકમાં અને નીચેના લોકમાં સત્ત્વ અને એકલા તમોગુણનું અનુક્રમે નિરૂપણ કરવામાં આવશે.

ભૂમિ ઉપરનાં સ્થાનોનું વર્ણન કરતાં પણ આરંભમાં જમ્બુદ્વીપનું વર્ણન એમ જણાવવા કરેલું છે કે જમ્બુદ્વીપમાં જેવો ગુણોનો સમાન ભાવ છે, તેવો જ બીજા દ્વીપોમાં છે એવી રીતે જમ્બુદ્વીપમાં કરેલું ગુણોના સમાન ભાવનું વર્ણન બીજા દ્વીપોને પણ લાગુ પાડવા માટે આરંભમાં જમ્બુદ્વીપનું વર્ણન કરેલું છે. બીજા દ્વીપો ભોગ (કરવા)નાં સ્થાનો છે, અને ભોગની ઉત્પત્તિ કર્મથી થાય છે અને કર્મ કરવાનું અહીં (જમ્બુદ્વીપમાં) જ સમ્ભવે છે. તેથી બીજા દ્વીપોમાં સ્થિતિ થવાનો આધાર જમ્બુદ્વીપમાં કરેલ કર્મો ઉપર રહેલ હોવાથી પણ જમ્બુદ્વીપનું પહેલાં વર્ણન કરેલું છે. વાસ્તવિક રીતે તો જમ્બુદ્વીપમાં ભક્તિનું અધિકપણું હોવાથી જ તેનું વર્ણન પહેલાં કરેલું છે, અને તેથી જ અ.૧૯।૨૧-૨૮ સુધીમાં દેવોએ કહેલાં વચનો પણ ઘટે છે [૧૧।।-૧૩]

આ પ્રકરણના અગિયાર અધ્યાયો પૈકી પહેલાં પાંચ (૧૬-૨૦) અધ્યાયોથી ભૂમિનું વર્ણન કરેલું છે. ભૂમિ ઉપર મહાભૂતોનું જ પ્રાધાન્ય હોવાથી (અને મહાભૂતો પાંચ હોવાથી) ભૂમિનું પાંચ અધ્યાયોથી વર્ણન કરેલું છે. ઉપરના લોકમાં અને નીચેના લોકમાં ગુણોનું જ પ્રાધાન્ય હોવાથી (અને ગુણો ત્રણ હોવાથી) તે દરેકનું (૨૧-૨૩ અને ૨૪-૨૬ એમ) ત્રણ-ત્રણ અધ્યાયોથી વર્ણન કરેલું છે. નીચેના લોકનું પ્રમાણ (અ.૨૪।૭) કહીને, છેવટે અ.૨૬ માં નરકોનું વર્ણન એવા અભિપ્રાયથી કરેલું છે કે ગુણોમાં સ્થિતિ કરવાથી નીચેનો લોક પ્રાપ્ત થાય છે. ''તામસો નીચે જાય છે'' (ભગ.ગીતા ૧૪।૧૮) એ ભગવાનનાં વચન પ્રમાણે તમોગુણમાં સ્થિતિ કરનારાઓ અન્તે નરકમાં જ પડે છે એમ જણાવવા નરકોનું પ્રકરણના અન્તે વર્ણન કરેલું છે [૧૪-૧૪।।]

**પ્રથમ પ્રકરણમાં પ્રથમ પેટાપ્રકરણના અધ્યાયોના વિભાગ :**

આ પ્રકરણના પહેલા છ અધ્યાયોથી એમ જણાવવામાં આવે છે કે આત્માની પોતાના સ્વરૂપમાં સ્થિતિ શ્રીકૃષ્ણદેવથી જ થાય છે. 'દેવ' શબ્દથી એમ જણાવેલું છે કે ભગવાનની સેવા કરવાથી જ ફલ પ્રાપ્ત થાય છે, કારણ કે દેવ સેવા કરવા યોગ્ય છે. તેથી જ પહેલાં નિવૃત્તિ ધર્મમાં આનન્દ માનનાર અને (આત્મામાં સ્થિતિ એટલે મોક્ષ પ્રાપ્ત કરવાના) સાધનવાળા પ્રિયવ્રતની આત્મામાં સ્થિતિ થઈ ન હતી, પરન્તુ ભગવાને ઉલટા જ પ્રકારથી તેને પ્રવૃત્તિ ધર્મમાં કામે લગાડી, તેની પાસે પોતાનું કાર્ય કરાવી, પછી તેને પોતાની અંદર સ્થાપ્યો (મોક્ષ આપ્યો), અને એવી રીતે ભગવાને તેના સાધનોને પોતાનાં કરીને, પોતાનું કાર્ય કરવામાં વાપરવામાં જ તેમનો ઉપયોગ કર્યો. તેથી જ ભગવાને તેને જ પ્રવૃત્તિ ધર્મ આચરવાનું જણાવ્યું, બીજાને જણાવેલ નહિ.

આ પ્રકરણના છ અધ્યાયો છે. તે પૈકી પહેલા અધ્યાયમાં ભગવાનનાં ઐશ્વર્ય અને વીર્ય એ બે ગુણોનું વર્ણન કરેલું છે. બીજા અધ્યાયમાં શ્રીનું, ત્રીજામાં કીર્તિનું (યશનું), ચોથામાં ગુણવાળા ભગવાનનું પોતાનું, પાંચમામાં જ્ઞાનનું અને છઠ્ઠામાં વૈરાગ્યનું વર્ણન કરેલું છે. પહેલા અધ્યાયમાં બે ગુણોનું અને બીજા ત્રીજા, પાંચમા તથા છઠ્ઠા એ ચારમાં એક-એક ગુણનું એમ પાંચ અધ્યાયોમાં ભગવાનના છ ગુણોનું નિરૂપણ કરેલું છે [૧૪।।-૧૬]

સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ઐશ્વર્ય વગેરે ગુણો પ્રકટ કરીને લીલા કરનાર ભગવાનના કોઈ એક અવતારની જ કથા અહીં કહેવી જોઈએ. છતાં તેમ ન કરતાં અહીં પ્રિયવ્રતની કથા કેમ કહી છે? એવી શંકા થાય, તો જાણવું કે નમાલા પુરુષમાં પણ જો ભગવાન્ પોતાના ગુણોનું સ્થાપન કરે તો તે નમાલો પુરુષ પણ બ્રહ્મા તથા મનુ એ પણ પ્રાર્થના કરવા યોગ્ય થાય છે. તેથી ભગવાનના ગુણોનું માહાત્મ્ય પ્રકટ કરવા પ્રિયવ્રતમાં છ ગુણો ભગવાને મૂકેલા હોવાથી, પ્રિયવ્રતની કથા અહીં કહેલી છે. અહીં ભગવાનનું અને તેમના ગુણોનું માહાત્મ્ય કહેવાનું છે. તે સમ્બન્ધમાં જો ભગવાનના અવતારનું નિરૂપણ કરવામાં આવે તો ગુણોનો ભગવાન્‌માં જ સમાવેશ થઈ જવાથી ગુણોનું માહાત્મ્ય કહેલું ન થાય (ગણાય), તે સંજોગોમાં ગુણોનાં માહાત્મ્યથી થયેલું ભગવાનનું પણ ઉત્તમ માહાત્મ્ય પ્રકટ ન થાય. તેથી માત્ર ભગવાનના ગુણોનું જ માહાત્મ્ય પ્રકટ થાય તે માટે પ્રિયવ્રત તેવા ગુણવાળો હોવાથી અહીં તેની કથા કહેલી છે. પ્રિયવ્રતમાં ભગવાને પોતાનાં ઐશ્વર્ય અને વીર્ય એ બે જ ગુણો મૂકેલા અને બાકીના ચાર ગુણો તો તેના વંશજોમાં જ મૂકેલા. તેથી પ્રિયવ્રતના વંશમાં બીજા પુરુષોનું નિરૂપણ કરવામાં ન આવે, તો ભગવાનના છએ ગુણોનું નિરૂપણ ન થાય અને માહાત્મ્ય પણ ન જણાય. તેથી તેના વંશનું પણ વર્ણન આ પેટાપ્રકરણમાં કરેલું છે.

પ્રિયવ્રતે ભગવાનનું ભજન કરેલું, તેથી જ ભગવાને પ્રિયવ્રતમાં અને તેના વંશજોમાં પોતાના ગુણોનું સ્થાપન કરેલું. બીજા શાસ્ત્રોમાં જો કે ધર્મને પણ ઐશ્વર્ય વગેરે પ્રાપ્ત કરાવનાર કહેલો છે, છતાં પણ ભગવાનના માર્ગમાં ભગવાનનું ભજન જ સર્વ ફલ પ્રાપ્ત કરાવનારું હોવાનો નિશ્ચય થયેલો છે.

પહેલા અધ્યાયના આરંભમાં અને તેના અન્તે ભગવાનના ભજનનું જ નિરૂપણ કરેલું હોવાથી પ્રિયવ્રત જે રાજ્ય વગેરે ભોગવતો તે પણ ભગવાનની આજ્ઞાનાં પાલનરૂપ ભજન જ હતું એમ 'આરંભમાં અને અન્તે હોય તે જ વચમાં હોવું જોઈએ' એ નિયમ પ્રમાણે માનવું જોઈએ. તેથી આ અધ્યાયનો અર્થ ભગવાનનું ભજન જ છે, ઐશ્વર્ય અને વીર્ય નથી, એવી શંકા થાય તો જાણવું કે અધ્યાયના અન્તે ''પ્રિયવ્રતે કરેલું કર્મ ઈશ્વર વિના કોણ જ કરે ?'' વગેરે વાક્યોથી ઐશ્વર્યનું જ નિરૂપણ કરેલું છે અને તેના આરંભમાં ''સંસારમાં વૈરાગ્યવાળા પ્રિયવ્રતને ઐશ્વર્ય જેનું કારણ છે તેવા વિષયો ઉપર પ્રીતિ કેમ થઈ ?'' એવો પ્રશ્ન કરેલ હોવાથી આ અધ્યાયનો અર્થ ઐશ્વર્ય જ છે.

ત્યારે પ્રિયવ્રતે ભગવાનનું ભજન કર્યાનું કહેલ છે તે ઘટતું નથી, એવી શંકા થાય તો જાણવું કે આ પ્રમાણે ભગવાનનાં સ્વરૂપમાં સ્થિતિનું નિરૂપણ કરવાનું છે, અને તે ભગવાનનાં ભજન વિના થતી ન હોવાથી અહીં ભજન કર્યાનું કહેલું છે [૧૭-૧૮।।]

પ્રિયવ્રતે ગુરુ નારદ (નારદે આત્મતત્ત્વનો ઉપદેશ કરેલ(અ.૧।૬) તેથી તેણે નારદની આજ્ઞા પ્રમાણે આત્માનું જ ચિન્તન કરવું જોઈએ. તે ન કરતાં ભગવાન્ વાસુદેવમાં સર્વ ક્રિયાઓ અર્પણ કરી તે, અથવા પાછળથી ભોગ ભોગવ્યા તે નારદની આજ્ઞાનું ઉલ્લંઘન થયું.) અને પિતા મનુ ની (અ.૧।૬) આજ્ઞાઓનું ઉલ્લંઘન કર્યું તે તેવા પુરુષમાટે યોગ્ય ન હતું, એવી શંકા થાય, તો જાણવું કે તેને મોક્ષ અથવા બ્રહ્મભાવ જોઈતા ન હતા એમ જણાવવા તેમની આજ્ઞાઓનો તેણે ઉલ્લંઘન કર્યાનું કહેલું છે. ગુરુ ઉપદેશ કરી તેના દ્વારા મોક્ષ આપે છે, અને પિતા ''તું બ્રહ્મ છે'' એવી શિખામણ આપી બ્રહ્મભાવ કરાવે છે. તેવા તે બન્નેનાં વચનોનો પ્રિયવ્રતે અંગીકાર ન કર્યો એમ કહ્યું, તેથી તે બોધથી પ્રાપ્ત થતાં ફલનો પણ તેણે સ્વીકાર ન કર્યો એમ કહેવાયું. આથી એમ જણાય છે કે તેણે સ્વતંત્ર ભક્તિ કરવાનો નિશ્ચય કરેલો.

છતાં પણ ભક્તે ભગવાનની ઈચ્છાને અનુસરીને જ સર્વ કરવું યોગ્ય હોવાથી તેણે, ઐશ્વર્યનો સ્વીકાર કરવો એવી ભગવાનની ઈચ્છા જાણીને તેણે, પોતાની મેળે ઐશ્વર્યનો સ્વીકાર કેમ ન કર્યો ? અને પાછળથી ભગવાનનાં વાક્યથી (આજ્ઞાથી) તેનો કેમ સ્વીકાર કર્યો ? (શ્લો.૧૯ બ્રહ્માનું વાક્ય ભગવાનની જ આજ્ઞા છે એમ પાછળ જણાવેલ છે તે જુઓ), એવી શંકા થાય, તો જાણવું કે ભગવાનની એવી ઈચ્છા જાણવા છતાં પ્રિયવ્રતે રાજ્યનો સ્વીકાર ન કર્યો અને તેમની આજ્ઞાથી તેનો સ્વીકાર કર્યો એમ જે કહ્યું, તે એમ જણાવવા કહેલું છે કે ભગવાનની ઈચ્છા કરતાં ભગવાનની આજ્ઞા તેને અધિક હતી, કારણ કે મર્યાદા માર્ગમાં ભગવાનનું વચન જ બલવાન છે, અને પુષ્ટિમાર્ગમાં તેમની ઈચ્છા બલવાન છે પ્રિયવ્રત મર્યાદામાર્ગનો હોવાથી તે ભગવાનની ઈચ્છા કરતાં ભગવાનની આજ્ઞાને અધિક માને તે યોગ્ય જ છે.

બ્રહ્મા પ્રિયવ્રતના દાદા અને પ્રભાવવાળા છે. તેમણે પોતે આજ્ઞા ન કરતાં ભગવાનનાં વચન

જ પ્રિયવ્રતને કેમ કહ્યા ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે પ્રિયવ્રતે મોક્ષ તથા બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવનારાં ગુરુ અને પિતા નાં વચનને સ્વીકાર્યા નહિ એમ કહ્યું તેથી બ્રહ્માનાં વચનો પણ તે સ્વીકાર નહિ કરે એમ સારી રીતે કહેવાઈ જ ગયું, કારણ કે બ્રહ્મા મોક્ષ અથવા બ્રહ્મભાવ બેમાંથી એકે પ્રાપ્ત કરાવનાર ન હતા.

ત્યારે ભજનના રસનો અનુભવ કરવા તેણે સર્વનાં વચનોનો સ્વીકાર ન કર્યો. આમ હોવાથી ભગવાનનાં વાક્યનો સ્વીકાર કરવાથી પણ તે રસ તો તેને પ્રાપ્ત થવાનો ન હતો જ (કારણ કે ભગવાનની આજ્ઞા રાજ્ય સ્વીકારવાની હતી) તેથી તેણે ભગવાનનાં વચનનો સ્વીકાર કેમ કર્યો ? એવી શંકા થાય તો જાણવું કે ભગવાનનાં વાક્યની પ્રતિષ્ઠા રહે તે માટે તેણે તેનો સ્વીકાર કર્યો. જો ભગવાનનાં વાક્યનું તે ઉલ્લંઘન કરે તો તેનાથી ભજન જ થઈ ન શકે, તો પછી ભજનના રસનો અનુભવ તો તેને ક્યાંથી જ થાય ? એમ કરવાથી તો બન્ને (મર્યાદા અને પુષ્ટિ) માર્ગમાંથી તે પડત, તેથી ભગવાનનાં વાક્યનો સ્વીકાર કરવાનું જરૂરી હતું. એમ કરવાથી ઐશ્વર્ય વગેરે ભગવાનનાં ગુણો તેનામાં આવવાથી પાછળથી રાજ્ય કરવાની સ્થિતિ હોય ત્યારે પણ ભજનના રસનો અનુભવ કરવામાં તેને અડચણ થશે નહિ, એવા વિચારથી પણ તેણે ભગવાનનાં વાક્યનો સ્વીકાર કર્યો [૧૯-૧૯।।]

''જે દિવસે સંસારમાંથી આસક્તિ દૂર થાય, તે જ દિવસે સુયાસ લેવો'' એ શ્રુતિ પ્રમાણે સંસારમાં જેને વૈરાગ્ય થયો હોય, તેને સુયાસ લેવાનો જ અધિકાર છે. સંસારમાંથી આસક્તિ દૂર થઈ ન હોય તેને જ ગૃહસ્થાશ્રમમાં રહેવાની શાસ્ત્રની આજ્ઞા છે. આ પ્રિયવ્રતને સંસારમાં પ્રેમ ન હોવાથી ગૃહસ્થાશ્રમ માંડવાનો અધિકાર ન હતો અને તેથી ગૃહસ્થાશ્રમ કરવાનો ઉપદેશ કરનારું વાક્ય વેદથી વિરુદ્ધ હોવાથી તેણે તેનો સ્વીકાર કરવો યોગ્ય ન હતો — એવી શંકા થાય, તો તે યોગ્ય નથી, કારણ કે વેદો બ્રહ્માના મુખમાંથી નીકળ્યા એ સર્વને કબુલ છે, તે જ પ્રમાણે આ વાક્યો પણ ભગવાનનાં જ હોવાથી બ્રહ્માએ કહેલા છે. વેદો તો ભગવાનના નિશ્વાસરૂપ છે, છતાં ''ઋક્ યજુષ્ સામ અને અથર્વ નામના વેદો બ્રહ્માએ પોતાના પૂર્વ વગેરે મુખોથી અનુક્રમે કહેલા છે'' એ વાક્ય પ્રમાણે તે બ્રહ્માના મુખમાંથી નીકળેલા છે એ સર્વને કબુલ છે, અને તેથી જ લોકમાં તેમનો પ્રમાણ તરીકે સ્વીકાર થાય છે. તેમની પેઠે જ આ વાક્યો પણ વેદરૂપ જ છે, પરન્તુ બ્રહ્માએ માત્ર તેમનો અનુવાદ કરેલો છે, એમ જણાવવા બ્રહ્માના વચન તરીકે કહેલાં છે. અને તેથી આ વાક્યો વેદની અંદરના હોવાનું જણાવવું, એ જ ભગવાને પોતે પ્રિયવ્રતને આજ્ઞા ન કરતાં બ્રહ્માની દ્વારા જ આજ્ઞા કરવાનું પ્રયોજન છે. આથી એમ જણાવેલ છે કે આ વાક્યો વેદથી દુર્બલ નથી, અને તેથી એવો નિર્ણય થયેલો જાણવો કે જેઓ સંન્યાસ લે એવી ભગવાનની ઈચ્છા હોય, તેમના સમ્બન્ધમાં જ ઉપર જણાવેલી ''જે દિવસે સંસારમાંથી આસક્તિ દૂર થાય, તે જ દિવસે સુયાસ લેવો'' એ શ્રુતિ કહેલી છે, અને જેઓ સુયાસ લે એવી ભગવાનની ઈચ્છા ન હોય, તેમના સમ્બન્ધમાં આ બ્રહ્માના વાક્યો કહેલાં છે. તેથી પ્રિયવ્રતે આ વાક્યોનો સ્વીકાર કરવો જરૂરી હતો [૧૯।।-૨૦।।]

બ્રહ્માએ ''મુક્ત જીવે પણ જ્યાં સુધી પ્રારબ્ધ કર્મ હોય ત્યાં સુધી તેનાં ફલને ભોગવતાં પોતાના દેહને ધારણ કરવો જોઈએ'' (શ્લો.૧૬) એમ કહેલ છે, તે પ્રિયવ્રતનું તેવું પ્રારબ્ધ હોવાથી જ તેનો ભોગ કરવામાટે જ કહેલું. વળી ''દેવોનું ઋષિઓનું અને પિતૃઓનું એ ત્રણ દેવા ભરપાઈ કર્યા વિના સંસારનો ત્યાગ કરવાથી પાત થાય છે'' એવું શાસ્ત્રનું વચન હોવાથી પણ પ્રિયવ્રતે બ્રહ્માના વાક્યનો સ્વીકાર કરેલ હોવાનું સમ્ભવે છે. અને તેથી બન્ને પ્રકારે પ્રિયવ્રતે પોતાના સ્વાર્થમાટે જ ગૃહસ્થાશ્રમનો અંગીકાર કરેલ હોવાથી તેમના સ્વીકારથી ભગવાનનાં વચનની પ્રતિષ્ઠા થતી નથી-- એવી શંકા થાય; તો જાણવું કે આ બ્રહ્માનાં વાક્યોમાં સ્થાનનો નિર્ણય કરેલો છે. સ્થાનનો આ વાક્યોથી એવો નિર્ણય થાય છે કે આ ભગવાન્ હરિ જે જીવનું જ્યાં સ્થાપન કરે તે તેનું સ્થાન છે. કારણ કે વેદમાં પણ આવો જ નિર્ણય થયેલ હોવાનું પ્રસિદ્ધ છે. ''વેદમાં જણાવેલા કર્મમાર્ગ વગેરે સર્વ માર્ગો પૈકી સ્થિરતા પ્રાપ્ત કરાવનાર મુખ્ય માર્ગ બે જ છે ૧. શ્રીકૃષ્ણનો માર્ગ અને ૨. યોગમાર્ગ એમ ઉપર આજ અર્થ કહેલો છે. ''જેને આ ઊંચે લઈ જવા ઈચ્છે છે તેની પાસે આ જ સારૂં કામ કરાવે છે'' એ શ્રુતિ પણ આ જ અર્થ કહે છે [૨૦।।-૨૧।।]

માત્ર ભગવાનની આજ્ઞાનું પાલન કરવામાટે પ્રવૃત્તિ કરનાર અને જેને પોતાને સંસારમાં વૈરાગ્ય હતો તેવા પ્રિયવ્રતે પ્રજા-ધર્મ વગેરેનું રક્ષણ જ કરવું યોગ્ય હતું, તેથી વધારે કરવું યોગ્ય ન હતું. ભોગમાં પણ આસક્તિ રાખવી યોગ્ય ન હતી, કારણ કે ''સર્વ જગતના બન્ધનોનો નાશ કરવાની શક્તિવાળો'' (શ્લો.૨૩) તે હતો. વળી (શ્લો.૨૯ માં) તે ઘણાં વીર્યવાળો અને વિષયોમાં આસક્તિવાળો હોવાનું જણાવેલ છે તે પણ તેને માટે યોગ્ય ન હતું --એવી શંકા થાય તો જાણવું કે કર્મનો માર્ગ અવશ્ય વિવેકનો નાશ કરનારો છે, જો કે ભગવાનની ઈચ્છાને લીધે પ્રવૃત્તિ કરનારના વિવેકનો નાશ થાય તે સમ્ભવતું નથી છતાં પણ ભગવાનની આજ્ઞાનાં વચનો વેદરૂપ હોવાનું ઉપર કહેલું છે, અને વેદ કર્મોનું નિરૂપણ કરનારો હોવાથી પ્રિયવ્રતે જે રાજ્ય કર્યું તે તેનું કાર્ય કર્મમાર્ગનું હતું અને કર્મમાર્ગમાં વિવેકનો અવશ્ય નાશ થાય છે એમ જણાવવા, તેના વીર્ય અને કામમાં(વિષયોમાં) આનંદનું વર્ણન શ્લો.૨૯ માં કરેલું છે. તેથી જ શ્લો.૨૩ માં ''જેણે કર્મનો અધિકાર પ્રાપ્ત કર્યો હતો'' એવું તેનું વિશેષણ કહેલું છે [૨૧।।-૨૨।।]

શંકા : છતાં પણ પ્રિયવ્રતની ભક્તિ સર્વથી બલવાન હોવાથી તેના વિવેકનો નાશ થાય તે યોગ્ય ન હતું. ''પીડાયેલો હોવા છતાં પણ મારો ભક્ત વિવેક તજતો નથી'' એ વાક્ય પ્રમાણે જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલો નથી તેવા ભક્તના વિવેકનો પણ નાશ થતો નથી તો પછી જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવેલો તેવા આ પ્રિયવ્રતના વિવેકનો નાશ કેમ જ થાય ! વળી ભક્તના વિવેકનો નાશ થતો હોય, તો તેવામાં વિવેક જ ન રહેવાથી તેની ભક્તિનો પણ નાશ થવાનું સમ્ભવે, અને પ્રિયવ્રતની ભક્તિનો નાશ થયો હોય તો શ્લો.૩૦ માં જણાવેલી તેની ભક્તિ અને તે ભક્તિના પરિણામરૂપ રાત્રિને પણ દિવસ કરવાનું કાર્ય ઘટે નહિ. વળી ભક્તને રાત્રિનો અનાદર કરવાનો અને (તેને) દિવસ કરવાનું પણ કાંઈ પ્રયોજન ન હોય. અને પ્રયોજન હોય તો પણ સાત વાર તેમ

કરવાનું શું પ્રયોજન હોય ? વળી આ અધ્યાયનો અર્થ ભગવાનના ઐશ્વર્ય અને વીર્ય હોવાનું કહેલ હોવાથી પ્રિયવ્રતની સ્ત્રી અને પુત્રો નું આ અધ્યાયમાં વર્ણન કરવું યોગ્ય નથી, કારણ કે સ્ત્રી અને પુત્રો માં ભગવાનનાં ઐશ્વર્ય અથવા વીર્ય નથી — એવી શંકાઓ થાય,

સમાધાન : તો જાણવું કે આ બધુંએ કાર્ય પ્રિયવ્રતમાં આવેશ કરેલા ભગવાનનું છે. ''ઈશ્વરે આપેલા ભોગ તું ભોગવ'' એમ (શ્લો.૧૯ માં) કહેલું હોવાથી પ્રિયવ્રતનો ભોગ પણ ભગવાને જ તેને પ્રાપ્ત કરાવેલ. તેથી જે-જે કાર્ય વિના ભોગ થઈ શકે નહિ તે-તે કાર્ય ભગવાને જ કરેલું એમ માનવું જોઈએ, અને તેથી વિવેક હોય તો ભોગ (તેમાં આવેશવાળા) થવાનું સમ્ભવતું ન હોવાથી, તેના વિવેકનો નાશ પણ ભગવાને જ કરેલો. ''પીડાએલો હોવા છતાં મારો ભક્ત વિવેક તજતો નથી'' એવું જે વાક્ય ઉપર કહ્યું તેનો વિરોધ પણ થતો નથી, કારણ કે કર્મમાર્ગની મર્યાદા અને તે માર્ગમાં પ્રિયવ્રતની પ્રવૃત્તિ પણ ભગવાને કરેલી છે. તેથી જ ભોગ ભોગવવા છતાં તેની ભક્તિનો પણ નાશ થયો ન હતો કારણ કે તેના વિવેકનો નાશ માત્ર તે ભોગ કરે તે માટે જ ભગવાને કરેલો. રાત્રિને દિવસ બનાવી તે પણ ભગવાનનું જ કાર્ય હતું કારણ કે ભગવાન્ વિના બીજો કોઈ કાલને ફેરવવા શક્તિમાન નથી, ભગવાને તે કાર્ય પોતાના છ ગુણોથી અને સ્વરૂપથી કરેલ હોવાથી, તે સાત વાર જ થયું. છ ગુણોવાળા પૂર્ણ ભગવાન્ ભૂમિ ઉપર છે એમ જણાવવા, ભગવાને સાતવાર તે કાર્યનું ભૂમિ ઉપર સ્થાપન કર્યું. તેથી જ આ ભગવાનનાં ઐશ્વર્યનું જ કાર્ય છે એમ જણાવવા જુદા પ્રકારે દ્વીપોના વિભાગ પણ કરેલા નહિ, તેમજ દિવસે જ રથમાં ફરીને દ્વીપોના વિભાગ કરેલા નહિ. છતાં રાત્રિને દિવસ બનાવતાં તેની સાથે-સાથે દ્વીપોના વિભાગ કરવાનું એ પણ બીજાથી થઈ શકે તેવું નથી, કારણ કે દ્વીપોના વિભાગ અને સમુદ્ર કરવા અને તેમ કરતાં પણ તેઓને પણ જુદા-જુદા પ્રકારના કરવા એ જીવથી થઈ શકે તેવું નથી. આમ જુદા-જુદા દ્વીપો અને સમુદ્રો થવાથી જુદા-જુદા સ્થળે તેમનું રક્ષણ કરી શકે તેવી શક્તિવાળા રક્ષણ કરનાર પણ હોવા જોઈએ. તેથી તેવા પુત્રો ઉત્પન્ન કરવા(શ્લો.૩૩) એ પણ ભગવાનનાં વીર્યનું કાર્ય હોવાથી, સ્ત્રી અને પુત્રોનાં વર્ણનની અયોગ્યતા કહી તે પણ રહેતી નથી.

શંકા : મનુના પુત્ર તરીકે મન્વન્તરમાં અધિકારવાળા આ પ્રિયવ્રતે ભગવાનનું કાર્ય પડતું મૂકી ભક્તિમાં પ્રવૃત્તિ કરવી યોગ્ય ન હતી, અને નારદ સર્વ જાણનાર હોવાથી તેણે ભક્તિમાર્ગનો ઉપદેશ કરવો યોગ્ય ન હતો, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જો પ્રિયવ્રતમાં પોતામાં દોષ હોય તો તેનાથી હરિનું કાર્ય થઈ શકે નહિ. તેને હરિનું કાર્ય કરવાનું હતું, અને ભગવાનનો તેનામાં આવેશ થયા વિના તેનાથી તે થઈ શકે તેમ ન હતું, અને જો તેનામાં દોષ હોય તો તેનામાં ભગવાનનો આવેશ થાય નહિ. પ્રિયવ્રત મનુનો પુત્ર હોવાથી તેને તે અધિકારથી પ્રાપ્ત થયેલું કાર્ય કરવાનું હોવાથી, હરિનું કાર્ય અને તે પણ અસાધારણ કાર્ય કરવામાં દોષવાળો રહીને જ તે પ્રવૃત્તિ કરે તો ભગવાનનો આવેશ તેનામાં થાય

નહિ અને ભગવાનનું કાર્ય તેનાથી થઈ જ ન શકે. આધિદૈવિક દોષ વિનાનો થવાને લીધે ભગવાનનો આવેશ થવામાં ભક્તિ જ કારણરૂપ હોવાથી તેણે પહેલાં ભક્તિ માટે જ પ્રવૃત્તિ કરી, અને તેથી જ નારદે પણ તેને ભક્તિમાર્ગનો ઉપદેશ કરેલો ભગવાન્ દોષરહિત હોવાથી દોષવાળામાં તેમનો આવેશ થાય તે યોગ્ય નથી. તેથી પુરુષ દોષરહિત થાય ત્યારે હરિ પોતે તેનામાં આવેશ પ્રવેશ કરી પોતાનું(હરિનું) કાર્ય કરે છે. અથવા હરિ તેનામાં આવેશ કરી પોતાનું એટલે તે ભક્તનું કાર્ય કરે છે. પ્રિયવ્રત (મન્વન્તરનો) અધિકારી હોવાથી દ્વીપોનું રક્ષણ કરવું વગેરે તેનું કાર્ય હતું. તે પ્રિયવ્રતથી પોતાથી થઈ શકે તેમ ન હોવાથી ભગવાન્ પોતે જેવી રીતે તે કાર્ય કરે તે માટે તે પ્રકારે પોતાની અંદર તેમનો આવેશ થવો જોઈએ, અને વિઘ્નો(દોષો)ને દૂર કરી, તેવો હરિનો પોતાની અંદર આવેશ કરાવનારી ભક્તિ જ છે. તેથી જ તેણે ભક્તિની જ પ્રવૃત્તિ કરી.

શંકા : ત્યારે પ્રિયવ્રતમાં ભગવાનનો આવેશ થતાં, તેણે પોતે જ રાજ્ય કરવાનો ઉદ્યમ કેમ ન કર્યો અને પિતાની આજ્ઞાથી પણ કેમ ન કર્યો ? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે પહેલાં ભક્તિથી દોષ દૂર થતા ભગવાનનો આવેશ થતાં પોતે દ્વીપોનું રક્ષણ વગેરે કરી શકશે તેવા વિચારથી ભક્તિ માટે પ્રવૃત્તિ કરી, છતાં પાછળથી ભક્તિના રસનો અનુભવ થતાં, રાજ્ય કરવાથી તે અટકી જશે, એવા વિચારથી તેણે રાજ્ય કરવાનું સ્વીકાર્યું નહિ. વળી પોતાની મેળે અથવા પિતાની આજ્ઞાથી તેણે રાજ્ય કરવાનું સ્વીકાર્યું હોત તો તે સ્વીકારવામાં ભગવાનનો આવેશ થએલો તે પણ જતો રહેત અને તેથી કાંઈ પણ કાર્ય થઈ શકત નહિ. પરન્તુ ભગવાનની આજ્ઞાથી તેનો સ્વીકાર કરવામાં કોઈ પણ દોષ રહે નહિ, તેથી તેમની આજ્ઞા તેણે સ્વીકારી. વાસ્તવિક રીતે તો ઉત્તેજિત થએલો આવેશ જ કાર્ય કરે છે અને તેથી ભગવાનના બ્રહ્માએ કહેલાં વાક્યો આવેશને ઉત્તેજિત કરવા જ કહેલાં, અને તેથી જ ભવિષ્યમાં સર્વ કાર્ય થઈ શક્યા. આ સર્વનો વિચાર કરીને જ આ સર્વ હરિનું કાર્ય હોવાનું વગેરે કહેલ છે [૨૨।।-૨૩।।]

પ્રિયવ્રતની પહેલાં ભક્તિ કહી અને પછી તેણે પોતાના પિતા મનુની આજ્ઞાનું ઉલ્લઙ્ઘન કર્યાનું કહ્યું (શ્લો.૬), તેનું બીજું તાત્પર્ય એવું પણ છે કે શ્લો.૧૩ પ્રમાણે જીવ ભગવાને વિચારેલું કાર્ય કરવા માટે જ દેહ ધારણ કરે છે, પરન્તુ ભગવાનના સમ્બન્ધ વિના તે તેવું કાર્ય કરી શકતો નથી. અને ભક્તિ વિના ભગવાનનો સમ્બન્ધ થતો નથી. તેથી મર્યાદામાર્ગમાં પુરુષે; આરંભથી જ દોષ ન રહે તે માટે પર્વતના જેવા દઢ ચિત્તવાળા થઈને ભક્તિમાર્ગમાં પ્રવૃત્ત થવું. ભગવાનનું ભજન જ કરવું અને બીજું કાંઈ ન કરવું એવાં દઢ ચિત્તવાળા થવું. તેથી જ પ્રિયવ્રતે પિતાના વચનનું પણ ઉલ્લંઘન કર્યું. પિતાની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી પ્રિયવ્રતને કાંઈ દોષ પણ થયો ન હતો, કારણ કે તેમની આજ્ઞા ભગવાનના ભજનથી વિરુદ્ધ હતી, અને એવી આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી કાંઈ દોષ પણ થતો નથી, કારણ કે ભગવાનનાં માર્ગની મર્યાદા પણ એવી જ છે. મર્યાદામાર્ગમાં બધાઓએ એમ જ કરવું જોઈએ [૨૩।।-૨૪।।]

ભગવાનનો વિજય અખંડ છે અને સર્વથી ઉત્તમ છે. તેનું આ સ્કન્ધમાં નિરૂપણ કરવામાં આવતું હોવાથી આ સ્કન્ધમાં અખંડ ગદ્યનો પ્રયોગ કરેલો છે. આ સ્કન્ધમાં કથા જ ભગવાનના ઉત્તમ અખંડ વિજયનું નિરૂપણ કરતી હોવાથી, કથા જ ગદ્યમાં કહેલી છે, અને તેથી જ ઉપદેશ આપવાનો હોય ત્યાં શ્લોકો યોજેલા છે. વળી પુરુષરૂપ શ્રીભાગવતની કટિ (કેડ)ના ભાગરૂપ આ સ્કન્ધ છે, અને કેડ પગ વગેરેની પેઠે જુદા ભાગવાળો નથી. તેથી પહેલા વગેરે સ્કન્ધોની પેઠે આ સ્કન્ધ શ્લોકોમાં નથી, પરન્તુ અખંડ સ્વરૂપવાળા ગદ્યમાં કહેલો છે.

આ મર્યાદાનો સ્કન્ધ હોવાથી સંસારમાં વૈરાગ્યવાળો, બ્રહ્મજ્ઞાની પ્રિયવ્રત જેણે પાછળથી ભોગમાં પ્રવૃત્તિ કરી, તેની કથા આ સ્કન્ધથી વિરુદ્ધ છે --એવી શંકા થાય, તો જાણવું કે મર્યાદા શ્રીકૃષ્ણને અધીન અને જે (જીવને) પોતાને અધીન છે તે પુષ્ટિ કહેવાય છે. ઉપર કહ્યા તેવા ગુણોવાળા પ્રિયવ્રતે જો પોતે ભોગમાં પ્રવૃત્તિ કરી હોત તો મર્યાદાનો ભન થાત. ભગવાનને અધીન રહી તેમની આજ્ઞા પ્રમાણે ભોગ કરવો તે મર્યાદા જ છે, તેથી તેની કથા આ સ્કન્ધથી વિરુદ્ધ નથી. જ્યાં ભક્ત પોતે સ્વતંત્ર રહે અને દામોદરલીલામાં થયું તેમ તેની ઈચ્છા પ્રમાણે ભગવાન્ કાર્ય કરે, તે પુષ્ટિ છે [।।૨૪-૨૫।।]

આ પ્રિયવ્રત સમ્પૂર્ણ રીતે શ્રીકૃષ્ણને અધીન રહેલો કારણ કે આરંભમાં તેને ૧. જ્ઞાન પ્રાપ્ત થયેલ, પછી ૨. ભોગ પ્રાપ્ત થયો અને પછી ૩. મોક્ષ પ્રાપ્ત થયો; એ ત્રણે, પહેલાં તેણે ભગવાનના ચરણકમલના જે રસનો અનુભવ કરેલ તેના બલથી જ પ્રાપ્ત થયેલા.

સામાન્ય રીતે ૧. યજ્ઞ વગેરે કરવાથી ચિત્ત શુદ્ધ થતાં સુયાસ (જગતમાં અનાસક્તિ) થતાં ગુરુના ઉપદેશથી છેવટે જ્ઞાન પ્રાપ્ત થાય. ત્યાર પછી જેને જ્ઞાન પ્રાપ્ત થયેલ છે તે ભોગમાં આસક્ત થતો નથી, અને આસક્ત થાય તો તે યોગથી ભ્રષ્ટ થયેલ હોવાથી તેના, તે જ જન્મમાં તેને મોક્ષ પ્રાપ્ત ન થાય (ભગ.ગીતા ૬।૪૧-૪૫). આ પ્રિયવ્રતને તો સર્વ તેથી ઉલટું થયું અને તે તેણે પોતાના પ્રયાસથી પ્રાપ્ત કરેલ ન હતા. તેથી જ તે પોતાથી વિષયોમાં આસક્તિવાળો જ હતો અને સંસારમાં વૈરાગ્યવાળો ન હતો એમ જણાવવા શ્લો.૬ માં તેને રાજાનો પુત્ર કહેલ છે. વળી જો તેને જ્ઞાન, ભોગ અને મોક્ષ પોતાના પ્રયાસથી પ્રાપ્ત થયા હોત, તો વસ્તુની મર્યાદા એટલે સ્વભાવનું ઉલ્લઙ્ઘન ન થાત, (એટલે ભોગ કરતો હોવાથી) તેને જ્ઞાન જ પ્રાપ્ત ન થાત. જો કદાચ નારદના ઉપદેશથી જ્ઞાન પ્રાપ્ત થાત, તો પછી પ્રાકૃત પુરુષની પેઠે તેની ભોગમાં આસક્તિ ન થાત, અને ભોગમાં આસક્તિ થાત તો પછી મોક્ષ પ્રાપ્ત ન થાત. તેથી (ભોગ છતાં જ્ઞાન, જ્ઞાન છતાં ભોગમાં આસક્તિ અને ભોગમાં અસક્તિ હોવા છતાં તેને મોક્ષ પ્રાપ્ત થયો તે) બીજા કોઈ પ્રકારે ઘટતું ન હોવાને લીધે જ તે સર્વ ભગવાનનું કૃત્ય છે એમ જણાય છે. ભગવાને કરેલું ન હોય, તો વસ્તુની મર્યાદાનું ઉલ્લઙ્ઘન ન થાય એમ ઉપર કહેલું છે. આ બધું પહેલા તેણે ભગવાનના ચરણવિન્દના જે રસનો અનુભવ કરેલો તેનાં સ્મરણથી થયું એમ છત્રીસમા ગદ્યથી આરંભી અધ્યાય પૂરો થતાં સુધીના શ્લોકોથી જણાવેલું છે.

આ પ્રિયવ્રતનો મર્યાદામાં જ અંગીકાર હોવાથી, અન્તે તેને વૈરાગ્ય થયાનું કહેલું છે (ગદ્ય.૩૬-૩૭). જેમ પ્રિયવ્રતને જ્ઞાન વગેરે હરિએ પ્રાપ્ત કરાવેલ તેમ પ્રિયવ્રતના સમ્બન્ધમાં બધાં કર્મો હરિએ જ કરેલાં છે તેથી ''પ્રિયવ્રતે કરેલું કર્મ ઈશ્વર વિના બીજો કોણ જ કરે ?'' (શ્લો.૩૯) એમ બરાબર જ કહેલું છે.

પ્રાચીન સંસ્કારને લીધે જ પ્રિયવ્રતને જ્ઞાન પ્રાપ્ત થયેલું અને મધ્યે તેણે ભોગ કર્યો તે તો પ્રારબ્ધ કર્મનો નાશ કરવા જ કરેલો એમ પણ કહી ન શકાય કારણ કે એમ હોય તો પિતાની આજ્ઞાનું તેણે ઉલ્લઙ્ઘન કર્યું તે ઘટતું નથી, કારણ કે પોતાના મોક્ષમાં રહેલી અડચણ દૂર થાય તે કોઈને ન ગમે તેવું ન હોય. વળી બ્રહ્માનાં વચનો પણ નકામા થાય અને ''ઈશ્વરની ઈચ્છાએ જ જેને કર્મનો અધિકાર પ્રાપ્ત થયો હતો''(ગદ્ય ૨૩) અને ''ભગવાને આપેલા ભોગ ભોગવ'' (ગદ્ય ૧૯) એ વાક્યોનો પણ વિરોધ થાય [૨૫।।-૨૬।।]

જો પ્રિયવ્રતે કરેલું કર્મ બધું જ ભગવાને જ કરેલું હોય, તો તેવા પ્રિયવ્રતનો પુત્ર આગ્નીધ્ર ઘણો કામી કેમ થયો ? એવી શંકા થાય, તો જાણવું કે બ્રહ્માનાં વાક્યોથી આરંભમાં પ્રિયવ્રતનું ચિત્ત કામમાં સમ્પૂર્ણ રીતે આસક્ત થએલું, ત્યારે આગ્નીધ્ર જન્મેલો હોવાથી તે ઘણો કામી થયો.

આ પ્રિયવ્રતમાં ત્રણ અંશો હતા ૧. સંસારમાં વૈરાગ્ય સાથે ભગવાનની ભક્તિ ૨. બ્રહ્માનાં વાક્યોથી ઉત્પન્ન થયેલી સર્વ વિષયોની કામના અને ૩. મનુના પુત્ર હોવાપણું; અને તેથી તે જુદા-જુદા અંશથી જુદું-જુદું કાર્ય કરવામાટે તેવાં કાર્ય કરી શકે તેવા પુત્રો ઉત્પન્ન થયેલા. તે પૈકી આરંભમાં તેને ઘણો જ કામ હતો એવી તેની અવસ્થામાં આગ્નીધ્ર ઉત્પન્ન થયેલો, તેથી તે કામરૂપ જ જન્મેલો. તેની પછી ઉત્પન્ન થયેલાઓ પણ કામી જ ઉત્પન્ન થયેલા(ગદ્ય ૨૫), કામી ન હોત, તો દ્વીપોનું અધિપતિપણું ન સ્વીકારત (ગદ્ય ૩૩). માત્ર કવિ, મહાવીર અને સવન એ ત્રણ પુત્રો કામી ન હતા (ગદ્ય ૨૬). તે ત્રણ પુત્રોએ જ મોક્ષ પ્રાપ્ત કર્યો, કારણ કે તેઓ ભક્તિના અંશથી ઉત્પન્ન થયેલા. ગદ્ય ૨૭ માં તેઓની ભક્તિનું નિરૂપણ એમ જણાવવા કરેલું છે કે તેઓની સેવાથી પ્રિયવ્રતને પહેલાના જેવી ભગવાન્‌માં પ્રીતિ થઈ. આ ૩૮ મા ગદ્યમાં ''હૃદયમાં જેણે હરિના વિહારનો પ્રભાવ ધારણ કર્યો હતો'' એ વિશેષણથી કહેલું છે. ભગવાન્‌માં પ્રીતિ ન હોય તો કાલ મોક્ષ થવામાં વિઘ્ન કરે, કારણ કે વિષયોએ જ્યાં પ્રવેશ કર્યો હોય ત્યાં તે અવશ્ય વિઘ્ન કરનારો થાય [૨૬।।-૨૮।।]

ભગવાન્‌માં પ્રીતિ થતાં ફલ પ્રાપ્ત થયું, તો ત્યાર પછી પ્રિયવ્રતે ગુરુ નારદનું સેવન (ગદ્ય ૩૮) ફરી શા પ્રયોજનથી કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મર્યાદામાર્ગમાં સર્વનું સાધન ગુરુની સેવા જ છે. કર્મમાર્ગ અને જ્ઞાનમાર્ગમાં ગુરુની સેવા સાધનરૂપ છે. તેવી જ મર્યાદાભક્તિમાં પણ તે સાધનરૂપ છે તેથી ભક્તનું સાધન પણ ગુરુની સેવા જ છે, કારણ કે મર્યાદામાર્ગ જ તેવો છે.

મર્યાદામાર્ગ પ્રમાણે તેને મુક્તિ પ્રાપ્ત થવી જરૂરી છે, તેથી તેણે અંતે ગુરુ નારદની સેવા કર્યાનું અને નારદે ઉપદેશ કરેલા માર્ગે તે ગયાનું કહેલ છે. તે જ પ્રિયવ્રતની મુક્તિ થઈ. નારદને મુક્તિ પ્રાપ્ત થતાં, આને પણ મુક્તિ પ્રાપ્ત થઈ એમ જાણવું [૨૮।।-૨૯।।]

**અધ્યાય ૨ ; આગ્નીધ્રને શ્રીનું દાન :**

આ પેટા-પ્રકરણમાં એવું જણાવવાનું છે કે ભગવાન્ પોતાના ગુણ પ્રિયવ્રતના વંશજને આપી, તેનું પોતામાં સ્થાપન કરે છે (મોક્ષ આપે છે).

શંકા : આગ્નીધ્રમાં પરમ્પરાથી પણ ભગવાનનો કોઈ પણ ગુણ હોવાનું જણાતું નથી (કારણકે તે ઘણો કામી હતો) — એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જેમ ભગવાનની આજ્ઞાથી જ પ્રિયવ્રત ઐશ્વર્યનો સ્વીકાર કરે તે માટે બ્રહ્માએ વચનો કહેલાં, તેવી જ રીતે આગ્નીધ્રને શ્રીની પ્રાપ્તિ થાય તેવી ભગવાનની ઈચ્છા જાણીને બ્રહ્માએ તેની પાસે 'પૂર્વચિત્તિ' નામની અપ્સરાને કામભોગ માટે મોકલી(ગદ્ય ૩). ભગવાનની આજ્ઞાથી જેને કામ ઉત્પન્ન થયેલો તેવા આગ્નીધ્રની પ્રકૃતિરૂપ જ તે અપ્સરા હતી. તેથી જ ''ગાન કરતી'' એવું તેનું વિશેષણ ગદ્ય ૨ માં યોજેલું છે. વળી ગુણો પરસ્પર ભળતાં નવ પ્રકારના થતા હોવાથી તે પ્રકૃતિરૂપ અપ્સરાએ નવ પુત્રોને જન્મ આપ્યો(ગદ્ય ૧૯) તેથી તે પ્રકૃતિરૂપ જ હતી. અને બ્રહ્માએ જ તેને આગ્નીધ્રને વશ કરેલી. તેથી જ આગ્નીધ્રે તેને ગદ્ય ૭-૧૬ માં જણાવેલાં, રસ ઉત્પન્ન કરે તેવાં વાક્યોથી મોહ પમાડી. આ વાક્યોથી તેનામાં રસ ઉત્પન્ન થયો અને તેથી તે રસશાસ્ત્રમાં મોહ ઉત્પન્ન કરનાર તરીકે પ્રસિદ્ધ રસવાળાં જ વાક્યો છે. જો તે પ્રકૃતિરૂપ ન હોત અને બ્રહ્માએ તેને આગ્નીધ્રને વશ કરી ન હોત, તો આગ્નીધ્ર ઘણો જડ (મૂર્ખ)છે (જુઓ ગદ્ય ૬), એમ જાણીને તે તેનાથી કંટાળી જ જાત, પણ મોહ ન પામત. વળી જો પૂર્વચિત્તિ આગ્નીધ્રને ભગવાને આપેલી ન હોત, તો જ્યારે ભગવાનના ભક્ત પ્રિયવ્રતને પણ ભગવાનનાં વાક્યોથી ઉત્પન્ન થયેલા કામવાળો તે હોવાથી; આગ્નીધ્ર જેવો કામી પુત્ર થયો, તો પછી આ આગ્નીધ્રનો પણ એવો કામી જ પુત્ર થાય. પરન્તુ ''ભગવાન્ મારે ત્યાં પુત્ર થઈ અવતરે'' એવી ભગવાનની કામના રાખનાર નાભિ જેવો પુત્ર ન થાય. પિતામાં જે ગુણ અધિક હોય તે સર્વથી મોટા પુત્રમાં આવે અને આ આગ્નીધ્રનો સર્વથી મોટો પુત્ર નાભિ, ઉપર જણાવ્યું તેમ, ભગવાનની કામનાવાળો હોવાથી આગ્નીધ્રમાં પણ ભગવાનની કામના હોવી જોઈએ. (તેથી તેનામાં ભગવાનનો શ્રીગુણ હોવો જોઈએ) અથવા જો પૂર્વચિત્તિ પ્રકૃતિરૂપ ન હોય, તો આગ્નીધ્રનો પુત્ર નાભિ સાત્ત્વિક કેમ થાત ? [૨૯।।-૩૧]

આગ્નીધ્રને પિતૃલોકની પ્રાપ્તિ થયાનું કહેલ છે (ગદ્ય ૨૨) તે આ પ્રકરણથી વિરુદ્ધ છે — એવી શંકા થાય, તો જાણવું કે આગ્નીધ્રમાં કામ હતો તે દોષ હતો, અને દોષવાળાની ભગવાન્‌માં

સ્થિતિ થતી નથી. વળી કામ રાખવો યોગ્ય પણ નથી. તેનો પોતાની પ્રકૃતિમાં જ લય થવાથી તે દોષ દૂર થાય અને અપ્સરાઓ કામની પ્રકૃત્તિરૂપ છે. તેથી અપ્સરાઓના લોકમાં જ કામનો લય કરવાથી આગ્નીધ્ર શુદ્ધ થાય, ત્યારે તેની ભગવાનનાં સ્થિતિ થાય. તેથી અપ્સરાઓનો લોક જેમાં પિતૃઓ આનન્દ કરે છે, તેની તેને પ્રાપ્તિ થયાનું કહેલું છે (ગદ્ય ૨૨).

''કામનાઓનો ઉપભોગ કર્યાથી કામ શાંત થતો નથી જ, પણ જેમ બલિઓથી અગ્નિ વધે છે તેમ તે ઘણો જ વધે છે'' એ વાક્ય પ્રમાણે અપ્સરાઓના લોકમાં કામનો લય થવાનું સમ્ભવતું નથી'' — એવી શંકા થાય, તો જાણવું કે તે લોકમાં અપ્સરાઓના ઘરમાં કામ પૂર્ણ થાય છે. જેમ બલિઓથી અગ્નિને ઘણો જ પૂરી દેવામાં આવે તો તે શાંત જ થઈ જાય છે તેમ આગ્નીધ્રનો કામ ત્યાં પૂર્ણ થવાથી શાંત જ થાય. ત્યાં તેને સદા અપ્સરાઓ પ્રાપ્ત થાય એટલે તેઓ સમ્પૂર્ણ રીતે પોતાને સ્વાધીન હોવાથી તે પોતાનો કામ તેઓમાં મૂકે અને તેનો કામ શાંત થાય, તેથી તેને તે લોકની પ્રાપ્તિ થયાનું કહેલ છે [૩૨]

આગ્નીધ્રે પુત્રની ઈચ્છાથી તપ કરવા માંડયું (ગદ્ય ૨) તે પહેલાં અને ત્યાર પછી તેણે કરેલ ભોગ કર્મનું ફલ ન હતું કારણ કે તે ભોગ પછી તેને મોક્ષ પ્રાપ્ત થવાનો હતો અને એ મોટું ફલ છે. કર્મનું જે ફલ પ્રાપ્ત થાય, કર્મના સમ્બન્ધથી જે પ્રાપ્ત થાત તે થોડું જ હોય છે. તેથી તેણે કરેલ ઘણો ભોગ પણ કર્મનું ફલ ન હતું. તેથી તેણે પ્રાપ્ત કરેલ બધું ફલ ભગવાને આપેલ શ્રીરૂપ જ હતું. તેને મુક્તિ થયાનું સ્પષ્ટ કહેલ નથી, છતાં તેના પિતા પ્રિયવ્રતને (અ.૧।૩૮) અને તેના પુત્ર નાભિને (અ.૪।૫) મુક્તિ પ્રાપ્ત થયાનું કહ્યું, તેથી વચલા આગ્નીધ્રને પણ મુક્તિ પ્રાપ્ત થયાનું યોગ્ય જ છે. પિતા અને પુત્ર બંને કૃતાર્થ થયા, તેથી આ પણ કૃતાર્થ થયો એમાં સંશય નથી. સંદંશ ન્યાયે આગ્નીધ્રને પણ મુક્તિ થાય તે યોગ્ય છે [।।૩૩।।]

આગ્નીધ્રના પિતા અને પુત્ર ભકત હતા, છતાં તે ભકત ન હતો, તેથી તેમની મુક્તિ થવા છતાં આગ્નીધ્રને મુક્તિ પ્રાપ્ત ન થાય --એવી શંકા થાય, તો જાણવું કે આગ્નીધ્રનો કામ શ્રીકૃષ્ણનાં વચનથી ઉત્પન્ન થયેલો. તેવો કામ પોતે પૂર્ણ થાય તે જરૂરી છે અને તે; કામના રસને જાણનાર હોય તેમાં જ પૂર્ણ થાય. આ આગ્નીધ્ર કામના રસને જાણનાર હતો, કારણ કે તે શ્રીકૃષ્ણનાં વચનથી (બ્રહ્માએ પ્રિયવ્રતને કહેલાં વચનો અ.૧।૧૧-૧૯) ઉત્પન્ન થયેલ કામરૂપ જ હતો. તે આવા કામરૂપ હોવાથી, અને પરણેલી સ્ત્રીમાં કામનો મુખ્ય રસ પ્રાપ્ત થતો ન હોવાથી, લૌકિક સ્ત્રી નિંદાએલ હોઈ તેને ભગવાનનાં વચનથી ઉત્પન્ન થએલ કામનો સમ્બન્ધ થવાનું અસમ્ભવિત હોવાથી, ઉપર કહ્યા પ્રમાણે ભગવાને આપેલી અપ્સરા પૂર્વચિત્તિમાં તેનો કામ પૂર્ણ થયો. કામરસના સ્વભાવને લીધે તેણે જ જડ-મૂર્ખના જેમ (ગદ્ય ૬) તેની સાથે સંભાષણ કરેલું, કારણ કે આવી રીતથી જ કામ રસ સાથે પ્રકટ થાય છે, બીજા પ્રકારે પ્રકટ થતો નથી. તેથી આને ભક્તિ પ્રાપ્ત થયાનું કહેલ નથી, કારણ કે ભક્તિ કામને રોકી દેનારી છે. તેથી જ ગદ્ય ૬ માં તેને જડ જેવો

કહીને ગદ્ય ૧૭ માં ''સ્ત્રીઓને મનાવી લેવામાં ચતુર'' કહેલો છે. વળી શ્રીકૃષ્ણનાં વચનથી જ તે ઉત્પન્ન થયેલો હોવાથી જ તેને અવશ્ય મુક્તિ પ્રાપ્ત થવી જોઈએ. (તેથી ભક્તિ ન હોવા છતાં તેની મુક્તિ થઈ). તેથી તે વાત્સ્યાયનરચિત કામશાસ્ત્રમાં પ્રસિદ્ધ કામ હતો. તે ભગવાનનાં વચનથી ઉત્પન્ન થયેલ કામરૂપ ન હોત, તો તેને મોક્ષ પ્રાપ્ત કરવા તત્ત્વોનો વિચાર કરવો પડત (જ્ઞાન પ્રાપ્ત કરવાની જરૂર રહેત) [૩૪]

**અધ્યાય ૩; નાભિને યશનું દાન:**

ત્રીજા અધ્યાયનો વિચાર કરતાં એમ જણાય છે કે કામ આગ્નીધ્રમાં જ શાંત થએલો હોવાથી, તેના પુત્ર નાભિમાં હોવો ન જોઈએ. છતાં તેને કામ હોવાનું ગદ્ય ૧ માં કહેલું છે તે ઘટતું નથી — એવી શંકા થાય, તો જાણવું કે પ્રિયવ્રત અને આગ્નીધ્રમાં આધિભૌતિક અને આધ્યાત્મિક કામ શાંત થયા. આધિદૈવિક કામ જ રહ્યો તેથી આગ્નીધ્રથી પણ આગળ તેના પુત્રમાં કામ આધિદૈવિક ભાવથી ગયો. આ ત્રીજા પુરુષ નાભિમાં તે આધિદૈવિક ભાવથી શ્રીકૃષ્ણરૂપ થયો કારણ કે ભગવાન્ સર્વનું આધિદૈવિક સ્વરૂપ છે.

શંકા : ભક્ત ભગવાન્‌માં પ્રીતિને રોકનાર કામનું સેવન કરે તેમ આ કહ્યું તે સર્વ અયોગ્ય છે. તેઓમાં પણ પોતાનો પુત્ર ભગવાનની સમાન હોવાનું વિચારનાર નાભિ જેવા મૂર્ખની તો અવગણના જ કરવી યોગ્ય છે, તેના ઉપર કૃપા કરવી યોગ્ય નથી, કારણ કે તેનો વિચાર ખરાબ હ્તો. ભગવાન્-વા મને પુત્ર થાય, એવો તેનો વિચાર અપરાધરૂપ હતો (ગદ્ય ૧૫). અને ભગવાનના વચનો(ગદ્ય ૧૭-૧૮) પ્રમાણે તેનાથી તેવો પુત્ર જન્મે એવો સમ્ભવ ન હતો. વળી વિષયના સમ્બન્ધવાળો કામ ભગવાનના સમ્બન્ધવાળો થાય તે યોગ્ય નથી — એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે પોતે કરવા ઈચ્છેલું કાર્ય સિદ્ધ થાય તે માટે ભગવાને; સંસારના બન્ધનવાળા અથવા મુક્ત જીવોમાં પ્રકટ થવું એવો નિર્ણય ભગવાનને જ અધીન છે, જીવોના સાધનને આધીન નથી એમ જણાવવા, જેમ મુનિઓનાં વાક્યોથી મુક્ત જીવ; જય અને વિજયને પણ ભગવાન્ ઉપર તેમની વિરુદ્ધ ક્રોધ થયો, તેમ આ નાભિને ભગવાન્ વિષે કામ થયો. જેમ ક્રોધને લીધે તેઓ સદા ભગવાનના વિષે દુષ્ટ વિચાર રાખતા હતા, તેમ આ નાભિ તેમને પુત્રની સમાન માનતો હતો. જેમ ક્રોધ શત્રુ ઉપર હોય તેવા નિયમને લીધે, ભગવાન્ શત્રુ છે એમ જય અને વિજય જાણતા હોવાથી તેમને ભગવાન્ ઉપર ક્રોધ પણ થયો, તેમ પુત્ર પણ સંસારના વિષયરૂપ હોવાથી, નાભિના ''ભગવાન્ મારા પુત્ર છે'' એવી ભાવના થતાં, વિષયના સમ્બન્ધવાળો કામ પણ ભગવાનના સમ્બન્ધવાળો થયો. આ આધિદૈવિક કામનું વેદ અને તન્ત્રના પ્રકારથી બ્રાહ્મણોએ ચિન્તન કરી, નાભિના હૃદયમાં પ્રકટ કરેલો. ચાર ભુજાઓવાળા સ્વરૂપનું ચિન્તન કરવું એ તન્ત્રનો પ્રકાર છે (અને યજ્ઞપુરુષ, બ્રહ્મ અથવા હિરણ્ય નું ચિન્તન કરવું એ વૈદિક પ્રકાર છે) [૩૫-૩૫।।]

જેમ જય તથા વિજયને ભગવાનનો સમ્બન્ધ ત્રણ જન્મો સુધી થયો, તેમ શ્રીકૃષ્ણનાં વાક્યોથી ઉત્પન્ન થયેલા કામથી પ્રિયવ્રતના વંશને કૃષ્ણપણું (ભગવત્પણું) પ્રાપ્ત થયું. જેમ જય અને વિજય ના હિરણ્યાક્ષ વગેરે જન્મોમાં ભગવાને તેમને પોતાની સમીપ માર્યા છતાં પણ તેમને મુક્તિ પ્રાપ્ત ન થઈ, પરન્તુ ''દેવો ત્રણવાર સત્ય છે'' વગેરે શ્રુતિ પ્રમાણે તેઓના ત્રણ જન્મો થયા, ત્યાર પછી તેઓને ભગવાનની પ્રાપ્તિ થઈ, તેવી રીતે કામ વંશરૂપ હોવાથી, અહીં પ્રિયવ્રતના કામે વંશરૂપ ભગવત્પણું પ્રાપ્ત કર્યું. જ્યારે મુનિઓના વચનથી ઉત્પન્ન થયેલા ક્રોધે જય તથા વિજય ને ત્રણ જન્મો સુધી ભગવાનનો સમ્બન્ધ કરાવ્યો, ત્યારે ભગવાનનાં વાક્યથી ઉત્પન્ન થયેલો કામ વંશને ભગવદ્રૂપ કરે તેમાં કહેવું જ શું ? આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ સર્વની સમાન છે, પણ લોકમાં ભગવાનની સમાન કોઈ નથી.

''ભગવાન્ સમાન મારે પુત્ર થાય'' એવો નાભિનો વિચાર અપરાધરૂપ હતો, તેવો પુત્ર થવાનું સમ્ભવતું નથી વગેરે જે શંકાઓ કરી તે ખોટી ઠરે છે. પુત્ર થાય ત્યારે જો ભગવાન્ જ તે પુત્રમાં પ્રકટ થાય, તો તેને મારો પુત્ર ભગવાનની સમાન છે એવું જ્ઞાન થાય આથી એમ જણાવેલું છે કે ભગવાનનું ભજન પુત્ર તરીકે અથવા હરકોઈ પ્રકારે કરેલું હોય તો તે સફલ થાય છે [૩૫।।-૩૭]

નાભિને પુત્ર ન હોવાથી તેણે પુત્રની જ કામના રાખવી યોગ્ય હતી, ભગવાનની સમાન પુત્રની કામના તેણે કેમ કરી ? એવી શંકા થાય તો જાણવું કે તેની ઈચ્છા વાસ્તવિક રીતે તો એવી હતી કે ભગવાન્ જ તેના પુત્ર થાય કારણ કે ભગવાન્ પુત્ર ન હોય તો વંશ કામથી થતો હોવાથી, તેનાથી પ્રવૃત્તિનું જ કાર્ય થાય, નિવૃત્તિ તથા તેનાં ફલ પ્રાપ્ત ન થાય. ભગવાનનાં વચનથી પુત્ર થવાને લીધે મુક્તિ પ્રાપ્ત થાય, તો પણ આધિદૈવિક કામના સ્વરૂપમાં જ લય થાય, પરન્તુ પુરુષોત્તમના સ્વરૂપમાં લય ન થાય. તેથી પોતાથી આરંભી બધાએ વંશને ધર્મથી આરંભી મુક્તિ સુધીના સર્વ પુરુષાર્થ પ્રાપ્ત થાય તે માટે નાભિએ ભગવાન્ પુત્ર થાય એવી કામના કરેલી. પરન્તુ ઈશ્વરને સાક્ષાત્ ''આપ મારા પુત્ર થાઓ'' એમ કહી શકાય તેમ નહિ હોવાથી 'આપના જેવા' એમ ગદ્ય ૧૩ માં કહેલું છે. ભગવાન્ પુત્ર તરીકે પ્રકટ થાય તો વંશ કૃતાર્થ થાય એ તર્કથી સિદ્ધ છે.

ધર્મથી આરંભી ભક્તિ સુધીના પુરુષાર્થ પ્રાપ્ત થાય તેવી શક્તિ વંશને વરદાન મેળવવાથી પણ પ્રાપ્ત થાય, તેથી ભગવાન્ પુત્ર તરીકે પ્રકટ થાય તે જરૂરી ન હતું — એવી શંકા થાય, તો જાણવું કે વરદાનથી તેવી શક્તિ વંશને પ્રાપ્ત ન થાય, કારણ કે વર વાણીરૂપ છે, અને તેથી કામથી પુત્રની ઉત્પત્તિ થાય એવી પહેલાંની (ભગવાનની) વાણીનો વિરોધ થવાનું સમ્ભવતું હોવાથી, ભગવાન્ વાણીથી એવો વર આપે તેવો સમ્ભવ નહોતો. વળી વરની વાણીથી પહેલાંની વાણીનું બલ હઠાવી શકાય નહિ, કારણ કે બન્ને વાણી સમાન બલવાળી થાય, અને વરથી વંશને તેવી શક્તિ વગેરે પ્રાપ્ત થવાનો પણ સમ્ભવ નહોતો, પરન્તુ ભગવાનનાં સ્વરૂપથી જ તેવી શક્તિ પ્રાપ્ત થઈ શકે, કારણ કે સ્વરૂપ વાણી કરતાં વિશેષ બલવાન છે. તેથી ભગવાન્ પોતે જ તેના પુત્ર થયા. વંશને ઉપર

જણાવી તેવી શક્તિ ભગવાન્ પુત્ર થવાથી જ પ્રાપ્ત થાય તેમ હતું. તેથી જ ''નગ્ન સ્થિતિમાં રહેનારાના (શ્રમણોના અને બ્રહ્મચારી ઋષિઓના) ધર્મો દર્શાવવાની ઇચ્છાવાળા સત્ત્વગુણવાળા દેહથી મેરૂદેવીમાં અવતર્યા'' એમ (ગદ્ય ૨૦) કહેલું છે.

''ત્યારે કાદવમાં પડીને પગ ધોવા કરતાં કાદવને સ્પર્શ કર્યા વિના દૂર રહેવું એ વધારે સારું'' એ નિયમ પ્રમાણે કામથી પુત્ર ઉત્પન્ન થવાનું ભગવાને કહેલું તે યોગ્ય જણાતું નથી, તેથી તે શા અભિપ્રાયથી કહેલું ? એવી શંકા થાય તો તેનું નિરાકરણ ઉપર ''ભગવાનના ગુણોનું માહાત્મ્ય પ્રકટ કરવા ભગવાને ઐશ્વર્ય-વીર્ય ગુણો પ્રિયવ્રતમાં મૂકેલા એ સ્થળે કહેલું છે. પ્રિયવ્રતમાં એ બે ગુણો મૂકેલા તેમ નાભિમાં કીર્તિ મૂકેલી. ભગવાન્ નાભિના પુત્ર થયા એવી કીર્તિ નાભિને પ્રાપ્ત થઈ.

આ અધ્યાયમાં બ્રાહ્મણોની પણ ભક્તિનું નિરૂપણ કરેલું છે. જો નાભિના હૃદયમાં ચિન્તનથી ભગવાનને પ્રકટ કરાવનાર બ્રાહ્મણો ભગવાનના ભક્તો હોય તો જ ભગવાન્ પ્રકટ થાય તેથી માત્ર યજ્ઞ અને યજ્ઞનાં સાધનરૂપ યજમાનની શ્રદ્ધા, યજ્ઞભૂમિ વગેરેથી ભગવાન્ પ્રકટ થયા ન હતા, પરન્તુ બ્રાહ્મણો ભક્ત હોવાથી પ્રકટ થયા હતા એમ જણાવવા બ્રાહ્મણોની ભક્તિનું નિરૂપણ કરેલું છે. ભગવાનને વંશનો સમ્બન્ધ થાય, તે માટે યજ્ઞ ઉપયોગી હતો. પણ માત્ર યજ્ઞ તથા તેનાં સાધનોથી ભગવાન્ પ્રકટ થયા ન હતા [।।૩૮-૩૯।।]

**અધ્યાય ૪. ધર્મીઋષભદેવ :**

ચોથા અધ્યાયમાં પણ નાભિની કથા એમ જણાવવા કહેલી છે કે ભગવાન્‌માં લૌકિક પુત્રનો ભાવ રાખવાથી પણ નાભિ સંસારના બન્ધનમાંથી છૂટયો(ગદ્ય ૫). જેમ ભગવાન્ ઋષભદેવ તેમના પિતા નાભિની કામનાથી પોતે પુત્ર તરીકે ઉત્પન્ન થયા, તેવી જ રીતે તેમણે રાજ્ય વગેરે સર્વ લૌકિક કાર્યો પણ કર્યા એમ જણાવવા તેમણે કરેલ રાજ્ય વગેરેનું વર્ણન કરેલું છે. તેથી ત્રીજા અધ્યાયમાં (ગદ્ય ૨૦) નિવૃત્તિના ધર્મો પ્રકટ કરવા ઋષભદેવે અવતાર લીધેલ હોવાનું કહેલ હોવાથી તેમણે રાજ્ય વગેરે કર્યાં તે એ વાક્યથી વિરુદ્ધ હોવાનું ન માનવું. (આ વધારાનાં કાર્યોનું કથન છે) [૪૦-૪૦।। ]

ભગવાનના આ ઋષભદેવ અવતારની ઇન્દ્રે સ્પર્ધા કરેલી(ગદ્ય ૩). કારણ કે પહેલા મન્વન્તરમાં જે હરિનો અંશાવતાર યજ્ઞ હતો, (જુઓ ૪।૧।૩ તથા ૮।૧।૫) તે જ આ સમયે ઇન્દ્ર થયેલ. તેથી તે પણ પહેલા મન્વન્તરનો ભગવદવતાર હતો અને ઋષભદેવ પણ ભગવાન્ હતા (ગદ્ય ૮). તેથી તે તેમની સ્પર્ધા કરવા યોગ્ય હતો.

ત્યારે બન્ને એક હોવાથી સ્પર્ધા થવાનો સમ્ભવ જ ન હતો ! — એવી શંકા થાય તો જાણવું કે યજ્ઞનો ભગવદવતાર મન્વન્તરના કાર્યમાટે થયેલ હોવાથી તેમનામાં ભગવાનની માત્ર

ક્રિયાશક્તિ જ પ્રકટ થયેલી પણ સ્પર્ધા ન કરવામાં જોઈતી વધારાની જ્ઞાનશક્તિ પ્રાપ્ત થઈ ન હતી. અને તેમણે ઈન્દ્રપણાનો સ્વીકાર કર્યો ત્યારે ઈન્દ્રના ગુણોનો પણ સ્વીકાર કરવો જોઈએ. તેથી તેમણે ઋષભદેવની સ્પર્ધા કરી. અથવા ઋષભદેવનો અવતાર નિવૃત્તિમાર્ગને પ્રકટ કરવારૂપ કાર્ય માટે થયેલો હોવાથી પ્રવૃત્તિ કરે છે કે નહિ, તેવો ઈન્દ્રને સંશય થવાથી તેમને પોતાની કન્યા જયન્તી આપવી કે નહિ તેવો સન્દેહ થયો. તેથી પ્રજા ઉપર તેમને પ્રેમ છે કે નહિ તે ઉપરથી તે પ્રવૃત્તિ કરે તેવા છે કે નહિ તેનો નિર્ણય કરવા, અને પોતાની કન્યા અલૌકિક વીર્યથી ઉત્પન્ન થયેલી અને ઋષભદેવ નિવૃત્તિના ધર્મો ઉપર પ્રીતિ રાખનારા હોવાથી તે લોકમાં પોતાનું અલૌકિક વીર્ય પ્રકટ કરશે કે નહિ, એવા વિચારથી તેમના અલૌકિક વીર્યની પરીક્ષા કરવા ઈન્દ્રે વૃષ્ટિ ન કરી(ગદ્ય ૩). વૃષ્ટિ બંધ રાખી તેણે તેમના પૂર્ણ અલૌકિક ગુણની પરીક્ષા કરીને પછી કન્યા તેમને આપી(ગદ્ય ૮).

ગદ્ય ૩ માં સ્પર્ધા કર્યાનું કહેલ છે તે તો લોકની માન્યતાના અભિપ્રાયથી કહેલું છે વાસ્તવિક રીતે કન્યા આપવા માટે અલૌકિક વીર્યની પરીક્ષા કરવા વૃષ્ટિ બંધ રાખેલી [૪૧।।-૪૩।।]

પરીક્ષા કરવાનું પ્રયોજન એ હતું કે જો કન્યા અને તેનો પતિ બન્ને ભગવદ્રૂપ હોય, તો તેમના પુત્રો કૃતાર્થ થાય. ઋષભદેવની પરીક્ષા થતાં, જો તે લૌકિક વાદળાંઓને ખેંચી લઈ તેમનાથી વૃષ્ટિ કરે, તો તે વાદળાઓ ઈન્દ્રના હોવાથી ઋષભદેવના વીર્યથી વૃષ્ટિ થઈ ન ગણાય. તેથી તે પોતે મેઘરૂપ થયા અને તેમણે મેઘરૂપ થઈ ઘણી સુંદર વૃષ્ટિ કરી, એટલે જે ખેતરમાં જ્યારે જેટલું જલ જોઈએ તે ખેતરમાં ત્યારે તેટલું જ જલ નાખી વૃષ્ટિ કરી. ઈન્દ્ર વૃષ્ટિ કરતો તે ખોટી હતી (તેથી જ્યાં જ્યારે જેટલું જોઈએ ત્યાં તે સમયે તેટલું જલ મળતું નહિ. વધારે પણ પડે અને ઓછું પણ પડે). તેથી ઋષભદેવે કરેલી વૃષ્ટિ ઘણી સુંદર હતી. મેઘરૂપ થયા વિના પણ ઋષભદેવ પોતે જ વૃષ્ટિ કરવા શક્તિમાન હતા, છતાં આ મર્યાદામાર્ગ છે અને મર્યાદામાર્ગમાં પ્રસિદ્ધ સાધનોથી જ જે કાર્ય કરવાનું હોય તે કરવું જોઈએ [૪૦।।-૪૩।।]

ઋષભદેવ ભગવાન્ ઘરમાં હતા છતાં નાભિ વનમાં ગયો તે તેણે અયોગ્ય કાર્ય કર્યું, અને તે પણ પોતાના માટે પ્રકટ થએલ ભગવાનના અવતારની ઉપાસના તજી બીજે જવું તે અયોગ્ય જ હતું — એવી શંકા થાય, તો જાણવું કે ઋષભદેવ ભગવાન્ નાભિને કામના પૂર્ણ કરવા પુત્ર તરીકે પ્રકટ થયેલા તેથી તે તેની કામના પૂર્ણ કરે, પણ તેને મોક્ષ ન આપે કારણ કે અમુક ઈચ્છાથી જ ભગવાન્ પ્રકટ થયેલા. નાભિનો મોક્ષ નર-નારાયણની ઉપાસનાથી થવાનો હતો. તેથી તે ઘર તજી બદરિકાશ્રમ ગયેલો(ગદ્ય ૫), કારણ કે મર્યાદામાર્ગમાં એવી જ રીતે ઘરનો ત્યાગ વગેરે સાધનો કરવાથી મુક્તિ થાય છે.

નર-નારાયણ પૈકી એક નર; નિયમ(વિધિ) ને અનુસરનારા હોઈ તપરૂપ સાધનથી જ્ઞાનમાર્ગ

પ્રમાણે મુક્તિ પ્રાપ્ત કરાવનારા છે. ત્યારે ભગવાન્ (નારાયણ)નાં ભજનનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મર્યાદામાર્ગમાં ઉપર કહેલ જ્ઞાનનો અધિકાર સ્ત્રીને નહિ હોવાથી, ભગવાનના ભજન વિના તેને મુક્તિ પ્રાપ્ત થતી નથી. પણ જો ભગવાનની સેવા કરવાથી મુક્તિ પ્રાપ્ત કરવામાં આવે તો ઘણાઓની પણ સાથે મુક્તિ થાય. શિશુપાલ વગેરે પેઠે ભગવાન્ ઉપર દ્વેષ રાખીને તમોગુણથી મુક્તિ પ્રાપ્ત કરવી હોય, તો એક જ પોતાની જ મુક્તિ તે સાધનથી પ્રાપ્ત કરી શકે, પણ તેના ઉપર આધાર રાખનારાઓની તેવાં સાધનથી મુક્તિ ન થાય. તેવી રીતે જ્ઞાનમાર્ગ પ્રમાણે મુક્તિ મેળવવામાં પણ એકની જ મુક્તિ થાય. તેથી એક (પુરુષ)ને જ ઘરનો ત્યાગ કરવાનું કહેલ છે. ભજન કરી મુક્તિ મેળવવામાં તો ભજનમાં અડચણરૂપ હોય તેનો જ ત્યાગ કરવાનો છે, ભજનમાં પણ મદદ કરનારનો ત્યાગ કરવાનો નથી. તેથી નાભિ પોતાની પત્ની મેરૂદેવી સાથે બદરિકાશ્રમ ગયેલો. મેરૂદેવી ભજનમાં અડચણરૂપ ન હતી [૪૪-૪૫।।]

છતાં પણ મર્યાદામાર્ગમાં સ્ત્રીનો ત્યાગ કરવાની શાસ્ત્રની આજ્ઞા હોવાથી નાભિ સ્ત્રી સાથે બદરિકાશ્રમ ગયો તે યોગ્ય ન હતું, કારણ કે ''સ્ત્રીના સંગથી પુરુષને જેવું દુઃખ થાય છે'' એ વાક્ય પ્રમાણે તેવા દુઃખદાયક સ્ત્રીના સમ્બન્ધને લીધે નાભિને પણ મુક્તિ પ્રાપ્ત થવાનો સમ્ભવ રહેતો નથી —એવી શંકા થાય, તો જાણવું કે અહીં નાભિની મુક્તિ વનમાં રહેલાના (વાનપ્રસ્થઆશ્રમના) પ્રકારે થવાનું કહેલ છે. નાભિ બદરિકાશ્રમ ગયો તે સુયાસ લઈ ગયો ન હતો, કારણ કે તે ત્યાં ગયો ત્યાં સુધી પણ સુયાસીના ગુણો તેણે પ્રકટ કર્યા ન હતા. આ ત્રીજો આશ્રમ તેણે ગ્રહણ કર્યો, તેથી તે ત્યાં પત્ની સાથે ગયેલો.

પ્રિયવ્રત ગુરુની સેવાને મુખ્ય ગણતો હોવાથી તે બ્રહ્મચારી રહેવા ઇચ્છતો હતો, તેના પુત્ર આગ્નીધ્રે સ્પષ્ટ રીતે ગૃહસ્થાશ્રમ સાચવેલો અને તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલું છે. આ ત્રીજા નાભિએ ત્રીજા વાનપ્રસ્થઆશ્રમમાં રહી મુક્તિ પ્રાપ્ત કરી.

શંકા : નાભિએ સર્વનો ત્યાગ કરેલ ન હોવાથી તે વનમાં શા માટે ગયો ? કારણ કે તેની કામના પૂર્ણ કરવા પ્રકટ થયેલ ઋષભદેવનાં પણ ભજનથી તેમની કૃપાથી તેને ઘેર બેઠાં પણ મુક્તિ પ્રાપ્ત થાત. વળી ઘરનો ત્યાગ કરવો જરૂરી હોય તો પણ વનમાં તેણે ઋષભદેવનું ભજન કેમ ન કર્યું ? —એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે નાભિને ઋષભદેવ મારો પુત્ર છે એવું ભાન રહેતું પણ તે ભગવાન્ છે એવું ભાન થતું નહિ. તેથી તેનાથી ઋષભદેવનું ભજન થાત નહિ, કારણ કે મર્યાદામાર્ગમાં હરકોઈ પ્રકારના જ્ઞાનથી મુક્તિ થતી નથી. તેથી તે વનમાં ગયો અને ત્યાં નર-નારાયણની ઉપાસના કરી [૪૫।।-૪૮]

''નાભિના શુદ્ધ કર્મથી હરિ તેના પુત્ર થયા'' એમ જે ગદ્ય ૬ માં કહેલું છે તે શુકનું વચન

નથી, પરન્તુ તે લોકમાં બોલાતાં વચન કહેલ છે તેથી તે વચનથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી. લોકોએ શાસ્ત્રનું શ્રવણ કરેલ હોય તો પણ તેમને સર્વત્ર બહારની જ દૃષ્ટિ રહે છે. તેથી તેવી લૌકિકી (લોકની) દૃષ્ટિથી શાસ્ત્રનાં વચન ખોટાં થતાં નથી. લોકોમાં બ્રાહ્મણો વગેરેમાં શ્રદ્ધા વિનાની ભક્તિ હોવાથી તેમને જ્ઞાન થતું નથી. (તેથી તેમને બહારની જ દૃષ્ટિ રહે છે).

સર્વ કામની વૃદ્ધિ થાય તો તે માટે ઋષભદેવે એકસો પ્રકારે કામ કર્યો અથવા એકસો પુત્રો ઉત્પન્ન કર્યા. વંશ કામરૂપ છે અને કામ એકસો પ્રકારનો છે, તેથી ઋષભદેવે સર્વ પ્રકારના કામની વૃદ્ધિ થાય તે માટે તેટલા પુત્રો ઉત્પન્ન કર્યા [૪૯-૫૦]

મુક્તિ એક પ્રકારની છે, ગુણોને લીધે ભોગ નવ પ્રકારનો છે, સાધનભક્તિ પણ ગુણોને લીધે નવ પ્રકારની છે અને કર્મનાં ફલ એક્યાસી પ્રકારના છે. તેથી તે જુદા-જુદા ફલની કામના પણ એક, નવ-નવ તથા એક્યાસી પ્રકારની હોઈ, કામ એકંદર એકસો પ્રકારનો થાય છે. કર્મના ફળ એટલે કર્મમાર્ગથી પ્રાપ્ત કરવા ઈચ્છેલા પદાર્થોની કામના એક્યાશી પ્રકારની છે, કારણ કે નવ પ્રકારના કર્મ છે અને નવ પ્રકારના કર્તા છે. દરેક પ્રકારનો કર્તા નવ પ્રકારના કર્મો પૈકી દરેક કર્મના ફલની ઈચ્છા કરે, એટલે ૯ × ૯ = ૮૧ પ્રકારના કર્મનાં ફલ થાય છે [૪૯-૫૦]

આ પ્રિયવ્રતના વંશની સૃષ્ટિ ઉલટા ક્રમથી પુરુષાર્થ પ્રાપ્ત કરવાની કામનાવાળી હતી, કારણ કે આ વંશમાં આરંભમાં પ્રિયવ્રત થયો, તેને મોક્ષના ધર્મોમાં પ્રીતિ હતી, તેનો પુત્ર આગ્નીધ્રને કામમાં પ્રીતિ હતી, તેના પુત્ર નાભિને અને તેને યજ્ઞ કરાવનાર બ્રાહ્મણોને ભક્તિમાં (સાધનભક્તિ અથવા મર્યાદાભક્તિમાં) પ્રીતિ હતી, અને ઋષભદેવે ધર્મની મર્યાદાનું સ્થાપન કર્યું.

અહીં ચાર પુરુષાર્થ પૈકી અર્થ પુરુષાર્થ ન કહેતાં તેને બદલે ભક્તિ કહેલી છે, તેનું કારણ એવું છે કે જેમ અર્થ સર્વને સુખ આપનારો છે અને સર્વ પદાર્થો પ્રાપ્ત કરાવનારો છે, તેવી રીતે મર્યાદામાર્ગમાં ભક્તિ (મર્યાદાભક્તિ) સર્વને સુખ આપનારી અને સર્વ પદાર્થો પ્રાપ્ત કરાવનારી છે. તેથી એ પ્રમાણે અનુક્રમવાળી કથા છે, અને તેથી જ આ ચારે પુરુષાર્થ ભગવાને જ સાચવેલા. ભગવાને એવી રીતે આ વંશના પુત્રોમાં જુદા-જુદા પુરુષાર્થોની કામના સારી રીતે સમ્પૂર્ણ મૂકેલી, તેથી તેમની પ્રજા કામનારહિત હતી, અને ભગવાન્ જ તે પ્રજાનું રક્ષણ કરતા હતા(ગદ્ય ૧૮). (આકાશમાં ઉગેલાં પુષ્પ જેવો) જે પદાર્થ નથી જ તેની જેમ કોઈ પણ કામના કરતું નથી, તેમ બીજાના કોઈ પણ પદાર્થની કોઈ પણ સમયે આ પ્રજાનો કોઈ માણસ કામના કરતો ન હતો, એ દૃષ્ટાન્તથી પ્રજા સમ્પૂર્ણ રીતે કામનારહિત હતી એમ જણાવેલું છે.

કર્મ જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગમાં ભગવાન્ ઉપરના સ્નેહરૂપ સ્વતન્ત્ર વેદના નિયમન(બન્ધન) વિનાની ભક્તિ; મોક્ષથી પણ અધિક શ્રેષ્ઠ છે. તે સ્વતન્ત્ર ભક્તિ તો રસની પેઠે

માત્ર અનુભવથી જ પ્રાપ્ત થાય તેવી હોવાથી તેનો અનુભવ કરનાર પુષ્ટિમાર્ગીય ભક્તોને જ તે ઈષ્ટ છે, બીજાઓ તો તેનું સ્વરૂપ જ જાણતા ન હોવાથી તેમને તે ઈષ્ટ નથી [૫૧-૫૩ા]

**અધ્યાય ૫ ; ઋષભદેવે કરેલ જ્ઞાનનું નિરૂપણ :**

ઋષભદેવના પુત્રોને જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા ન હતી, છતાં ઋષભદેવે પોતે તેમની પાસે જઈ પ્રજાના સાંભળતાં તેઓને જ્ઞાનનો ઉપદેશ કર્યો, કારણકે કર્મમાર્ગ પ્રમાણે જેઓને કામ હોવાનું કહેલું છે, તેઓને સર્વ પ્રકારે જ્ઞાનનો ઉપદેશ કરવો જોઈએ. જો તેઓને તેવી રીતે જ્ઞાનનો ઉપદેશ કરવામાં ન આવે તો તેઓ જડ થાય, અજ્ઞાની રહે અને તેથી તેઓનો નાશ થાય. તેથી ઋષભદેવે પુત્રો પાસે જઈ (અ.૪।૧૯) તેઓને જ્ઞાનનો ઉપદેશ કર્યો (અ.૫।-૨૭). હરિએ પોતે પુરુષાર્થ પ્રાપ્ત કરાવેલા હોય, ત્યારે તે પુરુષાર્થ સચવાય તેવા સર્વ ઉપાયો પણ હરિ કરે છે, તેથી આ ઉપદેશમાં હરિ ઋષભદેવ પોતાના પુત્રોને સાધનોથી અહંકાર દૂર કરવાનો ઉપદેશ કરે છે (શ્લો.૧૦-૧૩). અહીં ઘણા વિષયો કહેલા હોવાથી કર્મમાં આસક્તિ રાખવી તે હાનિકારક હોવાનું જણાવેલ છે તે યોગ્ય છે. આ ઉપદેશનું તાત્પર્ય અહંકાર ન રાખવાનું છે તે દશમા શ્લોકથી આરંભી જણાવેલું છે. ત્યાર પછી સંસારમાં ભ્રમણ કરનારાને આ લોકમાં તથા પરલોકમાં જે દુઃખ થાય છે તેનું વર્ણન કરેલું છે. ઋષભદેવને અહંકાર ન હોવાથી આ દુઃખ લાગ્યું ન હતું (ગદ્ય ૨૯-૩૦). અહન્તા અને મમતાનો ત્યાગ એ જ મુખ્ય જ્ઞાનમાર્ગ છે. તે ભગવાન્ ઋષભદેવે આ ગદ્યોમાં જણાવ્યા પ્રમાણે આચરણ કરી લોકોને દેખાડ્યો. ત્યાર પછી ૩૨-૩૪ સુધીના ગદ્યથી તેમણે જે યોગમાર્ગનું આચરણ લોકોને એ માર્ગ દેખાડવા કર્યું, તે કહેલું છે. એવી રીતે તેમણે લોકોને સાંખ્ય અને યોગ એ બન્ને માર્ગો દેખાડ્યા, કારણ કે નિવૃત્તિમાર્ગનાં તે બન્ને સાધન છે. યોગ પણ નિવૃત્તિમાર્ગમાં સાધન હોવાથી છઠ્ઠા અધ્યાયમાં મનની કથા કહેશે [૫૩ા-૫૭]

યોગમાર્ગમાં સર્વનો ત્યાગ કરવાનો ન હોવાથી અહિં યોગમાર્ગ દેખાડવો યોગ્ય ન હતો — એવી શંકા થાય, તો જાણવું કે આ અધ્યાયમાં સાંખ્યમાર્ગ જ દર્શાવેલો છે. યોગ અને સાંખ્ય માં ભેદ ન હોવાથી સાંખ્યમાર્ગ દર્શાવેલો છે. આ સાંખ્યમાર્ગીય સંન્યાસ જ છે. યોગનું આચરણ તો સાંખ્યમાં અને યોગમાં ભેદ ન હોવાથી ઋષભદેવે કરેલું છે. અને ભગવાન્ શ્રીકૃષ્ણે પણ ''સાંખ્ય અને યોગ જુદા હોવાનું અલ્પબુદ્ધિવાળા લોકો કહે છે, પંડિતો કહેતા નથી'' (ભગ.ગીતા ૫।૪) વગેરેથી એમ જ કહેલું છે. સર્વ અવસ્થાઓમાં સમ્પૂર્ણ રીતે વિષયોનો ત્યાગ કરવો જોઈએ એમ દર્શાવવા ઋષભદેવ યોગમાં પ્રવીણ હોવા છતાં તેમણે યોગની સિદ્ધિઓની દરકાર કરી ન હતી (ગદ્ય ૩૫). વિષયો સર્વ અવસ્થાઓમાં તજવા યોગ્ય હોવાથી જ તેમણે તે સિદ્ધિઓની દરકાર કરી ન હતી [૫૮-૫૮ા]

**અધ્યાય ૬ ; ઋષભદેવના સુયાસનું નિરૂપણ :**

વિષયો સર્વ અવસ્થાઓમાં સમ્પૂર્ણ રીતે તજવા યોગ્ય હોવાથી ઋષભદેવે પોતાના મુખમાં પથ્થર મૂકેલો. તે એવા હેતુથી મૂકેલો કે મુખમાં કોઈ પણ-સાયુજ્ય મુક્તિનો અધિકારી પણ

પ્રવેશ ન કરે. આથી એમ દર્શાવેલું છે કે યોગથી સિદ્ધિઓ પ્રાપ્ત કરેલા સિદ્ધોએ સમ્પૂર્ણ રીતે સંગનો ત્યાગ કરવો જોઈએ. વળી તેમણે મુખમાં પથ્થર મૂક્યો એટલે વિષયોનો સમ્પૂર્ણ રીતે ત્યાગ કર્યો, કારણ કે વિષયોનો ભોગ પહેલાં મુખથી થાય છે. જે વસ્તુ પ્રાપ્ત થઈ હોય તેનો ત્યાગ કરી શકાય. જે પ્રાપ્ત થઈ નથી તેનો ત્યાગ થઈ ન શકે. તેથી ઋષભદેવ વિષયોનો ત્યાગ કરે તે માટે પહેલાં તેમને વિષયો પ્રાપ્ત થયેલા એમ દર્શાવવા જ (અ.૫ા૩૨ માં) ''સૂતેલા જ ખાતા હતા'' વગેરે કહેલ છે. તેમને તે સમયે પણ વિષયો ઉપર પ્રીતિ ન હતી. નિર્મલપણું યોગથી સિદ્ધિ પ્રાપ્ત કરેલા સિદ્ધોનું લક્ષણ છે. તેથી તે નિર્મલ હતા એમ જણાવવા જ તેમની વિષ્ઠાની સુગંધવાળો વાયુ ચારે તરફ દશ યોજન સુધીના પ્રદેશને સુગંધી બનાવતો હતો એમ અ.૫ા૩૩ માં કહેલું છે [૫૮ાા-૬૦]

ઋષભદેવનો દેહ અગ્નિથી બળી ગયેલાનું કહેલું છે (અ.૬ા૮). સર્વ ગતિ અન્તે અગ્નિમાં જ છે એમ જણાવવા તે અગ્નિથી બળી ગયાનું કહેલું છે. ઋષભદેવ યોગના આચરણનું શિક્ષણ આપવા જેવી-જેવી દશા યોગિઓની થાય તેવી પોતાની થવાનું દેખાડતા હતા, તેથી જ તેમણે સિદ્ધિઓનો અંગીકાર ન કર્યો. આનાં કારણ તરીકે શ્લો.૩-૫ કહેલા છે. કારણ કે તેમણે સિદ્ધિઓનો અંગીકાર કર્યો હોત તો પણ મન તેમના તપનો નાશ કરી શક્ત નહિ, તેમ જ કામ-ક્રોધ વગેરેને તેમના સમ્બન્ધમાં અવકાશ મળત નહિ. તેવી જ રીતે યોગ આચરનારના શરીરની અન્તે આવી જ ગતિ થાય છે એમ જણાવવા તેમનો દેહ અગ્નિથી બળી જવાની કથા કહેલી છે. વાસ્તવિક રીતે તો આનંદમય દેહને અગ્નિ ઘેરી લે ત્યારે તેનો તિરોભાવ થાય છે (તેથી તેમનો દેહ બળ્યો ન હતો). તેથી જ ''યોગીઓને પરલોક જવાની વિધિનો બોધ આપતાં પોતાના દેહનો ત્યાગ કરવાની ઈચ્છાથી તેમણે દેહના અભિમાનનો ત્યાગ કર્યો'' એમ ગદ્ય ૬ માં કહી, પછી તે દેહ અગ્નિથી બળ્યાનું ગદ્ય ૭ માં કહેલું છે.

હરિએ પોતાના સ્વરૂપમાં સ્થિતિ કર્યાની આ કથા એવી રીતે વર્ણવેલી છે, ૧૮ મા શ્લોકમાં એમ કહેલું છે કે ''ભગવાન્ મુકુન્દ પોતાનું ભજન કરનારને મોક્ષ આપે છે, પરન્તુ કોઈ વાર ભક્તિ આપતા નથી'' તેનું તાત્પર્ય એવું છે કે ભક્તો ઉપર ઘણું પ્રસન્ન થયેલા ભગવાન્ ઋષભદેવને, આ કથામાં કહ્યું તેમ, ઘણો પ્રયાસ કરવો પડયો. મર્યાદામાર્ગમાં ભક્તો માટે ભગવાનને આવો પ્રયાસ કરવો પડે છે. તેથી શ્રીકૃષ્ણ કોઈને ભક્તિનું દાન કરતા નથી. મર્યાદાને લીધે જ ભગવાનને પ્રયાસ કરવો પડે છે [૬૧-૬૨]

**પેટાપ્રકરણ ૨ ; યોગથી સ્વરૂપમાં સ્થિતિ :**

૭ થી ૧૪ મા સુધીના અધ્યાયોનું બીજું પેટાપ્રકરણ છે. યોગના આઠ અંગો હોવાથી આ આઠ અધ્યાયોથી યોગની પ્રાપ્તિથી થતી સ્વરૂપમાં સ્થિતિનું નિરૂપણ કરેલું છે. અહીં યોગમાર્ગનું વર્ણન એટલા માટે કરેલું છે કે યોગનું આચરણ કરવામાં ન આવે તો મન ઘણું ચઞ્ચલ હોવાથી,

બીજા સાધનો કરવા છતાં જો યોગથી મનને વશ કરવામાં ન આવે તો સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત ન થાય, અને બીજા સર્વ સાધન નિષ્ફળ થાય, ઋષભદેવના પુત્ર ભરતને એમ જ થયેલું. તેથી અહીં ભરતની જ કથા કહેલી છે.

**અધ્યાય ૭ ; સ્વરૂપમાં સ્થિતિ થાય તેવાં યોગ સિવાયના સાધનો :**

સાતમા અધ્યાયમાં ભરતે સ્વરૂપમાં સ્થિતિ પ્રાપ્ત થાય તેવાં યોગ સિવાયના બીજા સાધનો કરેલાં તે વર્ણવેલાં છે.

તેણે પ્રજાનું પાલન કરેલું અને પોતે પણ મોટો જ્ઞાની હતો(ગદ્ય ૪). તે અનેક યજ્ઞો કરતો(ગદ્ય ૫) અને ફલનું વાસુદેવમાં ચિન્તન કરતો હતો. તેને રાગ રહ્યો ન હતો(ગદ્ય ૬). તેનું અન્તઃકરણ શુદ્ધ થયેલું અને તેને ભગવાનની મર્યાદા ભક્તિ પ્રાપ્ત થયેલી(ગદ્ય ૭). ધન વગેરે બધું પુત્રોને વહેંચી દઈ તે હરિક્ષેત્રમાં ગણ્ડકી નદીના તીરે ગયેલો(ગદ્ય ૮-૯). ત્યાં પરમ નિવૃત્તિ પ્રાપ્ત કરેલી(ગદ્ય ૧૧). સ્વરૂપમાં સ્થિતિ થાય તેવાં આ બધાં સાધનો તેણે આચરેલાં, છતાં તેણે યોગનું આચરણ કરેલું નહિ અને તેથી તેનું મન ચંચલ રહેલું [૬૨।।-૬૪]

**અધ્યાય ૮ ; ભરતના મનનું ચઞ્ચલપણું અને તેનું પરિણામ :**

આઠમા અધ્યાયમાં ભરતનું મન ચઞ્ચલ હોવાનું દર્શાવેલું છે. મન ચઞ્ચલ હોય, તે મરણ સમયે જેનું ચિન્તન કરતું હોય તે ફલ પ્રાપ્ત થાય છે. મન યોગ આચરવાથી સ્થિર થાય છે, અને યોગ આચરેલ ન હોય તેનું મન ચઞ્ચલ રહે તે યોગ્ય છે. તેથી ભરતનું મન ચઞ્ચલ હોવાથી તેનો પ્રવાહમાં પાત થયો (તે હરણ જન્મ્યો), એવું આ અધ્યાયમાં જણાવેલું છે.

ભરત મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હતો અને તેનાં સાધનો પણ તેણે આચરેલાં છતાં પ્રારબ્ધકર્મ, કાલ અને સ્વભાવ મુક્તિ પ્રાપ્ત થવામાં સદા વિઘ્ન કરતાં હોવાથી તેનો પ્રવાહમાં પાત થયો. મર્યાદામાં મુક્તિ પ્રાપ્ત થવામાં આ સર્વ વિઘ્ન કરનારાં છે.

ત્યારે ભક્તિ પણ કર્મની પેઠે મોક્ષ પ્રાપ્ત કરાવવાની શક્તિ વિનાની જ હશે ! — એવી શંકા થાય તો જાણવું કે વિઘ્ન કરનારાં હોય તો પણ ભક્તિ જ મોક્ષ પ્રાપ્ત કરાવી શકે છે. કર્મ વગેરે વિઘ્ન કરનારાં બલવાન હોય તો પણ ભક્તિ જ્ઞાન પ્રાપ્ત કરાવે છે (અને મોક્ષ અપાવે છે). તેથી જ શ્રીકૃષ્ણની સેવાથી ભરતને પૂર્વજન્મની સ્મૃતિ રહેવાનું, અને તે સંગરહિત રહી ફરતો હોવાનું કહેલું છે (અ.૧૨।૧૫) તેથી પાછળનું બધું ફલ તેને ભક્તિને લીધે જ પ્રાપ્ત થયેલું એમ કહેવાયું. કારણ કે ભક્તિને લીધે તેને પૂર્વજન્મનું જ્ઞાન રહ્યું ન હોત, તો બીજા જીવો પેઠે તે વિષયોમાં આસક્ત થાત, અને બીજા જન્મો સુધી કૃતાર્થ ન થાત.

અધ્યાય ૯ :

ત્યારે ભક્તિએ ભરતની તે જન્મમાં જ મુક્તિ કેમ ન કરાવી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભરતે જ્ઞાન પ્રાપ્ત કરવા, જ્ઞાનનાં સાધન તરીકે ભક્તિ કરેલી, તેથી તેનાથી તે જ જન્મમાં તેને મોક્ષ પ્રાપ્ત થયો નહિ. ભક્તિનું સ્વરૂપ મોક્ષ અપાવનારું જ છે, છતાં સમ્પૂર્ણ રીતે મર્યાદા સચવાય તે માટે જ તેણે તે જ જન્મમાં ભરતને મોક્ષ પ્રાપ્ત કરાવ્યો નહિ. છતાં ત્રીજા જન્મમાં બ્રાહ્મણ અવતર્યો ત્યારે તેનો મોક્ષ થયો.

ત્યારે ત્રીજા જન્મમાં પણ ભરતને મોક્ષ પ્રાપ્ત થયાનું કેમ કહેલું નથી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મુક્તિનો અગીયારમો સ્કન્ધ છે. તેમાં ‘‘જેનો ભોગ કરેલો તેવી આ પૃથ્વીને તજીને તે રાજ્યમાંથી નીકળી ગયો, અને તપથી હરિની ઉપાસના કરતાં તેણે ત્રણ જન્મમાં તેમનું સ્થાન પ્રાપ્ત કર્યું’’ (૧૧।૨।૧૮।) એમ તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેવાનું હોવાથી આ સ્કન્ધમાં તે કહેલ નથી.

શંકા : દેહ તો (ભક્તિનું) બહારનું સાધન હોવાથી તે હરણ જન્મેલો ત્યારે પણ ભક્તિ કરવાથી તે કૃતાર્થ થાત જ, છતાં બ્રાહ્મણ જુમ્યો ત્યારે પણ તેણે ભક્તિ કેમ ન કરી અને કાલ(મૃત્યુ)ની રાહ શા માટે જોઈ ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે મોક્ષમાં વિઘ્ન કરનારાં કાલ કર્મ સ્વભાવ વગેરેને દૂર કરવાનું સાધન યોગ છે એમ જ તે માનતો હતો, તેથી જ હરણ જુમ્યો ત્યારે પશ્ચાત્તાપ કરતાં; મોક્ષનાં સાધન સર્વ પોતે કરેલાં તે કહેતાં ‘‘સ્થિર મન’’ જ પ્રાપ્ત કરવા યોગ્ય હોવાનું તેણે કહેલું અને ‘‘મનને સ્થિર કરવું એ ઉત્તમ યોગ છે’’ એ વાક્ય પ્રમાણે તેણે તે કહેલું. કર્મ વગેરેને તે મોક્ષનાં સાધન માનતો ન હતો. જો કે ભગવાનની ઉપાસનારૂપ કર્મ મોક્ષનું સાધન છે, પણ ભરત ઘણો દુ:ખી થયેલ હોવાથી (બ્રાહ્મણજન્મમાં) મોક્ષ પ્રાપ્ત કરવામાં કાલનો વિલમ્બ સહન કરી શકતો નહિ, અને કર્મ અદૃષ્ટ દ્વારા જ હિતકારી થાય તેવું હોવાથી અને તે કર્યા પછી મોક્ષ મળતાં પહેલાં વચ્ચે કાલ વગેરેથી અદૃષ્ટનો નાશ થવાનો સમ્ભવ હોવાથી, તે કર્મને હિતકારિ માનતો ન હતો. કારણ કે તે જાણી શકાય તેવા પ્રકારે હિત કરનાર નથી. વળી જો તેની ભક્તિ ભગવાન્ ઉપર સ્નેહરૂપ હોત તો તે ભક્તિ સાથેનાં ફલ તરીકે જ તેનું મન સ્થિર થાત, પરન્તુ તેની ભક્તિ સ્વતન્ત્ર (ભગવાન્ ઉપરના સ્નેહરૂપ) ન હતી, પરન્તુ તે જ્ઞાનનાં સાધનરૂપ જ હતી, તેથી ત્રીજા બ્રાહ્મણના જન્મમાં પણ તે ભક્તિથી તેને જ્ઞાન જ થયું, અને તે જ્ઞાન પણ સંસારમાં વૈરાગ્ય કરાવે તેવું જ થયું, પણ બીજું કાંઈ ફલ આપે તેવું ન હતું. જેમ ચિન્તામણિને કોઈ કાચા ચોખા આપનાર માને (અને તેની પાસે કાચા ચોખા માગે), તેને તે રાંધેલા ભાત આપતો નથી અને ભૂખ મટાડતો નથી, તેમ ભક્તિને તે જ્ઞાનનું સાધન જ માનતો હોવાથી ભક્તિથી તેને જ્ઞાન જ પ્રાપ્ત થયું. પછી તે ભક્તિ પોતાની જાતનાં કીર્તન સ્મરણ વગેરે કાર્યોથી વૃદ્ધિ પામે ત્યારે તે મોક્ષ આપે છે. તેથી તેણે મોક્ષનાં જે સાધનો કરેલાં તેમનો; તેણે યોગ ન આચરવાથી બીજું ફલ પ્રાપ્ત કરાવવામાં ઉપયોગ થઈ ગયો. તેથી પછી તેણે યોગથી જ મનની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે તરત જ તે આચર્યો [૬૫-૬૯]

સંસારમાં વૈરાગ્યવાળો પણ સ્મરણ કીર્તન વગેરે કરે ત્યારે તેમનો રસ તેને અવશ્ય લાગે જ, અને તેમ થાય ત્યારે યોગ રસરહિત છે એમ જાણી તેની તે દરકાર ન કરે — એવી શંકા થાય; તો જાણવું કે ભગવાને મર્યાદામાર્ગમાં કર્મ વગેરે સમ્પૂર્ણ રીતે બલવાન હોવાનું વિચારેલું છે. જેમ બાલકને સ્ત્રીનો સ્પર્શ થાય તો પણ તેને શૃંગારરસનો અનુભવ થતો નથી, તેવી રીતે મર્યાદામાર્ગીય ભક્તિથી જેટલા (રસ)થી જ્ઞાન અને વૈરાગ્યનો અનુભવ થાય, તેટલો જ ભક્તિરસનો અનુભવ થાય છે, વધારે ભક્તિરસનો અનુભવ થતો નથી. જો વધારે ભક્તિરસનો અનુભવ થાય તો તેનો અનુભવ કરનારથી ભોગ થઈ શકે નહિ, અને તેથી મર્યાદાનો જ નાશ થાય. તેથી મર્યાદામાર્ગમાં કર્મ વગેરે જ સર્વથી બલવાન હોવાનું ભગવાને વિચારેલું છે. ભગવાને તે માર્ગ જ એવો કરેલો છે કે કર્મનું ઉલ્લંઘન ન થાય તો ફલ પ્રાપ્ત થાય. છતાં તેથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી. કારણ કે પુષ્ટિમાર્ગીય ભક્તિ કર્મોને ફલ આપતાં અટકાવી દે છે. ભક્તિનું સ્વરૂપ તો સદા કર્મોને અટકાવી દેનારું જ છે. પરન્તુ ભગવાન્ જેના સમ્બન્ધમાં મર્યાદા સચવાય તેમ વિચારે છે તેના સમ્બન્ધમાં, ભક્તિ જો પોતાની શક્તિ પ્રકટ કરે, તો મર્યાદાનો નાશ જ થાય. તેથી ભગવાનની ઈચ્છાથી જ પોતાની શક્તિ પ્રકટ કરતાં અટકી જઈ, ભક્તિ તેને અધિક રસનું દાન કરતી નથી. અગ્નિ રાખથી ઢંકાયેલો હોય ત્યારે દઝાડતો ન હોવાથી, દઝાડવાની શક્તિ તેનામાં નથી એમ ન મનાય. તેથી મર્યાદામાર્ગમાં કર્મ બલવાન હોવાથી ભક્તિશાસ્ત્રનો વિરોધ થતો નથી.

પુષ્ટિમાર્ગમાં ભક્તિ; કર્મોને ફલ આપતાં અટકાવી દે છે એમ આગળ પુષ્ટિનું નિરૂપણ કરનારા છઠ્ઠા સ્કન્ધમાં કહેશે. અજામલિને તેનાં દુષ્ટ કર્મોનાં ફલ આપતાં, ભક્તિએ કર્મને રોકી દીધાં એમ કહેશે. વળી નારદે હર્યશ્વોને ઉપદેશ આપ્યો (૬।૫।૭-૯) આ ઉપદેશનું વ્યાખ્યાન હર્યશ્વોએ પોતે પોતાની મેળે કરેલું છે (જુઓ ૬।૫।૧૧-૨૦)) તેમાં સારાં કર્મો પણ ઉત્તમ ફલ આપી શકતાં નથી એમ જણાવેલું છે. વળી ભક્તિ મોક્ષ પ્રાપ્ત કરાવે છે એમ વૃત્રના પ્રસંગમાં દર્શાવેલું છે. ચિત્રકેતુને સતી પાર્વતીનો શાપ થવાથી વૃત્ર આસુર યોનિમાં જુમ્યો (૬।૧૮।૩૮). પહેલાં તે ભક્ત હતો, તેથી આવું આસુરનું અયોગ્ય શરીર પ્રાપ્ત થવા છતાં પણ તેને ભગવાનની પ્રાપ્તિ થઈ (૬।૧૨।૩૫). ચાલુ પ્રસંગમાં ભરતને તેથી ઉલટું થયું. તેને બ્રાહ્મણનો ઉત્તમ દેહ પ્રાપ્ત થયેલો(અ.૯।૨) છતાં ભક્તિથી તેને માત્ર જ્ઞાનની જ પ્રાપ્તિ થઈ. સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ કરવા માટે યોગ્ય દેહ પ્રાપ્ત થયેલ હોવા છતાં મર્યાદામાર્ગમાં તે હોવાથી તેને ભક્તિથી મનની સ્થિરતા જ પ્રાપ્ત થઈ. તેથી મર્યાદામાર્ગમાં ભગવત્પ્રાપ્તિમાટે યોગ્ય દેહ પ્રાપ્ત થયો હોય તો પણ *કાલ વગેરે તે ફલ પ્રાપ્ત થવામાં વિઘ્ન કરે છે એમ સ્પષ્ટ કહેલું છે. ભરતને વેદનું અધ્યયન પિતાએ કરાવવા પ્રયાસ કરેલ તે, તથા વૃષલના હાથથી તેનું મૃત્યુ થતું હતું તે, વગેરે તેની ભક્તિને લીધે બંધ રહેલ. તેથી મર્યાદામાર્ગમાં પણ સમ્પૂર્ણ રીતે મુક્ત કરાવનારી ભગવાનની ભક્તિ છે. તેથી જ જેને લીધે ક્યાંયથી ભય થતો નથી, તેવા ભગવાનના ચરણકમલને શરણે આવેલાનું સાક્ષાત્ ભગવાન્ પોતે જ રક્ષણ કરે છે(અ.૯।૨૦) એમ કહેલું છે. એવી રીતે સાતમાથી નવમા સુધીના ત્રણ અધ્યાયોથી ભરતની સ્વરૂપમાં સ્થિતિ થયાનું કહેલું છે [।।૭૦-૭૨।।]

(*નિર્ણયસાગરવાળી પ્રતનો 'કાલદેઃ' પાઠ લીધો છે અને અ.૯।૧૭ ના 'ભગવત્કલાવીરકુલં' શબ્દમાં કહેલી 'કલા' અહીં ૭૧ મી કારિકામાં જણાવેલી છે એમ કહેલ છે પરન્તુ વૃષલ ઘાત કરી શક્યો નથી, તેથી આ યોગ્ય લાગતું નથી. કાલ મર્યાદામાર્ગમાં વિઘ્ન કરે છે પુષ્ટિમાં કરતો નથી, તેથી તે પાઠ લીધેલ છે)

**અધ્યાય ૧૦; રહૂગણે ભરતને કરેલ નમન અને પ્રશ્ન :**

ભરતે રહૂગણને જે *ઉપદેશ કર્યો (અ.૧૧।૧૨-૧૩) તે ભરતની સ્વરૂપમાં સ્થિતિ કરાવનારો ન હોવાથી આ પ્રકરણમાં તેની સંગતિ થતી નથી — એવી શંકા થાય

(* આવરણભંગ ઋષભે કરેલ (અ.૫.)નો ઉપદેશ આ હોવાનું કહે છે પરન્તુ તે ઉપદેશ આ પ્રકરણમાં ન હોવાથી તે યોગ્ય લાગતું નથી)

સમાધાન : તો જાણવું કે ભરતને જ્ઞાન ન હોવાથી તેને ત્રણ જન્મો લેવા પડયા, એવી શંકા ન રહે તે માટે આ ઉપદેશનો આ પ્રકરણમાં સમાવેશ કરેલો છે.

ત્યારે પછી ''જ્ઞાની સંસારમાં પાછો આવતો નથી'' એ શ્રુતિ પ્રમાણે બ્રાહ્મણના જન્મમાં ભરતને થયું હશે (કારણ કે પહેલાના જન્મમાં જ્ઞાન થયું હોય તો આ શ્રુતિ પ્રમાણે તે જ જન્મમાં તેનો મોક્ષ થવાથી હરણનો અથવા બ્રાહ્મણનો જન્મ જ ન થાય) — એવી શંકા થાય,

સમાધાન : તો તે ખોટી છે. આ જ્ઞાન તો તેને રાજા ભરતના જન્મમાં જ થએલું કારણ કે ગુરુએ તથા રાજાએ પોતાના શિષ્યો, પુત્રો તથા પ્રજાને જ્ઞાન આપવું જોઈએ (અ.૫।૧૫), એમ ઋષભદેવે કહેલ હોવાથી તેમણે જ્યારે પોતાના પુત્રોને આ જ્ઞાન આપ્યું (અ.૪।૧૯), ત્યારે તેમનો પુત્ર ભરત પણ ત્યાં હોવો જ જોઈએ, અને તેને પણ તેમણે જ્ઞાન આપેલું. વળી બીજા જન્મમાં તે હરણ થયો, ત્યારે પશ્ચાત્તાપ કરતાં ''આત્મજ્ઞાનવાળાએ મેં મનને સ્થિર કરેલું...''(અ.૮।૨૯) એમ તેણે પોતાના પહેલાના જન્મનું વર્ણન કરતાં કહેલું છે. વળી ''આચાર્યવાળો પુરુષ હોય તેને જ્ઞાન થાય છે'' એમ શ્રુતિ કહે છે અને તેને બીજા કોઈએ જ્ઞાનનો ઉપદેશ કરેલ હોવાનું કહેલું નથી, વળી પછી ''જ્ઞાની સંસારમાં પાછો આવતો નથી'' એ શ્રુતિનો પણ (આમ માનવામાં) વિરોધ થતો નથી. કારણ કે બ્રહ્મ જાણનારે પણ પ્રારબ્ધ કર્મનાં ફલનો ભોગ કરવાનો હોય છે એ કબુલ રાખેલું હોવાથી, તે શ્રુતિ જેને-જેને તેવો ભોગ કરવાનો ન હોય તેમના સમ્બન્ધમાં કહેલી છે. (ભરત પ્રારબ્ધ કરેલાં કર્મનાં ફલ ભોગવતો હતો) તેથી જ તેણે રહૂગણને ઉપદેશ આપ્યો. તેમ ન હોત, તો ''એ પ્રમાણે બહુ સમ્બન્ધરહિત બોલતા, અભિમાનવાળા, મદથી ભક્તનું અપમાન કરતા, પોતાને પંડિત માનતા''(અ.૧૦।૮) તેને ઉપદેશ મેળવવાના અધિકાર વિનાનો જાણી જેમ તે બીજા સાથે બોલતો ન હતો, તેમ તેની સાથે પણ બોલત નહિ. છતાં તેનામાં શ્રદ્ધારૂપ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર હતો (ગદ્ય ૧૫) અને તેને માટે તે પ્રયત્ન કરતો હતો (ગદ્ય ૧૯) તેથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તે યોગ્ય છે એમ માની તેને ઉપદેશ કર્યો. જો ભરતે તેની અવગણના કરી હોત, તો તેણે ભરતનો અપરાધ કરેલો હોવાથી

વૃષલો(શૂદ્રો)ની પેઠે તેનો નાશ થાત. તે ભગવાનને સન્મુખ હોવાથી તેનો નાશ થાય તે યોગ્ય ન હતું. તેણે પોતાના રજોગુણવાળા સ્વભાવને લીધે ભરતનો અપરાધ કરેલો, તેથી તેનો તેવો સ્વભાવ દૂર કરવા ભરતે પહેલાં વચનો(ગદ્ય ૯-૧૩) તેને કહ્યાં. ત્યાર પછી તેવો દોષ દૂર થતાં તેણે ભરત(બ્રાહ્મણ)ને નમન કર્યું અને પ્રશ્ન કર્યા (અ.૧૦।૧૫-૧૬ વગેરે), એ આ દશમા અધ્યાયનો અર્થ છે [૭૩]

શિષ્ય ગુરુને જે પ્રકારે નમન અને પ્રશ્ન કરે તે પ્રકારે રહૂગણે ભરતને નમન અને પ્રશ્ન કરેલા છે કારણ કે તેવી રીતે નમન અને પ્રશ્ન કર્યા ન હોય, અને (ભરત ગુરુના પ્રકારથી નહિ પણ) ઉદાસીનતાથી બોધ આપે તો રહૂગણને જ્ઞાન ન થાય. ભરતે ઋષભદેવ પાસેથી; જેમ શિષ્ય ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરે તેવી રીતે, તે રાજા હતો ત્યારે જ્ઞાન પ્રાપ્ત કરેલું તેનો અહીં ઉપદેશ કરે છે તેથી આ પ્રમાણરહિત નથી.

**અધ્યાય ૧૧ ; યોગનો ઉપદેશ :**

રહૂગણને સંસારમાં વૈરાગ્ય થયો ન હતો અને તેણે સુયાસ લીધો ન હતો. તેથી તેને સાંખ્યશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો અધિકાર ન હોવાથી ભરતે તેને યોગશાસ્ત્ર પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કર્યો, તે આ અગીયારમા અધ્યાયમાં કહેલ છે.

ભરતને પણ ઋષભદેવે આ જ જ્ઞાનનો ઉપદેશ કરેલો. તેથી જ રાજા હતો ત્યારે તેણે જ્ઞાન પ્રાપ્ત કરેલું તેનો ઉપદેશ કર્યો એમ કહેલું છે. આ રહૂગણ પણ રાજા હતો. તેથી ભરતે પોતે જ તેને જ્ઞાનનો ઉપદેશ કર્યો, જો તેમ ન હોત (અને રહૂગણ સાંખ્યનું જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારવાળો હોત) તો ભગવાન્ કપિલ પાસે જ્ઞાન પ્રાપ્ત કરવા પ્રશ્ન કરવા જતા રહૂગણને (હં૧૦।૧૯) તેણે તેમની પાસે જ મોકલવો યોગ્ય હોવાથી પોતે ઉપદેશ આપ્યો તે અયોગ્ય થાત, વળી પોતાને તેને તે યોગનો ઉપદેશ આપવાનો અધિકાર હોવાથી, ઉપદેશ માટે કપિલ પાસે જવાનો રહૂગણનો શ્રમ પણ નકામો થાય, તે પણ યોગ્ય ન હતું. તેથી ભગવાનની ઈચ્છાથી જ તેણે તેને યોગનો ઉપદેશ કર્યો અને તે જ અધ્યાયમાં યોગનાં સાધન તરીકે મનને વશ રાખવા જાણાવ્યું [૭૪]

**અધ્યાય ૧૨-૧૩ ; વૈરાગ્યનો બોધ :**

ત્યાર પછીના બારમા અધ્યાયમાં અને ગૂઢ અર્થવાળા તેરમા અધ્યાયમાં પણ ભરતે રહૂગણને વૈરાગ્યનો બોધ કરેલો છે. ભક્તિનાં સાધન તરીકે આ વૈરાગ્યનો બોધ કરેલો છે. ભગવાન્માં જ પ્રેમ ઉત્પન્ન કરનાર વૈરાગ્યનો બોધ કરેલ હોવાથી તે ઉત્તમ પ્રકારનો વૈરાગ્ય છે. યોગ અને વૈરાગ્ય એ બે બાહુઓથી અહીં ભક્તિનું નિરૂપણ કરેલું છે. આજ આ ઉપદેશથી પ્રાપ્ત થતું ફલ છે. ઉપદેશમાં સર્વ સ્થળે

"હે રહૂગણ ! ભક્તોના ચરણની રજને ધોયા વિના બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતું નથી" (અ.૧૨।૧૨)

‘‘હે રહૂગણ ! તું પણ હરિની સેવાથી ધારવાળી થએલ તલવાર લઈ ભયરૂપ જંગલને વટી જા’’ (અ.૧૩।૨૦)

‘‘ગુરુ અને હરિ ના ચરણની સેવારૂપ શસ્ત્રથી આત્માનાં સ્વરૂપનું જ્ઞાન ન થવા દેનાર શત્રુ મનનો નાશ કર’’ (અ.૧૧।૧૭)

‘‘ભગવાનનાં ચરિત્રોનાં કીર્તન તથા સ્મરણ થી મનુષ્ય મોહ દૂર કરી માર્ગને પાર જાય છે’’ (અ.૧૨।૧૬)

— આવાં વાક્યોથી ભક્તિનું વર્ણન કરેલું હોવાથી તેમાં ભક્તિ જ મુખ્ય છે. તેથી ભગવાનનાં શાસ્ત્રને અનુસરતા યોગનો તેમાં ઉપદેશ કરેલો છે. ‘‘બધા યોગીઓમાં પણ જે મારામાં અન્તઃકરણ રાખી શ્રદ્ધાવાળો થઈ, મારું ભજન કરે છે તેને હું સર્વથી ઉત્તમ યોગી જાણું છું’’ (ભગ.ગીતા ૬।૪૭) એ વાક્યમાં ભગવાને પણ તે જ અર્થ કહેલ છે. તેથી ભગવાન્‌માં મનનો નિગ્રહ કરવો, બીજા બધામાં વૈરાગ્ય રાખવો, અને એ બે રાખી ભગવાન્‌માં સ્નેહ કરવો એમ કહેલું છે. યોગ અને વૈરાગ્ય; ભક્તિ કરાવનારા હોવાથી તેમને ‘બાહુ’ કહેલા છે [૭૫]

**અધ્યાય ૧૪ ; ગૂઢ અર્થવાળા વાક્યોનું વ્યાખ્યાન :**

અહીં અધ્યાય ૧૪ માં ગૂઢ અર્થવાળા વચન કહેલાં છે. ચોથા સ્કન્ધના અધ્યાય ૨૮ માં અને છઠ્ઠા સ્કન્ધમાં અધ્યાય ૫ માં તેવાં જ ગૂઢ અર્થવાળાં વચનો કહેલાં છે. આ સર્વ ગૂઢ અર્થવાળાં વચનો અધિકારની પરીક્ષા કરવા માટે કહેલાં છે. આ સ્કન્ધમાં અધ્યાય ૧૩ માં કહેલાં આવાં વચનો રહૂગણનો અધિકાર તથા પરીક્ષિતનો અધિકાર કેવા છે તે જણાવનારાં છે. પરીક્ષિતે આ ગૂઢ અર્થવાળાં વાક્યોનું વ્યાખ્યાન શુકને પૂછયું (અ.૧૩।૨૬). શુકે તે વ્યાખ્યાન અધ્યાય ૧૪ માં કર્યું, તેથી પરીક્ષિતે તે જાણ્યું.

શંકા : ગૂઢ અર્થવાળાં વાક્યોમાં કહેલા અર્થનું જ્ઞાન થવાથી મુખ્ય અધિકાર પ્રાપ્ત થાય. શુકે વ્યાખ્યાન કર્યું ત્યારે પરીક્ષિતે તે અર્થ જાણ્યો એટલે તેને પણ રહૂગણના જેવું જ્ઞાન થવાથી તેની સમાન અધિકાર પ્રાપ્ત થયો — એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે વ્યાખ્યાન કરવાથી વાક્યના અર્થનું જ્ઞાન જ થાય. પરન્તુ તેથી અધિકાર પ્રાપ્ત ન થાય. જેમ કોઈ એક વિરહવાળી સ્ત્રી પોતાના જેવી જ પોતાના પતિ ઉપર પ્રીતિ રાખનારી પોતાની શોક્યને કહે કે ‘‘સ્વચ્છંદી મધુપ હવે બાળે છે’’ ત્યારે બીજી કોઈ સ્ત્રીને તેનો અર્થ પૂછે અને તે સ્ત્રી એ વાક્યમાં પોતાના પ્રિય (પતિ)ને મધુપ કહેલો છે એવું વ્યાખ્યાન કરે, છતાં પણ પૂછનારી સ્ત્રીને તેથી વિપ્રયોગ રસનો અધિક અનુભવ થતો નથી કારણ કે તેનામાં તે સમજવાના અધિકારરૂપ પ્રીતિ નથી તેમ જ તે તટસ્થસ્ત્રીને તે વ્યાખ્યાનથી પ્રીતિ ઉત્પન્ન થતી નથી તેવું જ અહીં પણ સમજવું. વળી અર્થ સમજવાથી અધિકાર પ્રાપ્ત થતો નથી પરન્તુ તેથી ઉલટું અધિકાર હોય તો અર્થ સમજાય છે. આવાં ગૂઢ અર્થવાળા વાક્યો અધિકારની પરીક્ષા કરવા

માટે જ કહેલાં છે, કારણ કે ઉપર જણાવ્યું તેમ ચોથા પાંચમા અને છઠ્ઠા એ ત્રણ સ્કન્ધોમાં તે અધિકારની પરીક્ષા થાય તે માટે કહેલાં છે.

અધિકાર ત્રણ પ્રકારનો હોવાથી એવાં વાક્યો ત્રણ સ્કન્ધોમાં કહેલા છે. તે પૈકી પહેલાં ચોથા સ્કન્ધમાં કહેલાં વાક્યો પ્રાચીનબર્હિષ સમજી ન શક્યો, કારણ કે તે કર્મમાં આસક્તિવાળો હોવાથી હીન (હલકા) અધિકારવાળો હતો. વચલાં આ સ્કન્ધમાં કહેલાં ગૂઢ અર્થવાળા વાક્યો સમજવાં સહેલાં હોવાથી મધ્યમ અધિકારવાળો રહૂગણ તે સમજી શક્યો. તે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાવાળો હતો, અને કર્મમાં આસક્તિરહિત હતો, છતાં પણ તેને અભિમાન હતું. ઘરનો તથા રાજ્યનો તેણે ત્યાગ કર્યો ન હતો, અને જ્ઞાનનો ઉપદેશ લેવા પણ રાજસભાવને લીધે ઠાઠમાઠથી પાલખીમાં બેસી જતો હતો, તેથી તે મધ્યમ અધિકારવાળો હતો. છતાં ''જેનો પાર ન આવે તેવા માર્ગે રજોગુણ તમોગુણ અને સત્ત્વગુણ ના વિભાગવાળાં કર્મોમાં જ દૃષ્ટિ રાખનાર...'' (અ.૧૩।૧) વગેરે વાક્યોમાં સહેલાઈથી સમજી શકાય તેવી રીતે અર્થ કહેવાયેલ હોવાથી તે સમજી શક્યો, પરન્તુ પરીક્ષિત તો ગૂઢ અર્થવાળા વાક્યો સમજવાનો અધિકારી ન હતો. તેથી તે સમજી ન શકવાથી તેણે શુકને તે સમ્બન્ધી પ્રશ્ન કર્યો (અ.૧૩।૨૬). હર્યશ્વો તો મુક્તિના અધિકારી હોઈ ઉત્તમ અધિકારવાળા હતા, તેથી તેમણે તો નારદે કહેલાં ગૂઢ અર્થવાળા છઠ્ઠા સ્કન્ધના વાક્યોનું પોતે જ વ્યાખ્યાન કર્યું [૭૬-૭૮।।]

રહૂગણ અધ્યાય ૧૩ ના ગૂઢ અર્થવાળા વાક્યોનો અર્થ જાણતો હતો, ત્યારે ચૌદમા અધ્યાયમાં વ્યાખ્યાન વ્યર્થ છે --એવી શંકા થાય, તો જાણવું કે રહૂગણના અને પરીક્ષિતના અધિકારનો ભેદ જાણવાં તે કરેલું છે. રહૂગણે વ્યાખ્યાન વિના જે પોતાની મેળે જાણેલું તે વ્યાખ્યાન અહિં ચૌદમા અધ્યાયમાં કહેલું છે. મનનની પણ જરૂર ન રહે તેવી રીતે રહૂગણે તે વાક્યોનો અર્થ જાણ્યો. તેથી રહૂગણનો અધિકાર પરીક્ષિતના અધિકારથી ઉત્તમ હતો એમ જણાવવા પરીક્ષિતનો પ્રશ્ન અને આ વ્યાખ્યાન કહેલ છે. શિષ્ય ઉત્તમ હોવાનું કહ્યું, તેથી તેનો ગુરુ પણ ઉત્તમ હોવાનું કહેવાયું જ. અથવા ભરત ઉત્તમ ગુરુ હોવાનું રહૂગણે જ અ.૧૨।૧ તથા અ.૧૩।૨૧માં કહેલું છે અથવા શુકે જ અ.૭।૧ વગેરેથી ભરતનો રાજા તરીકેનો જન્મ ઉત્તમ હોવાનું કહેલું છે.

શંકા : સાક્ષાત્ ભગવાને જેનો દેહ બળી જતાં નવો દેહ પ્રાપ્ત કરાવેલો, જેને ભગવાનનાં દર્શન થએલાં, અને વળી જે વંશનો ભગવાને અંગીકાર કરેલો તેવા વંશમાં જન્મેલો, ભગવાનની કલારૂપ નર અર્જુનનો પૌત્ર, બાદરાયણિએ (શુકે) જેના ઉપર કૃપા કરેલી અને જેને અધિકાર (પહેલા) સ્કન્ધમાં ઉત્તમ અધિકારી તરીકે વર્ણવેલો છે તેવો ભગવાનનો ભક્ત પરીક્ષિત તેવા બધા કોઈ ગુણ વિનાનાં રહૂગણના અધિકાર કરતાં ઓછા અધિકારવાળો હોવાનું અમે સ્વીકારી શકતાં નથી—એમ કહેવામાં આવે,

સમાધાન : તો ભલે, પરન્તુ ગુરુ અને શિષ્યના પ્રકારથી ઉપદેશ કરવામાં આવતો હોય તેમાં મોક્ષ મેળવવા ઈચ્છનારને પોતાના આત્માનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઉપયોગી, આ મર્યાદામાર્ગીય પ્રાવાહિક અધિકારની વાત છે. તેથી જ ઉપર કહેલા બધાએ હર્યશ્વો (નારદે કહેલા ઉપદેશ) પહેલાં વૈરાગ્ય વિનાના અને પ્રજાની ઈચ્છા રાખનારા જ હતા. તેઓએ નારદના *ઉપદેશનું શ્રવણ કર્યું તે પણ જ્ઞાનનાં સાધન તરીકે, ભગવાનની લીલા તરીકે નહિ. પરીક્ષિત્ તો લીલારૂપી અમૃતનું પાન કરવામાં ઉત્તમ અધિકારી હતો. તેથી જ શ્રીભાગવતનું શ્રવણ કરવા માંડયું તે પહેલાં જ તે ''શ્રીકૃષ્ણના ચરણની સેવાનો સર્વથી અધિક આદર કરનાર'' (૧।૧૯।૫) હોવાનું કહેલું છે, અને તેણે પોતે પણ ''તક્ષક મને ભલે બહુ જ દંશ કરે, તમે વિષ્ણુની કથાઓનું ગાન કરો'' (૧।૧૯।૧૫) ''આ જરાએ સહન થઈ ન શકે તેવી તરસ પણ મને પીડા કરતી નથી'' (૧૦।૧।૧૩) વગેરે વાક્યો કહેલાં છે. તેથી તે પુરુષોત્તમનાં તત્ત્વને જાણવાની ઈચ્છાથી તેમની લીલાના રસમાં ડૂબેલાં મનવાળો હોવાથી જુદા-જુદા પુરુષોને વૈરાગ્ય થાય તે માટે કહેલી શરીર સમ્બન્ધી અથવા સંસાર સમ્બન્ધી વાર્તાઓના સમ્બન્ધવાળી ગૂઢ અર્થવાળી વાર્તાઓ સમજી ન શકે તો પણ તેની કાંઈ ન્યૂનતા થતી નથી. વળી આ અ.૧૩-૨થી આરંભી કહેલી વાર્તા જો તેણે ગૃહસ્થાશ્રમ ભોગવ્યો ત્યારે અનુભવેલી વાર્તા હોત, તો તેનું સ્મરણ થવાથી, તે પોતે અનુભવેલી વાર્તાની સમાન ગુણવાળી છે એવું જ્ઞાન થતાં, મળતી આવતી હોવાને લીધે તે સમજી શકત, પરન્તુ આ પરીક્ષિતની તો ઈન્દ્રિયો વગેરે ભગવાનનું ભજન કરવાનાં સાધનરૂપ હોઈ, તેને તેમનો મિત્ર વગેરેનાં સ્વરૂપથી જ અનુભવ થયો હોવાને લીધે, તે આ વાર્તા ન સમજે તે યોગ્ય જ છે. વળી પારકાંઓની વસ્તુઓની સ્થિતિનું જ્ઞાન નકામું પણ છે. શુક વગેરે જ્ઞાનમાર્ગના બ્રહ્મજ્ઞાનવાળા હોવાથી સર્વ જાણનાર હોઈ તેમને તે વાર્તાઓનું પણ જ્ઞાન થાય. તેથી જ ગૂઢ અર્થવાળા સંવાદથી વૈરાગ્ય ઉત્પન્ન કરવારૂપ જે વસ્તુસ્થિતિ કહી તે જ પરીક્ષિતને અનુભવની અવસ્થામાં પણ તેવી ન હતી, તેથી તે પણ ભગવાનની લીલા જ છે એમ માની તેણે તે જાણવા માટે પ્રશ્ન કરેલો. વાસ્તવિક રીતે તો જેમ-જેમ બીજા માર્ગની વાર્તાઓનું જ્ઞાન ન થાય, અને ભક્તિમાર્ગની વાર્તાનું જ જ્ઞાન થાય, તેમ-તેમ પુષ્ટિમાર્ગમાં તો ઉત્તમપણું થતું જાય છે એમ અમે નિશ્ચયપૂર્વક કહીએ છીએ. આ અર્થ જણાવવા ભગવાને જ પ્રાચીનબર્હિષ (૪।૨૯।૧) અને પરીક્ષિત (૫।૧૩।૨૬) પાસે આ વાર્તાઓનું જ્ઞાન થાય તે માટે પ્રશ્નો કરાવેલા, એવા ઘણા ગૂઢ અભિપ્રાયથી જ આચાર્યશ્રીએ એવી મર્યાદા હોવાનું કહેલું છે. જ્ઞાનમાર્ગવાળી મર્યાદા આવી જ છે [૭૮।।-૮૦]

(* 'પૂર્વં મુક્તાઃ' એ પાઠ છે તે 'પૂર્વમુક્તાઃ' જોઈએ એમ જણાય છે. એક અનુસ્વાર વધારે છપાયેલ હોવાનું જણાય છે.)

ભરતે રહૂગણને આવો બોધ આપ્યાનું કહેલું છે, તે કથા એમ જણાવવાના પ્રયોજનથી કહેલી છે કે ભરતને ત્રણ જન્મો થયેલા તે પૈકી પહેલા બેમાં તેને મુક્તિ પ્રાપ્ત થયેલી ન હોવાથી તે નકામા ગયા એવી શંકા ખોટી છે. તે બે જન્મો સમ્પૂર્ણ રીતે નકામા ગયા ન હતા તેમાં તેની મુક્તિ થયેલી નહિ પરન્તુ મુક્તિથી અધિક રસવાળી ભક્તિ તે જન્મોથી પ્રાપ્ત થયેલ હોવાથી તે નકામા ન હતા.

તેથી આ રહૂગણ અને ભરતના સંવાદથી ભરતના પહેલા બે જન્મોની સરસાઈનું નિરૂપણ થયેલું છે. એવી રીતે સાતમાથી ચૌદમા સુધીના આઠ અધ્યાયોથી ભૂમિરૂપ સ્થાનના રાજાઓની કથા કહી. તેઓ ભૂમિના ઈશ્વર હતા, અને ઐશ્વર્ય આઠ પ્રકારનું હોવાથી આઠ અધ્યાયોથી તેઓની કથા કહી [૮૧]

**પેટાપ્રકરણ ૩; જ્ઞાન. અધ્યાય ૧૫ :**

આ વંશનો પહેલો રાજા પ્રિયવ્રત કહ્યો. પંદરમા અધ્યાયમાં છેલ્લો રાજા વિરજ હોવાનું કહેલું છે. પહેલાને અને છેલ્લાને ઉત્તમ કહેવામાં આવે, ત્યારે વચલાઓ પણ તેવા હોવાનું જણાય. તેથી પંદરમા અધ્યાયમાં ભરતના પુત્ર સુમતિથી આરંભી છેલ્લા વિરજ સુધીના રાજાઓનું નિરૂપણ કરેલું છે. ભરતનો પુત્ર સુમતિ પાષંડમાર્ગમાં પણ ઘણું ફલ પ્રાપ્ત કરાવનાર થયો (અ.૧૫।૧). તેના વંશમાં ગદ્ય ઉત્તમ રાજા થયો. તે વિષ્ણુનો અંશાવતાર હતો, અને આત્મજ્ઞાની મહાપુરુષ હતો. શ્રીકૃષ્ણનો તેનામાં આવેશ થતો (૯-૧૩). આ વંશમાં બધા રાજાઓ ઉત્તમ હતા એમ જણાવવા છેલ્લા રાજા વિરજનું વર્ણન કર્યું છે. તેણે પોતાની કીર્તિથી આ વંશને શોભાવેલો (શ્લો.૧૬) [૮૨-૮૩]

**પ્રકરણ ૨ ; દેશમાં સ્થિતિ :**

દેશમાં સ્થિતિનું બીજું પ્રકરણ ૧૭ થી ૨૬ સુધીના અગીયાર અધ્યાયોનું છે. તે પૈકી પહેલા પાંચ અધ્યાયોમાં ભૂમિનું નિરૂપણ કરેલું છે. પછીના ત્રણ (૨૧-૨૩) અધ્યાયોમાં ઉપરના લોકનું અને છેલ્લા ત્રણ (૨૪-૨૬) અધ્યાયોમાં નીચેના લોકનું નિરૂપણ કરેલું છે.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચે ગુણો ભૂમિમાં હોવાથી (જુઓ ૩૨।૬।૪૯) એ પાંચે ગુણોનો ભૂમિ વડે ભોગ થઈ શકે તેમ હોવાથી ભૂમિનું પાંચ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. વળી આકાશ, વાયુ, તેજ, જલ અને ભૂમિ એ પાંચ મહાભૂતો છે તે પૈકી પહેલાંના મહાભૂતો પાછળનાં મહાભૂતમાં ભળેલા હોય છે. તેથી જલ વગેરે ભળેલી ભૂમિ ચાર પ્રકારની અને ભૂમિ પોતે (સ્વરૂપથી) એમ પાંચ પ્રકારની ભૂમિ હોવાથી તેનું પાંચ અધ્યાયોથી નિરૂપણ કરેલું છે. વળી મહાભૂત તરીકે તેનામાં તમોગુણ મુખ્ય હોવાથી, સત્ત્વ, રજઃ અને કેવલ તમઃ એવી રીતે ત્રણ પ્રકારની અને જેમાં રજોગુણ સાથે તથા સત્ત્વગુણ સાથે તથા તમોગુણ મુખ્ય હોય તેવી રીતે બે પ્રકારની એમ ગુણોથી પણ ભૂમિ પાંચ પ્રકારની હોવાથી પાંચ અધ્યાયોથી તેનું નિરૂપણ કરેલું છે.

તેમાં પહેલા ચાર (૧૬-૧૯) અધ્યાયોમાં જમ્બુદ્વીપ સર્વ ભૂમિમાં ઉત્તમ છે, અને ચારે પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર હોવાથી તેનું ચાર અધ્યાયોથી વર્ણન કરેલું છે અને પછી પાંચમા (વીસમા) અધ્યાયમાં બાકીની ભૂમિનું નિરૂપણ કરેલું છે [।।૮૪-૮૫।।]

**અધ્યાય ૧૬ ; જમ્બુદ્વીપ :**

તે પૈકી પહેલા (સોળમા) અધ્યાયમાં જમ્બૂદ્વીપનું પરિમાણ(કદ) તથા સ્વરૂપ કહેલાં છે. જે-જે ખંડ જ્યાં જેવા પ્રકારે આવેલ છે તેનું વર્ણન કરેલું છે. ભગવાનનું ભજન કરવામાં ઉપયોગી હોવાથી આનું વર્ણન કરેલું છે. તેથી જ આગળ (જુઓ અ.૧૯।૨૧-૨૮) દેવો આનું ગાન કરે છે તે પહેલું છે. આ ભગવાન્ શ્રીકૃષ્ણની કટિ (કેડ) રૂપ પ્રદેશ હોવાથી તેમનું ભજન કરવામાં ઉપયોગી છે, અને ભગવાનનું ધ્યાન થઈ શકે તે માટે આનું વર્ણન કરેલું છે. પરિમાણનું તથા સ્વરૂપનું નિરૂપણ પાંચમા ગદ્યમાં સામાન્ય રીતે કરેલું છે અને છઠ્ઠા ગદ્યથી આરંભી તેનાં ખંડો, ખંડોના સીમાડા ઉપરના પર્વતો, વૃક્ષો, મોટી નદીઓ, નદીઓ, હરણો, પર્વતો અને તેમના માપ(કદ) જણાવી વિસ્તારથી વર્ણન કરેલું છે. ભગવાનની કટિરૂપ આ દ્વીપને 'જમ્બૂદ્વીપ' નામ આપવાનું કારણ એવું છે કે આ દ્વીપમાં માત્ર જન્મ થવાથી જ સર્વને શું તજવા યોગ્ય છે અને શું ગ્રહણ કરવા યોગ્ય છે એનું જ્ઞાન થાય છે. ('જન્' એટલે જન્મવું + 'બુધ્' એટલે જ્ઞાન પ્રાપ્ત થવું = જમ્બુધ્. બે ધાતુઓને જોડતાં સન્ધિના નિયમ પ્રમાણ 'ન્' નો 'મ્' થાય છે. આમાંથી છેલ્લા 'ધ્'ને કાઢી નાખી, છેલ્લા 'ઉ' ને દીર્ઘ કરતાં 'જમ્બૂ' થાય છે) આ 'જમ્બૂદ્વીપમાં' જન્મ થતાં જ જ્ઞાન થાય છે એમ, વિકાર વિનાના (એટલે 'જન્' નો વિકાર 'જા' અને 'બુધ્' નો 'બોધ' થાય છે, તે ન કરતાં માત્ર) ધાતુઓ લેવાથી જણાય છે. તેથી જેઓનો જન્મ વિકારરહિત હોય તેઓને આ દ્વીપમાં જન્મથી જ જ્ઞાન થાય છે એમ જણાય છે.

'વિકારરહિત જન્મ' એટલે દૈવી સૃષ્ટિમાં જન્મ. બીજા દ્વીપોમાં તેમજ સ્વર્ગ વગેરેમાં પણ વિકારરહિત જન્મવાળા હોય તેઓ પણ ભોગમાં રચ્યા-પચ્યા જ રહે છે, પણ આવા જ્ઞાની હોતા નથી. આ દ્વીપમાં બધા સામાન્ય રીતે ચાર પ્રકારના પુરુષાર્થ જાણનાર હોવા ઉપરાંત, કેટલાકને પુરુષોત્તમનું અને તેમના ગુણોનું જ્ઞાન હોવાનું જોવામાં આવે છે એવું આ દ્વીપનું જ્ઞાનના વિષયમાં ઉત્તમપણું હોવાથી, જ્ઞાન જણાવનાર ધાતુ ('બુધ્' માં માત્રા વધારી 'બુ' નો 'બૂ' કરેલ) છે એમ જાણવું. આથી આ દ્વીપનું બીજા કરતા ઉત્તમપણું જણાવેલું છે, તેથી આ દ્વીપનો સર્વ દેવોએ આશ્રય કરેલો છે. જ્ઞાન; સત્ત્વગુણનું કાર્ય છે, અને દેવો સત્ત્વગુણવાળા છે. તેથી તેઓએ આ દ્વીપનો આશ્રય કરેલો છે. આ દ્વીપમાં સત્ત્વગુણ મુખ્ય હોવાનું આથી જણાવ્યું.

અથવા દેવોએ આ દ્વીપનો આશ્રય કરેલો છે, એ આ દ્વીપ ઉત્તમ હોવાનું બીજું કારણ કહેલું છે. બીજા દ્વીપોમાં જુદા-જુદા ગુણોનાં કાર્ય હોય છે, પરન્તુ તે ગુણો જેમને અધીન છે તેવા દેવો તેમાં હોતા નથી. અહીં તો દેવો પણ રહે છે, તેથી આ દ્વીપ ઉત્તમ છે. આ દ્વીપમાં દેવો રહે છે તે અ.૧૭।૧૪ થી આરંભી અ.૧૯।૯ સુધીમાં કહેલું છે. ભગવાન્ આ 'જમ્બૂ' નામના દ્વીપમાં રહે છે, તેથી જ આ દ્વીપ સર્વથી ઉત્તમ છે. તેથી જ આ દ્વીપનું આમાં વર્ણન કરેલું નથી, પરન્તુ આ સોળમા અધ્યાયમાં પોતાથી જ શુદ્ધ આ દ્વીપની ભૂમિનું જ વર્ણન કરેલું છે [૮૬-૮૮]

**અધ્યાય ૧૭; આવેલ ગંગાના જલથી ઉત્તમપણું:**

આ જમ્બૂદ્વીપની ભૂમિ; જલથી પણ ઉત્તમ થાય તે માટે ભગવાને તેમાં ગંગા પણ આણેલી છે(ગદ્ય ૧). જમ્બૂદ્વીપમાં સર્વ સ્થલે ગંગાનો સમ્બન્ધ થાય તે માટે સીતા વગેરે ગંગાના ચાર વિભાગો કહેલા છે (ગદ્ય ૫-૯). ગંગાનો સમ્બન્ધ જમ્બૂદ્વીપની સર્વ ભૂમિને થાય તે યોગ્ય જ છે કારણ કે ઉંચા કરેલા ચરણમાંથી નીકળેલું જલ કટિ ઉપર પડે એ સ્પષ્ટ જ છે (જુઓ ગદ્ય ૧). ભૂમિ ભગવાનની કટિ છે, અને વામને વિરાટ સ્વરૂપ ધારણ કરતાં ડાબો ચરણ ઉંચો કરી તેનાથી બ્રહ્માંડના કટાહને ભેદતાં ઉપરનું જલ તેમના તે ચરણ સાથે સમ્બન્ધમાં આવી, તેમની કટિ ઉપર પડ્યું.

શંકા : લોકમાં ચરણનું જલ અને તે પણ ચરણના નખના સમ્બન્ધવાળું જલ અપવિત્ર ગણાય છે, તો તેવાં જલથી જમ્બૂદ્વીપનું ઉત્તમપણું કેમ થાય ? વળી કદાચ તે જલ બીજાને પવિત્ર કરે, પરન્તુ જેમના ચરણના સમ્બન્ધવાળું હોય તેમને તો પવિત્ર ન જ કરે, તેથી તે તેવું જ પોતાની કટિ ઉપર પાડવું યોગ્ય નથી. વળી ભગવાનનાં ભજનમાં ઉપયોગી થવાથી થતું ઉત્તમપણું આ જલથી થઈ ન શકે, કારણ કે ભગવાનના ચરણના સમ્બન્ધવાળું જલ તેમના ભજનમાં ઉપયોગમાં લેવા યોગ્ય નથી—એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે અહીં ભગવાનનું બધું અદ્‌ભૂત ચરિત્ર દર્શાવેલું છે. જેમ બ્રહ્માંડના કટાહના નાશની ક્રિયાથી ગંગાજલ જમ્બૂદ્વીપમાં લાવ્યા એ અદ્‌ભુત છે, તેમ તે ચરણના નખનું જલ હોવા છતાં પવિત્ર કરનારું છે એ પણ અદ્‌ભુત છે. આ વિષયને તર્કના સમર્થનની જરૂર હોય તો જાણવું કે ભગવાનનું ચરણ અધિદેવ(ભગવાનરૂપ) છે. તેથી તેના સમ્બન્ધવાળા પણ આધિદૈવિક થતાં હોઈ, ભજનમાં ઉપયોગી પદાર્થોની જાતના હોવાથી, ભજનમાં ઉપયોગી ન હોવારૂપ દોષ ઉપર કહ્યો તે તેમાં નથી. કટિ પ્રવૃત્તિરૂપ હોવાથી, તેમાં રહેનારાઓનો સંસાર દૂર થવાનું સમ્ભવતું ન હોવાથી અને ભગવાનના ચરણ જ ભક્તિરૂપ હોઈ સંસાર દૂર કરાવનાર હોવાથી અને સંસારીઓને તેનો સાક્ષાત સમ્બન્ધ થવાનું બની શકે તેમ ન હોવાથી, તેઓનો સંસાર ફીટવાનો સમ્ભવ ન હોવાથી, ભગવાનના ચરણના સાક્ષાત્ સમ્બન્ધવાળી આધિદૈવિક સ્વરૂપવાળી ગંગાને ભગવાન્ (આ દ્વીપમાં) લાવ્યા. વળી તે લાવવા ભગવાને ચરણ ઉંચો કરેલ, તેથી એમ જણાવેલ છે કે ઉંચા કરેલ ચરણના સમ્બન્ધવાળું જલ પણ ઉંચી ગતિ પ્રાપ્ત કરાવનારું છે. આ કેવી રીતે ઉંચી ગતિ પ્રાપ્ત કરાવે છે તે શ્રીમદાચાર્યચરણે ૧।૧૯।૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં દર્શાવેલું છે. આમ હોવાથી સેવા કરનારને ગંગાજી ભક્તિ આપનારી હોવાથી તેનાં જલથી આ દ્વીપને ઘણું ઉત્તમપણું પ્રાપ્ત થયેલું છે. આ દ્વીપમાં રહેનારાઓને જ મુક્તિ પ્રાપ્ત થવાનો સમ્ભવ હોવાથી, આમાં કાંઈ દૂષણ નથી [૮૯-૯૦]

ગંગાના જલથી ભગવાનની પૂજા વગેરે સર્વ કરવામાં આવે તે યોગ્ય છે. ગંગાના ત્રણ સ્વરૂપો છે ૧. આધિભૌતિક જલરૂપ સ્વરૂપ. તે સ્વરૂપ પોતાની ઈચ્છા પ્રમાણે વ્યવહારમાં ઉપયોગમાં લેવા

યોગ્ય છે. ૨. આધ્યાત્મિક પ્રવાહરૂપ હોવાથી તીર્થરૂપ સ્વરૂપ. આમાં સ્નાન કરવાથી તથા આનું પાન કરવાથી દોષો દૂર થાય છે અને પુણ્ય પ્રાપ્ત થાય છે. ૩. ભગવાનના ચરણના સમ્બન્ધવાળું આધિદૈવિક જલરૂપ સ્વરૂપ ભગવાનનું ભજન કરવા યોગ્ય દેહ પ્રાપ્ત કરાવનારું છે. બીજી નદીઓનાં તથા શેરીઓનાં જલ પણ આ ત્રીજા સ્વરૂપનો સમ્બન્ધ થવાથી જ ગંગાનું બીજું (આધ્યાત્મિક) સ્વરૂપ પ્રાપ્ત કરે છે. આ ત્રીજા સ્વરૂપનું જલ બ્રહ્માએ પોતાના કમણ્ડલુનાં જલથી વામનના ચરણ ધોએલ તે હોવાથી (જુઓ૮।૨૧।૩-૪) હદવાળું જ છે, પરન્તુ પોતાના સમ્બન્ધથી તે સર્વને પવિત્ર કરે છે. તેથી તેવાં ઘણાં પવિત્ર જલથી ભગવાનની પૂજા વગેરે સર્વ કરવામાં આવે તે યોગ્ય જ છે. તેનાથી ભગવાનની પૂજા કરવી અયોગ્ય હોય તો ભગવાનના મન્ત્રથી મન્ત્રેલા અન્ન વગેરે પણ ભગવાનને અર્પણ કરવાં પણ અયોગ્ય થાય. વળી તેનાથી પૂજા કરવાથી ચરણનાં જલથી ભીંજાએલી વસ્તુ અર્પણ કર્યાનું બનતું નથી, કારણ કે એવી વસ્તુને સાક્ષાત્ ચરણનાં જલનો સમ્બન્ધ હોય છે, જ્યારે અહીં (ગંગાજલથી પૂજન કરવામાં) તો જલ ગંગાનું આધ્યાત્મિક દેવતાસ્વરૂપનું રહેઠાણ હોવાથી તીર્થરૂપ છે. તેથી તેનાથી પૂજા કરવામાં દોષ નથી.

રાજાઓની કથા કહ્યા પછી આ સ્કન્ધમાં ભૂમિની કથા તેમના ભોગ્ય પદાર્થ તરીકે કહેવામાં આવે છે, અને તેથી ભૂમિનું સ્થાન રાજાઓના ભોગના વિષય તરીકે દોષરૂપ જ હોઈ, તેના વર્ણનમાં ભગવાનની પૂજા વગેરે કહેવાં તે યોગ્ય નથી, કારણ કે ભૂમિ રાજાઓને ભોગ કરવા યોગ્ય હોઈ, ભગવાનની પૂજા કરવામાં ઉપયોગી નથી — એવી શંકા થાય તો જાણવું કે જ્યાં ભગવાનનું પૂજન થતું હોય તે જ સત્પુરુષોનું સ્થાન છે. જો રાજાઓ પોતે જ વિષય તરીકે ભૂમિનો ભોગ કરતા હોય, તો ભૂમિ પૂજામાં ઉપયોગી ન રહે અને પૂજાનું વર્ણન અહીં અયોગ્ય ગણાય. પરન્તુ ભગવાનની ઈચ્છા પ્રમાણે જે તેનો ભોગ કરે છે તેવા રાજાઓ માટે તો ભગવાનની પૂજા જ્યાં થતી હોય તેવું જ સ્થાન યોગ્ય હોવાથી અહીં ભગવાનની પૂજાનું નિરૂપણ કરેલું છે [૯૧]

શંકા : ત્યારે ભગવાનના હરકોઈ અવતારની પૂજા કરવાનું ભૂમિનાં સ્થાનને ઉપયોગી હોવાથી, જુદા-જુદા અવતારોની પૂજા જુદા-જુદા ભકતો કરે છે, એમ કહેવાનું તાત્પર્ય શું હશે ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે અહીં જમ્બૂદ્વીપના નવ ખંડોમાં ભગવાનના વિભિન્ન અવતારોની પૂજા જુદા-જુદા ભકતો કરે છે એમ કહેલું છે; તેનું તાત્પર્ય એવું છે કે આ અવતારમાં આ ગુણ જ રહેલો હોવાથી આ જ પ્રયોજનથી તેની સેવા કરવામાં આવે છે, એમ દરેક ખંડમાં સેવા કરવા યોગ્ય અવતારનો નિર્ણય કરેલો છે, અને આવા જ ગુણવાળા ભકતો આ ખંડમાં જ આવા જ પ્રકારે ભજન કરે છે, એમ ભકતોનો નિર્ણય કરેલો છે. તેથી અહીં ભગવાનના અવતારનો તથા તેમની પૂજા કરનાર ભકતનો ગુણમાર્ગથી (તેમના ગુણોથી) નિર્ણય કરેલો છે, કારણ કે આ મર્યાદાનો

સ્કન્ધ છે અને મર્યાદામાર્ગ સગુણ છે. ભગવાન્ તો સર્વ સ્થળે ગુણોથી પર છે, પરન્તુ તેમનું અધિષ્ઠાન (રહેવાનું સ્થાન) ગુણવાળું હોવાથી ભગવાનનો અવતાર પણ ગુણવાળો કહેવાય છે. તેથી તેવા જ ગુણવાળા ભકતોને તે અવતારથી આનન્દ પ્રાપ્ત થાય છે; પરન્તુ ગુણોથી પર ભકતો તો પુષ્ટિમાર્ગના હોવાથી અધિષ્ઠાનરૂપ અન્તરાય (પડદા) વિના સાક્ષાત્ પ્રકટ થયેલ શ્રીકૃષ્ણના સ્વરૂપમાં જ દઢતા રાખે છે. તેથી પુષ્ટિમાર્ગની સ્થિતિનું વર્ણન કરવાનું હશે ત્યારે તેઓનું વર્ણન કરવામાં આવશે. અહીં પુષ્ટિમાર્ગની સ્થિતિનું વર્ણન નથી, તેથી તેવું વર્ણન કરેલું છે [૯૨-૯૩]

તે પૈકી ૧. ઈલાવૃત ખંડમાં સંકર્ષણની તામસી મૂર્તિ હોવાનું સ્પષ્ટ કહેલું છે. ''પોતાની પ્રકૃતિરૂપ તામસી મૂર્તિ'' હોવાનું ગદ્ય ૧૬ માં જ સ્પષ્ટ કહેલું છે, તે તામસ અવતાર સંકર્ષણના ભકત મહાદેવ પણ શુદ્ધ તમોગુણવાળા હોઈ તામસ છે. તે રજોગુણ અથવા સત્ત્વગુણ સાથે ભળેલાં તમોગુણવાળા નથી, પણ શુદ્ધ ગુણવાળા જ હોઈ જ તામસ છે.

સંકર્ષણ તમોગુણવાળા હોવાથી જ જો મહાદેવ તેમનું ભજન કરતા હોય, તો સર્પો વગેરે પણ તામસ હોવાથી તેમનું પણ ભજન તેમણે કરવું રહ્યું ! એવી શંકા થાય, તો જાણવું કે સંકર્ષણ જ તમોગુણના અધિષ્ઠાતા(નિયન્તા) હોવાથી તે જ તે ગુણને દૂર કરી શકે છે. તેથી પોતાનો તમોગુણ દૂર થાય તે માટે મહાદેવ તેમને ભજે છે. તમોગુણના મૂળ થઈ રહેલ સંકર્ષણનાં ભજન વિના, માત્ર સાધનો કરવાથી તે ગુણનો સમ્પૂર્ણ રીતે નાશ થતો નથી. માત્ર શિવ જ આવાં પ્રયોજનથી ભજન કરે છે એમ નથી, પરન્તુ આગળ પણ જે ભકતો બીજા અવતારોનું ભજન કરતા હોવાનું કહેવામાં આવે છે, તે બધા તેમનામાં રહેલ જુદા-જુદા ગુણોનો નાશ તે જુદા-જુદા ગુણોના અધિદેવ અવતારોનાં ભજન વિના થતો ન હોવાથી જ પોતાના જુદા-જુદા ગુણોનો નાશ કરવા જ તે-તે અવતારોનું ભજન કરે છે [૯૪-૯૪]

**અધ્યાય ૧૮ :**

૨. ભદ્રાશ્વ ખંડમાં હયગ્રીવ ભગવાન્ રહે છે; તેમનામાં રજોગુણ તથા તમોગુણ ભળેલા રહેલ છે, તે પૈકી તમોગુણ મુખ્ય છે. તેમનો સેવક ભદ્રશ્રવા પણ તેવો(રાજસ-તામસ) જ છે. તેમના બધા સેવકોને 'ભદ્રશ્રવા' કહેલા હોવાથી બધા તેવા જ છે, કારણ કે તેઓ તામસ હોઈ ઘણા મૂઢ હોવાથી પોતાઓનાં મુખ્ય (ભદ્રશ્રવા)ના નામથી જ ઓળખાય છે, પરન્તુ જુદા જણાયેલા નથી. તેથી મુખ્ય સેવક ભદ્રશ્રવાનો પણ તેમનામાં સમાવેશ થયેલ હોવાથી તે પણ તેવો જ છે. (શ્લો.૩ તથા ૪ ઉપરથી) તેઓનું રાજસપણું સ્પષ્ટ જણાય છે. જુદા-જુદા અવતારોની તેઓના ગુણ પ્રમાણે (તેમના સેવકોએ) સ્તુતિ કરેલી છે. તેથી તે સ્તુતિ ઉપરથી તેઓના જુદા-જુદા ગુણો જણાય છે. જે અવતારમાં જે ખાસ ગુણ છે તેમનો તેવો મન્ત્ર અને તેને અનુસરતી સ્તુતિ કહેલાં છે. તેથી મન્ત્ર અને સ્તુતિ ઉપરથી જ અવતારોનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે. આથી જ સેવકોનાં સ્વરૂપનું પણ જ્ઞાન થાય છે [૯૪।।-૯૬]

અહીં સમાધિ, સ્તુતિ અને નમન વડે અનુક્રમે મન વાણી અને કાયા થી પૂજા કર્યાનું કહેલ છે (ગદ્ય ૧). આ પૂજા સ્તુતિથી જ થતી હોવાથી મન્ત્રનો શું ઉપયોગ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પૂજામાર્ગમાં પૂજા કરનારને પૂજા પ્રમાણે જ ફળ મળે છે. આમ હોવાથી સ્તુતિ ભગવાનના પ્રકટ ગુણો જ જણાવનારી હોવાથી તેનાથી સેવકના પ્રકટ દોષો જ દૂર થાય. મન્ત્ર તો ગુપ્ત હોવાથી તેનો જપ કરવાથી તે અપ્રકટ દોષોનો પણ નાશ કરે છે. તેથી અપ્રકટ દોષોનો નાશ કરવા મન્ત્રની પણ જરૂર છે.

માત્ર પૂજા જ કહેવાની છે. તેમાં પૂજા કરનારી સ્ત્રીઓ જ હોવી જોઈએ એમ કહેવું (અ.૧૭।૧૬) નકામું છે — એવી શંકા થાય, તો જાણો કે એમ કહેવાનું તાત્પર્ય એવું છે કે સ્ત્રીના સંગમાં રહેનાર (મહાદેવ)ની તે સ્તુતિ પ્રકૃતિથી થતા દોષનો નાશ કરવાની શક્તિવાળી નથી, કારણ કે (સ્ત્રીનો સંગ હોવાથી તેમનામાં) વૈરાગ્ય નથી. મહાદેવને સ્ત્રીઓનો સંગ હોવાનું કહ્યું, તેથી જ તેમનામાં વૈરાગ્ય ન હોવાથી જ, ભગવાન્ પ્રકટ થાય તેવાં પ્રયોજનને લીધે થતા તેમના શોકનો પણ નાશ થતો નથી. (અહીં પ્રકાશમાં 'ણ' રહી ગયેલ હોય તેમ જણાવાથી આવો અર્થ કરેલ છે) તેથી જ તેમના મન્ત્રમાં તે ''અપ્રકટ ભગવાનને નમસ્કાર'' (અ.૧૭।૧૭) એમ કહે છે. ભદ્રશ્રવાઓની સ્તુતિમાં તેમને વૈરાગ્ય હોવાનું (અ.૧૮।૩) જણાવેલું હોવાથી, તેમના તે શોકનો નાશ થયેલ છે. મહાદેવ પૂર્ણ તમોગુણરૂપ હોવાથી અને શોક પણ તમોગુણરૂપ હોવાથી તેમનો શોક દૂર થવાનું સમ્ભવે છે, પરન્તુ કલ્પ પૂરો થતાં સુધી તે ભજન કરે ત્યારે તેમનો સંકર્ષણમાં જ લય થાય ત્યારે તે દૂર થાય. ભદ્રશ્રવામાં રજોગુણના અંશનો પ્રવેશ થયેલ હોવાથી જેટલો રજોગુણ આવ્યો તેટલો શોકવાળો તમોગુણ નીકળી ગયો, આમ દર્શાવનાર તેઓનો વૈરાગ્ય જ છે. કારણ કે વૈરાગ્ય હોય ત્યાંથી તમોગુણ અવશ્ય દૂર થાય. તેથી તેઓએ પૂજા કરેલા ભગવાને જ તેમને વૈરાગ્ય આપીને તેમનો તમોગુણ દૂર કરેલો, પરન્તુ તે વૈરાગ્યના પ્રભાવથી દૂર થયેલો નહિ એમ આચાર્યશ્રીએ 'નિવારિતઃ' (શોક દૂર કરેલો) એમ ૯૭ મી કારિકામાં કહેલ છે તેથી જણાય છે. આથી સંકર્ષણ અને હયગ્રીવ ના ભક્તોને પ્રાપ્ત થતાં ફળ જુદા હોવાનું કહેલું છે, એમ જણાવેલ છે [૯૭]

૩. હરિવર્ષ ખંડમાં નરસિંહ ભગવાન છે, તે સાત્ત્વિક-તામસ છે અને તેમનામાં તમોગુણ મુખ્ય છે. તેમનો સેવક પ્રહ્લાદ પણ તેવો જ છે. પ્રહ્લાદે ભકતો ન હોય તેમની ભારે નિંદા શ્લો.૧૦,૧૨,૧૩ માં કરેલી છે. તેણે શ્લો.૧૦ માં સુયાસ કલ્યાણકારક હોવાનું કહેલ છે, અને શ્લો.૧૪ માં ભગવાન્ પ્રતિ પોતાનો આગ્રહ જણાવેલો છે. તેનો ભકતો પ્રતિ પક્ષપાત, સુયાસ કલ્યાણકારક હોવાનાં વચન અને ભગવાન્‌માં આગ્રહ; એ તેના સત્ત્વગુણનાં કાર્ય છે, તેથી તે સાત્ત્વિક તામસ છે [૯૮-૯૮।।]

૪. કેતુમાલ ખંડમાં કામદેવ નામથી પ્રસિદ્ધ ભગવાન્ પ્રદ્યુમ્ન છે. લક્ષ્મીદેવી તેમની સેવા કરે

છે. તે તમોગુણ અને સત્ત્વગુણ થી ભળેલા રજોગુણવાળી છે. તેમનામાં રજોગુણ મુખ્ય છે, કારણ કે કામના ભોગમાં તેમની આસક્તિ હોવાનું શ્લો.૧૯ તથા ૨૦ ઉપરથી જણાય છે, કારણ કે બીજી સ્ત્રીઓ કામદેવ સિવાય બીજા પતિની ઈચ્છા કરે છે તેમનો આ શ્લોકમાં તે દોષ જુએ છે. આધિભૌતિક (સાંસારિક) પુરુષ તામસ હોવાથી, તેવાની કામના પણ તામસી છે અને રાજસી સ્ત્રી તેમાં દોષ જુએ તે યોગ્ય છે. શ્લો.૨૨ માં લક્ષ્મી પોતાની સરસાઈ જણાવે છે. આવી રીતે તે બીજી સ્ત્રીઓનાં દોષ જુએ છે અને પોતાની સરસાઈ ગાય છે, છતાં પણ તેને ભકત ગણેલી છે. શ્લો.૨૩ થી તે ભક્તિ કરતી હોવાનું જણાવેલું છે. ભગવાનનાં મહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને સ્નેહથી તે ભગવાનનું ભજન કરતી હોવાથી, ઉપર કહેલા ભક્તો કરતાં પણ તે ઉત્તમ ભકત છે [૯૮।।-૧૦૦]

૫. રમ્યક ખંડમાં મત્સ્ય ભગવાન્ રહે છે. તે રાજસ-તામસ છે. તેમનામાં રજોગુણ મુખ્ય છે. તેમનો ભકત મનુ પણ તેવો જ છે, એમ તેણે કરેલી સ્તુતિ (શ્લો.૨૬-૨૮) ઉપરથી જ જણાય છે. તેણે લોકપાલોની નિંદા કરી છે (શ્લો.૨૭), એ તમો ગુણનું કાર્ય છે. બાકીનાં રજોગુણનાં કાર્ય છે. તેણે સ્તુતિ પણ તેના સ્વભાવ પ્રમાણે જ કરેલી છે [૧૦૧]

૬. હિરણ્મય ખંડમાં કૂર્મ ભગવાન્ રહે છે; તે રાજસ-સાત્ત્વિક છે. તેમનામાં સત્ત્વગુણ મુખ્ય છે. તેમનો સેવક અર્યમા પણ તેવો જ છે.

૭. ઉત્તરકુરુ ખંડમાં ભગવાન વરાહ રહે છે. તે સાત્ત્વિક-તામસ છે. તેમનામાં સત્ત્વગુણ મુખ્ય છે. આ વરાહ યજ્ઞસ્વરૂપ છે. તેમની સેવક ભૂમિ પણ તેમના જેવા જ ગુણવાળી છે. તેનામાં સત્ત્વગુણ હોવાથી જ્ઞાનનું મુખ્યપણું હોવા છતાં તે ''દઢ ભક્તિયોગથી'' (ગદ્ય ૩૪) ભગવાનનું ભજન કરતી હોવાથી ભકત છે. અને તેથી તેનું જ્ઞાન ભક્તિમાર્ગ પ્રમાણેનું જ હોવાનું તેની સ્તુતિમાં દર્શાવેલ છે [૧૦૨-૧૦૨।।]

આ સ્તુતિમાં ભૂમિનું ભજન ત્રણ પ્રકારે કરેલું હોવાથી ત્રણ પ્રકારનું છે. તે પૈકી

પહેલાં ૩૪ મા શ્લોકમાં યોગથી વશ કરેલું મન એક જ સાધન હોવાનું કહેલું છે. ''જેમનું સ્વરૂપ જોવાની ઈચ્છાવાળા કવિઓ...'' (શ્લો.૩૬) એમાં 'જોવાની ઈચ્છાવાળા' વિશેષણથી મન ભક્તિમાર્ગીય હોવાનું કહેલ છે. ''કર્મમાં કુશલતા યોગ છે'' એ વાકય પ્રમાણે તે કર્મમાર્ગને અનુસરનારૂં જણાવેલું છે.

બીજા પ્રકારમાં શ્લો.૩૭ માં દ્રવ્ય વગેરે છ સાધનો કહેલાં છે. ભગવાન્માં માયા અને તેનાં પરિણામો નથી એવું જ્ઞાન અહીં દર્શાવ્યું તે જ્ઞાનમાર્ગીય છે. છેવટે બેવાર નમસ્કાર કર્યા તે ભક્તિમાર્ગીય છે.

ત્રીજા પ્રકારનાં બે વાકયો (શ્લો.૩૮-૩૯) થી અનુક્રમે ભગવાનનાં મહાત્મ્યનું જ્ઞાન અને

તેમણે પોતાનાં ઉપર કરેલ ઉપકાર જણાવી આદર દર્શાવેલ છે. અને ભક્તિમાર્ગમાં તો આ બે જ રાખવા યોગ્ય છે, કારણ કે આ બે સાત્ત્વિક છે. જ્યારે પહેલા જણાવેલા બે પ્રકારો જુદા-જુદા સાધનોને લીધે કલેશ કરાવનારા હોઈ સાત્ત્વિક નથી.

અથવા તમોગુણ રજોગુણ અને સત્ત્વગુણ એ ત્રણ ગુણો પ્રમાણે ભૂમિએ સ્તુતિ કરેલી છે.

૧. તામસ જીવોને ભગવાનનાં બહાર જ દર્શન કરવાની ઈચ્છા હોય છે, અને તેમને મન એ એક જ સાધન હોય છે. (શ્લો.૩૬) ''જેમ કાષ્ઠમાં મથન કરી અગ્નિ ઉત્પન્ન કરે છે'' એમ કહી તેઓને સાધનથી થતું દુઃખ સૂચવેલું છે. તેથી તેઓ તામસ છે.
૨. રાજસ જીવો કર્મમાર્ગ પ્રમાણે ભજન કરે છે. તેથી તેઓનાં છ સાધનો હોવાનું કહેલું છે (શ્લો.૩૭).
૩. સાત્ત્વિક જીવોને તો શ્લો.૩૮-૩૯ માં ઉપર જણાવેલાં બે સાધનો જ હોવાનું કહેલું છે. મર્યાદાભક્તિ સાધનથી થતી હોવાથી તે બે રાખવા યોગ્ય હોવાનું કહેલ છે, અને તે પહેલાં કહેલાં સાધનો સાત્ત્વિક ન હોવાથી તજવા યોગ્ય છે, એમ સૂચવેલું છે [૧૦૨।।-૧૦૩।।]

**અધ્યાય ૧૯ :**

૮. કિંપુરુષ ખંડમાં ભગવાન્ રામ રહે છે. તે રાજસ-સાત્ત્વિક છે. તેમનો ભકત હનુમાન પણ તેવો જ છે. રામ ભગવાનના અવતાર છે. તે વાસુદેવના અવતાર હોવાથી તેમનામાં સત્ત્વગુણ મુખ્ય છે. પદ્મપુરાણમાંથી એવો નિશ્ચય થાય છે કે કોઈવાર રામ પુરુષોત્તમના અવતાર હોય છે, પણ આ મત બરાબર નથી. તેથી તે રાજસ-સાત્ત્વિક હોવાનું માનવું યોગ્ય છે. જેમ લોઢાના ગોળામાં અગ્નિ પ્રવેશ કરે તેમ અધિષ્ઠાન (રહેવાનાં સ્થલરૂપ દેહ)માં ભગવાન્ પધારે તે અવતાર છે. અહીં અધિષ્ઠાન (રામનો દેહ) સત્ત્વ અને રજો ગુણના મિશ્રણવાળું અને જેમાં સત્ત્વગુણ મુખ્ય છે તેવા તે મિશ્રણવાળું હોવાથી, રામને રાજસ-સાત્ત્વિક કહેલ છે. વળી ભારતવર્ષમાં ભક્તિ ઘણી હોવાથી અને તે કર્મ કરવાનું સ્થાન હોવાથી, એ સત્ત્વ જેમાં મુખ્ય છે તેવા સાત્ત્વિક-રાજસ પ્રદેશમાં પણ તેમનો અવતાર થયેલ અને તે રહેલા છે, અને તે પ્રદેશમાં પણ આર્યાવર્તમાં જ રહેલા છે. તેથી જ તેમના ભક્ત પણ પોતાની ઈચ્છા હોય ત્યારે મનુષ્યનો દેહ ધારણ કરે તેવા (વાનર)હનુમાન રાજસ-સાત્ત્વિક છે. તેથી હનુમાને સેવા કરવા યોગ્ય સ્વરૂપ પણ ઉપર જણાવેલ તેવું રાજસ-સાત્ત્વિક છે.

બીજાઓના મત (''બીજાઓ આમાં સમ્મત હોવાથી અમે પણ આમ માનીએ છીએ'' એવો અર્થ કરી આવરણભંગમાં કહેલ છે કે રામ સિદ્ધાન્ત પ્રમાણે પુરુષોત્તમનો અવતાર છે. પદ્મપુરાણમાં તેમ છે પણ તે બરાબર નથી એમ જણાવવા આચાર્યશ્રીએ કારિકા ૧૦૫ માં 'તુ' શબ્દ યોજેલ છે એમ ઉપર આવી ગયેલ હોવાથી રામ પુરુષોત્તમ છે એવો આ માર્ગનો સિદ્ધાન્ત જણાતો નથી) સાથે મળતા રહીને અમે પણ આમ માનીએ છીએ. જનસમૂહમાં અપકીર્તિ થવાનો

ભય વગેરે ઘણા પ્રકારની મોહ કરાવે તેવી લીલાઓ તેમણે કરેલી હોવાથી તે સાત્ત્વિક-રાજસ છે [૧૦૩।।-૧૦૫।।]

૯. ભારતવર્ષમાં ભગવાન્ નારાયણ; નર સાથે તપ કરતા રહે છે. તેમની નારદ સેવા કરે છે. તે બધા ધર્માત્માઓ શુદ્ધસાત્ત્વિક ધર્મરૂપ છે. ભારતવર્ષમાં બધા કૃતાર્થ થાય તે માટે જ ભગવાન્ નારાયણ તપ કરે છે અને તેમના તપથી જ ભારતવર્ષમાં બધા કૃતાર્થ થયેલા છે [૧૦૫।।-૧૦૬।।]

વળી આ ભારતવર્ષનું જલ પણ પવિત્ર છે. તેથી તેની નદીઓનું વર્ણન ગદ્ય ૧૬-૧૮ સુધીમાં કરેલું છે. આ ખંડના પદાર્થો સાત્ત્વિક હોવાથી સર્વની દેવોએ સ્તુતિ કરેલી છે (શ્લો.૨૧-૩૮).

અહીં ભારતવર્ષમાં અસુરો પણ ઉત્પન્ન થયેલા છે તેથી સામાન્ય રીતે સર્વની સ્તુતિ દેવોએ કેમ કરી ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પહેલાં જે ચાર વર્ણ તથા આશ્રમવાળી પ્રજાનું વર્ણન કરેલું છે તેમને જોઈને અને તેમના ગુણો પોતામાં નથી એમ જોઈને દેવોએ ભક્તિપૂર્વક તે આખા ખંડની સ્તુતિ કરેલી છે. તેથી જ ''મુકુન્દની સેવામાં ઉપયોગી થાય તેવો જન્મ પ્રાપ્ત કર્યો છે''(શ્લો.૨૧) એમ તેઓએ કહેલ છે.

અથવા, ભોગમાં આસક્તિવાળા દેવોએ તે પ્રમાણે સ્તુતિ કેમ કરી ? અને તે સ્તુતિ પણ સર્વની કેમ કરી ? એવો પ્રશ્ન ઉદ્ભવે તો જાણવું કે દેવો સત્ત્વગુણવાળા હોઈ સાત્ત્વિક હોવાથી બધા દેવોના સમૂહોએ એવી રીતે સ્તુતિ કરેલી છે [૧૦૬।।-૧૦૭।।]

મનુના પુત્ર પ્રિયવ્રતે પોતે અગીયાર કરોડ વર્ષ રાજ્ય કરેલું છે, અને તેના વંશે આખા સ્વાયંભુવ મન્વન્તર સુધી રાજ્ય કર્યું.

મન્વન્તરમાં મનુ, મનુના પુત્ર, ઋષિઓ, દેવો, ઈન્દ્ર અને ભગવાનનો અવતાર હોય છે. તેથી મનુ અને તેનો પુત્ર પ્રિયવ્રત મોક્ષ પામ્યા પછી મન્વન્તર રહેવાનું સમ્ભવતુ નથી --વી શંકા થાય, તો જાણવું કે મનુ અને તેનો પુત્ર જ હોવા જોઈએ એમ તે કહેવાનો ભાવાર્થ નથી, પરન્તુ મનુના વંશના બીજાને પણ તેનો અધિકાર પ્રાપ્ત થવાથી મન્વન્તર રહેવાનું સમ્ભવે જ છે. અને આ સ્વાયંભુવ મન્વન્તરમાં પણ મનુના બધા વંશમાં તે અધિકાર હતો. તેથી મન્વન્તર રહેલો. મન્વન્તરના અન્ત સુધી પ્રિયવ્રતે રાજ્ય કરેલું એવી શંકા ન રહે, તે માટે તેણે ૧૧ અર્બુદ એટલે ૧૧ કરોડ વર્ષ રાજ્ય કર્યું એમ વર્ષોની સંખ્યા જણાવેલી છે (અ.૧।૨૯). 'અર્બુદ' એટલે કરોડ એ પ્રસિદ્ધ જ છે.

પ્રિયવ્રતના વંશમાં પણ આગ્નીધ્ર અને તેના પુત્રો જ એક પછી એક મન્વન્તરના અધિકારીઓ થયેલા, પરન્તુ બીજાઓને તે અધિકાર પ્રાપ્ત થયો ન હતો. પ્રિયવ્રતના પુત્રો ઉત્તમ, તામસ અને રૈવત (અ.૧।૨૮) તથા કવિ, મહાવીર અને સવન (અ.૧।૨૬) તથા ઈધ્મજિહ્વ વગેરે (અ.૧।૨૫); જે જમ્બૂદ્વીપ સિવાયના દ્વીપોના અધિપતિઓ થયેલા તેઓ કોઈને અધિકાર પ્રાપ્ત થયો ન હતો. તેઓ રાજ્ય તજી વનમાં ગયેલા, છતાં કલ્પ પૂરો થતાં સુધી ભૂમિ ઉપર રહેલાં. ત્યાં સુધી તેઓએ પોતપોતાના અધિકાર સાચવ્યા અને ત્યાર પછી ભગવાનનું ભજન કરતા હતા. આ બધા વનમાં ગયેલા એટલે તેઓ મન્વન્તરના અધિકારી થયા ન હતા.

આ બધાં આગ્નીધ્રની પેઠે જ મનુના પુત્ર (પ્રિયવ્રત)ના પુત્રો હતા. તેથી તેઓને બીજા દ્વીપોમાં અધિકાર મળ્યો એ તેમનામાં વધારાનો ગુણ આવ્યો, પણ મનુના વંશજ હોવાના તેમના ગુણનો તેથી નાશ થયો ન હતો. તેથી આ બધા મન્વન્તરના અધિકારી ન થાય તે યોગ્ય નહિ — એવી શંકા થાય. તો એમ માનવું કે ઈધ્મજીહ્વ વગેરેએ પોતપોતાને ભાગે આવેલ રાજ્ય મન્વન્તર પૂરો થતાં સુધી કર્યું, અને ત્યાર પછી તેનો ત્યાગ કર્યો. શ્રીભાગવતમાં આ અર્થ સ્પષ્ટ કહેલ નથી. પણ જેમ આગ્નીધ્રે ૧૦ કરોડ વર્ષ રાજ્ય કર્યું, તેમ તેઓએ પણ ત્યાં સુધી રાજ્ય કર્યું, કારણ કે જેવો આગ્નીધ્ર તેવા જ તે બધા. તેથી આગ્નીધ્ર વિષે જે કહ્યું તે તેમના સમ્બન્ધમાં પણ કહેલું જાણવું. તેથી તેમના સમ્બન્ધમાં જુદુ કાંઈ કહેલું નથી [૧૦૭।।-૧૧૦।।]

**અધ્યાય ૨૦; ભૂમિના બીજા છ ખંડો :**

જમ્બૂદ્વીપને અને તે પછીના બીજા દ્વીપોને છૂટા પાડનાર કોઈ પર્વત અથવા સમુદ્ર કહેલ નથી, પણ તે દ્વીપોને છૂટા પાડનાર સમુદ્રો છે, અને તે તેની પહેલાંના દ્વીપ કરતાં બમણાં છે. આ સમુદ્રો દ્વીપોને છૂટા પાડતા હોવાનું અહીં કહેલ નથી, કારણ કે પ્રિયવ્રત રાજાની કથા કહેતાં તે કહેલ છે (અ.૧।૩૧). તેથી અહીં જો તે કહેવામાં આવે તો પુનરુક્તિ થાય. પ્રિયવ્રતનો રથતેજસ્વી હોવાથી પ્રિયવ્રતની ઈચ્છા પ્રમાણે જતો હતો. તેથી તેનાં પૈડાંથી ખાડા પડવાથી થયેલા સમુદ્રો તેની ઈચ્છા પ્રમાણે રથનું પૈડું બમણું થવાને(ફરવાને) લીધે પોતપોતાની આગળના દ્વીપ કરતાં બમણા થતા હતા. એક જ રથનું પૈડું એ પ્રમાણે પહેલા કરતાં બમણું થયા કરતું હતું. કારણ કે રથતેજસ્વી હતો.

પ્રિયવ્રતની ઈચ્છાથી જ સર્વ થવાનું ઘટતું હોય, તો રથનું પૈડું બમણું થવાની જરૂર રહેતી નથી — એવી શંકા થાય, તો જાણવું કે તેટલાને તેટલા જ સમયમાં પહેલાં કરતાં બમણાં અન્તરમાં ફરવાનું રથનો વેગ વધ્યા વિના સમ્ભવે નહિ, તેથી પહેલાંથી બમણા અન્તરમાં ફરવાનું અવશ્ય પૈડાંના વધારે જોરથી ફરવાથી થતી ક્રિયાથી ભૂમિના અવયવો વધારે છૂટા પડવાથી થાય, તેથી તેવી રીતે બમણા સમુદ્રો થયેલા [૧૧૦।।-૧૧૨]

પહેલાં જમ્બૂદ્વીપને ફરતો સમુદ્ર ખારો થયો, કારણ કે તે દ્વીપનો બધોએ દોષ આ મોટા

સમુદ્રમાં પડયો. તેથી તે ખારો થયો. તે સમુદ્ર દૈત્યોને રહેવાનું સ્થાન આપે છે તેથી જ જણાય છે કે જમ્બૂદ્વીપનો બધોએ દોષ તેમાં પડેલ છે. તેથી જમ્બૂદ્વીપ દોષરહિત થવાથી તેમાં શ્રેષ્ઠ ભજન થાય છે, અને સર્વથી ઉત્તમ ધર્મ પણ છે. આ દ્વીપ પોતે જ ઉત્તમ હોવાથી પ્રખ્યાત છે એમ 'જમ્બૂ' ની વ્યુત્પત્તિ પાછળ કહી તેથી જણાય છે.

બીજા પ્લક્ષદ્વીપનું નામ તેની અંદરના પ્લક્ષ (પીપર)ના મોટા વૃક્ષ ઉપરથી પડેલું છે, આ દ્વીપ જમ્બૂદ્વીપ પેઠે પ્રસિદ્ધ ન હોવાથી તેની અંદરના વૃક્ષના નામથી ઓળખાય છે (ગદ્ય ૨). આ પ્લક્ષદ્વીપમાં ભગવાનનું ભજન થતું હોવાનું કહેલ નથી. કારણ કે જમ્બૂદ્વીપ પછી કર્મ કરવાની ભૂમિ કયાંય નથી. તેથી આ દ્વીપમાં માત્ર ભોગ હોવાનું કહેલું છે.(ગદ્ય ૬). ત્યાં પણ ચાર વર્ણો હોવાનું કહેલ છે પરન્તુ તે વર્ણો વ્યવહાર માટે જ હોય છે. અને બધા વર્ણો સૂર્યની ઉપાસના કરે છે (ગદ્ય ૪). બધા વર્ણો એક જ મન્ત્ર બોલે છે અને એક જ પ્રકારની ઉપાસના કરે છે. તે ઉપાસનાથી તેમની સ્વરૂપમાં સ્થિતિ થાય છે, પરન્તુ ઉત્તમ ફલ પ્રાપ્ત થતું નથી. તેથી આ દ્વીપમાં ઉપાસના થતી હોવા છતાં આ કર્મભૂમિ નથી [૧૧૩-૧૧૬]

પ્લક્ષ, શાલ્મલ, કુશ, ક્રૌંચ અને શાક દ્વીપમાંનાં નદીઓ પર્વતો સર્વ ભગવદ્રૂપ છે એમ જણાવવા દરેક (છ ભગવાનના ઐશ્વર્ય વગેરે ધર્મો અને એક ભગવાન્ ધર્મીએમ) સાત-સાત હોવાનું કહેલું છે. ભૂમિ પણ ભગવદ્રૂપ છે એમ જણાવવા તેના પણ સાત દ્વીપો હોવાનું કહેલું છે. અને તે બધાના અધિપતિ પણ પ્રિયવ્રતના સાત પુત્રો હોવાનું કહેલ છે. પૃથ્વી, ઊપર જણાવ્યું તેમ, પાંચ પ્રકારની હોવાથી પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોનાં જ નદી તથા પર્વતો સાત-સાત હોવાનું કહેલ છે(જુઓ ગદ્ય ૨-૨૬) [૧૧૭]

જમ્બૂદ્વીપમાં કર્મેન્દ્રિયો મુખ્ય હોવાથી તે કર્મભૂમિ છે. બીજા પ્લક્ષ વગેરે પાંચ દ્વીપોમાં ભોગ મુખ્ય હોવાથી જ્ઞાનેન્દ્રિયોનું પ્રધાનપણું છે અને બીજી (કર્મેન્દ્રિયો) ગૌણ છે. પુષ્કરદ્વીપમાં ભગવાનનાં મનનું સ્થાન ભૂમિ અને પ્રિયવ્રતના પુત્ર (આ દ્વીપના અધિપતિ વીતિહોત્ર) નું મન છે. તેથી આ દ્વીપમાં મન મુખ્ય છે, અને સંકલ્પ અને વિકલ્પ એ બે મનનો વિભાગ કરનાર હોવાથી આ દ્વીપના બે વિભાગ માનસોત્તર પર્વતથી થયેલા છે (ગદ્ય ૩૦). આ એક જ પર્વત આ દ્વીપના વિભાગ કરતો હોવાથી આ દ્વીપના બે ખંડો છે. તેથી વીતિહોત્રને પણ બે પુત્રો હતા (ગદ્ય ૩૧). પ્રિયવ્રતનો રથસાતવાર ફરેલો હોવાથી સમુદ્રો સાત જ થયેલા. તેથી પુષ્કરદ્વીપ પછી ભૂમિમાં સમુદ્રો ન હોવાથી ભૂમિનો વિભાગ કરનાર પર્વતો જ છે. તેથી જયાં સમુદ્રો ન હોય ત્યાં પર્વતોથી ભૂમિના વિભાગ પડેલા છે. ભગવાન્ બ્રહ્માનું આસન કમલ પણ આ પુષ્કરદ્વીપમાં છે (ગદ્ય ૨૯) [૧૧૮-૧૧૮।।]

પ્રિયવ્રતે પહેલાં જેમ ભૂમિના વિભાગ કર્યા તેવી જ રીતે તેના વંશમાં પુત્રો થયા. જેટલા જેના દ્વીપના ખંડ, તેટલા જ તેના પુત્રો. ખંડ જેટલા હોય તેટલા જ પુત્રો ઉત્પન્ન કરવા (જુઓ

અ.૨૧૯, અ.૨૦૧૨,૯,૧૪,૨૧,૨૫,૩૧) એ જે સત્યસંકલ્પવાળો હોય, એટલે જેના વિચાર પ્રમાણે જ કાર્ય થાય તેવો હોય, તેનાથી જ બની શકે, અને આવા તો ઈશ્વર જ છે. તેથી આ ઉત્તમ મર્યાદા ઈશ્વરે કરેલી છે. ઈશ્વરે કરેલી હોવાથી જ આ મર્યાદા ઉત્તમ છે.

ઈધ્મજિહ્વની કથા કહી, તે સર્વને લાગુ પડવાથી જ બધાની કથા કહેવાનો સમ્ભવ હોવાથી, દરેકની કથા જુદી નકામી કહી --એવી શંકા થાય, તો જાણવું કે આ બધામાં ભગવાનનો આવેશ હોવાથી તે બધાની કથા કહેલી છે. આ ભગવાનના અવતાર ન હતા પરન્તુ બધામાં ભગવાનનો આવેશ થતો. અહીં શ્રીભાગવતમાં ભગવાનની કથા સર્વત્ર કહેલી છે, અક્ષરે અક્ષરમાં તેમની જ કથા છે. તેથી જો ઈધ્મજિહ્વ વગેરેમાં ભગવાનનો આવેશ થતો ન હોત, તો તેઓની કથા શ્રીભાગવતમાં કહી ન હોત, તેથી તે સર્વમાં ભગવાનનો આવેશ થતો [૧૧૮।।-૧૨૦]

પ્રિયવ્રતનો રથફરવાથી સાત સમુદ્રો થયા તે જુદા-જુદા પદાર્થના થયા. તેનું કારણ એવું છે કે પૃથ્વીના જુદા-જુદા સ્થળે જયાં રથફર્યો ત્યાં પૃથ્વીમાંથી જુદા-જુદા રસો નીકળ્યા. જમ્બૂદ્વીપ ફરતા ભાગમાંથી રાજસ ખારો રસ નીકળતા; ખારાં જલનો સમુદ્ર થયો. પ્લક્ષદ્વીપના ફરતા ભાગમાંથી સાત્ત્વિક મધુરસ નીકળતા; ત્યાં શેરડીના રસનો સમુદ્ર થયો. શાલ્મલદ્વીપ ફરતા તે ભાગમાંથી તામસ કસેલો રસ નીકળતા; ત્યાં બુદ્ધિનો નાશ કરનારી મદિરાનો સમુદ્ર થયો. કુશદ્વીપ ફરતા તે ભાગમાંથી સાત્ત્વિક રસ નીકળતા, ત્યાં ઘી નો સમુદ્ર થયો. ક્રૌંચદ્વીપ ફરતા તે ભાગમાંથી રાજસરસ નીકળતાં ત્યાં દૂધનો સમુદ્ર થયો. શાકદ્વીપ ફરતા તે ભાગમાંથી તામસ રસ નીકળતાં, ત્યાં દહીંનો સમુદ્ર થયો. દહીંની તર તો ઘણી જ તામસ છે. પુષ્કરદ્વીપ ફરતાં ગુણાતીત(નિર્ગુણ) રસ નીકળતાં, ત્યાં શુદ્ધ મીઠાં જલનો સમુદ્ર થયો. રથના ચક્રથી ભૂમિ ઘણી દબાતાં, જયાં દબાઈ ત્યાં રહેલો રસ તે-તે સ્થળે નીકળ્યો. ભૂમિના તે જુદા-જુદા રસથી તે જુદા-જુદા ખાડા પૂરાયા. એવી રીતે અહીં સમુદ્રોની વ્યવસ્થા થઈ [૧૨૧-૧૨૩]

પૃથ્વી નિર્ગુણ અને ગુણવાળી એવા ભેદથી બે પ્રકારની છે. સગુણ પૃથ્વીના પણ જીવ અને જડ અથવા જંગમ અને સ્થાવર એવા બે ભેદ છે. તેથી પહેલા ત્રણ સ્થાવર પૃથ્વીના ગુણો નીકળ્યા, પછી ત્રણ જંગમ પૃથ્વીના ગુણો; એટલે ગાય વગેરેમાં રહેલા રસો નીકળ્યા, અને છેવટે પુષ્કરદ્વીપને ફરતો નિર્ગુણ પૃથ્વીનો રસ નીકળ્યો. પુષ્કરદ્વીપમાં ભગવાનનું આસન હોવાથી તે ભૂમિ નિર્ગુણ છે [૧૨૪]

મીઠાં જલના સમુદ્રની પછી લોકાલોક પર્વત સુધી ૯,૯૬,૫૦,૦૦૦ યોજન ભૂમિ છે. તે પૈકી ૧,૫૭,૫૦,૦૦૦ યોજન લોકાલોક પર્વતને અડતી તેની પાસેની ભૂમિ સોનાની છે, અને બાકીની ૮,૩૯,૦૦,૦૦૦ યોજન મીઠાં સમુદ્રને અડતી લોકાલોક પર્વત તરફની ભૂમિ સોનાની નથી, એવો શ્રીભાગવતનો સિદ્ધાન્ત છે. તેથી જ ગદ્ય ૩૫ માં કહેલ છે કે માનસોત્તર અને

મેરુપર્વતનું જેટલું અન્તર (૧,૫૭,૫૦,૦૦૦ યોજન) છે, તેટલી સોનાની ભૂમિ છે. જો બધી ૯,૯૬,૫૦,૦૦૦ યોજન ભૂમિ સોનાની હોત, તો પુષ્કરદ્વીપ (મીઠાં જલનો સમુદ્ર) અને લોકાલોક પર્વત વચ્ચેની ભૂમિ સોનાની છે એમ જ લખત. તેથી બાકીની ૮,૩૯,૦૦,૦૦૦ યોજન ભૂમિ સોનાની નથી. આ સોનાની ભૂમિ લોકાલોક પર્વત પાસેની છે એમ જાણવું. તેથી જ ગદ્ય ૩૪ માં લોકાલોક પર્વતનું નિરૂપણ કરી પછી ગદ્ય ૩૫ માં સુવર્ણની ભૂમિ હોવાનું કહેલ છે. બાકીની ભૂમિ પ્રાણીઓએ તજેલી છે, કારણ કે તેમાં મૂકેલ કોઈ પદાર્થ ફરી હાથઆવતો નથી. બીજાઓ શૈવતન્ત્રને અનુસરી આ બધી ૮,૯૬,૫૦,૦૦૦ યોજન ભૂમિ સોનાની હોવાનું કહે છે. જુદા કલ્પમાં કદાચ તેમ હશે [૧૨૫-૧૨૬]

એ પ્રમાણે મેરુથી ઉત્તર તરફ લોકાલોક પર્વત સુધીની ભૂમિ નીચે પ્રમાણે ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન થાય છે.

| | |
|---|---|
| ૫૦,૦૦૦ | અર્ધ (મેરુથી ઉત્તરનો) જમ્બૂદ્વીપ |
| ૧,૦૦,૦૦૦ | ખારો સમુદ્ર |
| ૨,૦૦,૦૦૦ | પ્લક્ષદ્વીપ |
| ૨,૦૦,૦૦૦ | શેરડીના રસનો સમુદ્ર |
| ૪,૦૦,૦૦૦ | શાલ્મલદ્વીપ |
| ૪,૦૦,૦૦૦ | મદિરાનો સમુદ્ર |
| ૮,૦૦,૦૦૦ | કુશદ્વીપ |
| ૮,૦૦,૦૦૦ | ઘીનો સમુદ્ર |
| ૬,૦૦,૦૦૦ | ક્રૌંચદ્વીપ |
| ૬,૦૦,૦૦૦ | દૂધનો સમુદ્ર |
| ૩૨,૦૦,૦૦૦ | શાકદ્વીપ |
| ૩૨,૦૦,૦૦૦ | દહીંનો સમુદ્ર |
| ૩૨,૦૦,૦૦૦ | અર્ધપુષ્કરદ્વીપ (માનસોત્તર પર્વત સુધી) |
| **૧,૫૭,૫૦,૦૦૦** | |

| | |
|---|---|
| ૩૨,૦૦,૦૦૦ | બાકીનો અર્ધ પુષ્કરદ્વીપ |
| ૬૪,૦૦,૦૦૦ | મીઠાં જલનો સમુદ્ર |
| ૮,૩૯,૦૦,૦૦૦ | મીઠાં જલના સમુદ્ર પછીની ભૂમિ |
| ૧,૫૭,૫૦,૦૦૦ | સુવર્ણની ભૂમિ |
| **૧૨,૫૦,૦૦,૦૦૦** | લોકાલોક પર્વત સુધી |

ઉત્તરની પેઠે દક્ષિણે, પૂર્વે અને પશ્ચિમે એમ મેરુની ચારે બાજુએ લોકાલોક પર્વત સુધી

૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન ભૂમિ છે. તેથી કુલ ૫૦,૦૦,૦૦,૦૦૦ યોજન ભૂમિ થઈ. કેટલાક વિષ્ણુપુરાણના આધારે એમ કહે છે કે આટલી ભૂમિમાં લોકાલોક પર્વતનો અને બ્રહ્માંડના કટાહનો સમાવેશ થઈ જાય છે, પરંતુ તે જુદા કલ્પની વાત છે. લોકાલોક પર્વત શ્રીભાગવત પ્રમાણે મર્યાદાગિરિ (વિભાગ કરનારો પર્વત) હોવાથી તેની ભૂમિમાં ગણના કરી નથી. બ્રહ્માંડનું કટાહ પણ ભૂમિ નથી, તે તો પૃથ્વીનું ઢાંકણ છે. તે પોતે જ પચાસ કરોડ યોજન વિસ્તારનું છે અને પૃથ્વીના ઢાંકણરૂપ જ હોવાથી, પચાસ કરોડ ભૂમિમાં તેનો સમાવેશ થવાનું સમ્ભવતું નથી. તેથી બ્રહ્માંડમાં દશ વિભાગ છે. (જુઓ નીચે કા.૧૩૦)[૧૨૬।।-૧૨૯]

લોકાલોક પર્વત એક કરોડ યોજન ઊંચો છે, અને દશહજાર યોજન લાંબો છે. તેનું તેટલું કદ હોવાનું વિષ્ણુપુરાણમાં કહેલ છે. જો કે શ્રીભાગવતમાં તેનું કદ જણાવેલું નથી. તે પર્વત ઉપર ચાર દિગ્ગજો (દિશાઓના હાથીઓ) અને ભગવાન્ રહે છે (ગદ્ય ૩૯-૪૦). તેના ઉપર ચાર લોકપાલોની નગરીઓ પણ છે. (શ્રીભાગવતમાં લોકપાલની નગરીઓ માનસોત્તર પર્વત ઉપર હોવાનું કહેલ છે (ગદ્ય ૩૦). દિગ્ગજોની અને લોકપાલોની શક્તિઓની વૃદ્ધિ કરવા ભગવાન્ અહીં રહેતા હોવાથી (ગદ્ય ૪૦); લોકપાલોની નગરીઓ અહીં હોવાનું નિબંધમાં કહેલ જણાય છે).

આમ હોવાથી પ્રસિદ્ધ બ્રહ્માંડની ભૂમિના આવરણ સાથે દશ વિભાગ થાય છે. (૧-૭)સાત દ્વીપો અને તેમને ફરતા સાત સમુદ્રો, મેરુથી આરંભી એક દિશાએ જતાં આમનો વિસ્તાર ૨,૫૩,૫૦,૦૦૦ છે (૮)મીઠાં જલના સમુદ્ર પછીની ભૂમિ, સુવર્ણની ભૂમિ સાથે. આનો વિસ્તાર ૯,૯૬,૫૦,૦૦૦ યોજન છે. એ પ્રમાણે મેરુથી લોકાલોક પર્વત સુધી ૧૨,૫૦,૦૦,૦૦૦ યોજન વિસ્તાર થયો. ચારે બાજુએ તેવો વિસ્તાર હોવાથી ૫૦,૦૦,૦૦,૦૦૦ યોજન વિસ્તાર થયો. (૯)લોકાલોક પર્વત અને (૧૦)બ્રહ્માંડનું કટાહ; આ કટાહનો વિસ્તાર પણ ૫૦,૦૦,૦૦,૦૦૦ યોજન છે [૧૩૦]

બ્રહ્માંડમાં ચૌદ લોક છે. તેમાં નીચે સાત પાતાલ છે અને ભૂમિ, ભુવર્લોક, સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપલોક અને સત્યલોક ઉપર છે. પાતાલોમાં ભૂમિ નીચે પહેલું પાતાલ અતલ છે. તેની ઉંચાઈનું પ્રમાણ જોતાં ભૂમિ અને અતલની વચ્ચે બ્રહ્માંડનું મધ્ય આવે. તેથી ભૂમિ અને અતલ બ્રહ્માંડરૂપ પુરુષ (ભગવાન્)ના કટિ અને જઘન છે, અને પુરુષનો મધ્યભાગ તેની જ કટિ જ છે. વળી ૨।૫।૩૮ પ્રમાણે ભૂમિ ચરણોથી કલ્પાયેલી અને ઉપરનો ભુવર્લોક નાભિથી ગણેલો છે. તેથી ભૂમિ કટિ સુધી આવેલી છે. આમ હોવાથી ભૂમિ ભગવાનની કટિરૂપ છે, અને સૂર્ય ભૂમિથી એક લાખ યોજન ઉંચો છે તેથી સૂર્ય બ્રહ્માંડની મધ્યમાં નથી એવો સંદેહ થાય, તો તે દૂર કરવા બ્રહ્માંડની મધ્યમાં સૂર્ય હોવાનું ગદ્ય ૪૩માં કહેલું છે. ઉપરના લોક અને નીચેના લોક(પાતાલો)નું માપ સરખું ન હોવાથી પણ બ્રહ્માંડનું મધ્ય કયાં આવ્યું તેનો નિશ્ચય થઈ શકતો

નથી, એવા વિચારથી એવો સન્દેહ થાય. તેથી ગદ્ય ૪૩માં બ્રહ્માંડના મધ્યમાં સૂર્ય હોવાનું કહેલું છે. પુરુષનું મધ્ય કટિ છે અને ભૂમિ ઉપર એક લાખ યોજને સૂર્ય છે તે; તે મધ્ય છે. અને તેથી સૂર્યથી દિશાઓ તથા આકાશ, સ્વર્ગ અને પૃથ્વી, ભોગનાં સ્થાન તથા મોક્ષ વગેરે વિભાગો પડે છે (ગદ્ય ૪૫). ઉપરના લોક અને નીચેના લોકનું માપ સરખું નથી એવી શંકા ન રહે તે માટે જ સૂર્યથી દરેક બાજુએ બ્રહ્માંડના છેડા સુધી પચીસ કરોડ યોજનનું અન્તર હોવાનું ગદ્ય ૪૩માં કહેલું છે.

ત્યારે પાતાલો એક બીજાથી દશ દશ હજાર યોજન દૂર નીચે હોવાનું અ.૨૪।૭માં કેમ કહેલ છે? એવી શંકા થાય, તો જાણવું કે તેઓની વચ્ચે તેટલું અન્તર પણ છે એવા અભિપ્રાયથી તેમ કહેલું છે (વધારે અન્તર નથી એવો તેમ કહેવાનો આશય નથી). કહ્યું તેથી અધિક તેમાં છે, પણ તેથી ઓછું નથી; એવા ધોરણે તેમ કહેલ હોવાથી તેમની વચ્ચે દશ હજાર યોજનનું જ અન્તર છે એમ કહેવાનો અભિપ્રાય નથી.

બ્રહ્માંડની નીચે મહાદેવ સંકર્ષણ છે (અ.૨૫।૨). તેમની અને મહાદેવ સૂર્યની વચ્ચે પચીસ કરોડ યોજનનું અન્તર હોવાનું કહેલું છે (ગદ્ય ૪૩) તેથી પાતાલો વચ્ચે જેટલું અંતર લેવાથી એ બે વચ્ચેનું અંતર પચીસ કરોડ યોજન થાય, તેટલું પાતાલો વચ્ચેનું અન્તર ગણવું જોઈએ. તેમ ન ગણીએ તો ગદ્ય ૪૩નો વિરોધ થાય.

ત્યારે આચાર્યશ્રીએ અહીં નિબંધમાં પાતાલો વચ્ચે કેટલું અન્તર છે તે કેમ કહેલ નથી? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ''ભૂમિમાં સાત છિદ્રો છે'' એમ (અ.૨૪।૭માં) કહેવાનું છે, અને ''ભૂલોક (ભૂમિ) ચરણોમાં કલ્પેલો છે'' એમ ૨।૫।૩૮ માં કહેલું છે. તેથી સાતે પાતાલો ભૂમિમાં આવેલાં હોવાથી તેમની વચ્ચેનું અન્તર ખાસ (જુદું) કહેલું નથી [૧૩૧-૧૩૨]

ભગવાનનાં વિરાટ સ્વરૂપનું ધ્યાન કરવામાં આવે ત્યારે મધ્યમાં કટિ ઉપર રહેલ સૂર્ય (કટિ ઉપરના) સોનાના કંદોરામાં જડેલા મણિ જેવો જણાય તેથી અન્તરિક્ષમાં રહેલા સૂર્યનું વર્ણન ભૂમિના પ્રકરણમાં કરવું યોગ્ય નથી--એવી શંકા આથી દૂર થાય છે. કારણ કે સૂર્ય કટિ ઉપરના કંદોરામાં જડેલા મણિ જેવો હોવાથી કટિનું વર્ણન કરતાં, તેનું વર્ણન કરવું જોઈએ. જેમ દેહ ઈન્દ્રિયો પ્રાણ તથા અન્તઃકરણના સમૂહમાં તેમનાથી વીંટાયેલો જીવ મરેલા જેવો રહે છે, પરન્તુ કુંડલિની(શક્તિ) તેને જાગ્રત કરે ત્યારે સુષુમ્ણા નાડીના છિદ્રમાં પ્રવેશ થતાં તે ધીરે-ધીરે અમર (કાર્ય કરવાની શક્તિવાળો) થાય છે. આ બ્રહ્માંડ પ્રથમ અચેતન-જડ હતું, અને જ્યારે સૂર્યે વિરાટસ્વરૂપે તેમાં પ્રવેશ કર્યો, ત્યારે તે કાર્ય કરવા શક્તિવાળું થયું, એમ સૂર્યના સમ્બન્ધમાં ગદ્ય ૪૪થી જણાવેલું છે [૧૩૨।।]

**ઉપરના લોક અધ્યાય ૨૧ થી ૨૩:**

હવે ૨૧-૨૩ એ ત્રણ અધ્યાયોથી ઉપરના લોકનું વર્ણન કરે છે. તે પૈકી અ.૨૧માં સૂર્યનું

વર્ણન કરેલું છે. અ.૨૨માં ચંદ્ર શુક્ર બુધ મંગલ ગુરુ શનિ અને સપ્તઋષિઓ નું વર્ણન કરેલું છે. અને અ.૨૩માં શિશુમારનું વર્ણન કરેલું છે. આ ઉપરના લોક સત્ત્વગુણનાં કાર્યરૂપ છે, અને સત્ત્વગુણ-શુદ્ધસત્ત્વ, રજોમિશ્રસત્ત્વ અને તમોમિશ્રસત્ત્વ-એવા ત્રણ પ્રકારનો હોવાથી ત્રણ અધ્યાયોથી ઉપરના લોકનું વર્ણન કરેલું છે [૧૩૨।।-૧૩૩।।]

**અધ્યાય ૨૧ ; સૂર્યઃ**

એકવીસમા અધ્યાયમાં સૂર્યનું નિરૂપણ કરેલું છે. તેમાં ત્રીજા ગદ્યથી સૂર્ય ફરતો હોવાનું જણાવેલું છે, ૩-૧૨ સુધીના ગદ્યમાં તેને ફરવાનું એક સ્થાન અને પછી બીજું સ્થાન કહેલું છે, ૧૩-૧૫ સુધીના ગદ્યમાં તેના રથનું અને ૧૫-૧૯ ગદ્યમાં તેના રથનાં સાધન અશ્વો તથા સારથિવગેરેનું નિરૂપણ કરેલું છે. એ જુદા-જુદા વિષયના અન્તે તેનાં માપ કહેલાં છે. (જુઓ ગદ્ય ૭,૧૨,૧૯) [૧૩૩।।-૧૩૪।।]

વીસમા અધ્યાયમાં જ સૂર્યનું નિરૂપણ કરેલું હોવાથી તેની ગતિ વગેરે ત્યાં જ કહેવાં યોગ્ય હતાં. તેથી અહીં ગદ્ય ૧-૩ કહેવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અહીં સૂર્યની ગતિનું મુખ્ય પ્રકારે વર્ણન કરેલું નથી, પરન્તુ ઉપરના લોકનું આ પ્રકરણ હોવાથી તેનું પ્રમાણ(માપ) વગેરે કહેવાનાં છે. વીસમા અધ્યાયમાં આ કહેવાની જરૂર ન હતી કારણ કે ત્યાં ઉપરના લોકનું નિરૂપણ કરવાનું ન હતું, તેથી ત્યાં તે કહેલ નહિ. ગદ્ય બીજામાં સામાન્ય રીતે ઉપરના લોકનું માપ કહેલું છે, કારણ કે ભૂમિનું માપ કહ્યું તે તેને તેમાં લાગુ પડતું હોવાનું જણાવેલ છે, છતાં પણ ભૂમિને ઉપરના લોકથી જુદી પાડનાર કહી શકાય તેવું સૂર્ય વિના બીજું કોઈ ન હોવાથી; સૂર્યની અમુક ગતિ જણાવ્યા વિના ઉપરના લોકનું માપ સારી રીતે વર્ણવી શકાય તેમ ન હોવાથી, ગદ્ય ૩માં સૂર્યની ગતિનું નિરૂપણ કરેલું છે. [૧૩૪।।-૧૩૫।।]

(શ્રીમદ્વિઠ્ઠલપ્રભુએ નિબન્ધ ઉપર પ્રકાશ અહીં સુધી જ લખેલો છે. હવે પ્રકાશ વિના જ નિબન્ધનો ભાવાર્થ જણાવવાનો રહેશે. ગોસ્વામી શ્રીપુરુષોત્તમલાલજી મહારાજે રચેલી યોજનાના ભાવાર્થનો યોગ્ય લાગશે ત્યાં કૌંસમાં મૂકી સમાવેશ કરવામાં આવશે)

ભૂમિ સાથે ઉપરનો (સ્વર્ગ)લોક અન્તમાં (છેડે) સારી રીતે સંધાયેલ છે અને વચમાં અન્તરિક્ષ ભુવર્લોક ખાલી છે. (અન્તરિક્ષ ભગવાનના વિરાટસ્વરૂપ છે. તેથી અન્તરિક્ષને ભગવાનની નાભિરૂપ સરોવર કહેલ છે (૨।૧।૨૭). સરોવરમાંથી કમળ નીકળે, તેમ ભગવાનની નાભિમાંથી કમળ નીકળેલ; તેમાંથી બ્રહ્માની ઉત્પત્તિ થયેલી. તારાઓનો સમૂહ (સ્વર્ગલોક) ભગવાનનાં આ વિરાટસ્વરૂપની છાતી છે (૨।૧।૨૮). તે અન્તે ભૂમિ સાથે સારી રીતે સંધાયેલ હોવાથી(ગદ્ય ૨), તેનો તથા ભુવર્લોકનો વિસ્તાર ભૂમિ જેટલો પચાસ કરોડ યોજન જ છે.

ભૂમિનો વિસ્તાર સ્થાન વગેરે પરીક્ષિતના પ્રશ્નને લીધે વિરાટસ્વરૂપનું ધ્યાન ધરી શકાય તે

માટે કહેલાં છે. તેથી સ્વર્ગલોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોકનાં સ્થાન પણ અવશ્ય કહેવાં જોઈએ; તે કેમ કહેલ નથી? એવો પ્રશ્ન થાય તો જાણવું કે નીચેના સાત લોક (અતલ વિતલ વગેરે સાત પાતાલો)ના વિસ્તાર તથા અન્તર અધ્યાય ચોવીસ (ગદ્ય ૭)માં કહેવાના છે, તે ઉપરથી આ ઉપરના લોકના વિસ્તાર વગેરે પણ જણાય તેમ હોવાથી (તેનાથી જ વિરાટનું ધ્યાન થઈ શકે તેમ હોઈ તે અહીં જુદા કહેલ નથી) [૧૩૫।।-૧૩૬।।]

આ અધ્યાયમાં સૂર્યનું નિરૂપણ કરવામાં આવે છે તેથી એમ જણાશે કે ૧.રાશિઓમાં રહેલ ભૂમિ (અવકાશ) ઓછી વધારે છે અને ૨.જ્યોતિશ્ચક્ર પણ ફર્યા કરે છે.

આ સમ્બન્ધમાં માનસોત્તર પર્વતનું (જુઓ ગદ્ય ૭) નિરૂપણ કરેલ હોવાથી અને તે બધું બ્રહ્મકલ્પમાં પ્રિયવ્રતે કરેલ હોવાથી; આ બ્રહ્મકલ્પનો વૃતાન્ત જ હશે — એમ ન માનવું, કારણ કે ''હવે પદ્મકલ્પનું શ્રવણ કર'' (૨।૧૦।૪૭) એમ કહેલ હોવાથી, આ પદ્મકલ્પનો વૃતાન્ત હોવાનું પણ સમ્ભવે છે. વળી ૩।૧૧।૧૦માં ચાર-ચાર પ્રહરના દિવસ અને રાત્રિના હોવાનું અને પંદર દિવસનું પખવાડીયું હોવાનું કહેલ છે, છતાં દિવસ અને રાત્રિ તથા પખવાડીયું નાના-મોટાં થાય છે, તેનું કારણ જાણવામાં ન આવે તો તે વાક્યનો પ્રત્યક્ષથી વિરોધ થાય. તેથી તે સર્વ નાના-મોટા થવાનું કારણ જાણવામાં આવે તે માટે આ અધ્યાયમાં સૂર્યસમ્બન્ધી જ્ઞાન જુદું જ જણાવેલ છે. તેથી સૂર્યસમ્બન્ધી વિચાર જ આ અધ્યાયમાં કરેલો છે [૧૩૬।।-૧૩૮।।]

શંકા : વીસમા અધ્યાયના ગદ્ય ૩૦માં કહ્યું છે કે સૂર્યના રથનું સંવત્સરરૂપ ચક્ર માનસોત્તર પર્વત ઉપર ફર્યા કરે છે અને તે પર્વત દશ હજાર યોજન ઉંચો છે. મેરુ એક લાખ યોજન ઉંચો છે (અ.૧૬।૫-૭), તેથી માનસોત્તર મેરુથી ઘણો જ નીચો છે. તેના ઉપર ફરતું સૂર્યના રથનું ચક્ર તેની ઉપર ૧૦૦૦ અથવા બે હજાર યોજને ફરતું હોય તો પણ તે મેરુથી ઘણો નીચે ફરતો હોવાથી મેરુ ઉપર દિવસ અને રાત્રિ તેનાથી કેવી રીતે થાય? વળી તે ચક્રના ફરવાથી આપણાં રાત્રિ અને દિવસ જેમ નાના-મોટાં થાય છે તેમ રાત-દિવસ (ભેગા લેતાં) કેમ નાના-મોટાં થતાં નથી, કારણ કે તે ચક્રની ગતિ તો દરેક સમયે સરખી જ હોય છે! — આવી શંકાઓ થાય,

સમાધાન : તો જાણવું કે સૂર્યના એક-એક ચક્રવાળા બે રથો છે. એક મોટો અને બીજો નાનો છે. બન્નેમાં કાલરૂપ એકસૂત્ર છે, તે જે રથની જેવી ગતિ થવા માટે જેવી સ્થિતિમાં ચક્ર હોવું જોઈએ તેવી સ્થિતિમાં તેને રાખે છે. સૂર્ય સૂક્ષ્મ રથમાં હોય છે અને તે સ્થૂલ રથનું પણ નિયંત્રણ કરી તેની યોગ્ય પ્રવૃત્તિ કરાવે છે. તેનો સારથિ(અરુણ) એક જ સ્વરૂપથી બન્ને રથચલાવે છે, અથવા જુદા સ્વરૂપથી બીજા રથને ચલાવે છે [૧૩૮।।-૧૪૦]

રાહુથી આરંભી સપ્ત ઋષિઓ સુધીના (જુઓ અ.૨૪।૧ તથા અ.૨૨।૮-૧૭) જે ગ્રહો તારા વગેરે છે તેઓને એક-એક રથહોય છે અને જેમ રેંટમાં ડોલો રહે છે તેમ તેઓ ઊંચે

નક્ષત્રમંડલમાં ફરે છે. જો કે સપ્ત ઋષિઓને રથહોવાનું લખેલ નથી, છતાં તેઓ પણ ફરતાં હોવાથી તેમને પણ રથહોવાની કલ્પના થાય છે. આમને જ્યારે ઉંચા ચઢવાનું હોય છે ત્યારે તેમની ગતિ ધીરી થાય છે જ્યારે નીચે ઉતરવાનું થાય છે ત્યારે ગતિ ઉતાવળી થાય છે અને જ્યારે સપાટ સ્થાનમાં ફરવાનું હોય ત્યારે ગતિ એક સરખી હોય છે. તેમની ગતિ જુદા-જુદા સ્થલે થતી હોવાથી, તેમજ વાયુને લીધે, દરરોજ જુદી-જુદી ઝડપની હોય છે. જ્યોતિશ્ચક્રની ગતિ સદા એક સરખી જ રહે છે [।।૧૪૧-૧૪૨।।]

જ્યોતિશ્ચક્રનાં સ્થાનનાં બાર ભાગ કરી, તેની બાર રાશિઓ કરેલી છે. મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ અને મીન એ બાર રાશિઓ છે. તે પૈકી મેષ અને તુલાનાં સ્થાન સપાટ છે. આ બારે રાશિવાળું જ્યોતિશ્ચક્ર કુંભારના ચાકડાની પેઠે માનસોત્તર પર્વતની ઉપર અદ્ધર એકસરખી ગતિથી ફર્યા કરે છે. સૂર્યના સ્થૂલ રથની ધરીનો એક છેડો મેરુ પર્વતનાં શિખર ઉપર રહેલો છે (ગદ્ય ૧૩). તેની સીધી લીટીમાં તેના સરખી ઉંચાઇએ માનસોત્તર પર્વત ઉપર એક બાજુ મેષ રાશિ અને તેની સામી બાજુએ તુલા રાશિ રહેલ છે. આ બન્ને રાશિઓનો પ્રદેશ સપાટ છે. મેષથી ચક્રમાં આગળ વૃષભ ઉંચા પ્રદેશવાળી છે અને તુલાથી ચક્રમાં ઉંચી જતી કન્યા રાશિ વૃષભના સમાન પ્રદેશવાળી છે. વૃષભથી ચક્રમાં આગળ ઉંચે મિથુન રાશિ છે અને કન્યાથી ચક્રમાં ઉંચી જતી સિંહ રાશિ તેની સમાન પ્રદેશવાળી છે. મિથુનથી આગળ ચક્રમાં ઉંચે ચાલતાં અને સિંહથી ચક્રમાં પાછળ ઉંચે ચાલતાં કર્ક રાશિ છે. તે સર્વથી ઉંચી છે. કર્કથી આરંભી તુલાની શરૂઆત સુધી સ્થાન નીચું થતું જાય છે. તુલામાં સ્થાન સપાટ છે એ ઉપર કહેલું છે. તુલાથી આગળ ચક્રમાં પાછળ નીચે જતાં વૃશ્ચિક રાશિ છે અને મેષથી ચક્રમાં પાછળ નીચે જતાં નીચે મીન રાશિ છે. વૃશ્ચિક અને મીન સમાન પ્રદેશવાળી છે. વૃશ્ચિકથી આગળ ચક્રમાં નીચે જતાં ધન રાશિ આવે છે અને મીનથી ચક્રમાં પાછળ નીચે જતાં કુંભ રાશિ આવે છે. ધન અને કુંભ સમાન પ્રદેશવાળી છે. ધનથી આગળ ચક્રમાં નીચે જતાં અને કુંભથી પાછળ ચક્રમાં નીચે જતાં મકરરાશિ આવે છે, તે સર્વથી નીચી છે. તેથી તુલા રાશિથી મકર રાશિની શરૂઆત સુધી નીચે જવાનું હોય છે, અને મકરથી મેષની શરૂઆત સુધી ઉંચે જવાનું હોય છે. એવી રીતે રાશિઓનો માર્ગ જનોઈની પેઠે ઉંચો-નીચો છે. આ રાશિચક્રમાં રાહુથી આરંભી સપ્તર્ષિ સુધીના (ગ્રહો તથા તારાઓ) પોત-પોતાને ફરવાના માર્ગમાં ઉંચા તથા નીચા આવતાં સ્થલોમાં ઉંચા ચઢતાં તથા નીચા ઉતરતાં ફરે છે. તેમાં પણ સૂર્યને ફરવાનાં સ્થલમાં વાયુ છે. અને તે પણ એકસરખો ન હોવાથી સૂર્યની ગતિ દરરોજ બદલાય છે. વાયુ સૂર્યના માર્ગમાં ન હોત તો દિવસ અને રાત માં જ્યારે એક વધે ત્યારે બીજું ઘટે છે તેવું ન થાત. વૃષભથી આરંભી કન્યા સુધીની પાંચ રાશિઓમાં દિવસ વધે છે અને રાત ઘટે છે. અને તુલામાં રાત-દિવસ સરખા રહે છે. વૃશ્ચિકથી આરંભી પાંચ રાશિઓમાં દિવસ ઘટે છે અને રાત વધે છે. મેષમાં રાત-દિવસ સરખા રહે છે. દેવોના રાત્રિ-દિવસ પણ આ સૂર્યના જ્યોતિશ્ચક્રમાં ફરવાથી જ થાય છે. જ્યારે સૂર્ય મેષમાં આવે ત્યારે તેઓનો સૂર્યોદય થાય છે, કર્કમાં આવે ત્યારે મધ્યાહ્ન થાય છે, તુલામાં આવે ત્યારે સાયંકાલ થાય છે અને મકરમાં આવે ત્યારે મધરાત થાય છે [।।૧૪૩।।]

જ્યોતિશ્ચક્ર ફરતું હોવાથી સૂર્ય સદા ફરતો હોય છે. (જ્યોતિશ્ચક્રના ફરવાને લીધે સૂર્ય દરરોજ જોવામાં આવે છે, અને મેરુ; સૂર્યની આડે આવે ત્યારે દેખાતો નથી. ભૂમિ ઉપર રહેનારાઓના દિવસ અને રાત આવી રીતે થાય છે. દરેક રાશિના સામાન્ય રીતે ત્રીસ-ત્રીસ અંશો રાત-દિવસરૂપ છે, એટલે રાત તથા દિવસ ના મળી ત્રીસ મુહૂર્તો છે. એ પ્રમાણે સમયના ઘડી પલ વગેરે વિભાગો પણ કરેલા છે. જ્યોતિશ્ચક્રની બાર રાશિઓ પૈકી) જે રાશિમાં જેટલા અંશે જે સ્થલે (કલા તથા વિકલા ઉપર) સૂર્ય હોય તે પ્રાતઃકાલનો સમય જણાવનાર છે કારણ કે તે પૂર્વમાં આવે ત્યારે સૂર્ય પ્રથમ દેખાય છે. (તેથી જે રાશિના જેટલા અંશ, તથા કલા-વિકલાના સ્થાને પહેલાં સૂર્ય દેખાય તે પ્રાતઃ છે) તે જ સ્થલે સૂર્યની જે ગતિ હોય તે લગ્ન એટલે સૂર્યનું પૂર્વ દિશામાં જ ક્ષિતિજ ઉપર દેખાવાનું સ્થાન વગેરેનો સમય મુકરર કરનારી છે (કારણ કે સૂર્યની ઓછી અથવા વધારે ગતિને લીધે રાશિ વગેરે ફરવાના સમય જુદા-જુદા થાય છે). તેથી જ્યોતિશ્ચક્રની ગતિ એકસરખી હોવા છતાં પણ સૂર્યનો ઉદય વગેરે થવાના સમય પણ ફરે છે. (ભાવાર્થ એવો છે કે ચોક્કસ માપવાળા સમયના ખાસ ગુણ જેવા કે રાત-દિવસ સદા આઠ ઘડીના જ હોવા, તે જ્યોતિશ્ચક્રની ગતિથી થાય છે. નાના-મોટા માપવાળા સમયના ખાસ ગુણ જેવા કે નાના-મોટા દિવસ, નાની-મોટી રાત વગેરે જ્યોતિશ્ચક્રની જુદી-જુદી રાશિમાં સૂર્યની ગતિ થવાથી થાય છે. અને અચોક્કસ (માપવાળા) સમયના ખાસ ગુણ જેવા કે જ્યોતિશ્ચક્રમાં ક્યાં સૂર્યનો ઉદય થશે વગેરે, જ્યોતિશ્ચક્રની ગતિ અને સૂર્યની જ્યોતિશ્ચક્રની રાશિઓમાં ગતિ એ બન્ને ગતિથી થાય છે)[।।૧૪૪-૧૪૫।।]

(ઉપર સૂર્ય ગોળ ઉંચે ફરતો હોવાનું કહ્યું, તે પ્રત્યક્ષથી વિરુદ્ધ છે, કારણ કે સૂર્ય નીચે જતો અને નીચેથી ઉગતો જોવામાં આવે છે.) તેથી ઉપર કહેલ વૃતાન્ત ચાલુ સમયનો નથી. બ્રાહ્મ વગેરે કલ્પમાં તેમ હતું હમણાં તો ભૂમિ વચ્ચે રહે છે અને ભૂમિના ગોળને ફરીને સૂર્ય જલમાંથી ઉપર આવે છે, અને (તેની ઉપર ફરીને નીચે) જલમાં આથમે છે. (વેદમાં પણ કહેલ છે કે ''જલમાંથી આ (સૂર્ય)નો ઉદય થાય છે અને ફરી જલમાં તે પ્રવેશ કરે છે'' શ્રીમદ્‌ભાગવતમાં પણ ''જલમાંથી સૂર્ય બહાર નીકળ્યો ત્યારે'' (૧૦।૩૯।૩૨) વગેરે વાક્યોથી એ જ અર્થ કહેલો છે. તેથી ઉપર જણાવેલી વ્યવસ્થા બ્રાહ્મકલ્પની હોવાથી અને ચાલુ સમયમાં સૂર્ય જલમાં પ્રવેશ કરતો હોવાને લીધે ઉપર ફરતો ન હોવાથી, પ્રત્યક્ષનો જે વિરોધ જોવામાં આવે છે તે દોષરૂપ નથી) કારણ કે જ્યોતિઃશાસ્ત્ર જાણનારાઓ એમ કહે છે કે ચાલુ સમયમાં રાહુથી આરંભી સપ્તર્ષિ સુધીના ગ્રહો અને તારાઓને ફરવાનાં સ્થાન જલમાં પ્રવેશ કરતા હોવાથી જ્યોતિશ્ચક્ર જ વાયુના આકર્ષણને લીધે જલમાંથી બહાર આવે છે. અને જલમાં પ્રવેશ કરે છે. તેથી ઉપર કહેલા પ્રકારે જ રાત અને દિવસ નાનાં તથા મોટાં થાય છે. તેથી બન્ને પ્રકારે પાંચ માસ સુધી દિવસ મોટો તથા રાત નાની થતી જાય છે, અને પાંચ માસ સુધી રાત મોટી અને દિવસ નાનો થતો જાય છે, છતાં રાત-દિવસ ભેગા લેતાં તે સદા સરખા જ(સાઠ ઘડીના)હોય છે.

(ચન્દ્રની ગતિ પણ એક સરખી હોતી નથી, પરન્તુ ઓછી-વધારે થાય છે. તેથી તિથિઓ

નાની-મોટી થાય છે (ચન્દ્ર સૂર્યથી જેટલા અંશ જ્યોતિશ્ચક્રમાં આગળ ગયો હોય, તેને બારે ભાંગવાથી થઈ ગયેલી તિથિઆવે છે અને તે ભાગાકારનાં અંકમાં ૧ ઉમેરવાથી ચાલુ તિથિઆવે છે. તિથિઓ શુદ ૧ થી આરંભી ૦)) સુધીની ૩૦ થાય છે.). પખવાડીયું પણ એક સરખું હોતું નથી. તિથિનાની-મોટી થવાનું જોવામાં આવતું નથી, પરન્તુ પખવાડીયું નાનું-મોટું થતું હોવાથી તિથિઓ પણ તેવી થતી હોવાનું અનુમાન થાય છે) [૧૪૬-૧૪૮]

કોઈ વાર સૂર્યને એક રાશિમાંથી બીજી રાશિમાં જતાં એટલે એક રાશિ જેટલું અન્તર ફરતાં ૨૯ દિવસ લાગે છે અને કોઈ વાર ૩૧ દિવસ લાગે છે. (આ કાંઈ નિયમ પ્રમાણે થતું નથી. જો ફરવાના પ્રદેશને લીધે તેમ થતું હોત તો અમુક અન્તર ફરવામાં અમુક જ સમય જાય, પણ અચોકક્સ સમય ન લાગે. તેથી આવું સૂર્યની ગતિ ઓછી અથવા વધારે થવાને લીધે થાય છે. તેથી) સૂર્યની ગતિ પણ બધે એકસરખી નથી, સ્થૂલ ચક્રમાં કીલ (જેની આસપાસ ચક્ર ફરે તેવો ખીલો, જુઓ અ.૨૩।૨) છે. અને તેથી તે કીલને લીધે તે મોટું કહેવાય છે. તે ચક્રમાં જુદી-જુદી રાશિઓની જુદી-જુદી ઉંચી-નીચી ભૂમિ છે, પરન્તુ સૂક્ષ્મચક્રમાં આવું કાંઈ નથી. (તેની ગતિ એકસરખી હોવાથી જુદા-જુદા પ્રકારની ભૂમિ કલ્પવાનું કાંઈ પ્રયોજન નથી)[।।૧૪૯-૧૫૦।।]

હવે સ્થૂલચક્રની ભૂમિના પ્રદેશો; જે રાતને તથા દિવસને નાના તથા મોટા કરે છે તે જોઈએ. જ્યોતિશ્ચક્ર સાથે ફરતો સૂર્ય જે સ્થળે ઉગે છે તેની સીધી લીટીમાં (એટલે સૂક્ષ્મચક્રની તેની બરાબર સામી બાજુએ) તે આથમે છે (ગદ્ય ૯). સૂર્ય જ્યારે મકર અને તેની પછીની ચાર રાશિમાં હોય છે ત્યારે દિવસ વધે છે અને રાત ટૂંકી થાય છે (સર્વથી નાનામાં નાના દિવસ કરતાં તે સમયે દિવસ વધવા લાગે છે. અને સર્વથી મોટામાં મોટી રાત કરતાં રાત ટૂંકી થવા લાગે છે). તેવી રીતે જ્યારે સૂર્ય કર્ક અને તેની પછીની ચાર રાશિમાં હોય છે, ત્યારે દિવસ ટૂંકો થવા માંડે છે અને રાત લાંબી થતી જાય છે (મોટામાં મોટા દિવસથી તે ટૂંકો થતો જાય છે અને નાનામાં નાની રાતથી; રાત મોટી થવા લાગે છે) ગદ્ય ૩. (જ્યારે સૂર્ય મેષ રાશિમાં અને તુલા રાશિમાં હોય છે ત્યારે દિવસ અને રાત સરખા હોય છે, ગદ્ય ૪). મેષમાં સૂર્ય આવ્યા પછી (તે કર્કમાં જતાં સુધી) દિવસ રાત કરતાં મોટો થતો જાય છે. અને તેવી જ રીતે તુલામાં સૂર્ય આવ્યા પછી (તે મકરમાં આવતાં સુધી) રાત દિવસ કરતાં મોટી હોય છે. તેથી સ્થૂલચક્રની ભૂમિ ઉંચી-નીચી હોય છે, એકસરખી નથી. જ્યારે સૂર્યને ઉપર ચઢવાનું થાય છે ત્યારે તેની ગતિ ઘટે છે અને જ્યારે તેને નીચે ઉતરવાનું થાય છે ત્યારે તેની ગતિ વધે છે. સૂર્ય દિવસનો પતિ છે, તેથી જ્યારે તેની ગતિ ઘટે છે ત્યારે દિવસ મોટા થાય છે [।।૧૫૧-૧૫૩।।]

(મેરુની મધ્યથી માનસોત્તર પર્વત સુધી એક બાજુએ ભૂમિનો વિસ્તાર ૧,૫૭,૫૦,૦૦૦ યોજન છે એમ આપણે ઉપર જોયું. તેથી ઉત્તર તરફના માનસોત્તર પર્વતથી દક્ષિણ તરફના તે જ પર્વત સુધી ૩,૧૫,૦૦,૦૦૦ યોજન ભૂમિના વિસ્તારની લંબાઈ થઈ. જ્યોતિશ્ચક્રને ફરવાના

માર્ગનો આ વ્યાસ (ડાયામીટર) થયો. વ્યાસથી પરિધિ (સરકમ્ફેંસ્) ત્રણ ગણું અને તેથી કાંઈક મોટું હોય છે. તેથી ૩,૧૫,૦૦,૦૦૦×૩=૯,૪૫,૦૦,૦૦૦+૬,૦૦,૦૦૦ મળી ૯,૫૧,૦૦,૦૦૦ યોજન પરિધિનો વિસ્તાર છે(ગદ્ય ૨૦). આ અન્તર જ્યોતિશ્ચક્ર દરરોજ કાપે છે. જુદી-જુદી રીતે ગણવાથી મતભેદ થાય તેથી અહીં પરિધિમણ્ડલનો વિસ્તાર કહેલો છે [૧૫૪-૧૫૪।।]

(માનસોત્તર પર્વત ઉપર ચાર દિશાઓમાં ઈન્દ્ર વગેરે ચાર લોકપાલોની ચાર નગરીઓ આવેલી છે, અ. ૨૦ ગદ્ય ૩૦. જ્યોતિશ્ચક્ર માનસોત્તર ઉપર ફરતું આ ચારે નગરીઓ ઉપરથી જાય છે ત્યારે તેમાં રહેલ સૂર્ય પણ એ નગરીઓ ઉપરથી જાય છે.) આ જ્યોતિશ્ચક્રની અને તેથી સૂર્યની ગતિ એકસરખી છે. અને તેથી આ નગરીઓ દિશાઓનું જ્ઞાન કરાવે છે. મેરુની ચાર દિશાઓએ આ ચાર નગરીઓ હોવાથી આ નગરીઓમાં દિશાઓ જડેલી હોય તેમ જણાય છે (ગદ્ય ૭). (મેરુ ઉપર રહેનારાઓને આ રીતે દિશાઓનું જ્ઞાન થાય છે). જેઓ મેરુથી નીચે(દક્ષિણે) રહે છે તેઓને તો મેરુથી ઉત્તર દિશા જણાય છે, અને મેરુથી ઢંકાએલો મેષરાશિનો સૂર્ય જ્યાં પ્રથમ દેખાય; તે તેઓની પૂર્વ દિશા છે [૧૫૪।।-૧૫૭]

કારણ કે ભૂમિના ગોલ ઉપર મેરુ કમલના જેવી આકૃતિવાળો છે અને ભૂમિ પણ તેના જેવી જ ગોળ છે. તેથી આ વિષયમાં એવી કલ્પના કરેલી છે કે માનસોત્તર પર્વત ઉપર મેરુના શિખર જેટલે (ઉંચે) સૂર્યના ચક્રની ધરીનો મધ્ય ભાગ રહેલો છે (આવી રીતે ભૂમિ ઉપરના લોકને દિશાઓનું જ્ઞાન આ જ્યોતિશ્ચક્રની ગતિથી થાય છે. તેનાથી સૂર્યોદય વગેરે થાય છે તે ગદ્ય ૭-૯ સુધીમાં જણાવેલ છે. આ ચક્રની ગતિ એક સરખી છે એમ ગદ્ય ૯-૧૦ માં જણાવેલું છે. મેરુ ઉપર રહેનારાઓના દિવસ કેવી રીતે થાય છે તે ગદ્ય ૮-૯ માં જણાવેલું છે. અને જ્યોતિશ્ચક્ર સાથે સૂર્ય પંદર ઘડીમાં ૨,૩૭,૭૫,૦૦૦ યોજન માર્ગ કાપે છે, એ ગદ્ય ૧૦ માં કહેલું છે. સૂર્યની ગતિ સમ્બન્ધી સન્દેહ ન રહે તે માટે તે અહીં કહેલું છે. ગદ્ય ૧૨ માં તેની એક મુહૂર્તની ગતિ પણ કહેલી છે. ચન્દ્ર વગેરે જ્યોતિશ્ચક્ર સાથે ફરતા ગ્રહો વગેરે પણ આ પ્રકારે જોવામાં આવે છે એમ ગદ્ય ૧૧ માં જણાવેલું છે [૧૫૮-૧૫૮।।]

ગદ્ય ૧૩ થી અંગો સાથેના એટલે આરા, પરિઘ, નાભિ વગેરે અંગો સાથેના સ્થૂલ ચક્રનું નિરૂપણ કરેલું છે. કાલરૂપ દેવની વૃદ્ધિ તથા ક્ષય થાય છે (દિવસ તથા રાત્રિ, તિથિતથા પખવાડીઆ; નાના-મોટાં થાય છે) એમ દર્શાવવા આ ચક્રનું નિરૂપણ કરેલું છે. તેથી માનસોત્તરના શિખર ઉપર ફરતું પરિઘવાળું જે ચક્ર કહ્યું તે આ સંવત્સરરૂપ સ્થૂલ ચક્રની પેઠે ભ્રમણ કરતું નથી, પરન્તુ દેવ (સૂર્ય) સુખપૂર્વક ભ્રમણ કરે તે માટે પરિઘવાળું તે પ્રશંસા પામેલું છે [૧૫૮।।-૧૬૦।।]

જ્યોતિશ્ચક્રનું માહાત્મ્ય જણાય તે માટે ચન્દ્ર વગેરે બીજા ગ્રહો પણ તેના ફરવાને લીધે ઉદય

તથા અસ્ત પામતા હોવાનું ગદ્ય ૧૧ માં કહેલું છે. મેરુનું શિખર એક લાખ યાહ્માંડ છે. માનસોત્તર પર્વત ૧૦,૦૦૦ યોજન ઉંચો હોવાથી તેનાથી નીચો છે. તેથી તેલ કાઢવાની ઘાણીના ઉપરના ભાગ જેવો મેરુ હોવાનું ગદ્ય ૧૩ માં કહેલું છે(તેથી તે ગદ્ય; સંવત્સરરૂપ સ્થૂલ ચક્રનું મોટું કદ તથા ઉંચુ રહી ભ્રમણ કરવાની ક્રિયા જણાવવા કહેલું છે. ધરીના એક છેડાથી ૯૦,૦૦૦ યોજન નીચે જાય છે અને ઉપર તો છવીસ લાખ (સપ્તર્ષિઓ ભૂમિથી ૨૪ લાખ યોજન ઉંચે હોવાથી ૨૪ લાખ જોઈએ એમ જણાય છે.) યોજન કરતાં પણ વધારે ઉંચુ જાય છે, કારણકે સપ્તર્ષિ સુધીના દેખાય છે તે તારાઓ (અને ગ્રહો) તથા; નથી દેખાતા તે અગ્નિ, ઈન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ અને ધર્મ પણ આ ચક્રમાં જ પરિભ્રમણ કરે છે.) પહેલાં ચક્રની ધરીનું માપ (લંબાઈ) કહેલ તે સ્પષ્ટ જ છે. ૧,૫૭,૫૦,૦૦૦ યોજન; મેરુની મધ્યથી આરંભી માનસોત્તર પર્વત સુધીનું અન્તર છે, તેટલી તેની ધરી હતી. તેના ચોથા ભાગની એટલે ઓગણચાલીસ લાખ યોજનની આ બીજા રથની ધરી છે (ગદ્ય ૧૪). (૧,૫૭,૫૦,૦૦૦×૧/૪=૩૯,૩૭,૫૦૦ થાય. તેથી અહીં એક બાજુએ પૈડાં સાથે જોડેલ ભાગ, તથા બીજી બાજુ ધ્રુવ ઉપરનો ભાગ બાદ કરી ધરીનો બાકીનો ભાગ ૩૯,૦૦,૦૦૦ યોજન હોવાનું કહેલ જણાય છે.) ધ્રુવ પણ મેરુની પેઠે (ભૂમિના મધ્ય ભાગમાં) આવેલ છે, અને મેરુ કરતાં પણ ઘણો ઉંચો રહેલો છે (અધ્યાય ૨૨ પ્રમાણે વિચારતાં મેરુથી ૩૬,૦૦,૦૦૦ યોજન ઉંચો છે.). તેથી સૂર્યનો આ બીજો રથપણ તેલ કાઢવાની ઘાણીની પેઠે ફરતો હોય છે એમ ઘણા વિચાર કરનારાઓ કહે છે [૧૬૧-૧૬૩।।]

રથની અંદર તેના ઉપર બેસવાનું સ્થાન ૩૬,૦૦,૦૦૦ યોજન ('ષડ્વિંશત્' છાપેલ ગ્રન્થમાં છે તે 'ષટ્ત્રિંશત્' જોઈએ, એમ જણાય છે.) લાંબું અને ૯,૦૦,૦૦૦ યોજન પહોળું છે અને રથને અશ્વો જોડવાની ધુંસરી પણ તેટલી જ (લાંબી) છે. આધ્યાત્મિક દેવરૂપ અશ્વો આ રથને આકાશમાં (ધ્રુવની આસપાસ) લઈ જાય છે. આ અશ્વો સાત છે અને દરેક અશ્વ એક લાખ યોજન જગ્યા રોકે છે તેથી સાત અશ્વો માટે (અશ્વો વચ્ચેનું અન્તર ગણતાં) નવ લાખ યોજન લાંબી ધુંસરી રાખેલી છે. અને તેથી અશ્વો આકાશમાં ઘણા વેગથી જાય છે. અશ્વોને આકાશમાં ફરવાનું હોવાથી તેમને છન્દોમય (વેદના છન્દોના નામવાળા) હોવાનું કહેલું છે ગદ્ય ૧૫. અને (''સુપર્ણાના પુત્રો છન્દો છે'' એ શ્રુતિ પ્રમાણે ગરૂડનો ભાઈ, સુપર્ણાનો પુત્ર) અરુણ સારથિપણ તેવો છન્દોમય હોવાનું કહેલ છે. અને છન્દ એટલે શબ્દરૂપ અશ્વો અને સારથિઆકાશમાં ફરે તેમાં કાંઈ આશ્ચર્યકારક નથી (''આ તે ત્રણ વેદરૂપ વિદ્યા જ તપે છે'' એ શ્રુતિ પ્રમાણે સૂર્ય પણ શબ્દ (વેદ) રૂપ હોવાથી તે પણ આકાશમાં ગતિ કરે છે એમાં કાંઈ આશ્ચર્યકારક નથી)[૧૬૩।।-૧૬૭]

(''આ જે સૂર્યમાં હિરણ્યમય હિરણ્ય (પીળી) દાઢીવાળો પુરુષ દેખાય છે...'' એ શ્રુતિ સૂર્યની અંદર ભગવાન્ રહેલા છે એમ કહે છે. અહીં પણ અ. ૨૨ પદ્ય ૩ માં તેમ કહેશે. તેથી તેમાં ભગવાન્ છે એમ જણાવનારી સામગ્રી પણ બધી હોવી જોઈએ. તેથી) રથમાં સ્તુતિ કરનારા,

નૃત્ય કરનારા વગેરે પણ હોવા જોઈએ. તેથી ગદ્ય ૧૭-૧૮માં સ્તુતિ તથા નૃત્ય ઉપાસના વગેરે થતાં હોવાનું કહેલું છે. સ્થૂલ રથમાં આ સામગ્રી છે જ, અને અરુણ સૂર્યની પાછળ બેઠેલો હોય છે, (કારણ કે જ્યોતિશ્ચક્ર જે દિશામાં ફરે છે, તેથી ઉલટી દિશામાં સૂર્ય અથવા સૂર્યનો આ રથજતો હોય છે). રાશિચક્રમાં એટલે સૂક્ષ્મરથમાં સૂર્યની આગળ અરુણ બેઠેલો હોય છે [૧૬૮-૧૬૮।।]

(''જો બન્ને રથોની ગતિ એક તરફ જ જતી હોય, તો એક જ અરુણ બન્ને રથો હાંકતો હોવાનું કોઈ રીતે સમ્ભવે, પરન્તુ એક પશ્ચિમમાં અને બીજો પૂર્વમાં એમ ઉલ્ટી દિશાઓમાં રથજતા હોય તેમાં એક જ સારથિકેમ હોઈ શકે?'' એવો પ્રશ્ન થાય, તો જાણવું કે) અરુણ બધી સામગ્રી સાથે પોતાનાં બે સ્વરૂપ કરીને સદા તે બન્ને રથમાં રહે છે અને સર્વનાં કાર્ય પાર પાડે છે. અથવા (ભગવાન્ સૂર્ય) ચિન્તન થઈ ન શકે તેવાં ઐશ્વર્યવાળા હોવાથી, તેમની શક્તિ બે પ્રકારની છે, (અને તેથી બન્ને વિરુદ્ધ ગતિવાળા રથમાં તે ફરે છે). જુદા-જુદા એ મત પ્રમાણે (ગતિનો) પ્રકાર જેવી રીતે યોગ્ય જણાય તેવો વિચારવો. વળી દરેક માસે ઋષિઓ ગન્ધર્વો વગેરે બબે ભેગા થઈ સૂર્યની ઉપાસના કરતા હોવાનું કહેલ છે (ગદ્ય ૧૮), તેથી દરેક માસે સૂર્ય, તેને ફરવાનું મણ્ડલ તેનો રથવગેરે તેમની સામગ્રી સાથે જુદા-જુદા હોય છે એવી કલ્પના કરવી. આમાં કાંઈ સંશય નથી [૧૬૮।।-૧૭૧।।]

શંકા : 'ગદ્ય ૧૯ માં ભૂમણ્ડલનું માપ ૯,૫૧,૦૦,૦૦૦ યોજન કહેલું છે અને ગદ્ય ૧૨ માં સૂર્યનો રથએક મુહૂર્તમાં ૩૪,૦૦,૮૦૦ યોજન જતો હોવાનું કહેલું છે. એક દિવસના ત્રીસ મુહૂર્ત હોવાથી તે રથએક દિવસમાં ૩૪,૦૦,૮૦૦ ×૩૦=૧૦,૨૦,૨૪,૦૦૦ યોજન ફરે છે. તેથી માનસોત્તર ભૂમિનું માપ આટલું હોવું જોઇએ, ૯,૫૧,૦૦,૦૦૦ યોજન કેમ કહ્યા? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે પોતાના મત પ્રમાણે માનસોત્તર ભૂમિ ૧૦,૨૦,૨૪,૦૦૦ યોજન છે, અને દિવસના ૩૦ મુહૂર્ત હોવાથી સૂર્યનો રથએક મુહૂર્તમાં ૩૪,૦૦,૮૦૦ યોજન ફરે છે. તેહ્માંડ ગદ્યમાં તેમ કહેલું છે. ૩,૧૫,૦૦,૦૦૦ યોજન વ્યાસની લંઈ કહેલી, અને વ્યાસથી ત્રણ ગણાં કરતાં કાંઈક વધારે પરિઘ હોવાનું કહેલ છે, તેથી આ વિષયમાં જુદા-જુદા મત હોવાને લીધે પરિઘની સંખ્યા ઘણા પ્રકારની થઈ છે. તેથી પહેલાં (જમ્બૂદ્વીપનું) માપ એક લાખ યોજન હોવાનું કહેલું તે એક લાખ યોજન જ હોવાનું ન માનવું પરન્તુ જેટલું યોગ્ય જણાય તેટલું હોવાનો નિર્ણય કરવો, કારણ કે અહીં જે માપ કહેલ છે તે (બરાબર સંખ્યયા જણાવવા કહેલાં નથી, પરન્તુ ભગવાનનું) માહાત્મ્ય જણાવવા જ કહેલાં છે. તેથી કાંઈ વિરોધ નથી. (જુદા-જુદા કલ્પોમાં જુદા-જુદા માપ હોવાથી પણ તેમ કહેલ હોવાનું સમ્ભવે છે)[૧૭૧।।-૧૭૬।।]

**અધ્યાય ૨૨ ; ચન્દ્ર વગેરેની ગતિઃ**

બાવીસમા અધ્યાયમાં ચન્દ્ર વગેરે ગ્રહો તથા સપ્તર્ષિઓની ગતિનું નિરૂપણ કરે છે. આ

અધ્યાયના આરંભમાં પરીક્ષિત શંકા કરે છે કે ''સૂર્ય જ્યોતિશ્ચક્ર સાથે ફરે છે ત્યારે મેરુ અને ધ્રુવ ને પોતાની જમણી બાજુએ રાખી ફરે છે. અને જુદી-જુદી રાશિઓમાં ગતિ કરે છે ત્યારે મેરુ અને ધ્રુવને ડાબી બાજુએ રાખી ફરે છે. એવી બે પરસ્પર વિરુદ્ધ ગતિ કેવી રીતે સમ્ભવે?'' (ગદ્ય ૧). આનો ઉત્તર આપતા શુક કુમ્ભારના ફરતા ચાકડા ઉપર ચાલતી કીડીનાં દૃષ્ટાન્તથી એવી પરસ્પર વિરુદ્ધ ગતિ કેમ થાય છે તે સમજાવે છે (ગદ્ય ૨). આવી જ ચન્દ્રો વગેરે બધા ગ્રહોની બે પ્રકારની ગતિ થાય છે. તેથી આ દૃષ્ટાન્ત સૂર્ય અને બીજા સર્વના સમ્બન્ધમાં કહેલું છે. ગયા (૨૧ મા) અધ્યાયના ૧૧ મા ગદ્યમાં ચન્દ્ર વગેરે ગ્રહોના પણ જ્યોતિશ્ચક્ર સાથે ફરતા ઉદય અને અસ્ત થતા હોવાનું કહેલું પણ છે. તેથી જો કે રાજાએ અહીં સૂર્યની બે પરસ્પર વિરુદ્ધ ગતિ સમ્બન્ધી જ પ્રશ્ન કરેલો, કારણ કે તેણે હજી સૂર્યની જ આવી પરસ્પર વિરુદ્ધ ગતિ હોવાનું શ્રવણ કરેલ છે, અને તેના સમ્બન્ધી જ તે પ્રશ્ન કરી શકે. છતાં પણ બીજા ગ્રહોના સમ્બન્ધમાં પણ ફરી સન્દેહ ન થાય તે માટે તેમનાં સમ્બન્ધમાં પણ તેનું નિરાકરણ કરવું યોગ્ય હોવાથી; સર્વ જાણનાર શુકે તે સર્વના સમ્બન્ધી ઉત્તર આપ્યો. તેથી એક જ સમયે બે પરસ્પર વિરુદ્ધ ગતિઓ થવાનું સૂર્યના સમ્બન્ધમાં સાંભળેલું તે અસમ્ભવિત હોવાની શંકા, આરંભમાં ચાકડા ઉપરની કીડીનાં દૃષ્ટાન્તથી ખોટી ઠરાવેલી છે. છતાં આ દૃષ્ટાન્ત જેટલું બીજા ગ્રહોની બે પરસ્પર વિરુદ્ધ ગતિઓ સિદ્ધ કરવા ઉપયોગી છે, તેટલું સૂર્યની તેવી ગતિઓ સિદ્ધ કરવા જરૂરી નથી, કારણ કે સૂર્ય તો ભગવદ્રૂપ હોવાથી બે સ્વરૂપવાળો થઈને પણ પોતાની તેવી બે ગતિઓ પોતાનાં સામર્થ્યથી કરી શકે. ''સર્વ પલો પ્રકાશતા પુરુષમાંથી ઉત્પન્ન થયેલી છે. કલાઓ, મુહૂર્ત વગેરે, કાષ્ઠાઓ અને દિવસ તથા રાત પખવાડીઆઓ અને મહિનાઓ, ઋતુઓ અને વર્ષ તેમનામાંથી થયેલાં છે'' એ શ્રુતિમાં જે જુદા-જુદા કાલના વિભાગ કરનાર સૂર્ય કહેલો છે તેથી, ''આ તે ત્રણ વેદરૂપ વિદ્યા જ તપે છે'' શ્રુતિમાં તેને વેદરૂપ કહ્યો તેથી અને ''આ જે સૂર્યની અંદર હિરણ્યમય પુરુષ દેખાય છે'' શ્રુતિમાં સૂર્યમાં રહેલાને ભગવાન્ કહેલા છે, તેથી સૂર્ય ભગવાન્ હોવાનું સિદ્ધ થાય છે. વળી બ્રહ્મસૂત્ર ૧।૧।૧૯ માં સૂર્યમાં રહેલ પુરુષ; ભગવાન્ હોવાનો નિર્ણય કરેલો છે (અને આ અધ્યાયના ૩-૭ સુધીના ગદ્યમાં તેનું સમર્થન કરેલું છે). સૂર્યના (રાશિ વગેરેના) ભોગથી જુદા-જુદા કાલ થાય છે. તેથી તે ભગવાન્ છે, અને તે વેદરૂપ હોવાથી પણ ભગવાન્ છે (એમ ઉપર કહેલી શ્રુતિઓથી જણાય છે). સૂર્યમાં રહેલ ભગવાન્ શક્તિવાળા છે, તેથી તે જ્યોતિશ્ચક્રને ચલાવતાં પોતાના અંશો (મણ્ડળના અભિમાનવાળાં બાર સ્વરૂપો અને ગ્રહો વગેરેનાં અન્તર્યામી તરીકેનાં સ્વરૂપ) થી (ઋતુઓ સંવત્સર વગેરે કાલના જુદા-જુદા વિભાગોનો) ભોગ કરે છે, તેથી કાલના આ જુદા-જુદા વિભાગો કહેલા છે. વળી જ્ઞાની હોવાપણું વગેરે સર્વ સૂર્યથી જ પ્રાપ્ત થાય છે, તેથી જુદા-જુદા કાલના ભેદો કહેલા છે [૧૭૭-૧૮૧]

આકાશમણ્ડલમાં ઉપરના અર્ધ આકાશમાં સૂર્યને પોતાને માટે ભોગવવાના ૧૮૦ દિવસ થાય છે અને પોતાના અંશોથી સર્વ સ્થલે (આખાએ આકાશમાં) ફરતાં તેને એક વર્ષ (૩૬૦ દિવસ) થાય છે. પોતાનાં બાર પૈકીના અમુક સ્વરૂપથી જ્યોતિશ્ચક્રને સદા ફેરવતો રહેતાં તે; દિવસ,

મહિના, ઋતુ તથા અયન (છ માસના ઉત્તરાયણ તથા દક્ષિણાયનના સમય)નો ભોગ કરતાં આખાં વર્ષનો ભોગ કરે છે. એવી રીતે તે પાંચ શક્તિઓવાળો હોવાથી તેનાં પાંચ નામો કહેલાં છે(ગદ્ય ૭). અથવા સૂર્યની ગતિ જુદી-જુદી થતી હોવાથી દરેક ગતિ મધ્યમ એટલે સમાનગતિ સાથે ભળતાં [૧]ઝડપી [૨]ધીરી [૩]ઝડપી-મધ્યમ [૪]ધીરીમધ્યમ [૫]મધ્યમ; આ પાંચ ભેદો થતા હોવાથી પાંચ પ્રકારનાં વર્ષ કહેલાં છે[૧૮૨-૧૮૪]

(ચન્દ્ર વગેરે બધા ગ્રહો જ્યોતિશ્ચક્રમાં રહેલા છે. અને તેમની પ્રવૃત્તિ પણ સૂર્યથી જ થાય છે. તેથી સૂર્યની ગતિનું વર્ણન કરતાં તેઓની ગતિનું પણ વર્ણન કરેલું છે) ચન્દ્ર વગેરે ગ્રહોની પ્રશંસા કરવામાટે તેઓની ઉંચાઈ જણાવી છે, અને ચન્દ્ર; રાશિ વગેરેનો ભોગ ઝડપથી કરે છે તે કહેલું છે. (ગદ્ય ૮). બીજા (બુધ તથા શુક્ર) ગ્રહોની (સૂર્યની) સમાન ગતિ કહેલી છે. અને બીજા ગ્રહોને (જ્યોતિશ્ચક્રમાં ફરતાં) વિલમ્બ થાય છે તે પણ કહેલ છે. (આ ગ્રહો સૂર્યથી અધિક છે એમ જણાવવા આ કહેલ નથી, પરન્તુ તેમની માત્ર પ્રશંસા કરવા જ કહેલ છે. નક્ષત્રોનો રાશિઓમાં સમાવેશ થતો હોવાથી તેઓ સ્થિર જ છે (જ્યોતિશ્ચક્ર ફરે તેની સાથે નક્ષત્રો ફરે છે, પણ તેઓની સૂર્ય વગેરે ગ્રહો પેઠે બીજી ગતિ નથી.) બીજા સૂર્ય વગેરે ગ્રહો ફરતા રહે છે). પિતૃઓના રાત્રિ અને દિવસ ચન્દ્રથી થાય છે, કારણ કે ચન્દ્રની નીચે પિતૃલોકમાં રહેનારા પિતૃઓ ચન્દ્રને જ જુએ છે, સૂર્યને જોતા નથી. (નક્ષત્રોની અંદર ચન્દ્રની નીચે અને સૂર્યની ઉપર પિતૃલોક સ્થિર છે. તે જ્યોતિશ્ચક્ર સાથે ફરતો નથી. તેથી પિતૃઓ પોતાની ઉપર રહેલા ચન્દ્રને જ જુએ છે, નીચે રહેલા સૂર્યને જોતા નથી, કારણ કે સૂર્ય તેમની નીચે હોય છે. આમ હોવાથી જ્યારે સૂર્યથી નીકળી, વદ આઠમે ચન્દ્ર સૂર્યની ઉપર તેનાથી સીધી લીટીવાળા પ્રદેશમાં આવે છે ત્યારે પિતૃઓનો દિવસ ઉગે છે. જ્યારે સૂર્ય બરાબર ચન્દ્રની નીચે અમાસના દિવસે આવે છે ત્યારે પિતૃઓને મધ્યાહ્‌ન થાય છે, અને આપણે ભૂમિ ઉપરના લોક સૂર્યની નીચે હોવાથી ચન્દ્ર આપણને દેખાતો નથી. જ્યારે ચન્દ્ર સૂર્યથી આગળ ચાલવા માંડે ત્યારે પિતૃઓને મધ્યાહ્ન પછીનો દિવસનો ભાગ શરૂ થાય છે, અને શુદ ૮ ના દિવસે સાંજ પડે છે. પછી શુદ ૮ થી વદ ૮ સુધી તેમને ચન્દ્ર દેખાતો નથી, તેથી રાત હોય છે. સૂર્ય તો તેમની નીચે હોવાથી, રાત્રે સૂર્ય ગમે ત્યાં હોય તેનું તેમને પ્રયોજન હોતું નથી.) તેથી વદ ૮ થી આરંભી તેમનો દિવસ શરૂ થાય છે, અને જ્યારે સૂર્ય ચન્દ્ર ભેગા થાય ત્યારે અમાસના દિવસે તેઓને મધ્યાહન થાય છે. (ભાસ્કરાચાર્યના ગોલાધ્યાયના ત્રિપ્રશ્નવાસનાધ્યાયના શ્લો. ૧૩-૧૪ પ્રમાણે જ આ કથન છે.) ચન્દ્ર ક્ષયને લીધે અસ્વસ્થરહે છે એવો કર્મના અંગનો જુદો મત હોવાનું જાણવું. તેવી જ રીતે ચન્દ્રની કલાઓનું પાન દેવો કરે છે એ પણ જુદો મત જાણવો. (જુદા-જુદા કલ્પમાં એમ પણ હોય છે તેમ જાણવું) [૧૮૫-૧૮૭।।]

ઉત્તરાયણના છ માસમાં દેવોને સૂર્ય વગેરેના રથોનાં દર્શન થાય છે, (કારણ કે તે સમયે સૂર્ય જ્યોતિશ્ચક્રની ઉપર ફરતો-ફરતો રહેલ હોય છે. આ મકરસંક્રાન્તિથી મિથુન રાશિમાં સૂર્ય હોય ત્યાં

સુધી બને છે. ''નક્ષત્રો દેવોનાં ઘરો છે'' એ શ્રુતિ પ્રમાણે દેવો નક્ષત્રોમાં રહેતા હોવાથી આ છ માસ સુધી તેમની ઉપર રહેતા સૂર્યનો રથતેમને દેખાય છે.) તેથી તે સમય તેમનો દિવસ હોય છે. (પછી કર્કથી આરંભી ધન સુધીની રાશિમાં સૂર્ય હોય ત્યારે તે જ્યોતિશ્ચક્રની નીચે ફરતો હોવાથી) દેવો પોતાની નીચે રહેલા રથોને જોઈ શકતા નથી કારણ કે તેઓની દૃષ્ટિ ઉપર જાય છે. (તેથી આ સમય દેવોની રાત્રિ છે. (દેવોના રાત-દિવસ ચન્દ્રથી થાય છે. તુલાથી આરંભી મીન સુધી ઉત્તરાયણ છે તે તેમની રાત છે અને મેષથી આરંભી કન્યા સુધી દક્ષિણાયન છે તે તેમનો દિવસ છે (યોજના); આ સમજાતું નથી. કારણ કે ઉત્તરાયનનો આરંભ મકરથી થાય છે, અને ઉત્તરાયનનો સમય જ દેવોનો દિવસ ગણાય છે. ચન્દ્રથી દિવસ થતા પણ નથી.)[૧૮૭॥-૧૮૯]

બૃહસ્પતિ તો પ્રભવ વગેરે (સાઠ વર્ષોની) વ્યવસ્થા કરે છે. (બૃહસ્પતિ એક વર્ષે એક રાશિ ફરે છે. બાર વર્ષે આખું જ્યોતિશ્ચક્ર ફરે છે અને સાઠ વર્ષમાં પાંચવાર જ્યોતિશ્ચક્ર ફરે છે. આ સાઠ વર્ષોનાં પ્રભવ વગેરે જુદાં-જુદાં નામ આપેલાં છે. તે બૃહસ્પતિની ગતિથી થાય છે ગદ્ય૧૫).

બુધ અને શુક્ર ની ગતિ સૂર્યની ગતિ જેટલી જ છે. તેથી સૂર્યનું વર્ણન કરવાથી આ બે ગ્રહોનું વર્ણન પણ થઈ ગયું. (ગદ્ય ૧૨-૧૩)[॥૧૯૦॥]

સૂર્યનો પુત્ર શનિ અને મંગલ એ બે ગ્રહો ક્રૂર હોવાથી તેમનું વર્ણન કરેલું નથી (ગદ્ય ૧૪-૧૬).

સૂર્યની ઉપર એક લાખ યોજને ચન્દ્ર રહે છે, અને ચન્દ્રની ઉપર તેટલા જ અન્તરે (એક લાખ યોજને) નક્ષત્રો રહેલા છે (ગદ્ય ૧૧ માં ત્રણ લાખ યોજન કહેલાં છે તે ભૂમિથી ત્રણ લાખ યોજન સમજવા ભૂમિથી એક લાખ યોજન ઉંચે સૂર્ય અને તેનાથી એક લાખ યોજન ઉંચે ચન્દ્ર છે. તે બે લાખ યોજન ગણતાં નક્ષત્રો ત્રણ લાખ યોજન ઉંચે હોવાનું કહેલ છે-યોજના). નક્ષત્રોની ઉપર શુક્ર, બુધ, મંગળ, બૃહસ્પતિ અને શનિ એ ગ્રહો એકબીજા ઉપર બબે લાખ યોજન ઉંચે રહેલા છે (ગદ્ય ૧૨-૧૭). સપ્તર્ષિઓ શનિ ઉપર ૧૧ લાખ યોજન ઉંચે આવેલા છે (ગદ્ય ૧૭). તેમાંના નીચેના પાંચ શનિ ઉપર એક-બીજાથી બબ્બે લાખ યોજન ઉંચે એટલે દસલાખ યોજન સુધીમાં છે અને ઉપરના બે જે એક લીટીમાં સરખી ઉંચાઈએ છે, તે સર્વથી ઉપરનાથી એક લાખ યોજન ઉંચે છે. એવી રીતે સપ્તર્ષિઓ શનિથી ૧૧ લાખ યોજન ઉંચે છે [૧૯૧-૧૯૩।]

**અધ્યાય ૨૩; શિશુમારઃ**

સપ્તર્ષિઓથી તેર લાખ યોજન ઉંચે ધ્રુવ છે, (જો કે આ શિશુમારનું પ્રકરણ છે, છતાં ધ્રુવનું પહેલાં વર્ણન કરેલું છે, કારણ કે તેના આધારે સર્વ તારાઓ વગેરે રહેલા છે); કેમકે મેષ વગેરે કાલના આધ્યાત્મિક સ્વરૂપવાળી બાર રાશિઓનું અતિક્રમણ કરી, રાશિઓમાં સર્વથી ઉપર

રહેલ સપ્તર્ષિઓથી પણ તેર લાખ યોજન ઉંચે ભગવાનના પરમ ધામમાં તે રહેલો છે. ત્યાં તે અગ્નિ, ઇન્દ્ર, પ્રજાપતિ, કશ્યપ અને ધર્મ એ પાંચ યોગ્ય પુરુષો સાથે શ્રીકૃષ્ણની સેવામાં તત્પર રહેતાં આનન્દ કરે છે(ગદ્ય ૧). સર્વ કાર્ય ભગવાનના સેવકથી જ સિદ્ધ થાય છે, તેથી બીજા બધા (તારાઓ વગેરે) ધ્રુવના આધારે રહે છે અને ધ્રુવ સ્થિર રહેતાં ભગવાનનું કાર્ય કર્યા કરે છે(ગદ્ય ૨). સવારે મધ્યાહ્નને અને સાંજે એમ સોમ કાઢવાના ત્રણે સમયે કરવામાં આવતો ધર્મ બધા તારાઓની ગતિઓને નિયમમાં રાખે છે, અને (અન્તર્યામીનાં સામર્થ્યને લીધે) તેઓ સૂર્યની પેઠે આકાશમાં ફર્યા કરે છે. આ તેઓની ગતિ ભગવાન્ જ કરાવે છે અને તેને નિયમમાં રાખે છે. કેટલાકના મત પ્રમાણે વાયુને લીધે અને કેટલાકના મત પ્રમાણે કર્મને લીધે તેઓ ભૂમિ ઉપર પડતા નથી(ગદ્ય ૩). વાસ્તવિક રીતે તો શિશુમાર ભગવાન્ જ તેમનો આધાર હોવાથી તેઓ પડતા નથી. તેથી જ ૫-૭ સુધીના ગદ્યોમાં તે સર્વ ભગવાન્ શિશુમારમાં રહેલા હોવાનું કહેલ છે [૧૯૩-૧૯૮]

''અગ્નિ પૂંછડાનો પ્રથમ ભાગ છે, પછી ઇન્દ્ર, પછી પ્રજાપતિ અને અભય ચોથો છે'' એમ શિશુમારનાં સ્થાનની શ્રુતિમાં કહેલું છે. અહીં તો પૂંછડાની છેડે ધ્રુવ હોવાનું કહી, તેના પૂંછડામાં પ્રજાપતિ અગ્નિ, ઇન્દ્ર અને ધર્મ હોવાનું કહેલું છે(ગદ્ય ૫), તેથી શ્રુતિથી આ વિરુદ્ધ છે — એવી શંકા થાય, તો જાણવું કે ધ્રુવના ચાર સહચરો હોવાનું અહીં પણ કહેલું છે. ગદ્ય ૧ માં કશ્યપ કહેલ છે તે જ પ્રજાપતિ જાણવો (એટલે ત્યાં 'પ્રજાપતિ' કશ્યપનું વિશેષણ હોવાનું સમજવું). શ્રુતિમાં 'અભય' કહેલ છે તેને અહીં 'ધર્મ' કહેલ છે, તેથી શ્રુતિ સાથે અથવા સર્વ કોઈની સાથે વિરોધ થતો નથી. (સર્વ દેવતાઓ શિશુમારમાં રહેલ હોવાનું અહીં કહેલ છે તેવી રીતે શ્રુતિમાં પણ કહેલ છે. તેમનાં રહેવાના સ્થાનમાં ભેદ છે તે જુદા-જુદા કલ્પની વાત હોવાથી જુદા-જુદા સ્થાન હોવાનું સમ્ભવે છે. તેથી કાંઈ વિરોધ નથી)[૧૯૯]

સર્પની પેઠે ગૂંચળું વાળી આડા-અવળાં રહેતાં સર્વ તારાઓ વગેરેને પોતાની અંદર રાખવા; એ ભગવાનના અવતારનું કાર્ય છે, કારણ કે ભગવાન્ સિવાય બીજો કોઈ એવી રીતે એક ક્ષણ પણ રહી શકે તેમ નથી. જો ભગવાન્ (શિશુમાર) એવી રીતે ન રહે (ઉંચુ મુખ રાખીને અથવા આડું મુખ રાખીને રહે), તો સર્વને સુખ થાય તે માટે આખી પૃથ્વીને જુએ છે, તેમ જુએ નહિ. (તેથી પૃથ્વીના દુઃખ દૂર કરવા અને તેને સુખ કરવું એવા આશયથી તે એવી રીતે રહેલ છે). એવી રીતે એકવીસમાથી ત્રેવીસમા સુધીના ત્રણ અધ્યાયોથી ઉપરના લોકની હદનું વર્ણન કરેલું છે. આ ઉપરના લોકની હદનું વર્ણન કરેલું છે. આ ઉપરના લોક (ભૂમિ અથવા પાતાલો તથા ભૂમિ અને મહર્લોક વગેરેની) મધ્યે રહેલા છે એવી તેની મર્યાદા જણાવી [૨૦૦-૨૦૧]

**નીચેના લોકઃ અધ્યાય ૨૪ ; પાતાલોઃ**

ચોવીસમાથી છવીસમા સુધીના ત્રણ અધ્યાયોથી નીચેના બધા લોકનું નિરૂપણ કરેલું છે. તે પૈકી ૨૪મા અધ્યાયમાં પાતાલોનું વર્ણન કરેલું છે. આ વર્ણનનો સૂર્યથી આરંભ કરેલો. તેથી સૂર્યથી

નીચેનાનું વર્ણન કરવાનું હોવાથી પહેલાં રાહુનું વર્ણન કરેલું છે (સૂર્યથી નીચે દશ હજાર યોજને રાહુ રહેલો છે) ગદ્ય ૧. રાહુનું વર્ણન કરતાં પ્રસંગને લીધે ગ્રહણોનું વર્ણન કરેલું છે, ગદ્ય ૨-૩. આથી એમ જણાવેલું છે કે રાહુ સૂર્ય વગેરેના ગર્વનો નાશ કરનારો છે. ગ્રહણ લોકમાં પ્રસિદ્ધ છે, પરન્તુ વેદમાં કોઈ પણ પ્રકારે તેનું વર્ણન કરેલ નથી. રાહુની નીચે અન્તરિક્ષ આવેલું છે. દેવોથી નીચે રહેનારાઓને આ અન્તરિક્ષ હિતકારી છે. (તેમાં પિશાચો, પ્રેતો તથા ભૂતો રહે છે, ગદ્ય ૫) અન્તરિક્ષની નીચે આ ભૂમિ આવેલી છે. તેનું વર્ણન થઈ ગયું છે(ગદ્ય ૬-૭) [૨૦૨-૨૦૩।।]

ભૂમિની નીચે એક પછી એક દશ-દશ હજાર યોજન નીચે સાત પાતાલો આવેલા છે. અતલ, વિતલ, સુતલ, તલાતલ, મહાતલ, રસાતલ, અને પાતાલ એ સાત પાતાલો; એક પછી એક અનુક્રમે ભૂમિથી દશ-દશ હજાર યોજન નીચે આવેલાં છે(ગદ્ય ૭).

અતિ બલવાન દૈત્યો, યોગીઓ અને ભગવાનના ભક્તો; આ નીચેના લોકોમાં રહે છે. તેઓ પૈકી બલિ વગેરેનું વર્ણન આ અધ્યાયમાં કરેલું છે. (તમોગુણનું મૂલ આનન્દ છે તેથી તમોગુણવાળા આ દૈત્યો વગેરેનો) આનન્દ આ નીચેના લોકમાં જ રહેલો છે એમ કહેલું છે (ગદ્ય ૮-૧૦).

તેઓને સ્વર્ગથી પણ અધિક સુખ થતું હોવાથી, દેવો તે સ્થાનોની કેમ ઈચ્છા રાખતા નથી? એવી શંકા થાય તો જાણવું કે તેમનો આનન્દ માયાથી થાય છે અને તેથી તે સ્વર્ગથી પણ વધારે હોવાનું જણાય છે. જ્ઞાન યોગ વગેરેથી માયાનો તથા માયાથી થયેલા આ આનન્દનો નાશ થાય છે અને સુદર્શનના પ્રવેશથી તે લોકમાં ઘણું દુઃખ થાય છે(ગદ્ય ૧૪-૧૫). ત્યાં સુખ જણાય છે તે અજ્ઞાનને લીધે જ જણાય છે. અને તેવું સુખ સાત્ત્વિક દેવોને ગમતું નથી. તેથી અતલ વગેરે પાતાલોમાં બધે તેવું સુખ થવાનું કહેલ છે. તેથી દેવો તે લોકની ઈચ્છા રાખતા નથી[૨૦૩।।-૨૦૭।।]

સુતલમાં બલિરાજાને જે સુખ છે તે આવું માયિક નથી, કારણ કે ઈન્દ્ર વગેરેને પણ બલિના જેવું સુખ મળતું નથી, ગદ્ય ૧૮. આ ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલું સુખ છે, તે અજ્ઞાનથી થયેલ હોઈ ન શકે. ભક્તિ સર્વથી ઉત્તમ છે અને તેથી નીચેના લોકમાં પણ તે ઉત્તમ જ રહે છે એમ આ બલિના સુખથી જણાવેલું છે. (આ બલિનું સુખ નીચેના લોકનું સુખ નથી, પરન્તુ ભક્તિથી થયેલ સુખ છે. તેથી દેવો નીચેના લોકના સુખની ઈચ્છા રાખતા નથી.)

જ્યારે ભગવાનની બલિ ઉપર આટલી બધી કૃપા છે. તો ભગવાને તેને શા માટે બાંધેલો? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ખરો ધર્મ શું છે તે જણાવવા ભગવાને બલિને બાંધેલો. (બલિ; આપેલું વચન પાળનાર હતો એમ જણાવવા, તથા જીવની સાચી દીનતાથી અને પોતે અધમ છે

એવા જ્ઞાનથી તથા અહંકારરહિત રહેવાથી હરિ પ્રસન્ન થાય છે એમ જણાવવા, આ બલિના સમ્બન્ધનું વધુ વર્ણન કરેલું છે.)

ભગવાનની બલિ ઉપર કૃપા છે અને બલિનો આવો ઉત્તમ સ્વભાવ છે તે બલિનું વર્ણન કર્યું તેથી જણાય છે છતાં બલિના વચનો ૨૪ થી ૨૬ ગદ્યમાં કહ્યાં તેનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને પાતાલ વગેરેનું ઉત્તમ સુખ બલિને આપ્યું તે સુખનો ત્યાગ કરી, તેમાં આનન્દ ન માનતાં ત્યાં પણ તે દુઃખરૂપ કર્મ દાસપણાથી રહેતો હતો. ભગવાનનું દાસપણું ત્રણ લોક કરતાં અધિક છે અને ભગવાનની કૃપા જેના ઉપર હોય તે જ ઉત્તમ છે એવું જ્ઞાન ઈન્દ્રને ન થયું, પણ બલિને થયું, અને દુઃખરૂપ (ભગવાનને મેં શ્રમ કરાવ્યો તેવું દુઃખ બલિને થતું હતું--યોજના) કર્મ દાસપણાથી નીચેના લોકમાં રહેવાનું તેણે ત્રણ લોકનાં રાજ્ય કરતાં અધિક ગણ્યું એમ જણાવવા બલિના આ વચનો કહેલાં છે[૨૦૭-૨૦૯।।]

ગદ્ય ૨૮માં મયદાનવની કથા કહી છે તે મહાદેવનો ભક્ત હોઈ, મહાદેવની કૃપાવાળો છે, અને ઈન્દ્ર વગેરેથી ઉત્તમ છે, પરન્તુ બલિથી હલકો છે. મય તલાતલમાં રહે છે.

તલાતલથી નીચે મહાતલ, રસાતલ અને પાતાલ એ ત્રણ લોક છે અને ત્યાં રહેનારાઓને ગરૂડ, સુદર્શન વગેરેનો કાંઈક ભય રહે છે(ગદ્ય ૨૮-૩૦)[૨૦૯।।-૨૧૦।।]

**અધ્યાય ૨૫; સંકર્ષણઃ**

પાતાલથી ત્રીસ હજાર યોજન નીચે ભગવાન્ સંકર્ષણ રહે છે. (નીચેના લોકમાં રહેનારાઓને; ત્યાં રહેવાનું દુઃખ, તામસ કર્મોથી થતું અજ્ઞાન અને રાજસ કર્મોથી અસુરપણું અને દુઃખ થાય છે. તેથી) તેઓને સુખ થાય તે માટે ભગવાન્ સંકર્ષણ ત્યાં રહે છે. (જો ભગવાન્ સંકર્ષણ રહેતા ન હોય તો આમનાં સુખનું વર્ણન કરેલું ન હોત કારણ કે તેમને સુખ હોત જ નહિ. અને નરકમાં પડેલાને પણ સુખ નહોત.

સંકર્ષણ પાતાલનાં મૂલમાં રહે છે કે બ્રહ્માણ્ડના મૂલની નીચે રહે છે? એવો સન્દેહ ન રહે તે માટે જાણવું કે આ શેષ જેને ધારણ કરે છે તે ભૂમિ; એક લાખ (ભૂમિ નીચે સાત પાતાલ ૭૦,૦૦૦ યોજન અને તેની નીચે શેષ ૩૦,૦૦૦ યોજન. એમ એક લાખ યોજન થઈ.) યોજનની છે, કારણ કે આ કર્મથી પ્રેરણા થવાને લીધે ઉપયોગમાં આવે તેવી છે. (જેટલી વારાહ અવતારે સમુદ્રમાંથી કાઢેલી તેટલી કહેલી છે. તેથી પાતાલના મૂલ નીચે જ સંકર્ષણ રહે છે એવો આશય છે આમ ન હોય, તો અવાન્તર-એટલે બ્રહ્માના દિવસ વચ્ચેનો-પ્રલય થવાનું સમ્ભવે નહિ). પૃથ્વી આટલી જ છે એમ ન માનવું. (આખા બ્રહ્માણ્ડને સંકર્ષણ ધારણ કરતા નથી, કારણ કે સર્વ આવરણોવાળી આખી પૃથ્વી ગુણોના પ્રવાહમાં અથવા અક્ષરબ્રહ્મમાં રહેલી હોવાથી તે

પૃથ્વી છે અને તેને બીજા કોઈના આધારની જરૂર નથી) સંકર્ષણ પાતાલના મૂલમાં ત્રણ પ્રયોજનથી રહે છે ૧.જગતનો સંસાર (એટલે લોકનું કલ્યાણ થાય તે માટે) ૨.તે પ્રદેશમાં થતું હોવાનું કહેલ સુખ થાય તે માટે અને ૩.તેમની કીર્તિ (એટલે મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનારાઓના ઉપર તેમનાથી ઉપકાર) થાય તે માટે.

આ અધ્યાયના પહેલા ગદ્યમાં સંકર્ષણ ભગવાનની 'તામસી' અને 'સાત્ત્વતી' એમ બન્ને પ્રકારની મૂર્તિ હોવાનું કહેલું છે, તેથી સંકર્ષણ તેમનાં નયનથી જ તામસ છે, પરન્તુ વાસ્તવિક રીતે સાત્ત્વિક છે, અ.૧૭।૨૦માં તેમના સેવક મહાદેવે તેમનું વર્ણન કરેલું છે તેથી આમ જણાય છે[૨૧૦।।-૨૧૩।।]

**અધ્યાય ૨૬ ; નરકોઃ**

છવીસમા અધ્યાયમાં નરકોનું વર્ણન કરેલું છે. આરંભમાં પરીક્ષિત પ્રશ્ન કરે છે કે પચીસમા અધ્યાયના પંદરમા ગદ્યમાં ધર્મનાં જુદાં-જુદાં ફલ પ્રાપ્ત થવાનું કહ્યું, તેવાં ફલ પ્રાપ્ત થવાનું કારણ શું? (સુખ ઉત્તમ હોવાનું સર્વ સ્થલે છે, અને સુખ પ્રાપ્ત થવાનાં કારણ તરીકે કામ અને કર્મ કહેલાં છે. તેથી કામ અને કર્મ થી સુખ ઉત્પન્ન થયેલ હોવા છતાં તેને હલકું કેમ કહેલું છે?) ઉત્તમ પ્રકારનું (નીચેના લોકમાં પ્રાપ્ત થતું) સુખ હલકું કેમ ગણેલ છે? (ગદ્ય ૧). ઉત્તરમાં શુક કહે છે કે (પુરુષની શ્રદ્ધા તથા પુરુષ પોતે ત્રણ ગુણવાળા હોવાથી કર્મનાં ફલ જુદાં-જુદાં પ્રાપ્ત થાય છે. કર્મ ત્રણ ગુણથી થતાં હોવાથી તેનાં ફલ હલકાં હોય છે. પરીક્ષિત ફરી ગદ્ય ૪ માં પ્રશ્ન કરે છે કે, નરક જુદા દેશ છે? આ પ્રશ્નનો ભાવાર્થ એવો છે કે નરકોનો ઉપયોગ પાપનો ભોગ કરવાનો છે અને પાપનું ફલ દુઃખરૂપ છે.).

દુઃખ સર્વત્ર એકસરખું છે. છતાં નરકો ઘણા હોવાનું અને નાના-મોટાં એટલે મુખ્ય અને ગૌણ હોવાનું ગદ્ય ૩માં કહ્યું તે કેમ સમ્ભવે? તેથી આ નરક સમ્બન્ધી પ્રશ્ન થયો, આનો ઉત્તર શુક એવો આપે છે કે નરકો જુદા દેશો નથી, (સ્વરૂપથી તે જુદા-જુદા દેશો નથી) પરન્તુ કર્મને લીધે તે જુદાં-જુદાં ફલ પ્રાપ્ત કરાવે છે. (તેથી એક જ સ્થલે કર્મ કરેલાં હોવા છતાં જુદાં-જુદાં કર્મને લીધે જુદા-જુદા નરકો પ્રાપ્ત થતાં હોવાથી નરકો ઘણાં છે અને નાના-મોટાં પણ હોય છે.) પાપ કરનારના પિતૃઓ ત્યાં હોય છે અને યમ પણ ત્યાં હોય છે, ગદ્ય ૫-૬ ; (છતાં પિતૃઓ તેને મદદ કરી શકતા નથી અને જે જે નરકમાં પાડનારાં જેવાં-જેવાં જેમનાં કર્મો હોય, તે બધાને તેવા-તેવા નરકમાં નાખી યમ યોગ્ય શિક્ષા કરે છે). શુભ કર્મ કરનારને સ્વર્ગ પ્રાપ્ત થાય છે, તેથી છેવટે ગદ્ય ૩૭મા સ્વર્ગનું નિરૂપણ કરેલું છે. શ્રીમદ્‌ભાગવતમાં ભગવાન્ સિવાય બીજા કોઈનું વર્ણન કરવું યોગ્ય નથી જ, (છતાં આવું વર્ણન કેમ કરેલ છે?) એવી શંકા થાય તેથી છેવટે ગદ્ય ૩૯ થી ૪૦ સુધીમાં આ સર્વ ભગવાનનાં સ્થૂલ સ્વરૂપરૂપ બ્રહ્માણ્ડનું જ વર્ણન છે એમ ઉપસંહારમાં જણાવેલું છે[૨૧૩।।-૨૧૭।।]

# સ્કન્ધ છઠ્ઠો-પુષ્ટિ

**સ્કન્ધાર્થઃ પુષ્ટિ**

એ પ્રમાણે પાંચમા સ્કન્ધમાં શ્રીકૃષ્ણના વિજયરૂપ સ્થાનનું વર્ણન કર્યું. હવે છઠ્ઠા સ્કન્ધમાં ઓગણીસ અધ્યાયોથી પુષ્ટિનું નિરૂપણ કરવામાં આવે છે. (જેવું અલૌકિક સ્થાનનું નિરૂપણ કર્યું, તેવું જ અલૌકિક 'ઉત્તમ પ્રકારનાં રક્ષણરૂપ' પુષ્ટિનું નિરૂપણ કરવામાં આવે છે. બારમા સ્કન્ધમાં રક્ષણની એવી વ્યાખ્યા આપી છે કે ''વિશ્વની ઉત્પત્તિ પછી દરેક યુગમાં નજીવા પ્રાણીઓ મનુષ્યો તથા ઋષિઓ માં જે ત્રણ વેદોના દ્વેષીઓ હોય છે, તેમનો જે અચ્યુત ભગવાનના અવતારોની ચેષ્ટા નાશ કરે છે તે રક્ષા'' ૧૨।૭।૧૪. આ વેદનો વિરોધ કરનારાઓનો નાશ કરનારી ભગવાનની લીલા થઈ. અથવા વેદનો વિરોધ કરનારાઓનો નાશ કરનાર ભગવાનના અવતારોની લીલા થઈ. બીજા પુરાણોમાં વેદનો વિરોધ કરનારનો નાશ કરવાનો જે પ્રકાર કહેલ છે તે લૌકિક છે જ્યારે અહીં શ્રીભાગવતમાં તે પ્રકાર પણ અલૌકિક હોવાનું કહેવાનું હોવાથી,) આને અનુગ્રહરૂપ ભગવાનની લીલા કહેલી છે. (બીજા પુરાણોમાં જે રક્ષણ કહેલ છે તે વેદનો વિરોધ કરનારાઓનાં માત્ર સ્વરૂપનો જ નાશ કરવાથી થયેલ હોય છે, પરન્તુ તેમનાં વેદના દ્વેષનાં મૂલ કારણરૂપ તેમનો સ્વભાવ અને તેમને તેમાં સાહાય્ય કરનાર કાલ વગેરેને દૂર કરનારું હોતું નથી, તેમ જ તે દ્વેષીઓને મુક્તિ અપાવનારું હોતું નથી. જ્યારે શ્રીભાગવતમાં વર્ણવેલી પુષ્ટિ તો તેઓના સ્વભાવનો પણ એવી રીતે નાશ કરે છે કે તેઓ સ્વરૂપથી રહેવા છતાં પણ વેદનો દ્વેષ કરતા નથી અને મુક્તિ પ્રાપ્ત કરે છે. તેથી અહીં જે રક્ષણનો પ્રકાર કહેલો છે તે અલૌકિક છે.) પુષ્ટિ એટલે શ્રીકૃષ્ણનો કાલ વગેરેને દૂર કરનારો અનુગ્રહ. (આ મનનો અથવા આત્માનો ઈચ્છાથી જુદો અમુક ગુણ છે. તેનું બીજું નામ 'કૃપા' છે) આ અનુગ્રહ લોકમાં પ્રસિદ્ધ છે. (લોકમાં દેવું ભરી ન શકે તેવા દેણદાર પાસેથી થોડી રકમ લઈ લેણદાર તેને દેવામાંથી મુક્ત કરે છે. સ્મૃતિમાં પણ પ્રાયશ્ચિત કરી ન શકે તેવા પાપીઓનાં પાપનો નાશ કરવા હલકાં પ્રાયશ્ચિત કહેલાં છે. એવી રીતે આ અનુગ્રહ લોકમાં પ્રસિદ્ધ છે) ભગવાન્‌માં પણ અનુગ્રહ ગૂઢ પ્રકારે રહેલો છે. (જે શ્રુતિનો કંપનાધિકરણ એટલે બ્રહ્મસૂત્ર ૧।૩।૩૯માં વિચાર કરેલો છે, તે શ્રુતિમાં ભગવાનને પ્રલય કરનાર જણાવેલા હોવાથી ભગવાન્ ક્રૂર છે એવું ભાન થતું હોવાથી તેમનામાં અનુગ્રહ પ્રસિદ્ધ નથી, પણ વસ્તુતઃ તેમનામાં અનુગ્રહ છે. અનુકૃતિ અધિકરણ એટલે બ્રહ્મસૂત્ર ૧।૩।૨૨,૨૩માં સર્વ ભગવાનનું અનુકરણ કરે છે એમ સિદ્ધ થયેલ છે તેથી લોકમાં અનુગ્રહ હોવાથી ભગવાન્‌માં પણ તે છે એવું અનુમાન થાય છે) તે ગૂઢભાવથી જણાવેલ છે. (કાર્ય લોકમાં અનુગ્રહ છે તે મૂલસ્વરૂપ ભગવાન્‌માંથી જ તેને પ્રાપ્ત થયેલો છે એવો નિશ્ચય થાય છે)[૧-૨]

આ ભગવાનનો અનુગ્રહ દેવોથી પણ છૂપો રાખવા યોગ્ય દેવોને પણ જણાય નહિ તેવો હોવાથી ભગવાનનું નામ ધ્યાન પૂજન વગેરેનો આદર કરી, તેઓની અંદર ભગવાનનું વીર્ય હોવાનું અહીં શ્રીભાગવતમાં કહેલું છે (તેથી ભગવાનનું નામ વગેરે કાલ વગેરેને દૂર કરે છે એમ અહીં કહેલું

છે. ભગવાનનો અનુગ્રહ અથવા પુષ્ટિ; કાલ વગેરેને દૂર કરનાર છે એમ મનુષ્યોને જ જણાતું નથી એવું નથી, પરન્તુ દેવો પણ તે જાણી શકતા નથી. દેવો પણ આ જાણી શકતા નથી એમ જણાવવા માટે તેનાં કાર્યરૂપ ભગવાનનું નામ વગેરે કાલ વગેરેને દૂર કરનારાં છે એમ અહીં કહેલું છે. ભગવાનનાં વીર્યને લીધે તેમનું નામ; સર્વ મોટા પાપોનું પણ પ્રાયશ્ચિત થાય છે, એમ ૬।૨।૧૦ થી તથા ૬।૧૮।૭૩ થી જણાય છે. તેથી આ માત્ર નામનું માહાત્મ્ય નથી, પરન્તુ ભગવાનનાં વીર્યનું માહાત્મ્ય છે. તેથી કાલ વગેરેને દૂર કરનાર ભગવાનનાં ઉત્તમ વીર્યરૂપ ભગવાનનો ગુણ, જેનું બીજું નામ અનુગ્રહ છે તે પુષ્ટિ. વેદનાં તાત્પર્યને ન જાણનાર યમદૂતોને વિષ્ણુદૂતોએ હાંકી કાઢયા–અ.૨।૨૧, ખોટા પ્રકારે યજ્ઞ કરનાર વિશ્વરૂપને અને પાપી વૃત્રને હણ્યા–અ.૯।૪ અને ૧૨।૩૩, દિતિના ગર્ભના ઈન્દ્રે કટકા કર્યા–અ.૧૮।૬૨. આ બધું સામાન્ય પ્રકારનું રક્ષણ થયું, પરન્તુ અજામિલના દુષ્ટ કૃત્યોનો નાશ કર્યો, ઈન્દ્રનું મૃત્યુ અટકાવ્યું, વૃત્રના સ્વભાવ અને કર્મો ફેરવી નાખ્યા, દિતિનો સ્વભાવ ફેરવી નાંખ્યો–અ.૧૮।૬૮ તથા ૭૭; અને મરુતોનાં મૃત્યુને અટકાવ્યું અને કર્મ તથા સ્વભાવને બદલાવ્યા–અ.૧૮।૬૫ તથા ૬૭. આ બધાં ઉત્તમ અલૌકિક પ્રકારનાં રક્ષણ થયાં)[૩]

**પ્રકરણ વિભાગઃ**

આ સ્કન્ધમાં ત્રણ પ્રકરણો છેઃ

૧.નામ પ્રકરણ અથવા મનુષ્યોનું પ્રકરણ

પહેલા ત્રણ અધ્યાયોનું આ પ્રકરણ છે.

૨.રૂપપ્રકરણ, ધ્યાન પ્રકરણ અથવા દેવોનું પ્રકરણ,

ચોથાથી સત્તરમા સુધીના ચૌદ અધ્યાયોનું આ પ્રકરણ છે.

૩.અર્ચન પ્રકરણ અથવા દૈત્ય પ્રકરણ,

અઢારમા તથા ઓગણીસમા એ બે અધ્યાયોનું આ પ્રકરણ છે.

પહેલા નામ પ્રકરણમાં મતાન્તરભાષા છે. ધ્યાન પ્રકરણમાં ધ્યાનથી હરિનો પ્રવેશ થાય છે એમ સ્પષ્ટ છે (અ.૧૩–૧૭). પૂજન પ્રકરણમાં પૂજન કરવાથી પણ હરિનો પ્રવેશ થવાનું જણાવેલું છે (અ.૧૮–૬૬) [૪–૫]

નામ પ્રકરણના ત્રણ અધ્યાયો છે. કારણ કે નામનું શ્રવણ–કીર્તન–સ્મરણ કરવાથી, એ ત્રણ પ્રકારના સમ્બન્ધથી નામને આત્માનો સમ્બન્ધ થાય છે. ભગવાનનાં રૂપના ચૌદ ગુણો છે અને તે દરેક ગુણવાળા રૂપનું હૃદયમાં ચિન્તન કરવાથી તે ફલ આપે છે જ. તેથી બીજા રૂપ પ્રકરણના ચોથાથી સત્તરમા સુધીના ચૌદ અધ્યાયો છે. આ પ્રકરણમાં ભગવાનને

૧. રૂપથી મોક્ષ આપનાર

૨. રસથી આનન્દ આપનાર

૩. ગન્ધથી ભક્તિ આપનાર

૪. સ્પર્શથી સર્વ દુઃખ હરનાર

૫. નાદથી મનોહર

૬. યોગને લીધે પોતાનો પ્રવેશ આપનાર (કરનાર)

૭.  દ્વેષીને મૃત્યુ કરાવી મોક્ષ આપનાર

૮. સ્વામી જાણનારને સર્વ સુખ આપનાર

૯. હલકા માનનારને દુઃખ આપનાર

૧૦.કેવલ સત્યસ્વરૂપનું ધ્યાન કરનારને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનાર

૧૧.પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરનારને યોગ પ્રાપ્ત કરાવનાર

૧૨.પોતાને જુદા જાણનારનું મૃત્યુ કરાવનાર

૧૩.યોગ્ય સ્થિતિમાં રહેલાને જ્ઞાન આપનાર અને

૧૪.સ્નેહથી ખરેખર વશ થનાર

— વર્ણવેલા છે. બહારના અને અંદરના ભેદથી પૂજા પણ બે પ્રકારની કહેલી છે, તેથી ત્રીજા અર્ચન પ્રકરણના બે અધ્યાયો છે. અર્ચન અથવા પૂજનમાં ક્રિયા પ્રસિદ્ધ છે. અહીં હરિના નામ, રૂપ અને ક્રિયા કહેલાં છે, એટલે હરિ ત્રણ પ્રકારના જણાવેલા છે. સર્વનું કલ્યાણ કરનાર હરિ જો પ્રસન્ન થાય એટલે કૃપા કરે તો આ ત્રણ (ભગવાનના નામ રૂપ અને ક્રિયા)નું દાન કરે છે, પણ પ્રસન્ન થયા ન હોય તો કરતાં નથી.

(''ભગવાન્ કૃપા કરે તો પોતાનાં નામ રૂપ અને કર્મોનું દાન કરે તેમ કહ્યું, તો તે કૃપા કરે ત્યારે જ ભક્તિનું પણ દાન કરે છે, કારણ કે મુક્તિનું દાન કરે પણ ભક્તિનું દાન કરતા નથી ૫।૬।૧૮. તેથી નામ રૂપ તથા ક્રિયા અને ક્તિનું દાન કરવાનું કારણ એક કૃપા જ હોવાથી, આ સ્કન્ધમાં ભક્તિનું નિરૂપણ કરેલું હોવાનું કેમ ન માનવું?'' એવી શંકા થાય, તો જાણવું કે) પુષ્ટિ પોતાનાં એટલે જીવનાં કાર્ય માટે, જીવનું કલ્યાણ કરનારી છે, જ્યારે ભક્તિ પરનું એટલે ભગવાનનું કાર્ય કરનારી ભગવાનના કાર્યો માટે ઉપયોગની છે. અને ભક્તિનું વર્ણન નવમા સ્કન્ધમાં કરેલું છે[૬-૧૩]

**પ્રથમ પ્રકરણ-નામ પ્રકરણનો અર્થઃ**

અજામિલ ભગવાનનો દાસ થવા યોગ્ય હતો, અને ભગવાને તેને પહેલાં જ પોતાનો દાસ કરવા વિચાર કરેલો. છતાં તેનો અહંકાર દૂર થાય તે માટે તે તેના સ્વભાવથી જ દુષ્ટ થયો, કારણ કે જીવો સ્વભાવથી જ દુષ્ટ છે અને પોતાના ગુણોથી પોતે ઉત્તમ હોવાનું માનનારા હોય છે. (તેઓ અવિદ્યાથી ઘેરાયેલા હોવાથી પોતાના સ્થૂલ તથા સૂક્ષ્મ એ દેહોને જ આત્મા માને છે. અને પોતાના ગુણો તથા કર્મો ને ઉત્તમ માને છે, ''હું આવો મહાન છું. હું આમ કરીશ, મારા જેવો કોઈ નથી'' એમ તેઓ માને છે એ તેઓનો દોષ છે, તેથી તે દોષ દૂર કરવા) ભગવાન્ હરિ જીવને તેવો દુષ્ટ થવા દઈ, તેને પોતાનો કરે છે. (હરિ સર્વ દુઃખ હરનાર છે. જે જીવને પોતાનો દાસ માને તે જીવ

જ્યારે પોતાના દોષને લીધે બહિર્મુખ થાય છે, ત્યારે પોતે તેના ઉપર કૃપા કરવાનો વિચાર કરી તે વિચાર પ્રમાણે જ તેની બહિમુર્ખતાને દૂર કરી, તેના દોષનો નાશ કરનારી કૃપા તેના ઉપર કરે છે તે પુષ્ટિ છે. ઉપર પુષ્ટિને જીવનું કાર્ય અથવા કલ્યાણ કરનારી કહી છે તે આથી દૃઢ થાય છે. મર્યાદા જણાવનાર સ્કન્ધ 'સ્થાન' પછી તરત જ આ 'પોષણ' પુષ્ટિનો સ્કન્ધ આવ્યો, તેથી આ મર્યાદા સાથે ભળેલી અથવા મર્યાદા-પુષ્ટિ જાણવી). ભક્ત એવા દુષ્ટ થાય તે સમાધિભાષામાં ઈચ્છેલ નથી તેથી આ પ્રકરણની ભાષા મતાન્તરભાષા છે.

(ત્યારે મતાન્તરભાષા હોય અને સમાધિભાષામાં ઈચ્છેલ ન હોય, તો તે શા માટે જણાવવું જોઈએ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે) ભગવાનનું નામ સ્વતન્ત્ર છે, (નામ પોતે જ સ્વતન્ત્રતાથી પાપનો નાશ કરે છે) એમ જણાવવા આ કહેલ છે. (તેથી બહુ ન ઈચ્છેલ નથી)[૧૪-૧૬।।]

**અધ્યાયોના અર્થ:**

પહેલા અધ્યાયમાં અજામિલનો વૃતાન્ત કહેલો છે (શ્લો.૨૦-૬૮). પછી બીજા અધ્યાયમાં ભગવાનનું નામ લેવાની પ્રશંસા કરેલી છે અને તે નામ લેવાનું ફલ એ બધું કહેલ છે (શ્લો.૨૦-૪૪). ત્રીજા અધ્યાયમાં ભગવાનનાં નામ સમ્બન્ધી સિદ્ધાન્ત કરેલો છે (શ્લો.૧૨-૩૦) અને યમદૂતો નામ લેનાર ઉપર બલાત્કાર ન કરે (શ્લો.૨૭) તે માટે આ યમના મુખથી કહેલો છે. કારણ કે યમનાં વાક્યનું સ્મરણ થતાં સર્વ હરિનાં નામનું સ્મરણ કરે. (આથી આ મતાન્તર પણ ઈચ્છેલ હોવાનો તર્ક જણાવ્યો)[૧૭-૧૮]

**અધ્યાય ૧ ; ભગવાનના નામનું માહાત્મ્ય:**

પહેલા અધ્યાયમાં પ્રાયશ્ચિતના પ્રસંગથી ભગવાનના નામનું માહાત્મ્ય કહેલું છે છતાં પણ આ પુષ્ટિના પ્રકરણમાં પુષ્ટિલીલાનું નિરૂપણ કરતા કહેલું હોવાથી નીચે પ્રમાણે નિર્ણય થાય છે:

જે ભગવાનના સેવકો કોઈ પણ પ્રકારે ભગવાન્થી વિખૂટા પડેલા હોય તેઓનાં જ પાપનો (ભગવાનનું નામ લેવાથી) સમ્પૂર્ણ રીતે નાશ થાય છે આ નિશ્ચિત છે, બીજાઓ જે જ્ઞાનથી અથવા કર્મો કરીને પાપનો નાશ કરવા પ્રયાસ કરે છે, તેઓનાં પાપ બધાં નાશ પામતાં નથી, પરન્તુ કેટલાક બાકી રહે છે. તેમાં પણ કર્મોથી પાપનો જે નાશ થાય છે, તે તો હાથીનાં સ્નાન જેવો છે. (જેમ સ્નાન કરીને સ્વચ્છ થયેલો હાથી તરત જ ધૂળ ઉડાડી પોતાના દેહને મલિન કરે છે, તેમ કર્મથી જેણે પાપનો નાશ કર્યો હોય, તે તરત પાછાં બીજા કર્મો કરી પાપી થાય છે.) અધમ લૌકિક પુરુષોને ભગવાનના નામમાં વિશ્વાસ હોતો નથી જ. (તેથી તેઓ કર્મથી અથવા જ્ઞાનથી પાપનો નાશ કરવા પ્રયાસ કરે છે. કર્મથી થતો પાપનો નાશ હાથીના સ્નાન જેવો હોવાનું ઉપર કહ્યું. જ્ઞાન પ્રાપ્ત થતાં) દેહ જ આત્મા છે એવી બુદ્ધિનો નાશ થાય, ત્યારે પાપ જોવામાં

આવતું નથી પરન્તુ જ્યારે જ્ઞાન જતું રહે છે ત્યારે (ઉપરના જીવના સ્વભાવનો દોષ કહ્યો તે તથા પાપ) સર્વ એકાએક પ્રકટ થાય છે. પછી કર્મના દોષ જોવાને લીધે જો પાપનો નાશ કરવાની ઈચ્છા થાય તો તે જીવ; ભક્તિમાં પ્રવેશ કરે છે અને ત્યાર પછી ભક્તિ તેને પાપથી મુક્ત કરાવે છે. તેથી ભગવાનનું નામ ભક્તોને તથા જ્ઞાનીઓને પાપથી મુક્ત કરાવે છે બીજાઓના પાપનો નાશ થતો નથી. તેથી ભગવાનનું નામ ભક્તોનાં પાપનો નાશ કરે છે, એમ (અજામિલના વૃત્તાન્તથી) કહેલું . પછી જો પાપ ન થાય, તો મર્યાદામાં રહેવાથી, (વેદમાં જણાવેલી મર્યાદા પ્રમાણે વર્તન કરવાથી) તેઓ કૃતાર્થ થાય છે. તેથી પાપનો સમ્પૂર્ણ રીતે નાશ થાય તે માટે 'પુષ્ટિ' (ભગવાનની કૃપા) માટે પ્રયાસ કરવો જોઈએ. તેથી પ્રાયશ્ચિતના પ્રસંગથી પુષ્ટિલીલાનું નિરૂપણ કરવાનો આરંભ કરેલો છે.

આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ પરીક્ષિતે વિરાટ સ્વરૂપના ધ્યાનના અંગ તરીકે સર્ગ વિસર્ગ અને સ્થાન એ ત્રણ લીલાઓનું શ્રવણ કર્યું ત્યારે સ્થાનનું શ્રવણ કરતાં; ભગવાન્ જુદી-જુદી મર્યાદાઓનું સ્થાપન કરે છે એમ તેણે જાણ્યું. તેણે પાતે તો બ્રાહ્મણ શમીક ઋષિની અવજ્ઞા કરેલી અને તેનું પ્રાયશ્ચિત કરેલું નહિ. તેથી ભગવાન્ મને અભય આપશે કે નહિ, એવા વિચારથી ભગવાનની પ્રાપ્તિ થવામાં વિલમ્બ થવાના ભયથી "માણસને નરક કેવો ઉપાય કરવાથી પ્રાપ્ત ન થાય તે મને મારામાટે કહો" એમ શુકને પૂછે છે (શ્લો.૬). શુકે પરીક્ષિતના અધિકારની પરીક્ષા કરવા શ્લો.૭-૮ થી સામાન્ય ઉત્તર આપ્યો, ત્યારે રાજાએ તેવા પ્રાયશ્ચિત વ્યર્થ હોવાનું હાથીનાં સ્નાનના દષ્ટાન્તથી જણાવ્યું (શ્લો.૧૦). તેનો ભાવાર્થ સમજી કર્મરૂપ પ્રાયશ્ચિત્ત અજ્ઞાનીઓ કરે છે, એમ જણાવી શુક; બે પ્રકારના પ્રાયશ્ચિત તેના અધિકાર પ્રમાણે તેને જણાવે છે. તેમાં ૧૨-૧૪ સુધીના શ્લોકોથી દેહ અને આત્મા ને જુદા જાણવારૂપ જ્ઞાનવાળાઓએ કરવાનું પ્રાયશ્ચિત કહે છે. તેમાં ૧૨મા શ્લોકમાં હિતકારી ખોરાક જ ખાનારને જેમ રોગ થતા નથી, તેમ નિયમો પાળનારનું કલ્યાણ જ થાય છે. આ દષ્ટાન્તથી દેહ અને આત્મા જુદા હોવારૂપ જ્ઞાન પ્રાપ્ત કરવાનું કહેલ છે. ૧૩ અને ૧૪ શ્લોકમાં જ્ઞાનનાં અંગ; તપ વગેરે આચરવાથી ધર્મ જાણનાર શ્રદ્ધાવાળા લોકો પોતાનાં પાપોનો નાશ કરે છે એમ અગ્નિના દષ્ટાન્તથી કહેલું છે, તેમાં પણ પાપ બાકી રહે છે એમ સૂચવેલું છે, કારણ કે અગ્નિ વાંસને બાળે ત્યારે પણ વાંસના મૂળ જમીનમાં રહે છે. અગ્નિ બુઝાયા પછી તે ઉગે છે. પછી ૧૫-૧૯ શ્લોકોથી ભગવાન્માં પરમ પ્રેમરૂપ ભક્તિવાળાઓનાં પાપનો સમ્પૂર્ણ રીતે નાશ થાય છે એમ સૂર્ય ઝાંકળનો નાશ કરે છે, એ દષ્ટાન્તથી કહેલ છે. "રાત્રે પાછો ઝાકળ દેખાય છે તેથી ભક્તિવાળાનાં પાપ પણ બાકી રહે છે" એવી શંકા ન રહે તે માટે ૧૬મા શ્લોકમાં ઉપર કહેલ તપ વગેરે સાધનો કરવાથી થતી પવિત્રતા આ ભક્તિથી થતી પવિત્રતા કરતાં ઓછી હોવાનું કહેલ છે. પછી ૧૭મા શ્લોકમાં ભક્તિમાર્ગનું ઉત્તમપણું જણાવેલું છે. આથી એમ સૂચવેલું છે કે ભક્તિથી બધાં પાપનો નાશ ઝાકળની પેઠે થાય છે, અને રાત્રે જે ફરી ઝાકળ દેખાય છે તે બીજો ઝાકળ છે. ૧૮મા શ્લોકમાં કર્મથી થતાં પ્રાયશ્ચિત પાપનો નાશ કરતાં નથી, એવા રાજાએ શ્લો.૧૦માં જણાવેલા નિર્ણય પ્રમાણે જ પોતાનો પણ

નિર્ણય હોવાનું જણાવે છે. પ્રાયશ્ચિત ભગવાન્થી વિમુખ પુરુષને પવિત્ર કરતાં નથી, એમ અહીં કહેલ છે. અને ભગવાન્થી વિમુખ રહેનારા અજ્ઞાનીઓ જ છે. પછી ૧૯મા શ્લોકમાં એક વાર અલ્પ પણ ભક્તિ કરનારને યમ વગેરેનાં દર્શન થતાં નથી એમ કહી, તે સિદ્ધાન્ત દૃઢ કરવા અજામિલનો વૃત્તાન્ત કહેવાનો આરંભ કરે છે. તેથી જેમણે શ્રીકૃષ્ણને પોતાના પ્રાણો સમર્પણ કરેલા છે તેવા ભગવાનના સેવકોના પાપનો જ સમ્પૂર્ણ રીતે નાશ થાય છે. તેઓ પોતાના ગુણો ઉત્તમ હોવાનું માને તો જ તેમને પાપ થવાનો પણ સમ્ભવ હોય છે. આજ સિદ્ધાન્ત ૧૧।૫।૪૨ માં પણ જણાવેલો છે[૧૯-૨૬]

આ સમયમાં ભગવાનના નામનો ઉચ્ચાર કરનારા પણ ઘણાખરાને ઉપર જણાવ્યું તેવું ફળ કેમ મળતું નથી? એવો સંશય થાય તો જાણવું કે આ સમયમાં ભગવાનના નામનો ઉચ્ચાર કરનારા ત્રણ પ્રકારના છે ૧.પ્રાકૃત હલકા પુરુષો ૨.ભક્તો અને ૩.સાધારણ પુરુષો.

(પ્રાકૃત હલકા પુરુષો પણ ૧/અ.તામસ ૧/આ.રાજસ અને ૧/ઇ.સાત્ત્વિક; એવા ભેદથી ત્રણ પ્રકારના છે.) આ ત્રણે પ્રકારના પ્રાકૃત પુરુષોમાં જ્ઞાન અને ભક્તિ કાંઈ હોતાં નથી, તેથી તેઓને જુદા પ્રકારનું ફલ મળે છે.

૧/અ.ભગવાનનાં નામનો ઉચ્ચાર કરવાથી તામસ પ્રાકૃત પુરુષોના પાપનો તો કોઈ પણ રીતે નાશ થાય છે (બધાં પાપનો નાશ થતો નથી)

૧/આ.રાજસ પ્રાકૃત પુરુષોનાં સર્વ પાપોનો ભગવાનના નામનો ઉચ્ચાર કરવાથી સદા નાશ થાય છે, અને

૧/ઇ.સાત્ત્વિક પ્રાકૃત પુરુષોને ભગવાનનું નામ લેવાથી અન્તે (કોઈવાર) મુક્તિ પ્રાપ્ત થાય છે, પરંતુ મુક્તિ ચોક્કસ પ્રાપ્ત થતી નથી.

૨. ભક્તો ભગવાનનું નામ લે તે તો તેઓની ભક્તિ જ છે. ૩.બીજા સાધારણ પુરુષો ભગવાનનું નામ લે ત્યારે તેઓના ઉપર ભગવાનની કૃપા થાય છે. તેઓ પોતાનાં કાર્ય માટે ભગવાનના સેવકો થયેલા હોવાથી ભગવાને તેમને તેવા (ભગવાનની કૃપાથી પોતાનું કાર્ય સિદ્ધ કરનારા) કરેલા છે. ભક્તો અને આ સાધરણ પુરુષો વિવેકવાળા હોય છે. આ સાધારણ પુરુષો પણ ભગવાનનાં નામનો વિવેકથી ઉચ્ચાર કરે છે, (એટલે ભગવાનનાં જુદા-જુદા કાર્ય કરનારાં, જુદા-જુદા ગુણવાળાં, જુદાં-જુદાં સ્વરૂપો, અને તે સ્વરૂપોનાં નામો સમ્પૂર્ણ પ્રકારે સચ્ચિદાનરૂપ છે એવા જ્ઞાન સાથે તે નામનો ઉચ્ચાર કરે છે.) ભક્તો તો ભગવાન ઉપર પ્રેમવાળા હોય છે. તેઓ ભગવાનના દાસ થઈ રહે છે. તે સ્થિતિમાંથી જો તેઓ પડે અને ભક્તિમાર્ગ તેઓમાં રહેલ ન હોય, તો પણ ફરી તેઓ ભગવાનના દાસ થાય છે. ૧. ભગવાનના ગુણોનું કીર્તન કરવામાં આનન્દ માને છે, અને તેમની સેવા કર્યા કરે છે. ૨. રસિક અને કામના વિનાના ભક્તો હોય તેમને ભગવાન્ પોતે

વશ થઈ બલપૂર્વક પોતાનું સાયુજ્ય પ્રાપ્ત કરાવે છે[૨૭-૩૨]

શ્લો.૧૯માં ભગવાન્‌માં મન રાખવું તેને પ્રાયશ્ચિત કહેલું છે. (રૂપ પ્રકરણમાં ધ્યાન કહેલું છે. પ્રયત્ન સાથેની ચિત્તની ક્રિયા ધ્યાન છે, તેથી તેમાં પણ મન ભગવાન્‌માં રાખવાનું છે). ત્રીજા પ્રકરણમાં કહેલ પૂજનમાં પણ મન ભગવાન્‌માં રાખવાની જરૂર છે તેથી ભગવાન્‌માં મન રાખવું અથવા તેમનાં નામનો ઉચ્ચાર કરવો, તેમનું ધ્યાન અને પૂજન ત્રણે એક પ્રકારનાં છે. તેથી નામ પ્રકરણમાં જ કહ્યો. તેવો જ નિર્ણય બીજા બે પ્રકરણનો પણ જાણવો. (નામ પ્રકરણના જેવા જ બીજા પ્રકરણોના અધિકારીઓ તથા ફલ હોવાનું જાણવું; પરીક્ષિતના પ્રશ્ન તથા શુકે આપેલા ઉત્તરનો આવો ભાવાર્થ છે)[૩૨।।-૩૩।।]

આ અધ્યાયમાં શ્લો.૨૧થી આરંભી અજામિલનું ચરિત્ર કહેલું છે, શ્લો. ૫૬-૫૭માં તેનો પહેલાનો વૃતાન્ત કહ્યો છે. તે; પ્રથમ તે શુદ્ધ હતો એમ જણાવવા કહેલો છે (ભગ.ગીતા૬।૪૧માં યોગથી ભ્રષ્ટ થયેલાનો જન્મ પવિત્ર અને શ્રીમાન પુરુષોને ઘેર થવાનું કહેલું છે), તેના જેવો પવિત્ર અને શ્રીમાન પુરુષના ઘેર તેનો જન્મ થયેલો. પછી તેના નવ પુત્રો કહ્યા તે તેનું બંધન કરાવનાર નવ ગુણો, દશમો નારાયણ પુત્ર કહ્યો તે મુક્ત કરાવનાર હોઈ ગુણાતીત અવસ્થારૂપ જાણવો (શ્લો.૨૪).

અજામિલે પિતા વગેરે કુટુમ્બીઓ સાથે સમ્બન્ધ તોડી નાખ્યો (અ.૨।૨૭-૨૮) અને ધનથી દાસીને સન્તોષી તેનું ભજન કરવા લાગ્યો (અ.૧।૬૬). તેણે સમ્પૂર્ણ રીતે દાસીનું જ ભજન કરવા માંડયું, તેથી તેનો મોક્ષ થયો(અ.૨।૪૦-૪૫). (પદ્મપુરાણના પાતાલખંડમાં વૈશાખ માહાત્મ્યમાં દિવોદાસની પુત્રીનું ઉપાખ્યાન કહેલું છે તેમાં આ સ્પષ્ટ જણાય છે. પહેલાના જન્મમાં તે ઘણી વ્યભિચારિણી હતી, પછી કુટ્ટણી થયેલી. પછી બ્રાહ્મણ અતિથિની પત્ની થઈ. તેને સમ્પૂર્ણ રીતે સંતોષ આપી તેના સંગથી, રાજાની કુમારી થઈ અને પછી કૃતાર્થ થઈ.) જો અજામિલ દાસીને ઘેર ગયો ન હોત અને પિતાના ઘરમાં જ રહ્યો હોત, તો તેના પિતાની પેઠે તેને પણ સંસારમાં જ ભમવાનું રહેત, પરન્તુ જે કોઈ અન્તઃકરણપૂર્વક સેવા કરે છે તેને જ ઉત્તમ ફલ પ્રાપ્ત થાય છે. પુષ્ટિમાર્ગમાં તો અન્તઃકરણપૂર્વક સેવા કરનારની ઉત્તમ પ્રકારે સદ્‌ગતિ થાય છે, આ સારી રીતે નિર્ણય કરેલો સિદ્ધાન્ત છે. ધોળાને ડાઘ ઘણો લાગે તેમ પવિત્રને મલિન (પાપી)નો સમ્બન્ધ થતાં ઘણું જ પાપ થાય છે, એવો ધર્મ સમ્બન્ધી નિર્ણય યમના કિંકરોએ કરેલો (શ્લો.૪૦-૪૫), કારણ કે તેઓ ઈશ્વરની ઈચ્છાને જાણતા ન હતા. આ સિદ્ધાન્ત પ્રમાણે પુષ્ટિ (ભગવાનની કૃપા) હોઈ શકે જ નહિ. આ યમના કિંકરોએ કહેલો પૂર્વપક્ષ જ છે[૩૩।।-૩૯]

**અધ્યાય ૨-ભગવાનના નામની પ્રશંસા અને ફલઃ**

શંકા : ધર્મનું જે લક્ષણ યમદૂતોએ કહ્યું તેમાં કાંઈ દોષ હોવાનું વિષ્ણુદૂતોએ તેમના ઉત્તરમાં

કહેલ નથી, તેથી તેઓને તે મંજુર છે. માત્ર પ્રાયશ્ચિત્તના સમ્બન્ધમાં તેઓનો મતભેદ છે. તેઓના ઉત્તરમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવેલું છે અને પ્રાયશ્ચિતનો સ્વીકાર કરેલો નથી, જ્યારે વેદમાં ''જે અશ્વમેધ યજ્ઞ કરે છે તે સર્વ પાપને તરે છે, બ્રહ્મહત્યાને તરે છે'' વગેરે વાક્યોમાં પ્રાયશ્ચિત્તો કહેલાં છે. પ્રાયશ્ચિત્તનો સ્વીકાર વિષ્ણુદૂતો કરતા ન હોવાથી વેદના તેટલા ભાગનું પ્રમાણ તેઓ સ્વીકારતા નથી. એમ કરવામાં આવતાં વેદના બીજા ભાગો ઉપર પણ શ્રદ્ધા રહેશે નહિ— એવી શંકા થાય, તે દૂર કરવા; વેદ પ્રમાણ છે એમ સિદ્ધ થાય તે માટે વિષ્ણુના દૂતો તેમના ઉત્તરમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવે છે (શ્લો.૭-૧૯).

સમાધાન : વિષ્ણુદૂતોના ઉત્તરમાં તપ વગેરે પ્રાયશ્ચિતથી પાપનો નાશ થાય છે, પરન્તુ તેનાં હૃદય (વાસના)નો નાશ થતો નથી (શ્લો.૧૭), એમ વેદને નામથી હલકો જણાવેલ હોવાથી, તે ઉત્તરથી વેદ પ્રમાણ હોવાનું કેમ જણાય? એવી શંકા થાય, તો જાણવું કે વેદમાં કહેલાં પ્રાયશ્ચિત કોઈ વાર કરવા યોગ્ય નથી એવો એ વાક્યનો ભાવાર્થ હોત તો તે વાક્ય પાંચમા સ્કન્ધમાં મર્યાદાના પ્રકરણમાં કહેત. તેમ ન કરતાં અહીં કહેવાથી) સ્કન્ધના અર્થથી તે વિરુદ્ધ થાય. વળી અ.૧।૧૫ માં 'કેચિત્'—'કેટલાક' શબ્દ યોજેલ છે, તેથી એમ જણાવેલું છે કે વાક્ય જુદા મતવાળાના સમ્બન્ધનું છે. તેથી તે ભગવાનના ભક્તો સમ્બન્ધી જ કહેલું છે. વેદમાં કહેલાં પ્રાયશ્ચિત્તો ભક્ત સિવાયના બીજાઓને માટે કહેલાં છે. તેથી વિષ્ણુદૂતોનો ઉત્તર વેદ પ્રમાણે છે એ સિદ્ધાન્તથી જરાએ વિરુદ્ધ નથી. વેદ 'અપૌરુષેય' અથવા ઈશ્વરે રચેલો છે. તે ઈશ્વરના નિઃશ્વાસરૂપ છે, તથા ઈશ્વરનું વાક્ય છે. તેથી તે પ્રમાણ છે. વેદનો અર્થ ભગવાન્ જ છે ૧૧।૨૧।૪૩. ''અમે સાંભળ્યું છે કે વેદ પોતાની મેળે પ્રકટ થયેલ સાક્ષાત્ નારાયણ છે'' એ શ્રુતિ પ્રમાણે વેદ પણ ભગવાન્ જ છે. વળી ''ધીર સર્વ સ્વરૂપોને જુદાં કરી, તેમના નામો કરી તેમને નમન કરતાં રહ્યા'' એ શ્રુતિ પ્રમાણે, ભગવાને પોતાનાં જે-જે સ્વરૂપમાં જે-જે નામ કર્યાં તે વૈદિક જ છે, કારણ કે સૃષ્ટિના આરંભમાં બીજો શબ્દ જ ન હતો. તેથી વેદ પણ હરિનું નામ છે. તેથી ભગવાનનું નામ અને વેદના અર્થમાં કાંઈ પણ ભેદ નથી, એમ ''નામો કરી તેમને નમન કરતાં રહ્યા'' એ શ્રુતિથી જણાય છે. તેથી ભગવાનનું નામ વેદરૂપ અને વેદના અર્થરૂપ પણ હોવાથી સર્વને પવિત્ર કરનારું છે.

પ્રાયશ્ચિત્તમાં અને નામમાં ભેદ એટલો છે કે વેદમાં કહેલા પ્રાયશ્ચિત્તો વગેરે કર્મોની શક્તિનો ''હું બહુ થાઉં'' એવી ભગવાનની ઈચ્છાથી વિભાગ થયેલો હોવાથી, જુદા-જુદા પ્રાયશ્ચિત્તો અમુક કાર્ય કરનારનાં તે-તે પાપો જ દૂર કરે છે, પરન્તુ સર્વ પાપ દૂર કરતાં નથી. અને જેમનાં સર્વ પાપ દૂર કરે છે તેમનાં પણ હૃદયને પવિત્ર કરતાં નથી, એ તો તેમનું ફલ જણાવનાર વાક્યોથી તથા પ્રત્યક્ષથી નિર્ણય થાય છે. ભગવાનનું નામ તો વેદરૂપ અને વેદના અર્થરૂપ હોવાથી પૂર્ણ શક્તિવાળું હોઈ સર્વ પાપનો નાશ કરી સર્વને પવિત્ર કરે છે તેથી વેદનું અધ્યયન કરનારના વિચારથી પ્રાપ્ત થએલ પ્રાયશ્ચિત્ત તો ભગવાનના નામથી દુર્બલ જ છે[૪૦-૪૨]

૧૧।૧૪।૩ થી ૧૧।૧૪।૭ સુધીમાં જણાવ્યા પ્રમાણે જુદા-જુદા પુરુષોને તેમના જુદા-

જુદા સ્વભાવ પ્રમાણે વેદનું જ્ઞાન જુદું-જુદું થાય છે અને તેથી તેઓના મત જુદા-જુદા થએલા છે. તેઓ વેદનો અર્થ સમ્પૂર્ણ રીતે જાણતા નથી, અને ''લોકનાં કલ્યાણ તરફ દૃષ્ટિ રાખી તારે કર્મ કરવું જોઈએ'' (ભગ.ગીતા૩।૨૦) એ ભગવાનનાં વાક્ય પ્રમાણે લૌકિક પુરુષો માટે તેમનું; પોતાના વિચાર પ્રમાણે, કલ્યાણ થાય તેવી રીતે વેદનો અર્થ કરે છે. જો તેઓ તેમ કરતા ન હોય તો લોકોનું કલ્યાણ કરવાના જુદા-જુદા પ્રકારો કહેલા છે તે કહ્યા ન હોત. (તેથી ભગવાનની ઈચ્છા જાણનાર ઋષિઓ વેદનો અર્થ જાણવા છતાં પણ લૌકિક પુરુષોને માટે તે કહેતા હોવાથી જુદો-જુદો અર્થ કહેવાયેલ છે). વળી વેદનો અર્થ કરનારાઓને પણ તે અર્થમાં સન્દેહ હોય છે, (કારણ કે તેઓથી વેદનાં તાત્પર્યનો નિર્ણય થએલો હોતો નથી) તેથી વેદમાં જણાવેલાં જે પ્રાયશ્ચિત્તો તેઓએ કહેલાં છે તેમનાથી પાપનો સમ્પૂર્ણ રીતે નાશ થતો નથી[૪૩-૪૪]

ભગવાનનું નામ પવિત્ર કરનારું અને પ્રાયશ્ચિત્તથી ઉત્તમ ભલે હોય, છતાં ભગ.ગીતા૪।૩૭માં જ્ઞાન પણ સર્વ કર્મોનો (પાપનો) નાશ કરનારું હોવાનું કહેલ હોવાથી, ભગવાનનાં નામથી અથવા જ્ઞાનથી સર્વ પાપોનો નાશ થાય છે એમ માનવું જોઈએ— એવી શંકા થાય, તો જાણવું કે યમ વગેરે સાધનોવાળું (જુઓ ૩।૨૭।૬-૯ શ્રીસુબોધિની સાથે) જ્ઞાન સુયાસ સાથેનું હોય તો તે પ્રાયશ્ચિત્ત થઈ પાપનો નાશ કરે, પરન્તુ તેવું જ્ઞાન પ્રાપ્ત કરવાની શક્તિ ન હોવાથી, બધા તે પ્રાપ્ત કરી શક્તા નથી. વળી જે અગ્નિ વસ્ત્રને બાળી નાખે છે, તે વસ્ત્રને પવિત્ર કરતો નથી, તેવી રીતે જ્ઞાન દેહનો સમ્પૂર્ણ રીતે ત્યાગ કરાવનારું છે, પરન્તુ તેને શુદ્ધ કરાવતું નથી. વળી તેનાં સાધન પણ થઈ શકે તેવાં નથી, અને તે મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે. જ્યાં સુધી શુદ્ધિ થઈ ન હોય ત્યાં સુધી જ્ઞાન પ્રાપ્ત થાય પણ નહિ, અને કર્મોની વાસના-મન ઉપર પડેલા સંસ્કાર-પણ ઘણા બલવાન હોય છે, (એટલે તે જ્ઞાન થવા દેતા નથી). વળી જ્ઞાન પણ વેદમાં કહેલું પ્રાપ્ત થાય, ત્યારે પ્રાયશ્ચિત્તરૂપ થઈ પાપ દૂર કરે, (અને જુદા-જુદા ઋષિઓના જુદા-જુદા સ્વભાવથી તે સમ્બન્ધી જુદા-જુદા મત થએલા હોવાનું ઉપર કહેલું છે. તથા જ્ઞાનથી પાપ દૂર કરવાનું ઘણું કઠણ; લગભગ અશક્ય છે. કારણ કે જ્ઞાન પ્રાપ્ત કરવામાં ઘણાં સાધનોની જરૂર રહે છે. તે દેહનો નાશ કરનારું છે. આ સમયમાં જ્ઞાન પ્રાપ્ત કરવા માટે જરૂરી શુદ્ધિ ન હોવાથી તે પ્રાપ્ત થાય તેવું નથી. વળી તે અગ્નિ વૃક્ષને બાળે એ દૃષ્ટાન્તથી જણાવ્યા પ્રમાણે બધા પાપનો નાશ કરતું નથી, અને વેદમાં જણાવેલ હોવાથી માત્ર ત્રણ વર્ણોથી જ પ્રાપ્ત થાય તેવું છે. તેથી ભગવાનનું નામ લેવાને બદલે જ્ઞાન પ્રાપ્ત કરવાથી બધાં પાપો નાશ કરશું એવો વિચાર ન રાખવો [૪૫-૪૭।]

શંકા : ભલે ભગવાનના નામથી જ બધાં પાપનો નાશ થાય, છતાં વેદ તરીકે જાણેલાં, અને તેવાં જ્ઞાન સાથે ઉચ્ચારેલાં નામથી જ તેનું ફલ પ્રાપ્ત થાય, પરન્તુ હરકોઈ પ્રકારે ઉચ્ચારેલા ભગવાનના નામ જેવા બીજાના નામથી પાપ શી રીતે દૂર થાય? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે ભગવાનનું નામ વેદરૂપ છે. (''દ્વિજાતિઓ જેટલા વેદના અક્ષરોનો પાઠ કરે તેટલાં હરિનાં નામોનું તેમણે કીર્તન કરેલું છે તેમાં સંશય નથી'' એ વાક્યમાં વેદના

અક્ષરોને હરિનાં નામ કહેલ છે) તેથી ભગવાનનાં નામ વેદરૂપ છે. વળી બીજા શાસ્ત્રમાં પણ ''હે શત્રુને પીડનાર! નામોમાં મુખ્ય 'શ્રીકૃષ્ણ' નામનું નામ સર્વ પાપોનું પ્રાયશ્ચિત્ત અને ઉત્તમ પ્રકારે મુક્તિ કરાવનારું છે'' એવાં વાક્યો છે. તેમજ સહસ્રનામ, એકસો આઠ નામ, વગેરેમાં પણ તેમ કહેલું હોવાથી ભગવાનનું નામ લેવાથી પાપનું પ્રાયશ્ચિત્ત થઈ જાય છે. ભગવાનનું નામ બીજાના સમ્બન્ધમાં લેવામાં આવેલું હોય તો પણ ભગવાનના અવતારની પેઠે ઉત્તમ કાર્ય કરે છે, (જેમ અવતરેલા ભગવાન્ આપણા વિચારમાં પણ ન આવે તેવાં કાર્ય કરે છે. તેમ ભગવાનનું નામ પણ તેવાં કાર્ય કરે છે, કારણ કે તેવા નામથી વાલ્મીકિના લૂંટારા દેહને પણ બ્રાહ્મણપણું પ્રાપ્ત થયેલું. તેથી પુત્રનાં નામ તરીકે લીધેલું પણ ભગવાનનું નામ સર્વ પાપોનો નાશ કરે છે[૪૭।-૪૮।।]

**અધ્યાય ૩ ; નામ સમ્બન્ધી યમે કહેલો સિદ્ધાન્તઃ**

ભગવાનના નામનું માહાત્મ્ય ઉપર જણાવ્યું તે હરકોઈ કારણથી જો ધર્મનો અધિકારી (કર્મજડ) યમ કબુલ ન રાખે, તો નામમાં ઘણી શ્રદ્ધાને લીધે થયેલા આગ્રહથી તેનું તેવું માહાત્મ્ય કહ્યું હશે એવો સંશય રહે, તેથી યમનાં વચનોથી(શ્લો.૧૨-૩૦) તે માહાત્મ્ય દૃઢ કરેલું છે અને એવી રીતે પ્રમેયનું બલ જણાવેલું છે. વળી શિવના ભક્ત અગસ્ત્યે આ સિદ્ધાન્ત શુકને કહેલો તેથી પારકા (શિવના ભક્ત)ના મુખથી ભગવાનના નામની પ્રશંસા થયેલી હોવાથી, તે સાચી જ છે એવો નિશ્ચય થાય છે. અગસ્ત્યે ભગવાનનું નામ લેવા ખોટી રીતે લલચાવવા માટે શુક પાસે તેની પ્રશંસા કરી હશે એવી શંકા, અગસ્ત્યે ભગવાનનાં કરેલાં પૂજનથી દૂર થાય છે(શ્લો.૩૫). હરિના નામના માહાત્મ્યનું શ્રવણ થતાં અગસ્ત્યને પણ (તે શિવનો ભક્ત હોવા છતાં) હરિનું પૂજન કરવાની બુદ્ધિ થઈ. વળી (યમે તેના દૂતોને ભગવાનનાં નામ સમ્બન્ધી સિદ્ધાન્ત કહ્યો ત્યારથી) તે દૂતોને ભગવાનના ભક્તોનો ભય થવા લાગ્યો(શ્લો.૩૪). તેથી પણ એમ સિદ્ધ થાય છે કે ભગવાનનું નામ સર્વ પાપોનો નાશ કરનારું દૃઢ પ્રાયશ્ચિત્ત છે[૪૮।।-૫૨।।]

**બીજું રૂપપ્રકરણઃ અધ્યાય ૪-૬ઃ**

ચોથાથી સત્તરમા સુધીના ચૌદ અધ્યાયોનું બીજું રૂપપ્રકરણ છે, કારણ કે આ પ્રકરણમાં ધ્યાન કરાયેલું ભગવાનનું સ્વરૂપ પુષ્ટિની ક્રિયા (કૃપા) કરનારું થાય છે. પહેલા પ્રકરણમાં ઉચ્ચારેલાં ભગવાનના નામે જ કૃપા કરેલી. પહેલા પ્રકરણમાં ભગવાનની કૃપાના અધિકારી મનુષ્યો હતા તેવા આ પ્રકરણમાં કૃપાના અધિકારી દેવો છે.

દક્ષ ઉપર ભગવાને તેના તપને લીધે (શ્લો.૨૦-૨૧ તથા ૪૩-૪૪) કૃપા કરેલી, એ ચોથા અધ્યાયમાં જણાવેલ છે.

પાંચમા અધ્યાયમાં દક્ષના પુત્રો હર્યશ્વો વગેરે ઉપર જ્ઞાનને લીધે (શ્લો.૧૦-૨૦ તથા ૨૧-૩૩) ભગવાને કૃપા કરેલી, અને

છઠ્ઠા અધ્યાયમાં તેની પુત્રીઓ ઉપર જગત્નો ઉદ્ધાર કરવા માટે ભગવાને કૃપા કરેલી.

— એ પ્રમાણે ત્રણ પ્રકારની ભગવાનની કૃપા કહેવાઈ. સત્ત્વગુણને લીધે, તમોગુણને લીધે અને રજોગુણને લીધે કરેલી એવી ત્રણ પ્રકારની કૃપા થઈ [૫૨।।-૫૪]

**અધ્યાય ૭-૮:**

એ ત્રણે પ્રકારની કૃપા કરનાર ભગવાન્ જ છે, અને વિશ્વરૂપના માટે ભગવાન્ દક્ષ વગેરે ઉપર પ્રસન્ન થયેલા. તેથી તપ, જ્ઞાન અને જગત્નો ઉદ્ધાર એ ત્રણે વિશ્વરૂપને સારી રીતે પ્રાપ્ત થયાં (અ.૭।૨૫,૩૧,૩૨,૪૦).

શંકા : ભગવાનની વિશ્વરૂપ ઉપર એવી કૃપા હોય, તો તેનો વધ કેમ થયો? એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે વિશ્વરૂપ પાસેથી (તપ, જ્ઞાન અને જગતનો ઉદ્ધાર ત્રણે) લઈ ભગવાને તે ઈન્દ્રને આપ્યાં. (ઈન્દ્રે તે માટે સાધન કરેલાં ન હોવા છતાં ભગવાને તેને આપ્યાં, કારણ કે ઈન્દ્ર ઉપર ભગવાનની કૃપા હતી). મર્યાદાસ્વરૂપ ગુરુ બૃહસ્પતિ સભામાં આવ્યા ત્યારે ઈન્દ્રે તેમનો અનાદર કર્યો(અ.૭।૭-૮). ભગવાનની કૃપા પોતાના ઉપર થાય તે માટે ઈન્દ્ર; ભગવાનનું ધ્યાન ધરવાનો હતો(અ.૧૩।૧૭), તેથી તે પુષ્ટિમાં હોવાથી તેણે ગુરુનો અનાદર કરી મર્યાદા વિરુદ્ધ કાર્ય કરેલું. ગુરુ બૃહસ્પતિ પણ સર્વ જાણનાર હોવાથી ભગવાનની પ્રસન્નતા થાય તે માટે તે પણ અદશ્ય થઈ ગયા(અ.૭।૧૬-૧૭). બ્રહ્મા તો મર્યાદામાં રહેનારા, તેથી ગુરુ જતા રહેતાં તેમને ચેન પડ્યું નહિ(શ્લો.૨૧). છતાં તેમણે પણ હરિ શું કરવા ઇચ્છે છે તે જાણી વિશ્વરૂપને ગુરુ કરવાનો દેવોને ઉપદેશ આપ્યો(શ્લો.૨૫). દેવો અસુરોથી હારેલા (શ્લો.૧૯), એ તેમનાં આધિભૌતિક દુઃખ કરતાં, ત્યાર પછી વિશ્વરૂપની હત્યા કરવાથી થનારું આધ્યાત્મિક દુઃખ ઘણું વધારે ભારે હતું, તેથી બૃહસ્પતિ જતા રહેતાં દેવોએ શાન્ત રહેવું એ જ ઉત્તમ હતું. છતાં પુષ્ટિ; જીવનું પોતાનું કલ્યાણ કરનારી હોવાથી, તેનાથી કોઈને પણ ઘણા સમય સુધી સુખ થતું નથી. (તેથી વિશ્વરૂપને ગુરુ કરી તેની પાસેથી કવચ લઈ દેવોએ અસુરોનો પરાજય કર્યો છતાં) બ્રહ્માએ કહેલું (શ્લો.૨૫) તે પ્રમાણે ગુરુ વિશ્વરૂપનું અસુરોને યજ્ઞ ભાગ આપવારૂપ કૃત્ય ઈન્દ્ર સહન કરી શક્યો નહિ (અ.૯।૨-૪) અને તેણે વિશ્વરૂપનો વધ કર્યો, (અને ભગવાને વિશ્વરૂપને પ્રાપ્ત થયેલ તપ વગેરે ઈન્દ્રને આપ્યાં. જો ભગવાનનો આવો વિચાર ન હોત તો બૃહસ્પતિનો અનાદર થતાં તે અદશ્ય ન થાત, પણ ઈન્દ્રને શાપ જ આપત. બ્રહ્મા પણ દેવોને ઠપકો આપી બૃહસ્પતિને મેળવી આપત, પણ વિશ્વરૂપને ગુરુ કરવા ન કહે) વિશ્વરૂપે પણ કવચ ઈન્દ્રને આપ્યું (અ.૭।૪૦), (તે ભગવાને ઈચ્છેલું ન હોવાથી) એ અપરાધને લીધે તેનો પણ વધ થયો. પુષ્ટિમાં ભગવાન્ દૈત્યપણાંની જરાએ ગન્ધ રાખવા ઈચ્છતા નથી. તેથી ઈન્દ્રને વિશ્વરૂપે કવચ આપ્યું તે તેમણે ઈચ્છેલું ન હતું [૫૫-૬૦।।]

**અધ્યાય ૯:**

પોતાના પ્રભાવ સાથે નારાયણકવચ વિશ્વરૂપ પાસે હતું, છતાં ભગવાનની ઈચ્છાથી પુષ્ટિનાં

પ્રયોજન માટે તેનો વધ થયો. વિશ્વરૂપ ત્રણ સ્વરૂપ ધારણ કરતો; તે દેવ, દૈત્ય અને મનુષ્ય હતો. પહેલાં તે મનુષ્ય (અ.૯।૧ અન્ન ખાનાર માથાવાળો) હતો. દેવોનો પુરોહિત થયો, ત્યારે તે બૃહસ્પતિની સમાન થવાથી દેવ થયેલો(અ.૭।૩૭,૩૮). પછી ખોટા પ્રકારે તેણે યજ્ઞ કર્યો(અ.૯।૩) તે દૈત્યપણાનું લક્ષણ છે. તેથી વિશ્વરૂપમાં એવાં ત્રણ ગુણો હોવાથી ભગવાને તેનું રક્ષણ કર્યું નહિ [૬૦।।-૬૩।।]

બે પ્રકારની પુષ્ટિ આ સ્કન્ધમાં જણાવેલી છેઃ ૧.મર્યાદાપુષ્ટિ અને ૨.પુષ્ટિપુષ્ટિ. વિશ્વરૂપ મર્યાદાપુષ્ટિમાં હતો. વૃત્ર બીજા પ્રકારની પુષ્ટિમાં હતો. તેથી વિશ્વરૂપ કરતાં વૃત્ર ઉપર ભગવાનની વધારે કૃપા હતી, પણ ભક્ત હોવા છતાં પણ જો કોઈ સંસારના પદાર્થ પેઠે દેવોનો દ્રોહ કરતો રહે, તો જેમ એક કાંટો વાગેલ હોય તેને બીજા કાંટાથી શરીરમાંથી બહાર કાઢવામાં આવે છે તેમ, તે દેવદ્રોહી હણવા યોગ્ય થાય છે. દેવોને યજ્ઞ કરાવનાર કર્મમાર્ગીય વિશ્વરૂપ, (અશ્વિનીકુમારોને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કરનાર) જ્ઞાનમાર્ગીય દધીચિ અને ભક્ત વૃત્રાસુર ત્રણે પુષ્ટિનાં કાર્યમાટે હણાયા છે. તેથી પુષ્ટિ-ભગવાનની કૃપા કેવી રીતે પ્રાપ્ત થાય તેમ છે (ભગવાનની શું ઈચ્છા છે), તે તપાસીને જ બીજા માર્ગમાં આનન્દથી રહેવું.

(ભગવાન્‌માં દોષનો આરોપ ન કરવો, કારણ કે ભગવાને પોતે પહેલાં જે વિચારેલું હોય તે પ્રમાણે જ તે સર્વ કરે છે. ભક્તનો વધ થાય તે પણ ભગવાન્ તેનું હિત કરવા જ, તેના દોષોનો નાશ કરવા જ કરે છે એમ જાણવું. તેથી આ ત્રણેના વધ કરવાનું પ્રયોજન એવું હતું કે જે-જે માર્ગના જે હોય, તેમની તે-તે માર્ગમાં જ પ્રીતિ કરાવવી). ભગવાને પહેલાં ઈન્દ્ર ઉપર કૃપા કરવાનું વિચારેલું, અને ઈન્દ્રનો વિરોધ કરવાથી આ ત્રણેના વધ થયા [૬૩।।-૬૭।।]

વધ કરીને દોષનો નાશ કરવાનું વિશ્વરૂપ અને વૃત્ર ના સમ્બન્ધમાં થયું, પરન્તુ દધીચિમાં દોષ ન હતો, તેથી તેનો વધ કરવાથી શું ફલ થયું? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે) બધાના બધા ગુણો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત કરવા માટે છે તેથી ભગવાનની પોતાના ઉપર કૃપા થાય તે માટે ભગવાનનો જ સર્વએ આશ્રય કરવો જોઈએ. (ભગવાને જે વિચારેલું તે પોતાનાં અસ્થિવજ્ર બનાવવા આપવાનું કાર્ય દધીચિએ કર્યું, તેથી તેના ઉપર ભગવાનની કૃપા થઈ. તેથી આ દધીચિએ આનન્દપૂર્વક પોતાના દેહનું દાન કર્યું. એ કથાથી એવો બોધ કરેલો છે કે) ભગવાને વિચારેલું કાર્ય સિદ્ધ થાય તે માટે સમ્પૂર્ણ રીતે દેહથી તથા આત્માથી ભગવાનનો આશ્રય કરવો. આવો સર્વને બોધ આપવો એ દધીચિને દેહત્યાગ કરાવવાનું પ્રયોજન હતું[૬૭।।-૬૮।।]

વિશ્વરૂપ સમ્બન્ધી (ચોથાથી નવમા સુધીના) છ અધ્યાયો કહેલા છે, (કારણ કે તેનામાં ભગવાનના પાંચ ગુણો પૂર્ણ હતા અને છઠ્ઠો વૈરાગ્ય કાંઈક ઓછો હતો, કેમકે તે માતા ઉપરના સ્નેહને અધીન રહેતો, અ.૯।૩. આ છ ગુણો ભગવાનની કૃપારૂપ જ હતા) તેથી તેનો; તેના

સમ્બન્ધમાં છઠ્ઠા, એટલે સ્કન્ધના નવમા અધ્યાયમાં વધ થયો (કારણ કે વૈરાગ્યનો છઠ્ઠો ગુણ પૂર્ણ ન હતો). વિશ્વરૂપ ઉપર જેટલી ભગવાનની કૃપા હતી, તે શ્રીકૃષ્ણે સાતમા એટલે સ્કન્ધના દશમા અધ્યાયમાં ઈન્દ્રને આપી (અ.૭।૧૩). તેથી તેના ઉપરની કૃપા, ઈન્દ્રને આપવાની હોવાથી ઈન્દ્રે તેનો વધ કર્યો અ.૯।૪.

ઈન્દ્રે બે હાથથી તેનો વધ કરેલો તેથી તે બ્રહ્મહત્યાનાં પાપને ઈન્દ્રે બે હાથભેગા કરી ખોબામાં લીધું, અને તે પાપ આધ્યાત્મિક હોવાથી તેણે તે ધારણ કરી રાખ્યું. તે (તે પાપમાંથી વહેલાં છૂટાય તેમ ન હોવાથી) તેણે તે એક વર્ષ સુધી ખોબામાં ધારણ કરી રાખ્યું (શ્લો.૬) અને એક વર્ષ પછી તે પવિત્ર થયો અને બ્રહ્મહત્યાથી છૂટયો, કારણ કે એક વર્ષ પછી તેણે તે પાપ અનુક્રમે સત્ ચિત્ અને આનન્દ રૂપ ભૂમિ, વૃક્ષો અને સ્ત્રીઓ માં મૂક્યું (શ્લો.૭). આમ તે ભગવાનની કૃપાથી કરી શક્યો, તેમની કૃપા વિના તે; તે પાપ બીજામાં મૂકી શક્ત નહિ.

(વેદમાં ઈન્દ્રે વિશ્વરૂપના વધથી થયેલ પાપ; ભૂમિ, વૃક્ષ અને સ્ત્રીઓ માં જ રાખ્યાનું કહેલ છે, અને તે પ્રમાણે આચાર્યશ્રીએ નિબન્ધમાં કહેલ છે. શ્રીભાગવતમાં જલમાં પણ તે પાપ તેણે મૂકેલ હોવાનું કહેલ છે. તેથી તેમાં કાંઈ અધિક કહેલું છે, પણ જે વેદમાં કહેલ છે તેથી વિરુદ્ધ કાંઈ કહેલ નથી. તેથી કાંઈ દોષ નથી) એવી રીતે ઈન્દ્ર ઉપર કૃપા હોવાનું કહ્યું. ભૂમિ ભગવાનની ભક્ત છે. વૃક્ષો પણ (વનસ્પતિ વૈષ્ણવ હોવાથી) ભગવાનના ભક્ત છે અને સ્ત્રીઓમાં પણ લક્ષ્મીનો અંશ હોવાથી તેઓ પણ ભક્ત છે. એમણે બ્રહ્મહત્યાનું પાપ લઈ ઈન્દ્ર ઉપર અનુગ્રહ કર્યાનું કહેલ છે[૬૮।।-૭૩]

પછી વિશ્વરૂપનો વધ ઈન્દ્રે કરેલ હોવાથી, તેના પિતા ત્વષ્ટાએ ઈન્દ્રને હણે એવો પુત્ર પ્રાપ્ત કરવાની ઈચ્છાથી વૃત્રને ઉત્પન્ન કર્યો. વૃત્ર મુક્તિ પામે તે માટે આદરથી ભગવાને પોતે તેનો જન્મ આહવનીય (ગૃહસ્થે ઘરમાં સાચવવાની) અગ્નિમાં હોમેલા સોમમાંથી કરાવ્યો. અને વેદ પ્રમાણ હોવાનું સચવાઈ રહે તે માટે હોમ કરતી વખતે તેના પિતાનો સ્વરભંગ કરાવ્યો. (તેના પિતાએ ઈન્દ્રને હણનાર પુત્ર ઉત્પન્ન થાય તે માટે ''ઈન્દ્રશત્રો વિવર્ધસ્વ'' એવી કામના કરી. આમાં તત્પુરુષ સમાસ લેતા 'ઈન્દ્રનો શત્રુ' એટલે ઈન્દ્રને હણનાર એવો અર્થ થાય, એવો સમાસ લેવા 'શત્રો' શબ્દ મુખ્ય ગણવો જોઈએ તેના ઉપર ભાર મૂકાય તેને બદલે તેનાથી 'ઈન્દ્ર' શબ્દ ઉપર મૂકાયો અને એ રીતે સ્વરભંગ થતાં 'ઈન્દ્ર' શબ્દ મુખ્ય થતાં બહુવ્રીહિ સમાસ થયો. તેનો અર્થ 'ઈન્દ્ર શત્રુ છે જેનો' એવો થયો. તેથી તે પુત્રને ઈન્દ્રે હણ્યો. અને વૈદિક હોમ જેવી કામનાથી થયો તેવી કામના સિદ્ધ થઈ, તેથી વેદ પ્રમાણ હોવાનું સચવાઈ ગયું).

આ વૃત્ર તેના આથી પહેલાના જન્મમાં 'ચિત્રકેતુ' નામનો વિદ્યાધર હતો. તેને પાર્વતીનો શાપ થવાથી તે અસુર થયેલો. તે પોતાનું મૃત્યુ થતાં મુક્તિ પ્રાપ્ત કરશે, એટલે તેને મુક્તિ પ્રાપ્ત

થાય તે માટે ભગવાને હોમ કરતી વખતે તેના પિતાનો સ્વરભંગ કરાવ્યો. તેના પિતા ત્વષ્ટાએ અગ્નિમાં ઉચ્છિષ્ટ સોમ હોમેલો, અને મન્ત્રનો ઉચ્ચાર કરવામાં પણ સ્વરભંગ કરી ભૂલ કરેલી તેથી તે દૈત્ય થયેલો. અગ્નિહોત્રની વિધિમાં ''અગ્નયે સ્વાહા'' એ જ મન્ત્ર હોવો જોઈએ. અને પછી પોતે જે કામના કરેલી હોય તે કહેવી જોઈએ, એવો આ વિધિના સમ્બન્ધમાં નિર્ણય છે[।।૭૪-૭૬।।]

**અધ્યાય ૧૦-૧૩:**

વૃત્રનો દેહ આહવનીય અગ્નિમાંથી સોમ હોમવાથી એટલે કર્મથી ઉત્પન્ન થયો હતો, અને કર્મથી ઉત્પન્ન થયેલા દેહનો જ્ઞાનથી જ નાશ થાય એવો નિર્ણય અગ્નિહોત્રના પ્રકરણમાં કહેલો છે. તેથી તેનો વધ કરવા માટે (જ્ઞાની) દધીચિનાં જ્ઞાનરૂપ અસ્થિઓની જરૂર હતી. તેથી (ભગવાનની આજ્ઞા પ્રમાણે દેવોએ દધીચિ પાસે જઈ તેમનાં અસ્થિમાગી મેળવ્યાં, અ.૧૦।૨-૧૨) જેની ઉત્પત્તિ અને પ્રલય બન્ને વેદમાર્ગથી (અનુક્રમે કર્મમાર્ગથી અને જ્ઞાનમાર્ગથી હોમ કરવાથી ઉત્પત્તિ થઈ અને જ્ઞાની દધીચિનાં જ્ઞાનરૂપ અસ્થિના બનેલા વજ્રથી મૃત્યુ થયું) થયેલા, તે વૃત્રના હૃદયમાં ભગવાનની ભક્તિ હતી, અને મુક્તિ પણ તેને જ પ્રાપ્ત થઈ (અ.૧૨।૩૫). તેનામાં ભક્તિ ન હોય તો તેને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત ન થાય. (તેથી વૃત્રના જન્મથી આરંભી તેનાં મરણ સુધીનું સર્વ ભગવાને તેના હિત માટે જ કરેલું). મૂર્તિમતી દેવરૂપ ભક્તિ વૃત્રમાં રહેલી હતી તે તેનો વધ કરવામાં ન આવે ત્યાં સુધી તેના દેહમાંથી બહાર નીકળે તેમ ન હતું. તેથી ઈન્દ્રે વજ્રથી વૃત્રનો વધ કર્યો, ત્યારે સર્વ દેવો અને સિદ્ધોએ ઈન્દ્રની સ્તુતિ કરી (અ.૧૨।૩૪)[૭૭-૮૦]

વૃત્રનું મૃત્યુ ભગવાને તેના હિતમાટે જ કરાવેલું, છતાં ભગવાને તેને હણેલો નહિ, કારણ કે જેનામાં જરા પણ ભક્તિ હોય, તેને ભગવાન્ પોતે કોઈ પણ પ્રસંગોમાં હણતા નથી. તે દેવોને દુઃખ દેતો હતો તેથી દેવો માટે (તેનો અને તેથી), તેના દોષનો નાશ બ્રાહ્મણ (દધીચિના અસ્થિઓના બનેલા વજ્ર) થી ભગવાને કરાવ્યો[૮૧]

પ્રચેતસો ઉપર તેમની (સગુણ) ભક્તિને લીધે ભગવાનની કૃપા હતી, અને દક્ષ ઉપર તેના તપને, લીધે તેમજ તેના પુત્રો હર્યશ્વો વગેરે ઉપર જ્ઞાનને લીધે જે ભગવાનની કૃપા હતી, તે બધી ભગવાને વિશ્વરૂપને આપેલી. પ્રચેતસો, દક્ષ તથા હર્યશ્વો નાં અનુક્રમે ભક્તિ તપ અને જ્ઞાન આધિભૌતિક હતાં. વિશ્વરૂપમાં તે ત્રણે આધ્યાત્મિક હતાં. વિશ્વરૂપ જ્ઞાનમાં બૃહસ્પતિનો સમોવડીઓ અને તપસ્વી હતો. વળી તેણે ઈન્દ્રને નારાયણકવચનો ઉપદેશ કર્યો, તેથી તેને વૈષ્ણવ(ભક્ત) પણ કહેલો છે. તેવી જ રીતે વૃત્રમાં પણ જ્ઞાન, ભક્તિ અને તપ નું બલ ત્રણે હતાં. વૃત્રમાં આ ત્રણે આધિદૈવિક હતાં. જો એ ત્રણે આધિદૈવિક ન હોત તો તેને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત ન થાત. ઈન્દ્રે વિશ્વરૂપનો વધ કર્યો ત્યારે તેથી તેને અક્ષય આધ્યાત્મિક પાપ લાગ્યું. તેનાથી પણ અધિક આ વૃત્રની હત્યા હતી, કારણ કે વૃત્ર તામસોનો રાજા હતો (અને ''મસ્તક ઉપર

અભિષેક કરેલા રાજાનો વધ બ્રાહ્મણના વધથી પણ અધિક છે'') તેથી વૃત્રના વધથી થયેલ પાપ કોઈ પ્રકારે તેનાથી દૂર થાય તેવું ન હતું. તે પાપનો નાશ ભગવાનનાં ધ્યાનથી થયો (અ.૧૩।૧૭). આ પાપ દૂર થવાનું કારણ ભગવાનનું ધ્યાન જ હતું, અને વૈદિક રાજસૂય યજ્ઞ તેને તેણે ઈચ્છેલ પદાર્થ પ્રાપ્ત કરાવનારો હતો. (તેનાથી તો તે મહેન્દ્ર થયો, અ.૧૩।૨૧)[૮૨-૮૭।।]

**અધ્યાય ૧૪-૧૭:**

ચૌદમાથી સત્તરમા સુધીના ચાર અધ્યાયોમાં વૃત્રના જન્મની કથા કહેલી છે. આ કથા મતાન્તર ભાષા છે. દોષ સાથેની ભક્તિ લોકમાં કોઈ પણ સંજોગોમાં પ્રસિદ્ધ નથી. તેથી આ કથામાં ભક્તિ સાથે જે દોષ હોવાનું કહેલું છે તે ભક્તિના સ્વાભાવિક દોષ નથી, પરન્તુ શાપથી થયેલા અકસ્માતથી આવી ચડેલા દોષો છે એમ જણાવવા આ મતાન્તર કહેલ છે.

આરંભમાં પરીક્ષિત; શુકને પ્રશ્ન કરે છે કે દુષ્ટ અસુર વૃત્રની ભગવાન્‌માં દઢ મતિ કેવી રીતે થયેલી (અ.૧૪।૧). તેના ઉત્તરમાં આ ચાર અધ્યાયોથી વૃત્રના પહેલાના જન્મથી કથા કહેલી છે.

વૃત્ર તેના પહેલાના જન્મમાં રાજા ચિત્રકેતુ હતો. તે સમયે તેને વૈરાગ્ય, જ્ઞાન, શેષની ભક્તિ, તેમનો પ્રસાદ અને પાર્વતીનો શાપ થયેલા. [પુત્ર ન હોવાથી તેને સમ્પત્તિ, રાણીઓ તથા ભૂમિના સમ્બન્ધમાં વૈરાગ્ય થયેલો (અ.૧૪।૧૩). નારદ અને અંગીરા ના બોધથી તેને જ્ઞાન પ્રાપ્ત થયેલું (અ.૧૬।૧૨-૧૫). નારશંઆપેલી મહાવિદ્યાથી તેને શેષનાં દર્શન તથા ભક્તિ પ્રાપ્ત થયેલાં (અ.૧૬।૩૦-૩૧). શેષનાં પ્રસાદથી તે સિદ્ધ થયો (અ.૧૬।૫૦) અને પાર્વતીના શાપથી તે અસુર થયો (અ.૧૭।૧૫)]

ભક્તિમાર્ગમાં ભક્તને આવાં વૈરાગ્ય વગેરે થાય તે યોગ્ય નથી (ભક્તિમાર્ગમાં વૈરાગ્ય અને જ્ઞાન કલ્યાણકારક નથી એમ ૧૧।૨૦।૩૧માં ભગવાને જ કહેલું છે. બીજા દેવની ભક્તિ અને તેમનો પ્રસાદ પણ કાંઈ ઉપયોગી નથી અને ભક્તને શાપ થવાનું સમ્ભવતું પણ નથી) તેથી આ પાંચે અસમ્ભવિત હોવાથી આ કથા મતાન્તર જ છે[૮૭।।-૮૯।।]

ત્યારે દેવ પ્રકરણમાં આ કથા કેમ રહી છે? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે મતાન્તરમાં પણ જે પૂર્ણતા કરાવનાર છે તે સર્વ ભગવાને ઈન્દ્રને આપ્યું એમ જણાવવા આ કથા કહેલી છે. તેથી ઈન્દ્રના સમ્બન્ધવાળી થવાથી આ કથા દેવ પ્રકરણમાં કહેલી છે.

એવી રીતે કાલ, કર્મ અને સ્વભાવ એ સર્વનો લોપ કરનારી ઘણી કૃપા ઈન્દ્ર ઉપર ભગવાને કર્યાનું આ પ્રકરણમાં કહેલું છે. ઈન્દ્રે બૃહસ્પતિની અવજ્ઞા કરેલી. અ.૬।૭-૮ તે કર્મના ફલમાંથી તેને બચાવી, નારાયણ કવચ પ્રાપ્ત કરાવી તેને અસુરો ઉપર વિજય અપાવ્યો અ.૯।૪૨. વળી

બ્રહ્માની આજ્ઞાની (અ.૭।૨૫) અવગણના કરી તેણે વિશ્વરૂપનો વધ કર્યો (અ.૯।૪) તે કર્મનું પાપ પણ ભૂમિ, વૃક્ષો તથા સ્ત્રીઓને અપાવી તેમાંથી પણ ઈન્દ્રને ભગવાને બચાવ્યો (અ.૯।૬). વૃત્રની હત્યાના પાપમાંથી ભગવાને પોતાના ધ્યાનથી ઈન્દ્રને બચાવ્યો (અ.૧૩।૧૭). એવી રીતે ભગવાને ઈન્દ્રના કર્મોનો લોપ કર્યો. ત્વષ્ટા ઈન્દ્રને હણનાર પુત્ર ઉત્પન્ન કરવા હોમ કરતો હતો ત્યારે તેના સ્વરનો ભંગ કરાવી ભગવાને ઈન્દ્રના કાલનો લોપ કર્યો. વૈદિક કર્મ ખોટું થતું નથી. તેનું ફલ અવશ્ય ઉત્પન્ન થાય છે જ. તેથી જો ત્વષ્ટાના સ્વરનો ભંગ થયો ન હોત, તો ઈન્દ્રને હણનાર ત્વષ્ટાનો પુત્ર ઉત્પન્ન થાત. તેથી તેનો સ્વરભંગ થવાથી જ ઈન્દ્રનું મૃત્યુ થતું અટક્યું. એવી રીતે ભગવાનની કૃપાથી તેના કાલનો લોપ થયો. વળી વૃત્રાસુરના સ્વભાવનો લોપ કરી, તેના આસુરી સ્વભાવને બદલાવી નાખી, ભગવાને ઈન્દ્રને યુદ્ધમાં વિજય અપાવ્યો એમ, અ.૧૧।૧૯-૨૭ સુધીના વૃત્રનાં વચનોથી જ જણાય છે. એવી રીતે ભગવાને (ઈન્દ્રના કર્મ તથા કાલ નો અને વૃત્રાસુરના સ્વભાવનો એ) સર્વનો લોપ કરી ઈન્દ્ર ઉપર ઘણી કૃપા કરી એમ કહેલું છે. (એ રીતે ચોથાથી સત્તરમા સુધીના ચૌદ અધ્યાયોથી રૂપપ્રકરણનું નિરૂપણ થયું)[૮૯।।-૯૦।।]

ભગવાનના રૂપના ચૌદ ગુણો છે. તે દરેક ગુણવાળા રૂપનું હૃદયમાં ચિન્તન કરવાથી તે ફલ આપે છે જ. આ ચૌદ ગુણો અને તે-તે ગુણવાળા રૂપનું ફલ પણ ત્યાં કહેલ છે. તે સમ્બન્ધી હવે વિચાર (કારિકા ૮-૧૦।। સમ્બન્ધી આ વિચાર કરેલો છે) કરીએ.

૧.ભગવાન્ સ્વરૂપથી મોક્ષ આપનાર છે. દક્ષને ભગવાનના સ્વરૂપના દર્શન થયેલાં, અ.૪।૩૫, અને તેનો બીજો જન્મ થયેલ હોવાનું કહેલ નથી. તેથી તેને ભગવાને સ્વરૂપથી મોક્ષ આપ્યો એમ જણાવ્યું (યોજના).

૨.સર્વ ઈન્દ્રિયો અને અન્તઃકરણ થી જાણી શકાય તેવો ભગવદ્રસ આનન્દરૂપ છે. તે હર્યશ્વો તથા શબલાશ્વોને નારદના ઉપદેશથી પ્રાપ્ત થતાં તેઓએ સંસાર તજ્યો. દક્ષને તો આ ભગવદ્રસનો અનુભવ થયો ન હતો.

(ક)આ હર્યશ્વોએ નારાયણતીર્થનાં જલનો સ્પર્શ કરતાં તેમનાં અન્તઃકરણ નિર્મલ થયાં(અ.૫।૩,૪) અને નારદનો બોધ સમજતાં તેઓ ભગવાનના ચરણમાં અખંડ ચિત્ત રાખી લોકમાં ફરવા લાગ્યા (અ.૫।૨૨). જલનો ગુણ રસ છે, તેનો સ્પર્શ થતાં નારદનો બોધ સમજવાથી બુદ્ધિ પ્રાપ્ત થઈ અને તેથી ભગવાનના ચરણમાં ચિત્ત રાખ્યું એટલે આનન્દ પ્રાપ્ત થયો. શબલાશ્વોને પણ તેવું જ ફલ મળેલું (અ.૫।૨૫,૨૬,૩૩). ('ક' કઠિનાંશવિવેચન જણાવવા યોજેલ છે. આ કોણે લખેલ છે તે છાપેલ ગ્રન્થમાં જણાવેલ નથી. તેથી તેના લેખક કોણ છે તે જણાયેલ નથી)

૩.ભગવાન્ ગન્ધથી ભક્તિ આપનાર છે. છઠ્ઠા અધ્યાયમાં દક્ષની કન્યાઓનો વંશ કહેલ છે,

તેથી ભગવાન્ ગન્ધથી ભક્તિ આપનાર હોવાનું જણાય છે, કારણ કે સન્તાન આપનાર પ્રતિ જ સ્ત્રીઓને માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સ્નેહ (ભક્તિ) થાય છે.

(યો)છઠ્ઠા અધ્યાયમાં બધી સૃષ્ટિ કહેતાં, અન્તે વિશ્વરૂપની ઉત્પતિ કહી શ્લો.૪૪. તેનામાં કીર્તિરૂપ તથા પ્રભાવરૂપ ભગવાનની ગન્ધ હોવાનો બ્રહ્માને અનુભવ થવાથી તેમણે તેને પુરોહિત કરવા દેવોને કહેલું અને અસુરોની પુત્રીનો પુત્ર હોવા છતાં દેવોની તેનામાં ભક્તિ થઈ અને તેમણે તેને પુરોહિત બનાવ્યો.

(ક)વિશ્વરૂપમાં ભગવાનની ગન્ધ હોવાનું જણાય છે અને તેથી તે ભગવાનનો ભક્ત થયો. તેણે નારાયણ કવચનો ઈન્દ્રને ઉપદેશ કર્યો તેથી તેને વૈષ્ણવ પણ કહેલો છે એમ કારિકા ૮૫માં સ્પષ્ટ છે.

૪.ભગવાન્ સ્પર્શથી સર્વ દુઃખ હરનારા છે. અ.૭।૧૬,૧૭ માં ઈન્દ્રને ગુરુ બૃહસ્પતિને શોધવાની ચિન્તા થયાનું કહેલ છે. શ્લો.૧૫માં તેમના ચરણમાં માથું નમાવી તેમને પ્રશ્ન કરવાનો તેનો વિચાર હોવાનું કહેલું છે, તેથી એ ચિન્તા તેમના સ્પર્શ માટેની હતી. પછી બ્રહ્માએ વિશ્વરૂપને ગુરુ કરવાનો ઉપદેશ કર્યો ત્યારે દેવોની ચિન્તા દૂર થઈ (શ્લો.૨૬), ગુરુ ભગવદ્રૂપ છે, તેથી સ્પર્શથી ભગવાન્ સર્વ દુઃખ હરનારા થયા.

(યો) વિશ્વરૂશંસે દેવો ગયા અને તેમને ભેટ્યા એટલે તેમના સ્પર્શથી તેમનાં સર્વ દુઃખો ગયા તેથી જ તેઓએ તેમની પ્રાર્થના કરી તેમને ગુરુ બનાવ્યા.

(ક) બૃહસ્પતિ અદશ્ય થતાં અસુરોથી પરાજય પામેલા દેવો નમ્ર મસ્તકે બ્રહ્માને શરણ ગયા(અ.૭।૧૯), બ્રહ્માએ વિશ્વરૂપને ગુરુ કરવા કહ્યું ત્યારે તેમનાં સર્વ દુઃખો નષ્ટ થયાં(શ્લો.૨૬). બ્રહ્મા પાસે નમ્ર મસ્તકે ગયા એટલે બ્રહ્માના ચરણનો મસ્તકથી સ્પર્શ કર્યો. બ્રહ્માએ ભગવાન્ શું કરવાના છે તે જાણી તેમને વિશ્વરૂપને ગુરુ કરવાનો ઉપદેશ કરેલો (કારિકા ૫૮). તેથી બ્રહ્મામાં ભગવાનનો આવેશ હતો અને તેમના ચરણના સ્પર્શથી દેવોનાં સર્વ દુઃખ દૂર થયાં. (બ્રહ્મામાં ભગવાનનો આવેશ થાય છે. પ્રથમ સ્કન્ધ નિબન્ધ કારિકા ૬૦).

૫.ભગવાન્ નાદથી મનોહર–મન હરનારા–થાય છે. આઠમા અધ્યાયમાં નારાયણકવચ કહેલું છે. તેનું ધારણ ધ્યાનરૂપ જ છે. તેમાં ''વેણુ ધારણ કરેલા ગોવિન્દ સંગના સમય સુધી રક્ષણ કરો'' એમ કહેલું છે. (શ્લો.૨૦), તેથી ભગવાન્ નાદથી મનોહર હોવાનું જણાય છે(યો).

ભગવાનના નાદરૂપ કવચ દધીચિ પાસેથી (વિશ્વરૂપને) પ્રાપ્ત થયેલું. ભગવાનનો નાદ ત્રણ લોકનું મન હરે છે, અને તેથી દૈત્યના અંશવાળો હોવા છતાં વિશ્વરૂપ વૈષ્ણવ થયેલો(ક).

૬.ભગવાન્ યોગને લીધે પોતાનો પ્રવેશ આપનાર (કરનાર) છે. નવમા અધ્યાયમાં સ્તુતિથી પ્રસન્ન થયેલા ભગવાને ૪૮–૫૦ સુધીના શ્લોકોથી પોતાનો તથા પોતાના અનન્ય ભક્તોનો સ્વભાવ કહેલ હોવાથી તે યોગથી પોતાનો પ્રવેશ આપનાર હોવાનું સિદ્ધ થાય છે.

(ચો) દેવરૂપ મૂર્તિમતી ભક્તિ જેનાથી ભગવાન્ પ્રાપ્ત થાય તે વૃત્રના ઉદરમાં હતી. છતાં ભગવાનના નાદરૂપ કવચ ઈન્દ્ર પાસે હોવાથી તેનાથી જ અલૌકિક ભગવાનની સ્તુતિરૂપ સિદ્ધોનાં વચનો દેવોનાં હૃદયમાં સ્ફૂર્યાં. તે વચનોથી સ્તુતિ કરાયેલા ભગવાને પ્રકટ થઈ દેવો સાથે સમ્ભાષણ કર્યું. તેનાથી દેવોને પોતાની અંદર પ્રવેશ કરાવ્યો, તેઓને પોતાના કર્યાં, અને વૃત્રનો વધ કરવાનો ઉપાય જણાવ્યો. તેથી વાણીના વિષયરૂપ સમ્ભાષણ પોતાની અંદર પ્રવેશ કરાવનારું થયું.

(ક) નવમા અધ્યાયમાં ભગવાને દધીચિ પાસે તેના હાડકાં માંગવા દેવોને જણાવ્યું. આ દધીચિએ યોગ આચરેલો (અ.૧૦।૧૨) તેથી તેના હાડકાંનું વજ્ર બન્યું. તેમાં ભગવાને પ્રવેશ કરી, તેનાથી ઈન્દ્રનો વિજય કરાવેલો (અ.૯।૫૫, અ.૧૧।૨૦).

૭.ભગવાન્ દ્વેષીને મૃત્યુ કરાવી મોક્ષ આપનારા છે. રણમાં અગ્રે જવાથી મૃત્યુ થાય તે દુર્લભ છે, એમ અ.૧૦।૩૩માં કહેલું હોવાથી ભગવાન્ દ્વેષીનું મૃત્યુ કરાવી તેને મોક્ષ આપનારા છે. અથવા દેવોનો દ્વેષ કરેલ હોવાથી ભગવાનના દ્વેષી બનેલ વિશ્વરૂપનું મૃત્યુ કરાવી તેને ભગવાને મોક્ષ આપ્યો.

(ચો) દશમા અધ્યાયમાં હાથની ક્રિયારૂપ યુદ્ધનું કારણ દ્વેષ હોવાથી, યુદ્ધ કરવા ભગવાન્ દ્વેષી હોવાનું (અસુરો) વિચારે ત્યારે ભગવાન્ પણ તેઓની સાથે યુદ્ધ કરી તેમનું મૃત્યુ કરાવી તેમને મોક્ષ આપે છે કે જેથી તેઓ ફરી કાલથી ગ્રસ્ત થાય નહિ. સેવામાં તો હાથની ક્રિયા પરસ્પર થતી નથી, તેથી કર્મેન્દ્રિયોની ભગવાન્ સાથે પરસ્પર ક્રિયા થાય તે માટે યુદ્ધનાં કારણરૂપ દ્વેષ કહેલો છે. વૃત્ર તેના સૈનિકોને જે વાક્ય કહે છે તેમાં આ સ્પષ્ટ છે.

(ક) યુદ્ધમાં ભગવાને ઈન્દ્રને પોતાને હણવા પ્રેરણા કરેલી છે એવી વૃત્રની માન્યતા (અ.૧૧।૨૦) એ ભગવાન્ પ્રતિ દ્વેષ ગણાય. આવા દ્વેષીનું ભગવાન્ મૃત્યુ કરાવી તેને મોક્ષ આપે છે. (અ.૧૨।૩૩-૩૫)

૮.ભગવાન્ સ્વામી જાણનારને સર્વ સુખ આપનારા છે. અ.૧૧।૨૧થી૨૭ શ્લોકોથી ભગવાન્ સ્વામી જાણનારને સુખ આપનાર હોવાનું સિદ્ધ થાયછે.

(ચો) વૃત્રમાં મૂર્તિમતી ભક્તિ હતી, અને તેથી તે ભગવાનને પોતાના સ્વામી જાણતો, અને પોતાને સ્ત્રી માનતો, અને આવી માન્યતાને લીધે પરસ્પર ઉપસ્થઈન્દ્રિયનો ભોગ (ઈચ્છતો). આમ હોવાથી જેમ પતિ; પત્નીને સુખ આપે છે, તેમ ભગવાન્ પોતાનું સર્વ સુખ ભકતને આપે છે. આ વૃત્રચતુઃશ્લોકીમાં સ્પષ્ટ છે.

(ક) ઈન્દ્રે અશ્વમેધ કર્યો, ત્યારે તેણે ભગવાનનું પૂજન કરેલું (અ.૧૩, ૧૯) એટલે તેમને સ્વામી માનેલા. તેથી ભગવાને તેને સર્વ સુખ આપેલું (અ.૧૩।૨૦,૨૧, અ.૧૨।૩૪).

૯.ભગવાન્ (પોતાને) હલકા માનનારને દુઃખ આપનારા છે. બારમા અધ્યાયમાં ઈન્દ્રે વૃત્રને પોતાથી હલકો માન્યો (શ્લો.૩) અને વૃત્રે ભોગળનો પ્રહાર કરી ઈન્દ્રના હાથમાંથી વજ્ર પાડી

નાખ્યું ત્યારે તેને પોતાથી હલકો માન્યો (શ્લો.૪). તેથી તે બન્ને પોતાથી બીજાને હલકા માનતા હોવાથી બન્નેને ભગવાન્ દુઃખ આપનારા થયા.

(યો) વૃત્રે ઈન્દ્રને પોતાનું જ્ઞાન ભક્તિ અને બલ સર્વ જણાવ્યાં, અને તેણે વૃત્રની સ્તુતિ કરી, તેથી તે સર્વ જાણ્યું છતાં પોતાનો વિજય કરવા અને ઈન્દ્રનું સ્થાન પાછું મેળવવા તેણે યુદ્ધ જ કર્યું પરન્તુ વૃત્રને ભક્ત જાણી ભગવાનની પ્રીતિ પ્રાપ્ત કરવા તેનો આશ્રય કર્યો નહિ. જો તેનો આશ્રય કર્યો હોત તો તરત ભગવાનની પ્રાપ્તિ થાત અને પ્રયાસ વિના જ સર્વ સુખ પ્રાપ્ત થાત. તેમ કર્યું તેથી હીનભાવથી પ્રભુનો ત્યાગ કર્યો એમ થયું. તેથી ભગવાને પણ તેનો ત્યાગ કરતાં તેને આધિદૈવિક વૃત્રહત્યાનું પાપ થયું.

(ક) ઈન્દ્રનું વજ્ર ભગવાનના તેજથી તીક્ષ્ણ થયેલ હોવાનું વૃત્ર જાણતો હોવા છતાં (અ.૧૧-૨૦) તેણે ઈન્દ્ર સાથે યુદ્ધ કર્યું. એ તેણે ભગવાનને હલકા માન્યા. તેથી તેના વજ્રથી હાથકપાયા, પેટ ચીરાયું (અ.૧૨।૩,૨૫,૩૨) વગેરે દુઃખ તેને થયું.

૧૦.ભગવાન્ કેવલ (સત્યસ્વરૂપ)નું ધ્યાન કરનારને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા છે. સત્યસ્વરૂપનું ધ્યાન તે કેવલનું ધ્યાન છે. તેથી કેવલના ધ્યાનથી ભગવાન્ સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવનારા છે (યો).

પૂર્વ દિશામાં કમલમાં રહેનારી લક્ષ્મી રહેલાં છે અને તેમનો ભોગ કરવા ભગવાન્ પણ પાર્ષદો વિના કેવલ (એકલા) રહેલા છે. વૃત્રહત્યાથી ભય પામેલો ઈન્દ્ર બધે ફરતાં, ક્યાંય શરણ ન મળવાથી માનસરોવરમાં જાય છે (અ.૧૩।૧૪). ભગવાન્ પોતાના સ્વભાવ પ્રમાણે તેની સામા પધારે છે. 'ઋતમ્ભર (સત્યસ્વરૂપ)નાં ધ્યાનથી જેનું પાપ દૂર થયેલું છે' (અ.૧૩-૧૭)થી આ અર્થ કહેલ છે. ગયા (બારમા) અધ્યાયમાં ઈન્દ્રને ભગવાન્ હલકા હોવાની બુદ્ધિ થયેલી હોવા છતાં, તેની હવે ફરી ઉત્તમ બુદ્ધિ થઈ, અને તેથી કેવલ (ભગવાન્) પાસે ગયો. ભગવાને તેને સર્વ પુરુષાર્થ પ્રાપ્ત કરાવ્યા, ધ્યાનથી ભક્તિ આપી, વૃત્રના વધ (નાં પાપ)થી છોડાવ્યો, યજ્ઞ કરાવી ધર્મ પ્રાપ્ત કરાવ્યો, મહેન્દ્ર બનાવી અર્થ આપ્યો અને કામ આપ્યો.(ક)

૧૧.ભગવાન્ પોતાનું જ્ઞાન પ્રાપ્ત કરનારને યોગ પ્રાપ્ત કરાવનારા છે. 'મિતઃ' એટલે માપેલા ભગવાન્ યોગ પ્રાપ્ત કરાવનારા છે. જો કે ભગવાન્ તથા તેમનો આનન્દ અનન્ત હોવાથી તેમનાં માપ થઈ શકે તેમ નથી, છતાં પણ બુદ્ધિથી તેમના સિવાયના બધાનાં માપ કરી, ભગવાન્ અને તેમનો આનન્દ તે સર્વથી ઉત્તમ અને હદવિનાના છે એમ જેઓ નિશ્ચયાત્મક બુદ્ધિથી જાણે તેમણે ભગવાનને માપેલા કહેવાય, તેવાઓને ભગવાન્ હરકોઈ પ્રકારે સમ્ભાષણ વગેરેનો યોગ(સમ્બન્ધ) કરાવે છે. ચૌદમા અધ્યાયમાં ચિત્રકેતુથી તેવું થઈ શક્યું નથી એમ કહી, જણાવેલ છે. અંગિરા ઉપદેશ કરવા આવ્યા ત્યારે તેણે પોતાને પુત્ર ન હોવાથી સમ્પત્તિથી સુખ થતું નથી એમ જણાવ્યું, અને તેના પુત્રે તે પોતે અને તેના પૂર્વજો પરલોકમાં ગયેલ હોવાનું કહ્યું, ત્યારે તેણે જાણ્યું કે પરલોક જ સર્વથી ઉત્તમ અને ઘણું સુખ આપનારો છે. ભગવાન્‌માં તેવું ન હોવાથી તેને

ઉપદેશ પ્રાપ્ત ન થયો, તે ભગવાન્‌થી વિખૂટો રહ્યો અને ઘણો દુઃખી થયો (ક). નારદે ચિત્રકેતુને વિદ્યાનો ઉપદેશ કર્યો (અ.૧૬,૧૭) તેમાં ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરેલું છે(શ્લો.૨૧). તે વિદ્યા તેણે ધારણ કરી (શ્લો.૨૭) તેથી તેને ભગવાન્ શેષ સાથે યોગ (સમ્બન્ધ) પ્રાપ્ત થયો(શ્લો.૨૯), ભગવાનનું સ્વરૂપ જાણવાથી, તેમનું જ્ઞાન થતાં તેને ભગવાન્ સાથે યોગ પ્રાપ્ત થયો. શેષમાં પણ ભગવાનનો આવેશ થાય છે. (પ્રથમ સ્કન્ધ નિબન્ધ-કારિકા ૬૦)

૧૨.ભગવાન્ પોતાને જુદા જાણનારનું મૃત્યુ કરાવનારા છે. 'ભિન્નઃ' એટલે જુદા કરેલા, આ અહંકારનું કાર્ય અને વિષય છે, કારણ કે અહંકાર; એક-સર્વરૂપ-બીજારહિત-આત્મરૂપ ભગવાનને જુદા કરી જીવને (તેમનાથી) છૂટો પાડે છે. પછી હુંપદથી છૂટો પડેલો જીવ મમતાવડે જડને પણ ભગવાન્‌થી છૂટું પાડે છે. તેથી જુદાં તરીકે જાણવું એ જ છૂટા પડવું (જુદા થવું). પછી ભગવાન્ પણ બધાએ રૂપોથી છૂટા પડવાનું ફલ દુઃખ જ આપે છે. તેમાં જડ અને જીવ ના રૂપોથી દુઃખરૂપ; શોક મોહ અને ભય કરાવે છે. અને મૂલરૂપથી પોતાનું કાલસ્વરૂપ કરી મૃત્યુ કરાવે છે. તેથી જ આ અધ્યાયમાં સર્વને શોક મોહ અને ભય રૂપ દુઃખ આપનારા કહીને પછી ''દ્વૈત ઉપર સત્ય પદાર્થ હોવારૂપ વિશ્વાસ તજ'' (અ.૧૫।૨૬) એમ કહેલું છે. પછી ભગવાને પોતાથી છૂટા ન પડે તે માટે આ સંસારના દુઃખના કારણરૂપ અહંકારનો નાશ થાય તે માટે, અહંકારના આધિદૈવિક સંકર્ષણની ઉપાસના કરવાનું કહેલ છે, કારણ કે તેમની ઉપાસના કરવાથી તેમનામાં લીન થયેલો અહંકાર કોઈ પણ સમયે બહાર નીકળે નહિ. તેથી સર્વ સ્થળે અહંકારને જ બંધન કરાવનાર કહેલો છે.

(ક) શંકરમાં પણ ભગવાનનો આવેશ થાય છે (પ્રથમ સ્કન્ધ નિબન્ધ કારિકા ૬૩). તેમને પોતાથી જુદા જાણી ચિત્રકેતુએ તેમની હાંસી કરી (અ.૧૭।૬-૮), તેથી તે પાર્વતીના શાપથી મૃત્યુ પામી વૃત્ર થઈ અવતર્યો. (અ.૧૭।૧૫,૩૮).

૧૩.યોગ્ય સ્થિતિમાં રહેલા ભગવાન્ જ્ઞાન આપનારા છે. સોળમા અધ્યાયમાં નારદે પોતાના યોગબલથી બોલાવેલ ચિત્રકેતુનો પુત્ર જેવી સ્થિતિમાં રહેલ તેવી સ્થિતિમાં આવ્યો, અને તેણે શ્લો.૪-૭ સુધીમાં બંધનવાળી સ્થિતિમાં રહેલા જીવનાં સ્વરૂપનું અને શ્લો.૮-૧૧માં યોગ્ય સ્થિતિમાં રહેલા જીવનાં સ્વરૂપનું જ્ઞાન આપ્યું. પછી નારદે શીખવેલી વિદ્યાથી ચિત્રકેતુ વિદ્યાધરોનો અધિપતિ થયો અને શેષ સમીપ ગયો, અને ત્યાં રહેવાના પ્રભાવથી જ તેને સ્તુતિ કરવાનું જ્ઞાન પ્રાપ્ત થયું છતાં ગુરુનો ઉપદેશ ન થાય ત્યાં સુધી જ્ઞાન સ્થિર ન થાય, તેથી શેષે ઉપદેશ કર્યો. શ્લો.૫૧માં જણાવ્યા પ્રમાણે શબ્દબ્રહ્મ એટલે વેદરૂપ શેષ; અર્થરૂપ પરબ્રહ્મ સાથે સદાના સમ્બન્ધવાળો હોવાથી, તેમણે જેવી સ્થિતિમાં રહેલા હતા તેવી સ્થિતિમાંજ પરબ્રહ્મના યથાર્થ સ્વરૂપનો બોધ આપ્યો, અને તે જ્ઞાન; ભક્તિ પ્રાપ્ત કરાવનારું હોવાથી શ્લો.૬૨ કહ્યો. પુરુષોત્તમ પરમાનંદરૂપ હોઈ પરમફલ છે એમ જણાવવા શ્લો.૬૩ કહ્યો. તેથી જ પછી ચિત્રકેતુને પરમફલરૂપ ભક્તિ પ્રાપ્ત થઈ. તેથી આ અધ્યાયનો એવો ભાવાર્થ છે કે નારદના ઉપદેશથી ચિત્રકેતુએ

અહંકારનો ત્યાગ કરી અભિન્ન-અદ્વિતીય-સર્વરૂપ-આત્મસ્વરૂપ ભગવાન્‌માં ચિત્ત પરોવ્યું, એટલે તેમણે સ્વરૂપ પ્રાપ્ત કરાવનારી ભક્તિ ઉત્પન્ન કરે તેવું જ્ઞાન સંકર્ષણદ્વારા ચિત્રકેતુને આપ્યું.

(ક) જેવી સ્થિતિમાં સંકર્ષણ રહેલા (અ.૧૬।૩૦)તેવી સ્થિતિમાં રહેલાએ જ તેમણે ચિત્રકેતુને જ્ઞાન આપ્યું. (અ.૧૬।૫૦-૬૪).

૧૪.ભગવાન્ સ્નેહથી ખરેખર વશ થનારા છે. સ્નેહ મનનો વિષય છે અને એકધારી મનની ગતિરૂપ ભક્તિ જ સ્નેહ છે, અને તેનાથી ભગવાન્ ચોક્કસ વશ થઈ રહે છે. અનન્ત (શેષ)ના ઉપદેશથી ચિત્રકેતુને ભક્તિ પ્રાપ્ત થઈ એમ જણાવવા આ અધ્યાયમાં તેની પહેલાંની ભોગમાં આસક્તિ દર્શાવનારી વિમાનમાં ગતિ; શ્લો.૨માં કહી, અને શ્લો.૩માં હરિના ગુણોમાં ગાનરૂપ ભક્તિ કહી. છતાં મેં સાધનનાં બલથી આ પ્રાપ્ત કરેલ છે એવો જીવનો પોતાની સરસાઈ માનવાનો સ્વભાવ રહેવાથી, તેને દીનતાવાળી ભક્તિ પ્રાપ્ત થયેલી ન હોવાથી તેને પરમફલ પ્રાપ્ત ન થયું અને વિદ્યાધરપણામાં આસક્તિ રહી. આ ભક્તમાટે યોગ્ય નથી. તેથી તેને દીનતા પ્રાપ્ત કરાવવા ભગવાને જ શાપ અપાવ્યો. અહીં શિવની તેણે અવજ્ઞા કરી તે તેનું ભક્ત હોવાનું અભિમાન જણાવે છે. શ્લો.૧૦માં શુકે કહેલાં તેનાં ચાર વિશેષણો તેના સ્વભાવનો દોષ; જેના લીધે તેને શાપ થયો તે જણાવે છે. શિવની અવજ્ઞાથી પાર્વતીને રોષ થયો અને તેમણે તેને શાપ આપ્યો, તેથી તેને દીનતા પ્રાપ્ત થઈ અને સ્વભાવનો દોષ ગયો, એમ તેનાં પાર્વતી પ્રતિનાં વચનોથી જણાય છે. ભક્તનું અને ભક્તિનું માહાત્મ્ય શિવે પાર્વતીને કહેલાં વચનોથી જણાવેલું છે. ચિત્રકેતુને આસુરયોનિ પ્રાપ્ત થવા છતાં ભક્તિ ચાલુ રહી. તેથી શાપથી તેને લાભ જ થયો એમ વૃત્રચતુઃશ્લોકી ઉપરથી જણાય છે. વૃત્રે આસુર દેહનો ત્યાગ કર્યો ત્યારે ભગવાન્ તેની પાસે રહેલા, એ એમ જણાવે છે કે ભગવાન્ તેને વશ થયેલા. વળી સર્વ દેખતાં ભગવાને તેને પોતાની અંદર પ્રવેશ કરાવ્યો (અ.૧૨।૩૫). આથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્‌માં મન પરોવવું તે ધ્યાન, અને આ ચોથાથી સત્તરમા સુધીના ચૌદ અધ્યાયોનું ધ્યાન પ્રકરણ છે.

(ક) અ.૧૧।૨૪-૨૭ થી એમ સિદ્ધ થાય છે કે વૃત્રને ભગવાન્ ઉપર સ્નેહ હતો, અને અ.૧૨।૩૫ ઉપરથી ભગવાન્ તેને વશ થઈ રહેલ હોવાનું સિદ્ધ થાય છે*.

(*આ ભગવાનનું ચૌદ ગુણોવાળું રૂપ જુદુ-જુદુ ફલ આપનાર હોવાનું કહેલ છે. તે દરેક ગુણવાળું રૂપ કેવી રીતે જુદુ-જુદુ ફલ આપે છે તે શોધવું ઘણું કઠણ છે. આચાર્યશ્રીની અથવા શ્રીવિઠ્ઠલ પ્રભુની ટીકા નથી. યોજનામાં તથા કઠિનાંશ વિવેચનમાં જે જણાવેલ છે તેના ભાવાર્થ આપ્યા છે. યોજનામાં જણાવેલ છે તે તો ઘણા સ્થળે બરાબર હોવાનું જણાતું નથી. કઠિનાંશ વિવેચન નીચે કેટલાકમાં ટૂંકી નોંધ કરી છે તે મેં કરેલી છે. આમાં અધ્યાયનો અને તે-તે ગુણવાળું રૂપ તે ફલ આપનારું હોવાનું જણાવવાનો અનુક્રમ સચવાયેલો નથી. કઠિનાંશ વિવેચનમાં તે અનુક્રમ સચવાયેલો છે, પણ કેટલેક ઠેકાણે તાણીતૂશીને અર્થ કર્યા હોય તેમ જણાય છે. તેથી જેને જે રુચે તે પ્રમાણે તેમણે આ વિષયમાં પોતાનો નિર્ણય કરવો.)

**પ્રકરણ ત્રીજું-દૈત્યો ઉપર પુષ્ટિઃ**

હવે (કાલ કર્મ અને સ્વભાવ એ) સર્વનો લોપ કરનારી ભગવાનની કૃપા દૈત્યો ઉપર થવાનું

આ ત્રીજા પ્રકરણમાં કહે છે. (દિતિના પુત્રો મરુતોના સમ્બન્ધમાં ભગવાને કાલ કર્મ અને સ્વભાવ એ ત્રણેનો લોપ કર્યો એમ આ પ્રકરણમાં જણાવશે). તેમાં પણ ભગવાન્ ઈન્દ્ર ઉપર કૃપા કરે છે, કારણ કે આ પ્રકરણમાં પણ ઈન્દ્રનું મૃત્યુ થતાં ભગવાન્ અટકાવે છે. (દેવો અને દૈત્યો બન્ને) વિરુદ્ધ પક્ષવાળાઓ ઉપર પણ ભગવાન્ કૃપા કરવાની શક્તિવાળા છે એમ આ પ્રસંગથી જણાવેલ છે. ભગવાનનું અલૌકિક સામર્થ્ય જણાવવા આ છેલ્લાં બે પ્રકરણો કહેલાં છે[૯૦ાા-૯૨]

**અધ્યાય ૧૮:**

દિતિનો પતિ કશ્યપ અગ્નિરૂપ હતો. (નારી ઘીના ઘડા જેવી હોવાથી તેનો સમ્બન્ધ થતાં તેને ખળભળાટ થયો તેથી તે અગ્નિ જેવો હતો) (આમ યોજનામાં કહેલું છે, પરન્તુ આ સર્વ પુરુષોને લાગુ પડે છે. નારીના સમ્બન્ધમાં આવતાં પુરુષ પોતે કૃશ થાય છે એમ જણાવવા આ શ્લોક કહેલ જણાય છે.) તે જ્ઞાની હોવાથી તેણે પોતાના ઓગણપચાસ પ્રકારના બધા વીર્યનું (દિતિમાં) સ્થાપન કર્યું. તે જ્ઞાની હોવાથી સન્તાન ઉપર ભગવાનની કૃપા થશે એમ જાણતો હોવાથી તેણે તેમ કર્યું.

ભગવાનની સન્તાન ઉપર કૃપા થવાની હતી ત્યારે તે ગર્ભ ઈન્દ્રથી કેમ કપાયો? એવો પ્રશ્ન થાય તો જાણવું કે કશ્યપની પ્રસન્નતા, અપ્રસન્નતા અને તે બેનું મિશ્રણ એવા ત્રણ ગુણોના ભેદથી (તેણે વીર્યનું સ્થાન કરેલ હોવાથી, છ ગુણો અને ગુણી એવા સાત ભેદોથી) સાત મૂર્તિવાળા શ્રીકૃષ્ણ (એ ત્રણે કશ્યપના ગુણોમાં) સાત થઈ, તે દરેક સાત થયા, એટલે (૭×૭=૪૯) ઓગણપચાસ મરુતો થયા.

ત્યારે કશ્યપની પ્રસન્નતા વગેરે ત્રણે ગુણોમાં ભગવાને રહેવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે કશ્યપ પ્રસન્ન થયેલ હોવાથી અ.૧૮।૩૩ થી ૩૬ તેને ઘણાં સન્તાનો થયાં. તે અપ્રસન્ન થવાથી એટલે તેને ક્રોધ થવાથી દિતિએ ઇચ્છેલી સ્થિતિ (એટલે ઈન્દ્રને હણનાર પુત્ર) પ્રાપ્ત થઈ નહિ, એ પ્રસન્નતા અને અપ્રસન્નતા એ બંનેનાં મિશ્રણને લીધે ઈન્દ્રના મદનો નાશ કરવાનું મન (ઓગણપચાસ મરુતો સાથે ઈન્દ્ર ભળી) એક અધિક થતાં, કાંઈક ઓછું થયું. (આ એ મિશ્રણમાં ભગવાન્ રહેલા હોવાથી થયું. તેથી કશ્યપની એ ત્રણે સ્થિતિમાં ભગવાન્ રહેલા[૯૩-૯૫]

ઈન્દ્રનો વધ કરવાનો દિતિનો આગ્રહ તો ઈન્દ્રે તેની સેવા કરી તેથી ઘણા ભાગે જતો રહ્યો.

આ પુષ્ટિના સ્કન્ધમાં સૃષ્ટિનું વર્ણન કરવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય તો જાણવું કે પુષ્ટિરૂપ જે સૃષ્ટિ છે તે સાધારણ જણાવા છતાં ઉત્તમ ગુણવાળી છે. તેથી બીજી સૃષ્ટિમાં પુષ્ટિ નથી એમ જણાવવા શુકે આ સૃષ્ટિ અહીં કહેલી છે, અને તેથી જ શુકે પરીક્ષિતના આ સૃષ્ટિ

સમ્બન્ધી પ્રશ્નનું અભિનન્દન કરેલું છે (અ.૧૮।૨૨)[૯૬-૯૬।।]

**અધ્યાય ૧૯:**

વ્રત કરનારને ભગવાનનું પૂજન કરવું એ મુખ્ય કાર્ય હોય છે, તેથી આ પ્રકરણના અન્તે અધ્યાય ઓગણીસમાં વ્રતની કથા સારી રીતે કહેલી છે [૯૬।।-૯૭]

આચાર્યશ્રીના મત પ્રમાણે ભગવાનની સર્વ લીલાઓનો પુષ્ટિમાં પ્રવેશ થાય છે. તેથી સર્વ સૃષ્ટિ શ્રીકૃષ્ણ માટે જ કરવામાં આવેલી છે એવો નિશ્ચય છે. (ભગવાનની કૃપાથી જ દ્રવ્ય કર્મ વગેરે સર્વ નભે છે ૨।૧૦।૧૨. તેથી સર્વ સૃષ્ટિ શ્રીકૃષ્ણ માટે જ કરેલી છે એમાં કાંઈ સંશય નથી). તેથી ભક્તિથી ભગવાનનો આશ્રય કરવાથી આપણા સર્વ કાર્યો સિદ્ધ થાય છે, (કારણ કે આશ્રય ભગવદ્રૂપ છે અને ભગવાનની મુખ્ય લીલા છે)[૯૭-૯૮।।]

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી.
ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય
ભગવત્સેવાનો બીજો કોઈ **(જાહેરમન્દિર-હવેલીમાં)**
સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી. તેથી ભગવત્સેવા કરવામાટે
અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી
**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

**... શ્રીભાગવતમાદરાત્। પઠનીયં પ્રયત્નેન નિર્હેતુકમદમ્ભતઃ।।**
કોઈ પણ લૌકિક(પૈસા-ટકા કમાવવા, ફંડ-ફાળા)-પારલૌકિક (મૃતકનો ઉદ્ધાર, પિતૃદોષનું નિવારણ) હેતુ કે ઢોંગ વિના આદર પૂર્વક પ્રયત્ન પૂર્વક જાતેજ, શ્રીભાગવતનો પાઠ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

# સ્કન્ધ સાતમો-ઊતિ

**સ્કન્ધનો અર્થ:**

ગયા છઠ્ઠા સ્કન્ધમાં ત્રણ પ્રકારની પુષ્ટિનું વર્ણન કર્યું. (મનુષ્ય ઉપર, દેવો ઉપર અને દૈત્યો ઉપરની ભગવાનની કૃપાનું નિરૂપણ કર્યું. અથવા અજામિલનાં કર્મનો, ઈન્દ્રના મૃત્યુનો અને મરુતોના સ્વભાવનો લોપ કરનારી ત્રણ પ્રકારની પુષ્ટિનું વર્ણન કર્યું. જેઓને દુઃખ થયું; તે યમદૂત, વિશ્વરૂપ, દધીચિ, વૃત્ર વગેરેનું પણ કલ્યાણ કરનારી પુષ્ટિ છે એમ સૂક્ષ્મ રીતે વિચાર કરી દર્શાવ્યું). વળી દુઃખનો નાશ તથા આ લોકનું અને પરલોકનું એમ બે પ્રકારનાં સુખનું પણ નિરૂપણ કર્યું. ત્યાર પછી સાતમા સ્કન્ધમાં ૧૫ અધ્યાયોથી ઊતિનું નિરૂપણ કરવામાં આવે છે.

ભગવાન્ કોઈના ઉપર કૃપા(પુષ્ટિ) કરે, તેનો તેમણે પક્ષપાત કરેલો ગણાય. પુષ્ટિમાં એ પક્ષપાતરૂપ દોષ ભગવાન્ ઉપર આવે તે દૂર કરવા ઊતિલીલાનું વર્ણન કરવામાં આવે છે. પુષ્ટિમાં ભગવાન્ ઉપર પક્ષપાતી હોવાનો દોષ જણાય છે, કારણ કે ભગવાનને દેવો ઉપર પ્રેમ તથા દૈત્ય ઉપર દ્વેષ ન હોવા છતાં તે પક્ષપાત કરે છે એમ જણાય, તેથી ભગવાન્માં એવો દોષ નથી એમ જણાવવા આ સ્કન્ધમાં ભગવાને રચેલી વાસનાઓનું નિરૂપણ કરવામાં આવે છે. (વાસના પરમ્પરારૂપ હોઈ, અમુક પ્રકારના વંશરૂપ છે, અને વંશનું લક્ષણ ૧૨।૭।૧૬ માં આપેલું છે. તે લક્ષણમાં એમ જણાવેલું છે કે બ્રહ્મ એટલે પરબ્રહ્મ અથવા બ્રહ્માથી ઉત્પન્ન થયેલી પ્રીતિ ઉત્પન્ન કરનારી ત્રણે કાલમાં રહેનારી પરમ્પરા તે વંશ. આ લક્ષણ વાસનાને અને ઊતિને બન્નેને લાગુ પડતું હોવાથી ઊતિનો અધિક ગુણ અલૌકિકપણું દર્શાવવા ઊતિને ''ભગવાને રચેલી'' કહેલી છે.) તેથી ભગવાને રચેલી વાસના અથવા ઊતિનું આ સાતમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું છે (એ આ સ્કન્ધનો અર્થ કહ્યો) [૧-૩]

**પ્રકરણો અને અધ્યાયો:**

આધ્યાત્મિક આધિભૌતિક અને આધિદૈવિક એ વિભાગ પ્રમાણે કર્મ ત્રણ પ્રકારનું છે. વળી કર્મ પાંચ (અવિદ્યાના પાંચ વિભાગોથી થતું, અને અધિષ્ઠાન વગેરે પાંચથી ઉત્પન્ન થતું (યોજના). પાંચ યજ્ઞો હોવાથી પાંચ કર્મ કહેલ હશે, (સર્વનિર્ણય શ્લો.૧-૨). નૈયાયિકો ઊંચે ફેંકવું, નીચે નાખવું, સંકોચવું, વિસ્તારવું અને જવું. એવાં પાંચ કર્મ હોવાનું કહે છે) છે. તેથી (૩ X ૫=૧૫) પંદર અધ્યાયોથી વાસનાઓનું નિરૂપણ કરેલું છે. વાસનાઓ કર્મથી જ થાય છે (૨।૧૦।૪ માં ''કર્મથી થયેલી વાસનાઓ એ ઊતિ'' એવું ઊતિનું લક્ષણ આપેલું છે, તેમાં પણ વાસનાઓ કર્મથી થતી હોવાનું કહેલું છે), અને કર્મથી જુદી છે. તે કર્મથી થતી હોવાથી અને કર્મ પંદર પ્રકારનું થતું હોવાથી, વાસનાઓનું નિરૂપણ પંદર અધ્યાયોથી કરેલું છે. (વાસનાઓ પુષ્ટિની સહાયક છે કારણ કે) ભગવાન્ પોતાની પુષ્ટિલીલાથી પણ જે-જે કાર્યો કરે છે, તે કાર્ય તેવા જ પ્રકારે થાય તે, જીવો વાસનાઓને વશ

હોવાથી તેમને પ્રિય હોય છે એ સ્પષ્ટ છે. (તેથી ભગવાન્ જે કાંઈ કરે છે તે જીવોને પણ પ્રિય હોય છે એમ વાસનાઓ જણાવતી હોવાથી, તે પુષ્ટિની સહાયક છે)[૪-૫।।]

જીવમાં રહેલી વાસના સૂક્ષ્મ હોય છે. જીવનો દેહમાં સમાવેશ થાય, એટલે જીવ દેહમાં પ્રવેશ કરે ત્યારે વાસના મધ્યમ પ્રકારની થાય છે. આ મધ્યમ વાસના જડ અને જીવ ના જોડાણરૂપ છે અને અભિમાનથી ઉત્પન્ન થાય છે. આ સૂક્ષ્મ અને મધ્યમ એ બન્ને પ્રકારની વાસનાઓ જીવના સમ્બન્ધવાળી છે. ત્રીજી કર્મથી વાસના થાય છે. તે મનમાં થાય છે, અથવા મનના સમ્બન્ધવાળી છે. જીવના સમ્બન્ધવાળી વાસના દેવો અને દૈત્યો (સર્વ)નું હિત કરવાની ઈચ્છાથી ભગવાને રચેલી જાણવી. આ જીવને દેવ બનાવીને, અને આ બીજા જીવને દૈત્ય બનાવીને હું બન્નેનું હિત આવી રીતે કરીશ, એવી ભગવાનની ઈચ્છાથી જ્યારે જીવો પરબ્રહ્મમાંથી છૂટા પડે ત્યારે જે વાસના ભગવાને રચેલી હોય તે જીવમાં રહેલી 'સૂક્ષ્મ' વાસના જાણવી અને તે વાસના જીવને સૂક્ષ્મ દેહમાં પ્રવેશ કરાવનારી છે. પછી તે વાસનાથી જીવ (દેવના અથવા દૈત્યના દેહને) પોતાનો જાણે ત્યારે તે દેવ અથવા દૈત્ય ના સ્થૂલ દેહમાં અભિમાન રાખનારો તે જીવ તે દેહમાં પ્રવેશ કરે છે. (આ મધ્યમ વાસના પણ જીવના જ સમ્બન્ધવાળી છે). એ રીતે બન્ને વાસનાઓનો સમ્બન્ધ થાય ત્યારે જ સાત્ત્વિક વગેરે પ્રકારનાં કર્મ કરવાની જીવમાં શક્તિ આવે છે, એવો આચાર્યશ્રીનો મત છે. આમ હોવાથી જીવો વાસનાઓને વશ છે એમ જાણીને ભગવાને તેઓનું હિત કરવા પુષ્ટિમાર્ગ કરેલો છે. (જો ભગવાન્ એકનું કલ્યાણ કરે અને બીજાનું અનિષ્ટ કરે, તો તેમનામાં પક્ષપાતી હોવાનો દોષ જણાય, પરન્તુ જીવોની વાસના પ્રમાણે કલ્યાણ વગેરે કરે તો તેમનામાં એ દોષ રહેતો નથી બ્રહ્મસૂત્ર ૨।૧।૩૪માં પણ આજ સિદ્ધ કરેલું છે. વળી જે દૈત્યોને ભગવાન્ હણે છે તેમને પણ મુક્તિ આપે છે એટલે તેમનું પણ હિત જ કરે છે. તેથી ભગવાન્ પક્ષપાતી હોવાનું તો બહિર્મુખોને જ જણાય છે. તેથી પુષ્ટિ અને ઊતિ એક-બીજાના સહાયક છે અને પુષ્ટિમાં દોષ જણાય તે ઊતિથી દૂર થાય છે. આ જ; પહેલા અધ્યાયના આરંભમાં પરીક્ષિતે કરેલા પ્રશ્નથી તથા શ્રીશુકે આપેલા તેના ઉત્તરથી સિદ્ધ થાય છે)[૫।।-૮।।]

આ પંદર અધ્યાયોના દરેક પાંચ-પાંચના એવાં ત્રણ પ્રકરણો છે (સૂક્ષ્મ, મધ્યમ અને બહારની અથવા કર્મના સમ્બન્ધવાળી એવા વાસનાના ત્રણ પ્રકારના ભેદથી આ ત્રણ પ્રકરણો કહેલાં છે.) પહેલાં અને બીજા પ્રકરણમાં દૈત્યના અંશ તરીકે અને દેવના અંશ તરીકે પિતા હિરણ્યકશિપુ અને તેનો પુત્ર પ્રહ્લાદ અનુક્રમે જણાવેલા છે, અને આ (બન્ને વાસનાઓ) કર્મથી જ થાય છે એમ જણાવવા ત્રીજા પ્રકરણમાં કર્મનું નિરૂપણ કરેલું છે. (હિરણ્કશિપુ દૈત્યનો અંશ હતો એમ ૩।૧૭।૧૬ ઉપરથી અને પ્રહ્લાદ દેવનો અંશ હતો એમ ૧૦।૮૨।૪૭ તથા ૪૮ ઉપરથી સિદ્ધ થાય છે)[૮।।-૧૦]

આ સ્કન્ધમાં (દેવ, દૈત્ય અને મનુષ્ય એ) ત્રણેના આવેશવાળો નારદ વક્તા છે. (તેનામાં

દૈત્યનો આવેશ થયેલો એમ ૭।૧૫।૬૯ તથા ૭૦ ઉપરથી સિદ્ધ થાય છે, કારણ કે તેના ગન્ધર્વ જન્મમાં નારદ લંપટ થયેલ હોવાનું કહેલ છે અને ૩।૨૦।૨૩ પ્રમાણે લંપટપણું દૈત્યોનો કુદરતી ગુણ છે.) જ્ઞાની ભક્ત અને કર્મ (યજ્ઞ) કરનાર યુધિષ્ઠિરને આ સ્કન્ધમાં શ્રોતા જણાવેલો છે, (ત્રણેના આવેશવાળો હોવાથી નારદ ત્રણે પ્રકારની વાસનાવાળો હોવાથી વક્તા તરીકે, અને યુધિષ્ઠિર જ્ઞાન વગેરે ત્રણે ગુણવાળો હોવાથી શ્રોતા તરીકે આ સ્કન્ધમાં યોગ્ય છે)[૧૧]

**પહેલા પ્રકરણનો અર્થઃ**

પહેલા પ્રકરણમાં દૈત્ય હિરણ્યકશિપુના પાંચ કર્મોનું નિરૂપણ કરેલું છે. કર્મો લૌક્કિ તથા અલૌક્કિ બે પ્રકારનાં છે. તેમાં લૌકિક કૃત્ય બે પ્રકારના છે. ૧.સર્વ (પ્રાણીમાત્ર)ને તેણે પીડા કરી તે અને ૨.તેણે કામભોગ કર્યો તે (સર્વને પીડા કરી તે, અને પોતે તપ વગેરે કર્યાં તે બે લૌક્કિ કૃત્ય બીજા અને ત્રીજા અધ્યાયમાં કહેલા છે, અને પુત્ર ઉપરના સ્નેહ વગેરેથી બીજા બે પ્રકારના કૃત્ય. એમ ચાર અધ્યાયોથી કહ્યા. પહેલા અધ્યાયમાં સનક વગેરેનો તિરસ્કાર એ અલૌક્કિ કૃત્ય કહ્યું. એમ પાંચ કર્મો કહ્યાં (યોજના) તપ લૌકિક ન ગણાય.) (આ અનુક્રમે બીજા અને ચોથા અધ્યાયમાં કહેલાં છે. બાકીના પહેલા, ત્રીજા અને પાંચમા અધ્યાયમાં કહેલાં ત્રણ કર્મો અલૌક્કિ કર્મો છે [૧૨]

સનક વગેરેની જય તથા વિજયે અવગણના કરી તે તેઓનું કાર્ય ભગવાનની સેવાના ધર્મનું કાર્ય ન હતું, કારણ કે જો તે ભગવાનની સેવાના ધર્મનું કાર્ય હોત તો મુનિઓની અવગણના થાત નહિ, (લાકડીથી તેઓ મુનિઓને અંદર જતાં અટકાવત નહિ, અને તેમની મશ્કરી કરત નહિ. પરન્તુ ''હમણાં દર્શનનો અવસર નથી'' એમ જ કહેત) અને પોતાની યુક્તિથી તેઓને અંદર ન જવા સમજાવત. આમ તેઓએ કર્યું નહિ તેથી એમ જણાય છે કે તેઓ ભગવાનના સેવક હતા, સેવાથી ઉંચી સ્થિતિ તેમણે પ્રાપ્ત કરેલી અને તે સમયે દેહ ઈન્દ્રિય પ્રાણ વગેરેનો અધ્યાસ તેમને ન હતો એટલે અવિદ્યાનો સમ્બન્ધ તેઓને થાય તેવું સમ્ભવતું ન હતું, છતાં પણ આ તેઓનું મુનિઓની અવગણના કરવાનું કાર્ય અવિદ્યાથી જ થયેલું હતું. એટલે તેઓમાં દૈત્યનો સ્વભાવ ઉછળી આવવાથી જ થયેલું, (ભગવાન્‌થી જીવના છૂટા પડવાના સમયે તેઓમાં ભગવાને જે દૈત્યનો સ્વભાવ વિચારેલો અને જે સ્વભાવ દેહનો સમ્બન્ધ થતાં પહેલાં થતાં અવિદ્યાના સમ્બન્ધથી થાય છે, તેવો દૈત્યનો સ્વભાવ ઉછળી આવવાથી જ થયેલું. તેઓએ એવી રીતે મુનિઓની અવગણના કરી ત્યારે ભગવાને જે વિચારેલું તે મુનિઓ પણ જાણતા હોવાથી તેઓ વૈકુંઠમાં વાસ કરવામાટે યોગ્ય થાય તે માટે મુનિઓએ તેઓને ત્રણ જન્મો સુધી અસુર થવાનો શાપ આપ્યો (અ.૧।૩૭-૩૮).

ત્રણ પ્રકારની (સૂક્ષ્મ, મધ્યમ અને કર્મથી થયેલી) દુષ્ટ વાસના જય તથા વિજય માં હતી તે સ્પષ્ટ પ્રકારે અત્યન્ત બહાર આવી, અને તેથી તેઓએ મુનિઓની અવગણના કરી. જેમ

અત્યન્ત ભોગ થાય ત્યારે કામ શાંત થાય છે, તેવી રીતે અત્યન્ત બહાર આવવાથી વાસનાઓ પણ દૂર થાય છે. તેથી જય-વિજયની વાસનાઓ દૂર થાય તે માટે શાપનું કારણ પણ સર્વ દુઃખ હરનાર હરિએ જ ઉત્પન્ન કરેલું.

(સૂક્ષ્મ દષ્ટિથી જોતાં આ વાસના દૂર કરવાનું કારણ પણ હરિની કૃપા જ છે. કારણ કે હરિની ઈચ્છાથી જ સર્વ થતું હોવાથી તે સર્વનું કારણ છે. તેથી આ પ્રસંગમાં પણ પુષ્ટિ તથા ઊતિ લીલા સહાયક જ થયાં).

ત્રીજા સ્કન્ધમાં જય તથા વિજય ને ''ભગવાન્‌થી વિરુદ્ધ સ્વભાવવાળા'' અ.૧૫-૩૦, તથા ભગવાનની અવગણના કરનારા અ.૧૬-૨ કહેલા છે તે કથા સમાધિભાષા નથી, પરન્તુ મતાન્તર છે. (ત્રીજા સ્કન્ધમાં ૧૪ થી ૧૯મા સુધીના છ અધ્યાયની કથા મતાન્તર છે, એમ ચૌદમા અધ્યાયના આરંભમાં શ્રીસુબોધિનીની પહેલી કારિકામાં જ કહેલું છે અને ત્રીજા સ્કન્ધના નિબન્ધની ૧૩૫-૧૪૪ સુધીની કારિકાઓથી પણ જણાવેલું છે)[૧૩-૧૬]

જય અને વિજય ના આ શાપ પછી ત્રણ જન્મો થયા. ત્રણ જન્મોમાં ક્રોધ, કામ અને લોભ તેમનામાં જોવામાં આવ્યા. દુષ્ટ વાસનાઓને લીધે જીવને દૈત્યપણું પ્રાપ્ત થાય છે, અને એવી વાસનાઓ હોવાને લીધે લોકમાં ક્રોધ, કામ તથા લોભ તેઓને ત્રણ જન્મોમાં થયાનું પ્રસિદ્ધ છે. આ હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ ના પહેલા જન્મો થયા, તેમાં તેઓને સામાન્ય રીતે લોભ ઘણો વિશેષ થયેલો. તેઓમાં રજોગુણ ઘણો બલવાન્ હોવાથી અને ભગ.ગીતા૧૪।૧૬ પ્રમાણે રજોગુણથી લોભ થતો હોવાથી તેઓને આ જન્મમાં ઘણો લોભ થયેલો. તેથી સર્વને કમ્પાવનાર તેઓના દુઃખ હરનાર હરિ ભગવાન્ તેઓના આ જન્મમાં જ નૃસિંહ થઈ અવતરેલા, કારણ કે તેના ગુણ(ક્રોધ વગેરે) ભગવાન્ ગ્રહણ કરે તો જ તે જાય, બીજા કોઈ પ્રકારે જાય નહિ. તે ગુણ જતાં વાસનાનો નાશ થાય જ, એમાં કાંઈ સંશય નથી.

આ નૃસિંહ અવતાર ક્રોધરૂપ જ છે. (હિરણ્યાક્ષનો વધ કરનાર વરાહ પણ ''આ જે વરાહ છે તે પશુઓનો ક્રોધ છે'' એ શ્રુતિ પ્રમાણે ક્રોધરૂપ જ છે. તેથી ભગવાને તેમના ઉપર એવા ક્રોધરૂપ અવતાર લઈ કૃપા કરેલી હોવાથી ભગવાન્‌માં પક્ષપાતનો દોષ નથી, અને પુષ્ટિમાં જે દોષ જણાય તે દૂર કરવા જ ભગવાને આ લીલા કરેલી છે. એવી રીતે આ પ્રકરણમાં એમ જણાવ્યું છે કે ઊતિ કરણ અથવા સાધન છે, ક્રોધ વગેરે ક્રિયાઓ છે અને દૈત્ય વગેરેના સ્વરૂપથી રહેવું તે ફલ છે)[૧૭-૧૯]

હિરણ્યકશિપુમાં દૈત્યોની વાસના કુદરતી હોવાથી, બીજા અધ્યાયમાં વર્ણન કરેલું જ્ઞાન શ્લો.૨૦-૬૦, ત્રીજા અધ્યાયમાં જણાવેલ તપ શ્લો.૨-૫ તથા સ્તુતિ શ્લો.૨૬-૩૮, અને

ચોથા અધ્યાયમાં વર્ણવેલ વરદાનની પ્રાપ્તિ શ્લો.૧-૨; તેને કેમ થયા? કારણ કે અસુરોને એવું જ્ઞાન હોવાનું સમ્ભવતું નથી! વળી બ્રહ્મા સર્વ જાણનાર હોવાથી તેવા અસુરને વરદાન કરે નહિ -- એવી શંકા થાય, તો જાણવું કે બ્રહ્માએ તેને વરદાન કર્યું તે પ્રાપ્ત કરવાનો તેને અધિકાર હતો એમ જણાવવા તેવાં જ્ઞાન તપ બ્રહ્માની તેણે કરેલી સ્તુતિ તથા બ્રહ્માએ કરેલ વરદાન એ ચારથી તેની આ લોકમાં ઘણા વૈભવવાળી ઉંચી સ્થિતિ (અ.૪।૬-૨૦) હોવાનું જણાવેલ છે. તેણે કરેલ ભોગ અને લોકોને દીધેલ દુ:ખ એ બેની મધ્યે તેણે તપ કર્યાનું કહેલ છે. અને બ્રહ્માની તેણે કરેલી સ્તુતિ અને બ્રહ્માએ કરલ વરદાનથી તે તપ ઉત્તમ પ્રકારનું હોવાનું જણાવેલ છે. (તેથી બ્રહ્મા સર્વ જાણનાર હોવા છતાં તેમણે વિચાર કર્યા વિના જ તેની બહારની સરસાઈ જોઈ તેને વરદાન કર્યું, કારણ કે અધિકાર ભોગવતી વખતે વિચાર કરવામાં આવે નહિ ત્યારે સર્વજ્ઞપણું રહેતું નથી. તેથી જ આગળ નૃસિંહ ભગવાન્ તેમને અસુરોને એવા પ્રકારનું વરદાન ન કરવાનો બોધ (અ.૧૦।૩૦માં) કરશે.

દૈત્યોમાં લૌકિકપણું અને અલૌકિકપણું બન્ને હોવાથી, વાસનાને લીધે તેમનામાં જ્ઞાન વગેરે હોવાનું સમ્ભવતું હોવા છતાં તે તેમના દૈત્યપણાને રોકી શકતું નથી, તેમ બીજા લોકો ઉપર ઉપકાર કરાવી શકાતું નથી [૨૦-૨૧]

જેમ બિલાડાંઓ રાત્રે જોઈ શકે છે તેમ દૈત્યોને, બીજા અધ્યાયમાં વર્ણવ્યું તેવું, જ્ઞાન હોય છે. તે વાસનાથી ઉત્પન્ન થયેલું હોઈ લૌકિ જ છે, કારણ કે તેવું સત્ય જ્ઞાન હોય તો અત્યન્ત ભોગ પ્રાપ્ત થવા છતાં પણ તૃપ્તિ ન થાય તેવું ન બને. વળી તેના ભાઈને વિષ્ણુએ હણ્યો તેથી તેને ભગવાન્ ઉપર દઢ મૂલવાળો દ્વેષ ન થાત. વળી આવા જ્ઞાનીને તેને પહેલાં પ્રહ્લાદ ઉપર હતો તેવો પુત્ર ઉપર પ્રેમ પણ ન હોય, ખાસ કરીને ''દેહ જ આત્મા છે'' એવી બુદ્ધિ દઢ ન હોય, અને ખાસ કરીને ''ભગવાન્ વિશ્વ આખાના આત્મા હોવા છતાં દેવોનું દઢતાથી પાલન કરે છે'' એવું ભગવાન્ પક્ષપાતી હોવાનું ભાન પણ ન હોય. હિરણ્યકશિપુને તો અત્યન્ત ભોગ પ્રાપ્ત થવા છતાં તૃપ્તિ થઈ નહિ, તેના ભાઈને વિષ્ણુએ હણ્યો તેથી તેમના ઉપર દઢ મૂલવાળો દ્વેષ થયો અ.૪।૪, તેને પ્રહ્લાદ ઉપર ઘણો પ્રેમ પણ આરંભમાં હતો અ.૫।૪,૨૦,૧, ''પોતે જ પુત્ર થાય છે'' એ શ્રુતિ પ્રમાણે એ પુત્ર ઉપરનો પ્રેમ ''દેહ જ આત્મા છે'' એવી તેની મતિ પણ દઢ હોવાનું જણાવે છે અને ભગવાન્ દેવોનો દઢ પક્ષપાત કરે છે એમ પણ તે માનતો, તેથી વાસનાને લીધે તેને એ જ્ઞાન થયેલું, ભગવાનને લીધે અથવા પારમાર્થિક થયેલ ન હતું એમ જણાય છે [૨૨-૨૩।।]

જો હિરણ્યકશિપુનું જ્ઞાન વગેરે વાસનાથી જ તેને પ્રાપ્ત થયેલ હોય, તો પ્રહ્લાદ જેવો પરમ વૈષ્ણવ પુત્ર તેને કેમ થાય? વળી ૮।૧૯।૭માં વામનજી તેને વૈકુંઠ પ્રાપ્ત થયાનું કહે છે તે કેમ સમ્ભવે? એવા પ્રશ્ન થાય તો જાણવું કે શ્રીકૃષ્ણે તે દૈત્યમાં આવેશ કરેલો ત્યારે તેનાથી પ્રહ્લાદની ઉત્પત્તિ થયેલી. ૮।૧૯।૯માં જ ભગવાને પોતે તેના હ્રદયમાં પ્રવેશ કરવાનું કહેલું છે. તેથી તેના

હૃદયમાં જ્યારે ભગવાને પ્રવેશ કરેલો ત્યારે તેનાથી પ્રહ્લાદની ઉત્પત્તિ થયેલી અને આવેશવાળા ભગવાનનું સામર્થ્ય તેનામાં હોવાનું સમ્ભવતું હોવાથી જ તે વૈકુંઠ પણ ગયેલો. તેથી તેના (વર્ણવેલાં અને ન વર્ણવેલા) બધાંએ સારા કાર્યોમાં તેની જ્ઞાનરૂપ વાસના સારી રીતે બહાર પ્રકટ થયેલી. તે વાસનાને લીધે જ તેણે આરંભમાં પ્રહ્લાદ ઉપર ઘણો સ્નેહ વગેરે કરેલ, અને ''જેની જેનામાં શ્રદ્ધા હોય તે તે જ છે'' એવી બુદ્ધિથી પાછળથી તેને મારી નાખવાનો ઉદ્યમ કરવાની તેની મતિ થઈ. અને તેણે તેવો ઉદ્યમ કર્યો [૨૪।।-૨૬]

આ સ્કન્ધના આરંભમાં ભગવાનના દ્વેષથી પણ મુક્તિ પ્રાપ્ત થવાનું કહેલ છે, અને હિરણ્યકશિપુએ તેમનો દ્વેષ કર્યો, છતાં તેને મુક્તિ પ્રાપ્ત કેમ ન થઈ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શ્રીકૃષ્ણનો દ્વેષ અવિદ્યાનો સર્વથી મોટો(મહાતમોરૂપ) વિભાગ છે, છતાં હિરણ્યકશિપુને મુનિઓનો ત્રણ જન્મ સુધીનો શાપ થયેલ હોવાથી તેને તે મુક્તિરૂપ ફલ પ્રાપ્ત ન થયું.

સદ્‌વાસનાના (બીજા) પ્રકરણમાં તેને ભગવાને હણ્યો તે વૃત્તાન્ત કહેલો છે. શત્રુ જો પુત્ર થઈ અવતરે તો કોઈ-કોઈ સમયે તેના ઉપર દ્વેષ થાય, છતાં પ્રહ્લાદ હિરણ્યકશિપુનો શત્રુ ન હતો એટલે તેનો શત્રુ; પ્રહ્લાદ તરીકે અવતરેલ ન હતો એમ જણાવવા, તેના પ્રહ્લાદ ઉપરના (આરંભના) સ્નેહનું પાંચમા સ્કન્ધમાં વર્ણન કરેલું છે. તેથી આ પ્રકરણના પાંચ અધ્યાયોમાં અનુક્રમેઃ

૧.હિરણ્યકશિપુની ઉદ્ધતાઈ (સનક વગેરેની અવગણના શ્લો.૩૬)
૨.તેણે સર્વને કરેલી પીડા (શ્લો.૧૩-૧૬)
૩.તેણે પોતાને કરેલી પીડા એટલે તેનું તપ (શ્લો.૩-૬)
૪.તેણે કરેલ નિરંતર કામનો ભોગ (શ્લો.૪-૨૦) અને
૫.ભગવાનના ભક્તને કરેલી પીડા (શ્લો.૩૩-૪૪)
—એ પાંચ પ્રકારે તેની વાસના જણાવી તે વાસનાનાં કાર્યો વર્ણવેલાં છે [૨૭-૨૯।]

**પ્રકરણ ૨ ; અધ્યાય ૬-૧૦:**

હવે બીજા પ્રકરણમાં છઠ્ઠાથી દશમા સુધીના પાંચ અધ્યાયોમાં દૈવી સર્ગનાં બીજરૂપ સર્વને મોક્ષ આપનારી (એટલે અવિદ્યાના પાંચે વિભાગોનો નાશ કરનારી) સારી વાસનાઓનું નિરૂપણ કરવામાં આવે છે.

''આસુરી સંપત્ બન્ધન કરાવનારી મનાયેલી છે'' (ભગ.ગીતા૧૬।૫) એ વાક્ય પ્રમાણે દૈત્યભાવ બન્ધન કરાવનારો હોવાથી દૈત્યભાવ જતો રહે ત્યારે સર્વનો મોક્ષ થાય, તેમાં સંશય રહેતો નથી. તેથી સારી વાસના જ્ઞાન પ્રાપ્ત કરાવી તથા કર્મો કરાવી સર્વને મોક્ષ પ્રાપ્ત કરાવે છે એ સ્પષ્ટ છે. (સારી વાસના દુષ્ટ વાસનાઓનો નાશ કરનારી હોવાથી દુષ્ટ વાસનાઓનું નિરૂપણ કર્યા પછી સારી વાસનાઓનું નિરૂપણ પણ કરેલ છે.)

જે બધાયને મુક્તિ પ્રાપ્ત કરાવે તેને જ સારી વાસના કહેલી છે. તેથી કામનાવાળા કર્મોના ધર્મ વગેરે સારી વાસનાનાં વિષયો નથી. આ સારી વાસનાઓના પણ પાંચ વિભાગ છેઃ

૧. જ્ઞાન પ્રાપ્ત કરાવનારી દયા જેનાથી મોક્ષ પ્રાપ્ત થાય છે, તે સારી વાસનાઓનો પ્રથમ વિભાગ છે, (જુઓ અ.૬।૨૪,૨૫).
૨. મોટા ભક્તોની પ્રભાવવાળી કૃપા તેનો બીજો વિભાગ છે. આ ઉત્તમ પ્રકારનો વિભાગ છે, (તેનું નિરૂપણ અ.૭।૮-૧૬ માં કરેલું છે).
૩. પછી મોટાં દુઃખોનાં કારણોનો નાશ કરનાર હરિનું પ્રાકટ્ય, એ પ્રાકટ્યને અનુકૂલ ક્રિયા થયા પછી થાય એ તેનો ત્રીજો વિભાગ છે. (આનું નિરૂપણ અ.૮।૧૪-૩૧માં કરેલું છે).
૪. જીવ જે પ્રકારે સમ્પૂર્ણ રીતે ભગવાનને સન્મુખ થાય તે ચોથો વિભાગ છે. (પ્રહ્‌લાદ ભગવાનને સન્મુખ થયો, તે અ.૯।૮-૫૦માં જણાવી આ વિભાગનું નિરૂપણ કરેલું છે).
૫. કાયા, વાણી અને મન થી ભગવાન્‌માં સ્થિતિ થવી અને તે પણ ભગવાનની કૃપા સાથે થવી તે પાંચમો વિભાગ છે. (આનું નિરૂપણ અ.૧૦।૧૨-૨૩માં કરેલું છે).

—આ પાંચ સારી ભાવનાના વિભાગો જેનામાં હોય તે દોષરહિત અને સર્વ સુખ ભોગવનારો થાય છે. અને તેની સર્વ કામનાઓ પૂર્ણ થાય છે. (આ પાંચ વિભાગોથી આ પ્રકરણના પાંચ અધ્યાયોના અર્થ પણ કહેલા છે)[૨૯।।-૩૪।।]

દશમા અધ્યાયમાં ત્રિપુરનું ઉપાખ્યાન શા માટે કહેલું છે? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ત્રિપુર તો દુષ્ટ વાસનાનું મૂલ કહેલું છે. (સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણવાળી માયારૂપ દુષ્ટ વાસનાનું મૂલ તે ત્રિપુર. દુષ્ટ વાસના મોહથી ઉત્પન્ન થાય છે અને મોહ માયાથી ઉત્પન્ન થાય છે. તેથી માયા દુષ્ટ વાસનાનું મૂલ છે. માયારૂપ) ત્રિપુર દુષ્ટ વાસનાનું આધિદૈવિક સ્વરૂપ છે. તેવી જ રીતે હરિ સારી વાસનાનું મૂલ છે. અમૃતરસનું પાન (અ.૧૦।૬૨) તેમ જ શંકરનું રક્ષણ (અ.૧૦।૬૧-૬૮) એ સર્વ કાર્ય શ્રીકૃષ્ણની કૃપાના બલથી જ થયેલું, (તેથી સર્વ કાર્યમાં ઊતિની સહાયક પુષ્ટિ છે એમ જણાવવા આ ત્રિપુરનું ઉપાખ્યાન કહેલું છે. આ ઉપાખ્યાન નિરર્થક છે એવી શંકા ન કરવી, કારણ કે આ માર્ગમાં મર્યાદાપુષ્ટિ સહાયક છે એમ આ ઉપાખ્યાનથી જણાવેલ છે. કારણ કે જેનું જેટલું કાર્ય કરવાથી તેની કામના પૂર્ણ થાય, તેટલું તેનું કાર્ય ભગવાન્ નિશ્ચય કરે છે, તેથી અધિક કરતા નથી એમ તેનાથી સિદ્ધ થાય છે.

દૈત્યબાલકોની સ્થૂલ વાસનાઓનો તો પ્રહ્‌લાદે તેઓને કરેલા બોધથી નાશ થયો, અને દૈત્યોના પતિ હિરણ્કશિપુના દેહનો નાશ કરી ભગવાને તેના લોભનો નાશ કર્યો, તેમ જ પોતાની ઉપર પ્રેમ રાખનાર પ્રહ્‌લાદને પણ હિરણ્યકશિપુ દેહનું કષ્ટ આપતો હતો તેનાથી મુક્ત કરાવ્યો. વિચાર વિના વરદાન કરનાર બ્રહ્માને પણ ઉપદેશ આપી (અ.૧૦।૩૦) તેવું કાર્ય ભવિષ્યમાં કરતા અટકાવ્યા. મહાદેવને પણ ત્રિપુરનો નાશ ન કરી શકવાથી થયેલાં મનના દુઃખમાંથી છોડાવ્યા (અ.૧૦।૬૧-૭૦). શિવનો ભક્ત મય પણ દોષવાન હતો, કારણ કે તેણે તેવું ત્રિપુર બનાવેલું,

તેને પણ તેણે બનાવેલ ત્રિપુર વ્યર્થ થવાથી થયેલાં મનનાં દુઃખમાંથી છોડાવ્યો (અ.૧૦।૬૩-૬૪) અને શંકરને પણ ત્રિપુરનો નાશ કરવાથી થતા અહંકારથી બચાવ્યા (અ.૧૦।૬૫-૬૬). તેથી આ ઊતિલીલામાં મર્યાદાપુષ્ટિ સહાયક છે એમ જણાવવા ત્રિપુરની આ કથા કહેલી છે[૩૪॥-૩૯]

આ પહેલા બે પ્રકરણોમાં હિરણ્યકશિપુ અને પ્રહ્લાદ એ બે પિતા અને પુત્રને પસન્દ કરીને દુષ્ટ તથા સારી એ બે વાસનાઓનું નિરૂપણ કરેલું છે. બ્રહ્મથી જીવ છૂટા પડે ત્યારે થયેલી આ બે કુદરતી વાસનાઓનું નિરૂપણ થયું. હરિના સમ્બન્ધથી આ ઊતિલીલા પુષ્ટિલીલા સાથે રહેલી છે એમ સ્પષ્ટ થાય છે. જો કુદરતી સારી વાસના હોય તો સત્સંગથી તેની વૃદ્ધિ થાય છે, અને જો કુદરતી દુષ્ટ વાસના હોય તો સત્પુરુષોનું જ અપમાન કરવાથી તે જ રીતે તેની વૃદ્ધિ થાય છે [૪૦-૪૧]

**પ્રકરણ ૩ઃ**

દૈવી અને આસુરી એવી બે પ્રકારની સુષ્ટિ (ભગ.ગીતા૧૬।૬) હોવાથી તેનાં મૂલરૂપ વાસના પણ બે પ્રકારની જ હોય, તેથી ત્રીજું પ્રકરણ કેમ કહેલું છે? એવી શંકા થાય, તો જાણવું કે બન્નેના મિશ્રણવાળી ત્રીજી સુષ્ટિનાં મૂલરૂપ જુદી વાસના વધારાની છે તેથી તેવી વાસનાનો નાશ થાય તે માટે આ ત્રીજું પ્રકરણ કહેલું છે. (સારી અને ખરાબ) બન્ને વાસનાઓ કુદરતી જેમને હોય તેઓને માટે જુદું પ્રકરણ કહેલું છે.

આવા પુરુષે દુષ્ટ વાસનાનો ત્યાગ કરવો અને સારી રાખવી. એમ કરવા બન્ને પ્રકારના કર્મ કરવાથી બન્ને પ્રકારના ફલ મળે અને તેથી મુક્તિ થાય જ. ઊતિની સહાયક પુષ્ટિ તો જાણવી કઠણ, અને પ્રાપ્ત કરવી એ પોતાની સત્તામાં નહિ. તેથી આ ત્રીજા પ્રકરણનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પાંચ પ્રકારના કર્મ (સર્વનિ.શ્લો.૧-૨) કરવાથી મૂલભૂત દુષ્ટ વાસનાનો નાશ થાય છે, તેવી જ રીતે વેદમાં જે કર્મો કરવાની મના કરેલી છે તે કર્મો કરવાથી સારી વાસનાનો પણ નાશ થાય છે, અથવા તેવાં કર્મ કરવાથી વિરુદ્ધ(દુષ્ટ) વાસનાનું પોષણ થવાથી સારી વાસનાનો નાશ થાય છે. તે (પુષ્ટ થયેલી દુષ્ટ વાસના)ના વિરોધને લીધે જો શ્રવણ વગેરેથી સારી વાસનાનું ભક્તિમાર્ગ પ્રમાણે પોષણ કરવામાં આવે, તો યોગ્ય સમયે (તે બન્ને વાસનાનાં)બન્ને ફલો ભોગવે છે, અને ફરીથી પહેલાં થયેલ તેવી રીતે જન્મ થાય છે. આવા કારણથી જય અને બીજો વિજય બંને (વૈકુંઠમાં ફલ ભોગવી) ફરી જન્મેલા. આ સૂક્ષ્મ તત્ત્વ જે જાણે છે અને તેનો ભય રાખે છે તેણે શો ઉપાય કરવો તે આ ત્રીજા પ્રકરણમાં કહેલું છે, (વ્યાસનો અને નારદનો આ જ આશય છે). તેથી દશમા અધ્યાયના અન્તે શ્લો.૭૧ માં નારદ ''તારે હવે વધારે શું શ્રવણ કરવું છે (હું તને બીજું શું કહું)'' એવો પ્રશ્ન કરે છે, (જો તેમનો આવો આશય ન હોત, તો પરીક્ષિતે જે જાણવા ઇચ્છેલું તે જાણી લીધેલ હોવાથી, ભગવાનના પરાક્રમોની સ્તુતિ કરતાં, નારદ આવો પ્રશ્ન ન કરત) [૪૨-૪૫॥]

શંકા : પ્રહ્લાદના ચરિત્રનું શ્રવણ કરીને યુધિષ્ઠિરે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન ન કરતાં, ધર્મ સમ્બન્ધી જ અને તે પણ વર્ણાશ્રમધર્મ સમ્બન્ધી પ્રશ્ન કેમ કર્યો ? (અ.૧૨।૨). વળી અહીં ''પુરુષ ભગવાનને પ્રાપ્ત કરે'' એમ કહેલું હોવાથી તેને ભગવાનની પ્રાપ્તિ સિવાય બીજા ફળની ઇચ્છા પણ ન હતી, અને ભગવાન્ તો ભક્તિથી જ પ્રાપ્ત થાય છે એમ પ્રહ્લાદના વચનો તેને કહેલાં તેથી તેણે જાણેલું. વળી આ પ્રશ્નના ઉત્તરમાં નારદે ત્રીસ પ્રકારના ધર્મ કહેલા છે (શ્લો.૮-૧૨), તેમાં શ્રવણ વગેરે નવ ભક્તિ પણ કહેલ છે જ. છતાં યુધિષ્ઠિરે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન કેમ ન કર્યો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે ભક્તિમાર્ગ તો ફલ આપનારો (ભગવાનની પ્રાપ્તિ કરાવનારો) છે. તે પ્રાયશ્ચિત્તરૂપ નથી. તેથી તે (ફલની પ્રાપ્તિ માટે જરૂરી હોય) તેટલી જ શુદ્ધિ કરે છે. તેથી અધિક (દુષ્ટ વાસનાનો નાશ કરે તેવી) શુદ્ધિ કરતો નથી. (તેથી પ્રહ્લાદે ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન કર્યો નહિ). જેમ અગ્નિ બાળી નાખનારો મનાયેલો છે, તેમ કર્મો કષાય (જીવમાં રહેલી દુષ્ટવાસના) પકવી નાખનારાં (નરમ કરનારાં) મનાયેલાં છે. (તેથી દુષ્ટ વાસનાનો નાશ કરવા માટે યુધિષ્ઠિરે વર્ણાશ્રમના ધર્મો સમ્બન્ધી જ પ્રશ્ન કર્યો [૪૬।।-૪૭]

શંકા : ત્યારે ''ભક્તિથી ભગવાન્ ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા'' (અ.૯।૯), ''ભગવાન્ પ્રસન્ન થાય ત્યારે શું પ્રાપ્ત થઈ ન શકે તેવું છે ?'' (અ.૬।૨૫) વગેરે વાક્યો પ્રહ્લાદે કેમ કહેલાં? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે જેની સારી વાસના હોય અને બીજી (દુષ્ટ) વાસના ન હોય, તેને જ એકલો ભક્તિમાર્ગ ફલ આપે છે. પ્રહ્લાદને માત્ર સારી વાસના જ હતી, તેથી તેણે એ શ્લોકમાં પોતાના અનુભવનું જ વર્ણન કરેલું છે. જો બન્ને વાસનાઓ હોય તો દુષ્ટ વાસનાનો પાક(નરમ પડવાનું) કર્મથી થાય છે, અને નરમ પડેલી દુષ્ટ વાસનાનો તરત જ(થોડા સમયમાં) નાશ થાય છે. (તેથી નારદે વર્ણાશ્રમના ધર્મો કહ્યા) અથવા ભક્તિથી અથવા જ્ઞાનથી પણ દુષ્ટ વાસનાનો નાશ થાય. તેથી (ત્રીસ ધર્મો અ.૧૧।૮ થી ૧૨ કહેતાં નવ પ્રકારની ભક્તિ કહેલી છે, અને) આ પ્રકરણના અન્તમાં પણ જ્ઞાન (અ.૧૫।૬૨-૬૫) અને ભક્તિ (અ.૧૫।૬૭-૬૮) કહેલાં છે. (તેથી દુષ્ટ વાસનાનો નાશ કોઈ વાર માત્ર કર્મ કરવાથી અને કોઈ વાર કર્મ તથા જ્ઞાનથી અથવા કોઈ વાર કર્મ તથા ભક્તિ થી પણ થતો હોવાથી નારદે વર્ણાશ્રમ ધર્મો કહેલાં છે)[૪૮-૪૯]

ત્રીસ પ્રકારનો જે સાધારણ ધર્મ (અ.૧૧।૮-૧૨માં) કહ્યો તે અને જે વર્ણના તથા આશ્રમના ધર્મ, તેમના પેટા ધર્મો સાથે ધીરે-ધીરે આચરીને દુષ્ટ વાસનાને બાળવી જોઈએ. બ્રહ્માણ્ડમાં ત્રીસ પ્રકારના ધર્મનો જેટલો સમ્બન્ધ છે, તેથી તે ધર્મ આચરીને તેટલી (પેટા) વાસનાઓ બાળવી. વેદની વિરાટ છન્દમાં ત્રીસ વર્ણો (અક્ષરો) હોય છે, અને બ્રહ્માણ્ડમાં પણ

ત્રીસ વર્ણ છે, (કારણ કે વિરાટની પેઠે બ્રહ્માણ્ડનું પણ વર્ણન થઈ શકે તેમ નથી) તેથી બ્રહ્માણ્ડને ત્રીસ પ્રકારના ધર્મનો સમ્બન્ધ છે. પ્રસન્નતા અથવા સન્તોષ સાત્ત્વિક છે, અને ભગવાનની પ્રસન્નતા ઉત્પન્ન કરવી એ બુદ્ધિના સત્ત્વગુણનું ચિન્હ છે. તેથી ત્રીસ પ્રકારના ધર્મોમાં જે સાધનો કહ્યા તેઓમાંથી જે સાધનથી ભગવાન્ પ્રસન્ન થાય તે જ સાધન આચરવું [૫૦-૫૨।।]

વર્ણાશ્રમના ધર્મો એટલા માટે કહેલા છે કે દુષ્ટ પુરુષને પણ જો પોતે ઇચ્છેલ ફલ પ્રાપ્ત થાય, તો તે દુષ્ટતાનો ત્યાગ કરે છે જ એવો નિર્ણય છે. તેથી જુદા-જુદા વર્ણ તથા આશ્રમો માટે જુદા-જુદા આચરવાના ચાર ધર્મો કહેલાં છે. આ ભગવાન્ પાસેથી પ્રાપ્ત થયેલા ધર્મો છે, અને જો તેઓ હૃદયમાં પ્રત્યક્ષ થાય તો તે સર્વ હૃદયમાં ભગવાનનો વાસ કરાવે છે, કારણ કે તેઓ દૈત્યભાવનો નાશ કરેછે [૫૨।।-૫૫]

**અધ્યાય ૧૨-૧૩:**

બારમા અધ્યાયમાં બ્રહ્મચારીના અને વાનપ્રસ્થઆશ્રમવાળા ના ધર્મો કહેલા છે. બ્રહ્મચારી, વાનપ્રસ્થઅને સુયાસ આશ્રમ ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરાવવા યોગ્ય આશ્રમો છે. અને બીજો ગૃહસ્થઆશ્રમ છે. બે પ્રકારના (ઉંચી સ્થિતિ પ્રાપ્ત કરાવવા યોગ્ય) ધર્મો જણાવવા માટે બ્રહ્મચારી અને વનમાં રહેનાર બન્નેના ધર્મોનું આ એક (બારમા) અધ્યાયમાં નિરૂપણ કરેલું છે. તેમાં પણ બ્રહ્મચારીના ધર્મો કહેતાં ''વેદનો અભ્યાસ કરવો'' એમ ત્રીજા શ્લોકમાં કહી, પછી બ્રહ્મચારી અને ગૃહસ્થના સામાન્ય ધર્મો કહી બોધ આપેલો છે. પછી બીજા એટલે વાનપ્રસ્થઆશ્રમનું નિરૂપણ કરતાં, ''અહન્તા તથા મમતાનો ત્યાગ કરી''(શ્લો.૨૪) એમ સુયાસનું ત્યાર પછીના પ્રકરણ (અધ્યાય)નું નિરૂપણ કરેલું છે. ''સર્વમાં ભગવાન્ રહેલા છે એમ જાણનાર જે બ્રહ્મચારી વાનપ્રસ્થસુયાસી અથવા ગૃહસ્થજ્ઞાન પ્રાપ્ત કરીને પોતાના ધર્મનું આચરણ કરે છે તે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે'' (શ્લો.૧૬), એમ જે સુયાસનું સૂચન કરેલું છે તે સુયાસના ધર્મ બીજા (તેરમા)અધ્યાયમાં કહેલ છે. ધર્મનું ફલ તે (સુયાસ) જ છે, ધન અને કામના નથી એમ તેમાં જણાવેલ છે [૫૬-૫૭]

**અધ્યાય ૧૪-૧૫:**

ચૌદમા અધ્યાયમાં ગૃહસ્થના ધર્મો કહેલા છે. ગૃહસ્થના ધર્મનું વર્ણન કરતાં અર્થ(ધન) અને કામ જે પ્રમાણે ગૃહસ્થમાં રહેલી કામનાઓનો નાશ કરનારા વિચારાએલા છે, તેવા તે બે વર્ણવેલા છે, અને તે (તેવા ધન અને કામ એ) બેનો નિર્ણય થાય તે માટે ગૃહસ્થના ધર્મના અંગરૂપ કાલ વગેરેનો નિર્ણય કહેલો છે. વિષયમાં વાસના હોય તે દુષ્ટ વાસના છે અને ધર્મના આચરણથી જ તેનો નાશ થાય છે. જ્યાં સુધી તેવી દુષ્ટ વાસનાનો નાશ ન થાય ત્યાં સુધી ધર્મ આચરવાનો અધિકાર છે અને વાસનાનો નાશ થયા પછી ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે એવો આચાર્યશ્રીનો મત છે [૫૮-૫૯]

જ્યારે પ્રાણિમાત્ર વિશે તથા પરમાત્મા શ્રીકૃષ્ણ વિશે દુષ્ટ વિચાર આવે નહિ, ત્યારે વાસનાનો ક્ષય થયેલો જાણવો. ત્યારે જ ભક્તિ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. બીજાઓ જેઓની વાસનાનો ક્ષય થયેલ નથી, તેઓ ભક્તિના અધિકારી નથી. ભક્તિનો અધિકાર પ્રાપ્ત કર્યા વિના જો સારી વાસનાને લીધે પોતાની મેળે અથવા ભગવાનના ભક્તના સંગને લીધે ભક્તિ કરે અને તેવા સમયે જો ધર્મનો ત્યાગ કરે, તો શ્રીકૃષ્ણ ઉપર તેને દ્વેષ થાય છે અથવા ઘણી જ દુર્બુદ્ધિ થાય છે. તેનાથી ભગવાનનો અપરાધ થાય છે અને તેની ભક્તિ દોષવાળી થાય છે. આવા સમયે જો કાલ વગેરે પીડા કરે તો ભગવાન્ તેની દરકાર કરતા નથી. તેથી દુષ્ટ વાસનાથી અત્યન્ત સાવચેત રહેવું. કારણ કે દુષ્ટ વાસનાને વશ થવાને લીધે ભીષ્મ, અક્રૂર, અર્જુન વગેરે ભક્ત પણ ઘણું જ અધિક દુઃખ પામ્યા છે.

''વિધર્મ, પરધર્મ, આભાસ, ઉપમા અને છલ એ પાંચ અધર્મની શાખાઓ છે'' (અ.૧૫।૧૨-૧૪). તેઓનો ત્યાગ કરવાથી અને શ્રીકૃષ્ણના ભક્ત યુધિષ્ઠિરને નારદે જે કર્મ (વર્ણ તથા આશ્રમના ધર્મો) કહેલ છે, તે તેના કહેવા પ્રમાણે કરવાથી દુષ્ટ વાસનાનો નાશ થાય છે, પરન્તુ તેમ કરવામાં ન આવે તો કોઈ રીતે દુષ્ટ વાસનાનો નાશ થતો નથી [૬૦-૬૫।।]

૧. જીવ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરે ત્યારે જીવની વાસના (જીવ બ્રહ્મથી છૂટો પડતાં ઉત્પન્ન થયેલી વાસના)નો નાશ થાય છે. ગુરુએ કરેલા ઉપદેશના બલથી તેમજ જ્ઞાનથી તેમ થાય છે (જીવ બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત કરે છે). પાકી ગયેલી વાસનાઓનો એ રીતે જ્ઞાનથી અથવા ભગવાનના) ભજનથી નાશ થાય છે.
૨. અન્તઃકરણની પરિપૂર્ણતા તો અન્તઃકરણની વાસનાઓનું નાશ થવાનું કારણ હોય છે. અન્તઃકરણ પોતાના વર્ણાશ્રમના કર્મોથી, યોગથી અથવા ભક્તિથી અને જ્ઞાનથી પણ પરિપૂર્ણ થાય છે, ત્યારે તે અન્તઃકરણના અધ્યાસનો નાશ થાય છે.
૩. પ્રાણોની દૃઢ વાસનાઓ તો તપથી જ પાકે છે.
૪. ઇન્દ્રિયોના સમ્બન્ધવાળી વાસનાઓ યોગથી જ પાકે છે, અને
૫. દેહના સમ્બન્ધવાળી વાસનાઓ તો કર્મથી જ પાકે છે. તેથી બધા વર્ણના મનુષ્યોએ; કહેલ છે તેવાં પાંચ પ્રકારનાં કર્મ (કરવાં જોઈએ)[૬૫।।-૬૯।।]

યોગ, તપ, ભક્તિ અને તેવી જ રીતે જ્ઞાન તથા વૈરાગ્ય થી ધીરે-ધીરે અન્તઃકરણ વગેરેના સમ્બન્ધવાળી વાસનાઓનો ક્ષય થાય છે, પરન્તુ ભક્તિથી શુદ્ધ અધિકાર પ્રાપ્ત થાય છે. બીજા કોઈ પણ સાધનથી તે પ્રાપ્ત થઈ શકતો નથી. જો સારા ધર્મો આચરવાથી શુદ્ધ અધિકાર પ્રાપ્ત થયો હોય તો તે પ્રાપ્ત થવાનો ક્રમ ઉપર કહેલો છે તે પ્રમાણે છે [૬૯।।-૭૧]

૧. વેદનો અભ્યાસ
૨. તપ
૩. મમતાનો સમ્પૂર્ણ નાશ અને
૪. ઉત્તમ દેહ-કાલ વગેરે પ્રાપ્ત થતાં કરેલું ઉત્તમોત્તમ કર્મ

— આ ચાર દેહ વગેરેની વાસનાઓના નાશના સાધન કહેલાં છે. જ્યારે અન્તઃકરણના ધર્મોનો સમ્પૂર્ણ ક્ષય થાય ત્યારે જ બધી વાસનાનો નાશ થાય છે. તેથી અન્તઃકરણના ધર્મોનો ક્ષય કરવાના સાધનોનું વર્ણન કરેલું છે [૭૨-૭૩ાા]

સર્વનો આધાર વિપ્રો છે. તેઓ ગુરુ કહેવાયેલા છે. તેમની કૃપાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, કારણ કે આ એકલું સાધન થાય છે. તેમની સેવા સર્વ કર્મરૂપ છે, અને તેમની સેવા કરવાથી વાસનાઓનો નાશ થાય છે, એમ જણાવવા નારદને થયેલ શાપ અને તેના ઉપર થયેલી બ્રાહ્મણોની કૃપા કહેલા છે(અ.૧૫ા૭૨-૭૩). શ્રીકૃષ્ણની ભક્તિ કરવાથી જ બ્રાહ્મણો વશ થાય છે, કારણ કે યુધિષ્ઠિરના ઘરમાં શ્રીકૃષ્ણની સેવા થતી હોવાથી ત્યાં તેઓ આવેલા(અ.૧૫ા૭૫). તેથી જો સદા શ્રીકૃષ્ણની સેવા થાય તો એક પછી એક સર્વ વાસનાઓનો નાશ થાય છે, તેમાં સંશય નથી. તેથી કર્મ કરવાની શક્તિ ન હોય તો બ્રાહ્મણોનાં વચન પ્રમાણે શ્રીકૃષ્ણની સેવા સદા કરવી. બ્રાહ્મણોએ તો કર્મો સાથે શ્રીકૃષ્ણની સેવા કરેલી [૭૩ાા-૭૮]

હવે આ સ્કન્ધમાં નિર્ણય કરેલો સ્પષ્ટ વિષય અહીં કહેવામાં આવે છે. જેને દુષ્ટ અને સારી બન્ને પ્રકારની વાસના હોય, તેણે ગુરુની સર્વ ભાવથી (અન્તઃકરણપૂર્વક) સેવા કરવી, અને પછી ગુરુના વચન પ્રમાણે ભગવાનનું ભજન કરવું. જો ગુરુ અને શિષ્ય બન્નેની વાસના કોઈ પણ પ્રકારે દુષ્ટ હોય તો શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે કર્મો કરવાં. જો કોઈ પણ પ્રસંગે (ત્રીસ પ્રકારના) સાધારણ ધર્મ(કર્મ)માં શ્રદ્ધા થાય અને જો તેનાથી વાસનાનો નાશ થાય, તો ભગવાનની ભક્તિ કરવાનો જ અભ્યાસ રાખવો. અને જો તેવી રીતે વાસનાનો નાશ ન થાય, તો જન્મ પ્રાપ્ત કરી, બ્રહ્મચર્ય વગેરે આશ્રમોના ધર્મો આચરવા. આમ કરવાથી અવશ્ય પહેલાનાં જન્મની જાતિનું સ્મરણ રહેશે, અથવા સંસ્કાર જાગ્રત થશે. એમ થાય ત્યારે બુદ્ધિથી આશ્રમના ધર્મોના ચાર વિભાગ કરી અનુક્રમે એક પછી એક આશ્રમના ધર્મનું આચરણ કરવું, અને વાસનાનો નાશ થાય ત્યારે નક્કી ભક્તિ કરવી. પછી ધીરે-ધીરે ભગવાન્ તેને વશ જરૂર થવાના. અને જો દુષ્ટ વાસનાનો નાશ થયો ન હોય, તો તે જરૂર મુક્તિ પ્રાપ્ત કરવાનો. જો ભગવાનની ઈચ્છાથી મુક્તિ પ્રાપ્ત થવામાં વિલંબ થાય, તો આઠમા સ્કન્ધમાં કહેલા ઉત્તમ ધર્મોનું આચરણ કરવું. એમ કરવાથી જે નવમા સ્કન્ધમાં કહેલી છે તે ભક્તિ તેને જરૂર પ્રાપ્ત થવાની. વચલા સમયમાં જો ઉત્તમ પુરુષોનો તિરસ્કાર થાય, તો દુષ્ટ વાસનાની વૃદ્ધિ થાય છે. બન્ને પ્રકારમાં ફલ શ્રીકૃષ્ણથી પ્રાપ્ત થાય છે. આ ભગવાનની ઊતિલીલા છે ભગવાન્ સદા મુક્તિ આપે છે [ાા૭૯-૮૭ાા]

# સ્કન્ધ આઠમો : મન્વન્તર

**સ્કન્ધનો અર્થ :**

આ પ્રમાણે સાતમા સ્કન્ધમાં પંદર અધ્યાયોથી વાસનાઓનું અને કર્મનું નિરૂપણ કર્યું. હવે આઠમા સ્કન્ધમાં ભગવાનની મન્વન્તર લીલા દર્શાવનારા શુભ ચોવીસ અધ્યાયોથી સારા પુરુષોના ધર્મો કહેવામાં આવે છે.

''મનુ, દેવો, મનુના પુત્રો, ઈન્દ્રો, ઋષિઓ અને ભગવાનનો અંશાવતાર એવા છ પ્રકારનો મન્વન્તર છે'' (૧૨।૭।૧૫) એવું મન્વન્તરનું લક્ષણ બારમા સ્કન્ધમાં કહેલું છે. આ સ્કન્ધમાં તે જણાવતાં સારા પુરુષના ધર્મ કહેલા છે, એટલું પુરાણોમાંના સામાન્ય લક્ષણથી અહીં વધારે ઉત્તમપણું છે. મન્વન્તરો એટલે સારા પુરુષના ધર્મ. ભગવાને કહેલા સારા પુરુષના ધર્મો તે મન્વન્તરો [૧-૧।।]

આ સારા પુરુષના ધર્મો પ્રાકૃત છે. તેઓની ઉત્પત્તિનું સ્થાન દેહ ઈન્દ્રિયો અને અન્તઃકરણ છે. આત્મા અથવા પુરુષમાં તે ઉત્પન્ન થતા નથી. પુરુષ એટલે જીવાત્મા. તેમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય તે પૌરુષ; આવો પૌરુષ ગુણ તો ભક્તિ જ છે. (પ્રાકૃત પદાર્થો ચોવીસ પ્રકારના હોવાથી (જુઓ ૩।૨૬।૧૧ થી ૧૪) સારા પુરુષના આ પ્રાકૃત ધર્મો ચોવીસ પ્રકારની જુદી-જુદી પ્રાકૃત વાસનાનો સમ્પૂર્ણ રીતે નાશ કરે છે જ. જીવમાં રહેલી વાસનાનો નવમા સ્કન્ધમાં જણાવેલી ઉત્તમ ભક્તિ નાશ કરે છે [૧।।-૩]

મીમાંસામાં જેમ વિચારેલા છે તેમ અહીં પણ બે પ્રકારના પદાર્થો છે. પુષ્ટિ સુધીનાને પહેલા પ્રકારના કહેલા છે, બીજા પ્રકારના આશ્રય (સ્કન્ધ ૧ થી ૬ સુધીમાં જણાવેલા પહેલા પ્રકારના અને સ્કન્ધ ૭ થી ૧૨ સુધી જણાવેલા બીજા પ્રકારના, એવો અર્થ જણાય છે) સુધીના છે. તેથી પાછળના છ ના સમૂહમાં વાસના (સ્કન્ધ ૭ માં કહેલ ઊતિ) પહેલી ગણાયેલી છે, તે પ્રાકૃત વાસના જ દુષ્ટ છે, અને સારા પુરુષના ધર્મોથી જ તેનો નાશ થાય છે. તેથી (વાસનાનો સારા પુરુષના ધર્મોથી જ નાશ થાય તેવી છે એમ જણાવવા) તેઓના અનુક્રમથી ઉલટા પ્રકારે (લીલાઓ ગણાવતાં ૨।૧૦।૧ માં પહેલાં ઊતિ અને પછી મન્વન્તર કહ્યા. લક્ષણ કહેતાં ૨।૧૦।૪ માં પહેલાં મન્વન્તરનું અને પછી ઊતિનું લક્ષણ કહ્યું, એવી રીતે ક્રમથી વિરુદ્ધ લક્ષણ કહ્યાં) તેઓના લક્ષણ કહેલાં છે. ''સારા પુરુષના ધર્મ તે મન્વન્તરો અને કર્મથી થતી વાસનાઓ તે ઊતિઓ'' (૨।૧૦।૪) એમ પહેલાં મન્વન્તરનું લક્ષણ કહી પછી ઊતિનું લક્ષણ કહેલું છે. કર્મથી ઉત્પન્ન થયેલી વાસનાઓ પ્રાકૃત જ છે, તેથી પહેલાં તેઓનો નાશ કરવાની કથા (મન્વન્તર અથવા સારા પુરુષના ધર્મ) કહેલ છે. પછી જો પ્રાકૃત વાસનાઓ બધીનો નાશ થાય તો સ્કન્ધ નવમામાં કહેલી ભક્તિની પ્રવૃત્તિ થાય છે. તેથી વાસનાઓનો નાશ કરવા સારા પુરુષના ધર્મ જાણવા જોઈએ [૪ -૭।]

**પ્રકરણો :**

સારા પુરુષના ધર્મો તામસ, સાત્ત્વિક અને રાજસ એવા વિભાગથી ત્રણ પ્રકારના કહેલા છે. તેઓ અનુક્રમે ચાર પ્રકારના, દશ પ્રકારના અને નવ પ્રકારના કહેલા છે, અને એ ત્રણે પ્રકારના ધર્મોના વક્તા મત્સ્ય છે. (તેથી પહેલા ચાર, દશ અને નવ અધ્યાયોના ત્રણ પ્રકરણમાં અનુક્રમે તામસ, સાત્ત્વિક અને રાજસ એવા ત્રણ પ્રકારના સારા પુરુષના ધર્મ કહેલા છે, અને છેલ્લા એક, ચોવીસમા, અધ્યાયમાં તે ધર્મના વક્તા મત્સ્યનું નિરૂપણ કરેલું છે.) એમ ચાર પ્રકરણો આ સ્કન્ધના થાય છે. દરેક મન્વન્તરમાં મનુ, દેવો વગેરે છ હોય છે. તેઓએ પોતપોતાના સમયમાં જે ધર્મો કહેલા હોય, તે ધર્મોનું સમ્પૂર્ણ પ્રકારે જે કોઈ પાલન કરે, તે જ થોડે-થોડે બધી વાસનાઓને બાળી નાખે છે, એમ અહીં કહેવામાં આવશે. તેથી જુદા-જુદા મન્વન્તરમાં જુદા-જુદા ધર્મનું આચરણ કરવાનું હોય છે [૭।-૧૦।।]

પહેલા 'સ્વાયંભુવ' મન્વન્તરમાં તપ સાથે ઉપનિષદ્નો પાઠ કરવાનું કહેલ છે(અ.૧।૭-૬).

બીજા 'સ્વારોચિષ' મન્વન્તરમાં બ્રહ્મચર્ય પાળવાનું કહેલ છે (અ.૧।૨૨).

ત્રીજા ઉત્તમ 'મન્વન્તરમાં' સત્ય બોલવાનું કહેલ છે (અ.૧।૨૪-૨૬).

ચોથા 'તામસ' મન્વન્તરમાં વેદનો અભ્યાસ કરવાનું અને તેને યાદ રાખવાનું કહેલ છે (અ.૧।૨૯).

પાંચમા 'રૈવત' મન્વન્તરમાં વ્રતો વગેરેથી ભગવાનની સેવા કરવાનું કહેલું છે (અ.૫।૨-૬). આ મન્વન્તરમાં રમાની પ્રાર્થનાથી ભગવાને વૈકુંઠ લોક રચેલો. ત્રીજા અને પાંચમા સ્કન્ધમાં શ્રી (લક્ષ્મી)નું વ્રત આચરનારાઓએ એક લાખ તુલસીના પાન અર્પણ કરવાનું વ્રત વગેરેથી જે ભગવાનની સેવા કરવાનું કહેલ છે તે આ મન્વન્તરના ભગવાનના અંશ વૈકુંઠ અવતારે ચલાવેલી.

છઠ્ઠા 'ચાક્ષુષ' મન્વન્તરમાં (ભગવાનના અવતાર અજીતે સમુદ્રનું મંથન કરાવી અમૃત કઢાવેલ હોવાનું કહેલ છે તેથી) સારા પુરુષો દેવો તથા ઉત્તમ પુરુષોની સેવા કરવાનું કહેલ છે.

સાતમા 'વૈવસ્વત' મન્વન્તરમાં વૈષ્ણવોએ એકાદશી વગેરે વ્રતો કરવાનું કહેલું છે. વ્રતોમાં ઉત્તમ એકાદશીનું મુખ્ય વ્રત કહેલું છે, કારણ કે તેને દૈત્યોનો સમ્બન્ધ નથી. તેવી જ રીતે ભગવાનના પ્રાદુર્ભાવના દિવસ જન્માષ્ટમી વગેરેનાં વ્રતો પણ કરવાનાં કહેલાં છે. (આ મનુની કથા અ.૧૩।૬ માં છે. વ્રતો કરવાનું અહીં કહેલ નથી, પણ બીજા પુરાણોમાં કહેલું છે.)

આઠમા 'સાવર્ણિ' મન્વન્તરમાં પુષ્ટિમાર્ગના પ્રકારથી ધર્મો કરવાનું કહેલ છે. ભગવાનના સાર્વભૌમ અવતારે બલિને ઇન્દ્રનું સ્થાન આપ્યું, તેથી આ અવતારે પુષ્ટિમાર્ગના ધર્મોની પ્રવૃત્તિ કરેલી છે, (અ.૧૩।૧૧-૧૭).

નવમા 'દક્ષસાવર્ણિ' મન્વન્તરમાં જેમાં યજ્ઞ વગેરે ઘણા થાય તેવા ધર્મો કરવાનું કહેલું છે. (ભગવાનના ઋષભ અવતારે ઇન્દ્રને ત્રણ લોક ફરી પ્રાપ્ત કરાવી તેનો ભોગ કરાવ્યાનું કહેલું છે. અને તે યજ્ઞ વગેરેથી જ પ્રાપ્ત થાય, તેથી આ યજ્ઞ વગેરે ધર્મોની ભગવાન્ ઋષભે જ પ્રવૃત્તિ કરાવેલી થઈ (અ.૧૩।૧૮-૨૦).

દશમા 'બ્રહ્મસાવર્ણિ' મન્વન્તરમાં લોકનું રક્ષણ થાય તેવા અને લોકને સુખ આપે તેવા ધર્મો કરવાનું કહેલું છે (અ.૧૩।૨૧-૨૩).

અગિયારમા 'ધર્મસાવર્ણિ' મન્વન્તરમાં આત્મામાં શ્રદ્ધા રાખવા સુધીના શુભ સ્માર્ત ધર્મો કરવાનું કહેલું છે. આ મનુને આત્માવાળો કહેલો છે અને ભગવાનના ધર્મસેતુ અવતારે ત્રણ લોકને ધારણ કર્યાનું કહેલું છે. તેથી તે બન્નેએ ચલાવેલા આત્મામાં શ્રદ્ધા રાખવા સુધીના ધર્મો સ્માર્ત જ છે, કારણ કે સ્માર્ત ધર્મમાટે જ ઘણા ભાગે 'ધર્મ' શબ્દ યોજાય છે (અ.૧૩।૨૪-૨૬).

બારમા 'રુદ્રસાવર્ણિ' મન્વન્તરમાં આસક્તિ વિનાના ધર્મો કરવાનું કહેલ છે, (અ.૧૩।૨૭-૨૯).

તેરમા 'દેવસાવર્ણિ' મન્વન્તરમાં ઉપાસના કરવા યોગ્ય દેવતાનું પોષણ કરનારા ધર્મો કરવાનું કહેલું છે, (અ.૧૩।૩૦-૩૨).

ચૌદમા 'ઇન્દ્રસાવર્ણિ' મન્વન્તરમાં જ્ઞાનમાં પરિણમે તેવા ભોગવાળા ધર્મો કરવાનું કહેલું છે (અ.૧૩।૩૩-૩૬).

(બારમા તેરમા અને ચૌદમા મન્વન્તરોમાં કરવાના ધર્મો શ્રીભાગવતમાં કહેલા નથી, તે બીજા પુરાણોમાંથી કહેલા જાણવા) [૧૦॥-૧૮]

જુદા-જુદા મન્વન્તરોમાં કરવાના જુદા-જુદા ધર્મો કહેલા છે, (હાલ સાતમો મન્વન્તર ચાલે છે, તેથી ચાલુ મન્વન્તરમાં અગિયારસ વગેરેનાં વ્રતો કરવાથી જ બધી વાસનાઓનો નાશ થાય છે. આ વ્રતો પુરાણોમાં કહેલા છે. તેમાં એકાદશીના વ્રતો ભગવાનની કૃપા પ્રાપ્ત કરાવનારા હોવાથી ઉત્તમ છે, કારણ કે દ્વાદશી પ્રાયશ્ચિત્તરૂપ છે. એકાદશીનાં વ્રત વૈષ્ણવો તથા સેવકો બધાએ કરવા જરૂરી છે.

''દશમના દિવસે અસુરો જન્મેલા અને અગિયારસનો દિવસે દેવો જન્મેલા. જે જેનો જન્મદિવસ હોય તે તેની વૃદ્ધિ કરનારો છે'' એમ પદ્મપુરાણમાં કહેલું છે. જન્માષ્ટમી, રામનવમી, વામનદ્વાદશી અને નૃસિંહચતુર્દશી એ ચાર વ્રતો કરવાનું પણ પદ્મપુરાણમાં કહેલું છે. આ વ્રતો કાલના ધર્મો એટલે અમુક સમયે આચરવાના ધર્મો છે. તે આ મન્વન્તરમાં આચરવાના સારા પુરુષના ધર્મો છે). વળી તેવી જ રીતે જુદા-જુદા દેશમાં આચરવાના જુદા-જુદા દેશ ધર્મો પણ છે. આ બધા ભગવદ્ધર્મો પૈકી ત્રણ ધર્મો મોટા છે :

૧. આપત્તિઓમાં હરિનું સારી રીતે સ્મરણ કરવું

૨. સમ્પત્તિઓમાં સર્વને દાન કરવા અને

૩. પાળવા યોગ્ય વચનનું પાલન કરવું.

— આ ત્રણ મોટા ધર્મોનું નિરૂપણ અનુક્રમે પહેલા ચાર, પાંચમાથી ચૌદમા સુધીના દશ અને પંદરથી ત્રેવીસમા સુધીના અધ્યાયોમાં કરેલું છે [૧૯-૨૦]

**પ્રકરણ પહેલું :**

તે ત્રણ ધર્મો પૈકી હરિનું સારી રીતે સ્મરણ કરવાના સમ્બન્ધમાં પહેલા ચાર અધ્યાયો કહેલા છે. હરિના સ્મરણથી ચારે પુરુષાર્થો પ્રાપ્ત થાય છે એમ પ્રસિદ્ધ થાય તે માટે આ ચાર અધ્યાયોથી કહેલ છે એવો નિશ્ચય છે. સ્માર્ત વગેરે ધર્મને લીધે ભગવદ્ધર્મ થતો અટકી જાય, તો તે ધર્મ આચરનારાઓને પૂરું ફલ મળતું નથી, પરન્તુ ભગવદ્ધર્મ તેમને અર્થ અને કામ પ્રાપ્ત કરાવે છે, પરન્તુ જો હરિનાં સ્મરણરૂપ ભગવદ્ધર્મ ચાલુ રહેલો હોય, તો થોડા સમયમાં મોક્ષ પ્રાપ્ત કરાવે છે એમ ગજેન્દ્રની કથાથી જણાવેલું છે. તેથી તે જણાવવા માટે ગજેન્દ્રની કથા ચાર અધ્યાયોથી કહેલ છે [૨૧-૨૪]

''ભગવદ્ધર્મ આચરનાર પુરુષનું સ્ખલન થતું નથી'' એમ ૧૧।૧૨।૩૫ માં કહેલું છે, છતાં ઈન્દ્રધુમ્ન રાજા, જે ગજેન્દ્ર થયેલો, તેને મોક્ષ પ્રાપ્ત કરવામાં વિલંબ કેમ થયો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અગસ્ત્ય મુનિ શિવના ભક્ત બ્રાહ્મણ હતા. અને ''જેની જેમનામાં શ્રદ્ધા હોય, તે તે જ છે'' ભગ.ગીતા ૧૭।૩ એ સિદ્ધાન્ત પ્રમાણે તેમને(શિવને) જ બ્રાહ્મણ (શ્લો.૧૦માં વિપ્ર) કહેલાં છે. તેમનો અનાદર ઈન્દ્રધુમ્ને કરેલ, તેથી તેને અગસ્ત્યે શાપ આપ્યો, અને તેને મોક્ષ પ્રાપ્ત કરવામાં વિલંબ થયો(અ.૪।૬ થી ૧૦). વાસ્તવિક રીતે તો પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ શ્લો.૧૮ માં જણાવ્યા પ્રમાણે લોકમાં મર્યાદાનું સ્થાપન થાય તે માટે ભગવાને જ તેને શાપ અપાવેલો. તેમના (શિવના અથવા સ્માર્ત ધર્મના) વિરોધ વિનાનો જે ભગવદ્ધર્મ હોય, તે તરત જ ફલ પ્રાપ્ત કરાવનારો છે [૨૫]

ભગવાન્ ભક્તની એવી રીતે સંભાળ ન રાખે તે યોગ્ય નથી — એવી શંકા થાય, તો જાણવું કે ભગવાનની ભક્તિ કરી હોય તો જ તેનાથી પ્રસન્ન થઈ ભગવાન્ કાલ વગેરેને તેમજ બીજા (સ્માર્ત વગેરે) ધર્મવાળાઓને તેઓનું કાર્ય કરતાં અટકાવે છે, પરન્તુ ભક્તિ કરી ન હોય તો પ્રયાસ કરીને અટકાવતા નથી. (ઈન્દ્રધુમ્ન માત્ર ભગવાનની પૂજા જ કરતો અને સારા પુરુષના ધર્મનું જ આચરણ કરતો અ.૪।૭-૮. તે ભક્તિ કરતો ન હતો. તેણે કરેલી પૂજા સર્વ પ્રકારની કામના વિનાની હોવાથી, તેનાથી તેને ગજેન્દ્રના જન્મમાં (૧૧।૨૭।૫૩ પ્રમાણે) ભક્તિ પ્રાપ્ત થઈ. ''ભક્તિથી ભગવાન્ ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા'' એમ તે ગજ હતો, ત્યારે જ તેને ભક્તિ પ્રાપ્ત થયાનું કહેલ છે. જો ભક્તિ હોય તો ભગવાન્; અગસ્ત્યથી પણ મોટા દુર્વાસા જેવાને તેમજ કાલને પણ ભક્ત વિરુદ્ધ પોતાનું કાર્ય કરતાં અટકાવે છે, એ અંબરીષ અને દુર્વાસા ના પ્રસંગથી સિદ્ધ છે. જુઓ સ્કન્ધ ૯ અધ્યાય ૪. તેથી ભગવાને અહીં ભક્તની સંભાળ ન રાખ્યાનું બન્યું નથી [૨૬]

**પ્રકરણ બીજો-અધ્યાય ૨-૪ :**

ગજેન્દ્રને અર્થ પુરુષાર્થ પ્રાપ્ત થયો હતો એમ જણાવવા બીજા અધ્યાયમાં વૃક્ષો વગેરે (સમૃદ્ધિ)નું વર્ણન કરેલું છે (અ.૨।૧૦-૧૯). તેને કામ પણ પ્રાપ્ત થયાનું (શ્લો.૨૩ તથા ૨૬

માં) કહી, પછી તેને કામના અન્તે દુઃખ થયાનું કહેલું છે (શ્લો.૨૭-૩૦) કારણ કે કામ અન્તે દુઃખ કરાવનારો જ છે. અં તેણે ત્રીજા ધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરી(શ્લો.૩-૨૯).

ત્રીજા અધ્યાયમાં ત્રીજો પુરુષાર્થ કામ કહેવો જોઈએ છતાં સ્તુતિ કેમ કહી છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ગજેન્દ્રની સ્તુતિ તે ભગવાને શરણ આવ્યાનું જણાવનારી છે. (''હું શરણ આવું છું'' શ્લો.૩ ''મારું રક્ષણ કરો'' શ્લો.૬, એમ તે સ્તુતિમાં કહે છે. તેથી સ્તુતિ શરણ આવેલ હોવાનું જણાવનારી જ છે, અને તેને તે સમયે રક્ષણ કરનારની જરૂર હોવાથી) રક્ષણ કરનાર પ્રાપ્ત થાય એ જ તેની મુખ્ય કામના હતી. તેથી આ તેનો મુખ્ય કામ જ કહેલ છે. (સ્માર્ત ધર્મથી ભગવદ્ધર્મ બન્ધ પડેલ હોવા છતાં તેને તેના પહેલાના ભગવદ્ધર્મથી અર્થ અને કામ પ્રાપ્ત થયેલા એમ બીજા તથા ત્રીજા અધ્યાયમાં કહેલું છે). અહીં ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રસન્ન થાય તે મોક્ષ છે એમ સમ્પૂર્ણ રીતે મનાયેલું છે. (ગજેન્દ્રને મોક્ષ પ્રાપ્ત થયાનું અ.૪।૬ માં કહેલું છે). વળી ભગવાન્ ગજેન્દ્ર ઉપર પ્રસન્ન થયા (શ્લો.૧૬) ત્યારે પહેલાં જે ભક્તો ખરેખર હલકા જ ગણાતા હતા, તે પણ ભગવાનનાં વચનથી સર્વને મોક્ષ આપનારા થયા(શ્લો.૧૭-૨૫). એવી રીતે આપત્તિઓમાં હરિનું સ્મરણ કરવાથી જે ફલ પ્રાપ્ત થાય તે આ પહેલા પ્રકરણમાં કહેલું છે [૨૭-૨૯॥]

**પ્રકરણ બીજું ; સમ્પત્તિમાં સર્વને દાન :**

પછી પાંચમાથી ચૌદમા સુધીના દશ અધ્યાયોથી સર્વને તેમણે ઇચ્છેલ દાન કર્યાનું બીજું પ્રકરણ કહેલું છે. ગુણો નવ પ્રકારના છે અને દશમો નિર્ગુણ; એવા દશ પ્રકાર થતા હોવાથી દશ અધ્યાયોથી આ પ્રકરણ કહેલું છે. દાન ત્રણ પ્રકારનું છે અને તે દરેક મૂલ કારણ સ્વરૂપ અને ફલથી જુદું-જુદું ત્રણ પ્રકારનું થાય છે. તેથી ગુણોની પેઠે દાન પણ નવ પ્રકારનું છે.

દાનના ત્રણ મૂલ કારણ છે. પાંચમા અધ્યાયમાં પહેલાં સાત્ત્વિક-ભગવાન્ દાનનાં મૂલ કારણ જણાવેલા છે (શ્લો.૧૦). પછી છઠ્ઠા અધ્યાયમાં રાજસ દેવો અને અસુરો ને મૂલ કારણ (અમૃત કાઢવાનો ઉદ્યમ કરનારા) કહેલા છે, અને સાતમા અધ્યાયમાં તામસ શિવને મૂલ કારણ કહેલ છે. કારણ કે સમુદ્રમાંથી નીકળેલ હલાહલનું પાન કરી, અમૃત કાઢવામાં જે વિઘ્ન થયેલ તે તેમણે દૂર કર્યું.

એવી રીતે તે ત્રણે અમૃત કાઢવાના પ્રયાસમાં જે દોષ નડતા હતા તે દોષ દૂર કરતાં સર્વને દાન થઈ શક્યું. તેથી તે મૂલ કારણ પહેલાં કહેલ છે. જ્યારે શ્રીકૃષ્ણે પ્રેરણા કરેલા દેવો પુરુષનાં મનને પ્રેરણા કરે છે, અને જ્યારે શંકર તેના લોભનો નાશ કરે છે ત્યારે તે પુરુષ દાતા થાય છે. ''જીવને અભયનું દાન કરવામાં આવે તેનો સોળમો ભાગ થવા પણ બધાં દાનો યોગ્ય નથી'' એ વાક્ય પ્રમાણે આ લોકમાં આપવા યોગ્ય કોઈ પણ દાન અમૃતથી અધિક નથી, કારણ કે મૃત્યુથી ઘેરાયેલા લોકમાં તે (અમૃત) મૃત્યુને અટકાવનારું છે [૩૦॥-૩૫]

**અધ્યાય પાંચમો :**

વિચાર કરવામાં આવે ત્યારે અમૃતનાં સ્વરૂપનું જ્ઞાન થાય, અને ઘણું દુઃખ આવી પડે ત્યારે જ તેવો વિચાર થાય. તેથી અમૃતનાં સ્વરૂપનું જ્ઞાન થવા તેનો વિચાર કરવામાં આવે તે માટે દેવોને દુઃખ થયાની કથા કહેલી છે (અ.૫।૧૫-૧૭). આ વિષયનું જ્ઞાન કરાવનાર ભગવાન્ હરિ જ છે (અ.૬।૨૧-૨૩). જો ભગવાન્ વૈકુંઠ જેવું સ્થાન ક્યાંક કરીને તેમાં રહે તો જ દેવોનું આ કાર્ય સિદ્ધ થાય. તેથી ભગવાને વૈકુંઠ બનાવ્યું એમ કહેવામાટે પાંચમો જ્ઞાનરૂપ મન્વન્તર પહેલાં કહેલો છે (અ.૫।૧-૬) [૩૬-૩૮]

છઠ્ઠો વૈરાગ્યરૂપ મન્વન્તર તો આરંભમાં દુઃખ આપનારો થાય (શ્લો.૧૫-૧૭). તેવા સંજોગોમાં જ ગુરુ (બ્રહ્મા)નો સમ્બન્ધ કરવાનું નક્કી કરી, દેવો બ્રહ્માના સ્થાનમાં ગયા. અમૃતનું સ્વરૂપ વગેરેનું જો બ્રહ્માને જ્ઞાન હોત તો ભગવાનને કરવાનું શું હોત ? તેથી બ્રહ્માને જ્ઞાન ન હોવાથી બધા દેવો ભગવાનનાં સ્થાનમાં ગયા (શ્લો.૨૪). ભગવાનનાં દર્શન તો કાર્ય કરવાથી જ થાય. તેથી બ્રહ્માએ એકાગ્ર ઈન્દ્રિયોથી તેમની સ્તુતિ કરી (શ્લો.૨૬-૫૦). આ સ્તુતિથી ભગવાન્ પ્રસન્ન થયા, (અને તેમણે તેઓને દર્શન દીધાં, અ.૬।૧. ત્યારે બધા દેવોએ તેમની સ્તુતિ કરી શ્લો.૮-૧૫ અને ભગવાને તેઓને અમૃતનાં સ્વરૂપનો અને તે પ્રાપ્ત કરવાના પ્રકારનો બોધ આપ્યો, અ.૬।૧૮-૨૫. અને પછી સ્વતન્ત્ર વિહાર કરનાર ભગવાન્ અન્તર્ધાન થયા, અ.૬।૨૬. અહીં સુધીનો છઠ્ઠો અધ્યાય પણ પાંચમા અધ્યાયનો જ વિભાગ છે). એવી રીતે દેવોની સ્તુતિથી ભગવાન્ પ્રસન્ન થયા ત્યાં સુધીના ભાગથી સાત્ત્વિક ભગવાન્ મૂલ કારણ હોવાનું જણાવેલ છે. અમૃતનાં સ્વરૂપનો અને તે પ્રાપ્ત કરવાના પ્રકારનો ભગવાને બોધ કર્યો, તેથી તે સ્વરૂપ સાત્ત્વિક હોવાનું જાણવું [૩૯-૪૧]

**અધ્યાય ૬ :**

દેવો અને દૈત્યો રાજસ છે કારણ કે તેઓ કપટથી અમૃત કાઢવા ભેગા મળ્યા. વળી તેઓએ કરેલું (મન્દાર પર્વતને સમુદ્રે લઈ જવાનું) દુઃખરૂપ કર્મ પણ રાજસ કહેલું છે (અ.૬।૨૦,૨૯,૩૦). તે દેવો અને દૈત્યોના ઉદ્યમરૂપ મૂલ કારણ કહેલું છે [૪૨]

**અધ્યાય ૭ :**

ત્યાર પછીનું ઘણું જ દુઃખ આપનાર મૂલકારણ કાલકૂટ વિષની ઉત્પત્તિ થયું તે (કારણ)ને તામસ જાણવું. આરંભમાં મંદાર સમુદ્રમાં ડૂબી જવારૂપ ક્રિયા પણ તામસી થઈ (અ.૭।૬). ત્યાર પછી શુદ્ધ તમઃરૂપ કાલકૂટ વિષ નીકળ્યું (શ્લો.૧૮) પરન્તુ શંઅં તેનુ પાન કર્યું (શ્લો. ૪૨), તે કાર્ય સાત્ત્વિક છે. (શંકરે પણ બ્રહ્મવિદ્યાનો ઉપદેશ કર્યો શ્લો. ૩૭-૪૦, તે સાત્ત્વિક કાર્ય કર્યું). એવી રીતે ત્રણ પ્રકારનો વિભાગ સર્વ સ્થળે પોતાની મેળે જાણી લેવો. એ પ્રમાણે પાંચમાથી સાતમા સુધીના ત્રણ અધ્યાયોથી દાનમાં મૂલકારણની કથા, દાન કરવામાં આવે તે માટે કહેલી છે.

(છતાં આ સારા પુરુષના ધર્મના પ્રસંગમાં કહેલી હોવાથી આમાં) ૧. અલૌકિક શક્તિવાળા પ્રાપ્ત કરાવનાર, ૨. પ્રાપ્ત કરવામાં ઉપયોગી સાધનો અને ૩. વિઘ્ન દૂર કરનાર (કહેલા) છે. સારા પુરુષના ધર્મના કાર્યમાં સર્વ સ્થલે આ ત્રણ હોય છે. ૧. ભગવાન્ હરિ (આ અમૃત કાઢવામાં) અલૌકિક શક્તિવાળા પ્રાપ્ત કરાવનાર મનાયેલા છે. ૨. દેવો પ્રાપ્ત કરવામાં સાધનોનો સમૂહ છે અને ૩. વિઘ્ન દૂર કરનાર ઈશ્વર (શંકર) છે. (૪।૭।૫૦માં ભગવાને દક્ષને કહ્યું છે કે હું, બ્રહ્મા અને શંકર જગતના મૂલ કારણ છીએ; તે પ્રમાણે બ્રહ્મા,વિષ્ણુ અને શંકર સર્વ સ્થલે કાર્યમાત્રનાં કારણ છે, કારણ કે ઉત્પત્તિ સ્થિતિ અને લય કરનારા તે ત્રણ છે, અને તે દરેક કાર્ય કરવા તે-તે કાર્ય કરનારની જરૂર રહેલ છે) અને તેથી તેઓમાંના એક પણ ન હોય, તો કોઈ પણ સ્થલે કાર્ય થતું નથી [૪૩-૪૭]

સમુદ્રમાંથી અમૃત કાઢવાનો પ્રયાસ કરતાં બે પ્રકારનાં વિઘ્નો આવી પડયા, અને તે પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરનારા દેવો તથા દૈત્યો તેનો ઉપાય કરવા શક્તિમાન ન હતા. ('સાધકાસાધનક્ષમા' પાઠ છે. અહીં કાંઈક અશુધ્ધ હોવું જોઈએ. 'સાધકાસાધનક્ષમમ્' પાઠ ગણી અર્થ કરવા પ્રયાસ કરેલો છે અથવા ''સાધકાઃ સાધનક્ષમાઃ'' પાઠ લઈ, દેવો તથા દૈત્યો મથન કરી અમૃત પ્રાપ્ત કરવા લાયક થયા, ત્યારે મધ્યે વિઘ્ન થયું એવો અર્થ કરવો) વચ્ચે અડચણનો સમ્બન્ધ થયો (વિઘ્ન થયું) ત્યારે પહેલા વિઘ્ન (મંદાર પર્વતનું પાણીમાં ડૂબી જવું તે) માં હરિ ઈશ્વરે તે વિઘ્ન દૂર કર્યું. કારણ કે અમૃત પ્રાપ્ત કરનારા (પર્વતને સ્થિતિમાં રાખનાર તે જ હતા-- યોજના) તે જ હતા. તેમણે કૂર્મનું સ્વરૂપ ધારણ કરી પર્વત જલમાંથી બહાર કાઢ્યો, દેવો તથા દૈત્યો ના બલમાં વૃદ્ધિ કરી અને પોતે પણ મન્થન કરવા લાગ્યા. સમુદ્રમાંથી પ્રથમ કાલકૂટ નીકળ્યું, તે બીજું વિઘ્ન થયું. તે વિઘ્ન મહેશ્વરે(શંકરે) દૂર કર્યું. અહીં ભગવાનની (શ્લો.૧૨) અને શંકરની (શ્લો.૨૧-૩૫) બન્નેની સ્તુતિ કર્યાનું કહેલ છે [૪૮-૪૯]

એક જ કલ્પમાં ભગવાનની અને શંકરની તેઓ સર્વરૂપ હોય તેમ સ્તુતિ કરેલી છે તે કેમ સમ્ભવે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જુદા-જુદા મત પ્રમાણે બન્નેની (એવી) સ્તુતિ સમ્ભવે છે, (વેદથી જે વિરુધ્ધ નથી તે પાશુપત મત પ્રમાણે શંકર પણ સર્વરૂપ હોવાથી, તે મત પ્રમાણે તેમનું સ્વરૂપ જણાવવા તેવી તેમની સ્તુતિ કરેલી છે).

કાલકૂટનું શ્લો.૧૯માં જણાવ્યું તેવું સામર્થ્ય ક્યાંથી થયેલું ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે પહેલાં એટલે પહેલાના કલ્પમાં ભગવાન્‌થી ઉત્પન્ન થયેલ મૂલ અસુર મધુ અથવા કૈટભ, અથવા એકત્ર થયેલ તે બન્ને, કાલકૂટ થયેલ. તે કલ્પમાં તેમના સ્વભાવ પ્રમાણે પ્રજાનો નાશ તેઓએ કરેલ નહિ, તેથી હવે પ્રજાનો નાશ કરવા પ્રજા પાસે આવ્યું, કારણ કે પ્રજાનો નાશ કરવાનો જ તેનો સ્વભાવ હતો. પહેલાના કલ્પમાં તે ભગવાનના કર્ણના મેલમાંથી ઉત્પન્ન થયેલ અને આ કલ્પમાં તે સમુદ્રમાંથી ઉત્પન્ન થયું. ભગવાનના કર્ણના મેલમાંથી ઉત્પન્ન થયેલા હોવાથી તેનામાં તેવું

સામર્થ્ય હતું તે સમુદ્રમાંથી સર્વથી પહેલું ઉત્પન્ન થયું. જો પાછળથી ઉત્પન્ન થાય, તો તેની પહેલાં જે-જે પદાર્થો ઉત્પન્ન થયેલા હોય તે બધાને દૂષિત કરે. તેથી કોઈ પદાર્થ દૂષિત ન થાય તે માટે જ તે સર્વથી પહેલું ઉત્પન્ન થયું. મહાદેવના ઉદરમાં સર્વ મુક્ત જીવો જ રહે છે. તેથી આ સર્વ દોષથી ભરપૂર કાલકૂટ નામનો અસુર પણ તે મુક્ત જીવોના સંગથી મુક્ત થાય, તેવા વિચારથી પ્રયાસ કરી મહાદેવ તેને ખાઈ ગયા. આ દોષવાળો કાલકૂટ અસુર ઘણો બલવાન હોવાથી સમુદ્રમાં રહેલા વડવાનલ અગ્નિના મુખમાંથી નીકળી ગયો, અને શંકરે તેનું ભક્ષણ કર્યું પરન્તુ કણ્ઠમાં જ આસન મળવાથી ત્યાં જ રોકાઈ ગયો. (ઉદરમાં ન ગયો પરન્તુ) કણ્ઠમાં જ ગોઠવાઈ ગયો (શ્લો.૪૨,૪૩) અને તે દોષવાળો છે એમ જણાવવા શંકરનો કણ્ઠ પણ પ્રસિદ્ધ શ્યામ થયો. મહાપ્રલય થઈ શકે તે માટે તે બલવાન કાલકૂટ અસુરને શંકરે પણ ત્યાં કણ્ઠમાં જ રાખ્યો, અને ભવાનીએ પણ શંકરના તે કાર્યનું અનુમોદન કર્યું (શ્લો.૪૦,૪૧,૪૫) [૫૦-૫૪।।]

**દાનનું પેટા-પ્રકરણ; અધ્યાય ૮-૧૦:**

પછી આઠમાથી દશમા સુધીના ત્રણ અધ્યાયોથી દાનનાં સ્વરૂપનું વર્ણન કરવામાં આવે છે. તેમાં અનુક્રમે દાનમાં આપવાના પદાર્થોની ઉત્પત્તિ, દાનનું કાર્ય તથા ખાધેલું પાછુ કાઢવાનું, અને દાનનું ફલ; એ ત્રણ કહેલા છે. રાહુએ અમૃત પીધું ત્યારે ભગવાને તેનું માથું કાપ્યું. તે સમયે તેનું મુખ નીચું હોવાથી તેમાંથી મુખમાં પચતાં બાકી રહેલું અમૃત નીકળી ગયું, તે પણ ભગવાનનું કાર્ય હતું [૫૪।।-૫૬]

**અધ્યાય ૮; દાનમાં આપવાના પદાર્થોની ઉત્પત્તિ:**

અહીં અમૃત બધાને આપવાનું હોવાથી તેની ઉત્પત્તિ જ કહેવી જોઈએ, કામધેનુ વગેરેની ઉત્પત્તિ કહેવાનું શું પ્રયોજન? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે પહેલાં વર્ણવેલું બ્રહ્મ સચ્ચિદાનન્દરૂપ અને ઉત્તમ છે. ''આજ આનન્દ કરાવે છે'' ''આના જ આનન્દના થોડા અંશ ઉપર બીજા પ્રાણીઓ નભે છે'' એ શ્રુતિઓ પ્રમાણે બ્રહ્મ જ આનન્દ આપનારુ છે. તેનો અંશ હોવાથી જ સર્વને આનન્દ પ્રાપ્ત થાય છે. તેથી 'સત્' અંશવાળા દેહને સર્વ પ્રકારનો આનન્દ પ્રાપ્ત થાય, તે માટે અહીં કામધેનુ વગેરેની ઉત્પત્તિ કહેલી છે. કારણ કે સતનો આનન્દ બહારના પદાર્થોના સમ્બન્ધથી જણાય તેવો છે. રમા (લક્ષ્મી) મુખ્ય આનન્દ હોવાનો નિર્ણય થયેલો છે. અમૃત તો જીવોનો આનન્દ (જીવોને આનન્દ આપનારું) છે, કારણ કે તે અમૃતનો આનન્દ જીવોમાટે ઉપયોગી છે. લોકમાં જે સર્વથી ઉત્તમ હોય, અને જેનો વિભાગ થઈ શકે નહિ, તે પોતાની ઈચ્છાથી જ જેની પાસે જાય, તે જ તેનો ભોગ કરે છે કોઈ પણ સમયે બીજો કોઈ તેનો ભોગ કરતો નથી. તેથી લક્ષ્મીના સ્વયંવરની કથા કહેલી છે (શ્લો.૮-૨૭). લક્ષ્મી જ રમાના રૂપથી સમુદ્રમાંથી નીકળેલાં, તેથી તેમનો ભગવાનને જ વરવાનો વિચાર હતો, કારણ કે તે બ્રહ્માનન્દરૂપ છે, અને 'મહદ્ બ્રહ્મ' કહેવાય છે (ભગ.ગીતા ૧૪।૩ જુઓ). તેમનો ભોગ કરનાર હરિ સિવાય બીજો કોઈ હોઈ શકે જ નહિ. કારણ કે હરિ જ ''અક્ષરથી ઘણા ઉત્તમ છે'' એમ શ્રુતિ

કહે છે. ભગ.ગીતા ૧૫।૧૮ માં પણ તે ''અક્ષરથી પણ ઉત્તમ'' હોવાનું કહેલ છે. લક્ષ્મીથી ઉત્તમ હરિ જ છે, અને તેમનાથી ઉત્તમ હોય તે જ તેમના ભોક્તા થાય એમ જણાવવા આ સ્વયંવરની કથા કહેલી છે. હરિ સિવાયના બધા તો દોષના સમ્બન્ધવાળા છે, અને અક્ષરના આનન્દથી હલકા હોવાથી લક્ષ્મીનો ભોગ કરી શકે નહિ [૫૭-૬૦।।]

આ લક્ષ્મી આધિદૈવિક છે. અમૃત તો મધ્યમ (આધ્યાત્મિક) ગણાયેલું છે. કામધેનુ વગેરે આધિભૌતિક છે. આ ત્રણે પ્રકારના પદાર્થો સમુદ્રમાંથી નીકળ્યા, તેથી તે દાન કરનાર ગણાયેલો છે. વસ્તુતઃ ભગવાન્ જ દાન કરનારા છે.

દાનમાં આપવાના પદાર્થોની ઉત્પત્તિ જ આ અધ્યાયનો અર્થ હોવાથી બધા પદાર્થોની ઉત્પત્તિ કહી તે યોગ્ય છે, પરન્તુ અમૃત; અસુરો લઈ ભાગી ગયા એ કેમ અહીં કહેલ છે ? -- એવો પ્રશ્ન થાય, તો જાણવું કે અમૃતની ઉત્પત્તિ તેનું અસુરોએ હરણ કર્યું ત્યાં સુધીની, એમ જણાવવા કહેલી છે કે ભગવાને તેનું સ્વતન્ત્ર રીતે દાન દેવોને કરેલું છે, કારણ કે જો ત્યાં સુધીની કથા કહી ન હોય તો ઘરમાં જમાડવાના પાકનો દાતા ઘરધણી ગણાય પરન્તુ પીરસનાર ન ગણાય, તેમ અમૃતનું દાન કરનાર સમુદ્ર જ ગણાય, અને તેનુ ભગવાને દાન કરેલું ગણાય જ નહિ. તેથી ભગવાને અમૃતનું દાન પોતાની સ્વતન્ત્રતાથી કરેલું છે (સમુદ્રના પ્રતિનિધિ તરીકે કરેલું નથી) એમ જણાવવા અમૃત અસુરો લઈને જતા રહ્યા એ કથા કહેલી છે. વળી જેમ પિતાથી ઉત્પત્તિ થાય છે તેમ અમૃત ભગવાન્થી જ ઉત્પન્ન થયેલું છે એમ જણાવવા, ભગવાન્ ધન્વન્તરિના સ્વરૂપથી(૧।૩।૧૭ જુઓ) અમૃતના કલશ સાથે સમુદ્રમાંથી પ્રકટથયેલા. વળી જેમ માતાથી ઉત્પત્તિ થાય છે તેમ અમૃત ભગવાન્થી ઉત્પન્નથયેલું એમ જણાવવા ફરીથી માયા(મોહિની)ના સ્વરૂપથી ભગવાન્ હાથમાંઅમૃતનો કલશ ધારણ કરી રહ્યા. એવી રીતે બે સ્વરૂપથી ભગવાને દુર્લભ અમૃત ઉત્પન્ન કરીને દાન લેનાર ઉત્તમ પાત્રરૂપ સર્વ દેવોને તેનું પાન કરાવ્યું [૬૦।।-૬૫।।]

**અધ્યાય ૯; દાન :**

હરકોઈએ કરેલું દાન પણ ભગવાને જ કરેલું થાય છે એમ જણાવવા શ્રીકૃષ્ણ પોતે અમૃતનું દાન કરનાર થયા કારણ કે સમુદ્ર તો અપુત્ર હતો. (આ કલ્પમાં ચન્દ્ર સમુદ્રનો પુત્ર ન હતો. કારણ કે તે તો અમૃતનું દેવ તરીકે પાન કરવા આવે છે અને તેથી અમૃતથી ભરપૂર ન હતો) અને વળી ભગવાન્, લક્ષ્મી તેમને વરેલી હોવાથી, તેના જમાઈ હતા તેથી (સમુદ્ર અપુત્ર હોવાથી તેનાં) જમાઈરૂપ (પુત્રીરૂપ ભગવાને—યોજના) ભગવાને પોતે સાસરાનું (અમૃત આપવાનું) કાર્ય કર્યું.

ભગવાને દેવોને અમૃતનું પાન કરાવ્યું અને દૈત્યોને ન કરાવ્યું એવો પક્ષપાત કર્યો — એમ ન માનવું, કારણ કે ભગવાને દૈત્યોને વારુણી (દારૂ) આપેલ. તે પણ જ્યારે વૃક્ષમાંથી નીકળેલી ત્યારે અમૃતની પેઠે તેની ધારા થયેલી. ભગવાને દેવોને અમૃત પાયું અને દૈત્યોને વારુણી આપી, કારણ કે

જેઓ જેને માટે યોગ્ય હોય તેઓને તે અપાય. (વાસનાથી જીવ અમુક પદાર્થમાટે યોગ્ય થાય છે, તેથી વાસનાને લીધે દેવો તથા દૈત્યોને તેઓની યોગ્યતા પ્રમાણે અમૃત અને વારુણી આપ્યાં તેથી પક્ષપાત થયો નથી). દૈત્યોમાંના એક રાહુને અમૃતનો ગુણ જણાવવામાટે અમૃતનું પાન કરાવ્યું, અને બીજા દૈત્યો અમૃતનું પાન જેમને કરાવવામાં આવતું હતું તેમની પંક્તિમાં પેસી ન જાય તે માટે તેને માર્યો (તેનું માથું ધડથી જુદું કર્યું). કાલચક્રમાં ફરનારા સૂર્ય અને ચન્દ્રે, રાહુ દૈત્ય પંક્તિમાં પેસી ગયો હતો તે ભગવાનને સૂચવ્યું, તેથી તેઓ ગ્રહણ થવા પાત્ર થયા. (તેઓએ ભગવાનને એમ સૂચવ્યું તેથી જ, કોઈ પ્રકારે અટકાવી ન શકાય તેવું દૈત્ય સાથે મુખ્ય વૈર થયું એમ જણાવવા ગ્રહણ થયાનું કહેલ છે). સત્પુરુષો દેવોને શ્રીકૃષ્ણથી અમૃત પ્રાપ્ત થવાથી સુખરૂપ ફલ પ્રાપ્ત થયું એમ આ અધ્યાયથી જણાવ્યું. (આ ક્ષય પામે તેવાં અમૃતની કથા કહી) કારણ કે ભગવાનની કથારૂપ અક્ષય અમૃતનું પાન કરેલું હોય, તે મુખમાંથી પાછું બહાર કાઢી (કીર્તન કરાવી) પોતાના ભોગમાટે ઉપયોગમાં લેવું (શ્રવણ કરવું) જોઈએ. (આ વિષયનો ૨।૧।૧૦ના શ્રીસુબોધિનીમાં નિર્ણય કરેલો છે) [૬૫।।-૭૨]

**અધ્યાય ૧૦; દાનનું ફળ :**

પહેલાં દેવોએ જેવો સમુદ્રનું મથન કરવાનો પ્રયાસ કરેલ તેવો જ તેઓએ અમૃતનું પાન કર્યા પછી દૈત્ય સાથેના યુદ્ધમાં પ્રયાસ કર્યો (અ.૧૦।૪). ''અમે અમૃતનું પાન કરેલું છે'' એવા અહંકારથી જ તેઓ યુદ્ધ કરવા લાગ્યા, પરન્તુ ભગવાને પોતાના ઉપર ઉપકાર કરેલો, એવું તેઓને ભાન ન રહ્યું. તેથી ''આ દેવો કૃતઘ્ની છે'' એવી ખોટી માન્યતા થવાથી અમૃતે તેમના ઉપર ઉપકાર કર્યો નહિ. (અમૃત જીવોના આનન્દરૂપ હોવાથી ચેતન હોઈ, તેની એવી માન્યતા થવાથી તેણે દેવોને સાહાય્ય કર્યું નહિ, તેથી દેવો દુઃખ પામવા લાગ્યા) પછી ભગવાને પોતે પધારી (શ્લો.૫૩) ઉત્તમ અસુરોને હણ્યા, ત્યારે ''દેવો કૃતઘ્ન છે'' એવી અમૃતની માન્યતા દૂર થઈ. તેથી અમૃતે પોતાનું કાર્ય (દેવોને સાહાય્ય) કરવા માંડયું, એટલે દેવો પોતે યુદ્ધ કરવા લાગ્યા અને તેમણે વિજય પ્રાપ્ત કર્યો. આ અમૃતનાં દાનનું ફલ પ્રાપ્ત થયું કારણ કે દેવોએ સ્વર્ગ વગેરે જીતી લીધાં. (આ કથાથી એમ સૂચવેલું છે કે વિદ્યાનો ઉપદેશ કરનારા અને વિચાર અથવા નિર્ણય કરનારાઓ પણ અહંકાર રાખે, તો શ્રીભાગવત વગેરે રૂપ વિદ્યા તેઓને લાભ કરતી નથી. તેથી તેઓએ પણ દરેક ક્ષણે એવું જ ચિન્તન કરવું જોઈએ કે ભગવાન્ જ સર્વ કાર્ય કરે છે. આ વિષયમાં પણ દાન કરવાના પદાર્થોની ઉત્પત્તિ સાત્ત્વિક છે કારણ કે તે પદાર્થો સુખ કરાવનારા હોવાથી સાત્ત્વિક છે. તે પદાર્થના દાનરૂપ કર્મ કપટવાળું હોવાથી રાજસ છે, અને દાનનાં ફલરૂપ અસુરોને હણવાનું કાર્ય તામસ છે)[૭૩-૭૫]

**ફલ પ્રકરણ; અધ્યાય ૧૧-૧૨-૧૩ :**

અધ્યાય ૧૧ : યુદ્ધમાં બલિને તો ઈન્દ્રે વજ્રનો પ્રહાર કરી ભૂમિ ઉપર પાડયો (શ્લો.૧૨) અને બીજા દૈત્યો યુદ્ધ તજી ગયા (શ્લો.૪૬). અમૃત ભક્ષણ દેવોએ કર્યું તેનું ફલ તેઓને મળ્યું કે

નહિ ? તેવી શંકા ન રહે તે માટે આટલા ફલનું નિરૂપણ આ અધ્યાયમાં કરેલું છે. (અહીં કહેલી પ્રહાર કરવાની ક્રિયાઓ તામસી છે) [૭૬]

**અધ્યાય ૧૨ ; મહાદેવને થયેલ મોહ :**

બારમા અધ્યાયમાં ભગવાનનાં મોહિની સ્વરૂપથી મહાદેવને મોહ થયો, એ કથા કહેલી છે. જો મહાદેવને મોહ થયો ન હોય તો તેમનો આશ્રય કરનાર દૈત્યો થોડા જ સમયમાં ફરીથી દેવોને દુઃખ આપવા માંડે. તે મન્વન્તર ચાલુ હતો ત્યાં સુધીમાં જો દૈત્યો ફરીથી દેવોને પીડે, તો દેવોએ કરેલું આ અમૃતનું પાન વ્યર્થ જ ગણાય (કારિકા ૭૮ માં 'બાધેરન્નામૃત..' પાઠ છે, તે 'બાધેરન્નમૃત..' જોઈએ, એમ જણાય છે, અને તેવો પાઠ ગણી અર્થ કરેલ છે.) તેથી મન્વન્તર પૂરો થતાં સુધી દૈત્યો દેવોને પીડા ન કરે, તે માટે દૈત્યોને આશ્રય આપનાર મહાદેવને મોહિની સ્વરૂપથી મોહ થયાની કથા કહેલી છે [૭૭-૭૮]

**અધ્યાય ૧૩ :**

પછી તેરમા અધ્યાયમાં બાકીના સર્વ મન્વન્તરો અનુક્રમે કહેલા છે, કારણ કે મન્વન્તરોમાં બધા દેવો ભગવાનના આવેશવાળા હતા. (ભગવાનનો આવેશ પોતામાં કરાવી બ્રહ્મભાવ પ્રાપ્ત કરવો, એ મુખ્ય ફલ છે એમ આ અધ્યાયમાં જણાવેલ છે) [૭૯]

**અધ્યાય ૧૪ ; ગુણાતીત દાન :**

મનુ, દેવો, મનુના પુત્રો, ઈન્દ્ર, ઋષિઓ અને ભગવાનનો અવતાર એ છ દરેક મન્વન્તરમાં હોય છે, અને એ છ થી ધર્મ પ્રાપ્ત થાય છે. તે છએ શું-શું કાર્ય કરે છે, એ જુદું-જુદું જણાવી, ભગવાન્‌થી તે સર્વ કાર્ય સિદ્ધ થાય છે, એમ આ ચૌદમા અધ્યાયમાં દર્શાવેલું છે. (ભગવાન્‌થી જ સર્વ સિદ્ધ થાય છે. એમ આ અધ્યાયમાં જણાવેલ હોવાથી, આને ગુણાતીતનો અધ્યાય કહેલો છે. ''દરેક યુગમાં ભગવાન્ જ્ઞાન આપે છે'' એમ આઠમા શ્લોકમાં જ્ઞાનનું દાન ભગવાન્ કરતા હોવાનું કહેલ હોવાથી, આ અધ્યાયનો પણ દાનનાં પ્રકરણમાં સમાવેશ થાય છે) [૮૦-૮૦।।]

**પ્રકરણ ૩ ; વચનપાલન :**

હવે ગુણરૂપ (૧૫ માથી ૨૩ મા સુધીના) નવ અધ્યાયોથી પોતાનું વચન પાલન કરવારૂપ ધર્મ કહેવામાં આવે છે. હરકોઈ સંયોગોમાં સમ્પત્તિના સમયે જે વચન કહેલું હોય, તે આપત્તિના સમયમાં ખોટું થવા દેવું જોઈએ નહિ, કારણ કે જો ચિત્ત તેવું (વચન પાલન કરવામાં તત્પર હોય) તો વચન પાળવાનું સર્વથા (જરાય) અશક્ય નથી. આ પ્રકરણમાં તેવી રીતે ધર્મની પ્રવૃત્તિ કરાવનાર બલિને કહેલો છે [૮૦।।-૮૨।।]

દાન કરનાર બલિની (દાન કરવાની) શક્તિ હતી, એમ પંદરમા અધ્યાયથી કહેલું છે.

બલિની પાસે ભૂમિ મળવાની યાચના ભગવાન્ કરે તે માટે સોળમાથી અઢારમા સુધીના ત્રણ અધ્યાયોથી ભગવાનનાં પ્રાકટ્યનો પ્રસંગ કહેલોછે.

ઓગણીસમા અધ્યાયથી વામને બલિ પાસે કરેલી યાચના અને વીસમા અધ્યાયથી બલિએ કરેલું દાન કહેલ છે.

એકવીસમા અધ્યાયથી બલિ ત્રણ પગલાં પૃથ્વી આપી ન શકવાથી તેણે પોતાના વચનનો ભંગ કર્યો, તેથી બન્ધન કર્યાનું કહેલું છે.

ત્યાર પછી તેણે પોતાનું વચન બરાબર પાળ્યું તેથી તેને છૂટો કર્યો અને તેને ઘણાં દુર્લભ વરદાન કર્યાં એ કથા બાવીસમા અધ્યાયમાં કહેલી છે, અને

ત્રેવીસમા અધ્યાયથી તેને તેના ઈચ્છેલા પદાર્થો પ્રાપ્ત થાય તે માટે તેને પાતાલમાં રાખ્યો એ કથા કહેલી છે.

—એ પ્રમાણે નવ અધ્યાયોથી આ પ્રકરણમાં સારા પુરુષના ધર્મરૂપ સત્ય વચન તેનાં સાધન અને ફલ સહિત કહેલું છે [૮૨॥-૮૬॥]

હવે ગુણને લીધે આ પ્રકરણના નવ પ્રકાર કેવી રીતે થાય છે તે કહેવામાં આવે છે. આ ભૂમિનું દાન કરનાર, પોતાનું વચન પાળનાર બલિ રાજસ છે, અને રાજસ દૈત્યો સાથે સમ્બન્ધવાળો છે એમ પંદરમા અધ્યાયમાં જણાવેલ છે.

સોળમા અધ્યાયમાં કહેલું પયોવ્રત સત્ત્વ સાથેના તમો ગુણવાળું છે. (તે મોહથી કરવામાં આવેલું હોવાથી તામસ છે, અને સુખ આપનારું હોવાથી સાત્ત્વિક છે).

સત્તરમા અધ્યાયમાં જણાવેલ (અદિતિની) પ્રસન્નતા રજોગુણ સાથે ભળેલ સત્ત્વ ગુણવાળી છે. (સુખ આપનારી હોવાથી સાત્ત્વિક છે અને ફલની ઈચ્છાવાળી હોવાથી રાજસ છે). વામનનો અવતાર કપટ કરેલ હોવાને લીધે તમોગુણ સાથે ભળેલા રજોગુણવાળો છે. (ઈશ્વરપણું છૂપાવી માગણ હોવાપણું જણાવી કપટ કર્યું, તેથી રજોગુણવાળો અને મોહ ઉત્પન્ન કરવાને લીધે તમોગુણવાળો છે).

ઓગણીસમા અધ્યાયમાં કહેલું યાચન-માગણી કપટથી કરેલ હોવાને લીધે રાજસ છે.

વીસમા અધ્યાયમાં જણાવેલ શુક્રનું વચન (શ્લો.૧૫ શાપ આપનારું હોઈ) તામસ છે, અને બલિનું વચન (શ્લો.૨-૧૩) આગ્રહપૂર્વક કહેલું હોવાથી તામસ છે. તે (સત્યને વળગી રહેનારું હોવાથી) સત્ત્વગુણવાળું અને (ગુરુની અવગણના કરનારું હોવાથી) રજોગુણવાળું પણ છે.

— આ પંદરમાથી વીસમા સુધીના છ અધ્યાયો ગુણના સમ્બન્ધમાં મુખ્ય ગણાયેલા છે [૮૬॥-૮૯॥]

એકવીસમા અધ્યાયમાં કહેલું દાન સાત્ત્વિક છે. અને તે કીર્તિ તથા સાહસના સમ્બન્ધવાળું પણ છે. જ્યારે બલિનું બન્ધન કરેલ તે તામસ છે. બલિએ પોતાનું વચન ન પાળવાથી (ત્રણ પગલાં ભૂમિનું દાન ન કરવાથી) તેને દુઃખ થયું, એ એકવીસમા અધ્યાયમાં (શ્લો.૩૪) કહેલું છે.

અને તેણે પોતાનું વચન બરાબર પાળી પૂરું કર્યું, તેથી તેને સુખ થયું એ બાવીસમા અધ્યાયમાં (શ્લો.૩૧) કહેલું છે.

ઈન્દ્રને પણ પહેલાં તેની જે લક્ષ્મી (કારિકા ૯૨માં 'પૂર્વાર્ધસ્ય' પાઠ છે તે 'પૂર્વાર્થસ્ય' જોઈએ એમ જણાય છે. તેથી તે પ્રમાણે પાઠ લઈ અર્થ કરેલ છે.) હતી તે પ્રાપ્ત થઈ એમ ત્રેવીસમા અધ્યાયમાં (શ્લો.૨૫) કહેલું છે.

— એવી રીતે ૨૧-૨૩ સુધીના ત્રણ અધ્યાયોમાં પ્રાપ્ત થયેલ ફલ અને તેવું ફલ પ્રાપ્ત કરવાની યોગ્યતા જણાવેલાં છે [૮૯।।-૯૧।।]

**અધ્યાય ૧૫-૧૬-૧૭:**

(એવી રીતે આ ત્રીજા પ્રકરણના ત્રણ પેટાપ્રકરણ ત્રણ-ત્રણ અધ્યાયના છે. પહેલું પેટા-પ્રકરણ સાધનનું છે) પંદરમા અધ્યાયમાં વિપ્ર શુક્રની કૃપાથી દાન કરવાની શક્તિ બલિ રાજા પ્રાપ્ત કરે છે. સોળમા અધ્યાયમાં અદિતિ અસુરો પાસેથી ત્રણલોક પાછા લાવે એવા પુત્ર વામનને પ્રાપ્ત કરાવનારું વ્રત કરે છે. સત્તરમાં અધ્યાયમાં અદિતિ ભગવાનની કૃપાથી ભગવાન્ વામનરૂપ પુત્ર પ્રાપ્ત કરે છે. તેથી વિપ્રની કૃપા, કર્મ-વ્રતની કૃપા(પરિણામ) અને ભગવાનની કૃપા એવા ત્રણ પ્રકારના સાધન આ પેટાપ્રકરણમાં જણાવ્યાં.

બીજું પેટાપ્રકરણ દાનનું છે. અઢારમાથી વીસમા સુધીના ત્રણ અધ્યાયોમાં દાન કહેલું છે. (અઢારમા અધ્યાયમાં શ્લો.૩૨, "હે બાલક ! તારી જે ઈચ્છા હોય તે માગ" એમ બલિ વામનને ઓળખ્યા વિના અજ્ઞાનથી દાન કરવાનું કહે છે. ઓગણીસમા અધ્યાયમાં "જેટલી જોઈએ તેટલી ત્રણ પગલાં જ ભૂમિ લો" શ્લો.૨૮ એવા જ્ઞાનથી બલિ દાન આપવા તત્પર થાય છે. વીસમા અધ્યાયમાં ગુરુએ શાપ આપેલ હોવા છતાં બલિ નિશ્ચયપૂર્વક દાન કરે છે, શ્લો.૧૬. વાસ્તવિક રીતે ઓગણીસમા અને વીસમા એ બે અધ્યાયમાં જ જ્ઞાનપૂર્વક દાન કરે છે, તે બે જ દાન કહેલાં છે. એમ આ ત્રણ અધ્યાયોમાં દાન કહેલ છે).

ત્રીજું પેટા-પ્રકરણ દાનના ફલનું છે. ઓગણીસમા તથા વીસમા અધ્યાયમાં જે બે દાન કહ્યાં તે બેનું ફળ બલિનું બંધન એકવીસમા અધ્યાય શ્લો.૨૬ માં કહેલ છે. (બાવીસમા અધ્યાયમાં ત્રીજું પગલું પોતાના શિર ઉપર મૂકવાનું વામનને કહી બલિ મુખ્ય દાન વામનને કરે છે, શ્લો.૨.

આ ફલનું પ્રકરણ છે. પરંતુ આ જે મુખ્ય દાન કર્યું તે આત્મનિવેદનરૂપ હોઈ ફલરૂપ છે અને તેથી ફલ પ્રકરણમાં કહેલું છે. વળી આ અધ્યાયમાં ભગવાન્ વામન; બલિને સુતલમાં સ્થાન તથા ત્યાં નિર્ભયતાનું દાન કરે છે, શ્લો.૨૨-૩૬. ત્રેવીસમા અધ્યાયમાં ભગવાન્ વામન ઈન્દ્રને સ્વર્ગનું દાન કરી, અદિતિની કામના પૂર્ણ કરે છે. શ્લો.૪,૧૯). એ રીતે ત્રણ-ત્રણ અધ્યાયોથી દાનનું કારણ, દાન અને ફલ કહેલાં છે [૯૧।।-૯૩।।]

**ત્રણે પ્રકરણના દાનમાં ભેદ :**

બીજા પ્રકરણમાં જે અમૃતનું દાન કરેલ છે, તે બધા દેવોને વહેંચીને દાન કરેલું છે તેથી તે સર્વને થોડું-થોડું થયેલ છે. બધાનું દાન કોઈને થયેલ નથી. જ્યારે ત્રીજા પ્રકરણમાં જે ભૂમિનું દાન બલિએ કર્યું તે બધી ભૂમિનું દાન એકલા વામન ભગવાનને કર્યું. તેથી ત્રીજા પ્રકરણમાં કરેલું દાન સર્વથી શ્રેષ્ઠ છે. આ બલિએ જે પ્રમાણે દાન કરીને ધર્મ કર્યો, તે જ સારા પુરુષના ધર્મ છે. ભગવાને તેનો તે ધર્મ નભાવ્યો, તેથી તે ભક્તિ (નવમા સ્કન્ધ)ની પહેલાં કહેલ છે. લક્ષ્મીનું દાન જે પ્રકારે થયું, તે તો મધ્યમ પ્રકારનું કહેલું છે, અને આપત્તિમાં ભગવાનને શરણે જવાનું કહ્યું તે તેથી પણ પહેલું (હલકું) છે. (પહેલા પ્રકરણમાં જણાવેલ આપત્તિમાં ભગવાનને શરણ જવાનો ધર્મ સ્વાર્થમાટે કરાતો હોઈ, અને બીજા પ્રકરણમાં જણાવેલ લક્ષ્મીનું દાન પરમાર્થમાટે હોઈ બીજા પ્રકરણમાં કહેલ ધર્મ પહેલા પ્રકરણમાં જણાવેલ ધર્મથી વધારે સારો છે) જો સદા ઉત્તમ ધર્મો હરિને પ્રાપ્ત કરવા માટે કરવાના હોય તો તેઓનો એવો નિર્ધાર છે [૯૩।।-૯૭]

**પ્રકરણોનો સાર :**

સમ્પૂર્ણ પ્રકારે ભગવાનને શરણ જવું એ પહેલા પ્રકરણનો સાર છે. તેમ કરી, સર્વથી ઉત્તમ વસ્તુ(લક્ષ્મી) ભગવાનને નિવેદન કરીને, તેમના સેવકોને વળી તેમની ઈચ્છા પ્રમાણેના પદાર્થો ભગવાનની ઈચ્છા પ્રમાણે આપવા (એ બીજા પ્રકરણનો સાર છે). પોતાનું સર્વસ્વ પોતાના આત્મા (દેહ) સાથે શ્રીકૃષ્ણનાં જ છે, તે શ્રીકૃષ્ણને જ સમર્પણ કરવાં (એ ત્રીજા પ્રકરણનો સાર છે. ત્રણે પ્રકરણોનો સાર એવો છે કે)

૧. જો ભગવાન્ હર કોઈને અથવા પોતાને ભાગ પાડી જે આપે તો તે તેમજ ભલે રહે એમ વિચારવું,
૨. અભિમાનનો ત્યાગ કરીને ભગવાને જે કરેલ હોય તે તેમજ ભલે હો એવી રીતે તેનું અનુમોદન કરવું અને
૩. આમ થાય ત્યારે પોતાની જે મિલ્કત ભગવાન્ પોતાના શત્રુઓને આપે તો તે પણ સમ્પૂર્ણ રીતે સહન કરવું [૯૮-૧૦૦।।]

**પ્રકરણ ૪; અધ્યાય ૨૪ :**

ઉપર જણાવેલ ત્રણે સિદ્ધાન્ત ભગવાન્ મત્સ્ય પોતે જાણે છે, બીજું કોઈ જાણતું નથી.

કારણ કે સાતમા વૈવસ્વત મનુને માટે ભગવાન્ મત્સ્ય પોતે પધારેલા (અ.૧૩૧ અને અ.૨૪।૧૦-૧૨). આ સાતમા મન્વન્તરમાં સારા પુરુષના ધર્મ (એકાદશીના ઉપવાસ વગેરે)થી વાસનાને બાળવી, બીજા પ્રકારે બાળવી નહિ એવું પ્રસિદ્ધ થાય તે માટે આ અધ્યાયમાં મત્સ્ય ભગવાનનું ચરિત્ર કહેલું છે. ભગવાન્ મત્સ્ય જ હયગ્રીવને હણી તેની પાસેથી વેદ લાવ્યા અને વેદનો ઉદ્ધાર તેમણે જ કરેલ છે, બીજા કોઈએ કરેલ નથી. તેથી એવો નિશ્ચય થાય છે કે મત્સ્ય ભગવાન્ વિના બીજું કોઈ ધર્મની સૂક્ષ્મ વિગતો જાણતું નથી. એ પ્રમાણે ગુરુએ કહેલા માર્ગથી જે સારા પુરુષના ધર્મ આચરે છે, તે બધી દુષ્ટ વાસનાઓને બાળે છે, એવો નિશ્ચય છે.

(છઠ્ઠા સ્કન્ધમાં ભગવાનના અનુગ્રહથી રહેવાનું, સાતમા સ્કન્ધમાં જુદી-જુદી વાસનાવાળા રહેવાનું અને આઠમા સ્કન્ધમાં બધી દુષ્ટ વાસનાઓનો નાશ કરી રહેવાનું કહ્યું. એવી ત્રણ પ્રકારની સ્થિતિમાટે ભગવાનની ત્રણ પ્રકારની લીલાઓ કહી) [૧૦૦।।-૧૦૪।।]

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી.
ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય
ભગવત્સેવાનો બીજો કોઈ **(જાહેરમન્દિર-હવેલીમાં)**
સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી. તેથી ભગવત્સેવા કરવામાટે
અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી
**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

**પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્। વૃત્યર્થં નૈવ યુઞ્જીત પ્રાણૈઃ કંઠગતૈરપિ**
ભાગવતનો પાઠ પ્રયત્ન પૂર્વક કૃષ્ણભક્તિ સિવાય અન્ય કોઈ પણ હેતુ વિનાજ
કરવો જોઈએ. પ્રાણ કંઠ સુધી પણ કેમ ન આવી જાય પરન્તુ આજીવિકા
અર્થે તો ભાગવતનો ઉપયોગ ન જ કરવો જોઈએ. **(શ્રીવલ્લભાચાર્ય)**

# સ્કન્ધ નવમો : ઈશાનુચરિત

**સંગતિ :**

વાસનાઓનો ક્ષય થાય તે માટે ચોવીસ અધ્યાયોથી સદ્ધર્મનું આઠમા સ્કન્ધમાં નિરૂપણ કર્યું. ''સમ્પૂર્ણ પ્રકારે ભગવાનને શરણ જવું'' વગેરે સદ્ધર્મ આચરવાનું કહ્યું. તે પ્રમાણે આચરનાર જીવને જો તેના સ્વભાવને લીધે શ્રીકૃષ્ણ પ્રતિ શુભ વાસના પ્રાપ્ત થાય તો તેને ભક્તિ પ્રાપ્ત થાય છે, અને ભક્તિથી જુદું (લૌકિક ફલ અથવા ભુક્તિ પ્રાપ્ત) થતું નથી, (પણ જો ભગવાનની કૃપા તેના ઉપર અધિક ન હોય, તો સામાન્ય કૃપાને લીધે તે મોક્ષ સુધીનાં ફલ પ્રાપ્ત કરે છે, ભક્તિ પ્રાપ્ત કરતો નથી. જો પુષ્ટિ-પ્રવાહ-મર્યાદાભેદમાં કહ્યું તેમ તેનામાં કુદરતી વૈષ્ણવપણું હોય, તો જ ''શ્રીકૃષ્ણ જ મારા પ્રભુ છે'' એવી શુભ વાસના તેને થાય છે અને તે ભક્તિ પ્રાપ્ત કરે છે. એવી શુભ વાસનાથી ભક્તિ પ્રાપ્ત થાય છે. એવો સદ્ધર્મ અને ભક્તિ કારણ તથા કાર્ય હોવાનો તેમનો સમ્બન્ધ જણાવ્યો). નવમા સ્કન્ધમાં ઉત્તમ ભક્તિનું નિરૂપણ કરવામાં આવે છે [૧-૨]

આ ભક્તિ ભગવાનની અને તેમના સેવકોની કથારૂપ છે. આ કથાના શ્રવણથી પુરુષ ભગવાનનો ભક્ત થાય છે. ('ઈશાનુકથા' એટલે ઈશ્વરની અને તેમના સેવકોની કથા. આનું લક્ષણ ૨।૧૦।૫ તથા ૧૨।૭।૧૬ માં કહેલ છે. ૨।૧૦।૫ માં શ્રીભાગવતમાં વર્ણવેલી ઈશાનુકથાનું લક્ષણ કહેલું છે, અને ૧૨।૭।૧૬માં સામાન્ય અથવા બીજા પુરાણોમાં કહેલી ઈશાનુકથાનું લક્ષણ કહેલું છે. ''હરિના અવતારનું ચરિત્ર અને આમના સેવક પુરુષોનું ચરિત્ર જુદાં-જુદાં આખ્યાનોથી પુષ્ટ થયેલી ઈશકથા કહેલી છે'' ૨।૧૦।૫ 'હરિ' અને 'ઈશ' શબ્દોથી દુઃખ દૂર કરવાનું અને સુખ પ્રાપ્ત કરવાનું ઈચ્છેલું જણાવેલ છે. ગુણોના ભેદથી દુઃખ નવ પ્રકારનું હોવાથી, તે દૂર કરનાર હરિના સેવકો ગુણોને લીધે નવ પ્રકારના છે અને જ્ઞાનથી દુઃખ દૂર કરનાર એક પ્રકારના છે, ભગવાનનું ચરિત્ર જ્ઞાન, કર્મ અને ભક્તિ ના ભેદથી ત્રણ પ્રકારનું છે, એ રીતે દુઃખ દૂર કરવાના તેર પ્રકાર થયા. દશ ઈન્દ્રિયો સુખ આપનારી હોવાથી ભગવાનના સુખ આપનાર સેવકો દશ પ્રકારનાં છે. અને ભગવાન્ એક સુખ આપનાર છે. એ પ્રમાણે દુઃખ દૂર કરવાનું તથા સુખ આપવાનું ચોવીસ પ્રકારે થતું હોવાથી ઈશાનુકથા ચોવીસ અધ્યાયોથી કહેલી છે.

જો પુરુષ શ્રીકૃષ્ણની લીલાને અનુસરીને (પુત્ર, પશુ વગેરે પોતાના) સર્વ લૌકિક પદાર્થોથી સર્વનાં ઉપાદાન કારણ તરીકે નિશ્ચયપૂર્વક શ્રીકૃષ્ણની સેવા કરે તો પછી લૌકિક પદાર્થોમાં શ્રીકૃષ્ણનો પ્રવેશ થવાને લીધે, તેને લૌકિક પદાર્થોમાં મનનો દુરાગ્રહ રહેતો નથી, એમ જણાવવા પહેલાં જે સદ્ધર્મ વગેરે કહ્યા, તેમનાથી જુદા પ્રકારની અને તેમનાથી ઉત્તમ ઈશાનુકથા ચોવીસ અધ્યાયોથી આ નવમા સ્કન્ધમાં કહે છે.

આ ઈશાનુકથા સદ્ધર્મથી ઉત્તમ છે, કારણ કે આ લીલામાં ભગવાન્ પોતે જીવોને તેઓના

જન્મથી આરંભી પોતાના સેવક કરવામાટે પોતાના ગણી રાખે છે, અને તેથી જન્મથી આરંભી તેઓની સર્વ ક્રિયા તેઓ જાણે તેવી રીતે અથવા ન જાણે તેવી રીતે ઈશ્વરને અનુસરી કરેલી હોય છે, (જ્યારે સદ્‌ધર્મમાં જન્મથી આરંભી સર્વ ક્રિયાઓ ઈશ્વરને અનુસરી કરેલી હોતી નથી. ઈશાનુકથામાં જણાવેલા સર્વ ભક્તો જન્મથી આરંભી ઈશ્વરને અનુસરીને ક્રિયા કરનારા છે) એમ જણાવવા સૂર્યવંશ અને સોમ વંશ, એ બન્ને વંશોમાં ભગવાને અવતાર લીધેલો છે [૩-૭]

**પ્રકરણનો અર્થ :**

પૂર્ણ ગુણવાળા પુરાણ પુરુષ બાર અંગવાળા છે. તેથી પહેલો સૂર્યનો વંશ આ સ્કન્ધના બાર અધ્યાયોથી કહેલો છે. (વંશનો મૂલ પુરુષ સૂર્ય બાર રૂપવાળો હોવાથી પણ તેનો વંશ બાર અધ્યાયોથી કહેલો છે). તેવી જ રીતે ચન્દ્રનો વંશ કોઈ પ્રકારે સૂર્યના વંશથી હલકો નથી એમ જણાવવા તેની કથા પણ બાર અધ્યાયોથી કહેલી છે. તેથી જીવના સ્વરૂપથી (સૂર્ય જીવ હોય તેવા પ્રકારે) સૂર્યના વંશનું નિરૂપણ કરેલું છે. સૂર્યવંશ અને ચન્દ્રવંશ બન્નેના વર્ણનમાં સરખા એટલે બાર-બાર અધ્યાયો જ છે. (આ વર્ણન કરતા) આ સ્કન્ધમાં શ્રીકૃષ્ણની લીલાને અનુસરી સર્વની જાત-જાતની ભક્તિનું નિરૂપણ કરેલું છે, હરિની સાથે તેમના સમયમાં જે જીવતા હતા તે સર્વને મોક્ષરૂપ ફલ પ્રાપ્ત થયેલ, અને ભગવાનની લીલાથી તેઓને ઘણું જ સુખ થયેલ. તેથી (તેમની) ભક્તિનું નિરૂપણ આ સ્કન્ધમાં કરવામાં આવે છે.

જ્યારે રમાપતિ ભગવાન્ સાક્ષાત્ ભૂતલ ઉપર અવતરેલા હતા, તો તેમના પ્રમેયબલને પ્રાપ્ત કરીને જીવો મુક્ત થતા હતા. (ભગવાન્ પોતાના પ્રમેયબલથી જ તેઓને મુક્તિનું દાન કરતા હતા) ભવિષ્યમાં (ભગવાને લીલા વિસ્તારી લીધા પછી) તેમની કીર્તિનું અને તેમના ભક્તોની કીર્તિનું સારી રીતે કીર્તન કરવાથી જીવો મુક્ત થયા અને થશે. ભગવાનના અવતાર પહેલાં સૂર્યના વંશના અને ચન્દ્રના વંશના જે રાજાઓ થયા, તેઓ મર્યાદા અને પુષ્ટિ ના ભેદથી ભગવાનના ભક્ત થયા. સૂર્યવંશના રાજાઓ મર્યાદાથી અને ચન્દ્રવંશના રાજાઓ પુષ્ટિથી ભગવાનના ભક્ત થયા. તે પૈકી સૂર્યના વંશમાં જે રાજાઓનો જન્મ થયેલ, તેઓ ગુણના ભેદને લીધે નવ પ્રકારના હતા, અને જેમ-જેમ તેમના દોષ દૂર થતા ગયા, તેમ-તેમ તેઓ ભક્ત થઈ ઘણા પ્રભાવવાળા થયા, એવી તેઓની કથા આ સ્કન્ધમાં કહેલી છે. (તે એવા આશયથી કહેલી છે કે તેમની આ કથાનાં શ્રવણથી બીજાઓમાં પણ ભક્તિ ઉત્પન્ન થાય, તેઓને ફલ પણ પ્રાપ્ત થાય, અને તેઓની ભક્તિ દઢ થાય) તેથી મોક્ષ સર્વનો થવાનો હોવા છતાં, આ ભગવાનના અવતાર પહેલાં થયેલા રાજાઓની મર્યાદાથી અથવા પુષ્ટિથી થયેલી ભક્તિ અધિક પ્રભાવવાળી હોવાથી (તેઓનાં ચરિત્રનાં શ્રવણથી બીજાઓની પણ ભક્તિ દઢ થતી હોવાથી આ ભગવાનના સેવકોનાં ચરિત્રનું પણ આ સ્કન્ધમાં નિરૂપણ કરેલું છે) [૮-૧૫]

**સૂર્યવંશ પ્રકરણ-ભગવાનના સેવકોની કથા :**

કર્મથી દુઃખ દૂર કરનાર ભગવાનના નવ પ્રકારના સેવકોની કથા પહેલા નવ અધ્યાયોથી કહેલી

છે. પછી દશમા અને અગિયારમા અધ્યાયોમાં ભગવાન્ રામચન્દ્રની કથા કહી છે, અને બારમા તથા તેરમા અધ્યાયમાં જ્ઞાનમાં શ્રદ્ધાવાળા ભગવાનના સેવકોની કથા કહેલી છે.

નવ પ્રકારના સેવકો પૈકી પહેલા ત્રણ પ્રકારના સેવકો જ્ઞાન અને વૈરાગ્યવાળા હોઈ શાસ્ત્રની રીત પ્રમાણે ઉત્તમ છે, બીજા ત્રણ પ્રકારના વેદમાં શ્રદ્ધાવાળા કરતાં પણ અધિક અને લોકથી પણ અધિક છે અને ત્રીજા ત્રણ પ્રકારનાં લોકનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરનાર સર્વને મુક્તિ અપાવનારા છે. પહેલા ત્રણ પ્રકારનામાં સુદ્યુમ્ન કવિ અને શર્યાતિ મુખ્ય છે. નાભાગ, અમ્બરીષ અને શશાદ વગેરે મધ્યમ (બીજા ત્રણ પ્રકારના) વિચારાયેલા છે, અને બાકીના (ત્રીજા ત્રણ પ્રકારના)માં હરિશચન્દ્ર સગર અને ભગીરથમુખ્ય છે [૧૬-૧૮]

**અધ્યાય ૧ :**

પહેલા ત્રણ તામસ પ્રકારના સેવકો પૈકી પહેલો સુદ્યુમ્ન છે. તેનો બધો કામ દૂર થાય તે માટે તે સ્ત્રીની અને પુરુષ ની સ્થિતિ પામેલો. બ્રહ્માએ આરંભમાં તેને સ્ત્રી બનાવેલો (શ્લો.૧૬), પછી વિષ્ણુ ભગવાને તેને પુરુષ બનાવ્યો (શ્લો.૨૨), પછી મહાદેવે તેને સ્ત્રી અને પુરુષ બન્ને બનાવ્યો (એટલે એક મહિનો તે સ્ત્રી રહે અને એક મહિનો પુરુષ થાય એવી ગોઠવણ કરી–શ્લો.૩૯). આ ત્રણ દેવોથી તે સ્ત્રી તથા પુરુષ થયા કર્યો અને તેથી તેને વૈરાગ્ય થયો (શ્લો.૪૨). આ સુધુમ્ન; સૂર્યવંશ અને સોમવંશ બન્ને વંશની ઉત્પત્તિ કરનારો છે, (કારણ કે તે સ્ત્રી હતો ત્યારે સોમના પુત્ર બુધથી તેને પુરુરવા પુત્ર થયેલો. અને તેનાથી સોમ વંશ ચાલ્યો. તે વૈવસ્વત એટલે સૂર્યના પુત્ર મનુનો પુત્ર હતો. આ સુદ્યુમ્નથી સૂર્યનો વંશ ચાલ્યો તે બહુ પ્રસિદ્ધ નથી, પણ તેનો ચન્દ્રથી થયેલ પુત્ર પુરુરવા જ ઘણો પ્રસિદ્ધ થયેલો અને તેનાથી ચાલેલ ચન્દ્રનો વંશ પણ પ્રસિદ્ધ છે. તેથી આ પહેલો અધ્યાય મુખ્યત્વે સોમવંશ સાથે જ સમ્બન્ધ ધરાવનારો હોઈ, વાસ્તવિક રીતે પહેલો અને ચૌદથી ચોવીસ સુધીના અગિયાર મળી બાર અધ્યાય ચન્દ્રવંશનું નિરૂપણ કરનારાં થયાં અને બીજાથી તેરમાં સુધીના બાર અધ્યાયોમાં સૂર્યના વંશનું નિરૂપણ કરેલું છે. વળી સુદ્યુમ્ન સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલો હોવાથી પહેલા તેર અધ્યાય સૂર્યવંશનું અને પછીના અગિયાર ચન્દ્રવંશનું નિરૂપણ કરનારા પણ ગણાય. તેથી બીજા સ્કન્ધની સુબોધિનીમાં તેમ કહેલું છે તે પણ ઘટે છે.

આ સુદ્યુમ્ન બન્ને વંશોની ઉત્પત્તિ કરનાર આધારરૂપ અને ભગવાનની વિભૂતિ હતો, (કારણ કે જીવતાં તે માતા થયેલ અને પિતા પણ થયેલ(શ્લો.૪૧) અને મરણ પછી તેણે ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત કરેલ. છતાં આની ઘણી ગફલતો થયેલી હોવાથી આનો તામસ સેવકોમાં સમાવેશ કરેલો છે). તેની જુદી-જુદી સ્થિતિ થયેલી હોવાથી તેને મુખ્ય ગણેલો છે [૧૯-૨૦।।]

**અધ્યાય ૨ :**

ત્યાર પછી પૃષધ્ર, કવિ, કરૂષ, ધૃષ્ટ, નૃગ, નરિષ્યન્ત અને દિષ્ટ એ મનુના પુત્રો હતા (જુઓ અ.૨।૨-૨૩). દિષ્ટના વંશમાં મરુત્ત થયેલ. પૃષધ્ર વગેરે છ મનુના પુત્રો અને દિષ્ટના વંશમાં થયેલ મરુત્ત એ સાત સ્વરૂપ ભગવાને પોતે ધારણ કરેલા. મનુના છ પુત્રો ભગવાનના છ ધર્મરૂપ થયેલા અને સાતમો મરુત્ત ધર્મીહતો. તે પૈકી

૧. પૃષધ્રે અધર્મ કર્મ કરેલ. તેણે વાઘ ધારીને અજાણતાં ગાયને હણેલી (શ્લો.૬) અને તેને વસિષ્ઠનો શાપ થયેલ (શ્લો.૯). તેથી તે કર્મથી અને શાપથી અધમ હોવા છતાં જ્ઞાનરૂપ હોવાથી (શ્લો.૧૧-૩૩) તેને મુક્તિ પ્રાપ્ત થઈ (શ્લો.૧૪).
૨. બીજો કવિ વૈરાગ્યરૂપ હતો (શ્લો.૧૫).
૩. કરુષ કીર્તિરૂપ હતો (શ્લો.૧૬).
૪. ચોથો ધ્રૃષ્ટ વીર્યનું સ્વરૂપ હતો. તેનાથી બ્રાહ્મણોની ઉત્પત્તિ થયેલી(શ્લો.૧૭).
૫. પાંચમો નૃગ શ્રીરૂપ હતો, કારણ કે તેના વંશમાં અન્તે સ્ત્રી (ઓઘવતી)ની કથા કહેલી છે (શ્લો.૧૮).
૬. છઠ્ઠો નરિષ્યન્ત ઈશ્વર (ઐશ્વર્યરૂપ) હતો. (તેના વંશમાં 'અગ્નિવેશ્ય' નામનો અગ્નિ પોતે જ પુત્ર થયેલો અને તેનાથી અગ્નિવેશ્યાયન નામનું બ્રાહ્મણોનું કુલ ઉત્પન્ન થયેલું (શ્લો.૨૧-૨૨).
૭. સાતમા પુત્ર દિષ્ટના વંશમાં મરુત્ત થયો તેનામાં ભગવાનના ગુણો હતા (શ્લોક. ૨૬-૨૮).

આ બધા રાજસ સેવકો કહ્યા. (કર્મનો ઉદ્યમ કરનારા હોવાથી અને લોકમાં ભક્તિવાળાની તેવી પ્રસિદ્ધિ ન હોવાથી આમને રાજસ કહેલા છે. મર્યાદાના પ્રકારથી આમના ઉપર ભગવાનની કૃપા હતી. આરંભમાં પૃષધ્ર અને કવિ ને મુક્તિ પ્રાપ્ત થયાનું કહ્યું તેથી આ બધાને મુક્તિ પ્રાપ્ત થઈ એમ જાણવું) [૨૦।।-૨૪।।]

**અધ્યાય ૩ :**

શર્યાતિ સાત્ત્વિક હતો અને તે પોતે જ ધર્મની પ્રવૃત્તિ કરાવનારો હતો (શ્લો.૧). યજ્ઞની અને પ્રવૃત્તિ કરાવનારની સર્વ કામનાઓને પૂર્ણ કરતો (શ્લો.૨૩-૨૬). બ્રહ્મા વગેરેની તેના ઉપર કૃપા હતી. વળી તેનામાં ભગવદ્‌ભાવ પણ હતો. (જો તેનામાં ભગવદ્‌ભાવ ન હોત તો તેના કુલમાં જન્મેલી કન્યા રેવતીનો બલભદ્ર સાથે વિવાહ થયો (શ્લો.૩૬) તે થાત નહિ), વળી તે વેદમાં જણાવ્યા પ્રમાણે યજ્ઞો કરનાર હતો (અને અશ્વિનીકુમારોને યજ્ઞમાં સોમનો ભાગ આપવો ઈન્દ્રે બંધ કરાવેલ તે તેણે ચ્યવન પાસે યજ્ઞ કરાવી ચાલુ કરાવેલો-શ્લો.૨૬). એ પ્રમાણે ત્રણ અધ્યાયોમાં પહેલા ત્રણ પ્રકારના ભક્તો કહ્યા [૨૪।।-૨૬।।]

**બીજા ત્રણ પ્રકારના સેવકો-અધ્યાય ૪ :**

જો ભક્તિ પોતાનો પ્રભાવ પ્રકટ ન કરે તો તે ધર્મ જ થાય છે, ભક્તિપણું તેને પ્રાપ્ત થતું

નથી, (ભવિષ્યમાં થનાર સર્વ પુરુષોને મુક્તિ પ્રાપ્ત કરાવવી એ ભક્તિનો પ્રભાવ છે. જો ભક્તિ તેમ ન કરી શકે તો તે ભક્તિ નહિ પણ ધર્મ જ ગણાય). ૧. (ભક્તોમાં) પોતાના ઉપર દેવની કૃપા હોવી, ૨. પોતે દેવરૂપ થવું અને ૩. પોતે દેવનું પોષણ કરનાર હોવું; એ એક પછી એક વધારે ઉત્તમ છે. તેથી આ બીજા ત્રણ પ્રકારના ભક્તોનું તેવા પ્રકારનું નિરૂપણ કરેલું છે [૨૬।।-૨૮।।]

જેના ઉપર દેવોની કૃપા થયેલી તે નાભાગ મન્ત્રદષ્ટા થયેલો (શ્લો.૩-૪). તે શમ્ભુની સમાન, તેમને પણ સન્તોષ આપનારો થયો. મધ્યમ (બીજા ત્રણ પ્રકારના) ભક્તોમાં તેને પહેલો (પહેલા પ્રકારનો, જેના ઉપર દેવની કૃપા થયેલી તેવો) ગણેલો છે. બીજો (દેવરૂપ થયેલ) અમ્બરીષ ભગવાનની સમાન હતો, શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મ થી ઉત્તમ છે. અને તે જ અક્ષરના વીર્યનો પરાભવ કરી શકે છે. તે જ બ્રાહ્મણના શાપને ખોટો પાડી શકે છે, બીજો કોઈ તેમ કરી શકતો નથી. અમ્બરીષે કાલરૂપ ભગવાનનું વ્રત કરીને સેવન કરેલું, પરંતુ તેથી પર (ઈશ્વરસ્વરૂપ)નું સેવન કરેલું નહિ. તેથી ભગવાને તેના એવાં વ્રતને લીધે કાલરૂપ સુદર્શન ચક્રને તેનું રક્ષણ કરવા તેના ઉપયોગમાટે તેની પાસે રાખેલું (શ્લો.૨૮). એકાદશીના દિવસે ખોરાક ન લેવો તે જ એક વિષ્ણુનું વ્રત કરેલું છે. તેથી એકાદશી સર્વ વ્રતોમાં ઉત્તમ પવિત્ર વ્રત છે, જલ લેવું તે ખોરાક લેવારૂપ તેમજ ખોરાક ન લેવારૂપ બન્ને પ્રકારનું ગણાય છે. તેથી દુર્વાસા સ્નાન કરવા ગયા, તે દ્વાદશી એક ઘડી જ બાકી રહી ત્યાં સુધી આવેલ ન હોવાથી અને દ્વાદશીમાં પારણું કરવું જ જોઈએ તેથી અમ્બરીષે જલ લીધું. ખોરાક લેવારૂપ તેમજ તે ન લેવારૂપ બન્ને પ્રકારનું જલપાનરૂપ કાર્ય તેણે કરેલું હોવાથી તેને મધ્યમ ભક્તમાં ગણેલો છે [૨૮।।-૩૩]

દુર્વાસાએ સ્નાન કરી આવતાં અમ્બરીષે જલ લીધું છે તે જાણી તેને હણવા પોતાની જટામાંથી કૃત્યા ઉત્પન્ન કરી. આ કૃત્યા તેને હણી શકી નહિ, એટલે દુર્વાસાનો શાપ ખોટો થયો. આ કૃત્યા દુર્વાસાએ પોતાની જટામાંથી કાઢેલી હોવાથી તેણે આપેલ આ શાપ કાયિક અથવા કાયાથી આપેલ હતો. તેથી તે ખોટો થયો કારણ કે બ્રાહ્મણનો કાયાથી આપેલ શાપ ખોટો થાય છે. તેઓએ વાણીથી આપેલ શાપ મુખ્ય છે અને કોઈ પણ સમયે તે ખોટો થતો નથી, કારણ કે વાણીનો શાપ તો તેઓ ઈશ્વરની આજ્ઞાને વશ થઈને આપે છે. લોકમાં સર્પનો દંશ જેવું દુઃખ કરે છે, તેવું દુઃખ સર્પથી પ્રહાર કરવાથી કોઈ સમયે થતું નથી. જેવો સર્પનો દંશ છે, તેવા વિપ્રોના શાપ છે. જો એક પણ બ્રાહ્મણ (શાપ આપવાનો) આદર કરે, તો બ્રાહ્મણ સિવાયનો બીજો કોઈ વાણીના સમ્બન્ધમાં કોઈપણ સમયે તેના જેવી શક્તિવાળો હોતો નથી. બ્રાહ્મણમાં મનના સમ્બન્ધવાળો દોષ તો કોઈપણ સમયે હોતો નથી. જો તેવો દોષ હોય, તો તેનામાં બ્રાહ્મણપણું જ ન હોય, કારણ કે બ્રાહ્મણને જગત્નો મિત્ર કહેલો છે. પરન્તુ (ભગવાનની આજ્ઞારૂપ) વાણી એકલી બધાએ વિપ્રોની કાયામાં જ વહેંચાયેલી છે, તેથી તે વિષયમાં કાયાથી શાપ આપવામાં ઘણા બ્રાહ્મણોની સમ્મતિ મુખ્ય છે એવો દૃઢ નિશ્ચય છે [૩૪-૩૮]

દુર્વાસા શંકરનો અવતાર હોવાથી તેમનો શાપ ખોટો કેમ થાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું

કે શંકરનાં ત્રણ સ્વરૂપો છે. દુર્વાસા તો તેમનું આધિભૌતિક સ્વરૂપ છે. સુદર્શન ચક્ર તેમનું આધ્યાત્મિક સ્વરૂપ હોવાનું કહેલ છે અને અધિદેવ શંકર પોતે તો ભગવાનને વશ છે. અમ્બરીષે બ્રાહ્મણોના કહેવાથી દ્વાદશી એક ઘડી જ બાકી રહી ત્યારે જલપાન કરેલું (શ્લો.૫૩-૫૪). તેણે બ્રાહ્મણોના કહેવા પ્રમાણે તે કાર્ય કરેલ હોવાથી મુનિ દુર્વાસાને ચક્રના સંકટમાંથી બ્રહ્માએ છોડાવ્યા નહિ. ભગવાન્ વિષ્ણુ બ્રાહ્મણનું હિત કરનાર હોવા છતાં અમ્બરીષનું વ્રત પૂર્ણ થાય તે માટે તેમણે દુર્વાસાને છોડાવ્યા નહિ. (શ્લો.૬૩-૭૧). (અમ્બરીષનું વ્રત અટકી પડે તે માટે ભગવાને દુર્વાસાને છોડાવ્યા નહિ, કારણ કે જલપાન કરી રહેવાનું તેનું વ્રત દુર્વાસાને કષ્ટ આપનારું હતું -- યોજના. અમ્બરીષનું એકાદશીનું વૈષ્ણવવ્રત ભગવાન્ અટકાવે તે સમ્ભવતું નથી; તેમજ તે વ્રતથી દુર્વાસાને કષ્ટ થતું ન હતું, પરન્તુ દુર્વાસા અમ્બરીષ પાસે પાછા ન જાય ત્યાં સુધી અમ્બરીષને જલપાન કરી વ્રત ચાલુ રાખવું પડે. તેથી દુર્વાસા તેની પાસે તે પૂર્ણ કરાવે તે માટે ભગવાને તેમને છોડાવ્યા નહિ એવો ભાવ જણાય છે.)

ભગવાને ભક્તોની સેવાની પ્રશંસા (શ્લો.૬૭) તો મુનિ દુર્વાસાના ગર્વનો નાશ થાય તે માટે કરેલી છે, નહિ તો ભગવાને ચક્રના સંકટથી દુર્વાસાને છોડાવ્યા હોત તો પણ ભક્તોને શું નુકશાન થવાતું હતું? (કાંઈ જ નુકશાન થાત નહિ).

ત્યારે ભગવાને ભક્તનો પક્ષપાત કર્યો? એમ પણ ન માનવું. કારણ કે જો ભગવાન્‌માં પક્ષપાત હોય, તો તેમના ભક્તો શુદ્ધ ન હોય.

ત્યારે ભગવાને દુર્વાસાને શા માટે અમ્બરીષ પાસે મોકલ્યા અને પોતે તેમને કેમ ન છોડાવ્યા? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભક્તોની પરીક્ષા કરવા ભગવાને દુર્વાસાને અમ્બરીષ પાસે મોકલ્યા. જો ભક્તમાં ગર્વ હોય તો ભક્ત ભગવાનનું એવી રીતે ભજન કરી ન શકે. (અમ્બરીષને ગર્વ ન હતો, અ.૫।૨૪, એવી તેની પરીક્ષા કરવા પણ દુર્વાસાને તેની પાસે મોકલેલ).

ત્રણ લોકમાં બ્રાહ્મણો સર્વથી ઉત્તમ છે, છતાં પણ તેઓ ભક્તોને પ્રોત્સાહન કરાવે તેવા નથી. આ કથામાં એવો નિર્ણય કરેલો છે કે ભક્તિ બ્રહ્મભાવથી ઉત્તમ છે જ.

**અધ્યાય ૫:**

અમ્બરીષે સુદર્શનની સ્તુતિ કરી તે કાલની જ સ્તુતિ થઈ, (કારણ કે સુદર્શન, અ.૫।૮માં જણાવ્યા પ્રમાણે, ભગવાનની ચેષ્ટાને અધીન છે અને કાલ ભગવાનની ચેષ્ટારૂપ છે). ભક્તિમાં ભગવાનને શોધવા પડતા નથી કારણ કે ભક્તિમાં ભગવાન્ પોતાના પ્રભાવનો અનુભવ કરાવી કોઈ વાર પ્રત્યક્ષ હોય તેવા થાય છે અને કોઈ વાર પ્રત્યક્ષ જ થાય છે, પરન્તુ ભગવાનના સેવકને નક્કી શોધવા પડે છે. સુદર્શને (દુર્વાસાએ ઉત્પન્ન કરેલી કૃત્યાને હણી દુર્વાસા પાછળ પડી અમ્બરીષનું

રક્ષણ કર્યું તે પોતાનો) સેવાધર્મ જ આચરેલો (કારણ કે ભગવાને તે અમ્બરીષનું રક્ષણ કરવા જ તેને સોપેલું અ.૪।૨૮,૪૮), અમ્બરીષનો પક્ષપાત કરેલ ન હતો. દુર્વાસાએ અમ્બરીષની પ્રશંસા કરી (અ.૫।૧૪-૧૭) તે દુર્વાસાના ગર્વનો પણ નાશ થયો હતો એમ જણાવે છે, કારણ કે તે ગર્વ રાખે તે ભક્તિથી વિરુદ્ધ છે. એવી રીતે આ પાંચમા અધ્યાયમાં ચાર વિષય દર્શાવેલા છેઃ

૧.ભક્તિમાં ભગવાનને શોધવા પડતા નથી

૨.તેમના ભક્તને જ શોધવા પડે છે

૩.સુદર્શને પોતાનો સેવા કરવાનો ધર્મ જ અમ્બરીષનું રક્ષણ કરવામા આચરેલ. પરન્તુ અમ્બરીષ ઉપર પક્ષપાત કરેલો નહિ

૪.બ્રાહ્મણ દુર્વાસાએ અમ્બરીષની જે પ્રશંસા કરેલી તે તેનામાં ગર્વ રહ્યો ન હતો, એમ જણાવનારી છે.

અમ્બરીષની આ કથાથી ભગવાનની ભક્ત ઉપર કૃપા હોવાનું સિદ્ધ થાય છે [૪૪-૪૫]

ભગવાનની ભક્ત ઉપર કૃપા જ હોય, તો એક વર્ષ દુર્વાસા ચક્રના ભયથી રખડ્યા ત્યાં સુધી ભગવાને અમ્બરીષની દરકાર કેમ ન કરી અને તેમને ભૂખ્યા કેમ રહેવા દીધા? એવો પ્રશ્ન થાય તો જાણવું કે આટલા અંશ પૂરતી આ કથા મતાન્તર છે. (કથાનો તે ભાગ ભક્તનું માહાત્મ્ય જણાવનારો છે, અને વળી જેમ દુર્વાસાને વનમાં પાંડવો પાસે દુર્યોધન વગેરેએ મધ્યરાત્રે અન્ન માગવા મોકલેલ, ત્યારે જેમ સૂર્યે દ્રૌપદીને આપેલ અક્ષયપાત્રમાં એક શાકપત્ર ઉત્પન્ન કરી તે શ્રીકૃષ્ણે આરોગતાં, સ્નાન કરવા ગયેલ દુર્વાસા અને તેમના દશહજાર શિષ્યો ધરાઈ ગયેલા તેવી રીતે ભગવાને અમ્બરીષને ભૂખનું દુઃખ થવા ન દીધેલ હોવાનું, અને એવી રીતે તેની દરકાર પોતે કરેલ હોવાનું પણ સમ્ભવે છે.)

કેટલાક એમ માને છે કે દુર્વાસાએ અમ્બરીષને હણવા કૃત્યા ઉત્પન્ન કરી તે વાણીથી આપેલ શાપ હતો, (કારણ કે ''બ્રાહ્મણના શાપની પણ જેને અસર થઈ નહિ'' અ.૪।૧૩ એ વાક્યમાં શાપ શબ્દ યોજેલ છે અને તે વાણીથી આપેલ શાપ માટે જ યોજાય છે), પરન્તુ તે યોગ્ય નથી. કારણ કે જે ખોટો ન થાય તેવો વાણીનો શાપ દુર્વાસાએ અમ્બરીષને આપ્યો હોય અને તેવો શાપ ભગવાને ખોટો પાડયો હોય, તો તે કથાનો નિરોધમાં-દશમા સ્કન્ધમાં સમાવેશ થાય, એવો નિશ્ચય છે. (પરન્તુ નિરોધમાં આ કથા કહેલી નથી, તેથી આ કાયાથી આપેલ શાપ જ હતો એમ સ્વીકારવું જોઈએ). દુર્વાસાએ પછી અમ્બરીષને વાણીથી વરદાન કર્યું(અ.૫।૨૧) તે ભગવાનનું જ કાર્ય હતું [૪૬-૪૬।।]

**અધ્યાય છઠ્ઠોઃ**

શશાદની કથા છઠ્ઠા અધ્યાયમાં (શ્લો.૬-૧૧) કહેલી. તેના વંશજો સંસારના વિષયોની અપેક્ષા રાખતા ન હતા એમ જણાવવા તેની કથા કહેલી છે, વળી આ ઈક્ષ્વાકુના વંશમાં

ક્રિયાઓના સમૂહ વગેરેનું હરિને સમર્પણ કરવામાં આવતું, (આવું નિવેદન કર્યાનું અમ્બરીષના ચરિતમાં અ.૪।૨૧માં કહેલું છે). આવા નિવેદનથી રાજ્યમાં ઉત્તમ વ્યવસ્થા રહેતી. વળી જેમ અમ્બરીષની ભક્તિ બ્રાહ્મણપણાથી ઉત્તમ હતી (અમ્બરીષના ચરિતમાં તેમ જણાવેલું છે.), તેવી રીતે આ રાજાની ભક્તિ કર્મથી ઉત્તમ હતી (એમ પણ શશાદના ચરિતથી જણાવેલ છે). શશાદ ઉત્તમ હતો એમ જણાવવા તેના પુત્ર કકુત્સ્થનું નિરૂપણ કરેલું છે (શ્લો.૧૨-૧૯). તેના વંશમાં ધુંધુમાર (શ્લો.૨૩) વગેરે બલવાન રાજાઓ થયા, તે વંશના રાજા માંધાતાની પચાસ કન્યાઓનાં લગ્ન વિપ્ર સૌરભિ સાથે થયેલાં (શ્લો.૩૮). (શશાદે વસિષ્ઠ સાથે તત્ત્વચિંતન કરતાં, તેનો ધર્મ પરમ તત્ત્વ પ્રાપ્ત કર્યો-શ્લો.૧૦). એવી રીતે ધંધુમાર વગેરેના વંશને ઉત્પન્ન કરનાર શશાદ બ્રાહ્મણોમાં પ્રતિષ્ઠા પામેલ. આ ભક્તિ માર્ગમાં ત્રણ મધ્યમ પ્રકારના ભક્તોનું વર્ણન થયું [૪૬।।-૪૯।।]

**ઉત્તમ ત્રણ પ્રકારના સેવકો-અધ્યાય ૭:**

ઉત્તમ ત્રણ પ્રકારના સેવકોમાં, (એટલે સર્વની મુક્તિ કરાવે તેવા સેવકોમાં) ધૈર્યવાળો હરિશચન્દ્ર (શ્લો.૭-૨૭) પહેલો વિચારાયેલો છે. તેની ભક્તિની પ્રશંસા થાય તે માટે તેનો પિતા(ત્રિશંકુ) ચાંડાલ થયેલ, તે કથા કહેલી છે.

તે ત્રિશંકુ પણ સંસારના પદાર્થોની અપેક્ષા રાખતો ન હતો (સદેહે તેણે સ્વર્ગમાં જવાની ઈચ્છા અને ઉદ્યમ કરેલ, તેથી જ એમ જણાય છે કે તેને આ સંસારના પદાર્થોની અપેક્ષા ન હતી. તેથી તે બીજા કારણથી ચાંડાલ થયેલ હોવાથી તેને તેનાથી દોષ લાગતો ન હતો. જો તે તેનાથી દોષવાળો થયો હોત, તો તેનાથી હરિચન્દ્રની ઉત્પત્તિ ન થાત. તેથી અજામિલની પેઠે પૂર્વની વાસનાથી ઉત્પન્ન થયેલો તેનો ચાંડાલપણું પ્રાપ્ત કરાવનારો) તે દોષ પહેલાનો જ હતો, અને ભક્તિથી જ દૂર થવા માટે તે આ જન્મમાં તેવો પ્રકટ થયેલો. તેનું મૂળ નામ 'સત્યવ્રત' હતું, અને તે 'ત્રિશંકુ' નામથી ઘણો પ્રખ્યાત થયો. તેથી તેનો તે દોષ વાસ્તવિક ન હતો એમ જણાય છે. જો તેનો તે દોષ વાસ્તવિક હોત તો, પુષ્ટિનાં કાર્ય કરનાર વિશ્વામિત્ર તેનું કાર્ય (તેને સ્વર્ગમાં મોકલવાનું-શ્લો.૬) કોઈ પણ સંજોગોમાં કરત નહિ [૪૯।।-૫૨।।]

મોટું સાહસ કરનાર હરિશ્ચન્દ્રનું અહીં નિરૂપણ કરેલું છે. જ્યારે તે ધર્મની પરીક્ષા કરનાર ચાંડાલનો દાસ થયેલ, ત્યારે તેણે પોતાના મરણ પામેલ પુત્રનું ખાંપણ લીધા વિના તેને પણ બાળવા દીધો નહિ, અને પોતાના સ્વામી ચાંડાલનું હિત કર્યું. એ તેનું મોટું સાહસ માર્કંડેય પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ છે. તે આવો સત્યવાદી હોવા છતાં તેનો પિતા ચાંડાલ હોવાથી તેની મુક્તિમાં વિઘ્ન છે એવી લોકમાં થતી નિન્દા અટકે, તે માટે તેણે પુત્ર પ્રાપ્ત કરવા ઉદ્યમ કરેલો (શ્લો.૮-૯) કારણ કે ત્રણ પ્રકારના ઋણ પુત્રથી ફીટાડી શકાય છે. પુત્રનું તેને બીજું કાંઈ પ્રયોજન ન હતું એમ જણાવવા ''મને વીર પુત્ર થશે તો તે પુત્રથી તમારો યજ્ઞ કરીશ'' એમ તેણે વરુણને કહેલું(શ્લો.૯).

તેમ ન હોત, (બીજા કોઈ પ્રયોજન માટે તેને પુત્ર જોઈતો હોત) તો તે વરુણને તેમ ન કહેત. વરુણથી જે પુત્ર પ્રાપ્ત થયેલ હોય, તેનું વરુણને દાન કરવું સમ્પૂર્ણ રીતે યોગ્ય જ હતું. આથી એવું તાત્પર્ય કહેલું છે કે હરિએ આપેલા સર્વ પદાર્થો ભક્તોએ પરમેશ્વર હરિને જ સોંપી દેવા જોઈએ. વરુણ દૈત્યોનો રાજા છે, તેથી તે તેવાં (પુત્રથી પુરુષમેધ યજ્ઞ કરાવવાનાં) ક્રૂર કર્મ કરાવવાનો આગ્રહ કરે, છતાં પણ (હરિશ્ચન્દ્રનો પુત્ર) રોહિત; ભક્તનો પુત્ર હોવાથી તે મૃત્યુ પામ્યો નહિ. રોહિતે પોતાના બદલે જેને પુરુષમેધમાં હોમવા વેચાતો લીધેલ, તે શુનઃશેપને પણ શ્રીકૃષ્ણે (વિશ્વામિત્રદ્વારા અ.૧૬।૩૧-૩૨) મુક્ત કરાવ્યો. જે ભક્ત ન હોય, તેનું હૃદય ઘણુ ક્રૂર હોય છે એમ જણાવવા અજીગર્તની કથા કહેલી છે (શ્લો.૨૦). વિશ્વામિત્ર તો પુષ્ટિમાં રહેલા હતા. (તેથી તેમણે શુનઃશેપને વરુણનો મન્ત્ર શીખવી, મૃત્યુમાંથી બચાવી પોતાનો પુત્ર કરી રાખેલ હતો. ભારત અનુશાસન પર્વ અધ્યાય ૩ જુઓ. હરિશ્ચન્દ્રે વરુણને આપેલ પુત્રથી યજ્ઞ કરવાનું વચન તે પાળે અને સત્યથી તે ચલે નહિ, એટલે હરિશ્ચન્દ્રમાં દોષ ન રહે તે માટે વિશ્વામિત્ર તેને યજ્ઞ કરાવતા હતા (શ્લો.૨૧). યજ્ઞ કરવાથી દોષ રહેતા નથી, એવો ચોથા સ્કન્ધના વિસર્ગ ઉપરના નિબન્ધની ''દોષ ન રહે તે માટે અશ્વમેધ..'' કારિકા ૧૨૧ (૧૨૦ કારિકાના પૂર્વાર્ધમાં વિચાર કરેલો છે-યોજના) માં વિચાર કરેલો છે. તેથી આ હરિશ્ચન્દ્રના યજ્ઞમાં યજ્ઞ કરાવનાર ઋત્વિજો બધાએ 'પુષ્ટ' (ભગવાનની કૃપાવાળા) હોઈ બીજાઓ ઉપર ઉપકાર કરનારા હોવાનું જણાવેલ છે (શ્લો.૨૨-૨૩) ઋત્વિજો પુષ્ટ હોવાથી યજ્ઞમાં કાંઈ ખામી રહે તો તેમનાથી યજ્ઞની પૂર્તિ થાય, તે માટે એમ કહેલ છે [૫૨।।-૫૯।।]

**અધ્યાય ૮:**

હરિશ્ચન્દ્રથી પણ સગર ઉત્તમ હતો. તેના પુત્રોએ સાગર બનાવેલ (શ્લો.૫). (પહેલાં દૈત્યો સમુદ્રમાં રહેતા હતા અને દેવોને પીડા કરતા હતા ત્યારે દેવોની પ્રાર્થનાથી અગસ્ત્યે સમુદ્રનું પાન કર્યું. ત્યારે આ દ્વીપ સૂકાતાં લોકો બીજા દ્વીપમાં જવા મંડયા અને દ્વીપોની મર્યાદાનો લોપ થવા લાગ્યો એમ બીજા પુરાણોમાં કહેલ છે. આ મર્યાદાનો લોપ થતો અટકાવવા સાગર કરવામાં આવ્યો. તેથી) લાંબા સમય સુધી સ્થિર રહે તેવું કાર્ય (સાગર) કરનાર (સગર) હરિશ્ચન્દ્રથી ઉત્તમ છે. આવું સ્થિર કાર્ય કરનાર સગરને અહીં ઉત્તમ કહેલ છે [૫૯।।-૬૦।।]

(સગરને 'અસમંજસ' નામનો પુત્ર હતો-શ્લો.૧૫. આ પૂર્વજન્મમાં યોગી હતો, પણ યોગથી ભ્રષ્ટ થયેલ હોઈ અહીં અવતરેલ-શ્લો.૧૬. તે પુત્રનો સગરે ત્યાગ કરેલ-શ્લો.૧૮. ''પવિત્ર ધનવાન કુટુમ્બમાં યોગથી ભ્રષ્ટ થયેલાનો જન્મ થાય છે'' (ભગ.ગીતા૬।૪૧) તેવા યોગથી ભ્રષ્ટ થયેલ પુત્રનો તેણે અપરાધ કરેલો, તે ગરરૂપ હતો. (તેથી 'સગર' નામ પડેલ?). આ પુત્ર અસમંજસે પિતા સગરને સુખ થાય તે માટે પુત્ર અંશુમાન ઉત્પન્ન કરી વંશ ચાલુ રાખેલ-શ્લો.૧૫ (સગર રાજાએ અશ્વમેધ યજ્ઞ કરેલો-શ્લો.૩૦, તેથી તે ચક્રવર્તીહતો. છતાં આ પ્રકરણ બીજાઓને મુક્ત કરાવનાર એટલે બીજાઓ ઉપર ઉપકાર કરનાર ભક્તોનું હોવાથી) જ્ઞાન અથવા

(ચક્રવર્તીથવારૂપ) કર્મ આ પ્રકરણને અનુકૂલ ન હોવાથી ચક્રવર્તીથવું એ આ પ્રકરણમાં મુખ્ય (ગુણ) થઈ શકે નહિ, તે તો માત્ર માહાત્મ્ય જણાવનારું છે. (તેથી ચક્રવર્તીહોવાને લીધે જેમ મરુતને શ્રેષ્ઠ ગણવામાં આવ્યો, તેમ સગરને તે કારણથી શ્રેષ્ઠ ગણેલ નથી [૬૦।।-૬૨।।]

**અધ્યાય ૯:**

આ અધ્યાયમાં બીજા ઉપર ઉપકાર કરનાર મુખ્ય સેવક ભગીરથછે. અંશુમાન (શ્લો.૧) અને દિલીપ (શ્લો.૨) નું નિરૂપણ ભગીરથબીજથી શુદ્ધ હતો એમ જણાવવા કરેલું છે. ભગીરથ; ભાગીરથી ગંગાને સ્વર્ગમાંથી ભૂતલ ઉપર લાવ્યો. આ ભાગીરથીનું સ્વરૂપ તો ૧।૧૯।૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલું છે. તેવી ઉત્તમ ભાગીરથીને ભૂમિ ઉપર વહેરાવી એ ભગીરથનું ભક્તિનું ઉત્તમ કાર્ય છે.

ગંગા મર્યાદાભક્તિમાર્ગની ઉત્તમ સીમા મનાયેલી છે. ગંગામાં ગ્રહણ કરવાની શક્તિ છે, તેથી તેમાં જે પાપીઓ સ્નાન કરે તેઓના પાપનો તેમાં સંગ્રહ થાય. તે પાપોને મારે ક્યાં ધોવાં? એવો ગંગાએ પ્રશ્ન કરતાં, ભગીરથે તેને તે પાપો ભક્તોને જ આપી ધોવાં એવો ઉત્તર આપ્યો (શ્લો.૫-૬).

ગંગાને ભગવાનનાં ચરણારવિન્દનો એકવાર સમ્બન્ધ થવાથી તેનામાં બીજાઓનાં પાપો ધોવાની શક્તિ આવેલી, પરન્તુ બીજાઓનાં જે પાપો તે ધૂએ તે પોતાના જલમાં રહે, તો તેની બીજાઓનાં પાપ ધોવાની શક્તિ નાશ પામે, અને તેથી તેને નુકશાન થાય, તેમજ સગરના ૬૦,૦૦૦ પુત્રોનો ઉદ્ધાર થઈ ન શકવાથી ભગીરથની ઈચ્છા પણ પાર ન પડે. તેથી પોતામાં સંગ્રહ થયેલ પાપો કેમ ધોવાં એવો ભગીરથને પ્રશ્ન કરી, તેણે એ ગૂંચ તેના ઉત્તરથી ઉકેલી.

આમ છતાં ગંગાનું જલ સ્વર્ગમાંથી પડતાં પૃથ્વીને ભેદી પાતાલમાં જતું રહે તો પણ ભગીરથે ઈચ્છેલ ફલ તેને પ્રાપ્ત ન થાય, તેથી પોતાને પડતાં ધારણ કોણ કરશે ? એવો પ્રશ્ન પણ તેણે ભગીરથને કરેલ-શ્લો.૪. ત્યારે ભગીરથે ભગવાનની આજ્ઞા (જુઓ અ.૮।૨૯) જાણીને તે પ્રમાણે કરવાનો માત્ર ઉપાય વિચારવાનો છે એવું ધ્યાનમાં રાખી ''તારા વેગને શંકર ધારણ કરશે'' એવો ઉત્તર આપી, આ બીજા પ્રશ્નનો પણ નિકાલ કર્યો.

શંકર ગંગા પડતાં તેના વેગને ધારણ કરશે એ શંકરને પૂછ્યા વિના તેણે કેમ જાણ્યું? એવો પ્રશ્ન થાય તો જાણવું કે શંકર જીવસમૂહના મૂલ અથવા આધાર છે, તેથી તે પણ ભગવાનની આજ્ઞા જાણતા હોઈ (ભગવાનની આજ્ઞાથી જેનું અનુમાન થઈ શકે તેવી) સત્પુરુષોની ઈચ્છા પણ તેઓ જાણે અને સર્વ જીવોના આધાર હોવાથી સર્વનાં કલ્યાણ માટે તે ગંગાને ધારણ કરશે એમ વિચારી તેણે એવો ઉત્તર આપ્યો. શંકરે તે પ્રમાણે સર્વનાં કલ્યાણમાટે (પરમ સાવધાન થઈ પોતાના

મસ્તક ઉપર) ગંગાને ધારણ કરી (શ્લો.૯) અને તેથી સગરના સર્વ પુત્રોનો ઉદ્ધાર થયો અને સર્વ મુક્ત થયા [૬૨।।-૬૭।।]

શંકર ગંગાને ધારણ કરવામાટે ઘણા સાવધાન શા માટે થયેલ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જો સાવધાન થયા વિના શંકરે ગંગાને ધારણ કરવાનો ઉદ્યમ કર્યો હોત, તો ગંગાનું જલ તેમના દેહના સમ્બન્ધવાળું થાત, અને તેથી માત્ર તેમનું જ હિત કરત. તે જલ શિવનિર્માલ્ય થાત અને તેથી જીવોની અવિદ્યાને તે કેવી રીતે જ દૂર કરત? શિવના દેહના સમ્બન્ધવાળું જલ જીવોને અવિદ્યાથી મુક્ત કરી શક્ત નહિ. જેમ ઘણા માણસોને ઉપયોગી થાય તે માટે કોઈ કિંમતી ચીજ ઘણી સાવધાનીથી માથા ઉપર મૂકી લેવાય છે, પરન્તુ લાવનાર પોતે તેનો ભોગ કરતો નથી, તેમ શંકરે ગંગાને ધારણ કરી. ગોદાવરી અને ભાગીરથીમાં આ જ ભેદ છે. ગોદાવરી શિવનિર્માલ્ય થઈ અને પછી વરાહતીર્થમાં વરાહના સમ્બન્ધથી તેનો તે દોષ ગયો, જ્યારે ગંગા તો શિવનિર્માલ્ય થઈ જ નથી. આ ગોદાવરી માહાત્મ્ય ઉપરથી જણાય છે [૬૭।।-૬૮।।]

ગંગા શિવનિર્માલ્ય થઈ નથી, તેથી તેને શિવનો સમ્બન્ધ થવા છતાં, જેમ શિવે આપેલી વિદ્યા પવિત્ર હોઈ મુક્ત કરાવે છે, તેમ ગંગા જીવોને ''અને વિદ્યાથી'' એ વાક્ય પ્રમાણે અવિદ્યાથી મુક્ત કરાવે છે. જો ભક્તને દેહભાવ (''હું દેહ છું'' એવી બુદ્ધિ) દઢ હોય, તો ગંગાથી તે શ્રીકૃષ્ણનો દાસ બને છે, પણ જો દેહભાવ દઢ ન હોય, તો તે ગંગાના તીર ઉપર સાયુજ્ય મુક્તિ પ્રાપ્ત કરે છે, (એવાં બે પ્રકારનાં ફલ ગંગાથી પ્રાપ્ત થાય છે) તેમાં સંશય નથી [૬૮।।-૭૦]

જેમને માટે ભગીરથગંગા ભૂતલ ઉપર લાવ્યો તેમને તો તેથી સ્વર્ગની જ પ્રાપ્તિ થઈ(શ્લો.૧૨), તેથી ગંગાથી ઉપર જણાવેલ બે પ્રકારનાં ફલ પ્રાપ્ત થતાં હોવાનું કેમ જણાય? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સગરના ૬૦,૦૦૦ પુત્રો દૈત્યો હતા, તેઓનો પણ ગંગાથી ઉદ્ધાર થયો. એ ગંગાથી આશ્ચર્યકારક ફલ પ્રાપ્ત થયેલ, પરન્તુ ગંગા તેટલું જ ફલ આપનારી નથી. (ઉપર કહેલ બન્ને પ્રકારનાં ફલ તેનાથી પ્રાપ્ત થાય છે, એમ શ્લો.૧૪-૧૫ ઉપરથી જણાય છે)[૭૧]

ભક્તિ મુખ્ય છે એમ સિદ્ધ કરવા અહીં સૌદાસની કથા કહેલી છે (શ્લો.૧૮-૩૯). સ્ત્રીનું મુખ્ય હોવું (શ્લો.૨૪-૩૭) એ ભક્તિયોગ છે. ભક્તિ સાથે જ્ઞાન ભળે તે માટે બ્રાહ્મણ (વસિષ્ઠ)ના બીજથી સૌદાસનો વંશ ચાલવાની કથા કહેલી છે (શ્લો.૩૮-૩૯). તેના વંશમાં ઉત્પન્ન થયેલા ખટ્વાંગમાં જ્ઞાન અને ભક્તિ બન્ને હતા (શ્લો.૪૧-૪૯) અને શ્રીકૃષ્ણનું સ્મરણ કરવાથી તેને અન્તરાયરહિત મુક્તિ તરત જ પ્રાપ્ત થયેલી (શ્લો.૪૨,૪૮,૪૯). ભક્તિમાર્ગની આ ઉત્તમ સીમા છે એવો નિશ્ચય છે. એવી રીતે પહેલા નવ અધ્યાયોથી ભગવાનના સૂર્યવંશના સેવકોની આ કથા કહી [।।૭૨-૭૪।।]

**ઈશ્વર રામચન્દ્રની કથા-અધ્યાય ૧૦:**

જો ઈશ્વરની કથા ન હોય તો તેમના સેવક ન હોય. (તો પછી સેવકોની કથા ક્યાંથી જ

હોય?) તેથી જ્ઞાનથી ભળેલી (અ.૧૩) ઈશ્વરની કથા ૧૧ અને ૧૨મા એ બે અધ્યાયોથી કહેલી છે. તેથી ઈશ્વરની ૧.ક્રિયાશક્તિ, ૨.ભક્તિમાં સ્થિરતા અને ૩.જ્ઞાન; આ ત્રણ અધ્યાયોમાં અનુક્રમે કહેલા છે.

વંશ ચાલુ રાખનારા કુશ વગેરે પુત્રો જ્ઞાનરૂપ છે, તે તેરમા અધ્યાયમાં જણાવેલા છે. યજ્ઞો કરવા વગેરેથી પ્રાપ્ત થતી ઊંચી સ્થિતિ ભક્તિરૂપ છે, તે બારમા અધ્યાયમાં જણાવેલી છે અને ક્રિયારૂપ ચરિત્ર છે, તે આરંભમાં (અગિયારમા અધ્યાયમાં) કહેલું છે[૭૫-૭૬।।]

હરિ રામચન્દ્રનો જન્મ સૂર્યના વંશમાં મધ્યાહ્ન સમયે થયો હતો. તે સમયે સૂર્ય ઘણો જ તપતો હતો તેથી તેનું તેજ રામચન્દ્રે પોતાની અંદર લઈ લીધું, અને જેટલા અધર્મના સહાયકો હતા, તે સર્વનો તે તેજથી નાશ થયો. (જન્મ સમયે) નવે ગ્રહો બલવાન હતા એમ જણાવવા ભગવાન્ રામચન્દ્રનો જન્મ (ચૈત્ર શુદ) નવમીને દિવસે પુષ્ય નક્ષત્રમાં થયો હતો, (કારણ કે ''જેમ સર્વ પશુઓમાં સિંહ બલવાન છે તેવી જ રીતે નક્ષત્રોમાં પુષ્ય બલવાન છે'' એ વાક્ય પ્રમાણે પુષ્ય નક્ષત્ર બલવાળું છે) છ ગુણો ('ગણ' પાઠ છે ત્યાં 'ગુણ' જોઈએ એમ જણાય છે, કારણ કે 'ભગ' શબ્દથી પ્રસિદ્ધ છ ગુણોવાળા ભગવાન્ છે. 'ગણ' એટલે સમૂહ અહીં છ ગણ કહેલ હોવાનું સમ્ભવતું નથી.) વાળા ચારમૂર્તિ (ચાર વ્યૂહ) વાળા ભગવાનનો જન્મ એ પ્રમાણે નવમીને દિવસે મધ્યાહ્નને પુષ્ય નક્ષત્રમાં થયેલો [૭૬।।-૭૯]

યોગીઓ જેમનું ધ્યાન કરે છે તે રામચન્દ્રનો અવતાર જ છે, અને બીજો (કોઈ અવતાર) નથી, એમ જણાવવા (૫।૧૯।૨ થી આરંભી હનુમાને) પહેલાં નમન કરી, પછી રામચન્દ્રનું ચરિત કહેલું છે. યોગીઓનું રક્ષણ કરનારું સ્વરૂપ તે જ ('તદૈવ' પાઠ છે તે 'તદેવ' જોઈએ, એમ જણાય છે.) હોવાથી હનુમાને તેવાં વચન કહેલાં છે. રામચન્દ્રના ચરિત્રમાં મોહ ઉત્પન્ન કરાવે તેવું ઘણું છે, તેથી લોકોને ભક્તિ પ્રાપ્ત થાય તે માટે શ્રીભાગવત સંહિતામાં જે તેમનાં વીર્યને દર્શાવનારું છે તે જ વર્ણવેલું છે. તાડકાનો રામચન્દ્રે વિશ્વામિત્રના યજ્ઞમાં વધ કર્યો તે અહીં કહેલ નથી, કારણ કે સ્ત્રી હોવાથી તેનો વધ કરવામાં કાંઈ પુરુષાતન ન હતું. ત્યાં વિશ્વામિત્રના યજ્ઞમાં જ તેમણે મારીચ રાક્ષસને હણ્યો(શ્લો.૫) અને વળી ત્યાર પછી સીતાને મોહ કરવાના પ્રયોજનથી માયાથી સુવર્ણના હરણનું બીજું સ્વરૂપ ધારણ કરેલું, ત્યારે તેમણે તેને તે બીજા રૂપમાં પણ હણેલો (શ્લો.૧૦). સીતાના સ્વયંવરમાં જો રામચન્દ્રે શંકરના ધનુષ્યને સજ્જ (જ) કર્યું હોત તો તે શંકરની સમાન ગણાત, પરન્તુ તેમનાથી અધિક ન ગણાત, તેથી સીતાને પ્રાપ્ત કરવા તેમણે તે ધનુષ્યને ભાંગી નાખ્યું (શ્લો.૬), તેથી પરાજય પામેલા શંકરે તેમને કુયા સીતા પરણાવી [।।૮૦-૮૪।।]

પરશુરામ શંકરના શિષ્ય હતા. શંકરનો પરાજય થયો, એટલે તેમના શિષ્ય પરશુરામનો પણ

પરાજય થયો જ. છતાં રામચન્દ્રે પરશુરામ સાથે યુદ્ધ કરવાની નિરર્થક લીલા શા માટે કરી? એવો પ્રશ્ન થાય તો જાણવું કે ક્ષત્રિયોમાં રાક્ષસ અને ગાન્ધર્વ વિવાહો ઉત્તમ પ્રકારના ગણાય છે. રામચન્દ્રને એક જ પત્ની રાખવાનું વ્રત હતું અને જનકે તેમને સીતા પરણાવી એટલે ગાન્ધર્વ પ્રકારનો વિવાહ ન થયો તેથી વિવાહ રાક્ષસ પ્રકારનો થાય અને પોતાનું ક્ષત્રિયપણું સિદ્ધ થાય અને સીતાને (ઉત્તમ રાક્ષસ પ્રકારના વિવાહથી પરણેલા ગણાય તે) માટે પરશુરામ સાથે રામચન્દ્રે યુદ્ધ કર્યું. કારણ કે લોકમાં વિવાહ વગેરેનું સુખ ક્ષત્રિયોમાં ઉત્તમ પ્રકારનું હોય છે. (તેથી તે ઉત્તમ પ્રકારના વિવાહનું સુખ પ્રાપ્ત થાય, તે માટે પરશુરામ સાથે યુદ્ધ કરેલું) પરશુરામ પણ ભગવાનના અવતાર હતા. તેમની સાથે લોકોને મોહ પમાડવા, એટલે રામચન્દ્ર ભગવાનનો અવતાર છે એ જણાય નહિ તે માટે જ યુદ્ધ કરેલું અથવા લોકમાં જો રામચન્દ્ર પ્રાકૃત પુરુષ જ મનાતા હતા એમ માનીયે, તો (તેમણે આ યુદ્ધમાં દર્શાવેલ) શૌર્ય લોકોનો તેમના ઉપર સ્નેહ (સ્નેહને લીધે રામચન્દ્રનું સ્વરૂપ છૂપું રહેવાનું અટકે, અને તે ભગવાનનો અવતાર હોવાનું જણાય તેવું ફલ પ્રાપ્ત કરાવનારું તેમનું શૌર્ય હતું — યોજના) જણાવનારું હતું. પરન્તુ તેમનું ભગવાનના અવતાર પરશુરામ સાથેનું યુદ્ધ લોકને મોહ કરાવવા જ થયેલું, એવો નિશ્ચય છે. રામચન્દ્ર; ભગવાનના અવતાર છે એ દેવોથી પણ છૂપું રહે તે માટે તેમને અને પરશુરામ બન્નેને ભારે વિવાદ થયેલો[૮૫-૮૬।।]

અથવા રઘુનાથપુરુષોત્તમ જ કહેવાય છે. તે પુરુષોત્તમ છે એ વિષયમાં ગુણવાળા ભગવાનના અવતારોની સમ્મતિ થાય તે માટે, વિશ્વામિત્રમાંથી, શંકરમાંથી તેમજ પરશુરામમાંથી જે તેજ તેમણે લીધેલ તે પોતાની અંદર જ રાખેલ.

રામચન્દ્ર પુરુષોત્તમ હોય, તો તેમણે વનવાસ કર્યો, સીતાને રાવણ હરી ગયો વગેરે લીલાઓ કેમ ઘટે? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આ લીલાઓ તેમણે અમુક પ્રયોજનથી કરેલી. અહલ્યા-શબરી વગેરેનો ઉદ્ધાર કરવાનો હતો, દરિયા ઉપર પૂલ બાંધવો હતો, રાક્ષસોને હણવા હતા--આ અને આવાં બીજા પ્રયોજનને લીધે લોકને મોહ ઉત્પન્ન કરવા તેમણે આ લીલાઓ કરેલી.

તેથી લોકને મોહ કેવી રીતે ઉત્પન્ન થાય? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે સીતાનું હરણ થયું જ ન હતું. 'નર્ય' એટલે ગાર્હપત્ય અગ્નિએ સીતાને પોતાની પાસે રાખેલી અને સીતાની છાયારૂપ માયા તેણે જ બનાવી રામચન્દ્રને આપેલી. પછી ઘણા ક્રૂર રાવણને હણી, તે છાયારૂપ માયા સીતાને અગ્નિમાં મૂકી, પોતાનાં પત્ની સીતાને તેની પાસેથી લઈ, રામચન્દ્ર અયોધ્યા પધારેલા. (આ કથા બ્રહ્મવૈવર્તપુરાણમાં અગ્નિખંડમાં કહેલી છે [૮૬।।-૯૦]

રામચન્દ્રે લંકા જવામાટે સમુદ્ર ઉપર પૂલ બાંધ્યો તે ચરિત એકલું ઘણું અદ્‌ભુત મનાયેલું છે. લંકામાં રહેનારી સ્ત્રીઓ દોષરહિત થઈ રહી, એમ જણાવવા તે અહીં કહેલું છે (શ્લો.૧૩-૧૬)

(કારણ કે જો તે પૂલ ન બાંધે અને રાવણને લંકા જઈ ન હણતાં બીજા સ્થલે હણે, તો લંકાની સ્ત્રીઓને તેમનાં દર્શન તથા તેમનાં માહાત્મ્યનું જ્ઞાન ન થવાથી તેઓ દોષરહિત થાય નહિ). બીજું તેમનું ચરિત લૌકિક ભાષાથી કહેલું છે. લૌકિક ભાષાથી કહેવાથી લોક કૃતાર્થ થાય એમ જણાવવા રામચન્દ્રનું ચરિત તેવું (લૌકિક ભાષાથી લૌકિક રીતે) કહેલું છે (જેમ શ્રીકૃષ્ણના સમ્બન્ધમાં ''કામથી ગોપીઓ, ભયથી કંસ ... મુક્ત થયા'' એમ કહી કૃતાર્થ થવા માટે હરકોઈ ઉપાયથી શ્રીકૃષ્ણમાં મન પરોવવાનું કહેલું છે; તેમ અહીં પણ) જગતના જુદા-જુદા પ્રકારના જીવો કૃતાર્થ થાય તે માટે લૌકિક અને વૈદિક પ્રકારે રામચન્દ્રનું ચરિત્ર કહેલું છે[૯૧-૯૨]

**અધ્યાય ૧૧:**

રામચન્દ્રે વળી ઘણું ઉત્તમ અશ્વમેધ યજ્ઞ વગેરે વૈદિક ચરિત્ર કર્યું. તેવી રીતે તેમણે અગિયારસો અશ્વમેધ કરેલા. લૌકિક પુરુષોને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે તેમણે લૌકિક સ્થિતિ ધારણ કરેલી. ભૂતલ ઉપર પોતાનું સર્વસ્વ દક્ષિણામાં આપી યજ્ઞ કરનાર રામ જ છે (શ્લો.૨-૪). વળી તેમણે જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારવાળા વિપ્રોને ઘણું ઉત્તમ પ્રકારનું જ્ઞાન આપ્યું [૯૩-૯૪।।]

એ બધી લીલા રામચન્દ્રે ભલે કરી, પરન્તુ અપરાધ વિનાની સીતાનો ત્યાગ કરાવનારી લોકવાર્તાનું શ્રવણ તેમણે શા માટે કર્યું? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે વાસનાના ધોરણે સીતાનો ત્યાગ થાય તે માટે કોઈ એક પ્રસંગે તેમણે લૌકિક ભાષાનું સ્થાપન કરતાં લોકની તે વાર્તા સાંભળેલી. (પદ્મપુરાણના પાતાલખંડમાં રામચન્દ્રે અશ્વમેધ કર્યો તે પ્રસંગમાં કહેલું છે કે સીતાએ બાલ્યાવસ્થામાં એક પોપટ દંપતીને પકડેલાં. તે પૈકી પોપટી મરણ પામી, તેથી પોપટે સીતાને શાપ આપ્યો કે તારો પતિ તારો ત્યાગ કરશે. તે જ પોપટ મરણ પામી અયોધ્યામાં ધોબી જુમ્યો અને તેણે સીતાનો ત્યાગ કરાવનારી તે વાર્તા કહેલી. આ વાર્તાથી સીતાની જે વાસના સૂચવાય છે તે વાસનાને દૂર કરવા રામચન્દ્રે આ લીલા કરેલી. તેથી આ લીલા ભક્તને દુઃખ આપનારી જણાતી હોવા છતાં પરિણામે છૂપી રીતે સુખ આપનારી છે. તેથી એ લીલા જરાએ દોષરૂપ નથી. રામચન્દ્રે લોકની એ વાર્તાનું શ્રવણ કર્યું, કારણ કે) જ્યારે ભક્તિમાર્ગના પ્રભુ લૌકિક પ્રકટ કરે, ત્યારે જ લૌકિક પુરુષોથી ભક્તિ થઈ શકે. તેમ ન કરે, તો તેઓથી ભક્તિ થઈ શકે નહિ, એવો નિશ્ચય કરીને સ્થાનભક્તિમાં રામચન્દ્રનું નિરૂપણ કરેલું છે (જુઓ ૫।૧૯।૧૮).

આ અધ્યાયમાં ચારે મૂર્તિ (રામ લક્ષ્મણ ભરત અને શત્રુઘ્ન એ ચારે)નું ચરિત તથા તેમના વંશનું પણ વર્ણન કરેલું છે (શ્લો.૧ થી ૧૧,૧૨, ૧૨ તથા ૧૩, ૧૪) કારણ કે વંશ પણ ઈશ્વરનું જ ચરિત છે. તેથી (બારમા અધ્યાયમાં પણ વંશ કહેલો હોવાથી તે પણ ઈશ્વરના ચરિતમાં ગણાતો હોવાથી) ઈશ્વરના ચરિતના ત્રણ અધ્યાયો મનાયેલા છે[૯૪।।-૯૮]

ભક્તિમાર્ગમાં સમ્પૂર્ણ રીતે શુદ્ધ આચરણવાળા સ્વામી હોવાનો ગુણ રામચન્દ્રમાં છે. તે ગુણ

બીજા કોઈમાં નથી. તેથી અહીં રામચન્દ્રને ઈશ્વર કહેલા છે. આમનામાં લૌકિક ગુણ પણ શુદ્ધ જ હતો, દોષવાળો ન હતો. તેથી જ પરીક્ષિતે શુકને તેમના ભાઈઓ પ્રતિ તેમનું વર્તન કેવું હતું તેવો પ્રશ્ન કરેલ (શ્લો.૨૪). (રામચન્દ્રમાં રાજા હોવાનો લૌકિક ગુણ પણ એકસરખો સર્વ પ્રતિ સરખી રીતે શુદ્ધ હતો, તેમાં કોઈ પ્રસંગે દોષ થતો નહિ. તેથી જો રામચન્દ્ર પૂર્ણ ભગવાન્ પ્રકટ થયેલા હોય તો બધાને સરખી રીતે આનંદ કરાવે, અને બધાનો તેમના ઉપર સરખો પ્રેમ હોય તો તેમની રૈયત સુખી હોય પણ ભાઈઓને સુખ ન થાય તેથી એવો પ્રશ્ન પરીક્ષિતે કરેલો) તેના શુકે આપેલ ઉત્તરથી જણાય છે કે તેમના ભાઈઓ પણ સુખી હતા તેમને રૈયત પણ સુખી હતી અને તેમના ઉપર પ્રેમ રાખતી (શ્લો.૨૫-૩૦). લૌકિક ધર્મનો વિચાર કરતાં પણ રામચન્દ્ર પુરુષોત્તમ હોવાનો નિશ્ચય થાય, તે માટે આ પ્રશ્ન અને ઉત્તર આપેલા છે. ઘરમાં પડી રહેનાર રાજાનું લોકમાં સન્માન થતું નથી, તેથી (રામચન્દ્ર તેવા ન હતા એમ જણાવવા) લોકમાં તેમનું સન્માન થતું એ (અધ્યાયના) અન્તે ઉત્તમ પ્રકારે વર્ણવેલું છે (તે પણ એમ જ જણાવે છે કે રામચન્દ્ર ઈશ્વર છે)[૯૯-૧૦૧]

**અધ્યાય ૧૨:**

બારમા અધ્યાયમાં રામચન્દ્ર પછી, તેમના વંશમાં થયેલા ત્રીસ રાજાઓનું નિરૂપણ કરેલું છે. આ દેવોના સમૂહથી એક વધારે છે (સત્તર પ્રજાપતિ અને બાર સૂર્ય મળી ઓગણત્રીસ દેવોનો સમૂહ થાય. તેથી એક વધારે એટલે ત્રીસ રાજાઓ થયેલ હોવાનું કહેલું છે. આ બધા દેવો જ હોવાનું કહેલું છે. કારણ કે) તેઓમાં યોગનો બોધ કરનારા (હિરણ્યનાભ શ્લો.૩-૪) અને યોગનું આચરણ કરનારા (મરુ શ્લો.૫-૬) પણ કહેલા છે. (જ્યાં ભગવાનનો અવતાર થાય છે ત્યાં તેમની સેવા કરવા દેવો પણ જન્મ લે છે. શ્રીકૃષ્ણનાં પ્રાકટ્ય સમયે યાદવો થયેલા, તેમ રામચન્દ્રના પ્રાકટ્યના સમ્બન્ધમાં દેવોએ જન્મ લીધેલ એમ આ અધ્યાયથી જણાવેલ છે. દેવોમાં સત્ત્વગુણ હોય છે, અને જ્ઞાન સત્ત્વથી થાય છે. તેથી આને જ્ઞાનનો અધ્યાય કહેલ હોવાનું જણાય છે) વળી (જ્ઞાનમાં ઘણા વધેલા) જનકના વંશમાં ઉત્પન્ન થયેલાં સીતા તો ભગવાનની જ્ઞાનશક્તિ હતાં[૧૦૨-૧૦૩]

**અધ્યાય ૧૩:**

ભગવાન્ રામચન્દ્રની જ્ઞાનશક્તિનું નિરૂપણ કરવા આ તેરમા અધ્યાયમાં જનકનો વંશ કહેલો છે અને અહીં એમ જણાવેલું છે કે જ્ઞાન સાથે ભળેલી ભક્તિ મુખ્ય (ભક્તિ) છે. તેથી તે દર્શાવતાં જ્ઞાન અને વૈરાગ્ય સાથેની ભક્તિવાળા નિમિની કથા પહેલા અગિયાર શ્લોકોથી કહેલી છે. ગુરુનાં વચન વિના યજ્ઞ સફલ ન જ થાય, અને નિમિ જ્ઞાની હોવાથી (શ્લો.૩) તે જાણતો હતો, (છતાં ગુરુ વસિષ્ઠના આગમનની રાહ જોયા વિના બીજા ઋત્વિજોથી તેણે યજ્ઞ ચાલુ કર્યો) તેથી ગુરુ વસિષ્ઠે તેને શાપ આપ્યો (શ્લો.૪) એ પ્રસંગ અહીં કહેલો છે. (આ પ્રસંગથી નિમિમાં વૈરાગ્ય હોવાનું પણ જણાય છે, કારણ કે યજ્ઞ સફલ નહિ થાય એમ જાણવા છતાં તેણે યજ્ઞ કર્યો, તેથી

શાસ્ત્રની વિધિ હોવાથી જ તેણે યજ્ઞ કર્યો પણ ફલની ઈચ્છાથી કર્યો ન હતો એમ સ્પષ્ટ થાય છે. તે જ્ઞાની હોવાનું તો અહીં જ કહેલ છે. વળી તે ભક્ત પણ હતો એમ અગિયારમા સ્કન્ધના બીજાથી પાંચમા સુધીના અધ્યાયોમાં તેનો નવ યોગેશ્વરો સાથેનો જે સંવાદ નારદે વસુદેવને કહેલ છે તે ઉપરથી સ્પષ્ટ જણાય છે). વસિષ્ઠે નિમિને શાપ આપ્યો, એટલે નિમિએ વસિષ્ઠને પણ શાપ આપ્યો, (પરન્તુ) આ ભક્તિનું પ્રકરણ હોવાથી એવી રીતે શાપ આપ્યો કે જેથી વસિષ્ઠનો પણ મોક્ષ થાય, (આ દેહ પડે અને બીજા જન્મમાં મોક્ષ થાય, એવો અર્થ જણાય છે) કારણ કે ભક્તિમાં વિરોધકારક કાંઈ પણ નથી. તેથી નિમિને શ્રેષ્ઠ ફલ પ્રાપ્ત થયું (શ્લો.૧૧) પરન્તુ વસિષ્ઠને પ્રાપ્ત થયેલું ફળ (શ્લો.૬) કોઈ રીતે ઉત્તમ નથી, (વસિષ્ઠે ફરીથી મિત્રાવરુણના વીર્યથી ઉર્વશીમાં જન્મ લીધો. ઉર્વશી અપ્સરા અથવા વેશ્યા હોવાથી તે વેશ્યાનો પુત્ર થયો, પરન્તુ) ભક્તિમાર્ગ મુખ્ય હોવાથી (ભક્ત નિમિએ વસિષ્ઠ મુક્ત થાય તેવો શાપ આપેલ હોવાથી) વેશ્યાપુત્ર થયેલ હોવા છતાં તેને દોષ ન લાગ્યો. (નિમિ પણ સર્વના નેત્રોમાં રહી, તે ઉઘાડનાર તથા બંધ કરનાર નિમેષ કરાવનાર થયો એટલે) ભગવાનનાં દર્શન કરવામાં દોષરૂપ (જુઓ ૧૦।૨૮।૧૫)થવાથી અને તેનાથી જ્ઞાન થવામાં (જોવામાં) અન્તરાય થતો હોવાથી તેને પણ દોષ લાગેલ છે, અને તેથી બ્રાહ્મણ (વસિષ્ઠ) ઉત્તમ છે [૧૦૪-૧૦૮।।]

ભગવાન્ રામચન્દ્રના સમયમાં સીરધ્વજ જનક હતો. તેમના અવતાર પછીના લૌકિક કર્મમાં શ્રદ્ધાવાળા રાજાઓ પાછળથી કહેલા છે (શ્લો.૧૮-૨૬). અને તે પહેલાના (નિમિથી આરંભી હ્રસ્વરોમ સુધીના) જ્ઞાનમાં શ્રદ્ધાવાળા રાજાઓ પહેલાં (નિમિ પછી) કહેલા છે (શ્લો.૧૨-૧૭) એ રીતે (ઈક્ષ્વાકુ ૯।૧।૧૧ થી આરંભી કૃતિ ૯।૧૩।૨૬ સુધીના) સૂર્યવંશમાં થયેલા ઈશ્વરના સેવકોનું નિરૂપણ થયું [૧૦૮।।-૧૦૯।।]

**ચન્દ્રવંશ પ્રકરણઃ**

પુષ્ટિમાર્ગમાં રહેલા ભક્તોનું નિરૂપણ કરવા ચન્દ્રના વંશનો વિચાર કરવામાં આવે છે. જો ભક્તો જન્મથી અને કર્મથી શુદ્ધ હોય, તો તેઓ મુરારિના પ્રભાવવાળા પુષ્ટ સેવકો થાય છે. (પુષ્ટિભક્તિ અને મર્યાદાભક્તિ બન્નેથી મોક્ષરૂપ ફલ પ્રાપ્ત થાય છે, છતાં એ બે ભક્તિમાં એ જ ભેદ છે કે જન્મથી અને કર્મથી શુદ્ધ હોય તેઓ પુષ્ટિમાર્ગના પ્રભાવવાળા ભક્તો થાય છે). અત્રિના નયનમાંથી જ્ઞાનના અંશ (નયન)માંથી ઉત્પન્ન થયેલ (અ.૧૪।૩) ચન્દ્ર પુષ્ટિમાર્ગમાં રહેલ પહેલો (ભક્ત) છે, કારણ કે તે પક્ષપાતી થયેલો. (''બ્રહ્માના અંશથી ચન્દ્ર થયો'' ૪।૧।૩૩ એ વાક્ય પ્રમાણે ચન્દ્ર બ્રહ્માનો અંશ હોઈ સૃષ્ટિ ઉત્પન્ન કરનાર વંશમાં પહેલો હોવાના કારણથી પહેલો પુષ્ટિભક્ત નથી, પરન્તુ જ્ઞાનના અંશથી ઉત્પન્ન થયેલો હોવાથી તેને ભવિષ્યનું જ્ઞાન હોવાથી તેને પહેલો ભક્ત કહેલ છે. ''પ્રજાપતિને તેત્રીસ કન્યાઓ હતી'' એ ઉપાખ્યાનમાં જણાવ્યા પ્રમાણે ચન્દ્રને રોહિણી ઉપર ઘણો પ્રેમ હતો, અને પૂર્ણિમા તથા અમાવસ્યા ઉપર પ્રેમ ન હતો. તેથી તે રોહિણીનો પક્ષપાત કરતો આ આકસ્મિક દોષ હતો, વાસ્તવિક દોષ ન હતો) તેથી

આ દોષને લીધે તેને લાંછન  લાગે છે, પરન્તુ વાસ્તવિક રીતે તે યજ્ઞનું સ્વરૂપ ધારણ કરનારો છે. તેનાથી બુધ વગેરે પ્રભાવશાળી ભક્તો થયેલ હોવાનું કહેલ છે. [૧૦૯।।-૧૧૩]

**પેટા પ્રકરણો :**

આ સોમવંશમાં પણ નવ પ્રકારના ભક્તો થયા છે અને બે અધ્યાયોથી ભગવાન પરશુરામનું ચરિત્ર કહેલું છે. પરશુરામ ભગવાન્ બલપૂર્વક ભક્તોના દોષનો સંપૂર્ણ નાશ કરનારા છે. (પરશુરામ ભક્તોના દોષનો એવી રીતે બલપૂર્વક સંપૂર્ણ રીતે નાશ કરે છે તેથી ક્ષત્રિયોને હણવારૂપ અતિ ક્રૂર કર્મ તેમણે કરેલ હોવા છતાં તે ઈશ્વર છે. તે બ્રાહ્મણ હોવાથી સોમવંશના ગાધિ રાજાની પુત્રીના પુત્ર જમદગ્નિના પુત્ર હાવાથી સોમવંશના ન ગણાય એવી પણ શંકા કરવી નહિ. કારણ કે બ્રાહ્મણપણું અને ક્ષત્રિયપણું તો દેવતા છે એમ બીજા સ્કંધમાં શ્રીસુબોધિનીમાં કહેલું છે) અને જમદગ્નિની ઉત્પત્તિ ગાધિ માટે ક્ષત્રિય પુત્ર થવા માટે મંત્રેલા ચરુ (દેવને ધરેલા બલિ)થી થયેલી. તેથતે ગાધિરાજાના પુત્રિકા પુત્ર જેવા થાય. (વળી ઋચિક મુનિએ પોતાની પત્ની સત્યવતીની પ્રાર્થનાથી પુત્ર(જમદગ્નિ) ક્ષત્રિય ન થતાં પૌત્ર(પરશુરામ) ક્ષત્રિય થાય તેવી વ્યવસ્થા કરી. તેથી પરશુરામ ગાધિરાજાના વંશના ક્ષત્રિય ગણાય. તેથી તે સોમવંશના થયા.) સોમવંશના ગાધિરાજાથી ઉત્પન્ન થયેલી સત્યવતીના પુત્ર હોવાથી અને ક્ષત્રિય પુત્ર ઉત્પન્ન થાય તે માટે મંત્રેલા ચરુથી તેમની ઉત્પત્તિ થયેલી હોવાથી, પરશુરામ સોમવંશના ગણાય [૧૧૪-૧૧૫]

પુષ્ટિમાર્ગની રીત (મર્યાદામાર્ગથી) ઉલટી છે. તેથી સોમવંશનું નિરૂપણ કરતાં પહેલાં એક(ચૌદમા) અધ્યાયમાં ભગવાનના સેવકોનું વર્ણન કર્યું છે અને છેવટે (સત્તરમાથી ચોવીસમા સુધીના) આઠ અધ્યાયોથી તેમનું વર્ણન કરવાનું છે. વચલા બે પંદરમા અને સોળમા અધ્યાયોમાં ઈશ્વર પરશુરામનું ચરિત્ર કહેલું છે. (આ વંશમાં પણ નવ પ્રકારના એટલે ત્રણ ગુણવાળા ત્રણ-ત્રણ પ્રકારના ભક્તો હોવાથી ત્રણ પેટા પ્રકરણો ભગવાનના સેવકોનાં છે અને એક ઈશ્વરના નિરૂપણનું છે એ રીતે આ પ્રકરણનાં ચાર પેટાપ્રકરણો છે.) [૧૧૬]

ચન્દ્રમાં ભગવાને પ્રવેશ કરીને સુંદર ઉત્તમ વંશ ચાલુ કર્યો. આ વંશમાં લક્ષ્મી અને નારાયણથી ઉત્પન્ન થયેલા બુધનું વર્ણન કરેલું છે (શ્લો.૧૦-૧૪). (આ વંશના સુંદરપણાના મૂળ તરીકેનું વર્ણન કરેલું છે. બૃહસ્પતિની પત્ની તારાનું ચંદ્રે ગર્વથી હરણ કરેલ અને તારા બૃહસ્પતિને પાછી મળે તે માટે દેવો અને દાનવો વચ્ચે સંગ્રામ થયેલો. ચંદ્રે તારામાં ગર્ભાધાન કરેલું. બ્રહ્માએ તારા બૃહસ્પતિને પાછી અપાવી. પછી તારાથી બુધનો જન્મ થયો. ચંદ્ર અને બ્રહસ્પતિ બન્નેએ પુત્ર માટે ઈચ્છા કરી, કારણકે તે ઘણો તેજસ્વી હતો. નારાયણે ચંદ્રમાં પ્રવેશ કરેલો અને લક્ષ્મીએ તારામાં પ્રવેશ કરેલો. અને તે બેથી બુધની ઉત્પત્તિ થયેલી હોવાથી તે ઘણો તેજસ્વી હતો. બ્રહ્માએ તારાને બાલક કોનાથી થયેલ તે એકાંતમાં પૂછી ચંદ્રને બુધ આપ્યો. તેમાં ચંદ્રના યજ્ઞ સમયે હાજર રહેલ સર્વ દેવો વગેરેની સંમતિ થયેલી) જો બુધ લક્ષ્મી(તારા) અને નારાયણ(ચંદ્ર)થી ઉત્પન્ન

થયેલ ન હોત તો (તેને ચંદ્રને સોંપવામાં યજ્ઞ સમયે હાજર રહેલ) સર્વ દેવોની સંમતિ ન થાત, શુક્રાચાર્યની સંમતિ ન થાત, અને ખાસ કરીને (બૃહસ્પતિના પક્ષમાં રહેલ) શંકરની સંમતિ ન જ થાત (પરંતુ તે બન્નેની પણ સંમતિ થયેલી -શ્લો.૬) (ચંદ્રનો યજ્ઞ પૂર્ણ થયો તેથી યજ્ઞ સમયે હાજર રહેલ સર્વની સંમતિ થયેલી જણાય છે) [૧૧૭-૧૧૮]

પુરુષને પરસ્ત્રીમાં જે રસ ઉત્પન્ન થાય છે તેવો રસ પોતાની પત્નીમાં ઉત્પન્ન થતો નથી જ. તેવી જ રીતે સ્ત્રીને પરપુરુષમાં જેવો રસ ઉત્પન્ન થાય છે તેવો તેને પોતાના પતિમાં ઉત્પન્ન થતો નથી. તેથી ભગવાને તારા અને ચન્દ્ર નું રસથી ભરપૂર જોડકું કર્યું. (બીજ અને ક્ષેત્ર માં દોષ ન રહે અને બન્ને રસવાળા હોય તેવાથી વંશ ઉત્પન્ન કરવા ભગવાને તેમ કરેલું. તેથી સંતાનમાં ચન્દ્રનો પ્રભાવ અને ભક્તિ જણાવેલાં છે [૧૧૯]

તારા માટે દેવો અને દૈત્યો ને સંગ્રામ થયો (શ્લો.૫-૭), છતાં તારા અને ચન્દ્ર નું રસમય દોષરહિત જોડકું કેમ કહેવાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે તારા અને ચન્દ્રમાં લક્ષ્મી અને નારાયણ નો આવેશ તારાને ગર્ભ રહ્યો ત્યાં સુધી જ હતો, તેથી ત્યાં સુધી તારા ચન્દ્ર પાસે રહી તેમાં સર્વની સમ્મતિ હતી, ત્યાર પછી સમ્મતિ ન હતી. તેથી જ ગર્ભાધાન સુધી (તારા ચન્દ્ર પાસે રહેલી તેમાં) સર્વની સમ્મતિ હોવાનું જાણીને ગુરુ બૃહસ્પતિએ બાલક બુધ રાખવા ઇચ્છા કરેલી (શ્લો.૧૦). તેથી પાછળથી તારા માટે સંગ્રામ થયો એમ જે પહેલાં કહ્યું, તેનો વિરોધ ખરેખર થતો નથી.

ચન્દ્ર અત્રિના નયનમાંથી ઉત્પન્ન થયેલો હોવાથી બ્રાહ્મણ ગણાય, છતાં તેના પુત્ર બુધે ક્ષત્રિયનો વંશ ઉત્પન્ન કર્યો એમ કેમ ગણાય ! એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ચન્દ્રમાં બ્રાહ્મણ્ય અને ક્ષત્રિયત્વ બન્ને હતા. અત્રિના નયનમાંથી તે ઉત્પન્ન થયો, તેથી તેનામાં બ્રાહ્મણ્ય હતું, અને "સ્વારાજ્યની ઇચ્છા રાખનાર રાજાએ રાજસૂય યજ્ઞ કરવો" એ વાક્ય પ્રમાણે ક્ષત્રિયોએ કરવા યોગ્ય રાજસૂય યજ્ઞ કરી, ત્રણે ભુવનો ચન્દ્રે જીતી લીધાં હોવાથી (શ્લો.૪) તે ક્ષત્રિય પણ હતો. તારાનું તેણે અહંકારથી હરણ કરેલું અને અગિયારમા સ્કન્ધમાં અહંકાર ક્ષત્રિયોનો ગુણ હોવાનું કહેલ છે તેથી, ચન્દ્રે ક્ષત્રિય તરીકે જ તારામાં ગર્ભાધાન કરેલ, તેથી બુધ ક્ષત્રિય હતો. વળી આ ભક્તિનો સ્કન્ધ છે, અને ભગવાનના પૂર્ણ અનુગ્રહરૂપ ભક્તિ અહીં જણાવવાની છે. છાન્દોગ્યમાં પંચાગ્નિવિધામાં આવી ભક્તિ ક્ષત્રિયમાં જ હોવાનું કહેલ છે. બ્રાહ્મણમાં પુષ્ટ ભક્તિ હોતી નથી. તેથી બુધ (રાજાપણું જેનામાં ગૂઢ હતું તેવા ચન્દ્રનો પુત્ર હોવાથી) રાજાનો જ પુત્ર હતો, (અને તેથી ક્ષત્રિયનો વંશ તેણે ઉત્પન્ન કર્યો). વળી બુધ ઘણો જ બુદ્ધિમાન હતો (શ્લો.૧૪), અને તેનામાં જૂઠાણું જરાએ ન હતું. તેથી માતા તારાને પણ તેણે તેનું પાપ તરત જ પ્રકટ કરવા કહેલું (શ્લો.૧૨) [૧૨૦-૧૨૧।]

આ બુધનો પુત્ર પુરૂરવા થયો (શ્લો.૧૫). તેનાથી વેદ નીકળે (ત્રણ થાય) તે માટે તેનામાં બ્રહ્મ (વેદ)નો આવેશ થયાનું કહેલ છે (શ્લો.૪૩-૪૬). બુધ વિષ્ણુ છે, તેમાંથી (વેદ પ્રકટ કરનાર) બ્રહ્મારૂપ પુરૂરવા ઉત્પન્ન થયો. નારાયણમાંથી ઉત્પન્ન થયેલી ઉર્વશીને (૧૧।૪।૧૨ થી ૧૫) ભક્તિશક્તિ (ભગવાનની સેવા થઈ શકે તે માટે તેમના અનુગ્રહરૂપ શક્તિ) કહેલી છે. મિત્ર અને વરુણ દેવો (૨।૧।૩૨ પ્રમાણે વિરાટના વૃષણ હોઈ) ભોગસ્થાનના અધિદેવો છે. તેઓમાં રાગવાળી ભક્તિ ભોગ માટે જ ઉદ્યમ કરનારી થાય. દેવોની ભક્તિ સારી હોય છે, પરન્તુ તે ભોગ વધારનારી હોય છે તેથી તેની પ્રશંસા થતી નથી. મનુષ્યોની ભક્તિ તેનાથી ઉત્તમ હોય છે. તેથી જે ભક્તિથી ભોગ થાય તે ભક્તિ ઉત્તમ મનાયેલી નથી. સોમવંશમાં શુદ્ધ ભોગમાં આસક્તિ થતી અટકાવે તેવી ભક્તિ હતી એમ કહેવા, ઉર્વશીને મિત્ર અને વરુણ નો શાપ થયેલ હોવાનું કહેલ છે (શ્લો.૧૬). ઉર્વશીએ પોતાનું દેવપણું સચવાઈ રહે તે માટે મિત્ર અને વરુણ સાથે ભોગ કરવાની એકવાર પ્રવૃત્તિ કરેલી, પરન્તુ બીજા કોઈ(કામ વગેરે) પ્રયોજનથી તેવી પ્રવૃત્તિ કરેલી નહિ. પરન્તુ તે બે દેવોએ તેને લૌકિક સ્વભાવવાળી જાણી અને તેનાથી અધિક રસ પ્રાપ્ત થતો હોવાથી તેને ફરીથી ભોગ માટે પ્રાર્થના કરી, પરન્તુ તે વૈરાગ્યવાળી હોવાથી તેણે તે મંજુર રાખી નહિ તેથી તેઓએ તે પણ ભોગ કરતી અટકે તે માટે તેને મનુષ્ય થાય તેવો શાપ આપ્યો [૧૨૧-૧૨૭॥]

ઉર્વશી વૈરાગ્યવાળી હતી અને શાપથી પણ તેનો ભોગ અટક્યો હતો, ત્યારે તેણે પુરૂરવા સાથે ભોગ કેમ કર્યો ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ઐશ્વર્ય વગેરે છ ગુણો પ્રાપ્ત કરવા તેણે છ ગર્ભ ધારણ કરેલા (અ.૧૫।૧). પરન્તુ તેણે ભોગ માટે પ્રવૃત્તિ કરી ન હતી. તેથી તેણે પુરૂરવાને ક્રૂર વચનો કહેલાં (અ.૧૪।૨૮-૨૯). તેની ઈચ્છા તો માત્ર ગર્ભ ધારણ કરવાની જ હતી. તેથી તેણે પુરૂરવાને બે પ્રકારના વચન કહેલાં ૧. ભોગ ન થાય તે માટે ક્રૂર વચન કહેલાં અને ૨. પોતાને ગર્ભ રહે તે માટે જ્ઞાન ટકી શકે તેવું વચન કહેલ. (''ઘી નિશ્ચય તેજ છે'' એ શ્રુતિ પ્રમાણે ઘી તેજરૂપ હોઈ પ્રકાશ કરનારું હોવાથી જ્ઞાન ટકાવનારું છે. તેથી ''પોતે ઘી જ ખાશે'' એમ ઉર્વશીએ પોતાનું જ્ઞાન ટકાવવા જ કહેલું -શ્લો.૨૨.)

ઉર્વશી એ દેવી હોવાથી તેનામાં જ્ઞાન ટકી રહે અને વેશ્યા હોવાથી તે ક્રૂર વચનો પણ કહે. તેથી આ વચનોથી તે વૈરાગ્યવાળી હોવાનું સિદ્ધ થતું નથી — એમ કહેવામાં આવે, તો જાણવું કે તેનામાં જેનું હૃદય આસક્ત હતું તે પુરૂરવાને મુક્તિ પ્રાપ્ત થવાની. મુક્તિ પ્રકરણમાં તેને મુક્તિ પ્રાપ્ત થયાનું કહેલ છે (૧૧।૨૬।૨૫). તેથી ઉર્વશી વૈરાગ્યવાળી હોવામાં જરાયે સંશય નથી. ઉર્વશીરૂપ ભક્તિની શક્તિ સિદ્ધ થાય તે માટે પુરૂરવાથી વેદોની ઉત્પત્તિ થયાનું અહીં (શ્લો.૪૩-૪૯માં) કહેલું છે. છેવટે તેને વૈરાગ્ય થયેલો અને તેથી તે મુક્તિ પામ્યો, તેથી તે ભક્ત હતો એમ સિદ્ધ થાય છે (૧૧।૨૬।૭ થી ૨૫). એ રીતે પુરૂરવા ભક્તનું પ્રથમ નિરૂપણ કરી, (આ પેટાપ્રકરણ અધુરું રાખી, હવે ઈશ્વરનું ચરિત્ર કહે છે)[૧૨૭॥-૧૩૧॥]

**ઈશ્વરનું ચરિત્ર-અધ્યાય ૧૫ :**

પંદરમા અધ્યાયમાં પરશુરામની પ્રસિદ્ધિ જણાવવા માટે ગાધિ રાજા સુધી પુરૂરવાનો વંશ

કહ્યો (શ્લો.૧-૪). ભક્ત પુરૂરવાના વંશમાં ગાધિનો જન્મ થયાની કથા કહેલી છે, તેથી તે ભક્ત હોવાનું સિદ્ધ થઈ જ ગયું. (પુષ્ટિ એટલે પોતાનાં કાર્ય માટે જેમાં ભગવાનની કૃપા થાય તેવો માર્ગ, ભગવાનને પ્રાપ્ત કરવાનો ઉપાય જેમાં તેવા પ્રકારનો હોય તે પુષ્ટિમાર્ગ. ભક્તિમાર્ગ એટલે બીજાનાં કાર્ય માટે જેમાં કૃપા થતી હોય તેવો માર્ગ.) પુષ્ટિમાર્ગમાં યદુનો વંશ (યાદવો) અને બ્રાહ્મણોનો વંશ (યાદવોએ મહાભારતના જરાસન્ધ સાથેના વગેરે યુદ્ધોમાં ભૂમિના ભારરૂપ ક્ષત્રિયોને હણ્યા. બ્રાહ્મણોએ યાદવોને શાપ આપી યાદવકુલનો વિનાશ કરાવ્યો.) ક્ષત્રિયોનો નાશ કરનાર થવાના. ભગવાનની એવી ઈચ્છા હતી કે ભક્તિમાર્ગમાં તેવા પ્રકારની પુષ્ટિ (સન્માર્ગનો જેનાથી નાશ થાય તેવી કૃપા) યોગ્ય નથી. તેવી પુષ્ટિ દૈત્યો પ્રતિ થાય, દેવો પ્રતિ ન થાય એવો નિર્ણય છે. યદુના વંશમાં દેવોના અંશવાળા જીવોની કથા કહેવાની છે. તેથી ક્ષત્રિયોના દોષ દૂર થાય તે માટે (શ્લો.૧૫ જુઓ) ઘણા બલવાન ઈશ્વર પરશુરામે સહસ્રાર્જુન તથા તેના પુત્રોને અને તેઓના સંગને લીધે બીજા ક્ષત્રિયોને પણ; બન્નેને, મુખ્ય(ક્ષત્રિય) અને ગૌણ(ક્ષત્રિય) એવા ભેદથી, મારી નાખ્યા. ભક્તોના (અન્તઃકરણના દોષ)અહંકારનો નાશ કરવા અને દૈત્યોનો નાશ કરવા ગુણરૂપ રામચન્દ્રનો પ્રાદુર્ભાવ થયો ત્યાં સુધી પરશુરામે ક્ષત્રિયોને હણ્યા (અને તેથી ભક્તિ ભોગરહિત થાય એવી વ્યવસ્થા કરી) [૧૩૧।।-૧૩૬।।]

વિપ્રોમાં મન્ત્રો રહેલા છે, ગાયમાં હોમ કરવાના પદાર્થ (ઘી વગેરે) રહેલા છે, અને ભગવાન્ પરશુરામ યજ્ઞરૂપ છે. (યજ્ઞ કરવામાં મન્ત્રો અને ઘી વગેરે હોમ કરવાના પદાર્થો જોઈએ.) તેથી હોમ કરવાના પદાર્થ (ગાય)ને સહસ્રાર્જુન બલાત્કારથી લઈ ગયો (શ્લો.૨૫-૨૬) ત્યારે ક્ષત્રિયોને પહેલાં હણ્યા (શ્લો.૩૦-૩૬) અને ત્યાર પછી જ્યારે સહસ્રાર્જુનના પુત્રોએ મન્ત્રનો (પરશુરામના પિતા જમદગ્નિનો) વધ કર્યો (અ.૧૬।૧૦-૧૯) ત્યારે ફરીથી તેઓને હણ્યા. જમદગ્નિ ક્ષત્રિય થાય એવી તેના પિતા ઋચીકે પ્રથમ યોજના કરેલી, પરન્તુ પોતાની પત્નીની પ્રાર્થનાથી તેમણે તેને બ્રાહ્મણ બનાવ્યો (અ.૧૫।૮-૧૧). તે ક્ષત્રિય અને બ્રાહ્મણ બન્નેરૂપ રહે તે યોગ્ય નહિ, તેથી તેના શત્રુથી તેનો વધ થયો (અ.૧૬।૧૧). વળી તેની પત્ની રેણુકા આધિદૈવિક ભક્તિરૂપ હતી ''ગન્ધર્વોમાં હું ચિત્રરથછું'' (ભગ.ગીતા ૧૦।૨૬) પ્રમાણે ચિત્રરથગન્ધર્વ; ભગવાનની વિભૂતિ છે. ભગવાનને પ્રિય એવા કમલની માલા ધારણ કરનાર ચિત્રરથગન્ધર્વ — જમદગ્નની પત્ની હોવાથી બ્રાહ્મણ અને ક્ષત્રિય બન્ને સ્વરૂપવાળી --રેણુકા ઉપર પ્રસન્ન થયેલો. આ ગન્ધર્વની રેણુકાને કાંઈક ઈચ્છા થઈ (અ.૧૬।૨) તેમાં કાંઈ દોષ ન હતો, કારણ કે (''પહેલો સોમ પરણ્યો, પછી ગન્ધર્વ પરણ્યો'' એ શ્રુતિ પ્રમાણે) ગન્ધર્વ બીજો પતિ છે. રેણુકાએ ચિત્રરથમાં શ્રીકૃષ્ણે પ્રવેશ કરેલ હોવાનું જાણ્યું. અને શ્રીકૃષ્ણની ભક્તિ પ્રાપ્ત થાય તે માટે કર્મમાં આસક્તિવાળી પોતાની પહેલાંની સ્થિતિને તજી તે શ્રીકૃષ્ણમાં આસક્ત થઈ (અ.૧૬।૨-૩). જો રેણુકા વ્યભિચાર દોષવાળી હોય તો ભગવાન્ પરશુરામ તેનાથી કેમ જન્મ ધારણ કરે ? [૧૩૬।।-૧૪૧।।]

મુનિ જમદગ્નિ પણ (બ્રાહ્મણ અને ક્ષત્રિય) બન્ને સ્વરૂપવાળા હોવાથી તેમણે ક્ષમા પણ કરેલી, અને ક્રોધ પણ કરેલો. ક્ષમા કરી તેમણે પુત્ર પરશુરામને ઉપદેશ આપેલો (અ.૧૫।૩૮-૪૧), અને પત્ની ઉપર તેમણે ક્રોધ કર્યો(અ.૧૬।૫). ક્રોધ ક્ષત્રિયોનો ગુણ છે, અને પરશુરામ ક્ષત્રિય સ્વરૂપના કહેવાય છે. તેથી તેમણે પિતાની આજ્ઞાને લીધે પુત્રો સાથે માતા રેણુકાનો વધ કર્યો(શ્લો.૬).

કેટલાક કહે છે કે ત્યાર પછી પરશુરામે પિતા પોતાના ક્રોધનો ત્યાગ કરે એવો વર માગ્યો, (પરન્તુ આ યોગ્ય નથી. આવો અર્થ કરવા તેમને લક્ષણા લેવી પડે છે) વધ એટલે પ્રહાર કરી રેણુકાને દોષરહિત કરવી, (એવો અર્થ તેઓ લે છે, પરન્તુ પરશુરામે એવો વર માગેલ છે કે પોતાની માતા તથા ભાઈઓ જીવતાં થાય અને પોતે તેઓનો વધ કરેલ તેનું સ્મરણ તેમને રહે નહિ), આ પરશુરામે માગેલ વરનો મુખ્ય અર્થ છે, તે આચાર્યશ્રીને માન્ય છે, (મુખ્ય અર્થ બંધ બેસતો ન હોય તો જ લક્ષણાથી જુદો અર્થ કરાય, પરન્તુ અહીં મુખ્ય અર્થ ઘટે છે, તેથી લક્ષણાથી જુદો અર્થ કરાય નહિ) [૧૪૧।।-૧૪૪।।]

પરીક્ષિતે શુકને એવો પ્રશ્ન કરેલ કે ''ક્ષત્રિયોના કયા અપરાધને લીધે પરશુરામે તેમનાં કુલનો વારંવાર નાશ કર્યો'' (અ.૧૫।૧૬). આ પ્રશ્નના ઉત્તરમાં શુકે સહસ્રાર્જુનના પરાક્રમનું વર્ણન શા માટે કર્યું ? એવો પ્રશ્ન થાય, અને એવી શંકા થાય કે સોમના વંશમાં અવતરેલા પરશુરામનું એવું પરાક્રમ ન હોય કે તે એકવીસ વાર ક્ષત્રિયોનો નાશ કરે --તો તેવી શંકા ખોટી છે એમ જણાવવા સહસ્રાર્જુને રાવણનો પરાજય કર્યાનું કહેલું છે. સહસ્રાર્જુન ઘણો મોટો યોગી હતો (અ.૧૫।૧૮-૧૯). તેણે સ્ત્રીઓ સમક્ષ રાવણને પકડીને વાંદરાની પેઠે છોડી દીધો હતો (શ્લો.૨૨). તેવા સહસ્રાર્જુન ઉપર પણ જેમણે એકલાએ રમતમાત્રમાં વિજય પ્રાપ્ત કર્યો (શ્લો.૩૩-૩૫), તેવા પરશુરામે ક્ષત્રિયોનો વિનાશ કર્યો. તેવા પરશુરામની સમાન લોકમાં બીજો કોણ જ હોય, એમ જણાવવા સહસ્રાર્જુનના પરાક્રમની કથા કહેલી છે [૧૪૪।।-૧૪૭]

ભગવાનના છ ગુણોએ અને ધર્મીભગવાને પોતે પ્રથમ તામસ ક્ષત્રિયોને હણ્યા, પછી તેવી જ રીતે રાજસ ક્ષત્રિયોને હણ્યા અને ત્યાર પછી તેવી જ રીતે સાત્ત્વિક ક્ષત્રિયોને હણ્યા. (હણનાર છ ગુણો અને ભગવાન્ મળી સાત, અને જેમને હણવાના તેઓ ત્રણ પ્રકારના હોવાથી ૭ક્ષ્ડક્ષ્૩ = ૨૧ વાર ક્ષત્રિયોનો નાશ થયો) એ પ્રમાણે સર્વ(ત્રણે) ગુણવાળા ક્ષત્રિયોનો સમ્પૂર્ણ રીતે નાશ થતાં, ઉત્તમ નિર્ગુણ ભક્તિ લોકમાં પ્રસિદ્ધિ પામે તે માટે (ક્ષત્રિયોનો એવી રીતે વધ કર્યો). ત્યાર પછી માત્ર ભક્ત ક્ષત્રિયો જ બાકી રહ્યા એમ નિશ્ચયપૂર્વક જણાવવા માટે મથુરામાં મહાન ભક્ત શૂરસેન થયાનું કહેલ છે (અ.૨૪।૨૭). તેથી એમ જણાવેલું છે કે ત્યાર પછી ભવિષ્યમાં સર્વે ક્ષત્રિયો તેવા ભક્ત જ થવાના. પોતાનું સર્વસ્વ દક્ષિણામાં આપવાનો જેવો યજ્ઞ રામચન્દ્રે કરેલ, તેવી રીતે પરશુરામે પણ તેવો યજ્ઞ કર્યો (અ.૧૬।૨૦-૨૩). એવી રીતે ભક્તિમાર્ગમાં પોતાનું

સર્વ દાન કરવાનું છે એમ જણાવતાં પરશુરામે બ્રાહ્મણોને ભૂમિનું દાન કર્યું. ક્ષત્રિયો તો ભૂમિના ભારરૂપ હતા, તેથી તેમણે તેઓનો નાશ કરી (ભૂમિનો ભાર ઉતારેલો. તેથી ભૂમિનો ભાર ઉતારવો એ પણ ક્ષત્રિયોને હણવાનું બીજું પ્રયોજન હતું. આ સમ્બન્ધમાં એવી કથા છે કે : ''ભૂમિ ઉપર સ્થાવર તથા જંગમનો ઘણો ભાર થવાથી તે પીડાવા લાગી, ત્યારે તે ભાર દૂર કરવા તેણે બ્રહ્માને પ્રાર્થના કરી. તે જ સમયે મરુત્તના અથવા બીજા કોઈના યજ્ઞમાં ઘણો હોમ થયેલ હોવાથી અગ્નિ પણ અજીર્ણથી પીડાતો હોઈ તેણે પણ પોતાનું અજીર્ણ દૂર કરવા બ્રહ્માને પ્રાર્થના કરી. ત્યારે બન્નેનું દુઃખ એક જ કાર્યથી જાય એવો વિચાર કરી બ્રહ્માએ અગ્નિને કહ્યું કે ''તું સહસ્રાર્જુનની પ્રાર્થના કરી તેનાં બાણોથી વન બળાવ, એટલે તે બાણોમાં પ્રવેશ કરી વન બાળતાં તારું અજીર્ણ મટશે.'' પછી અગ્નિએ તે પ્રમાણે પ્રાર્થના કરતાં, સહસ્રાર્જુને રથમાં બેસી બાણો છોડતાં વન બાળવા માંડયું, ત્યારે દૈવયોગથી કેટલાંક બાણો વસિષ્ઠના વનમાં પડયાં એટલે તે વન પણ બળવા માંડયું. તેથી વસિષ્ઠે સહસ્રાર્જુનને શાપ આપ્યો કે તારા હાથકપાઈ જશે. ત્યાર પછી કેટલાક દિવસે જમદગ્નિની ગાય લઈ જવાની ઈચ્છા તેનામાં દેવોએ ઉત્પન્ન કરી, અને તેથી સર્વ ક્ષત્રિયોનો નાશ થયો. તેથી આ પણ દેવો વગેરેનું પ્રાસંગિક કાર્ય હતું, મુખ્ય પ્રયોજન તો ભક્તોના દોષનો નાશ કરી નિર્ગુણભક્તિનું સ્થાપન કરવાનું જ હતું. એમ સ્કન્ધના અર્થથી જણાય છે) [।।૧૪૮-૧૫૨]

**પ્રથમ પેટાપ્રકરણ ચાલુ :**

પરશુરામે ક્ષત્રિયોનો વધ કર્યો ત્યાં સુધીનું ઈશ્વરનું ચરિત્ર કહીને, પછી ગાધિ રાજાથી અધૂરું રાખેલ ભક્તોનું ચરિત્ર કહે છે. તેમાં ગાધિ રાજાના પુત્ર વિશ્વામિત્રની કથા કહે છે (શ્લો.૨૮-૩૭). વિશ્વામિત્રે પોતાના મોટા પુત્રોનો ત્યાગ કર્યો, અને અજીગર્તના પુત્ર શુનઃશેપને હરિશ્ચન્દ્રના યજ્ઞમાં પુરુષપશુ તરીકે હોમવાનો હતો, તેનો પોતાના પુત્રોમાં સમાવેશ કર્યો. બ્રાહ્મણની પ્રતિષ્ઠા થાય તે માટે વિશ્વામિત્રની આ કથા કહેલી છે. વિશ્વામિત્રને બીજા પણ પુત્રો હતા તેથી તેમનાથી ઘણા પ્રકારના બ્રાહ્મણનાં ગોત્રો થયાનું જણાવેલ છે (શ્લો.૩૬-૩૭) [૧૫૩-૧૫૪]

**અધ્યાય ૧૭ :**

આ ચન્દ્રવંશમાં પણ વૈદિક અને ભોગમાં આસક્તિવાળા એવા બે પ્રકારના ભક્તો થયા છે. પુરૂરવા(અ.૧૪) અલર્ક (અ.૧૭।૭) અને રજી (અ.૧૭।૧૨-૧૪) પ્રથમ પ્રકારના હતા. આ ભક્તોમાં ધન્વન્તરિનો જન્મ પણ થયાનું કહેલ છે (અ.૧૭।૪). આ ભક્તોમાં દોષ ન હતો એમ જણાવવા પરશુરામના જન્મની પેઠે, ધન્વન્તરિનો પણ જન્મ થયાનું અહીં કહેલ છે [૧૫૫-૧૫૫।।]

**પેટાપ્રકરણ બીજું-અધ્યાય ૧૮,૧૯ :**

સોમવંશના ભક્તો પૈકી નહુષ, યયાતિ અને પુરુ મધ્યમ પ્રકારના ભક્તો હતા. નહુષ ઘણો પરાક્રમી હતો. તે અમુક સમય સુધી ઈન્દ્ર પણ થયેલો. (શ્લો.૩), તેથી તે ઉપર ભક્તો કહ્યા તેથી

ઉત્તમ હતો. તેનામાં વિદ્યા, તપ, યોગ તથા બલને લીધે ઘણું પરાક્રમ હતું ૬।૧૩।૧૬. રજીમાં માત્ર બલ ઘણું હતું, તેથી તેને મધ્યમ ગણ્યો નથી. નહુષ પુષ્ટિભક્તના સ્થાનમાં હતો, છતાં તેને ઉત્તમ ગણેલ નથી કારણ કે તેનામાં દોષ હતો(શ્લો.૩) [૧૫૫।।-૧૫૭]

યયાતિનું [1]મન શુદ્ધ હતું (શ્લો.૨૩) [2]સર્વ વિષયોમાં તે પ્રમાણ (સત્ય જણાવનારું) હતું. વળી તે [3]બ્રાહ્મણ શુક્રાચાર્યનો જમાઈ હતો અને [4]તેણે પોતાના પુત્ર પુરૂ સાથે પોતાનાં વયનો અદલોબદલો કરેલો (શ્લો.૪૫). આ મધ્યમ ભક્તોમાંના મધ્યમ (વચલા) ભક્ત યયાતિના બંધનું (શ્લો.૫૧) અને મોક્ષનું (અ.૧૯।૨૪-૨૫) વર્ણન કરેલું છે. પહેલાં તે બંધનવાળી અવસ્થામાં હોવાથી તેને ઉત્તમ ભક્ત ગણેલ નથી. તેથી આ અધ્યાયમાં સર્વત્ર જે ભક્તો કહેલા છે તે બધા આવા મધ્યમ પ્રકારના હોવાનું જાણવું [૧૫૮-૧૫૯]

શુક્રાચાર્ય પુષ્ટિના કર્તા છે. (શુક્રાચાર્ય બ્રાહ્મણ હોવા છતાં તેમણે મર્યાદા વિરુદ્ધ પોતાની પુત્રી દેવયાનીને યયાતિ રાજા સાથે પરણાવી, તેથી તેમને ''પુષ્ટિના કર્તા'' કહેલ હોવાનું જણાય છે) મર્યાદામાં (સર્વ) સમ એટલે ધર્મ પ્રમાણે થાય. યયાતિ પુષ્ટિ અને મર્યાદા બન્નેમાં હતો, (પુષ્ટિમાં હોવાથી તે બ્રાહ્મણની કુયા દેવયાનીને પરણ્યો. મર્યાદામાં હોવાથી) તેણે શુક્રાચાર્યનું (શર્મિષ્ઠા સાથે કોઈ સમ્બન્ધ ન કરવાનું) વચન માન્ય ન રાખ્યું (અ.૧૮,।૩૦-૩૨). તેણે તેમનું વચન ન માન્યું તેમાં કામ અથવા કામધર્મ (કામ સાથેનો ધર્મ) કોઈ પ્રકારે કારણરૂપ ન હતો. (ઋતુમાં કામનાવાળી સ્ત્રી સાથે સમ્બન્ધ કરવો તે ધર્મ છે, કારણ કે ધર્મશાસ્ત્રની તેવી આજ્ઞા છે) પરન્તુ દિષ્ટ(દૈવ) જ કારણરૂપ હતું. અહીં(શ્લો.૩૨માં) શ્રીકૃષ્ણની ઈચ્છાને જ 'દિષ્ટ' કહેલી છે. પુરૂનો વંશ શુદ્ધ રહે તે માટે ભગવાને એવી ઈચ્છા કરેલી. [૧૬૦-૧૬૧]

બહારના અને અંદરના ભેદથી (શાસ્ત્રથી બહારના અને શાસ્ત્રની અંદરના એટલે પુષ્ટિ અને મર્યાદા ના ભેદથી એવો અર્થ જણાય છે. તેથી દેવયાનીના પુત્રો પુષ્ટિમાર્ગીય અને શર્મિષ્ઠાના મર્યાદામાર્ગીય થયા) બે પ્રકારના ભક્તિમાર્ગમાં રહેલાઓ હોય છે. મર્યાદામાં રહેનારા ત્રણ પ્રકારના (યયાતિના પુત્રો) થયેલા (શ્લો.૩૩). તેઓ પૈકી પુરૂને યયાતિએ પોતાનું ઉત્તમ સમૃદ્ધ રાજ્ય આપેલ ન હતું, છતાં તેણે પિતાનું (વયનો અદલો-બદલો કરવાનું) આગ્રહયુક્ત વચન માન્ય રાખ્યું, તેથી પુરૂ મોટો ભક્ત છે, છતાં પણ માતા સાથે સમ્બન્ધ કરવા તેણે પોતાનું વય પિતાને આપેલ હોવાથી તેને મધ્યમ જાણવો. (તેથી આ વયનો અદલો-બદલો કરવાનું કાર્ય સારું ન હતું) પરન્તુ યુક્તિથી યયાતિએ બ્રાહ્મણ (શુક્રાચાર્ય)ની ઘણી પ્રાર્થના કરી એવી ગોઠવણ કરેલી. [૧૬૨-૧૬૩।।]

ભક્ત (યુધિષ્ઠિર)ના સંગથી નહુષનો નક્કી મોક્ષ થયો (મહાભા.વનપર્વ અ.૧૭૮-૧૮૧). યયાતિએ પોતાની વાસના શાન્ત થાય, અને કામ પૂર્ણ થાય તે માટે બીજા (પોતાના પુત્ર પુરૂ)ની

જુવાની લઈ વિચાર કર્યા વિના ભોગ ભોગવ્યા, ભોગ સદા દોષરૂપ છે એમ જણાવવા, પત્નીનો કામ શાન્ત થાય અને પોતાને મોક્ષ પ્રાપ્ત કરવામાં રહેલી અડચણ દૂર થાય તે માટે, તેણે પત્નીને વૈરાગ્ય ઉત્પન્ન કરતાં અને વસ્તુના તત્ત્વનો બોધ કરતાં બકરાંની કથા કહી (અ.૧૯।૩-૧૨). તેમાં ''પૃથ્વીમાં જેટલા ચોખા જવ..'' (શ્લો.૧૩) વગેરે વચનો, તેણે પોતાનું દઢ વૈરાગ્ય સમ્બન્ધી જ્ઞાન હૃદયમાં સારી રીતે જાગ્રત કરતાં પોતાનાં પ્રયોજન માટે કહેલાં. પતિ (યયાતિ) એ પોતાની અડચણ દૂર કરવા માટે જ દેવયાનીને એ ઉપદેશ આપેલ હોવા છતાં પણ, તેનાથી તેની પણ મુક્તિ થઈ (શ્લો.૨૭-૨૯). અહીં જે ભક્તો કહેલા છે તેમની પણ મુક્તિ થઈ એમ જણાવવા યયાતિનું કાર્ય સારી રીતે સિદ્ધ થયું (તેને મુક્તિ પ્રાપ્ત થઈ) એમ કહેલું છે (શ્લો.૨૪-૨૫). પુરૂની મુક્તિ તો થઈ જ ગઈ, એમ તેનો વંશ શુદ્ધ હોવાનું કહ્યું તેથી જણાવાયું. વળી તેના વંશમાં સર્વદા વૈષ્ણવો અને બ્રાહ્મણો ઉત્પન્ન થતા(અ.૨૧।૧૬-૩૪) તેથી પણ તે મુક્ત થયાનું જણાય છે. [૧૬૩।।-૧૬૯।।]

**પેટાપ્રકરણ ત્રીજું-અધ્યાય ૨૦-૨૩:**

ચન્દ્રવંશમાં ભરત, રંતિદેવ અને યદુ એ ત્રણ ઉત્તમ ભક્તો થયા. તે પૈકી ભરતમાં સામર્થ્યની, રંતિદેવમાં ધૈર્યની અને યદુમાં ભક્તિની ઉત્તમ અવધિ પહેલાંથી જ રહેલી હતી. આ ચન્દ્રવંશના પ્રકરણમાં તેઓ પછી જે રાજાઓ કહેલા છે તે તેમની પહેલાં કહેલાની સમાન ગુણવાળા જ જાણવા. તેથી સર્વે રાજાઓનો (આ પ્રકરણમાં મુખ્ય જણાવેલ) નવ રાજાઓમાં જ સમાવેશ થાય છે. ભરતની કથા ૨૦।૧૭-૩૩ માં, રંતિદેવની ૨૧।૧૨-૧૮ માં અને યદુની ૨૩।૧૯-૨૦ માં કહેલી છે. અધ્યાય બાવીસમાં કૌરવો, પાડણ્વો, વગેરેની કથા કહેલી છે.[૧૬૯।।-૧૭૧।।]

ચોવીસમા અધ્યાયમાં બીજા કેટલાક રાજાઓની ઉત્પત્તિ કહી ભક્તિના અન્તે સાક્ષાત્ ભગવાન્ શ્રીકૃષ્ણ પ્રકટ થયાનું કહેલ છે (શ્લો.૫૫). ભગવાન્ શ્રીકૃષ્ણ; ભક્તિની પેઠે પોતાનાં સ્વરૂપના ઉત્કર્ષથી, સર્વને મુક્તિ પ્રાપ્ત કરાવવા શક્તિમાન છે. જુદા-જુદા રાજવી ભક્તોના દોષ દૂર થયા હતા એમ જણાવવા વૈદર્ભનું ઉપાખ્યાન (અ.૨૩।૩૫-૩૯, અ.૨૪।૧) અને બીજા સર્વ ઉપાખ્યાનો કહેલાં છે. ભગવાનનાં સ્વરૂપને તેમનાં ચરિત્રનો સમ્બન્ધ છે, પરન્તુ જ્યારે સ્વરૂપ વિરાજતું હોય ત્યારે તેમનાં ચરિત્રનાં શ્રવણ-કીર્તન વગેરે, સ્વરૂપ જેટલાં ઉપયોગી થતાં નથી એવો દઢ નિશ્ચય કરીને, બુદ્ધિમાન શુકે પરીક્ષિતને ચરિત્ર ચોવીસમા અધ્યાયમાં સંક્ષેપથી કહેલું છે (અ.૨૪।૬૬-૬૭). આગળ નિરોધમાં (દશમા સ્કન્ધમાં) તે ચરિત્ર વિસ્તારથી કહેશે. વાસ્તવિક રીતે બધી ભક્તિ પુષ્ટિ (ભક્તિ પ્રાપ્ત કરવા)માં જ ઉપયોગી છે, અને પુષ્ટિ (ભક્તિ)માં સ્વરૂપ ઉત્તમ અવધિ છે, તેથી ભક્તિના અન્તે ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરેલું છે (શ્લો.૬૫). પછી ભગવાનની ક્રિયાશક્તિ (શ્લો.૬૦-૬૪,૬૬) અને જ્ઞાનશક્તિ (શ્લો.૬૬) એ બેનું તથા લૌકિક અને વૈદિક કાર્ય (શ્લો.૬૭) એ બેનું પરીક્ષિતનું મન ભગવાનનાં ચોટે તે માટે સંક્ષેપથી ગાન કરેલું છે [૧૭૧।।-૧૭૭]

# સ્કન્ધ દશમો : નિરોધ

**ચતુર્વિંશતિધા ભિન્ના ભક્તિરુક્તાઽતિદુર્લભા ।।**
**સપ્તાશીતિરથાધ્યાયા નિરોધે દશમે મતાઃ ।૧।।**

ચોવીસ પ્રકારના ભેદવાળી અતિદુર્લભ ભક્તિ નવમા સ્કન્ધમાં કહી. હવે દશમા સ્કન્ધમાં નિરોધના વિષયમાં સત્તાશી અધ્યાયો વિચારેલ છે.

**નવત્યધ્યાયસન્દર્ભો જાતઃ કૃત્રિમભાવતઃ ।।**
**કેષાઞ્ચિદ્ અત્ર સન્દેહઃ સ્કન્ધાર્થે પ્રકટો મહાન્ ।।૨।।**

બનાવટી(પ્રક્ષિપ્ત-ઉમેરેલા) અધ્યાયોના વિચારથી નેવું અધ્યાયો આ સ્કન્ધમાં લખાયેલા છે. આ સ્કન્ધના અર્થમાં કેટલાકને મોટો સંદેહ સ્પષ્ટ થયેલ છે.

બારમો તેરમો અને ચૌદમો એ ત્રણ અધ્યાયો કોઈએ પાછળથી લખી શ્રીભાગવતમાં ઉમેરેલ છે. તે ત્રણ અધ્યાયને ગણીને નેવું અધ્યાય આ સ્કન્ધમાં હોવાનું કહે છે, પરન્તુ એ ત્રણ અધ્યાયો પ્રક્ષિપ્ત (પાછળથી કોઈએ ઉમેરેલા) હોવાથી આ સ્કન્ધના સત્તાશી જ અધ્યાય છે.

**તન્નિવૃત્ત્યર્થમ્ અધુના સર્વનિર્ણયપૂર્વકમ્ ।।**
**દશમાર્થઃ પ્રકરણાધ્યાયાર્થશ્ચ વિચાર્યતે ।।૩।।**

તે સંદેહ દૂર થાય તે માટે સર્વ વિષયોનો નિર્ણય કરીને દશમા સ્કન્ધના અર્થનો પ્રકરણોના અર્થનો અને અધ્યાયોના અર્થનો વિચાર કરવામાં આવે છે.

**નવલક્ષણલક્ષ્યો હિ કૃષ્ણસહં નિરૂપણાત્ ।।**
**આશ્રયઃ ક્રમભાવિત્વાત્ નિરોધો વેતિ સંશયઃ ।।૪।।**

શ્રીકૃષ્ણ નવ ખાસ ચિન્હોથી ઓળખાય તેવા છે. તેમનું દશમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું હોવાથી આ સ્કન્ધ આશ્રય જણાવનારો છે કે લીલાના અનુક્રમમાં નિરોધ આવતો હોવાથી નિરોધ જણાવનારો છે ? એવો સંશય છે.

સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુચરિત, નિરોધ અને મુક્તિ એ નવ ખાસ લીલાઓ કરનાર શ્રીકૃષ્ણ ઓળખાય. તેમનું દશમા સ્કન્ધમાં નિરૂપણ કરેલું હોવાથી, આ સ્કન્ધ નવે લીલાઓ જેમનામાં છે તે આશ્રય જણાવનારો છે, અથવા આ કહેતાં ૨।૧૦।૧ માં 'ઈશાનુચરિત' પછી 'નિરોધ' લીલા કહેલી હોવાથી તે અનુક્રમ પ્રમાણે આ સ્કન્ધ નિરોધ જણાવનારો છે ? એવો સંશય છે. શ્રીધર અને કૃષ્ણચૈતન્ય ના મત પ્રમાણે આ સ્કન્ધ 'આશ્રય'

જણાવનારો છે. જ્યારે આચાર્યશ્રીના મત પ્રમાણે તે 'નિરોધ' જણાવનારો છે.

**લીલાનિર્ધારકો હ્યર્થઃ ક્રમમાત્રં તુ દુર્બલમ્ ।।**
**યથાકથઞ્ચિત્ શ્રવણં સફલત્વાય કલ્પતે ।।૫।।**
**નિરોધઃ પ્રલયો લોકે પ્રસિદ્ધઃ પ્રકૃતે ન સઃ ।।**
**પ્રતીતો દ્વાદશે ચૈવ મહત્ત્વાત્ શુદ્ધલીલયા ।।૬।।**
**સહિતો હ્યાશ્રયઃ સ્કન્ધે પ્રતિપાદ્ય ઈતીતિ ચેત્ ।।**

લીલાનો નિર્ણય કરાવનાર સ્કન્ધનો અર્થ છે. માત્ર અનુક્રમ તો દુર્બલ છે. હરકોઈ પ્રકારે (હરકોઈ ક્રમથી) ભગવાનની લીલાનું શ્રવણ થાય તે ફલ આપવાની શક્તિવાળું છે. લોકમાં નિરોધ પ્રલય તરીકે પ્રસિદ્ધ છે. ચાલુ પ્રસંગ (દશમા સ્કન્ધ)માં તે (પ્રલય) નથી અને બારમા સ્કન્ધમાં તે જોવામાં આવે છે જ. તેથી દશમા સ્કન્ધમાં ઉત્તમપણાંને લીધે શ્રીકૃષ્ણની શુદ્ધ લીલા સાથે શ્રીકૃષ્ણનું નિરૂપણ કરેલું છે'' એમ કહેતા હો તો...

આ સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ છે એમ સિદ્ધ કરવા શ્રીધરે કરેલ તર્ક આ કારિકાઓમાં કહેલ છે. 'નિરોધ' એટલે પ્રલય. બારમા સ્કન્ધમાં પ્રલયો કહેલ છે. તેથી આ સ્કન્ધમાં આશ્રયનું અને બારમા સ્કન્ધમાં પ્રલયનું નિરૂપણ છે એવો શ્રીધરનો મત કહ્યો.

**ન હિ સાપેક્ષરૂપસ્ય પ્રથમં સુનિરૂપણમ્ ।।૭।।**
**નવલક્ષણસાપેક્ષો હ્યાશ્રયો રૂપ્યતે કથમ્ ।।**
**અગ્રે લીલાદ્વયકથા ફલસિદ્ધો વૃથા ભવેત્ ।।૮।।**

સિદ્ધાન્ત : બીજાના ઉપર જે આધાર રાખતું હોય તેવું પહેલાં સારી રીતે જણાવી ન શકાય. તેથી નવ લક્ષણો ઉપર આધાર રાખનાર આશ્રયનું આ સ્કન્ધમાં વર્ણન કેવી રીતે થાય ? વળી ફલ પ્રાપ્ત કરવાના સમ્બન્ધમાં ભવિષ્યમાં કહેવાની બે લીલાઓ નિરર્થક થાય.

સર્ગ વિસર્ગ વગેરે નવ લીલાઓ ઉપર 'આશ્રય' આધાર રાખનારો છે. તેથી તે નવ પૈકીની નિરોધ અને મુક્તિ લીલાઓ કહ્યા પહેલાં આશ્રયનું વર્ણન થઈ શકે નહિ. વળી દશમા સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ કરેલ હોય, તો તમારા(શ્રીધર) મત પ્રમાણે અગિયારમા તથા બારમા સ્કન્ધમાં મુક્તિ અને નિરોધ કહેવાનું પ્રયોજન રહેતું નથી, કારણ કે આશ્રય સિદ્ધ થયા પછી લીલાઓ જાણવાની જરૂર રહેતી નથી. તેથી તે કહેલી નકામી થાય.

**પૂર્વોત્તરસ્કન્ધયોશ્ચ નશ્યેત્ કારણ-કાર્યતા।।**
**અર્થસ્ત્વેકાદશેઽપ્યસ્તિ ક્રમશ્ચ સ્વીકૃતો ભવેત્ ।।૯।।**

પહેલાના અને પછીના સ્કન્ધોના કારણ અને કાર્ય ના ભાવનો નાશ થાય. અર્થ (શ્રીકૃષ્ણ) તો અગિયારમા સ્કન્ધમાં પણ છે. વળી ક્રમનો પણ સ્વીકાર થશે.

પહેલાંનો સ્કન્ધ પછીના સ્કન્ધનું કારણ અને પછીનો સ્કન્ધ તેની પહેલાના સ્કન્ધનું કાર્ય છે. દશમા સ્કન્ધમાં આશ્રય કહેલ હોય, તો તે યોજના પણ રહેતી નથી. આ સ્કન્ધમાં ભગવાનનું ચરિત્ર કહેલું હોવાથી અહીં આશ્રય કહેલ છે એમ પણ મનાય તેમ નથી, કારણ કે અગિયારમા સ્કન્ધમાં પણ શ્રીકૃષ્ણનું ચરિત્ર કહેલું છે જ. આ સ્કન્ધમાં નિરોધ કહેલ છે, એમ માનવાથી લીલાઓ બધી અનુક્રમે કહેલી થાય છે, એટલે લીલાઓના ક્રમનો પણ સ્વીકાર થાય છે.

**ચરિત્રં દશમે મુખ્યં રૂપં પૂર્વત્ર વર્ણિતમ્ ।।**
**નિરોધાર્થં તથા ભક્તિ-સિદ્ધ્યર્થં ચ હરિર્બભૌ ।।૧૦।।**

દશમા સ્કન્ધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. સ્વરૂપનું પહેલાં વર્ણન કરેલું છે. નિરોધ કરવા તેમજ ભક્તિ સર્વથી થઈ શકે તે માટે હરિ પ્રકટ થયેલા.

ભગવાન્ શ્રીકૃષ્ણનું પહેલા નવમા સ્કન્ધમાં પણ વર્ણન કરેલું છે (૯।૨૪।૫૫-૬૭). તેથી નવમા, દશમા અને અગિયારમા એ ત્રણ સ્કન્ધોમાં શ્રીકૃષ્ણ છે (તેથી શ્રીકૃષ્ણનું વર્ણન હોવાથી દશમા સ્કન્ધમાં આશ્રયનું નિરૂપણ છે એમ કહી ન શકાય). દશમા સ્કન્ધમાં ભગવાનનું ચરિત્ર મુખ્ય છે. સર્વ લોકનો નિરોધ કરવા અને તેમનાથી ભક્તિ થઈ શકે તે માટે ભગવાન્ શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય થયેલું.

**આશ્રયો યાદૃશો હ્યત્ર તદર્થં ન બભૂવ હ ।।**
**આશ્રયો યાદૃશો હ્યત્ર સ વાચ્યો દ્વાદશે સ્ફુટઃ ।।૧૧।।**

અહીં દશમા સ્કન્ધમાં જેવો આશ્રય તમે કહો છો તે માટે ભગવાન્ પ્રગટ થયા નથી. અહીં (શ્રીભાગવતમાં) જેવો આશ્રય કહેવા ઈચ્છેલ છે તે બારમા સ્કન્ધમાં સ્પષ્ટ કહેવાનો છે.

બારમા સ્કન્ધમાં પ્રલય જ સ્પષ્ટ કહેલ છે, આશ્રય કહેલો નથી — એમ ન માનવું. આ સ્કન્ધમાં તો નિરોધ થાય અને ભક્તિ થઈ શકે તે માટે ભગવાનનું ચરિત્ર કહેલું છે, આશ્રય કહેલો નથી. આશ્રય બારમા સ્કન્ધમાં સ્પષ્ટ કહેશે.

**ભૂભારસ્ય નિરોધો વા તત્કર્તુર્વા ન સન્મતઃ।।**
**આદ્યન્તયોરિહાભાવાત્ મુક્તાવપ્યનુવૃત્તિતઃ ।।૧૨।।**

ભૂમિના ભારનો અથવા તે ભાર કરનારનો નિરોધ(નાશ) આ સ્કન્ધમાં કહેલ હોવાનું સત્પુરુષો માનતા નથી, કારણ કે આ સ્કન્ધના આરંભમાં અને અન્તમાં તે કહેલ નથી, અને મુક્તિ અગીયારમા સ્કન્ધમાં પણ તે ચાલુ છે.

ભૂમિના ભારનો નિરોધ(નાશ) અને તે ભાર કરનાર દુષ્ટ રાજાઓનો નિરોધ આ સ્કન્ધમાં

કહેલ છે, એવો બોપદેવનો મત પણ સત્પુરુષોને ઈષ્ટ નથી, કારણ કે આ સ્કન્ધના આરંભમાં અને અન્તમાં ભૂમિના ભારનો અને ભાર કરનાર દુષ્ટ રાજાઓનો નાશ કર્યાનું કહેલ નથી. વળી અગીયારમા સ્કન્ધમાં પણ ભૂમિના ભારનો નાશ કહેલ છે. તેથી અહીં 'નિરોધ' શબ્દથી નાશ જણાવેલ નથી.

**લક્ષણસ્યાપ્રવેશશ્ચ લીલાધિક્યં તથા ભવેત્ ।।**
**તદર્થં જન્મકથનં પૃથાસ્તોત્રવિરોધિ હિ ।।૧૩।।**

વળી લક્ષણ બંધ બેસશે નહિ અને લીલા વધારાની થશે. તે માટે ભગવાનનો જન્મ થયાનું કહેવું એ પૃથાની સ્તુતિથી વિરુદ્ધ છે.

૨।૧૦।૬ માં ''શક્તિઓનાં શયન પછી આ આત્માનું શયન તે નિરોધ'' એવી નિરોધની વ્યાખ્યા કહેલી છે. જો દુષ્ટ રાજાઓના વધને નિરોધ માનવામાં આવે, તો એ વ્યાખ્યા(લક્ષણ) બંધ બેસશે નહિ અને દશ ઉપરાંત એ વધારાની લીલા થશે. વળી પૃથા ૧।૮।૨૦ માં શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં તેમનો જન્મ ભક્તિની વૃદ્ધિ કરવા થયાનું કહે છે. તમે દુષ્ટ રાજાઓને હણવા જન્મ થયાનું કહો છો તે; તે સ્તુતિથી પણ વિરુદ્ધ છે.

**પૂર્વોત્તરસ્કન્ધયોશ્ચ નશ્યેત્ કારણકાર્યતા ।।**
**નિરોધોઽસ્યાનુશયનં પ્રપંચે ક્રીડનં હરેઃ ।।૧૪।।**
**શક્તિભિર્ દુર્વિભાવ્યાભિઃ કૃષ્ણસ્યેતિ હિ લક્ષણમ્ ।।**
**નિરોધો યૌગિકશ્ચાત્ર રોધનાત્મા સતાં મતઃ ।।૧૫।।**

વળી પહેલાના અને પછીના સ્કન્ધોમાં કારણ અને કાર્યનો સમ્બન્ધ છે, તેનો પણ નાશ થાય. ''(શક્તિઓનાં શયન) પછી આ હરિનું શયન એટલે હરિ શ્રીકૃષ્ણની ચિન્તન ન કરી શકાય તેવી શક્તિઓથી પ્રપંચમાં ક્રીડા'' એવું નિરોધનું લક્ષણ કહેલું છે. તેથી સત્પુરુષોને પોતાની અંદર રોકી રાખવારૂપ નિરોધનો વ્યુત્પત્તિથી થતો અર્થ અહીં ઇચ્છેલો છે.

બીજા સ્કન્ધની શ્રીસુબોધિનીમાં એક પછી એક લીલાનું વર્ણન કરનાર સ્કન્ધોમાં કારણ અને કાર્યરૂપ સમ્બન્ધ હોવાનું દર્શાવેલ છે. નવમા સ્કન્ધમાં ઈશાનુચરિત અથવા ભક્તિ કહેલી છે, તેથી આ સ્કન્ધમાં ભગવાન પ્રપંચમાં ક્રીડા કરી ભક્તિના કાર્યરૂપ નિરોધ કરે છે, એટલે ભક્તોને પ્રપંચનું વિસ્મરણ કરાવી પોતામાં રોકી રાખે છે (આસક્તિ કરાવે છે) એવો નિરોધનો વ્યુત્પત્તિથી થતો અર્થ જ ઇચ્છેલો છે. નિરોધ એટલે રાજાઓનો વધ, એવો રુચિથી થયેલ અર્થ અહીં ઇચ્છેલો નથી, કારણ કે તેવો અર્થ લઈએ તો નિરોધની વ્યાખ્યા કહી છે તે ઘટતી નથી.

**ભક્તાઃ પૂર્વત્ર નિર્દિષ્ટાઃ તે રોદ્ધવ્યા વિમુક્તયે ।।**
**કૃષ્ણે નિરુદ્ધકરણાદ્ ભક્તા મુક્તા ભવન્તિ હિ ।।૧૬।।**

પહેલાં (નવમા સ્કન્ધમાં) ભક્તો કહ્યા તેઓને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે તેમનો નિરોધ કરવો જોઈએ, કારણ કે શ્રીકૃષ્ણમાં ઇન્દ્રિયોનો નિરોધ થયેલ હોવાથી ભક્તો મુક્તિ પ્રાપ્ત કરે છે.

નવમા સ્કન્ધમાં ભક્તિ, દશમામાં નિરોધ અને અગિયારમામાં મુક્તિ કહેલાં છે. તેથી ભક્તોને જ મુક્તિ આપવાની હોવાથી, તેઓ મુક્તિ પ્રાપ્ત કરે તે માટે તેમનો જ નિરોધ આ સ્કન્ધમાં કરવાનો છે એમ સિદ્ધ થાય છે. તેથી દુષ્ટ રાજાઓના વધને અહીં નિરોધ કહેલ નથી.

**ભક્તેશ્ચ શુદ્ધતાસિદ્ધ્યૈ પ્રપંચાદ્ વિનિવારણમ્ ।।**
**આસક્તિરાત્મનિ તથા નિરોધાર્થં ન સંશયઃ ।।૧૭।।**

અને શુદ્ધ ભક્તિ થઈ શકે તે માટે તેઓને પ્રપંચમાંથી હટાવી લીધા છે, અને નિરોધ થાય તે માટે પોતામાં તેમની આસક્તિ કરાવી છે તેમાં સંશય નથી.

ભગવાન્‌માં તેમની ઇન્દ્રિયો વગેરે રોકાઈ રહે તો જ તેમને મુક્તિ પ્રાપ્ત થાય છે, અને શુદ્ધ ભક્તિથી જ ઇન્દ્રિયો ભગવાન્‌માં રોકાઈ રહે. બીજાનો સંગ ન રહે તો શુદ્ધ ભક્તિ થઈ શકે, અને પ્રપંચ ભૂલે તો બીજાનો સંગ ન રહે. તેથી તેમને પ્રપંચમાંથી ભગવાન્ હટાવી લે છે અને પોતામાં તેમની ઇન્દ્રિયો વગેરે રોકાઈ રહે તે માટે જ પોતામાં જ તેમની આસક્તિ પણ કરાવે છે. આખાયે સ્કન્ધમાં આ જ જોવામાં આવે છે. તેથી દુષ્ટ રાજાઓને હણવા અથવા ભૂમિનો ભાર દૂર કરવો એ નિરોધ હોવાનું અહીં ઇચ્છેલ નથી.

**પ્રપંચવિસ્મૃતિસ્તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે ।।**
**'શય્યાસનાટનાલાપ'શ્લોકે ફલિતમીરિતમ્ ।।૧૮।।**

તેથી તેમના પ્રપંચના વિસ્મરણનું અને શ્રીકૃષ્ણમાં આસક્તિનું વર્ણન કરવામાં આવે છે. ૧૦।૮૭।૪૬ શ્લોકમાં પરિણામ કહેલું છે.

ભગવાનની પ્રપંચમાં ક્રીડા એ સાધન છે, તેનાથી પ્રપંચનું વિસ્મરણ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ થયાં. ''શ્રીકૃષ્ણમાં ચિત્તવાળા વૃષ્ણિઓને સૂતાં, બેસતાં, ફરતાં, વાતચીત કરતાં, રમતાં અને સ્નાન વગેરે કર્મો કરતાં પોતાના વિદ્યમાન દેહનું પણ ભાન રહેતું ન હતું'' (૧૦।૮૭।૪૬) એવું શ્લોકમાં આ સ્કન્ધના અન્તે તે પરિણામ કહેલું છે.

**રૂપાન્તરં તુ નટવત્સ્વીકૃત્ય ત્રિવિધાન્ નિજાન્ ।।**
**પ્રપંચાભાવકરણાદ્ ઉજ્જહારેતિ નિર્ણયઃ ।।૧૯।।**

નટની પેઠે બીજા સ્વરૂપને ધારણ કરીને ત્રણ પ્રકારના ગુણવાળા પોતાના સેવકોને પ્રપંચમાંથી હટાવીને તેમનો ભગવાને ઉદ્ધાર કર્યો, એવો નિર્ણય થાય છે.

ભક્તો તમસ્ રજસ્ અને સત્ત્વ એ ગુણોથી ઘેરાયેલા હોવાથી, તેમનો સ્વભાવ ફેરવતાં તેમને બહુ દુઃખ થાય અને પોતાને પણ શ્રમ થવાથી કલેશવાળું કર્મ થાય. તેથી તેમ ન થાય તે માટે

માયાથી ભગવાને નટની પેઠે બીજો મનુષ્યનો દેહ ધારણ કર્યો, અને તે દેહથી તેમને પ્રપંચનું વિસ્મરણ કરાવી, તેમાંથી તેમનો ઉદ્ધાર કર્યો, તેથી ભક્તોના પ્રપંચનો નાશ એ જ આ સ્કન્ધનો અર્થ છે એવો નિશ્ચય છે.

**સમુદાયો જન્મવાચી ક્રીડાયુક્તસ્ય વૈ હરેઃ ।।**
**પ્રપંચવિસ્મૃતિ–સક્તિર્ભક્તાનાં ચાપિ યોગતઃ ।।૨૦।।**

આખો સ્કન્ધ ક્રીડા કરનાર હરિના જન્મનું અને વળી નિરોધની વ્યુત્પત્તિ પ્રમાણે ભક્તોના પ્રપંચનું વિસ્મરણ અને ભગવાન્‌માં આસક્તિ જણાવનારો છે.

પહેલા પ્રકરણમાં ભગવાનની ક્રીડા કહેલી નથી. તેથી સ્કન્ધનો અર્થ નિરોધ હોય તો પણ પહેલા પ્રકરણને તે લાગુ નહિ પડે — એવી શંકા થાય, તો જાણવું કે તે પ્રકરણમાં પણ ભગવાનની અમુક પ્રકારની ક્રીડા અને તેમાં શક્તિએ કરેલ સાહાય્ય કહેલાં છે. તેથી આખું પ્રકરણ લેતાં તેનો પણ નિરોધમાં સમાવેશ થાય છે.

**પ્રક્રિયાપંચકં હ્યત્ર જન્માર્થં પ્રથમા મતા ।।**
**તામસાનાં તુ ભક્તાનામ્ ઉદ્ધૃત્યૈ તુ તતઃ પરા ।।૨૧।।**

અહીં પાંચ પ્રકરણો કહેલાં છે ૧. પહેલું ભગવાનનો જન્મ જણાવનારું મનાયેલું છે, અને ૨.ત્યાર પછીનું તો તામસ ભક્તોનો ઉદ્ધાર થાય તે માટે કહેલું છે.

**રાજસાનાં તૃતીયા તુ ચતુર્થીસાત્વિકી મતા ।।**
**અન્તર્યામ્યધિદૈવાદિન્યાયેનાત્રાપિ વૈ હરેઃ ।।૨૨।।**
**ભગસ્ય વ્યપદેશઃ સ્યાદ્ અતસ્તસ્ય નિવૃત્તયે ।।**
**ભગસ્ય સહજત્વાય પંચમી પ્રક્રિયા મતા ।।૨૩।।**

૩. ત્રીજું રાજસોનો અને ૪. ચોથું સાત્ત્વિકોનો ઉદ્ધાર થાય તે માટે વિચારાયેલ છે. ૫. ‘અહીં પણ અન્તર્યામી અથવા અધિદેવના ધોરણે હરિ (શ્રીકૃષ્ણ)માં ભગવાનના છ ગુણો હોવાનું કહેલ હશે’’ એવો (વિચાર આવે) તે દૂર કરવા તેમનામાં એ છ ગુણો કુદરતી છે એમ જણાવવા પાંચમું પ્રકરણ કહ્યાનો નિર્ણય થાય છે.

**ચતુર્ભિશ્ચ તથા તત્ત્વૈઃ તત્ત્વૈર્વિંશતિભિસ્તથા ।।**
**એકાધિકૈસ્તથા ષડ્ભિઃ અધ્યાયૈઃ ક્રમશો મતાઃ ।।૨૪।।**

[૧]ચાર અને [૨]તેવી રીતે અઠ્ઠાવીસ, [૩]અઠ્ઠાવીસ અને [૪]એકવીસ તેમજ [૫]છ અધ્યાયો આ પ્રકરણોના અનુક્રમે મનાયેલા છે. ।।૨૪।।

# ૧. જન્મપ્રકરણ અધ્યાય ૧ થી ૪

**ચતુર્મૂર્તિર્હરિર્જાતઃ તેનાધ્યાયચતુષ્ટયમ્ ।।**
**પ્રથમે વાસુદેવોઽભૂદ્ વસુદેવહૃદિ સ્થિતઃ ।।૨૫।।**
**મૃત્યુવારણસામર્થ્યમ્ અન્યથા ન ભવેત્ ક્વચિત્।।**

હરિ ચાર મૂર્તિવાળા પ્રકટ થયા, તેથી જન્મ પ્રકરણના ચાર અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં વસુદેવના હૃદયમાં રહેલા વાસુદેવ પ્રકટ થયા. તેમ ન હોય તો દેવકીના મૃત્યુને અટકાવવાની શક્તિ વસુદેવમાં કોઈ સંજોગોમાં ન હોય.

આ દોઢ કારિકાથી વાસુદેવ વ્યૂહનો અવતાર કહેલો છે. અહીં મૂલ સ્થાનમાંથી ભૂમિ ઉપર આવવું તેને અવતાર કહેલો છે. માત્ર પોતાનું અલૌકિક તેજ બીજામાં મૂકવું તેને અવતાર કહેલ નથી. વસુદેવ કંસથી થતું દેવકીનું મૃત્યુ અટકાવી શક્યા, તે તેમના હૃદયમાં પધારેલ વાસુદેવ વ્યૂહની શક્તિને લીધે જ.

**સંકર્ષણો દ્વિતીયે તુ સ્ફુટો દૈત્યવધાય હિ ।।૨૬।।**
**તથા તૃતીયે પ્રદ્યુમ્નઃ ચતુર્થો તુર્ય ઉચ્યતે ।।**
**ન નિબદ્ધો યતઃ કૈશ્ચિદ્ અતઃ સર્વે વિમોચિતાઃ ।।૨૭।।**
**ધર્મરક્ષાર્થહેતૂક્ત્યૈ ધર્મબાધશ્ચ વર્ણ્યતે ।।**

બીજા અધ્યાયમાં તો દૈત્યોનો વધ થાય તે માટે સંકર્ષણ અવતાર થયાનું સ્પષ્ટ છે. તેવી જ રીતે ત્રીજા અધ્યાયમાં પ્રદ્યુમ્ન અવતાર થયાનું સ્પષ્ટ છે. ચોથો અનિરુદ્ધ અવતાર ચોથા અધ્યાયમાં કહેલો છે. તે કોઈથી બંધાયેલા નથી, તેથી સર્વ છૂટા કરાયા. ધર્મનાં રક્ષણરૂપ પ્રયોજન પ્રાકટ્યનું કારણ હોવાનું કહેવા માટે ધર્મને થયેલ ભયનું વર્ણન કરેલું છે.

ચાર અધ્યાયમાં ચાર વ્યૂહ પ્રકટ થયાનું જણાવ્યું. દેવકીનું મૃત્યુ અટકાવવાનું કાર્ય ભગવાને જ કરેલ હોવાનું અ.૧।૫૬ ઉપરનાં શ્રીસુબોધિનીના આભાસમાં કહેલું છે. તેથી તે અટકાવનારાં વચન બોલનાર વસુદેવના હૃદયમાં તે સમયે વાસુદેવ પ્રકટ થયેલા. બીજા અધ્યાયના શ્લો.૮ માં સંકર્ષણ વ્યૂહનું પ્રાકટ્ય સ્પષ્ટ કહેલ છે. ત્રીજા અધ્યાયમાં શ્લો.૮ થી પ્રદ્યુમ્ન વ્યૂહનું પ્રાકટ્ય પણ તેવી જ રીતે સ્પષ્ટ જણાવેલું છે. ચોથા અધ્યાયમાં અનિરુદ્ધ વ્યૂહનું પ્રાકટ્ય થયાનું કહેલું છે, 'અનિરુદ્ધ' એટલે કોઈથી અટકાવેલા નહિ. કંસે દેવકી તથા વસુદેવ ને કારાગૃહમાં સાંકળોથી બાંધી પૂરેલ, તેમને છૂટા કર્યા અને સાંકળો કાઢી નખાવી (અ.૪।૧૪,૨૪). આ અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય હોવાથી આ અધ્યાયમાં અનિરુદ્ધ વ્યૂહનું પ્રાકટ્ય થયાનું કહેલું છે, ધર્મનું રક્ષણ કરવું એ પણ અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય છે. તે કહેવામાટે પ્રથમ ધર્મને ભય થયાનું કહેવું જોઈએ, તેથી આ ચોથા અધ્યાયમાં ધર્મને ભય થયાનું પણ કહેલું છે (શ્લો.૩૧-૪૫).

**વસુદેવાદ્ દેવકીતો મથુરાતશ્ચ ગોકુલાત્ ।।૨૮।।**
**પ્રાદુર્ભૂતશ્ચતુર્મૂર્તિઃ ભગવાન્ નાત્ર સંશયઃ ।।**

વસુદેવથી દેવકીથી મથુરાથી અને ગોકુળથી ચારે મૂર્તિવાળા ભગવાન્ પ્રકટ થયા. આ (વિષય)માં સન્દેહ નથી.

૧. જે વસુદેવના હૃદયમાં પહેલાં રહેલા તે ભગવાન. ૨. ''તે બેમાંથી એક કાળા કેશવાળા થયા'' એ વાક્ય પ્રમાણે દેવકીથી પ્રકટ થયા. ૩. ત્યાર પછી તે ગર્ભને યોગમાયા લઈ ગયા પછી વસુદેવે મનથી દેવકીમાં પધરાવેલ સર્વ તત્ત્વોમાં પ્રવેશ કરેલ ભગવાન્ પ્રદ્યુમ્ન મથુરામાં પ્રકટ થયા. અને ૪. કોઈએ રોકેલ નહિ તે અનિરુદ્ધ ગોકુલથી પ્રકટ થયા — એ પ્રમાણે ચાર મૂર્તિવાળા ભગવાનનું પ્રાકટ્ય થયું.

**રૂપાન્તરસ્વીકરણમ્ અધ્યાયત્રિતયેન હિ ।।૨૯।।**
**નટભાવઃ ચતુર્થેન ... ... ... ... ... ।।**

પહેલા ત્રણ અધ્યાયોથી ભગવાને બીજા સ્વરૂપનો સ્વીકાર કર્યાનું કહેલ છે અને ચોથા અધ્યાયથી નટની ક્રિયા ગ્રહણ કર્યાનું કહેલ છે.

ચોથા અધ્યાયના વ્યાખ્યાનમાં તેમાં નટની સ્થિતિ ગ્રહણ કર્યાનું કહેશે.

**અધ્યાય ૧–ભગવાનનાં પ્રાકટ્યનું કારણ :**

**... ... ... ... હેતુરાદ્યે નિરૂપિતઃ ।।**
**ત્રિવિધાનાં ત્રિધા દુઃખં હેતુર્જન્મનિ વૈ હરેઃ ।।૩૦।।**

ભગવાનનાં પ્રાકટ્યનું કારણ પહેલા અધ્યાયમાં કહેલું છે. ત્રણ પ્રકારના ભક્તોનું ત્રણ પ્રકારનું દુઃખ ખરેખર હરિના જન્મનું કારણ છે.

સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણ પ્રકારના ભક્તોનું દુઃખ ભગવાનનાં પ્રાકટ્યનું કારણ છે. તે પહેલા અધ્યાયમાં કહેલું છે.

**ભૂમિર્માતા તથા ચાન્યે દુઃખભાજો હરેઃ પ્રિયાઃ ।।**
**કંસાદેઃ કાલતોઽજ્ઞાનાત્ ત્રિધા દુઃખન્તુ તદ્ગતમ્ ।।૩૧।।**

ભૂમિ, માતા દેવકી, બીજા હરિના ભક્તો દુઃખ પામે છે. કંસ વગેરેથી કાલથી અને અજ્ઞાનથી એમ તેઓને થયેલ દુઃખ ત્રણ પ્રકારનું છે.

**કાલજં પ્રભુસમ્બન્ધાત્ કંસજં હેતુવારણાત્ ।।**
**વાક્યૈરજ્ઞાનસમ્ભૂતં શક્યં તત્ ત્રિતયં હરેઃ ।।૩૨।।**

ભૂમિને કાલથી થતું દુઃખ પ્રભુના સમ્બન્ધને લીધે, કંસથી થયેલું દુઃખ દેવકીના મૃત્યુના કારણને અટકાવવાથી, (નારદ વગેરેના) વચનોથી અજ્ઞાનને લીધે દુઃખ થયેલું છે. તે ત્રણ હરિથી જ અટકાવી શકાય તેવા દુઃખ છે.

દ્વાપરયુગ અને કલિયુગ ની સન્ધિરૂપ કાલ તે સમયે હતો તેનાથી ભૂમિને થયેલું દુઃખ ભગવાનના સમ્બન્ધથી દૂર થાય તેવું હોવાથી તે ભગવાનનાં પ્રાકટ્યનું કારણ છે, એમ શ્લો.૨૨ થી જણાય છે. શ્લો.૩૪માં આકાશવાણીએ ''દેવકીનો આઠમો ગર્ભ તને હણશે'' એમ કંસને તેનું મૃત્યુ કરાવનાર જણાવ્યા, અને પછી ૫૪ મા શ્લોકમાં દેવકીનું મૃત્યુ અટકાવવા દેવકીથી કંસને ભય નથી એમ વસુદેવે કહ્યું, તેથી દેવકીને થયેલ દુઃખ પ્રભુના જન્મનું કારણ છે. કંસની મૂર્ખાઈથી બીજા ભક્તોને દુઃખ થયેલ તે નારદ વગેરેએ કંસને કહેલ વચનોથી થયેલું. આ દુઃખ ભગવાન્‌થી જ દૂર થાય તેવાં હતાં, અને તે દૂર કરવા ભગવાનનું પ્રાકટ્ય થયું તેથી આ અધ્યાયમાં ભગવાનનાં પ્રાકટ્યનું કારણ કહેલ છે.

**પ્રશ્નેન સહિતાઃ પૂર્વં ચતસ્રઃ પ્રક્રિયા મતાઃ ।।**

આ અધ્યાયમાં પ્રશ્ન સાથે ચાર પ્રાથમિક વિષય કહેલા છે.

જેમ દુઃખ ભગવાનના અવતારનાં કારણરૂપ છે, તેમ રાજાનો પ્રશ્ન તે કથા કહેવાનાં કારણરૂપ છે. તેથી આ અધ્યાયમાં પ્રશ્ન અને ત્રણ પ્રકારનાં દુઃખ મળી ચાર પ્રાથમિક વિષય કહેલા છે.

**અધ્યાય ૨-પ્રાકટ્યમાટે ઉદ્યમ :**

**ઉદ્યમશ્ચ તથા પ્રોક્તઃ સામગ્રીબલ ઉચ્યતે ।।૩૩।।**
**માયાશક્તિઃ સ્વવિહારે રૂપં સ્વસ્ય તૃતીયકમ્ ।।**
**સમ્મતિઃ સર્વદેવાનાં ચતુર્થ્યપિ નિરૂપિતા ।।૩૪।।**

ઉદ્યમ પણ તેવો કહેલો છે. બલભદ્રને સામગ્રીરૂપ કહેલ છે. પોતાનાં વિહારમાં માયા શક્તિ સામગ્રી છે. પોતાનું સ્વરૂપ ત્રીજું વિહારમાં સાધનરૂપ છે, ચોથી (પ્રાકટ્યમાં) સર્વ દેવોની સમ્મતિ પણ કહેલી છે.

ઉદ્યમ પણ 'તેવો' એટલે ચાર પ્રકારનો કહેલો છે. ૧. બલભદ્રને સામગ્રીરૂપ કહેલ છે (શ્લો.૫-૧૫) ૨. ભગવાનના વિહારમાં માયા પણ સામગ્રી છે (શ્લો.૬-૧૪) ૩. શ્લો.૧૮માં જણાવેલ ભગવાનનું સ્વરૂપ પણ વિહારમાં સાધનરૂપ છે ૪. સર્વ દેવોની સમ્મતિ પણ દેવકીના ભયને દૂર કરનારી હોઈ સામગ્રીરૂપ છે.

**રૂપસામર્થ્યબોધાય કંસજ્ઞાનાદિરુચ્યતે ।।**

કંસનું જ્ઞાન વગેરે (ભગવાનનાં) સ્વરૂપની શક્તિ જણાવવા કહેલ છે.

૨૦-૨૩ સુધીના શ્લોકોમાં જણાવેલ કંસનું જ્ઞાન વગેરે તો ભગવાનનાં સ્વરૂપથી જ થયેલ હોઈ, સ્વરૂપનું અંગ હોવાથી, વધારાનો (પાંચમો) વિષય થતું નથી.

**અધ્યાય ૩-બીજા રૂપનો સ્વીકાર :**

**ચતુર્ધા સ્વીકૃતિશ્ચાપિ કાલે મૂલસ્વરૂપતઃ ।।૩૫।।**
**વસુદેવસ્ય સમ્મત્યા દ્વિતીયાઽપિ નિરૂપિતા ।।**
**દેવક્યાશ્ચ તૃતીયાઽપિ ચતુર્થીવાક્યનિર્ગમૈઃ ।।૩૬।।**

અને બીજા સ્વરૂપના સ્વીકારના પણ ચાર વિભાગ છે. ૧. કાલના વર્ણનમાં મૂલસ્વરૂપથી પ્રકટ થયાનું, વળી ૨. વસુદેવની સમ્મતિથી બીજો, ૩. દેવકીની સમ્મતિથી ત્રીજો પણ (બીજા સ્વરૂપનો સ્વીકાર) જણાવેલ છે. ૪. ચોથો બીજા સ્વરૂપનો સ્વીકાર ભગવાને કહેલાં વચનોથી જણાવેલો છે.

પહેલાનું સ્વરૂપ જાણતા હોઈએ, તો જ બીજા સ્વીકારેલાં સ્વરૂપનું ભાન થાય. ૧. તેથી મધરાતના કાલનું વર્ણન કરી મૂલ સ્વરૂપનું જ્ઞાન કરાવેલ છે (શ્લો.૧-૧૨). ૨. ભગવાન્ બીજું સ્વરૂપ ગ્રહણ કરે તેમાં વસુદેવની સમ્મતિ હોવાનું તેમણે કરેલી સ્તુતિથી જણાવેલ છે (શ્લો.૧૩-૨૨). ૩. તેમાં દેવકીની સમ્મતિ હોવાનું દેવકીએ કરેલી સ્તુતિથી જણાય છે (શ્લો.૨૩-૩૦). ૪. ભગવાન્ બીજું સ્વરૂપ ધારણ કરે છે તે તથા તેમનાં વચનો તથા ગોકુલ પધારવાનું; અધ્યાય પૂરો થતાં સુધી જણાવેલ છે. આ ઉપરથી એમ જણાય છે કે મૂલ સ્વરૂપે જ આ બીજું રૂપ ધારણ કરેલું છે.

**અધ્યાય ૪-નટની ચેષ્ટા :**

**ચતુર્ધા નટભાવોઽપિ દેવક્યા માયયા તથા ।।**
**પુનઃ કંસભયેનાપિ વસુદેવેન ચ સ્થિતિઃ ।।૩૭।।**

નટની ચેષ્ટાના પણ ચાર વિભાગ છે : ૧. દેવકીએ કરેલી ૨. માયાએ કરેલી, ૩. કંસના ભયથી વસુદેવે મથુરામાં કરેલી સ્થિતિ...

૧. દેવકી કન્યાને બચાવવા નટની ચેષ્ટા કરે છે (શ્લો.૪-૭), ૨. પછી માયા નટની ચેષ્ટા કરે છે (શ્લો.૮-૧૩), ૩. વસુદેવને કંસે છૂટા કર્યા છતાં તે મથુરા તજી બીજે સ્થળે જાય, તો કંસને શંકા થાય કે બાલકને તેમણે બીજે પધરાવ્યા હશે, અને તેથી અનિષ્ટ કરવાની પ્રવૃત્તિ કરે.

તેથી તેમ ન થાય તે માટે કંસના ભયથી તે છૂટા હોવા છતાં મથુરામાં જ રહ્યા એ તેમણે કરેલી નટની ચેષ્ટા છે(શ્લો.૧૪-૨૮).

**કર્મણો હેતુસિદ્ધ્યર્થં શેષોऽત્ર વિનિરૂપ્યતે ।।**
**અન્યથા નટલીલૈવ કંસાદ્ દુઃખં નિવારયેત્ ।।૩૮।।**

૪. કર્મનું પ્રયોજન સિદ્ધ થાય તે માટે બાકીનો અધ્યાય અહીં કહેલ છે. તેમ ન થાય, તો કંસથી થતું દુઃખ નટલીલા જ અટકાવે.

૪. જો કંસ બ્રહ્મહત્યા વગેરે ન કરે, તો વસુદેવ અને દેવકીનો અપરાધ કરેલ તે તો તેણે ક્ષમા કરાવેલ હોવાથી, કંસને હણવાનું કાંઈ કારણ રહે નહિ. તેથી ભગવાને તેની પાસે બ્રહ્મહત્યા વગેરે કરાવ્યાં એ ભગવાને કરેલી નટની ચેષ્ટા છે. એવી રીતે નટની ચેષ્ટાના પણ ચાર વિભાગ છે.

**તાવદેવાત્ર નાટ્યં હિ યાવલ્લીલાં ન બાધતે ।।**
**અતો નાટ્યસ્ય સંકોચો નાટ્યાધ્યાયે નિરૂપિતઃ।।૩૯।।**

જ્યાં સુધી લીલામાં વિઘ્ન ન થાય ત્યાં સુધી જ અહીં નાટ્ય કરેલું છે. તેથી (આ) નાટ્યના અધ્યાયમાં નાટ્ય સંકોચી લીધાનું જણાવેલ છે.

ભગવાને જુદા-જુદા પ્રકારની લીલાઓ કરવા અવતાર લીધેલ છે, નાટ્ય કરવા લીધેલ નથી. તેથી લીલામાં વિઘ્ન ન થાય ત્યાં સુધી જ નાટ્ય કરેલું છે. ભગવાન્ કંસ પાસે બ્રહ્મહત્યા વગેરે ન કરાવે, તો કંસથી થતું દુઃખ થઈ રહેવાથી આગળ લીલા થાય નહિ, તેથી લીલા થઈ શકે તે માટે નટની ચેષ્ટા કરી તેની પાસે બ્રહ્મહત્યા વગેરે કરાવ્યા. પછી નટની ચેષ્ટાની જરૂર ન રહેવાથી તે બંધ કરી. (આ અધ્યાયના છેલ્લા શ્લોકથી નટની ચેષ્ટાની આગળ જરૂર ન રહેવાનું સૂચવેલ જણાય છે).

**એવં ચતુર્ભિરધ્યાયૈર્ નટવત્ પ્રાકૃતોऽભવત્ ।।**

એ પ્રમાણે ચાર અધ્યાયોથી નટની પેઠે ભગવાન્ પ્રાકૃત બાલક થયા, એમ કહેલું છે.

## પ્રકરણ ૨-તામસ ભક્તોનો નિરોધ(અ.૫-૩૨)

**અતસ્તામસભક્તાનામ્ અષ્ટાવિંશતિભિઃ ક્રમાત્ ।।૪૦।।**
**માન-મેયૈઃ સાધનૈશ્ચ ફલૈશ્ચાપિ પૃથક્ પૃથક્ ।।**
**ભગવાન્ સપ્તધા લીલાં કુર્વન્ ઉદ્ધારકઃ પરઃ ।।૪૧।।**
**પુરુષોત્તમરૂપેણ યચ્ચકાર તદુચ્યતે ।।**

પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલ થી આમ સાત પ્રકારે જુદી-જુદી લીલા કરતાં

તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર ભગવાને પુરુષોત્તમ સ્વરૂપથી જે કર્યું, તે હવે અનુક્રમે અઠ્ઠાવીસ અધ્યાયોથી કહેવામાં આવે છે.

આ તામસ પ્રકરણના ચાર પેટાપ્રકરણો છે :

અ. તામસપ્રમાણ

આ. તામસપ્રમેય

ઇ. તામસસાધન અને

ઈ. તામસફલ.

તે દરેક સાત–સાત અધ્યાયોના છે. આ પ્રકરણમાં ભગવાને જે લીલા કરી તે વ્યૂહ સ્વરૂપથી કરેલી નથી, પરન્તુ પુરુષોત્તમ સ્વરૂપે જ કરેલી છે. નટની પેઠે પ્રાકૃત મનુષ્યના જેવો દેહ ધારણ કરી આ લીલા કરતાં તામસભક્તોનો ઉત્તમ ઉદ્ધાર કરનાર પુરુષોત્તમે પોતાના સ્વરૂપથી જે લીલા કરી તે આ તામસપ્રકરણમાં કહેલી છે.

[અ. તામસપ્રમાણ પ્રકરણ. અધ્યાય ૫-૧૧]

**તત્ર પ્રમાણભાવેન સપ્તાધ્યાયી નિરૂપ્યતે ।।૪૨।।**

તે પૈકી પ્રમાણના તાત્પર્યથી કરેલી સાત અધ્યાયોમાં કહેલી લીલાનું નિરૂપણ કરવામાં આવે છે.

**ભગવચ્ચરિતે યસ્માત્ પ્રમાણમ્ ઇહ મૃગ્યતે ।।**
**અજ્ઞાનમ્ અન્યથાજ્ઞાનં પ્રમાણં ભક્તિહેતુકમ્ ।।૪૩।।**

આ અધ્યાયોમાં કહેલ ભગવાનના ચરિત્ર સમ્બન્ધી પ્રમાણ જોવામાં આવે છે. અજ્ઞાન અને અન્યથાજ્ઞાન ભક્તિ ઉત્પન્ન કરાવનારાં હોવાથી પ્રમાણ છે.

આ અધ્યાયોમાં કહેલાં શ્રીકૃષ્ણનાં ચરિત્રો ભગવાનનાં જ ચરિત્રો છે, એ વિષયનાં પ્રમાણ અહીં જોવામાં આવે છે. ભગવાન્ વિશેનું અજ્ઞાન અને (આ ભગવાન્ નથી પરન્તુ બીજું કોઈ બાલક છે એવું) અન્યથાજ્ઞાન પણ જોવામાં આવે છે. છતાં તે અજ્ઞાન અને અન્યથાજ્ઞાન; ભક્તિ ઉત્પન્ન થાય તે માટે ભગવાને કરેલાં હોવાથી તે પણ પ્રમાણ છે.

**પુરુષાણામ્ અત્ર નિષ્ઠા સ્ત્રીણાં મેયે તતઃ પરે ।।**
**સાધનં સકલાનાં ચ ફલં સ્ત્રીષુ પ્રતિષ્ઠિતમ્ ।।૪૪।।**

અહીં પુરુષોની આસક્તિ કહેલી છે. ત્યાર પછીના પ્રમેય પ્રકરણમાં સ્ત્રીઓની આસક્તિ કહેલી છે. સાધન પ્રકરણમાં સર્વનું સાધન ભગવાન્ થાય છે અને ફલ સ્ત્રીઓને પ્રાપ્ત થયેલું છે.

આ પેટાપ્રકરણ (અ.૫-૧૧)માં પુરુષોની ભગવાન્‌માં આસક્તિ થયાનું કહેલ છે. ત્યાર પછીના તામસપ્રમેય પેટાપ્રકરણના (અ.૧૨-૧૮)માં સ્ત્રીઓની ભગવાન્‌માં આસક્તિ થયાનું કહેલ છે. સાધન પેટાપ્રકરણના (અ.૧૯-૨૫)માં ભગવાન્ સર્વ ભક્તોનું સાધન થાય છે, અને તામસફલ પેટાપ્રકરણ (અ.૨૬-૩૨)માં સ્ત્રીઓને ઉત્તમ ફલ પ્રાપ્ત થયાનું કહેલ છે, ફલ મુખ્યત્વે સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ છે.

**અન્યત્રાપિ ગતઃ કૃષ્ણ ઉત્સવાન્ કુરુતેઽખિલાન્ ।।**
**અત ઐશ્વર્યભાવોઽત્ર પ્રથમે વિનિરૂપતિઃ ।।૪૫।।**

શ્રીકૃષ્ણ બીજા સ્થળે પધારેલ હોવા છતાં સર્વ ઉત્સવો કરે છે. તેથી આ પહેલાં અધ્યાયમાં 'ઐશ્વર્ય' ગુણ કહેલો છે.

શ્રીકૃષ્ણ મથુરાથી ગોકુલ પધાર્યા, તો ત્યાં પણ મોટો ઉત્સવ થયો એ તેમનું ઐશ્વર્ય દર્શાવે છે. આ ઐશ્વર્ય દર્શાવનાર અધ્યાય કેમ કહેવાય છે તે આ પેટાપ્રકરણના પહેલા, મૂળથી પાંચમા અધ્યાયના ૧૯ મા શ્લોકની શ્રીસુબોધિનીના આભાસમાં જણાવેલ છે.

**પૂતનામારણં વીર્યં યશસ્તુ શકટાદિનુત્ ।।**
**શકટં તામસં પ્રોક્તં તૃણાવર્તસ્તુ રાજસઃ ।।૪૬।।**
**લાલનં પુત્રભાવેન સાત્ત્વિકં મોહનં તથા ।।**

પૂતનાનો વધ 'વીર્ય' દર્શાવે છે. શકટ વગેરેનો નાશ કર્યો તે તો 'યશ' દર્શાવે છે. શકટ તામસ કહેલું છે. તૃણાવર્ત તો રાજસ હતો. પુત્ર ઉપરના પ્રેમને લીધે લાલન અને મોહન કરવાં એ સાત્ત્વિક હતાં.

છઠ્ઠા અધ્યાયમાં ભગવાને પૂતનાને હણી, તે તેમનું વીર્ય દર્શાવે છે. આ પ્રસંગથી વીર્ય કેવી રીતે જણાય છે તે શ્લો.૧૧ તથા ૧૨ ઉપરનાં શ્રીસુબોધિનીમાં જણાવેલ છે. સાતમા અધ્યાયમાં ભગવાન્ શકટાસુર તથા તૃણાવર્તનો નાશ કરે છે અને યશોદાને આખું વિશ્વ પોતાનાં મુખમાં દેખાડે છે અને પછી મોહ ઉત્પન્ન કરે છે. આ પ્રસંગો ભગવાનનો યશ દર્શાવે છે. તે યશ કેવી રીતે દર્શાવે છે તે શ્રીસુબોધિનીમાં આ અધ્યાયના આરંભની પાંચમી કારિકામાં જણાવેલ છે. શકટ ઘણું વજનદાર હોવાથી તામસ હતું. તૃણાવર્ત ચપલ હોવાથી રાજસ હતો. યશોદાએ લાડ લડાવ્યા અને ભગવાનના મુખમાં વિશ્વ જોઈ વિસ્મય પામી અને ભગવાને તેને મોહ કરાવ્યો, આ સર્વ યશોદાને જ્ઞાન ઉત્પન્ન કરનારાં હોવાથી સાત્ત્વિક છે.

**શ્રીસ્તુ લીલા નામયુક્તા જ્ઞાનં બન્ધનબોધનમ્ ।।૪૭।।**
**યમલાર્જુનયોર્મુક્તિઃ વૈરાગ્યં ભગવાન્ પરઃ ।।**
**સપ્તાધ્યાયાસ્તુ યત્રૈવ તત્રૈવં બુધ્યતાં ક્રમઃ ।।૪૮।।**

નામના સમ્બન્ધવાળી લીલા તો 'શ્રી' છે. જે ભગવાનનું બન્ધન જણાવેલું છે તે 'જ્ઞાન' છે. બે જોડકાં અર્જુનોની મુક્તિ 'વૈરાગ્ય' દર્શાવે છે. છેલ્લા અધ્યાયમાં 'ભગવાન્'નું નિરૂપણ છે.

આઠમા અધ્યાયમાં 'શ્રી'નું નિરૂપણ કરેલું છે. ગર્ગાચાર્યે કરેલ નામકરણ સંસ્કાર અને ભગવાન્ ભાંખડીયા ચાલે ચાલવા લાગ્યા એ શ્રીનું નિરૂપણ કરે છે, કારણ કે તેથી સર્વ પુરુષોનાં દુઃખ દૂર થાય છે. નામકરણ લીલાથી સર્વના દુઃખ દૂર થતાં હોવાનું ગર્ગાચાર્ય આ પ્રસંગમાં કહે છે. ભગવાનના નામથી સર્વ પુરુષાર્થ કેવી રીતે ફલે છે તે શ્લો.૧૬ ઉપરના શ્રીસુબોધિનીમાં જણાવેલું છે.

નવમા અધ્યાયમાં 'જ્ઞાન'નું નિરૂપણ છે. યશોદા ઘરનાં બધાં દામડાંઓ ભેગાં કરીને પણ તેથી ભગવાનને બાંધી શકતાં નથી, પરન્તુ માતા ઉપરની કૃપાથી ભગવાન્ પોતાની મેળે બંધાય છે. તેથી ભગવાનનાં દયાળુપણાનું અને સ્વરૂપનું જ્ઞાન થાય છે. જ્ઞાનનું નિરૂપણ કેવી રીતે થાય છે તે આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની બીજી કારિકામાં જણાવેલ છે.

દશમા અધ્યાયમાં બે જોડકાં અર્જુન વૃક્ષોની મુક્તિ કહી ભગવાનના 'વૈરાગ્ય'નું નિરૂપણ કરેલું છે. આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની બીજી કારિકામાં વૈરાગ્યનું નિરૂપણ કેવી રીતે થાય છે તે દર્શાવેલ છે.

અગિયારમા અધ્યાયમાં ધર્મીભગવાનનું નિરૂપણ પણ કરેલું છે. છ ગુણવાળા ભગવાનનું નિરૂપણ આ અધ્યાયમાં કેવી રીતે થાય છે, તે આ અધ્યાયના આરંભની શ્રીસુબોધિનીની ત્રીજી તથા ચોથી કારિકાઓમાં દર્શાવેલ છે.

જે-જે પ્રકરણમાં સાત અધ્યાયો છે તે દરેકમાં આવો જ ક્રમ હોવાનું જાણવું, એટલે પહેલા છ અધ્યાયો ભગવાનના છ ગુણોનું અને સાતમો અધ્યાય ધર્મીભગવાનનું નિરૂપણ કરે છે એમ જાણવું.

**અમેયે મેયબુદ્ધિર્હિ પ્રમાણમ્ ઇતિ કેચન ।।**

કેટલાક એમ કહે છે કે જે જાણી શકાય તેવા નથી તેમને જાણી શકાય તેવા જાણવા તે પ્રમાણ.

જેમનું જ્ઞાન થઈ શકે તેમ નથી તેવા ભગવાન્ શ્રીકૃષ્ણ જાણી શકાય તેવા છે એવી બુદ્ધિ 'પ્રમાણ' હોવાનું કેટલાક માને છે. તેઓના મત પ્રમાણે ભગવાન્ શ્રીકૃષ્ણને અમે જાણીએ છીએ એવી ભક્તોની બુદ્ધિ આ પ્રકરણમાં થતી હોવાથી આ પ્રમાણ પ્રકરણ છે. આ મત આચાર્યશ્રીને ઈષ્ટ નથી.

**અષ્ટાવત્ર પ્રમાણાનિ દ્વયમ્ એકત્ર રૂપિતમ્ ।।૪૯।।**

અહીં આઠ પ્રમાણ જણાવેલ છે. એક અધ્યાયમાં બે જણાવેલ છે.

અહીં ખોટું ન થયેલ હોય તેવાં અથવા ખોટું થવા યોગ્ય ન હોય તેવાં જ્ઞાનને પ્રમાણ કહેલ છે. તેવું જ્ઞાન જેમને થાય તેઓ, જે વિષયનું તેવું જ્ઞાન થાય તે વિષય, તથા જે સાધનથી તેવું જ્ઞાન થાય તે સર્વ 'પ્રમાણ' કહેવાય છે, એમ ૨।૮।૨૫ ઉપરના શ્રીસુબોધિનીમાં દર્શાવેલ છે. તેથી અહીં 'પ્રમાણ' શબ્દથી જ્ઞાન કહેલ છે એમ જણાય છે. સાતમા અધ્યાયમાં બાલકો અને સ્ત્રીઓ એમ બે આવું જ્ઞાન પ્રાપ્ત કરનારા કહેલ હોવાથી (અને બીજા બધા અધ્યાયોમાં એક-એક તેવા કહેલા હોવાથી) આઠ પ્રમાણ (જ્ઞાન પ્રાપ્ત કરનારા) આ પેટાપ્રકરણમાં છે.

**પ્રથમો વસુદેવો હિ દ્વિતીયો નન્દ ઉચ્યતે ।।**
**બાલાસ્ત્રિયસ્તૃતીયા હિ ચતુર્થો ગર્ગ ઉચ્ચતે ।।૫૦।।**
**યશોદા પંચમી પ્રોક્તા ષષ્ઠરૂપાવિહાર્જુનૌ ।।**
**ઉપનન્દસ્તુ નિર્દિષ્ટઃ સપ્તમો ધર્મિબોધકઃ ।।૫૧।।**

પહેલા વસુદેવને પ્રમાણ કહેલા છે, બીજા નન્દને, ત્રીજા બાલકો અને સ્ત્રીઓ ને, ચોથો ગર્ગને, પાંચમી યશોદા, છઠ્ઠા (પ્રમાણના) સ્વરૂપ બે અર્જુન વૃક્ષો અને ધર્મીનું જ્ઞાન કરાવનાર સાતમા તો ઉપનન્દ જણાવેલ છે.

- પાંચમા અધ્યાયમાં વસુદેવ આવું જ્ઞાન પ્રાપ્ત કરનાર કહેલા છે, કારણ કે નન્દના ઉત્તરથી તેમણે જાણ્યું કે પોતે (વસુદેવ) ગોકુલ જઈ આવેલ તે નન્દને ખબર નથી. અને પોતાના પુત્ર શ્રીકૃષ્ણને નન્દ તેમના પોતાના પુત્ર જાણે છે (શ્લો.૨૭-૩૦).
- છઠ્ઠા અધ્યાયમાં નન્દ તેવા છે, કારણ કે તે ભગવાનને પોતાના પુત્ર જાણે છે (શ્લો.૪૩).
- સાતમા અધ્યાયમાં શકટના ભંગના સમ્બન્ધમાં બાલકો આવા છે, કારણ કે શ્રીકૃષ્ણે ગાડું તોડી નાખ્યું એવું તેમને જ્ઞાન થાય છે (શ્લો.૯). તૃણાવર્તના સમ્બન્ધમાં સ્ત્રીઓને તેવું જ્ઞાન થાય છે (શ્લોક ૨૯). જ્યારે બીજાઓ તો તૃણાવર્તનો નાશ થયાનું કારણ ન જાણવાથી તે શોધ્યા કરે છે.
- આઠમા અધ્યાયમાં ગર્ગ તેવા છે, કારણ કે નન્દને ભગવાન્ સમ્બન્ધી અજ્ઞાન અને ખોટું

જ્ઞાન હતું તે તેણે જાણ્યું (શ્લો.૧૩-૨૦).

- નવમા અધ્યાયમાં યશોદાને તેવાં કહેલાં છે, કારણ કે તેમણે પણ શ્રીકૃષ્ણને પોતાના પુત્ર જ જાણ્યા (અ.૮।૪૨-૪૩. અ.૯।૧૭,૧૮).
- દશમા અધ્યાયમાં જોડકાં અર્જુન વૃક્ષો તેવાં કહેલાં છે, કારણ કે ખાંડણીયા સાથે બાંધેલા શ્રીકૃષ્ણની જવામાટે રજા લેતાં તેમણે તેમને નન્દના પુત્ર જ જાણેલ (શ્લો.૨૯-૩૮).
- અગિયારમા અધ્યાયમાં ઉપનન્દને તેવો કહેલ છે, કારણ કે તેણે શ્રીકૃષ્ણને લૌકિક બાલક જ જાણ્યા (શ્લો.૧૫).

ભગવાન્ પ્રાકૃત બાલક થઈ લીલા કરે છે, તેવા પ્રાકૃત બાલક તેમને જાણવા એ કદાપિ ખોટું ન થાય તેવું જ્ઞાન હોવાનું અહીં કહેલ જણાય છે, અને તેવું જ્ઞાન પ્રાપ્ત કરનારાઓને પણ અહીં 'પ્રમાણ' કહેલા હોવાનું જણાય છે. ભગવાન્ સમ્બન્ધી આવાં અજ્ઞાન અને અન્યથાજ્ઞાન પણ ભક્તિ કરાવનારાં હોવાથી પ્રમાણ છે એમ ઉપર કારિ.૪૩ માં કહેલ છે.

**અધ્યાય ૫ :**

**દેશદોષભ્રમં કૃષ્ણો વારયામાસ ચિત્રધા ।।**
**આદ્યેન ભગવન્માર્ગે બાધકાનિ બહૂનિ હિ ।।૫૨।।**

પહેલા અધ્યાયથી દેશમાં દોષ હોવાની ભ્રાન્તિ શ્રીકૃષ્ણે સ્પષ્ટ રીતે દૂર કરેલી છે, કારણ કે ભગવાનના માર્ગમાં ઘણાં વિઘ્નો થાય છે.

આ પેટાપ્રકરણના પહેલા, એટલે પાંચમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ પધારતાં નન્દે મોટો ઉત્સવ કર્યો તે કહેલ છે. નેસડામાં રહેનારા અજ્ઞાની અને આચાર વિનાના હોય છે, છતાં શ્રીકૃષ્ણ પધારતાં તેઓએ મોટો ઉત્સવ કર્યો. તેથી નેસડામાં દેશના દોષ હશે એવી ભ્રાન્તિ આ ઉત્સવથી દૂર કરેલી છે. આ ઉત્સવ કરાવી શ્રીકૃષ્ણે એમ જણાવેલ છે કે નેસડામાં વસતા લોકોમાં; પોતાને ત્યાં વસવાથી દેશના દોષ રહ્યા ન હતા. ભગવાનના માર્ગમાં વિઘ્નો ઘણાં થાય છે, તેથી.

**અધ્યાય ૬-૭ :**

**દ્વિતીયે તદભાવો હિ કૃષ્ણેનૈવ ભવેદિતિ ।।**
**સાધકઃ સકલાર્થાનાં તૃતીયે વિનિરૂપિતઃ ।।૫૩।।**

બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણથી જ તેમનો નાશ થવાનું કહેલ છે. ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ જ સર્વ અર્થ પ્રાપ્ત કરાવનાર હોવાનું કહેલ છે.

**અધ્યાય ૮-૧૦ :**

**ભક્તિપ્રદશ્ચતુર્થે હિ ભક્તિવશ્યસ્તતઃ પરઃ ।।**
**સર્વોદ્ધારપ્રયત્નસ્તુ સર્વેષાં સર્વદોષનુત્ ।।૫૪।।**

ચોથા અધ્યાયમાં શ્રીકૃષ્ણ ભક્તિ આપનાર હોવાનું અને ત્યાર પછીનામાં સર્વને વશ રાખનાર

ભક્તિથી વશ થાય તેવા હોવાનું. ત્યાર પછીનામાં સર્વનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરનારા સર્વના સર્વ દોષ દૂર કરનારા હોવાનું કહેલ છે.

પ્રકરણના ચોથા એટલે આઠમા અધ્યાયમાં ભગવાનના નામનું માહાત્મ્ય જણાવેલું છે અને તેમની બાલલીલાઓ વર્ણવેલી છે. આ લીલા ભગવાન્‌માં ભક્તિ ઉત્પન્ન કરનારી છે.

નવમા અધ્યાયમાં યશોદાજી શ્રીકૃષ્ણને દામડાંથી બાંધવા પ્રયાસ કરે છે. ઘરના સર્વ દામડાં સાંધવા છતાં તે બંધાતા નથી, પરન્તુ પાછળથી કૃપા કરી પોતાની મેળે બંધાય છે. તેથી એમ જણાવેલ છે કે ભગવાન્ ભક્તિથી વશ થાય તેવા છે.

દશમા અધ્યાયમાં ધનથી મદાન્ધ થયેલા નલ-કૂબર અને મણિગ્રીવ ને શ્રીકૃષ્ણ; નારદ પાસે શાપ અપાવે છે અને તેથી તેમનો ઉદ્ધાર કરે છે. તેથી એમ જણાવેલ છે કે શ્રીકૃષ્ણ સર્વનો ઉદ્ધાર કરનારા છે અને સર્વના બધા દોષો દૂર કરાવે છે.

**અધ્યાય ૧૧ :**

**તતોઽપિ પરમાનન્દદાયી સપ્તમ ઈર્યતે ।।**
**પ્રપંચવિસ્મૃતિઃ સર્વા તદાસક્તિઃ સ્ફુટૈવ હિ ।।૫૫।।**
**પ્રમાણબલમાસાદ્ય સર્વેષાં ગોકુલે હ્યભૂત્ ।।**

પછી પણ સાતમા અધ્યાયમાં શ્રીકૃષ્ણને પરમાનન્દ આપનાર કહેલા છે કારણ કે પ્રમાણબલ પ્રાપ્ત કરીને ગોકુલમાં સર્વને પ્રપંચનું સમ્પૂર્ણ વિસ્મરણ અને તેમનામાં આસક્તિ થયેલા સ્પષ્ટ જ જણાય છે.

આ પ્રકરણના સાતમા એટલે અગિયારમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ સર્વને પરમાનન્દ આપનાર હોવાનું કહેલ છે (શ્લો.૭-૯, ૨૬ અને ૪૮). આ પેટાપ્રકરણમાં એ સ્પષ્ટ દર્શાવેલ છે કે ગોકુલમાં સર્વ ભક્તોને પ્રપંચનું સમ્પૂર્ણ વિસ્મરણ થયું અને શ્રીકૃષ્ણમાં તેઓની આસક્તિ થઈ. આ પેટાપ્રકરણમાં દરેક અધ્યાયમાં ઘણે ભાગે પુરુષોએ કરેલી ક્રિયા જ જણાવી છે, તેથી આ પેટાપ્રકરણથી તેઓની ભગવાન્‌માં નિષ્ઠા થયાનું કહેલ છે.

[આ. તામસપ્રમેય પ્રકરણ. અધ્યાય ૧૨-૧૮]

**પ્રમેયે બાલરૂપેઽપિ પ્રમાણાદ્ અખિલં સ્થિતમ્ ।।૫૬।।**
**ઉત્સવેન ભયેનાપિ કૌતુકેન વિશેષતઃ ।।**
**ગર્ગવાક્યૈર્મુગ્ધભાવૈઃ અત્યાશ્ચર્યનિરૂપણૈઃ ।।૫૭।।**
**યમલાર્જુનભંગેન બકઘાતાદિભિસ્તથા ।।**
**સર્વવ્યસનનિર્મુક્ત્યા કૃષ્ણાસક્તમ્ અભૂન્મનઃ ।।૫૮।।**
**અતઃ પ્રમેયસમ્પત્ત્યા કૃષ્ણાસક્તિર્હિ વર્ણ્યતે ।।**

જેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું છે તેવા બાલસ્વરૂપ શ્રીકૃષ્ણમાં પણ અજ્ઞાન સાથેનાં ખોટાં જ્ઞાનરૂપ પ્રમાણ પ્રાપ્ત કરીને જુદી-જુદી લીલાઓનું સર્વ કર્તાપણું હોવાનો નિર્ણય કર્યો. તેથી ૧. ઉત્સવથી અને વળી ૨. ભયથી, ૩. ખાસ કરીને કૌતુકથી, ૪. ગર્ગનાં વચનોથી (અને) ભોળપણાંથી, ૫. ઘણું આશ્ચર્ય દર્શાવવાથી, ૬. યમલાર્જુનના ભંગથી અને ૭. બકનો વધ વગેરેથી સર્વનાં દુઃખો દૂર કરવાથી, સર્વનું મન શ્રીકૃષ્ણમાં ચોટ્યું. હવે પ્રમેયની સમ્પૂર્ણતાથી તેઓની શ્રીકૃષ્ણમાં આસક્તિ થયાનું વર્ણન કરવામાં આવે છે.

પાંચમાથી અગિયારમા સુધીના સાત અધ્યાયોમાં અનુક્રમે જણાવેલા ઉત્સવ વગેરે સાથે ભગવાને જે લીલાઓ કરી તેને કારણે વ્રજજનોનું મન ભગવાન્‌માં ચોંટ્યું. એ સર્વ પ્રમાણનું કાર્ય તામસ પ્રમાણ પ્રકરણમાં કહ્યું. હવે આ તામસ પ્રમેય પ્રકરણમાં પ્રમેયની સમ્પૂર્ણતાથી ભગવાને પોતાની પૌગણ્ડ અવસ્થામાં કરેલી તેઓની આસક્તિનું વર્ણન કરવામાં આવે છે.

**સર્વતસ્ત્વધિકઃ સ્નેહઃ પૂર્વત્ર વિનિરૂપિતઃ ।।૫૯।।**
**આસક્તિસ્તુ દ્વિતીયે હિ તૃતીયે વ્યસનં મતમ્ ।।**
**ફલપ્રાપ્તિશ્ચતુર્થે હિ સિદ્ધો રોધશ્ચતુર્વિધઃ ।।૬૦।।**

૧. ભગવાન્‌માં સર્વથી અધિક સ્નેહ થયાનું પહેલામાં કહ્યું. ૨. બીજામાં તો તેમનામાં આસક્તિ અને ૩. ત્રીજામાં વ્યસન થયાનું નક્કી કરેલ છે. ૪. ચોથામાં ફલની પ્રાપ્તિ કહેલી છે. એ રીતે ચાર પ્રકારનો નિરોધ તેઓને પ્રાપ્ત થયો.

તામસપ્રમાણ તામસપ્રમેય તામસસાધન અને તામસફલ એ ચારે પેટાપ્રકરણોનું તાત્પર્ય આ દોઢ કારિકામાં કહેલું છે. ફલપ્રાપ્તિ સુધીની અવસ્થા જણાવવા આ ચાર પેટાપ્રકરણો કહેલાં છે.

**આસક્તિઃ સપ્તધા ત્વત્ર રૂપસૌન્દર્યભાવતઃ ।।**
**ક્રિયયાऽભીષ્ટદાનેન સ્ત્રીગોબાલા વશીકૃતાઃ ।।૬૧।।**

આ પેટાપ્રકરણમાં તો સાત પ્રકારે આસક્તિ થયાનું કહેલ છે. ૧. રૂપનાં સુન્દરપણાના પ્રકારથી ૨. ક્રિયાથી ૩. ઇચ્છેલા પદાર્થના દાનથી; સ્ત્રીઓ ગાયો અને બાલકો ને શ્રીકૃષ્ણે વશ કરેલા છે.

રૂપનાં સુન્દરપણાનો પ્રકાર અ.૧૨।૪૨-૪૩ માં જણાવેલ છે. તેથી ભગવાને સ્ત્રીઓને વશ કરી. તેમણે ગાયોને ક્રિયાથી વશ કરી. ભગવાને ધેનુકને હણી તેના વનમાં ઉગેલ ઘાસ ગાયો નિર્ભયતાથી ચરે તેવું કર્યું (શ્લો.૪૦), તે [1]ક્રિયાથી ગાયોને વશ કરી, અને ઇચ્છેલા પદાર્થના દાનથી બાલકોને વશ કર્યા. બાલકો સાથેની રમતો (શ્લો.૯-૧૯) તથા તેમણે વિષપાન કર્યા પછી તેમના પ્રાણ લાવી તેમને સજીવન કરવા (શ્લો.૫૦) એ [2]ઇચ્છેલા પદાર્થો હોવાનું જણાય છે.

૧. કાલિયનું દમન કર્યું તે ક્રિયાથી ગાયોને વશ કરી — યોજના. આ કારિકામાં બારમા અધ્યાયની જ કથા કહેલી જણાય છે, કારણ કે પછીની ૬૨ મી કારિકામાં તેરમા અને ચૌદમા અધ્યાયની કથા કહેલી છે. તેથી યોજનાનો મત બરાબર જણાતો નથી.

૨. અ.૧૪।૧૩-૧૮ માં કહેલા ઈચ્છેલા પદાર્થો(યોજના) ઉપરની નોટ(૧) આને લાગુ પડે છે. વળી આ શ્લોકોમાં ભગવાને કોઈ પદાર્થનું બાલકોને દાન કર્યાનું કહેલ પણ નથી.

**ક્ષણં ચાડદર્શને તસ્ય મૃતિઃ પર્વ દ્વિતીયકમ્ ।।**
**માહાત્મ્યજ્ઞાનસિદ્ધ્યર્થં મરણાન્ મોચનં તતઃ ।।૬૨।।**

એક ક્ષણ ભગવાનનાં દર્શન ન થતાં મૃત્યુ થવું એ આસક્તિનો બીજો વિભાગ છે. ત્યાર પછી ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન થાય તે માટે તેઓને મરણમાંથી છોડાવેલા છે.

એક ક્ષણ પણ ભગવાનના દર્શન વિના રહી ન શકાય એ આસક્તિનો બીજો વિભાગ છે. આ અ.૧૩।૧૦-૨૨ સુધીમાં જણાવેલ છે. ત્યાર પછી ભગવાનના માહાત્મ્યનું વ્રજજનોને જ્ઞાન થાય તે માટે ભગવાને તેઓને મરણમાંથી છોડાવેલા, એટલે સજીવન કરેલા છે. આ અ.૧૪।૨૧-૨૫ સુધીમાં જણાવેલ છે, કારણ કે માહાત્મ્યનું જ્ઞાન તેઓને ન થાય તો તેમની ભગવાન્‌માં આસક્તિ હતી તે ભક્તિ ન થાય. તેથી તેઓની આસક્તિ ભક્તિરૂપ થાય તે માટે મરેલાને તેમને સજીવન કરી, ભગવાને તેઓને પોતાનાં માહાત્મ્યનું જ્ઞાન કરાવેલું છે.

**એવં ત્રિભિર્દઢાસક્તિઃ અધ્યાયૈર્વિનિરૂપિતા ।।**
**સાધારણ્યેન સર્વેષામ્ ... ... ... ...**

એવી રીતે ત્રણ (અધ્યાયો) થી બધાની સાધારણ રીતે દઢ આસક્તિ ભગવાન્‌માં જણાવી.

**... ... ... ...વિશેષણ વિભાગશઃ ।।૬૩।।**
**બાલાનાં ચ ગવાં ચૈવ સર્વેષામેવ ગોકુલે ।।**
**ભોગ્યસ્ત્રીનાં ક્રમેણૈવ દઢાસક્તિઃ નિરૂપિતા ।।૬૪।।**

૪. બાલકોની ૫. ગાયોની ૬. ગોકુલમાં રહેનાર સર્વની અને ૭. ભોગ કરવા યોગ્ય સ્ત્રીઓની; દઢ આસક્તિ ખાસ કરીને જુદી-જુદી કહેલી છે.

પંદરમા અધ્યાયમાં બાલકોની દઢ આસક્તિ વર્ણવેલી છે (શ્લો.૯-૧૬), સોળમા અધ્યાયમાં ગાયોની (શ્લો.૬-૧૩), સત્તરમા અધ્યાયમાં સર્વ ગોકુલવાસીઓની અને અઢારમા અધ્યાયમાં ગોપીઓની આસક્તિ જુદી-જુદી કહેલી છે. પંદરમાથી અઢારમા સુધીના ચાર અધ્યાયોમાં આ ચારની ભગવાન્‌માં આસક્તિ જુદી-જુદી વર્ણવેલી છે. એ પ્રમાણે સાત અધ્યાયોમાં સાત પ્રકારની આસક્તિ વર્ણવી.

**રૂપસ્યાનુભવઃ સ્ત્રીષુ તેનાદૌ ગોપિકામનઃ ।।**
**વચનં ચાન્તિમે પ્રોક્તં કાયિકસ્તુ તતઃ પરમ્ ।।૬૫।।**

સ્ત્રીઓને રૂપનો અનુભવ થાય છે. તેથી આરંભમાં ગોપીઓના મનની સ્થિતિ કહી અને છેવટના અધ્યાયમાં તેઓનું વચન કહ્યું. દેહનો વ્યાપાર તો ત્યાર પછી કહેશે.

રૂપનું સૌન્દર્ય તો સર્વના જોવામાં આવે છે, છતાં સ્ત્રીઓ જ તેનો અનુભવ કરે છે એમ શાથી જણાય ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આરંભમાં એટલે આ પેટાપ્રકરણના પહેલા બારમા અધ્યાયના શ્લો.૪૨-૪૩માં ભગવાનનાં સ્વરૂપનાં દર્શન થતાં સ્ત્રીઓનાં મનની કેવી સ્થિતિ થઈ તે જણાવેલ છે, અને છેલ્લા અઢારમા અધ્યાયમાં વેણુગીતમાં તે રૂપ સમ્બન્ધમાં તેમનાં વચન કહેલ છે. તેઓની કાયાનો વ્યાપાર તો ત્યાર પછી તામસ સાધન પ્રકરણમાં કહેશે.

**બલભદ્રસ્ય બોધાય ભગવદ્વચનાનિ હિ ।।**
**સ્વધર્માઃ સકલા એવ બલભદ્રે નિરૂપિતાઃ ।।૬૬।।**

બલભદ્રમાં ભગવાનનો આવેશ હોવાનું જણાવવા ભગવાનનાં વચનો કહેલાં છે. ભગવાને પોતાના બધાએ ગુણો બલભદ્રમાં દર્શાવેલા છે.

બારમા અધ્યાયમાં બલભદ્રના ભગવાન્ હોવાનું શ્રીકૃષ્ણ કહે છે અને પછી બલભદ્ર ધેનુકને હણે છે. તે કથા અહીં શા માટે કહી છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે શ્રીકૃષ્ણનો બલભદ્રમાં આવેશ થયો છે અને તેથી બલભદ્રે ધેનુકને હણવારૂપ જે ચરિત્ર કર્યું તે પણ શ્રીકૃષ્ણનું જ ચરિત્ર છે એમ જણાવવા તે કથા કહેલી છે.

**લોકાનાં ચ પ્રતીત્યર્થં તેન ધેનુકમારણમ્ ।।**
**આસક્તેસ્તુ પરીક્ષા હિ કાલીયદમને મતા ।।૬૭।।**
**સ્નેહમાત્રાન્ન ચૈતાવત્ કિન્તુ જીવનદાનતઃ ।।**
**યુક્તાસક્તિરિતિ પ્રોક્તં દાવાગ્નેર્મોચનં મહત્ ।।૬૮।।**

અને લોકને નિશ્ચય થાય તે માટે તેમની પાસે ધેનુકનો વધ કરાવ્યો. આસક્તિની સ્નેહના વિભાગ પૂરતી પરીક્ષા તો કાલિયના દમન પ્રસંગે કરેલ હોવાનો નિર્ણય છે. માત્ર એટલું જ કર્યું નથી, પરન્તુ જીવનનું દાન કરવાથી આસક્તિ સદા ચાલુ રહે તે માટે દાવાગ્નિમાંથી છોડાવવાનું પ્રભાવવાળું કાર્ય કર્યાનું કહેલું છે.

લોકને બલભદ્રમાં શ્રીકૃષ્ણનો આવેશ થયાનો નિશ્ચય થાય તે માટે શ્રીકૃષ્ણે બલભદ્ર પાસે ધેનુકનો વધ કરાવ્યો (અ.૧૨।૨૮-૩૫). અને તેઓના પોતાની ઉપરના સ્નેહની પરીક્ષા કાલિયના દમનના પ્રસંગે કરી (અ.૧૩।૧૦-૨૨). વળી પોતા ઉપર તેમની આસક્તિ સદા ચાલુ

રહે તે માટે દાવાગ્નિનું પાન કરી તેઓને *જીવનનું દાન કર્યું.

*''સ્નેહમાત્રા ન ચૈતાવત્'' પાઠ નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ પ્રતનો લઈ અર્થ કરેલ છે. માત્ર સ્નેહથી જ આટલી આસક્તિ થઈ નથી, પરન્તુ ભગવાને જીવનનું દાન કર્યું તેથી તેમનામાં આસક્તિ યોગ્ય જ છે, એવો યોજનાનો અર્થ વિચિત્ર જણાય છે, કારણ કે ભગવાને જીવનનું દાન કર્યું તેથી વ્રજજનોની તેમનામાં આસક્તિ થઈ એમ માનતાં તેઓનાં પ્રેમ અને આસક્તિ સ્વાર્થથી થયેલાં ગણાય.

**તતઃ કૃષ્ણપ્રસાદેન કાલદુઃખનિવારણમ્ ।।**
**બાલકાનાં સમસ્તાનાં ક્રીડયા બાધનાદ્ રિપોઃ ।।૬૯।।**

પછી શ્રીકૃષ્ણની કૃપાથી વ્રજમાં કાલનું દુઃખ થતું અટકી જાય છે. રમતથી અને શત્રુને હણવાથી સર્વ બાલકોની દઢ આસક્તિ સ્થિર થઈ(કા.૭૦).

ગ્રીષ્મ વ્રજમાં વસન્ત જેવી થઈ રહેતી હોવાથી ત્યાં કાલનું દુઃખ થતું ન હતું (અ.૧૫।૨-૬). પછી ભગવાને બાલકો સાથે ક્રીડા કરી અને ક્રીડામાં પ્રલમ્બનો વધ થયો, તેથી બાલકોની ભગવાન્માં આસક્તિ દઢ અને સ્થિર થઈ (કા.૭૦).

**ગવાં દાવાગ્નિમોક્ષેણ સર્વેષાં કાલજૈર્ગુણૈઃ ।।**
**ગોપીનાં વેણુનાદેન દઢાસક્તિઃ સ્થિરાઽભવત્ ।।૭૦।।**

દાવાગ્નિમાંથી છોડાવવાથી ગાયોની, કાલથી થતા ગુણોથી છોડાવવાથી બધા વ્રજવાસીઓની અને વેણુના નાદથી ગોપીઓની શ્રીકૃષ્ણમાં આસક્તિ દઢ અને સ્થિર થઈ.

ગાયોની આસક્તિ દઢ અને સ્થિર; તેમને દાવાગ્નિમાંથી છોડાવવાથી થઈ (અ.૧૬।૭-૧૪). સત્તરમા અધ્યાયમાં વર્ષા અને શરદ્ ઋતુના ગુણોનું વર્ણન કર્યું. તેમાં તે-તે કાલના જેવા ગુણો કહ્યા, તેથી આધ્યાત્મિક કાલથી થતું સર્વનું દુઃખ દૂર થયાનું જણાવ્યું. તેથી ભગવાન્માં સર્વ વ્રજજનોની આસક્તિ દઢ અને સ્થિર થઈ. અઢારમા અધ્યાયમાં વેણુનાદ ભગવાને કર્યો અને તેની અસરનું ગોપીઓએ વર્ણન કર્યું. તેથી ગોપીઓની ભગવાન્માં આસક્તિ દઢ અને સ્થિર થઈ.

[ઈ. તામસસાધન પ્રકરણ. અધ્યાય ૧૯-૨૫]

**અતઃ પરં કાયિકેન કૃષ્ણે વ્યસનમીર્યતે ।।**
**દૈહિકાન્ સકલાન્ ભાવાન્ નિજાં વ્રીડાં ચ દૈહિકીમ્ ।।૭૧।।**
**પરિત્યજ્ય હરિપ્રાપ્ત્યૈ યદેવ સ્યાત્ તદેવ હિ ।।**
**વૈદિકં લૌકિકં ચાપિ તત્કર્તા વ્યસની મતઃ ।।૭૨।।**

હવે પછી કાયાના કાર્યથી શ્રીકૃષ્ણમાં વ્યસન થયાનું કહેવામાં આવે છે. દેહના સર્વ વિચારો અને દેહ સમ્બન્ધી પોતાની લજ્જાનો ત્યાગ કરી 'હરિને પ્રાપ્ત કરવા' જે કાંઈ લૌકિક તેમજ વૈદિક કાર્ય થાય તે જ કાર્ય કરનાર વ્યસનવાળો હોવાનો નિર્ણય કરેલો છે.

શ્રીકૃષ્ણ વિના રહેવાની અશક્તિ હોવી એ તેમનામાં વ્યસન. આ પેટાપ્રકરણમાં તેવું વ્યસન જણાવનારી દેહની ક્રિયા કહેવાની હોવાથી આ સાધન પ્રકરણ છે. ભગવાન્ સિવાય બીજા કોઈમાં વ્યસન અહીં ઈચ્છેલું નથી, એમ જણાવવા 'હરિને પ્રાપ્ત કરવા' જે કાંઈ કાર્ય થાય તે કરનારને વ્યસનવાળો કહેલો છે.

**અતઃ કુમારિકાઃ પૂર્વં વ્રતં ચક્રુરિતીર્યતે ।।**
**તતો લૌકિકભાવં હિ પરિત્યજ્ય તદાજ્ઞયા ।।૭૩।।**
**યથોક્તમ્ અખિલં ચક્રુઃ તત ઈશોઽન્વતુષ્યત ।।**

તેથી કુમારિકાઓએ વ્રત કર્યું એમ પહેલાં કહેલું છે. પછી ભગવાનની આજ્ઞાથી લૌકિક વિચારનો ત્યાગ કરી તેમણે જેમ કહ્યું તે પ્રમાણે સર્વ કર્યું. તેથી ઈશ્વર પ્રસન્ન થયા.

કુમારિકાઓએ ભગવાનને પ્રાપ્ત કરવા કાત્યાયની વ્રતરૂપ લૌકિક કાર્ય કર્યું (અ.૧૯।૧-૫). લૌકિક વિચારનો તેમની આજ્ઞાથી ત્યાગ કરી તેમણે જેમ કહ્યું તે પ્રમાણે સર્વ કર્યું (શ્લો.૧૭-૨૦), તેથી ભગવાન્ તેમના ઉપર પ્રસન્ન થયા (શ્લો.૨૦).

**સમ્બન્ધિનાં મત્સરાદિ-દોષાભાવાય બોધનમ્ ।।૭૪।।**
**પ્રશંસા સર્વવૃક્ષાણાં તતઃ સિદ્ધાસ્તુ બાલકાઃ ।।**
**સર્વદોષાન્ પરિત્યજ્ય ક્ષુજ્જયે શક્તિવર્જિતાઃ।।૭૫।।**
**હરિં વિજ્ઞાપયામાસુઃ વ્યસનાત્ નાન્યગામિનઃ ।।**

કુમારિકાઓના સમ્બન્ધીઓમાં મત્સર વગેરે દોષો ન રહે તે માટે તેઓ સાથે ભગવાન્ કુમારિકાઓ પાસે યમુનાજી પધારેલ હોવાનું જણાવેલું છે. ભગવાને સર્વ વૃક્ષોની પ્રશંસા કરી, તેથી પ્રવીણ થયેલા બાલકોએ સર્વ દોષોને તજી, ભૂખને જીતવાની શક્તિ વિનાના હોવાથી તેને શાંત કરવા ભગવાનને વિજ્ઞપ્તિ કરી, કારણ કે વ્યસનને લીધે તેઓ બીજા પાસે જનારા ન હતા.

ભગવાને કુમારિકાઓને જે આજ્ઞાઓ કરી, તેથી તેમના સમ્બન્ધવાળા પુરુષોને મત્સર વગેરે દોષો ન થાય તે માટે, ભગવાન્ આ કુમારિકાના પુરુષરૂપ બાલકોને પોતાની સાથે લઈ ગયેલ (જુઓ અ.૧૯।૮-૮।। ઉપરનાં ટિપ્પણી). પછી ભગવાને ગોપો અને બાલકો ને (કારણ કે ગોપો અને બલભદ્ર ભગવાનને કુમારિકાઓ વ્રજમાં ગયા પછી તરત જ તે સમયે મળેલા, જુઓ શ્લો.૨૯-૨૯।। ઉપરનાં શ્રીસુબોધિની તથા અધ્યાયના આરંભના શ્રીસુબોધિનીની કારિકા ૫।।) જ્ઞાન આપવા વૃક્ષોની પ્રશંસા કરી (શ્લો.૩૧-૩૬). તેથી જ્ઞાન પ્રાપ્ત થતાં તેઓનાં દોષ ગયા, છતાં ભૂખ ઉપર વિજય પ્રાપ્ત કરવાની શક્તિ તેમનામાં ન હોવાથી તેમણે ભૂખ શાંત કરવા ભગવાનને જ વિજ્ઞપ્તિ કરી, (શ્લો.૩૮ અને અ.૨૦।૧) કારણ કે તેઓને વ્યસન સિદ્ધ થયેલ હોવાથી તેઓ બીજા પાસે જાય તેવા ન હતા.

**ભોગદ્વયં હરેરેવ સ્ત્રીબાલાનાં નિરૂપિતમ્ ।।૭૬।।**
**લૌકિકાસ્તુ સમાખ્યાતાઃ તત્રૈવ ન હરેસ્તથા ।।**
**વૈદિકેઽપીતિ વિપ્રાણાં તદ્ભાર્યાણાં નિરૂપ્યતે ।।૭૭।।**

સ્ત્રીઓનો અને બાળકોનો એ બે ભોગ હરિ પાસેથી જ પ્રાપ્ત થવાનું કહ્યું. લૌકિકોની કથા કહી ત્યાં જ વૈદિકમાં પણ હરિ પાસેથી તેમ થવાનું કહેલ નથી, તેથી વિપ્રોની અને તેઓની પત્નીઓની કથા કહેવામાં આવે છે.

અ.૧૯ માં સ્ત્રીઓના અને બાળકોના બે ભોગ કહ્યા. ભગવાન્‌માં જેમને વ્યસન સિદ્ધ થયેલું છે તેઓ; આ લોકના કાર્યમાટે પણ ભગવાન્ ઉપર જ આધાર રાખે છે એમ જણાવવા આ કહેલ છે. ભગવાન્‌માં વ્યસનવાળા હોવું એટલે ભગવાનની પ્રીતિમાટે લૌકિક અથવા વૈદિક હરકોઈ પ્રકારના કાર્ય કરનાર હોવું. તેથી આવા વ્યસનવાળા બે પ્રકારના છે : ૧. લૌકિક કાર્ય કરનારા, આમની કથા કુમારિકાઓના વ્રતથી કહી. ૨. વૈદિક કાર્ય કરનારા, એ ૧૯ મા અધ્યાયમાં વૈદિક કાર્ય કરનારાઓની તેવી કથા કહી નથી, તેથી તે કહેવાની હોવાથી વૈદિક કાર્ય કરનાર તરીકે વિપ્રોની અને તેઓની પત્નીઓની કથા વીસમા અધ્યાયમાં કહે છે.

**તામસાઃ સર્વ એવાત્ર ગોકુલસ્થા ન કેવલમ્ ।।**
**ઈતિ દર્શયિતું વિપ્રાઃ સન્ત્રિણોઽપિ નિરૂપિતાઃ ।।૭૮।।**

'અહીં સર્વ તામસો જ છે, માત્ર ગોકુલમાં રહેનારા જ નહિ' એમ દર્શાવવા યજ્ઞ કરનારા હોવા છતાં વિપ્રોની કથા અહીં કહેલ છે.

વિપ્રો સાત્ત્વિક હોય, અથવા કર્મ કરનારા હોવાથી રાજસ હોય. તેમની કથા તામસ પ્રકરણમાં કેમ કહી ? એવી શંકા થાય, તેથી તેઓ તામસ હોવાનું જણાવેલ છે. આ અધ્યાયના શ્લોક ૪૮ માં તેઓ પોતે જ પોતાને 'મૂઢ' કહે છે. તેથી તેઓ તામસ હોવામાં કાંઈ શંકા રહેતી નથી.

**એકપ્રકારા એતે હિ તેનૈકાત્ર વિમોચિતા ।।**
**સાધનપ્રક્રિયા ત્વેષા તેન તાઃ સ્વગૃહં ગતાઃ ।।૭૯।।**

કારણ કે આ વિપ્રો પણ ગોપોના પ્રકારના જ છે. તેથી એક જ (પત્ની) ને અહીં મુક્તિ પ્રાપ્ત થાય છે. આ તો સાધન પ્રકરણ છે. તેથી તે (વિપ્રપત્ની)ઓ પોતાના ઘેર ગઈ.

જેમ તામસફલ પ્રકરણમાં કેટલીક ગોપસ્ત્રીઓને મુક્તિ પ્રાપ્ત થઈ (અ.૨૬।૧૧), તેમ અહીં પણ એક વિપ્રપત્નીને મુક્તિ પ્રાપ્ત થઈ (શ્લો.૩૪) કારણ કે આ વિપ્રો પણ ગોપોના પ્રકારના તામસ જ હતા. ગોપીઓને ભગવાને ઘેર જવા કહ્યું, છતાં ઘેર ન ગઈ, પણ વિપ્રની સ્ત્રીઓ પોતાને ઘેર ગઈ (શ્લો.૩૩) કારણ કે આ સાધન પ્રકરણ છે. પતિઓ યજ્ઞરૂપ સાધન પૂરું કરે, તે માટે તેઓ ઘેર ગઈ.

**તદ્‌ભર્તારોઽપિ નાઽઽયાતાઃ સમ્બન્ધેનૈવ બોધિતાઃ ।।**
**ગોપિકાનાં પ્રસંગેન યતસ્તા વિનિરૂપિતાઃ ।।૮૦।।**

તેમના પતિઓ પણ ભગવાન્ પાસે આવ્યા નહિ. સમ્બન્ધથી જ મુક્તિ પ્રાપ્ત કરનાર તરીકે જણાવેલા છે. કારણ કે તે (વિપ્રસ્ત્રી)ઓનું ગોપીઓના પ્રસંગથી નિરૂપણ કરેલું છે.

વિપ્રો જાણતા હતા કે શ્રીકૃષ્ણ ઈશ્વર છે અને ગોપોનાં વચનથી ભગવાને તેમને તેનું સ્મરણ પણ કરાવ્યું હતું (શ્લો.૪૪-૪૫). છતાં તેઓ તેમની પાસે ગયા નહિ (શ્લો.૫૨). પત્નીઓના સમ્બન્ધથી જ તેઓને ભક્તિ અને મુક્તિ થવાનાં એમ જણાવેલું છે (શ્લો.૪૯). ગોપીઓના પ્રસંગથી વિપ્રપત્નીઓનું નિરૂપણ કરેલું છે. જેમ ગોપીઓના સમ્બન્ધથી ગોપોને ફલ પ્રાપ્ત થવાનું, તેમ પોતાની પત્નીઓના સમ્બન્ધથી વિપ્રોને મુક્તિ પ્રાપ્ત થવાની.

**અતસ્તાસાં ફલે ચૈતાઃ ફલં પ્રાપ્સ્યન્તિ નિશ્ચિતમ્ ।।**
**નિર્દુષ્ટૈઃ ભોજનં કાર્યં નિર્દુષ્ટાન્નસ્ય નાન્યથા ।।૮૧।।**
**ભક્ત્યાદતાનાં ભક્તાનાં વૃક્ષાણાં ચેતિ નિશ્ચયઃ ।।**

તેથી તે ગોપીઓને જ્યારે ફલ પ્રાપ્ત થશે ત્યારે આ વિપ્રપત્નીઓને પણ નક્કી ફલ પ્રાપ્ત થશે. ભક્તિમાં આદરવાળા ભક્તોના અને વૃક્ષોના દોષરહિત અન્નનું; દોષ વિનાનાઓ સાથે ભોજન કરવું જોઈએ, બીજા પ્રકારે ન કરવું જોઈએ એવો નિશ્ચય છે.

ભગવાન્ બાળકોની ભૂખ બીજા પ્રકારથી પણ મટાડી શકત. છતાં આ વિપ્રો અને વિપ્રપત્નીઓ પાસેથી અન્ન મગાવવાનું તેમણે કેમ કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભક્તિમાં આદર રાખનાર ભક્તોનું અને વૃક્ષોના અન્નનું દોષ વિનાના ભક્તો સાથે જ ભોજન થાય, તે માટે તેમણે તે પ્રમાણે કર્યું.

**વ્રતં વૃત્તિપરિજ્ઞાનં દાનં માહાત્મ્યબોધનમ્ ।।૮૨।।**
**દ્વાભ્યાં ચતુષ્ટયં પ્રોક્તં તદીયાન્યવિભેદતઃ ।।**

ભગવાનના સેવક અને બીજાના ભેદથી ૧. વ્રત ૨. આજીવિકાનું જ્ઞાન ૩. દાન અને ૪.માહાત્મ્યનો બોધ એ ચાર; બે અધ્યાયોથી કહ્યા.

ઓગણીસમા અને વીસમા અધ્યાયોથી આ ચારનો બોધ કર્યો. પોતાના સેવકોને અને બીજા વિપ્રોને એવા ભેદથી આ બોધ કરેલો છે.

**દ્વિવિધં કર્મલોકે હિ વૈદિકં હેતુસમ્ભવમ્ ।।૮૨।।**
**આદ્યે શ્રદ્ધાપરિત્યાગઃ પૂર્વેણ વિનિરૂપતિઃ ।।**

લોકમાં બે પ્રકારનું કર્મ જોવામાં આવે છે. ૧. વૈદિક અને ૨. પ્રયોજનથી કરવામાં આવતું. ગયા અધ્યાયથી પહેલા પ્રકારના કર્મમાં શ્રદ્ધાનો ત્યાગ કરવાનું કહ્યું.

૧. વૈદિક એટલે વેદમાં કહેલી કામનાઓથી કરવામાં આવતું અને ૨. લૌકિક પ્રકારની તેવી કામનાઓથી કરવામાં આવતું, એવા બે પ્રકારનાં કર્મો લોકમાં જોવામાં આવે છે. તેમાં ગયા વીસમા અધ્યાયમાં વૈદિક કર્મોમાં શ્રદ્ધા ન રાખવાનું જણાવેલ છે.

**અન્વય-વ્યતિરેકાભ્યાં હૈતુકઃ સફલો મતઃ ॥૮૪॥**
**તન્નિરાકરણં કાર્યં તેનાધ્યાયચતુષ્ટયમ્ ॥**

પ્રયોજનથી કરવામાં આવતો યજ્ઞ અન્વય અને વ્યતિરેક થી ફલ આપનારો વિચારેલો. તેનું ખંડન કરવું જોઈએ. તેથી ચાર અધ્યાયો કહેલા છે.

અન્ન ઘાસ વગેરે પ્રાપ્ત થાય તેવાં પ્રયોજનથી ઈન્દ્રનો યજ્ઞ વ્રજવાસીઓ કરતાં, તે ફલ આપનારો છે એમ અન્વયથી એટલે યજ્ઞ કરવામાં આવે ત્યારે અન્ન ઘાસ વગેરે મળે છે, (અ.૨૧।૮-૧૦) અને વ્યતિરેકથી એટલે યજ્ઞ કરવામાં ન આવે ત્યારે તે મળતાં નથી (અ.૨૧।૧૧) એમ જણાવી નન્દે સિદ્ધ કરેલું. આ તેમના મતનું ખંડન ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી કરેલું છે.

**હેતૂનાऽऽદૌ નિરાકૃત્ય યત્સત્ તદ્ધિ હ્યકારયત્ ॥૮૫॥**
**દેવતા તત્ર નિયતા તેન સાऽપિ નિવારિતા ॥**
**ગોવર્ધનસ્ય ધૃત્યૈવ નિસ્તમ્ભા સાऽભવદ્ યતઃ ॥૮૬॥**

આરંભમાં હેતુઓનું ખંડન કરીને જે ઉત્તમ કર્મ હતું તે ભગવાને કરાવ્યું. તે ઈન્દ્રના યજ્ઞમાં દેવ દૃઢ નિશ્ચયવાળો હતો, તેથી તેને હટાવી દીધો, કારણ કે ગોવર્ધનને ધારણ કરવાથી જ તે તદ્દન નિષ્ક્રિય થયો.

આરંભમાં ભગવાને નન્દે કહેલા હેતુઓનું ખંડન કર્યું (અ.૨૧।૧૨-૨૪) અને જે ઉત્તમ કર્મ (ગાયો, બ્રહ્મણો અને ગોવર્ધન નું પૂજન) હતું તે કરાવ્યું (અ.૨૧।૨૫-૩૭).

ઈન્દ્રનો યજ્ઞ પડતો મૂક્યો તેથી તે કરાવવાના દૃઢ નિશ્ચયવાળા ઈન્દ્રે ક્રોધ કરી વ્રજનો નાશ કરવા પ્રયાસ કર્યો. તે પ્રયાસ ભગવાને નિષ્ફલ કર્યો, એ કથા બાવીસમા અધ્યાયમાં કહેલી છે.

**શંકાદોષોऽપિ ગોપાનાં નિરાકાર્યસ્તુ કર્મણે ॥**
**હવિર્મન્ત્રેજ્યરૂપાણાં સમ્મત્યર્થં તુરીયકમ્ ॥૮૭॥**

ગોવર્ધનનાં પૂજનરૂપ કર્મ થઈ શકે તે માટે ગોપોની શંકારૂપ દોષનું પણ નિવારણ કરવું જોઈએ. હવિષ મન્ત્ર અને પૂજન જેનું થતું તેમની સમ્મતિ જણાવવા ચોથો અધ્યાય કહેલો છે.

શ્રીકૃષ્ણ ઈન્દ્રના કોપથી રક્ષણ કરવાની શક્તિવાળા છે એવી ગોપોને ખાતરી થાય તો જ તેઓ ત્યાર પછીના વર્ષોમાં પણ ઈન્દ્રનો યજ્ઞ ન કરતાં ગોવર્ધનયજ્ઞ જ કરે. તેથી તેમને તેવી ખાતરી કરાવવા ત્રીજો અધ્યાય કહેલો છે. ગોવર્ધનનો યજ્ઞ કરવામાં આવે તેમાં હવિષ (ગાયો), મન્ત્ર (ઋષિઓ) અને જેનું પૂજન પહેલાં થતું તે ઈન્દ્રની પણ સમ્મતિ થવાનું ચોવીસમા અધ્યાયમાં કહેલું છે. ઈન્દ્ર; ભગવાનની સ્તુતિ કરે છે શ્લો.૪-૧૩, અને તે તથા ગાયો વતી કામધેનુ અને ઋષિઓ ભગવાનનો ઈન્દ્ર તરીકે અભિષેક કરે છે (શ્લો.૨૨-૨૩). તેથી તે સર્વની સમ્મતિ જણાવેલી છે.

**એવં પૂર્વં પરિત્યજય હર્યુકતં કાર્યમીરિતમ્ ।।**
**અવૈષ્ણવાનાં પૂર્વેષાં વ્રતાનાં ત્યાજનં ન હિ ।।૮૮।।**
**વૈષ્ણવાન્યપિ કાર્યાણિ ત્યક્તવ્યાનીતિ બોધને ।।**
**નન્દસ્યૈકાદશી પ્રોક્તા સાધનં પંચધા સ્થિતમ્ ।।૮૯।।**

એ પ્રમાણે નન્દ વિગેરે ગોપોએ પહેલા કરતા, તે કાર્ય તજીને ભગવાને કહેલું કાર્ય કર્યું એમ કહેલું છે. પહેલાં કરતા તે અવૈષ્ણવ વ્રતો ભગવાને તજાવ્યાં, એટલું જ નહિ, પરન્તુ વૈષ્ણવ કાર્યો પણ તજવાં જોઈએ એવો બોધ કરવા નન્દે કરેલી એકાદશી કહેલી છે, સાધન પાંચ પ્રકારનું હોવાનો નિર્ણય કરેલો છે.

પહેલાં ગોપો કરતાં તે ઈન્દ્રયાગ તજી, ભગવાને કહેલ ગોવર્ધનયાગ તેમણે કરવા માંડયો એ ૨૧-૨૪ સુધીના ચાર અધ્યાયોથી કહ્યું. પહેલાં કરતા તેવાં અવૈષ્ણવ વ્રતો ભગવાને તજાવ્યા, એટલું જ નહિ પરન્તુ વૈષ્ણવ વ્રતો પણ ધર્મમાં આસક્તિ થવાને લીધે ભગવાનનું ભજન બરાબર થઈ ન શકે તે માટે તજવા જોઈએ (જુઓ ૧૦।૨૫।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ), એમ જણાવવા નન્દે કરેલી અગિયારસનું નિરૂપણ પચીસમા અધ્યાયમાં કરેલું છે. સાધન પાંચ પ્રકારના કહેલાં છે, તે આગળ ૯૨-૯૪ સુધીની કારિકામાં જણાવાશે.

**એતાવદેવ કર્તવ્યં તેન યદ્વાઞ્છતે હૃદિ ।।**
**હેતુવાદ ઈવાત્રાપિ ફલં કૃષ્ણઃ પ્રયચ્છતિ ।।૯૦।।**
**ઈતિ વૈકુંઠનયનં સ્થાપિતં વાઞ્છિતં ન હિ ।।**
**અવાન્તરં ફલમિદં વિશ્વાસાર્થા નિરૂપતિમ્ ।।૯૧।।**

આટલું (તે પાંચ સાધન) જ કરવું. તેથી હૃદયમાં જે ફલની ઈચ્છા કરશે તે હેતુવાદમાં પ્રાપ્ત થાય છે, તેમ અહીં પણ શ્રીકૃષ્ણ આપે છે એમ જણાવવા ગોપોએ ઈચ્છેલ વૈકુંઠ ભગવાન્ ગોકુલમાં લાવ્યા, પણ તેનું સ્થાપન ઈચ્છેલ ન હતું. વિશ્વાસ રહે તે માટે આ ગૌણ ફલ કહેલું છે.

આ પાંચ સાધન કરવાથી હૃદયમાં જે ફલની ઈચ્છા થાય તે શ્રીકૃષ્ણ આપે છે, એમ જણાવવા ગોપોને વૈકુંઠનાં દર્શન ગોકુલમાં જ કરાવ્યાં તે કહેલ છે (અ.૨૫।૧૧-૧૬). ગોપોને વૈકુંઠનાં દર્શન

કરવાની ઈચ્છા થઈ (શ્લો.૧૦) તે ભગવાને પૂર્ણ કરી, આ ભગવાને તેમને આપવા ઈચ્છેલું ફલ ન હતું. ભગવાન્ તો તેમને ભજનાનન્દનું દાન કરવાના હતા. તેથી ભગવાને તેમને વૈકુંઠમાં રાખ્યા નહિ આ તો વિશ્વાસ રહે તે માટે ગૌણ ફલ કહેલું છે.

**કૃષ્ણવાક્યં સદા કાર્યં માયામોહં નિવાર્ય હિ ।।**
**વૃક્ષવત્તુ સ્થિતિઃ કાર્યા શુદ્ધાન્નેન ચ વર્તયેત્ ।।૯૨।।**
**ઈચ્છાં વિજ્ઞાય દાતવ્યં માહાત્મ્યજ્ઞાનપૂર્વકમ્ ।।**
**યાગાદયોઽપિ ત્યક્તવ્યા તદિચ્છા ચેદ્ વ્રતાનિ ચ ।।૯૩।।**
**મધ્યે સ્વેષ્ટસ્ય પૂર્ત્યૈવ તદિચ્છામ્ અવગત્ય ચ ।।**
**તત્પરત્વેન સતતં સ્થેયં સાધનસંગ્રહઃ ।।૯૪।।**

૧. માયાના મોહને દૂર કરીને સદા શ્રીકૃષ્ણની આજ્ઞા પ્રમાણે વર્તવું, ૨. વૃક્ષની પેઠે પરોપકારવાળી સ્થિતિ કરવી અને શુદ્ધ અન્નથી નિભાવ કરવો, ૩. ભગવાનના માહાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને તેમની ઈચ્છા જાણીને તેમને આપવું, ૪. યજ્ઞો વગેરેનો પણ ત્યાગ કરવો અને ભગવાનની ઈચ્છા હોય તો વ્રતોનો પણ ત્યાગ કરવો, ૫. વચ્ચે પોતાનું ઈચ્છેલું પ્રાપ્ત થવાથી પણ ભગવાનની ઈચ્છા જાણીને ભગવાન્માં રચ્યા-પચ્યા રહેવું. આ સાધનનો સમૂહ છે.

ઉપર પાંચ સાધન કહેલ હોવાનું જણાવ્યું તે અહીં કહેલા છે. પહેલું સાધન કુમારિકાઓના પ્રસંગમાં ૧૯ મા અધ્યાયમાં કહેલું છે. બીજું પણ સ્થિતિ સમ્બન્ધી ૧૯ મા અધ્યાયમાં અને અન્નસમ્બન્ધી ૨૦ મા અધ્યાયમાં કહેલું છે. ત્રીજું ૨૧ મા અધ્યાયમાં, ચોથું પણ ૨૧-૨૪ સુધીના અધ્યાયોમાં કહેલ છે. વ્રત સંબંધી ચોથું અને પાંચ મુ સાધન અ.૨૫ માં કહેલ છે.

[ઈ. તામસ ફલ પ્રકરણ. અધ્યાય ૨૬-૩૨]

**અતઃ પરં સપ્તભિર્વૈ ફલં કૃષ્ણો નિરૂપ્યતે ।।**
**ષડ્ગુણૈઃ સહિતઃ પૂર્વમ્ ઐશ્વર્યં ત્રિવિધં મતમ્ ।।૯૫।।**

અહીંથી હવે સાત અધ્યાયોથી છ ગુણો સાથે ફલરૂપ શ્રીકૃષ્ણનું નિરૂપણ કરવામાં આવે છે. આરંભમાં (પહેલા અધ્યાયમાં) ત્રણ પ્રકારનું ઐશ્વર્ય કહેલ હોવાનો નિર્ણય થાય છે.

સાધન પ્રકરણમાં કહેલ પાંચ સાધન કરવારૂપ આસક્તિ ઘણી વધતાં ત્યાર પછી છ ગુણવાળા પૂર્ણ ભગવાન્રૂપ ફલ પ્રાપ્ત થાય છે. તેથી આ ફલ પ્રકરણ કહેવાય છે. પાછલા પ્રકરણોમાં પહેલા છ અધ્યાયોમાં ભગવાનના છ ગુણોનું અને સાતમા અધ્યાયમાં ધર્મીભગવાનનું નિરૂપણ કરેલ, તે ક્રમ આ પ્રકરણમાં નથી. પહેલા (૨૬ મા) અધ્યાયમાં ભગવાનના ત્રણ પ્રકારના ઐશ્વર્યનું નિરૂપણ કરે છે.

**'ધ્વનિનાડડહૂય'વાક્યેન પ્રેષયત્યેવ નિશ્ચિતમ્ ।।**
**ફલે વાક્યં ન કર્તવ્યં દોષશ્ચેદ્ વારયિષ્યતિ ।।૯૬।।**
**ઈતિ તાસામ્ અગમનં ગર્વેડન્તર્ભાવ ઈર્યતે ।।**

ભગવાન્ ધ્વનિથી બોલાવીને વાક્યથી જવાનું કહે છે એ નકકી કરેલું છે. ફલ પ્રાપ્તિમાં આજ્ઞા પાળવાની નથી. 'જો દોષ હશે તો ભગવાન્ તેને દૂર કરશે' એવા વિચારથી તેઓ ગઈ નહિ. ગર્વ થવામાં અંદરનો (ભગવાન્ ઉપરનો) ભાવ કારણ હોવાનું કહેલ છે.

ભગવાને વેણુનાદ કરી ગોપીઓને બોલાવી (અ.૨૬।૩) અને પછી તેઓને ઘેર જવા કહ્યું (શ્લો.૧૪-૨૭). તેઓ ઘેર ન ગઈ. (શ્લો.૨૮-૨૯). પછી ભગવાને સ્મરણ કર્યું, ત્યારે તેમને ભગવાન્ ઉપરના અંદરના ભાવને લીધે ગર્વ-માન થયો (શ્લો.૪૭-૪૮). ૧. વેણુનાદ કરી બોલાવવાની શક્તિ જણાવી, ૨. વચનથી તે કરેલું ન કરેલું કરવાની શક્તિ જણાવી, ૩. પછી ઘેર મોકલવાનું કાર્ય કરી, કરેલું ફેરવવાની શક્તિ જણાવી.

**અયમેવ હરેર્માર્ગઃ સર્વોત્કૃષ્ટો હિ બુધ્યતામ્ ।।૯૭।।**
**સમ્બન્ધમાત્રે સઞ્જાતે બહિર્વાન્તરથાપિ વા ।।**
**કાયેન મનસા વાપિ વચસા વાપિ સર્વથા ।।૯૮।।**
**રમયત્યેવ હિ નિજાન્ સર્વથા નૈવ મુઞ્ચતિ ।।**

આ જ હરિનો સર્વથી ઉત્તમ માર્ગ હોવાનું જાણો, કે અંદરથી અથવા તો બહારથી માત્ર સમ્બન્ધ થતાં ભગવાન્ કાયાથી મનથી અથવા વાણીથી પણ પોતાના સેવકોને સમ્પૂર્ણ રીતે રમણ કરાવે છે જ, પરન્તુ જરાએ ત્યાગ કરતા નથી.

ભગવાનનો અંદરથી અથવા બહારથી પણ માત્ર સમ્બન્ધ થતાં ભગવાન્ પોતાના સેવકોને કાયા મન અથવા વાણી થી પણ રમણ કરાવે છે જ અને જરાએ તેમનો ત્યાગ કરતા નથી. ગોપીઓને ભગવાનનો બહારથી સમ્બન્ધ થતાં તેમને કાયાથી રમણ કરાવ્યું (અ.૨૬।૪૨-૪૬), પછી ભગવાન્ અન્તર્ધાન થયા ત્યારે તેમને ભગવાનનો અંદરથી સમ્બન્ધ થતાં તેમને મનથી રમણ કરાવ્યું (અ.૨૭।૧૫-૨૩), પછી તેમને વાણીથી રમણ કરાવ્યું (અ.૨૮).

**અન્તર્ધાનકથા પ્રોક્તા વાક્યં ચાપિ નિરૂપિતમ્ ।।૯૯।।**
**અધ્યાયદ્વિતયેનૈવ સકૃદ્ભોગં નિવારયન્ ।।**
**આવિર્ભાવં કરોત્યેષ તથા વાક્યાનિ તુષ્ટયે ।।૧૦૦।।**

(એ રીતે ૨૭ તથા ૨૮ એ) બે અધ્યાયોથી ભગવાન્ અન્તર્ધાન થયા ત્યારની કથા કહેલી છે અને વળી ગોપીઓનું વાક્ય પણ જણાવેલ છે. એક વાર ભોગને અટકાવતાં ભગવાન્ પ્રકટ થાય છે અને ગોપીઓને સન્તોષ આપવા વાક્યો કહે છે.

અધ્યાય ૨૯ માં ભગવાન્ અંદરના ભોગને અટકાવી પ્રકટ થાય છે (શ્લો.૨) અને ગોપીઓ પ્રશ્ન પૂછે છે (શ્લો.૧૬) તેનો તેઓને સન્તોષ આપવા ઉત્તર કહે છે (શ્લો.૧૭-૨૨).

**રમતે ચ રમાતોઽપિ વિશેષેણ રતિપ્રદઃ ।।**
**પરોક્ષોઽપિ રતિં ચક્રે તેન વીર્યમ્ ઉદીરિતમ્ ।।૧૦૧।।**

અને ગોપીઓને રમાથી પણ અધિક રતિ આપનાર ભગવાન્ તેઓની સાથે રમણ કરે છે. અદૃશ્ય રહેવા છતાં તેમણે રતિ કરેલી, તેથી વીર્ય કહેલું છે.

અ.૩૦ માં ગોપીઓને ભગવાન્ લક્ષ્મીથી પણ અધિક આનન્દનું દાન કરી તેમની સાથે રમણ કરે છે (શ્લો.૨-૨૬). ભગવાન્ જ્યારે અદૃશ્ય રહેલા ત્યારે પણ તેમણે ગોપીઓને વિપ્રયોગરસનું દાન કરેલ (અ.૨૭). આ ભગવાનનું વીર્ય દર્શાવે છે.

**યશસ્તુ વચનૈઃ સ્પષ્ટં શ્રીશ્ચાવિર્ભાવતઃ સ્ફુટા ।।**
**ચતુષ્ટયં નિરૂપ્યાગ્રે ધર્મીકૃષ્ણો નિરૂપિતઃ ।।૧૦૨।।**

યશ તો (ગોપીગીતનાં) વચનોથી સ્પષ્ટ છે અને ભગવાન્ પ્રકટ થયા તેથી શ્રી સ્પષ્ટ જણાય છે. ચાર ગુણો દર્શાવી પછી ધર્મીશ્રીકૃષ્ણ વર્ણવેલા છે.

અ.૨૮, ગોપીગીતનાં વચનોથી ભગવાનનો યશ સ્પષ્ટ જણાય છે. અ.૨૯ માં ભગવાન્ પ્રકટ થયા એ તેમની શ્રી દર્શાવે છે. (ઐશ્વર્ય એટલે કરવાની, ન કરવાની અને કરેલું ફેરવવાની એવી ત્રણ પ્રકારની શક્તિ અ.૨૬ માં દર્શાવ્યાનું ઉપર કા.૯૬-૯૭ માં કહેલ છે). એવી રીતે ઐશ્વર્ય, વીર્ય, યશ અને શ્રી એ ચાર ગુણો ૨૬-૨૯ સુધીના ચાર અધ્યાયોથી જણાવી, ત્રીસમા અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણના સ્વરૂપનું વર્ણન કરેલું છે.

**ભોગે મધ્યે મહત્સૌખ્યં તસ્માદ્ એવં નિરૂપિતમ્ ।।**
**સ્વરૂપેણ રતિઃ પ્રોક્તા ન ધર્મૈ રસરૂપતઃ।।૧૦૩।।**

વચ્ચે ભોગ કરવાથી ઘણું સુખ થાય છે, તેથી એવી રીતે વર્ણન કરેલું છે. ભગવાન્ પોતે રસરૂપ હોવાથી સ્વરૂપથી તેમણે આનન્દ પ્રાપ્ત કરાવ્યાનું કહેલ છે, ગુણોથી પ્રાપ્ત કરાવ્યાનું કહેલ નથી.

**તતો વૈરાગ્યભાવેન ફલદાતા નિરૂપ્યતે ।।**
**કૌતુકેનાપિ પૂર્વેષાં કરણં ન સુખાય હિ ।।૧૦૪।।**

પછી વૈરાગ્યગુણથી ફલ આપનારા ભગવાનનું નિરૂપણ કરેલું છે, કારણ કે ધર્મબુદ્ધિથી કરેલાં પણ પહેલાનાં કર્મોથી સુખ થયું ન હતું.

પછી એકત્રીસમા અધ્યાયમાં વૈરાગ્યગુણથી ફલ આપનાર ભગવાનનું નિરૂપણ કરેલું છે. પહેલા ધર્મબુદ્ધિથી કરેલા ઈન્દ્રયાગ વગેરે અવૈષ્ણવ કર્મોથી પણ સુખ થયું ન હતું.

**અતઃ કૌતુકરીત્યાઽપિ ગતાઃ સર્વે હરાન્તિકે ।।**
**કાલેનાઽઽગ્રસ્તમૂર્ધાનઃ કૃષ્ણેનૈવ વિમોચિતાઃ ।।૧૦૫।।**

તેથી વળી ધર્મબુદ્ધિના પ્રકારે સર્વ મહાદેવ પાસે ગયા, તેઓમાંના મુખ્યને કાલે ગળતાં શ્રીકૃષ્ણે જ તેઓને છોડાવ્યા(શ્લો.૯).

**અતસ્તત્કર્મ હરિસાત્કૃત્વા વ્રજમુપાયયુઃ ।**
**તમસિ ત્રિતયં પ્રોક્તં હરિસ્તત્રાધિદૈવિકઃ ।।૧૦૬।।**
**સ તુ તૂષ્ણીં ભવત્યત્ર કાલસ્ત્વાધ્યાત્મિકો મતઃ ।।**
**હરભૃત્યાસ્તુ ભૂતાનિ સ્ત્રીણાં હર્તા તતો નિશિ ।।૧૦૭।।**
**શંખચૂડ ઈતિ પ્રોક્તઃ તં ચ હત્વા વિમોચિતાઃ ।।**

તેથી તે કર્મ હરિને અર્પણ કરીને વ્રજ આવ્યા. અંધકારમાં ત્રણ કહેલા છે તે પૈકી ૧. હરિ આધિદૈવિક છે, તે તો અહીં શાંત રહેલા છે, ૨. કાલ તો આધ્યાત્મિક વિચારેલો છે, ૩. શંકરના સેવકો તો આધિભૌતિક છે. તેથી 'શંખચૂડ' નામનો શંકરનો સેવક મધ્યરાત્રે સ્ત્રીઓને હરનારો કહેલો છે, અને તેને હણીને ભગવાને સ્ત્રીઓને છોડાવી.

તેથી તે કર્મ ભગવાનને જ અર્પણ કરી તેઓ વ્રજ આવ્યા (શ્લો.૧૯). આથી એમ જણાવ્યું છે કે કોઈવાર દૈવગતિથી મૂર્ખાઈને લીધે બીજા દેવના સમ્બન્ધવાળું કાંઈ કર્મ થઈ ગયું હોય, તો પણ તે ભગવાનને અર્પણ કરવું. તમોગુણવાળા સર્વને, શબ્દબ્રહ્મનો આનન્દ પ્રાપ્ત કરાવવા ભગવાને બલભદ્ર સાથે રહી રાસ કર્યો.

આ અધ્યાયમાં ત્રણ કહેલા છે; ૧. આધિદૈવિક ભગવાન્ છે તે તો અહીં શાંત રહે છે. ગોપો બળતાં લાકડાંથી નન્દને સર્પથી છોડાવવા પ્રયાસ કરે છે, પણ ભગવાન્ તો શાન્ત રહે છે. સર્વને શબ્દબ્રહ્મનો આનન્દ પ્રાપ્ત કરાવવાનો હોઈ બલભદ્ર સાથે ગાન કરે છે (શ્લો.૨૩), ૨. અધ્યાત્મિક કાલ છે. શબ્દબ્રહ્મ (વેદ)માં કર્મ મુખ્ય છે, અને કર્મ અમુક કાલે જ કરવાનાં હોય છે. તેથી અહીં કાલનું સન્માન કર્યાનું કહેલું છે (શ્લો.૨૨), ૩. શંકરના સેવકો આધિભૌતિક છે. તેઓ પૈકી કુબેરનો સેવક શંખચૂડ મધ્યરાત્રે આવી સ્ત્રીઓને ઉપાડી ચાલતો થયો (શ્લો.૨૫-૨૬), તેને ભગવાને મારી નાખી સ્ત્રીઓને છોડાવી (શ્લો.૩૦-૩૨).

**સુદર્શનો યથા જીવઃ તથા સત્ત્વવરો મણિઃ ।।૧૦૮।।**
**કર્મ સ્વસ્મિન્ પ્રતિષ્ઠાપ્ય રામે રત્નં ન્યરૂપયત્ ।।**
**એવં કાલાદિસમ્બન્ધાત્ તામસાન્ સ્વાન્ ન્યવારયત્ ।।૧૦૯।।**

જેમ સુદર્શન જીવ હતો તેમ મણિ સત્ત્વવૃત્તિવાળાઓમાં ઉત્તમ હતો. તેથી ભગવાને કર્મ પોતામાં રાખી રત્ન બલભદ્રને આપ્યું. એ પ્રમાણે પોતાના તામસ સેવકોને કાલ વગેરેના સમ્બન્ધથી દૂર રાખ્યા.

તેથી જેમ સુદર્શનનો ચરણથી સ્પર્શ કરી ઉદ્ધાર કર્યો શ્લો.૮-૯ તેમ શંખચૂડના માથામાંથી મણિ કાઢી લીધો. સુદર્શનનો સર્પયોનિમાંથી ઉદ્ધાર કરવાનું અને મણિ શંખચૂડના માથામાંથી કાઢી લેવાનું કર્મ ભગવાને પોતામાં જ રાખ્યું અને રત્ન(મણિ) બલભદ્રને આપ્યો (શ્લો.૩૨). આથી એમ જણાવ્યું છે કે પ્રમાણની પૂર્ણતા કરવા ભગવાન્ જે કાંઈ કરે છે તે, તે પ્રમાણના અધિષ્ઠાતા બલભદ્રને આપે છે. એ રીતે ભગવાને પોતાના તામસ સેવકોને કાલ વગેરેના સમ્બન્ધથી દૂર રાખ્યા.

**પૂર્વસિદ્ધપરિત્યાગો વૈરાગ્યં કાલદોષત; ।।**
**જ્ઞાનં તુ ગુણગાનં હિ પરોક્ષે તત્પ્રતિષ્ઠિતમ્ ।।૧૧૦।।**
**પ્રત્યક્ષે ભજનં શ્રેષ્ઠમ્ ... ... ... ...**

કાલના દોષથી પહેલાં જે પ્રાપ્ત થયેલ હોય તેનો ત્યાગ તે વૈરાગ્ય. જ્ઞાન તો ભગવાનના ગુણોનું ગાન છે. ભગવાન્ અદશ્ય હોય ત્યારે તે થાય છે. ભગવાન્ પ્રત્યક્ષ હોય ત્યારે ભજન શ્રેષ્ઠ છે.

કાલ (શિવરાત્રિ)ના દોષથી પશુપતિનું પૂજન વગેરે પ્રાપ્ત થયાં. તેનો ત્યાગ ગોપોએ કર્યો, તે વૈરાગ્ય. ભગવાન્માં વૈરાગ્ય ગુણ હોવાથી તેમઅંક્તોને પણ વૈરાગ્યવાળા કર્યા. વળી કાલના દોષથી શંખચૂડ પાસેથી મણિ આવ્યો, તેનો પણ ભગવાને ત્યાગ કર્યો, એ પણ ભગવાનનો વૈરાગ્ય ગુણ દર્શાવે છે.

બત્રીસમા અધ્યાયમાં 'જ્ઞાન' ગુણ જણાવેલો છે. ભગવાનના ગુણોનું ગાન તે જ્ઞાન. બત્રીસમા અધ્યાયમાં યુગલગીતથી ગોપીઓ ભગવાનના ગુણોનું ગાન કરે છે, તે તેમનું જ્ઞાન છે. ભગવાન્ અદશ્ય હોય ત્યારે તેમના ગુણોનું ગાન (જ્ઞાન) થાય છે, ભગવાન્ ભક્તોને જ્ઞાન પણ કરાવે છે, કારણ કે તેમનામાં તે ગુણ છે. ભગવાન્ જ્યારે પ્રત્યક્ષ હોય ત્યારે તેમનું ભજન(સેવા) કરવું એ શ્રેષ્ઠ છે.

... ... ... એવં ચેદ્ રોધનં સ્થિરમ્ ।।
પુરુષાણાં તથા સ્ત્રીણાં રાત્રૌ ચ દિવસે તથા ।।૧૧૧।।
જ્ઞાનં ભક્તિશ્ચ સતતં ચક્રવત્ પરિવર્તતે ।।

જો એ પ્રમાણે નિરોધ સ્થિર થયો હોય તો પુરુષોમાં તથા સ્ત્રીઓમાં જ્ઞાન અને ભક્તિ રાત્રે તથા દિવસે સદા પૈડાની પેઠે ફરી-ફરી આવે છે.

જો નિરોધ સ્થિર થયો હોય તો પુરુષોને રાત્રે (ભગવાન્ અદશ્ય હોય ત્યારે) જ્ઞાન અને દિવસે (ભગવાન્ સાથે હોય ત્યારે) ભક્તિ થાય છે; જ્યારે સ્ત્રીઓને રાત્રે ભક્તિ અને દિવસે જ્ઞાન થાય છે. એ રીતે સ્થિર નિરોધમાં જ્ઞાન અને ભક્તિ સદા ચક્રની પેઠે એક પછી એક થયા જ કરે છે.

## પ્રકરણ ત્રીજું : રાજસ ભક્તોનો નિરોધ. અધ્યાય ૩૩-૪૦

અતઃ પરં રાજસાનાં પ્રક્રિયા પૂર્વસંખ્યયા ।।૧૧૨।।
અષ્ટાવિંશતિભિઃ પ્રોક્તાઃ તથાઽધ્યાયૈશ્ચતુર્વિધૈઃ ।।

હવે અહીંથી; પહેલાની સંખ્યાથી ચાર પ્રકારના (પેટાપ્રકરણો)થી અઠ્ઠાવીસ અધ્યાયોથી રાજસોનું પ્રકરણ તેવી રીતે કહેલું છે.

'પહેલાની સંખ્યાથી' એટલે સાત-સાત અધ્યાયોથી, સાત-સાત અધ્યાયોના ચાર પેટાપ્રકરણોથી એટલે ૨૮ અધ્યાયોથી તામસપ્રકરણ પેઠે આ રાજસોનું પ્રકરણ પણ કહેલું છે. (''પ્રોક્તાસ્તથા'' ને બદલે ''પ્રોક્તા તથા'' પાઠ જોઈએ એમ જણાય છે.)

યાદવા રાજસાઃ પ્રોક્તાઃ તેષાં પૂર્વસ્થિતસ્ય હિ ।।૧૧૩।।
ત્યાજનં સર્વથા કાર્યં દેશાદેઃ ષડ્વિધસ્ય ચ ।।

યાદવો રાજસ કહેલા છે. તેઓ પાસે જે પહેલાં હતું તે દેશ વગેરે અને છ પ્રકારનાં દુઃખનો સમ્પૂર્ણ ત્યાગ કરાવવો જોઈએ.

રજોગુણ વ્યગ્રતા કરાવનારો હોવાથી તે ન થાય તે માટે ત્યાગ કરાવવો જોઈએ.

તત્રાઽઽદૌ દુઃખકર્તારો મારણીયા ગુણૈરિહ ।।૧૧૪।।
તતઃ કાલવિમુક્તિર્હિ દેશદ્રવ્યૈઃ તતોઽપિ હિ ।।
ખ્યાત્યા પૂર્વાણિ નામાનિ કર્માણ્યપિ પુરા યથા ।।૧૧૫।।
ત્યાજિતાનિ સમસ્તાનાં તથા ખ્યાતિં દદૌ હરિઃ ।।

તે પૈકી આરંભમાં અહીં (આ પ્રકરણમાં) દુઃખ કરનારાઓને ગુણોથી હણવાના છે. ત્યાર પછી કાલથી મુક્તિ કરાવવાની છે. ત્યાર પછી દેશથી અને દ્રવ્યોથી અને પછી ખ્યાતિથી મુક્તિ કરાવવાની છે. પહેલાં સર્વના પહેલાનાં નામો અને કર્મો પણ જે પ્રકારે તજાયેલાં તેવી રીતે હરિએ યાદવોની પ્રસિદ્ધિ કરાવી.

અરિષ્ટ વગેરે દુઃખ કરનારાઓને હણવાના છે, તે માટે છ અધ્યાયો કહેલા છે. ત્યાર પછી કાલથી મુક્તિ કરાવવાની છે, અને દ્વારકા વગેરે દેશ તથા લેપ વગેરે દ્રવ્યોથી મુક્તિ કરાવવાની છે. પછી ધર્મીએ પણ મુક્તિ કરાવવાની છે, કારણ કે મુક્તિ કરાવવાનું તે જ જાણે છે એમ લોકમાં પ્રસિદ્ધ છે.

(આ કારિકાઓનો અર્થ યોજનામાં આપેલ છે તે પ્રમાણે ઉપર લખેલ છે. પહેલા છ અધ્યાયોમાં અરિષ્ટ વગેરે દૈત્યોને હણ્યાનું કહેલ નથી, પરન્તુ પહેલા બે એટલે ૩૩ તથા ૩૪ માં તેવી કથા છે. ત્યાર પછી ૪૧ મા અધ્યાયમાં મલ્લોને તથા કંસને તથા તેના ભાઈઓને હણ્યાની, ૪૮ મા અધ્યાયમાં કાલયવનને હણ્યાની, ૫૬ મા અધ્યાયમાં મુર તથા નરક ને હણ્યાની અને ૫૮ મા અધ્યાયમાં બલભદ્રે રુકમીને હણ્યાનું કહેલ છે. તેથી આ દુઃખ દેનારને હણ્યાની કથાના છ અધ્યાયો પાસે-પાસેના નથી. 'દેશથી મુક્તિ કરાવવી' એટલે દેશથી છૂટા પાડવા. ભગવાને યાદવોને દ્વારકાથી નહિ, પરન્તુ મથુરાથી છૂટા પાડયા અને દ્વારકામાં વસાવ્યા અ.૪૭।૫૮, અથવા કંસના ભયથી યાદવો મથુરા તજી જુદા-જુદા દેશોમાં જતા રહેલા, તેમને ભગવાને પાછા મથુરામાં વસાવ્યા અને તેઓ જયાં ભાગી ગએલ તે દેશોનો ત્યાગ કરાવ્યો –અ.૪૨।૧૫-૧૬. તેઓને કાલથી મુક્ત કરાવ્યાનું અ.૪૨।૧૯ માં જણાવેલ છે. તેઓની પ્રસિદ્ધિ કરાવ્યાનું અ.૪૨।૧૭-૧૮ માં પણ જણાવેલ છે).

[૩/અ. રાજસ પ્રમાણ પ્રકરણ. અ.૩૩-૩૯]

**પ્રમાણં નારદઃ પ્રોક્તઃ તથાઽક્રૂરો દ્વિતીયકઃ ।।૧૧૬।।**
**નન્દસ્તૃતીયઃ ક્ષત્તા તુ ચતુર્થો ગોપિકાસ્તથા ।।**
**હર્યાવિષ્ટો હરિશ્ચૈવ કુબ્જા ચાઽત્ર મતાઃ પુરા ।।૧૧૭।।**
**એતે પ્રમાણભૂતા હિ રાજસે સગુણો હરિઃ ।।**
**એતૈઃ સિદ્ધો રાજસાનાં સ્નેહઃ સર્વોત્તમઃ સ્થિતઃ ।।૧૧૮।।**

નારદ; પ્રમાણ(સત્ય જ્ઞાન કરાવનાર) કહેલો છે. તેવો બીજો અક્રૂર છે. નન્દ ત્રીજા, સંયમી તો ચોથો, તેમજ ગોપીઓ પાંચમી અને વળી હરિમાં આવેશવાળા હરિ છઠ્ઠા અને સાતમી કુબ્જા અહીં (સત્ય જ્ઞાન કરાવનાર) મનાયેલા છે, કારણ કે આ સત્ય જ્ઞાન કરાવનારા થયેલા છે. રાજસમાં હરિ; ગુણવાળા છે. આમનાથી રાજસોને ભગવાન્‌માં સર્વથી ઉત્તમ સ્નેહ થયેલો છે.

પહેલા તેત્રીસમા અધ્યાયમાં નારદે કંસને એવું સત્ય જ્ઞાન કરાવ્યું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે (શ્લો.૧૭). બીજો અક્રૂર કંસને શ્લો.૩૮-૩૯ માં ગોળ-ગોળ ઉત્તર આપી સત્ય જ્ઞાન કરાવે છે. ત્રીજો નન્દ અક્રૂરને કંસ સમ્બન્ધી સત્ય જ્ઞાન કરાવે છે (અ.૩૫।૪૧-૪૨). ચોથો નંદના અન્તઃપુરનો અધ્યક્ષ છે, ભગવાન્ ગોકુલથી મથુરા પધારવાના છે એવા તેણે સર્વને સમાચાર આપી (અ.૩૬।૧૨) સર્વનો પ્રેમ વધાર્યો. પાંચમી ગોપીઓ છે, તેમણે એ સમાચાર સર્વ સ્ત્રીઓમાં ફેલાવ્યા (અ.૩૬।૧૩-૧૮). છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ એટલે વ્યૂહરૂપ હરિ છે, તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે નહિ (અ.૩૬।૨૪). સાતમી કુબ્જા છે, તેને શ્રીકૃષ્ણે સુંદરી બનાવી, તેથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એવું સર્વને જ્ઞાન તેનાથી થયું. આ સાતે; ભગવાન્માં રાજસ ભક્તોનો ઉત્તમ સ્નેહ કરાવ્યો. રાજસ ભક્તોને વાસુદેવ વ્યૂહનું આ સાતે; જ્ઞાન કરાવ્યું અને તેમનામાં પ્રેમ ઉત્પન્ન કરાવ્યો. આવું જ્ઞાન આ પ્રકરણમાં કરાવ્યું તેથી આ પ્રમાણ પ્રકરણ છે.

**નારદો દેવગુહ્યસ્ય કર્તા ભયવિવર્ધનઃ ।।**
**યેન સ્નેહઃ સમુત્પન્નઃ તથાઽક્રૂરસ્તુ પોષકઃ ।।૧૧૯।।**
**સન્દેહજનનાચ્ચિત્તં કૃષ્ણાર્થે તરલં યતઃ ।।**
**સ્નેહે દ્વિતીયમેતદ્ધિ પર્વ લોકેઽપિ બુધ્યતામ્ ।।૧૨૦।।**

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદ ભયની વૃદ્ધિ કરનાર થાય છે, તેનાથી સ્નેહ સારી રીતે ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે અક્રૂર તો સ્નેહનું પોષણ કરનારો છે, કારણ કે કંસને સન્દેહ ઉત્પન્ન કરવાથી શ્રીકૃષ્ણ માટે દેવકી અને વસુદેવ નું ચિત્ત અસ્થિર થાય છે. લોકમાં પણ સ્નેહમાં આ બીજું પગથિયું છે એમ જાણવું.

(કંસ વગેરેને ભગવાન્ તરત જ હણે એ) દેવોનું છૂપું કાર્ય કરનાર નારદે કંસને કહી દીધું કે શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને પોતાના મિત્ર નન્દને ત્યાં રાખેલ (અ.૩૩।૧૭). તેથી કંસે વસુદેવ તથા દેવકી ને બાંધ્યાં. દેવોએ ગર્ભમાં શ્રીકૃષ્ણની સ્તુતિ કરેલી, તેમાં શ્રીકૃષ્ણ સર્વ યાદવોનું રક્ષણ કરશે, તેથી તમારે હવે કંસનો ભય ન રાખવો એમ કહેલ (૧૦।૨।૪૧). આ તેઓ ભૂલી ગયા અને નારદે કંસને સત્ય વૃત્તાન્ત કહ્યો, તેથી ભય પામ્યા. ભયને લીધે શ્રીકૃષ્ણમાં તેમનો સ્નેહ વધ્યો. એવી રીતે નારદે કંસને સત્ય જ્ઞાન કરાવ્યું અને તેથી દેવકી તથા વસુદેવ નો શ્રીકૃષ્ણમાં સ્નેહ વધ્યો.

અક્રૂરને કંસે શ્રીકૃષ્ણ તથા બલભદ્ર ને મથુરા લઈ આવવા મોકલેલ ત્યારે તેણે તેને ગોળ-ગોળ ઉત્તર આપેલ (અ.૩૩।૩૮-૩૯). નારદના કાર્યથી વસુદેવ અને દેવકી ને જે ભય થયેલ તે અક્રૂરના આ ઉત્તરથી વધે છે. તેમનું ચિત્ત ભગવાન્ માટે અસ્થિર થાય છે અને ભગવાન્માં તેમનો સ્નેહ વધે છે. લોકમાં પણ પ્રસિદ્ધિ છે કે જેના ઉપર સ્નેહ હોય તેના માટે શંકા કર્યા કરે અને ચિત્ત અસ્થિર રહે.

**નન્દસ્તુ પૂર્વભાવસ્ય નિન્દાં ચક્રે વિનિશ્ચિતામ્ ।।**
**તેન મિશ્રપરિત્યાગાત્ નિર્દોષસ્ય ભવિષ્યતિ ।।૧૨૧।।**
**ઉત્કણ્ઠા પરમા ક્ષત્રા ગોપિકાભિશ્ચ જાયતે ।।**
**પુરુષાણાં તથા સ્ત્રીણામ્ આવિષ્ટેન ભયં મહત્ ।।૧૨૨।।**
**તતઃ સન્દેહગમનાત્ સ્થિરઃ સ્નેહો ભવિષ્યતિ ।।**
**કૃષ્ણેન પુરુષૈર્યોગઃ સ્નેહવૃદ્ધિપ્રદાયકઃ ।।૧૨૩।।**

નન્દે તો કંસના પહેલાના સ્વભાવની નિશ્ચયપૂર્વક નિન્દા કરી, તેથી અક્રૂરે મિશ્રપણાનો ત્યાગ કરતાં નિર્દોષ થવાથી તેને ભગવાન્ સાથે રહેવાની ઘણી ઈચ્છા થશે. અન્તઃપુરના અધ્યક્ષ અને ગોપીઓથી અનુક્રમે પુરુષોને અને સ્ત્રીઓને શ્રીકૃષ્ણ મથુરા પધારશે તેવું જાણવામાં આવશે. આવેશવાળા હરિથી ઘણો ભય થશે અને પછી સન્દેહ દૂર થતાં ભગવાન્માં સ્થિર સ્નેહ થશે. પુરુષો સાથે શ્રીકૃષ્ણનો સમ્બન્ધ તેમના સ્નેહની વૃદ્ધિ કરાવનારો છે.

ત્રીજા નન્દ છે. તેમણે અક્રૂરને કંસનો સ્વભાવ જણાવ્યો (અ.૩૫।૪૧-૪૨) તે પહેલાં અક્રૂર કંસ તથા શ્રીકૃષ્ણ બન્ને ઉપર સ્નેહ રાખતો, પરન્તુ નન્દના આ વચનથી કંસનો ખરો સ્વભાવ તેના જાણવામાં આવતાં તે દોષરહિત થયો, અને કંસ ઉપર પ્રેમ રાખતો બંધ થયો. શ્રીકૃષ્ણ ઉપર તેનો પ્રેમ વધ્યો. તેથી મથુરા પહોંચ્યા પછી શ્રીકૃષ્ણને પોતાના ઘેર લઈ જવા તેણે કહ્યું, અને એકલા ઘેર જવાનું તેને રુચ્યું નહિ (અ.૩૮।૧૧-૧૬).

ચોથો નન્દના અન્તઃપુરનો અધ્યક્ષ અને પાંચમી ગોપીઓ છે. તેમણે ભગવાન્ મથુરા પધારવાના છે, એ સમાચાર ગોકુલના પુરુષો તથા સ્ત્રીઓમાં ફેલાવ્યા. તેથી ત્યાંના પુરુષો તથા સ્ત્રીઓને ઘણો શોક થયો અને શ્રીકૃષ્ણ ઉપરનો તેઓનો પ્રેમ વધ્યો.

આ સ્ત્રીઓ તથા પુરુષો પ્રથમ તામસ હતા, પરન્તુ તામસ પ્રકરણની લીલા પછી તેઓ રાજસ થયેલા હોવાથી, તેઓના સ્નેહથી વૃદ્ધિ થયાનું આ રાજસપ્રકરણમાં કહેલ છે.

છઠ્ઠા હરિમાં આવેશવાળા હરિ અથવા વ્યૂહરૂપ હરિ છે. તેમણે ગોપીઓમાં એવો ભય ઉત્પન્ન કર્યો કે ભગવાન્ મથુરા પધારશે અને પછી શ્રીગોકુલ પાછા પધારશે નહિ (અ.૩૯।૨૪). ત્યાર પછી ભગવાન્ ઉદ્ધવ સાથે સન્દેશો મોકલશે ત્યારે ભગવાને અમને તજી છે એવો તેઓનો સન્દેહ દૂર થશે અને શ્રીકૃષ્ણમાં તેઓનો સ્થિર સ્નેહ થશે.

વસ્ત્ર પહેરાવનાર સાથે (અ.૩૮।૪૦-૪૨) તથા સુદામા સાથે (અ.૩૮।૪૩-૫૨) ભગવાનનો સમ્બન્ધ થયો, તેથી તેઓનો ભગવાન્ ઉપર સ્નેહ ઘણો વધ્યો.

**તથૈવ કુબ્જયા સ્ત્રીણામ્ એવં સ્નેહો નિરૂપિતઃ ।।**
**પ્રમાણબલમાસાદ્ય તથાऽऽસક્તિઃ પ્રમેયકે ।।૧૨૪।।**

તેવી જ રીતે પ્રમાણનું બલ પ્રાપ્ત કરીને કુબ્જાથી સ્ત્રીઓનો સ્નેહ ભગવાન્‌માં વધેલો હોવાનું જણાવેલ છે. તે પ્રમાણે પ્રમેય પ્રકરણમાં આસક્તિ થયાનું કહેલ છે.

ભગવાન્ સાથે જેઓને નવો સમ્બન્ધ થયો તેઓને ભગવાન્‌માં સ્નેહ થયાનું, અને જેઓને જુનો સમ્બન્ધ હતો તેઓને આસક્તિ થયાનું પ્રમાણ પ્રકરણમાં જણાવેલ છે(યોજના). (‘પ્રમેયકે’ નો અર્થ ‘ભગવાન્‌માં’ લઈ યોજનામાં આવો અર્થ કરેલ છે. પરન્તુ ‘પ્રમેયકે’ એટલે ‘પ્રમેય પ્રકરણમાં’ અર્થ લઈ કારિકાનો અર્થ કરેલ છે, તે કારિકા ૧૫૬-૧૫૭ પ્રમાણે હોવાથી વધારે સારો જણાવાથી લીધેલ છે.)

**અરિષ્ટો રાજસાનાં હિ ગોકુલે નિધનં ગતઃ ।।**
**વાસનાલેશમાત્રેણ તત્ર સ્થાસ્યતિ સર્વદા ।।૧૨૫।।**
**ઈતોऽપિ ચેદ્ હરિર્ગચ્છેત્ નીત્વા સર્વસ્ય તામસમ્ ।।**
**રાજસાસ્તે ભવિષ્યન્તિ ગોકુલસ્થા ન સંશયઃ ।।૧૨૬।।**
**ઉભયે ચ તતસ્ત્વગ્રે સાત્ત્વિકા નિર્ગુણાસ્તતઃ ।।**
**ત્રયોऽપિ સમ્ભવિષ્યન્તિ મુક્તૌ તેષાં નિરૂપણમ્ ।।૧૨૭।।**

રાજસોને દુઃખ કરનારો અરિષ્ટ ગોકુલમાં હણાયો. તે માત્ર બાકી રહેલી વાસનાને લીધે ત્યાં સદા રહેવાનો. જ્યારે હરિ સર્વના તામસ ભાવને લઈને અહીંથી જાય, ત્યારે ગોકુલમાં રહેનારા રાજસો થવાના તેમાં સંશય નથી. ત્યાર પછી તો બન્ને સાત્ત્વિક અને પછી ત્રણે નિર્ગુણ થશે. તેઓનું વર્ણન મુક્તિમાં કરેલું છે.

૧૦।૨।૧ માં અરિષ્ટ પણ યાદવોને પીડા કરનારમાં ગણાવેલ છે. તેને ભગવાને ગોકુલમાં હણ્યો (અ.૩૩।૧૪). ‘અરિષ્ટ’ એટલે જેનો સમ્પૂર્ણ રીતે નાશ નથી તેવો. તેથી તે વાસનાથી સદા ગોકુલમાં રહેવાનો (ભગવાને વસ્તુતઃ ગોકુલમાં તેનું સ્થાપન કરેલ, ૧૦।૩૩।૧૬ ઉપરનાં શ્રીસુબોધિની). ગોકુલમાં રહેનારાઓના ભગવાનની અવજ્ઞા કરવારૂપ વગેરે તામસભાવને લઈ ભગવાન્ બીજે સ્થળે પધારે, ત્યારે તેઓ તેમનો તામસભાવ જવાથી રાજસ થવાના એમાં સન્દેહ નથી. તેથી અરિષ્ટને હણ્યાનું રાજસપ્રકરણમાં કહેલ છે તે યોગ્ય જ છે. ત્યાર પછી તામસો રાજસ થયા પછી બન્ને(તામસો અને રાજસો) સાત્ત્વિક થશે અને પછી ત્રણે(તામસો રાજસો અને સાત્ત્વિકો) નિર્ગુણ થશે. તેથી તેઓની કથા મુક્તિ એટલે અગિયારમા સ્કન્ધમાં કહેલી છે (જુઓ ૧૧।૧૧।૪૯ થી ૧૧।૧૨।૧૩).

**અધ્યાય ૩૩ :**

**દેવગુહ્યસ્ય કર્તા હિ નારદો દેવસમ્મતઃ ।।**
**ભગવત્સમ્મતિસ્ત્વત્ર નાસ્તીત્યેવેતિ મે મતિઃ ।।૧૨૮।।**
**યતઃ પ્રબોધયત્યેનં પ્રદ્યુમ્નત્વાત્ ન દુષ્યતિ ।।**
**પૂર્વં ભાવસ્તુ ન જ્ઞાતઃ સ્વાધિકારસ્તુ મધ્યમઃ ।।૧૨૯।।**

દેવોનું છૂપું કાર્ય કરનાર નારદને દેવની સમ્મતિ મળેલી, પરન્તુ આ વિષયમાં ભગવાનની સમ્મતિ ન હતી એવો જ મારો નિશ્ચય છે, કારણ કે તે ભગવાનની પાસે પોતાનું કાર્ય સ્પષ્ટ કરે છે. ભગવાનનો પ્રદ્યુમ્ન વ્યૂહ હોવાથી તેને દોષ લાગ્યો નથી. પહેલાં ભગવાનનો વિચાર તેણે જાણ્યો નહિ. તેનો પોતાનો અધિકાર તો મધ્યમ હતો.

''નારદ; ભગવાનનો ભક્ત હોવાથી વસુદેવ અને દેવકી ભક્તોને કંસ બંધનમાં નાખી દુઃખ આપે તેવું કાર્ય (અ.૩૩।૧૬-૧૯) તેણે કરવું યોગ્ય ન હતું'' એવો વિચાર આવે, તો જાણવું કે નારદ દેવોનું છૂપું કાર્ય કરનાર છે. પોતાનું દુઃખ તરત દૂર થાય એવી ઇચ્છાથી તેમણે નારદને કંસને સત્ય સમાચાર કહેવા પ્રેરણા કરી. તેથી નારદે કંસને એ વૃત્તાન્ત કહ્યો. આ કાર્યમાં ભગવાનની સમ્મતિ ન હતી. કારણ કે જો ભગવાનની સમ્મતિ હોત તો નારદને તેમની પાસે પોતે કરેલ કાર્ય સ્પષ્ટ કરી પોતાનો અપરાધ ક્ષમા કરાવવાનું ન રહેત (અ.૩૪।૧૦-૨૫). રાજસોનો નિરોધ કરવાની લીલા કરનાર આ ભગવાન્ પ્રદ્યુમ્નરૂપ હોવાથી (જુઓ શ્રીસુબોધિની અ.૩૩ના આરંભની કારિકા બીજી) નારદને એ પ્રમાણે પોતાનું કાર્ય સ્પષ્ટ કરવાથી દોષ લાગ્યો નથી. છતાં ભગવાને તેને કાંઈ ઉત્તર આપ્યો નહિ, અને તે મૂર્ખ છે એમ વિચારી માત્ર તેને જવાની રજા આપી (અ.૩૪।૨૫ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ). નારદે ભગવાનનો વિચાર પહેલાં જાણ્યો નહિ, કારણ કે તેનો અધિકાર મધ્યમ હતો. તે જાણ્યા વિના જ દેવોની પ્રેરણાથી તેણે કંસને એ વૃત્તાન્ત કહેલો.

**પૂર્વક્રુદ્ધા દેવવાણી પુત્રત્વાય યતો હરિઃ ।।**
**પ્રાર્થિતો વસુદેવાભ્યાં તતો ગમનયાચ્ઞયા ।।૧૩૦।।**
**અધ્યાત્મા નારદઃ ક્રુદ્ધ ઉભાભ્યાં બન્ધનં તયોઃ ।।**

વસુદેવ અને દેવકીએ ભગવાન્ અમારા પુત્ર થાય એવી તેમને પ્રાર્થના કરી, તેથી પહેલા દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. પછી બીજા સ્થળે પધારવાની વિનંતિથી પુરુષ નારદનો કોપ થયો. બન્નેએ તે બેનું બન્ધન કરાવ્યું.

(એકશેષ સમાસ પ્રમાણે 'વસુદેવાભ્યાં' શબ્દથી જણાવેલ) વસુદેવ અને દેવકી એ પૂર્વજન્મમાં ભગવાન્ પોતાના પુત્ર થાય એવી વિનંતિ કરેલી (૧૦।૮।૪૯). તેથી દેવવાણીનો તેમના ઉપર કોપ થયો. તેથી તેણે કંસને કહ્યું કે ''જેને તું લઈ જાય છે તેનો આઠમો ગર્ભ તને

હણશે'' (૧૦।૧।૩૪). આ તેઓનું પ્રથમ બન્ધન થવાનું મુખ્ય કારણ હતું. વસુદેવના સમજાવવાથી કંસે તે સમયે દેવકીને હણ્યા નહિ પરન્તુ પાછળથી નારદે ''બધા દેવો યાદવ અવતરેલા છે'' (૧૦।૧।૬૨-૬૪) એમ સમજાવ્યું ત્યારે તેણે વસુદેવ તથા દેવકીને સાંકળોથી બાંધ્યા (૧૦।૧।૬૬). આ બન્ધન થવામાં નારદ પણ કારણરૂપ છે, છતાં મુખ્ય કારણ આકાશવાણી છે.

ભગવાનના પ્રાદુર્ભાવ સમયે વસુદેવ તથા દેવકી એ તેમની સ્તુતિ કરેલી, તેમાં કંસ તરફથી ભય હોવાનું જણાવેલું (૧૦।૩।૨૨-૨૯). આથી એમ સૂચવેલું કે ભગવાને બીજા કોઈ સ્થળે પધારવું. તેથી જ ભગવાને પોતાને ગોકુલ પધરાવવા વસુદેવને પ્રેરણા કરી (૧૦।૪।૪૭). વસુદેવ તથા દેવકી એ આવી સૂચના કરેલી હોવાથી નારદનો તેમના ઉપર કોપ થયો, અને તેણે કંસને કહ્યું કે : ''શ્રીકૃષ્ણ દેવકીના પુત્ર છે અને વસુદેવે તેમને નન્દને ત્યાં પધરાવેલ છે'' (અ.૩૩।૧૭). નારદે કંસને એ કહી તેમનું બીજીવાર બન્ધન કરાવ્યું (અ.૩૨।૧૯).

**માયયા પ્રથમે મુક્તિઃ કૃષ્ણેનાગ્રે ભવિષ્યતિ ।।૧૩૧।।**
**માયાવશાત્ તદા યાચ્ઞા કૃષ્ણાર્થે ગમનં મતમ્ ।।**

પ્રથમ બન્ધનમાંથી માયાએ છોડાવ્યા, પાછળથી (બીજા બન્ધનમાંથી) શ્રીકૃષ્ણ છોડાવશે, કારણ કે તે સમયે માયાને વશ થઈ પ્રાર્થના કરેલી અને શ્રીકૃષ્ણને બીજે પધારવાનું શ્રીકૃષ્ણ માટે નક્કી કરેલું.

પહેલાં બન્ધનમાંથી માયાએ તેમને છોડાવ્યા (૧૦।૪।૧૨-૧૪) કારણ કે બાલક ઉપરની માયાને લીધે તેમણે ભગવાન્ પોતાના પુત્ર થાય એવી પ્રાર્થના કરેલી. બીજી વારના બન્ધનમાંથી શ્રીકૃષ્ણ જ તેમને છોડાવશે (૧૦।૪૧।૫૦) કારણ કે ભગવાને બીજા સ્થળે પધારવું એવી સૂચના તેમણે ભગવાન્ માટે જ કરેલી.

**અધિકારાત્ નાપરાધો નારદસ્ય ભવિષ્યતિ ।।૧૩૨।।**
**તથાપિ પ્રીયતે નૈવ હરિરિત્યેવ મે મતિઃ ।।**

અધિકાર હોવાને લીધે નારદને અપરાધ લાગ્યો નહિ, છતાં પણ હરિ તેના કાર્યથી પ્રસન્ન ન જ થયા એવી મારી માન્યતા છે.

નારદને દેવોનું છૂપું કાર્ય કરવાનો અધિકાર હતો, તેથી તેણે કંસને એ વૃત્તાન્ત કહ્યો, તેથી તેને દોષ ન લાગ્યો. પરન્તુ તેનાં એ કાર્યથી ભગવાન્ પ્રસન્ન ન જ થયા. તેણે અપરાધ ક્ષમા કરાવ્યો છતાં ભગવાને તેને ઉત્તર પણ ન આપ્યો અને માત્ર જવાની રજા આપી, તેથી ભગવાન્ પ્રસન્ન થયા ન હતા એમ જણાય છે.

**કંસાદયો રાજસા હિ બુદ્ધ્યા કાર્યસ્ય સાધકાઃ ।।૧૩૩।।**
**તામસં કેશિનં તેન પ્રેષયામાસ રાજસઃ।।**

કંસ વગેરે રાજસો બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હતા. તેથી રાજસે (કંસે) તામસ કેશીને મોકલ્યો.

કંસ વગેરે બુદ્ધિથી કાર્ય સિદ્ધ કરનારા હોવાથી રાજસ હતા. રાજસ કંસે તામસ કેશીને પોતાનું કાર્ય સિદ્ધ કરવા ગોકુલ મોકલ્યો(શ્લો.૧).

**મથુરાયાં તામસસ્ય વધો યુક્તો ન ચ ક્વચિત્ ।।૧૩૪।।**
**અતો ગોકુલમાસાદ્ય સોઽપિ નષ્ટો વિમુક્તયે ।।**

તામસનો વધ મથુરામાં થાય તે કોઈ પણ સંજોગોમાં યોગ્ય ન હતું. તેથી તે પણ મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ગોકુલ આવીને મૂઓ.

કેશીની મુક્તિ થઈ તેમાં સન્દેહ નથી. જુઓ શ્લો.૯ ઉપરના શ્રીસુબોધિની.

**જ્ઞાને તુ બાધકઃ કેશી તેનાક્રૂરાદયસ્તથા ।।૧૩૫।।**
**તથા ભક્તાવરિષ્ટોઽપિ તાવુભૌ ગોકુલે હતૌ ।।**
**અન્યથા ગોકુલસ્થાનાં જીવનં ન ભવેત્ ક્ષણમ્ ।।૧૩૬।।**

કેશી તો જ્ઞાનમાં વિઘ્ન કરનારો હતો, તેથી અક્રૂર વગેરે તેવા હતા. તેવી રીતે અરિષ્ટ પણ (ભક્તિમાં વિઘ્ન કરનારો) હતો. તે બન્ને ગોકુલમાં હણાયા. તેઓ હણાયા ન હોત તો ગોકુલમાં રહેનારાઓ એક ક્ષણ પણ જીવી શકત નહિ.

કેશી જ્ઞાનમાં વિઘ્ન કરનારો હોવાથી અક્રૂર વગેરે તેવા એટલે ભગવાનને ન જાણનારા જ હતા. અરિષ્ટ ભક્તિમાં વિઘ્ન કરનારો હતો. તેથી ગોકુલવાસીઓને જ્ઞાન તથા ભક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને તે બન્નેને ગોકુલમાં હણ્યા, કારણ કે ભગવાન્ શ્રીગોકુલથી બીજે પધારે ત્યારે જ્ઞાન અને ભક્તિ ન હોય તો ગોકુલવાસીઓ એક ક્ષણ પણ જીવી શકે નહિ.

**જ્ઞાન-ભક્તિ-પ્રસિદ્ધ્યર્થમ્ અક્રૂરાગમનં પુનઃ ।।**
**ગોકુલે બાધકો વ્યોમો લીલાયાં કર્મણિ સ્થિતઃ ।।૧૩૭।।**
**પરોક્ષેઽપિ હરેઃ સિદ્ધ્યૈ લીલાયાઃ સોઽપિ વૈ હતઃ ।।**

વળી જ્ઞાન અને ભક્તિ ગોકુલમાં સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ત્યાં આવેલો. કર્મને અનુસરનાર વ્યોમ; ગોકુલમાં લીલામાં વિઘ્ન કરનાર હતો. હરિના વિયોગના સમયમાં પણ લીલા થઈ શકે તે માટે તેને પણ ભગવાને નકકી હણ્યો.

ભગવાન્ ગોકુલથી બીજા સ્થળે પધારી જાય, ત્યારે તેમનો વિરહ હોવા છતાં ગોકુલમાં જ્ઞાન અને ભક્તિ સારી રીતે થઈ શકે તે માટે અક્રૂર ગોકુલ આવ્યાનું આ પ્રકરણમાં જણાવેલ છે. વ્યોમાસુર પણ ગોકુલમાં ભગવાનની લીલામાં વિઘ્ન કરનારો હતો. ભગવાન્ ગોકુલમાંથી બહાર પધાર્યા પછી પણ લીલા થઈ શકે તે માટે ભગવાને તેને પણ ગોકુલમાં હણ્યો(શ્લો.૨૮-૩૩).

**દ્વાભ્યાં ત્રયોઽત્ર નિહતાઃ પરોક્ષેણ ત્રયોઽત્ર હિ ।।૧૩૮।।**
**માર્ગાઃ પુષ્ટા ભવિષ્યન્તિ તેન રાજસતા સ્થિતા ।।**

બેથી અહીં ત્રણને હણ્યા. તેથી ભગવાનના વિરહમાં પણ અહીં ત્રણ માર્ગો પુષ્ટ થશે. તેથી તામસોનું રાજસ થવાપણું પણ દૃઢ થયું.

તેત્રીસમો અધ્યાય ઐશ્વર્ય દર્શાવે છે. ભગવાને ઐશ્વર્યથી અરિષ્ટને હણ્યો. ચોત્રીસમો અધ્યાય વીર્ય દર્શાવનારો છે, ભગવાને વીર્યથી કેશી તથા વ્યોમાસુરને હણ્યા. ઐશ્વર્ય અને વીર્ય એ બે ગુણોથી ભગવાને અરિષ્ટ, કેશી અને વ્યોમ એ ત્રણને હણ્યા. આ ત્રણ અનુક્રમે ભક્તિ, જ્ઞાન અને લીલા-કર્મ માં વિઘ્ન કરનારા હતા. તેઓ હણાવાથી ભગવાનના વિરહમાં પણ ગોકુલમાં ભક્તિ જ્ઞાન અને લીલા થઈ શકશે અને ત્રણે માર્ગો પુષ્ટ થશે. ગોકુલવાસીઓ તામસ મટી રાજસ થયા છે એવી પ્રતીતિ દૃઢ થાય તે માટે ભગવાને એ પ્રમાણે આ ત્રણે માર્ગો પુષ્ટ થાય એમ કરેલ છે.

**અધ્યાય ૩૫ :**

**સાત્ત્વિકોઽપ્યુભયૈર્દોષૈઃ અક્રૂરઃ કંસસંગતઃ ।।૧૩૯।।**
**ઉભયોસ્તુ તતો નાશે ભક્ત્યા કૃષ્ણાન્તિકં ગતઃ ।।**

અક્રૂર સાત્ત્વિક હોવા છતાં બન્ને પ્રકારના દોષથી તેને કંસનો સંગ થયો, પરન્તુ પછી બન્ને દોષોનો નાશ થતાં ભક્તિથી શ્રીકૃષ્ણ પાસે ગયો.

સાત્ત્વિક અક્રૂરને રાજસ અને તામસ એ બન્ને પ્રકારના દોષોથી કંસનો સંગ થયો, પરન્તુ પાછળથી તેને ભગવાન્ સમ્બન્ધી મનોરથો માર્ગમાં થતાં, તે બન્ને પ્રકારના દોષોનો નાશ થયો અને ભક્તિથી તે શ્રીકૃષ્ણ પાસે પહોંચ્યો.

**સિદ્ધાન્તસ્ય પરિજ્ઞાનાદ્ આસુરાણાં તથાઽભવત્ ।।૧૪૦।।**
**ભગવચ્છાસ્ત્રવિજ્ઞાનાત્ સન્દિગ્ધં સ ઉવાચ હ ।।**

અસુરોનો સિદ્ધાન્ત જાણતો હોવાથી તે તેવો થયો. ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્રનું તેને જ્ઞાન હોવાથી તેણે સન્દેહવાળો ઉત્તર કંસને આપ્યો.

કંસે શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવાનો વિચાર કરી, તેમ કરવા તેમને બોલાવી લાવવા અક્રૂરને આજ્ઞા

કરેલી. આવાં કાર્ય માટે ભક્તે ભગવાન્ પાસે જવું યોગ્ય નથી જ, છતાં અક્રૂરને કંસનો સંગ હતો અને અસુરોના સિદ્ધાન્ત તે જાણતો હતો. તેથી તેણે અસુર થઈ તે કાર્ય કરવાનું કબુલ કર્યું. છતાં ભગવાન્ સમ્બન્ધી શાસ્ત્ર પણ તે જાણતો હતો. તેથી કંસે એવી આજ્ઞા કરી ત્યારે તેણે ગોળ-ગોળ ન સમજી શકાય તેવો ઉત્તર આપ્યો (શ્લો.૩૮-૩૯).

**યથાકથઞ્ચિદ્ દુષ્ટસ્ય પરિત્યાગે તુ સાત્ત્વિકઃ ।।૧૪૧।।**
**ભક્તઃ સન્ ભગવત્પાર્શ્વં યાતિ કૃષ્ણશ્ચ તુષ્યતિ ।।**

હરકોઈ પ્રકારે દુષ્ટનો ત્યાગ થતાં તો તે સાત્ત્વિક ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ પ્રસન્ન થયા.

ત્યાર પછી માર્ગમાં તે એકલો જતાં દુષ્ટના સંગનો ત્યાગ થવાથી તે સાત્ત્વિક થયો અને ભક્ત થઈ ભગવાન્ પાસે ગયો અને શ્રીકૃષ્ણ તેના ઉપર પ્રસન્ન થયા (શ્લો.૨૮-૩૪-૩૬).

**માર્ગત્રયે તતઃ પ્રોક્તા તસ્ય નિષ્ઠા વિશેષતઃ ।।૧૪૨।।**
**કૃષ્ણમાહાત્મ્યવિજ્ઞાનં ભક્તિમાર્ગોપયોગિ હિ ।।**
**સ્વરૂપબોધો જ્ઞાનાર્થઃ કામના કર્મણિ સ્થિતા ।।૧૪૩।।**
**ત્રિભિસ્ત્રયોऽપિ સન્તુષ્ટા નન્દરામૌ તથા હરિઃ ।।**

તેથી ત્રણે માર્ગોમાં તેને ઘણી શ્રદ્ધા હોવાનું કહેલ છે, કારણ કે શ્રીકૃષ્ણના માહાત્મ્યનું જ્ઞાન ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. તેમના સ્વરૂપનું જ્ઞાન કરાવનારું છે, અને કામના કર્મમાર્ગમાં થવાનું મનાયેલ છે. એ ત્રણથી નન્દ, બલભદ્ર અને હરિ ત્રણે પ્રસન્ન થયા.

૧. શ્રીકૃષ્ણના માહાત્મ્યનું અક્રૂરને જ્ઞાન હતું (શ્લો.૩-૮) તે ભક્તિમાર્ગમાં ઉપયોગી છે. ૨. તેમનાં સ્વરૂપનું તેને જ્ઞાન હતું(શ્લો.૧૦-૧૩) તે જ્ઞાન કરાવનારું હોઈ જ્ઞાનમાર્ગમાં ઉપયોગી છે અને ૩. તે કામનાઓ કરતો (શ્લો.૧૬-૨૩) તે કર્મમાર્ગમાં ઉપયોગી છે. ત્રણે માર્ગમાં તેની શ્રદ્ધા હોવાનું જણાવ્યું. તેથી અનુક્રમે શ્રીકૃષ્ણ(શ્લો.૩૬) બલભદ્ર(શ્લો.૪૦) અને નન્દ(શ્લો.૪૩) એ ત્રણે પ્રસન્ન થયા. અક્રૂરને ભગવાનના માહાત્મ્ય વગેરેનું જ્ઞાન હોવાનું આ અધ્યાયમાં કહેલ છે, તે ભગવાનનો યશ જણાવનાર છે.

**અધ્યાય ૩૬ :**

**હરેર્નિર્ગમનં તસ્માત્ ન યુક્તમ્ ઈતિ વૈ શુકઃ ।।૧૪૪।।**
**ગોપિકાવાક્યરીત્યૈવ ભગવદ્ગમનં જગૌ ।।**

તે સ્થાનમાંથી હરિ બહાર જાય તે યોગ્ય ન જણાવાથી શુકે ખરેખર ગોપિકાઓના વચનના પ્રકારે ભગવાન્ નીકળ્યાનું કહેલ છે.

ગોકુલવાસીઓ હવે તામસ મટી રાજસ થયેલા. મથુરામાં રહેનારા યાદવો પણ રાજસ હતા. ભગવાન્ મથુરા પધારી ત્યાંથી રાજસ ગોકુલવાસીઓનો નિરોધ કરે, તેવી જ રીતે ગોકુલમાં રહી રાજસ મથુરાવાસીઓનો પણ નિરોધ કરી શકે. તેથી તેમણે મથુરા પધારવાનું કાંઈ યોગ્ય કારણ દેખાતું ન હોવાથી શુક ગોપીઓનાં વચનથી ભગવાન્ મથુરા પધારે છે તેનું વર્ણન કરે છે. આ પ્રમાણે વર્ણન થવાથી ગોપીઓનો ભગવાન્માં ઉત્તમભાવ હતો તે જણાય છે, અને તેમનો તેવો ભાવ જણાય તે માટે જ ભગવાન્ મથુરા પધારે છે. શ્લો.૧૧।૧૨।૧૦ થી આ જણાય છે.

**પ્રતિબન્ધાદ્ અરિષ્ટાદેર્ન ગોપીકાયિકોદ્યમઃ ।।૧૪૫।।**
**વાક્યેનૈવ ચ સન્તુષ્ટા વાચિ તાસ્તુ પ્રતિષ્ઠિતાઃ ।।**

અરિષ્ટ વગેરેથી થતા વિઘ્નને લીધે ગોપીઓએ ભગવાનને મથુરા જતાં રોકવા માટે કાયાથી ઉદ્યમ ન કર્યો, અને વચનથી જ સન્તોષ રાખ્યો. તેઓ તો વાણીમાં સ્થિર હતા.

વાસનાઓ ભગવાનને પ્રાપ્ત કરવામાં વિઘ્નરૂપ છે એમ સાતમા સ્કન્ધમાં દર્શાવેલ છે. ગોપીઓમાં તો અરિષ્ટનું મૃત્યુ થવાથી થોડી જ વાસના રહેલી અને તે પણ અરિષ્ટ વગેરેને લીધે આવી ચડેલી. છતાં વાસના દુષ્ટ હોવાથી તેને લીધે તેઓએ ભગવાનને મથુરા પધારતાં રોકવાનો ઉદ્યમ કાયાથી ન કર્યો પણ માત્ર વચનથી જ સન્તોષ રાખ્યો (શ્લો.૨૮). તેઓ ઋષિરૂપ અને ઉપનિષદ્રૂપ હોવાથી ભગવાનના શ્લો.૩૫ માં જણાવેલ વાણીના સન્દેશા ઉપર જ વિશ્વાસ રાખી રહ્યા.

**અક્રૂરે ત્રિતયં જાતં વૈકુણ્ઠે સ્થાપનાય હિ ।।૧૪૬।।**
**બ્રહ્મહ્રદે નિમગ્નસ્ય તથા દર્શનમીર્યતે ।।**
**અન્યથા ભગવત્સંગં ન ત્યજેચ્ચ કથઞ્ચન ।।૧૪૭।।**

અક્રૂર ઉપર ત્રણની પ્રસન્નતા હતી. તેને વૈકુંઠમાં રાખવાનો છે એમ જણાવવા તેણે બ્રહ્મધરામાં ડૂબકી મારી ત્યારે તેને તેવાં દર્શન થયાનું કહેલ છે. તેમ ન હોત તો કોઈ પણ સંજોગોમાં તે ભગવાનનો સંગ તજત નહિ.

ઉપર કહ્યું તેમ અક્રૂર ઉપર નન્દ, બલભદ્ર અને ભગવાન્ ત્રણે પ્રસન્ન થયેલા. તેને વૈકુંઠમાં રાખવાનો છે, એમ જણાવવા ભગવાને તેને કાલિન્દીના ધરામાં શેષશાયી સ્વરૂપે દર્શન આપ્યાં (શ્લો.૪૧-૫૫). જો ભગવાન્ તેને તેમ જણાવવાના ન હોત તો તે ભગવાનનો સંગ તજી ધરામાં સ્નાન કરવા જાત જ નહિ.

આ અધ્યાયમાં ગોપીઓને ભગવાનનો વિરહ થાય છે એ ભગવાનનાં 'શ્રી' ધર્મનું કાર્ય છે.

**અધ્યાય ૩૭ :**

**માહાત્મ્યં જ્ઞાપિતં ત્વર્થાત્ તેન સ્તોત્રમ્ ઉદીરિતમ્ ।।**
**સંસ્કારમાત્રતસ્તસ્મિન્ સ્નેહભક્તિઃ પ્રતિષ્ઠિતા ।।૧૪૮।।**
**વ્યવહારો મહદ્ભિઃ સ્યાદ્ યથા કૃષ્ણે તથાઽભવત્ ।।**

વાસ્તવિક રીતે ભગવાને માહાત્મ્ય જણાવ્યું, તેથી તો અક્રૂરે સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તેનામાં ભગવાન્ ઉપર સ્નેહરૂપ ભક્તિ રહેલી. જેવો મોટા પુરુષો સાથે વ્યવહાર થાય, તેવો તે શ્રીકૃષ્ણ પ્રતિ કરતો.

ભગવાને શેષશાયી સ્વરૂપે દર્શન દઈ અક્રૂરને પોતાનું માહાત્મ્ય જણાવ્યું, તેથી તેણે આ અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરી. માત્ર સંસ્કારને લીધે તે ભગવાન્ ઉપર સ્નેહ રાખતો (પણ સંગ તેને સારા પુરુષનો ન હતો). સંસ્કારને લીધે પોતે કાકો છે એવું અભિમાન તજી તે ભગવાનને નમન કરતો. અક્રૂરે કરેલી આ સ્તુતિ જ્ઞાનનું કાર્ય છે.

**અધ્યાય ૩૮ :**

**કુબ્જાનિઃશંકવચનૈઃ સ્વેચ્છાં પૂરયતે હરિઃ ।।૧૪૯।।**
**ઉભયોરન્તરા દંડપ્રસાદૌ સુનિરૂપિતૌ ।।**
**શ્રુતમાહાત્મ્યયુક્તાનાં સન્દેહવિનિવારકૌ ।।૧૫૦।।**

કુબ્જાને કહેલાં શંકારહિત વચનો (પહેલા) ભગવાન્ પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે. તે બન્નેની વચ્ચે જેમણે ભગવાનનાં માહાત્મ્યનું શ્રવણ કરેલું તેઓના સન્દેહને દૂર કરનાર દંડ અને કૃપા સારી રીતે કહેલાં છે.

ભગવાન્ મથુરા પહોંચી અક્રૂરને તેના ઘેર મોકલે છે અને પોતે નગર બહાર ઉતારો કરી નગરી જોશે એવી પોતાની ઈચ્છા જણાવે છે (શ્લો.૧૦). ત્યાર પછી ભગવાન્ નગરી જુએ છે (શ્લો.૧૯-૩૧), ધોબીને હણે છે (શ્લો.૩૨-૩૯), વસ્ત્ર પહેરાવનાર ઉપર (શ્લો.૪૦-૪૨) અને સુદામા માળી ઉપર કૃપા કરે છે (શ્લો.૪૩-૫૨), ત્યાર પછી ભગવાન્ કુબ્જાને મળે છે અને તેને સુંદરી બનાવી શંકારહિત વચનો કહે છે (અ.૩૯।૧-૧૨). તેથી ભગવાન્ નગરી જોવાની પોતાની ઈચ્છા પૂર્ણ કરે છે અને કુબ્જાને શંકારહિત વચનો કહે છે, તે બેની વચ્ચે તેમણે ધોબીને કરેલ દંડ અને વસ્ત્ર પહેરાવનાર તથા સુદામા ઉપર કરેલી કૃપા કહેલાં છે. જેમણે શ્રીકૃષ્ણનું માહાત્મ્ય સાંભળેલું તેમનો એવો સન્દેહ કે શ્રીકૃષ્ણ ભગવાન્ છે કે નહિ તેને આ પ્રસંગો દૂર કરાવનારા છે.

**રજકો દંડનીયો હિ પૂર્વધાષ્ટ્ર્યાદ્ ઇહાપિ હિ ।।**
**સીતાયા વિપ્રિયં વક્તા રંગશોભાર્થમુદ્યતઃ ।।૧૫૧।।**
**અુત્યજા દૈત્યપક્ષીયા રજકસ્તેષુ ચાદિમઃ ।।**
**કર્મમાર્ગે ફલં સર્વૈઃ પ્રાપ્યતે તત્ તથોકતવાન્ ।।૧૫૨।।**
**વસ્ત્રદાતુઃ ફલં તે સ્યાદ્ અન્યથા તુ વધઃ સ્મૃતઃ ।।**

ધોબી દંડ કરવા યોગ્ય હતો, કારણ કે સીતા દોષવાળી હોવાનું કહેનાર તે, અહીં પણ પહેલાંની ઉદ્ધતાઈને લીધે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. અુત્યજો દૈત્યોના પક્ષના છે અને તેઓમાં ધોબી મુખ્ય છે. કર્મમાર્ગમાં સર્વ ફલ પ્રાપ્ત કરે છે તેથી ભગવાને તેને તેમ કહ્યું કે ''વસ્ત્ર આપનારને તને ફલ પ્રાપ્ત થશે''. તેમ ન કરતાં તો વધ થવાનું કહેલું છે.

ધોબીએ રામાવતારમાં સીતા દોષવાળી હોવાનું ખોટું કહેલું. તેવી ઉદ્ધતાઈ કરી હમણાં પણ તે અખાડાની શોભા જોવા તૈયાર થયેલો. ભગવાને તેની પાસે વસ્ત્રો માગ્યાં અને તે આપે તો તેનું ઘણું કલ્યાણ થશે એમ પણ તેને કહ્યું (શ્લો.૩૩). છતાં તેણે તેમને ઉદ્ધત ઉત્તર આપ્યો, (શ્લો.૩૫-૩૬) કર્મમાર્ગ પ્રમાણે સર્વને તેમના કર્મનું ફળ મળે છે. તેથી તેણે ઉદ્ધત ઉત્તર આપ્યો. તેનું ફલ ભગવાને તેને આપ્યું, એ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે. જો તેણે ભગવાનને વસ્ત્રો આપ્યાં હોત તો તેને ઘણું જ સારું ફલ મળત. ઉદ્ધત ઉત્તર ન આપ્યો હોત તો તેને ભગવાન્ હણત પણ નહિ.

**માલાકારઃ પ્રિયો લોકે ભક્તાનાં સુતરાં પ્રિયઃ ।।૧૫૩।।**
**ઉભૌ પરીક્ષિતૌ સમ્યક્ તતો દંડાદિકં કૃતમ્ ।।**

માળી લોકમાં પ્રિય હોય છે. ભક્તોને ઘણો વધારે પ્રિય હોય છે. બન્નેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. પછી દંડ વગેરે કર્યાં.

ધોબી અને માળી બન્નેની ભગવાને સારી રીતે પરીક્ષા કરી. ભગવાને માળી પાસે કાંઈ માંગેલ પણ નહિ, છતાં તેણે તેમને આસન આપી તેમની પૂજા કરી અને તેમની ઈચ્છા જાણી ઉત્તમ માલાઓ પહેરાવી. તેથી ભગવાને તેના ઉપર કૃપા કરી તેને ઉત્તમ ભક્તિ, બલ, આયુષ્ય વગેરે આપ્યાં. એ પ્રમાણે તેની પણ પરીક્ષા કરી તેને જે આપવા યોગ્ય હતું તે આપ્યું, તે પણ ભગવાનનો વૈરાગ્ય ગુણ જ દર્શાવે છે.

**તયોર્મધ્યે વેષકર્તા નટાનાં સુતરાં પ્રિયઃ ।।૧૫૪।।**
**પ્રસાદસ્ત્રિષુ વક્તવ્યઃ તતસ્તસ્મિન્ પુરોદિતઃ ।।**

તે બેની વચ્ચે નટોને ઘણો પ્રિય વસ્ત્ર પહેરાવનાર કહેલો છે. ત્રણ ઉપર (કરેલી) કૃપા કહેવાની હતી, તેથી તેના ઉપર કરેલી પહેલાં કહેલી છે.

ધોબી અને માળી એ બે ની વચ્ચે, વસ્ત્ર પહેરાવનાર ઉપર કરેલી કૃપાનું વર્ણન કરેલું છે. વસ્ત્ર પહેરાવનાર, માળી અને કુબ્જા એ ત્રણ ઉપર કરેલી કૃપા જણાવવાની હતી, તે પૈકી વસ્ત્ર પહેરાવનાર ઉપરની કૃપા પ્રથમ કહેલી છે.

**અધ્યાય ૩૯ :**

**ધનુષો ભઙ્જનં ચૈવ રક્ષકાણાં વધસ્તથા ।।૧૫૫।।**
**નિગ્રહોડપિ દ્વિધા જાતઃ તૈઃ સર્વં પ્રકટીકૃતમ્ ।।**

ધનુષ્યનો ભંગ અને તેવી જ રીતે તેનું રક્ષણ કરનારાઓનો વધ એમ નિગ્રહ પણ બે પ્રકારનો કહેલો છે. તેઓથી સર્વ પ્રકટ કરેલું છે.

સ્થાવર ધનુષ્યનો ભંગ (શ્લો.૧૭) અને તેનું રક્ષણ કરનારા તથા સૈન્યનો વધ (શ્લો.૨૧-૨૨), એમ બે પ્રકારે ભગવાને નિગ્રહ પણ કર્યો છે. કુબ્જા ઉપરની કૃપા અને આ બે પ્રકારનો નિગ્રહ ધર્મોનું કાર્ય છે. ધોબીને કરેલ દંડ ત્રણ ઉપર કરેલી કૃપા અને બે પ્રકારના નિગ્રહથી શ્રીકૃષ્ણ ભગવાન્ છે એમ પ્રકટ કરેલ છે.

[આ. રાજસ પ્રમેય પ્રકરણ. અધ્યાય ૪૦-૪૬ ]

**પ્રમેયબલમાસાદ્ય તતઃ સપ્તભિરુચ્યતે ।।૧૫૬।।**
**આસક્તિઃ યાદવાનાં ચ દુષ્ટાનાં ચ વધસ્તથા ।।**

પછી પ્રમેયબલ પ્રાપ્ત કરીને ભગવાને પોતામાં યાદવોની આસક્તિ કરાવી અને દુષ્ટોનો વધ કર્યો તે સાત અધ્યાયોથી કહેવામાં આવે છે.

જેમનું જ્ઞાન પ્રાપ્ત કરવાનું તે પ્રમેય ભગવાનનું બલ આ પ્રકરણમાં જણાવવામાં આવતું હોવાથી આ 'પ્રમેયપ્રકરણ' કહેવાય છે.

**પ્રમેયે સપ્ત ભક્તા હિ તાવન્તશ્ચાપિ વિદ્વિષઃ ।।૧૫૭।।**

કારણકે પ્રમેય પ્રકરણમાં સાત ભક્તો છે અને વળી તેટલા જ દ્વેષ કરનારા પણ છે.

સાત અધ્યાયોથી આ પ્રકરણની કથા કહે છે, કારણ કે આ પ્રકરણમાં સાત ભક્તો તેમજ સાત દ્વેષ કરનારાઓ છે.

**દેવકી વસુદેવશ્ચ સર્વ એવ ચ યાદવાઃ ।।**
**આધ્યાત્મિકપ્રકારેણ દ્વાવેતૌ પરિકીર્તિતૌ ।।૧૫૮।।**

૧. દેવકી અને વસુદેવ અને ૨. બધાએ યાદવો આ બેનું આધ્યાત્મિક પ્રકારથી નિરૂપણ કરેલું છે.

દેવકી અને વસુદેવની આસક્તિ (અ.૪૧।૫૦-૫૧ તથા અ.૪૨।૧-૧૧) દર્શાવી છે. બધા યાદવોની આસક્તિનું નિરૂપણ અ.૪૨।૧૫-૧૯ માં કરેલું છે. આ બન્નેના મનને સન્તોષ આપીને તેઓની પોતામાં ભગવાને આસક્તિ કરાવ્યાનું કહેલ છે.

**અધિદેવો ગુરુઃ પ્રોક્તઃ પુત્રદાનાત્ સ મોચિતઃ ।।**
**નન્દઃ પત્નીયુતશ્ચૈવ ગોપિકાઃ કુબ્જયા યુતાઃ ।।૧૫૯।।**
**અક્રૂરઃ પાંડવાશ્ચૈવ સપ્તૈતે નિષ્પ્રપઞ્ચિતાઃ ।।**

૩. ગુરુ અધિષ્ઠાતા દેવ કહેલ છે. તેને પુત્ર આપીને મુક્ત કરેલ છે. ૪. વળી પત્ની સાથે નન્દ અને ૫. કુબ્જા સાથે ગોપીઓ ૬. અક્રૂર અને વળી ૭. પાંડવો — આ સાતને પ્રપંચમાંથી ખેંચી લીધેલા છે.

૩. ગુરુ અધિષ્ઠાતા દેવ છે, તેને તેનો પુત્ર લાવી આપી મુક્ત કરેલ છે, અ.૪૨।૩૧-૪૯. (શ્લો.૩૭ ઉપરનાં શ્રીસુબોધિની જુઓ). ૪. નન્દ અને યશોદા (અ.૪૩।૧૫-૪૩), ૫. ગોપીઓ અને કુબ્જા (અ.૪૪।૧-૬૮, અ.૪૫।૧-૧૦), ૬. અક્રૂર (અ.૪૫।૧૨-૩૬) અને ૭. પાંડવો (અ.૪૬) આ સાતનો ભગવાને આ પ્રકરણમાં પ્રપંચમાંથી ઉદ્ધાર કરેલો છે.

**ગજઃ પંચ તથા મલ્લાઃ સપ્તમઃ કંસ ઉચ્યતે ।।૧૬૦।।**
**ભ્રાતરસ્તત્પ્રસંગેન હતાઃ સપ્તૈવ દોષતઃ ।।**

૧. હાથી અને (૨-૬) પાંચ મલ્લો ૭. સાતમો (દ્વેષ કરનાર) કંસ કહેલો છે. તેના પ્રસંગને લીધે તેના આઠ ભાઈઓ હણાયા. પોતાના દોષથી સાત જ હણાયા છે.

[૧]હાથી કુવલયાપીડ (અ.૪૦।૨-૧૪), [૨]ચાણૂર, [૩]મુષ્ટિક, [૪]કૂટ, [૫]શલ અને [૬]તોશલ એ પાંચ મલ્લો (અ.૪૧।૧-૨૮) અને સાતમો [૭]કંસ (શ્લો.૩૧-૩૮); એ સાત ભગવાનનો દ્વેષ કરનારા હણાયા. કંસના કંક, ન્યગ્રોધ વગેરે આઠ ભાઈઓ તો કંસનું વેર વાળવા આવ્યા તે પ્રસંગને લીધે હણાયા (શ્લો.૪૦-૪૧). સાત જ દ્વેષ કરનારા પોતાના દોષથી હણાયેલા.

**એતાવાનેવ રૂપે હિ સ્નેહ-દ્વેષવિનિર્ણયઃ ।।૧૬૧।।**
**જીવન્તો મુક્તિમાયાન્તિ ભક્તા દ્વિષ્ટા હતાઃ પુનઃ ।।**

સ્વરૂપ પ્રતિ સ્નેહ અને દ્વેષ રાખવા સમ્બન્ધી આટલો જ નિશ્ચિત નિર્ણય છે કે ભક્તો જીવતાં મુક્તિ પ્રાપ્ત કરે છે. પરન્તુ દ્વેષ રાખનારા મૃત્યુ પામીને મુક્તિ પ્રાપ્ત કરે છે.

ભગવાન્ સાથે હર કોઈ પ્રકારે સમ્બન્ધમાં આવવાથી મુક્તિ પ્રાપ્ત થાય છે. સ્નેહ રાખનાર

ભક્તો અને દ્વેષ રાખનાર બન્નેને મુક્તિ પ્રાપ્ત થાય છે, ભક્તોને જીવતાં અને દ્વેષીઓને મૃત્યુ પ્રાપ્ત થયા પછી મુક્તિ પ્રાપ્ત થાય છે.

**અધ્યાય ૪૦-૪૧-૪૨ :**

**રૂપં સર્વવિમોક્ષાય સ્નેહાસક્તિનિવારકમ્ ।।૧૬૨।।**
**ભયં યસ્માત્ તસ્ય વધઃ કારણં તત્પુરોદિતમ્ ।।**
**અધ્યાયદ્વિતયેનૈવ બહિરન્તર્વ્યવસ્થયા ।।૧૬૩।।**

ભગવાનનું સ્વરૂપ સર્વને મોક્ષ આપવા માટે છે. તેમાં સ્નેહ અને આસક્તિ ને અટકાવનાર ભય છે તેથી જેને ભય થયેલ હોય તે તદ્રૂપ થવાનું કારણ મૃત્યુ છે. તે પહેલાં કહેલું છે. બહારની અને અન્દરની વ્યવસ્થાથી બે અધ્યાયોથી તે જ કહેલ છે.

ભગવાનનું સ્વરૂપ તેની સાથે હરકોઈ પ્રકારે સમ્બન્ધમાં આવનારને મોક્ષ પ્રાપ્ત કરાવનારું છે. ભયને લીધે તેમાં સ્નેહ અને આસક્તિ થાય નહિ. જેનાથી ભય ઉત્પન્ન થતો હોય, તદ્રૂપ થવાનું કારણ મૃત્યુ છે. ભમરી અને ઈયળના દૃષ્ટાન્તથી આ.૭।૧।૨૭ માં દર્શાવેલ છે. (તેથી ભગવાન્થી જેમને ભય થાય છે તેવા અસુરોનો વધ થતાં તેઓ ભગવદ્રૂપ થાય છે, કે મોક્ષ પ્રાપ્ત કરે છે). અહીં પણ બહારની અને અન્દરની વ્યવસ્થાથી આ દર્શાવેલ છે. અધ્યાય ૪૧ માં મલ્લો તથા કંસ નો વધ કરી ભગવાન્ તેમને મોક્ષ આપે છે. આ બહારની અથવા દ્વેષીઓ સમ્બન્ધી વ્યવસ્થા થઈ. અધ્યાય ૪૧ માં ભગવાન્ માતપિતા ઉગ્રસેન, યાદવો, નન્દ તથા ગુરુ સાન્દીપનિની પોતામાં આસક્તિ કરાવે છે, એ અંદરની વ્યવસ્થા છે. એ પ્રમાણે આ બે અધ્યાયોથી આ જ વૃત્તાન્ત કહેલો છે.

**તતઃ કાલસ્ય સર્વેષાં ભયહેતોર્નિવારણમ્ ।।**
**તેનૈવ સિદ્ધં માહાત્મ્યમ્ આસક્તઃ સ્યાદ્ ભયાદપિ ।।૧૬૪।।**
**એવં ત્રિભિરિહાધ્યાયૈઃ આસક્તૌ સાધનં જગૌ ।।**

પછી સર્વને ભય કરનાર કાલનો ભગવાન્ અવરોધ કરે છે. તેનાથી જ ભગવાનનું માહાત્મ્ય સિદ્ધ થાય છે. જીવ ભયથી પણ ભગવાન્માં આસક્ત થાય છે. એવી રીતે ત્રણ અધ્યાયોથી અહીં આસક્તિનું સાધન કહેલું છે.

અ.૪૨।૧૯ માં ઘરડાઓ પણ જુવાન થયાનું વગેરે શા માટે કહેલ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાનનાં માહાત્મ્યનું જ્ઞાન થયું ન હોય ત્યાં સુધી સ્નેહ ભક્તિરૂપ થતો નથી. તેથી કાલનો પણ ભગવાન્ અવરોધ કરે છે એમ આ વર્ણનથી જણાવી ભગવાનનું માહાત્મ્ય દર્શાવેલું છે.

ભગવાન્ કાલનો ભય દૂર કરે તેથી તેમનામાં સ્નેહ થાય, છતાં ભય સ્નેહથી વિરુદ્ધ હોવાથી અહીં ભયનું નિરૂપણ કરવું યોગ્ય નથી — એવો વિચાર આવે, તો જાણવું કે ભયથી પણ ભગવાન્‌માં આસક્તિ થાય છે. આસક્તિ થવી એટલે એકતાન થવું. ભગવાન્‌માં એકતાન થવું તે જ મોક્ષ પ્રાપ્ત કરાવનાર છે. જેમ સ્નેહથી એકતાન થવાય છે તેમ ભયથી પણ એકતાન થવાય છે એમ ૭।૧।૨૭ માં જણાવેલ ભમરી અને ઈયળના દૃષ્ટાન્તથી સ્પષ્ટ જણાય છે. ૪૦-૪૨ સુધીના ત્રણ અધ્યાયોથી ભગવાન્‌માં આસક્તિ કરવાના સાધન જણાવેલા છે.

**સ્નિગ્ધાનાં સાન્ત્વનાભાવે પ્રતિબન્ધો ભવેદિહ ।।૧૬૫।।**
**અતશ્ચતુર્ભિઃ ભૂતાનાં ત્રિવિધાનાં ચ સાન્ત્વનમ્ ।।**

વળી સ્નેહવાળાનું જો સાંત્વન કરવામાં ન આવે તો આ વિષયમાં વિઘ્ન થાય. તેથી ચાર અધ્યાયોથી ત્રણ પ્રકારના પ્રાણીઓનું સાંત્વન કરેલું છે.

સ્નેહવાળાનું જો સાન્ત્વન કરવામાં ન આવે તો તેઓની ભગવાન્‌માં આસક્તિ થવામાં વિઘ્ન થાય, આસક્તિ થાય નહિ. તેથી ૪૩-૪૬ સુધીના ચાર અધ્યાયોથી સાત્ત્વિક, રાજસ અને તામસ એ ત્રણે ગુણવાળા પ્રાણીઓનું સાન્ત્વન કર્યાનું કહેલ છે.

**કાલજં સાન્ત્વને વ્યર્થમ્ અતઃ સદ્ભિર્નિવારિતમ્ ।।૧૬૬।।**

સાન્ત્વન કરવામાં આવે ત્યારે પણ જો કાલથી થતું દુઃખ રહે તો સાન્ત્વન વ્યર્થ ગણાય, તેથી ઉત્તમ પુરુષોથી કાલથી થતું દુઃખ રોકી દીધેલ છે.

ઉત્તમ પુરુષ ઉદ્ધવ વગેરેથી જ્ઞાન આપી બોધ કરી કાલથી થતું દુઃખ રોકી દીધેલું છે.

**અધ્યાય ૪૩-૪૪ :**

**અજ્ઞાને સાન્ત્વનં યુક્તં તેન દ્વાભ્યાં વ્રજે જગૌ ।।**
**યશોદા વાઽથનન્દો વા ગોપિકા વા યદા યદા ।।૧૬૭।।**
**કૃષ્ણાસક્તૈકહૃદયાઃ તદાઽઽવિર્ભાવમેતિ હિ ।।**
**બહિર્મુખદશાયાં તુ ન પશ્યન્તીતિ દુઃખિતાઃ ।।૧૬૮।।**

અજ્ઞાન હોય ત્યારે સાન્ત્વન કરવું યોગ્ય છે. તેથી બે અધ્યાયોથી વ્રજમાં સાન્ત્વન કર્યાનું કહેલ છે. યશોદા અથવા નન્દ અથવા ગોપિકાઓનાં હૃદય જ્યારે-જ્યારે માત્ર શ્રીકૃષ્ણમાં જ આસક્તિવાળાં થતાં, ત્યારે-ત્યારે શ્રીકૃષ્ણ નક્કી પ્રકટ થતા, પરન્તુ તેઓ બહિર્મુખ દશામાં હોય ત્યારે તો તેઓને દર્શન ન થવાથી તેઓ દુઃખી થતા.

ભગવાન્‌માં આસક્તિ થાય અને તે થવામાં વિઘ્ન ન થાય તે માટે સાન્ત્વન કરવાનું છે, પરન્તુ

વ્રજવાસીઓની ભગવાન્‌માં પૂર્ણ આસક્તિ હતી અને તે દૂર થાય તેવી ન હતી. તેથી તેઓને સાન્ત્વન કરવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાન્ સર્વત્ર છે એ વિષયનું અજ્ઞાન હોય ત્યારે સાન્ત્વન કરવું ઉપયોગી છે. તેથી ૪૩ અને ૪૪ એ બે અધ્યાયોથી વ્રજમાં નન્દ તથા યશોદા નું અને ગોપીઓનું સાન્ત્વન કર્યાનું કહેલ છે. ભગવાન્ સર્વત્ર હોવાથી જ્યારે-જ્યારે તેઓનાં હૃદય, તેમનામાં જ આસક્તિવાળાં થતાં, ત્યારે ભગવાન્ પ્રકટ થઈ તેમને દર્શન દેતા, અને જ્યારે તેમનાં અન્તઃકરણ બહિર્મુખ થતાં ત્યારે તેમને ભગવાનનાં દર્શન ન થવાથી તેઓ દુઃખી થતા.

**અતઃ પ્રબોધ એવાત્ર કર્તવ્યો ન તતોઽધિકઃ ।।**
**લોકવત્તુ વ્યવસ્થાનં લોકધર્મવિનાશનઃ ।।૧૬૯।।**
**નન્દાદીનાં ન કર્તવ્યઃ પિષ્ટપેષો ન યુજ્યતે ।।**

તેથી આ વિષયમાં તેઓનો પ્રબોધ જ કરવો જોઈએ. તેથી અધિક કરવાનું નથી. નિર્ણય તો લોક પેઠે કરવો ન જોઈએ. નન્દ વગેરેના લોકના ધર્મનો નાશ કરવો ન જોઈએ. દળેલાંને દળવું, એ યોગ્ય નથી.

નન્દ વગેરેને ભગવાન્ સર્વત્ર છે એ વિષયનું જ્ઞાન ન હોવાથી તેઓને તે જ્ઞાન જ આપવું જોઈએ. તેથી અધિક કાંઈ કરવાની એટલે ભગવાનને બહારથી પ્રકટ થવાની જરૂર ન હતી. આ વિષયમાં લોકની પેઠે જ નિર્ણય કરવો જોઈએ. નિષ્ફલ કાર્ય કરવું યોગ્ય નથી.

**પ્રપંચપાતને સક્તાસ્તે કૃષ્ણસ્ય ન સર્વથા ।।૧૭૦।।**
**અન્તર્મુખે ત્વાવિરાસીત્ તતો બોધનમુત્તમમ્ ।।**

પ્રપંચમાં નાખવામાં આવે ત્યારે તેઓની શ્રીકૃષ્ણમાં સમ્પૂર્ણ આસક્તિ રહેતી નહિ. અંદર ભગવાન્ પ્રતિ દૃષ્ટિ હોય, ત્યારે તો ભગવાન્ પ્રકટ થતા. તેથી પ્રબોધ કરવો ઉત્તમ હતો.

**ચૌર્યાદિકં યથાપૂર્વં પ્રપંચસ્મૃતિશાન્તયે ।।૧૭૧।।**
**તથા બહિર્મુખત્વેઽપિ દુઃખં યચ્છત્યબોધતઃ ।।**

તેઓના પ્રપંચના સ્મરણનો નાશ થાય તે માટે જેમ પહેલાં ભગવાન્ ચોરી વગેરે કરતા, તેમ તેઓ જ્યારે અજ્ઞાનને લીધે બહિર્મુખ થાય, ત્યારે ભગવાન્ તેઓને દુઃખ આપે છે.

પહેલાં જ્યારે તેમનું ચિત્ત પ્રપંચમાં જતું, ત્યારે ભગવાન્ ચોરી વગેરે કરી પ્રપંચમાંથી ચિત્ત હટાવી પોતામાં પરોવતા. તેમ આ સમયે પણ જ્યારે તેઓનું ચિત્ત અજ્ઞાનને લીધે બહિર્મુખ થાય, ત્યારે ભગવાન્ તેમને દુઃખ આપતા અને ચિત્ત બહિર્મુખ થતાં અટકાવતા. તેથી ભગવાનની આ લીલામાં પણ ક્યાંય જરાએ દોષ નથી.

**મથુરાસ્થા નાઽધુનાપિ નિષ્પ્રપંચા ન સર્વથા ।।૧૭૨।।**
**અતઃ પ્રપંચધર્માણાં સંગ્રહસ્તાં વિચાર્ય હિ ।।**

મથુરામાં રહેનારાઓ હજી સુધી પણ સમ્પૂર્ણ રીતે પ્રપંચરહિત થયા ન હતા. તેથી તેઓની અપૂર્ણ આસક્તિનો વિચાર કરીને ભગવાને તેઓના પ્રપંચના ગુણોનો સ્વીકાર કર્યો.

ગોકુલમાં રહેનારાઓના પ્રપંચને હટાવવા ભગવાને ઘણો પ્રયત્ન કર્યો. તેઓની પેઠે મથુરાના રહેવાસીઓનો પણ નિરોધ કરવાનો હોવાથી તેમનો પ્રપંચ હટાવવા તેવો પ્રયત્ન કેમ ન કર્યો ? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે. મથુરાના રહીશોની ભગવાન્‌માં સમ્પૂર્ણ આસક્તિ ન હતી, તેથી તેઓને ભગવાન્ ઉપર વિશ્વાસ રહે તે માટે ભગવાને તેમના પ્રપંચના ગુણોનો (તેમના પુત્ર હોવાપણું વગેરેનો) સ્વીકાર કર્યો.

**જીવાઃ સ્વભાવતો દુષ્ટા દોષભાવં નયન્તિ હિ ।।૧૭૩।।**
**સર્વમેવ સ્વસમ્બન્ધાત્ તથા કૃષ્ણેઽપિ સંગતાઃ ।।**

જીવો સ્વભાવથી દુષ્ટ હોય છે, પોતાના સમ્બન્ધથી સર્વને પણ દૂષિત કરે છે તેવી રીતે શ્રીકૃષ્ણ સાથે પણ સમ્બન્ધમાં આવ્યા.

મહાભારતમાં રાજાના ગુણોના પ્રસંગમાં બભ્રુ અને ઉગ્રસેનના સમ્બન્ધમાં આમ થયેલ હોવાનું પ્રસિદ્ધ છે. તેવું જ આ પ્રસંગમાં પણ જાણવું. તેથી મથુરાના રહેવાસીઓની ભગવાન્‌માં પૂરી આસક્તિ થયેલી ન હોવાથી ભગવાને તેઓના પ્રપંચનો નાશ કરવા આ સમયે પ્રયત્ન કરેલો નથી, પણ માત્ર ગોકુલવાસીઓના પ્રપંચનો નાશ કરવા પ્રયત્ન કરેલો છે.

**પ્રપંચવિસ્મૃતિઃ પૂર્વં દોષાભાવાય કારિતા ।।૧૭૪।।**
**કૃષ્ણવિસ્મરણં તત્ર ન યુક્તમ્ ઇતિ બોધનમ્ ।।**

દોષ ન રહે તે માટે પહેલાં (ભગવાને ગોકુલવાસીઓને) પ્રપંચ ભૂલાવ્યો. તેમાં શ્રીકૃષ્ણનું વિસ્મરણ યોગ્ય ન હોવાથી તેમને જ્ઞાન કરાવ્યું.

ગોકુલવાસીઓમાં દોષ ન રહે તે માટે પ્રથમ ભગવાને તેમને પ્રપંચ ભૂલાવ્યો. પછી ભગવાનનું વિસ્મરણ ન થાય તે માટે જ્ઞાન કરાવ્યું.

**પ્રબોધે દોષહાનિઃ સ્યાદ્ આત્મત્વે સુતરામપિ ।।૧૭૫।।**
**તદુદ્ધવેન ગુરુણા બોધયામાસ કેશવઃ ।।**

જ્ઞાન થતાં દોષ જતાં રહે વળી ભગવાનનું સર્વના આત્મા તરીકે જ્ઞાન થતાં દોષ ઘણી સારી રીતે જતા રહે. તેથી કેશવે, ગુરુ ઉદ્ધવદ્વારા તેવું જ્ઞાન કરાવ્યું.

ગોપીઓ પોતાને ભૂલે નહિ, અને સાત્ત્વિકભાવ થવામાં વિઘ્ન કરનારા દોષો તેમનામાં ન રહે, તે માટે ભગવાને ઉદ્ધવ મારફત ગોપીઓને જ્ઞાન કરાવ્યું (અ.૪૪।૨૯-૩૭).

**ય એવ સ્યાદ્ ઉપાયોઽત્ર સ કર્તવ્યો ન ચેતરઃ ।।૧૭૬।।**
**અતો બોધનમ્ અત્રોક્તં ન તુ સાક્ષાત્ સ્વયં ગતઃ ।।**

આ વિષયમાં જે ઉપાય હોય તે જ કરવો જોઈએ, બીજો ઉપાય કરવો ન જોઈએ. તેથી અહીં જ્ઞાન કરાવ્યાનું કહેલ છે, પરન્તુ ભગવાન્ પોતે ગોપીઓ પાસે પધાર્યા નથી.

જે કાર્ય ભગવાને જ્ઞાન કરાવીને કર્યું તે પોતે પધારીને પણ કરી શક્ત, તેથી તે પોતે ગોપીઓ પાસે કેમ પધાર્યા નહિ ? એવો પ્રશ્ન થાય, તેથી આ કહેલ છે.

**આગતઃ સર્વદૈવાસ્તે તદા ચાયાતિ સત્યવાક્ ।।૧૭૭।।**
**ઈદં ચ બોધનાત્ સિદ્ધે દોષોઽપિ વિનિવર્તતે ।।**

ગોકુલ પધારેલા ભગવાન્ ત્યાં સદાએ રહે છે અને સત્ય વદનાર ત્યાં તે સમયે પણ પધારેલા છે. વળી આ (ઉદ્ધવે ગોપીઓને આપેલ) જ્ઞાનથી સિદ્ધ થતાં દોષ પણ નીકળી જાય છે.

અ.૩૬।૩૫ માં ભગવાને ‘હું પધારીશ’ અમે કહેલું અને અ.૪૨।૨૩ માં નન્દને પણ એમ કહેલું. જો ભગવાન્ ગોકુલ પધારે નહિ તો આ તેમના વાક્યો ખોટાં ઠરે — એવી શંકા દૂર કરવા આ કહેલ છે. ભગવાન્ ગોકુલમાં નન્દની પાસે પધારેલા (અ.૪૩।૩૪-૩૫ ઉપરનાં શ્રીસુબોધિની), વળી ગોકુલમાં પણ ભગવાન્ સદા રહેલા છે (અ.૪૪।૨૯-૩૦). ઉદ્ધવે ગોપીઓને આપેલ આ જ્ઞાનથી ગોપીઓનો દોષ દૂર થાય છે.

**દોષશ્ચતુર્ધા ટીકાયાં વિસ્તરેણ પ્રપઞ્ચિતઃ ।।૧૭૮।।**
**તત્ક્ષાન્તિશ્ચાપિ બોધેન તેન નાત્રોચ્યતે સ્ફુટઃ ।।**

ચાર પ્રકારનો દોષ ટીકામાં વિસ્તારથી કહેલો છે, અને જ્ઞાનથી તેમાંથી મુક્ત થયાનું પણ કહેલ છે. તેથી અહીં સ્પષ્ટતાથી કહેલ નથી.

ગોપીઓએ ચાર પ્રકારના દોષ કરેલા : (૧. માન (શ્લો.૩), ૨. ભગવાન્ પોતાને ભૂલી ગયા છે એવો તેમના ઉપર દોષ મૂકવો તે (શ્લો.૪-૧૦), ૩. ભગવાન્ સાથે સમાધાન કરવાની પણ ના પાડવી (શ્લો.૧૧-૧૮), ૪. ભગવાને પોતાને ઠગેલ હોવાનું કહેવું (શ્લો.૧૯); એ ચાર દોષ જણાય છે.) (અ.૪૪।૩-૧૯ સુધીના શ્લોકોથી) શ્રીસુબોધિનીમાં વિસ્તારથી જણાવેલા છે. વળી ઉદ્ધવે આપેલ જ્ઞાનથી તેઓ દોષથી મુક્ત થયાનું કહેલ છે. તેથી અહીં નિબન્ધમાં તે દોષ સ્પષ્ટ રીતે કહેલ નથી.

**અધ્યાય ૪૫-૪૬ :**

**કુબ્જા તુ રાજસી નારી તથાઽક્રૂરશ્ચ યાદવઃ ॥૧૭૯॥**
**ઉપલક્ષણભાવેન દ્વાવેતૌ વિનિરૂપિતૌ ॥**

કુબ્જા તો રાજસી સ્ત્રી હતી અને અક્રૂર પણ તેવો (રાજસ) યાદવ હતો. આ બેનું (રાજસ સ્ત્રી-પુરુષોનું) ચિન્હ તરીકે નિરૂપણ કરેલું છે.

(અ.૪૫।૧-૧૦) ભગવાને કુબ્જાનું સાન્ત્વન કરેલું છે, તે જ અધ્યાયના ૧૧-૩૬ સુધીના શ્લોકોથી અક્રૂરનું સાન્ત્વન કરેલું છે. રાજસ સ્ત્રી-પુરુષોના દષ્ટાન્ત તરીકે આ બેનાં સાન્ત્વનનું નિરૂપણ કરેલ છે.

**કુન્તી ચ પાંડવાશ્ચૈવ સાત્ત્વિકૌ પૂર્વવન્મતૌ ॥૧૮૦॥**
**ધૃતરાષ્ટ્રકૃતે દુઃખે તસ્યાપિ સ્યાત્તુ બોધનમ્ ॥**
**સ તુ સાત્ત્વિકવર્યો હિ પુત્રસ્નેહાત્ તથાઽકરોત્ ॥૧૮૧॥**
**અતઃ પ્રબોધ ઉચિતઃ તસ્યાપિ સ્યાન્ ન સંશયઃ ॥**
**એવં ચતુર્ભિરધ્યાયૈઃ સાન્ત્વનં વિનિરૂપિતમ્ ॥૧૮૨॥**

કુન્તી અને પાંડવો સાત્ત્વિક હતા, (અને) ઉપર જણાવ્યું તે પ્રમાણે વિચારાયેલા. તેમને ધૃતરાષ્ટ્રે દુઃખ દીધું ત્યારે તેને પણ જ્ઞાન આપવું જોઈએ. તે ઉત્તમ સાત્વિક હતો, પરન્તુ પુત્ર ઉપરના સ્નેહને લીધે તેણે તેમ કરેલ. તેથી તેને પણ જ્ઞાન આપવું યોગ્ય હતું તેમાં સંશય નથી. એવી રીતે ૪૩-૪૬ ચાર અધ્યાયોથી સાન્ત્વન કર્યાનું કહેલું છે.

'ઉપર જણાવ્યું તે પ્રમાણે' એટલે નિરોધ કરવાનો હોવાથી સાન્ત્વન કરવા યોગ્ય વિચારાયેલા હતા, ધૃતરાષ્ટ્ર તેમને દુઃખ આપતો બંધ થાય તે માટે તેને પણ જ્ઞાન આપવું જોઈએ. તેથી છેતાલીસમાં અધ્યાયમાં અક્રૂરદ્વારા કુન્તી અને પાંડવો નું સાન્ત્વન કર્યું (શ્લો.૧૫) અને ધૃતરાષ્ટ્રને બોધ કર્યો (શ્લો.૧૭-૨૫). ધૃતરાષ્ટ્ર ઉત્તમ સાત્ત્વિક હતો એમ તેણે અક્રૂરને આપેલ ઉત્તર (શ્લો.૨૬-૨૯) ઉપરથી સ્પષ્ટ જણાય છે. વળી પહેલા સ્કન્ધમાં તેને મુક્તિ મળ્યાનું પણ કહેલ છે.

**પ્રમાણેઽપિ પ્રમેયેઽપિ ભગવાન્ સપ્તરૂપધૃક્ ॥**
**ક્રમેણૈવાત્ર સંયોજ્યઃ તેન નોક્તો વિશેષતઃ ॥૧૮૩॥**

અહીં પ્રમાણમાં અને વળી પ્રમેયમાં પણ સાત સ્વરૂપ ધારણ કરનાર ભગવાનનો અનુક્રમે જ સમ્બન્ધ લેવાનો છે. તેથી ખાસ કહેલ નથી.

રાજસ પ્રમાણ પ્રકરણમાં તેમજ રાજસ પ્રમેય પ્રકરણમાં પણ ઐશ્વર્ય વગેરે ભગવાનના છ

ગુણો તથા ધર્મીએવા સાત સ્વરૂપવાળા ભગવાનનો સાત અધ્યાયોમાં અનુક્રમે સમ્બન્ધ લેવાનો છે. તેથી એ સમ્બન્ધ અહીં ખાસ દર્શાવેલ નથી.

**અલૌકિકેન ભાવેન યાવદ્ધિ ભગવત્કૃતઃ ।।**
**સ પૂર્વાર્ધે હરેઃ સ્વસ્ય ધર્મસ્તાદશ ઉચ્યતે ।।૧૮૪।।**

જ્યાં સુધી અલૌકિક પ્રકારથી ભગવાને ઉદ્યમ કર્યો, તે પૂર્વાર્ધ છે. ભગવાનનો પોતાનો ગુણ તેવો હોવાનું કહેલ છે.

ભગવાને અલૌકિક પ્રકારે જે ઉદ્યમ કર્યો તે શ્રીભાગવતના દશમા સ્કન્ધના પૂર્વાર્ધમાં કહેલ છે. આ હરિનો પોતાનો ગુણ છે. આ પૂર્વાર્ધમાં જે લીલા ભગવાને કરેલ હોવાનું કહેલું છે તે ભગવાને સાક્ષાત્ (પોતાની મેળે) કરેલી નથી, પરન્તુ બીજાની ઇચ્છા પ્રમાણે, બીજાની ઇચ્છા ધ્યાનમાં લઈને જ કરેલી છે. હવે ઉતરાર્ધમાં જે લીલાઓ ભગવાને કર્યાનું કહેવામાં આવશે તે ભગવાને પોતે જ કરેલી છે એમ જાણવું (અ.૪૬।૩૧ ઉપરના શ્રીસુબોધિની).

**લોકધર્મં પુરસ્કૃત્ય યચ્ચકાર યદૂદ્વહઃ ।।**
**અસ્વભાવાદ્ ઉત્તરાર્ધં કાર્યં તત્તુ પ્રકીર્તિતમ્ ।।૧૮૫।।**
**પ્રમેયં ચ *તથાત્રાર્ધં રાજસપ્રક્રિયાર્ધતઃ ।।**
**એવં પ્રમેયબલતઃ કૃષ્ણાસક્તાઽભવન્ મુદા ।।૧૮૬।।**

(*નિર્ણયસાગરવાળી પ્રતમાં દર્શાવેલ પાઠભેદ લીધેલ છે. 'તથા ચાત્ર' એવો પણ પાઠ છે.)

ઉત્તમ યાદવે લોકધર્મનો આદર કરીને પોતાના સ્વભાવથી વિરુદ્ધ જે કરેલ, તેમજ રાજસપ્રકરણ અર્ધ (પૂરું) થયા પછી જે અર્ધ પ્રમેય અહીં કહેલ છે તે તો ઉત્તરાર્ધનું કાર્ય કહેલું છે. એવી રીતે પ્રમેયના બલથી આનન્દથી રાજસો શ્રીકૃષ્ણમાં આસક્તિવાળા થયા.

લોકધર્મનો આદર કરી લૌકિક પ્રકારે ભગવાને જે લીલા કરી તે ઉત્તરાર્ધમાં કહેલી છે. રાજસ પ્રમેય પ્રકરણ અહીં પૂરું થાય છે.

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**
ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન
પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

# ।। દશમસ્કન્ધ ઉત્તરાર્ધ ।।

[ઈ. રાજસ સાધન પ્રકરણ. અધ્યાય ૪૭-૫૩]

**તતો વ્યસનસિદ્ધ્યર્થં સાધનાન્યાહ સપ્તભિઃ ।।**
**લૌકિકે વ્યસને પ્રાપ્તે તસ્મિંશ્ચ વિનિરાકૃતે ।।૧૮૭।।**
**વ્યસનાસક્તહૃદયાઃ કૃષ્ણવ્યસનિનોઽભવન્ ।।**

પછી શ્રીકૃષ્ણમાં વ્યસન પ્રાપ્ત થાય તે માટે સાત અધ્યાયોથી સાધનો કહે છે. લૌકિક દુઃખ થાય, અને તે શ્રીકૃષ્ણ દૂર કરે, ત્યારે દુઃખમાં જેઓનું હૃદય ચોંટેલ તેઓ શ્રીકૃષ્ણમાં જ વ્યસનવાળા થયા.

આ પ્રકરણમાં રાજસોનું ચિત્ત ભગવાન્‌માં જ ચોંટેલ રહે તેનાં સાધનો કહેલાં હોવાથી આ રાજસ સાધન પ્રકરણ કહેવાય છે. શ્રીકૃષ્ણ તેઓનાં દુઃખ દૂર કરે છે, એ સાધનથી તેઓનાં ચિત્ત શ્રીકૃષ્ણમાં વ્યસનવાળાં થાય છે.

**જરાસન્ધશ્ચ યવનઃ પુનર્બ્રાહ્મણસંયુતઃ ।।૧૮૮।।**
**શિવપ્રસાદપુષ્ટશ્ચ જરાસન્ધો વિશિષ્યતે ।।**
**રાજસસ્તામસશ્ચૈવ સાત્ત્વિકશ્ચ પ્રકીર્તિતઃ ।।૧૮૯।।**

૧. જરાસન્ધ, ૨. યવન અને ૩. બ્રાહ્મણ સાથે ભળેલો અને શિવની કૃપાથી બલવાન થએલો જરાસન્ધ પાછો પહેલાના કરતાં જુદો છે. આ રાજસ અને તામસ તેમજ સાત્ત્વિક અનુક્રમે કહેલ છે.

રાજસોને દુઃખ દેનારાઓ અહીં જણાવેલા છે. જરાસન્ધની બે જુદી-જુદી અવસ્થા થયેલી હોવાથી તે બે પ્રકારનો છે. તેથી દુઃખ દેનારા ત્રણ થયા. (શિવની કૃપાથી બલવાન થયેલ જરાસન્ધના સમ્બન્ધમાં અ.૪૯।૭ ઉપરનાં શ્રીસુબોધિની જુઓ).

**અધ્યાય ૪૭ :**

**કેવલઃ પૌરુષાપોહ્યઃ સ સપ્તદશધોદિતઃ ।।**
**પ્રજાપતિપ્રસૂતત્ત્વાત્ તાવદ્વારં સમાગતઃ ।।૧૯૦।।**

એકલો(જરાસન્ધ) હરાવી કાઢવા યોગ્ય પુરુષાતનવાળો હતો. તે સત્તર પ્રકારે વર્ણવેલો છે. પ્રજાપતિથી ઉત્પન્ન થયેલો હોવાથી તે તેટલીવાર આવેલો.

જરાસન્ધના ફાડીઆને પ્રજાપતિએ પ્રેરણા કરેલી, જરાએ સાંધેલ હોવાથી તે પ્રજાપતિથી જ ઉત્પન્ન થયેલો. પ્રજાપતિ બ્રહ્માણ્ડમાં અધ્યક્ષ છે. તે કાલરૂપ અને યજ્ઞરૂપ હોઈ સત્તર પ્રકારના છે.

જરાસન્ધ એકલો એટલે બ્રાહ્મણ તથા શંકરની સાહાય્ય વિના પોતાનાં જ પુરુષાતનથી સત્તરવાર આવેલો અને હારેલો. (અ.૪૭।૪૩ ઉપરનાં શ્રીસુબોધિની જુઓ).

**અષ્ટાદશે દ્વન્દ્વભાવમ્ આપન્નો સહજો મહાન્ ।।**
**તતો વ્યસનકર્તા હિ તદૈશ્વર્યેણ વૈ હરિઃ ।।૧૯૧।।**
**વિશ્વકર્માણમાહૂય મથુરાસમભાવતઃ ।।**
**દ્વારકાં નિર્મમે તત્ર યોગવીર્યં ચકાર હ ।।૧૯૨।।**
**તતો વ્યસનનિર્મુક્તા કૃષ્ણવ્યસનમાગમન્ ।।**
**એવમેકેન ભૂતાનાં વ્યસનં વિનિવર્તિતમ્ ।।૧૯૩।।**

અઢારમા સંગ્રામમાં કુદરતથી બલવાળા જરાસન્ધે બેનું અલૌકિક બલ પ્રાપ્ત કરેલું. તેથી તે ખરેખર દુઃખ કરનારો થયો. તે સમયે હરિએ પોતાના ઐશ્વર્યથી ખરેખર વિશ્વકર્માને બોલાવી મથુરાની સમાન સ્થિતિવાળી દ્વારકા બનાવળાવી. ત્યાં યોગનું વીર્ય પ્રકટ કર્યું. પછી દુઃખમાંથી મુક્ત થયેલાઓ શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા. એવી રીતે એક અધ્યાયથી પ્રાણીઓનું દુઃખ દૂર કર્યાનું કહેલું છે.

અઢારમા સંગ્રામમાં બ્રાહ્મણો અને શંકર નું બળ પ્રાપ્ત કરી જરાસન્ધ આવ્યો. શ્રીકૃષ્ણે મનુષ્યની સ્થિતિ સ્વીકારેલી હોવાથી તેમણે બ્રાહ્મણોનાં અને શંકરના વચનનો આદર કરવો જોઈએ, તેથી આ સંગ્રામમાં તે દુઃખ દેનારો થઈ શક્યો. તે સમયે ભગવાને દ્વારકા બનાવળાવી અને પોતાના યોગના પ્રભાવથી પોતાના સર્વજનોને દ્વારકા પહોંચાડી દીધા અને દુઃખમાંથી મુક્ત કર્યા. તેથી તેઓ શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા.

**અધ્યાય ૪૮ :**

**આધ્યાત્મિકાનાં ચ તથા તદર્થં યવનો હતઃ ।।**
**અદ્યાપિ મથુરાયાં હિ તિષ્ઠુત્યાધ્યાત્મિકાઃ સદા ।।૧૯૪।।**

તેવી રીતે આધ્યાત્મિક દુઃખો પણ દૂર કરવાનાં હતા તે માટે યવનને હણ્યો, કારણ કે આ સમયે પણ મથુરામાં આધ્યાત્મિક દુઃખો સદા રહેતા.

ભગવાન્ સર્વજનોને દ્વારકા લઈ ગયા, તેથી મથુરામાં કોઈ ન રહેવાથી યવનને હણવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે યવનનું ધન ભગવાન્ મથુરામાં લઈ જતા હતા, તેથી જણાય છે કે ત્યાં બલભદ્ર અને બીજા લોકો રહેતા હતા. તેઓના મનનાં દુઃખ (ચિન્તા) દૂર કરવા ભગવાને યવનને હણેલો. જરાસન્ધ પ્રવર્ષણ પર્વતને આગ લગાડી પાછો મગધ ગયાનું ૪૯ મા અધ્યાયમાં કહેલ છે, ત્યાં સુધી આ દુઃખ દૂર કરવાની કથા કહી છે.

**દૈવિકાશ્ચાપિ તિષ્ઠન્તિ ત્રિભિસ્તાન્ મોચયત્યસૌ ।।**
**રુક્મિણીવ્યસનં તત્ર નિયામકમિતિ સ્થિતિઃ ।।૧૯૫।।**

આધિદૈવિક દુઃખો પણ હતાં. તેઓમાંથી ત્રણ અધ્યાયોથી તેમણે તેઓને મુક્ત કર્યાનું કહેલ છે. રુક્મિણીનું દુઃખ તે વિષય સારી રીતે જણાવનારું હોવાની સ્થિતિ છે.

આધિદૈવિક દુઃખના સમ્બન્ધમાં રુક્મિણીની કથા કહેલી છે. યાદવોને સર્વ રાજાઓ સાથે વિગ્રહ થવાથી, તેમના કુંવરોના તથા શ્રીકૃષ્ણના અને બલભદ્રના વિવાહો ક્યાં કેવી રીતે થશે ? એવી ચિન્તારૂપ દુઃખ થાય, તે આધિદૈવિક દુઃખ. તે દુઃખમાંથી પણ ભગવાન્ મુક્ત કરે છે એમ જણાવવા, રુક્મિણીના વિવાહનું (૪૯–૫૧ સુધીના) ત્રણ અધ્યાયોથી વર્ણન કરેલું છે.

**ત્રિભિસ્તસ્ય નિવૃત્તિર્હિ વાક્શરીરં મનસ્તથા ।।**
**માનસં વાચિકં વાઽપિ કાયિકં વા નિરાકૃતમ્ ।।૧૯૬।।**

તે આધિદૈવિક દુઃખ ત્રણ અધ્યાયોથી દૂર કર્યાનું કહેલ છે, કારણ કે વાણી, શરીર અને મન તેવાં દુઃખ દેનારાં છે. મનનું અથવા વાણીનું અને શરીરનું દુઃખ દૂર કરેલ છે.

રુક્મિણીએ શ્રીકૃષ્ણને જે બ્રાહ્મણ સાથે સન્દેશો મોકલેલ, તે બ્રાહ્મણ દ્વારા કહેવરાવેલાં વચનોથી શ્રીકૃષ્ણે રુક્મિણીના મનનાં તથા વાણીનાં દુઃખ દૂર કરેલાં છે. આ ૪૯ તથા ૫૦ મા અધ્યાયમાં જણાવેલ છે. પચાસમા અધ્યાયમાં શ્રીકૃષ્ણ રુક્મી વગેરે ઉપર વિજય પ્રાપ્ત કરી રુક્મિણીના મનના તથા વાણીના દુઃખને દૂર કરે છે. એવી રીતે ત્રણ અધ્યાયોમાં આધિદૈવિક દુઃખ દૂર કર્યાનું કહેલ છે.

**આધ્યાત્મિકેઽધિકં કિઞ્ચિદ્ દૈવિકાભેદસિદ્ધયે ।।**
**વ્યસની મુચુકુન્દોઽપિ નિદ્રયા તન્નિવારિતમ્ ।।૧૯૭।।**

આધ્યાત્મિક દુઃખના સમ્બન્ધમાં શ્રીકૃષ્ણ અધિદેવથી જુદાં નથી એમ સિદ્ધ કરવા કાંઈક અધિક કહેલું છે. નિદ્રાથી મુચુકુન્દ પણ દુઃખ પામેલો તે દુઃખ શ્રીકૃષ્ણે દૂર કરેલું છે.

શ્રીકૃષ્ણે મુચુકુન્દને પોતાના સ્વરૂપના દર્શન કરાવેલ, તે સ્વરૂપ અધિદેવથી જુદું નથી એમ સિદ્ધ કરવા તેમણે એને દર્શન કરાવેલ. મુચુકુન્દ પણ ઘણા લાંબા સમય સુધી ઉંઘવાથી દુઃખી થયેલો. તે તેનું દુઃખ શ્રીકૃષ્ણે યવનદ્વારા દૂર કરેલ છે.

**ફલપ્રકરણં નૈતત્ તેન સ્તુત્યાઽપિ નોઽભવત્ ।।**
**સાધનં પરમુદ્દિષ્ટં વીર્યાધ્યાયો યતો મતઃ ।।૧૯૮।।**

આ ફલપ્રકરણ નથી તેથી સ્તુતિ કરવાથી પણ મુચુકુન્દને મોક્ષ પ્રાપ્ત ન થયો, પરન્તુ શ્રીકૃષ્ણે સાધનનો ઉપદેશ કર્યો, કારણ કે આ વીર્ય જણાવનાર અધ્યાય નિશ્ચિત કરેલો છે.

**બલેન મોચિતઃ સ્વાસ્થ્યં ન પ્રાપ્સ્યતિ કથઞ્ચન ।।**
**અતઃ સાધનમ્ ઉદ્દિષ્ટં પ્રવૃત્ત્યૈ મૃગયાકથા ।।૧૯૯।।**

બલથી મુક્તિ આપેલો મુચુકુન્દ કોઈ પણ પ્રકારે સ્વાસ્થ્ય પ્રાપ્ત કરત નહિ, તેથી સાધન કહેલું. સાધન કરવાનો તે ઉદ્યમ કરે તે માટે મૃગયાની કથા કહેલી છે.

પ્રમેયબલથી શ્રીકૃષ્ણે મુચુકુન્દને મુક્તિ આપી હોત, તો તેને કોઈ પ્રકારે સ્વાસ્થ્ય પ્રાપ્ત થાત નહિ, તેથી તેને સુખ થાય તે માટે જ આ સમયે તેને મુક્તિ ન આપી અને સાધન કરવાનો ઉપદેશ કર્યો. તે સાધન કરવાનો ઉદ્યમ કરે તે માટે તેણે પ્રથમ મૃગયા કરેલી તે કથા કહેલી છે (અ.૪૮।૬૩).

**પ્રારબ્ધકર્મ તદ્વૃત્તં તેન વા તન્ન નાશિતમ્ ।।**
**તત્-તદ્ધર્મપ્રધાનત્વાત્ લીલાયાસ્તત્ર તત્ર હિ ।।૨૦૦।।**
**તેન વીર્યગુણાદ્ બુદ્ધઃ સામર્થ્યં પ્રાપ્ય સાધને ।।**
**તેનાર્થાન્ મુક્તિરેવાસ્મૈ તદા ભવતિ સર્વથા ।।૨૦૧।।**
**યવનોઽપિ પ્રવિષ્ટસ્તં તતઃ સિદ્ધિમ્ અવાપ્સ્યતિ ।।**

અથવા તે પ્રારબ્ધકર્મ હતું તેથી તેનો નાશ ન કર્યો. જુદા-જુદા ગુણના પ્રધાનપણાથી લીલા કરવામાં આવતી હોવાથી, જુદા-જુદા પ્રસંગે તેમણે તેને પોતાનાં વીર્યગુણથી સાધન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કરાવી તે કરવાનું ભાન કરાવ્યું. તેથી વાસ્તવિક રીતે આને તે સમયે સર્વ પ્રકારે મુક્તિ જ પ્રાપ્ત થઈ. યવને પણ તેની અન્દર પ્રવેશ કરેલો હોવાથી, તે પણ તેનાથી મુક્તિ પ્રાપ્ત કરશે.

મુચુકુન્દે મૃગયા કરેલી, તે કર્મનાં ફલનો ભોગ શરૂ થએલ હોવાથી ભગવાને મર્યાદા સચવાય તે માટે તેનો નાશ ન કર્યો (તેથી તરત મુક્તિ ન આપી). આ વીર્ય અધ્યાય હોઈ, વીર્યગુણનાં પ્રધાનપણાંથી આ અધ્યાયમાં જણાવેલી લીલા ભગવાને કરેલી છે. તેથી વીર્યગુણથી તેને તપ કરવાનું સાધન પ્રાપ્ત કરાવી તપ કરવાનો તેને બોધ કર્યો. તેથી વાસ્તવિક રીતે મુક્તિ આપ્યા બરાબર જ થયું. યવનને મુચુકુન્દે બાળેલ ત્યારે યવને તેની અન્દર પ્રવેશ કરેલ હોવાથી મુચુકુન્દ મુક્ત થતાં યવન પણ મુક્ત થવાનો.

**અધ્યાય ૪૯ :**

**યવનૈર્દૂષિતે સ્થાને ન નિત્યા મથુરા સ્થિતા ।।૨૦૨।।**
**વ્યસનં ચ તતસ્તેષાં વારિતં યવનાર્દનાત્ ।।**

યવનોએ દૂષિત કરેલાં સ્થાનમાં નિત્યની મથુરા રહી નહિ. તેથી તેઓને થયેલું દુઃખ યવનનો નાશ કરી દૂર કર્યું.

'નિત્યની' એટલે ભગવાન્ જ્યાં સદા વિરાજતા તેવી મથુરા ન રહી. તેમ થવાથી મથુરાવાસીઓને થયેલાં દુઃખનો યવનના ઘાતથી નાશ કર્યો.

**જરાસન્ધજયાર્થાય યવનાનાં ધનં હૃતમ્ ।।૨૦૩।।**
**દુષ્ટદ્રવ્યાત્તુ તસ્યાપિ બુદ્ધિનાશો ભવિષ્યતિ ।।**
**પ્રવર્ષણગિરિસ્થાનાં જીવાનાં ચ વિનાશનાત્ ।।૨૦૪।।**

જરાસન્ધનો વિજય થાય તે માટે યવનોનું ધન ભગવાને હર્યું, પરન્તુ દુષ્ટ દ્રવ્યને લીધે તેની બુદ્ધિનો પણ નાશ થવાનો, અને પ્રવર્ષણ પર્વતપર રહેનારા જીવોનો વિનાશ કરવાને લીધે તેની બુદ્ધિનો નાશ થવાનો.

જરાસન્ધને યવનોનું દ્રવ્ય પણ પ્રાપ્ત થતાં તેનો વિજય સમ્પૂર્ણ થાય તે માટે શ્રીકૃષ્ણ યવનોનું ધન લઈ આવતા હતા (અ.૪૯।૫-૬). પરન્તુ તે દુષ્ટ દ્રવ્યને લીધે પ્રવર્ષણ પર્વત બાળી તેના ઉપર રહેનારા જીવોનો તેણે સંહાર કર્યો (શ્લો.૧૧) તેથી તેની બુદ્ધિનો નાશ થવાનો.

**અગ્નેઃ સમ્પ્રાર્થનાત્ કૃષ્ણઃ પ્રવર્ષણમથારુહન્ ।।**
**બલાત્મા બલભદ્રોઽયમ્ અતઃ સોઽપિ નિરૂપ્યતે ।।૨૦૫।।**

પછી અગ્નિની પ્રાર્થનાને લીધે શ્રીકૃષ્ણ પ્રવર્ષણ ઉપર ચઢેલા. આ બલભદ્ર બલરૂપ હોવાથી તે પણ પર્વત ઉપર ચઢેલ હોવાનું કહેલ છે.

પ્રવર્ષણ પર્વતે પોતાની ટાઢ દૂર કરવા ભગવાનને પ્રાર્થના કરેલી (જુઓ શ્રીસુબોધિની શ્લો.૧૦ નો આભાસ), તેથી ભગવાન્ તે પર્વત ઉપર ચઢ્યા. ત્યાર પછી જરાસન્ધે તેમને પર્વત ઉપર સંતાયેલા માની પર્વતને બાળી તેની ટાઢ ઉડાડી.

**અતો વિવાહસ્તસ્યાપિ લોકરીતિશ્ચ સમ્મતા ।।**
**બલભાર્યા નિરોધસ્થા નેતિ ભક્તૌ નિરૂપિતા ।।૨૦૬।।**

તેથી તેમનો પણ વિવાહ થયો (શ્લો.૧૫) અને લોકની રીતનો આદર કર્યો. બલભદ્રની પત્નીનો નિરોધમાં સમાવેશ થયેલ ન હોવાથી તેની કથા ભક્તિમાં કહેલી છે.

મોટાભાઈ બલભદ્રનો વિવાહ પ્રથમ થયો (શ્લો.૧૫) તેમાં લોકની રીતનો આદર કર્યો. બલભદ્રની પત્ની રેવતીનો નિરોધ થયેલ ન હોવાથી તેની કથા ભક્તિમાં એટલે નવમા સ્કન્ધમાં કહેલી છે (જુઓ ૯।૩।૨૯-૩૬).

**અતસ્તસ્યાઃ કથામ્ અન્યામ્ અતિદેશાત્ ન ચોક્તવાન્ ।।**
**વિવાહો દ્વિવિધો લોકે ધર્માર્થો ભોગસાધકઃ ।।૨૦૭।।**

તેથી તેમની કથા પહેલાં કહેલી લાગુ પાડી તે સિવાયની અહીં કહેલી નથી. લોકમાં વિવાહ બે પ્રકારના હોય છે. ૧. ધર્મમાટે કરેલો ૨. ભોગ પ્રાપ્ત કરાવનારો.

નવમા સ્કન્ધમાં બલભદ્રની પત્ની રેવતીની કથા કહી છે. તે જણાવ્યા વિના બીજી તેની કથા અહીં કહેલી નથી, કારણ કે રેવતીને નિરોધમાં સ્થાન નથી. વિવાહ; ધર્મ કરવા અને ભોગ કરવા એવો બે કાર્યમાટે કરવામાં આવે છે. આ કારિકાના ઉત્તરાર્ધથી આરંભી ત્રણ કારિકાઓથી ભગવાનના યશ ગુણનું કાર્ય જણાવેલ છે.

**આદ્યો ધર્મ્યસ્તુ કર્તવ્યઃ પશ્ચાદ્ભોગાર્થસાધકઃ ।।**
**ગાન્ધર્વો રાક્ષસશ્ચૈવ ધર્મ્યૌ ક્ષત્રસ્ય તૌ સ્મૃતૌ ।।૨૦૮।।**

પહેલો તો ધર્મ કરવામાટેનો વિવાહ કરવો જોઈએ, પછી ભોગ પ્રાપ્ત કરાવનારો કરાય. ગાન્ધર્વ અને રાક્ષસ તે બે જ ક્ષત્રિયમાટે ધર્મ કરવામાટેના વિવાહ શાસ્ત્રમાં કહેલા છે.

**વિધિશ્ચ વૈદિકશ્ચૈવ સહ સર્વૈઃ સ્વબાન્ધવૈઃ ।।**
**રુક્મિણ્યાં પ્રથમાયાં તુ વિવાહત્રયમુક્તવાન્ ।।૨૦૯।।**
**ગાન્ધર્વો બ્રાહ્મણદ્વારા સ્તોત્રં ભાવાવબુદ્ધયે ।।**

વિધિ અને વૈદિક (વિવાહ) પણ તે પોતાના સર્વ બાંધવો સાથે ભેગા થઈ કરેલ. પહેલી પત્ની રુક્મિણી સાથે તો ત્રણ વિવાહ કર્યાનું કહેલ છે. ગાન્ધર્વ વિવાહ બ્રાહ્મણદ્વારા કરેલો, તેમાં રુક્મિણીએ કરેલી સ્તુતિ પોતાનો પ્રેમ ભગવાન્ જાણે તે માટે કરેલી છે.

વિધિ અને વૈદિક વિવાહ રુક્મિણી સાથે કર્યાનું શ્લોક ૫૩-૫૮ માં કહેલું છે. આ ત્રીજો વિવાહ કહેલો છે. પહેલો ગાન્ધર્વ વિવાહ રુક્મિણીએ બ્રાહ્મણદ્વારા કરેલો(અ.૪૯।૩૭-૪૪).

**અધ્યાય ૫૦ :**

**પ્રસહ્ય કન્યાહરણં દ્વિતીયે સ્પષ્ટમેવ હિ ।।**
**તત્સિદ્ધ્યર્થં તથા ચક્રે કાલઃ સત્સેવકો યતઃ ।।**
**ઉત્તરોત્તરભાવસ્ય વૃદ્ધ્યર્થં રુક્મિણીવચઃ ।।૨૧૧।।**

બલપૂર્વક કન્યાને હરવાનું બીજા વિવાહમાં સ્પષ્ટ જ છે. તે (હરવાનું) થઈ શકે તે માટે કાલે તેમ કર્યું, કારણ કે તે ઉત્તમ સેવક છે. એક પછી એક પ્રેમની વૃદ્ધિ થાય તે માટે રુક્મિણીનું વચન કહેલ છે.

કાલ ભગવાનનો મુખ્ય સેવક હોવાથી તેણે ભગવાનની ઇચ્છા જાણી રુક્મિણીને હરવાનું થઈ શકે તે માટે જરાસન્ધ વગેરેમાં એવી બુદ્ધિ ઉત્પન્ન કરી કે આપણે રાજાઓ પાસેથી કન્યાને ગોપાલ લઈ જાય તો આપણાં શૌર્યને ધિક્કાર છે, એટલે તેઓમાં અહંકાર ઉત્પન્ન કર્યો. ભગવાન્‌માં પોતાનો પ્રેમ વધ્યા કરે તે માટે રુક્મિણીનું વચન (શ્લો.૪૬) માં કહેલું છે.

**વિવાહકાલાત્ પૂર્વેદ્યુઃ હરણં સર્વસમ્મતમ્ ।।**

વિવાહ કરવાના સમયના પહેલાના દિવસે રુક્મિણીનું હરણ કર્યું તે સર્વેનું ઇચ્છેલું હતું.

કારણ કે પહેલાના દિવસે હરણ કરવાથી વિવાહના દિવસે જ દ્વારકામાં વિવાહ થયો, અને જ્યોતિઃશાસ્ત્રનું પ્રમાણ પણ સચવાયું. (જુઓ અ.૪૯।૪૨ ઉપરનાં સુબોધિની). વિવાહમાં પણ સર્વની સમ્મતિ હતી (જુઓ અ.૫૦।૫૪ ઉપરના શ્રીસુબોધિની) એ પ્રમાણે ગાન્ધર્વ અને રાક્ષસ બે વિવાહ કહ્યા. ત્રીજો વૈદિક વિવાહ કારિકા ૨૦૯ ના પૂર્વાધમાં કહેલો છે. આ ત્રણ વિવાહની કથા સમાધિભાષા નથી, કારણ કે રાજા પરીક્ષિતના પ્રશ્નને લીધે આ બીજા કલ્પની કથા શુકે પોતાના યોગના પ્રભાવથી જાણી કહેલી છે. સમાધિભાષાનો વિવાહ તો અ.૪૯।૧૬ માં કહેલ સ્વયંવર વિવાહ જ છે (જુઓ અ.૧૯ ઉપરનાં શ્રીસુબોધિની).

**અધ્યાય ૫૧ :**

**સમુદ્રસ્તુ પિતા તસ્યાઃ કાલકૂટોઽગ્રજઃ સ્મૃતઃ ।।૨૧૨।।**
**સ દૈત્યાનાં હિતાકાંક્ષી હરાવિષ્ટો બલોઽહનત્ ।।**

તેનો પિતા તો સમુદ્ર હતો. કાલકૂટ તેનો મોટો ભાઈ કહેલો છે. તે દૈત્યોનું હિત ઇચ્છનાર હતો, શંકરના આવેશવાળા બલભદ્રે તેને હણ્યો.

રુક્મિણી લક્ષ્મીનો પિતા ભીષ્મક તો સમુદ્ર હતો, અને કાલકૂટ (સમુદ્રમાંથી લક્ષ્મી પહેલાં ઉત્પન્ન થયેલ હોવાથી) તેનો મોટો ભાઈ હતો. તે (કાલકૂટ = રુક્મી) દૈત્યો (શિશુપાલ વગેરે)નું હિત ઇચ્છતો હતો. ભીષ્મકની ઇચ્છા રુક્મિણીને શ્રીકૃષ્ણ સાથે પરણાવવાની હોવા છતાં માત્ર રુક્મી તેને શિશુપાલને પરણાવવા પ્રયત્ન કરતો હતો તેનું કારણ આથી કહેલ છે.

**જિઘાંસન્તં જિઘાંસીયાત્ તથાપિ ન હરિઃ સ્વયમ્ ।।૨૧૩।।**
**જઘાન રુક્મિણં મૂઢં દૈત્યાનાં બુદ્ધિનાશકમ્ ।।**
**વધાનુકલ્પઃ સ્વદ્રોહે ભક્તદ્રોહે વધઃ સ્મૃતઃ ।।૨૧૪।।**

હણવા ઇચ્છનારને હણવો જોઈએ, છતાં પણ દૈત્યોની બુદ્ધિનો નાશ કરનાર મૂર્ખ રુક્મીને હરિએ પોતે હણ્યો નહિ. હરિનો પોતાનો દ્રોહ કરે ત્યારે વધને બદલે વધ જેવી શિક્ષા કરવાનું અને ભક્તનો દ્રોહ કરે ત્યારે વધ કરવાનું કહેલ છે.

રુક્મી શ્રીકૃષ્ણનું અનિષ્ટ કરવા ઈચ્છતો હતો, છતાં ભગવાને તેને ન હણતાં માત્ર મૂંડ્યો (શ્લો.૩૫) તેનું કારણ આથી જણાવેલ છે.

**વધાનુકલ્પરૂપં હિ મુણ્ડનં તચ્ચકાર હ ।।**
**સર્વાત્મા ભગવાન્ કૃષ્ણો યો યચ્છ્રદ્ધઃ સ એવ સઃ ।।૨૧૫।।**

વધના બદલે મૂંડવાનું કરવા યોગ્ય હોવાથી ભગવાને તે કર્યું. ભગવાન્ શ્રીકૃષ્ણ સર્વરૂપ છે. જેની જેમાં શ્રદ્ધા હોય તે જ થાય છે.

મુંડન વધ જેવું હોવાથી શ્રીકૃષ્ણે રુક્મીને મૂંડ્યો. શ્રીકૃષ્ણ સર્વરૂપ હોવાથી તેમને સર્વ સરખા છે. ત્યારે રુક્મિણીએ રુક્મીના પ્રાણ કેમ બચાવ્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જેની જેમાં શ્રદ્ધા તે તે જ થાય છે.

**યો યથા યં પ્રપદ્યેત સોઽપિ તન્મન્યતે તથા ।।**
**રુક્મિણ્યર્થં સમાગત્ય તથા રુક્મી ચકાર હ ।।૨૧૬।।**
**અતઃ કૃષ્ણં પ્રાર્થયિત્વા રુક્મિણી તં વ્યમોચયત્ ।।**

જે જેને જે પ્રકારે ભજે છે તે પણ તેના વિશે તેવું માને છે. રુક્મિણીમાટે આવીને રુક્મીએ ભગવાન્ સાથે યુદ્ધ કરેલું. તેથી શ્રીકૃષ્ણને પ્રાર્થના કરીને રુક્મિણીએ તેને છોડાવ્યો (તેના પ્રાણ બચાવ્યા).

રુક્મિણીની શ્રીકૃષ્ણ ભગવાન્માં શ્રદ્ધા હોવાથી તે ભગવદ્રૂપ હતી. રુક્મીએ પણ રુક્મિણીને છોડાવવા શ્રીકૃષ્ણ સાથે યુદ્ધ કરેલું. તેથી શ્રીકૃષ્ણે તેને હણવા તીક્ષ્ણ તલવાર લીધી ત્યારે રુક્મિણીએ તેમને પ્રાર્થના કરી તેને છોડાવ્યો (શ્લો.૩૧-૩૪).

**ભગવદ્વ્યતિરિક્તાનામ્ અન્યધર્મઃ પ્રવર્તતે ।।૨૧૭।।**
**નટવત્ કપટાદ્ વાપિ તતઃ પ્રાહ બલસ્તથા ।।**

ભગવાન્ સિવાયના જુદા ગુણની પ્રવૃત્તિ થાય છે, તેથી બલભદ્રે નટની પેઠે અથવા કપટથી પણ તેવાં વચન કહેલ.

'બીજા ગુણની' એટલે ગુણોના ખળભળાટથી થયેલા રજોગુણની તથા તમોગુણની પ્રવૃત્તિ થાય છે. ભગવાન્માં તેમ થતું નથી; કારણ કે ભગવાન્ ગુણથી પર છે અને અવતાર પણ શુદ્ધ સત્ત્વવાળા દેહથી લે છે. બલભદ્ર તેવા ન હોવાથી તેમનામાં બીજા ગુણની પ્રવૃત્તિ થતાં તેમણે ભગવાનને ઠપકાનાં વચનો કહેલ (શ્લો.૩૭-૪૨) તથા કપટથી નટની પેઠે રુક્મિણીને સાન્ત્વન કરવાનાં વચન કહેલ (શ્લો.૪૩-૪૯).

**દ્વારકાયાં તુ નેતવ્યઃ સુખં બધ્વાલ્પબન્ધનૈઃ ।।૨૧૮।।**
**તતો મયા પ્રબોધ્યશ્ચ નાન્યથેત્યન્તરં શ્રિયઃ ।।**
**તદભાવાદ્ વૈમનસ્યં તદ્ રામેણ નિવારિતમ્ ।।૨૧૯।।**

નજીવા બંધનોથી બાંધીને તેને સુખપૂર્વક દ્વારકા લઈ જવો અને પછી મારે તેને બોધ આપવો, બીજા પ્રકારે બોધ નહિ થાય, એવો લક્ષ્મી(રુક્મિણી)નો અભિપ્રાય હતો. તેમ ન થવાથી તેને મનદુઃખ થયેલું, તે બલભદ્રે દૂર કર્યું.

જેમ રુક્મિણીએ ભગવાનની પ્રાર્થના કરી રુકમીના પ્રાણ બચાવ્યા, તેમ તે તેને બન્ધનમાંથી પણ મુક્ત કરાવી શક્ત. છતાં તેણે તેમ કેમ ન કર્યું ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે રુક્મિણીને પણ તેનું નજીવું બન્ધન ઈષ્ટ હતું. તેની ઈચ્છા તેને દ્વારકા લઈ જઈ બોધ આપવાની હતી. તેમ થઈ ન શક્યું તેથી તેને થયેલ મનદુઃખ બલભદ્રે દૂર કર્યું (શ્લો.૪૩-૪૯).

**તથા ચેત્ કુરુતે કૃષ્ણઃ તદા લોકો વિરુધ્યતે ।।**
**અસ્માન્ વઞ્ચયિતું રુકમી કૃષ્ણપક્ષોઽપ્યુપાહ્વયત્ ।।૨૨૦।।**
**યાવજ્જીવં તદા દુઃખી દૈત્યો દૈત્યવિસમ્મતઃ ।।**

જો શ્રીકૃષ્ણ તેમ કરે તો લોકોનો (રુકમીને) વિરોધ થાય. રુકમી શ્રીકૃષ્ણના પક્ષનો હોવા છતાં અમને ઠગવા તેણે બોલાવ્યા એમ તેઓ માને. તેથી દૈત્યોથી તિરસ્કારાયેલો દૈત્ય જીવતાં સુધી દુઃખી થાય.

ભગવાન્ સર્વજ્ઞ હોવાથી રુક્મિણીનો અભિપ્રાય જાણતા હતા. તેથી આ કારિકામાં ભગવાનનો વિચાર દર્શાવેલ છે. જો રુક્મિણીના અભિપ્રાય પ્રમાણે ભગવાન્ કરે તો જરાસંધ વગેરે દૈત્યો એમ માને કે રુકમી શ્રીકૃષ્ણના પક્ષનો હોવા છતાં અમને છેતરી તેણે શ્રીકૃષ્ણને બોલાવેલા. તેથી તેઓ તેનો વિરોધ કરી તિરસ્કાર કરે અને રુકમી જીવતાં સુધી દુઃખી થાય.

**જ્ઞાનાધ્યાયે તથા યુક્તં દૈત્યાનાં મુણ્ડનં મતમ્ ।।૨૨૧।।**
**અત એવ પુનઃ સ્થાનં કુણ્ડિનં ન વિવેશ હ ।।**

જ્ઞાન ગુણ દર્શાવનાર અધ્યાયમાં તેવી રીતે દૈત્યોને મૂંડવાનું યોગ્ય વિચારાયેલું છે તેથી જ રુકમીએ ફરી કુંડિન સ્થાનમાં પ્રવેશ ન કર્યો.

'તેથી જ' એટલે દૈત્ય હોવાથી જ રુકમી પછી કુંડિનપુર ન ગયો, પરન્તુ ભોજકટ ગામ વસાવી ત્યાં જ રહ્યો (શ્લો.૫૨).

**રુક્મિણીસહિતઃ કૃષ્ણઃ સર્વેષાં સુખદોઽભવત્ ।।૨૨૨।।**
**એવં ત્રિવિધજીવાનામ્ ઉદ્ધર્ત્તા વ્યસનાર્ણવાત્ ।।**
**તતઃ કૃષ્ણવ્યસનિનો જાતાઃ સાધનમીરિતમ્ ।।૨૨૩।।**

રુક્મિણી સાથે રહેલા શ્રીકૃષ્ણ સર્વને સુખ આપનાર થયા એ રીતે તે ત્રણ પ્રકારના જીવોનો દુઃખના સમુદ્રમાંથી ઉદ્ધાર કરનાર થયા. પછી તે જીવો શ્રીકૃષ્ણમાં વ્યસનવાળા થયા, એમ સાધન કહ્યું.

આ દોઢ કારિકામાં ૪૯-૫૧ સુધીના ત્રણ અધ્યાયોના અર્થનો ઉપસંહાર કરેલો છે.

**અધ્યાય ૫૨ :**

**કામેન વ્યસનં લોકે સ સ્વયં વ્યસનં ગતઃ ।।**
**દેહનાશાત્ સર્વનાશાદ્ ભાર્યાહરણતોઽપિ હિ ।।૨૨૪।।**

લોકમાં કામને લીધે દુઃખ થાય છે. તે પોતે દેહનો નાશ થવાથી, સર્વનો નાશ થવાથી અને સ્ત્રીનું પણ હરણ થવાથી દુઃખી થયો.

કામને શંકરે બાળ્યો એટલે તેના દેહનો નાશ થયો. ધનુષ્ય વગેરે તેનાં સાધન જવાથી તેને પોતાના સર્વસ્વનો નાશ થયો. તેની સ્ત્રી રતિને શંબર હરી ગયો, ત્યારે તેનામાં માયાએ પ્રવેશ કર્યો, તેથી તેનું નામ 'માયાવતી' પડયું. (જુઓ શ્લો.૬ ઉપરનાં શ્રીસુબોધિની).

**વ્યસનં તદ્દેવદેહાજ્ જાતં ચેન્ નૈવ નશ્યતિ ।।**
**યદા મુક્તિપ્રદાનાર્થં વાસુદેવઃ સમુદ્ગતઃ ।।૨૨૫।।**
**તદા માયા ચ કામશ્ચ તસ્માદ્ બન્ધાર્થમુદ્ગતૌ ।।**

તે દુઃખ દેવના દેહથી થયેલું હોય તો નાશ ન પામે. જ્યારે મુક્તિ આપવા વાસુદેવ પ્રકટ થયા, ત્યારે માયા અને કામ તે દુઃખમાંથી છૂટવા ઉપાય કરવા બહાર પડયા.

શંકરના દેહ (ત્રીજા લોચન) થી કામને તે દુઃખ થયેલ હોવાથી તેનો નાશ થાય તેમ ન હતું. તેથી જ્યારે ભગવાન્ પ્રકટ થયા, ત્યારે કામે અને માયાએ તે દુઃખ દૂર કરવા અલૌકિક પ્રયાસ કર્યો. (જુઓ શ્લો.૧-૨ ઉપરનાં શ્રીસુબોધિની).

**માયયા મોહિતો જીવઃ કામૈર્નાનાવિધોઽભવત્ ।।૨૨૬।।**
**કામોત્પત્તિર્યદા કૃષ્ણાત્ તદા તદ્વ્યસનં હતમ્ ।।**

માયાથી મોહ પામેલો જીવ કામનાઓથી જુદા-જુદા પ્રકારનો થતો. જ્યારે કામની શ્રીકૃષ્ણથી ઉત્પત્તિ થઈ ત્યારે તે દુઃખનો નાશ થયો.

શંકરે કામને બાળ્યા પછી રતિ (માયા) એકલી રહી. તેનાથી જીવ મોહ પામી કામનાઓ કરી તે પ્રાપ્ત ન થતાં દુઃખી થતો હતો. જ્યારે શ્રીકૃષ્ણથી કામ (પ્રદ્યુમ્ન)ની ઉત્પત્તિ થઈ, ત્યારે તે દુઃખનો નાશ થયો.

**સ્વસ્થઃ સ્મૃત્યા વિરક્તશ્ચ સર્વાનેવ પ્રબાધતે ।।૨૨૭।।**
**કૃષ્ણસમ્બન્ધિદેહેન રુદ્ધો વા ન તથાવિધઃ ।।**
**એવં ષડ્ભિઃ સમસ્તાનાં વ્યસનાભાવ ઈરિતઃ ।।૨૨૮।।**

સ્વસ્થઅને સ્મરણથી વૈરાગ્યવાળો થયેલો સર્વને જ દુઃખ દે, અથવા શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળા દેહમાં રહેલો તેવો ન થાય, એવી રીતે છ અધ્યાયોથી સર્વના દુઃખનો નાશ કર્યાનું કહેલ છે.

શ્રીકૃષ્ણથી ઉત્પન્ન થયા પછી સ્વસ્થથઈ, પહેલાં પોતાને થયેલ દુઃખનું સ્મરણ થતાં વૈરાગ્યવાળો થઈ સર્વને જ દુઃખ દે, પરન્તુ શ્રીકૃષ્ણના સમ્બન્ધવાળા દેહમાં રહેલો હોવાથી ભગવાનના સેવકોને દુઃખ ન દે, એવી રીતે ૪૭-૫૨ સુધીના છ અધ્યાયોથી સર્વના આધિભૌતિક તથા આધ્યાત્મિક દુઃખનો નાશ કર્યાનું કહેલ છે.

**અધ્યાય ૫૩ :**

**દુષ્ટવ્યસનભાવત્ત્વાત્ તે કૃષ્ણેઽપિ તથા જગુઃ ।।**
**તેષાં વા વ્યસનં કૃષ્ણ આધિદૈવિકમ્ આત્મનિ ।।૨૨૯।।**

દુષ્ટ સ્વભાવવાળા હોવાથી તેઓએ શ્રીકૃષ્ણ વિષે પણ તેમ કહ્યું. અથવા આત્મા અધિદેવ શ્રીકૃષ્ણના વિષે તેમ કહેવાથી તેઓને દુઃખ થયું.

'બધાં દુઃખ દૂર થતાં હવે કાંઈ દુઃખ રહ્યું નહિ' એમ જણાય તેથી માયાએ કરેલું આધિદૈવિક દુઃખ બાકી રહેલ છે અને તે દૂર કરવાનો ઉપાય ભગવાન્ પોતે કરે છે એમ આ અધ્યાયમાં જણાવે છે. દુષ્ટ સ્વભાવ હોવાથી દ્વારકાવાસીઓ એમ કહેતા હતા કે સ્યમંતકમણિ શ્રીકૃષ્ણે પ્રસેનને મરાવી લઈ લીધો શ્લો.૧૬. ભગવાનની તેઓએ એવી નિંદા કરી, તેથી તેમને માયાના મોહથી ઉત્પન્ન થયેલ આધિદૈવિક દુઃખ થયું.

**પશ્ચાત્ તં નાશયામાસ ધર્મ્યધ્યાયેન સિદ્ધતા ।।**
**ફલસાધનયોરૈક્યં વક્તુમેકા કથોચ્યતે ।।૨૩૦।।**

પછી દુઃખનો નાશ કર્યો. એમ આ ધર્મીજણાવનાર અધ્યાયથી વ્યસનીપણું થયું. ફલ અને સાધન એક હોવાનું જણાવવા એક કથા કહેલી છે.

પછી ભગવાને પોતાની નિંદા ખોટી થઈ છે એમ સિદ્ધ કરી, મણિ લાવી આપી તે દુઃખ દૂર કર્યું (શ્લો.૩૮).

આ પ્રકરણમાં રુક્મિણીનો વિવાહ દુઃખરૂપ સાધનના ઉપોદ્ઘાત તરીકે કહેલો છે. તેથી તે વિવાહ થતાં તેનાથી દુઃખ દૂર થતાં સાધન પુરું થઈ જ ગયું. તેથી આ પ્રકરણમાં સત્રાજીતે ભગવાનને સત્યભામા પરણાવી તે કહેવાનું શું પ્રયોજન છે ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે વિવાહ ફલ છે, અને તે વિવાહ જ દુઃખ દૂર કરવાનું સાધન થાય છે, એમ સાધન અને ફલ એક હોવાનું જણાવવા સત્યભામા વિવાહની કથા કહેલી છે. સત્યભામાનો વિવાહ ફલરૂપ છે અને તે વિવાહ જ ભગવાન્ ઉપરનું તહોમત અને દ્વારકાવાસીઓનું દુઃખ દૂર કરવામાં સાધન થયો.

**મણિશ્ચ વ્યસનં હન્તિ લોકે ખ્યાતસ્તતોઽપિ ચેત્ ।।**
**વ્યસનાનિ વિનશ્યેરંસ્તદા નૈકાન્તિકો હરિઃ ।।૨૩૧।।**
**ઈતિ તસ્ય નિરાકૃત્યૈ તતો વ્યસનમુચ્યતે ।।**

મણિ પણ દુઃખ દૂર કરે છે. લોકમાં તેની એવી પ્રસિદ્ધિ હતી. તેનાથી પણ જો દુઃખ દૂર થતાં હોય તો હરિ એકલા જ દુઃખનો નાશ કરનાર ન ગણાય. તેથી તે મણિ તેવો ન હોવાનું જણાય તે માટે તેનાથી દુઃખ થયાનું કહેલ છે.

મણિને લીધે પ્રસેન, સિંહ વિગેરે ઘણા હણાયા તેથી મણિ દુઃખ કરાવનારો પણ છે. માત્ર ભગવાન્ જ દુઃખ દૂર કરનારા છે એમ જણાય માટે મણિની કથા કહેલી છે.

**તચ્ચાઽપિ ચેત્ કૃષ્ણવાક્યાત્ સાધ્યતે સર્વભાવનઃ ।।૨૩૨।।**
**તદા વ્યસનનાશાય કલ્પતે નાન્યથા તુ તત્ ।।**
**ઈતિ નિશ્ચિત્ય ભગવાન્ સત્રાજિતમુવાચ હ ।।૨૩૩।।**
**મણેર્યાવદ્ ધનં પ્રાપ્યં તદ્રાજા દાસ્યતીતિ હિ ।।**

જો શ્રીકૃષ્ણનાં વચનથી મણિ સર્વને સુખ આપનાર બનાવવામાં આવ્યો હોય, તો તે સર્વના દુઃખનો નાશ કરનાર પણ થાય. ત્યારે તે દુઃખનો નાશ કરવા શક્તિમાન થાય. બીજા પ્રકારે તો તે દુઃખ નાશ કરનાર ન થાય. એવો નિશ્ચય કરી ભગવાને સત્રાજીતને કહ્યું કે મણિમાંથી તને જેટલું ધન પ્રાપ્ત થઈ શકે તેવું છે તેટલું રાજા તને આપશે.

શ્રીકૃષ્ણે સત્રાજીત પાસેથી મણિ માગ્યો તેનું કારણ અહીં જણાવેલ છે. આવો મણિ રાજા પાસે જ રાખી શકાય, બીજાથી સાચવી શકાય નહિ (શ્લો.૧૨ સુબોધિની સાથે).

**અવિશ્વાસં કૃષ્ણવાક્યે કૃત્વા તં નૈવ દત્તવાન્ ।।૨૩૪।।**
**તતઃ સર્વક્ષયો જાત ઈતિ વક્તું કથોચ્યતે ।।**

શ્રીકૃષ્ણના વચનમાં વિશ્વાસ ન રાખી તેણે તેમને તે ન જ આપ્યો. તેથી સર્વનો નાશ થયો એમ જણાવવા કથા કહેલી છે. (મણિની કથા કહેવાનું પ્રયોજન આ કારિકામાં કહેલ છે).

**સૂર્યભક્તસ્તુ સત્રાજીત્ તતો લક્ષ્મીં સરસ્વતીમ્ ।।૨૩૫।।**
**મણિરૂપાં કન્યકાં ચ દ્વયં ભોગ્યં હરેઃ પરમ્ ।।**
**તયોરન્યત્ર સત્રાજીદ્ વિનિયોગં હિ વાઞ્છતિ ।।૨૩૬।।**

સત્રાજીત તો સૂર્યનો ભક્ત હતો. તેથી મણિરૂપ લક્ષ્મી અને સરસ્વતીરૂપ કન્યા જે બે હરિએ ભોગ કરવા યોગ્ય ઉત્તમ હતા, તે બેને સત્રાજીત બીજાના ઉપયોગમાં મૂકવા ઈચ્છતો હતો.

**અક્લિષ્ટકર્મા ભગવાન્ કન્યાર્થં તત્ તથાઽકરોત્ ।।**
**યાદવોપ્યન્યભક્તત્વાત્ ન નિરુદ્ધઃ પ્રસેનકઃ ।।૨૩૭।।**

ભગવાન્ કલેશ વિના કર્મ કરનારા હોવાથી કન્યાને માટે તેમણે તે-તે પ્રમાણે કર્યું. પ્રસેન યાદવ હોવા છતાં બીજાનો ભક્ત હોવાથી તેનો નિરોધ કરેલો ન હતો.

કન્યા સત્યભામા માટે ભગવાને જાંબવાનની ગુફામાં પ્રવેશ કર્યો. પ્રસેનને સિંહે મારેલ અને તે સિંહને રીંછે હણેલ એ દ્વારકાવાસીઓ સમક્ષ ભગવાને દેખાડેલ હોવાથી તેમની નિંદા ખોટી ઠરી ચૂકી હતી. તેથી તેમને જાંબવાનની ગુફામાં જઈ મણિ લાવવાની જરૂર રહી ન હતી. છતાં કન્યા માટે ભગવાન્ તેવી ગુફામાં પધારેલા. પ્રસેન સૂર્યનો ભક્ત હોવાથી, ભગવાને તેનો નિરોધ કર્યો ન હતો.

**મણેરતિક્રમાચ્ચૈવ માયાભૃત્યેન મારિતઃ ।।**
**સોઽપિ વક્ત્રેણ સંસ્પર્શાદ્ રામભક્તેન મારિતઃ ।।૨૩૮।।**

અને મણિનો તિરસ્કાર કરવાથી જ માયાના સેવકે પ્રસેનને હણ્યો. તેણે પણ મુખથી સ્પર્શ કરેલ હોવાથી, રામના ભક્તે તેને હણ્યો.

પ્રસેને પૂજા કરવા યોગ્ય મણિનો આભરણ તરીકે ઉપયોગ કર્યો (કણ્ઠમાં પહેર્યો), તેથી તેને માયા અથવા દેવીના સેવક(વાહન) સિંહે હણ્યો (શ્લો.૧૪). સિંહે પણ તેનો મુખથી સ્પર્શ કર્યો. સિંહની ચામડી તથા નખો પવિત્ર હોય છે, પણ તેનું મુખ પવિત્ર હોતું નથી. મુખથી સ્પર્શ થતાં મણિ ઉચ્છિષ્ટ થયો. તેથી સિંહને રામના ભક્ત જાંબવાને હણ્યો.

**ભક્તબાલકસૌખ્યાય મણિશ્રીસ્તત્ર તિષ્ઠતિ ।।**
**તતઃ સા કન્યકા પ્રાપ્તા કેવલોઽભૂત્ મણિસ્તદા ।।૨૩૯ ।।**

ભક્ત બાલકને સુખ થાય તે માટે મણિની કાન્તિ (કાન્તિવાળો મણિ) ત્યાં રહેલો. ત્યાંથી તે કન્યા ભગવાનને પ્રાપ્ત થઈ, ત્યારે મણિ કાન્તિરહિત થયો.

જાંબવાને મણિ ઘોડીઆ ઉપર રમકડાં તરીકે બાંધેલો (શ્લોક ૨૦), ત્યાંથી ભગવાનને કન્યા પ્રાપ્ત થઈ અને મણિ કાન્તિવિનાનો થયો.

**તદુચ્છિષ્ટં ન શુદ્ધં હિ કૃપયા તદ્ ઉપાનયત્ ।।**
**કન્યાર્થમેવ ગમનં કાલીયહ્રદવત્ પુનઃ ।।૨૪૦।।**
**રાજસાનાં પરીક્ષાર્થં બહુકાલં ન ચાગતઃ ।।**

કારણ કે તે ઉચ્છિષ્ટ હતો, શુદ્ધ ન હતો. ભગવાન્ કૃપાથી તે લઈ આવ્યા. તે કન્યા માટે જ ગુફામાં પધારેલા, પરન્તુ કાલીયના ધરાની પેઠે રાજસોની પરીક્ષા કરવા ઘણા સમય સુધી ત્યાંથી પાછા પધાર્યા નહિ.

સિંહે મુખથી પકડેલો મણિ ઉચ્છિષ્ટ હતો, છતાં ભગવાન્ પોતા ઉપરનું તહોમત સદંતર દૂર થાય તે માટે કૃપાથી લઈ આવ્યા, પરન્તુ ગુફામાં તો કન્યા જાંબવતી માટે જ પધારેલા. રાજસોની પરીક્ષા કરવા ગુફામાંથી ઝાઝા દિવસો સુધી પાછા પધારેલ નહિ. તેઓ તો બાર દિવસ રાહ જોઈ દ્વારકા પાછા ગયેલા (શ્લો.૩૩).

**જામ્બવદ્ રોધસિદ્ધ્યર્થમ્ આત્મતત્ત્વં વિહાય હિ ।।૨૪૧।।**
**સપ્તવિંશતિતત્ત્વાનિ મુષ્ટિભિર્નિહતાનિ વૈ ।।**
**તતઃ સ્વરૂપનિષ્ઠસ્તુ ભગવજ્જ્ઞાનમેયિવાન્ ।।૨૪૨।।**

જાંબવાનનો નિરોધ થાય તે માટે આત્મતત્ત્વને મૂકી દઈ, (બાકીના) સત્તાવીસ તત્ત્વોને ભગવાને મુક્કીઓથી પ્રહાર કર્યા, પછી સ્વરૂપમાં રહેલા જામ્બવાને 'આ ભગવાન્ છે' એવું જ્ઞાન પ્રાપ્ત કર્યું. (જુઓ શ્લો.૨૪-૨૫ ઉપરનાં શ્રીસુબોધિની.)

**લક્ષ્મીં ચ કન્યકાં બુધ્વા લીલાર્થે ચાગતિં તથા ।।**
**સત્ત્વં સમ્પાદ્ય પૂર્વં હિ મણિં કન્યાં દદૌ તતઃ ।।૨૪૩।।**

પોતાની કન્યા લક્ષ્મી છે અને ભગવાન્ લીલા માટે તેવી રીતે ગુફામાં પધાર્યા છે એમ જાણી તેણે પ્રથમ સાધુપણું પ્રાપ્ત કરી, પછી મણિ અને કન્યા ભગવાનને આપ્યાં. (સાધુપણું એટલે સેવકપણું, જુઓ શ્લો.૩૨નો શ્રીસુબોધિનીનો આભાસ.)

**ઉચ્છિષ્ટત્વાત્ મણિં કૃષ્ણઃ સત્રાજિદ્ દત્તમપ્યુત ।।**
***ન ગૃહ્ણાદ્ આત્મજાં વાણીં યુક્તાં સ્વાં જગૃહે મુદા ।।૨૪૪।।**

મણિ ઉચ્છિષ્ટ હોવાથી સત્રાજીતે આપવા છતાં શ્રીકૃષ્ણે લીધો નહિ. પુત્રી સરસ્વતીને પોતાની યોગ્ય પત્ની હોવાથી આનન્દથી પરણ્યા (જુઓ શ્લો.૪૪-૪૫.)

* ''નાગૃહ્ણાદ્'' જોઈએ એમ જણાય છે.

**સર્વાત્મનાऽન્યહૃદયં ન ગૃહ્ણાતિ હરિઃ સ્વયમ્ ।।**
**સર્વાત્મનાऽપ્રપન્નં ચ નાશાયૈવ કલિં યથા ।।૨૪૫।।**

જેની અંદર બીજાનું હૃદય ચોંટેલું હોય તેનો હરિ પોતે કોઈ પ્રકારે સ્વીકાર કરતા નથી. જે સમ્પૂર્ણ રીતે શરણ આવેલ ન હોય તેને; જેમ કલિ (દુર્યોધન)નો નાશ માટે વિચાર કર્યો તેમ, હરિ પોતાના તરીકે ગણતા નથી.

પૂર્વાર્ધમાં મણિ ન સ્વીકારવાનું કારણ કહેલું છે. ઉત્તરાર્ધમાં સત્રાજીતે કન્યા આપવા છતાં તેને પોતાનો ન ગણવાનું કારણ કહેલ છે.

**ઉચ્છિષ્ટં ભક્તભોગ્યં હિ ફલં ભક્તાય દાસ્યતિ ।।**
**એવં સપ્તભિરધ્યાયૈઃ વ્યસનં સુનિરૂપતિમ્ ।।૨૪૬।।**

ભક્તે ભોગવવા યોગ્ય ઉચ્છિષ્ટ ફલ ભગવાન્ ભક્તને આપશે. એવી રીતે સાત અધ્યાયોથી (રાજસોને થયેલ શ્રીકૃષ્ણમાં) વ્યસનનું વર્ણન કર્યું.

જુઓ અ.૫૪।૩૭ તથા ૪૧, મણિ પોતે રાખવા હકદાર હોવા છતાં અક્રૂરને તે આપી દીધો.

[ઈ. રાજસ ફલ પ્રકરણમ્. અધ્યાય ૫૪-૬૦]

**અતઃ ફલં સપ્તભિર્વૈ રાજસાનાં નિરૂપ્યતે ।।**
**અક્રૂરો યાદવાનાં હિ મુખ્યસ્તસ્ય ફલં પુરા ।।૨૪૭।।**

હવે સાત અધ્યાયોથી રાજસોનું ફલ કહેવામાં આવે છે. અક્રૂર યાદવોમાં મુખ્ય છે તેથી તેનું ફલ પહેલાં કહેવામાં આવે છે.

આ પ્રકરણમાં રાજસોનું ફલ કહેવાનું હોવાથી આ રાજસફલપ્રકરણ કહેવાય છે. જુદા-જુદા અધ્યાયોમાં જુદું-જુદું ફલ કહેવામાં આવશે. અક્રૂર રાજસોમાં મુખ્ય હોવાથી ૫૪ મા અધ્યાયમાં તેનું ફલ કહેવામાં આવશે.

**તતઃ પંચ વિવાહાશ્ચ વિદ્યાપર્વસ્વરૂપકાઃ ।।**
**નાયિકાઃ ફલરૂપા હિ કૃષ્ણસમ્બન્ધતો મતાઃ ।।૨૪૮।।**

પછી વિદ્યાના અવયવરૂપ સ્વરૂપવાળા પાંચ વિવાહો કહેશે કારણ કે શ્રીકૃષ્ણના સમ્બન્ધને લીધે નાયિકાઓ ફલરૂપ મનાયેલ છે.

**તાસાં ફલં હરિઃ કૃષ્ણઃ તત્સમ્બન્ધાત્ તથેતરે ।।**
**કૃષ્ણં ફલમ્ ઉપાસાદ્ય દુઃખગ્રામાદ્ વિનિર્ગતાઃ ।।૨૪૯।।**

તેઓનું ફલ હરિ શ્રીકૃષ્ણ છે. તેમના સમ્બન્ધને લીધે બીજાઓ તેવી રીતે શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરી દુઃખના સમૂહમાંથી મુક્ત થશે.

શ્રીકૃષ્ણ ફલ હોવાનું સિદ્ધ થયું, પરન્તુ આ નાયિકાઓ ફલરૂપ કેમ ગણાય ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. શ્રીકૃષ્ણ સાથેના નાયિકાઓના સમ્બન્ધને લીધે, જે બીજાઓ તેમના સમ્બન્ધમાં આવશે તેઓ પણ શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત કરી દુઃખમાંથી છૂટશે.

**તતોઽગ્રે ષોડશકલ-વૃત્તિરૂપાઃ સહસ્રશઃ ।।**
**સમ્બન્ધેન હરિં પ્રાપ્તાઃ તત્સમ્બન્ધાત્ તથેતરે ।।૨૫૦।।**

ત્યાર પછી એક હજારની સંખ્યામાં સોળ કળાવાળા મનની વૃત્તિરૂપ સ્ત્રીઓને હરિ સમ્બન્ધથી પ્રાપ્ત થાય છે, અને તેઓના સમ્બન્ધથી બીજાઓને તેવી રીતે હરિ પ્રાપ્ત થશે.

છાન્દોગ્ય ઉપનિષદમાં સોળ કળાવાળું મન હોવાનું કહેલ છે અને તેની સંકલ્પ-વિકલ્પરૂપ વૃત્તિઓ જુદા-જુદા પ્રકારની છે. (આ સોળ હજાર સ્ત્રીઓ નરકના અન્તઃપુરમાં હતી, ત્યાં તેમને હરિની પ્રાપ્તિ થઈ).

**ફલં ચતુર્વિધં તત્ર કૃષ્ણપ્રાપ્તિઃ પુરા ફલમ્ ।।**
**સ્વપ્રાપ્તિઃ કૃષ્ણદેવસ્ય દ્વિતીયં ફલમુચ્યતે ।।૨૫૧।।**

તેઓને ચાર પ્રકારનું ફલ પ્રાપ્ત થાય છે : ૧. પહેલાં શ્રીકૃષ્ણની પ્રાપ્તિ એ ફલ (પ્રાપ્ત થાય છે), ૨. શ્રીકૃષ્ણદેવને તેઓની પોતાની પ્રાપ્તિ થવી એ બીજું ફલ કહેલું છે.

૧. શ્રીકૃષ્ણની તેઓને પ્રાપ્તિ થવી એ પહેલું ફલ. તેઓ હતી ત્યાં શ્રીકૃષ્ણ પધારવાથી આ ફલ પ્રાપ્ત થાય છે. (અ.૫૯।૩૪-૩૫), ૨. ભગવાનને આ સ્ત્રીઓની પ્રાપ્તિ થવી એટલે શ્રીકૃષ્ણ તેઓની સાથે વિવાહ કરે છે એ બીજું ફલ છે (અ.૫૯।૪૨).

**અન્યોન્યાધ્યાસવચ્ચૈતત્ ફલદ્વયમ્ ઉદાહૃતમ્ ।।**
**તતો ભગવદંશસ્ય પુત્રભાવેન કાર્યવત્ ।।૨૫૨।।**
**લોક-વેદપ્રકારેણ પુત્રપૌત્રાદિકં ફલમ્ ।।**

આ બે ફલ એક-બીજાએ પરસ્પર સ્વીકાર કરેલા હોવાના જેવા કહેલાં છે. ૩. પછી ભગવાનનો અંશ પુત્રની સ્થિતિવાળો થતાં લોક અને વેદ ના પ્રકારથી કાર્યની પેઠે પુત્રો પૌત્રો વગેરેરૂપ ફલ થાય છે.

આ સ્ત્રીઓને પુત્રો તથા પૌત્રો પ્રાપ્ત થાય છે એ ત્રીજું ફલ. આ ફલ અઠાવનમા અધ્યાયમાં કહેલું છે.

**તેષાં ચ સર્વભાવેન દેવયુદ્ધાદિના તથા ।।૨૫૩।।**
**કાર્યસાધનમત્યર્થં ચતુર્થં ફલમુચ્યતે ।।**

૪. અને તેઓનું કાર્ય દેવોની સાથે યુદ્ધ કરી તેમજ બીજા પ્રકારથી ભગવાન્ સમ્પૂર્ણ રીતે ઘણું સિદ્ધ કરે છે એ ચોથું ફલ કહેલું છે.

આ સર્વ પુત્ર તથા પૌત્રો નાં લગ્ન વગેરે કાર્ય ભગવાન્ શંકર વગેરે સાથે યુદ્ધ કરીને અથવા બીજા પ્રકારે સમ્પૂર્ણ રીતે સિદ્ધ કરે છે એ ચોથું ફલ છે. આ ૫૯ તથા ૬૦મા અધ્યાયમાં કહેલું છે.

**યથા લોકે સર્વભાવો લૌકિકેષુ પ્રજાયતે ।।૨૫૪।।**
**તથા કૃષ્ણે સર્વભાવઃ તેષાં જાત ઈતીર્યતે ।।**

જેમ લોકમાં કાર્ય સિદ્ધ કરનાર લૌકિક પુરુષો ઉપર સમ્પૂર્ણ પ્રેમ થાય છે, તેવી રીતે તે સર્વનો સમ્પૂર્ણ પ્રેમ શ્રીકૃષ્ણમાં થયો એમ કહેલું છે.

**કૃષ્ણોઽપિ ચેત્ તથા કર્તા તદા સ્વપ્નો મનોરથઃ ।।૨૫૫।।**
**પ્રપંચાદ્વૈતવત્ તત્ર કૃષ્ણાદ્વૈતં ફલં મતમ્ ।।**

શ્રીકૃષ્ણ પણ જો તેમ કરે તો તેમના સ્વપ્ન અને મનોરથશ્રીકૃષ્ણના સમ્બન્ધમાં થાય છે (અને) જેમ પ્રપંચ સાથે અદ્વૈત થાય છે તેમ તેઓને શ્રીકૃષ્ણ સાથે અદ્વૈતરૂપ ફલ થવાનો નિશ્ચય કરેલો છે.

જો એ પ્રમાણે થાય તો બધો પ્રેમ સાધનમાં સમાઈ જતો હોવાથી તે ફલરૂપ ન થાય --એવી શંકા થાય, તેથી આ કારિકા કહેલી છે. જેમ લૌકિક પુરુષોને સર્વ પદાર્થો ઉપર પ્રેમ(કામના) થતાં તેમને તેમના સ્વપ્ન વગેરે થાય છે, તેમ શ્રીકૃષ્ણ ઉપર પ્રેમ થતાં શ્રીકૃષ્ણ સમ્બન્ધી સ્વપ્ન વગેરે થાય છે. અને શ્રીકૃષ્ણ સમ્બન્ધી મનોરથપણ થાય છે. તેથી જેમ લૌકિક પદાર્થ ઉપર પ્રેમવાળાઓને પ્રપંચ સાથે અદ્વૈત થાય છે, તેમ શ્રીકૃષ્ણ ઉપર પ્રેમ રાખનાર તેઓને શ્રીકૃષ્ણ સાથે અદ્વૈત થાય છે. આવું અદ્વૈત જો કે મુખ્ય ફલના અધિકારીઓને સાધનરૂપ છે, છતાં પણ સાયુજ્ય (મુક્તિ)ના અધિકારીઓને ફલરૂપ છે. તેથી જો કે આવા પ્રેમનો સાધનમાં સમાવેશ થાય છે, છતાં પણ અધિકારના ભેદને લીધે તે ફલરૂપ પણ છે.

**અર્થધર્મૌ ધર્મકામૌ કામમોક્ષૌ નિરૂપિતૌ ।।૨૫૬।।**
**કેવલાશ્ચાન્યસંયુક્તાઃ પુરુષાર્થાઃ ફલં મતમ્ ।।**

ધન અને ધર્મ, ધર્મ અને કામ, કામ અને મોક્ષ પુરુષાર્થો કહ્યા. તેઓ છૂટા-છૂટા અથવા એક બીજા સાથે ભળેલા ફલરૂપ મનાયેલા છે.

**અધ્યાય ૫૪. અક્રૂરને પ્રાપ્ત થયેલ ફલ :**

**અક્રૂરસ્ય ફલં સિદ્ધમ્ અર્થો ધર્મેણ સંયુતઃ ।।૨૫૭।।**
**તદર્થં તાદર્શીં લીલાં લોકાદ્ ભિન્નાં કરોતિ હિ ।।**

ધર્મ સાથે ભળેલું ધન અક્રૂરને ફલ તરીકે પ્રાપ્ત થયું. તે માટે લોકથી જુદા પ્રકારની તેવી લીલા ભગવાને કરી.

અક્રૂરને ધર્મ સાથે ધન(સ્યમન્તક મણિ) પ્રાપ્ત થાય તે માટે ભગવાને લોકથી જુદા પ્રકારની; પોતાના ઉપર પ્રસેનને હણાવવાનું તહોમત આવે અને પોતે તે દૂર કરે તેવી, લીલા કરી.

**સ્વતસ્તેષાં કૃતિશ્ચેત્ સ્યાત્ કૃષ્ણસ્તોષં કથં વ્રજેત્ ।।૨૫૮।।**
**દુર્યોધનાદિહન્તારો યથા વૈ પાંડવાઃ પ્રિયાઃ ।।**
**સત્રાજિદ્ ઘાતકાસ્તદ્વત્ શતધન્વાદયો મતાઃ ।।૨૫૯।।**

જો તેઓએ પોતાની મેળે તે કાર્ય કર્યું હોત, તો શ્રીકૃષ્ણ પ્રસન્ન કેમ થાત ? જેમ દુર્યોધન વગેરેને હણનારા પાંડવો ભગવાનને પ્રિય હતા, તેવી રીતે સત્રાજીતનો વધ કરનારા શતધન્વા વગેરે તેમની પેઠે પ્રિય હોવાનો નિર્ણય થાય છે.

જો અક્રૂર અને કૃતવર્મા એ પોતે જ તે કાર્ય એટલે સત્રાજીતનો વધ કર્યો હોત, તો ભગવાન્ અક્રૂર ઉપર પ્રસન્ન ન થાત. જેમ દુર્યોધન વગેરે કૌરવોને હણનારા પાંડવો ભગવાનને પ્રિય હતા, તેમ સત્રાજીતને હણનારા શતધન્વા વગેરે ભગવાનને પ્રિય જ હોય, કારણ કે સત્રાજીત સૂર્યનો ભક્ત હતો અને કોઈ બીજાનો સમ્બન્ધી હોય તે શ્રીકૃષ્ણ સહન કરતા નથી, પરન્તુ બીજાનો સમ્બન્ધ તજાવી, પોતામાં જ આસક્ત કરી મુક્તિ આપે છે.

**યુદ્ધેન મારણં મુખ્યં વને વા ગુપ્તભાવતઃ ।।**
**ન તુ સુપ્તસ્ય સર્વાસાં સમક્ષં મારણં મતમ્ ।।૨૬૦।।**
**શતધન્વા તતો વધ્યો મુક્ત્યર્થં મારિતઃ સ્વતઃ ।।**

યુદ્ધમાં હણવું અથવા વનમાં છૂપા પ્રકારથી હણવું મુખ્ય છે, પરન્તુ સર્વ સ્ત્રીઓની હાજરીમાં સૂતેલાને હણવું સારું મનાયેલ નથી. તેથી શતધન્વા વધ કરવા યોગ્ય હતો. તેને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાને પોતે હણ્યો.

ત્યારે પાંડવોની પેઠે ભગવાને શતધન્વાનું રક્ષણ કેમ ન કર્યું ? એવો પ્રશ્ન થાય, તેથી આ

કહેલ છે. તેણે સત્રાજીત સૂતો હતો ત્યારે તેના ઘરમાં સ્ત્રીઓને રડાવી તેનો વધ કર્યો (શ્લો.૫-૬), તેથી તે વધ કરવા યોગ્ય થયો. તેને મુક્તિ મળે તે માટે ભગવાને પોતે તેને હણ્યો (શ્લો.૨૧).

**ગુપ્તલીલા ફલે વાચ્યા તેનાજ્ઞાનપ્રકાશનમ્ ।।**
**વિદ્યયા બોધનં ચાપિ વિલમ્બશ્ચ પલાયને ।।**

ફલ પ્રકરણમાં છૂપી રીતે કરેલી લીલા કહેવાની છે, તેથી ભગવાને અજ્ઞાન પ્રકટ કર્યું, અને વળી વિદ્યાથી જ્ઞાન આપેલ જાણ્યું અને નાસવામાં વિલમ્બ શતધન્વાએ કર્યો.

એમ હોય તો ભગવાન્ સર્વ જાણતા જ હતા. તેથી સત્રાજીત હણાયા સમ્બન્ધી તેમણે વિલાપ વગેરે કેમ કર્યા ? (શ્લો.૧૦), એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાને છૂપી રીતે કરેલી લીલા આ પ્રકરણમાં કહેલી છે. ભગવાન્, સત્રાજીતને શતધન્વાએ હણેલ હોવાનું જાણવા છતાં, સત્યભામાએ હસ્તિનાપુર આવી તે કહ્યું ત્યારે તેમણે વિલાપ કર્યો. પછી દ્વારકા આવી તેને હણી તેની પાસેથી મણિ લેવાનો ઉદ્યમ કર્યો (શ્લો.૧૦). અક્રૂરે અને કૃતવર્માએ શતધન્વાને ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન આપ્યું તે તેમણે જાણ્યું (શ્લો.૧૨-૧૭) અને શતધન્વાને નાસવામાં વિલમ્બ થયો તે પણ જાણ્યું (શ્લો.૧૮).

**અક્રૂરવત્ સોઽપિ તિષ્ઠેત્ લીનો વા તત્ર વૈ ભવેત્ ।।૨૬૨।।**
**તદા વધ્યો ન ચૈવ સ્યાત્ પરં પાપેન દૂષિતઃ ।।**
**યુદ્ધાર્થં કૃષ્ણદેવેન મિત્રયોઃ પ્રાર્થનાં તથા ।।૨૬૩।।**
**કૃત્વા જ્ઞાત્વાઽપિ માહાત્મ્યં શરણં ન સ આગતઃ ।।**

જો તે પણ અક્રૂરની પેઠે દ્વારકામાં જ રહે, અથવા ત્યાં જ છૂપો રહે તો તે હણવા યોગ્ય ન જ થાત, પરન્તુ પાપને લીધે તે દોષવાળો થયો. શ્રીકૃષ્ણદેવ સાથે યુદ્ધ કરવા તેણે બે મિત્રોને સાહાય્યમાટે પ્રાર્થના કરી. તેમ કરી ભગવાનનું માહાત્મ્ય જાણ્યા છતાં પણ તે તેમને શરણ ન આવ્યો.

તે હણવા યોગ્ય ન રહેત, પરન્તુ તેણે યુદ્ધ કરવાનો નિશ્ચય કરી પાપ કર્યું અને ભગવાનનું માહાત્મ્ય જાણ્યા છતાં તેમને શરણ ન આવ્યો અને (તેમને શત્રુ ગણી) નાઠો.

**અલૌકિકં ફલં હ્યેતન્ મર્યાદાયાં ન યુજ્યતે ।।૨૬૪।।**
**અતો હિ બલદેવસ્ય નાત્ર સમ્મતિરુત્તમા ।।**

આ અલૌકિક ફલ છે તે મર્યાદા(માર્ગ)માં ઘટતું નથી તેથી બલદેવની આમાં ઉત્તમ સમ્મતિ થઈ નહિ.

ભગવાન્ શતધન્વાને હણી તેને મુક્તિ આપવાના હતા, તો તેમાં બલભદ્ર કેમ સમ્મત થયા નહિ ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે આવી રીતે મુક્તિ આપવી તે અલૌકિક ફલ છે, અને મર્યાદામાર્ગમાં તેવું ફલ ઘટતું નથી. તેથી બલદેવ તેમાં સમ્મત થયા નહિ (શ્લો.૨૧,૨૨,૨૪, શ્રીસુબોધિની સાથે).

**અત્રૈવ બલદેવસ્થં ભિન્નમાસીન્ નિવેશિતમ્ ।।૨૬૫।।**
**ભગવદ્ધર્મજાતં હિ તતઃ સ મિથિલાં ગતઃ ।।**

આ પ્રસંગે જ બલદેવમાં રહેલ ભગવાનના ગુણોના સમૂહનું જુદું સ્થાન થયું, તેથી તે ત્યાંથી મિથિલા ગયા.

બલભદ્ર ભગવાનને તજી, મિથિલા કેમ ગયા ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. ભૂમિનો ભાર ઉતારવો એ ભગવાનનો ગુણ છે, અને તે કાર્ય બન્નેએ કરવાનું હતું. લોકો બે પ્રકારના સ્વભાવવાળા હોવાથી ભૂમિનો ભાર ઉતરે તે માટે આ ફલ પ્રકરણમાં શ્રીકૃષ્ણ અને બલભદ્રની શક્તિનો વિભાગ થાય છે (જુઓ શ્લો.૨૪ ઉપરનાં શ્રીસુબોધિની).

**અરુચિશ્ચ હરાવાસીદ્ અન્યધર્મપ્રવેશતઃ ।।૨૬૬।।**
**અતઃ પરં તુ રામેણ નૈકમત્યં ક્વચિત્-ક્વચિત્ ।।**

બલભદ્રમાં બીજા ગુણનો પ્રવેશ થવાથી તેમની હરિમાં અરુચિ થઈ. હવેથી તો કોઈ-કોઈ પ્રસંગે શ્રીકૃષ્ણ બલભદ્રથી જુદા મતવાળા થવાના.

ભગવાન્ જાણતા હતા કે શતધન્વા પાસે મણિ ન હતો, છતાં તેને હણી તેના કપડાં મણિ માટે જોયાં. પછી બલભદ્ર પાસે આવી ‘‘શતધન્વાને નકામો હણ્યો તેની પાસે મણિ નથી’’ (શ્લો.૨૧-૨૨) એમ કહ્યું. બલભદ્રે માન્યું કે શ્રીકૃષ્ણ મણિ છૂપાવી પોતાની પાસે રાખવા ઈચ્છે છે. (હરિવંશ, સ્કન્દપુરાણ અ.૩૮) એ રીતે બલભદ્રની શ્રીકૃષ્ણ ઉપર અરુચિ થઈ તેથી તે મિથિલા જઈ ત્યાં જનક પાસે રહ્યા.

**લોકેઽપિ ફલમેતાદૃક્ સેવકાનાં ન રોચતે ।।૨૬૮।।**
**અતસ્તદ્ગોપનાર્થાય મારયિત્વાઽન્યથૈવ હિ ।।**
**મણ્યર્થં મારણં વક્તું વૃથા મારણમાહ હિ ।।૨૬૮।।**

લોકમાં પણ આવું ફલ સેવકોને ગમતું નથી. તેથી તે છૂપાવવામાટે નકામો જ શતધન્વાને હણીને ‘‘મણિ માટે હણ્યો’’ એમ કહેવા માટે ‘‘નકામો હણ્યો(મણિ તેની પાસે નથી)’’ એમ કહ્યું.

પોતાના સાસરાને ઉંઘતો હોય ત્યારે સ્ત્રીઓને રડાવી હણે, તશં પણ ભગવાન્ મુક્તિરૂપ ફલ આપે તે સેવકોને ન ગમે. તેથી મણિમાટે હણ્યો એવો શ્રીકૃષ્ણે દેખાવ કર્યો, અને બલભદ્રને તે પ્રમાણે કહ્યું (શ્લો.૨૨).

**સોડપિ જ્ઞાત્વા વ્યવસિતં ક્ષોભશાન્ત્યૈ તતો ગતઃ ।।**
**કાશ્યાદિતીર્થે ધર્મસ્ય સિદ્ધિરર્થે ન સાધિતા ।।૨૬૯।।**

અક્રૂરે પણ શ્રીકૃષ્ણનો નિશ્ચય જાણીને ક્રોધ શાંત થાય તે માટે ત્યાંથી જતો રહ્યો. કાશી વગેરે તીર્થમાં તેણે ધનથી ધર્મ પ્રાપ્ત કર્યો.

શ્રીકૃષ્ણે શતધન્વાને માર્યો, અને હવે મણિમાટે મને હણશે એવા ભયથી અક્રૂર અને કૃતવર્મા દ્વારકાથી નાસી ગયા(શ્લો.૨૯). અક્રૂરે કાશીમાં જઈ મણિથી પ્રાપ્ત થતાં ધનથી યજ્ઞો કરી ધર્મ પ્રાપ્ત કર્યો(શ્લો.૩૯)

**પુનઃ સ્વસ્થાનમાયાતૌ મણિં ચાવાપતુઃ પ્રભોઃ ।।**
**એવં યાદવવર્યેષુ ફલમ્ એતેન બોધિતમ્ ।।૨૭૦।।**

પાછા તે બે પોતાના સ્થાનમાં આવ્યા અને તેમણે પ્રભુ પાસેથી મણિ મેળવ્યો. એમ આ અધ્યાયથી ઉત્તમ યાદવોને ફલ મળ્યાનું જણાવ્યું.

ભગવાને બોલાવવાથી તેઓ પાછા દ્વારકા આવ્યા (શ્લો.૩૪). ભગવાને મણિ અક્રૂરને આપ્યો (શ્લો.૩૭,૪૧). એ રીતે અક્રૂરે અર્થ(મણિ) અને ધર્મ(યજ્ઞો વગેરે) પુરુષાર્થો પ્રાપ્ત કર્યા.

**અધ્યાય ૫૫ :**

**તથૈવ પાંડવાનાં ચ ફલં દાતું વિનિર્ગતઃ ।।**
**સાન્ત્વને તેડપિ નિર્દિષ્ટાઃ તતો વર્ગત્રયં દદૌ ।।૨૭૧।।**

અને તેવી જ રીતે પાંડવોને ફલ આપવા ભગવાન્ બહાર પધાર્યા. સાન્ત્વનમાં તેઓ પણ કહેલા છે. તેથી ત્રણ વર્ગ તેઓને આપ્યા.

યાદવોનાં ફલની વાત થાય છે, ત્યાં પાંડવોનાં ફલનું કેમ કહો છો ? એવો પ્રશ્ન થાય, તેથી પાંડવોનું પણ સાન્ત્વન છેતાલીસમા અધ્યાયમાં અક્રૂરદ્વારા ભગવાને કરેલું છે તે જણાવે છે. પાંડવોને ભગવાને ૧. વિશ્વકર્માદ્વારા નગર કરાવી આપ્યું, ૨. અગ્નિદ્વારા ગાણ્ડીવ અપાવ્યું અને ૩. મયદ્વારા સભા કરાવી આપી, શ્લો.૨૪,૨૬,૨૭. આ ત્રણ અનુક્રમે ધર્મ, અર્થ અને કામ પ્રાપ્ત કરાવનારા પદાર્થો છે.

**આમુષ્મિકં ફલં સૂર્યાત્ સ હિ વેદાત્મકો યતઃ ।।**
**તત્સમ્મતિં જ્ઞાપયિતું કાલિન્દીપ્રાપ્તિરુચ્યતે ।।૨૭૨।।**

પરલોકનું ફલ સૂર્યથી પ્રાપ્ત થાય છે, કારણ કે તે વેદરૂપ છે. તેની સમ્મતિ જણાવવા માટે કાલિન્દીની પ્રાપ્તિ થયાનું કહેલ છે.

યાદવોને પરલોકનું ફલ પ્રાપ્ત થાય તેમાં વેદરૂપ સૂર્યની સમ્મતિ છે એમ જણાવવા સૂર્યની પુત્રી કાલિન્દી પ્રાપ્ત થયાનું કહેલ છે.

**તદર્થગમનં જ્ઞાન-નિવૃત્ત્યૈ પ્રાપ્યતાં પુનઃ ।।**
**ઈન્દ્રપ્રસ્થે સ્થિતઃ કાલં તત્કાર્યાણાં હિ સાધકઃ ।।૨૭૩।।**

તે માટે ભગવાન્ પધારેલા તેવું જ્ઞાન ન થાય તે માટે તેને પ્રાપ્ત કર્યા પછી પાંડવોનાં કાર્ય પૂર્ણ કરનાર ભગવાન્ ઈન્દ્રપ્રસ્થમાં કેટલોક સમય રહ્યા.

ભગવાન્ કાલિન્દીને પ્રાપ્ત કરવા જ ઈન્દ્રપ્રસ્થપધારેલ એમ લોકો ન જાણે તે માટે, તેને પ્રાપ્ત કર્યા પછી પણ ભગવાન્ પાંડવોનાં કાર્ય પૂરાં થતાં સુધી ઈન્દ્રપ્રસ્થમાં રહ્યા. આથી એમ જણાય છે કે પાંડવાને જે ફલ પ્રાપ્ત થયેલ તે તો અકસ્માતથી થયેલ. ભગવાન્ પછી દ્વારકા પધારી ત્યાં કાલિન્દીને પરણ્યા (શ્લો.૨૮-૨૯).

**આત્મબોધસ્વરૂપેયં તેન વ્યાવર્તિતોઽર્જુનઃ ।।**
**મિત્રવિન્દા તપોરૂપા તેનાનીતા બલાન્ નિજાત્ ।।૨૭૪।।**
**અન્તસ્તાપ-બહિસ્તાપૌ ભ્રાતરાવિવ બોધિતૌ ।।**
**સ્વભાગત્વાદ્ હૃતા તસ્યા બન્ધૂનાં ચાખિલાર્થદઃ ।।૨૭૫।।**

આ આત્મજ્ઞાનનાં સ્વરૂપવાળાં છે. તેથી આમણે અર્જુનને પાછો કાઢેલો. મિત્રવિન્દા તપરૂપ છે. તેથી બલથી પોતાના ભાઈ પાસેથી લાવેલા. અંદરનો તાપ અને બહારનો તાપ બે ભાઈઓ જેવા જણાવેલા છે. તે પોતાના ભાગરૂપ હોવાથી તેનું હરણ કર્યું, અને તેના બન્ધુઓને સર્વ ઈચ્છેલા પદાર્થ આપ્યા.

કાલિન્દી આત્મજ્ઞાનનું સ્વરૂપ છે. તેથી અર્જુનને તેમણે પાછો કાઢેલો (શ્લો.૧૮-૨૩). બીજા મિત્રવિન્દા તપનું સ્વરૂપ છે. તે ભગવાનનાં ફોઈ રાજાધિદેવીની પુત્રી હોઈ, ‘‘ફોઈની પુત્રી તારો ભાગ છે’’ એ શ્રુતિ પ્રમાણે ભગવાનનો ભાગ હોવાથી તેમણે બલથી તેમનું હરણ કર્યું. તેમના ભાઈઓ વિન્દ અને અનુવિન્દ (તપના) અંદરના તાપ અને બહારના તાપ જેવા હતા. તેમની ઈચ્છા મિત્રવિન્દાને દુર્યોધનને આપવાની હતી, પરન્તુ બીજા સગાઓ તેમને ભગવાનને જ આપવા ઈચ્છતા હતા. તેથી તેઓના સર્વ ઈચ્છેલા પદાર્થ ભગવાને મિત્રવિન્દાનું હરણ કરી તેમને પ્રાપ્ત કરાવ્યા.

**યોગાત્મિકાં નાગ્નજિતીં સૂર્યવંશસમુદ્‌ભવામ્ ।।**
**વ્યસનાન્યગ્રતો જિત્વા તાં જગ્રાહાઽખિલર્દ્ધયે ।।૨૭૬।।**

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલી યોગરૂપ પ્રસિદ્ધ નાગ્નજીતીને પહેલાં વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરી યાદવોને સર્વ સમૃદ્ધિ પ્રાપ્ત થાય તે માટે ભગવાન્ પરણ્યા.

સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલા રાજાઓ યોગીઓ હોવાનું કહેલ છે, અને નાગ્નજીતી સૂર્યવંશમાં ઉત્પન્ન થયેલી. તેથી તે યોગરૂપ છે. સાત આખલારૂપ વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરી ભગવાને આમને મેળવેલા. વ્યસનો ઉપર વિજય પ્રાપ્ત કરવો તે પણ યોગનું કાર્ય હોવાથી, અને નાગ્નજીતી પણ તેમ કરવાથી પ્રાપ્ત થયેલાં હોવાથી તેમને યોગરૂપ કહેલાં છે.

**સિદ્ધિરૂપં પારિબર્હમ્ અતસ્તત્ર નિરૂપિતમ્ ।।**
**વ્યસનાવિષ્ટચિત્તાનાં તત્રેચ્છા ન તુ લભ્યતે ।।૨૭૭।।**
**ઈતિ દર્શયિતું પશ્ચાદ્ યુદ્ધમાહ નરેણ હિ ।।**

દાયજો સિદ્ધિરૂપ છે. તેથી તેના સમ્બન્ધમાં તે કહેલો છે. વ્યસનોમાં જેઓનું ચિત્ત ચોંટેલ હોય તેઓને તેની ઈચ્છા હોય છે. પરન્તુ તે પ્રાપ્ત થતી નથી એમ દર્શાવવા પછી અર્જુન સાથે યુદ્ધ થયાનું કહેલ છે.

યોગથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી આ યોગરૂપ નાગ્નજીતીના દાયજાનું વર્ણન શ્લો.૫૦-૫૧ માં કરેલું છે. વ્યસનીઓને સિદ્ધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવા છતાં તેમને તે પ્રાપ્ત થતી નથી એમ જણાવવા વ્યસની રાજાઓને પછી અર્જુન સાથે યુદ્ધ થયાનું શ્લો.૫૩-૫૪ માં કહેલ છે.

**નિત્યાનિત્યવિવેકાખ્યા ભદ્રા સ્વયમુપાગતા ।।૨૭૮।।**
**ભક્તિરૂપા લક્ષ્મણાઽપિ બલાદ્ બુદ્ધ્યા ચ સંગતા ।।**
**તસ્યા વિસ્તારકથનં સાત્ત્વિકાનાં ફલે જગૌ ।।૨૭૯।।**

નિત્યાનિત્યવિવેક નામનાં ભદ્રા પોતાની મેળે આવ્યા. ભક્તિરૂપ લક્ષ્મણાનાં પણ બલને લીધે અને બુદ્ધિથી લગ્ન થયાં. સાત્ત્વિકોનાં ફલ પ્રકરણમાં તેના વિવાહનું વિસ્તારથી વર્ણન કરેલું છે.

નિત્ય અને અનિત્ય પદાર્થોને જાણવાની શક્તિરૂપ ભદ્રાને તેમના ભાઈઓએ જ ભગવાનને પરણાવ્યાં એટલે તે પોતે જ ભગવાનને પરણ્યાં. તે વૈરાગ્યરૂપ હતાં, જ્ઞાન, યોગ અને તપ પ્રાપ્ત થતાં વૈરાગ્ય એની મેળે જ પ્રાપ્ત થાય છે. લક્ષ્મણા ભક્તિરૂપ હતા. આમના વિવાહનું વર્ણન લંબાણથી સાત્ત્વિક ફલ પ્રકરણમાં અધ્યાય ૮૦માં કરેલું છે. તેથી એમ સિદ્ધ થાય છે કે ભગવાનને આ બલને લીધે તથા બુદ્ધિથી પ્રાપ્ત થયેલાં (અ.૮૦।૧૭-૩૯).

**સર્વાર્થસાધનૈર્યુકતઃ સ્વતોઽપિ ફલદાયકઃ ।।**
**ફલપ્રકરણે પ્રોક્તઃ કૃષ્ણઃ સર્વહિતપ્રદઃ ।।૨૮૦।।**

શ્રીકૃષ્ણ સર્વ પુરુષાર્થ અને સાધનવાળા અને પોતાની મેળે પણ ફલ આપનારા હોવાનું અને સર્વ હિતનું દાન કરનાર હોવાનું આ ફલ પ્રકરણમાં કહેલ છે.

સર્વ મહારાણીઓને શ્રીકૃષ્ણે સર્વ પુરુષાર્થનું દાન કરેલું છે, અને તે સર્વનું હિત કરનારા અને પોતાની મેળે જ ફલ આપનારા હોવાનું આ પ્રકરણમાં કહેલું છે. આ વીર્ય દર્શાવનાર અધ્યાય છે એ સ્પષ્ટ જ છે.

**અધ્યાય ૫૬ :**

**વિષયાણામ્ ઈન્દ્રિયાણામ્ અનન્તત્વં યદા ભવેત્ ।।**
**જ્ઞાનસાધ્યે કર્મસાધ્યે ફલે સ્યાન્ નિર્વૃતિઃ પુરા ।।૨૮૧।।**
**ઈતિ જ્ઞાપયિતું કૃષ્ણઃ સહસ્રાણિ ચ ષોડશ ।।**
**નરાણાં કં સુખં હત્વા દેવાંશ્ચ પરિભૂય હિ ।।૨૮૨।।**
**મહિષીવૃત્તિરૂપાસ્તાઃ કાલદોષનિવૃત્તયે ।।**
**ઉદ્વાહયામાસ મુદા લોકવેદૌ સમર્થયન્ ।।૨૮૩।।**

જ્યારે ભોગના વિષયો અને ઈન્દ્રિયો અનન્ત હોય, ત્યારે પહેલાં જ્ઞાનથી અને કર્મથી પ્રાપ્ત થાય તેવાં ફલ સમ્બન્ધમાં સન્તોષ થાય છે એમ જણાવવા 'નરાણાં' = નરોના 'કં' = સુખ (નર+ક = નરકાસુર)ને હણી અને દેવોનો પરાજય કરી, લોક તથા વેદનું સમર્થન કરતાં શ્રીકૃષ્ણે કાલના દોષોને દૂર કરવા મનની વૃત્તિરૂપ સોળહજાર રાણીઓ (રાજાની કન્યાઓ) સાથે આનન્દથી લગ્ન કર્યાં. (આથી આ યશ ગુણથી કરેલી લીલા છે એમ જણાવેલ છે.)

**અવિદ્યાકાર્યરૂપો હિ મુરો નરકરક્ષકઃ ।।**
**તત્પુત્રા પીઠસહિતાઃ પ્રાકૃતાઃ ખાદિવન્મતાઃ ।।૨૮૪।।**

કારણ કે અવિદ્યાના કાર્યરૂપ મુર નરકનું રક્ષણ કરનારો હતો, પીઠ સહિત તેના પુત્રો ઈન્દ્રિયો વગેરે સાધનવાળા પ્રાકૃત હતા.

પીઠ નરકાસુરનો સેનાપતિ હતો તેની સાથે મુરના પુત્રો યુદ્ધ કરવા આવેલા.

**નરકો ભગવત્પુત્રઃ ચતુર્મૂર્તેઃ તપસ્સ્થિતઃ ।।**
**તપસોઽન્તે તપસ્વિભ્યઃ ફલદાતુસ્તુ યાચનાત્ ।।૨૮૫।।**
**ભૂમ્યાં જાતો વરઃ પ્રાપ્તો ન વધ્યઃ સકલૈરપિ ।।**
**નારાયણાસ્ત્રયુક્તશ્ચેત્ પરં પુત્રાય તદ્ દદૌ ।।૨૮૬।।**

ચાર મૂર્તિવાળા ભગવાનનો પુત્ર નરક તપ કરતો હતો. તપના અન્તે તપસ્વીઓને ફલ આપનાર પાસે (એવી) માગણી કરવાથી તે ભૂમિનો પુત્ર થયો અને તેને એવું વરદાન મળ્યું કે જો તેની પાસે નારાયણાસ્ત્ર હશે, તો કોઈથી પણ તે હણી શકાશે નહીં, પરન્તુ તેણે તે પુત્રને આપ્યું. (નારાયણાસ્ત્ર તેણે પોતાના પુત્ર ભગદત્તને આપ્યું.)

**તેન વધ્યો હરેર્જાતઃ તથૈવ સુખમૈહિકમ્ ।।**
**દૈવાધીનં તથા પુત્રફલં તત્ર નિવારિતમ્ ।।૨૮૭।।**

તેથી હરિથી હણવા યોગ્ય થયો. તેવી જ રીતે આ લોકનું સુખ દૈવને આધીન છે. અને તે વિષયમાં પુત્રનું ફલ પણ અટકાવેલું છે.

નારાયણાસ્ત્ર તેણે ભગદત્તને આપ્યું એટલે તે તેની પાસે ન હોવાથી જ તે હણી શકાયો. જેમ નરકનો વધ થયો, તેવી જ રીતે અવિદ્યાનાં કાર્ય અહંતા વગેરેથી રક્ષાયેલ, ઈન્દ્રિયો વગેરેથી પુષ્ટ થયેલ, ભૂમિ ઉપર ઉત્પન્ન થયેલ, ભગવાનની આજ્ઞાથી વિરુદ્ધ કર્મવાળું નરોનું જે આ લોકનું સુખ છે તે દૈવને અધીન છે. નરકને નારાયણાસ્ત્ર હોય ત્યાં સુધી તે કોઈથી હણી શકાય નહીં, તેવું વરદાન મળેલું. તેના પુત્રને તેવું વરદાન ન હતું તેથી તેને એ અસ્ત્રથી એવું ફળ મળે નહીં. અને મહાભારતના યુદ્ધમાં અર્જુને તેને મારી નાખેલ(દ્રોણ પર્વ અ.૨૯).

**દૈવાધીનત્વમેતેન વિરક્તો ભક્તિસંયુતઃ ।।**
**ઐહિકામુષ્મિકફલં કૃષ્ણાત્ પ્રાપ્નોત્યસંશયમ્ ।।૨૮૮।।**
**યાદવાનાં સમસ્તાનામ્ એવં દાતું હરિસ્તથા ।।**

આથી દૈવને અધીન હોવાનું સિદ્ધ થાય છે. ભક્તિ સાથે વૈરાગ્યવાળો હોય તે આ લોકનું અને પરલોકનું ફલ શ્રીકૃષ્ણ પાસેથી પ્રાપ્ત કરે છે, તેમાં સંશય નથી. સર્વ યાદવોને એવી રીતે ફલ આપવા હરિએ તેમ કર્યું.

સુખ દૈવને અધીન છે એ આથી સિદ્ધ થાય છે. વૈરાગ્ય અને ભક્તિવાળો હોય તેને શ્રીકૃષ્ણ બન્ને લોકનાં ફલ આપે છે જ. સર્વ યાદવોને ફલ આપવામાટે ભગવાને આવી લીલા કરેલી.

**અધ્યાય ૫૭ :**

**પરિહાસવિલાસસ્તુ રુક્મિણ્યા યદ્ ઈહોદિતમ્ ।।૨૮૯।।**
**તદ્ વાદ્વાચિકતિરોધાનં ગોપીનામિવ કાયિકમ્ ।।**
**અભિમાનાદિદોષાણાં નિવૃત્ત્યૈ મધ્યમત્વતઃ।।૨૯૦।।**
**અન્તિમે ચ તથાઽધ્યાયે માનસં ચ પ્રવક્ષ્યતિ ।।**
**એવં ત્રિધા તિરોભાવો દોષાભાવાય બોધ્યતે ।।૨૯૧।।**

રુક્મિણી સાથે ભગવાને પરિહાસનો આનન્દ કર્યાનું જે અહીં કહેલ છે તે-જેમ ગોપીઓ પાસેથી કાયાથી તિરોહિત થયેલા તેમ-મધ્યમપણાંને લીધે અભિમાન વગેરે દોષોને દૂર કરવા કરેલું વાણીનું તિરોધાન છે. તેમજ છેલ્લા અધ્યાયમાં મનનું તિરોધાન કહેશે. એવી રીતે દોષો ન રહે તે માટે ત્રણ પ્રકારનો ભગવાનનો તિરોભાવ જણાવેલો છે.

ભગવાનનો વિપ્રયોગ જરા સહન થઈ ન શકે તે પ્રથમ(સર્વથી) હલકો અધિકાર છે. તે વધારે સહન થઈ ન શકે તે મધ્યમ અધિકાર છે, અને તે મુદ્દલ સહન થઈ ન શકે તે ઉત્તમ અધિકાર છે. ભગવાને ભક્તોના દોષ દૂર કરવા કાયાથી, વાણીથી અને મનથી એમ ત્રણ પ્રકારે પોતાનું તિરોધાન કરેલ છે. મનનું તિરોધાન અ.૮૬।૧૫-૨૪માં જણાવેલ છે.

**અત્યન્તં કોમલા ભક્તા ન કૃષ્ણરસભોજને ।।**
**સમર્થા ઈતિ દાઢર્યાય તિરોધાનં કરોતિ હિ ।।૨૯૨।।**

ભક્તો અત્યન્ત કોમળ હોઈ શ્રીકૃષ્ણરસનો ભોગ કરવાની શક્તિવાળા હોતા નથી, તેથી તેઓને દઢ કરવા ભગવાન્ પોતે તિરોહિત થાય છે.

**અનેન સર્વભક્તાનાં સામર્થ્યં ચાપિ યચ્છતિ ।।**
**ફલભોગે ફલં ચાપિ તથા દોષં નિવારયન્ ।।૨૯૩।।**

આથી એમ જણાવ્યું છે કે તેવી રીતે દોષ દૂર કરતાં ભગવાન્ સર્વ ભક્તોને ફલનો ભોગ કરવાની શક્તિ અને ફલ પણ આપે છે.

'તેવી રીતે' એટલે પોતાનું તિરોધાન કરીને ભક્તોને ભગવાન્ ફલ અને ફલનો ભોગ કરવાની શક્તિ આપે છે.

**અધ્યાય ૫૮ :**

**પુત્રપૌત્રાદિસમ્પત્તિઃ *ફલપૂર્વમ્ ઉદાહ્રતમ્ ।।**
**તત્ર દોષસમુદ્ભાવે દૈત્યેષ્વેવ નિયોજયેત્ ।।૨૯૪।।**
**ઈતિ દર્શયિતું રુકમી હતો રામેણ મનલે ।।**

(* ''ફલં પૂર્વમ્'' પાઠ હોવો જોઈએ એમ જણાય છે)

પુત્ર-પૌત્ર વગેરેની પ્રાપ્તિ ફલરૂપ હોવાનું પહેલા કહેલું છે, તેમાં દોષ ઉત્પન્ન થતાં ભગવાન્ તેને દૈત્યોનો જ સમ્બન્ધ કરાવે, એમ દર્શાવવા મનલ કાર્યમાં બલભદ્રે રુકમીને હણ્યો.

પુત્ર-પૌત્ર વગેરે સમ્પત્તિ ફલરૂપ હોવાનું પાછળ કારિકા ૨૫૨-૨૫૩માં કહેલું છે. તેઓમાં બીજાના સમ્બન્ધને લીધે કોઈ વાર દોષ થાય, તો ભગવાન્ તે દોષ દૈત્યોમાં જ મૂકે છે, એમ દર્શાવવા અનિરુદ્ધના વિવાહરૂપ મનલ કાર્યમાં બલભદ્ર રુકમીને હણે છે (શ્લો.૩૬).

**અધર્મોદ્વાહજં પાપં તત્રૈવ નિહતં યતઃ ।।૨૯૫।।**
**અતઃ પાપે પ્રતિહતે સુખિનસ્તે સમાગતાઃ ।।**

કારણ કે અધર્મવાળા વિવાહથી થયેલ પાપ ભગવાને રુકમીમાં જ મૂકેલું, તેથી પાપનો નાશ થતાં યાદવ જાનૈયાઓ સુખી થઈ દ્વારકા પહોંચ્યા.

અનિરુદ્ધને રુકમીએ રોચના પરણાવી. આ વિવાહ અધર્મવાળો થયો (જુઓ શ્લો.૨૫ ઉપરનાં સુબોધિની) તેનું પાપ ભગવાને રુકમીમાં મૂક્યું, તેથી બલભદ્રે રુકમીને હણ્યો, અને યાદવો સુખી થઈ દ્વારકા પાછા આવ્યા(શ્લો.૪૦).

**અધ્યાય ૫૯-૬૦:**

**અતઃ પરં સર્વભાવૈઃ કૃષ્ણો ભક્તાર્થસાધકઃ ।।૨૯૬।।**
**ઈતિ દર્શયિતું પ્રોક્તમ્ ઊષાખ્યાનં મહાદ્ભુતમ્ ।।**
**અધ્યાયદ્વિતયેનૈવ વૈરાગ્યેણાપિ ધર્મિણા ।।૨૯૭।।**

હવે પછી ''શ્રીકૃષ્ણ સર્વ પ્રકારે ભક્તોનું કાર્ય સિદ્ધ કરે છે'' એમ દર્શાવવા વૈરાગ્ય ગુણ અને ધર્મીજણાવનારા બે અધ્યાયોથી જ ઊષાનું ઘણું અદ્ભુત આખ્યાન કહેલું છે.

ઓગણસાઠ અને સાઠમો અધ્યાય અનુક્રમે વૈરાગ્ય ગુણ અને ધર્મીજણાવનારા છે. આ બે અધ્યાયોમાં ઘણું અદ્ભુત ઊષાનું આખ્યાન કહેલું છે.

**તૂષ્ણીં સ્વધર્માન્ સંહૃત્ય જ્ઞાત્વાઽપ્યાસ્તે સદા હરિઃ ।।**
**યદોત્કૃષ્ટં ભક્તકાર્યં કુતશ્ચિત્ સિદ્ધિમેતિ હિ ।।૨૯૮।।**

જ્યારે ભક્તનું ઉત્તમ કાર્ય ક્યાંયથી પણ સિદ્ધ થતું હોય ત્યારે જાણવા છતાં, હરિ પોતાના ગુણોને સંકેલી લઈ સદા શાંત રહે છે.

ચિત્રલેખા અનિરુદ્ધને દ્વારકામાંથી લઈ જવા આવી, ત્યારે ભગવાન્ તે જાણતા હોવા છતાં ચિત્રલેખાને કાંઈ અડચણ આવવા ન દીધી (જુઓ અ.૫।૧૯-૨૦ ઉપરનાં શ્રીસુબોધિની).

**ઈત્યૂષાહરણં જ્ઞાત્વા રક્ષકાંશ્ચ નિવારયન્ ।।**
**અનભિપ્રેતકર્તા ચ નારદેન નિવારિતઃ ।।૨૯૯।।**

તેથી ઊષાએ અનિરુદ્ધનું હરણ કરાવેલ તે જાણીને, અને દ્વારકાનું રક્ષણ કરનારાઓને અટકાવીને યાદવોએ ન ઈચ્છેલું ભગવાને કર્યું. નારદે તેમને શાંત રહેતા અટકાવ્યા.

શ્રીકૃષ્ણ જાણતા હતા કે ઊષા ચિત્રલેખાદ્વારા અનિરુદ્ધનું હરણ કરાવે છે. તેથી દ્વારકાનું

રક્ષણ કરનારાને તેમણે રક્ષણ કરતા અટકાવ્યા (અ.૫૯।૧૮ સુબોધિની). અને યાદવોએ ન ઈચ્છેલ અનિરુદ્ધનું હરણ થવા દીધું, ત્યાર પછી પણ ચાર માસ ભગવાન્ શાંત જ રહ્યા અને પાછળથી પણ શાંત જ રહેત, પરન્તુ નારદે દ્વારકા આવી સર્વ વૃતાન્ત કહી, તેમને શાંત રહેતા અટકાવ્યા(અ.૬૦ આરંભની સુબો.કારિ.૩ તથા શ્લો.૧).

**એતદર્થં યતો લોકે મુગ્ધભાવસ્થિરો ભવેત્ ।।**
**મહાદેવાદિભિર્યુદ્ધં નાટ્યમ્ અત્ર ન સંશયઃ ।।૩૦૦।।**

ભગવાને તેમ એટલા માટે કરેલું કે જેથી લોકમાં પોતે જાણતા ન હોવાનો વિચાર દૃઢ થાય. મહાદેવ વગેરે સાથે યુદ્ધ કર્યું તે નાટક છે, તેમાં સંશય નથી.

ભગવાન્ ચાર માસ શાંત રહ્યા, અને નારદના કહેવાથી એ જાણવામાં આવ્યું હોય તેમ ત્યાં સુધી પોતાનું અજ્ઞાન જણાવ્યું. મહાદેવ સાથે યુદ્ધ કર્યું તે તો માત્ર નાટક જ હતું.

**મહાદેવોક્ત એવાર્થો યતોઽયં હરિણા કૃતઃ ।।**
**ભક્તેષુ પક્ષપાતો હિ સર્વદેવેષુ બોધિતઃ ।।૩૦૧।।**

કારણ કે મહાદેવે કહેલ તે જ આ કાર્ય હરિએ કર્યું. સર્વ દેવોને પોતાના ભક્તો પ્રતિ પક્ષપાત હોવાનું જણાવેલ છે.

મહાદેવે ભગવાનને જે કરવાની વિનંતી કરી, તે જ તેમણે કર્યું, જુઓ અ.૬૦।૪૫-૪૬. ભક્તો પ્રતિ બધા દેવો પક્ષપાત રાખે છે એમ આ વૃત્તાન્તથી જણાવેલ છે.

**તથાપ્યશક્તા નિખિલા ઈતિ બાહૂંશ્ચકર્ત હ ।।**
**ભક્તપ્રિયેષુ સર્વેષુ યે કેચિદ્ વિમતાઃ ક્વચિત્ ।।૩૦૨।।**
**યાવતા તે ભવિષ્યન્તિ સમ્મતાસ્તત્ કરોતિ હિ ।।**

છતાં પણ બધા દેવો તેમ કરવાની શક્તિ વિનાના હોવાથી, ભગવાને બાણના હાથો કાપી નાખ્યા. ભક્તને પ્રિય હોય તે સર્વમાં કેટલાક કોઈ વિષયમાં વિરોધ કરનારા હોય ત્યારે, જેટલું કરવાથી તેઓ અનુકૂલ થાય તે ભગવાન્ કરે છે.

બધા દેવો ભક્તનો પક્ષપાત સમ્પૂર્ણ રીતે કરી શકતા નથી એમ જણાવવા ભગવાને બાણના ૯૯૬ હાથો કાપી નાખ્યા (શ્લો.૪૯ શ્રીસુબોધિની સાથે). ભક્ત (મહાદેવ)ને જે કોઈ પ્રિય હોય, તે સર્વમાં (બાણ જેવા) જે કોઈ અમુક વિષયમાં વિરોધ કરનારા હોય, તેઓ જેટલું કરવાથી વિરોધ તજી સર્વ વિષયોમાં ભક્તને અનુકૂલ થાય, તેટલું સર્વ કાર્ય ભગવાન્ કરે છે, એમ આ કથાથી જણાવેલ છે.

**અનિરુદ્ધકથા પ્રોક્તા યાદવાનાં ચ સૂચિકા ।।૩૦૩।।**
**રાજસાનાં ફલં હ્યેતત્ ફલં કૃષ્ણાત્તુ નિર્ગુણમ્ ।।**
**એવં ફલપ્રકરણં રાજસેષુ નિરૂપિતમ્ ।।૩૦૪।।**

અનિરુદ્ધની કથા કહી. યાદવોનાં બળે માઝા મૂકેલી એમ તે સૂચવનારી છે. આ રાજસોનું ફલ છે. શ્રીકૃષ્ણથી તો નિર્ગુણ ફલ પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે રાજસોનું ફલ પ્રકરણ જણાવ્યું.

યાદવોનાં બળે માઝા મૂકી હતી એમ આ અનિરુદ્ધની કથાથી કહેલ છે; કારણ કે ઘણું બળ હોવું એ જ રાજસોનું ફલ છે. સર્વ પ્રકારે સર્વ કાર્ય સિદ્ધ કરવાં તેને જ રાજસો ફળ માને છે. વાસ્તવિક રીતે શ્રીકૃષ્ણ પાસેથી તેમને નિર્ગુણ (માયા તેમનાથી હઠી જાય તેવું) ફળ પ્રાપ્ત થાય છે.

## પ્રકરણ ચોથું : સાત્ત્વિક પ્રકરણ. અ. ૬૧-૮૧.

**અતઃ પરં સાત્ત્વિકાનાં પ્રક્રિયા વિનિરૂપ્યતે ।।**
**નૃગમોક્ષાદિયજ્ઞાન્તા વસુદેવસ્ય ધીમતઃ ।।૩૦૫।।**

હવે અહીંથી નૃગની ગરોળાના અવતારમાંથી મુક્તિથી આરંભી બુદ્ધિમાન્ વસુદેવના યજ્ઞના અન્ત સુધીનું સાત્ત્વિકોનું પ્રકરણ કહેવામાં આવે છે.

આ સાત્ત્વિક પ્રકરણનો આરંભ અધ્યાય ૬૧ નૃગના વૃત્તાન્તથી થાય છે અને અધ્યાય ૮૧ માં કહેલ વસુદેવના યજ્ઞ સુધીનું તે છે. તેથી ૬૧ થી ૮૧ સુધીના એકવીસ અધ્યાયોનું આ પ્રકરણ થયું.

**પ્રમાણાનાં બલં ત્વત્ર સાત્ત્વિકાનાં ન મૃગ્યતે ।।**
**પ્રક્રિયાત્રિતયં ત્વત્ર પ્રમેયાદિ નિરૂપ્યતે ।।૩૦૬।।**

અહીં સાત્ત્વિકોને પ્રમાણના બલની તો જરૂર નથી. તેથી સાત્ત્વિકોના સમ્બન્ધમાં પ્રમેય વગેરે ત્રણ પેટાપ્રકરણો કહેલાં છે.

સાત્ત્વિક-પ્રમેય, સાત્ત્વિક-સાધન અને સાત્ત્વિક-ફલ એવાં ત્રણ જ પેટાપ્રકરણો છે. તામસ અને રાજસ પ્રકરણો પેઠે આમાં સાત્ત્વિક પ્રમાણ પ્રકરણ નથી, કારણ કે સાત્ત્વિકોમાં સત્ત્વ તો હોય જ, અને તે જ્ઞાનરૂપ અને જ્ઞાન ઉત્પન્ન કરનારું હોવાથી તે પ્રમાણરૂપ છે. સાત્ત્વિકો સ્વભાવથી જ જાણે છે કે નન્દકુમાર વસુદેવના પુત્ર શ્રીકૃષ્ણ; ભગવાન્ અને ઈશ્વર છે તેથી તેઓને એવું જ્ઞાન કરાવવાની કાંઈ જરૂર ન હોવાથી આ પ્રકરણના ત્રણ જ પેટાપ્રકરણો છે.

**સ્નેહસ્તેષાં પૂર્વસિદ્ધ આસક્તિશ્ચાપિ વૈ દઢા ।।**
**વ્યસનેનાઽભવન્ શુદ્ધા રાજસાઃ કિન્તુ દોષતઃ ।।૩૦૭।।**
**સંસ્કારમાત્રાત્ પુષ્ટ્યા ચ સમ્પત્ત્યા *ચોદ્ધ્રુતાઃ સદા ।।**
**અતો દોષનિવૃત્તિર્હિ સર્વેષામ્ અત્ર વર્ણ્યતે ।।૩૦૮।।**

(* અહિં 'ચોદ્ધતાઃ' પાઠ હશે એમ જણાય છે)

તે (રાજસો તથા તામસો) ને ભગવાન્માં સ્નેહ પહેલાં થયેલો, અને દઢ આસક્તિ પણ થયેલી જ. પરન્તુ માત્ર સંસ્કારથી થયેલા દોષને લીધે અને ભગવાનની કૃપાથી પ્રાપ્ત થયેલી સમ્પત્તિને લીધે તેઓ સદા ઉદ્ધત રહેતા. તેથી આ પ્રકરણમાં સર્વના દોષ દૂર કરવાનું કહેલ છે.

આ પ્રકરણમાં કોઈક સ્થળે રાજસ અને તામસ ભક્તોનું પણ નિરૂપણ કરેલું છે. તેઓને ભગવાન્માં સ્નેહ અને આસક્તિ થયેલ હોવા છતાં, સંસ્કાર તથા સમ્પત્તિને લીધે તેઓ ઉદ્ધત રહેતા. તેથી ભગવાન્ તેઓના પણ દોષ દૂર કરે છે. દોષ દૂર થતાં તેઓ પણ સાત્ત્વિક થાય છે, તેથી આ સાત્ત્વિક પ્રકરણ જ છે.

[ અ. સાત્ત્વિક પ્રમેયપ્રકરણ. અધ્યાય ૬૧ થી ૬૬।૬૭ અને ૭૯]

**નૃગઃ પૂર્વતનો ભક્તઃ સાત્ત્વિકો ધાર્મિકસ્તથા ।।**
**અતિદાનેન દુઃખં સ પ્રાપ્ય કૃષ્ણેન મોચિતઃ ।।૩૦૯।।**

નૃગ પહેલાંનો ભક્ત હતો. તે સાત્ત્વિક તેમજ ધર્મવાળો હતો. ઘણું દાન કરવાથી તે દુઃખ પામ્યો, શ્રીકૃષ્ણે તેને દુઃખમાંથી છોડાવ્યો.

વૈવસ્વત મનુના પુત્ર ઈક્ષ્વાકુ (જુઓ ૯।૬।૪) નો નૃગ પુત્ર હતો (શ્લો.૧૦). તેથી આ પહેલાંનો ભક્ત હતો. તે સાત્ત્વિક અને ધર્મવાળો હોવા છતાં દાન કરવામાં જ આસક્ત હોવાથી દુઃખી થયો (શ્લો.૧૬-૨૪). શ્રીકૃષ્ણે જ તેને ગરોળાના અવતારથી છોડાવ્યો(શ્લો.૫).

**આજ્ઞેચ્છાઽભાવતો દોષમ્ અભિમાનાત્તુ કેચન ।।**
**અત્યન્તમ્ આગ્રહો ધર્મે વિચારાદેરભાવતઃ ।।૩૧૦।।**
**દુઃખભોગાય ભવતિ કૃષ્ણાદ્ અન્યત્ર સર્વથા ।।**

ભગવાનની આજ્ઞા અને ઈચ્છા તેવું તે દાન કરે તેવી ન હોવાથી તેને દોષ લાગવાનું કેટલાક કહે છે, કેટલાક તો અભિમાનને લીધે દોષ લાગવાનું કહે છે. વિચાર વગેરે ન કરતાં ધર્મમાં અત્યંત આગ્રહ રાખવો એ દુઃખ ભોગવરાવનારૂં છે. શ્રીકૃષ્ણ સિવાય બીજામાં આગ્રહ સમ્પૂર્ણ પ્રકારે દુઃખ ભોગવરાવનાર થાય છે.

કેટલાક એમ માને છે કે ભગવાનની આજ્ઞા વિના અને તેમની ઈચ્છા વિના નૃગે દાન કર્યા કર્યું

એ તેનો દોષ હતો. બીજાઓ એમ માને છે કે તેને અભિમાન હતું એ તેનો દોષ હતો. શ્લો.૧૨ માં અસંખ્ય ગાયોનું દાન કર્યાનું તેણે કહેલ છે. તેથી તેને દાન કર્યાનું અભિમાન હતું એમ તેઓને જણાય છે. વસ્તુતઃ ભગવાનની આજ્ઞા અથવા ઈચ્છાનો વિચાર કર્યા વિના ધર્મમાં અત્યંત આગ્રહ રાખવાથી જ તેને ઘણું દુઃખ થયેલું. શ્રીકૃષ્ણ સિવાય બીજા હરકોઈમાં અત્યંત આગ્રહ રાખવાથી દુઃખ ભોગવવું પડે છે.

**ભક્તિયોગે તુ ભગવાંસ્તાદશમપિ મોચયેત્ ।।૩૧૧।।**
**તથા યથા ન કુરુતે તદર્થં તાદશં હરિઃ ।।**
**કૃકલાસં સર્વવધ્યં સર્વક્ષોભાચ્ચકાર હ ।।૩૧૨।।**

તેવો પણ જો ભક્તિવાળો હોય તો ભગવાન્ તેને દુઃખમાંથી છોડાવે. જે પ્રકારે તેમ ન કરે તે માટે તેવા (નૃગ)ને હરિએ સર્વને ક્રોધ ઉત્પન્ન કરનાર હોવાથી સર્વે વધ કરવા યોગ્ય ગરોળો બનાવ્યો.

તેવો ધર્મમાં અત્યંત આગ્રહ રાખનારો પણ જો ભગવાનની ભક્તિ કરનારો હોય તો ભગવાન્ તેને દુઃખમાંથી છોડાવે છે. તે ધર્મમાં અથવા ભગવાન્ શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈમાં અત્યંત આગ્રહ ન રાખે, તેમ કરવા, ભગવાને તેને સર્વને ક્રોધ ઉત્પન્ન કરાવનાર ગરોળો બનાવ્યો.

**યથૈકો બ્રાહ્મણઃ ક્રુદ્ધઃ તથૈવૈકત્ર કર્મણિ ।।**
**યાવન્તો યોગમાપન્નાઃ તાવતાં કલેશદં તુ તત્ ।।૩૧૩।।**
**અતોઽન્યત્ર વ્યસનિનો ધર્માદિષુ યથાયથમ્ ।।**
**દુઃખભાજો ભવુત્યેવ તસ્માત્ કૃષ્ણે તદાચરેત્ ।।૩૧૪।।**

જેમ એક કર્મમાં (કર્મ કરવાથી) એક બ્રાહ્મણને ક્રોધ થયો, તેમ ગરોળા સાથે જેટલા સમ્બન્ધમાં આવેલ તે બધાને તે દુઃખ આપનારું હતું. તેથી શ્રીકૃષ્ણ સિવાય બીજા ધર્મ વગેરેમાં વ્યસન કરનારાઓ ધીરે-ધીરે દુઃખી થાય છે જ. તેથી શ્રીકૃષ્ણમાં જ તે કરવું.

નૃગે એક બ્રાહ્મણની ગાય બીજાને આપી દીધી, તે કર્મથી બ્રાહ્મણને ક્રોધ થયો. તેમ ગરોળા સાથે જેટલા સમ્બન્ધમાં આવે તે બધાને તેને જોઈ અણગમો તથા દુઃખ થાય. તેથી શ્રીકૃષ્ણ સિવાય બીજા હરકોઈમાં ધર્મ વગેરેમાં પણ વ્યસન કરવાથી ધીરે-ધીરે દુઃખ થાય છે જ. તેથી બીજામાં વ્યસન ન કરતાં શ્રીકૃષ્ણમાં જ વ્યસન કરવું.

**અસંખ્યાતત્વકથને દષ્ટાન્તત્રયમીરિતમ્ ।।**
**તામસાદિવિભેદેન ગુણાશ્ચાપિ ત્રિધા મતાઃ ।।૩૧૫।।**

અસંખ્ય ગાયોનું દાન કર્યાનું કહેવામાં તામસ વગેરે ભેદથી ત્રણ દષ્ટાન્તો કહેલાં છે, અને ગુણો પણ ત્રણ પ્રકારના વિચારેલા છે.

નૃગે અનંત ગાયોનું દાન કરેલું એમ જણાવવા તેણે; ૧. પૃથ્વીના રજકણોનું, ૨. આકાશના તારાઓનું અને ૩. વૃષ્ટિની ધારાઓનું, એવાં ત્રણ દષ્ટાન્તો કહેલાં છે. ત્રણ અનુક્રમે તામસ, સાત્ત્વિક અને રાજસ છે (શ્લો.૧૨ સુબોધિની સાથે). આ દષ્ટાન્તો તેણે અભિમાન હોવાથી કહેલાં નથી પણ દાનનું અનંતપણું દર્શાવવા કહેલાં છે તેથી અભિમાન તેનો દોષ ન હતો. પરન્તુ દાન ધર્મનું વ્યસન જ તેનો દોષ હતો. શ્લો.૨૫ માં તેના ત્રણ ગુણો પણ કહેલા છે (શ્લો.૨૫ સુબોધિની સાથે).

**અતસ્તામસધર્મેષુ ભ્રમસ્તસ્ય ફલિષ્યતિ ।।**
**અતોઽત્ર ધર્મનિર્ધારે દોષાભાવો ગુણઃ સ્મૃતઃ ।।૩૧૬।।**
**ગુણસ્તુ દોષ એવ સ્યાદ્ ઈતિ દાનં તથોદિતમ્ ।।**

તેથી તામસ ધર્મોમાં તેને ભ્રમ થવાનો. તેથી ધર્મનો નિર્ણય કરવાના આ વિષયમાં દોષ ન હોવો એ ગુણ કહેલ છે, અને ગુણ તો દોષરૂપ જ થાય. તેથી દાન દોષરૂપ હોવાનું કહેલ છે.

દોષ ન હોવો તે ધર્મના વિષયમાં ગુણ છે. (નૃગે દોષ કરેલો, એક બ્રાહ્મણની ગાય બીજાને આપેલી) ધર્મના વિષયમાં ગુણ દોષરૂપ જ છે. ધર્મમાં ઘણી આસક્તિ રાખવાથી નૃગને દુઃખ થયું.

**ધર્મમાર્ગે બ્રાહ્મણાનાં ક્ષોભં નૈવ સમાચરેત્ ।।૩૧૭।।**
**મુખ્યે તુ સર્વભૂતાનાં ન કિઞ્ચિત્ તસ્ય નશ્યતિ ।।**

ધર્મમાર્ગમાં બ્રાહ્મણોને ઉદ્વેગ થાય તેવું ન જ કરવું. મુખ્ય માર્ગમાં તો સર્વ પ્રાણીઓને સંતાપ થાય તેવું ન કરવું. તેમ ન કરે તેને કાંઈ પણ હાનિ થતી નથી.(મુખ્ય માર્ગમાં એટલે ભક્તિમાર્ગમાં.)

**તથાઽર્થે બાન્ધવાનાં ચ કામે સ્વાત્મનિ તત્ તથા ।।૩૧૮।।**
**મોક્ષે ત્વીશસ્ય સતતં ચતુર્ભિઃ તન્નિરૂપ્યતે ।।**

તેવી રીતે અર્થ સમ્બન્ધમાં બાંધવોને અને કામમાં પોતાના આત્માની અંદર રહેલાને અને મોક્ષમાં તો ઈશ્વરને ન થાય તેવું કરવું જોઈએ. તે ચાર અધ્યાયોથી કહેલું છે.

ધર્મમાં બ્રાહ્મણોને સંતાપ ન થાય તેમ કરવું જોઈએ એ ૬૧ મા અધ્યાયમાં કહ્યું. અર્થમાં બાંધવોને સંતાપ ન થાય તેવું કરવાનું ૬૨ મા અધ્યાયમાં કહ્યું. શ્રીકૃષ્ણના બાંધવ બલભદ્રને ક્રોધ થાય તેવું યમુનાએ કર્યું*. બલભદ્રે બોલાવવા છતાં ગયાં નહીં તેથી યમુનાને ભય થયો. તેવી જ રીતે પોતાના આત્મા ભગવાન્ પ્રતિ ઈર્ષ્યા રાખી તેમને ક્રોધ થાય તેવું પૌંડ્રકે કર્યું તેથી તેને કામ પ્રાપ્ત ન

થયો, આ ૬૩ મા અધ્યાયમાં કહેલું છે. દ્વિવિદે ભગવાનના આવેશવાળા બલદેવને ક્રોધ થાય તેમ કર્યું તેથી તેને મોક્ષ પ્રાપ્ત ન થયો. રામાવતારમાં તે ભક્ત હતો (અ.૬૭।૨ સુબોધિની), છતાં તેને મોક્ષ પ્રાપ્ત ન થયો.

(* યમુનાના બાંધવ યમને ક્રોધ થાય તેવું યમુનાએ કર્યું એમ વેદમાં કહેલા યમ અને યમીના સંવાદથી જણાય છે. તેથી યમુનાનો ભગવાનની પ્રાપ્તિરૂપ સ્વાર્થ તેમને સિદ્ધ ન થયો --યોજના. ૬૨ મા અધ્યાયમાં આ સંવાદનો ઉલ્લેખ પણ નથી)

**યથા નૃગસ્ય ધર્મો ન યમુનાયાસ્તથા નિજઃ ।।૩૧૯।।**
**સ્વાર્થઃ સિદ્ધઃ તથા કામઃ પૌણ્ડ્રકસ્ય તથા ગતિઃ ।।**
**દ્વિવિદસ્યાપિ નો સિદ્ધઃ તત્તન્મૂલવિરોધતઃ ।।૩૨૦।।**

જેમ નૃગને ધર્મ ફળ્યો નહીં, તેમ યમુનાને પોતાનો અર્થ સિદ્ધ થયો નહીં. તેવી રીતે પૌંડ્રકને કામ સિદ્ધ થયો નહીં અને દ્વિવિદને પણ મોક્ષ પ્રાપ્ત થયો નહીં, કારણકે તે-તે પુરુષાર્થના મૂલ સાથે તેમનો વિરોધ થયેલો.

બલભદ્રમાં ભગવાનનો આવેશ હોય ત્યારે તેમનો વિરોધ કરવાથી ભગવાનનો વિરોધ થાય. આ કારિકામાં ચારેનાં દષ્ટાન્ત આપ્યાં છે, તે ઉપર જણાવેલા છે. પોતાના કુદરતી માર્ગે વહેવું એ યમુનાનો અર્થ સિદ્ધ ન થયો એમ જણાય છે(જુઓ અ.૬૨।૩૧).

**અનિરુદ્ધે દ્વયોઃ કાર્યં તેન કૃષ્ણો બલસ્તથા ।।**
**અન્તરાન્તરભાવેન ભિન્નાર્થવિનિવારકૌ ।।૩૨૧।।**

અનિરુદ્ધમાં બેનું કાર્ય છે. તેથી શ્રીકૃષ્ણ અને (શ્રીકૃષ્ણે) અંદર આવેશ કરેલી સ્થિતિથી બલભદ્ર, એ બે જુદા-જુદા કાર્યને અટકાવનારા કહેલા છે.

અનિરુદ્ધ વ્યૂહનું કાર્ય ધર્મનું રક્ષણ કરવાનું છે. ધર્મનો વિરોધ કરનાર કોઈ ન હોય, તો ધર્મનું રક્ષણ કરવાનું રહે નહીં. તેથી ધર્મનું રક્ષણ થાય તે માટે ધર્મનો વિરોધ કરનાર તથા તેનું રક્ષણ કરનાર એવા બેની જરૂર પડે છે. તેથી શ્રીકૃષ્ણે પોતે, અને શ્રીકૃષ્ણના આવેશવાળા બલભદ્રે આ કાર્યો કરેલાં છે, તેથી ભગવાનની લીલાનું નિરૂપણ કરતાં આ પ્રકરણમાં બલભદ્રે કરેલાં કાર્ય કહેલાં છે.

**અધ્યાય ૬૨ :**

**યમુનાકર્ષણં કાર્યં પશ્ચાજ્જાતાશ્ચ ગોપિકાઃ ।।**
**શ્રુતપૂર્વા બલં દષ્ટ્વા રેમિરે લૌકિકાસ્તુ તાઃ ।।૩૨૨।।**

બલભદ્રે યમુનાને ખેંચી તે વીર્યનું કાર્ય છે, અને પછી જેમણે (ભગવાને કરેલ રાસનું) શ્રવણ

કરેલ તે પાછળથી ઉત્પન્ન કરેલી ગોપીઓએ બલભદ્રને જોઈ તેમની સાથે રમણ કર્યું. તેઓ તો લૌકિક હતી.

આ ગોપીઓએ પણ બલભદ્ર સાથે નહીં પરન્તુ બલભદ્રમાં જેમનો આવેશ હતો તેવા ભગવાન્ સાથે જ રમણ કરેલું, અને તેમણે જ યમુનાને ખેંચેલી. (શ્લો.૨૭ ઉપરનાં શ્રીસુબોધિની).

**સાત્ત્વિકાસ્તુ પરં સંગાદ્ દોષસ્તાસાં ચ નાશ્યતે ।।**
**ગોપીનાં કૃષ્ણદેવસ્ય શિષ્ટાનાં સાત્ત્વિકત્વતઃ ।।૩૨૩।।**
**સત્સંગાત્ સુખમુત્પન્નં નિત્યં કૃષ્ણકથા યતઃ ।।**

પહેલાંની ગોપીઓએ તો સંગથી સાત્ત્વિક થઈ ભગવાનને પ્રાપ્ત કર્યા અને તે ગોપીઓના શ્રીકૃષ્ણદેવ સમ્બન્ધી દોષનો નાશ કરવામાં આવ્યો. બીજીઓને સાત્ત્વિકપણાંને લીધે સત્સંગથી સુખ થયું, કારણ કે તેઓ સદા શ્રીકૃષ્ણની કથા કરતા હતા.

પહેલાંની ગોપીઓ તો બલભદ્રના સંગથી સાત્ત્વિક થઈ અને શ્રીકૃષ્ણ કૃતઘ્ન છે એવો તેમના ઉપર તેઓ જે દોષ મૂકતી તેનો નાશ થયો. નન્દ વગેરે બીજાઓને પણ બલભદ્રના સત્સંગથી સુખ થયું, કારણ કે તેઓ સદા શ્રીકૃષ્ણની કથા કરતા હતા.

**દેવાદીનાં તુ સમ્મત્યૈ દૈત્યાનાં દેવરૂપિણામ્ ।।૩૨૪।।**
**મધુધારાદિકં પ્રોક્તં વસ્ત્રદાનાદિકં તથા ।।**

દેવો વગેરેની સમ્મતિ દર્શાવવા દેવોનું રૂપ ધારણ કરનાર દૈત્યોએ મધુની ધારા વગેરે, અને દેવોએ વસ્ત્ર વગેરે આપ્યાનું કહેલ છે.

અમૃતમથન સમયે લક્ષ્મી સાથે વારુણી ઉત્પન્ન થયેલી. તે વૃક્ષોની અધિષ્ઠાત્રી દેવતા બધા વૃક્ષોમાં રહે છે અને દૈત્યોને આપવામાં આવેલી. તેથી તે તેમના રાજા વરુણને અધીન છે. જે વૃક્ષોમાં વારુણી રહેતી હોય તેમાંથી જ મધુ એટલે મદિરાની ધારા નીકળે છે. વારુણીએ મધુની ધારા આપી વનને સુગંધિત કર્યું (શ્લો.૧૯-૨૦ સુબોધિની) ભગવાનની ચોથી શક્તિ કાંતિએ (જુઓ.૧૦।૩૬।૫૫) બલભદ્રને ઘણા કિંમતી આભૂષણો, શ્યામ વસ્ત્રો અને માલા આપ્યા (શ્લો.૨૯). તેમનાં કાર્યમાં દેવોની સમ્મતિ હોવાનું આથી જણાવેલ છે.

**અધ્યાય ૬૩ :**

**કામો લોકે હિ સન્માનં કૃષ્ણત્વે તદ્ભવેદ્ ધ્રુવમ્ ।।૩૨૬।।**
**પૌણ્ડ્રકસ્તુ તતો જાતો માત્સર્યાત્ કૃષ્ણરૂપધૃક્ ।।**

લોકમાં સન્માન થાય તે કામ. શ્રીકૃષ્ણપણું હોય તો લોકમાં તે ચોકકસ થાય. તેથી પૌણ્ડ્રકે તો શ્રીકૃષ્ણની ઈર્ષ્યાથી શ્રીકૃષ્ણનું રૂપ ધારણ કર્યું.

**મૂલે કૃત્વા વિરોધં હિ લોકે નષ્ટસ્તથાઽનુગઃ ।।૩૨૬।।**
**પ્રમેયબલમાસાદ્ય મુકતઃ પૂર્વો ન ચાપરઃ ।।**

મૂલ સ્વરૂપ સાથે વિરોધ કરીને લોકમાં તે નાશ પામ્યો. તેમજ તેને અનુસરનારો પણ નાશ પામ્યો. પ્રમેયબલ પ્રાપ્ત કરીને પહેલાં કહેલો મુક્તિ પામ્યો, પરન્તુ બીજો મુક્તિ ન પામ્યો.

બાલકોના ચડાવવાથી પોતાને વાસુદેવ માની તેણે શ્રીકૃષ્ણનો વિરોધ કર્યો અને તેથી તેનો તથા તેને અનુસરનાર કાશીના રાજાનો લોકમાં નાશ થયો. પૌણ્ડ્રકની પ્રમેયબલથી મુક્તિ થઈ, કારણ કે હરકોઈ પ્રકારે શ્રીકૃષ્ણમાં ચિત્ત રાખવાથી મુક્તિ થાય છે જ, પરન્તુ કાશીના રાજાને મુક્તિ પ્રાપ્ત ન થઈ.

**વાક્યેનૈવ તુ કર્તવ્યમ્ અવિરોધેન વા ક્વચિત્ ।।૩૨૭।।**
**ન ત્વન્યથા તીર્થદેવ-ક્ષેત્રૈર્ભકત્યાઽપિ કુત્રચિત્ ।।**

ભગવાનના વિરોધીને ભગવાનનાં વચનથી જ સહાય્ય કરવી, અથવા ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે કોઈવાર કરવી, પરન્તુ ભક્તિને લીધે પણ તીર્થના દેવોએ તથા તીર્થોએ કોઈ પ્રસંગે બીજા પ્રકારે સાહાય્ય કરવી નહીં.

ભગવાનના વિરોધીનો પક્ષ લેવો હોય તો ભગવાનની આજ્ઞાથી જ અથવા ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે જ લેવાય. અમૃતમંથન સમયે ભગવાનની આજ્ઞાથી દેવોએ દૈત્યો સાથે સહકાર કરેલો. વિદુર ભગવાનનો વિરોધ ન થાય તેવી રીતે જ દુર્યોધનના પક્ષમાં રહેલો. ભગવાનની આજ્ઞા વિના અથવા તેમનો વિરોધ થાય તેવી રીતે જે તેમના વિરોધીનો પક્ષ લે તેનો નાશ જ થાય. કાશીના રાજાનો તેવી રીતે પૌંડ્રકનો પક્ષ લેવાથી વિનાશ થયો. તીર્થો અને તીર્થના દેવોને પણ આ નિયમ લાગુ પડે છે. પોતાના ભક્તોનો પક્ષ લેવામાં પણ તેમણે આ ધ્યાનમાં રાખવાનું છે.

**અતઃ કાશ્યપિ નિર્દગ્ધા મહાદેવોઽપિ વારિતઃ ।।૩૨૮।।**
**તથાઽન્યાન્યપિ રૂપાણિ પ્રકટે મુરવૈરિણિ ।।**

તેથી જ્યારે મુરારિ પ્રકટ હતા ત્યારે કાશી પણ બળી ગઈ. મહાદેવનો પણ પરાભવ થયો, અને બીજા સ્વરૂપોનો પણ પરાભવ થયો.

મુરારિ પ્રકટ હતા, ત્યારે તેમની આજ્ઞા વિના તેમનો વિરોધ થાય તેવી રીતે કાશીના રાજાના પુત્ર સુદર્શનનો પક્ષ લેવાથી તીર્થ કાશી બળી ગઈ (શ્લો.૪૧), અગ્નિરૂપ મહાદેવનો પણ પરાભવ

થયો (શ્લો.૨૮,૨૯,૩૯,૪૦). શ્લો.૪૩ માં આ ભગવાનનાં કાર્યનાં શ્રવણનું ફલ કહેલું હોવાથી આ યશ ગુણનું કાર્ય છે.

**અધ્યાય ૬૪ :**

ચોસઠમા અધ્યાયમાં બલભદ્રનું ચરિત્ર કહેલ છે. બલભદ્રનું પરાક્રમ તો ગયા અધ્યાયથી જ જણાય છે. કારણ કે બલભદ્ર દ્વારકા હતા ત્યાં સુધી પૌણ્ડ્રક શ્રીકૃષ્ણ પાસે દૂત મોકલવાનું સાહસ કરી શક્યો ન હતો. તે નન્દના વ્રજમાં ગયેલ ત્યારે જ તેણે દૂત મોકલેલ (અ.૬૩।૧ અ.૬૪ ના શ્રીસુબોધિનીની આરંભની કારિકા ૧). વળી આ અધ્યાયમાં બલભદ્રે દ્વિવિદને હણ્યો તે જ કથા કહેલી છે. તેમણે રમતમાં તેને હણ્યો એ શ્રીગુણનું કાર્ય સ્પષ્ટ છે. તેથી આ અધ્યાય સમ્બન્ધી નિબન્ધમાં વિચાર દર્શાવેલ નથી.

**અધ્યાય ૬૫ :**

**દોષોત્પત્ત્યૈવ તે ત્યાજ્યાઃ તેન નાત્રોક્તદૂષણમ્ ।।૩૨૯।।**
**પાંડવાદિસમસ્તાનાં દોષોઽપ્યત્ર નિવાર્યતે ।।**

દોષ ઉત્પન્ન થવાથી જ તેઓ ત્યાગ કરવા યોગ્ય થયેલા, તેથી આ વિષયમાં જણાવેલો દોષ નથી. અહીં પાંડવ વગેરે સર્વનો દોષ પણ દૂર કરવામાં આવે છે.

કૌરવોને અભિમાન થયેલ (શ્લો.૨૪-૨૮), એ દોષને લીધે તેઓ ત્યાગ કરવા યોગ્ય થયેલા. તેથી શ્રીકૃષ્ણના આવેશવાળા બલભદ્રે હસ્તિનાપુરને ગનામાં નાખવા ખેચ્યું (શ્લો.૪૧). પછી કૌરવોએ અભિમાન તજ્યું અને બલભદ્રને શરણ આવ્યા (શ્લો.૪૩). તેથી બલભદ્ર પ્રસન્ન થયા, એટલે તેમણે તેઓના ઉપર કૃપા કરી તેમને અભય આપ્યું (શ્લો.૪૦), તેમાં કાંઈ દોષ નથી. આ કાર્યમાં પાંડવો પણ કૌરવો સાથે સામેલ રહેલા એમ શ્લોક ૨૮માં અર્જુનનું નામ હોવાથી જણાય છે. તેથી કૌરવોનો તેમજ પાંડવોનો અભિમાનરૂપ દોષ દૂર કરેલો છે.

**અધ્યાય ૬૬ :**

**તથા વૈષ્ણવમુખ્યસ્ય નારદસ્ય વિરક્તયે ।।૩૩૦।।**

તેવી રીતે પોતાનો વૈરાગ્ય જણાવવા મુખ્ય વૈષ્ણવ નારદનો દોષ પણ અહીં દૂર કરવામાં આવે છે.

'દોષ પણ અહીં દૂર કરવામાં આવે છે' એમ ઉપર કહ્યું તેનો અહીં પણ સમ્બન્ધ છે. પોતાનો વૈરાગ્ય ગુણ નારદને જણાવી ભગવાન્ પોતાના તે ગુણના અજ્ઞાનરૂપ નારદનો દોષ દૂર કરે છે. ભગવાન્ તેને પોતાનો આ ગુણ પોતાનો ગૃહસ્થાશ્રમ દેખાડ્યા પછી શ્લો.૪૦ થી જણાવે છે.

**અધ્યાય ૬૭ઃ**

**ધર્મસ્ય કારણાત્ સ્ત્રીણાં નીત્યા યાદવભૂભુજામ્ ।।**
**એવં પ્રમેયરૂપો હિ હરિર્દોષં ન્યવારયત્ ।।૩૩૧।।**

ધર્મ આચરીને પત્નીઓનો અને નીતિથી યાદવ ક્ષત્રિયોનો, એ પ્રમાણે પ્રમેયરૂપ હરિએ સર્વના દોષ દૂર કર્યા.

ભગવાન્ અરુણનો ઉદય થાય ત્યારથી ધર્મનું આચરણ કરતા, તે તેમની પત્નીઓ વિરહ થવાના ભયથી સહન ન કરતાં કૂકડાને દોષ દેતી (શ્લો.૧). તે ધર્મનું આચરણ સહન ન કરવારૂપ તેઓનો દોષ ભગવાને ધર્મનું આચરણ કરી (શ્લો.૪-૧૩) દૂર કર્યો. યાદવો નીતિ જાણતા નહીં. તેથી તેઓ એવા મતના હતા કે પ્રથમ જરાસંધ સાથે યુદ્ધ કરી તેને હણી તેણે કેદ કરેલ રાજાઓને છોડાવવા અને પછી યુધિષ્ઠિરના યજ્ઞમાં જવું (શ્લો.૪૫ સુબોધિની). આ તેમનો દોષ ભગવાને ઉદ્ધવને પ્રશ્ન કરી તેનો મત જણાવી, તેમને નીતિશાસ્ત્રનું જ્ઞાન કરાવી દૂર કર્યો. એ પ્રમાણે પ્રમેયરૂપ ભગવાને આ સાત્ત્વિક પ્રમેય પ્રકરણમાં સર્વના દોષ દૂર કર્યા.

**સાધનપ્રક્રિયાં વક્તું સાધનાન્તરમુક્તયે ।।**
**રાજ્યાદ્ ભ્રંશસ્તથા દુઃખં રાજ્ઞામ્ અત્ર નિરૂપ્યતે ।।**
**સાધને નારદો મુખ્યઃ તસ્યાપિ પ્રર્થનોચ્યતે ।।**

બીજા સાધન તજી દે તે માટે સાધન પ્રકરણ કહેવા માટે અહીં રાજાઓના રાજ્યની હાનિ અને દુઃખ કહેલાં છે. સાધનમાં નારદ મુખ્ય છે, તેની પણ પ્રાર્થના અહીં કહેલી છે.

દોષ દૂર કરવાના પ્રસંગમાં રાજાઓને દુઃખ થયાનું (શ્લો.૨૩-૪૦) કેમ કહેલ છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે હવે સાધન પ્રકરણનો આરંભ કરવાનો છે. તેથી ભગવાન્ સિવાય બીજું કોઈ સાધન નથી એમ જણાવવા રાજાઓનાં રાજ્યની હાનિ અને દુઃખ કહેલાં છે. વળી રાજ્ય દોષરૂપ છે, અને રાજ્યની હાનિ એ દોષના નાશરૂપ છે. તેથી આ પ્રકરણમાં તેનો સમાવેશ કરેલો છે. સાધન આચરવામાં નારદનો ઉપદેશ મુખ્ય છે. તે પણ અહીં ભગવાનની પ્રાર્થના કરે છે (શ્લો.૩૭-૪૪). તેથી એમ સ્પષ્ટ થાય છે કે વાસ્તવિક સાધન પણ ભગવાન્ જ છે. બીજા સાધન; કરવા યોગ્ય નથી.

[આ.સાત્ત્વિક સાધનપ્રકરણ. અધ્યાય ૬૭।૬૮-૭૪ અને ૮૦]

સાત્ત્વિક પ્રકરણ ૬૧-૮૧ સુધીના ૨૧ અધ્યાયોનું છે. તેના ત્રણ વિભાગ છે ૧. સાત્ત્વિક પ્રમેય ૨. સાત્ત્વિક સાધન અને ૩. સાત્ત્વિક ફલ. દરેક વિભાગ સાત-સાત અધ્યાયોનો છે. કેટલાક એમ માને છે કે અનુક્રમે ૬૧-૬૭, ૬૮-૭૪ અને ૭૫-૮૧ અધ્યાયોના આ ત્રણ વિભાગો છે.

સુબોધિની પ્રમાણે આચાર્યશ્રીનો મત એવો હોવાનું જણાય છે કે અનુક્રમે ૬૧-૬૬ અને ૭૯, ૬૭-૭૨ અને ૮૦ તથા ૭૩-૭૮ અને ૮૧ અધ્યાયોનાં આ ત્રણ પ્રકરણો છે. આ વિષય સાત્ત્વિક સાધન પ્રકરણનાં સુબોધિની અનુવાદના ઉપોદ્‌ઘાતમાં વિસ્તારપૂર્વક ચર્ચાયેલ હોવાથી અહીં વિશેષ વર્ણન કરેલ નથી.

**સામર્થ્યે વિદ્યમાનેઽપિ સ્વયં જ્ઞાત્વાઽપિ સર્વથા ।।૩૩૩।।**
**કૃષ્ણાજ્ઞાં વા સહાયં વા લબ્ધ્વૈવેષ્ટપરો ભવેત્ ।।**
**તદા તુ હરિરાગત્ય હિતં વક્તિ કરોતિ ચ ।।૩૩૪।।**

કાર્ય કરવાની શક્તિ હોવા છતાં પણ, પોતે તે કેમ કરવું તે સમ્પૂર્ણ રીતે જાણતો હોવા છતાં પણ શ્રીકૃષ્ણની આજ્ઞા અથવા તેમનું સાહાય્ય પ્રાપ્ત કરીને જ ઈચ્છેલું કર્મ કરવાનો ઉદ્યોગ કરવો. તેમ કરીએ ત્યારે તો હરિ પધારીને કલ્યાણકારક વચન કહે છે અને તેવું કાર્ય કરે છે.

ભગવાને જણાવેલ સાધનનો અથવા સાધનની મર્યાદાનો આ પ્રકરણમાં બોધ કરેલ હોવાથી, આ સાત્ત્વિક સાધન પ્રકરણ છે.

**સાધને સર્વથા નીતિઃ કર્તવ્યેતિ પ્રબોધયન્ ।।**
**ઉદ્ધવં મુગ્ધભાવેન પૃચ્છતિ સ્મ કરોતિ ચ ।।૩૩૫।।**

સાધન કરવામાં સમ્પૂર્ણ રીતે નીતિ સાચવવી જોઈએ, એવો બોધ કરતાં ભગવાન્ અજ્ઞાનપણાંની સ્થિતિ ધારણ કરીને ઉદ્ધવને પ્રશ્ન કરે છે અને તેના ઉત્તર પ્રમાણે કાર્ય કરે છે.

ભગવાન્ સર્વજ્ઞ છે, છતાં યાદવોના જુદા મત જાણીને પોતે અજ્ઞાની હોય તેમ તેઓને નીતિનો બોધ કરવા, શું કરવું જોઈએ તેવો ઉદ્ધવને પ્રશ્ન કરે છે (અ.૬૭।૪-૬), અને ઉદ્ધવ જે ઉત્તર આપે છે તે પ્રમાણે જ પછી કાર્ય કરે છે. તેથી સડસઠમો તથા અડસઠમો અધ્યાય, સાધન પ્રકરણના ઉપોદ્‌ઘાત જેવા જ હોવાથી તેમનો સાધન પ્રકરણમાં સમાવેશ કરેલો છે.

**અધ્યાય ૬૮ :**

**યાવત્ કર્તું હિ જીવાનાં શક્યં તાવદ્ વદત્યયમ્ ।।**
**સાહાય્યં વાઽત્ર કુરુતે તાવદ્ યેન ભવેત્ ક્રિયા ।।૩૩૬।।**
**ઈતિ બોધયિતું કૃષ્ણઃ સમ્ભૃત્યા સર્વયા ગતઃ ।।**
**સર્વભાવેન પૂજાર્થં શ્રદ્ધાદીનાં ચ વૃદ્ધયે ।।૩૩૭।।**

જેટલું કરવાનું જીવોથી બની શકે તેટલું કરવાનું આ ઉદ્ધવ કહે છે. અને જેટલાથી કાર્ય થઈ શકે તેટલી સાહાય્ય (ભગવાન્) કરે છે એમ જણાવવા શ્રીકૃષ્ણ; સર્વ સાધન સાથે પાંડવો સર્વ ભાવથી પૂજન કરે અને તેમની શ્રદ્ધા વધે તે માટે ઈન્દ્રપ્રસ્થ પધાર્યા.

અ.૬૮।૧ થી ૧૦ સુધીના શ્લોકોથી ઉદ્ધવ; ભગવાનના પ્રશ્નનો ઉત્તર આપે છે. તેમાં જીવોથી જેટલું કાર્ય થઈ શકે તેટલું કરવાનું તે કહે છે, અને ભગવાન્ પણ જેટલાથી રાજસૂય યજ્ઞ થઈ શકે તેટલી સાહાય્ય આપવા પોતાનાં સર્વ સાધનો સાથે ઈન્દ્રપ્રસ્થપધાર્યાનું કહેલ છે (શ્લો.૧૨-૧૭).

**અધ્યાય ૬૯ :**

**શત્રૂણાં દૃષ્ટિદોષાય ભકતમાહાત્મ્યસિદ્ધયે ।।**
**ક્વચિદ્ એકોऽપિ વેષેણ દૃષ્ટાદૃષ્ટપ્રકારતઃ ।।૩૩૮।।**
**યથા ભીમસ્ય સામર્થ્યં દત્વા મૃત્યુશ્ચ બોધિતઃ ।।**

શત્રુઓની દૃષ્ટિમાં ભગવાનનો દોષ જણાય અને ભક્તનું માહાત્મ્ય સિદ્ધ થાય તે માટે કોઈવાર એકલા(સૈન્ય વિના) પણ વેષ બદલીને જાણી શકાય અને ન જાણી શકાય તેવા પ્રકારે-જેમ ભીમને પોતાનું સામર્થ્ય આપીને જરાસન્ધનું મૃત્યુ જણાવ્યું તેમ -ભક્તનું કાર્ય સિદ્ધ કરે છે.

ભક્તનું માહાત્મ્ય (યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ)સિદ્ધ થાય તે માટે ભીમ અને અર્જુન સાથે વેષ બદલી શ્રીકૃષ્ણ જરાસન્ધ પાસે પધાર્યા (શ્લો.૧૬). જરાસન્ધની દૃષ્ટિમાં ભગવાનનો દોષ જણાયો. તેણે તેમને હલકા ક્ષત્રિય (શ્લો.૨૩) અને બીકણ માન્યા (શ્લો.૩૧). પછી ભગવાને જરાસન્ધ પાસે દ્વન્દ્વ યુદ્ધ માગી (શ્લો.૨૮), તેનો પરાજય કરવાનું કાર્ય જાણી શકાય તેવા પ્રકારે સિદ્ધ કર્યું. વળી દરમ્યાન તેમણે પોતાનું સામર્થ્ય ન જાણી શકાય તેવા પ્રકારે ભીમને આપ્યું (શ્લો.૪૦) અને તેવી જ રીતે તેને જરાસન્ધનું મૃત્યુ કેવા પ્રકારે થશે તે દર્શાવ્યું (શ્લો.૪૧).

**પ્રથમે તુ મનઃપ્રીતિઃ દ્વિતીયે શત્રુમારણમ્ ।।૩૩૯।।**
**તેનૈવ યજ્ઞદેહાનાં બન્ધનં વિનિવારિતમ્ ।।**

પહેલામાં તો યુધિષ્ઠિરના મનની પ્રસન્નતા કરી, બીજામાં શત્રુને હણ્યો. તેથી જ યજ્ઞમાં હોમવાના જેઓના દેહો હતા તેઓનાં બન્ધનને દૂર કર્યું.

દરેક પેટાપ્રકરણ પાસે-પાસેના સાત અધ્યાયોનું લેવામાં આવે, તો અડસઠમો અધ્યાય આ પ્રકરણનો પહેલો અધ્યાય થાય. તેમાં યુધિષ્ઠિરના મનની ભગવાને પ્રસન્નતા કરી (શ્લો.૨૩-૨૬). બીજા (૬૯ મા) અધ્યાયમાં જરાસન્ધને હણ્યો (શ્લો.૪૩-૪૫), અને જે રાજાઓને તેણે શંકરના યજ્ઞમાં હોમવા કેદ કરેલા તેમને છૂટા કરાવ્યા (શ્લો.૪૬).

**અધ્યાય ૭૦ :**

**તતો બોધનમેકેષાં લૌકિકં ચાપિ કારયન્ ।।૩૪૦।।**
**સાધનં કારયામાસ તથાऽન્યત્રાગતસ્તથા ।।**

પછી તે રાજાઓને ભગવાન્ ઉપદેશ આપે છે અને લૌકિક કાર્ય કરાવતાં પણ સાધન કરાવે છે અને પછી ઈન્દ્રપ્રસ્થપધારે છે.

પછી ભગવાન્ તે રાજાઓને સિત્તેરમા અધ્યાયમાં ઉપદેશ આપે છે (શ્લો.૧૮-૨૩). પછી તેમના લૌકિક સંસ્કાર કરાવી (શ્લો.૨૪-૨૭) તેમની પાસે ભગવત્પ્રાપ્તિનાં સાધન કરાવે છે (શ્લો.૨૯,૩૦) અને પોતે ઈન્દ્રપ્રસ્થપધારે છે (શ્લો.૩૧-૩૪).

**અધ્યાય ૭૧ :**

**તતસ્તુ યજ્ઞસંસિદ્ધિઃ તત્ર દૈત્યસ્ય સન્નિધૌ ।।૩૪૧।।**
**ન નિઃશંકં દેવચર્યાઃ તત્રોપાયો હરેર્ભજિઃ ।।**
**તદૈવ પ્રકટા દૈત્યાઃ સ્વાત્માનં દર્શયન્તિ હિ ।।૩૪૨।।**

પછી તો યજ્ઞ પૂરો થયો. તે (યજ્ઞ)માં દૈત્યની હાજરીમાં દેવોનું કાર્ય છૂટથી થઈ શકતું ન હોવાથી તેનો ઉપાય હરિનું ભજન (પૂજન) કરવામાં આવ્યો. તે ઉપાય કરવામાં આવે ત્યારે જ દૈત્યો પ્રકટ થઈ પોતાનું સ્વરૂપ જણાવે છે.

પછી યુધિષ્ઠિરનો રાજસૂય યજ્ઞ પૂરો થયો (શ્લો.૪૮). તે યજ્ઞમાં શિશુપાલ દૈત્ય હાજર હતો (શ્લો.૩૦). દૈત્યની હાજરીમાં દેવોથી પોતાનું કાર્ય છૂટથી થઈ શકે નહિ, તેથી દેવોનું કાર્ય છૂટથી થઈ શકે તે માટે યજ્ઞમાં ભગવાનનું પૂજન કરવામાં આવ્યું (શ્લો.૧૯-૨૯). ભગવાનનું પૂજન થાય ત્યારે દૈત્યો છૂપા રહી શકતા નથી, તે પ્રકટ થઈ પોતાનું સ્વરૂપ દર્શાવે છે. તેથી યજ્ઞમાં શ્રીકૃષ્ણનું પૂજન કર્યું ત્યારે શિશુપાલે પ્રકટ થઈ પોતાનું દૈત્યસ્વરૂપ જણાવ્યું (શ્લો.૩૦- ૩૮).

**અતઃ કૃષ્ણસ્ય પૂજાયાં શિશુપાલો હતોઽસુરઃ ।।**
**માનભંગસ્તથાઽન્યેષાં દુર્યોધનહિતૈષિણામ્ ।।૩૪૩।।**

તેથી શ્રીકૃષ્ણના પૂજનમાં અસુર શિશુપાલને હણવામાં આવ્યો અને દુર્યોધનનું હિત ઈચ્છનારા બીજાઓના માનનો નાશ થયો.

શ્રીકૃષ્ણના પૂજનમાં અસુર શિશુપાલને હણવામાં આવ્યો (શ્લો.૩૦- ૪૩) અને દુર્યોધનનું હિત ઈચ્છનારા એટલે દૈત્યના અંશવાળા બધાએ રાજાઓના માનનો નાશ થયો (શ્લો.૪૪ શ્રીસુબોધિની સાથે).

**અધ્યાય ૭૨ :**

**પૂર્વં તુ બલભદ્રોઽત્ર ન યાગાર્થં સમાગતઃ ।।**
**પ્રદ્યુમ્નપ્રમુખાસ્તત્ર સમાયાતા મહારથાઃ ।।૩૪૪।।**

પહેલાં બલભદ્ર તો અહીં યજ્ઞમાટે આવેલા નહિ, પ્રદ્યુમ્ન વગેરે મહારથીઓ ત્યાં આવેલા.

બલભદ્ર; રાજસૂય યજ્ઞ માટે પહેલાં બધા સાથે આવેલા નહિ, પ્રદ્યુમ્ન વગેરે જ આવેલા (અ.૬૮।૧૩ સુબોધિની સાથે).

**મુખ્યે યાગે નિવૃત્તે તુ તાન્ પ્રસ્થાપ્ય કુશસ્થલીમ્ ।।**
**પાંડવાનાં પ્રાર્થનયા કિયત્કાલં તથાઽવસત્ ।।૩૪૫।।**

મુખ્ય યજ્ઞ પૂરો થતાં પ્રદ્યુમ્ન વગેરેને ભગવાને દ્વારકા મોકલ્યા અને પાંડવોની પ્રાર્થનાથી પોતે પત્નીઓ સાથે ઈન્દ્રપ્રસ્થરહ્યા (શ્લો.૨૯ સુબોધિની સાથે). પાંડવોની પ્રાર્થનાથી ભગવાન્ એવી રીતે ઈન્દ્રપ્રસ્થરહેલા (શ્લો.૨૮).

**દુર્યોધનાદિમાનસ્ય ભંગે તત્ર સમાગતઃ ।।**
**મિલિતઃ કૃષ્ણદેવેન રામો નોવાચ કિઞ્ચન ।।૩૪૬।।**
**અન્યથા પાંડવાન્ સર્વાન્ હન્યાદેવાઽવિચારયન્ ।।**
**એતદર્થં સ્થિતઃ કૃષ્ણઃ પ્રાર્થનાં જનયન્ હૃદિ ।।૩૪૭।।**

દુર્યોધન વગેરેના માનનો નાશ થતાં બલભદ્ર ત્યાં આવ્યા. શ્રીકૃષ્ણદેવને મળ્યા તેથી કાંઈ બોલ્યા નહિ, નહિ તો વિચાર કર્યા વિના સર્વ પાંડવોને મારી જ નાખત. હૃદયમાં પ્રાર્થના ઉત્પન્ન કરાવીને આ પ્રયોજન માટે શ્રીકૃષ્ણ ત્યાં રહેલા.

દુર્યોધન વગેરેના અભિમાનનો નાશ થતાં બલભદ્ર ઈન્દ્રપ્રસ્થઆવેલા (અ.૭૪।૮). ત્યાં શ્રીકૃષ્ણ હોવાથી તેમને મળ્યા એટલે દુર્યોધનના અભિમાનનો પાંડવોએ નાશ કરવા છતાં કાંઈ બોલ્યા નહિ. શ્રીકૃષ્ણ ત્યાં રહ્યા ન હોત, તો બલભદ્ર કાંઈ પણ વિચાર કર્યા વિના સર્વ પાંડવોને મારી જ નાખત. તેવું ન થાય તે માટે શ્રીકૃષ્ણ પોતે રોકાય, તે માટે પોતાને પ્રાર્થના કરવાનું પાંડવોને સૂઝાડેલું અને પોતે ત્યાં રહેલા.

* બલભદ્રને પ્રાર્થના કરવાનું પાંડવોએ સૂઝાડયું કે બલભદ્ર તેમને હણે નહિ — યોજના. (શ્રીકૃષ્ણે પોતાને ઈન્દ્રપ્રસ્થ રહેવાની પ્રાર્થના કરવાનું પાંડવોને સૂઝાડયું એવો અર્થ જણાય છે.)

**અધ્યાય ૭૩ :**

**મહાદેવાધિદૈવસ્તુ શાલ્વસ્તત્ર સહાયવાન્ ।।**
**દ્વારકાયાં યથા પૂર્વં દદૌ કલેશં સુદુઃસહમ્ ।।૩૪૮।।**
**યાવત્ તત્ત્વાનિ પુરુષ-વ્યતિરિકતાન્યહાનિ હિ ।।**

મહાદેવ જેના અધિષ્ઠાતા દેવ હતા તેવો શાલ્વ હતો. તેને મહાદેવ સાહાય્ય કરતા હતા. પુરુષ સિવાયનાં જેટલાં તત્ત્વો છે તેટલા દિવસો સુધી તેણે પહેલાં જરીએ સહન થઈ ન શકે તેવું દુઃખ દ્વારકામાં ત્યાંના રહેવાસીઓને કર્યું.

શાલ્વને મહાદેવનું સાહાય્ય હતું. મહાદેવે તેને 'સૌભ' વિમાન બનાવડાવી આપેલું. પુરુષ

સહિત અઠાવીસ તત્ત્વો છે (૧૧।૨૨।૧૪-૧૬), પુરુષ ન ગણતાં સત્તાવીસ રહ્યાં, તેટલા દિવસો શાલ્વે દ્વારકાના રહેવાસીઓને ઘણું દુઃખ દીધું.

**અત આજ્ઞાં વિના કિઞ્ચિન્ ન કર્તવ્યં કથઞ્ચન ।।૩૪૯।।**
**યતો રામે સમાયાતે દ્વારકાઽત્યન્તપીડિતા ।।**
**કાલાદેરનુરોધેન ભગવાંશ્ચાપિ મન્યતે ।।૩૫૦।।**
**આત્માનમ્ અન્યથાઽન્યત્ર કા શંકા કાર્યસાધને ।।**

તેથી ભગવાનની આજ્ઞા વિના કાંઈ પણ કાર્ય કોઈ પણ પ્રકારે કરવું નહિ, કારણ કે ભગવાનની આજ્ઞા વિના બલભદ્ર (ઈન્દ્રપ્રસ્થ) આવ્યા ત્યારે (શાલ્વથી) દ્વારકાને ઘણું દુઃખ થયું અને ભગવાને પણ કાલ વગેરેને અનુસરીને પોતાના વિષે ખોટા વિચાર કર્યા. બીજા પ્રસંગે ભગવાન્ કાર્ય સિદ્ધ કરે તેમાં શું શંકા હોય ?

ભગવાનની આજ્ઞા વિના બલભદ્ર દ્વારકાનું રક્ષણ કરવાનું તેમને સોંપેલ કાર્ય મૂકી ઈન્દ્રપ્રસ્થ આવ્યા, તેથી શાલ્વ દ્વારકાને પીડા કરી શક્યો. તેથી ભગવાનની આજ્ઞા વિના કાંઈ પણ કાર્ય કરવું નહિ.

**એવં સપ્તભિરુદ્દિષ્ટં સાધનં યદ્ હરિર્વદેત્ ।।૩૫૧।।**
**અન્યથા સેવનં તસ્ય કર્તવ્યમ્ ઈતિ નિશ્ચયઃ ।।**

એ પ્રમાણે જે હરિ કહે તે જ સાધન હોવાનું નક્કી કરેલું છે. હરિ કાંઈ સાધન કરવાનું ન કહે તો તેમની સેવા કરવી, એવો નિશ્ચય છે.

જે સાધન કરવાની ભગવાન્ આજ્ઞા કરે તે સાધન જ કરવું. તેવી આજ્ઞા ન હોય તો સાધન ન કરતાં ભગવાનની સેવા જ કરવી એવો નિશ્ચય છે.

[ઈ. સાત્ત્વિક ફલ પ્રકરણ. અધ્યાય ૭૩-૭૮ અને ૮૧]

**અતઃ પરં સાત્ત્વિકાનાં ફલં સપ્તભિરુચ્યતે ।।૩૫૨।।**
**ઉભયોરૈક્યસિદ્ધ્યર્થં કથાશ્લેષો વિધીયતે ।।**

હવે પછી સાત અધ્યાયોથી સાત્ત્વિકોનું ફલ કહેવામાં આવે છે. બન્ને એક છે એમ સિદ્ધ થાય તે માટે કથાનો સમ્બન્ધ જણાવેલ છે.

હવે પછી સાત્ત્વિક ફલ પ્રકરણનો આરંભ થાય છે. (આ કારિકા આગળ ૩૬૬।। કારિકા પછી જોઈએ એમ શ્રીપુરુષોત્તમજી સૂચવે છે એવી સંશોધક શાસ્ત્રીજી શ્રીચીમનલાલની નોટ છે, પરન્તુ ૭૩ મા અધ્યાયથી ફલ પ્રકરણનો આરંભ થાય છે, એવા મત પ્રમાણે આ કારિકાનું આ સ્થલ યોગ્ય

જ છે. શ્રીસુબોધિની પ્રમાણે પણ આ પ્રકરણ ૭૩ મા અધ્યાયથી જ શરૂ થાય છે (જુઓ અ.૭૩ ના આરંભની કારિકાઓ તથા શ્લો.૧ નો આભાસ)) અ. ૭૩-૭૮ અને ૮૧ નું આ પ્રકરણ છે. સાધન અને ફલ બન્ને એક છે, એમ સિદ્ધ થાય તે માટે અહીં કથાનો સમ્બન્ધ દર્શાવે છે. ''બલભદ્ર ભગવાનની આજ્ઞા વિના દ્વારકાથી ઈન્દ્રપ્રસ્થઆવ્યા અને દુર્યોધનનાં અભિમાનનો નાશ થવા છતાં શ્રીકૃષ્ણ સાથે ભેગા થવાથી કાંઈ બોલ્યા નહિ'' એ વૃત્તાન્તને દુર્યોધનનાં અભિમાનના નાશ એટલે સાધન સાથે સમ્બન્ધ હોવાથી સાધન પ્રકરણમાં કહ્યો અને તેની તે જ કથાને દ્વારકાના લોકનાં દુઃખનો નાશ કરવારૂપ ફલ સાથે સમ્બન્ધ હોવાથી તે અહીં ફલ પ્રકરણમાં પણ કહેલી છે. સાધન અને ફલ બન્ને એક જ છે એમ જણાવવા એક જ કથાનો બન્ને પ્રકરણો સાથે સમ્બન્ધ હોવાનું જણાવેલ છે.

**પ્રદ્યુમ્નસ્ય જયસ્મૃત્યા ભગવત્સ્મરણાદપિ ।।૩૫૩।।**
**શાલ્વે પ્રવિષ્ટો રુદ્રો હિ તેન પ્રદ્યુમ્નમારણમ્ ।।**

પ્રદ્યુમ્નના વિજયનું ચિન્તન થવાથી અને ભગવાનનું પણ સ્મરણ કરવાથી શાલ્વમાં રુદ્રે પ્રવેશ કર્યો, તેથી પ્રદ્યુમ્નના સૈન્યને પ્રહાર થયા.

આરંભમાં શાલ્વ સાથેના યુદ્ધમાં પ્રદ્યુમ્નનો વિજય થયો (શ્લો.૧૭-૨૪). તે વિજયનું ચિન્તન કરી, શાલ્વે પોતાના માયાવી ભગવાનનું સ્મરણ કર્યુ. એટલે રુદ્રે શાલ્વમાં પ્રવેશ કર્યો. તેથી શાલ્વના સૈનિકોએ યાદવ વીરો ઉપર પ્રહાર કરી તેઓને પીડા કરી (શ્લો.૨૫).

**કામજેતા યતઃ પ્રોક્તાઃ તેનાત્રાપ્યભવત્ જયઃ ।।૩૫૪।।**
**દ્યુમત્યભૂત્ તદાવેશઃ પ્રદ્યુમ્નસ્યાપકર્ષણે ।।**
**અનેન તસ્મિન્ સમયે સર્વેષામેવ રુદ્રતઃ ।।૩૫૫।।**

શંકર કામ ઉપર વિજય પ્રાપ્ત કરનાર કહેવાયેલા છે, તેથી અહીં પણ શાલ્વનો વિજય થયો. પ્રદ્યુમ્નને રણમાંથી પાછો કાઢવા માટે દ્યુમાનમાં શંકરનો આવેશ થયો. આથી એમ જણાવ્યું કે તે સમયે શંકરથી બધાએ યાદવોનો પરાભવ થયો.

પ્રદ્યુમ્ન કામદેવનો અવતાર છે, અને શંકર કામ ઉપર વિજય પ્રાપ્ત કરનારા છે. તેથી શંકરને લીધે શાલ્વનો આ યુદ્ધમાં પણ વિજય થયો. ધુમાન પ્રદ્યુમ્નને રણમાંથી પાછો કાઢે તે માટે શંકરનો દ્યુમાનમાં આવેશ થયો. દ્યુમાનમાં રહેલા શંકરે પ્રદ્યુમ્ન ઉપર ગદાનો પ્રહાર કરી, તેનું હૃદય ભેદ્યું, એટલે સારથિપ્રદ્યુમ્નને રણભૂમિમાંથી દૂર લઈ ગયો (શ્લો.૨૬-૨૭). એવી રીતે યાદવોનો જે કાંઈ પરાભવ થયો તે શંકરનું સન્માન સાચવવા થયેલો (શ્લો.૨૭ ઉપરનાં શ્રીસુબોધિની).

**પાંડવાનાં યાદવાનાં સર્વેષામેવ કાલતઃ ।।**
**ફલં તદૈવ ભગવાન્ પ્રયચ્છતિ યદાડખિલાઃ ।।૩૫૬।।**
**અત્યન્તં તાપમાયાન્તિ નો ચેત્ સ્વાદુ ફલં ન હિ ।।**

જ્યારે કાલને અનુસરી સર્વેને ઘણુંજ દુઃખ થાય ત્યારેજ ભગવાન્ પાંડવો, યાદવો ને બધાઓને ફલ આપે છે. તેમ ન કરે તો ફલ મીઠું ન લાગે.

ઘણું દુઃખ થયા પહેલાં ફલ પ્રાપ્ત થાય તો તે મીઠું લાગતું નથી. તેથી જેમ પાંડવોને ઘણું દુઃખ થયા પછી જ ભગવાને ફલ આપેલું, તેમ અહીં યાદવોને પણ ફલદાન કરતાં પહેલાં ઘણું દુઃખ થવા દીધું.

**અધ્યાય ૭૪ :**

**ઈતિ કેચિદ્ વિચાર્યાત્ર કૃષ્ણેડપિ પરમાત્મનિ ।।૩૫૭।।**
**સાક્ષાદ્ ઉદ્ભૂતરૂપેડપિ પ્રાકૃતત્વપ્રતીતિતઃ ।।**
**અવતારાન્તરે યદ્વત્ તથા વક્તું વિચારણામ્ ।।૩૫૮।।**
**કુર્વન્તિ લોકમોહાય ... ... ... ... ... ...**

એ વિચારીને કેટલાક અહીં સાક્ષાત્ પ્રકટ સ્વરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણમાં પણ પ્રાકૃતપણું જોવામાં આવતું હોવાથી; બીજા અવતારો વિષે જેમ કહે છે તેવું લોકને મોહ કરાવવા કહેવામાટે નિર્ણય કરે છે.

યાદવોને પણ દુઃખ પડે, તેઓનો પણ પરાજય થાય, વગેરે જોઈને શ્રીકૃષ્ણ પણ બીજા અવતારો જેવા છે અને તેમનામાં પ્રાકૃતપણું છે એવો લોકોને મોહ ઉત્પન્ન કરવા કેટલાક નિર્ણય કરે છે (શ્લો.૨૩-૨૯).

**... ... ... ... ... તદર્થં તન્મતં ક્વચિત્ ।।**
**ફલાત્ પૂર્વં પૂર્વપક્ષરીત્યોક્ત્વા દૂષયત્યતઃ ।।૩૫૯।।**
**શુકઃ પરમતત્ત્વજ્ઞઃ કેચિત્ પ્રક્ષેપમૂચિરે ।।**
**પૂર્વપક્ષકથાયાં તુ મોહલીલેતિ નિશ્ચયઃ।।૩૬૦।।**

તેથી તેઓનો મત ખોટો ઠરાવવા માટે પરમ તત્ત્વ જાણનાર શુક ફલ કીધાં પહેલાં કોઈક પ્રસંગે પૂર્વપક્ષની રીતથી તે મત કહી, તેના દોષ જણાવે છે. કેટલાક તે ઘુસાડી દીધેલ હોવાનું કહે છે. પૂર્વ પક્ષની કથામાં તો મોહ કરાવનારી લીલા કહેલી, એવો નિશ્ચય છે.

તેઓનો મત પૂર્વપક્ષ તરીકે (શ્લો.૨૩-૨૯ સુધીની) કહેલો છે. કેટલાક મધ્વાચાર્યના

અનુયાયીઓ વગેરે આ શ્લોકો કોઈએ ઘુસાડી દીધેલ હોવાનું કહે છે. આ પૂર્વપક્ષ તરીકે કહેલી કથા મોહ કરાવવા કરેલી લીલા છે એવો સિદ્ધાન્ત ૩૦-૩૨ સુધીના શ્લોકોથી કહેલો છે.

**મહાદેવસ્ય તોષાર્થં ક્વચિત્ કલ્પે તથાઽભવત્ ।।**
**તત્સ્મૃતિઃ યોગધર્મેણ તત આહુઃ મુનીશ્વરાઃ ।।૩૬૧।।**
**તચ્ચાપિ ન શુકો મેને ભક્તિયુક્તાચ્ચ યોગતઃ ।।**
**હૃદિસ્થદુષ્ટભાવેન સહિતં સ્મરણં તથા ।।૩૬૨।।**
**ન તુ શુદ્ધેન યોગેન તથા દૃષ્ટમ્ અતો ન હિ ।।**

મહાદેવને સન્તોષ થાય તે માટે કોઈક કલ્પમાં તેમ થયેલું. તેનું સ્મરણ યોગના ગુણથી થયેલું, તેથી મોટા મુનિઓએ તેમ કહેલું તેનો પણ ભક્તિ સાથેના યોગથી શુકે આદર કરેલો નથી. મુનિઓને તેવું સ્મરણ હૃદયમાં રહેલા દુષ્ટ વિચાર સાથે થયેલું, પરન્તુ શુદ્ધ યોગથી તેઓએ તેવું જાણેલું નહિ. તેથી તે સત્ય નથી.

જે કલ્પમાં પૂર્ણ ભગવાનનો અવતાર થયેલ નહિ તેવા કોઈ એક કલ્પમાં તે પ્રમાણે બનેલું. બધા યોગીઓને યોગથી ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન થતું નથી. તે સર્વ ભગવાનની લીલા વગેરે જાણી શકતા નથી પરન્તુ ''ભક્તિથી મને જાણે છે'' એ ભગવાનનાં વાક્ય પ્રમાણે ભક્ત યોગીઓને જ ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન થાય છે. શુકદેવ ભક્ત યોગી હોવાથી, તેમણે પરમ તત્ત્વ (ભગવાન્) સમ્બન્ધી વિચાર કરી તે યોગીઓના મતને ખોટો ઠરાવેલ છે, તેથી તે ખોટો જ છે. તે યોગીઓને તેવું સ્મરણ તેમના હૃદયમાં રહેલા દુષ્ટ ભાવથી જ થયેલું, પરન્તુ શુદ્ધ યોગથી થયેલ નથી, છતાં તેઓ એવી કથા કહેતા હતા, તેથી પૂર્વપક્ષ તરીકે તે કહી શુકે તેનું ખંડન કરેલું છે.

**એતસ્ય કથનાદ્ એવં જ્ઞાપિતં સર્વથા યદા ।।૩૬૩।।**
**કાર્યાવેશો વિતનુતે તદા મોહો ભવેદ્ ઈતિ ।।**
**તેન કેનાપિ લીલાઽપિ ન કર્તવ્યા કથઞ્ચન ।।૩૬૪।।**

આ (પૂર્વપક્ષ તથા સિદ્ધાન્ત) કહીને એમ જણાવેલું છે કે જ્યારે ભગવાન્ કાર્ય કરવામાં ઘણા આસક્ત થાય છે, ત્યારે *મોહ થાય. તેથી કોઈએ પણ ભગવાનની આવી લીલાનું અનુકરણ કોઈપણ પ્રકારે ન કરવું.

(* 'ભગવાન્ જીવને કાર્યમાં ઘણી આસક્તિવાળો કરે ત્યારે મોહ થાય છે — યોજના. અહીં જીવને મોહ થવાની વાત નથી, પરન્તુ ભગવાનના અવતારને મોહ થવાની વાત છે. તેથી જ સત્ત્વવાળા અવતારમાં આવો મોહ થાય છે એમ નીચે કહે છે. જીવને તો મોહ થયા જ કરે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી.)

અહીંથી ૩૬૬।। સુધીની કારિકાઓથી આ પૂર્વપક્ષ તથા સિદ્ધાન્ત જણાવવાનું કારણ કહેલ છે.

**તદાઽધિકારિણો દેવા મન્યન્તે દુષ્ટભાવનામ્ ।।**
**સત્ત્વાવતારપક્ષે હિ ભવેદ્ એતન્ન ચાન્યથા ।।૩૬૫।।**
**નિર્ગુણસ્તુ હરિઃ કૃષ્ણઃ સ્વયમાવિર્બભૂવ હ ।।**

તેવા પ્રસંગે અધિકારવાળા દેવો એ લીલાનું અનુકરણ કરનારની દુષ્ટ ભાવના હોવાનું વિચારે છે, કારણ કે ભગવાનના સત્ત્વાવતારની સ્થિતિમાં આ બને છે, બીજી સ્થિતિમાં બનતું નથી. હરિ શ્રીકૃષ્ણ તો પોતે નિર્ગુણ પ્રકટ થયેલા છે.

ભગવાનનો સત્ત્વાવતાર હોય ત્યારે જ આવી લીલા થાય છે. ભગવાન્ શ્રીકૃષ્ણ તો પોતે નિર્ગુણ પ્રકટ થયેલા છે. તેથી તેમના સમ્બન્ધમાં આવી લીલા થયાનું વિચારવામાં આવે તો અધિકારી દેવો તે વિચાર દુષ્ટ હોવાનું વિચારી, તેવા વિચાર કરનારનું અનિષ્ટ કરે છે.

**સન્દેહે તસ્ય ભક્તૈસ્તુ નિર્ણયો જ્ઞાયતાં યથા ।।૩૬૬।।**
**તં શસ્ત્રપૂગૈરિત્યાદિ શુદ્ધં નાન્યત્ તતોઽધિકમ્ ।।**

સન્દેહ રહેતો હોય તો તેમના ભક્તોએ તો ''શસ્ત્રોના સમૂહોથી પ્રહાર કરતા શાલ્વને'' વગેરેથી વાસ્તવિક નિર્ણય કરવો. શ્રીકૃષ્ણ શુદ્ધ બ્રહ્મ છે, તેમનાથી અધિક બીજું તત્ત્વ નથી.

જો આ વિષયમાં સન્દેહ રહેતો હોય, તો શ્રીકૃષ્ણના ભક્તોએ શાલ્વ સાથેના યુદ્ધમાં ખરેખર શું થયેલ તેનો નિર્ણય ૩૩ થી ૩૬ સુધીના શ્લોકથી કરવો. શ્રીકૃષ્ણ જ શુદ્ધ પરબ્રહ્મ છે. તેમનાથી બીજું કાંઈ અધિક તત્ત્વ છે જ નહિ.

**અધ્યાય ૭૫ :**

**આદૌ ત્રિવિધદુષ્ટાનાં વધોઽત્ર વિનિરૂપ્યતે ।।૩૬૭।।**
**શાલ્વસ્ય હરભક્તસ્ય દન્તવક્રસ્ય ચાત્મનઃ ।।**
**તદ્ભ્રાતુશ્ચ દ્વિતીયસ્ય રાજસસ્ય વધઃ સ્મૃતઃ ।।૩૬૮।।**

આ પ્રકરણના આરંભમાં ત્રણ પ્રકારના દુષ્ટોનો વધ જણાવવામાં આવે છે. ૧. શંકરના ભક્ત શાલ્વનો ૨. પોતાના (ભગવાનના ભક્ત) દન્તવક્રનો અને ૩. તેના બીજા રાજસ ભાઈ વિદૂરથનો વધ કહેલ છે.

શંકરના ભક્ત તામસ શાલ્વનો, ભગવાનના ભક્ત સાત્ત્વિક દન્તવક્રનો અને તેના રાજસ ભાઈ વિદૂરથનો વધ કર્યાનું કહેલ છે. (શાલ્વનો વધ અ.૭૩ તથા ૭૪માં કહેલ છે, તે અધ્યાયોનો પણ સાત્ત્વિક ફલ પ્રકરણમાં સમાવેશ થાય છે. દન્તવક્ર અને વિદૂરથના વધ અ.૭૫ માં કહેલ છે).

**એવં દોષપ્રણાશો હિ ફલે પૂર્વમ્ ઉદીરિતઃ ।।**
**તેનૈવ યાદવાનાં હિ સર્વવ્યસનનાશતઃ ।।૩૬૯।।**
**કૃષ્ણાત્મકં ફલં સિદ્ધં યત એવં કરોતિ હિ ।।**

એ પ્રમાણે ફલના પ્રકરણમાં પહેલા દોષનો નાશ કર્યાનું કહેલ છે. તેથી જ યાદવોનાં સર્વ દુઃખોનો નાશ થવાથી તેઓને શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત થયું તેથી જ ભગવાને એ પ્રમાણે કરેલું.

યાદવોને શ્રીકૃષ્ણરૂપ ફલ પ્રાપ્ત થાય તે માટે જ ભગવાને એ ત્રણનો નાશ કરી તેઓનાં દુઃખ દૂર કર્યા, આનું વર્ણન અ.૭૫।૧૬ સુધીથી કરેલું છે.

**તતઃ સર્વસુખાર્થાય બલદેવવિનિર્ગમઃ ।।૩૭૦।।**
**તીર્થે સ્વધર્મનાશાય દોષે યાતે સુખં સ્વતઃ ।।**

પછી સર્વને સુખ થાય તે માટે પોતાના ધર્મનો ત્યાગ કરવા બલભદ્ર; તીર્થ કરવા ગયા. દોષ દૂર થતાં સુખ પોતાની મેળે (પ્રાપ્ત થાય છે).

પછી પાંડવો તથા કૌરવો નાં યુદ્ધનો પ્રારંભ થાય છે. આ યુદ્ધનું પરિણામ અનિષ્ટ જ હતું, તેથી તેનો ત્યાગ કરવો એ જ ધર્મ હતો. તેમાં પણ તીર્થયાત્રાના મિષથી ત્યાગ કરવો એ ઉત્તમ ધર્મ ગણાય. વળી તે યુદ્ધમાં શ્રીકૃષ્ણ પાંડવોના પક્ષમાં હતા, અને બલભદ્ર કૌરવોના પક્ષમાં રહે તો અંદર-અંદર વિગ્રહ થાય. તેથી બલભદ્ર ક્ષત્રિય હોઈ તેમનો ધર્મ યુદ્ધ કરવાનો હોવા છતાં પોતાના તે ધર્મનો ત્યાગ કરવાથી; સર્વને સુખ થાય તેમ હોવાથી, સર્વને સુખ થાય તે માટે પોતાના તે ધર્મનો ત્યાગ કરવા તે તીર્થ કરવા નીકળ્યા.

**સ્વયં તુ પાંડવાનાં હિ દુઃખનાશં ચકાર હ ।।૩૭૧।।**
**એવં ત્રિભિરિહાધ્યાયૈઃ દુઃખનાશો નિરૂપ્યતે ।।**
**સ્પષ્ટાસ્પષ્ટવિભેદેન ત્રિવિધાનાં વિશેષતઃ ।।૩૭૨।।**

ભગવાને પોતે તો પાંડવોનાં દુઃખનો નાશ કર્યો. એ પ્રમાણે ત્રણે અધ્યાયોથી સ્પષ્ટ પ્રકારે અને અસ્પષ્ટ પ્રકારે ત્રણ પ્રકારના જીવોનાં દુઃખનો નાશ સારી રીતે કર્યાનું કહેલ છે.

શાલ્વ વગેરેના નાશથી યાદવોનાં દુઃખનો સ્પષ્ટ પ્રકારે (જાણાઈ આવે તેવી રીતે) નાશ કર્યો અને પાંડવોના દુઃખનો અસ્પષ્ટ રીતે (જાણાઈ ન આવે તેવી રીતે) નાશ કર્યો.

**કાલદોષાત્ તુ ઋષયો વક્તારં મેનિરેઽધમમ્ ।।**
**અતોઽજ્ઞાત્વૈવ રામેણ સૂતો ધર્માર્થમ્ આહતઃ ।।૩૭૩।।**
**સન્તોષાર્થમ્ ઋષિણાં ચ સ્વાવતારં *વિધાય હિ ।।**
**તત્ર તં સ્થાપયામાસ કાર્યં ભાગવતે સ્થિતમ્ ।।૩૭૪।।**
**શુકોક્તમ્ અન્યથા વાક્યં હૃદયં ન વિશેત્ ક્વચિત્ ।।**

(* અહીં 'વિચાર્ય' પાઠ હશે એમ જાણાય છે — યોજના)

કાલના દોષને લીધે ઋષિઓએ તો અધમ સૂતનો વક્તા તરીકે આદર કરેલો. તેથી તે જાણ્યા વિના જ બલભદ્રે ધર્મનાં પ્રયોજનથી સૂતને હણ્યો, અને ઋષિઓને સન્તોષ થાય તે માટે પોતાના અવતારનો વિચાર કરીને, ત્યાં તેનું સ્થાપન કર્યું. પ્રયોજન ભાગવતના શ્રવણમાં હતું. તેમ કર્યું ન હોત તો શુકે કહેલું વાક્ય કોઈ સમયે હૃદયમાં પ્રવેશ ન કરત.

બલભદ્ર તીર્થયાત્રા કરતાં નૈમિષમાં આવે છે. ત્યાં ઋષિઓ લાંબા સમય સુધી ચાલે તેવો યજ્ઞ કરતા હતા. તેઓએ સૂતને કથા કહેનાર ઠરાવી બ્રહ્માસન આપેલું અને પોતાનું બ્રહ્મપણું તેનામાં મૂકેલું. આવો શૂદ્ર સૂત ઋષિઓને ઉપદેશ કરે તે ધર્મથી વિરુદ્ધ છે એમ માની ઋષિઓએ તેની અંદર પોતાનું બ્રહ્મપણું મૂકી તેને બ્રહ્માસન આપેલ. પરન્તુ તે જાણ્યા વિના જ, ધર્મનું રક્ષણ કરનાર બલભદ્રે ધર્મ પ્રમાણે જ આચરણ થવું જોઈએ એમ માની સૂતનો વધ કર્યો. શ્લો.૨૮ પછી ઋષિઓએ તેને પોતે બ્રહ્માસન આપેલ વગેરે જણાવતાં બલભદ્રે તેઓને સન્તોષ થાય તે માટે અને પોતાના અવતારનું પ્રયોજન વિચારી, સૂતના પુત્ર ઉગ્રશ્રવસને તેની જગ્યાએ કથાનો વક્તા ઠરાવ્યો(શ્લો.૩૬). જો તેને એ પ્રમાણે વક્તા ઠરાવ્યો ન હોત તો, તે શૂદ્ર રહેવાથી તેનો પરીક્ષિતની સભામાં પ્રવેશ થાત નહિ અને તે શુકના મુખથી શ્રીભાગવતનું શ્રવણ કરી શક્ત નહિ, અને તેથી ભાગવતનો પ્રચાર બરાબર થાત નહિ (જુઓ ૧।૧।૫ ઉપરનાં શ્રીસુબોધિની).

**અધ્યાય ૭૬ :**

**બલ્વલસ્ય વધો મુખ્યો દોષસ્તેષાં ચ નાશિતઃ ।।૩૭૫।।**
**બલ્વલો દોષસૂતૌ ચ ત્રયોऽત્ર વિનિવારિતાઃ ।।**
**જ્ઞાનોપદેશો લીલાર્થો યથા તીર્થાટનં તથા ।।૩૭૬।।**

બલ્વલનો વધ મુખ્ય છે, અને તે (ઋષિ)ઓના દોષનો નાશ કરેલો છે. ૧. બલ્વલ ૨. ઋષિઓનો દોષ અને ૩. સૂત એ ત્રણનો નાશ થયાનું અહીં કહેલ છે. જેમ તીર્થમાં ફરવાનું બલભદ્રે લીલા માટે કરેલું તેવી જ રીતે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ કરેલ.

બલ્વલ, ઋષિઓનો દોષ અને સૂત એ ત્રણનો નાશ થયાનું કહેલ છે. તેમાં બલ્વલનો વધ મુખ્ય છે (શ્લો.૬). તીર્થાટન પેઠે બલભદ્રે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ (શ્લો.૩૧) પણ લીલા માટે કરેલો.

**શુદ્ધિસ્તીર્થૈસ્તથા યજ્ઞૈઃ જ્ઞાનેનાપિ ભવેદ્ ધ્રુવમ્ ।।**
**ઋષીણાં ત્રિતયં સિદ્ધમ્ અગ્રે મોહનિવૃત્તયે ।।૩૭૭।।**
**જ્ઞાનોપદેશોऽનન્યાર્થો દોષા એવં વિનાશિતાઃ ।।**
**દ્વાભ્યાં પંચભિરગ્રે તુ ગુણૈઃ દોષનિવારણમ્ ।।૩૭૮।।**

તીર્થોથી અને યજ્ઞોથી તેમ જ જ્ઞાનથી પણ નક્કી શુદ્ધિ થાય છે. ઋષિઓને તે ત્રણે પ્રાપ્ત

થયાં. ભવિષ્યમાં મોહ દૂર થાય તે માટે બલભદ્રે ઋષિઓને જ્ઞાનનો ઉપદેશ કરેલો, તેનું બીજું પ્રયોજન ન હતું. એવી રીતે બે અધ્યાયોથી દોષો દૂર કર્યા. પછીના પાંચ અધ્યાયોથી તો ગુણોથી દોષો દૂર કરશે.

અન્તઃકરણ વગેરેની શુદ્ધિ તીર્થો કરવાથી, યજ્ઞો કરવાથી અને જ્ઞાનના ઉપદેશથી થાય. ઋષિઓ નૈમિષ તીર્થમાં જ રહેતા હતા અને ત્યાં જ યજ્ઞો કરતા હતા(અ.૭૫।૨૦) અને બલભદ્રે તેઓને જ્ઞાનનો ઉપદેશ પણ કર્યો (અ.૭૬।૩૧) તેથી તેઓને અન્તઃકરણ વગેરેની શુદ્ધિનાં ત્રણે સાધનો પ્રાપ્ત થયાં. એ પ્રમાણે અ.૭૫ તથા ૭૬ એ બે અધ્યાયોથી દોષો સ્વરૂપથી દૂર કર્યા.

**અધ્યાય ૭૭-૭૮ :**

**દારિદ્ર્યનાશઃ સમ્પત્ત્યા દ્વાભ્યાં તત્ર નિરૂપ્યતે ।।**
**ત્રિભિશ્ચ ત્રિવિધાનાં ચ પૂર્વોક્તાનાં ચ સર્વશઃ ।।૩૭૯।।**

તે પૈકી બે અધ્યાયોથી સમ્પત્તિવડે ગરીબાઈનો નાશ કર્યાનું કહેલ છે, અને ત્રણ અધ્યાયોથી ઉપર કહેલા ત્રણ પ્રકારના જીવોના દોષનો સમ્પૂર્ણ રીતે નાશ થયાનું કહેલ છે.

સત્તોતેર અને અઠ્ઠોતેર એ બે અધ્યાયોથી સુદામાને અલૌકિક સમ્પત્તિ પ્રાપ્ત કરાવી તેનાં દારિદ્ર્યનો નાશ કર્યો એ કહેલ છે. અને ૭૯ થી ૮૧ સુધીના ત્રણ અધ્યાયોમાં પ્રથમ કહેલ તામસ, રાજસ તથા સાત્ત્વિક જીવોના દોષ દૂર કરી તેઓને ઉત્તમ ફલ પ્રાપ્ત કરાવ્યાનું કહેલ છે.

**સુદામા બ્રાહ્મણઃ કશ્ચિદ્ અર્ધ ચ ઋષિસમ્મતઃ ।।**
**ભાર્યા તુ બ્રાહ્મણી તસ્ય નર્ષીદારિદ્ર્યદર્શનાત્ ।।૩૮૦।।**
**વિરુદ્ધમ્ ઉભયં કાલાત્ તત્રૈકસ્ય નિવારણમ્ ।।**

સુદામા કોઈ એક બ્રાહ્મણ હતો, અને તે અર્ધ ઋષિ ગણાયેલ છે. તેની પત્ની બ્રાહ્મણીને તો દારિદ્ર્યની અસર થતી હોવાથી તે ઋષિ ન હતી. બન્ને પરસ્પર વિરુદ્ધ હતાં, તે પૈકી એકને કાલે દૂર કર્યું.

શ્રીભાગવતમાં આ બ્રાહ્મણનું નામ આપેલ નથી, પરન્તુ બીજા પુરાણમાં તેનું નાશંદામા' હોવાનું કહેલ છે. સુદામામાં પોતામાં ઋષિના ગુણો હતા. દારિદ્ર્યની તેના ઉપર અસર થતી ન હતી, પરન્તુ તેની પત્ની ઉપર દારિદ્ર્યની અસર થઈ હતી અને તેથી તેનામાં ઋષિપત્નીના ગુણો ન હતા. તેથી પતિ અને પત્ની એક ગણાતાં હોવાથી સુદામાને અર્ધ ઋષિ (ગામમાં રહેતો હોવાથી ''અર્ધ ઋષિ'' કહેલ હોવાનું જણાય છે — યોજના)) કહેલ છે. સુદામામાં ઋષિના ગુણ હતા એમ અ.૭૭।૬-૭ થી જણાય છે. ઋષિપણું અને દારિદ્ર્યની અસર થવી એ બન્ને પરસ્પર વિરુદ્ધ

છે. સુદામાના ઋષિપણાના ગુણોને કાલે દૂર કર્યા, તેથી તેવા ગુણોવાળો પણ પત્નીના સમજાવવાથી ભગવાન્ પાસે ધન માંગવા ગયો.

**તત્ર કૃષ્ણઃ પુષ્ટિમાર્ગે સ્ત્રીણાં ચૈવ હિતે રતઃ ।।૩૮૧।।**
**અતોઽર્ધજરતીયં તં ભક્તં ચક્રે સ્વસંગિનમ્ ।।**

પુષ્ટિમાર્ગમાં તેમ જ સ્ત્રીઓનાં કલ્યાણમાં તત્પર રહેનારા શ્રીકૃષ્ણે તેઓમાંના તે અર્ધ નાશ પામતા ભક્તને પોતાના સંગવાળો કર્યો.

ભગવાન્ શ્રીકૃષ્ણે સુદામાનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર કરેલો, અને તે સદા સ્ત્રીઓનું કલ્યાણ કરનારા છે, તેથી આ અર્ધ ઋષિ અને અર્ધ સંસારી ભક્તને તેમણે પોતાના સંગવાળો કરી પોતાનો મિત્ર બનાવેલ.

**યથા હિ ભગવાન્ અત્ર પૂર્ણકામોઽપિ તિષ્ઠતિ ।।૩૮૨।।**
**તત્સંગિભિઃ તથૈવાત્ર સ્થેયમ્ ઈત્યેવ નિશ્ચિતમ્ ।।**

જેમની કામનાઓ પૂર્ણ છે તેવા ભગવાન્ પણ અહીં જેમ રહે છે તેવી જ રીતે તેમના સંગવાળાઓએ અહીં રહેવું જ જોઈએ એવો જ આથી નિશ્ચય થાય છે.

આ કથાથી એવો નિશ્ચય થાય છે કે ભગવાન્ પૂર્ણકામ હોવા છતાં જેમ ભૂતલ ઉપર અવતાર લઈ રહે છે, તેવી જ રીતે તેમના સંગવાળા મિત્રે ભૂતલ ઉપર રહેવું જોઈએ.

**નાશો ન કોઽપિ ભવિતા ઋષીણાં ચાપિ મોચકઃ ।।૩૮૩।।**
**અલૌકિકં ચ પ્રદદૌ ન દૂષણમ્ ઈહાણ્વપિ ।।**

ભગવાન્ ઋષિઓને પણ મોક્ષ આપનારા છે. પત્નીને ધન આપવાથી સુદામાને કાંઈ પણ હાનિ થવાની ન હતી. ભગવાને પત્નીને અલૌકિક ધન આપ્યું. અહીં સુદામામાં જરા પણ દોષ આવ્યો નથી.

ભગવાન્ મુક્તિ આપનાર હોવા છતાં તેમણે બન્ધન કરાવે તેવું ધન કેમ આપ્યું ? એવો પ્રશ્ન થાય, તેથી આ કારિકા કહેલી છે. સુદામાની પત્નીને ભગવાને ધન આપ્યું, તેથી સુદામાને કાંઈ હાનિ થઈ નથી. તેણે પત્ની સાથે બહુ લમ્પટ થયા વિના વિષયો ભોગવ્યા, એટલે જરા લમ્પટ તો થયેલો (અ.૭૮।૩૮ ઉપરના શ્રીસુબોધિની). પરન્તુ ભગવાન્ પોતાના ભક્તને ભોગ આપવા છતાં કાંઈ હાનિ થવા દેતા નથી (જુઓ પાછળ કારિકા ૨૯૩).

**સ્વતુલ્યત્વાય તુ કથા પૂર્વજાતા નિરૂપિતા ।।૩૮૪।।**
**સમક્ષં ભગવાંસ્તન્તુ ઋષિમેવાકરોત્ સ્વતઃ ।।**
**અતો ન કિઞ્ચિત્ પ્રદદૌ ભાર્યાયૈ તત્ર દત્તવાન્ ।।૩૮૫।।**

સુદામા પોતાની સમાન છે એમ જણાવવા ભગવાને પહેલાં બનેલી કથા કહેલી છે. ભગવાને રૂબરૂમાં તો પોતાની મેળે તેને ઋષિ જ કર્યો (રાખ્યો). તેથી ત્યારે કાંઈ પણ ન આપ્યું. ત્યાં (તેના ઘેર તેની) પત્નીને આપ્યું.

સુદામાની પહેલાંની કથા (અ.૭૭।૩૧-૪૨) તેને ભગવાનની સમાન જણાવવા કહી છે. સુદામા પોતાની પાસે રહ્યો ત્યાં સુધી ભગવાને તેનું ઋષિપણું જ માન્ય રાખ્યું, તેથી તે સમયે તેને કાંઈ ધન આપ્યું નહિ. તેના ઘેર તેની પત્નીને દેવોને પણ દુર્લભ અલૌકિક ધન આપ્યું.

**અનભિપ્રેતપક્ષે હિ દાનાભાવો વિશિષ્યતે ।।**
**અતોऽદાને તસ્ય તોષો ગચ્છતો વર્ણ્યતે પથિ।।૩૮૬।।**

દાન ઈચ્છેલું ન હતું એ મત પ્રમાણે દાન ન થાય તે ઉત્તમ છે. તેથી દાન થયેલું ન હતું ત્યારે માર્ગે જતાં તેના સંતોષનું વર્ણન કરેલું છે.

અ.૭૮।૧૪-૨૦ માં સુદામાના સન્તોષનું વર્ણન કરેલું છે. વિશેષે કરી શ્લો.૨૦ જુઓ.

**સાંસર્ગિકસ્ય દોષસ્ય નિવૃત્ત્યૈ ભગવત્પરઃ ।।**
**ભક્તિમાર્ગાનુસારેણ વિષયાન્ બુભુજેऽવશઃ ।।૩૮૭।।**

સંસર્ગનો દોષ દૂર થાય તે માટે ભગવાન્‌માં ચિત્ત રાખી તેણે વિષયોને વશ ન થતાં ભક્તિમાર્ગ પ્રમાણે વિષયોનો ભોગ કર્યો.

ભગવાને સુદામાની પત્નીને ઘણું જ ધન આપ્યું. સુદામા ભોગ તદ્દન ન કરે તો પત્નીને રસ ઉત્પન્ન થાય નહિ, અને ભોગ કરે તો પત્નીના સંગથી તેને દોષ લાગે. તેથી ભગવાન્‌માં ચિત્ત રાખી વિષયોને વશ થયા વિના તેણે ભક્તિમાર્ગ પ્રમાણે વિષયોનો ભોગ કર્યો. તેથી પત્નીને ભોગમાં રસ થયો અને તેના સંગથી દોષ લાગ્યો નહિ.

**એવમ્ ઋષિત્વં ભક્તત્વં ધનં દારિદ્ર્યમેવ ચ ।।**
**વિરુદ્ધં સ્થાપયામાસ સ્વકીયત્ત્વપ્રસિદ્ધયે ।।૩૮૮।।**

એ પ્રમાણે ઋષિપણું અને ભક્તપણું, ધન અને ગરીબાઈ એ વિરુદ્ધ ગુણોનું ભગવાને સુદામા પોતાનો ભક્ત હોવાનું પ્રસિદ્ધ થાય તે માટે તેનામાં સ્થાપન કર્યું.

સુદામા પોતાનો ભક્ત છે એમ પ્રસિદ્ધ થાય તે માટે પોતાની અંદર વિરુદ્ધ ધર્મો રહેલા હોવાથી ભગવાને સુદામામાં પણ પરસ્પર વિરુદ્ધ ધર્મોનું સ્થાપન કર્યું. ધન અને ગરીબાઈ વિરુદ્ધ છે એ સ્પષ્ટ છે. ઋષિપણું ભક્તપણાંથી વિરુદ્ધ છે, કારણ કે ઋષિ વેદ અથવા પ્રમાણને સર્વથી પર જાણે છે, જ્યારે ભક્ત ભગવાનને સર્વથી પર જાણે છે.

**અધ્યાય ૭૯ થી ૮૧ :**

**ત્રિભિરગ્રે તુ ભગવાન્ પૂર્ણં ફલમ્ ઉદીર્યતે ।।**
**દ્વાભ્યાં દ્વાભ્યાં ત્રિભિશ્ચૈવ ફલત્રયમ્ ઉદીરિતમ્ ।।૩૮૯।।**
**દુઃખાભાવ-સુખોત્કર્ષૌ કૃષ્ણશ્ચ ત્રિવિધસ્તથા ।।**
**સર્વેષાં વાઞ્છિતાકારઃ સ્ત્રીણામ્ અત્યન્તવલ્લભઃ।।૩૯૦।।**
**ઋષિદેવપિતૃૈણાં ચ લૌકિકાલૌકિકત્વતઃ ।।**
**ફલદાતા સર્વભાવૈઃ સર્વતોઽત્ર નિરૂપ્યતે ।।૩૯૧।।**

આગળ ત્રણ અધ્યાયોથી ભગવાન્ પૂર્ણ ફલ (હોવાનું) કહેલ છે. બે-બે અને ત્રણ (અધ્યાયો)થી ૧. દુઃખનો અભાવ, ૨. ઉત્તમ પ્રકારનું સુખ અને ૩. ત્રણ પ્રકારના શ્રીકૃષ્ણ; એવા ત્રણ ફલ કહેલાં છે. શ્રીકૃષ્ણને અહીં ૧. સર્વના ઇચ્છેલા રૂપવાળા ૨. સ્ત્રીઓના અત્યન્ત પ્રિય અને ૩. ઋષિઓ દેવો અને પિતૃઓ ને લૌકિક અને અલૌકિક પ્રકારે સમ્પૂર્ણ રીતે સર્વ તરફથી ફલનું દાન કરનારા કહેલા છે.

આ ત્રણ અધ્યાયો વાસ્તવિક રીતે સાત્ત્વિક પ્રકરણના ત્રણ પેટાપ્રકરણના ધર્મીનું સ્વરૂપ જણાવનારા અધ્યાયો છે. તેથી ભગવાન્ જ પૂર્ણ ફલ છે એમ આ અધ્યાયોમાં જણાવેલ છે. ૭૫ તથા ૭૬ મા અધ્યાયમાં દુઃખના નાશરૂપ ફલ કહેલ છે. ૭૭-૭૮ મા અધ્યાયમાં ઉત્તમ પ્રકારનાં સુખરૂપ ફલ કહેલ છે. આ ૭૯-૮૧ સુધીના ત્રણ અધ્યાયોમાં ત્રણ સ્વરૂપથી શ્રીકૃષ્ણ ત્રણ પ્રકારનાં ફલરૂપ થાય છે એમ દર્શાવેલ છે અને તે ત્રણ સ્વરૂપો ૧. સર્વના ઇચ્છેલા રૂપવાળા વગેરેથી ઉપર જણાવેલાં છે.

**અધ્યાય ૭૯ :**

**તત્કાલસ્થાઃ સર્વ એવ વર્ણા એતે ચ માનુષાઃ ।।**
**સર્વતસ્તે સમાગત્ય કૃષ્ણસાન્નિધ્યદર્શનૈઃ ।।૩૯૨।।**
**શુદ્ધસાત્ત્વિકભાવં તે પ્રાપ્તા રોધનમાગતાઃ ।।**

તે સમયે હતા તે બધાએ વર્ણો અને આ મનુષ્યો(કહેલા છે) -તેઓએ સર્વ તરફથી આવી શ્રીકૃષ્ણનાં સાન્નિધ્ય અને દર્શનથી શુદ્ધ સાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી, નિરોધ પ્રાપ્ત કર્યો.

તે સમયના બધાએ વર્ણના પુરુષોએ સર્વ તરફથી ભગવાન્ પાસે કુરુક્ષેત્રમાં આવી,

ભગવાનનાં દર્શન કરી શુદ્ધ સાત્ત્વિક સ્થિતિ પ્રાપ્ત કરી અને નિરોધ પ્રાપ્ત કર્યો. ભગવાન્ તે સર્વના ઈચ્છેલા રૂપવાળા હોવાનું જણાવેલ છે, કારણ કે ભગવાનનાં દર્શનથી સર્વને પરમાનન્દની પ્રાપ્તિ થઈ (શ્લો.૨૩). જો ભગવાન્ તેઓએ ઈચ્છેલા રૂપવાળા ન હોય, તો તેઓને તેમનાં દર્શનથી પરમાનન્દ પ્રાપ્ત ન થાત.

**દેહાદિકં જગત્સર્વં વિસ્મૃત્ય ભગવત્પરાઃ ।।૩૯૩।।**
**જાતા ઈતિ ફલં તેષાં હરિરેવ ન સંશયઃ ।।**

દેહ વગેરે સર્વ જગત્‌ને ભૂલી, તેઓ ભગવાન્‌માં ચિત્ત રાખનારા થયા, તેથી તેઓનું ફલ હરિ જ છે, એમાં સંશય નથી.

પોતાના દેહ વગેરે સર્વ જગત્‌ને ભૂલી, તેઓ પોતાનું ચિત્ત ભગવાન્‌માં પરોવે છે. તેથી તેમને ભગવાન્ જ ફલ પ્રાપ્ત થાય છે.

**અન્તે ચ ગોપિકાઃ પ્રોક્તાઃ શુદ્ધસત્ત્વપ્રસિદ્ધયે ।।૩૯૪।।**
**નિરોધશ્ચાપિ તાસાં હિ સર્વભાવેન રૂપિતઃ ।।**
**તદન્તાઃ સર્વ એવૈતે તત્ફલા ઈતિ નિશ્ચિતમ્ ।।૩૯૫।।**

અને અધ્યાયના અન્તમાં ગોપીઓનું શુદ્ધ સત્ત્વ પ્રસિદ્ધ થાય તે માટે ગોપિકાઓની કથા કહેલી છે, અને તેઓનો નિરોધ પણ સમ્પૂર્ણ રીતે થયાનું જણાવેલ છે. ત્યાં સુધીના આ બધાએ ઉપાયો, તે ફલ પ્રાપ્ત કરાવનારા છે એવો નિશ્ચય થાય છે.

ગોપીઓ તમામ હતી, તે રાજસ થયાનું પહેલાં કહેલું છે. હવે તેઓ સાત્ત્વિક થયેલી છે એમ પ્રસિદ્ધ થાય તે માટે આ અધ્યાયના અન્તે તેઓની કથા કહેલી છે. અન્તે ભગવાન્ ગોપીઓને જ્ઞાનનો ઉપદેશ કરે છે (શ્લો.૪૨-૪૭), ત્યાં સુધીના બધાએ ઉપાયો તેઓનો સમ્પૂર્ણ રીતે નિરોધ થાય તે માટે જ હતા.

**સંસારો ભગવાંશ્ચૈવ વિરુદ્ધં દ્વિતયં ફલમ્ ।।**
**ઉભયૈર્યત્સુખં તદ્ધિ તાસાં પુષ્ટ્યાઽભવત્ તદા ।।૩૯૬।।**
**તથૈવ પ્રાર્થિતં તાભિઃ સમ્મતં ચાપિ વૈ હરેઃ ।।**

સંસાર અને વળી ભગવાન્ એ બે વિરુદ્ધ ફલ છે. બન્નેથી જે સુખ થાય તે તેઓને તે સમયે ભગવાનની કૃપાથી થયું. તેઓએ તેવી જ પ્રાર્થના કરેલી અને હરિએ ખરેખર તેમાં સમ્મતિ આપી.

સંસાર અને ભગવાન્ એ બે પરસ્પર વિરુદ્ધ છે. સંસાર જેને હોય તેને ભગવાનની પ્રાપ્તિ ન થાય, અને જેને ભગવાન્ પ્રાપ્ત થયા હોય, તેનો સંસાર ન રહે. છતાં સંસાર અને ભગવાન્ બન્નેથી

જે સુખ થાય તે ગોપીઓને તેમનો નિરોધ સમ્પૂર્ણ થયો ત્યારે પ્રાપ્ત થયું. ગોપીઓએ ભગવાન્ પાસે શ્લો.૪૯માં તેવી જ પ્રાર્થના કરી ભગવાને તે તેમનું ઈચ્છેલું આપ્યું(અ.૮૦।૧).

**'ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં' યતઃ પ્રાહ હરિઃ સ્વયમ્ ।।૩૯૭।।**
**'અવ્યક્તા હિ ગતિર્દુઃખં' 'યે તુ સર્વાણિ' ચોક્તવાન્ ।।**

કારણ કે હરિએ પોતે કહેલું છે કે ''જ્ઞાન તેમ જ વૈરાગ્ય અહીં કલ્યાણકારક થતા નથી'' ''અવ્યક્ત ફલ દેહ ધારણ કરનારાઓને દુઃખથી પ્રાપ્ત થાય છે'' ''જેઓ મને સર્વ કર્મો અર્પણ કરી''.

ભગવાનનાં પોતાનાં વચનો નીચે પ્રમાણે છે :

''મારી ભક્તિવાળા અને મારામાં ચિત્ત રાખનારા યોગીઓને ઘણા ભાગે જ્ઞાન અને વૈરાગ્ય અહીં કલ્યાણકારક થતાં નથી''

(ભાગ.પુરા.૧૧।૨૦।૩૧)

''અવ્યક્ત બ્રહ્મમાં ચિત્ત પરોવનારને ઘણું દુઃખ થાય છે, કારણ કે અવ્યક્ત ફલ; દેહ ધારણ કરનારાઓને દુઃખથી પ્રાપ્ત થાય છે''

(ભગ.ગીતા ૧૨।૫)

''પરન્તુ જેઓ સર્વ કર્મો મને અર્પણ કરી મારામાં ચિત્ત રાખી અનન્ય યોગથી મારું ધ્યાન ધરતાં મારી ભક્તિ કરે છે, તેઓનો હું અલ્પ સમયમાં જ સંસારસાગરમાંથી ઉદ્ધાર કરું છું.''

(ભગ.ગીતા ૧૨।૬,૭).

ભગવાને પોતે જ આમ કહેલ હોવાથી સંસારમાં રહીને પણ ભગવાનની ભક્તિ કરવી એ જ્ઞાન વૈરાગ્ય વગેરે કરતાં ઉત્તમ છે, અને ભગવાન્‌માં નિરોધ થવો એ જ ફલ છે.

**જીવતશ્ચ સ્થિતિર્મૃગ્યા તથા વૃત્ત્યાદિ સર્વથા ।।૩૯૮।।**
**સ્વાભાવિકં ન દુઃખાય પરત્રેહ ચ નિશ્ચિતમ્ ।।**

અને જીવનારે રહેવાનું સ્થાન તથા જિંદગીનું સાધન વગેરે સર્વ પ્રકારે રાખવા જોઈએ. સ્વાભાવિક સ્થિતિથી આ લોકમાં અને પરલોકમાં દુઃખ થતું નથી એવો નિશ્ચય છે.

ગોપીઓએ તેઓનાં લિંગદેહનો ત્યાગ કર્યો (શ્લો.૪૮), તેથી કૈવલ્ય જ ફલ છે, નિરોધ ફલ નથી — એવી શંકા ન કરવી, કારણ કે શ્લો.૪૯, અ.૮૧।૧-૨ તથા ૬૯ ઉપરથી સિદ્ધ થાય છે કે ગોપીઓને દેહ તો હતા જ. તેઓએ લિંગદેહનો ત્યાગ કર્યાનું કહેલ છે, તેનું કારણ એ છે કે તેઓના લિંગદેહને સ્થાને આધિદૈવિક અથવા કુદરતી સર્વ શક્તિવાળા ભગવાન્ જ પ્રગટ થયેલા. તેથી ગોપીઓના દેહ હતા, અને જ્યાં સુધી જીવતાં હોઈએ ત્યાં સુધી રહેવાનું સ્થાન અને જીવન ચાલુ રાખવાં જોઈએ. તેથી જ તેઓએ ભગવાન્ પાસે એમ માગેલ કે તેઓ ઘરમાં રહે છતાં ભગવાનનું

ચરણકમલ સદા તેઓના મનમાં પ્રકટ રહે(શ્લો.૪૯). ભગવાનનાં ચરણકમલમાં મન રહે એ સ્વાભાવિક સ્થિતિ છે, અને તેવી સ્થિતિથી આ લોકમાં તથા પરલોકમાં દુઃખ થતું નથી.

**લોકદ્વયેષ્ટદં તુલ્યં હરેર્નાન્યત્ પરં સુખમ્ ।।૩૯૯।।**
**વિરોધ્યન્યોન્યમન્યત્ર યાચિતં તેન તદ્વિધમ્ ।।**

હરિ પાસેથી બન્ને લોકનું ઈચ્છેલું સમાન રીતે પ્રાપ્ત થાય છે. હરિથી બીજું કાંઈ અધિક સુખ નથી. બીજામાં બન્ને લોકનાં ફલ એક-બીજાથી વિરુદ્ધ છે. તેથી ગોપીઓએ તેવા પ્રકારનું માગ્યું.

બન્ને લોકમાં આપણું ઈચ્છેલું ફલ પ્રાપ્ત કરાવનાર ભગવાન્ છે. સંસાર અને ભગવાન્માં આસક્તિ વિરુદ્ધ છે, પરન્તુ ભક્તિમાર્ગમાં તે બે પરસ્પર વિરુદ્ધ નથી. તેથી સંસારમાં રહેતા હોવા છતાં ભગવાનનું ચરણકમલ સદા પોતાના મનમાં પ્રકટ રહે એવું જ ફલ ગોપીઓએ માગ્યું (શ્લો.૪૯) અને તે જ ઉત્તમ ફલ છે.

**અધ્યાય ૮૦:**

**અતિદેશાર્થમન્યેષાં નિકટે કથનં મતમ્ ।।૪૦૦।।**
**સ્ત્રીણાં સ્વસ્વપતૌ સ્નેહઃ સહજસ્તન્નિવૃત્તયે ।।**
**કૃષ્ણસ્ત્રીણાં વિવાહાનાં કથા ત્વત્ર નિરૂપ્યતે ।।૪૦૧।।**

બીજાઓને લાગુ પડે તે માટે નજીકમાં બીજાઓની કથા કહેલી હોવાનો નિશ્ચય થાય છે. સ્ત્રીઓને પોત-પોતાના પતિમાં કુદરતી સ્નેહ હોય છે, તે દૂર થાય તે માટે શ્રીકૃષ્ણની સ્ત્રીઓની વિવાહોની કથા આ અધ્યાયમાં કહેલી છે.

ગોપીઓનો નિરોધ ભગવાને ગયા અધ્યાયમાં કર્યો. તે નિરોધની કથા બીજાઓને પણ લાગુ પડે તે માટે, ત્યાર પછી તરત જ આ અધ્યાયમાં બીજા; યુધિષ્ઠિર વગેરેનો નિરોધ કર્યાનું કહેલ છે. સ્ત્રીઓને પોતાના પતિમાં કુદરતી પ્રેમ હોય છે. લૌકિક પતિ ઉપરનો આ પ્રેમ દૂર થઈ ભગવાન્ ઉપર તેઓને પ્રેમ થાય, તે માટે શ્રીકૃષ્ણની પત્નીઓના વિવાહોની કથા આ અધ્યાયમાં કહેલી છે.

**લોકાદ્ ભયં ગોપિકાભિઃ પૂર્વમેવ નિવારિતમ્ ।।**
**પુરુષોત્તમભાવેન વૈદિકં ચ નિવારિતમ્ ।।૪૦૨।।**

લોકથી થતો ભય પહેલાં જ ગોપિકાઓએ દૂર કરેલો છે, અને શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવા વિચારથી વેદનો ભય પણ દૂર કરેલ છે.

ગોપીઓએ લોકના ભયનો તો પ્રથમથી જ ત્યાગ કરેલો. તેમના દૃષ્ટાન્તથી લોકનો ભય દૂર થાય છે. શ્રીકૃષ્ણ પુરુષોત્તમ છે એવા વિચારથી વેદનો ભય પણ દૂર થાય છે, કારણ કે પુરુષોત્તમ

વેદથી પર છે. લૌકિક પતિ ઉપરનો પ્રેમ દૂર કરવામાં લોક અને વેદ એ બેથી જ ભય રહે છે, તેથી તે બન્ને ભય દૂર કરેલા છે.

**ઉત્કર્ષે તુ શ્રુતે સ્ત્રીણાં પૂર્વભાવો વિનશ્યતિ ।।**
**પશ્ચાત્તાપશ્ચ જાયેત વિવાહખ્યાપનં તતઃ ।।૪૦૩।।**

શ્રીકૃષ્ણની સરસાઈનું શ્રવણ થાય ત્યારે તો સ્ત્રીઓની પહેલાંની સ્થિતિનો નાશ થાય છે અને પશ્ચાત્તાપ થાય છે. તેથી વિવાહો કહેલા છે.

ભગવાનની શ્રેષ્ઠતાનું શ્રવણ થાય, ત્યારે ત્યાં સુધીના સમય સુધી ભગવાન્ ઉપર પ્રેમ ન રાખવાની તેમની સ્થિતિ દૂર થાય છે, તેમને ભગવાન્ ઉપર પ્રેમ થાય છે. અને શ્રેષ્ઠતાનું શ્રવણ થયું ત્યાં સુધી ભગવાન્ ઉપર પ્રેમ રાખેલ ન હોવાથી પશ્ચાત્તાપ થાય છે. એવું થાય તે માટે ભગવાનની શ્રેષ્ઠતા દર્શાવનાર તેમની પત્નીઓના વિવાહોની કથા કહેલી છે.

**કૃષ્ણે કામાદ્યભાવાય દાસ્યં સર્વત્ર વર્ણ્યતે ।।**
**સર્વભાવેન સર્વાસાં વિવાહકરણે ક્ષમઃ ।।૪૦૪।।**
**સુતરાં ભક્તિયુક્તાનાં લક્ષ્મણાયાઃ કથા તતા ।।**

શ્રીકૃષ્ણમાં કામ વગેરે નથી એમ જણાવવા સર્વ સ્થલે દાસ્યનું વર્ણન કરેલું છે. ભગવાન્ સર્વ સ્ત્રીઓ સાથે વિવાહ કરવા સમ્પૂર્ણ રીતે શક્તિવાળા છે. ભક્તિવાળી સ્ત્રીઓ સાથે ઉત્તમ પ્રકારે વિવાહ કરે છે. લક્ષ્મણાના વિવાહની કથા વિસ્તારથી કહેલી છે.

શ્રીકૃષ્ણમાં કામ વગેરે દોષો નથી એમ જણાવવા બધા વિવાહોમાં ભગવાનની પત્નીઓની તેમનું દાસ્ય કરવાની અભિલાષા હોવાનું કહેલ છે. ભગવાન્ સર્વ સ્ત્રીઓ સાથે વિવાહ કરવા શક્તિમાન્ છે. આઠ પટરાણીઓ આઠ ભક્તિરૂપ છે (જુઓ શ્લો.૧૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં આપેલી કારિકાઓ) તેઓની સાથે ભગવાન્ ઉત્તમ પ્રકારે વિવાહ કરે છે. (ભૌમાસુરના અન્તઃપુરમાંથી આવેલી રોહિણી વગેરે પત્નીઓ આત્મનિવેદનરૂપ નવમી ભક્તિનું સ્વરૂપ છે એમ તેઓના વિવાહની કથા શ્લો.૪૦-૪૩ સુધીમાં કહી તેથી જણાય છે). આ વિવાહો પૈકી લક્ષ્મણાના વિવાહની કથા દ્રૌપદીનાં અભિમાનનો નાશ કરવા લંબાણથી કહેલી છે (શ્લો.૧૭ ઉપરનાં સુબોધિનીનો આભાસ જુઓ).

**દ્રૌપદી પુષ્ટિમાર્ગસ્થા તતઃ પૃચ્છતિ યત્નતઃ ।।૪૦૫।।**
**તદુત્કણ્ઠપરાઃ સર્વા રુક્મિણ્યાદિવદેવ તાઃ ।।**
**જાતા ઈતિ પુરા પ્રોક્તાત્ ફલાદ્ એતદ્ વિશિષ્યતે ।।૪૦૬।।**

તેથી પુષ્ટિમાર્ગમાં રહેલી દ્રૌપદી પ્રયત્ન કરીને આ વિવાહોની કથા પૂછે છે. બીજી સર્વે

આતુરતા રાખી તેનું શ્રવણ કરે છે. તેઓ પણ રુક્મિણી વગેરેના જેવી જ થઈ, એવો પહેલાં કહેલાં ફલથી આ ફલનો ભેદ છે.

દ્રૌપદીએ આ કથા પૂછેલી. બીજી બધી સ્ત્રીઓ પણ આતુરતાથી આ વિવાહોની કથાનું શ્રવણ કરતી હતી, તેઓનો પણ ભગવાન્ ઉપર રુક્મિણી વગેરેના જેવો પ્રેમ ધીરે–ધીરે થયો. તેઓ પણ ભગવન્મય થઈ. તેમનો ભગવાન્‌માં નિરન્તર સ્નેહ થયો અને તેમને વિસ્મય થયો (અ.૮૧।૧ ઉપરનાં શ્રીસુબોધિનીનો આભાસ).

**વિસ્મયાવિષ્ટચિત્તાનાં ભવિષ્યતિ તથા હરિઃ ।।**
**પૂર્વોક્તાનામપિ તથા ક્રમવૃદ્ધ્યા ક્ષણે ક્ષણે ।।૪૦૭।।**
**મહિષીણાં યથા ભાવઃ તથા સાધુ ભવિષ્યતિ ।।**

ઉપર કહેલી વિસ્મય પામેલ ચિત્તવાળી સ્ત્રીઓને પણ હરિ તેવા (નિરોધ કરનારા) થશે. તેઓનો ભગવાન્ ઉપરનો પ્રેમ પણ તેવી રીતે ક્ષણે–ક્ષણે ક્રમથી વધતાં, જેવો પટરાણીઓનો પ્રેમ હતો તેવો ઉત્તમ થશે.

ઉપર આ વિવાહોનું શ્રવણ કરનારી જે સ્ત્રીઓ કહેલી છે (અ.૮૦।૫ અને અ.૮૧।૧) તેઓનો પણ શ્રીકૃષ્ણ ઉપરનો પ્રેમ ક્ષણે–ક્ષણે વધતાં પટરાણીઓના પ્રેમ જેવો ઉત્તમ પ્રકારનો થશે. એવી રીતે ભગવાને સર્વ લૌકિક જીવોનો ઉદ્ધાર કર્યો.

**અધ્યાય ૮૧ :**

**લૌકિકાન્ અખિલાનેવં સમુદ્ધૃત્ય મનીષયા ।।૪૦૮।।**
**વૈદિકાન્ ઋષિદેવાંશ્ચ પૂર્વભાવસ્ય સિદ્ધયે ।।**
**તતઃ પ્રભૃતિ પૂજ્યન્ત ઈતિ ન્યાયેન વૈ હરિઃ ।।૪૦૯।।**
**સ્તોત્રં તેષાં ચકારાદ્યે ... ... ... ... ... ...**

સર્વ લૌકિક પુરુષોનો એવી રીતે ઉદ્ધાર કરીને વૈદિક ઋષિઓ અને દેવોને તેઓની પહેલાંની સ્થિતિ પ્રાપ્ત થાય તે માટે, ત્યાર પછી તેઓનું પૂજન થાય એવા નિર્ણયથી, ભગવાને આરંભમાં તેઓની બુદ્ધિપૂર્વક સ્તુતિ કરી.

વેદને ઉત્તમ માનનાર ઋષિઓ અને દેવોનું પહેલાંની પેઠે લોકમાં પૂજન થાય તે માટે ભગવાને આ અધ્યાયના આરંભમાં તેઓનો બુદ્ધિપૂર્વક સત્કાર કરીને તેઓની સ્તુતિ કરેલી છે (શ્લો.૬–૧૩).

… … … … … નિરોધાર્થં તુ તે પુનઃ ।।
વિપરીતં સર્વમાહુઃ શાસ્ત્રાર્થોઽયં હિ પુષ્ટિતઃ ।।૪૧૦।।
સાન્નિધ્યાદેવ સર્વેષાં હૃદ્યેવં સમુપાગતમ્ ।।

તેઓ તો પોતાનો નિરોધ થાય તે માટે સર્વ (આથી) વિરુદ્ધ કહે છે. આ તેઓનાં વચન શાસ્ત્રાર્થ છે. ભગવાનની સન્નિધિને લીધે જ પુષ્ટિને લીધે એવી રીતે તે સર્વનાં હૃદયમાં ઉતરે છે.

ઋષિઓ તો પોતાનો નિરોધ થાય તે માટે ભગવાને પોતાની સ્તુતિનાં વચન કહેલાં તેથી વિરુદ્ધ સિદ્ધાન્ત કહે છે. તેઓ ભગવાનનાં સ્વરૂપનું નિરૂપણ કરે છે, તેમને નમન કરે છે અને તેમના ચરણાવિન્દનાં દર્શનથી કૃતકૃત્ય થયાનું કહે છે (શ્લો.૧૬-૨૬). અહીં મુનિઓ કહે છે તે શાસ્ત્રાર્થ છે અને ભગવાન્ ત્યાં સમીપમાં જ હોવાથી તે શાસ્ત્રાર્થ સર્વનાં હૃદયમાં ઉતરે છે.

અનેનૈવોપદેશોઽભૂત્ ફલં ચાપિ *સ્વસમ્મતત્ ।।૪૧૧।।

(* 'સમં મતમ્' પણ પાઠ છે)

આથી જ ઉપદેશ થયો અને પોતે ઈચ્છેલા ફલની પ્રાપ્તિ પણ થઈ.

આ ઋષિઓના વચનથી જ સર્વ સભાસદોને ઉપદેશ પણ થયો અને સર્વને પોતાનાં ઈચ્છેલાં ફલની પ્રાપ્તિ પણ થઈ. સર્વનો પોતપોતાના અધિકાર પ્રમાણે નિરોધ થયો.

પ્રમેયબલમાસાદ્ય યાદવાનાં ફલં પુનઃ ।।
કૃતં સન્દેહજનનાત્ પ્રમાણેનોચ્યતે પુનઃ ।।૪૧૨।।

વળી યાદવોને પ્રમેયબલના સમ્બન્ધથી ફલ આપેલું. તેમાં સન્દેહ ઉત્પન્ન થવાથી ફરીથી પ્રમાણથી તે કહેવામાં આવે છે.

સાત્ત્વિક પ્રમેય પ્રકરણમાં પ્રમેય બલથી યાદવોના દોષનો નાશ કરવારૂપ ફલ તેઓને આપ્યાનું કહેલ છે. તેમાં સન્દેહ થવાથી અહીં ફરીથી પ્રમાણબલથી તે જણાવવામાં આવે છે. આ પ્રમાણથી જણાવવા માટે જ વસુદેવે કરેલ યજ્ઞની કથા અહીં કહેલી છે.

વસુદેવસ્ય સમ્પ્રશ્નઃ તતો યાગાર્થમુચ્યતે ।।
ઈશલીલાં સુદુર્બોધાં મત્વા તે સંશયં ગતાઃ ।।૪૧૩।।

તેથી યજ્ઞ થાય તે માટે વસુદેવને પ્રશ્ન કહેલો છે. ઈશ્વરની લીલા જાણવી ઘણી કઠણ છે એવા વિચારથી તેઓને સંશય થયો.

તેથી યજ્ઞ થાય તે માટે વસુદેવે ઋષિઓને પ્રશ્ન કર્યાનું કહેલ છે. વસુદેવ તેઓને કર્મનો નાશ કરવાના ઉપાય સમ્બન્ધી પ્રશ્ન કરે છે (શ્લો.૨૯).

ભગવાનની લીલા જાણી શકાય તેવી નથી. ઋષિઓ પણ વસુદેવ આ પ્રશ્ન કેવા અભિપ્રાયથી કરે છે તે જાણી શકતા નથી અને તેથી તેઓને વસુદેવના અભિપ્રાય સમ્બન્ધમાં સંશય થાય છે (શ્લો.૨૯ ઉપરનાં શ્રીસુબોધિની).

**નારદઃ પૂર્વવત્ પ્રાહ સર્વસન્દેહવારકઃ ।।**
**સાત્ત્વિકપ્રક્રિયાનાં હિ પ્રમાણં ન હિ દર્શિતમ્ ।।૪૧૪।।**
**તતઃ કૃષ્ણકૃતં સર્વં લૌકિકં મેનિરેઽખિલાઃ ।।**

પહેલાંની પેઠે સર્વ સન્દેહોને દૂર કરનાર નારદ ઉત્તર કહે છે. સાત્ત્વિક પ્રકરણમાં પ્રમાણ દર્શાવેલ નથી, તેથી બધા શ્રીકૃષ્ણે કરેલાં સર્વ કાર્ય લૌકિક માનતા હતા.

ઋષિઓના સન્દેહનો ઉત્તર આપી નારદ તેઓનો સન્દેહ દૂર કરે છે (શ્લો.૩૦-૩૩). શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે એવું પ્રમાણ આ પ્રકરણમાં દર્શાવેલ નથી, તેથી શ્રીકૃષ્ણના કાર્યને સર્વ યાદવો લૌકિક માને છે, એવો આ ઉત્તરનો સાર છે.

**અતો યાગોત્સવો જાતો લૌકિકં વૈદિકં તથા ।।૪૧૫।।**
**એકીભૂયાભવદ્ભક્તૌ તેન સર્વેઽભવન્ સમાઃ ।।**

તેથી યજ્ઞનો ઉત્સવ થયો. લૌકિક અને વૈદિક સાધનો ભેગાં થઈ ભક્તિમાં ઉપયોગી થયા. તેથી સર્વ સરખા થયા.

ઋષિઓએ વસુદેવને યજ્ઞ કરવાનો ઉપદેશ કર્યો, તેથી યજ્ઞનો ઉત્સવ થયો. યાદવોનાં પહેલાનાં લૌકિક અને આ અલૌકિક સાધન ભક્તિમાં પરિણમ્યા, એટલે સર્વ રાજસ યાદવોના મનમાંથી વિષમપણું દૂર થયું, અને તે બધા સાત્ત્વિક થયા.

**સર્વેષાં સર્વભાવો હિ ફલાદપિ હરિઃ ફલમ્ ।।૪૧૬।।**
**સાત્ત્વિકપ્રક્રિયાયાં હિ સર્વ એવ નિરૂપિતાઃ ।।**
**નિર્ગુણત્વં સમાપન્ના નિરોધોઽત્રૈવ રૂપિતઃ ।।૪૧૭।।**

બધાનો ભગવાન્‌માં સમ્પૂર્ણ પ્રેમ થયો, અને બીજા બધા ફલ કરતાં પણ હરિ જ ફલરૂપ હોવાનું તેમણે જાણ્યું. સાત્વિક પ્રકરણમાં જણાવેલા બધાઓએ નિર્ગુણપણું પ્રાપ્ત કર્યું. અહીં જ નિરોધ જણાવેલ છે.

સર્વ ફલોમાં હરિ જ ફલરૂપ છે એમ જાણવામાં આવતાં, આ પ્રકરણમાં બધા નિર્ગુણ થયા. સર્વનો નિરોધ થયાનું કહેલ છે.

# ૫. ગુણપ્રકરણ. અધ્યાય ૮૨-૮૭

**હરિણા કેવલેનૈવ ધર્મેણૈવાખિલં કૃતમ્ ।।**
**ઈતિ સંશયનાશાય ગુણાનાં પ્રક્રિયોચ્યતે ।।૪૧૮।।**

કેવલ હરિએ જ (અથવા) માત્ર ગુણથી જ સર્વ (નિરોધ) કરેલ છે, એવી શંકાનો નાશ કરવા ગુણોનું આ પ્રકરણ કહેવામાં આવે છે.

'કેવલ' એટલે ભગવાનના ગુણો વિનાના હરિએ જ આ સર્વ નિરોધ કરેલો, અથવા માત્ર ભગવાનના ગુણે જ આ સર્વ નિરોધ કરેલો, એવી શંકા દૂર કરવી એ આ ગુણપ્રકરણમાં પ્રયોજન છે.

**નિર્ધર્મકો વા ભિન્નો વા નિરોધં કુરુતે યદિ ।।**
**તદા વ્યર્થં સમસ્તં સ્યાદ્ ઈતિ ષડ્ગુણવર્ણનમ્ ૪૧૯।।**

ગુણ વિનાનાએ અથવા તેમનાથી જુદા કોઈએ જો નિરોધ કરેલ હોય તો સર્વ વ્યર્થ થાય, તેથી ભગવાનના છ ગુણોનું વર્ણન કરેલું છે.

ઐશ્વર્ય વગેરે છ ગુણો વિનાનાએ કોઈએ નિરોધ કરેલ હોય, તો તે સર્વ માયિક હોય અને તેથી તેનાથી કાંઈ ફલ પ્રાપ્ત ન થાય. વળી જો અન્તર્યામી અથવા કોઈ દેવમાં પ્રવેશ કરેલ ભગવાનના ગુણે જ નિરોધ કરેલો હોય, તો તેના શ્રવણથી મુખ્ય ફલ પ્રાપ્ત ન થાય અને તેથી આ સર્વ લીલા નિરર્થક થાય.

**યેનૈતાવત્કૃતં સર્વં સ કૃષ્ણો ભગવાન્ પરઃ ।।**
**ઈતિ દર્શયિતું ષડ્ભિઃ અધ્યાયૈઃ ષડ્ગુણાન્ જગૌ ।।૪૨૦।।**

જેમણે આટલું કરેલ છે તે શ્રીકૃષ્ણ સર્વને વશ રાખનાર ભગવાન્ છે એમ દર્શાવવા છ અધ્યાયોથી તેમના છ ગુણો શુકે ગાયેલા છે.

તેથી ભગવાનના છએ ગુણો જેમનામાં છે તેવા સર્વને વશ રાખનાર ભગવાન્ શ્રીકૃષ્ણે જ આ સર્વ નિરોધ કરેલો છે એમ દર્શાવવા, આ પ્રકરણના છ અધ્યાયોમાં શ્રીકૃષ્ણના છ ગુણો શુકે ગાયેલા છે.

**અધ્યાય ૮૨. ઐશ્વર્ય :**

**ઐશ્વર્યેણ સમગ્રેણ પ્રથમં જ્ઞાનદો હરિઃ ।।**
**પ્રશ્ચાત્ પુત્રપ્રદશ્ચાપિ બાહ્યાભ્યન્તરભેદતઃ ।।૪૨૧।।**

સર્વ ઐશ્વર્યથી હરિ; બહારના અને અંદરના ભેદથી, પ્રથમ જ્ઞાન આપનાર અને પછી પુત્ર લાવી આપનાર પણ થયેલ છે.

આ અધ્યાયમાં વસુદેવ શ્રીકૃષ્ણની સ્તુતિ કરે છે (શ્લો.૧-૨૦), પછી શ્રીકૃષ્ણ તેમને જ્ઞાનનો ઉપદેશ કરે છે (શ્લો.૨૧-૨૫). ત્યાર પછી દેવકીજી તેમને પોતાના કંસે હણેલ પુત્રો દેખાડવાની પ્રાર્થના કરે છે (શ્લો.૨૭-૩૩), અને શ્રીકૃષ્ણ તેઓને દેવકીજી પાસે લાવે છે (શ્લો.૩૪-૫૩). તેથી આ અધ્યાયમાં શ્રીકૃષ્ણ પ્રથમ વસુદેવને જ્ઞાન આપી આનન્દનું દાન કરે છે. આ અંદરનો આનન્દ છે. પછી દેવકીજીને પુત્રો લાવી આપી આનન્દ કરાવે છે. આ બહારનો આનન્દ છે.

**જ્ઞાનેનાન્તર આનન્દઃ પુત્રાદિભ્યસ્તથા બહિઃ ।।**
**પિતૃમાતૃવિભેદેન વૈદિકં લૌકિકં તથા ।।૪૨૨।।**
**ઐશ્વર્યભક્તિસિદ્ધ્યર્થં પ્રકટીકૃતવાન્ હરિઃ ।।**

જ્ઞાનથી અંદરનો આનન્દ થાય છે, અને પુત્રો વગેરેથી બહારનો આનન્દ થાય છે. ઐશ્વર્યથી ભક્તિ પ્રાપ્ત થાય તે માટે પિતા અને માતાના ભેદથી હરિએ વૈદિક અને લૌકિક આનન્દ પ્રકટ કર્યો.

પિતા તથા માતાને ભક્તિ પ્રાપ્ત થાય તે માટે શ્રીકૃષ્ણે પોતાના ઐશ્વર્ય ગુણથી પિતાને જ્ઞાન આપીને અને માતાને પુત્રો લાવી આપીને તેમને અનુક્રમે વૈદિક તથા લૌકિક આનન્દ પ્રાપ્ત કરાવ્યા.

**ગુરુત્વં દેવતાત્વં વા ન સ્વીકૃત્ય સુતત્વતઃ ।।૪૨૩।।**
**તદુક્તમેવ નિખિલં સર્વં બ્રહ્મેતિ બોધિતમ્ ।।**

ભગવાને પોતામાં પુત્રપણું હોવાને લીધે, ગુરુપણાંનો અથવા દેવપણાંનો સ્વીકાર કર્યા વિના વસુદેવે કહેલું સર્વ સ્વીકારીને, ''સર્વ બ્રહ્મ છે'' એવો તેમને બોધ કર્યો.

ભગવાન્; વસુદેવને જ્ઞાન આપવા છતાં, પોતે ગુરુ અથવા દેવ હોવાનું જણાવતા નથી. પોતે પુત્ર જ હોવાની સ્થિતિમાં રહી, વસુદેવે કહેલ તે બધું યોગ્ય જ હોવાનું જણાવી તેમને અખંડ અદ્વૈતનો બોધ કરે છે.

**ક્વચિત્તુ બ્રહ્મભાવો હિ ખંડજ્ઞાનમિહોચ્યતે ।।૪૨૪।।**
**લોકેઽધુના તદેવાસ્તે જીવેશ્વરવિભેદતઃ ।।**

અહીં કોઈ સ્થલે તો ખંડજ્ઞાનને બ્રહ્મભાવ કહેવામાં આવે છે. હાલમાં લોકમાં જીવ અને ઈશ્વરમાં ભેદને લીધે તે જ મત પ્રર્વતે છે.

જૈમિનિ, બોધાયન વગેરેના સૂત્રોમાં કોઈ-કોઈ સ્થલે ખંડજ્ઞાનને જ બ્રહ્મવાદ જણાવેલ છે. લોકમાં પણ તેવી જ રીતે રામાનુજ, મધ્વ વગેરે જીવ અને ઈશ્વરમાં ભેદ હોવાનું કહે છે. રામાનુજના મત પ્રમાણે જીવ અને જડ (ચિત્ અને અચિત્) ઈશ્વરનો દેહ છે, અને ઈશ્વર તેમના આત્મા છે. મધ્વાચાર્ય તો જીવ અને ઈશ્વર તદ્દન જુદા જ હોવાનું માને છે.

**માયાવિનસ્તુ મન્યન્તે જીવમાત્માનમીદશમ્ ।।૪૨૫।।**
**વસુદેવોક્તમખિલં વૈષ્ણવાઃ પુરુષોત્તમમ્ ।।**
**વસ્તુતો યાદશં સર્વં તત્કૃષ્ણેન નિરૂપ્યતે ।।૪૨૬।।**

માયાવાદીઓ તો જીવાત્માને બ્રહ્મ માને છે. વૈષ્ણવો; વસુદેવે કહેલું સર્વ પુરુષોત્તમ (બ્રહ્મ) હોવાનું માને છે. વાસ્તવિક રીતે જેવું સર્વ છે તે શ્રીકૃષ્ણે જણાવેલ છે.

માયાવાદીઓ તો જીવ જ બ્રહ્મ છે એમ માને છે. વૈષ્ણવશાસ્ત્ર પંચરાત્રમાં વસુદેવે આ અધ્યાયમાં ભગવાનની સ્તુતિ કરતાં જે કહેલ છે તે વાસ્તવિક મત હોવાનું કહેલ છે, પરન્તુ ભગવાને વસુદેવને આ અધ્યાયમાં ૨૩ મા શ્લોકથી આરંભી જે બોધ કરેલ છે તે જ વાસ્તવિક સિદ્ધાન્ત છે.

**અતિદેશપ્રકારેણ સ્થાપિતં ચાપિ વૈષ્ણવમ્ ।।**
**દૃષ્ટાન્તાર્થં યતઃ સાધુઃ જીવોઽપ્યેતેન સિદ્ધ્યતિ ।।૪૨૭।।**

વળી દૃષ્ટાન્ત માટે વૈષ્ણવ મત (બીજાને) પણ લાગુ પાડી તેનું સ્થાપન કરેલું છે, તેથી આથી જીવ પણ શુદ્ધ હોવાનું સિદ્ધ થાય છે.

વસુદેવે જણાવેલ વૈષ્ણવ મત શ્લો.૨૨ માં કબૂલ રાખી, શ્લો.૨૩ માં તે બીજાઓને લાગુ પાડેલ છે. તેથી વૈષ્ણવ મતનું પણ સ્થાપન કરેલું છે. તેથી જીવ પણ બ્રહ્મ પેઠે શુદ્ધ હોવાનું સિદ્ધ થાય છે.

**એતેન સર્વવેદાનામ્ અર્થો જ્ઞાનાધિકારતઃ ।।**
**પ્રચ્યુતાનામ્ ઈશ્વરત્વ-બલાદેવ નિરૂપિતઃ ।।૪૨૮।।**

આથી જ્ઞાન પ્રાપ્ત કરવાના અધિકારથી ભ્રષ્ટ થયેલાઓને સર્વ વેદોનો અર્થ ઈશ્વરપણાનાં બલથી જ જણાવ્યો.

ઈશ્વર 'કર્તુમ્' એટલે સાધન વિના પણ ફલદાન કરવા, 'અકર્તુમ'-ફલ પ્રાપ્ત કરવાનાં સર્વ સાધનો કરેલાં હોય છતાં પણ ફલ પ્રાપ્ત થવાનું અટકાવવા, અને 'અન્યથાકર્તુમ્'-સાધનથી વિરુદ્ધ કરવા, અથવા જેણે ફલ પ્રાપ્ત ન થાય તેવાં જ કાર્ય કરેલ હોય તેવાને પણ ફલદાન કરવા શક્તિવાળા છે.

વસુદેવ પોતાની સ્તુતિમાં ચોથા શ્લોકથી આરંભી જે રૂપો કહે છે તે બધાં ભગવાને ધારણ કરેલાં છે. ભગવાન્ સર્વનાં કારણ છે, અને સર્વને વશ રાખનારા અને સર્વ શક્તિવાળા છે. વસુદેવે કહ્યું તે સર્વ સ્વીકારી, પોતે વસુદેવના પુત્ર જ હોવાનું જણાવી, ભગવાને એવો બોધ કરેલ છે કે પદાર્થ માત્ર બ્રહ્મ છે અને જુદા-જુદા જણાતા હોવા છતાં એક જ છે. હરકોઈ એક જેને જુદાં-જુદાં રૂપો ધારણ કરવાનું સાધન ન હોય તે જુદા-જુદા રૂપ ધારણ કરી શકે નહિ. વળી જુદા-જુદા રૂપો ધારણ કરવાનાં સાધન હોય અને જુદા-જુદા રૂપો ધારણ કરેલ હોય, તે સર્વ રૂપો એક પણ થઈ ન શકે, તેમજ જે પ્રકારનાં સાધન હોય તેથી વિરુદ્ધ પ્રકારનું પણ થઈ ન શકે. ભગવાને તો એવાં સર્વ કાર્યનો સાક્ષાત્કાર કરાવ્યો અને તેથી શ્લો.૨૬ માં જણાવ્યા પ્રમાણે વસુદેવને ફલ પણ પ્રાપ્ત થયું, તેમની ભેદબુદ્ધિ જતી રહી. એ પ્રમાણે વસુદેવને ભગવાને સર્વ વેદોનો અર્થ પોતાના ઈશ્વરપણાના બલથી જ જણાવી તેમને જ્ઞાન આપ્યું. આથી ભગવાનનો ઐશ્વર્યગુણ શ્રીકૃષ્ણમાં હોવાનું સિદ્ધ થાય છે.

**ગુરુપુત્ર ઈવાત્રાપિ કાલગ્રસ્તા વિમોચિતાઃ ।।**
**ષડેતે ષડ્ગુણત્વાય દેવકીસુતદેહિનઃ ।।૪૨૯।।**
**સમાનત્વનિવૃત્ત્યર્થં સ્નેહસ્તસ્યાસ્તુ વર્ણ્યતે ।।**

ગુરુના પુત્રની પેઠે અહીં પણ કાલે ગળેલાને મુક્ત કરાવેલા છે. આ છ-છ ગુણરૂપ થાય તે માટે તેઓએ દેવકીજીના પુત્રના દેહ ધારણ કરેલા. તેઓ સમાન વયવાળા ન રહે તે માટે દેવકીજીના સ્નેહનું વર્ણન કરેલું છે.

ભગવાન્ મૃત્યુ પામેલા ગુરુપુત્રને લઈ આવેલા તેવી જ રીતે આ છ દેવકીજીના પુત્રોને લઈ આવેલા. તેમને ભગવાન્ લેવા ગયેલા ત્યારે તેઓ સમાન વયવાળા હતા, પરન્તુ જ્યારે કાલે તેમનું ભક્ષણ કરેલું ત્યારે તે દરેકનું જેટલું વય હતું તેટલા વયના તે દરેકને કરીને લઈ આવ્યા. જેથી દેવકીજીને તેમને માટે સ્નેહ થાય. આ દેવકીજીના સ્નેહનું વર્ણન શ્લો.૫૩-૫૪ માં કરેલું છે. કાલે ભક્ષણ કરેલા આ દેવકીજીના પુત્રોને માત્ર પોતાના સ્પર્શથી પોતાનાં દર્શન કરાવી, બીજો અવતાર લેવરાવ્યા વિના જ ભગવાને મુક્ત કર્યા, અને દેવકીજીને સ્નેહ ઉત્પન્ન કરાવે તેવું, તેમનું કાલે ભક્ષણ કર્યું ત્યારે જેવું રૂપ હતું, તેવું જ પ્રાપ્ત કરાવ્યું. એ પ્રમાણે ભગવાને ક્રિયાથી પોતાનું ઐશ્વર્ય જણાવ્યું. આ છ પુત્રો ગુણરૂપ થાય, દેવકીજીના છ શત્રુઓના સમૂહને દૂર કરે તે માટે જ, યોગમાયા તેમણે નિંદ્ય કર્મ કરેલ હોવા છતાં તેમને દેવકીજીનાં ઉદરમાં લઈ ગયેલી (શ્લો.૪૯ શ્રીસુબોધિની સાથે).

**નન્દાદિવદ્ ઈદાનીં હિ દેવક્યપિ પુરા સ્થિતા ।।૪૩૦।।**
**અતઃ સ્નેહદશાયાં હિ સ્તન્યં નિત્યં હરિઃ પપૌ ।।**
**પીતશેષમ્ અતઃ પ્રોક્તં વૈષ્ણવત્વાય મુક્તયે ।।૪૩૧।।**

હાલ નન્દ વગેરેની પેઠે પહેલાં દેવકીજી પણ નિરોધવાળાં જ હતાં. તેથી ભગવાન્ ઉપરના સ્નેહવાળી તેમની સ્થિતિ હોય ત્યારે હરિ સદા તેમના ધાવણનું પાન કરતા. તેથી તેઓ મુક્ત થાય તે માટે વૈષ્ણવ થયેલા એમ જણાવવા ''પાન કરતાં વધેલું'' એમ કહેલું છે.

કુરુક્ષેત્રમાં નન્દ વગેરેને ભગવાનનાં દર્શન થયેલાં ત્યારે તેમનો પૂર્ણ નિરોધ થયેલો, તેવી જ સ્થિતિમાં આ સમયે પણ તેઓ હતા. તેવી જ રીતે દેવકીજીનો પણ (ભગવાન્ ગોકુલમાં તેમની પાસે બાલક તરીકે હતા ત્યારે) પૂરો નિરોધ થયેલો. તેથી વિરહ સમયે પણ જ્યારે-જ્યારે તે ભગવાનને સંભારી તેમના ઉપર સ્નેહ કરતાં, ત્યારે-ત્યારે ભગવાન્ પ્રકટ થઈ તેમના ધાવણનું સદા પાન કરતાં તેથી ''ભગવાન્ ૧૧ વર્ષના થયા પછી; વ્રજમાંથી દેવકીજી હતા ત્યાં, મથુરા પધારેલા હોવાથી, તેમણે દેવકીજીનાં ધાવણનું પાન કરેલ હોવાનું સમ્ભવતું ન જ હોવાથી શ્લો.૫૫માં 'ગદા ધારણ કરનારે પાન કરતાં વધેલું દેવકીજીનું અમૃતમય ધાવણ પીને એમ કહેલું છે તે સમ્ભવતું નથી'' એવી શંકા અસ્થાને છે.

**પ્રાકૃતત્વદશાયાં વા સદ્યઃ પીતં વિનિર્ગમે ।।**
**ઉચ્છિષ્ટભોજિનો માયાં તરુત્યેવ ન સંશયઃ ।।૪૩૨।।**
**એવમૈશ્વર્યચરિતમ્ એકેન વિનિરૂપિતમ્ ।।**

અથવા મથુરાથી ગોકુલ પધારવા નીકળતી વખતે પ્રાકૃત બાલકની અવસ્થામાં ભગવાને ધાવણનું તરત જ પાન કરેલ. ઉચ્છિષ્ટનું ભોજન કરનારાઓ માયાને તરી જાય છે જ તેમાં સંશય નથી. એવી રીતે એક અધ્યાયથી ઐશ્વર્યથી કરેલ ચરિત કહ્યું.

અથવા ભગવાને જ્યારે મથુરાથી ગોકુલ પધારતી વખતે પોતાનું ચાર ભુજાઓવાળું સ્વરૂપ સંકેલી લઈ પ્રાકૃત બાલકનું રૂપ ધારણ કર્યું, તે સમયે તરત જ દેવકીજીનાં ધાવણનું પાન કરેલું. તેથી દેવકીજીનાં કંસે હણેલા છ પુત્રોને ભગવાન્ કાલ પાસેથી લઈ આવ્યા અને દેવકીજીને સ્નેહ ઉત્પન્ન થતાં તેમને ધવરાવ્યા, ત્યારે તેમને ભગવાને પાન કરતાં વધેલાં ધાવણનું પાન પ્રાપ્ત થયું, તેથી શ્લો.૫૫ માં એ પ્રમાણે કહેલું છે. ભગવાનનાં ઉચ્છિષ્ટનું ભોજન કરનાર ભગવાનની માયાને તરી જાય છે તેમાં કાંઈ સંશય નથી. તેથી આ છ ની મુક્તિ થઈ એ પ્રમાણે ભગવાને ઐશ્વર્ય ગુણથી કરેલ ચરિતનું આ અધ્યાયમાં વર્ણન કરેલું છે.

**અધ્યાય ૮૩ :**

**તતો વીર્યકથાં પ્રાહ તથૈવૈકેન સા ત્રિધા ।।૪૩૩।।**
**એતેષાં સંગતિઃ ષણ્ણાં ન પરસ્પરમ્ ઉચ્યતે ।।**
**ગુણત્વાય કથાપક્ષઃ પૂર્વમેવ નિવારિતઃ ।।૪૩૪।।**

તેવી જ રીતે વીર્યની કથા એક અધ્યાયથી કહેલી છે. તે ત્રણ પ્રકારની છે. આ છ ગુણો છે

એમ જણાય તેથી તેઓની પરસ્પર સંગતિ કહેલી નથી. કથામાં સંગતિ હોવાનો મત ખોટો હોવાનું પહેલાં જ જણાવેલું છે.

આ અધ્યાયમાં શ્રીકૃષ્ણનાં વીર્યની કથા કહેલી છે. તે પણ ઐશ્વર્યની કથા પેઠે ત્રણ પ્રકારની છે. આ કથામાં પરસ્પર સંગતિ હોવાનું કહેલ નથી. છ જુદા-જુદા ગુણોની કથા કહેવાની, એટલે તેમાં સંગતિ ન જ હોય. કથામાં પણ સંગતિ નથી એમ પહેલા સ્કન્ધના નિબન્ધના આરંભમાં જ જણાવેલ છે. તેવી રીતે આ ગુણ પ્રકરણમાં પણ ગુણોનું નિરૂપણ કરેલું છે, પરન્તુ સંગતિ ઇચ્છેલી નથી.

**બુદ્ધિવીર્યં ક્રિયાવીર્યં ક્રિયા ચ દ્વિવિધા મતા ।।**
**સિદ્ધમાત્માનમેકં હિ દ્વિરૂપં કુરુતે યતઃ ।।૪૩૫।।**
**અતર્ક્યભાવમ્ આપન્નઃ તથાઽન્યેષાં ચ તાન્ પ્રતિ ।।**

૧. બુદ્ધિનું વીર્ય અને ૨. ક્રિયાનું વીર્ય કહેલા છે. ક્રિયા બે પ્રકારની મનાયેલી છે. કારણ કે એક નિશ્ચિત થયેલા, ચિન્તન થઈ ન શકે તેવી સ્થિતિવાળા (ભગવાન્) પોતાને બે સ્વરૂપવાળા કરે છે તેવી રીતે બીજાઓને પણ તેઓ પ્રતિ તેવા કરે છે.

આ અધ્યાયમાં બુદ્ધિનું વીર્ય અને ક્રિયાનું વીર્ય એવા બે પ્રકારનું ભગવાનનું વીર્ય દર્શાવેલ છે. તેમાં ક્રિયાનું વીર્ય બે પ્રકારનું દર્શાવેલ છે, કારણ કે ભગવાન્ પોતાનાં એક જ સ્વરૂપને બે સ્વરૂપવાળું દર્શાવે છે અને તેવી રીતે કોઈથી ચિન્તન થઈ ન શકે તેવું પોતાનું અલૌકિક વીર્ય દર્શાવેલ છે. વળી દરેક મુનિ પણ એક જ હોવા છતાં તેઓ એટલે મિથિલાના વતનીઓને બ-બે જણાય તેમ ભગવાન્ કરે છે.

**માયાવિવાહે ભગવાન્ બુદ્ધિવીર્યં ચકાર હ ।।૪૩૬।।**
**માયા તુ ત્રિવિદ્યા પ્રોક્તા શક્તિર્વૈ વાસુદેવગા ।।**

અહો ! માયાના વિવાહમાં ભગવાને બુદ્ધિનું વીર્ય કર્યું (દર્શાવેલ) છે. વાસુદેવમાં રહેલી શક્તિ માયા તો ખરેખર ત્રણ પ્રકારની કહેલી છે.

સુભદ્રાના વિવાહમાં ભગવાને બુદ્ધિનું વીર્ય દર્શાવેલ છે. સુભદ્રા માયા હતી. ભગવાનની માયા નીચે જણાવેલ ત્રણ પ્રકારની છે.

**અધિભૂતા સમસ્તાનાં મોહિકૈવ સ્થિતા ભુવિ ।।૪૩૭।।**
**માયાવતી તુ કામસ્ય દ્વિતીયા વિનિરૂપિતા ।।**
**દૈવિકી ત્વિયમાખ્યાતા પતિસ્તસ્યાઃ સ્વય હરિઃ ।।૪૩૮।।**

૧. ભૂતલ ઉપર રહેલી આધિભૌતિક માયા સર્વને મોહ કરનારી જ છે. ૨. બીજી આધ્યાત્મિક માયા તો કામની પત્ની માયાવતી કહેલી છે. ૩. આ સુભદ્રા તો આધિદૈવિક માયા કહેલી છે. ભગવાન્ પોતે તેના પતિ છે.

આધિદૈવિક માયાનો પતિ ભગવાન્ સિવાય બીજો કોઈ હોઈ ન શકે. સુભદ્રા જ આધિદૈવિક માયા હતી.

**ઈશ્વરત્વાત્તુ દાસી સા કન્યૈવ ભવિતું ક્ષમા ।।**
**સા પુનર્દેવકીમોહાત્ તસ્યાં જાતા નિજેચ્છયા ।।૪૩૯।।**

ભગવાન્ તેના નાથ હોવાથી તે તેમની દાસી કન્યા રહેવા જ યોગ્ય હતી, છતાં ભગવાનની ઈચ્છાથી દેવકીના મોહને લીધે તે તેમનાથી જન્મી.

ભગવાનની ઈચ્છાથી માયા સુભદ્રા તરીકે દેવકીથી જન્મી (જુઓ ૯।૨૪।૫૫ અને ૧૦।૪।૪ થી ૭). કારણ કે દેવકીને કન્યા પ્રાપ્તિનો મોહ થયેલો.

**તસ્યા ભોક્તા ન વૈ જીવો ભગવાન્ પુરુષોત્તમઃ ।।**
**સમ્બન્ધાન્નૈવ ભોક્તા સ્યાત્ લોકદોષાન્ન કન્યકા ।।૪૪૦।।**
**સર્વદા સ્થાતુમુચિતા વેદસ્તસ્યા ન યુજ્યતે ।।**

જીવ ખરેખર તેનો ભોગ કરનાર ન જ હોય. સમ્બન્ધને લીધે ભગવાન્ પુરુષોત્તમ તેનો ભોગ કરનાર ન જ થાય. લોકનો દોષ થવાને લીધે તે સદા કન્યા રહેવા યોગ્ય ન હતી. વેદ તેને અનુકૂલ ન હતો.

આ આધિદૈવિક માયાના પતિ ભગવાન્ હોવાથી, કોઈ જીવ તેનો ભોગ કરી ન જ શકે. ભગવાન્ તેના ભાઈ થતા હોવાથી, ભગવાન્ પણ તેનો ભોગ કરી ન જ શકે. તે સદા કન્યા(કુંવારી) જ રહે તો લોકમાં તે દોષરૂપ થાય, તેથી તે સદા કુંવારી લોકમાં રહી શકે નહિ. વેદસ્તુતિમાં વેદે ‘જહ્યજામ્’ ‘‘માયાને હણો’’ ૧૦।૮૪।૧૪, એવી ભગવાનને પ્રાર્થના કરેલી હોવાથી વેદ પણ તેને અનુકૂલ ન હતો.

**અતો વિવાહઃ કઠિનો લોકોઽપ્યત્ર ન દુષ્યતિ ।।૪૪૧।।**
**અત આવેશિનં કૃષ્ણં નરં પ્રવ્રાજીનં તથા ।।**
**વેષાત્ પાષણ્ડિનં કૃત્વા ચૌર્યેણૈતાં દદૌ હરિઃ ।।૪૪૨।।**

તેથી સુભદ્રાનો વિવાહ થવો કઠણ હતો. આ વિષયમાં લોકનો પણ દોષ ન લાગે તે માટે

શ્રીકૃષ્ણના આવેશવાળા તેમ જ ભટકતા અર્જુનને (સુયાસીના)વેશથી પાખંડી કરીને ભગવાને આને છૂપી રીતે આપી.

તેથી સુભદ્રાનો વિવાહ થવો કઠણ હતો. લોકનો દોષ ન લાગે તે માટે ભગવાને પોતાના આવેશવાળા અર્જુનને પાખંડી બનાવી સંન્યાસીનો વેશ ધારણ કરાવી સુભદ્રા તેને છૂપી રીતે આપી.

**બલસ્તુ મૂલવાર્તાં હિ ગૃહે ગુપ્તાંશસંયુતઃ ।।**
**ન જાનાતિ તતઃ ક્રુદ્ધઃ કૃષ્ણેન ચ નિવારિતઃ ।।૪૪૩।।**

* ‘ગુપ્તામસંયુતઃ’ પાઠ હોવો જોઈએ — યોજના). જે પાઠ હોવાનું જણાવે છે તે બરાબર લાગે છે, તેથી તે પ્રમાણે અર્થ કરેલ છે.)

શ્રીકૃષ્ણ સાથે ન ભળેલા બલભદ્ર તો ઘરમાં છૂપી રાખેલ મૂલ માયાની વાર્તા જાણતા ન હતા. તેથી તેમને ક્રોધ થયો. અને શ્રીકૃષ્ણે તેમને અર્જુનનો વધ કરતાં અટકાવ્યા.

શ્રીકૃષ્ણ સાથે ભળેલા ન હોવાથી બલભદ્ર જાણતા ન હતા કે સુભદ્રા આધિદૈવિક માયા છે, અને તેને ઘરમાં છૂપી રાખેલી છે. તેથી અર્જુને તેનું હરણ કરતાં તેમને ક્રોધ થયો, અને તે અર્જુનનો વધ કરવા તૈયાર થયા (શ્લો.૧૧ ઉપરનાં સુબોધિની). શ્રીકૃષ્ણે તેમને સમજાવી તેમ કરતાં અટકાવ્યા.

**એતદ્બુદ્ધિબલં પ્રોક્તં યેન લોકેઽપિ સમ્મતિઃ ।।**

આ બુદ્ધિનું બલ કહેલું છે, જેને લીધે લોકની પણ વિવાહમાં સમ્મતિ થઈ.

ભગવાને એવી રીતે સુભદ્રાનો વિવાહ કરવામાં પોતાની બુદ્ધિનું બલ દર્શાવ્યું તેને લીધે લોકમાં પણ આ વિવાહ યોગ્ય જ મનાયો.

**જનકઃ શ્રુતદેવશ્ચ ભગવદ્વીર્યબોધકૌ ।।૪૪૪।।**
**પ્રાર્થનાં ચક્તુરતો દ્વિરૂપોઽભૂત્ તદિચ્છયા ।।**

ભગવાનનું વીર્ય જણાવનાર જનક અને શ્રુતદેવ છે. તેઓએ પોતાના ઘેર પધારવા ભગવાનને પ્રાર્થના કરી, તેથી ઈચ્છાથી ભગવાન્ બે રૂપવાળા થયા.

ભગવાનનું ક્રિયાનું વીર્ય જણાવનાર જનક અને શ્રુતદેવ છે. તે બન્નેએ ભગવાનને પોતાને ઘેર પધારવાની પ્રાર્થના કરી (શ્લો.૨૫), તેથી ભગવાને તેઓની તેવી ઈચ્છા પૂર્ણ કરવા તેઓ ન જાણે તેમ પોતાનાં બે સ્વરૂપો કર્યા અને તે બન્ને ઘેર એકજ સમયે પધાર્યા(શ્લો.૨૬ સુબો.)

**મુનીનાં ચ દ્વિરૂપત્વં તેષાં સ્મૃત્યા ચ સમ્મતમ્ ।।૪૪૫।।**
**ન ચ તે દ્વિવિધા જાતા નાપિ કૃષ્ણસ્તથાऽભવત્ ।।**
**કિન્તુ કૃષ્ણેચ્છયા જાતાઃ તેષાં ચાપ્યત્ર વિસ્મયઃ ।।૪૪૬।।**
**અતઃ ક્રિયાબલં પ્રોક્તં યથા સ્વપ્ને તથાऽભવત્ ।।**

અને મુનિઓના પણ તેઓની બુદ્ધિથી જાણેલાં બે રૂપ થયા. છતાં તેઓ બે પ્રકારના (બે સ્વરૂપવાળા) થયા ન હતા, તેમજ શ્રીકૃષ્ણ પણ તેવા થયા ન હતા. પરન્તુ શ્રીકૃષ્ણની ઈચ્છાથી તેવા થયા. આ વિષયમાં તેઓને પણ વિસ્મય થયો. તેથી આને ક્રિયાનું વીર્ય કહેલું છે. જેમ સ્વપ્નમાં થાય તેવું થયું.

જનક અને શ્રુતદેવ બન્નેને ઘેર ભગવાન્ ઋષિઓ સાથે જવા નીકળ્યા. જે સ્થળે તે બેને ઘેર જવાના રસ્તા જુદા પડે ત્યાં ભગવાન્ તથા ઋષિઓ ના બે સમૂહો થયા, એક સમૂહ રાજાને ઘેર પધાર્યો, તેમાં ભગવાન્ પોતે હતા અને મુનિરૂપ પણ ભગવાન્ જ થયેલા. બીજો સમૂહ શ્રુતદેવને ત્યાં પધાર્યો તેમાં ભગવાન્ પોતે હતા અને ભગવાન્ સાથે નીકળેલા મુનિઓ હતા. આવા બે સમૂહ ત્યાંથી થયા. આ પરન્તુ જનકના, શ્રુતદેવના અથવા મુનિઓના પણ જાણવામાં આવ્યું નહિ. છતાં જનક અને શ્રુતદેવ બન્નેને ઘેર અમે ગયેલા અને બન્નેને ઘેર શું થયેલ તે મુનિઓની બુદ્ધિમાં આવેલું. આથી મુનિઓને પણ આશ્ચર્ય થયું. તેથી ભગવાન્ અથવા મુનિઓ કોઈના બે જુદાં-જુદાં સ્વરૂપો થયેલા નહિ પરન્તુ જે સ્વરૂપથી ભગવાન્ રાજાને ઘેર પધારેલ તે જ સ્વરૂપથી તે જ સમયે તે શ્રુતદેવને ઘેર પણ પધાર્યા. વળી મુનિઓના સ્વરૂપથી ભગવાન્ રાજાને ઘેર પધારેલા અને મુનિઓ ભગવાન્ સાથે તે જ સમયે શ્રુતદેવને ઘેર પધારેલા (શ્લો.૨૬ સુબોધિની). એવી રીતે ભગવાનની ક્રિયાનું વીર્ય અહીં કહેલું છે. જેવું સ્વપ્નમાં જોવામાં આવે તેવો અહીં સત્ય વૃત્તાન્ત થયો.

**એકત્રાવસ્થિતઃ કાલમ્ અન્યત્રૈકં દિનં તથા ।।૪૪૭।।**
**અગ્રે કાલદ્વયં તુલ્યં તેન સર્વસ્ય વિસ્મયઃ ।।**

જેમ બીજા સ્થળે એક દિવસ રહ્યા તેમ પહેલા સ્થળે કેટલોક સમય રહ્યા. પછી (તે) બે સમય સરખા થયા, તેથી સર્વને વિસ્મય થયો.

ભગવાન્ વિદેહને ઘેર કેટલાક દિવસો સુધી રહ્યા (શ્લો.૩૬-૩૭) અને શ્રુતદેવને ઘેર એક દિવસ જ રહ્યા (શ્લો.૩૮-૫૯). છતાં ભગવાન્ ત્યાંથી દ્વારકા પાછા પધારતાં આ બન્ને સમય એક સરખા થયા (શ્લો.૫૯). એક દિવસ શ્રુતદેવને ત્યાં રહ્યા, તેટલા જ સમયમાં વિદેહને ત્યાં ઘણા દિવસો થઈ ગયા, તેથી સર્વને વિસ્મય થયો.

**એતદર્થં તુ મુનયઃ સહ નીતાઃ સ્વપૌરુષમ્ ।।૪૪૮।।**
**પ્રદર્શિતા યતઃ સર્વે તદ્વાક્યાદ્ વીર્યવેદિનઃ ।।**

આ પ્રયોજનથી તો મુનિઓને ભગવાને પોતાની સાથે લીધેલા અને પોતાનું પુરુષાતન દર્શાવેલું, કારણકે તેમનાં વચનોથી સર્વ ભગવાનનું વીર્ય જાણે.

પોતાનું વીર્ય લોકોને મુનિઓ જણાવે તે માટે જ ભગવાને તેઓને પોતાની સાથે લીધેલા અને પોતાનું વીર્ય જણાવેલું.

**અધ્યાય ૮૪ :**

**શ્રુતિગીતા યશઃ પ્રાહ સર્વસન્દેહવારિકા ।।૪૪૯।।**

સર્વ સન્દેહોનું નિવારણ કરનારી શ્રુતિગીતાએ ભગવાનનો યશ કહેલો (ગાયેલો છે).

શ્રુતિગીતા ભગવાનના સમ્બન્ધમાં સર્વસન્દેહોનું નિવારણ કરે છે અને ભગવાનના યશનું ગાન કરે છે.

**લૌકિકં ચેદ્ યુક્તિસિદ્ધં કર્તૃત્વાદિ ભવેદ્ હરેઃ ।।**
**અલૌકિકસ્ય કરણાદ્ યશો જાતમ્ અલૌકિકમ્ ।।૪૫૦।।**

હરિનું કર્તાપણું વગેરે જો લૌકિક હોત તો તર્કથી સિદ્ધ થયેલા હોત. હરિએ અલૌકિક કાર્ય કરેલ હોવાથી તેમનો અલૌકિક યશ થયો છે.

હરિના કર્તાપણું વગેરે ગુણો જો લૌકિક હોત, તો તે યુક્તિ(તર્ક)થી સિદ્ધ થાત, પરન્તુ તે લૌકિક નથી ભગવાને અલૌકિક કાર્યો કરેલાં છે, અને તેથી તેમનો યશ પણ અલૌકિક થયેલો છે.

**અષ્ટાવિંશતિતત્ત્વાનિ યથા રૂપે હરીચ્છયા ।।**
**તથૈવ નામ્નિ યશસિ તાવત્યઃ શ્રુતયો મતાઃ ।૪૫૧।।**
**તસ્માત્ સન્દેહ નિર્ધારો મનસશ્ચ નિવેશનમ્ ।।**
**નિર્ગુણે ભગવદ્રૂપે વેદૈરેવેતિ નિશ્ચયઃ ।।૪૫૨।।**

જેમ હરિની ઈચ્છાથી તેમના સ્વરૂપમાં અઠ્ઠાવીસ તત્ત્વો છે, તેમજ નામમાં હોવાથી યશ જણાવનારી તેટલી શ્રુતિઓ મનાયેલી છે, તેથી ભગવાનનાં નિર્ગુણ સ્વરૂપમાં સન્દેહ થાય તેનો નિર્ણય અને તે સ્વરૂપમાં મનને સ્થિર કરવાનું વેદોથી જ થાય છે, એવો નિશ્ચય છે.

ભગવાન્ પોતાના જુદાં-જુદાં રૂપો કરે છે અને અઠ્ઠાવીસ તત્ત્વરૂપ થાય છે, તેમ ભગવાનનાં નામના સમ્બન્ધમાં પણ હોવાથી અઠ્ઠાવીસ શ્રુતિઓ ભગવાનનાં નામ એટલે યશનું ગાન કરે છે. આ ગાન આ અધ્યાયના ૧૪-૪૧ સુધીના શ્લોકોથી કહેલું છે. આ અધ્યાયના પહેલા શ્લોકમાં એવો સન્દેહ જણાવેલ છે કે "નિર્દેશ થઈ ન શકે તેવા ગુણરહિત બ્રહ્મને ગુણ જ દર્શાવનાર

શબ્દ(વેદ) કેવી રીતે જણાવી શકે ?'' આ સન્દેહનું નિવારણ આ શ્રુતિગીતા (શ્લો.૧૪-૪૧) થી જ થાય છે. ગુણરહિત ભગવાનના સ્વરૂપમાં પણ મન સ્થિર કરી શકાય છે, એવો નિર્ણય વેદે જ કરેલો છે.

**અધ્યાય ૮૫ :**

**શ્રીશક્તેરગ્રિમાધ્યાયઃ તત્રૈવં નિર્ણયઃ કૃતઃ ।।**
**હરિરેવ સ્વયં ભુંક્તે શ્રિયં નાન્યસ્તુ કશ્ચનઃ ।।૪૫૩।।**

આગળનો અધ્યાય શ્રીશક્તિનો છે, તેમાં એવો નિર્ણય કરેલો છે કે હરિ પોતે જ શ્રીનો ભોગ કરે છે, બીજો કોઈ શ્રીનો ભોગ કરતો નથી.

ચોરાશીની આગળનો એટલે પંચાશીમો અધ્યાય શ્રી (લક્ષ્મી, શોભા) ગુણ જણાવનારો છે. તેમાં એવો નિર્ણય કરેલો છે કે શ્રીકૃષ્ણ જ પોતે શ્રીનો ભોગ કરનારા છે, બીજો કોઈ શ્રીનો ભોગ કરનાર નથી(શ્લો.૩-૫).

**યસ્તુ મોહાત્ ક્વચિદ્ ભુંક્તે તં દુઃખે પાતયત્યજઃ ।।**
**ભક્તસ્ય તન્ન યુક્તં હિ તસ્માત્ તાં વિનિવારયેત્ ।।૪૫૪।।**

જે મોહને લીધે કોઈવાર ભોગ કરે છે તેને જન્મરહિત (ભગવાન્) દુઃખમાં નાખે છે, કારણ કે ભક્તને તે લક્ષ્મીનો ભોગ યોગ્ય નથી તેથી ભક્તે તેમાં ચિત્ત રાખવું નહિ.

ભગવાન્ જેના ઉપર કૃપા કરે, તેને લક્ષ્મીનો ભોગ કરતાં અટકાવે છે. તે લક્ષ્મીનો ભોગ કરતાં અટકે ત્યારે તેનું ચિત્ત ભગવાન્માં પરોવાય છે (શ્લો.૮-૯) તેથી ભક્તે ભોગમાં ચિત્ત ન રાખવું.

**અન્યે દેવાઃ શ્રિયં દત્વા તથાઽન્યાનપિ વૈ વરાન્ ।।**
**સ્વયં સંકટમાયાન્તિ તસ્માત્ શ્રીર્નૈવ યુજ્યતે ।।૪૫૫।।**
**શાકુનેયકથા પ્રોક્તા તદર્થં હરસંકટે ।।**

બીજા દેવો લક્ષ્મી તથા બીજા પણ વરદાનો કરીને ખરેખર પોતે સંકટમાં આવી પડે છે. તેથી બીજાની આપેલી લક્ષ્મી લેવી પણ યોગ્ય નથી જ તે જણાવવા માટે શંકરને સંકટ થયાના સમ્બન્ધમાં શકુનિના પુત્રની કથા કહેલી છે.

બ્રહ્મા, શંકર વગેરે બીજા દેવો વરદાન કરી પોતે જ સંકટમાં આવી પડે છે. તેથી ભગવાનના ભક્તે બીજા દેવો પાસેથી પણ લક્ષ્મી પ્રાપ્ત કરવી નહિ અને તેનો ભોગ કરવો નહિ. આ દર્શાવવા શકુનિના પુત્ર વૃકાસુરે શંકર પાસેથી વરદાન પ્રાપ્ત કરી તેમને સંકટમાં નાખ્યા, તે કથા અહીં કહેલી છે (શ્લો.૧૩-૪૦).

**તતઃ પરં તુ જ્ઞાનસ્ય નિર્ણયો હરિમેધસઃ ।।૪૫૬।।**
**ક્ષમા તસ્યોત્તમં લિંગં કૃષ્ણ એવ પ્રતિષ્ઠિતા ।।**
**તસ્યા નિર્ણયસિદ્ધ્યર્થં ભૃગૂપાખ્યાનમુચ્યતે ।।૪૫૭।।**

ત્યાર પછી તો હરિમાં જેને લીધે બુદ્ધિ સ્થિર થાય તેવાં જ્ઞાન સમ્બન્ધી નિર્ણય કરેલો છે. તેનું ઉત્તમ ચિન્હ ક્ષમા છે. ક્ષમા શ્રીકૃષ્ણમાં જ રહેલી છે. તે (શ્રીકૃષ્ણમાં જ ક્ષમા રહેલી હોવા) નો નિર્ણય થાય તે માટે ભૃગુનું ઉપાખ્યાન કહેલું છે.

ત્યાર પછીના આ છાશીમા અધ્યાયમાં ભગવાનના જ્ઞાન ગુણનો નિર્ણય કરેલો છે. જ્ઞાનનું ઉત્તમ ચિન્હ ક્ષમા છે. જ્ઞાન હોય તે જ ક્ષમા કરી શકે. ક્ષમા શ્રીકૃષ્ણમાં જ રહેલી છે એમ જણાવવા ભૃગુનું ઉપાખ્યાન આ અધ્યાયના આરંભના ૨૧ શ્લોકોથી કહેલું છે.

**તથા બ્રાહ્મણવાર્તાઽપિ સર્વયાદવસન્નિધૌ ।।**
**ક્ષમા કૃષ્ણે પરા પ્રોક્તા સમર્થે જ્ઞાનસમ્ભવે ।।૪૫૮।।**

સર્વ યાદવોની સમક્ષ બ્રાહ્મણની વાર્તા પણ તેવી કહેલી છે. શક્તિવાળા અને જ્ઞાન જેમનામાં રહેલું છે તેવા શ્રીકૃષ્ણમાં જ સર્વથી અધિક સમ્પૂર્ણ ક્ષમા હોવાનું કહેલું છે.

બ્રાહ્મણ સર્વ યાદવો સમક્ષ સભામાં ભગવાનની નિન્દા કરે છે અને અર્જુન પણ તેમને ‘રાજન્યબન્ધુ’ ‘અસુંભર’ વગેરે કહે છે. છતાં ભગવાન્ જરા પણ ક્રોધ ન કરતાં શાંત જ રહે છે. બ્રાહ્મણના પુત્રો ક્યાં ગયા હતા, કોણ તેઓને લઈ ગયું હતું તે સર્વ ભગવાન્ જાણતા હતા અને તેઓને પાછા લઈ આવવાની શક્તિ પણ તેમનામાં હતી, છતાં એવાં નિંદાનાં વચનો સાંભળવા છતાં તે ક્ષમા કરી શાંત જ રહ્યા. ક્ષમા જ્ઞાનનું ઉત્તમ ચિહ્ન હોવાથી એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ શ્રીકૃષ્ણમાં જ સમ્પૂર્ણ જ્ઞાન છે.

**ઉપદેશેઽપિ નાન્યસ્ય જ્ઞાનમસ્તીતિ બોધિતમ્ ।।**
**અર્જુનસ્ય કથા પ્રોક્તા સર્વગીતાર્થવેદિનઃ ।।૪૫૯।।**

જ્ઞાનનો ઉપદેશ કરવામાં આવેલ હોવા છતાં બીજામાં જ્ઞાન હોતું નથી એમ જણાવેલ છે. તે માટે સર્વ ગીતાનો અર્થ જાણનાર અર્જુનની કથા કહેલી છે.

જ્ઞાન ભગવાન્માં જ છે. બીજાને ઉપદેશ કરવા છતાં જ્ઞાન થતું નથી એમ જણાવવા આ બ્રાહ્મણની કથામાં અર્જુનની કથા કહેલી છે. ભગવાને અર્જુનને ગીતા કહી જ્ઞાનનો ઉપદેશ કરેલો અને આખી ગીતાનો અર્થ તે જાણતા)તો, છતાં તેણે યાદવ માત્રને ‘રાજન્યબંધુ’ ‘અસુમ્ભર’ કહ્યા. વળી આ બ્રાહ્મણના પુત્રો કેમ મરણ પામ્યા હતા, ક્યાં ગયા હતા વગેરેનું તેને પણ જ્ઞાન ન હતું. તેથી જ્ઞાન માત્ર ભગવાનનો જ ગુણ હોવાનું સિદ્ધ થાય છે.

**અધ્યાય ૮૭ :**

**અતઃ પરન્તુ વૈરાગ્યં કથાઽધ્યાયે નિરૂપ્યતે ।।**
**તેનૈવ પૂર્ણતાં યાતિ નિરોધઃ સકલોઽપિ હિ ।।૪૬૦।।**

હવે પછી તો કથાના અધ્યાયમાં વૈરાગ્ય જણાવેલ છે, કારણ કે તેનાથી બધાંએ નિરોધ સમ્પૂર્ણ થાય છે.

વૈરાગ્યથી જ નિરોધ પૂર્ણ થાય છે, કારણ કે સંસારમાં વૈરાગ્ય થાય ત્યારે જ ભગવાન્‌માં ચિત્ત આસક્ત થાય છે. તેથી આ સ્કન્ધના અન્તે 'વૈરાગ્ય' ગુણની કથા કહેલી છે. ભગવાનના વૈરાગ્ય ગુણનું આ અધ્યાયમાં નિરૂપણ કરેલું છે.

**કૃષ્ણો વિરક્તઃ કિં વાચ્યઃ તત્સમ્બન્ધાત્ સ્ત્રિયોઽપિ હિ ।।**
**કામૈકરસપૂર્ણાશ્ચ વિરક્તાઃ સર્વથા મતાઃ ।।૪૬૧।।**

શ્રીકૃષ્ણ વૈરાગ્યવાળા હોવામાં કહેવાનું જ શું ? કારણ કે તેમના સમ્બન્ધને લીધે માત્ર કામરસથી ભરપૂર સ્ત્રીઓ પણ સમ્પૂર્ણ રીતે વૈરાગ્યવાળી થઈ.

શ્રીકૃષ્ણના સમ્બન્ધથી તેમની પટરાણીઓ તથા મહારાણીઓ પણ સમ્પૂર્ણ રીતે સંસારમાં વૈરાગ્યવાળી થઈ, તો પછી શ્રીકૃષ્ણ વૈરાગ્યવાળા હોવામાં કહેવાનું જ શું ?

**એતાવદ્ અર્થનિર્ધારે કથા યાવત્ય ઈરિતાઃ ।।**
**તાસાં ચાત્રોપસંહારઃ ક્રીડયા વિનિરૂપ્યતે ।।૪૬૨।।**

આટલા અર્થનો નિર્ણય કરવા જેટલી કથાઓ કહેલી છે તેમનો અહીં ક્રીડાથી ઉપસંહાર (કર્યાનું) કહેલ છે.

આ અધ્યાયના પહેલા બાર શ્લોકોમાં ભગવાનની ક્રીડાનું વર્ણન કરેલું છે. અહીં વૈરાગ્ય દર્શાવવાનો હોવાથી ક્રીડા કહેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે ભગવાન્ ભક્તોનો નિરોધ કરે છે એમ જણાવવા જેટલી કથાઓ કહેલી છે તે સર્વનો ઉપસંહાર આ ક્રીડાથી કરેલ છે.

**એવં સર્વાન્ સમુદ્ધૃત્ય ક્રીડત્યસ્માકમીશ્વરઃ।।**
**ક્રીડાયાં પ્રાપ્તસંસારઃ સ્ત્રીણામપિ નિવાર્યતે ।।૪૬૩।।**

એ પ્રમાણે સર્વનો ઉત્તમ પ્રકારે ઉદ્ધાર કરીને આપણા ઈશ્વર ક્રીડા કરે છે. ક્રીડામાં સ્ત્રીઓને પણ પ્રાપ્ત થયેલ સંસારને દૂર કરે છે.

એ પ્રમાણે ક્રીડા કરીને ભગવાન્ ભક્તોનો ઉદ્ધાર કરે છે. તેમનાં મનને સંસારમાંથી હઠાવી

પોતાની અન્દર આસક્ત કરાવે છે, અને ક્રીડાથી સ્ત્રીઓને પ્રાપ્ત થયેલ સંસારને પણ દૂર કરી તેમનો પણ ઉદ્ધાર કરે છે.

**કુર્યાદિદશાર્થાસ્તુ નિર્ગુણેન યુતા ગુણાઃ ।।**
**મહિષીહૃદયાપન્નાઃ સન્દેહં વારયન્તિ હિ ।।૪૬૪।।**

ટિટોડી વગેરે દશ પદાર્થો તો નિર્ગુણનો સમ્બન્ધ થતાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે, અને મહારાણીઓનાં હૃદયને પ્રાપ્ત કરી સન્દેહને દૂર કરે છે.

ટિટોડી, ચક્રવાક, સમુદ્ર, ચન્દ્રમા, મલયનો વાયુ, મેઘ, કોયલ, રમણ કરવાનો પર્વત, નદીઓ અને હંસ એ દશ પદાર્થોને નિર્ગુણ ભગવાનનો સમ્બન્ધ થતાં તે બધા શ્રેષ્ઠતા પ્રાપ્ત કરે છે, અને મહારાણીઓનાં હૃદયને પ્રાપ્ત કરી તેમાં જે વિચારો ઉત્પન્ન કરે છે (જુઓ શ્લો. ૧૫-૨૪), તેથી મહારાણીઓમાં જરા પણ સંસારનો અંશ ન હોવાનું સિદ્ધ થાય છે, અને તેમને સંસારનો સમ્બન્ધ હોવાનો સંશય દૂર થાય છે.

**મનસા તુ તિરોધાનાદ્ વિહ્વલાસ્તા નિરૂપિતાઃ ।।**
**તેન કૃષ્ણાર્થતા પ્રોક્તા તાસાં સર્વક્રિયાસુ હિ ।।૪૬૫।।**

ભગવાન્ મનથી તિરોહિત થયેલા હોવાથી તો તેઓ વિહ્વળ હોવાનું કહેલ છે. તેથી તેઓની સર્વ ક્રિયાઓ શ્રીકૃષ્ણમાટે હોવાનું કહેલું છે.

ભગવાન્ મનથી તિરોહિત થયેલા હોવાથી મહારાણીઓ વિહ્વળ થયાનું કહેલું છે. સમ્ભોગનું ઘણું જ સુખ આપનાર ભગવાન્ મહારાણીઓ પાસે જ હોવા છતાં, મહારાણીઓ અ.૧૫-૨૪ સુધીના શ્લોકોમાં તેમના સંગની લાલસા જ જણાવે છે, તેથી એમ જણાય છે કે તેમની ભગવાન્માં દૃઢ આસક્તિ છે અને તેઓ સર્વ ક્રિયાઓ ભગવાન્માટે જ કરે છે.

**સ્કન્ધાર્થસ્તુ નિરોધો હિ તતસ્તેનોપસંહૃતિઃ ।।**
**અગ્રેઽપિ યે ભવિષ્યન્તિ કીર્તનાત્ તેઽપિ તાદૃશાઃ ।।૪૬૬।।**

સ્કન્ધનો અર્થ નિરોધ છે, તેથી તેનાથી ઉપસંહાર કરેલો છે. ભવિષ્યમાં પણ જે થશે, તેઓ પણ આના કીર્તનથી તેવા થશે.

આ સ્કન્ધનો અર્થ નિરોધ હોવાથી, મહારાણીઓ પોતાની સર્વ ક્રિયાઓ ભગવાન્ માટે જ કરતા એમ જણાવી, તેમના સમ્પૂર્ણ નિરોધનું નિરૂપણ કરી આ સ્કન્ધનો ઉપસંહાર કરેલો છે. આ સ્કન્ધમાં વર્ણવેલી કથાનું કીર્તન કરવાથી ભવિષ્યમાં થનારા જીવોનો પણ ભગવાન્માં નિરોધ થાય એવા પ્રયોજનથી આ કથા કહેલી છે.

**પ્રકરણમિહ પૂર્યતેઽનવદ્યં ત્રયમપિ વિશ્વજયાય માદશાનામ્ ।।**
**નિજપદસમવાપ્તયે ચ નિત્યં નિજગુરુણા હરિણૈવ લોકવન્દ્યમ્ ।।૪૬૭।।**

મારા જેવા વિશ્વનો જય કરે તે માટે, અને લોકોએ વન્દન કરવા યોગ્ય પોતાનું નિત્ય સ્થાન પ્રાપ્ત કરે તે માટે, પોતાના ગુરુ હરિએ જ અહીં આ પવિત્ર ત્રણે પ્રકરણ પૂર્ણ કરેલ છે.

જીવો વિશ્વની માયા હઠાવે અને ભગવાનના પરમધામને પ્રાપ્ત કરે તે માટે જ ભગવાને આ પ્રકરણ અને આ પહેલાંના ત્રણે (તામસ, રાજસ અને સાત્ત્વિક) પ્રકરણો અહીં પૂર્ણ કરેલાં છે.

આપણા માર્ગમાં ભગવત્સેવા ઘરમાં રહ્યા સિવાય સમ્ભવ નથી.
ઘરમાં રહીને કરાતી સેવાના પ્રકાર સિવાય
ભગવત્સેવાનો બીજો કોઈ **(જાહેરમન્દિર-હવેલીમાં)**
સેવા કરવાનો પ્રકાર માર્ગમાં નથી. તેથી ભગવત્સેવા કરવામાટે
અનુકુળ હોય તેવા ઘરમાં રહીને શ્રીકૃષ્ણની સેવા કરવી
**(ભક્તિવર્ધિની ટીકા, શ્રીગોકુલનાથજી)**

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીનો અનુગામી થઈને શ્રીમહાપ્રભુજીની જ આજ્ઞાથી વિપરીત જઈ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર ગુરુદ્રોહી શિષ્ય, તેમાટે આજ્ઞા આપનાર ગોસ્વામી ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર આ ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(!) શ્રીવલ્લભના દ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

# સ્કન્ધ અગિયારમો : મુક્તિ

**સંગતિ :**

દશમા સ્કન્ધમાં સત્યાશી અધ્યાયોથી નિરોધનું નિરૂપણ કર્યું. તામસ, રાજસ અને સાત્ત્વિક એવા ત્રણે પ્રકારના ભક્તોનો આધિભૌતિક, આધ્યાત્મિક તથા આધિદૈવિક એવા ત્રણ પ્રકારનો નિરોધ જણાવવા એ અધ્યાયો કહેલા છે, કારણ કે એવો નિરોધ થાય ત્યારે તેઓની સ્વરૂપમાં સ્થિતિ અથવા મુક્તિ થાય, પરન્તુ તેથી હલકા પ્રકારના નિરોધથી મુક્તિ થાય નહિ. તેથી નિરોધ એ કારણ અને મુક્તિ તેનું કાર્ય છે. તેથી દશમા અને અગિયારમા સ્કન્ધો અનુક્રમે કારણ અને કાર્ય છે. તેઓનો તેવો સમ્બન્ધ જણાવવાથી આ સ્કન્ધોની સંગતિ થાય છે [૧]

**લક્ષણ :**

હવે અગિયારમા સ્કન્ધમાં એકત્રીસ અધ્યાયોથી સ્પષ્ટ રીતે મુક્તિનું નિરૂપણ કરવામાં આવે છે. મુક્તિની વ્યાખ્યા ૨।૧૦।૬ માં એવી આપેલી છે કે ''મુક્તિર્હિત્વાઽન્યથારૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ'' અન્યથારૂપ(ધારણ કરેલાં જુદાં સ્વરૂપ)નો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં સ્થિર થવું તે 'મુક્તિ'.

મુક્તિનું એકત્રીસ અધ્યાયોથી નિરૂપણ કરવાનું કારણ ૨।૧૦।૬ ઉપરનાં શ્રીસુબોધિનીમાં એવું કહેલ છે કે ''જુદું રૂપ એટલે તત્ત્વોનું સ્વરૂપ; તેનો ત્યાગ તે મુક્તિ. સ્વરૂપ એક છે. સામાન્ય અને વિશેષ એવી બે પ્રકારની અવસ્થાઓ છે અને તે બન્નેને (મુક્તિનાં) લક્ષણનો સમ્બન્ધ છે. તેમાં પણ પહેલાં તત્ત્વોનો ત્યાગ કરવાનો છે. તત્ત્વો અઠ્ઠાવીસ છે. એવી રીતે (૧ સ્વરૂપ, ૨-૩ બે અવસ્થા, ૪-૩૧ અઠ્ઠાવીસ તત્ત્વો) એકત્રીસ ભેદો થાય છે''.

જીવની મુક્તિ અને ઈશ્વરની મુક્તિ એવા ભેદથી મુક્તિ પણ બે પ્રકારની છે. જીવની મુક્તિ પણ બે પ્રકારની છે :

૧-અ. બ્રહ્મભાવ
૧-આ. સાયુજ્ય.

ઈશ્વરની મુક્તિ પણ બે પ્રકારની છે :

૨-અ. પોતે જે વેષ(નાટ્ય) ભજવતા હોય તેના ત્યાગરૂપ
૨-આ. પોતાની ઈચ્છાથી અથવા (નિત્ય મુક્ત સ્વભાવવાળા હોવાથી) પોતાથી થતી.

તેથી મુક્તિ કુલ ચાર પ્રકારની થઈ. તેથી આ સ્કન્ધમાં ચાર પ્રકરણો છે [૨-૩]

**પ્રકરણો :**

પહેલી એટલે જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ આ સ્કન્ધના પહેલા પાંચ અધ્યાયોથી કહેલી છે. બીજી એટલે જીવની સાયુજ્યરૂપ મુક્તિ છઠ્ઠાથી ઓગણત્રીસ સુધીના ચોવીસ અધ્યાયોથી કહેલી છે, બાકીની બે એટલે ઈશ્વરની નાટ્યના ત્યાગ રૂપ અને પોતાથી થતી મુક્તિઓ એક-એક એટલે અનુક્રમે ત્રીસમા તથા એકત્રીસમા અધ્યાયથી કહેલી છે, કારણ કે આ બે ઈશ્વરની મુક્તિનો તો માત્ર ઈશ્વરે અભિનય જ કરવાનો છે [૪]

જીવની પહેલી બ્રહ્મભાવરૂપ મુક્તિ વિદ્યાથી પ્રાપ્ત થાય છે. બીજી સાયુજ્યરૂપ મુક્તિ પ્રકૃતિનો ત્યાગ કરવાથી પ્રાપ્ત થાય છે. પહેલી જ્ઞાનથી અને બીજી ભક્તિથી પ્રાપ્ત થાય છે.

પહેલી જ્ઞાનથી પ્રાપ્ત થતી હોવાથી તેના નિરૂપણમાં જ્ઞાન આપનારા દશ કહેલા છે, તે પૈકી નારદ નિર્ગુણ છે અને કવિ વગેરે નવ યોગેશ્વરો સગુણ છે. બીજી મુક્તિ ભક્તિથી પ્રાપ્ત થાય તેવી છે. તેના નિરૂપણમાં ભક્તિનાં સાધનનો બોધ કરનાર ભગવાન્ ઉત્તમ છે. વળી [1]અવધૂત બ્રાહ્મણ અને [2]હંસ [3]ભીષ્મ, [4]ભિક્ષુ અને [5]પુરુરવા; એ બીજા પાંચ ઉપદેશ કરનારા છે. ભગવાન્ પણ બે સ્વરૂપથી ઉપદેશ કરે છે : ૧. મૂલ સ્વરૂપથી અને ૨. અવતાર સ્વરૂપથી. તેથી [1]મૂલ સ્વરૂપ તથા [2]અવતાર સ્વરૂપથી; શ્રીકૃષ્ણ અને હંસ અને (૩-૭) અવધૂત બ્રાહ્મણ વગેરે પાંચ મળી સાત ભક્તિના સાધનનો ઉપદેશ કરનારા થાય છે. તેથી ઐશ્વર્ય વગેરે છ ગુણોવાળા પૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણને જ અહીં ઉપદેશ કરનાર કહેલા છે [૫-૭]

પહેલા પ્રકારની મુક્તિનાં પ્રકરણમાં જે દશ બોધ કરનારા કહ્યા તે પૈકી નારદ નિર્ગુણ છે અને કવિ વગેરે નવ યોગેશ્વરો જુદા પ્રકારના સગુણ છે.

[1]વૈરાગ્ય [2]ભગવાનના ધર્મો [3](માયાનું સ્વરૂપ અને તેને તરવાનો ઉપાય, નારાયણની નિષ્ઠા અને કર્મો કરવાથી કર્મોનો કેવી રીતે ત્યાગ થાય એ) સર્વનો નિર્ણય [4]હરિની કથાનું સદા શ્રવણ અને [5]ભગવાનનું પૂજન — એ પાંચ જ્ઞાનના અંગો છે. જ્ઞાનથી અવિદ્યા દૂર થતાં આ પહેલી ભગવદ્ભાવરૂપ મુક્તિ પ્રાપ્ત થતી હોવાથી, આ પ્રકરણમાં એ પાંચ જ્ઞાનના અંગો સ્કન્ધના આરંભના પાંચ અધ્યાયોમાં અનુક્રમે કહેલાં છે [૮-૮।।]

જ્ઞાન થાય ત્યારે અહન્તા અને મમતાનો નાશ થાય છે. અહન્તા અને મમતાનો નાશ કરનાર જ્ઞાનનું મુખ્ય અંગ વૈરાગ્ય છે. તેથી આરંભમાં પહેલા અધ્યાયમાં મુસલની કથા કહેલી છે. યાદવોને સંસારમાં વૈરાગ્ય થાય એવા અભિપ્રાયથી આ મુસલની કથા પહેલા અધ્યાયમાં કહેલી છે, એમ આ પ્રકરણની રચનાથી જણાય છે. જો મુસલની કથા યાદવોને વૈરાગ્ય ઉત્પન્ન થાય એવા અભિપ્રાયથી કહેવાની ન હોત, તો નારદ અને વસુદેવના સંવાદ પછી છઠ્ઠા અધ્યાયમાં દેવો ભગવાનની સ્તુતિ

કરે છે તેના આરંભમાં જ અથવા તે પછી જ આ કથા કહેત [૮।।-૯।।]

બીજું પ્રકરણ જીવની સાયુજ્ય મુક્તિનું છે. તેનું સાધન ભક્તિ છે. ભક્તિ પણ પાછી મૂલ પરબ્રહ્મ, જેમનામાં સર્વની પ્રતિષ્ઠા છે, તેમની કરવી જોઈએ. પરબ્રહ્મ હરિ વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ એ ચાર મૂર્તિવાળા થઈ પ્રકટ થયેલા છે. તે પૈકી વાસુદેવ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધનાં ચરિત્ત પહેલાં કહેલાં છે. ચોથા સંકર્ષણનું ચરિત અહીં સ્પષ્ટ પ્રકારે કહેવામાં આવે છે [૯।।-૧૧]

સંકર્ષણમાં જ્ઞાનશક્તિ મુખ્ય છે. તે જ્ઞાનશક્તિવાળા હોઈ જ્ઞાન આપે છે. તેમનું ચરિત અહીં સ્પષ્ટ પ્રકારે જણાવવા આ પ્રકરણમાં જ્ઞાનનો બોધ કરેલો છે. વાસુદેવ તો મોક્ષ આપનારા છે. બીજા પ્રદ્યુમ્ન અર્થ અને કામ (પુરુષાર્થો) પ્રાપ્ત કરાવનારા છે. અનિરુદ્ધ ધર્મ પ્રાપ્ત કરાવે છે અને જીવ દોષરહિત થાય તે માટે કર્મનો બોધ કરે છે (સંકર્ષણનું ચરિત બાકી રહેલ તે આ પ્રકરણમાં એવા અભિપ્રાયથી કહેલું છે કે તેમનું ચરિત પણ જાણવામાં આવે ત્યારે પરબ્રહ્મની ચારે મૂર્તિઓનાં ચરિતનું જ્ઞાન થતાં તેમનામાં ભક્તિ પ્રાપ્ત થાય અને તે ભક્તિથી સાયુજ્ય મુક્તિ પ્રાપ્તિ થાય) [૧૨-૧૨।।]

કલેશ વિના કર્મ કરનાર ભગવાન્ સંકર્ષણે કાલ વગેરે દ્વારા યાદવોના વંશનો વિનાશ થાય તેવો ઉપાય કર્યો. યાદવોના કુલનો સંહાર થાય તે માટે બ્રાહ્મણનો શાપ અપાવ્યો. આ સ્કન્ધના પહેલા અધ્યાયમાં મુસલની કથા સંક્ષેપથી કહેલી છે. તે જ અહીં અધ્યાય ૩૦ (શ્લો.૫-૨૪,૩૩)માં ફરી એમ જણાવવા કહેલી છે કે સંકર્ષણે યાદવોનાં કુળનો સંહાર કરાવવાનો ઉપાય બ્રાહ્મણોના શાપરૂપ યુક્તિથી કરેલો છે. (એમ અધ્યાય ૩૦ તથા ૩૧ માં ઈશ્વરની બે પ્રકારની મુક્તિ કહેલી છે. મમતાનો નાશ થાય તે માટે પ્રદ્યુમ્ન અનિરુદ્ધ અને સંકર્ષણે દેહનો ત્યાગ કરી તેમણે આરંભેલાં નાટ્યને સંકેલી લે છે એમ અધ્યાય ૩૦ માં ત્રીજા પ્રકારની મુક્તિનું નિરૂપણ કરેલું છે અને અધ્યાય ૩૧ માં શ્રીકૃષ્ણે પોતાની ઈચ્છાથી પોતાનાં મૂલ સ્વરૂપમાં સ્થિતિ કર્યાનું (શ્લો.૧૧,૧૨,૧૩)કહી ચોથા પ્રકારની મુક્તિનું નિરૂપણ કરેલું છે. એ રીતે આ સ્કન્ધના અન્તે ચારે મૂર્તિઓનાં બધાંએ ચરિતનો ઉપસંહાર કરેલો છે) [૧૨।।-૧૪]

આ સમ્પૂર્ણ ભગવાનનાં ચરિતથી બે નિર્ણયો થાય છે :

૧. ભગવાનના સમયમાં પાંડવો વગેરે જેઓ હતા, તેઓ દ્વન્દ્વરહિત થયા અને આનન્દ પ્રાપ્ત કરી તેઓએ ભગવાનને પ્રાપ્ત કર્યા.
૨. ભગવાનના સમય પછી ઉત્પન્ન થયેલા પણ જે જીવો ભગવાન્ શ્રીકૃષ્ણનાં નામથી પ્રકટ થતાં ચરિતનું ભક્તિથી કીર્તન કરે તેઓ પણ તેવી રીતે આનન્દ પ્રાપ્ત કરી ભગવાનને પ્રાપ્ત કરે છે [૧૫-૧૫।।]

## પ્રકરણ ૧-અ. જીવની બ્રહ્મભાવરૂપ મુક્તિ. અ.૧-૫

**અધ્યાય ૧ :**

પહેલા અધ્યાયમાં યાદવોને વૈરાગ્ય થાય તે માટે બ્રાહ્મણોનો શાપ થયાનું કહેલ છે. તે સમ્બન્ધમાં ''યાદવોને શાપ કેમ થયો ?'' એવો પ્રશ્ન પરીક્ષિત શ્લોક ૪-૯ થી કરે છે અને શુક શ્લો.૧૦ થી આરંભી તેનો ઉત્તર આપે છે. આ પ્રશ્ન એટલા માટે પરીક્ષિતે કરેલો છે કે લોકની દૃષ્ટિથી પણ ભગવાન્ શ્રીકૃષ્ણનું ચરિત સારી રીતે સમજવામાં આવે. અહીં આ પ્રશ્નના ઉત્તરમાં શુકે એમ કહેલું છે કે વાસ્તવિક રીતે ભગવાન્ જ સર્વના કર્તા છે, (કારણ કે તેમણે જ યાદવોના કુલનો સંહાર કરવાની ઈચ્છા કરી-શ્લો.૧૦,) પ્રશ્ન પહેલાં પણ શ્લો.૫ માં ભગવાને જ શાપના બાનાથી કુલનો સંહાર કર્યાનું શુકે કહેલ. આ શાપ ખોટો પાડવા ભગવાન્ સમર્થ હોવા છતાં પણ તેમણે પાછળથી પણ તેનું અનુમોદન જ કર્યું(શ્લો.૨૪). દોષરહિત ભગવાને જ કુલનો સંહાર કરવાની ઈચ્છા કર્યાનું આરંભમાં જ કહેલું છે (શ્લો.૪). અને શાપની કથા કહીને પણ દોષરહિત ભગવાને જ શાપના બાનાથી કુલનો સંહાર કર્યાનું કહેલ છે. આ સર્વ (શાપ અપાવવો, સંહાર કરવો વગેરે)ના કર્તા ભગવાન્ પોતે જ છે [૧૫।।-૧૭।।]

**અધ્યાય ૨ :**

પહેલાં ભગવાને વસુદેવને જ્ઞાન આપેલું (જુઓ ૧૦।૮૨ શ્લો.૨૨-૨૫) પરન્તુ ભગવાને ગુરુપણું સ્વીકારેલ નહિ, અને જ્ઞાન આપનાર ભગવાન્ ગુરુ છે એવી વસુદેવની બુદ્ધિ ન હોવાથી તેમને તે જ્ઞાનનું વિસ્મરણ થયું. તેથી ભગવાને નારદને ગુરુ સ્થાપી વસુદેવને જ્ઞાન આપવા મોકલ્યા, કારણ કે વસુદેવ નારદનો આદર કરતા. (શ્રીકૃષ્ણને તો તે પોતાના પુત્ર જાણી ગુરુ ન ગણતા) [૧૭।।-૧૯]

જ્યાં સુધી વસુદેવને બહારની દૃષ્ટિ રહેતી, ત્યાં સુધી ગોપીઓની પેઠે તે પણ દુઃખી જણાતા(શ્લો.૯). વળી સંસારનો ત્યાગ કરવાની તેમને ઈચ્છા પણ થયેલી, તેથી તેમને જ્ઞાન આપવાની જરૂર પણ હતી. તેથી તેમને સારી રીતે જ્ઞાનનો ઉપદેશ કરે તે માટે આ વિષયમાં નારદને ગુરુ જણાવેલા છે, અને નારદ દ્વારા ભગવાન્; વસુદેવને જ્ઞાનનો ઉપદેશ કરાવે છે [૨૦-૨૦।।]

નારદ પુષ્ટિમાર્ગના છે એમ જાણી, કદાચ વસુદેવ તેમના ઉપદેશનો આદર ન કરે. તેથી મર્યાદામાર્ગથી સિદ્ધિ પ્રાપ્ત કરેલા નવ યોગેશ્વરોએ; નિમિને જે ઉપદેશ આપેલ તે નારદે વસુદેવને જણાવ્યો. કારણ કે નવ યોગેશ્વરોએ આપેલ ઉપદેશથી વસુદેવ ગુણોને ઓળંગી જઈ ગુણોથી પર થાય ત્યારે નારદનો ઉપદેશ તેમની બુદ્ધિમાં ઉતરે [૨૦।।-૨૨]

નિમિનો અધિકાર જોઈ, તેના અધિકાર પ્રમાણે નવ યોગેશ્વરોએ ચાર વિભાગથી તેને ઉપદેશ કરેલો. તેથી તેણે આપેલો ઉપદેશ અહીં બીજાથી પાંચમા સુધીના ચાર અધ્યાયોથી નારદે વસુદેવને કહેલો છે [૨૩]

નવ યોગેશ્વરો પૈકી ઉત્તમ કવિએ ભગવાનના ચરણકમલની સેવા કરવી, ભગવાનને સર્વ સમર્પણ કરવું વગેરે; ઉત્તમ ભક્તે ભગવાન્ પ્રતિ આચરવાના ધર્મોનો બોધ કરેલ(શ્લો.૩૩-૪૩). ભગવાનનાં ધર્મો આચરનાર ભગવાનના ભક્તને કયા ચિહ્નોથી ઓળખવા તેનો, તથા ત્યાર પછી તેમની સાથે ભગવાનના ધર્મો આચરવાનો બોધ બીજા યોગેશ્વર હરિએ કરેલ(શ્લો.૪૫-૫૫). એમ પહેલી કક્ષાના સર્વથી ઉત્તમ ભક્તે આચરવાના ધર્મો આ અધ્યાયમાં કવિએ તથા હરિએ નિમિને કહેલા, તે નારદે વસુદેવને કહ્યા [૨૪-૨૪।।]

**અધ્યાય ૩ :**

બીજી કક્ષાના ઉત્તમ ભક્તે આચરવાના ધર્મો ત્રીજા અધ્યાયમાં કહેલા છે. આ અધ્યાયમાં—

૧. યોગેશ્વર અન્તરિક્ષ; નિમિને માયાનું સ્વરૂપ જણાવે છે(શ્લો.૩-૧૬). માયાનાં સ્વરૂપનું જ્ઞાન વૈરાગ્ય દૃઢ કરે છે પછી,

૨. યોગેશ્વર પ્રબુદ્ધ; ગુરુની સેવા વગેરે માયાને તરી જવાના ઉપાયનો બોધ કરે છે(શ્લો.૧૮-૩૩). નારાયણમાં આસક્તિવાળો માયાને સહેલાઈથી તરી જાય છે એમ પણ જણાવે છે(શ્લો.૩૩). પછી

૩. યોગેશ્વર પિપ્પલાયન; પરબ્રહ્મ નારાયણના સ્વરૂપનો બોધ કરે છે(શ્લો.૩૫-૪૦) અને

૪. યોગેશ્વર આવિર્હોત્ર; વૈદિક અને તાન્ત્રિક વગેરે યજ્ઞો સદા કરી, તે કર્મોથી જ કર્મનો ત્યાગ અથવા નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરવા સમ્બન્ધી ઉપદેશ કરે છે. અને વેદનો એવો જ નિર્ણય હોવાનું જણાવ્યું છે(શ્લો.૪૩-૫૫).

બીજી કક્ષાના ઉત્તમ ભક્તે ૧. માયાનું સ્વરૂપ જાણવું, ૨. તેના તરવાના ઉપાય યોજવા, ૩. પરબ્રહ્મનું સ્વરૂપ જાણવું અને ૪. વૈદિક-તાન્ત્રિક વગેરે યજ્ઞો કરી, તે કર્મોથી નૈષ્કર્મ્ય પ્રાપ્ત કરવું —એ ચાર કાર્ય કરવાના છે [૨૪।।-૨૭]

**અધ્યાય ૪ :**

ત્રીજી કક્ષાના મધ્યમ ભક્તે કરવાના કર્મ ચોથા અધ્યાયમાં કહેલા છે. જે ત્રીજા અધ્યાયમાં કહેલાં કાર્યો કરવાને અશક્ત હોય તેને ભગવાને જુદા-જુદા અવતારો લઈ તે અવતારોમાં જે-જે કાર્યો કરેલાં તેની કથાનું શ્રવણ કરવાથી સુખ થતું હોય તો તેણે સદા એ કથાનું શ્રવણ કરવું. આ બોધ દ્રુમિલ યોગેશ્વરે નિમિને કરેલ [૨૮]

**અધ્યાય ૫ :**

હીન અધિકારવાળા પ્રાકૃત ભક્તે કરવાનાં કાર્યનો ઉપદેશ પાંચમા અધ્યાયમાં કરેલો છે. જેમણે પોતાનાં અન્તઃકરણ વશ કરેલાં નથી અને જેમની કામનાઓ શાંત થયેલી નથી તેવા હીન અધિકારવાળા પ્રાકૃત જીવો પરવશ થઈ ભગવાનનું ભજન કરતા નથી, અને વાસુદેવથી વિમુખ હોવાથી નરકમાં પડે છે એમ યોગેશ્વર ચમસે નિમિને જણાવેલ છે (શ્લો.૨-૧૮).

યોગેશ્વર કરભાજન; તેને ક્યા યુગમાં કેવા ભગવાનનાં સ્વરૂપની મનુષ્યો કેવા પ્રકારે પૂજા કરે છે તે જણાવે છે, તથા પૂજન વગેરે કરવાથી ભગવાનની ભક્તિ પ્રાપ્ત થાય છે અને પછી ભગવાનની કૃપાથી કૃતાર્થ થવાય છે, તેથી પોતાના અધિકાર પ્રમાણે યુગને અનુસરી ભજન કરવું એવો બોધ કરે છે(શ્લો.૨૦-૪૨). યોગેશ્વરો નિમિને એવો બોધ આપી અન્તર્ધાન થયા [૨૯-૨૯।।]

એ પ્રમાણે યોગેશ્વરોએ નિમિને કરેલ ઉપદેશ નારદે વસુદેવને જણાવ્યો. તેથી વસુદેવની નિર્ગુણ અવસ્થા થતાં અથવા તે ગુણથી પર થતાં હવે તેમને પુષ્ટિમાર્ગનો બોધ સમજાશે (પાછળ કારિકા ૨૧-૨૨ જુઓ) એમ જાણી, પછી નારદ પોતે તેમને ભક્તિનો બોધ કરે છે, અને પુષ્ટિમાર્ગથી ભગવાન્ શ્રીકૃષ્ણ ઉપર સ્નેહ રાખવાથી કૃતાર્થ થવાય છે એવો બોધ કરે છે(શ્લો.૪૫-૫૦) [૨૯।।-૩૦]

ભગવાને વસુદેવને જ્ઞાન આપેલું ત્યારે પણ તેમને જ્ઞાન તો થયેલું. હવે જ્ઞાનીએ શું કાર્ય કરવું જોઈએ તે ગુરુ નારદના ઉપદેશથી તેમણે જાણ્યું. તેમણે શું કાર્ય કરવું જોઈએ તે નારદે તેમને કહ્યું તેથી જ વસુદેવ અને દેવકી બન્નેનો મોહ દૂર થયો(શ્લો.૫૧). મોહ દૂર થતાં સર્વ સાધન થયેલ હોવાથી તેમનો બ્રહ્મભાવ થાય તેમાં શું આશ્ચર્ય ? તેઓને બ્રહ્મભાવની પ્રાપ્તિ થઈ [૩૧]

## પ્રકરણ ૧-આ. જીવની સાયુજ્યમુક્તિ. અ.૬-૨૯

**અધ્યાય ૬ :**

છઠ્ઠાથી આરંભી ઓગણત્રીસમા સુધીના ચોવીસ અધ્યાયો બીજા પ્રકારની એટલે જીવની સાયુજ્યરૂપ મુક્તિનું નિરૂપણ કરે છે. તેમાં છઠ્ઠો અધ્યાય પ્રકૃતિનો નાશ કરાવવામાટે કહેલો છે. જીવને મૂલ પ્રકૃતિનો સમ્બન્ધ માત્ર ભગવાનની ઈચ્છાથી જ થાય છે, અને મૂલ પ્રકૃતિ જીવમાં અભિમાન ઉત્પન્ન કરે ત્યારે તેને પ્રાકૃત દેહ વગેરે પદાર્થોનો સમ્બન્ધ થાય છે. મૂલ પ્રકૃતિનો નાશ માત્ર ભગવાનની ઈચ્છાથી થાય જ છે, એમ ભગવાને બ્રહ્માને કહેલાં વચનો(શ્લો.૨૮-૩૧)થી તથા યાદવોને કહેલાં વચનો (શ્લો.૩૪-૩૮)થી જણાવેલ છે [૩૧।।-૩૨।।]

જીવે પ્રાકૃત પદાર્થ દેહ વગેરેનો સમ્બન્ધ સ્વીકારેલ તેનો ત્યાગ કરાવવા ત્યાર પછીના (૭ - ૨૯ સુધીના) ૨૩ અધ્યાયો કહેલા છે. બ્રહ્માએ શ્રીકૃષ્ણને ભૂતલ ઉપરનાં પ્રાકટ્યનો ઉપસંહાર કરી પોતાનાં ધામમાં પ્રવેશ કરવાની વિનન્તિ કરી(શ્લો.૨૭) અને શ્રીકૃષ્ણે તે સ્વીકારી(શ્લો.૩૧). ત્યારે ભગવાનની એવી ઈચ્છા થઈ કે તેમનાં ઉચ્છિષ્ટ ઉપર નભનારા ભક્તોને પણ પ્રકૃતિના સમ્બન્ધનો ત્યાગ કરાવવો(શ્લો.૨૯-૩૧). આવા પ્રસંગે ભગવાને

તેઓને જ્ઞાનનો અથવા કાંઈક ક્રિયા કરવાનો ઉપદેશ કરવો જોઈએ. તે માટે ઉદ્ધવ સાથે ભગવાનનો સંવાદ ૭ થી ૨૯ સુધીના તેવીસ અધ્યાયોથી કહેલો છે. આ અધ્યાયોમાં જણાવેલાં સાધનોથી દેહ વગેરે પ્રાકૃત તત્ત્વો સાથેના સમ્બન્ધનો નાશ થાય છે, અને પ્રાકૃત તત્ત્વો ૨૩ હોવાથી (જુઓ ૩।૬।૨-૪) તે સંવાદ તેવીસ અધ્યાયોથી કહેલ છે [૩૨।।-૩૪।।]

ઉદ્ધવ અને શ્રીકૃષ્ણ નો સંવાદ ૭-૨૯ સુધીના તેવીસ અધ્યાયોથી કહેવાનો હોય તો ઉદ્ધવે શ્રીકૃષ્ણને સંવાદના આરંભમાં પ્રશ્ન કર્યા(શ્લો.૪૩-૪૭) તેનો તેમાં સમાવેશ કેમ કરેલ નથી અને તે છઠ્ઠા અધ્યાયમાં જ કેમ કહેલા છે ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે એ પ્રશ્નમાં તો શ્રીકૃષ્ણે જે વાક્યો કહ્યાં(શ્લો.૪૪-૪૮) તેનો જ અર્થ કહેલ છે. તેથી તે એ સંવાદના આરંભમાં છઠ્ઠા અધ્યાયમાં જ કહેલ છે [૩૪।।-૩૫]

**અધ્યાય ૭-૧૩ :**

પહેલાં ભગવાન્ ઉદ્ધવને ટૂંકાણમાં એવો ઉપદેશ કરે છે કે આ સર્વ જગત્ પ્રાકૃત અંકુર (જુઓ ૩।૨૬।૨૦)ના જેવું છે. પછી ઉદ્ધવને સર્વત્ર સહેલાઈથી ભક્તિ પ્રાપ્ત થાય તે માટે તેનાં સાધનરૂપ જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. સાતમાથી બારમા સુધીના છ અધ્યાયોથી ભગવાનના સ્વરૂપની પ્રાપ્તિ કરાવે તેવા બ્રહ્મવાદરૂપ જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. આરંભમાં સાતમા અધ્યાયમાં આ સર્વ જગત્ પ્રાકૃત અંકુરના જેવું માયિક હોવાનું કહેલ છે(શ્લો.૭-૮). પછી તે પ્રાકૃત અંકુરનો નાશ થાય તે માટે જ્ઞાનરૂપ સાધનનો ઉપદેશ કરેલો છે (શ્લો.૯-૧૨). અહીં ''વિશ્વને મારા રૂપ જોતાં ફરી મૃત્યુ પામતો નથી''(શ્લો.૧૨) એમ બ્રહ્મવાદનો ઉપદેશ કરેલો છે. આ સંવાદના અન્તે પણ ''આ તને બ્રહ્મવાદનો સમ્પૂર્ણ સાર કહ્યો''(અ.૨૯।૨૩) એમ ભગવાને ઉદ્ધવને કહેલું હોવાથી પણ અહીં તેને બ્રહ્મવાદનો જ ઉપદેશ કરેલ હોવાનું જણાય છે. તેથી અ.૭।૭ માં જે માયિક જગત્ કહ્યું તે ૨।૯।૩૩ ઉપરના શ્રીસુબોધિનીમાં નિર્ણય કરેલ બૌદ્ધ પ્રપંચના સમ્બન્ધમાં કહેલું એમ સમજાય છે. આ જ માયિક જગતનો ભગવાન્ ૧૧।૧૩।૩૪ માં ઉલ્લેખ કરશે, અને તે પ્રાકૃત હોવાનું ૧૧।૧૨।૨૨ માં કહેશે. તેથી સાંખ્ય વગેરે સ્મૃતિમાં કહેલું પ્રાકૃત જગત્ જ વૈરાગ્ય ઉત્પન્ન થાય તે માટે આ સંવાદમાં જણાવેલું છે. વૈદિક પ્રપંચનું નિરૂપણ તો ઉપપત્તિ સાથે ૧૧।૧૨।૧૭ થી ૨૦ સુધીના શ્લોકોથી કહેલું છે. વળી ૧૧।૧૪।૩ માં પણ તે કહેલ છે. તેનું જ્ઞાન પ્રાકૃત અંકુરનો નાશ કરનારું હોવાનું પણ કહેલું છે. તેથી આ સાતમો અધ્યાય મહત્તત્વના અભિમાનનો નાશ થાય તે માટે કહેલો છે.

આ પ્રકરણમાં ભક્તિથી સાયુજ્યરૂપ મુક્તિ પ્રાપ્ત થાય છે એમ કહેવાનું છે છતાં અહીં જ્ઞાનથી ભક્તિ પ્રાપ્ત થાય છે, એમ જણાવવા જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. ભક્તિ જ મુખ્ય છે. જ્ઞાન તો તે પ્રાપ્ત કરવાનું સાધન હોવાનું જણાવેલ છે. જેમ ભગવદ્ગીતામાં અર્જુનને ભગવાને જ્ઞાનનો ઉપદેશ કરી (ભ.ગી.૧૪।૧) ૧૫ મા અધ્યાયમાં પોતાને પુરુષોત્તમ જાણી તેવા જ્ઞાનસાથે પોતાનું

ભજન કરવાનું કહેલ છે (અ.૧૫ ૧૮-૧૯). તેવી રીતે અહીં પણ ભક્તિ પ્રાપ્ત થાય તે માટે જ્ઞાનનો ઉપદેશ કર્યો હોવાથી ગીતાના અધ્યાય ૧૪, ૧૫ પેઠે આ પણ ભક્તિનું પ્રકરણ છે. જ્ઞાનનું પ્રકરણ નથી [।।૩૬।।]

ઉદ્ધવે ભગવાનને એવી વિજ્ઞપ્તિ કરેલી કે ભગવાને તેને પણ પોતાની સાથે પોતાના ધામમાં લઈ જવો(અ.૬।૪૩). ભગવાન્ તે વિચારી તેની એ ઈચ્છાનો આદર કરી તેને જ્ઞાનનો ઉપદેશ કરે છે, પરન્તુ તેનો અધિકાર વિચારી તેના અધિકાર પ્રમાણે જ્ઞાનનો ઉપદેશ કરેલો નથી. છતાં ભગવાનના મુખ્ય સેવક ઉદ્ધવને પોતાનો અધિકાર જણાયો નહિ. પોતાને ભક્તિ કરવાનો અધિકાર હોવાનું તેને ભાન થયું નહિ, અને ''અયોગ્ય ઈચ્છનાર પુરુષનું પતન જ થાય છે, તેમાં સંશય નથી'' એવો નિશ્ચય તેને થવાથી, તેણે તો પોતાનો અધિકાર માનતો હતો તે અધિકાર પ્રમાણે ભગવાને જે શ્લો.૬ તથા ૧૨ માં કહ્યું તે જ્ઞાન સમ્બન્ધી જ પ્રશ્ન શ્લો.૧૬ થી કર્યો [૩૭-૩૮]

પછી ભગવાને ઉદ્ધવનો અધિકાર, તેનો પ્રશ્ન વગેરે સર્વનો પોતાની મેળે વિચાર કર્યો, અને જ્યારે અન્વય તથા વ્યતિરેક થી ભગવાનનું જ્ઞાન થાય ત્યારે જ તેમણે આપેલ બોધ ફળશે અને ઉદ્ધવને ભક્તિની અથવા બ્રહ્મની પ્રાપ્તિ કરાવશે એમ વિચારી તેમણે તેને અવધૂતની કથા કહી [૩૯]

અન્વય અને વ્યતિરેક થી ભગવાનનો સર્વત્ર અનુભવ કરવાની શક્તિ ન હોય, ત્યારે આ અવધૂતની કથા કહેવામાં આવે છે. ગુરુ અને શિષ્ય સદા સમાન હોય ત્યારે જ્ઞાન ફલ પ્રાપ્ત કરાવે છે. આ સમયે ઉદ્ધવ યદુના જેવો હતો, કારણ કે તેને પોતાના અધિકારનું પણ ભાન ન હતું. તેથી ભગવાને તેને માટે ગુરુ પણ જડ જ વિચાર્યા [૪૦-૪૦।।]

પચીસ તત્ત્વોમાંથી અધ્યાસ દૂર થાય, ''હું આ તત્ત્વો નથી'' એવી બુદ્ધિ દઢ થાય, તે માટે ૭,૮ અને ૯ એ ત્રણ અધ્યાયોમાં પચીસ ગુરુઓ કહેલા છે. આમાંના ૨૪ ગુરુઓ અ.૭।૩૩ તથા ૩૪ માં ગણાવ્યા છે. અને અ.૯।૨૫ માં કહેલ દેહ પચીસમો ગુરુ છે. આ ગુરુ પાસેથી જે ઉપદેશ લેવાનો કહેલો છે તેથી વૈરાગ્ય પ્રાપ્ત થાય છે અને હું પણ બધા સમાન છું એમ જણાય છે [૪૦।।-૪૨]

આ જડપણાંની કથા ૭-૯ એ ત્રણ અધ્યાયોથી એટલા માટે કહી છે કે તેનાથી કાયા વાણી અને મન એ ત્રણના દોષોનો નાશ થાય; અથવા જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ એવી બુદ્ધિની ત્રણ અવસ્થાઓના દોષોનો નાશ થાય [૪૩]

પછી દસમા તથા અગિયારમા અધ્યાયમાં ઉદ્ધવ ઉપર સ્નેહ હોવાથી ભગવાન્ તેને એ ત્રણ અધ્યાયમાં આપેલ જ્ઞાન દઢ કરનારી યુક્તિઓ કહે છે. વળી અધિકાર હોવા છતાં તેની દરકાર રાખ્યા વિના ઉદ્ધવે દીનતા રાખેલી હોવાથી ભગવાન્ તેના ઉપર પ્રસન્ન થઈ બારમા અધ્યાયમાં તેને યુક્તિસહિત પુષ્ટિમાર્ગનો ઉપદેશ કરે છે (અ.૧૨।૧-૧૫) [૪૪]

એ પ્રમાણે ૭-૧૨ સુધીના છ અધ્યાયોથી ભગવાને ઉદ્ધવને પોતાનાં સ્વરૂપની પ્રાપ્તિ કરાવનાર બ્રહ્મવાદરૂપ મુખ્ય જ્ઞાનનો ઉપદેશ મર્યાદા અને પુષ્ટિ માર્ગના પ્રકારથી કરેલો છે. છતાં ઉદ્ધવને આવાં જ્ઞાનનો અધિકાર ન હોવાથી(અ.૧૨।૧૬) તેને તે બરાબર સમજાતું નથી. તેથી ઉદ્ધવને અધિકાર પ્રાપ્ત થાય તે માટે બીજા એટલે ત્યાર પછીના (તેરમા અધ્યાય)માં બીજા પ્રકારે હંસ અને બ્રહ્માના સંવાદની કથા કહેલી છે. જ્યારે આવી રીતે બીજા પ્રકારે કથા કહેવામાં આવે તે સર્વ સ્થલે એમ જાણવું કે પહેલા પ્રકારે કહેલી કથા સમજવાનો શ્રોતાનો અધિકાર ન હોવાનું જણાવાથી, બીજા પ્રકારે કથા કહે છે [૪૫-૪૬]

**અધ્યાય ૭ :**

સાતમા અધ્યાયમાં અવધૂતને તેના ગુરુઓ પૈકી પહેલા આઠ ગુરુઓ પાસેથી જે બોધ મળ્યો તે જણાવેલ છે. પાંચ મહાભૂતો, મન, બુદ્ધિ અને અહંકાર એ આઠ પ્રકૃતિઓનો અધ્યાસ દૂર કરવા આઠ ગુરુઓ પાસેથી મળતો બોધ ઉપયોગી છે.

પૃથ્વી વગેરે પાંચ મહાભૂતો પાસેથી મળેલા બોધથી એ મહાભૂતોના બનેલા પદાર્થોમાંથી અધ્યાસ દૂર થાય છે. ચન્દ્ર પાસેથી મળેલો બોધ મનનો, રવિ પાસેથી મળેલો બોધ બુદ્ધિનો અને કબુતર પાસેથી મળેલો બોધ અહંકારનો અધ્યાસ દૂર કરે છે. આ આઠ ગુરુઓ એ આઠ પ્રકૃતિનો અધ્યાસ દૂર કરવા કહેલા છે [૪૭-૪૭।।]

પછી ત્રણ ગુણો (સત્ત્વ, રજસ્ અને તમસ્) ન રહે તે માટે અવધૂત સમ્બન્ધી બીજા એટલે આઠમા અધ્યાયમાં નવ પ્રકારના ગુરુઓ કહેલા છે. [૧]અજગર [૨]સમુદ્ર [૩]પતંગ [૪]મધુકૃત(ભમરો તથા મધમાખી) [૫]હાથી [૬]પારધિ [૭]હરણ [૮]માછલું અને [૯]પિંગલા એ નવ ગુરુ આ અધ્યાયમાં ઈન્દ્રિયોના સમૂહને, કામનાઓને તથા આશાને દૂર કરવામાટે કહેલા છે. (ગુરુઓ પાસેથી મળતો બોધ અનુક્રમે ૨,૫,૭,૯,૧૩,૧૫,૧૭,૧૯ અને ૨૨ મા શ્લોકોથી આરંભી કહેલો છે) [૪૭।।-૪૮।।]

કર્મમાર્ગમાં કર્મ ન કરવા કરતાં કર્મ કરવાં એ ઉત્તમ છે. તેવી રીતે જ્ઞાનમાર્ગમાં કર્મ કરવા કરતાં પણ કર્મ ન કરવાં તે ઉત્તમ છે. અજગર કાંઈ પણ કર્મ કરતો નથી. જેમ કર્મ કર્યા વિના પણ તેને આહાર પ્રાપ્ત થાય છે તેમ મુનિથી પણ થઈ શકે. ભગવદ્ગીતામાં પાંચમા અધ્યાયમાં કર્મયોગ અને સુયાસ નો વિચાર કરતા ભગવાને કર્મ કરવાં એ વધારે સારું હોવાનું કહેલ છે, તેનાથી આનો વિરોધ

થતો નથી, કારણ કે ભગવદ્ગીતામાં તે સ્થળે સાધન કરવાની સ્થિતિનું નિરૂપણ કરેલું છે, અને અહીં તો સિદ્ધ (જેને સાધન કરવાનાં રહ્યાં નથી તેવા અવધૂત)ની વાત કહેલી છે [૪૮।।-૫૦।]

ભોજનના વિષયમાં વિચાર કરવામાટે અજગરને ગુરુ કહેલો છે. ભોજન કરનાર પણ ભોજન થાય ત્યારે જેવી સ્થિતિમાં રહેતો હોય, તેવી જ સ્થિતિ અને તેવા જ સ્વભાવથી; ન મળે ત્યારે ભોજન વિના પણ રહેતો હોય, તો તે અધિક ગુણ છે. આવો ગુણ રાખવા સમુદ્રને ગુરુ કહેલો છે. સમુદ્ર પણ પૂર્ણ ચન્દ્રને જોઈ વધે છે, તેથી તેવા વિકાર ન થાય તે માટે પતંગિયાને ગુરુ કહે છે. પતંગિયું જેમ અગ્નિના રૂપથી મોહ પામી તેમાં પડી પોતાનો નાશ કરે છે, તેમ મુનિએ સ્ત્રીનાં રૂપથી મોહ પામી તેના સમ્બન્ધમાં આવવું નહિ [૫૦।-૫૨]

સ્ત્રીથી દૂર રહેનાર પણ જો દુષ્ટ બુદ્ધિવાળો હોય તો ખાવાના પદાર્થોથી વશ થાય છે, તેથી ખોરાક જોઈએ તેટલો જ લેવાના અને તેનો સઙ્ગ્રહ ન કરવાના સમ્બન્ધમાં મધુકૃતને (અનુક્રમે ભમરાને અને મધમાખીને) ગુરુ કહેલા છે. ભમરો પોતાને જોઈએ તેટલો થોડો-થોડો રસ જ દરેક પુષ્પમાંથી લે છે. મધમાખી મધનો સઙ્ગ્રહ કરી રાખવાથી નાશ પામે છે [૫૩]

પછી ભિક્ષામાટે જતાં પણ મુનિને સ્ત્રીથી વિઘ્ન થવાનો સમ્ભવ છે. તેથી ભિક્ષા માગવા જતાં પણ સ્ત્રીથી સાવચેત રહેવું. સ્ત્રીનો સર્વથા ત્યાગ કરવો. જો તેનો ત્યાગ કરવામાં ન આવે તો સર્વનાશ થવાનો સમ્ભવ છે. જેમ હાથી હાથણીનો સંગ કરવા જતાં તેને માટે ખોદી રાખેલા ખાડામાં પડી હેરાન થાય છે. તેમ સ્ત્રીના સંગમાં આવનાર મુનિનો નાશ થાય છે [૫૪]

પહેલાં પતંગિયાના સમ્બન્ધમાં સ્ત્રીથી ન લોભાવાનું કહ્યું, અને વળી હાથી ગુરુથી મળતા બોધમાં પણ સ્ત્રીના સંગમાં ન આવવાનું કહ્યું, છતાં પણ આમાં પુનરુક્તિ (તેની તે જ વાત કરી કહેવારૂપ) દોષ નથી, કારણ કે અહીં તો ભિક્ષા માગવા જતાં, પ્રસંગને લીધે પણ સ્ત્રીના સમ્બન્ધમાં ન આવવાનો ઉપદેશ કરેલો છે, ત્યાર પછી સર્વ અનિષ્ટોનું મૂલ જીભ હોવાથી તેનું નિરૂપણ માછલાં ગુરુથી મળતા બોધમાં કરેલું છે. જીભથી પણ આશા અધિક દુઃખ દેનારી છે, તેથી છેવટે પિંગલાથી મળતા બોધમાં આશાનો ત્યાગ કરવાનું કહેલું છે.

આ અધ્યાયમાં નવ ગુરુ કહ્યા. તે પૈકી અજગર અને સમુદ્ર થી (અજગર, સમુદ્ર વગેરે ઈન્દ્રિયોના સમૂહનો નાશ થાય તેવો અને પતંગિયું કામનાઓનો નાશ થાય તેવો બોધ આપનારા છે — યોજના) કામનાઓનો નાશ થાય તેવો બોધ મળે છે. પતંગિયું, ભમરો, હાથી, હરણ અને માછલું એ પાંચથી અનુક્રમે રૂપ, ગન્ધ, સ્પર્શ, શબ્દ, અને રસ એ પાંચ ઈન્દ્રિયોના ગુણોથી મોહ ન પામવાનો બોધ મળે છે. પારધિથી મનના ગુણ-લોભના ત્યાગ કરવાનો બોધ મળે છે. અને પિંગલાથી આશાનો ત્યાગ કરવાનો બોધ મળે છે. આ અધ્યાયમાં કરેલો બોધ મધ્યમ રાજસ અધિકારવાળામાટે કરેલો છે [૫૫-૫૫।।]

ઉત્તમ બુદ્ધિવાળો સાત્ત્વિક પુરુષ પણ જો વિદ્યા વગેરેનો સઙ્ગ્રહ કરે (અને કોઈને આપે નહિ) તો પણ તેનો સર્વનાશ થાય છે. આ બોધ આપવા ટીટોડાને ગુરુ કહેલ છે(શ્લો.૧-૨). તેથી સઙ્ગ્રહ ન કરતાં ચિન્તારહિત અને માન-અપમાનની દરકાર કર્યા વિના રહેવું જોઈએ. આ વિષયમાં બાલકને ગુરુ કહેલો છે(શ્લો.૩-૪). બાલક પ્રમાણે રહેવાથી પણ ઈચ્છેલ ફલ પ્રાપ્ત થતું નથી, તેથી ફરવું આવશ્યક છે. પણ બીજાઓ સાથે ફરવાથી કજીઓ થવાનો સમ્ભવ છે તેથી એકલા ફરવું જોઈએ. આ વિષયમાં કુમારીના કંકણને ગુરુ કહેલ છે(શ્લો.૫-૧૦). ચિત્તને એકાગ્ર કરી શ્રીકૃષ્ણમાં પરોવેલું રાખવાના વિષયમાં 'શરકૃત્' બાણ બનાવનારને ગુરુ કહેલો છે (શ્લો.૧૧-૧૩) [૫૫।।-૫૭।।]

ઘર વગેરે રાખ્યા વિના જ જોઈતા બધા પદાર્થો એની મેળે જ પ્રાપ્ત થઈ જાય છે. તેથી ઘર વગેરે રાખ્યા વિના જ રહેવાના વિષયમાં સર્પને ગુરુ કહેલ છે (શ્લો.૧૪-૧૫). કાંઈ પણ ન હોય ત્યારે સર્વના રચનાર હરિ આપણને સર્વ આપશે એ વિષયમાં કરોળિયાને ગુરુ કહેલ છે (શ્લો.૧૬-૨૧) [૫૭।।-૫૮।।]

સદા ચિન્તન કરવાથી વસ્તુ બદલાઈ જાય છે. ભમરીએ દરમાં પૂરેલો કીડો સદા ભમરીનું ધ્યાન કર્યા કરતો હોવાથી ભમરી બની જાય છે, તેવી રીતે જીવ પણ સદા બ્રહ્મનું ધ્યાન ધરવાથી બ્રહ્મભાવ પણ પ્રાપ્ત કરે છે. આ વિષયમાં ભમરીએ દરમાં પૂરેલ કીડાને ગુરુ કહેલો છે (શ્લો.૨૨-૨૩). વિવેકવાળા એટલે યોગ્ય ફલ (મોક્ષ) સિદ્ધ કરવા પ્રયાસ કરનારા અને નાશવન્ત ફલ પ્રાપ્ત કરવાનો પ્રયાસ ન કરનારા દેહથી સર્વ સિદ્ધ થાય છે. તેથી મનુષ્યના દેહને પણ ગુરુ કહેલ છે (શ્લો.૨૪-૨૯). એ પ્રમાણે આ અધ્યાયમાં ટીટોડો, બાલક, કુમારીનું કંકણ, શરકૃત, સર્પ, કરોળિયો, ભમરીએ તેના દરમાં પૂરેલો કીડો અને દેહ એ બાકીના આઠ ગુરુ કહેલા છે [૫૮।।-૫૯।।]

**અધ્યાય ૧૦:**

દશમા અને અગિયારમા અધ્યાયમાં બહારના અને અંદરના ભેદથી બે પ્રકારની યુક્તિઓ કહેલી છે. દશમા અધ્યાયમાં બહારના ભેદથી કર્મોથી પ્રાપ્ત થતા બહારના સર્વ લોકો ત્યાગ કરવા યોગ્ય હોવાથી તેમનો ત્યાગ કરવાની યુક્તિઓ કહેલી છે. અગિયારમા અધ્યાયમાં અંદરનો જીવ છે, તેના જીવભાવનો ત્યાગ કરવાની યુક્તિઓ કહેલી છે. દશમા અધ્યાયમાં કર્મથી પ્રાપ્ત થતા લોકોનો ત્યાગ કરવાની યુક્તિઓ કહેલી છે, પરન્તુ કોઈ-કોઈ વાર ગ્રહણ કરવા યોગ્ય લોકો હોવાનું જણાય છે. આવા લોકનું નિરૂપણ ૨૨ થી ૨૪ સુધીના શ્લોકોમાં કરેલું છે. આવા લોક ન હોય તો ત્યાગ થઈ શકે, પરન્તુ આવા પણ લોક હોવાથી તેમનો ત્યાગ કરવાનું અશક્ય (ઘણું કઠણ) થાય છે [૫૯।।-૬૧]

**અધ્યાય ૧૧ :**

તેથી અગિયારમા અધ્યાયમાં તેવા લોકનો પણ ત્યાગ થઈ શકે અને જીવભાવનો પણ ત્યાગ થઈ શકે તે માટે સાધુ અથવા ભક્ત નું નિરૂપણ કરેલ છે (શ્લો.૨૯-૩૩). આવો પુરુષ પોતે ભગવાનનો ભક્ત હોય છે અથવા ભગવાનના ભક્તના સંગવાળો હોય છે. આ અધ્યાયમાં ભગવાનના ભક્તના સંગવાળા સાધુનું નિરૂપણ કરેલું છે. કદાચ કોઈ પ્રસંગે આવો સાધુ પુરુષ ભક્તિમાર્ગનો બોધ કરે, તેથી ૩૪ થી ૪૮ સુધીના શ્લોકોથી ભક્તિનું નિરૂપણ કરેલું છે [૬૨]

**અધ્યાય ૧૨ :**

ભગવાને અધ્યાય ૭ થી અધ્યાય ૧૨ શ્લો.૧૫ સુધીમાં ઉદ્ધવને જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ એવા બે માર્ગ કહ્યા, અને બે માર્ગનાં શ્રવણથી સન્દેહ જરૂર થાય. તેથી ઉદ્ધવને સન્દેહ થયો. આ સન્દેહ માત્ર વચનથી એટલે માત્ર આજ્ઞા કરવાથી દૂર થાય નહિ, તેથી જે પ્રકારે સન્દેહ ન થાય એટલે સન્દેહ રહે જ નહિ એવો તર્ક કહેવો જોઈએ. તેથી એવો તર્ક ભગવાને તેને કહેલ છે અને તે કહેતાં માયિક જગત્નાં તેમજ બ્રહ્મરૂપ જગત્નાં સ્વરૂપનાં મૂળ, મધ્ય અને અન્ત કહેલાં છે.

ભગવાને ઉદ્ધવને જ્ઞાનનો બોધ આપતાં; જ્ઞાનમાં પણ ત્યાગ કરવા યોગ્ય માયિક જગત્ અને ભગવદ્રૂપ વિશ્વ પણ કહેલ. ભક્તિનો ઉપદેશ કરતાં બહારથી ભક્તોનો સંગ કરવાનું કહેલ અને અંદરથી ભગવાનને શરણ જવાનું પણ કહેલ. એ પ્રમાણે દરેક માર્ગનાં બે-બે સાધનો કહ્યાં તેથી ઉદ્ધવને સન્દેહ થયો (૧૧।૧૨।૧૬). આવો સન્દેહ ન રહે તે માટે ભગવાને અ.૧૨।૨૦ થી તર્ક કહ્યો. તેને બન્ને પ્રકારનાં જગતના મૂળ, મધ્ય અને અન્ત પણ કહ્યા. ભગવદ્રૂપ જગતનું મૂળ ''મારી વ્યક્તિ'' શબ્દથી, મધ્ય ''આ વેદરૂપ વાણી'' શબ્દથી(શ્લો.૧૮ માં) અને અન્ત ''છૂટી-છૂટી થયેલ શક્તિવાળો ઘણા પ્રકારે ભાસે છે'' (શ્લો.૨૦) થી કહ્યો.

શ્લો.૨૧ ના ઉત્તરાર્ધથી આરંભી માયિક જગત્નું સ્વરૂપ કહે છે. તેનું મૂલ ''આના બે બીજો છે'' (શ્લો.૨૨) એમ કહેલ હોવાથી પ્રકૃતિ અને પુરુષ ને કહેલ છે. મધ્ય ''એકસો મૂલવાળું'' (શ્લો.૨૨) વગેરે શબ્દોથી અને અન્ત ''માયામય'' (શ્લો.૨૩) શબ્દથી કહેલ છે.

એવી રીતે બન્ને પ્રકારના જગત્નાં મૂલ મધ્ય અને અન્ત કહી તેમના સ્વરૂપ જણાવેલા છે. આ ઉત્તરથી એમ જણાય છે કે ઉદ્ધવને જ્ઞાનમાર્ગમાં જ સન્દેહ થયેલો, ભક્તિમાર્ગમાં સન્દેહ થયેલો નહિ, તેથી તે ભક્તિમાર્ગનો અધિકારી હતો. તેથી જ ભગવાને તેને બે પ્રકારની પરમ ગુહ્ય ભક્તિનો ઉપદેશ અ.૧૧।૩૨ થી આરંભી કરેલો. જો તેને ભક્તિનો અધિકારી જાણ્યો ન હોત તો એ ઉપદેશ કરવાની જરૂર ન હતી, કારણ કે જ્ઞાનના બદલે કરવાની ઉપાસનાના અંગરૂપ ભક્તિ અ.૧૧।૨૨-૨૫ સુધીથી કહી અને ૨૯-૩૧ સુધીના શ્લોકોથી ભક્તના લક્ષણો કહ્યાં, એટલે જ્ઞાનનો તથા જ્ઞાન પ્રાપ્ત કરાવનારી જ્ઞાનનાં અંગરૂપ ભક્તિનો ઉપદેશ થઈ જ ગયેલ હોવાથી,

ઉદ્ધવના પ્રશ્નનો ઉત્તર આવી જ ગયો. તેથી અ.૧૧।૩૨ થી આરંભી અ.૧૨।૧૫ સુધીનો ભક્તિનો ઉપદેશ ભગવાને ઉદ્ધવને તેના અધિકાર પ્રમાણે જ કરેલો છે. તેથી જ જ્ઞાનનો ઉપદેશ તો ભક્તિ પ્રાપ્ત થાય તે માટે જ કરેલો અને આ સર્વ ભક્તિનું જ પ્રકરણ છે [૬૩-૬૪]

**અધ્યાય ૧૩ :**

તે માયિક જગત્નાં સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે સત્ત્વ વગેરે ગુણોનું તેરમા અધ્યાયમાં નિરૂપણ કરેલું છે (શ્લો.૧-૭). તેમનાં જ્ઞાનથી અન્તઃકરણના સંકલ્પ-વિકલ્પ વગેરે બન્ધન કરાવનારા બહારનું કર્મ વગેરે દોષો દૂર થાય છે [૬૫]

અન્તઃકરણ અને જ્ઞાન કરાવવાનો પ્રકાર સાત્ત્વિક હોઈ ગુણરૂપ જ છે. તેથી તેમના દોષો; ઉપર જે દેહ સહિત પચીસ ગુરુઓ અવધૂતે (દત્તે) કહેલા તેમનાથી પ્રાપ્ત થયેલ ઉપદેશથી, દૂર થયેલ નહિ. અન્તઃકરણ ગુણરૂપ હોવાથી, ભેદ જોવાની બુદ્ધિરૂપ તેનો દોષ તે ગુરુઓના બોધથી દૂર થયેલ નહિ, તેથી તે દોષને દૂર કરવા તેમનાથી જુદા ઉત્તમ ગુરુ આ અધ્યાયમાં કહેલા છે. અને તેમને પ્રશ્ન કરનારા પણ અવધૂત જેવા કહેલા છે. તેથી આ અધ્યાયમાં હંસ ગુરુ કહેલ છે અને સનક વગેરે બ્રહ્માના પુત્રો તેમને પ્રશ્ન કરનારા કહેલા છે. ભગવાન્ પોતે હંસનું સ્વરૂપ લઈ સનક વગેરેના સન્દેહને દૂર કરવા પધારેલા [૬૬-૬૬॥]

હંસ દૂધમાં ભળેલા પાણીનો ત્યાગ કરી કુદરતી દૂધ જ ગ્રહણ કરે છે. દૂધ અને પાણી ભેગાં કરેલાં હોય તેમાંથી પાણીનો ત્યાગ કરી દૂધ જ ગ્રહણ કરવાની શક્તિવાળો તે હોવાથી ભગવાન્ હંસનું સ્વરૂપ લઈ ઉપદેશ કરવા પધારેલા. તે ગુરુ હંસે ભગવદ્રૂપ જગત્નું સ્વરૂપ જુદુ-જુદુ સ્પષ્ટ દર્શાવેલ છે. અવધૂત દત્ત એમ જ માનતા કે દેહ પારકો છે, કારણ કે અ.૯।૨૫ માં એમ જ તેમણે કહેલ છે, જ્યારે હંસે આપેલ બોધ પ્રમાણે દેહનું અનુસન્ધાન જ રહેતું નથી (અ.૧૩।૩૬) તેથી હંસે જ્ઞાન અને ભક્તિના સમ્બન્ધમાં જણાવેલ નિર્ણય (અ.૧૩।૨૨-૪૦) ઉત્તમ છે [૬૬॥-૬૭॥]

હંસના નિર્ણય પ્રમાણે ત્રણ ગુણો અને પોતાનું ચિત્ત એ બન્નેનો ત્યાગ કરવાનો છે. જ્યારે જીવ શ્રીકૃષ્ણરૂપ થાય એટલે જ્યારે તેને ભગવાનનું સાયુજ્ય પ્રાપ્ત થાય, ત્યારે જ તેમનો ત્યાગ થઈ શકે. સર્વ દોષો દૂર થતાં ૧. ઘણી શ્રદ્ધાને લીધે, ૨. ભક્તિથી, ૩. ભગવાનનો પોતાની અંદર આવેશ થવાથી, અથવા ૪. ઉત્તમ ભક્તિને લીધે ભગવાન્માં પ્રવેશ થવાથી; એવા ચારે પ્રકારે સાયુજ્યની પ્રાપ્તિ થાય.

ઘણી શ્રદ્ધા હોય તો તે ફલ પ્રાપ્ત કરાવે છે એ સર્વત્ર પ્રસિદ્ધ છે. ભક્તિ પણ જીવને ગુણોથી પર કરી પરબ્રહ્મની પ્રાપ્તિ કરાવે છે (ભગ.ગીતા ૧૪।૨૬) આ અ.૧૩।૪૧-૪૨ માં કહેલ છે.

ભક્તિ ઉત્તમ પ્રકારની હોય તો ભગવાન્‌માં તેને લીધે પ્રવેશ થાય છે, એમ અહીં શ્લો.૪૧માં ભક્તિનાં 'પરા'-ઉત્તમ વિશેષણથી જણાવેલું છે. તેથી ઉત્તમ ભક્તિથી ભગવાન્‌માં પ્રવેશ થાય છે અને ઉત્તમ ભક્તિ બ્રહ્મભાવ થયા પછી થાય છે, અને બ્રહ્મભાવ વિશુદ્ધ બુદ્ધિથી શાન્તિ પ્રાપ્ત થવાથી થાય છે. તેથી આરંભમાં બુદ્ધિ શુદ્ધ કરવાની જરૂર છે અને તેમ કરવાનો ઉપાય ગુણો અને ચિત્ત એક-બીજાનો ત્યાગ કરે તે છે. જ્યારે બુદ્ધિમાં ભગવાનનો આવેશ થવાથી ભેદબુદ્ધિ દૂર થાય, ત્યારે જ ગુણો અને ચિત્ત એકબીજાનો ત્યાગ કરે છે. ''સર્વ ભગવાન્ છે'' એવું જ્યારે જ્ઞાન થાય ત્યારે જ ભેદબુદ્ધિ દૂર થાય છે. તેથી તેવું જ્ઞાન તર્કથી પ્રાપ્ત કરવું જોઈએ.

''સર્વ ભગવાન્ છે'' એમ સિદ્ધ કરવા હંસ ''સર્વ હું છું'' મારાથી જુદું કાંઈ નથી એમ કહે છે, અ.૧૩।૨૪). શ્લો.૨૫ તથા ૨૬ માં જીવ ભગવદ્રૂપ હોવાનું કહી એમ જણાવે છે કે શ્લો.૨૪માં 'હું' શબ્દ ભગવાન્ માટે જ યોજેલ છે.

પછી ગુણો અને ચિત્તનો ત્યાગ કરી શકાય તે માટે શ્લો.૨૭માં એમ કહે છે કે બુદ્ધિની સ્વપ્ન, જાગ્રત અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ છે. તેમના સાક્ષી તરીકે રહેલો જીવ તે અવસ્થાઓથી જુદો છે.

પછી શ્લોક ૨૮માં ગુણો અને ચિત્ત ના ત્યાગનું સ્વરૂપ અને તેમનો ત્યાગ કરવાનો ઉપાય કહે છે.

પછી શ્લો.૩૦ અને ૩૧માં ભેદબુદ્ધિ મિથ્યા હોવાનું અને તેવી બુદ્ધિવાળો અજ્ઞાની હોવાનું કહે છે.

પછી શ્લો.૩૨માં સ્વપ્ન વગેરે બુદ્ધિની ત્રણ અવસ્થાઓ જીવથી જુદી હોવાનું જણાય તે માટે જીવને સ્વપ્નમાં જોયેલ હોય તેનું સ્મરણ રહે છે એમ કહે છે, અને તેથી જીવ એ અવસ્થાઓનો સાક્ષી છે એવો એ તર્કથી નિર્ણય કરે છે.

શ્લો.૩૩માં બાકીના બધા સંશયો દૂર થાય તે માટે પોતાનું ભજન કરવાને બોધ કરે છે.

શ્લોક ૩૪ માં ગુણોથી થયેલી સૃષ્ટિ મિથ્યા હોવાનું તર્કથી જણાવે છે.

આમ હોવાથી ચિત્તની જેમાંથી ઉત્પત્તિ થાય છે તે ગુણો સમ્બન્ધી આ વાત આ અધ્યાયના આરંભમાં કરેલી હોવાથી, અને પછી શ્લો.૩૮માં તે સાંખ્ય અને યોગ નો ગુહ્ય ઉપદેશ હોવાનું કહેલ હોવાથી એમ સિદ્ધ થાય છે કે જુદા-જુદા મુનિઓએ કલ્પેલા ભેદભાવથી સિદ્ધ થતી ત્રણ ગુણોવાળી સૃષ્ટિ જ નાશવન્ત છે, કારણ કે તેનું મૂલ ભગવાન્‌થી જુદું છે, પરન્તુ અભેદવાદથી સિદ્ધ થતી ભગવાનની ઈચ્છાથી ઉત્પન્ન થયેલી ભગવદ્રૂપ સૃષ્ટિ નાશવન્ત નથી. સાતમા અને બારમા અધ્યાયમાં પણ આવો જ બોધ છે, એમ જણાવવા અહીં 'હંસગીતા' કહેલી છે. વેદમાં, ગીતામાં, બ્રહ્મસૂત્રોમાં, અણુભાષ્યમાં તથા વિદ્વન્મણ્ડનમાં પણ આવું જ જ્ઞાન ભક્તિ કરાવનારું હોવાનું જણાવેલ છે. તેથી જ તર્કથી પરોક્ષજ્ઞાન થયા પછી જ સર્વ સંશયો દૂર થાય તે માટે ભગવાનનો આવેશ થાય છે, એમ જણાવવા માયિક જગત્ અભેદબુદ્ધિવાળાને ભ્રમ ઉત્પન્ન કરતું

ન હોવાથી તેને દેહનું અનુસન્ધાન રહેતું ન હોવાનું અને તેનો દેહ પણ પ્રારબ્ધ કર્મ હોય ત્યાં સુધી જ રહેતો હોવાનું ૩૪-૩૬ સુધીના શ્લોકોથી કહેલું છે. આ પ્રમાણે સર્વ સાધનો થતાં, સંશયો બધા દૂર થતા હોવાથી સનક વગેરે સંશયરહિત થયા(શ્લો.૪૧). આથી તેમનામાં ભગવાનનો આવેશ થયેલ હોવાનું સૂચવેલ છે [૬૭।।-૬૯]

**અધ્યાય ૧૪ :**

ઉપર જણાવેલ અર્થ જ નિશ્ચિત છે, એ જ નિર્ણય વેદ પ્રમાણે પણ થાય છે એમ જણાવવા, ચૌદમા અધ્યાયના આરંભમાં મનુષ્યોનાં કલ્યાણ ક્યાં-ક્યાં છે તે કહેલું છે (શ્લો.૧-૧૦). શ્રીકૃષ્ણપણું એટલે શ્રીકૃષ્ણનું સાયુજ્ય પૂર્ણ ફલ ન હોય, તો તેના જેવું અથવા તેથી અધિક બીજું ફલ હોવું જોઈએ. તેમ જ ગુણો અને ચિત્ત એ બન્નેનો ત્યાગ ઉત્તમ સાધન (ઉપાય) ન હોય, તો તેથી જુદો તેના જેવો અથવા તેથી વધારે સારો બીજો ઉપાય હોવો જોઈએ. પણ સાયુજ્યથી અધિક ફલ તથા ગુણો અને ચિત્તના ત્યાગથી વધારે સારો ઉપાય નથી એમ જણાવવા જુદા-જુદા મત પ્રમાણે જુદાં-જુદાં કલ્યાણ અને તે પ્રાપ્ત કરવાના ઉપાયો આ પહેલા દશ શ્લોકમાં કહેલા છે [૭૦-૭૦।।]

ઉપર જણાવેલ નિર્ણય સિદ્ધ થાય તે માટે હવે એમ જણાવે છે કે બીજા બધાં ફલ (કલ્યાણ) આરંભ અને અન્ત વાળા હોઈ દુઃખકારક છે, જ્યારે ભગવાન્‌માં ચિત્ત રાખી તેમની ભક્તિ કરવાથી પ્રાપ્ત થતું ફલ ઉત્તમ છે. આ જણાવવા એમ કહેલું છે કે ભક્તિ સિવાયના જુદાં-જુદાં ફલ પ્રાપ્ત થાય છે (શ્લો.૧૦-૧૧) તે બધાં આરંભ અને અન્તવાળા હોઈ દુઃખદાયક છે. અને ભગવાન્‌માં ચિત્ત રાખનારને તેમની ઈચ્છા પણ થતી નથી (શ્લો.૧૪). ભગવાન્‌માં ચિત્ત રાખનાર સ્વરૂપનું બલ પ્રાપ્ત કરી ઉત્તમ અનન્ત ફલ પ્રાપ્ત કરે છે. જો ઉત્તમ ઉપાય; ગુણો તથા ચિત્ત નો ત્યાગ કરી ભગવાનની ભક્તિ કરવા સિવાય જુદો હોત, તો તેનાથી આરંભ અને અન્તવાળા ફલ પ્રાપ્ત ન થાત. જો પૂર્ણ ફલ ભગવાનની પ્રાપ્તિ સિવાય બીજું હોત તો ભગવાન્‌માં ચિત્ત રાખનારને તેની ઈચ્છા થાત, પરન્તુ તેમ થતું નથી. તેથી ભગવાનની પ્રાપ્તિ જ ઉત્તમ ફલ છે અને ભક્તિ (ભગવાન્‌માં ચિત્ત રાખવું તે) જ ઉત્તમ ઉપાય છે એવો તર્ક પણ કહેલો છે(શ્લો.૧૨ તથા ૧૪). વેદમાં પણ કર્મનાં ફળ આરંભ અને અન્ત વાળા હોવાનું અને આત્માની પ્રાપ્તિ ઉત્તમ ફળ હોવાનું કહેલ છે, વળી વેદનો સમન્વય કરતાં, ભગવાન્ જ આત્મા છે. તેથી વેદનું તાત્પર્ય પણ ભગવાનરૂપ ફલ પ્રાપ્ત કરવાનું જ છે [૭૦।।-૭૧।।]

શંકા : ફલ ગમે તે ઉપાયના ગમે તે થતાં હોય, પરન્તુ ભક્તિમાં જેમની ભક્તિ કરવામાં આવે તે અને ભક્તિ કરનાર એ બેમાં ભેદ હોવાથી અને જીવનું સ્વતન્ત્રપણુ રહેતું ન હોવાથી જીવને ભય થાય જ અને તેથી ભક્તિ ઉત્તમ સાધન નથી, એવી શંકા થાય,

સમાધાન : તો જાણવું કે જીવ ભગવાનનો સેવક હોવાથી સેવકની હલકી સ્થિતિ હોય તેમાં દોષ નથી. ૧૫-૧૭ સુધીના શ્લોકોનું એ જ તાત્પર્ય છે. જીવને ભક્તિમાં સ્વતન્ત્રપણું રહેતું ન હોવા છતાં, તેનામાં ભયરૂપ દોષ હોતો નથી એવો એ શ્લોકોનો અર્થ છે.

તેરમા અધ્યાયમાં સંક્ષેપથી શ્રદ્ધા કહેલી, તે આ અધ્યાયમાં ૧૭ સુધીના શ્લોકથી સિદ્ધ થાય છે. પછી ભગવાનની ભક્તિ ઉત્તમ હોવાથી ૧૮-૨૪ સુધી શ્લોકોથી સ્વરૂપથી, ૨૫ તથા ૨૬ શ્લોકોથી સાધનથી અને ૨૭ મા શ્લોકથી ફલથી ભક્તિનું નિરૂપણ કરેલું છે [૭૧।।-૭૩]

તે (ભક્તિ)નું સાધન ભગવાનનું ધ્યાન છે, તેથી ત્યાર પછી ૨૭ મા શ્લોકથી આરંભી ધ્યાનનું નિરૂપણ કરેલું છે. ચિત્ત ભગવાન્‌માં ચોંટે અને ભગવાન્ ચિત્તમાં પ્રવેશ કરે એ ધ્યાન કરવાનું પ્રયોજન છે. વિઘ્નો ન થાય તે માટે ધ્યાનના જુદા-જુદા પ્રકારો કહેલા છે એમ શ્લો.૩૭ થી જણાય છે. ધ્યાનથી શ્રીકૃષ્ણમાં ચિત્તનો પ્રવેશ થતાં બધા ભ્રમો દૂર થાય છે. દ્રવ્યના સમ્બન્ધમાં ''આ મારું-આ પારકું'' એવો, જ્ઞાનના સમ્બન્ધમાં ''પદાર્થો માયિક છે અને ભગવાન્‌થી જુદા છે'' એવો, અને ક્રિયાના સમ્બન્ધમાં ભગવાનનાં ભજન સિવાય બીજું કાંઈ કરવા યોગ્ય હોવાનો ભ્રમ; તેથી દૂર થાય છે. તેથી સર્વ સન્દેહ શ્રીકૃષ્ણથી જ દૂર થાય છે.

એ પ્રમાણે ભ્રમ દૂર થતાં શ્રીકૃષ્ણમાં ઘણા જ દૃઢ સ્નેહરૂપ ભક્તિનો બીજો અંશ પૂર્ણ થાય છે એમ જણાવ્યું. જ્ઞાનથી પણ ભગવાનનો પ્રવેશ ચિત્તમાં થાય ત્યારે પણ ભગવાનની ભક્તિ કરવી જોઈએ. (અહીં ક્રિયાનો ભ્રમ પણ દૂર થવાનું કહેલ હોવાથી આ પ્રકરણ ભક્તિનું જ છે અને ભક્તિમાટે જ કાર્ય કરવાનું હોવાનું સિદ્ધ થાય) [૭૪।।-૭૫।।]

**અધ્યાય ૧૫ :**

પંદરમા અધ્યાયનો પણ ઉપર કહ્યું તેમાં સમાવેશ થઈ જાય છે. આ અધ્યાયમાં ઉદ્ધવે સિદ્ધિઓ સમ્બન્ધી પ્રશ્ન કરેલ હોવાથી ભગવાન્ તેને સિદ્ધિઓનું સ્વરૂપ અને તે દરેક પ્રાપ્ત કરવાના પ્રકાર કહે છે. આ સિદ્ધિઓ ભગવાનને પ્રાપ્ત કરવા ઈચ્છનાર યોગીને વિઘ્ન કરનારી થાય છે (શ્લો.૩૩). તેથી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો યોગ્ય નથી. ભગવાનની યોગથી ઉપાસના કરનારને સિદ્ધિઓ પોતાની મેળે જ પ્રાપ્ત થાય છે (શ્લો.૩૧) તેથી સિદ્ધિઓ પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો નહિ.

**અધ્યાય ૧૬ :**

સોળમા અધ્યાયમાં ભગવાન્ કેવા સ્વરૂપવાળા છે એ જાણવા ઉદ્ધવ ભગવાનને પહેલા પાંચ શ્લોકોથી તેમની વિભૂતિઓ સમ્બન્ધી પ્રશ્ન કરે છે. આવો જ પ્રશ્ન ભગવદ્‌ગીતામાં અર્જુને કરેલો. ગીતાના અ.૧૮।૫૫ માં ભગવાન્ અર્જુનને કહે છે કે ''હું કેટલો છું એવું મારા સ્વરૂપનું યથાર્થ

જ્ઞાન ભક્તિથી થતાં મારામાં પ્રવેશ થાય છે''. અહીં તેવું જ્ઞાન શાથી થાય છે તે કહેલ નથી. ઉદ્ધવનો પ્રશ્ન એવો છે કે ''જે-જે પદાર્થોમાં ભક્તિથી આપની ઉપાસના કરનાર મોટા ઋષિઓ આપને પ્રાપ્ત કરે છે તે કહો'' (શ્લો.૩). ભગવાનનું સ્વરૂપ ભ.ગી ૧૦।૧૫ પ્રમાણે ભગવાન્ જ જાણતા હોવાથી ઉદ્ધવે પ્રશ્ન તેમને કરેલ છે.

ભગવાન્ કેવા સ્વરૂપવાળા કેટલા છે એ પ્રશ્નના ઉત્તરમાં શ્લો.૯ થી ભગવાન્ પોતે સર્વ પ્રાણીઓના આત્મા, મિત્ર અને ઈશ્વર હોવાનું ઉદ્ધવને કહે છે. અર્જુનને આ ઉપદેશ આપનાર ગુરુ પણ તેના સારથિથયેલ પોતે જ હતા એમ શ્લો.૬ વગેરેથી જણાવી, ભક્તો પોતાને પ્રિય હોવાનું ભગવાન્ કહે છે. પોતાનું સ્વરૂપ જણાવવા પોતે સર્વના આત્મા હોવાનું અને પોતે કેવા છે એમ જણાવવા સર્વ પ્રાણીઓરૂપ હોવાનું કહે છે (શ્લો.૯). અને પોતે કેટલા છે એમ જણાવવા પોતાની વિભૂતિઓ કહે છે (શ્લો.૧૦-૪૦). મુખ્ય ભક્તિ ભગવાનની જ કરવી જોઈએ. ભગવાન્ માત્ર વિભૂતિરૂપ નથી, એટલે ભગવાન્ આટલા (અમુક હદવાળા) જ નથી, એમ જણાવવા વિભૂતિઓ કહેલી છે. તેથી જ ''જેમ વાણીથી જુદા-જુદા પદાર્થો કહેવાય છે તેમ આ બધા મનના વિકારો જ છે'' એમ ભગવાન્ કહે છે (શ્લો.૪૧). તેથી ઉપર જણાવેલી વિભૂતિઓ ભગવાન્ નથી, પણ ભગવદ્રૂપ ભગવાનના અંશરૂપ જ છે. ભગવાનનું સાયુજ્ય માત્ર ભગવાનની ભક્તિથી જ થાય છે વિભૂતિઓની ભક્તિથી થતું નથી એમ જણાવવા વિભૂતિઓ કહેલી છે [૭૫।।-૭૭]

**અધ્યાય ૧૭-૧૮ :**

સત્તરમા અને અઢારમા અધ્યાય વર્ણાશ્રમના ધર્મોનું નિરૂપણ કરનારા છે. તે એમ જણાવે છે કે વર્ણાશ્રમના ધર્મોનું નિરૂપણ પણ ભક્તિ પ્રાપ્ત કરવામાં તે ઉપયોગી હોવાથી જ કરેલું છે. આ ધર્મ ભક્તિ પ્રાપ્ત કરાવનારા હોવાથી જ ઉદ્ધવ અ.૧૭।૧-૨ માં ધર્મ સમ્બન્ધી પ્રશ્ન કરે છે. આ ધર્મો કેવી રીતે આચરવાથી ભક્તિ પ્રાપ્ત થાય, એવો જ એ પ્રશ્નનો ભાવાર્થ છે. આ ધર્મો દુષ્ટ વાસનાઓનો નાશ કરી શુદ્ધિ કરાવે છે અને તેથી ભક્તિ પ્રાપ્ત કરાવનારા છે એમ સાતમા સ્કન્ધમાં કહેલું છે.

અ.૧૮।૪૦ માં કહેલું છે કે : ''સર્વ પ્રાણીઓમાં મારી સ્થિતિ જાણનાર જે પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે મારી અનન્યતાથી સેવા કરે છે, તે થોડા જ સમયમાં મારી ભક્તિ પ્રાપ્ત કરે છે.'' આ ઉત્તર પણ એમ જ જણાવે છે કે આ ધર્મો ભક્તિ પ્રાપ્ત કરાવવામાં જ ઉપયોગી છે. તેથી આ બે અધ્યાયો પણ ભક્તિના અંગરૂપ છે. ભક્તિ પ્રાપ્ત થાય તે માટે જ તેમાં વર્ણાશ્રમના ધર્મોનું નિરૂપણ કરેલું છે.

ભક્તિ સાધનરૂપ અને ફલરૂપ એવા બે પ્રકારની છે. વર્ણાશ્રમના ધર્મો સાધનરૂપ ભક્તિનાં અંગ છે, ફલરૂપ ભક્તિનાં અંગ નથી. શ્રવણ વગેરે સાધનરૂપ ભક્તિ છે અને પ્રેમલક્ષણા ભક્તિ

ફલરૂપ ભક્તિ છે. જો આ ધર્મો ફલરૂપ પ્રેમલક્ષણા ભક્તિનાં પણ સાધન હોય, તો અ.૧૮।૪૪ માંનો 'અનન્યતાથી' શબ્દ નિરર્થક થાય. તેથી જ ''સારી રીતે આચરેલો ધર્મ પણ જો ભગવાનની કથામાં પ્રેમ ઉત્પન્ન ન કરે તો તે માત્ર શ્રમ જ છે'' ૧।૨।૮ વગેરે વાક્યો ઘટે છે [૭૮]

**અધ્યાય ૧૯ :**

ઓગણીસમા અધ્યાયમાં જ્ઞાન પણ એવી રીતે ભક્તિનું અંગ હોવાનું જણાવેલ છે. આ અધ્યાયના પહેલા ત્રણ શ્લોકોમાં ભગવાન્ જ્ઞાનીઓની પ્રશંસા કરે છે, ચોથા શ્લોકમાં જ્ઞાનની પ્રશંસા કરે છે અને પાંચમા શ્લોકમાં જ્ઞાન ભક્તિનું અંગ હોવાનું કહે છે. છઠ્ઠા શ્લોકમાં જ્ઞાન મુનિઓને સિદ્ધિ પ્રાપ્ત કરાવનારું હોવાનું કહી, સાતમા શ્લોકમાં આ દેખાતું જગત્ માયામય હોવાનું જણાવી ઉદ્ધવમાં પણ તેવા વિકાર હોવાનું કહે છે. અ. ૧૮ શ્લો.૨૬ માં પણ, તેમજ કહેલું.

આ સાંભળવાથી ઉદ્ધવને સન્દેહ થાય છે કે જગત્ માયિક હોવાનું જ્ઞાન; ભક્તિના અંગરૂપ છે કે તે બ્રહ્મરૂપ છે એવું જ્ઞાન ભક્તિનાં અંગરૂપ છે. તેથી જ્ઞાનમાર્ગનું પોતાને સારી રીતે જ્ઞાન થાય તે માટે શ્લો.૮ માં ઉદ્ધવ ભગવાનને પ્રશ્ન કરે છે. તેનો સન્દેહ દૂર થાય તે માટે ભગવાન્ પોતે તેને ઉત્તર ન આપતાં, સર્વ ઋષિઓની સમ્મતિ જણાવવા યુધિષ્ઠિર અને ભીષ્મનો સંવાદ કહે છે. તે સમયે ધર્મરાજ યુધિષ્ઠિર પ્રશ્ન કરે છે અને ભીષ્મને ગુરુ કહેલા છે. મોક્ષ પ્રાપ્ત કરાવનારા ધર્મો કહેતા, જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ભીષ્મે તે સમયે સર્વ પદાર્થોનો નિર્ણય, સર્વ કર્મોનો નિર્ણય, તેમ જ સત્ય વગેરેનું સ્વરૂપ યુધિષ્ઠિરને કહેલાં. ભગવાન્ શ્રીકૃષ્ણે આ સાંભળેલાં, તે ભગવાન્ ઉદ્ધવને કહે છે.

બ્રહ્માથી આરંભી તણખલાં સુધીના પ્રાણીઓમાં [૧]પ્રકૃતિ [૨]પુરુષ [૩]મહત્તત્વ [૪]અહંકાર [૫-૯]પાંચ તન્માત્રાઓ [૧૦-૨૦]અગિયાર ઈન્દ્રિયો [૨૧-૨૫]પાંચ મહાભૂતો અને [૨૬-૨૮]ત્રણ ગુણો — એ અઠ્ઠાવીસ તત્ત્વો રહેલાં છે જ. તે બધામાં એક 'સત્' જોવામાં આવે તે ભગવાન્ સમ્બન્ધી જ્ઞાન છે. 'સત્'રૂપ કૈવલ્ય જેનાથી જણાય, જેનાથી એકલું સત્ જોવામાં આવે તે જ્ઞાન(શ્લો.૧૪). આને જ શ્રીભગવદ્‌ગીતા અ.૧૮।૨૦ માં સાત્ત્વિક જ્ઞાન કહેલું છે. અને અહીં પણ અ.૨૫।૨૪ માં સાત્ત્વિક જ્ઞાન કહેવામાં આવશે. અ.૧૯।૧૫-૧૬ માં આને જ વિજ્ઞાન કહેલું છે. આજ વિજ્ઞાન છે, કારણ કે બીજા કોઈ કારણ વિના, માત્ર એકથી જગત્‌નાં ઉત્પત્તિ સ્થિતિ અને પ્રલય થવાનું સમ્ભવતું નથી. તેથી બ્રહ્માથી તણખલાં સુધીના પદાર્થો ત્રણ ગુણવાળા છે, તેઓની ઉત્પત્તિ વગેરે જેનાથી જાણવામાં આવે તે જ વિજ્ઞાન છે એવો નિશ્ચય છે (શ્લો.૧૫). વળી એક ઉત્પન્ન થયેલ કાર્યમાંથી બીજા ઉત્પન્ન થનાર કાર્યમાં જે પ્રવેશ કરે, જે એક જ કારણ કાર્યના આરંભમાં મધ્યમાં અને અન્તમાં રહેલ હોય, અને વળી કાર્યનું પ્રતિસંક્રમણ અથવા પ્રલય (કારણમાં લય) થાય ત્યારે જે બાકી રહે, તેજ 'સત્' પદાર્થ છે, બીજા બધા તો આવી ચડેલા અથવા માની લીધેલા છે એવું જે

જ્ઞાન તે પણ વિજ્ઞાન છે (શ્લો.૧૬). આનું તાત્પર્ય એવું છે કે પદાર્થ માત્ર અઠ્ઠાવીસ તત્ત્વોમાંથી બનેલા છે એવા જ્ઞાનથી, તે બધા ત્રણ ગુણોવાળા છે એવું જ્ઞાન થાય તે વિજ્ઞાન છે. પછી શ્લો.૧૭માં વેદ, પ્રત્યક્ષ, ઈતિહાસ અને અનુમાન એ ચાર પ્રમાણ કહેલાં છે. તેમનાથી જેનો નિશ્ચય થતો નથી એવા વિકલ્પ (ભેદ), વિચારવાન્ પુરુષો કરતા નથી. તેવા ભેદ કરતાં અટકવું એ પ્રમાણ કહેવાનું પ્રયોજન છે. શ્લો ૧૮માં બ્રહ્મા સુધીના સર્વ પદાર્થો નાશવન્ત હોવાનું કહેલ છે. આ એમ જણાવવા કહેલ છે કે તેઓમાં શ્રદ્ધા ન રાખતાં માત્ર બ્રહ્મમાં જ શ્રદ્ધા રાખવી.

પછી આઠમા શ્લોકમાં ઉદ્ધવે ભગવાનની ભક્તિ સમ્બન્ધી પ્રશ્ન કરેલો, તેનો ઉત્તર શ્લો.૩૯ થી આરંભી કહે છે કે ભક્તિયોગ બારમા અધ્યાયમાં કહેલો, તે બીજું જે કહેલું છે તે બધા કરતાં ઉત્તમ છે. પછી ૨૫-૨૭ સુધીના શ્લોકોથી ભગવાન્ ચિત્ત, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને અણિમા વગેરે સિદ્ધિઓનાં લક્ષણો કહે છે. એ પ્રમાણે જ્ઞાનથી આરંભી ઐશ્વર્ય સુધીના સ્વરૂપનો નિર્ણય સર્વ ઋષિઓની હાજરીમાં ભીષ્મે નિશ્ચયપૂર્વક કહેલ. તેથી એમ જણાવ્યું છે કે જેમને માયામય કહેલા છે, તેમનાથી વૈરાગ્ય પ્રાપ્ત થાય તે માટે તેમને તેવા કહેલા છે. જ્યારે ગુણવાળા પદાર્થની તૃષ્ણા ન રહે તેટલો વૈરાગ્ય થાય, ત્યારે તે બ્રહ્મભાવ પ્રાપ્ત કરવામાં અનુકૂળ થતો હોવાથી ભક્તિમાં ઉપયોગી થાય છે. પછી શ્લો.૨૮-૫૪ સુધીમાં ઉદ્ધવના પ્રશ્નથી ભગવાન્ તેને યમ વગેરેનું સ્વરૂપ જણાવે છે, તે પણ મુખ્ય વિજ્ઞાનના અંગ તરીકે જણાવેલ છે. તેથી બન્ને પ્રકારનું જ્ઞાન ભક્તિનું અંગ છે તેવો નિર્ણય થાય છે [૭૯-૮૦॥]

**અધ્યાય ૨૦ :**

આ અધ્યાયમાં ઉદ્ધવ શંકા કરે કે વર્ણાશ્રમ વગેરેના ધર્મોના ગુણ-દોષ વગેરે વેદના પૂર્વકાંડમાં પણ જણાવી ભેદ જણાવેલ છે, તેથી ભેદ વાસ્તવિક ન હોય તો પૂર્વકાંડનો વિરોધ થાય (શ્લો.૧-૫). તેથી ભગવાન્ કર્મમાર્ગ, જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ એ ત્રણે માર્ગમાં જે વિરોધ ભાસે છે તે વિરોધ દૂર કરવાનો પ્રકાર કહે છે. અધિકારીના ભેદથી જુદા-જુદા માર્ગો કહેલા છે. અધિકાર પ્રમાણે જુદા-જુદા માર્ગો કહેલ હોવાથી તેઓમાં વિરોધ નથી (શ્લો.૩૭). વેદના પૂર્વકાંડમાં જુદા-જુદા કર્મોના પ્રકાર જણાવી જે ભેદ દર્શાવેલ છે તે હીન અધિકારવાળાઓને વૈરાગ્ય પ્રાપ્ત થાય તે માટે દર્શાવેલ છે (શ્લો.૨૫). તેનું તાત્પર્ય ભેદ સિદ્ધ કરવાનું નથી, પરન્તુ વૈરાગ્ય ઉત્પન્ન કરવાનું છે. તેથી પૂર્વકાંડ નકામો નથી, તેમજ ઉત્તરકાંડથી વિરુદ્ધ નથી, પરન્તુ બન્ને પરમ્પરાથી ભક્તિ ઉત્પન્ન કરનારા છે. આ અધ્યાય પણ ભક્તિના અંગરૂપ છે [૮૧]

**અધ્યાય ૨૧ :**

આ અધ્યાયમાં કર્મ, જ્ઞાન અને ભક્તિ એ ત્રણે માર્ગ આચરવાની જેનામાં શક્તિ ન હોય, પણ તે પૈકી કોઈ પણ માર્ગમાં શ્રદ્ધાવાળો હોય, તેનું શું થાય ? એ વિષયનો વિચાર કરી, તેવાને માટે શુદ્ધિપ્રકરણ કહેલું છે.

અહીં આરંભમાં એમ કહેલું છે કે જેઓ કર્મ વગેરે ત્રણે માર્ગ તજી ક્ષુદ્ર કામો ભોગવ્યા કરે છે તેઓ સંસારમાં જ ભમ્યા કરે છે (શ્લો.૧). પછી પોતપોતાના અધિકારમાં રહેવું તે ગુણ છે અને તેમ ન કરતાં બીજા માર્ગ પ્રમાણે વર્તન કરવું તે દોષ છે (શ્લો.૨), એમ કહી ભક્તોને ભક્તિમાર્ગનો, જ્ઞાનીઓને જ્ઞાનનો અને કર્મમાર્ગવાળાઓને કર્મનો જ અધિકાર હોવાનું જણાવી, શુદ્ધિનું પ્રકરણ કહેલું છે. તેમાં દેશ, કાલ અને દ્રવ્યોની શુદ્ધિ જણાવેલી છે. હીન અધિકારવાળા જે આ ત્રણ પૈકી કોઈ માર્ગ આચરવાની શક્તિવાળા ન હોય, પરન્તુ તે પૈકી કોઈપણ માર્ગમાં શ્રદ્ધાવાળા હોય, તેમને આ ત્રણ માર્ગ સિવાયનો કોઈ ઉપાય કહેવો જોઈએ. તેથી તેવા માટે આ પ્રકરણ કહેલ છે. તેવાઓએ આ પ્રકરણમાં કહેલ જુદા-જુદા પ્રકારની શુદ્ધિ જાણી, ધીરે-ધીરે સંગનો ત્યાગ કરવો જોઈએ.

શુદ્ધિઓ જણાવ્યા પછી વેદના અર્થનો નિર્ણય કરેલો છે, એટલે શાસ્ત્રોનો અર્થ શું છે તે જણાવેલ છે. તેથી શુદ્ધિના પ્રકરણમાં ગુણ-દોષ વગેરે ભેદ કહેલા છે તે; માર્ગનાં સાધનો કરી ન શકે તેવા હલકા અધિકારવાળાઓએ શું કરવું તે જણાવવા જ કહેલા હોવાથી અને અહીં જ વેદના અર્થનો પણ નિર્ણય કરેલો હોવાથી આ અધ્યાય પણ ભક્તિના અંગરૂપ જ છે [૮૨]

**અધ્યાય ૨૨ :**

બાવીસમા અધ્યાયમાં ઉદ્ધવને તત્ત્વો સમ્બન્ધી સંશય થાય છે. ભેદ માત્ર માયાથી જણાય છે એમ અ.૨૧।૪૩ માં કહેલું છે. વેદના જ્ઞાનકાંડમાં ભેદ ન હોવાનું કહેલું છે અને જયાં ભેદ જણાય ત્યાં ભેદ દૂર કરી અભેદ જાણવાનું કહેલ છે. એમ શ્રવણ કરેલ હોવાથી ઉદ્ધવને સન્દેહ થાય છે કે અ.૧૯ માં તત્ત્વો ૨૮ કહ્યાં, તે સંખ્યા તત્ત્વો ૨૮ કહ્યાં, તે સંખ્યા પણ માયિક હોવાથી; શા માટે સ્વીકારવી ? આ સમ્બન્ધી જ્ઞાન પ્રાપ્ત કરવા ઉદ્ધવ તત્ત્વોની સંખ્યા વિષે પ્રશ્ન કરે છે (શ્લો.૧-૩). આના ઉત્તરમાં ભગવાને જુદી-જુદી સંખ્યાના તત્ત્વો હોવાનું જણાવનારાના મતને તર્કના આધારવાળા કહ્યા (શ્લો.૨૫). તેથી ભેદ જ વાસ્તવિક હોવાનું જણાવાથી પ્રકૃતિ અને પુરુષનો ભેદ જાણવા માટે જ વૈરાગ્યની જરૂર છે. પરન્તુ ભક્તિ માટે વૈરાગ્યની જરૂર નથી એમ માની, ઉદ્ધવ ફરીથી પ્રકૃતિ અને પુરુષના ભેદનાં જ્ઞાન સમ્બન્ધી પ્રશ્ન કરે છે (શ્લો.૨૬-૨૮). અન્તકરણ અને ગુણો એકબીજામાં ભળેલા હોવાથી, તે જુદાં હોવાનું જ્ઞાન હોવા છતાં તેઓ એકબીજાથી છૂટાં થવાનાં કારણ સમ્બન્ધી જેવા સન્દેહ સનક વિગેરેને થયેલ (અ.૧૩।૧૭) તેવો સન્દેહ અહીં ઉદ્ધવને પ્રકૃતિ અને પુરુષ સમ્બન્ધી થાય છે (શ્લો.૨૬-૨૮). તે વિષયમાં એવો નિર્ણય કરેલો છે કે પ્રકૃતિ અને પુરુષ બન્ને હરિ(ભગવદ્રૂપ) જ છે [૮૩]

આ ઉત્તર આપતાં ભગવાન્ ઉદ્ધવને કહે છે કે પ્રકૃતિ અને પુરુષનો ભેદ વિકારોથી થયેલો છે (શ્લો.૨૯) અને વિકારોથી ભેદ ઉત્પન્ન કરવા ભગવાનની માયા આધિદૈવિક આધ્યાત્મિક અને આધિભૌતિક એવા ત્રણ પ્રકારના ભેદવાળી બુદ્ધિ ઉત્પન્ન કરે છે (શ્લો.૩૦).

પછી શ્લો. ૩૧માં ચક્ષુના દૃષ્ટાન્તથી એમ જણાવે છે કે એક જ પદાર્થ ઉપાધિને લીધે એક બીજાના ઉપર આધાર રાખનાર અંશો તરીકે ત્રણ પ્રકારનો જણાય છે, અને અંશી તેમનાથી જુદો છે. પરન્તુ આકાશમાં રહેલા સૂર્યની પેઠે પ્રકૃતિ વગેરેથી જુદો આત્મા આદ્ય છે, અને પોતાના અનુભવરૂપ ગુણથી સર્વનો અનુભવ કરાવનારો છે, તે પ્રમાણે ઈન્દ્રિયો ત્રણ પ્રકારની છે. વિકાર પ્રકૃતિથી ઉત્પન્ન થાય છે અને પદાર્થો જુદા છે એવો ભેદવાદ આત્માનાં સ્વરૂપનાં અજ્ઞાનને લીધે ઉત્પન્ન થતો હોવાથી વ્યર્થ હોવા છતાં, 'સ્વલોક' શબ્દથી જણાવેલ પોતાના આત્મા સુધી જ પહોંચે છે અને ભગવાન્‌થી જેમની બુદ્ધિ પાછી ફરે છે, ભગવાન્ સુધી જેઓની બુદ્ધિ પહોંચતી નથી તેવાઓની બુદ્ધિમાં જ રહે છે (શ્લો.૩૩). તેથી પ્રકૃતિ અને પુરુષ વાસ્તવિક રીતે જુદાં નથી, પરન્તુ જેમ વેદના પૂર્વકાંડમાં જણાવેલ ભેદ; વૈરાગ્ય પ્રાપ્ત કરવા માટે ઉપયોગી છે, તેમ આમને પણ વાસ્તવિક રીતે બન્ને ભગવદ્રૂપ હોવા છતાં જુદાં કહેલાં છે. તેથી ભગવાન્‌થી વિમુખ રહેનારાઓને માયાથી પદાર્થ ત્રણ પ્રકારના હોવાનું જણાય છે, પરન્તુ તાત્પર્ય અભેદમાં જ છે.

ભગવાન્‌થી વિમુખ રહેનારાઓનો સંસાર બંધ પડતો નથી (શ્લો.૩૪). તે કેવી રીતે ચાલ્યા જ કરે છે એ શ્લો. ૩૬માં કહેલું છે. ભગવાન્‌થી વિમુખ રહેવાથી ભેદબુદ્ધિ ચાલુ રહેતી હોવાથી, એ અપરાધના સમ્બન્ધને લીધે પ્રવૃત્તિ કર્યા કરવાની બુદ્ધિવાળાનો સંસાર કોઈ પણ સમયે ફીટતો નથી. ફીટાડવાનો પ્રકાર શ્લો.૫૬માં કહેલો છે [૮૪]

આ શંકાનો ત્યાગ કરવો જોઈએ, આ શંકા મનના દોષને લીધે થાય છે, પોતાની મેળે થતી જ નથી. મન દુષ્ટ હોય ત્યાં સુધી તે દૂર થતી પણ નથી. તેથી મનને દંડ કરવામાં કાંઈપણ અપરાધ અથવા દોષ થતો નથી. અહીં પણ પ્રકરણથી એમ સિદ્ધ થાય છે કે પ્રપંચમાં રહેનારાઓને સંસારમાં વૈરાગ્ય થાય તે માટે પ્રપંચ માયિક હોવાનું કહેલું છે, અને વૈરાગ્ય; ભક્તિ પ્રાપ્ત કરવામાં ઉપયોગી છે [૮૫]

**અધ્યાય ૨૩ :**

૨૨ મા અધ્યાયના અંતે દુષ્ટોએ કરેલ અપરાધ કેવી રીતે સહન થઈ શકે તે વિષે ઉદ્ધવે ભગવાનને પ્રશ્ન કરેલ (અ.૨૨।૫૯). તેથી આ અધ્યાયમાં ભગવાન્ તેને મનને દંડ કરવાનો પ્રકાર અને દંડાએલ મનને જાણવાનો પ્રકાર કહે છે. જો બીજાઓએ કરેલ અપરાધો સહન થઈ શકે તો જ મનને દંડ થયેલ છે એમ જાણવું. મનને દંડ કરવાનાં સાધનનું અને દંડાયેલ મનનું જ્ઞાન કરાવનાર ગુરુ; અવંતિનો બ્રાહ્મણ ભિક્ષુક કહેલ છે [૮૬]

તે ભિક્ષુક બ્રાહ્મણની પેઠે જો કોઈ ચિન્તન કરે તો તેનાં મનને દંડ થયેલ હોવાનું જાણવું. મનથી જો પદાર્થમાત્રનો ત્યાગ કરવામાં આવે તો આ વિષયમાં બીજું કાંઈ પણ સાધન કરવાનું રહેતું નથી. તેથી આ અધ્યાય પણ બાવીસમા અધ્યાયનો અંગભૂત છે. ૪૩ થી ૫૮ સુધીના શ્લોકોથી ભિક્ષુ ગીતા કહેલી છે [૮૭]

**અધ્યાય ૨૪ તથા ૨૫ :**

ભેદ સત્ય ન હોવા છતાં તે જોવામાં આવે છે, તેથી તે પ્રસંગને લીધે પ્રાપ્ત થયેલો અથવા માની લીધેલો હોય છે એવો સન્દેહ રહે છે. અભેદબુદ્ધિ દઢ કરવા, ભેદનાં સ્વરૂપ સમ્બન્ધી આ સન્દેહ દૂર કરવા અને ૨૮ તત્ત્વો હોવાનો મત ઉપર કહ્યો તે ઉપયોગી હોવાનું જણાવવા; ૨૪ તથા ૨૫ મો એ બે અધ્યાયો કહેલા છે. જ્યારે ફલ પ્રાપ્ત કરાવવામાં મન સાધનરૂપ થાય એમ કોઈ પણ સમયે ઈચ્છે, ત્યારે સાંખ્ય મતમાં કહેલા પ્રકારે સર્વનું જ્ઞાન પ્રાપ્ત કરે, તો તે મોહ પામતો નથી. તેથી અધ્યાય ૨૪ માં સાંખ્યમત કહેલો છે [૮૮]

જો ગુણથી મોહ થાય તો તે ગુણો ઉપર જે પ્રકારે જય થાય તે પ્રકાર અને ગુણોનું તથા ચિત્તનું (મનનું) સ્વરૂપ પચીસમા અધ્યાયમાં કહેલા છે. અને તત્ત્વો ૨૮ જ છે એવું ભાન ન રહે તે માટે નિર્ગુણ પદાર્થોનું સ્વરૂપ પણ તે અધ્યાયમાં કહેલું છે.

આનો અર્થ એવો છે કે અ.૧૯।૬ થી જ્ઞાનની પ્રાપ્તિ ભક્તિનાં અંગ તરીકે કહી, પછી ૧૪ થી ૧૬ સુધીના શ્લોકોથી બે પ્રકારના જ્ઞાન અને વિજ્ઞાનનું સ્વરૂપ કહ્યું, એ પ્રમાણે જ્ઞાન થયા પછી જો ભજન કરવું હોય, તો સુયાસી થઈ ૨૦ તથા ૨૩ મા અધ્યાયમાં જણાવ્યા પ્રમાણે મનને દંડ કરી ભજન કરવું, પરન્તુ જો તેવો સુયાસી થવાનો અધિકાર ન હોય, તો બીજા આશ્રમમાં રહી ૨૪ તથા ૨૫ મા અધ્યાયમાં જણાવેલ પ્રકારે, 'તત્ત્વો ૨૮ છે' એ મત પ્રમાણે તેઓમાં જણાતો ભેદ પ્રસંગને લીધે આવેલ છે એમ જાણી, આધિદૈવિક વાદનો આશ્રય કરી જ્ઞાન પ્રાપ્ત કરી ભજન કરવું. આવું આ બે અધ્યાયોનું તાત્પર્ય છે એમ અ.૨૫।૩૨ ના ઉત્તરાર્ધથી આરંભી ૩૬ મા સુધીના શ્લોકોથી જણાવેલ છે.

તેથી અધિકાર પ્રમાણે વૈરાગ્ય અથવા શ્રદ્ધા સાક્ષાત્ અથવા પરમ્પરાથી ભક્તિના અંગરૂપ થાય છે. ભજનનો પ્રકાર અ.૧૨।૩૪થી આરંભી કહેલ છે અને અ.૧૯।૧૯ ના ઉત્તરાર્ધથી આરંભી કહેલ છે, તે પોતપોતાના અધિકાર પ્રમાણે પોતે કરવાનો જાણી લેવો. ભક્તિનું સ્વરૂપ અ.૧૨।૧-૧૫ થી કહેલું છે. તેથી મુખ્ય અધિકાર હોય તો અ.૧૨।૧૫ માં જણાવ્યા પ્રમાણે ભગવાનને શરણ જવું એ જ સાધન છે. મધ્યમ અધિકાર હોય તો અ.૧૯ માં જણાવ્યા પ્રમાણે આત્મસમર્પણ કરી ભજન કરવું અને હીન અધિકાર હોય તો અ.૧૧ માં જણાવ્યા પ્રમાણે ભજન કરવું. તેથી આ સર્વ ભક્તિના અંગરૂપ છે [૮૯-૮૯।।]

**અધ્યાય ૨૬ :**

આ અધ્યાયમાં પુરુરવસની કથા એમ જણાવવા કહેલી છે કે ભક્ત થયેલ હોય, છતાં એ દુઃસંગ થવાથી પાછો નાશ પામે તો દુઃસંગથી નાશ પામેલો તે પાછળથી દુઃસંગનો ત્યાગ કરી મુક્તિ પ્રાપ્તિ કરે છે. આ વિષયમાં પુરુરવસને જ ગુરુ કહેલો છે. તેણે પોતે જ પોતાના વૃત્તાન્તથી બોધ

લીધેલો, અને વૈરાગ્ય પ્રાપ્ત કરેલો. આ અધ્યાય પણ એવા પ્રસંગોમાં વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો બોધ કરતો હોવાથી ભક્તિના અંગરૂપ છે.

**અધ્યાય ૨૭ :**

ભગવદ્‌ગીતા અ.૧૬।૫ માં દૈવી સંપત્ મોક્ષ પ્રાપ્ત કરાવનારી હોવાનું કહેલ છે. તેથી દૈવી સંપત્‌માં જન્મેલ હોય તેનો અવશ્ય મોક્ષ થવો જોઈએ. તેવાને પણ જો વાસનાને લીધે દુઃસંગ થાય, તો મોક્ષ પ્રાપ્ત થવામાં વિઘ્ન થાય, તેવી સ્થિતિમાં જ જો તેનો દેહ પડે, અને બીજા જન્મમાં તેને પોતાની પહેલાંની સ્થિતિનું સ્મરણ ન રહે, તો તે જન્મમાં જ્યારે આરંભેલ કર્મના ફલ ભોગવાઈ જાય, ત્યારે તેની દૈવી સંપત્ અને તેના ગુણો જાગ્રત થાય છે, એટલે તેને મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા થાય છે. તેવાની પછી શી ગતિ થાય ? તેનો ઉદ્ધાર કેવી રીતે થાય ? એ જાણવાના આશયથી ઉદ્ધવ આ અધ્યાયમાં પ્રશ્ન કરે છે(શ્લો.૧-૫). ભગવાન્ તેને ઉત્તર આપતાં જુદા-જુદા ઋષિઓએ કહેલ કર્મકાંડ પ્રમાણે સંક્ષેપથી ભગવાનની પૂજા કરવારૂપ તેવા અધિકારીનું યોગરૂપ સાધન કહેલ છે. અન્તમાં શ્લો.૫૩માં કહે છે કે : ‘‘જે એવી રીતે મારી પૂજા કરે તેને ભક્તિયોગ પ્રાપ્ત થાય છે’’ તેથી આ અધ્યાય પણ ભક્તિના અંગરૂપ છે [૮૯।।-૯૨]

**અધ્યાય ૨૮ :**

અઠ્ઠાવીસમા અધ્યાયમાં પણ તેવા પુરુષને વૈરાગ્યની જરૂર હોવાથી, વૈરાગ્ય થાય તે માટે માયાવાદનો અને ભક્તિ થાય તે માટે બ્રહ્મવાદનો ભગવાન્ ઉપદેશ કરે છે(શ્લો.૧-૯). હરિની પૂજા કરવાથી તેને પોતાની જાતિ (પોતે દૈવી સૃષ્ટિમાં ઉત્પન્ન થયેલ હોવા)નું સ્મરણ થાય છે, અને તેને જે જ્ઞાન થાય છે તે અહીં ભગવાન્ પોતે સર્વ સાધનો સાથે કહે છે [૯૩]

પછી ઉદ્ધવ તે સમજી શકે તે માટે ભગવાન્ તેને માયાવાદ સમ્બન્ધી અને બ્રહ્મવાદ સમ્બન્ધી બધી યુક્તિઓ કહે છે(શ્લો.૧૨-૩૭). જેમ ખોટી રીતે દવા કરેલો રોગ વારંવાર વધી દુઃખ દે છે, તેમ ખરાબ રીતે યોગ આચરનાર યોગીનું મન તેનાં સર્વે અંગને વીંધે છે (શ્લો.૨૭). તેવા રોગ તેને ન થાય તે માટેના સાધનો પણ ભગવાન્ કહે છે (શ્લો.૩૮-૪૪).

શંકા : પાતઞ્જલસૂત્ર પ્રમાણે પ્રકૃતિ અને પ્રાકૃત પદાર્થોનો વૈરાગ્ય ભેદવાદીઓએ પણ ઈચ્છવા યોગ્ય હોવાથી, અહીં તે કહેલ છે એમ ન માનતાં, માયાવાદ કહેલ હોવાનું કેમ માનો છો ? એવો પ્રશ્ન થાય,

સમાધાન : તો જાણવું કે અહીં પણ જીવના સમ્બન્ધવાળો વૈરાગ્ય જ કહેલ છે એમ આ અધ્યાયના શ્લો.૧૬ તથા ૨૨ થી સ્પષ્ટ સમજાય છે. વળી આ યુક્તિઓનું તાત્પર્ય માયાવાદમાં જ નથી, કારણ કે ૧૮ થી ૨૧ સુધીના શ્લોકોમાં બધાં કાર્યો બ્રહ્મરૂપ જ છે એવો ઉપદેશ સ્પષ્ટ

કરેલો છે. તેથી ભેદનું જ્ઞાન જ માયિક છે, પરન્તુ ભગવાને પોતાની ઇચ્છાથી રચેલ પ્રપંચ માયિક નથી એમ જણાતું હોવાથી, ગ્રન્થનું તાત્પર્ય બ્રહ્મવાદમાં જ પરિણમે છે એવો નિશ્ચય થાય છે. તેથી આ અધ્યાય પણ ભક્તિનાં અંગરૂપ જ છે [૯૪]

**અધ્યાય ૨૯ :**

અઠ્ઠાવીસમા અધ્યાયમાં જે સાધનો કહ્યાં, તે કરવા પણ ઉદ્ધવ શક્તિમાન નથી અને તે ફલ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો છે એમ તેનાં વચનો (શ્લો.૧-૬)થી વિચારી ભગવાન્ તેને સહેલાઇથી થઈ શકે એવા પ્રકારનું સર્વના મિશ્રણવાળું સાધન કહે છે (શ્લો.૮-૩૪) [૯૫]

તે પણ ઉદ્ધવ કરી શકશે નહિ એમ જાણી ભગવાન્ તેને બદરી મોકલે છે અને ત્યાં જઈને કરવાનાં સાધન પણ કહે છે કે જેથી ભગવાને આપેલો બોધ તે સમજી શકે (શ્લો.૪૧-૪૪). ઉદ્ધવ બદરી જઈ, ત્યાં ભગવાને કહેલાં સાધનો કરી હરિની ગતિ પ્રાપ્ત કરે છે (શ્લો.૪૬-૪૭). આ પણ ભક્તિને બદલે કરવાનાં સાધનો હોવાથી આ અધ્યાય પણ ભક્તિનાં અંગરૂપ છે [૯૬]

એ પ્રમાણે છઠ્ઠાથી ઓગણત્રીસમા અધ્યાય સુધીના ચોવીસ અધ્યાયોથી ભગવાનનાં સાયુજ્યરૂપ જીવની મુક્તિ કહી.

શંકા : અહીં કોઈ એવી શંકા કરે કે : ''ભગવાન્ ઉદ્ધવને ઉપદેશ કરે છે તેના આરંભમાં ''તું નાશવંત જાણ''(અ.૭।૭) ''વિશ્વને મારારૂપ જોતાં'' (અ.૧૩।૧૨) એમ કહે છે. અને અન્તમાં ''આ તને બ્રહ્મવાદનો સર્વ સાર કહ્યો''(અ.૨૯।૨૩) એમ કહેલ છે. તેથી આ જ્ઞાનનું જ પ્રકરણ છે. ''જો તું મનને બ્રહ્મમાં નિશ્ચલ રાખવા શક્તિમાન ન હો, તો કોઈ (ફલ)ની ઇચ્છા રાખ્યા વિના મારા માટે સર્વ કર્મો કર''. એમ ભક્તિ તો જ્ઞાન ન થઈ શકે તો જ કરવાની છે. તેથી આ ઉપદેશનું તાત્પર્ય ભક્તિ હોઈ શકે નહિ. તેથી આ ભક્તિનું પ્રકરણ નથી, પણ જ્ઞાનનાં અંગ તરીકે જ ભક્તિ કહેલી છે.

સમાધાન : આ શંકા અયોગ્ય છે. આ પ્રકરણનું તાત્પર્ય ભક્તિ છે એમ જણાવનારાં ઘણાં ચિન્હો હોવાથી, આરંભમાં અને અન્તમાં કહેલા શબ્દોથી જ નિર્ણય થઈ ન શકે.

આ ભક્તિનું જ પ્રકરણ છે, અને જ્ઞાન; ભક્તિના અંગ તરીકે જણાવેલું છે, કારણ કે અ.૧૧ ના અન્તે શ્લોક ૪૯ માં ભગવાન્ ઉપદેશ કરે છે કે : ''તું મારો સેવક હિતચિંતક અને સખા હોવાથી ઘણું ગુપ્ત રાખવા યોગ્ય પરમ ગુહ્ય રહસ્ય હું તને કહીશ''. પછી બારમા અધ્યાયના આરંભથી જ ભક્તિનો ઉપદેશ કરે છે. વળી ''મારી કામના કરનારી, મારું સ્વરૂપ ન જાણનારી, મને રમણ કરનાર જાર માનનારી અબલાઓને પણ મારી પરબ્રહ્મની પ્રાપ્તિ થઈ'' એમ (અ.૧૨।૧૩ માં)

જ્ઞાન વિના પણ સ્નેહથી જ સંગ કરવાથી જ ગોપીઓને ભગવાનની પ્રાપ્તિ થયાનું કહેલ છે, અને તે પણ સેંકડો અને હજારો ગોપીઓને ભગવાનની પ્રાપ્તિ થયેલ હોવાનું કહેલ હોવાથી આ પ્રાપ્તિ કાંઈ ''કાગને બેસવું અને તાડને પડવું'' એવા અકસ્માતથી થયેલ નથી એમ જણાય છે.

તેરમા અધ્યાયમાં હંસગીતામાં પણ પદાર્થ જુદા -જુદા જણાય છે એવો ભ્રમ દર્શાવનાર જ્ઞાન કહી, પછી તેત્રીસમા શ્લોકથી મનની જાગ્રત વગેરે ત્રણ અવસ્થાઓ માયાથી થયેલી છે એવો નિશ્ચય કરી અનુમાન અને ઉત્તમ પુરુષોનાં વચનરૂપ તીક્ષ્ણ જ્ઞાનરૂપ તલવારથી સર્વ સંશયોનો નાશ કરી પદાર્થો જુદા-જુદા હોવાનો ભ્રમ દૂર કરવાનું જણાવી, ''મારું ભજન કરો'' એવો જ ઉપદેશ કરેલો છે. તેથી જ્ઞાન; ભક્તિનું અંગ હોવાનું સ્પષ્ટ પ્રકારે જ જણાવેલું છે.

ઓગણીસમા અધ્યાયમાં પણ ''જ્ઞાન અને વિજ્ઞાન પ્રાપ્ત કરી ભક્તિભાવથી મારું ભજન કર'' (શ્લો.૫) એમ કહી ભક્તિ પ્રાપ્ત થાય તે માટે જ શ્રદ્ધા અને વૈરાગ્યનો ઉપદેશ કરેલો છે, કારણ કે ઝડપથી ભક્તિ ઉત્પન્ન થાય તેવાં સાધનો કહી, ''હે ઉદ્ધવ ! આત્મનિવેદન જેમણે કરેલું છે તેવા પુરુષોને આવા પ્રકારના ગુણોથી મારામાં ભક્તિ થાય છે. આને બીજો કયો પદાર્થ પ્રાપ્ત કરવો બાકી રહ્યો ?'' (શ્લો.૨૪) એમ ભક્તિની પ્રશંસા કરેલી છે.

વળી ચૌદમા અધ્યાયમાં ભક્તિનું બલ અને તેની તથા તેનાં ફલની સરસાઈ કહી, અંગો સાથે ધર્મ અને જ્ઞાન તેનાથી હલકાં હોવાનું જણાવેલ છે (શ્લો.૧૨-૨૮).

સોળમા અધ્યાયમાં પણ અન્તે વાણી મન વગેરેને ભગવાન્ પ્રતિ ભક્તિવાળી બુદ્ધિથી જ વશ કરવાનું કહેલ છે (શ્લો. ૪૪).

સત્તરમા તથા અઢારમા અધ્યાયમાં પણ ભક્તિ ઉત્પન્ન થાય તે માટે વર્ણાશ્રમના ધર્મો કહેલા છે એમ; અઢારમા અધ્યાયના અન્તે ''વર્ણાશ્રમવાળાઓનો આચારરૂપ આ ધર્મ મેં તને કહ્યો તે જ મારી ભક્તિ સાથે ભળવાથી ઉત્તમ કલ્યાણ પ્રાપ્ત કરનારો થાય છે'' (શ્લો.૪૭) ઉપરથી, સ્પષ્ટ જણાય છે.

ત્યાર પછીના અધ્યાયો પણ ભક્તિનાં અંગરૂપ અથવા ભક્તિ ન થઈ શકે ત્યારે કરવાનાં સાધન જણાવનારાં હોવાથી સર્વ સ્થલે ભક્તિનું જ મુખ્યપણું છે, અને ભક્તિમાં જ સર્વનું તાત્પર્ય હોવાનો નિશ્ચય થતો હોવાથી, આરંભમાં અને અંતે જે કહ્યું તે ઉપરથી જ પ્રકરણ જ્ઞાનનું હોવાનું સિદ્ધ થતું હોવાનું સિદ્ધ થતું નથી. પરંતુ આરંભમાં જે જ્ઞાનનો ઉલ્લેખ કરેલ છે, તે મૈત્રેયી બ્રાહ્મણમાં જીવાત્માનો આરંભ કરેલ છે તેની પેઠે સહેલાઈથી પ્રાપ્ત થાય તેવું હોવાનું જણાવવા કરેલ છે, અને છેવટે જે બ્રહ્મવાદનો ઉલ્લેખ કરેલો છે, તે માયાવાદ વગેરે વાદો આના અંગરૂપ હોવાનું જણાવવા કરેલ છે, એમ જાણવું.

શંકા : અ.૧૨।૧૩ માં ‘‘મારી કામના કરનારી, મારૂં સ્વરૂપ ન જાણનારી, મને રમણ કરનાર જાર માનનારી...’’ વગેરે જે ગોપીઓ કહી, તે તો ભગવાને વેણુનાદ કર્યો ત્યારે જે ઘરમાં હતી અને વનમાં જઈ ન શકી તે જ કહેલી છે, કારણકે ‘જાર’ શબ્દથી તેવી બુદ્ધિવાળી જ હોવાનું જણાવેલ છે. ‘‘જારબુદ્ધિથી તે જ પરમાત્માને પ્રાપ્ત કરી...’’(૧૦।૨૬।૧૧), શુકવાક્યમાં પણ તે જ જણાવેલ હોવાથી એવો જ નિશ્ચય થાય છે. જે ગોપીઓએ ભગવાન્ સાથે રાસ કરેલ તેઓને તો ગોકુલમાં ઉદ્ધવદ્વારા મોકલેલ સંદેશાથી, તેમજ સાક્ષાત્ ભગવાને, કુરુક્ષેત્રમાં જ્ઞાનનો ઉપદેશ કરેલો છે. તેથી જ્ઞાન અને ભક્તિ બન્નેની જરૂર હોવાથી, જ્ઞાન અને કર્મ બન્ને સાથે રાખવાની પેઠે જ્ઞાન અને ભક્તિ બન્ને સાથે કરવાનો ઉપદેશ છે, પણ જ્ઞાન ભક્તિનું અંગ નથી,

સમાધાન : એવી શંકા પણ ન કરવી; કારણકે તેમ હોય તો, અ.૧૨ ૧૩ માં ‘રમણ કરનાર’ શબ્દ છે તે અર્થહીન થાય, અને અ.૧૨।૯ થી ૧૧ સુધીમાં જે રાસના ચિન્હો કહેલા છે તે ખોટાં ઠરે. વળી ‘‘કેવલ માત્ર ભાવથી ગોપીઓ ગાયો પક્ષીઓ તથા પશુઓ વગેરેને ભગવાનની પ્રાપ્તિ થયાનું’’ (શ્લો.૮ માં) કહેલું છે તે, અને ‘મૂઢમતિવાળાં’ વિશેષણ ત્યાં યોજેલું છે તે ખોટાં ઠરે. તેથી ‘‘જાણીને પાન કરવાથી ઉત્તમ રસ પ્રાપ્ત થાય છે.’’ વાક્ય પ્રમાણે જ્ઞાન તો માલા ચંદન વગેરે ભોગના સાધનો પેઠે અધિક રસ પ્રાપ્ત થવામાટે જ ઉપયોગી છે, પરન્તુ ફલ પ્રાપ્ત કરવા ઉપયોગી નથી.

ત્યારે ‘‘જ્ઞાન ભક્તિ અને કર્મ એ ત્રણ યોગો મેં કહેલા છે’’ અ.૨૦।૬, એમ ભગવાને ફલ પ્રાપ્ત કરાવનાર ત્રણ માર્ગો કેમ કહ્યા ? એવો પ્રશ્ન થાય, તો જાણવું કે જુદા-જુદા અધિકારીઓને જુદા-જુદા ફલ પ્રાપ્ત થાય તે માટે ત્રણ માર્ગ કહેલા છે.

ત્યારે ‘‘ભગવાનની ઈચ્છાથી મારી કથા વગેરેમાં જેને શ્રદ્ધા થયેલી હોય જેને વૈરાગ્ય થયેલ ન હોય અને બહુ આસક્તિ ન હોય, તેને ભક્તિયોગ ફલ પ્રાપ્ત કરાવે છે.’’ (અ.૨૦।૮) એમ મધ્યમ પુરૂષને ભક્તિનો અધિકાર કેમ કહેલો છે ? એવી શંકા થાય, તો જાણવું કે મુખ્ય ભક્તિને ધ્યાનમાં રાખી આ કહેલું નથી, કારણકે શ્લો.૮ થી ભક્તિનું સ્વરૂપ જણાવવાનો આરંભ કરી શ્લો.૩૩ સુધીમાં ફલપર્યન્ત તે કહી, પછી ૩૬ થી ૩૮ સુધીના ત્રણ શ્લોકોથી મુખ્ય અધિકારીનું સ્વરૂપ કહેલુ છે. તેથી ભક્તિનું જ મુખ્ય પ્રકરણ છે એવો નિશ્ચય
થાય છે [૯૬।।]

## પ્રકરણ ત્રીજું : બ્રહ્મની મુક્તિ. અ.૩૦-૩૧

૩૦ તથા ૩૧ મા અધ્યાયમાં બ્રહ્મની મુક્તિ કહેલી છે. ભગવાન્ ૩૦ મા અધ્યાયમાં મમતાનો ત્યાગ કરે છે અને ૩૧ મા અધ્યાયમાં અહન્તાનો ત્યાગ કરે છે, એ જ બ્રહ્મની મુક્તિઓ છે.

બ્રહ્મ તો સદા શુદ્ધજ્ઞાનવાળું અને મુક્ત જ હોવાનું શ્રુતિમાં પ્રસિદ્ધ હોવાથી બ્રહ્મનો બંધ જ ન હોય, તો પછી તેની મુક્તિ થવાનું કેમ સંભવે ? એવી શંકા આથી ખોટી ઠરે છે. ''બદ્ધ અને મુક્ત એમ જે કહેવાય છે તે મારા ગુણોને લીધે છે, વાસ્તવિક નથી. ગુણનું મૂલ માયા હોવાથી મારો બંધ અને મુક્તિ થતા નથી.'' (અ.૧૧।૧) પ્રમાણે જીવનો બંધ પણ માયાથી થતા અહપારને લીધે થતો હોવાથી ભ્રમરૂપ જ છે. જીવનો પણ બંધ વાસ્તવિક નથી, પણ અભિમાનરૂપ જ છે. માયા દૂર ન થાય ત્યાં સુધી તે દૂર થતો નથી અને માયાને દૂર કરવા દરેક જીવના અધિકાર પ્રમાણે ભક્તિ–જ્ઞાન–ઉપાસના વગેરે (સાધન) કરવાની જરૂર રહે છે. માયા ભગવાનની તો શક્તિ છે. તે તેમની દાસી થઈ રહે છે. તેથી ભગવાનનો બંધ માયાના ગુણોથી થતો નથી, પરન્તુ પોતાની ઈચ્છાથી જ થાય છે. તેથી જયારે ભગવાનની એવી ઈચ્છા ન હોય, ત્યારે બંધ રહેતો નથી.

શ્રીકૃષ્ણ પોતે ભગવાન્ અથવા બ્રહ્મ છે. 'યાદવો મારા છે' એવું અભિમાન હોવાનું નાટ્ય તેમણે કરેલ, આ નાટ્ય તે મમતા. યાદવોનો નાશ થવાની કથા ત્રીસમા અધ્યાયમાં કહી છે, તેથી તેઓનો નાશ થતાં, આ મમતાના નાટ્યનો ત્યાગ થયો. ભગવાને તેઓનો નાશ કરી મમતાના નાટ્યનો ત્યાગ કર્યો [૯૬।।–૯૮]

એકત્રીસમા અધ્યાયમાં ભગવાન્ શ્રીકૃષ્ણ; દેવોની પ્રાર્થનાથી અહંભાવનો ત્યાગ કરે છે. ''હું સર્વનું મૂળ છું'' (ભગ.ગીતા ૧૦।૮) વગેરે વાક્યોમાં જે 'હું' કહેલ છે તે ભગવાને ધારણ કરેલ મનુષ્યદેહના સમ્બન્ધમાં કહેલું નથી, પરન્તુ આત્માના સમ્બન્ધમાં કહેલું છે. તેથી નટની પેઠે ભગવાન્ પોતે ધારણ કરેલા મનુષ્યદેહમાં ''આ હું છું'' એવું જે નાટ્ય દેખાડતા અને ખોટો દેખાવ કરતા, તેનો તેમણે દેવોની પ્રાર્થનાથી ત્યાગ કર્યો. ભગવાને એ દેહ; દેવો માટે જ ધારણ કરેલ. તેવી જ રીતે તેમની પ્રાર્થનાથી જ તે નાટ્યનો ત્યાગ કર્યો [૯૯]

મનુષ્યદેહ ધારણ કરી ભૂમિ ઉપર ભગવાન્ ત્રણ પ્રયોજનથી પ્રકટ થયેલા, ૧. પોતાની ઈચ્છા ૨. પૃથ્વીનો ભાર વધેલ તે દૂર કરવો અને ૩. જેમનો તેમણે ઉદ્ધાર કર્યો તેમનામાં દેવભાવ હતો. દૈવીસૃષ્ટિનો ઉદ્ધાર કરવો અને પછી તેઓને પોતાનાં પદની પ્રાપ્તિ કરાવવી એ ત્રીજું પ્રયોજન થયું. ભગવાન્ પોતે પણ આ પ્રયોજનો પૂર્ણ થતાં દેવોની પ્રાર્થનાથી ધારણ કરેલ મનુષ્ય દેહનો ત્યાગ કરી, પોતાના ધામમાં પોતાની ઈચ્છાથી જ પધાર્યા.

**અધ્યાય ૩૦ :**

ઈશ્વરની મમતા નાટ્યના ત્યાગરૂપ મુક્તિ : ભગવાને જે પ્રકારે નાટ્ય કરેલું તે પ્રકારે શુક કથા કહે છે. તેથી પરીક્ષિતને ભ્રમ થયો કે શ્રીકૃષ્ણ પણ મારા જેવા જીવ જ છે. તેથી તેણે શુકને પ્રશ્ન કર્યો કે ભગવાને દેહનો ત્યાગ કેવી રીતે કર્યો ? (શ્લો.૨) [૧૦૧]

શુકની કથાનું તાત્પર્ય પરીક્ષિતે જાણેલું ન હોવાથી જ તેને એવો ભ્રમ થયો અને તેણે એવો પ્રશ્ન કરેલ. તેથી પોતે કરેલી કથાનું તાત્પર્ય જણાવતાં શુક તેને જણાવે છે કે ભગવાને જે કરેલું તે પોતાની ઈચ્છાથી જ કરેલ.

ભૂમિ ઉપર જે ઉત્પાતો થયા, ખરાબ સ્થિતિ થવાની છે એમ સૂચવનારાં જે ચિન્હો થયાં, તે પણ ભગવાનની તિરોહિત થવાની ઈચ્છાથી જ થયેલાં. કારણ કે કાલ સેવકના સ્વરૂપથી ભ્રષ્ટ થવાનો હોઈ, અધિકાર (ભગવાનને)પાછો સોંપી દઈ, તેણે પોતાની મૂલ સ્થિતિ પ્રાપ્ત કરી. તેથી ભૂમિ ઉપર ઉત્પાતો થયા [।।૧૦૨-૧૦૨।।]

આ સર્વ ભગવાનની ઈચ્છાથી જ થતું હતું. ભગવાને તે સર્વ પહેલેથી જ કરી રાખેલું. તેથી સત્યવક્તા (કારિકા ૧૦૩ માં 'સત્યવાન્' બદલે 'સત્યવાક્' પાઠ હોવો જોઈએ, એમ જણાય છે.) ભગવાને કહેલું કે આનો ઉપાય નથી, બ્રાહ્મણોનો શાપ ઉલ્લંઘન થઈ ન શકે તેવો છે (શ્લો.૫). ભગવાનની પોતાની જ ઈચ્છા યાદવકુલનો નાશ કરવાની હોવાથી તે ઉલ્લંઘન થઈ શકે નહિ તેવો હતો. ભગવાનની તેવી ઈચ્છાને લીધે દેશ પણ ગુણહીન થયો. દ્વારકા મુક્તિના ધામરૂપ હોઈ પરમ કલ્યાણ પ્રાપ્ત કરાવનારી હોવા છતાં, તેવી ન રહી, કાલને લીધે ગૌણ (ગુણરહિત) થઈ [૧૦૨।।-૧૦૩।।]

તેથી ભગવાને સ્ત્રીઓ વગેરેને શંખોદ્ધાર મોકલવા કહ્યું, અને પોતે યાદવોને લઈ પ્રભાસ પધાર્યા (શ્લો.૬), કારણ કે કાલ પોતાના અધિકાર પ્રમાણે નાશ કરવાનું કાર્ય કરવા આવતો હોવાથી, તે આવે ત્યારે સ્ત્રીઓ અને બાલકો દ્વારકામાં રહે તો તેઓનો નાશ થાય, અને તેથી અધર્મ થાય. વળી દ્વારકા પણ સમુદ્રમાં ડૂબી જઈ નાશ પામવાની હતી [૧૦૩।।-૧૦૪।।]

યાદવોએ ભગવાનનું જ ભૂમિનો ભાર ઉતારવાનું કાર્ય કરેલ. તેથી તેમને મુક્તિ પ્રાપ્ત કરાવવી જોઈએ અને પોતાના સ્થાનની જ પ્રાપ્તિ કરાવવી જોઈએ, તેમાં કાંઈ સંશય ન હતો. તેથી તેમને મુક્તિ અને પોતાનાં સ્થાનની પ્રાપ્તિ થાય તે માટે ભગવાન્ તેમને પોતાની સાથે જ પ્રભાસ લઈ ગયા, એમ ''આપણે પ્રભાસ જઈશું'' એમ શ્લો.૬ માં કહેલ હોવાથી જણાય છે.

શ્રીધરે અ.૬।૩૫ ના વ્યાખ્યાનમાં કહેલું છે કે : ''આ યાદવો દેવના અંશો હોઈ અધિકારી થવા યોગ્ય હતા, અને તરત મુક્તિ પામવા યોગ્ય ન હતા'' તે યોગ્ય નથી. બ્રાહ્મણોનો શાપ ઉલ્લંઘન થઈ ન શકે તેવો હોવાથી, મુક્તિ પ્રાપ્ત કરવામાં તે યાદવોને નડે નહિ તે માટે, ''ત્યાં પ્રભાસમાં સ્નાન કરી પવિત્ર થઈ ઉપવાસ કરી...'' (શ્લો.૭-૯) વગેરે સાધનો કરવાનું ભગવાને યાદવોને કહેલ છે, (કારિકા ૧૦૬માં 'નિવૃત્ત્યર્થમુક્તં' પાઠ હોવાનું જણાય છે) અને તે પ્રમાણે સાધનો તેમની પાસે કરાવેલાં છે (શ્લો.૧૧).

''બ્રહ્મરૂપ સરસ્વતી જ્યાં વહે છે તેવાં સ્થાન (પ્રભાસ)માં મુક્તિ ન થાય'' એવી શંકા પણ અ.૬।૩૬ માં ચન્દ્રનો વૃત્તાન્ત કહી, તેથી ખોટી ઠરાવી છે, કારણ કે પ્રભાસમાં સ્નાન કરવાથી ચન્દ્રનાં પાપનો નાશ થયાનું અને પહેલાનું સ્વરૂપ તેને પ્રાપ્ત થયાનું કહેલું છે. તેથી યાદવોને પણ તેમની સેવાનું ફલ પ્રાપ્ત કરવામાં જે વિઘ્ન થતું હોય તેનો નાશ થાય તે માટે જ ભગવાન્ તેમને પ્રભાસ લઈ ગયેલા.

વળી યુદ્ધ કરવું એ ક્ષત્રિયોનો ધર્મ છે. ''ભાઈ પણ ભાઈને હણે એવો ક્ષત્રિયોનો આ ધર્મ પ્રજાપતિએ નિર્માણ કરેલો છે'' ''ધર્મવાળાં યુદ્ધથી બીજું કાંઈ ક્ષત્રિયને કલ્યાણકારક નથી'' (ભગ.ગીતા ૨।૩૧) વગેરે વ ક્યો યુદ્ધ ક્ષત્રિયોનો ધર્મ હોવાનું તથા મુક્તિનું સાધન હોવાનું જણાવે છે તેથી તેઓને મુક્તિ પ્રાપ્ત થાય તે માટે ભગવાનનો છઠ્ઠો ગુણ વૈરાગ્ય પ્રકટ થયો. તેણે યાદવોને મૂઢ બનાવી સગપણ ભૂલાવી તેમનાં વૈરાગ્યને દઢ કર્યું. તેથી મુક્તિમાં નડતો દોષ દૂર કરવા જ ભગવાને તેમ કરાવેલ હોવાથી, બ્રાહ્મણોનો શાપ પણ, જેઓ ભગવાનનો આ અભિપ્રાય જાણતા નથી તેઓને જ, જુદા પ્રયોજનથી થયેલ હોવાનું ભાસે છે. વળી શાપ આપનાર બ્રાહ્મણોને ''ભગવાનનો મત જાણનારા'' (૩।૩।૨૪) કહ્યા, તેથી પણ એમ જણાય છે કે તેઓ પણ ભગવાનનો આવો અભિપ્રાય જાણતા હતા.

વળી મુક્તિ આપવી હોય ત્યારે તેનાં સાધનરૂપ ઉપાય કરાવવા જોઈએ, અને તે ઉપાયો દેહને દુઃખ કરાવનારા હોવાથી કૃપાથી જ કાયાને દુઃખ ન થાય તેવું યુદ્ધરૂપ સાધન કરવાની ભગવાને યાદવોનાં ચિત્તમાં પ્રેરણા કરી. તેથી આવો પ્રકાર દર્શાવી કૃપાથી જ ભગવાને આ લીલા કરી છે, છતાં આસુરી જીવોને તેથી મોહ થાય છે. તેથી છઠ્ઠા સ્કન્ધના નિબન્ધમાં કારિકા ૯૮ માં કહેલું છે કે : ''બધી લીલાઓનો પુષ્ટિમાં પ્રવેશ થાય છે, એવી મારી માન્યતા છે'' તે આ પ્રસંગમાં પણ નિઃશંક પ્રકારે સિદ્ધ થાય છે. આવું જ બીજી લીલાઓના સમ્બન્ધમાં પણ જાણવું [૧૦૪।।-૧૦૬]

બલભદ્રનો દેહ સત્ત્વરૂપ હોવાનું, પહેલા સ્કન્ધના નિબન્ધમાં કારિકા ૬૩ માં તે ભગવાનના આવેશવાળા હોવાનું જણાવ્યું ત્યાં 'રોહિણીનન્દન' તેમને કહ્યા તેથી જણાવેલું છે. તેથી અહીં શ્લો.૨૬ માં ''તેમણે મનુષ્યના દેહનો ત્યાગ કર્યો'' એમ કહેલું છે, ત્યાં એ સત્ત્વરૂપ દેહનો ત્યાગ કર્યાનું કહેલ છે એમ જાણવું, પરન્તુ તેમના સ્વાભાવિક દેહનો ત્યાગ કરેલ હોવાનું કહેલ નથી. ('રોહિણીનન્દન' ને આવેશવાળા કહ્યા, ત્યાં પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ ને પણ તેવા જણાવેલા હોવાથી અહીં જે બલભદ્રના સમ્બન્ધમાં કહ્યું, તે પ્રદ્યુમ્ન તથા અનિરુદ્ધ ના સમ્બન્ધમાં પણ કહેલ હોવાનું જણાય છે.) [૧૦૬।।]

જરા (ઘડપણ)ના અભિમાનવાળો દેવ (શરીરમાં કરચલીઓ પાડવી, ધોળા કેશ કરવા વગેરે

રૂપ) પોતાનું કાર્ય કરી, લોકમાં પ્રસિદ્ધ થયેલ છે. તે પોતાનું સ્વરૂપ ભૂલી; પશુ પક્ષી તથા જનાવરો માં આસક્તિ રાખી પારધિ થઈ વનમાં ફરતો હતો. તેણે બ્રાહ્મણોના શાપરૂપ જે મુસલનું લોઢું આધિભૌતિક અક્ષરના અંશવાળું હતું, તેનો ભગવાન્ શ્રીકૃષ્ણના ચરણરૂપ આધિદૈવિક અક્ષર સાથે સમ્બન્ધ કરાવ્યો (શ્લો.૩૩). તે સમયે આધિદૈવિક અક્ષરરૂપ ભગવાનના ચરણે આધિભૌતિક પ્રકારે હરણના જેવો પોતાનો આકાર કરેલો. ''બ્રહ્મ કાળાં હરણની ચામડીરૂપ છે'' એ શ્રુતિ પ્રમાણે ભગવાનના ચરણે પોતાનો તેવો આકાર કરેલો.

શ્લો.૨૫ માં સર્વ યાદવકુળનો નાશ થયાનું કહેલ છે. નૈય્યાયિકો જેવો ધ્વંસ (અત્યન્ત નાશ) થયાનું માને છે, તેવો આ નાશ નથી, પરન્તુ પોતાનાં કારણમાં પોતાનો લય થવારૂપ આ વિનાશ છે. કપિલે કાર્યનો કારણની અંદર પ્રવેશ કરતાં હોવાનું કહેલ છે, તેવો આ નાશ છે. કારણ કે પુરાણમાં જે કાર્યો પાછાં પોતાનાં કારણમાં પ્રવેશ કરતાં હોવાનું કહેલ છે, તે સિદ્ધાન્ત સત્કાર્યવાદમાં સ્વીકારેલો છે. તેથી ભગવાન્ જે ક્રમે જગત્‌ને પોતામાંથી બહાર કાઢે છે, તે જ ક્રમે તે બહાર રહેલાં જગત્‌નો પાછો પોતાની અંદર સમાવેશ કરાવે છે, તેને જ અહીં નાશ કહેલો છે [૧૦૬।।-૧૧૦]

**અધ્યાય ૩૧ :**

પછી ભગવાને પોતાની સર્વ તરફ પોતાને ઢાંકી દેનાર અગ્નિ પ્રકટ કર્યો અને તે અગ્નિની અંદર પોતે તિરોહિત થયા, એટલે પરમાત્મા તરીકે તે અગ્નિમાં રહ્યા અને બહારથી અદૃશ્ય થયા (શ્લો.૬). પછી તે વીજળી જેવા અગ્નિનો તિરોભાવ કરાવવાનો નિશ્ચય કરી પોતે એક ક્ષણ તેમાં રહ્યા. ભગવાનનું સ્વરૂપ નિત્ય છે અને ભગવાન્ તિરોહિત થાય ત્યારે (અદૃશ્ય થવા છતાં) પણ તે રહે છે, એમ અ.૩૦।૨૮-૩૨ વડે તેમનાં સ્વરૂપનું વર્ણન કરી જણાવેલ છે. જો આ શ્લોકોથી તેમ જણાવવાનું પ્રયોજન ન હોય, તો આ શ્લોકોમાં ભગવાનનાં સ્વરૂપનું વર્ણન કરેલું છે તે નિરર્થક થાય. તેથી જ 'ઇચ્છાથી શરીરવાળા' એવું ભગવાનનું વિશેષણ અ.૩૦।૪૦ માં કહેલું છે [૧૧૧-૧૧૧।।]

ભગવાન્ એ પ્રમાણે વિજળી જેવા અગ્નિમાં એક ક્ષણ રહ્યા, ત્યારે બ્રહ્મા વગેરે દેવો ત્યાં આવેલા. તેઓને એવો ભ્રમ થયો કે : ''આ સગુણ વિષ્ણુ જ છે અને હવે વિમાનથી વૈકુંઠમાં પધારશે.'' ભગવાને આ સમયે પોતાના નેત્રો બંધ કરેલા (અ.૩૧।૫). સર્વને જ્ઞાનશક્તિ આપનારાં ભગવાનનાં નેત્રો બંધ થતાં, બ્રહ્મા વગેરે દેવોની પણ જ્ઞાનશક્તિનો તિરોભાવ થયો, તેથી ''શ્રીકૃષ્ણ સગુણ વિષ્ણુ જ છે'' એવો તેઓને ભ્રમ થયો. વળી તેઓએ એવી પ્રાર્થના કરેલી કે : ''લોકસહિત અમો લોકપાલોનું રક્ષણ કરો'' (અ.૬।૨૭) અને ભગવાને તેમને એવો ઉત્તર આપેલ કે : ''હે દોષરહિત બ્રહ્મા ! આ યાદવકુલના નાશ માટે હું તમારા ભવનમાં આવીશ'' (અ.૬।૩૧). ભગવાન્ તો ગુણોથી પર હોઈ અક્ષરબ્રહ્મમાં સદા રહેલા જ છે અને માયાનો પડદો

દૂર કરી ઈચ્છેલા સ્થળે પ્રકટ થાય છે, એટલે કયાંય જવાનું રહેતું નથી. તેમણે બ્રહ્માને ''હું તમારા ભવનમાં આવીશ'' એમ જે કહેલું તે તો પ્રભાસમાં બ્રહ્મરૂપ સરસ્વતી વહેતી હોવાથી તે બ્રહ્મરૂપ સ્થાનમાં પોતે પ્રકટ થવાના છે એવા અર્થમાં કહેલું. અ.૬।૩૧ માં 'એતદન્તે' એમ જે 'અન્તે' શબ્દ સાતમી વિભક્તિમાં યોજેલ છે, તે ''ચર્મણિ દ્વિપિનં હન્તિ'' (ચામડાં માટે દીપડાને હણે છે) એ વાક્યમાં જેમ 'ચર્મણિ' શબ્દ ચોથી વિભક્તિનાં અર્થવાળો સાતમી વિભક્તિમાં યોજેલો છે, તેવી રીતે ચોથી વિભક્તિના અર્થવાળો છે. તેથી 'એતદન્તે'નો અર્થ ''આ પ્રયોજન માટે'' થાય છે. તેથી ''યાદવકુલનો નાશ કરવા પ્રભાસ; જયાં બ્રહ્મરૂપ સરસ્વતી વહે છે ત્યાં, હું આવીશ'' એવો એ વાક્યનો અર્થ છે. બ્રહ્મા તો સમજ્યા કે હવે યાદવકુલનો નાશ થયેલ હોવાથી ભગવાન્ તેમણે અ.૬।૩૧ માં કહેલ તે પ્રમાણે મારા ધામમાં પધારશે. તેથી તેમને એવો ભ્રમ થયો કે ભગવાન્ હવે વિમાનમાં વિરાજી વૈકુંઠ પધારશે. ત્યારે ''હવે આપણે શ્રીકૃષ્ણને મોટા ઉત્સવપૂર્વક પોત-પોતાનાં મંદિર(ધામે) લઈ જઈશું'' એમ દેવોએ વિચાર્યું, પરન્તુ તેવું કાંઈ થયું નહિ. વિમાન વિના ભગવાન્ સદેહે પધારી ગયા, તેનું દેવોને ધ્યાન પણ ન રહ્યું, તેથી દેવોને પણ આ વિષયમાં વિસ્મય થયો [૧૧૧।।-૧૧૩।।]

જય અને વિજય એ બે જેમ વિષ્ણુલોક (વૈકુંઠ)માંથી ભૂતલ ઉપર અવતરેલા, તેવી રીતે દારૂક પણ વિષ્ણુલોકમાંથી આવેલો (જુઓ ૧૦।૪૭।૧૧). તેણે અહીં સાલોક્ય (ભગવાન્ સાથે સમાન સ્થલમાં રહેવારૂપ) અને સામીપ્ય (ભગવાનની સમીપ રહેવારૂપ) મુક્તિનો અનુભવ કર્યો અને હવે સાયુજ્યરૂપ ઉત્તમ મુક્તિ પ્રાપ્ત કરી રથસાથે જયાંથી આવેલ ત્યાં પહોંચી ગયો (અ.૩૦।૪૪-૪૯). તે તો ભક્ત જ હતો [૧૧૩।।-૧૧૪।।]

રુક્મિણીએ ૧૦।૫૭।૩૪ માં પોતે સગુણ હોવાનું કહેલું પરન્તુ બીજા સ્થળે તે મૂલ પ્રકૃતિરૂપ હોવાનું કહેલ છે. તેથી તેનો દેહ બલભદ્રના દેહ પેઠે સત્ત્વરૂપ હતો. બીજી પટરાણીઓ (જેઓમાં રુક્મિણી મુખ્ય હતાં તેઓ) ના દેહ પણ તેવા સત્ત્વરૂપ જ હતા. તેમણે પણ અગ્નિમાં પ્રવેશ કરી બલભદ્રની પેઠે પોતાના મનુષ્યના દેહના ત્યાગ કર્યો (અ.૩૧।૨૦). પરન્તુ પોતાના સ્વાભાવિક દેહનો ત્યાગ કર્યો ન હતો. એવી રીતે સર્વ નાટ્ય અહીં કરેલું છે.

અહીં ભગવાનની મુખ્ય પત્નીઓએ તે પ્રમાણે કરેલ હોવાનું કહેલ છે, તેથી અષ્ટાવક્રે શાપ આપવાથી જે અવતરી ભગવાનની પત્ની થયેલી, તેમના સમ્બન્ધમાં આ કહેલું નથી. આનો ભાવાર્થ એવો છે કે માત્ર ભગવાન્ જ ગુણોથી પર છે, તેમના મુખ્ય સેવકો સાત્ત્વિક છે અને શેષ તો રાજસ-તામસ છે. તે બધાના સૂક્ષ્મ દેહોને દશમા સ્કન્ધમાં જણાવેલા પ્રકારે ભગવાને વાસનાસહિત ગુણથી પર બ્રહ્મરૂપ કર્યા અને તેમના સ્થૂલ સગુણ દેહનો ત્યાગ કરાવ્યો. પછી ભાષ્યમાં કહેલા ફલના અધ્યાયમાં જણાવેલા અને વિદ્વન્મણ્ડનમાં કહેલા પ્રકારે તેમના દેહો બ્રહ્મરૂપ હોવાથી આ સર્વ નાટ્ય તેમણે અહીં કરેલું તે વર્ણવેલું છે. આ ગો. શ્રીપુરુષોત્તમલાલજી

મહારાજે વિદ્વન્મણ્ડન ઉપરની તેમની 'સુવર્ણસૂત્ર' નામની ટીકાના અન્તે જણાવેલું છે (જુઓ કામવન વિદ્યાવિભાગ તરફથી પ્રસિદ્ધ થયેલ વિદ્વન્મણ્ડન પૃષ્ઠ ૩૪૩થી) [૧૧૪।।-૧૧૫]

એ પ્રમાણે ચાર પ્રકરણોથી ચાર પ્રકારની મુક્તિ કહી. તે પૈકી, પહેલાં બે પ્રકારની મુક્તિ જીવની મુક્તિ હોવાથી તે સાક્ષાત્ બ્રહ્મનો ધર્મ નથી અને તેથી તેટલા સ્કન્ધનો અર્થ બ્રહ્મ નથી — એવા વિચારથી હવે બીજો મત જણાવે છે. આખા અગિયારમા સ્કન્ધમાં અહન્તા-મમતાના નાશરૂપ એટલે બ્રહ્મના ધર્મરૂપ એક જ મુક્તિ સાધનસહિત કહેલી છે.

પહેલા બે પ્રકરણો (અ.૧-૫ અને ૬-૨૯)માં મુક્તિનાં સાધન કહેલ છે, કારણ કે સાધન વિના મુક્તિ પ્રાપ્ત ન થાય. તેનાં સાધન ૧. ભક્તિ અને ૨. ભેગા મળેલા કર્મ અને જ્ઞાન; એ બે છે, અને પહેલાં બે પ્રકરણોથી સાક્ષાત્ અથવા પરમ્પરાથી કહેલાં છે. પછી બાલકો સહેલાઈથી સમજી શકે તે માટે મમતાના અને અહન્તાના નાશનું નાટ્ય દર્શાવેલું છે. તેથી અ.૧૧।૧ વગેરે વાક્યો ઉપરથી એમ જણાય છે કે કણ્ઠમાં મણિ હોય છતાં તેનું વિસ્મરણ થવાથી તે દેખાય નહિ અને પાછળથી સ્મરણ થતાં તે જોવામાં આવે, તેવી મુક્તિ છે. તેથી જીવના પણ બંધ અને મોક્ષ માયિક જ છે એમ જણાવતા અહન્તા અને મમતા નો નાશ જ મુક્તિનાં સાધનમાં પરિણમતો હોવાથી અહન્તા અને મમતા નો નાશ જ મોક્ષ છે. બ્રહ્મ (ભગવાન્)ને તો અહન્તા અને મમતા હોતાં પણ નથી, તેથી માયિક અહન્તા-મમતા દેખાડી, તેના નાશનું નાટ્ય કરી, ભગવાન્ મોક્ષ પ્રાપ્ત કરવાનો પ્રકાર દર્શાવે છે, કારણ કે ભગવાન્ 'કેશવ' હોઈ ઉત્પન્ન કરનાર 'ક'-બ્રહ્માને અને ઉપદેશ કરનાર 'ઈશ'-શંકરને પણ 'વ'-બ્રહ્માનન્દરૂપ ફલ આપનારા છે. તેથી અહીં ભગવાને ઉપદેશરૂપ લીલાને સાધન જણાવી, ભક્તિ વગેરે કરવાનાં કાર્ય જણાવી, અહન્તા અને મમતા ના નાશરૂપ ફલ જણાવ્યું. તેથી આ મુક્તિ પણ પ્રલયરૂપ હોઈ બ્રહ્મનું લક્ષણ છે.

''આ લીલાથી ભગવાન્ અસુરોને મોહ ઉત્પન્ન કરે છે, તેથી આ લીલાનું તે જ તાત્પર્ય હશે'' એવી શંકા ન રહે તે માટે આ ભગવાનનું ગૂઢ ચરિત્ર છે એવું તેનું વર્ણન કરેલું છે. અને આ લીલાનું સ્વરૂપ જેનાં હૃદયમાં ઉતરે તેને ભગવાનની પ્રાપ્તિ થાય છે, એવું તેનું ફલ કહેલું છે (અ.૩૧।૨૭-૨૮) [૧૧૬-૧૧૮]

# સ્કન્ધ બારમો : આશ્રય

**સ્કન્ધનો અર્થ :**

એકત્રીસ અધ્યાયોથી અગિયારમા સ્કન્ધમાં સાધન સહિત મુક્તિનું નિરૂપણ કર્યું, અને સર્ગ (ત્રીજા સ્કન્ધ)થી આરંભી ભગવાનની નવ સમ્પૂર્ણ લીલાઓનું વર્ણન કર્યું. તે નવ લીલાઓથી શુદ્ધ થતાં આશ્રય પ્રાપ્ત થાય છે. તે આશ્રય બારમા સ્કન્ધમાં તેર અધ્યાયોથી જણાવવામાં આવે છે. આશ્રય પાંચ પ્રકારનો હોવાનો નિર્ણય આ સ્કન્ધમાં કરેલો છે. બીજા સ્કન્ધમાં તે ત્રણ પ્રકારનો કહેલો છે [૧-૨]

**પ્રકરણો :**

૧. પહેલાં કહેલી નવ લીલાઓથી જેનો પરમ અર્થ જણાવેલો છે તે આશ્રય. ૨।૧૦।૨ માં આશ્રયનું આ લક્ષણ કહેલું છે. દશમી લીલા આશ્રયનું શુદ્ધ અથવા બરાબર જ્ઞાન થાય તે માટે સર્ગ વગેરે પહેલી નવ લીલાઓનાં લક્ષણ કહેલા છે, તેથી સર્ગ વગેરે નવ લીલાઓનાં લક્ષણથી જે જાણવામાં આવે તે આશ્રય, એમ પહેલા પ્રકારનો આશ્રય કહ્યો.

૨. સૃષ્ટિના લય વગેરે જે કરે છે તે આશ્રય (આશ્રયનું આ લક્ષણ ૨।૧૦।૭ માં કહેલું છે. જેમાંથી સૃષ્ટિની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે તે આશ્રય. તેને 'પરબ્રહ્મ' તથા 'પરમાત્મા' કહે છે બ્રહ્મસૂત્રમાં ૧।૧।૨ સૂત્રમાં ભગવાન્ જગત્‌ના કર્તા હોવાનું અને ૧।૧।૩ માં જગત્‌નું ઉપાદાનકારણ હોવાનું કહેલું છે. શ્રીમદ્‌ભાગવતમાં પણ ૧।૧।૧ માં ભગવાન્; જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ તથા લય કરનાર અને જગત્‌નાં ઉપાદાનકારણ હોવાનું કહેલું છે. તેથી) જગત્‌ની ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેનાથી થાય છે તે આશ્રય. આ બીજા પ્રકારનો આશ્રય કહ્યો.

૩. આધિભૌતિક વગેરે ભેદોના દૃષ્ટા (જોનાર, જાણનાર) તે આશ્રય. (૨।૧૦।૮-૯ માં આશ્રયનું આ લક્ષણ કહેલું છે. ''આ જે આધ્યાત્મિક પુરુષ છે તે; તે આધિદૈવિક જ છે, જેની અંદર તે બન્નેનો ભેદ જણાય છે તે આધિભૌતિક પુરુષ છે. જ્યારે તે ત્રણમાંનો એક પણ ન હોય ત્યારે બીજા એકનું પણ આપણને જ્ઞાન થતું નથી. તે ત્રણેને જે જાણે છે તે પોતાના આધારનો આધાર આત્મા છે''. તેથી આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એ ત્રણને જાણે તે આશ્રય. આ આશ્રયનો ત્રીજો પ્રકાર કહ્યો).

સર્વની અંદર રહેલ અને ઉત્તમ હોય તે આશ્રય, (ત્રીજા પ્રકારના આશ્રયના લક્ષણમાં તેને ''પોતાના આધારનો આધાર'' કહેલ છે. 'પોતાનો' એટલે પુરુષોત્તમનો આધાર જે અક્ષર, તેનો પણ આધાર એવો તેનો અર્થ છે. જીવાત્માઓ જ્ઞાનવાળા છે, આધ્યાત્મિક વગેરે ત્રણે ભેદને જાણનારા આત્મામાં રહેલા અન્તર્યામીઓ છે, જ્યારે અક્ષર પોતાની સિવાયના ત્રણે ભેદને

જાણનાર પણ છે અને આત્મા પણ છે. તેથી અક્ષર 'આશ્રય' નથી એમ જણાવવા પોતાના આધાર ના આધાર એમ કહેલું છે. તે ''સર્વની અંદર રહેલા'' છે એમ જે શ્રુતિઓના સમ્બન્ધમાં બ્રહ્મસૂત્ર ૧।૧।૧૧ થી ૧।૧।૧૮ સુધીનું આનન્દમય અધિકરણ કહેલું છે તે શ્રુતિઓથી સિદ્ધ થાય છે. આ આનન્દમય સર્વની અંદર રહેલ પાંચમો કોશ છે. વળી ''બ્રહ્મ જાણનાર ઉત્તમને પ્રાપ્ત કરે છે'' એ શ્રુતિમાં અને ''ઉત્તમ પુરુષ તો બીજા 'પરમાત્મા' કહેવાતા છે'' ભગ.ગીતા ૧૫।૧૭, એ સ્મૃતિમાં 'ઉત્તમ' કહેલ પણ તે છે. ઉપર જે 'આશ્રય' નાં ત્રણ લક્ષણો કહ્યાં, તે લક્ષણોથી જણાવાતા પુરુષને જણાવવા 'સર્વની અંદર રહેલ' અને 'ઉત્તમ' એમ કહેલ છે [૩]

એ પ્રમાણે રૂઢિનો આદર કરી, શુકે બીજા સ્કન્ધમાં આશ્રયનાં ત્રણ લક્ષણો કહેલાં છે. તે ઉપરાંત લોકમાં જે પ્રસિદ્ધ છે તેનો પણ સ્વીકાર કરીને આ સ્કન્ધમાં બીજા બે આશ્રયના પ્રકાર કહેલા છે :

૪. શબ્દના રસનું સ્વરૂપ ધારણ કરનાર વેદ અને

૫. અર્થના રસનું સ્વરૂપ ધારણ કરનાર ભગવાન્ પણ આશ્રય છે.

(લોકમાં સાહાય્ય કરનાર ઉપર તથા રક્ષણ કરનાર ઉપર આધાર રાખવામાં આવે છે, અને તેમને આશ્રય કહેવામાં આવે છે, તે પ્રસિદ્ધિનો સ્વીકાર કરીને આ બારમા સ્કન્ધમાં બીજા આ બે પ્રકારના આશ્રય કહેલા છે, તે છેવટના ૬ અધ્યાયોનો વિચાર કરતાં સ્પષ્ટ થશે.). સર્વ મનુષ્યો વેદનો જ આશ્રય કરીને નભે છે, જ્યારે કેટલાક જ વેદ સાથે હરિનો પણ આશ્રય કરીને નભે છે અને કેટલાક જ એકલા (સનરહિત ઉદાસીન) હરિનો આશ્રય કરીને નભે છે. (તેથી લોકમાં શબ્દ અને અર્થની જુદાઈ ને લીધે બે પ્રકારનો આશ્રય જોવામાં આવતો હોવાથી આ અધ્યાયમાં શબ્દના રસના સ્વરૂપનો અને બે પ્રકારના અર્થના રસના સ્વરૂપનો આશ્રય પણ કહેલ છે) [૪-૫॥]

**પ્રકરણ ૧. અધ્યાય ૧-૨-૩ :**

તે પૈકી પહેલા પ્રકારનો આશ્રય કહ્યો તેનું સ્વરૂપ આ સ્કન્ધમાં પહેલા ત્રણ અધ્યાયોથી સ્પષ્ટ વર્ણવેલું છે. જેમની સર્ગ વગેરે નવ લીલાઓ કહેલી છે, તે શુદ્ધ પુરુષોત્તમ છે. વધારામાં બાર અનવાળા તે પુરુષોત્તમ સર્વ પ્રાણીઓના આશ્રય (આધાર) છે. તેથી તેમને તેરમા (બાર અંગો અને તેરમા અંગી પુરુષોત્તમ) કહેલા છે. સ્કન્ધનો અર્થ આને જાણવો. તેથી આ સ્કન્ધના તેર અધ્યાયો છે [૫॥-૭॥]

પહેલા ત્રણ અધ્યાયોથી આ સ્કન્ધમાં તે જ અર્થ કહેલો છે. ૧૨।૩।૧૪ માં રાજાઓની કથાઓને ''વાણીની વિભૂતિઓ'' કહી, તેથી તે પુરુષોત્તમ પોતાથી જુદા બધા આશ્રય(આધાર)નો ઉચ્છેદ કરનારા હોવાનું કહેલું છે. (એ શ્લોકમાં શુક પરીક્ષિતને કહે છે કે

લોકમાં પોતાનો યશ વિસ્તારીને જે રાજાઓ ભગવાનને પ્રાપ્ત થયા છે, તેમની આ ભાગવતમાં કહેલી કથાઓ, ભગવાનનું જ્ઞાન થાય અને સંસારમાં વૈરાગ્ય થાય તે માટે તને કહેલી છે. તે કથાઓ વાણીની વિભૂતિરૂપ છે. ભગવાનની વિભૂતિના સમ્બન્ધવાળી હોવાથી ભગવાનના વર્ણનના અનરૂપ છે. શુકે એ પ્રમાણે કહ્યું, તેથી ભગવાન્ પોતાથી જુદા સર્વ આશ્રયનો ઉચ્છેદ કરનારા છે, તેમના સિવાય બીજો કોઈ આશ્રય છે જ નહિ એમ સિદ્ધ થાય છે. તેથી ભગવાન્ અંકુશરહિત સર્વના આધાર છે અને સર્વને નભાવનાર છે. ૧૨।૩।૧૫ માં ''શ્રીકૃષ્ણની ભક્તિ કરવા ઈચ્છનારે'' એમ કહ્યું, તેથી તે સર્વના આશ્રય પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે એમ સિદ્ધ થાય છે અને તેમને ''ઉત્તમ પુરુષોથી ગુણાનુવાદ કરાતા'' કહ્યા, તેથી તે સધર્મક (ગુણી) હોવાથી તે જ આશ્રય છે એવો નિશ્ચય થાય છે. ગીતા ૧૫।૧૮ થી પણ આવો જ નિશ્ચય થાય છે. તેથી ભગવાન્ શ્રીકૃષ્ણ જ આશ્રય છે [૭।।-૮।।]

**અધ્યાય ૧-૨. લોકનો તથા ધર્મનો નાશ :**

લૌકિક પુરુષોનો આશ્રય લોક હોય છે. (લૌકિક પુરુષ પ્રાકૃત હોય છે તેઓનો આશ્રય પ્રવાહરૂપ લોક છે, કારણ કે તેઓ લોક ઉપર નભનારા છે). તે લોકનો હાલ કલિયુગમાં નાશ થયેલો છે. (''પ્રવાહધર્મ તો હજી જોવામાં આવે છે, છતાં તેનો નાશ થયેલ કેમ મનાય ?'' એવો પ્રશ્ન થાય, તો જાણવું કે લોકો બધા શૂદ્ર થઈ ગયા છે. અ.૧।૩૬-૪૩. અ.૨।૧-૧૧ પ્રાકૃત પુરુષોથી જરા સારા પુરુષો હોય) તેવા લૌકિક પુરુષોનો આશ્રય ધર્મ હોય છે. તે ધર્મનો પણ હાલ નાશ થયેલો છે. અધર્મ પૂરેપૂરો થવાને લીધે ધર્મનો પણ નાશ થયેલો છે (૧૨।૨।૧૨-૧૬) એમ જાણવું. તેથી પહેલાં જે લોક અને ધર્મ; લોકોના આશ્રય હતા તેમનો નાશ થતાં, શ્રીકૃષ્ણ જ આશ્રય હોવાનો નિર્ણય થાય છે. (પરીક્ષિતે કલિના દોષોનો નાશ કરવાનો ઉપાય શુકને પૂછ્યો અ.૩।૧૬. તેનો ઉત્તર શુક આપે છે, તેમાં ભગવાન્ જ નભાવનાર હોઈ આશ્રય છે એમ જણાવેલ છે. શ્લો.૪૫-૫૨). ૧. ભગવાનની યોગ્ય પૂજા વગેરે કરવાથી ૨. તેમનાં નામોનાં શ્રવણથી તથા ૩. કીર્તનથી (પુરુષ દોષરહિત થાય છે). એ ત્રણ સાધન કરવાથી કલિયુગના પૂર્વ અર્ધભાગમાં મનુષ્ય દોષરહિત થાય છે અને ગુણો પણ પ્રાપ્ત કરે છે. તેવી રીતે કલિયુગના પાછલા અર્ધભાગમાં તે સાધનોથી ભગવાન્ તેના આશ્રય(આધાર) થઈ રહે છે. કલિ પૂરો થતાં સુધી ભગવાન્ જો રાહ જુએ (અને દયા ન કરે), તો પછી કલ્કિનું પ્રાકટ્ય થશે. (અ.૨।૧૮) તે જીવમાત્રના સામાન્ય આશ્રય હોવાનું મનાયેલ છે [૮।।-૧૩]

(''આસુરી સૃષ્ટિ તો બહુ આગ્રહી હોય છે, તેથી તેના ઉપર ભગવાન્ દયા કરતા નથી. દૈવી સૃષ્ટિને ભગવાનની દયા થવાની ઈચ્છા રહે છે. તેમને પણ જો સમયની રાહ જોવી પડે તો પછી ભગવાન્ કલિના દોષ દૂર કરે છે એમ કહેવું નિરર્થક જ છે'' એવી શપા થાય, તો જાણવું કે આ રાહ જોવાનું જે કહ્યું) તે ચિન્હરૂપ છે. જ્યારે ભગવાન્ તેમની પૂજા વગેરેથી અથવા તેમણે કરેલાં પોતાનાં નામનાં શ્રવણ તથા કીર્તન થી પ્રસન્ન થાય છે, ત્યારે તે પોતાના દર્શન કરાવે છે. તેમ થાય,

ત્યારે તે સમ્પૂર્ણ પ્રકારથી આશ્રય થવાના તેમાં સંશય નથી [૧૪-૧૪।।]

(''એમ હોય તો તેમ કરવામાં ભગવાન્ વિલંબ શા માટે કરે છે ?'' એવો પ્રશ્ન થાય તો જાણવું કે) વિલંબ થવાનું કારણ અહપાર છે, અને તે દૂર થાય તે માટે દોષોનું વર્ણન કરેલું છે (અ.૩।૩૦-૩૪). તે દોષો ભગવાનનાં પૂજન તથા નામનાં શ્રવણ તથા કીર્તન થી દૂર થાય છે, તેથી ત્યાર પછી તે કીર્તનના ગુણો કહેલ છે (શ્લો.૪૫-૫૨). એવી રીતે પહેલા ત્રણ અધ્યાયોથી (સર્ગથી આરંભી મુક્તિ સુધીની) નવ લીલાઓની શુદ્ધિ અથવા તારવેલા સારરૂપ સ્વરૂપવાળા આશ્રયનું લક્ષણ કહ્યું. (જો શ્રીભાગવતમાં વર્ણન કર્યું તેવી નવે લીલાઓ બરાબર જાણવામાં આવે, તો પુરુષ સર્વ તજી સમ્પૂર્ણ રીતે ભગવાનનો જ આશ્રય કરે. તેથી નવે લીલાઓનો તારવેલો સાર તે લીલાઓ કરનાર ભગવાનનું મુખ્ય સ્વરૂપ જણાવનારો છે), અને તે સ્વરૂપવાળા હરિ આશ્રય છે. મુક્ત જીવોના પણ તે આશ્રય છે, તેથી એવી રીતે વર્ણન કરેલું છે [૧૪।।-૧૬।।]

**પ્રકરણ ૨. અધ્યાય ૪-૫-૬।।:**

હવે ભગવાન્ જગત્‌ના આશ્રય છે, એવા બીજા પ્રકારનો આશ્રય કહે છે. જેમ ઘડો વગેરે પૃથ્વીમાંથી ઉત્પન્ન થયાં છે અને પૃથ્વીમાં તેમનો લય થાય છે, તેથી પૃથ્વી ઘડા વગેરેનો આશ્રય છે, તેમ જેમાંથી સર્વ જગત્ ઉત્પન્ન થયું છે અને જેમાં તેનો લય પણ થાય છે તે સર્વ જગત્‌નો આશ્રય છે. ઘડાનું પહેલાંનું સ્વરૂપ કુંભારે ચાક ઉપર ચડાવી ફેરવાતો માટીનો પિંડો છે, તેનાથી પણ પહેલાંનું તેનું રૂપ માટી છે, અને તેનો આશ્રય પૃથ્વી છે, તેવી રીતે જગત્‌નું ઉપાદાન-કારણ પ્રકૃતિ અથવા કાલ છે, તેનું પણ પહેલાનું સ્વરૂપ અક્ષર છે, અને તેનો પણ આશ્રય ભગવાન્ છે. તે જગત્‌ના આશ્રય જગત્‌ની બહાર જણાતા નથી, તેમ જગત્‌ની અંદર પણ જણાતા નથી. તેમનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. તેમનું જ્ઞાન પ્રાપ્ત થતાં સંસારમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી પુરુષને ફલ(મોક્ષ) પ્રાપ્ત થાય છે. તેથી તેમનું જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે ચાર પ્રકારના પ્રલયનું વર્ણન ચોથા અધ્યાયમાં કરેલું છે.

ત્રીજા અધ્યાયમાં ''યુગ-યુગના ધર્મો વગેરે કહો'' ૧૨।૩।૧૭, એવો પ્રશ્ન પરીક્ષિતે કર્યો. તેનો ઉત્તર આપવો જોઈએ. યુગનું સ્વરૂપ તે અધ્યાયમાં ૧૮ થી ૪૪ સુધીના શ્લોકોમાં કહ્યું. કાલની ગતિ અને યુગનાં પરિમાણ ત્રીજા સ્કન્ધમાં દર્શાવ્યા છે એમ અ.૪।૧ માં કહ્યું. પછી ૨ થી ૪ એ ત્રણ શ્લોકોમાં કલ્પ તથા લય ના સ્વરૂપ અને પ્રમાણ કહ્યાં. એ રીતે ઉત્તર પૂરો થયો. આ નૈમિત્તિક પ્રલય થયો. ત્યાર પછી ૫ થી ૨૨ સુધીના શ્લોકોથી પ્રાકૃતિક પ્રલય કહ્યો, ૨૩ થી ૩૪ સુધીના શ્લોકોથી આત્યંતિક પ્રલય કહ્યો અને ૩૫ થી ૩૭ સુધીના શ્લોકોથી નિત્ય પ્રલય કહેલ છે. આ વર્ણન, ઉપર; બીજા સ્કન્ધથી આરંભી કહેલી સૃષ્ટિના જ સમ્બન્ધમાં કરેલું છે, અને તેનાથી ભગવાનની ક્રિયાશક્તિ જણાવેલી છે.

આ ચાર પૈકી નિત્ય પ્રલય જુદા-જુદા સમયે થતી જુદી-જુદી અવસ્થાથી થાય છે એ સ્પષ્ટ જ છે. નૈમિત્તિક અને પ્રાકૃતિક પ્રલયો; કાર્યો પોત-પોતાનાં કારણોમાં પ્રવેશ કરવાથી થાય છે અને આત્યન્તિક પ્રલયમાં તો સુવર્ણ (અને તેના બનેલા અલપારો)ના દૃષ્ટાન્તથી ભેદનો નાશ કરનાર અચ્યુત આત્માનો અનુભવ રહે છે એમ કહેલું છે. તેથી આ પ્રલયોથી પદાર્થોનું જુદું રૂપ કરાવનારી કાલની ચેષ્ટારૂપ ભગવાનની ક્રિયાશક્તિ હોવાનું જણાવેલ છે. તેથી જ અધ્યાયના અન્તે ''કાલની ગતિ આવી છે'' શ્લો.૩૮, ''ભગવાનની લીલાની કથાઓ તને કહી'' શ્લો.૩૯ એમ કહેલું છે [૧૬।।-૧૯।।]

આ પ્રકરણના બીજા એટલે પાંચમા અધ્યાયમાં ભગવાનની જ્ઞાનશક્તિ વર્ણવેલી છે. (બ્રહ્મસ્વરૂપ શુક પોતે અહીં શ્રીભાગવતમાં ભગવાન્ હરિનું વારંવાર વર્ણન કરાવામાં આવ્યું છે, શ્લો.૧. એ વાતનું સ્મરણ કરાવી પછી અભેદનો બોધ કરાવનારા જ્ઞાનનો ઉપદેશ કરે છે. તેથી આ અધ્યાયમાં ભગવાનની જ્ઞાનશક્તિનું વર્ણન કરેલું છે.

''આશ્રયનું નિરૂપણ કરતાં જ્ઞાનશક્તિનું વર્ણન કરવાનું શું પ્રયોજન ?'' એવો પ્રશ્ન થાય તો જાણવું કે) આ વૈદિક આશ્રય છે. (''બ્રહ્મ જાણનાર બ્રહ્મ જ થાય છે'' વગેરે શ્રુતિ ભગવાનની પ્રાપ્તિ કરવાનું સાધન જ્ઞાન જ હોવાનું કહે છે, અને ૧૧।૪।૪ પ્રમાણે ભગવાન્ આપે ત્યારે જ જ્ઞાન પ્રાપ્ત થાય. તેથી આત્યન્તિક પ્રાપ્તિ થાય તે માટે આ કહેલ છે. ''ત્યારે આનાથી જ કાર્ય પતતું હોવાથી પહેલાના આશ્રય કહેવાનું શું પ્રયોજન ? એવો પ્રશ્ન થાય તો જાણવું કે) પહેલો આશ્રય કહ્યો તે તાન્ત્રિક છે. ૧૧।૨૭।૨૬ માં ભગવાને વૈદિક અને તાન્ત્રિક ઉભય પ્રકારે તેમની સેવા કરવાથી તેમની પ્રાપ્તિ થતી હોવાનું કહેલ હોવાથી બહારના અને અંદરના ભેદથી બન્ને પ્રકારે આશ્રયમાં પરીક્ષિત રાજા દૃઢ થાય, તેથી તે કહેલ છે. તેથી રાજાએ પહેલાં વાણી પહેલામાં (એટલે ભગવાનની ક્રિયાશકિતરૂપ આશ્રયમાં) યોજી (અ.૬।૬), પોતાનું અભય ભગવાન્માં સ્થાપન કર્યું (શ્લો.૯) અને ફલ(મુક્તિ) પ્રાપ્ત કર્યું (શ્લો.૧૫) [૧૯।।-૨૧।।]

સાધનરૂપ અને ફલરૂપ એમ આશ્રય બે પ્રકારનો છે. ''નારાયણની ભુજાઓનો આશ્રય કરનારાઓએ તમે અમૃત પ્રાપ્ત કર્યું'' એ વાક્યમાં 'આશ્રય'નો અર્થ સાધન થાય છે. અહીં રાજાને ફલરૂપ આશ્રય પ્રાપ્ત થયો. વળી (જ્ઞાનરૂપ) સાધન વૈદિક અને તાન્ત્રિક એવા ભેદથી બે પ્રકારનું છે. તેથી આ પ્રકરણમાં ભગવાનની ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ એ બે સાધનરૂપ આશ્રય અને છઠ્ઠા અધ્યાયમાં પરીક્ષિતને પ્રાપ્ત થયેલ ફલરૂપ આશ્રય એમ વસ્તુતઃ ત્રણ કહેલાં છે [૨૧।।-૨૨।।]

**પ્રકરણ ૩. અધ્યાય ૫।।-૭ :**

હવે ત્રણ પ્રકારના આશ્રયો બાકી રહ્યા, તે આ સ્કન્ધના છેલ્લા સાડાસાત અધ્યાયોથી કહેલા છે. (પહેલા બે આશ્રય સાડાપાંચ અધ્યાયોથી કહ્યા, અને આ ત્રીજો આશ્રય દોઢ અધ્યાયથી

કહેવાશે). આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એવા (પદાર્થના) ત્રણ સ્વરૂપો જે જાણે તે ભગવાનનો આશ્રય થાય તે માટે સાધન કરવાનો ઉદ્યમ કરે, (વેદવાક્યોનો અન્વય કરવાના અધિકરણમાં કહેલી રીત પ્રમાણે પરમાત્માની ધર્મરૂપ ભક્તિ પ્રકટ થવાથી તે મુખ્ય અધિકાર પ્રાપ્ત કરી શ્રવણ વગેરે ગુણથી પર સાધનો કરવાનો ઉદ્યમ કરે, તે પ્રયોજનથી જ આ વિભૂતિરૂપ આશ્રય કહેલો છે. આવી સ્થિતિ સર્વ મુક્ત જીવોને પ્રાપ્ત થતી નથી, પરન્તુ બ્ર.સૂ. ૩।૩।૩૩ માં કહેલા ઉપસદના ધોરણે ભગવાન્ જેમને તેવી સ્થિતિ પ્રાપ્ત કરાવવા ઈચ્છે તેમને જ પ્રાપ્ત થાય છે. ૫।૬।૧૮ માં પણ તેજ અર્થ જણાવે છે. તેથી આ આશ્રય કહેવાનું પ્રયોજન એ છે કે આ આશ્રય પ્રાપ્ત કરનાર; ભક્તિ પ્રાપ્ત કરવાનાં, ગુણથી પર શ્રવણ વગેરે સાધનો કરવાનો ઉદ્યમ કરે). ભગવાન્ સર્વની અંદર રહેલા છે તેવું તેને જ્ઞાન થવાનો પ્રકાર તો પહેલાં (આત્યંતિક લયનું સ્વરૂપ કહેતાં ચોથા અધ્યાયમાં) જ કહેલ છે [૨૨।।-૨૪]

જેના ઉપર ભગવાનની કૃપા હોય તેવા જ્ઞાનમાર્ગવાળાનું જ આ સાધન છે એમ આ દોઢ અધ્યાયના અર્થથી જણાય છે. વેદોથી જ સર્વજ્ઞાન પ્રાપ્ત થાય છે તે આ દોઢ (૫।।-૭) અધ્યાયોથી કહેલું છે. (આ છઠ્ઠા અધ્યાયના આરંભમાં રાજાનો વૃતાન્ત તેને બ્રહ્મની સ્થિતિ પ્રાપ્ત થઈ એમ જણાવવા ૧-૨૭ શ્લોકોથી કહેલ છે. પછી શૌનકને બોધ કરવા આત્મપદનું નિરૂપણ કરેલું છે, શ્લો.૩૦।૩૩. પછી પોતાનો શ્રવણ કરાવવાનો અધિકાર જણાવવા આત્મસ્વરૂપ પ્રાપ્તિનું સાધન કહેલું છે, શ્લો.૩૪. એ રીતે છઠ્ઠો અર્ધ અધ્યાય આ ત્રીજા પ્રકરણનો જ ભાગ છે.

ત્યાર પછી શૌનક પ્રશ્ન કરે છે, શ્લો.૩૬, ત્યાંથી આરંભી દોઢ અધ્યાયથી એટલે સાતમો અધ્યાય પૂરો થતાં સુધી વેદની શાખાઓ કહેલી છે. પુરાણ પણ વેદરૂપ હોવાથી સાતમા અધ્યાયના અન્તે પુરાણોની શાખાઓ થયાની પણ કથા કહેલી છે. તે પહેલા છઠ્ઠા અધ્યાયમાં ઋગ્વેદની શાખાઓ કહી છે, શ્લો.૫૪-૫૯. પછી ૬૦ મા શ્લોકમાં તેનું શ્રવણ કરવાનું ફલ કહેલું છે. તે ફલ યજુર્વેદ અને સામવેદ ની શાખાઓના વિસ્તારનું શ્રવણ કરવાથી પણ પ્રાપ્ત થાય છે, કારણ કે તે પણ વેદો જ છે. તેથી ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણ વેદો અને બાકીનો એક અથર્વવેદ એવા વિભાગથી વેદોનું નિરૂપણ કરેલું છે. તેમાં ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ એ ત્રણની શાખાઓનો વિસ્તાર શ્રવણનાં ફલ સાથે કહેલ છે. ઋગ્વેદની શાખાઓનો વિસ્તાર કહીને ફળ શ્લો.૬૦ માં કહ્યું, તે જેમ ઉંબરા ઉપર રાખેલ દીવો અંદરના અને બહારના એમ બન્ને ઓરડાઓને પ્રકાશ આપે છે તેમ પહેલાં કહેલ ઋગ્વેદની શાખાઓના અને પછીથી કહેલ યજુર્વેદ અને સામવેદ ની શાખાઓના વિસ્તારના શ્રવણને લાગુ પડે છે. પછી અથર્વવેદ બાકી રહ્યો, તેનું નિરૂપણ સાતમા અધ્યાયથી કરેલ છે. એવી રીતે પહેલા સાત અધ્યાયોથી ત્રણ પ્રકારના આશ્રયનું નિરૂપણ કર્યું [૨૫-૨૬]

**પ્રકરણ ૪. અધ્યાય ૮-૧૦ :**

આઠમા અધ્યાયથી આરંભી બાકીના બે પ્રકારના આશ્રય ત્રણ-ત્રણ અધ્યાયોથી કહેલા છે, કારણકે ભક્તિમાર્ગ અને શ્રીભાગવત બન્ને આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એવા ભેદથી ત્રણ-ત્રણ પ્રકારના છે.

ત્રણે પ્રકારની હરિની ભક્તિ માર્કંડેયમાં દઢ થઈ રહેલ હોવાનું આ પ્રકરણમાં જણાવેલ છે ૧. કર્મમાર્ગને અનુસરનારી ઘણી સ્થિર થયેલી ભક્તિ માર્કંડેયને પ્રાપ્ત થયાનું અધ્યાય આઠમામાં કહેલું છે (શ્લો.૬-૩૧). (શ્લો.૯-૧૧ થી જણાય છે કે આ કર્મ અથવા ઉપાસનામાર્ગને અનુસરનારી ભક્તિ હતી. ભગવાને તપ કરવાની આજ્ઞાઓ કરેલી છે, તે) ભગવાનની આજ્ઞા પ્રમાણે માર્કંડેયે આચરણ કરેલું હોવાથી ભગવાને પોતે પ્રસન્ન થઈ તેમની પાસે પધારી તેમને દર્શન દીધાં (શ્લો.૩૨)[૨૭-૨૮।।]

પછી નવમા અધ્યાયમાં ભગવાન્ માર્કંડેયને વર માગવા કહે છે, (શ્લો.૩). માર્કંડેય ભગવાનની માયાનો વૈભવ જોવાની પોતાની ઈચ્છા જણાવી, શ્લો.૬, ભગવાને તે વર તેમને આપ્યો, શ્લો.૭, આ માયાનો વૈભવ જોવાના વરને લીધે ચિન્તન થઈ ન શકે તેવી અનન્ત શક્તિઓવાળા ભગવાન્ હરિ (માર્કંડેયને અમૃત જેવા મન્દહાસ્યવાળી દૃષ્ટિથી) જોશે, (શ્લો.૧૦-૩૧). (ભગવાને માર્કંડેયને કૃપા કરીને એ રીતે દર્શન કરાવ્યા, પરન્તુ) ભક્તિથી માર્કંડેય તેમને પ્રાપ્ત કર્યા ન હતા, તેથી (જેવા માર્કંડેય તેમને ભેટવા જવા લાગ્યા કે તરત જ) ભગવાન્ (તે માયામાં જ) અન્તર્ધાન થયા, શ્લો.૩૩. આ બીજો જ્ઞાનમાર્ગને અનુસરનારી ભક્તિનો દુઃખથી આચરી શકાય તેવો માર્ગ (આ નવમા અધ્યાયમાં) કહ્યો [૨૮।।-૩૦।।]

દશમા અધ્યાયમાં ત્રીજા પ્રકારનો ભક્તિમાર્ગ કહેલો છે. ભક્તિમાર્ગમાં જે અધિકારવાળા ભક્ત હોય, તેમની કૃપા પ્રાપ્ત કરીને જો ભક્ત સર્વ જાણનાર, ભગવાનને અનુકૂલ થાય, તો તે ત્રીજા પ્રકારનો ભક્તિમાર્ગ છે, (''આ અધ્યાયમાં માર્કંડેયને શિવનાં દર્શન થયાં અને તેમની સાથે સંવાદ થયો એમ કહેવાનું શું પ્રયોજન ?'' એવો પ્રશ્ન થાય, તો જાણવું કે) મહાદેવ ભગવાનની ભક્તિવાળા (ભક્ત) હોઈ ભક્તિ દાન કરી શકે, તેથી તે વૃત્તાન્ત કહેલો છે (શ્લો.૩૪ તથા ૩૯). ભક્તને જેટલું દુઃખ થાય, તે માયા છે એમ પણ અહીં (અ.૧૦।૪૦-૪૧ થી) જણાવેલું છે. ભગવાનનાં માહાત્મ્યને પ્રાપ્ત કરી તેમને શરણ જવું, સર્વ કામનાઓનો ત્યાગ હોવો, ભક્તોનું માહાત્મ્ય જાણી તેમના પ્રતિ ભક્તિ રાખવી, અને એકાન્તમાં ભગવાનની ભક્તિ કરતાં ફર્યા કરવું; એવી આ મર્યાદામાર્ગીય ભક્તિની સ્થિરતા ભક્તિમાર્ગ પ્રમાણે કહેલી છે. (આશ્રયરૂપ ભક્તિ તો આ ત્રણ પ્રકારથી જુદી સ્વતન્ત્ર ભક્તિરૂપ છે. તેવી ભક્તિ જેનામાં હોય તે જ ભક્તિમાર્ગના આ ત્રણ ભેદ જાણે છે, એવો આશય) આ ચોથા પ્રકારનો આશ્રય હોવાનું આચાર્યશ્રીએ કહેલ છે. (માર્કંડેય જેવી દશા પ્રાપ્ત કરવાના સાધનો કરવામાં ભગવાન્ અનુકૂલ થાય તે ચોથા પ્રકારના આશ્રયરૂપ છે) [૩૦।।-૩૩।।]

**પ્રકરણ ૫. અધ્યાય ૧૧-૧૩ :**

શ્રીમદ્‌ભાગવત છેલ્લા અથવા પાંચમા પ્રકારના આશ્રયરૂપ છે. તેમાં સૂર્યથી કાલનું જ્ઞાન પ્રાપ્ત કરી, કાલ પ્રમાણે ભગવાનના પુરુષ સ્વરૂપનું આરાધન કરવાનું છે અને તે આરાધન કરતાં શ્રીભાગવતમાં કહેલી યોગ્ય કથાઓ યોજવાની છે. આ આધિદૈવિક સ્વરૂપ કહેલું છે. (સૂર્યના સમ્બન્ધવાળા કાલને અનુસરી પુરુષસ્વરૂપનું આરાધન કરતાં શ્રીભાગવતમાં કહેલી કથાઓને યોજવી, એ આ પાંચમા આશ્રય શ્રીભાગવતનું આધિદૈવિક સ્વરૂપ છે. તેના બે અનો પુરુષનું આરાધન અને સૂર્યના સમ્બન્ધવાળો કાલ અગિયારમા અધ્યાયમાં કહેલા છે, પુરુષનું આરાધન પણ આ આશ્રયનું અન છે. અની આશ્રય સમ્બન્ધી પ્રશ્ન તો પહેલા શ્લોકમાં કરેલ છે. સર્વ (ભાગવત)નાં શ્રવણનાં અનો પૂછીએ છીએ એવો અર્થ એ શ્લોકોમાંથી નીકળે છે. જો પુરુષનું આરાધન જ મુખ્ય હોત, તો આ અધ્યાય શ્રીભાગવતના આરંભમાં જ કહ્યો હોત [૩૩।-૩૫]

બારમા અધ્યાયમાં આ આશ્રયનું બીજું આધિભૌતિક સ્વરૂપ કહેલું છે. આ અધ્યાયમાં જે કથાઓ કહી છે તે બધી શ્રીભાગવતનું આધિભૌતિક સ્વરૂપ કહેવાય છે. લોકો જે પ્રકારે શ્રીભાગવતનાં શ્રવણની પ્રવૃત્તિ કરે અને પરસ્પર તે એક-બીજાને કહે તે માટે આ કથાઓ કહેલી છે. તેમ કરવાથી આ આધિભૌતિક સ્વરૂપ પ્રકટ થાય છે [૩૬]

તેરમા અધ્યાયમાં આ આશ્રયનું આધ્યાત્મિક સ્વરૂપ કહેલું છે. છતાં પણ આ અધ્યાયમાં શ્રીભાગવતનાં દાનનું ફલ શ્લો.૧૩, પાઠનું માહાત્મ્ય શ્લો.૧૬, વગેરે કહેલ હોવાથી ફલ ઈચ્છનારા હલકા અધિકારીઓ માટે કહેલ છે. જો માત્ર શ્રીભાગવતનો જ આશ્રય કરવામાં આવે તો તે ગનાની પેઠે, હરિની પેઠે અને શપરની પેઠે ફલ આપે છે. (ગનાની પેઠે તે શુદ્ધિ કરાવે છે, હરિની પેઠે સાયુજ્યમુક્તિ પ્રાપ્ત કરાવે છે અને શપરની પેઠે ભક્તિ આપે છે. આ દૃષ્ટાન્તરૂપે શ્લો.૧૬માં જણાવેલું છે.) વળી શ્રીભાગવત પોતે જ મુક્તિરૂપ ફલ પ્રાપ્ત કરાવે છે, કારણ કે સર્વ મોક્ષનાં સાધનો આ ગ્રન્થમાં કહેલાં છે, શ્લો.૧૮. તેથી આશ્રયના આ પ્રકારનું વિવરણ (૧।૧૮।૫ શ્લોકનાં શ્રીસુબોધિનીમાં કહેલું છે. શ્રીભાગવત આશ્રયરૂપ અને સર્વ વેદાન્તના સારરૂપ હોઈ તે જાણનારમાં ઘણો જ આનન્દ ઉત્પન્ન કરે છે, આ શ્લો.૧૫માં કહેલું છે. આવું શ્રીભાગવતનું સ્વરૂપ પોતાનો પ્રભાવ પ્રકટ કરવાની ઈચ્છાવાળા ભગવાનની આજ્ઞાથી આચાર્યશ્રીએ પ્રકટ કરેલું છે, એમ આચાર્યશ્રીએ તત્ત્વાર્થદીપ નિબંધના પહેલા શાસ્ત્રાર્થ પ્રકરણના આરંભના જ ત્રણ શ્લોકોથી કહેલ છે) [।।૩૭-૩૮।।]

**શ્રીમદ્ભાગવતં સમસ્તનિગમન્યાયૈકતત્ત્વાત્મકમ્**
**નાનાભ્રાન્તિતમઃકપાટપિહિતં સન્તુષ્ટયે સર્વથા ।।**
**નાભૂદ્ ઈત્યવગત્ય નિશ્ચિતપદૈઃ ઉદ્દીપ્તદીપાકૃતિં**
**શ્રીમદ્‌ભાગવતપ્રદીપમધુના ચક્રે મુદા વલ્લભઃ ।।**

સર્વ વેદ અને ન્યાય ના અતુલ તત્ત્વરૂપ શ્રીમદ્ભાગવત જાત-જાતની ભ્રાંતિરૂપ અજ્ઞાન (અન્ધકાર)ના દ્વારમાં ઢંકાયેલ હોઈ સમ્પૂર્ણ રીતે સન્તોષ આપી શકાતું નથી, એમ જાણી શ્રીવલ્લભે નિશ્ચિત શબ્દોથી ઘણા પ્રકાશતા દીપકની આકૃતિવાળો શ્રીમદ્ભાગવતનો દીપક હમણાં આનન્દથી કરેલો છે [૩૯]

**યથા ભાગવતસ્યાર્થો હૃદિસ્થાચ્યુત-નોદનાત્ ।**
**તથા નિરૂપિતઃ સદ્ભિઃ ક્ષમા કાર્યા મમોપરિ ॥**

હૃદયમાં રહેલા અચ્યુતની પ્રેરણાથી શ્રીભાગવતનો અર્થ જેવો જણાયો તેવો મે કહેલો છે. સત્પુરુષોએ મારા ઉપર ક્ષમા કરવી યોગ્ય છે [૪૦]

**યુક્તં વા યદિ વાયુક્તં મયા યદ્યન્ નિરૂપિતમ્ ।**
**તત્સર્વં કૃષ્ણચરણે વાક્પુષ્પં વિનિવેદિતમ્ ॥**

મેં યોગ્ય અથવા તો અયોગ્ય જે-જે કહેલું છે તે સર્વ વાણીરૂપ પુષ્પ શ્રીકૃષ્ણના ચરણમાં સારી રીતે નિવેદન કરેલું છે [૪૧]

ભાગવત કથાથી ધુંધુકારી જેવા પાપી મૃતકનો ઉદ્ધાર થશે કે નહીં તે તો ભગવાન્ જાણે પરન્તુ શ્રીમહાપ્રભુજીનો અનુગામી થઈને શ્રીમહાપ્રભુજીની જ આજ્ઞાથી વિપરીત જઈ મૃતકના ઉદ્ધારાર્થે ભાગવત બેસાડનાર ગુરુદ્રોહી શિષ્ય, તેમાટે આજ્ઞા આપનાર ગોસ્વામી ગુરુ તેમજ તેવી ભાગવત વાંચનાર કથાકાર આ ત્રણેય પુષ્ટિમાર્ગીઓ(!) શ્રીવલ્લભના દ્રોહરૂપી ઘોર પાપથી કદી છૂટી નહીં શકે.

**સાવધાન! સાવધાન!! સાવધાન!!!**

ષોડશગ્રન્થના જ્ઞાન વિનાનું કોરું ભાગવતનું શ્રવણ-પઠન-મનન પુષ્ટિમાર્ગીને ગેરમાર્ગે દોરનારું પણ બની શકે છે.

# નિબન્ધાનુસારી પ્રકરણવિભાગ તાલિકા

## પ્રથમસ્કન્ધ

### અધિકારી( શ્રોતા-વકતા )

| હીનાધિકારી | મધ્યમાધિકારી | ઉત્તમાધિકારી |
|---|---|---|
| અ. ૧ - ૩ | અ. ૪ - ૬ | અ. ૭ - ૧૯ |

### હીનાધિકારી પ્રકરણ

| | અધ્યાય ૧ | અધ્યાય ૨ | અધ્યાય ૩ |
|---|---|---|---|
| **શ્રોતા :** શૌનકાદિ | જિજ્ઞાસુત્વ | માત્સર્યરહિતત્વ | શ્રવણમાં પ્રીતિ |
| **વકતા :** સૂતજી | શ્રુતભાગવતત્વ | ચાતુર્ય | ગુહ્યજ્ઞાન |

### મધ્યમાધિકારી પ્રકરણ

| | અધ્યાય ૪ | અધ્યાય ૫ | અધ્યાય ૬ |
|---|---|---|---|
| **શ્રોતા :** વ્યાસજી | ભગવત્કૃપા | ભગવદીયત્વ | ભગવદેકત્વ |
| **વકતા :** નારદજી | ભગવત્કૃપા | ભગવદીયત્વ | પ્રેમ-ભક્તિ |

### ઉત્તમાધિકારી પ્રકરણ (અ.૭-૧૯)

### ઉત્તમાધિકારી

| શ્રોતા-પરીક્ષિત | વકતા-શુકદેવ |
|---|---|
| દ્વાદશાંગ પુરુષોત્તમમાં | દ્વાદશાંગ પુરુષોત્તમમાં |
| તત્પર-વૈરાગ્યવાન્ | તત્પર-વૈરાગ્યવાન્ |

## દ્વિતીય સ્કન્ધ
## સાધન નિરૂપણ
## સાધન-જ્ઞાનલીલા (અધ્યાય-૧૦)

- પ્ર.૧ તત્ત્વધ્યાન (વસ્તુનિર્ધાર)
- પ્ર.૨ હૃત્પ્રસાદ (શ્રદ્ધા)
- પ્ર.૩ મનન (વિમર્શ)

**પ્રથમ સાધન : તત્ત્વધ્યાન**

**(પ્રકરણ-૧) વસ્તુનિર્ધાર**

- સ્થૂલધ્યાન (અધ્યાય-૧)
- સૂક્ષ્મધ્યાન (અધ્યાય-૨)

**દ્વિતીય સાધન : હૃત્પ્રસાદ=ચિત્તશુદ્ધિ**

**(પ્રકરણ-૨) શ્રદ્ધા**

- શ્રોતાનો હૃત્પ્રસાદ (અ.૩)
- વકતાનો હૃત્પ્રસાદ (અ.૪)

**તૃતીય સાધન : મનન**

**(પ્રકરણ-૩) વિમર્શ**

- ઉત્પત્તિ (અધ્યાય ૫-૭)
  - અનિત્યમાં જનન
  - નિત્ય પરિચ્છિન્નમાં સમાગમ
  - નિત્ય પરિચ્છિન્નમાં પ્રાકટ્ય
    - આવેશી
    - અવતાર
- ઉપપત્તિ (અધ્યાય ૮-૧૦)
  - આશંકા
  - ઉત્તર
  - ફલ

# તૃતીય સ્કન્ધ

## સર્ગલીલા

## લૌકિકસર્ગ અને અલૌકિકસર્ગ

## અધ્યાય-૩૩

- બન્ધસૃષ્ટિ
  અધ્યાય ૧-૧૯
  - ગુણાતીત (અ.૧-૬) પ્રકરણ.૧
  - સગુણસૃષ્ટિ (અ.૭-૯) પ્રકરણ.૨
  - કાલસૃષ્ટિ/ તત્ત્વસૃષ્ટિ (અ.૧૦-૧૧) પ્રકરણ.૩
  - મુક્તજીવસૃષ્ટિ- ઉપોદ્ઘાત (અ.૧૨) પ્રકરણ.૪
  - મુક્તજીવસૃષ્ટિ- (અ.૧૩-૧૯) પ્રકરણ.૫
- મુક્તસૃષ્ટિ
  અધ્યાય ૨૦-૩૩
  - તત્ત્વમુક્તિ (અ.૨૦-૨૪) પ્રકરણ.૬
  - કાલમુક્તિ (અ.૨૫) પ્રકરણ.૭
  - ગુણાતીમુક્તિ (અ.૨૬-૨૭) પ્રકરણ.૮
  - સગુણમુક્તિ (અ.૨૮) પ્રકરણ.૯
  - જીવમુક્તિ પ્રકરણ.૧૦
    - પુરુષ (અ.૨૯-૩૧)
    - સ્ત્રી (અ.૩૨-૩૩)

# ચતુર્થસ્કન્ધ-વિસર્ગલીલા

## અધ્યાય-૩૧

- ૧. ધર્મપ્રકરણ અ.૧-૭
- ૧. અર્થપ્રકરણ અ. ૮-૧૨
- ૩. કામપ્રકરણ અ. ૧૩-૨૩
- ૪. મોક્ષપ્રકરણ અ. ૨૪-૩૧

## ધર્મપ્રકરણ (અધ્યાય ૧-૭)

- અગ્નિષ્ટોમ અ.૧
- ઉક્થ્ય અ.૨
- ષોડશી અ.૩
- અતિરાત્ર અ.૪
- અપ્ત અ.૫
- અર્યામ અ.૬
- વાજપેય અ.૭

## અર્થપ્રકરણ (અધ્યાય ૮-૧૨)

- સાધનથી અ.૮
- સાધ્યથી અ.૮
- મનુના ઉપદેશથી અ.૧૦
- દોષનિવૃત્તિથી અ.૧૧
- ફલપ્રાપ્તિથી અ.૧૨

## કામપ્રકરણ (અધ્યાય ૧૩-૨૩)

- પૃથુનો આવિર્ભાવ
- સર્વકામ
- સ્વકામ

## મોક્ષપ્રકરણ (અધ્યાય ૨૪-૩૧)

- બ્રહ્મભાવ (અ.૨૪-૨૮)
- સાયુજ્ય (અ.૨૯-૩૧)

## પઞ્ચમસ્કન્ધ

## સ્થાનલીલા અધ્યાય ૨૬

## રૂઢઅર્થ–પ્રથમપક્ષ

- પ્રકરણ.૧ પ્રાકૃતપદાર્થોનો જય અધ્યાય ૧–૨૪
- પ્રકરણ.૨ આત્માનો જય
  - જીવ અ.૨૫
  - બ્રહ્મ અ.૨૬

## પઞ્ચમસ્કન્ધ અધ્યાયની સંખ્યામાં યોગિકાર્થ; દ્વિતીયપક્ષ

- દેશ
  - ભૂઃ
  - ભુવઃ
  - સ્વઃ
- કાલ
  - ૧૨ માસ
  - ૫ ઋતુ
  - ૩ લોક
  - ૧ આદિત્ય
- સ્વ (આત્મા)
  - જીવાત્મા
  - પરમાત્મા

## સ્થાન

- સ્વરૂપસ્થિતિ
  - ભગવાનથી પ્રકરણ.૧ અ.૧–૬
  - યોગથી પ્રકરણ.૧ અ.૭–૧૪
  - જ્ઞાનથી પ્રકરણ.૩ અ.૧૫
- દેશસ્થિતિ
  - ભૂઃ પ્રકરણ.૪ અ.૧૬–૨૦
  - ભુવઃ પ્રકરણ.૫ અ.૨૧–૨૩
  - સ્વઃ પ્રકરણ.૬ અ.૨૪–૨૬

## ષષ્ઠસ્કન્ધ

# પુષ્ટિ-પોષણ (અધ્યાય-૧૯)

- નામ (અ.૧-૩)
  - શ્રવણ
  - કીર્તન
  - સ્મરણ
- (રૂપ)ધ્યાન (અ.૪-૧૭)(કુલ ૧૪)
  - પઞ્ચજ્ઞાનેન્દ્રિય ૫
  - \+ પઞ્ચકર્મેન્દ્રિય ૫
  - \+ ચતુર્વૃત્તિઅન્તઃકરણ ૪=૧૪
- અર્ચન (અ.૧૮-૧૯)
  - બાહ્ય
  - આભ્યન્તર

## સપ્તમસ્કન્ધ

# ઊતિલીલા-કર્મવાસના (અધ્યાય-૧૫)

- અસદ્વાસના, અ.૧-૫, અવિદ્યાના પાંચ પર્વો
  - આધ્યાત્મિક
  - આધિદૈવિક
  - આધિભૌતિક
- સદ્વાસના, અ.૬-૧૦, વિદ્યાના પાંચ પર્વો અથવા પઞ્ચ અધિષ્ઠાનાદિ કર્મો
  - આધ્યાત્મિક
  - આધિદૈવિક
  - આધિભૌતિક
- સદસદ્વાસના, અ.૧૦-૧૫, અવિદ્યાના પાંચ પર્વો
  - આધ્યાત્મિક
  - આધિદૈવિક
  - આધિભૌતિક

# અષ્ટમસ્કન્ધ-મન્વન્તર લીલા

## સદ્ધર્મ નિરૂપણ

## અધ્યાય-૨૪

- હરિસ્મરણ અ.૧-૪
  - ધર્મ
  - અર્થ
  - કામ
  - મોક્ષ
- દાન અ.૫-૧૪
  - સત્ત્વસત્ત્વ
  - સત્ત્વરજ
  - સત્ત્વતમ
  - રજઃસત્ત્વ
  - રજોરજઃ
  - રજસ્તમઃ
  - તમઃસત્ત્વ
  - તમોરજ
  - તમસ્તમઃ
  - નિર્ગુણ
- સ્વોક્તનિર્વાહ અ.૧૫-૨૩
  - (દાનમાં કહેલા પ્રથમ નવ પ્રકારો)
- મત્સ્યચરિત્ર અ.૨૪

# નવમસ્કન્ધ-ઈશાનુકથા

## અધ્યાય-૨૪

- ભગવાનની કથા
  - દુઃખનિવારણ
    - સગુણભક્તદ્વારા અ.૧-૯
    - જ્ઞાનીભક્તદ્વારા અ.૧૦
    - ભગવચ્ચરિત્રદ્વારા અ.૧૧-૧૩
      - કર્મ (અધ્યાય-૧૧)
      - જ્ઞાન (અધ્યાય-૧૨)
      - ભક્તિ (અધ્યાય-૧૩)
- ભગવાનને અનુસરનારાની કથા
  - સુખપ્રાપ્તિ
    - ભક્તથી અ.૧૪-૨૩
    - ભગવાનથી અ.૨૪

**પ્રકરણવિભાગાનુસાર સ્કન્ધ-૯, ઈશાનુકથા**

- સૂર્યવંશ અધ્યાય ૧૨/૧૩
- ચન્દ્રવંશ અધ્યાય ૧૨/૧૧

# દશમસ્કન્ધ

## ૧. જન્મપ્રકરણ અ.૪

| વ્યૂહપ્રાકટ્ય → | વાસુદેવ | સંકર્ષણ | પ્રદ્યુમ્ન | અનિરુદ્ધ |
|---|---|---|---|---|
| વિષય : | હેતુતા | ઉદ્યમ | રૂપાન્તર સ્વીકાર | માયાથી નાટ્ય |
| | અ.૧ | અ.૨ | અ.૩ | અ.૪ |

## ૨. તામસ પ્રકરણ (અ.૨૮)

| પ્રમાણ અ.૭ | પ્રક્ષિપ્ત અ.૩ | પ્રમેય અ.૭ | સાધન અ.૭ | ફળ અ.૭ |
|---|---|---|---|---|
| અ.૫-૧૧ | અ.૧૨-૧૪ | અ.૧૫-૨૧ | અ.૨૨-૨૮ | અ.૨૯-૩૫ |
| અ.૬ ધર્મ+અ.૧ધર્મી | શ્રીવલ્લભમતાનુસારી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી |

## ૩. રાજસ પ્રકરણ (અ.૨૮)

| પ્રમાણ અ.૭ | પ્રમેય અ.૭ | સાધન અ.૭ | ફળ અ.૭ |
|---|---|---|---|
| અ.૩૬-૪૨ | અ.૪૩-૪૯ | અ.૫૦-૫૬ | અ.૫૭-૬૩ |
| અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી |

## ૪. સાત્ત્વિક પ્રકરણ (અ.૨૧)

| પ્રમેય અ.૭ | સાધન અ.૭ | ફળ અ.૭ |
|---|---|---|
| અ.૪૬-૭૦ | અ.૭૧-૭૭ | અ.૭૮-૮૪ |
| અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી | અ.૬ ધર્મ+અ.૧ધર્મી |

## ૫. શ્રીકૃષ્ણનું સ્વરૂપદ્યોતક ગુણ પ્રકરણ અ.૬

| ઐશ્વર્ય | વીર્ય | યશ | શ્રી | જ્ઞાન | વૈરાગ્ય |
|---|---|---|---|---|---|
| અ.૮૫ | અ.૮૬ | અ.૮૭ | અ.૮૮ | અ.૮૯ | અ.૮૯ |

## એકાદશ સ્કન્ધ

## મુક્તિલીલા-અધ્યાય ૩૧

- જીવમુક્તિ
  - અવિદ્યાનાશથી અને વિદ્યાપ્રાપ્તિથી
    અધિકારીઃજનક
    અધ્યાય : ૧-૫
    બ્રહ્મભાવમુક્તિ જ્ઞાનથી
    - અ.૧ વૈરાગ્ય
    - અ.૨ સાંખ્ય
    - અ.૩ યોગ
    - અ.૪ તપ
    - અ.૫ ભક્તિ
  - પ્રકૃતિના અતિક્રમણથી
    અધિકારીઃઉદ્ધવજી
    અધ્યાય : ૬-૨૯
    સાયુજ્યમુક્તિ ભક્તિથી
- બ્રહ્મમુક્તિ
  - અધ્યાય ૩૦
    અહન્તાથી
  - અધ્યાય ૩૧
    મમતાથી
  - બ્રહ્મે નાટયવત્ ગ્રહણ કરેલ ઈચ્છાશરીરનો ત્યાગ

## દ્વાદશસ્કન્ધ

## આશ્રયલીલા-અધ્યાય ૧૩

- શ્રીકૃષ્ણાશ્રય અ.૧-૩
- જગદાશ્રય અ.૪-૫ાા
- વેદાશ્રય અ.૫ાા-૭
- ભક્તિયોગાશ્રય અ.૮-૧૦
- ભાગવતાશ્રય અ.૧૧-૧૩
  - લોકાશ્રય અ.૧,૨
  - વેદાશ્રય અ.૩,૪
  - ભગવદાશ્રય અ.૫-૭
  - શબ્દાશ્રય અ.૮-૧૦
  - અર્થાશ્રય અ.૧૧-૧૩